हे बुक फुलस्कॅप पेपर
शिवाय होणार नाही

દિબાચો.

હમારી સને ૧૮૮૧ ના સાલની યુરોપ તરફની મુસાફરીની વિગતો એક પુસ્તકનાં આકારમાં હમારા મિત્રો તથા સગાંવાહાંલાઓની ભલામણથી તેઓમાં વેહેંચવા છપાવી બાહાર પાડી હતી તે વાંચવાની ઉળટ લોકોમાં વધારે થવાથી હમારી પર છપાવેલાં પુસ્તકો કરતાં વધારે માગણી આવી, તેથી હમોને તે પુસ્તકની બીજી આવૃત્તિ એક વરસની અંદર કહાડવી પડી હતી. એ ઉપરથી હમોને લાગે છે કે આપણા લોકોને એવી મુસાફરીની વિગતો વાંચવા તથા જાણવાનો શોખ વધારે છે. તેથીજ હમો સને ૧૮૮૭ માં આપણી માહારાણી વિકટોરયાની જુબીલી ટાંકણે ઈંગ્લંડ ગયા ત્યારે હમે આગળ નહીં જોયલાં દેશોની મુલાકાતો જતી તથા પાછા ફરતી વખતે લીધી હતી તેની વિગતો પણ હમારી આગળી યુરોપની મુસાફરીના પુસ્તકના એક વધારા દાખલ છપાવી હમારા મિત્રો તથા સગાઓમાં વેહેંચવાને દરશત ધાર્યું છે. હમે આગળાં પુસ્તકમાં લખ્યું છે તેમ આએ પુસ્તકબી કાંઈ હમારી ચતુરાઇ બતાવવાના હેતુથી છપાવ્યું નથી, પણ હમારા મિત્રો તથા સગાંવાહાલાઓમાં વેહેંચવા સારૂ છપાવ્યુ છે કે તેઓને આ દુનિયાની જાતજાતની વસ્તી તથા તેઓની રીતભાતો તથા ખુદરતની મોહોટાઇનો કાંઈ ભાંશ આવે તથા બીજા સાહેબોને તે જોવાનો શોખ ઊતપન થાય. એમાની વિગતો આગળ માફક ગાઇડ બુકસો તથા ભોમિયાઓ રાખ્યા હતા તેમનાથી તથા ઈમારતોના રખેવાલો પાસેથી હમે ઉતારી લીધી છે. તેથી તેમાં કાંઈ ભુલ માલમ પડે તો વાંચનારા સાહેબોએ દરગુજર કરવી.

અનુક્રમણીકા.

ફ્રાન્સ.

ગરેટ બરીટન.

લંડનથી આયર્લંડ.

ઇઊરોપથી અમેરીકા.

અમેરીકા.

અમેરીકાથી જાપાન.

સફે.

જાપાન.

ચીન.

કોચીન ચાઈના.

સ્ટ્રેટ સેતલમેન્ત.

સીલોન.

યૂરોપ, અમેરીકા, જાપાન અને ચીન.

ફરાંમજી દીનશાજી પીટીટની મુસાફરીની નોંધ.

મુંબઇથી ઉપડવું—એડન—સુએઝ—સુએઝની નેહર—પોર્ટ સઇયદ.

તા૦ ૧૫મી એપ્રીલ ૧૮૮૭ ને વાર સુકરે અમો અમારા મીત્ર ભાઇ પીરોજશાહ મેરવાનજી જીજીભાઇ સાથે સ્ટીમર "નીઝામ"માં સાંજનાં ૫II કલાકે પ્રાલવા બંદર ઉપરથી મીત્ર મંડળની મુબારકબાદી વચ્ચે ઉપડ્યા હતા. એ સ્ટીમર પી. એન્ડ ઓ. કંપનીની ૨૭૨૬ ટનની છે. અમારી સાથે આસરે ૫૦ ઉતારૂઓ હતા. સ્ટીમર જો કે નહાની છે તોબી અમને અમારા મીત્રોએ ધભરાવ્યા તેવી કાંઇ ધણી રોળતી ન હતી. પેહેલા બે દીવસ સેજ ફેર આવ્યા કીધા, પણ પાછળથી તદન નરમ પડી ગયા. સમુદ્ર એટલો સ્થીર હતો કે પાણીનો એક પરપોટો પણ જણાતો નહી અને જાણે તલાવમાં હંકારતા હોઇયે એવું લાગતું હતું. માર્ગમાં ચાર પાંચ સ્ટીમરો મુંબઇ તરફ જતી મળી હતી. તે વના બીજું કશું જાણવા જોગ બન્યું નહીં.

તા૦ ૨૧મી એપ્રીલ—આજ દીને સવારથી એડનનો ડુંગર દીસવા લાગ્યો. શેહેર પેહલાં તો કાંઇ જોવામા આવ્યું નહીં, પણ આસરે કલાક ૧૦ ને અમલે ડુંગરની બાજુની વલાંણ લીધા પછી નજરે પડયું. એનો દેખાવ સુર્યનાં કીરણ તથા પાહડોની કઢણ પરના છાયાથી ઘણો સરસ લાગતો હતો. આગબોટે ૧૦II કલાકે લાંગડ કીધું. મુંબઇથી એડન ૧૬૬૦ 'નાટસ" દુર છે. અમોને એડનન જાણીતા શેઠ કાવસજી દીનશાજી તથા

બીજા જરથોસ્તીઓ સ્ટીમર ઉપર લેવા આવયા હતા અને તેઓની સ્ટીમ લાંચમાં અમો કીનારે ગયા. અમો છેલ્લા સને ૧૮૮૧માં યુરોપ જતી વેળાએ અહીં આવ્યા ત્યારે તથા મુંબઇ પાછા ફરતી વેળાએ રાતનાજ આગબોટે લાંગડ કીધાથી જોકે તે વખતેબી કીનારે ગયા હતા, તોપણ શેહેર બરાબર જોઇ શકયા ન હતા, જેથી આ વખ્તે એ તક બરાબર હાથ લાગી હતી.

એ બંદરનો દેખાવ ઘણો ડરામણો, ઝાડપાન વના સુકો લાગતો હતો અને જ્યાંબી નજર કરયે ત્યાં બળતા પાહાડમાંથી નીકળેલા પદાર્થો (lava) ના ડુંગરો બનેલા દીસતા હતા. અસલ સાંભળવા પ્રમાણે એડનવાળી જગા ધર્થીકંપથી દટાઇ ગઇ હતી જેમાંની નીશાંન અહીંયા જે પાણીનાં ટાંકાંઓ છે તે ઉપરથી મળે છે. આ ટાંકાઓ અસલનાં બાંધેલાં છે અને સને ૧૮૫૮—૫૯ માં ખણી કાહ્‌ડેલાં કેહેવાય છે. અસલ જગા ફળવંત હતી પણ પાહડના ફાટવાથી સંધળી "લાવા" થી ધંકાઈ ગઇ અને એક ઘાસનું તણખુ પણ અહીં ઉગી શકતું નથી. તોબી ટાંકાંઓની નજદીકમાં એક નામનો બાગ બનાવ્યો છે! જ્યાં થોડાક સુડદાળ ગુલમોર, ભીડી અને એવાં બીજાં ઝાડો ઉગાડયાં છે. અમો સ્ટીમર પોંઇટ ઉપર કીનારે ઉતર્યા અને બારોબાર શેહેર જે ચાર માઇલ દુર છે તે જોવા ગયા. રસ્તો ઘણો ખરો કીનારેથી આવેલો છે અને જો કે તાપ ઘણો જોરાવર હતો તોપણ દરીયાની લેહેકીથી ઘણું કંટાળા જેવું લાગતું ન હતું. સ્ટીમર પાંઇટ ઉપર થોડાંક સારી બાંધણીનાં મોટાં ઘરો આવેલાં છે જ્યાં હોટેલો, સ્ટીમરની કંપનીઓની હાફીસો તથા પારસીઓનાં રેહેથાન તથા દુકાંનો છે. શેહેરમાં જવા સારૂં એક નાહાનો ડુંગર પસાર કરવો પડે છે અને એ શેહેર ત્રણ બાજુથી ડુંગરોથી ઘેરાયલાં એક મોટાં મેદાનમાં આવેલું છે. તેની એક બાજુએથીજ દરીયો ખુલ્લો દીસે છે, જે જગાપર લશકરની બરાખો તથા સરકારી હાફીસો વગેરે છે. શેહેરનાં ઘરો નાહાનાં છાપરાનાં બેઠાં બાંધેલાં છે.

જરથોસ્તીઓની બચ્ચાં છોકરાંઓ સુધાં આસરે ૨૫૦ આદમીની વસ્તી છે તથા સને ૧૮૮૩માં શેઠ કાવસજી દીનશાએ એક આદરીયાન સાહેબ બાંધી પરથાવ્યા છે. એ પાકીજગે જગા અછી રોણકદાર બાંધેલી છે અને તેમાં ત્રણ મોબેદોને રાખેલા છે. અસલ જો કોઇને ત્યાં નવજોત યા લગનની ક્રીયા કરવી હોય તો મુંબઇ જવું પડતું હતું તથા રવાનની પણ સઘળી ક્રીયા તાર કરીને મુંબઇમાં કરાવવી પડતી હતી તે સઘળી અગવડ આ આદરયાન સાહેબ બંધાવ્યાથી મટી ગઇ છે તથા એનીજ પાસે ઉતારા સારૂ અંજુમનનું મુકામ પણ આવેલું છે અને તેનેજ માથે ડુંગર પર દોખમું છે. જરથોસ્તીઓમાં ઘણાખરા સરકારી નોકરીએ છે જેમાંના કોઇ કોઇ તો માજીસ્ટ્રેટ, કસ્ટમ કલેકટર, ટ્રેઝરર તથા એવા મોટા ઓહ્દાઓ ભોગવે છે. બીજાઓ મોટા વેપારી તથા સ્ટીમર કંપનીઓનું આડતનું તથા બીજું કામ કરે છે અને બાકીનાઓ દુકાનદારી, સુથાર તથા એવા પરચુટણ ધંધાઓ કરે છે. અહીં લશ્કરી મથક હોવાથી વેપારને ઘણું ઉત્તેજન મળતું નથી અને બને છે ત્યાં સુધી લોકોને એડનમાં વસવા દેતા નથી તેથી વસ્તી ઘણી ખરી જેટલી ને તેટલીજ રેહે છે. બાહારના દેશીઓને વસ્વા દેતા નથી પણ સામાં રેહેનારાઓને પણ સાંભળવા મુજબ શેખ અબદુલા કરી અહીંથી નવ મૈલ દુર ગામ છે ત્યાં રેહેવાનો હુકમ કરે છે. એ બધાનું કારણ એમ જણાયછે કે જો વખતે અંગ્રેજ સરકારનો કોઇ મુદ્દઇ એડનને ઘેરો નાંખે તો ખોરાકીની ઘણી તાણ પડી જાય. આ કારણોને લીધે વેપાર બીજા એ લતાનાં બંદરો ગમ ઘસડાઇ જવા લાગ્યો છે અને આગળ ચાલતાં તદન પડી ભાગશે એવું લાગે છે. એડનમાં સને ૧૮૮૫માં છેલ્લો વરસાદ પડયો ત્યાર પછી ન પડવાથી ટાંકાંઓ તદન ખાલી પડેલાં છે અને પાણી આઘેથી લાવવું પડે છે તથા સમુદ્રનાં ખારાં પાણીને "કનડેનસ" કરી મીઠું બનાવી એક આને ગયાલનને હીસાબે હાલ વેચાય છે.

અમારી આગબોટ પરથી અમો કીનારે ઉતર્યા ત્યારથી તે પાછા બેઠા ને સ્ટીમર હંકારી ત્યાં સુધી આસરે ચાર કલાક સુધી અત્રેનાં સોમાલી

જાતના છોકરાઓ આખો વખ્ત દરીઆમાં જાણે માછલાં તરતાં હોય તેમ તરીયા કરતા હતા ને ઉતારૂઓને સમુદ્રમાં બેઆની નાંખવા કેહેતા હતા. જેવી બે આની કોઇએ નાખી કે પાણીની અંદર બધા છોકરાઓ એકદમ ડુબકી મારી તે બેઆની પાછી ઉપર લાવતા. એ વખ્તનો દેખાવ ઘણો જોવા લાયક હતો. જો એક જન બેઆની લાવવામાં ફાવ્યો કે બીજાઓ તેને દુર રેહેવા કેહેતા ને જેમ જમીન પર રમતમાં એક બીજાઓની પાછળ છોકરાંઓ દોડે છે તેમ એ છોકરાઓ પાણીમાં ડુબકીઓ મારી નાહસભાગ એક બીજાથી રમતમાં કરતા હતા ને જાણે પાણીનાંજ રેહેવાશી હોય તેમ તેમાં ગમત કરતા હતા. કોઇ કોઇ છોકરાઓ તો સ્ટીમર પર ઊંચે બાંધેલી બોટો પર ચહડીને ત્યાંથી ડુબકી મારતા. અમારી સ્ટીમરે કલાક ૨॥ ને સુમારે લાંગડ ઊંચક્યું હતું.

તા૦ ૨૨ મીથી તા૦ ૨૫ મી એપ્રીલ—એ સઘળા દીવસો રાતા સમુદ્રમાં કાહડયા હતા. પેહેલા ત્રણ દીવસ વધારે ગરમીમાં ગુજાર્યા પણ ત્યાર પછી ઉત્તરનો પવન ફુકવાથી વધુ ગરમી માલમ પડી નહીં. તેમાં છેલ્લે દીવસે તો ઠંડક પણ સારી નીકળી હતી. એ સઘળા દીવસો વારાફરતી ડુંગરો તથા પાહાડો તથા સ્ટીમરો મળવાથી જેમ મુંબઇથી એડન જતાં કંટાળા ભરેલા લાગતા હતા તેવા લાગતા હતા નહીં. કોઇ વખ્તે તો બેઉ બાજુપર એક ગમ અર્બસ્તાન તથા બીજી ગમ આફ્રીકાના કોસ્તાઓ દીસતા હતા અને જોકે તે સઘળાં વગર ઝાડ-પાન વેરાન હતા તોબી જમીન હોવાથી આપણો જીવ ખુશી થતો હતો. આજે રાતનાં ૩॥ કલાકે અમારી સ્ટીમરે સુએઝનાં બારામાં લાંગડ કીધું હતું અને કલાક ૪॥ વાગેને બ્રીંડીસીને રસ્તે જનારા પાસીનજરો કીનારે ઉતરી ગયા. અમારો ઠરાવ જીબ્રાલટરને રસ્તે સ્પેન તથા પોર્ટુગાલ જોઇને લંડન જવાનો હોવાથી અમો સ્ટીમર ઉપરજ રહયા. એડનથી સુએઝ ૧૩૦૮ મૈલ છે.

તા૦ ૨૬ મી એપ્રીલ—આજે સવારના ૬॥ કલાકે અમારી સ્ટીમરે હંકાર્યું અને અમે દુનયામાં વખણાયલી સુએઝની નેહરમા દાખલ

થયા. એ કનાલમાં જવા સારૂ દરીયામાં બે બતીવાળાં બોહીયાં મુકેલાંછે જેની વચ્ચે થઇને કનાલમાં જવાયછે. કનાલનાં મોઢાં આગળ દરીયાનું તથા કનાલનું પાણી જાણે જુદુંજ રેહેતું હોય તેવું એક પટો વચમાં રાખી દેખાતું હતું. દરીયાનું પાણી ઘેરૂ બ્લુ અને કનાલનું પાણી પીરોજા રંગનું હતું. કનાલ પેહેલાં ઘણી પોહોળી લાગે છે, પણ અંદર જરા ગયા પછી ઘણી સાંકડી—કોઇ ગમ ૧૦૦ ફીટ જેટલી હશે. અમારી સ્ટીમર જેમ આગળ વધતી જતી હતી તેમ પાણીને બેઉ ગમથી કાપીને વધારતી હતી. તે પાણી પાછાં ખાડામાં પડે તે જાણે ચાલુ ધોધ પડતો હોય તેવું લાગતું હતું અને અમારી બરોબરજ આખો વખ્ત બેઉ કીનારે તે પાણી સાથે દોડ્યા કરતું હતું. કનાલની બે બાજુ એમાંથી કાહાડેલી રેતીના ઢગ હોવાથી તેની પાછળની જગા ઘણી દીસતી હતી નહીં. પણ જ્યારે ખાંચાઓમાંથી દીસતી ત્યારે તદન રેતીના મેદાનો શીવાય કશું નજરે આવતું નહીં. સુએઝની કનાલની બાજુ ઉપર કોઇ ગમ રેતીના ઢગ ધસી આવતા અટકાવવા સારૂ દેવદારી પાટીયાંના ટેકા આપયા છે ને કોઇ ગમ પથરનું બાંધકામ કીધેલું છે. થોડે થોડે ટપે છુટાં છુટાં ચોકીનાં ઘરો બાંધેલાંછે, જયાં રખેવાલો રહેછે, જેઓ સ્ટીમરોને પાંચથી સાત "નાટસ"ની ઉપર જતી અટકાવે છે. કારણકે જો જોરથી સ્ટીમર જાય તો પાણીને બેઉ બાજુએ જોરથી દાબવાથી રેતીના કીનારા પર અસર થઇ તે રેતી ધોવાઇ જાય. રસતામાં ટપે ટપે કનાલને વધારે પોહોળી કીધેલી છે જયાં વાહાંણો એક બીજાને આમણસામણ થતી વખતે બાજુ પર ઉભાં રાખેછે. એ પ્રમાણે અમોને વારા ફરતી મોટી નાની સ્ટીમરો ઉભી રાખેલી મળતી હતી જેઓ અમારી મેલ સ્ટીમર હોવાથી અમોને જગા આપવાને બંધાયલી હતી. કલાક સવા દસે એ અમો બીટર લેક (Bitter Lake)માં પેઠા. એ સરોવર પેહેલાં જરા નાનો છે તેને Small Bitter Lake કરી કહેછે. તેનેજ લગતો બીજો સરોવર મોટો આવે છે તેને Great Bitter Lake નું નામ આપ્યું. એ સરોવર પસાર કરતાં અમોને પોણો કલાક લાગ્યો હતો. એની વચ્ચે પણ બે હારમાં બોહીયાંઓ મુકેલાંછે જેની

વચમાંથીજ સ્ટીમરો જાવઆવ કરી શકે છે. એ પછી પોરટ સઇયદની નજદીકમાં સૌથી મોટો સરોવર જેને "લેક તીમશા" કરી કહેછે તે આવે છે. એનો મોટો ભાગ હમણું સુકાઇ ગયલો છે. પણ જયારે નાઇલ નદી ઊભાય છે તયારે ભરાઇ જાય છે. એ સરોવર એટલો મોટો છે કે જાણે દરીયો હોય તેમ બધી ચારો બાજુ પર પાણી ને આસમાન, જેવું લાગે છે. તેને પસાર કરતાં ચાર કલાક ઉપર અમારી સ્ટીમરને લાગ્યા હતા. રાતનાં અગીયાર કલાકે અમો પોરટ સઇયેદ, જયાં સુએઝ કનાલનો છેડો આવેછે ત્યાં પોંચ્યા. એ કનાલની લંબાઇ બધી મળીને આશરે ૮૬ મૈલની છે, તેમાંનો ત્રીજો ભાગ ખરી કનાલ છે બાકીના લેકોથી કામ ચાલે છે. અહીંથી અમો સ્ટીમર "નીઝામ"ને છોડીને પી. એનડ ઓ. કંપનીની બીજી સ્ટીમર "મેસીલા"માં રાતનાં કલાક ૧૨ ને અમલે બેઠા. પોરટ સઇયેદનું ગામ આશરે ૧૫૦૦૦ માણસની વસ્તીવાલું કહેવાય છે. તે કનાલને માથે આવેલું હોવાથી તથા રાતના રસ્તાઓ તથા ઘેરોમાં રોશની હોવાથી સ્ટીમર પરથી સારૂં રળીયામણું લાગતું હતું. રાત હોવાથી અમો ગામ જોઇ શકયા નહીં. પણ સાંભળવા પ્રમાણે એ ગામ જો કે નાનું છે તોયે ફ્રેંચ લોકોને લીધે તેમાં નાટકશાળા, હોટલો, રેસટરાં, દુકાનો ઘણાં આવેલાં છે ટુકમાં તેને એક ફ્રેંચ ગામજ બનાવી દીધું છે, જોકે તે ઇજીપ્તના ખેડીવના તાબામાં છે. એ કનાલ ખણવાનો વીચાર બેરન લેસેપ્સે સને ૧૮૫૪માં ઇજીપ્તના ખેડીવ, મહમદ સઇએદ આગળ કહ્યો હતો અને એ ખણવાનું કામ સને ૧૮૫૯માં એક કંપનીએ ફ્રાંસમાં ઉભી થઇ શરૂ કીધું હતું અને તે તા૦ ૧૭મી નવેમબર ૧૮૬૯ને દીને ખુલ્લી મુકી હતી. એ કનાલ ઉપર સઘળો મળીને ૨૧૭ા કરોડનો ખરચ લાગ્યો હતો. એ કનાલથી કરીને ઈંગલંડથી મુંબઇ જવાનો રસ્તો ૬૫૦૦ મૈલપર આવ્યો છે, જયારે આગળ કેપને માર્ગે ૧૧૦૦૦ મૈલ તે દુર હતો. એ કનાલમાંથી સ્ટીમરો સાતથી આઠ હજાર ટનોની પસાર થાયછે. અમારી આગળ Orient Line ની એક સ્ટીમર "ઓરમઝ" જે સાત હજાર ટનનીછે તે પસાર થતી હતી. એની આવક સને ૧૮૮૦માં ચાર કરોડ ફ્રાંક

હતી તે વધીને સને ૧૮૮૪માં પાંચ કરોડ (બે કરોડ રૂપીઆ) ની ઉપર ગયા છે. સને ૧૮૮૧માં એમાંથી ૨૭૨૭ મોટાં વાહાણો તથા આગબોટો નજદીક ૫૮ લાખ ટનનાં પસાર થયાં હતાં જેમાંનો પોણો ભાગ ઇંગ્રેજી હતાં.

પ્રકરણ—૨.

માલટા.

તા૦ ૨૭મી એપ્રીલ—આજ દીને પાછળી રાતના કલાક ૪ ને અમલે અમારી આગબોટ પોર્ટ સઇયદથી ઉપડી અને સમુદ્રમાં દાખલ થઇ. એ આગબોટ ઘણી મોટી ૪૯૧૮ ટનની છે. અને ઘણી સરસ રીતે સણગારેલી છે. એમાં બધે સુવાની કેબીનો સુધામાં વીજળીકની નાની મોટી બતીઓ છે. એતું તુતક આખી સ્ટીમરની લંબાઇતું સલંગ છે અને તે ઉપર ઉતારૂઓને ફરવાને ઘણી સગવડ પડે છે. તુતક ઉપર એક મયુઝીક સેલુન છે તેમાં ફરતી ગાદીની બેઠકો કીધી છે અને તેની દેવાલ સંગેમરમરના પથર તથા સોનેરી ઓપથી સણગારેલી છે. ત્યાં બે પીઆનો તથા એક હારમોનીયમ છે. તુતક ઉપર બીજા ગમ પાનાં અથવા સેત્રંજ રમવાની તથા બીડી પીવાની જુદી સેલુન છે. ડાઇનીંગ સેલુન સ્ટીમરની આખી પોહોળાઇમાં છે. તેમાં વચમાં બે લાંબી ટેબલો ૬૦ માણસો બેસે એટલી છે અને બાજુ ઉપર સાત સાત માણસો બેસે એવી છુટી બીજી ૧૦ ટેબલો મુકેલી છે, જે ઉપર પોત પોતાના દોસ્તો સાથે ઉતારૂઓ બેસી જમે છે. હાલ સ્ટીમર ઉપર પેહલા વર્ગના આસરે ૧૩૦ ઉતારૂઓ છે જેઓ ઘણા ખરા આસ્ત્રેલીયાથી આવ્યા છે. તેઓ આપણી સાથે ઘણા ભેળાઇને ચાલે છે તથા રમત ગમતો કરેછે, પીઆનો વજાડે છે તથા ગાયનો ગાય છે. આજે સેલુનમાં નોટીસો મારવા મુજબ વીહીસ્ટની સરત બે દીવસ પછી રમાવાની છે તથા તા૦ ૨૯મીએ જળસો તથા તા૦ ૨ જીએ ફેનસી ડ્રેસ બાલ કરવાનો છે. આજથી ગરમી કશી માલમ પડતી નથી અને ઠંડી વધતી

જાય છે, તેથી બધાઓને ગરમ ડગલાઓ પેહેરવાની ફરજ પડેછે. દરીઓ સેજ જોરમાં રાતનાં થયો હતો.

તા૦ ૩૦મી એપ્રીલની સવારમાં આસરે ૯ વાગે સ્ટીમરે માલટા ના કુવારેનટીન હારબરમાં લાંગડ કર્યું. પોર્ટ સઇયેડથી માલટા ૯૩૫ મૈલ છે. એ માલટા શેહેરનો દેખાવ તુતક ઉપરથી ડુંગર ઉપર ઘરો બાંધેલાં હોવાથી ભપકાદાર લાગતો હતો. એનું બારૂં જમીનના બે ભાગ દરીઆમાં પાસે પાસે નીકળી આવ્યાથી તેની અંદરના ભાગમાં બનેલું છે. જે અંદર પાછું મોટું થાય છે અને દેખાવ અરધો ચાંદ હોય તેવો લાગે છે. અમો સ્ટીમર ઉપર નાસ્તો લેઇ કીનારે સાત વાગે બોટોમાં ગયા હતા. દરએક માણુસ દીઠ એક શીલીંગ બોટ ભાડું આપવું પડે છે. જો આગળથી ઠરાવ્યે નહીં તો પછી બોટવાળાઓ ગળે પડી વધારે પૈસા માગેછે. જેવી સ્ટીમર થોભી તેવા મેવો તથા રૂપાનાં નકશીકામ તથા લેસ વેચનારાઓ તુતક ઉપર આવી જાણે દુકાનો માંડી હોય તેમ પોતાનો માલ ખુલીને વેચવા બેઠા હતા. એ વખ્તે નવાઇના મેવામાં અમોએ "લોકાત" (Loquat) જોઈ હતી જેનો દેખાવ લીલી સોપારી છલટાં સાથની આવેછે તેને મળતો પીળો યા લાલ રંગનો હતો, પણ તેની છાલ કાંદાનાં પડ જેવી પતલી આવે છે અને અંદરથી માવો લીલા ખજુરને મળતો પણ ઘણો સવાદદાર નીકળે છે. તેમાં એકથી પાંચ ઠળીયા રેહેછે. રૂપાનું 'શીલીગરી' કામ તથા લેસનું કામ વખણાયલું છે પણ તે અમારા વિચાર મુજબ હીંદુસ્તાનમાં કચ્છનું જે રૂપાંકામ નકશીનું આવેછે તેની બરોબર યા ઉતરતું લાગે છે. લેસ દોરાની જીણી જાલીવાળી ગુંઠીને બનાવેછે પણ અમોએ બ્રુસેલસમાં બનાવતાં જોઇ છે તે સરસ ગણીયે છીયે. અમો કીનારે મારસામુસેતો (Marsamuscetto) ના ઘાટ (બંદર) ઉપર ઉતર્યા હતા. અમોને આગળથી ચેતવણી મળી હતી કે એ જગો ઉપર ઉતરવાની બોટવાળાઓ સાથે બોલી કરવી નહીં તો તેઓ ગ્રાંડ હારબર કરીને બીજું બંદર છે ત્યાં લંબાણ લઇ જઇને ઉતારવાથી બોટ ભાડું વધતું આપવા ઉપરાંત ત્યાંથી વલેટા

જવાનું ગાડી ભાડું પણ જુદું આપવું પડશે. કીનારે ઉતર્યા કે અમોને માલટાના ભોમીઆઓ મળ્યા. જેઓમાંથી મુંબઇવાળા કીંગકીંગ ની કંપનીના આડતીયાઓ હઇયાં છે તેઓની સરટીફીકેટવાળા એક ભોમીઆને અમોએ ૩ શીલીંગે આખા દિવસ માટે જ્હીં રાખ્યો હતો. ઈહાં જો કે બે શીલીંગે પણ ભોમીઓ મળેછે, પણ આ માણુસ સારો લાગવાથી અમોએ તેને રાખ્યો હતો.

બંદર ઉપરથી કિલ્લામાં જવાય છે, જ્યાંથી ઘણી સીડીઓ ચહડીને એક મોહોલામા પેઠા હતા અને પછી એક ગાડી કલાકની ૧॥ શીલીંગને હીસાબે ૮ થી ૧૨ વાગા સુધીના કલાક ૪ ની શીલીંગ ૬ પઠીને તેમાં શેહેરમાં ફરવા નીકળ્યા. મોહોલાઓ કિલ્લાની અંદરના એક સીવાય ઘણા ખરા સાંકડા, ત્રણ ગાડી ઘણી અગવડથી જાય તેવા છે. જોવાલાયક ભાગ બધો કિલ્લાની અંદરછે. જેમ આગળ મુંબઇનો કોટ હતો તેમ તેની અંદરનો સઘળો ભાગ ઘરોથી ખીચોખીચ ભરેલોછે અને ઘરો નાની જગાને લીધે પાંચ પાંચ માળ સુધીનાં ઊંચાં બાંધેલાં છે જેઓ ઘણાં ખરાં ઈહાંના એક જાતનાં નરમ પથરનાં સફેદ રંગનાં બાંધેલાં હોવાથી નવાં બાંધેલાં હોય તેવાં દીસેછે. મોહોલાઓમાં આવજા પણ ઘણી ગીચ, નાના રસ્તાઓને લીધે, લાગેછે અને એ રસ્તાઓ નાના છતાં તેમાં પગે ચાલનારાઓ સારૂં પગથીઓ રાખવા ઉપરાંત દુકાનદારો નાની દુકાનો ગાડીના રસતાની બાજુએ માંડેછે તેથી પુરી અગવડ તથા ભીડ જેવું લાગેછે. મરદોનો પોશાક ઘણો ખરો ગરીબ ફ્રેંચ અથવા ઇટાલીયન લોકોને મળતો છે. મુંબઇમાં બાહર દેશાવરના સેલરો આવે છે તેનાં જેવાં કપડાં તેઓ પેહેરે છે પણ ઓરત લોકોનો પોશાક તદન નવોજ અમોએ જોયો હતો. તેમાંનો મોટો ભાગ કાળા રંગનાં સુતરાઉ યા ગરમ કપડાં પેહેરે છે પણ માથાં ઉપર આપણી પારસી બાનુઓની માફક સારીની સોડનાં જેવું કપડું રાખે છે જે એક બાજુથી બાહાર ખેંચી શકે છે અને તેથી સુરજના તડકાથી તેમનો બચાવ થાયછે પણ એ માથાં ઉપરની સોડ તેઓ માથાંની બાહેર સામેથી નજદીક પોણાથી

એક ફુટ જેટલી કાહડી રાખે છે તેથીં મોહોડાં બરોબર દીસતાં નથી. માલટાનાં લોકોની બોલી ઘણી ખરી આરબી બોલીને મળતી આવેછે અને આગળ મોરોકોના આરબોને હસ્તક માલટા હોવાથી જોયા મેલે તે લોકોનો રેવાજ તથા બોલી ઈહાંના લોકોએ લીધેલી છે અને તેથી આરબ (યા મુસલમાન) ઓરતોની બુરખાની થોડી નીશાન એ ઓરતોનાં પેહ-રવાસમા છે. માણુસો દેખાવે યુરોપનાં દખણુ ભાગનાં લોકોને મળતા ઘઉંના રંગના છે. માલટા ગામ ટેકડાઓ ઉપર બાંધેલું હોવાથી સઘળા મોહોલાઓ ઢળાવ ઉપર બાંધેલાછે અને કોઇ કોઇ રસ્તાઓ એટલા તો ઢળાવના છે કે ત્યાં ગાડી ઘોડાઓ કદીબી ચાલી શંકે નહી. રસ્તાઓ પથરની લાદીથી જડી લીધેલા છે અને તે ઉપર ઢળાવ છતાં ઘોડાઓ દોડતા ગાડી લઇ જાય છે તેથી આપણુને ઘણી ચીંતા રેહેછે, પણુ ઘોડાઓ થોકડ વટીક ખાતા નથી. એ જાનવરો ઘણાં ખરાં આફ્રીકાનાં ટયુનીસ ગામથી આવેછે અને આપણા આરબી ઘોડાઓને મળતા આવે છે. રૂ૨૫૦ થી રૂ૧૦૦૦ સુધીની કીમતે તેઓ વેચાય છે. શેહેરના મોહોલાઓનો દેખાવ તેનાં ઘરો તથા તેની ગ્યાલરીઓને લીધે ઇટાલી દેશનાં શેહેરોને મળતો આવે છે તથા તેજ માફક નીચલા ભાગો ઉપર બધે દુકાનો ભપકાદાર રીતે ગોઠવેલી હોય છે. શેહેરની બાહેર કિલ્લો છોડયા પછી નાહાના નાહાના ગામડાંઓ આવે છે, અને ત્યાંનાં ઘરો જો કે સારી રીતે પથરનાં બાંધેલાં છે પણ શેહેરનાં ઘરો જેવાં ભપકાદાર તથા વધુ માલવાલાં નથી. આ શેહેરમાં અનાજ ભરવા સારૂં મેદાનોમાં સરકારે કોઠારો જમીનમાં કરી રાખેલા છે, જે આસરે ૩૦ ફીટ ઊંડાછે અને તેમાં ઓરડાઓ ભરી રાખેલા છે, જેમાં વેપારીઓ છુટો છુટો પોતાનો માલ ભરી રાખેછે, અને ભાડું સરકારને ભરેછે. એ કોઠારોનાં મોહોડાં માણુસો અંદર જઇ શકે તેવાં મોટાં રાખ્યાંછે અને અનાજ ભરી તેની ઉપર પથરનું મોટું ચાક મુકીને ચુનાથી ચીની લીયેછે. મોહોલાઓનાં ઘણાં ખરાં નાકાંઓ ઉપર "સેંન્ટોના" યાને "પવીત્ર પુરૂષો"નાં પુતળાંઓ "લાઈફ સાઇઝનાં" ગોખલાઓમાં મુકેલાં છે તથા એ પુતળાં અસલના અહીંના "નાઇટસો" (પેહેલવાનો)નાં "ગ્રાંન્ડ માસ્ટર"ના કિલ્લાની બાહેર કોટની

અંદર ગોખલા કરી શેહેરમાં પેસવાના દરવાજાની બે બાજુપર ગોઠવેલાં છે, તેમાં "લાવેલેત" જેણે એ નવું માલટાનું શેહેર પેહેલું વસાવ્યું હતું તેનું છે તથા બીજું "લાઆઇલ આદમનું" છે, જે એ ગામમાં બહુ દુરથી પીવાનું પાણી લાવ્યો હતો. અમે પેહેલાં અત્રેનું "કેપુચીન" પંથના "મંકસો"નું દેવળ તથા "મોનેસ્ત્રી" જોવા ગયા હતા. એ દેવળ જો કે સારૂં છે તોપણ કાંઇ જોવા લાયક નથી. આ ઠેકાણે આસરે ૬૦ "મંકસ" રહે છે, જેઓમાંનાં આગળ મરી જતા હતા ત્યારે તેઓને "આલટર"ની પાછળ એક ઓરડો છે ત્યાં બે વર્ષ સુધી રાખી મુકતા હતા, જ્યાં કાંઇ એવી જાતની હવા તથા ગરમી આવેછે કે જેથી ત્યાંના લોકના કેહેવા મુજબ એ મુડદાંઓના આંતરડાં કશું કાહડયા વગર તદન સુકાઇને "મમીસ" જેવાં થઇ જાયછે. ત્યાર પછી તેઓને બાહાર કાઢીને દેવળની હેઠાણમાં ગોખલાઓ કીધેલાછે ત્યાં બાંધીને ઉભા રાખેછે જેનો દેખાવ અમોએ જોયો તે ઘણોજ કમકમાત ભરેલો હતો. કોઇ મુડદાનાં નાંખ, કોઇની આંખ તથા બીજાનાં મોહોડાંના ભાગો ખરી ગયલા, દાંતો બાહેર નીકળી આવેલા, એવો ખરાબ દેખાવ તે આપેછે. એ પ્રમાણે ઘણાં વર્ષ મુડદાં રહ્યાથી તેઓ તદન ખરીને છુટા હાડકાં થઇ જાયછે, ત્યારે તે હાડકાંને એક કુવો છે તેમાં લઇ જઇને નાંખેછે. જુનામાં જુનું એવું સુકાઇ ગયલું મુડદું નજદીક ૧૨૫ વર્ષનું છે, બાકીનાં ૫૦ થી ૭૫ વર્ષની અંદરનાં છે, જે તેઓની છાતી પર લખેલાં પાતીયાં પરથી માલમ પડેછે. એમાં એક મુડદાંને બાહારથી તારનો પરડો કરી લીધેલો છે જેને વાસતે કહેછે કે તે શખ્સ ઘણો પહરેજગાર હતો તેથી તેને "સેંટનાં" જેટલો દરજ્જો મળ્યો હતો ને "કેથલીક" લોકો જે એ ભંડાર જોવા જાયછે તેઓ તેનાં કપડાંમાંથી કટકાઓ કાપી લઇ જવા લાગવાથી તે બચાવવા એમ પરદો ભરી લીધો છે. એ "કેપુચીન" લોકોનું દેવળ તથા પથરાને ૧૫૮૪ માં ગ્રાંડ માસ્ટર "વારદાલાએ" બાંધ્યું હતું. એ દેવળ કિલ્લાની નજદીક બાહેરથી આવેલું છે તે જોઇને પછી અત્રેની નાટકશાળા જોવા ગયા હતા. એનો બાહારનો દેખાવ ભપકાદાર છે ને અંદર

૧૨૦૦ માણુસો બેસી શકેછે. તેઓ સારૂ પાંચ વર્ગ કીધેલા છે ને વચમાં ગેસ લાઇટનું એક ઝુમર ૩૫૦ લાઇટનું મોટું તાંગેલું છે. એને બાંધવા પાછળ સાત લાખ રૂપીયા બેઠા હતા, પણ પાછળથી આગથી અંદરનો ભાગ સઘળો બલી જવાથી તેને પાછો સુધારવાને બીજા દોઢ લાખ રૂપીયા લાગ્યા હતા. એ નાટકશાળા સરકારે બાંધેલું છે અને તે ખેલ કરનારાઓને ભાડે આપવામાં આવેછે.

આ નાટકશાળા જોઇને "સેંટ જોનનુ" દેવળ જોવા ગયા હતા. આ દેવળ માલટામાં સૌથી સરસ ગણાય છે. એ સને ૧૫૭૬નાં સાલમાં ગ્રાંન્ડ માસ્ટર "લા કેશીઅરે" બાંધ્યું હતું અને પાછળથી બીજા "ગ્રાંન્ડ માસ્ટરો" તેને શણગારતા ગયા હતા. એનો બાહારનો દેખાવ ઘણો ભપકાદાર નથી પણ અંદરથી ઘણો સારો છે. એની બધી દેવાલો પથરની અંદર ઉપસાવેલી નકસીથી તદન ભરી નાંખેલી છે તથા જમીન સઘળી અસલનાં "નાઇટસો" તથા તેઓનાં માણસોની ઘોરેની લાડીઓથી ભરી નાંખેલી છે. એ લાડીઓ જાતજાતનાં ઊંચા પથરોની છે અને તેમાં "મોઝેક વર્કની તસવીરો ચીતારી છે જેથી આખી જમીનનો દેખાવ મોટો મોઝેક વર્કના જેવો લાગે છે. એ દેવળને એક મોટો વચમાં હાલ છે ને તેની આસપાસ નાનાં નાનાં "ચેપલો" કીધેલાં છે. જે દરેક ચેપલ અસલના દેશ દેશના છુટા છુટા નાઇટસોને સારૂ બાંધેલાં હતાં જેમાં પોતાના દેશને લગતા નાઇટોના "ગ્રાંડ માસ્ટરોને" દાટીને તેઓની યાદગારીનાં પુતળાંઓ દેવાલો ઊપર બાજુએ કીધેલાં છે, જે ઘણાજ મોટા સંગેમરમરનાં રંગીન તરેહ તરેહવાર જાતનાં પથરોનાં બનાવેલાં છે. તેમાં લાઇફ સાઈઝ યાને મોટાં પુતળાંઓ તે મરનાર નાઇટોનાં તથા ઈનસાફ, દયા ઇત્યાદીનાં પુતળાંઓ કોરેલાં છે, જે ઘણાંજ જોવા લાયક તથા કીમતી છે. કોઇ કોઇ સ્થંભો ૩૨) લાખની ઊપરની કીમતનાં છે. એવાં નજદીક ૧૦ "ચેપલો" છે અને દરેકમાં ચારથી પાંચ એવા સ્થંભો મુકેલા છે. પેહેલું ચેપલ જમણા હાથ ઉપર દેવળમાં જતાં તે વખ્તના પાદરીઓને ભણવા સારૂં રાખેલું હતું, બીજું પોર્ટુગીઝ નાઇટસોનું, ત્રીજું સ્પેનીશ,

ચોથું પરોવનસ, પાંચમું ક્રાઇસટની માનું છે (તેમાં આલટરની સામેના કટેરા થાંભલા તદન રૂપાંના બનાવેલા છે,) છઠું દેવળમાં પેસતાં ડાભા હાથ ઉપર "ગ્રાંડમાસ્ટર" "ગ્રોન દાદારી"નું પોતાનું તથા ત્યાર પછીના "ગ્રાંડમાસ્ટરો"નું તેના પાસેનું આસ્ત્રીયન નાઇટસોનું, તેની પાસે ઇટાલીયન, પછી ફ્રેંચ (ઇહાં ફ્રેંચના છેલ્લા રાજા લુઇ ફીલીપના ભાઇને દાટેલો છે જેનો સ્થંભ જોવા લાયક છે) તેની પાસે બેવેરીઆનાં ચેપલો આવેલાં છે, જે છેલ્લામાં ઇંગ્રેજ નાઇટસો પણ ભણતા હતા. એ ચેપલમાં એક લાકડાંનું સેંટ જોનનું પુતળું છે જેની આગળ નાઇટસો લડાઇ ઉપર જવા આગમચ બંદગી કરતા હતા. એ બધાં આલટરનાં ચેપલોની વચમાં સાંમેથી મોટું આલટર આવેલું છે, જેની હેઠલ માલટાના સૌથી પેહેલા અને મોટા "ગ્રાંડમાસ્ટરો" **લાઇલિ આદમ** તથા બીજાઓને દાટેલા છે. એ આલટરવાલી સઘળી જગા ઊંચી જાતના સંગેમરમર પથરોથી મઢી લીધેલી છે અને તેની વચમાં એક ગંજાવર સંગેમરમરના એકજ પથરમાંથી બે ૧૦થી ૧૨ ફીટ મોટાં પુતળાં કોતરેલાં મુકેલાં છે, જેમાં ક્રાઇસ્ટ "સેંટ જોન ધી બેપટીસ્ટે" બેપટીઝમ આપતો ઘણોજ સરસ કોતરેલો છે અને તે ઇટાલીયન કોતરનાર બરનીનીને હાથનું બનાવેલું છે. એ આલટરની આસપાસ નાઇટસોને બેસવાની લાકડાંનાં નકશીકામની કોતરેલી બેઠકો છે તથા તેની બંન્ને બાજુ ઉપર બે છુટી બેઠકો મથાલે તાજ સુધાંની કીધેલી છે. તેમાં આલટરની જમણી બાજુએ ઇંગ્લંડનો રાજકર્તા જે હોય તેને વાસતે અને તેની સાંમણે બીજી બાજુએ વડા પાદરીની બેઠકો તેમાં કીધેલી છે. એ દેવળની ઘણી ખરી નકશીવાલી દેવાલો ઉપર સુનેરી ગીલીટ ચહડાવેલી છે તથા સીલીંગ ઉપર એ લોકોનાં ધર્મને લગતી મોટી તસવીરો ચીતારેલી તથા જમીનની ઘોરની લાદીઓ રંગીન પથરની ગોઠવેલી છે તેથી સઘળો દેખાવ ઘણો ભપકાદાર લાગે છે. એ દેવળ રોમન કેથલીકોનું છે અને તેની ઘણી મોટી આવક હજી પણ જમીનોથી આવે છે. માલટાની જગા ત્રણ ભાગમાં જાણે વેંહેંચી લીધી છે. તેમાંનો એ-

ક ભાગ દેવળોને લગતી જાગીરોનો છે; એક ભાગ સરકારનો અને બાકીનો એક ભાગ આખી રૈયતમાં વેંહેંચાયલો છે. એટલી મોટી જમીન દેવળોને લગતી છે. અસલ નાઇટસોનાં વખ્તમાં એ લોકો મુસલમાનો સાથ લડાઇ કરતા અને તેઓનાં શેહેરો તથા વાંહાંણો લુટતા હતા તે લુટોથી તથા એ નાઇટસો ખ્રીસ્ટીઓનો બંચાવ કરવા ગયલા તેથી યુરોપનાં બધાં દેશદેશથી એઓને મોટી સોગાડો તથા ઇનામમાં જમીનો મળતી હતી. તેની ઘણી મોટી આવક એ નાઇટસોને મળતી હતી અને એ લોકો પરણુતા હતા નહી તેથી સઘળી પોતાની દોલત પણ એજ પંથકને (નાઇટસ ઓવ ધી ઓરડર ઓવ સેંટ જોન ઓવ જેરૂસેલમ કરી પેંહેલાં ને પાછળથી નાઇટસ ઓવ માલટાને નામે ઓળખાતા હતા) આપી દેતા હતા તેથી એ પંથક ઘણું તવંગર થઇ ગયલું હતું અને દેવળમાં પણ ઘણું ઝવેરાત તથા રૂપાં અને સોનાંકામ એકઠું કીધેલું હતું. તે સઘળું નેપોલીયન બોનાપાર્ટે જ્યારે એ કિલ્લો લીધો ત્યારે લુટી લીધું હતું જે ઘણી મોટી કીમતનું ગણાય છે. એ દેવળ જોઇને અમે મેહેલ જોવા ગયા હતા જે અસલ નાઇટસોના "ગ્રાંન્ડ માસ્ટરો" વાપરતા હતા, પણ હાલ તે માલટાનાં ઇંગ્રેજ ગવરનરો વાપરે છે. એ મેહેલ ૩૦૦ ફીટ દરેક બાજુએથી ચોરસ એક માળની ઇમારતવાલો સાદા દેખાવનો છે. તેની અંદર બે મોટા ચોક છે. એમાંનો એક ભાગ ગવરનર પોતે વાપરે છે અને બીજો ભાગ અસલનાં બખતરો તથા લડાઇનાં યંત્રોનો સંગ્રહ કરવા રાખેલો છે, જેને "આરમરી" કરી કહે છે. એ માળ ઉપર જવા સારૂં સંગેમરમરની મોટી સીડી છે તેમાંથી પેહેલાં એક લાંબી ગેલરી કરેલી છે, જે ૨૫૩ ફીટ લાંબી અને ૩૮ ફીટ પોહોળી છે તેમાં બંને હારમાં દેવાલો ઉપર અસલનાં નાઇટસોનાં લોખંડનાં તરેહ તરેહનાં બખતરો માણસોનાં પુતળાં બનાવી તે ઉપર પેહેરાવેલાં છે, તથા દેવાળ ઊપર તેઓનાં "ગ્રાંન્ડ માસ્ટરો"ની લાઇફ સાઇઝની તસવીરો ઊસતાદ ચીતારાઓને હાથની પાડેલી મુકેલી છે તથા કેટલીએક એ લોકોની મોટી લડાઇઓ પણ પાડેલી છે. એ ગેલરીની શરૂઆતમાં જમણાં હાથ ઉપર એક મોટો ઓરડો છે જેમાં

ભરતકામો બધી ફરતી દેવાળ ઉપર તાંગેલાં છે જે ભરતકામ ઘણુંજ જોવાલાયક તથા સરેસ છે. એમાં દુન્યાંનાં બધાં ખંડોને લગતી છુટી છુટી વીગતો ગુંથેલી છે તે એવી તો સરસ છે કે જાણે ઓઇલ પેનટીંગ ચીતારેલી હોય તેવી છે. એ ૧૫૦ વર્ષો ઉપર ફ્રાન્સથી લાવવામાં આવી હતી અને હજીબી જાણે આજે ભરતકામ કીધું હોય તેવી લાગે છે. એ ઓરડામાં અમો ગયા ત્યારે ગવરનરની કાઉનસીલ બેઠેલી હતી. એ ગેલરી પસાર કીધા પછી એક મોટું દેવાનખાનું છે તેમાં પણ જાતજાતનાં બખતરો, હથ્યારો, બંદુકો તથા તોપો ગોઠવેલી છે, જે સઘળી જુની તથા નવાઇની છે તેમાં ૯૦ ઘોડા ઉપર બેસનાર સ્વારો તથા ઘોડા સુધાંનાં આખાં બખતરો અને ૪૫૦ ને આસરે છુટાં બીજાં બખતરો છે. એમાંનું એક બખતર સ્પેનનો કોઇ રાક્ષી માણસ ૭ ફીટ ઉંચો કહે છે તેને પેહેરવાનું હતું, જેનાં માથાં ઉપરની લોખંડની કોલાહ અમો બે હાથે ઉંચકી શકયા હતા. એવી તો તે ભારે હતી કે ૩૮ રતલ ઉપરનાં વજનની કહે છે. એ ઉપરથી આપણને વિચાર આવે છે કે અસલનાં લોકો ખરા પેહેલવાન હોવા જોઇયે કે લોખંડનું ૩ ફીટ પોહોળું, ૭ ફીટ ઉંચું બખતર ઉપરાંત આવી ભારી કોલાહ માથાંપર પેહેરી લડાઇ કરી શકતા હતા. વળી એ લોખંડનાં બખતરો કાંઇ રમત કરવા જેવાં નથી જે તેની ઉપર બંદુકની ગોળીઓથી ખાંચા પડેલા જોવાથી માલમ પડે છે જેની નીશાંણી ઘણાં બખતરો ઉપર આરપાર જવા વગરની પડેલી છે. એ બખતરો ઉપર તપાસ કરવા સારૂં ૬૦ વાર દુરની બંદુકની ગોળીઓ તે ઊપર ટાંકી હતી પણ તેમાં ખાડા પડવા સીવાય ગોળી પાછી તેની ઉપરથી હઠી જતી હતી. એવાં મજબુત એ બખતરો છે. કોઇ કોઈ તો લોખંડનાં છુટાં છુટાં પતરાંનાં, કોઇ ઝીણી ગુંઠેલી સાંકળીનાં ને કોઇ માછલીનાં ભીંગડાંની માફક ગોઠવણીનાં બનાવેલાં હતાં. કોઇ તદન સાદા કાળા રંગનાં તો કોઇ ઉપર તેઓનો "કોટ ઓવ આરમ" ગીલીટ તથા રંગથી ચીતારેલાં હતાં. એ બખતરો સીવાય કાચના કેસોમાં અસલ ચાર્લ્સ પાંચમાંએ (જરમનીનો શેહેનશાહ તથા સ્પેનનો રાજા) માલટા

એ નાઇટસોને આપી દીધું તેનો અસલ લેખ તેની સહી સાથનો તા૦ ૨૩ મી મારચ સને ૧૫૩૦ ની તારીખનો મુકેલો છે, જે જુનાં ઇંગ્રેજી હરફે ઘણુંજ સારા દસકતે લખ્યો છે. એ ઉપરાંત તરકીના જનરલો તથા બીજા દુશમનોનાં લડાઇનાં હથ્યારો, પેહેલા ગ્રાંન્ડ માસ્ટરના દંડુકા (Batons) ઇત્યાદી એવા છુટા છુટા કેસોમાં મુકેલા છે. અસલની તરકીશોની એક તોપ પણ મુકેલી છે, જે ત્રાંબાનાં એક પતરાં ઉપર તાર લગાડેલું દોરડું તથા ત્રાંબાનાં તારથી બાંધી લઇ તે ઉપર કાળા રંગનું પ્લાસ્ટર મારી બનાવ્યું છે. એ તોપ તરકીશોએ જ્યારે રોહડસ (જ્યાં અસલ એ નાઇટસો રેહેતા હતા તે) ઉપર હલ્લો કીધો હતો તે વખ્તે તેઓ પાસેથી નાઇટસોએ છીણવી લીધી હતી. તે આસરે પાંચ ફીટ લાંબી અને ત્રણ ઇંચના ગાલાની છે. એ સઘળું જોઇને અમને વિચાર આવતો હતો કે, આવા પેહેલવાનો આગળ હતા તે આજે નાબુદ થઇ ગયા છે અને કાંઇ નામ નીશાંન આ માલટાનાં દેવળ સીવાય કશી તેઓની રહી નથી. એ લોકોનેજ લીધે યુરોપમાં મુસલમાન રાજ થતું અટક્યું હતું અને મુસલમાનોનું જોર તથા દોર પણ એ લોકોથીજ નરમ પડયો હતો. એ મેહેલ જોઇને પછી શેહેરમાં ફરી ત્યાંનાં બજારમાં ગયા જે માફકસરનું છે. તેમાં જાતજાતનાં શીકારો તથા માછલીઓ વેચવા મુકેલી હતી તેમાં સોનેરી માછલી જેવી મોટી બોઇના કદની ઘણી હતી, જે ખાધામાં સારી મીઠાશવાલી લાગે છે. મેવામાં નારંગીઓ ઘણી રસવાળી તથા મીઠી મળે છે. બીજો મેવો હાલ કાંઇ મોહોસમ ન હોવાથી જોવામાં આવ્યો ન હતો. મોહોલામાં કાપડ, ફરનીચર, ઇત્યાદીની દુકાંનો ઉપરાંત મીઠાઇની દુકાંનો પણ મોટી છે જેમાં તરેહવાર જાત જાતની તથા આકારોની મીઠાઇ વેચાય છે. માલટા પોતાનાં "મારસેલા" નામનાં વાઇનથી વખણાયલું છે. એ સઘળું જોઇને અમો પાછા સ્ટીમર ઉપર ૧૧॥ કલાકે ગયા હતા અને ૧૨ા વાગે સ્ટીમર ત્યાંથી ઉપડી હતી. માલટાની હાલની વસ્તી આસરે ૧॥ લાખ માણસની છે. માલટા અસલ ફીનીશ્યોનોથી વસેલું કહેવાય છે. ત્યાર પછી ગ્રીક, કારથેજીનાં તથા રોમનસોનાં હાથમાં થઇને છેલ્લે ગ્રીક શેહે-

નશાહાત પડી ભાંગી અને મુસલમાનોનું જોર વધ્યું તે વખતે સ્પેન સઘળું તે લોકોએ લીધું ત્યારે એ માલટા પણ મુસલમાનોએ જીતી લીધું હતું, તે આરબોના હાથમાં ૨૨૦ વરસ સુધી રહ્યું હતું. ત્યાર પછી સને ૧૦૯૦માં તે પાછું સીસીલીના રાજાને હસ્તક ગયું જે પાછળથી શેહેનશાહ ચાર્લસ પાંચમાંને વારસામાં મળવાથી તેણે એ ટાપુ તે વખ્તના નાઈટસ ઓવ ધી રોહડસને સને ૧૫૩૦માં ઇનામ દાખલ આપી દીધું જે લોકો પાસથી ફ્રેંચનાં શેહેનશાહ નેપોલીયને ઇજીપ્ટ જવા આગમજ લીધું હતું ને ત્યાંથી સઘળા નાઇટસો જેઓ ઘણા એ વખ્તમાં તોપો તથા બંદુકોની લડાઇ આગળ નરમ પડયા હતા તેઓને ત્યાંથી કાહાડી મુકયા ને એટલા સુધી કીધું કે તેઓ છાતી ઉપર ક્રોસ રાખતા હતા તે પણ પેહેરવાના કાહડી નખાવ્યા. એ પછી ઈંગ્રેજોએ માલટાને ઘેરો નાખીને જીતી લીધા પછી તેઓનેજ અસ્તક આજ સુધી રહેલું છે.

તા૦ ૧ લી મે—આજે સવારથી "આલજીઅરસ"નો તથા "ટયુનીસ" નો કોસ્તો દીસવા લાગ્યો હતો જે ઘણો ખરો લીલોતરી ભરેલો હતો. આસરે ૮॥ વાગેને તે દીસવાનો શરૂ થયો હતો તે આખો દીવસ કીનારો દીસ્યો હતો. આજે સાંજના જરા ધુમસ જેવું થયું ને આસરે પાંચ વાગેને દુરથી ડુંગરોની ઉપર જાણે ઉંધા સઢ ચડાવેલું વાહાંણ ચાલતું હોય તેવું ઘણા ઉતારૂઓએ જોયું હતું. કોઇ વખ્તે જાણે એના આગળા ભાગની અણીપર આસમાનપરથી હેઠે ઉતરતું હોય તેવું ને કોઇ વખ્તે તેથી ઉલટુંજ પાછળી બાજુથી ઉતરતું હોય તેવું દીસતું હતું. એ દેખાવને ઇંગ્રેજીમાં મીરાજ (Mirage) કરી કહે છે. એનું કારણ એમ છે કે ખરેખરૂ વાહાંણ (જેનો ઓળો એ દીસતો હતો) ઘણું દુરથી જતુ હશે, પણ ધુમસને લીધે સુરજથી તેનો છાયો આસમાંન ઉપર પડેછે ને તે પાછો જમીન ઉપર અથવા હવામાં દેખાય છે. એવો દેખાવ કોઇ કોઇજ વખ્તે દીસે છે. અરધા કલાક સુધી તે દેખાવ રહ્યો હતો.

તા૦ ૨ જી મે—આજે સાંજ સુધી "આલજીઅરસ"નો કીનારો દેખાયા કીધો હતો. સવારનાં ૮॥ વાગેને આલજીઅરસનું શેહેર જે આફ્રીકાને છેક ઉત્તર ભાગે ભુમધ્ય સમુદ્રને માથે આવેલુંછે તે દીસવા લાગ્યું હતું, ને જો કે જરા ધુમસ જેવું હતું તોબી દુરબીનથી ત્યાંનાં ઘેરો તથા મસજીદો દેખાતાં હતાં. દેખાવ ઉપરથી એ શેહેરનાં ઘેરો મોટાં અને ભપકાદાર લાગતાં હતાં. હાલ ફ્રેંચ સરકારને હસ્તક એ શેહેર છે. એને થોડા મૈલને છેટે છુટાં છુટાં બીજાં ગામો પણ દરીએ કીનારે દીસ્તાં હતાં. અમારી સ્ટીમર એની જરા નજદીકથી જતી હતી. આજે રાતનાં તુતક ઉપર અસલનાં પ્રોગ્રામ મુજબ "બાલ" થયો હતો, પણ જેમ "ફેનસી ડ્રેસ" સારૂ ખબર આપી હતી તેમ કશું થયું નહીં, પણ હમેશના પોશાકેજ નાચ થયો હતો.

તા૦ ૩ જી મે—ગઇ કાલ સુધી જે કીનારો અમારી સ્ટીમરની ડાબી બાજુએ દેખાતો હતો તેને બદલે આજે સવારથી જમણી બાજુએ દીસ્વા લાગ્યો હતો. એ કીનારો સ્પેનનો હતો, જેનો મોટો ભાગ મોટા પહાડોથી ભરેલો હતો, દરીએ કીનારે છુટાં છુટાં નાનાં શેહેરો દીસ્તાં હતાં, અને તેનેથી થોડે છેટે એક મોટો પહાડ હતો જે આસરે ૬૦૦૦ ફીટ ઉંચાઇમાં કહેવાય છે અને વળી તેની પાછળ સ્પેનનો સૌથી મોટો પહાડ "સીરા નેવેડા" ("Sierra Nevada") જે આસરે ૧૨૦૦૦ ફીટ ઊંચો છે તે તેનાં બરફથી ઢંકાયલાં મથાળાં સાથે નજરે પડતો હતો. એમાંના પેહેલા પહાડની હેઠાણમાં લીલોતરી અમારી સ્ટીમર ઘણી નજદીકથી ચાલતી હતી તેથી બરોબર દીસ્તી હતી તથા છુટાં છુટાં ગામોથી તથા પહાડોની નાની નાની ટોંચો તથા તેના છાયાઓ તથા તેની પાછળ ગંજાવર પહાડો તેનાં બરફ સુધાંને લીધે દેખાવ ઘણોજ રલીયામણો લાગતો હતો. એ ગંજાવર પહાડને પસાર કરતાં અમારી સ્ટીમરને પાંચ કલાક લાગ્યા હતા. અમોને સ્પેનનો એ કોસ્તો આખો વખ્ત જીબ્રાલટર પુગ્યા ત્યાં સુધી મળ્યો હતો. સાંજનાં કલાક પાંચ વાગા પછી અમોને દુરથી આફ્રીકા ખંડનો છેક ઊત્તર

પશ્ચીમનો ભાગ દીસવા લાગ્યો, જેનો છેડો બે મોટા ટેકડાઓ તથા પહાડોનો બનેલો હતો, જેને "હરકયુલીસ પીલર્સ" (Hercules Pillars) કરી કહેછે. અમો રાતના કલાક ૮ વાગે જીબ્રાલટરનાં બારાંમાં પુગ્યા હતા ને સ્ટીમર ઉપરથી અમોને લેવા આવેલા ભોમીઆ સાથ કીનારે ઊતર્યા હતા. અમે જયારે સને ૧૮૮૧માં યુરોપની મુસાફરી કીધી હતી ત્યારે અમારી સાથે જાથુક એક ભોમીઓ ઈંગલંડના વખણાયલા "Tourist" કુક એંડ સન્સવાળાઓ હસ્તકથી રાખવાથી ઘણો ફાયદો તે બધી બોલીઓ તથા જગ્યાઓ જાણવાથી થયો હતો. તેજ મુજબ આએ વખ્ત પણ આગમજથી ગોઠવણ કીધા મુજબ એ લોકોનો એક ભોમીઓ અમારી સાથ સ્પેન અને પોરટુગલમાં ફરવા આવ્યો હતો. એ ભોમીઆને રોજની ૧૦ શીલીંગ તથા હોટલ તથા સેકંડ કલાસ રેલવે ખરચ સઘળો આપણને આપવો પડેછે, પણ તેનો બદલો બધી કડાકુત તેને કરવાથી તથા જગેજગ ભોમીયાઓના ખરચના બંચાવથી આવી રહેછે. માલટાથી જીબ્રાલટર ૯૮૧ મૈલ છે. જીબ્રાલટરનો કિલ્લો લશકરી કાયદા હેઠલ (Martial Law) જાહુક રાખ્યોછે તેથી સુરજ અસ્ત પામ્યો કે કિલ્લાના દરવાજા બંધ કરેછે, પણ જયારે મેલ સ્ટીમર મોડી આવેછે ત્યારેજ તે ખુલ્લા રાખી તેમાં આવેલો ટપાલ તથા ઉતારૂઓને જવા આવવા દીએ છે. અમો કીનારે આસરે ૯ વાગે ઊતર્યા હતા. બોટવાળાઓને દરેક માણસ દીઠ એક શીલીંગ આપવાનો ધારો છે. કિલ્લાના દરવાજા આગળનો પોહોરેગીર હંમેશાં જેબી દરવાજા આગળ આવેછે તેને "કોણ છે ?" કરી મોટે અવાજે પુછે છે. તેનો જવાબ તરત "દોસ્ત" (Friend) કરી આપવો જોઇયે, નહી તો પસાર થતાં અટકાવેછે. અમોએ જીબ્રાલટરનાં સરસ રાયલ હોટલમાં ઊતારો લીધો હતો. રાતનાં સકારૂં હોવાથી તથા ચંદણી સારી હોવાથી અમો ઇંહાં સૌથી મોટો મોહોલો (Water Port) જયાં અમારૂં હોટલ છે ત્યાં ફરવા નીકળ્યા હતા. આ વખ્તે ઘણું લોક ફરવા નીકળેલું હતું તે મોહોલાનો દેખાવ ઘણો સરસ ચંદણીમાં લાગતો હતો, પણ ૧૦ વાગામાં દુકાનોનો મોટો ભાગ બંધ થયો હતો તેથી

યુરોપનાં બીજાં દેશોની માફક રલીયામણું લાગતું ન હતું. રાતનાં ૧૦ વાગેને એક તોપ ફોડી સઘળા સોલજરોને બરાખમાં જવાની નીશાંની કીધી હતી અને પડઘમ, સીસોરી સાથ તે વખ્તે એક સોલજરોની નાની ટુકડી બધે ફરી ગઇ હતી. તેથી જાણે લશકરી છાવણીમાં આપણે હોઇયે તેવું લાગતું હતું.

તા૦ ૫મી મે—આજે સવારના ૭ા વાગે સ્ટીમર "મલાકા"માં બેસીને જીબ્રાલટર છોડયું હતું, તે બપોરના ૧ાા વાગે "મલાગા" કરી સ્પેન દેશનું ગામ છે ત્યાં બંદરમાં જઇ પોંહોંતા તેથી રસ્તામાં ફકત ૬ા કલાક લાગ્યા હતા, પણ સ્ટીમરને લંગર નાંખતા કલાક રાા લાગ્યા હતા, સબબ જે સ્ટીમર બારાંમાં કીનારાની નજદીક આવ્યા પછી તેને ઇહાં બીજી સટીમરો હારબંધ જેમ ભાડુતી ગાડીઓ ઉભી રાખેછે તેમ કીનારાની નજદીક એક એકની પાસે હારબંધ ઉભી હતી તેની વચમાં લઇ જતાં વખ્ત થયો હતો અને વળી ત્યાર પછી સ્પેનનાં કસટમ હાઉસના અમલદાર તથા ડાકટરને વાસ્તે બીજો એક કલાક થોબવું પડયું હતું. એઓ અમારી સ્ટીમર ઊપર જયારથી આવ્યા ત્યારથી બોટોમાં બેસીને સ્ટીમર ઉપર આવવા સારૂં નજદીક ૧ાા કલાક દરીયામાં થોભ્યા હતા અને લંગર નાખવાની વાર જોતા હતા. દરીયો જરાક જોરમાં હોવાથી તેઓ જયારે સ્ટીમર ઉપર ચહડવા આવ્યા ત્યારે તેઓને સારૂં અમારા કપટાને લાકડાંનો દાદર તે બાજુ નહીં હોવાથી દોરડાંની સીડી બાહાંણ ઊપર આવવા વાસ્તે નાખી હતી તેથી તેઓનો મીજાજ ગયો હતો અને ઉપર આવવાને બદલે બાહાણું કહાડયું કે અમોને તો ફેર આવેછે, વાસ્તે કીનારે જઇને બીજાઓને મોકલીશું. કરી સ્ટીમર ઉપર બે સોલજરોને રાખી ગયા કે કોઇને સ્ટીમર ઊપરથી ઉતરવા તેમજ સામાન લેઇ જવા દેવા નહીં અને તેઓ પોતે કીનારે પાછા ગયા હતા. અમો લોકોને સ્ટીમરને લંગર નાખવા આગમચ કલાક રાા થોબવું પડયું હતું ને વળી ત્યાર પછી આ અમલદારોએ પાછા ફરી કોઇને સ્ટી-મર ઊપરથી ઊતરવા દીધા નહી તેથી ઊતારૂઓ ઘણા ચીરડાવવા તથા

કચવાવા લાગ્યા, પણ બધાઓ આગળથી જાણતા હતા કે સ્પેનની રીત-ભાત જે હજી ૧૬મી સદીને વળગી રહીછે ત્યાં વખ્ત શું તેની કીમત જાણતા નથી તેથી પોતાની મેળે નાસીપાસ થઇ બેઠા હતા. આખરે પોણો કલાક પછી આસ્તે રહીને બીજો કસટમ હાઉસનો અમલદાર તથા ડાકટર આવ્યો હતો ત્યારે સઘળાઓના સામાનમાં કાંઇ જગાત લેવા લાયક (જેવો કે તમાખુ, ઝવેરાત ઇત્યાદી) સામાન છે કે નહી તે પુછીને અમારા હોટલવાળાએ તેને ના પાડી સમજાવીને અમને તથા બીજા ઉતારૂઓને તેઓના સામાન સાથે ઊતરવા દીધા હતા. એ વખ્તે બે સ્ટીમરો જે ઘણીજ નજદીક ઊભેલી તેની વચમાં બોટ હોવાથી તથા દરીયો જોરમાં હતો તેથી બોટ ઊછલતી હતી. અમો થોડા આગળ ગયા નહીં તેટલાં કોણ જાણે શું કસટમ હાઉસના અમલદારના ધ્યાનમાં આવ્યું ને હુકમ કીધો કે "બોટ હું આવું ત્યાં સુધી ત્યાંજ ઉભી રાખવી." દરીયાનાં જોરને લીધે બોટ ઉછલતી હતી તેથી અમને ફેર આવવા લાગ્યા ને તેને પેહેલાં ઘણો સમજાવ્યો કે કીનારે બધાને જવા દે ત્યાં થોભીશું, પણ તેના ધ્યાનમાં નહીં આવ્યું. આખરે જયારે અમારા ભોમયાએ ઘણો સમજાવ્યો ત્યારે બોટ પાછી સ્ટીમરની નજદીક તેડી તેમાં એક સીપાઇ સાથે આપીને કીનારે જવા દીધા હતા. કીનારે ઘણું લોક ઉતારૂઓને જોવા એકઠું થયલું હતું. તેઓ અમો લોકોને જોઇને પેહેલાં તો પોતપોતામાં હસવા લાગ્યા, પણ જેમ બીજાં લોક તથા છોકરાંઓ મોહોલામાં વધતાં ગયાં તેમ અમારી પછવાડે ચાલતા છેક છેલ્લે હુર્યો કરવા મંડી ગયા ને અમો કસટમ હાઉસમાં ગયા ત્યારે તેઓ નરમ પડયા હતા. જોયા મેળે એ લોકોને અમારો પોશાક તથા દેખાવ નવાઇ જેવો લાગ્યો હશે. અમોને કસટમ હાઉસમાં પણ ઘણો વખ્ત થોભવું પડયું હતું સબબ કે સ્ટીમર ઉપર કસટમનો એક અમલદાર જે આવ્યો હતો તે આવશે ને બધા દાગીના આવશે, પછી તપાસશે તેથી આખરે કંટાલીને અમારા કોથળાઓની કુંચી અમારા ભોમીયાને આપી અમો (Hotel de Roma) " હોટલ દી રોમા " નજદીક હોવાથી ચાલી ગયા હતા. હોટલનો ભાવ દરએક માણ-

સનો પેહેલા માળ ઉપર ઉતરે તો ૪ ડાલર હતા ને બીજા માળપર હોય તો ૩ ડાલર હતા. અમો સાંજનાસાડા પાંચ વાગે ફરવા ગામમાં નીકળ્યા હતા. અમો ઉતર્યા તે હોટલ હાલ નવુંજ બંધાયલું છે. તે શેહેરનાં સૌથી સરસ મોહોલ્લા, "બુલીવારડ અલામીડા ("Alameda")" માં આવેલું છે એ "અલામીડા" મોટો ચોક છે જેની બે બાજુપર મોટાં ઘેરો સારી રોણકદાર બાંધણીનાં આવેલાં છે. વચમાં બે બાજુ પર ગાડીના તથા તેની આસપાસ ફુટપાઠ રાખી તેઓની વચમાં એક મોટો બાગ હોય તેમ લોકોને ફરવા હરવા તથા બેસવાનીજગ્યા રાખેલી છે. એ "અલામીડા" ના ચોકની બાજુઓપરથી બીજા સારા કુસાદે મોહોલાઓ આવેલા છે. ત્યાથી ફરીને અંદરનાં મોહોલાઓમાં ગયા કે જ્યાં ઘેરો ઘણાં ખરાં જો કે મોટાં ચારથી પાંચ માળોના અને કોઇ કોઈ તો રોણકદાર બાંધેલાં છે તોબી રસ્તાઓ સાંકડા તથા વરસાદ ગઈ કાલે પડેલો હશે તેથી કીચલના ભરેલા ગલીચ કચરા સાથના દીસતા હતા. અમો ફરતા ફરતા ઇંહાંનાં વખણાયલાં દેવળ ઉપર જઇ લાગ્યા જે એ વખ્તે બંધ હતું, પણ દેવાલોની બાજુપર મોટા થાંભલાઓ તથા નકશી હોવાથી તેનો બાહારનો દેખાવ ઘણો ગંજાવર તથા રોણકદાર લાગતો હતો. એ દેવળની ઇમારતની ઉંચાઇ એટલાં ઉપરથી માલમ પડશે કે તેની આસપાસ ચારથી પાંચ માળના ઘેરો હતાં તે જાણે કે એની આગળ રમકડાં જેવાં લાગતાં હતાં. થોડા મોહોલાઓમાં ફરીને સાંજનાં ૬॥ વાગે હોટલમાં ખાણાંનો વખ્ત હોવાથી પાછા ફર્યા હતા. "મલાગા" શેહેરની વસતી આસરે ૧૨૦૦૦૦ ની કહેવાય છે ને તેમાં મોટાં ઘેરોજ ઘણાંખરાં હોવાથી તથા દરીએ કીનારે તેઓ હોવાથી સ્ટીમર ઉપરથી તેઓનો તથા શાકર બનાવવાનાં તથા બીજાં કારખાનાંઓથી દેખાવ ઘણો સરસ લાગતો હતો તથા બારાંમાં સ્ટીમરો પણ આસરે વીસ એક પડેલી હતી તેથી આ શેહેરનો વેપાર પણ મોટો લાગે છે.

તા૦ ૬ઠી મે—આજે સવારનાં અત્રેતું એકજ જોવાલાયક દેવળ

જોવા ગયા હતા. એ ગીચ મોહોલાની વસ્તીમાં આવેલું હોવાથી તે આસપાસનાં ઘેરોને લીધે ઘણું ગંજાવર લાગે છે. એ જગ્યાપર અસલ "મુર" લોકોનાં વખ્તમાં મસજીદ હતી તેને ભાંજી દેવળ બાંધ્યુ હતુ, જે સને ૧૫૩૮માં શરૂ કીધું હતું તે આસતે આસતે કામ ચલાવતાં છેક સને ૧૭૧૯માં પુરૂં કીધું હતું. એને ૧૬૮૦નાં સાલમાં ધરતીકંપથી ઘણું નુકશાન પણ થયું હતું તે પાછું સમારતાં કરતાં પણ ઘણાં વર્ષો લાગ્યાં હતાં. એનો બાહારનો આગળો ભાગ સઘળો સંગેમરમરનાં થાંભલા તથા નકશીનો કીધો છે ને જાણે એ ત્રણ માળ હોય તેમ થાંભલાઓના તપ્પાવો એકની ઉપર એક દેખાઇતા મુકેલા છે. અંદરનો દેખાવ પણ ઘણો ભપકાભરેલો તેની ગંજાવર હાલની ઉંચાઇથી તથા તેની આસપાસનાં રંગીન તરેહ તરેહનાં પથ્થરોનાં ચેપલો તથા તેમાંનાં સ્થંભો સાથે લાગે છે. અમો ધારીયે છીયે કે એ હાલની ઉંચાઇ ઓછાંમાં ઓછી ૧૧૦ ફીટ હશે ને તેજ પ્રમાણે પોહોળાઇ પણ ઘણી મોટી છે. એનાં ચેપલોમાંનાં પુતળાંઓમાં બે ઘણાં સરસ કહેવાય છે તેમાં એક ક્રાઇસ્ટની માતા "મેરી" ક્રાઇસ્ટને ખોળાપર મુવેલો લઇને બેઠેલી છે તે ઘણું સરસ ઇટાલીયન કોતરનાર Cornove નું બનાવેલું કહે છે ને તે આખાં સ્પેનમાં સરસ કહેવાય છે. એમાં ક્રાઇસ્ટને મુવેલો જે પાડેલો છે તે જાણે બધા સાંધાઓ ધીલા થઇ ગયા હોય ને ખભાં સઘળાં પડી ગયાં હોય તેવું દીસે છે. તેની પાંસલીઓ તથા હાથ પગના સાંધાઓ સઘળું આબેહુબ ખરાં માણસનું હોય તેવું લાગે છે. તેની આગળ તેની મા છે તેનું મોહોડું ઘણુંજ ગંભીર પાડેલું છે. બીજાં ચેપલમાં ક્રાઇસ્ટને "ક્રોસ" પરથી ઉતાર્યા પછીની સબી પાડેલી છે તેબી ઘણીજ સરસ છે. તેનો દેખાવ મુવેલાં માણસનાં જેવો તદન ફીક્કો તથા સઘળા સાંધાઓ ઢલી પડેલા, એક બાજુપર ઢડી ગયલી ગરદન તેનાં સાંધાઓ ઉપર આવેલી નેસો, ઇત્યાદી સઘળું આબેહુબ પાડેલું છે. એ "મોરાલીશ" નામનાં ચીતારાનું પાડેલું કહે છે. તે ઘણી મોટી કીમતનું જો કે ભાયગે બે ફીટ જેટલું છે તોબી એકથી દોઢ દોઢ લાખ રૂપીયા સુધીનું કહેવાય છે. એ દેવળમાં વચલા હોલ

(Aisle) ની બે બાજુપર બે ગંજાવર નજદીક ૫૦ ફીટ ઉંચી આરગીનો મુકેલી છે જેમાંની એક અમો ગયા ત્યારે વજાડતા હતા જે ઘણુ સરસ લાગતું હતું. વચલો આલટર રાખના રંગના સંગેમરમરનાં થાંભલાઓપર ઉભાં કીધેલાં ગુમબજ જેવો કીધેલો છે તથા ગાનારાંઓની બેઠકો સઘળી લાકડાંની "સેન્ટો"નાં પુતળાંઓની નકશી સાથની ઘણી સરસ કોતરેલી છે. અમો હતા તે વખ્તે માસ(Mass) ભણુતા હતા તે ભણવાની ચોપડી યા પોથા ઘણાં મોટા હતા ને તેમાં "મ્યુઝીક" લખેલું તેનાં અક્ષરો એટલા તો મોટા હતા કે અમો ૧૫ ફીટ દુર હતા ત્યાંથી વાંચી શકતા હતા.

એ દેવળની આગળી બાજુ ઊપર બે મીનારાઓ બાંધેલા છે. તેમાંનો ડાબી બાજુનો અધુરો રહી ગયો છે, પણ જમણી ગમનો પુરો કીધેલો છે, તે ૩૦૦ ફીટ ઊંચો છે જેપર અમોએ જઇને શેહેરનો દેખાવ જોયો હતો જે ઘણો સરસ દીસતો હતો. એ શેહેર જાંણે એક અડધા ચાંદની વચમાં બાંધ્યું હોય તેમ તેની ત્રણ બાજુના ડુંગરોથી દીસ્તું હતું, જે શેહેરની ઇમારતોની પાછળ સઘળે ખેતીવાડી તથા ફળોનાં ઝાડોથી જાંણે એક ગંજાવર બાગમાં બાધ્યું હોય તેવું દેખાતું હતું. મીનારાપર જવાની બધી મલી ૩૬૦ સીડીઓ છે તેમાંની છેક મથાળા પરની ૯૩ લાકડાંની છે, બાકીની સઘળી એક "કોર્કસ્ક્રુ"ની માફક પથ્થરની બાંધેલી છે. એ દેવળ સીવાય અત્રે બીજું કાંઇ જોવા લાયક ન હોવાથી અત્રેનો "એરીના" (Arena) જે ગોધાઓની લડાઇ કરાવવા સારૂં બાંધેલો છે, તે જોઇ આવ્યા હતા. એ જો કે નાંનો કેહેવાય છે તોબી તેમાં સોલ હજાર માણસો બેસી તમાશો જોય એટલી જગ્યા છે. તે જોઇને પાછા હોટલમાં ૧૧ વાગે આવીને સ્ટેશનપરથી ૧ા વાગે આગગાડીમાં ગ્રેનેડા જવા નીકળ્યા હતા. તે રાતના ૮ાા વાગે ત્યાં જઇ પુગ્યા હતા. પેહેલો રેલવેનો રસ્તો જાંણે નારંગી, લીંબુ, દાડમડી ઇત્યાદીના બાગમાંથી જતા હોઇએ તેવો હતો. એ પ્રમાણે જયં સુધી નજર પુગે ત્યાં લગી બધી બાજુએ પાહાડો સુધી ઝાડો રોપેલ

હતાં, અને તેની નીચે અનાજ વાવેલો હોવાથી તેની લીલોતરી તથા ઝાડોપરનાં ફળો તેમાં "સાઇતરન" જાતનાં પીળાં લીંબુઓથી જાંણે ઝાડો નમી પડતાં હતાં. ડાંખલીઓપરની લાલ રંગની નારંગીના કોઇ ઝાડોપરનાં લાલ તથા સફેદ ફુલો, તથા ફરતા આસપાસના પાહાડોથી દેખાવ ઘણો સરસ એક બાગના જેવો લાગતો હતો. આ દેખાવ જોકે ઘણો મનોરંજક હતો તોપણ ઇટાલીના જેવા તેમાં "આર્ટનો ટેસ્ટ" ન હોવાથી તેના જેવો ખુબસુરત ગલીચાઓના જેવો નહી લાગતો હતો. એ મુજબ આસરે ૩૫ મૈલ સુધી જોતા ગયા હતા. તેને Andalucia Bajee's plains કરી કહે છે ને એનાં જેટલાં થોડાંજ દુનીયામાં નારંગી તથા લીંબુનાં "Groves" લાગ્યાં હશે કરી કહેવાય છે. એ છોડયું કે પછી એકદમ મોટા મોટા પાહાડો આવે છે, જે જાણે ગંજાવર દેવાલો બાંધી લીધી હોય તેમ સીધા ઊભા નીકળી આવેલા છે. તેની ઊપર એક ઝાડનું તણખલું પણ દીસતું નથી, પણ વચ્ચેથી સલંગ ફાટી જઇને તેની નીચાણમાંથી પાણીનાં નાળાંઓ વહે છે તે ઘણાં જોવાલાયક છે તથા પાહાડના પથ્થરો પાણીથી ધોવાઇને પોચા થવાથી તરેહ તરેહના અણીદાર તથા થાંભલાઓ જેવા લટકતા આકારો પડી રહ્યા છે. એ પાહાડોમાં ૧૨ મોટી તનલો સઘળી મળી આસરે ત્રણ મૈલની લંબાઇની કોતરેલી છે તથા બે પાહાડોની વચમાંની પાણીનાં નાળાંવાલી ખીણો સારૂં ૬ મોટા પુલો બાંધેલા છે. એ પાહાડી ભાગ જેમ ખંડાલાનો ઘાટ પસાર કરીએ છીયે તેમ કીધો કે પાછા મોટા પાહાડોપરનાં મેદાનો આવે છે જે ઉપર પાછી ખેતીવાડી તથા નારંગીને બદલે હવે (Olives) "ઓલીવસ"નાં ઝાડો આવે છે, જે પણ નજર કરીયે ત્યાં સુધી ડુંગરો તથા પાહાડોપર સુધાં નજર પડે છે ને અમો ગ્રેનેડા પુગ્યા ત્યાં સુધી એજ પ્રમાણે આખો વખ્ત દેખાયા કીધું હતું, પણ એનડે લુશીયાના ડુંગરો આએ જગ્યાના ડુંગરો આગળ નાના લાગતા હતા. આએ બાજુના ડુંગરોની પાછળથી પાહાડના પહાડો એક પછી એક ઊંચા દીસ્તા હતા ને જેમ ગ્રેનેડાની

નજદીક આવતા ગયા તેમ સ્પેનનો સૌથી ઉંચો પાહાડ "સારા નીવે-ડા" વધુ દીસવા લાગ્યો હતો ને રાતના સાત વાગા પછી ચાંદરણું પુન-મના ચાંદ જેવું પડતું હતું તેથી તેના મથાળા પરનું બરફ ઘણું સરસ સફેદ તથા ચળકતું દીસ્તું હતું. અમો ગ્રેનેડા પુગ્યા પછી વળી સ્પેન દેશની ધીમી ચાલનો બીજો એક દાખલો મળ્યો હતો. પેહલાં તો આ-ગની ગાડી ભાયગે દર કલાકના ૧૩ મૈલ જતી હતી ને સ્ટેશનો ઉપર જોકે કાંઇ કામકાજ નહી તોબી ગાડી થોભાવી ગાર્ડો તથા એનજીન ડ્રાઇવરો વાત કરતા હતા ને બબ્બે વખ્ત બધાં સ્ટેશનો પર ગાડી ચલાવાના ઘંટો વાગતા તોપણ આસ્તે રહીને તેઓ ઉઠતા ને ગાર્ડો તોબી બેસી રહેતા હતા ને છેક ગાડી ચાલી રહી કે ઉપર બેસતા હતા. હવે એ ગાડી તો મેલ ટ્રેન હતી ત્યારે સાધારણ ટ્રેન કેવી ધીમી ચાલતી હશે ? "મેલાગા"થી "ઓરડોનરી ટ્રેન" સવારના સાત વાગે નીકળે છે તે સાંજના ૪॥ વાગે ગ્રેનેડા પુગે છે તે મુજબ અમારી મેલ ટ્રેનથી બીજા બે કલાક વધારે લાગેછે. અમો ગ્રેનેડા સ્ટેશન પર ઊતર્યા ને ઘોડાની ગાડીમાં સામાન મુકી હોટલમાં જવા બેઠા તેટલાં સ્ટેશન પરથી માણસો દોડી આવ્યા ને સાથે સોલજરો હતા તેઓએ અમારો સામાન પાછો કસટમની જકાત સારૂં તપાસવા માગ્યો. અમોએ ઘણુંબી સમજાવ્યા કે, "અમો તો "મલાગા" જે સ્પેનનું દેશ છે ત્યાંથી આવ્યા ત્યારે જકાત શાની લેવાની હોય ને અમારા કોથળાઓ તો "મલાગા"નાં કસટમહાઉસમાં તપાસેલા છે ત્યારે પાછા શેના જોવા માગો છો ?" પણ અમારૂં કાંઇ ચાલ્યું નહી ને કોથળાઓ ગાડીમાંથી પાછા ઊતારીને એક ઓરડામાં લઇ ગયા. જયાં વળી તરત તપાસવાને બદલે અમોને અર્ધો કલાક નજદીક થોભવું પડયું કારણકે તપાસનાર અમલદાર આવવાનો હતો. આખરે તેઓ આવ્યા ત્યારે તપાસ્યા વગર તે અમોને પાછા લઇ જવા દીધા હતા. એવું સઘળું બધે અંધેર દીસે છે. અમો તો ધારતા હતા કે રશીયાના જેવો જાપતો બીજે કેથે નહી હશે, પણ સ્પેને તો તેને એક કોરે બેસાડી દીધું છે. વળી ધુળ નાખી જાપતા રાખી તરત માલ તપાસતા હોય તો, પણ આપીસરો ધીરે સાસતે આવતા તેથી

વખત ઘણો ખોવો પડવાથી બીજી ગોઠવણો રદ થઇ જાય છે. તેના દાખલા દાખલ અમો મલાગા બપોરનાં એક વાગે ઊતરવાનું સાંભળી તેજ દીને વખત હોવાથી તે ગામ જોઇને બીજે દીને સવારનાં ત્યાંથી "ગ્રેનેડા" જવાના હતા પણ આગલ લખ્યું છે તેમ છેક સાંજ પડી ગઇ તેથી જઇ શકયા નહી ને સવારને બદલે બપોરના આગગાડીમાં ગ્રેનેડા ગયા હતા જયાં પણ ૪ વાગે પુગી જઇ ઘણું જોઇ શકતે, પણ આવી ચાલથી સઘળું તે ઊંધું વળી ગયું હતું. અમો વોશીંગટન ઇરવીંગ નામનાં હોટલમાં ગ્રેનેડામાં ઉતારો લીધો હતો જે અત્રેનાં વખણાયલા આલહમબરાના મેહેલની પડોસમાં આવેલું છે. એ હોટલમાં રોજ એક માણસ દીઠ વીસ (પીએસતર) ફ્રાંક લીએ છે જે આસરે ૧૬ શીલીંગ થવા જાય છે. "મલાગા" શેહેર અમોએ છોડયું તે તેની રૂતુ બાબે આખા યુરોપમાં સરસ ગણાય છે. ત્યાં નથી ઘણી ઠંડી કે ઘણી ગરમી ને તેને લીધે ઘણા આજારી ઇંગ્રજો અહીંયાં હવા ખાવા શીયાળાની રૂતુમાં આવી રહે છે. તેમાં હાફ્ન, ખરાબ જાથુકની ખાંશી ઇત્યાદીના દરદીઓને સારૂં કરે છે. આ શેહેરમાં શેરડીનો પાક પણ થોડી ઠંડીને લીધે ઘણો મોટો થાય છે ને શાકર બનાવવાનાં કારખાનાઓ છે. તેમજ સુકી દરાખ (Muscutel Raisins) કાળી મોટી જાતની જે દાબડાઓમાં મુંબઇ આવે છે તેનો તથા ઓલીવસના તેલનો તથા બીજો મોટો વેપાર એ શેહેર બીજા દેશો સાથે કરે છે. તેમાં મુખ્ય અમેરીકા સાથે કહેવાય છે. સ્પેનીશ લોકોનો દેખાવ ઘણો ખરો ફ્રેંચ તથા ઇટાલીયનોને મળતો આવે છે ને પોશાક પણ તેવોજ પેહેરે છે. પણ ઓરત લોકો એક જાતનો કપડાંનો ઝીણી વણતનો કટકો માથાના ચોટલા પરથી પાછળ લટકતો રાખે છે જેને "મેનતીલા" કરીને કહેછે.

તા૦ ૭મી મે—આજે સવારના ઠંડી ઘણી સારી લાગતી હતી અને પારો ૫૮ ડીગરીપર હતો. આસરે સવાસાત વાગે અમો અત્રેનો (ગ્રેનેડાનો) વખણાયલો આલહમબ્રા જે અમારાં હોટલની નજદીકમાં છે તે જોવા ગયા હતા. એ મેહેલ કીલ્લા જેવો મોટો લાલ પથ્થરનો

બહારથી બાંધેલોછે તેથી તેનું નામ મુર લોકોએ અલકામરા એટલે લાલ કરી રાખ્યું હતું. એ મેહેલ એક ટેકડી ઉપર આવ્યોછે અને તે દરીયાની સપાટીથી આસરે ૩૦૦૦ ફીટ અને ગ્રેનેડા શેહેરથી આસરે ૩૦૦ ફીટ ઉંચાઇએ આવેલોછે. એ મેહેલ ઇબ્ન અલ આહ-મર નામના મુર લોકોના રાજાએ બાંધવાનો સને ૧૨૪૮માં શરૂ કીધો હતો તે તેનાં "મોટોસ" જે જગે જગે કોતરેલા છે (વીખા ગડમીબા ઇલે અલ્લા એટલે ખોદા સીવાય બીજો કોઇ જીતનાર નથી, There is no conqueror but Alla) તે ઉપરથી માલમ પડેછે. એ મોટો એને લેવાનું કારણ એવું છે જે જયારે એ પાદશાહ શેવીલ ગામ જીતીને પાછો ફર્યો ત્યારે એની રૈયતે એને ગાલીબ (યાને ફતેહમંદ જીતનાર) કરીને બોલાવ્યો ત્યારે એણે ઉપલા મોટોવાલો જવાબ દીધો કે ખોદા સીવાય બીજો કોઇ ફતેહમંદ નથી અને જયારે મુર લોકો લડાઇપર જતા ત્યારે એ બોલ હમેશાં War Cry દાખલ પોકારતા હતા. એ પાદશાહની પછી એના વારસો તે વધારતા તથા શણગારતા ગયા તે અહીંયાં સુધી કે પરીઆંઓના મેહેલો જેમ અરેબીયન નાઇ-ટસમાં લખેછે તેવો બનાવી દીધો હતો, પણ જયારથી એ ગ્રેનેડા શેહેર પાછુ ખ્રીસ્તીઓના હસ્તક આવ્યું ત્યારથી તે પડતી હાલતમાં આવવા લાગ્યો અને ખ્રીસ્તી પાદશાહોએ તેને ખરાબ કરી તેમાં જુદા જુદા ઓરડાઓ તથા બીજા ભાગો ઉમેર્યા હતા જેથી તેની રોણક ઘણી ઘટી ગઇ હતી અને ત્યાર પછી તો તેની કોઇએ દરકાર નહી કીધાથી ઘણી ખરાબ હાલતમાં આવતો ગયા છતાં હજીપણ તે જોવા લાયક રહ્યોછે. એનો બાહારનો દેખાવ લાલ પથ્થરનો એક ઊંચો કિલ્લો બાંધ્યો હોય તેવો લાગેછે, કારણકે બાહારની બાજુ ઉપર બારી બારણાં રાખ્યાં નથી, પણ સઘળું અંદરથી નકશીઓ, થાંભલાઓ, તરેહ તરેહની સીલીંગો, રંગીન તથા ગીલીટથી ભરી નાંખેલી દેવાલો, ફુંવારાઓ, સંગેમરમરના ચોકો ઇત્યાદીથી એવું સરસ શણગારેલું છે કે તેવા શણગારવાળો બીજો કોઇ મેહેલ જવલ્લેજ બીજી ગમ દુનીયામાં કોઘે હશે. પેહેલાં અમો એક ચોક જેને સીંહવાલી કોર્ટનું નામ

આપેલું છે ત્યાં ગયા. આ ચોક લંબ ચોરસ છે. તેને ફરતા સંગે-મરમરના થાંભલાઓ ઉપર નકશીનાં આરકાંઓ કરી તે થાંભલા તથા દેવાલની વચમાં ચારે બાજુ ઉપર ફરવાની જગ્યા રાખેલીછે તે એટલે સુધી કે બધી દેવાલ આખી પણ તેથી ભરી નાખીછે. એ નકશીઓ તરેહ તરેહની ગણીતના સવાલો (મેથેમેટીકલ પ્રોબ્લેમસની) બનાવી છે અને તેની વચમાં તથા બાજુની સઘળી કીનારીઓ ઉપર કોરાનમાંથી તથા બીજી ખોદાને લગતી બીનાઓ કોતરેલી છે. એ સઘળું કોતર-કામ (Stucco Work) પ્લાસ્ટરની ઉપસાવેલી બનાવેલું છે. એની ઉપર અસલ રંગ તથા ગીલીટ કીધી હશે તેનો થોડો ભાગ છુટોછવાયો હજી દીસેછે. એ ચોકની વચમાં એક ફુંવારો ૧૨ સીંહો ઉપર બાંધેલોછે તેથી તેને કોર્ટ ઓવ ધી લાયન્સ કરી કહેછે. એ ચોકમાંથી આસપાસની નકશી એવી તો સરસ લાગતી હતી કે જાણે રૂપાંની નકશીકામની જેવી હોય તેવી હતી. એની એક બાજુ ઉપર નાનો ગુંબજ છે તેની ઉપરના તથા બીજા ગુંબજો તથા છાપડાં પરનાં નળીયાં એનેમલના રંગીન હતાં જે સુરજને લીધે ચળકતાં હતાં. એ ચોકમાંથી એકગમ જનાનખાનાના ઓરડામાં ગયા હતા જયાં સંગેમર-મરનો એક નાનો ફુંવારો વચમાં હતો. કહેછે કે મુર લોકોના એક પાદશાહની રાણી કેથે નાહસી ગઇ તેથી તેને પોતાના અમીરો ઉપર શક જવાથી તેઓમાનાં ૩૧ જણાને એ ફુંવારા પર ગરદન મરાવ્યા હતા જેઓનું લોહી તેમાં પડવાથી હજી તેના ડાઘ રહેલા દેખાડેછે જે જોકે જરા ઘેરા લાલ જેવા દીસેછે તોપણ અમો નથી ધારતા કે લોહીના દાઘ હજી રહી ગયા હોય. એ ઓરડાની બે બાજુપરનાં આરકાંઓ જાણે રંગીન દાંનાનાં બનાવેલાં હોય તેવાં તેની નકશી તથા રંગથી લાગતાં હતાં અને ગુંબજની અંદર (stalectile)ની માફક લટકતાં ઝુમરો હોય તેવી રીતે તરેહ તરેહની નકશીઓ કીધેલીછે. એ ઓર-ડાની દેવાલ ઉપર પણ નકશીઓ કીધેલી તથા કોરાનના તથા બીજા ખોદાને લગતા કલામો કોતરેલા હતા. એનું નામ (Hall of Re-venge) એટલે વેરનો ઓરડો કરી રાખેલુંછે. એની સીલીંગપર મુર

લોકોની લાસોની વીગતો ચીતારેલીછે. ત્યાંથી હોલ ઓવ જસટીસ (Hall of Justice) વાળા દીવાનખાનામાં ગયા તેનાં પેહેલાં આરકાં ઉપર બાહારથી નકશીમાં આરબી અક્ષરે લખેલુંછે "આવો અંદર આવો, બીહો ના. જો તમોને ઇનસાફ જોઇયે તો તે મળશે." આ હોલની સામી બાજુ ઉપર ત્રણ ઓરડા હારબંધ છે જેની સીલીંગપર "ઓઇલ પેનટીંગ" પાડેલી છે, તેમાં એકમાં દસ જણા એક ટેબલ ઉપર ગોળ કુંડાળામાં બેસાડેલા છે જેઓ ઇનસાફ કરતા હોય તેમ લાગેછે. તેમજ બીજા ગુંબજમાં બંદીવાનો પાડેલાછે અને ત્રીજામાં ઇનસાફ લેવા આવનાર પાડેલાછે. એ તસ્વીરોની ઢબ, માણસોની બેઠક, પોશાક તથા દેખાવ ઘોડા સુધાં જેમ આપણે જુનાં શાહનામામાં પાડેલાં જોઇયે છીયે તેને ઘણો ખરો મળતો આવેછે. એ જગ્યા આલાબાલ રાજાએ બાંધી હશે તેથી તેનાં નામો નકશીમાં તથા ઢાલો પાડી તેની આડી લીટીઓમાં પાડેલીછે. ત્યાં બીજા જનાનખાંનાના ઓરડામાં ગયા જેની ફરસબંદી ઘણી મોટી સંગેમરમરની લાદીઓની બનાવીછે તેમાંની બે ફુંવારાની આસપાસ છે તે નજદીક ૧૩×૬ ફીટની હશે. એની પાસે મ્યુઝીયમ કીધુંછે ત્યાં અમો ગયા, જયાં એ મેહેલની નકશીકામ ગુંબજોમાં શી રીતે બનાવતા હતા તે તેના મોલ્ડો ઉપરથી માલમ પડેછે. ધારવા મેલે પેહેલાં પ્લાસ્ટર પોચું કરી તેને ઉપરની બાજુએ લટકાવી એ મોલ્ડો જેમાં જોઇતી નકશીઓ (Stalectile જેવી) પાડેલી હોયછે તે દાબેછે એટલે તે નકશીનો આકાર પડી રહેછે. અહીંયાં એક લોખંડની તીજોરી છે જેની કળ તેનાં ઢાકણામાં આખી જડેલી છે જે ઘણીજ ગુંચવણભરેલી હતી જે ઉપરથી માલમ પડેછે કે આગળથી ચબના કરતાં સરસ કળો બનાવી શકતા હતા. એક ચીનાઇ કામની મોટી બરણી છે જેમાં કહેછે કે આગલ સોનાનો ભુકો હંમેશ ભરી રાખતા હતા. એનો દેખાવ આપણી જુની અનાજ ભરવાની બરણીઓ (કોથાર) ને મળતો આવેછે. નકશીકામ જડવા સારૂં ખીલાઓના મથાળાં જાંણે છત્રી ઊંધાડેલી હોય તેવાં હતાં. એક મોટી કુંડી સારકોફેગસ (Sarcophagus) ને મળતી સંગેમર-

મરની હતી જેની બાજુ ઉપર સીંહના શેકાર કરતાં પુતળાંઓ પાડેલાં છે. એ કુંડી નાહવાના તપ જેટલી મોટી એકજ પથ્થરમાંથી કોતરેલી છે. અહીંયાં ફરડીનાન્ડ તથા ઇસાબેલા જેઓએ મુર લોકો પાસથી સ્પેન પાછું જીતી લીધું હતું તેઓની તથા તેઓનો છોકરો ફીલીપ પેહેલો તથા તેની બાયડીની અસલ ઉસ્તાદને હાથની પાડેલી સબીઓ મુંકેલીછે. એ પછી પાદશાહ રાણીના ઓરડામાં ગયા હતા. એ ઓરડાની ઉપર ચાર બાજુએ ગેલેરી કીધીછે અને તેની વચમાં ખુલ્લા ચોકમાં સંગેમરમરનો ફુંવારો કીધોછે તથા તેની બે બાજુ પર બે નાના ઓરડા રાખેલા છે જેમાં બીછાણા કરી તેઓ સુતાં હતાં. એ ઓરડાનું નકસીકામ, ગીલીટ સઘળું ઘણુંજ સરસ છે. એની જમીનની ફરસબંદી જાણે ગલીચો હોય તેવી સરસ રંગીન પથ્થરની કીધેલી છે. અહીંયાંથી અમો ચાર્લેસ (સ્પેનીશમાં કારલોસ કહેછે) પાંચમાંના જમવાના ઓરડામાં ગયા હતા. એ જગ્યા બીજા ભાગોના જેવી નકસી તથા ગીલીટની પેહેલાં હતી, પણ એ શેહેનશાહે (ચાર્લેસ પાંચમો જરમનીનો શેહેનશાહ તથા સ્પેનનો રાજા હતો) તે સઘળું કાહાડી નાખીને ઓરડાની સીલીંગ લાકડાંની નકશીની તેમાં પોતાના નામો કોતરેલાની ઢાલો પાડેલી હતી. એ ઓરડામાંથી અસલના સઘળાં નકશીકામ કાહાડી નાખવાથી હમણાના લોકો ઘણાજ કચવાય છે કે આવું હલકું કામ અસલી કામ કાહાડીને ખામખા કીધું.

અહીંયાંથી રાણી ઇસાબેલા (ફરડીનાન્ડની બાયડી)ના કપડાં પેહેરવાના ઓરડામાં ગયા જયાં દેવાલ ઉપર પોમપીઆઇના જેવા તથા બારાવો વાહાના હાથના ચીતારો પાડેલા છે. એ જગ્યાની ગેલેરી ઉપરથી ગ્રેનેડા શેહેરનો તથા તેની આસપાસના બાગો તથા ખેતરોનો તથા સર્વેથી દુર આસરે વીસ મૈલ ઉપર સીરા નેવેડાના બરફથી ભરેલા પાંહાડો દીસ્તા હતા જે ઘણા સરસ લાગે છે, અને એ પાહાડો જોકે અંહીથી ૯૦૦૦ ફીટને આસરે ઊંચા હશે તોબી તેની ટોંચ જાણે આપણી બરાબર હોય તેમ દીસ્તી હતી. પાદશાહ

રાણીના ઓરડાની પાછળથી એના હમામખાના છે જ્યાં પથ્થરની સંગેમરમરની ટાંકીઓ એક બાજુપર બાંધેલી છે ને નીચેથી તેના ઓરડામાં બાફ આવવાના તથા બાજુ પરથી ગરમ તથા ઠંડા પાણીના નલો તથાં સુગંધી બાલી તેનો ધુમાડો આવવાના જમીનમાં ગઘરા કીધેલા છે. એ પ્રમાણે બીજા ઓરડાઓમાં સઘળી નકશીઓ, ગીલીટ તથા રંગથી ચીકાર ભરેલી દેવાલ, સીલીંગો, આરકાંઓ, બારીઓ બધી ગમ જગેજગ હતું, અને જ્યારે તે પુર જોરમાં હશે ત્યારે તેનો દેખાવ ખરેખર જોવાલાયક હશે. અહીંયાંથી એક ચોક મુકીને એક મીનારો છે જ્યાં એક ઘંટ ટાંગી મુકેલો છે જે રાતનાં દર પાંચ મીનીટે આખી રાત દરરોજ માણસો રાખેલાં છે તેઓ હજી વગાડયા કરેછે. તેનું કારણ એમ કહેછે કે ખેતીવાડી સારૂ પાણીની કનાલોને ઉઘાડ મુક કરવા સારૂ એ ઘંટ વજાડી તે ઉઘાડનારને સાવચેત રાખે છે. એ મુજબ આખી રાત એ ઘંટ વજાડયાજ કરેછે. ત્યાંથી એ બાગમાંથી પસાર થયા ત્યાં એક નવી જાતનું ઝાડ અમોએ જોયું હતું, જે, મુંબઇમાં દેહેડાંઓમાં સફેદ રંગનાં ચંપાનાં ફુલો એક જાતનાં ચહડાવે છે તેનાં ઝાડને તેની તદન વગર પાદડાંની ડાળીઓથી દેખાવમાં મળતું આવે છે, પણ ચંપાનાં ફુલો જે છુટાં છુટાં ઊગેછે તેને બદલે આએ ઝાડની સલંગ ડાળીઓ એનાં લાલ ઘણાં સરસ ફુલોથી ભરાઇ હતી. એવું ઝાડ અમોએ કેથે દીઠું નથી ને તેનું નામ પણ અમોને કોઇએ કહ્યું હતું નહીં. તે બાગમાંથી દરવાજાપર ગયા જ્યાં એકગમ મથાળે મોટી કુંચી પાડેલી છે અને બીજી બાજુ પર અંદર પેસતાં દરવાજાને મથાળે ખોલ્લા હાથનો પોંહોંચો પાડેલો છે. એ દરવાજાને રસ્તે જયારે ખ્રીસ્તીઓએ એ શેહેર જીત્યું ત્યારે દાખલ થયા હતા અને મુર લોકો (મુસલમાનો) એના બીજે દરવાજેથી એ મેહેલ તથા શેહેર છોડી ગયા હતા જે છેલ્લો દરવાજો અવર ગણીને ચીની લીધેલો છે કે કોઇ એ રસ્તે આવજાવ નહી કરે. એ આલહમબ્રાના મેહેલની જેટલી અમો તારીફ લખીએ તેટલી થોડી છે અને તેની અંદરની નકસીઓ, કોતરકામ, આરકાંઓ, સીલીંગો વગેરેનું

બ્યાન કરવાને અમો તદ્દન અશક્ત છીયે. ખરેખર પરીયાંઓને રેહેવા લાયક એ મેહેલ છે. એને જ્યારે શેહેનશાહ ચાર્લસ પાંચમાંએ જોયો ત્યારે એ બોલ્યો કે, "ખરેખર એ માણસ કમનસીબ હોવો જોઇયે કે જેણે આવો મેહેલ ખોહ્યો." તે ઉપરથી માલમ પડશે કે તે કેવો સરસ હોવો જોઇયે, કારણકે એ ચાર્લસ પાંચમાએ પોતે મોટા મેહેલો તથા દેવળો બાંધેલાં છે તે આખાં સ્પેનમાં વખણાયછે. જ્યારે એ ધણીએ તેની આવી તારીફ કીધી ત્યારે એ અલહામબ્રા કેવો હોવો જોઇયે તેનો વિચાર કરવો. એ શેહેનશાહે પોતાનાં નામને વાસ્તે એ અલહામબ્રાની પડોસમાં છુટો મેહેલ બાંધવાનો શરૂ કીધો હતો, પણ હજી તે અધુરો રહી ગયો છે. અસલના મુસલમાન લોકો હુશીયાર હોવા જોઇયે તે એવા મેહેલ જોવાથી માલમ પડે છે. યુરોપના હમણાના તથા આગળના લોકો તેની જાબજા તારીફ કરે છે. એ મેહેલની દેવાલો તથા આરકાંના નકશાઓમાં જે ખોદાઇ કલામો કોતરેલા છે તેબી ઘણા તારીફલાયક છે. એ કલામોમાં આરબી અક્ષરો ત્રણ રીતના લખેલા છે જે એવી તો રીતે ગોઠવેલા છે કે આસપાસનાં ફુલો તથા બીજી નકશીઓની અંદર મળી તેઓને શોભા આપે છે. એ મેહેલ એક મોટા બાગ અથવા પાર્કની વચમાં આવેલો છે જે પાર્કમાં ઘણાં ઉંચ્ચાં ને સીધાં ઝાડો એટલાંતો ગીચ ઉગેલાં છે કે સુરજનાં કીરણ વટીક હેઠલ પડવા દેતાં નથી. એમાં જગેજગ ફુંવારા તથા રસ્તાઓ તથા બેઠકો ભરપુર છે. એ જોઇને અમો ઇહાંનું વખણાયલું દેવળ જોવા ગયા હતા. એ દેવળ સને ૧૫૨૯માં બાંધ્યું હતુ. પેહેલાં એની પડોસમાં La Capilla Real પાદશાહી દેવળ જોવા ગયાં હતા. એ દેવળની અડોઅડ પણ છુટું બાંધેલું છે. એ દેવળને ઘણું સરસ શણગારેલું છે. એમાં ફરડીનાન્ડ તથા ઇસાબેલા (મુર લોકોને જીતનાર તથા સ્પેનના ત્યાર પછીનાં પેહેલાં રાજા રાણી) ની ઘોરો છે જે એકએકની અડોઅડ જાણે પાસેપાસે સુતેલાં હોય તેમ તેઓનાં આખાં કદનાં સુતેલાં પુતળાંની બનાવેલી છે ને તેનીજ પાસે તેજ ઉંચી જગા ઉપર એઓના છોકરા ફીલીપ પેહેલા

તથા તેની રાણીની એવીજ ઘોરો છે. એ ઘોરોને દેવળથી એક ગંજાવર પડદાથી છુટી પાડી છે. એ પડદો તદન હાથના ટીપેલાં લોખંડનો બનાવેલો છે. તેમાં એ લોકોના પવીત્ર પુરૂષોના ઘણાં પુતળાંઓ બનાવેલાં છે જેને બેઉ ગમથી જોતાં મોહોડાં જાણે સાંમાજ ઉભાં હોય તેમ દીસે છે. એ પડદો ઓછામાં ઓછો ૫૦ ફીટ ઉંચો હશે. પાદશાહ રાણીઓની ઘોર સંગેમરમરના એક મોટા તબક ઉપર મુકેલી છે, જે ઉપર તથા ઘોરો ઉપર ઘણાં પુતળાંઓ અલગ કોતરેલાં છે જે ઘણાંજ સરસ અને જોવાલાયક છે. જાણે છુટાં છુટાં ગોઠવ્યાં હોય તેમ દીસે છે, પણ એકજ પથ્થરમાંથી કોરેલાં છે. એ પુતળાંઓ ઉપરાંત એની ઉપર મુર લોકો સાથની એઓની લડાઇનાં ચીત્રો પણ કોતરેલાં છે. એ તબકની હેઠલ ભોંયરૂં છે ત્યાં ઓરડો કરી ઉપરનાં સારકોફેગસની બરાબર હેઠલ એ રાજા રાણીઓનાં મુડદાંની પેટીઓ જેમ અસલ મુકેલી છે તેમજ હમણાં સુધી રાખેલી આપણને દેખાડે છે. રાજા ફરડીનાન્ડની પેટી ઉપર F અને ઇસાબેલાની પેટી ઉપર Isa કરીને કોતરવા સીવાય બીજી કસી નકશી નથી. એ પેટીઓ બાહારથી લોખંડનાં ચાંપરાંથી બંધ કરી લીધેલી છે. એઓને જોઇને આપણને વિચાર આવે છે કે મુર લોકો સાથે પોતાની જીંદગીનો મોટો ભાગ એ બંન્ને રાજા રાણીએ લડાઇઓ કરી આખું સ્પેન દેશ જીત્યું ને આખર એક નાનાં ઓરડામાં પડેલાં છે. ફરડીનાન્ડ સને ૧૫૧૬ માં અને ઇસાબેલા સને ૧૫૦૪ માં ગુજર્યા હતાં. એઓની પાસે એઓનો છોકરો ફીલીપ પેહેલો તથા તેની રાણીની કફનો છે અને દેવાલમાં અભરાઇ ઉપર તેઓનાં એક છોકરાંનું કફન છે તે સીવાય બીજું કશું નથી. એ ઘોરોની સાંમેનાં "આલટરને" લાકડાંની ઘણી સરસ નકશી તેમાં અલગ પુતળાંઓ સાથની કોતરેલીની છે તેની બેઉ બાજુપર ફરડીનાન્ડ તથા ઇસાબેલાનાં આખાં કદનાં પુતળાંઓ ગુંઠણ મંડીએ પડી રહેલાં પાડેલાં છે જેને વાસ્તે કહે છે કે તેઓ ઘણાંજ આબાદ તેઓને મળતાં બનાવેલાં છે. એ "આલટર" ઉપર મુર લોકોની લડાઇ તેઓ જીત્યા તથા જથ્થાબંધ તેઓને વટલાવી ખ્રીસ્તી કીધા તે કોતરેલાં છે જેમાં

સેંકડો મોહોડાં તથા આકારો દીસે છે. આલહમબ્રા જ્યારે જીત્યો ત્યારે એ લોકો રાણી ઇસાબેલાને ફરડીનાન્ડની તથા કારડીનલ મેનડો-નાની વચમાં ઘોડાપર બેઠેલી (ત્રણે જણાં ઘોડાપર છે) છે. એ પાદરીનુ ચીમળાઇ ગયલું મોહોડું પાદશાહ રાણીનાં ખુબસુરતી ભરેલાં મોહોડાં સાથ મુકાબલો કરતાં સારૂં દેખાય છે. એ પાદશાહ હાથ લાંબો કરીને મુર લોકોનાં કાહાડેલા છેલ્લા પાદશાહ બોઆબદીલ (Boabdill) પાસેથી કાંઇ લેતો પાડેલો છે અને તેની પાછળ બોરતો, પેહેલવાનો (Knights) ઇત્યાદી પાડેલાં છે ને દરવાજામાંથી ખ્રીસ્તી બંધવાઓ બબેની હારમાં નીકળતા દીસે છે જેઓને એ રાજા રાણીએ છોડવ્યાં હતાં. એ સઘળું કોતરકામ ઘણું સરસ છે. સ્પેનમાં એની બરાબરી થોડાં કોતરકામ કરતાં હશે. એમ કહેવાય છે કે એ ચેપલની પાસે એક ઓરડામાં (જેને સેક્રીસ્ટી કરી કહે છે) એ રાજા રાણીના વાવટાઓ તથા રાજાની તલવાર જે લઇને તે ગ્રેનેડામાં દાખલ થયો હતો તે, રૂપાંનાં તાજો તથા રૂપાંનો નાનો "આલટર" જે હમેશાં તેઓ સાથેજ રાખતા હતા તે, તથા રાણીની ભણવાની ચોપડી જે સને ૧૪૯૬માં ફ્રાંસીસ્કો ફ્લોરેસે લખી હતી જેનાં ૬૯૦ પાનાં છે તેમાં પાને ૩૧૩ મે ક્રાઇસ્ટને "ક્રુસી-ફાઇ" કીધો તેનું ચીત્ર પાડેલું દેખાડે છે જે ઘણું તારીફલાયકનું તે વખ્તનું પાડેલું કહેવાય છે.

એ ચેપલની પડોસનાં ઓરડામાં એક ચીત્ર જેમાં આલમેરાયા નામનું ખ્રીસ્તીઓની બંદગીને કોઇ એલ ડી લેહશેનાશ (El de lashazanas) નામનાં પેહેલવાને ગ્રેનેડાની લડાઇના ઘેરાની વખ્તે હીંમતથી ગ્રેનેડામાં જઇ ત્યાંની મસજીદની દેવાલ ઉપર ચોંટાડી તથા તેની આગળ મીનબતી બલતી મુકી આવ્યો હતો તે ચીતારેલું છે. એ પેહે-લવાન ઉપર રાજા એટલો તો એ કામથી ખુશી થયો હતો કે તેને મોટુ માન આપી પોતાને સારૂં તૈયાર કીધેલાં દાટવાનાં દેવળમાં બીજી ગમથી તે મરી ગયો ત્યારે દટાવ્યો હતો. એ ચેપલનાં બીજાં સઘળાં ચીત્રો ઘણાં જોવાલાયક છે તે જોઇને દેવળમાં ગયા હતા. એ દેવળ ગંજા-વર બાંધેલું છે. તેનાં આરકાંઓ ૭૯૦ ફીટ ઉંચાં છે તે ગુંબજની

અંદરથી ઉંચાઇ આપણે જોઇ શકીયે ત્યાં સુધીની ૨૨૦ ફીટની છે. એની અંદરનાં થાંભલાઓ ચાર ચારના એક એકને અડાડવી એક બનાવેલા છે. એનાં ઉંચાં આલટર આગળ બન્ને બાજુએ ફ્રરડીનાન્ડ તથા ઇસાબેલાનાં ગુંઠણ મંડીએ પાડેલાં પુતળાંઓ મુકેલાં છે અને એડમ તથા ઇવનાં ઘણાં ગંજાવર ડોકાંઓ Alonso Cano નામનાં ઉસ્તાદના હાથનાં તેની હેઠલ ચીતારેલાં છે. આ ચીતારાને હાથના બીજાં ચીત્રો જે આ દેવળમાં છે તેમાંનાં સર્વેથી સરસ ૭ મોટાં ચીત્રો ક્રાઇસ્ટની મા, વરજીન મેરીને લગતાં એણે પાડેલાં છે. તેમાં Anunciation, Conception, Natuity, Presentation, Visitation, Purification, and Ascension નાં છે. એ પાડનાર ઇંહાંનો પાદરી હતો ને તેને અત્રેજ દાટેલો છે. એનાં બીજાં ઘણાં પુતળાંઓ તથા ચીત્રો એ દેવળમાં પાડેલાં છે તે જોવાલાયક છે ને એજ ધણીએ એ રાજા રાણીની ઘોરનું નકશીકામ સઘળું કીધું હતું. બધા થાંભલાની અંદર ત્રણ ઘરનાં ગોખલાઓ કીધેલા છે ને તેમાં પવીત્ર પુરૂષોનાં પુતળાંઓ આખાં કદનાં ગોઠવેલાં છે. તેથી જાણે થાંભલાઓ પુતળાંઓનાં બનાવેલાં હોય તેવાં લાગે છે અને "હાઇ આલટર" ઉપર બે ગયાલરી જેવા થાંભલાંઓપર થર કરી તેમાં ગંજાવર સબીઓ મુકેલી છે. ઇંહાંનાં દરવાજાની અંદર દાખલ થતાં જમણાં હાથ ઉપર એક સંગેમરમરનાં પુતળાંનું આલટર સામી બાજુની દેવાલ ઊપર કોતરેલું છે તેમાં કોઇ સેંટ ૧૨ ફીટ ઉંચો પાડી તેની આસપાસ ફ્રરેસ્તાઇ છોકરાઓ પાડેલા છે અને તેની હેઠલ તે દેવોને જાણે આ દુનીયાંમાંથી દોજખમાં હાંકી કાહાડતો હોય તેમ પાડેલાં છે અને તે દેવો તેના પગની હેઠલ દોજખમાં પડેલા છે તેઓને જાનવરો, સાંપો કરડે છે જેનાં દુઃખથી તેઓનાં મોહોડાં ઘણાં બીહામણાં થયલાં પાડેલાં છે, તે ઘણુંજ જોવાલાયક છે. ઊપરનાં ફ્રરેસ્તાઇ પુતળાંનાં મોહોડાં હસતાં અને સુખી હોય તેવાં પાડેલાં છે. વળી પીરૂ દેશથી બે કોરીની મોટી બરણીઓ સોનું ભરીને એ દેવળ બાંધવા સારૂં આવી હતી, તે પણ મુકેલી છે જેમાં ઘણી મોટી કીમતનું સોનુ હોવું જોઇયે. એ પછી એની સાંમેજ

સેંટ ઓગસ્ટીનનું ચેપલ જોયું, જ્યાં સંગેમરમરનું પુતળું ક્રાઇસ્ટને મુવેલો પાડેલું છે તે પણ ઘણું જોવાલાયક છે. આલટર તદન રંગીન સંગેમરમરનાં તથા બીજા પથ્થરોનું બનાવેલું છે જે સીરાનીવેડાનાં પાહાડપરથી મળે છે. એ આલટરની ઉપર અહીંયાંની ઓરતોએ માનતા કરીને પોતાનાં બાલના ચોટલાઓ ગુંઠેલા કાપીને ચહડાવેલા દીસે છે. બીજું ચેપલ સેંટ જીરોમનું છે જેની છબી પથ્થરના મોઝેક વર્કની પાડેલી અમોએ સ્પેનમાં પેહેલ વેહેલી જોઇ જે નરી જાણે ઓઇલ પેનટીંગ હોય તેવી દીસતી હતી. એ દેવળની આરગીનો બે ઘણી મોટી ને સરસ છે જે ઉપર મ્યુઝીક માસ્ટરોનાં પુતળાંઓ તથા બીજા આકારો એનેજ લગતા પાડેલા છે જે સઘળાને ગીલીટ ચહડાવેલી છે, ને તેમાનાં એક પુતળાનાં મોહોડામાં એક રણશીંગડું આપી તેના ખભા ઉપર એક ઘણું મોટું ગીલીટનું કુવીલ પીછ સાથનું મુકેલું છે તે ઘણું શોભે છે. એ દેવળ બધી રીતે જોવા લાયક છે. ત્યાંથી અમો નીકળેલા કોર્ટ હાઉસ જોવા ગયા હતા. તે ઇમારત રોણકદાર બાંધેલી છે ને તેમાં એક મોટો ચોક (જેમ ઇહાંના ઘણા ખરાં ઘરોમાં છે) રાખી ફરતી ઇમારત આવેલી છે. અમો ગયા ત્યારે કોર્ટ બપોરનું ટીફીન લેવા બંધ હતી. અમો બારીસ્ટરોના ઓરડામાં પેહેલાં ગયા જે લોકોનું કેતાબખાનું ઘણું સારૂં છે. તેઓ આપણા બેરીસ્ટરો માફક ઝભા પેહેરે છે પણ તોપી ચાર ખુણા રોકી ઉભી (મુંબાઇના ફરંગી પાદરીઓ પેહેરે છે તેને મળતી) પેહેરે છે. તેને માથે એક ફુમતું રાખે છે. અમોને કોર્ટ ભરવાના ઓરડામાં જતાં ત્યાંના બડેખાં સીપાઇ (અહીંયાના ઘણાખરા હલકા ઓધાવાળાઓ ઘણા મગરૂર રહે છે અને જાણે તેઓજ ગવરનર હોય તેવું ડોળ ઘાલે છે પણ સારાં માણસો ઘણા સાદા અને નરમાશવાળા ખરા ગ્રહસ્થો છે) એ અટકાવ્યા અને ઘણું અને ઘણુંબી સમજાવ્યું તોપણ ના પાડી. પણ તેટલામાં એક બારીસ્ટરે તે જોઇ પોતે આવી અમોને કોર્ટના સેશનસ રૂમમાં લઇ ગયો હતો. અહીંયાં ત્રણ જડજો સાથે બેસી ઇનસાફ કરે છે. તેઓની ત્રણ સરખી ખુરસી ઊંચાણમાં, મુકેલી છે. એ જગા પર

લખવાનો ખડીયો તથા રેજડાની (મુંબાઇમાં મેહેતાઓ પીતળના વાપરે છે તેવા) અમોને તે બારીસ્ટરે દેખડાવી કે અસલ તે ફીલીપ બીજાની હતી તે અમો હાથમાં લઈને જોતા હતા તેટલાં જડ્જ સાહેબ પોતાના ઓરડામાંથી આવી લાગ્યા જેઓ અમોને પોતાનો ખડીયો તપાસતાં જોઇ અજબ થઇને ગુસ્સો કરતા હોય તેમ ઉભા રહી ગયા, પણ અમારી સાથવાળા બારીસ્ટરે તેઓને કહ્યું કે અમો હીંદુસ્તાનથી આવ્યા છીએ તેથી તરત નરમ પડી જઇ અમારી સાથે વાત કરવા પડી ગયા, અને અમો કલકત્તેથી આવ્યા છીયે કે કરી પુછ્યું. અમોએ મુંબાઇનું નામ દીધું. પછી થોડીએક વાત અમારી સાથે (અમારો રાખેલો કુક કંપનીનો ભોમીયો સઘળું તરજુમો કરી અમો બન્નેને સમજાવતો હતો. એ ભોમીયો ઘણો હુશીયાર છે અને યુરોપની ઘણીખરી બોલીઓ જાણે છે તેથી અમોને બધી ગમ ઘણો કામ લાગતો હતો, એનું નામ મી૦ વાલનસ્તીન કરીને છે) કરીને તેઓ બેઠા હતા. એ કોર્ટ હાઉસ અત્રેના સૌથી મોટા મોહોલા Isabella Cathelic Street માં આવેલું છે અને તે મોહોલાનાં ઘણાખરાં ઘેરો મજાના છે તથા રસ્તા પણ પોહોળા છે અને વચમાં ફરવાનો બાગ બીજાં સ્પેનીશ શેહેરોની માફક રાખેલો છે. એવા બાગોને "આલમીડા" કરી કહે છે. અહીંથી અમો કારહુશીઅન પંઠના મંકસોનું દેવળ જોવા ગયા હતા, એને (Cartuja Convent) કારતુજા કોનવેન્ટને નામે ઓળખે છે. એનો બાહારનો દેખાવ ઘણો સાદો છે, પણ અંદરથી ઘણું જોવા લાયક છે. તેના વચલા ચોકની આસપાસ ફરતી ઘણી મોટી ગેલેરી છે જેપર એઓના Martyrs (એટલે ધર્મને માટે જીવ આપનાર પુરૂષો) ને લગતી વીગતો, તેઓને શી રીતે રીબાવીને દુશમનોએ મારેલા તે ચીતારેલા છે. એવાં નહીં હશે તોબી પચાસ ઉપર મોટા ચીત્રો આખી દેવાળની ઉંચાઇમાં પાડેલાં છે. એના આલટરની જગ્યાનાં બારણા તથા સેક્રીસ્ત્રીની અંદરનાં બારણાંઓ, કબટો, ખાનાંઓ સઘળાં અબનુસ, હાથી-દાંત, સીપ, કાચબાની પીઠનાં હાડકાં અને એવા બીજા ઉંચા પદાર્થોની

'ઇનલેડ' કરીને બનાવેલા છે. જેમ સુરતથી હાથીદાંત અને અબનુસ કામ આવે છે તેવાં એ સઘળાં એક મઠવાસી હતો તેણે પાંત્રીસ વર્ષ મેહેનત કરીને બનાવેલાં છે તે ઘણાં જોવા લાયક છે. એનાં મોટાં આલટરની જગ્યા એક ગોળ ઓરડામાં છે જેની અંદર ચાર ખુણે મોટાં પુતળાંઓ મુકેલાં છે ને વચમાં Sacrement સારૂં ગુંબજ છુંટો જાણે થાંભલા ઉપર એક ઉભો કરીને તેની વચમાંથી સીલીંગમાં સાંકળે બીજી ગુંબજ રેફી પેટી ટાંગેલી હોય તેમ સઘળું રંગીન પથ્થરોનું બનાવી મુકેલું છે. મોટા ગુંબજના થાંભલાઓ વળ દીધેલા દોરડાનાં જેવા કોતરેલા છે. એની સીલીંગનાં ઘુમટ ઉપર ચીતાર પણ ઘણો સરસ પાડેલો છે, એ સેક્રેમેન્ટ રાખવાના ગુંબજોનો આકાર ઇંહાંનાં ઘણા ખરાં દેવળોમાં જેરૂસલમના સોલોમનનાં દેવળનાં આકારનાં બનાવેલાં છે, એ દેવળની સેક્રીસ્ટી (પાદરીઓનાં ભણતી વખ્તનાં પેહેરવાનાં કપડાં રાખવાની જગ્યાને sacristy કહેછે) ઘણી જોવાલાયક છે. તેનાં બારણાં તથા કપડાં રાખવાની કબટો સઘળું આગળ જણાવ્યું છે તેમ ઇનલેડ વર્કનું આખી બે બાજુઓ ભરીને છે. ઇહાંના આલટર ઉપર બે મોટા એગેટ જાતના ઊંચા પથ્થરો છે જેવા મોટા આજસુધી સ્પેનમાં મળ્યા નથી. એ દેવળ સઘળી રીતે જોવાલાયક છે ને આગળ એમાં ઝવેરાત ઘણું હતું, પણ તેને સીબાસતીઆનીએ લુટયું હતું ને એમાંનાં ઘણાં સરસ ચીત્રો તે ઉઠાવી લઇ ગયો હતો. એ મઠ તથા આશ્રમ ગ્રાંડ કેપટન ગોનઝાલો ડી કોરડોબાએ કારથીઉસીયન પંથના મઠવાસીઓને મોટી જગ્યાઓ ભેટ આપીને આરંભ્યું હતું.

ઇંહાંથી અત્રેના શેહેરની બહાર જીપસી લોકો રહે છે, તે થાણું જોવા ગયા હતા. તેઓ ડુંગરની જગ્યામાં જાંણે જાનવરો ખોહોમાં રેહેતાં હોય તેમ ડુંગરની બાજુઓ કોતરી નાના ઓરડા કરીને રહે છે. કોઇ કોઇ સુધરેલાં લોકોએ બારણાંઓ કીધેલાં છે પણ કોઇ તો બારણાં પણ રાખતા નથી, ને જાંણે ખોહોમાં રહેતા હોય તેમ ખાંચાઓ પાડી અંદરનો ભાગ કોતરીને રહે છે. એમાંના આસરે ૫૦૦૦ માણસો

અત્રે રહે છે; એ લોકો ભટકતી જાતનાં છે ને કશો ધર્મ પાળતાં નથી પણ બને છે ત્યાંસુધી ભીખ માંગીને ચોરીચપાટી કરીને રહે છે, ને કોઇ કોઇ પતરાંનાં વાસણો બનાવી દેશેદેશ જઇને વેચીને પાછા ઇહાં પોતાનાં વતનમાં આવે છે. તેઓનો પોશાક ઘણી જાતના રંગનાં કપડાંનો જાતજાતની રીતે પેહેરે છે. દેખાવે કોઇતો આપણા હીંદુસ્તાનના દેશીઓ જેવા સામળા ઘટમમાં મળતા આવે છે. એ લોકોનો વડો જેને જીપસીનો રાજા કરી લોકો ઓળખે છે તેને અમે જોયો હતો, જે આબાદ ગોવાના ફરંગી થેબીયાવાળા પણ વગર મુછના આવે છે તેને મળતો હતો. એ લોકો ગીતાર વજાડવામાં ઘણા હુશીયાર ગણાય છે ને નાચ પણ હીંદુસ્તાનની નાચની માફક હાથપગના ચેનચાળા કરીને કરેછે. તેઓ હાથ જોઇને આપણાં નસીબ પણ કેહેવાનો ઢોંગ કરે ને તે ઉપર વેહેમી ખ્રીસ્તીઓ ઘણો વિશ્વાસ રાખે છે. એ ઉપલી જગ્યા સીવાય ગ્રેનેડામાં બીજું કશું જોવાલાયક નથી. ઇહાંના મોહોલાઓ અમોએ આગળ લખ્યા છે તે સીવાય સઘળા સાંકડા છે, ઘેરો માફકસરનાં બાંધેલાં છે ને ઢળાવોપર મોહોલાઓ હોવાથી કોઇપરજ ગાડી ઘોડા જઇ શકે છે ને જેઓ પૈસાવાળા હોય છે તેઓજ પોતાની ગાડીઓ રાખે છે ને ગરીબોને તો કંટાલો હોવાથી વાપરી શકતા નથી તેથી ભાડુતી ગાડીઓ જવલ્લેજ મળે છે. અમો બધે ઘણાખરા ચાલતાજ ફર્યા હતા ને ગાડી જયારે શોધીયે ત્યારે મળતી ન હતી. ફકત હોટલવાળાઓજ ભાડેની ગાડીઓ રાખે છે. ગ્રેનાડા શેહેર અસલ મુર લોકોના વખતમાં ઘણું વખણાયલુ હતું ને તે વખતે એની વસ્તી પાંચ લાખ ઉપરની હતી. હમણાં તે સઘળી ધામધુમ પડી ભાગી છે ને આસરે પોણા લાખની વસ્તી તે પણ આલહમબ્રા લોકો જોવા આવેછે તેને લીધે તકેલી છે. એના મથાળાપર મોટા પાહાડો આવેલા હોવાથી ઇહાં પાણીના ઝરાઓ જગેજગ ચાલતા દીસે છે. પાણી સારૂં કહેવાયછે પણ બરફથી તે પીગળેલું હોવાથી એમાં જોલાબ લાવવાની અસર કહે છે. એ પાણી લઇ આવવાના નલો ગટરોની ઉપર હોવાથી કોઇ વખતે પાણી ખરાબ થાય

છે જેથી ગામમાં મરકી વારાફરતી ફેલાય છે. તેને હમણા સુધારવા સારૂં પાણીના નલો ખસેડવા માંડયા છે. એની બાજુપર એક નદી બે પાહાડોની વચમાં Darro દારો નામની આવેલી છે જેમાંથી સોનાની રેતી કોઇ વખ્તે મળે છે જે ઉપર ઘણાં માણસો પોતાનું ભાગું તુટુ ગુજરાણ ચલાવે છે. ઇંહાંની હવા ઘણી સારી ગણાય છે ને લોકો તંદરોસ્તી સારૂં તથા તેમાં ખસુસ કરીને આલહમબ્રા જોવા દર સાલ આવે છે જેમાં સ્પેનની બહારના ૪૦૦૦ જણા આલહમબ્રા જોવા આવે છે.

તા૦ ૮મી મે ૧૮૮૭ ને વાર રવી—આજે સવારના કલાક ૫ા વાગે આગ ગાડીમાં બેસીને ગ્રેનેડા છોડયું હતું તે કારડોવા (Cordova) બપોરના બે વાગે પુગ્યા હતા જયાં હોટલ ડી સુઇસમાં ઉતારો લીધો હતો. અમો ઇંહાંનાં સ્ટેશન ઉપર ઉતર્યા અને સામાન બ્રેકમાંથી લીધો કે અમારી સાથવાળા ભોમીયા મી૦ વુલનસ્ટીનનો કોથળો તે ધણીએ જોતાં ઉઘાડેલો માલમ પડયો. તેની એક બાજુથી જોર કરી (નાંધલો ગ્લેડસ્ટન બેગ હતો તેથી તેની બે ગમ ચાંપ આવી છે તે ખસાડી અરધો ઉઘાડી શકાય છે) તેને જરા ખોલી તેમાંથી તેના રેસમી રોમાલો ઇશકર ચરફો, ગરમ શર્ટસો, ઇત્યાદી કહાડી લીધેલું માલમ પડયું. તે બાબે સ્ટેશન માસ્ટરને જણાવ્યું પણ તે કહેવા લાગ્યો કે કોણ જાણે ગાડીના ગાર્ડો વારાફરતી બદલાય છે તે કયા ગાર્ડે કાહાડી લીધું તે માલમ પડતું નથી. કોથળો તોલી જોતાં ગ્રેનેડામાં તોલી બ્રેકમાં મુકેલો તે કરતાં ત્રણ રતલ વજનમાં ઓછો નીકળ્યો એટલાં કપડાં ચોરાયલાં હતાં. એ બાબે તકરાર કીધા પછી વીગત નોંધાવી હોટલમાં ગયા હતા. અમારા પોતાના ગ્લેડસ્ટન બેગને પણ વલો કરી અંદરથી કપડાં ખોલી નાંખેલાં અમોને પાછળથી માલમ પડયાં હતાં. પણ કાંઇ લીધેલું તેમાંથી દીસ્યું નહીં ને અમો ક્યાં રહી એ બાબે પોલીસમાં ઢકેલા ખાઇયે, તેથી સઘળી વાત પડતી નાંખવી પડી હતી. અમોએ ગાઇડ બુક (Murray's and Bradshaw's) મા

વાંચ્યું હતું કે એ પ્રમાણે લગેજમાંથી સામન ઠંડે પેટે કાહાડી લીયે છે, પણ અમોએ તેપર કશો વિચાર કીધો નહી હતો અને આખરે તે વાત ખરી પડી હતી. અમોએ આજથી એક મોટા મજબુત પેતારામાં બધા કોઠળાઓ મુકીને તાળાં મારી દોરડાંએ મજબુત વીટાલી હવેથી બ્રેકમાં આપવાનો ઠેરાવ કીધો છે કે તેમાંથી કોઇ કાંઇ કાહાડી શકે નહીં. અમોને હાથમાં વખ્ત હોવાથી અમો ત્રણ વાગે ઇહાંનું દેવળ (જે અસલ મસજીદ હતી તે) જોવા ગયા હતા. રસ્તાઓ અમો ગયા તે ઘણા સાંકડા તથા વાંકાતીકા પથરો બાહાર નીકળી આવેલા હતા. અમો અજબ થઇયે છીયે કે એવા રસ્તાઓ ઉપર ગાડી ઘોડા તથા માણુસો કેમ આવજાવ કરી શકે છે? વચમે ગાડી એકજ જાય તેવો બાહાર નીકળી આવેલા પથ્થરના ગોતાવેનો છે જે ઉપર જો આપણે ચાલીયે તોપણ ખાંચાખુચાને લીધે પગ અકરસી આવેછે તે બેઉ બાજુપર સાફ લાદી બે ફીટ પોહોળી ઉભીને ઉભી જડેલી છે તેપર માણુસો પગે જાય છે, તે ઉપર જો જરા ઝડપથી ચાલીયે છીયે તો ઢળાવ તથા ઘસાઇ ગયલી લાદીને લીધે પગ સરી જાય છે ને એક વખ્ત પગ સર્યો કે આપણે તે પાછો ઊંચકી શકતા નથી, પણ બીજોબી પગ સરીને આપણે ભોંયપર બેસી જઇયે છીયે. એ મુજબ અમોને પોતાને પણ ખમવું પડયું હતું. ઘરો દેખાવે સારાં છે ને સૌથી સરસ તો એ છે કે નજદીક દરેક ઘેરના દરવાજામાં પેઠા કે સાંમા ખોલ્લા ચોકમાં નાનો બાગ આવે છે જેમાં આ વખ્તે ફુલોની રૂતુ હોવાથી કોઇ કોઇ તો આખા બાગો રંગીન ફુલોથી ભરી નાખ્યા હતા તેમાં ગોલાબનાં ફુલો ઘણાં મોટાં નાની રકાબી જેટલાં હતાં તથા નારંગીઓના ઝાડોપર બહાર હોવાથી તેમાંથી ઘણો સરસ સુગંધ પણ આવતો હતો. અમો પેહેલાં દેવળ જોવા ગયા હતા. એ દેવળની બાહારની દેવાલ જાણે કીલ્લો હોય તેવી મજબુત છે તથા દેખાવે પણ તેવીજ લાગે છે ને તેની બાંધણી મસજીદ તથા દેવળ ભેળસેળ હોય તેવી દીસે છે. એનો પેહેલો એક

મોટો ચોક આવે છે તેને કોર્ટ ઓવ ઓરેનજીસ (આરેનજનાં ઝાડો છે તેથી) ને નામે ઓળખે છે. ઈહાં જેમ અમદાવાદમાં મસજીદોની આસપાસ દેવાલમાં ફરતો ઓટલો રાખી વચમાં ચોક રાખે છે તેવું દીસતું હતું. એ ચોકમાં એક ફુંવારો અસલ મુર લોકોને ભણવા જવાની આગમચ પગ ધોવા સારૂં રાખેલો છે જયાં પાણી નલોથી શીરા મેરીનાનાં પાહાડ ઉપરથી લાવેલું છે. એ કોર્ટયાર્ડ સને ૯૩૭માં સઈયેદ બીન ઈયાઊલ નામના અત્રેનાં તે વખ્તના પાદશાહે બાંધ્યો હતો. તેમાંથી એ મસજીદરોકાં દેવળમાં જવાય છે. અંદરનો દેખાવ જાણે એક મોટા થાંભલાઓનાં જંગલમાં હોઈયે તે પ્રમાણે હારબંધ જાતજાતનાં રંગીન તથા ઉંચા પથ્થરોના થાંભલાઓપર એકની ઉપર એક એમ એવડાં આરકાંઓ કીધેલાં દીસે છે. એ બધાં મળીને થાંભલાઓ અસલ ૧૨૦૦ હતા ને તેનું એકજ દીવાનખાનું બનેલું હતું. પણ પાછળથી જયારે ખ્રીસ્તીઓએ કોરડોવા સેંટ ફરડીનાન્ડ હસ્તક જીત્યું ત્યારે એ મસજીદને દેવળ બનાવી દીધું. તેની વચમાં એક મોટું ચેપલ તથા હાઈ આલટર બાંધી તે થાંભલાઓનો દેખાવ બગાડી નાંખ્યો હતો ને તેથી વચલા થાંભલાઓ ઓછા થઈ હમણાં ૧૦૯૬ બાકી રહ્યા છે. એ થાંભલાઓનો મોટો ભાગ અસલના વખણાયલા જેનસ (Janus) નાં દેહેડાંમાંથી લાવેલા છે. ૧૧૫ થાંભલા ફ્રાંન્સનાં નાઈમસ તથા નારબોનથી, ૬૦ સ્પેનનાં સેવીલ, તથા તારાગોનાં શેહેરોમાંથી, ૧૪૦ કોનસ્ટેનટીનોપલનાં શેહેનશાહ લીઓએ મોકલ્યા હતા ને બાકીના આફ્રીકા ખંડમાં કારટેજીના અને બીજા શેહેરોનાં દેહેડાંમાંથી લાવ્યા હતા. એથી કરીને થાંભલાઓ એક તરેહનાં દીસ્તા નથી તથા કદમાં પણ ઘણો ફેરફાર છે. કોઈ ઘણાં ઉંચાં હોવાથી તેનો મોટો ભાગ જમીનની અંદર ગારેલો છે ને કોઈ ઘણાં ટુંકા હોવાથી તેનાં મથાળાંઓ (Corinthian Capitals) બેડોલ રીતે મોટાં કરી સરખાં કીધાં છે. એ દેવળ અસલ ૭૧૧નાં સાલમાં ખ્રીસ્તીઓનું-બેસીલીકા (Basilica) યાને દેવળ હતું. તે જયારે આરબોએ કોરં

ડોવા જીત્યું ત્યારે એ વર્ષમાં તે તોડી પાડી ત્યાં અબદુલ રેહેમાન સુલતાને પેહેલી મસજીદ બાંધવાની શરૂ કીધી હતી. તે તેનાં છોકરા હકીમ પેહેલાએ સને ૭૯૬માં પુરી કીધી હતી ને તેનાં થાંભલાઓ એકઠા કરવા તથા બાંધવા ઉપર ત્રણ લાખ સોનાંનાં ડોબલાસ (doblas) ખરચ્યા હતા. એનું નામ (Zeca) ઝીકા કરી રાખ્યું હતું તે એટલી તો પવીત્ર ગણાતી હતી કે દુન્યાંમાં ત્રણજ મસજીદો એની બરોબરી એ બાબે કરતી હતી અને તેમાં જેરૂસલમની મસજીદ અલ અકશાની બરોબરી અને મકાની કાઆબાથીજ ઉતરતી પદવી એને કાલીફોએ (જેઓને વાસ્તે એ કોરડોવા, સેવીલ તથા બીજાં સ્પેનનાં ગામો જીત્યાં હતાં) આપી હતી. તેનું કારણ એ કે ઇહાંનાં મુસલમાનોને મક્કે હજ કરવા જવા બનતું ન હોવાથી તેને બદલે આ તરફનાં મુસલમાનોને એ મસજીદમાં હજ કરવાનું ફરમાન આપ્યું કે તેથી મક્કે ગયા બરાબરનુંજ સવાબ હાંસલ થશે અને તેનું નામ મક્કાને બદલે ઝીકા કરી આપ્યું હતું. એ મસજીદ પેહેલાં થોડા નેવ (Naves) ની બાંધી હતી, પણ પાછળથી બીજા સુલતાનો નેવ ઉમેરતા ગયા હતા જે જુદા જુદા ભાગો તેઓનાં તરેહ તરેહનાં થાંભલાઓથી હજી પીછાંણે છે. એ મસજીદ ૩૯૪ ફીટ લાંબી અને ૩૬૦ ફીટ પોહોળી છે. એમાં ૧૯ aisles (થાંભલાઓની વચમેની જગ્યા લાંબી અને લાંબી હોય છે તેને aisles કહે છે) મસજીદની લંબાઈએ અને ૩૩ એલસ તેને આડકતરી રીતે પોહોળાઈએ બાંધેલી છે તેથી તેનાં થાંભલાઓ સીધા તથા આડકતરા ઉભા રહી જોઈયે છીયે તો બધી ગમથી સરખી હારને હાર લાગે છે અને તેઓ ઉપર એક આરકું (દર બે થાંભલાઓનાં મથાળે) મારી તેની ઉપર બીજું આરકું મારેલું છે જેનો દેખાવ દુરથી જાણે પરસ્પેક્ટીવ (perspective) માં જોઈયે છીયે તેવો મથાળેથી એકની અંદર એક મુકેલો હોય તેમ એક નાંકેથી દીસે છે. એ મસજીદને અસલ લાકડાંની સીલીંગ હતી તે પાછળથી પડી ગયાથી ખ્રીસ્તી પાહાદશાહોએ તેને બદલે ચુનાની બાંધી. એ મસજીદ બધી મળીને ચાર એકર જમીન રોકે છે. એને મુર પાસેથી જીત્યા પછી પાછું દેવળ બનાવ્યું છે તે સારૂં

વચમાંનો મોટો ભાગ હાઈ આલટરથી તથા કોયરથી રોકેલો છે અને હોલને ફરતાં સઘળે ચેપલો મોટા મોટા ઉમરાવોનાં ખાનદાનને દાટવાની જગ્યા દાખલ બાંધેલાં છે જે ૫૫) ને આસરે છે. એ ચેપલોમાં કોઈ કોઇ ઘણાંજ સરસ સંગેમરમરનાં રંગીન પથ્થરોનાં બાંધેલાં છે અને તેમાં મરનારાં લોકોની ઘોર જેવું કરી તે ઉપર આખાં કદનાં સંગેમ-રમરના બે બાજુએથી પુતળાંઓ મુકેલાં છે તથા આલટરની જગ્યાઓ પર જાતજાતનાં એઓનાં (ખ્રીસ્તી) ધર્મને લગતાં કોતરકામ કીધેલાં છે. એ કોતરકામો કાંઇ જેવાં તેવાં અમથી સાદી નકશીના યા ફુલોના નહીં પણ તેમાં બાઈબલને લગતી વીગતો દેખાડેલી છે તેથી નાના નાના આખાં પુતળાંઓ એક પથ્થરમાંથી બેથી પચીસ સુધીનાં અલંગ ઉભાં રહેલાં યા બેઠેલાં, સુતેલાં ઇત્યાદી ઢપના કોતરેલાં છે જે આપણે જોઈયે ત્યારેજ આપણાં ધ્યાનમાં આવે છે કે એક એવા આલટરનાં કોતરકામ ઉપર શું મેહેનત પડતી હશે અને કેટલો ખરચ થતો હશે. એ ચેપ-લના મોટા ભાગની દેવાલ ચુનાના ફ્રેસ્કો કામથી ભરી નાંખી આલહમબ્રાની નકશીઓની જાણે ઇહાં નકલ કીધેલી છે. તેની સીલીંગોપર લાકડાંના ખાંચાંઓની જાતજાતની કોતરનીની તરેહાંઓ પાડેલી છે. એ ચેપલમાં સ્પેનનાં મોટાં મોટાં લોકો મોટી રકમો આપી જગ્યા લઈને ઘણાં મોટા ખરચે પોતાનાં ખાનદાનની દાટવાની કબરો બાંધેલી છે. જયારે મુસલમાનો હારીને એ શેહેર છોડી ગયા ત્યારે પોતે બધી ગમ કીધેલી દેવાલની તથા સીલીંગોની નકશીઓમાં ચુનો પુરી તે ઉપર પ્લાસ્ટરનાં પડ કરી સાદી દેવાલ હોય તેમ કરી ગયા હતા કે ખ્રીસ્તીઓ તે જોય તો આવુ સરસ કામ હોવાથી વખ્તે મસજીદને દેવળ બનાવી દીયે, પણ હમણાં હમણાં વર્ષ પચીસેક થયાં દેવાલનો એક ગમનો ભાગ કાંઇ કારણસર ભાંજવા જતાં તેમાંથી ઉપલી લખેલી નકશીઓ તથા ગીલીટોના ઘુમટો નીકળી આવ્યા હતા ને હમણાં સુધી તેનો મોટો ભાગ પ્લાસ્ટર પાછું ભાંજી કાહાડી ખોલ્લો કીધો છે ને હજી પણ તે કામ ચાલુ છે. એમાંનું સરસ કામ અસલ જયાં પુલપીટ (કાલીફને ભણવાની જગ્યા) છે ત્યાં દીસે છે. તેની દેવાલો

ઉપર કાચનું રંગીન મોઝાક વર્ક છે (જેમાંનું અમોએ કોનસ્ટેનટીનોપલ ની St. Sophia ની મસજીદમાં જોયું હતું તેવું સરસ છે) એ મોઝાક-વર્ક સારૂ ઝીણા ચોરસ કાચના બે કકડાની વચમાં જે રંગ જોઇયે તે તથા સોનેરી વરખ મુકી તેને એવી રીતે એક કરી નાખે છે કે તે રંગના તથા ગીલીટના કાચ હોય તેવો દીસે છે ને તેવા કાચોને પછી દેવાલો તથા સીલીંગ ઉપર ચોંટાડે છે તે એવી સરસ રીતે કે જાણે ચીત્રામન રંગના પાડેલા હોય તેવા પથ્થરના મોઝાકવર્કની માફક દીસે છે. આ પુલપીટની જગ્યામાં અસલ કોરાન રાખતા હતા ને તેની આસપાસ દરેક ભણવા આવનાર મુસલમાન સાત ફેરા ખાતો હતો જે મુજબ લખો યા કરોડો જણા ૮૦૦ વર્ષ સુધીમાં ચાલી ગયા હશે તેથી સંગેમરમરની ફરસબંધી દેવાલની બાજુએથી ઘસાઇને વાંકી વળી ગઇ છે. એ કોરાનને વાસ્તે કહે છે કે તે એટલી તો મોટી હતી કે બે માણસો સીવાય ઊંચકી શકાતી હતી નહીં. એની પુલપીટ અસલ સીદર અને અબનુસ લાકડાંની અંદર સીપ તથા હાથીદાંત ભેળીને બનાવેલી હતી તેની ઉપર ૩૭૫૦૦ સોનાના દીનાર ખરચ બેઠો હતો. હમણાં તે દીસ્તી નથી તેથી ખ્રીસ્તીઓએ તે ભાંગી નાખી હશે. એ ઓરડાનાં મથાળાંની સીલીંગ જાણે એક ગંજાવર કોરો (જેવા આપણા બાગોમાં સોભાવા ગોઠવ્યે છીયે તેવા આકારના છે) મુકયો હોય તેવી દીસે છે. એ જોકે અમોને ત્યાંના રખેવાલે એકજ સંગેમરમરના પથ્થરનો બનાવેલો કહ્યો હતો, પણ ધારવા મેલે ચુનાનો સરસ પાલીસ કરીને બનાવેલો છે. તેનો પોકળ ભાગ અંદરથી રાખી જાણે ગુંબજ હોય તેવો દેખાડયો છે. જે કોરાન એની હેઠલ રાખતા હતા તે કાલીફ ઓથમાનના હાથની લખેલી હતી જે ખ્રીસ્તીઓએ કોરડોવા લીધું ત્યારે ફાડી તોડી નાંખી હતી. (સને ૧૧૪૬માં ડોનઓલ-ફોનસો જે સેંટ ફરડીનાન્ડનો છોકરો થાય તેણે એ કોરડોવા તાબે કીધું હતું.) હમણાં એ ઘણી પાક જગામાં (Constable Conde de Oropesa) કોનસ્ટેબલ કોનડી ડી ઓરોપીસા જેણે સને ૧૬૩૮

માં કોરડોવાને ડોન પેડ્રો તથા મુર લોકોના હુમલાથી બચાવ્યું હતું તેની ઘોર છે. એવી સરસ એ મસજીદ તે વખ્તે હતી કે તેની બરાબરી બીજી કોઇ મસજીદે હજીસુધી કીધી નથી એમ કેહવાય છે. કોરડોવાને ડોન ઓલફોનસોએ લીધા પછી સને ૧૨૩૮માં એ મસજીદ પાદરીઓને હસ્તક દેવળ બનાવી આપી હતી. અને તેમાં ચેપલો તથા આલટર સઘળું બસો વર્ષ સુધી મુર કારીગરોને હસ્તક બંધાવ્યાં હતાં જેનો નમુનો હજી રહી ગયો છે. એ ફેરફાર કરાવવા બીશપ એલોનસો મેનરીકે માંડયો તે વખ્તે ઇહાંનાં લોકો ઘણા આડા પડયા કે આવાં સરસ કામને હાથ લગાડી બીગાડવું નહીં અને તે બાબે તે વખ્તના પાદશાહ ચાર્લસ પાંચમાંને અરજીઓ પણ કીધી, પણ તેતો પાદરીની તરફેણ કરી કાંઇ વચમાં પડયો નહી, પણ જ્યારે સને ૧૫૨૬માં તે ઇહાં આવ્યો અને એ બીગાડો કીધેલો જોયો ત્યારે તે પાદરી ઉપર ઘણો ચીરડાયો અને બોલ્યો કે "You have built here what you or any one might have built anywhere else, but you have destroyed what was unique in the world," એટલે, "તેં જે કામ ઇહાં બાંધ્યું તે બીજી કોઇબી જગા ઉપરં બાંધી શકતે, પણ તેં જે કામ ખરાબ કીધું તે દુન્યામાં એકજ હતું." એ ઉપરથી માલમ પડશે કે એ કેવી મસજીદ હોવી જોઇયે. એ મસજીદની અંદર જે દેવળ સારૂ આલટર તથા કોએરની ઇમારત બાંધી છે તેબી ઘણી સરસ અને જાણે મસજીદની સાથે હરીફાઇ કરવા બાંધી હોય એમ જણાયછે. તે બાંધવાનું સને ૧૫૨૩ થી શરૂ કીધું અને ૧૫૯૩માં પુરૂં કરી રહ્યા હતા. એની સીલીંગ દેવળોની માફક ઉંચી કીધી છે અને તે પર સફેદ રંગ તથા સોનેરી ચીતારો કીધા છે. એનો વચલો ગુંબજ નજદીક અંદરથી ૧૫૦ ફીટ ઊંચો હશે. તેની સીલીંગ પર ફ્રેસ્કોનાં મોટાં મોટાં પુતલાંઓ પાડેલાં છે. એ કોએરમાં બેસવાની ૧૦૯ બેઠકો છે. તે ઘણી સરસ નકશી વાળી આખા સ્પેનમાં કહેવાય છે. તે પેડ્રો ડી કોરનીજોએ બનાવી

હતી અને તે એવી તો સરસ છે કે તે બનાવનારને એજ જગ્યા પર મોટાં ચેપલમાં દાટયો છે. એ નકશીકામ દેવાલ પર ફરતુ લાકડાનું કીધેલું છે. તેનાં બે થર જુદાં છે તેમાં એકમાં જુનાં અને બીજામાં નવાં ટેસ્ટેમેન્ટની વીગતો આખા કદનાં છુટાં હોય તેવી રીતે કોતરેલાં પુતળાંઓથી કોતરી કાહાડી છે અને દરેક ખુરસીને મથાળે એ પ્રમાણે બબે વીગતો તેમાં પાંચથી પચાસ પુતળાંની અકેકી વીગતો કોતરેલી છે તથા આર્ચબીશપને બેસવાની બેઠક જે બન્ને બાજુની વચ્ચે સાંમેથી મુકેલી છે, તેતો મોટાં મોટાં પુતળાંઓની એજ માફક કોતરેલી છે જે સઘળું કોતરકામ જો આપણે દરેક બરાબર તપાસીયે તથા તેની વીગતોથી વાકેફ થઇયે તો ઓછામાં ઓછા પાંચ દીવસ તે ઉપર ખોહોવા જોઇયે. ત્યારે એ બનાવવા ઉપર કેટલાં વર્ષ લાગ્યાં હશે તેનો વિચાર કરી લેવો. હોલી કમ્યુનીયનવાલું આલટર જાતજાતના રંગીન ઊંચા પથ્થરના થાંભલા તથા ઘુમટોનુ બનાવેલું છે તથા વાયજી કરવાનાં પુલપીટ પણ ઘણા સરસ નકશીનાં લાકડાંનાં બનાવી એકને એક મોટા બલદ ઉપર અને બીજાને મોટા સાંપ (બન્ને સંગેમરમરનાં એક પથ્થરમાંથો બનાવેલા) ઉપર મુકેલાં છે તેમાં બલદ જાણે હમણાં જીવતો હોય તેવો સરસ પાડેલો છે. એ મસજીદવાલી જગ્યા થાંભલાંઓથી ભરી લીધેલી એટલી તો મોટી છે કે અમો ધારીયે છીયે કે તેના હોલમાં એકી વખ્તે ઓછામાં ઓછાં પચાસ હજાર માણસો બંદગી કરી શકે. એ થાંભલાઓમાંના એક થાંભલાનો પથ્થર જાણે ગંધકનો હોય તેવો છે. તે વળ આપેલા આકારનો છે, જેને લોકો ઘસીને હાથ સુંગે છે તો ગંધકનો વાસ આવે છે. એ પ્રમાણે જોવા આવનારાઓએ તેને ઘસ્યા કીધાથી તેમાં મોટા ખાડા પડી ગયા છે અને તે નજદીક અરધો અરધ ઘસાઇ ગયોછે. એક થાંભલાપર અસલ મુર લોકોએ એક ખ્રીસ્તી બંધવાને સાંકળે બાંધેલો હશે તે ઉપર ક્રાઇસ્ટનો આકાર પાડેલો છે જે પેલા બંદીવાને પોતાનાં નખે કરીને ઘણા વર્ષે પાડયો હતો એમ કહે છે, પણ અમારા મનાવામાં તે આવતું નથી, કારણકે સંગેમરમરનો તે થાંભલો છે

તેના પથ્થરને શી રીતે નખે સો વર્ષેબી કોઇ જરા કોતરી શકે? પણ ઇહાંનાં વેંહેમી લોકો તે માને છે. બીજો પણ એજ પ્રમાણે કોતરેલો એક થાંભલો દેવાલની બાજુપર છે જેની અંદર લોખંડની કલી હજી છે તેમાં સાંકળે કોઇ બીજા ખ્રીસ્તી બંધવાને બાંધ્યો હતો અને પાછળથી તેને મારી નાંખ્યો હતો તેથી તેને ધર્મને માટે જીવ આપનાર (Martyr) બનાવી તેની છબી ત્યાં ટાંગેલી છે જેની આગળ હમેશાં એક દીવો બલ્યા કરે છે. એ દેવળ (મસજીદ) સઘળી રીતે જોવા લાયક છે અને એવી રીતની ખ્રીસ્તી મહમદી બાંધણી સ્પેન સીવાય બીજે કેથે દીસતી નથી એમ કહે છે. એ જોઇને અમે ઇંહાંના વડા પાદરીનો મેહેલ જોવા ગયા, જયાં કાળા સંગેમરમરની મોટી સીડી તથા નકશીની સીલીંગ સીવાય કશું જોવા લાયક નથી. ત્યાંથી અસલ રોમન લોકો જેઓ ઘણાં વર્ષ એ શેહેરના ધણી હતા તે વખ્તનો એક પૂલ હજી સલામત છે તે જોયો હતો. એને બાંધ્યાને જોકે બે હજાર વર્ષ ઉપર થઇ ગયાં છે (જુલીયસ સીઝરે ઇહાં આવી એ સ્પેનનો ભાગ જીત્યો હતો) તોબી આજના પૂલોની બરાબરી તે કરી શકે છે, જોકે જરા બીસમાર હાલતમાં તેની મરામત નહીં કીધાથી તે આવેલો છે. તે જોઇને અમો શેહેરમાં ફરીયા હતા. ઇહાં હવા ખાવાનો બાગ તથા ચોક જેને આલમીડા કહેછે ત્યાં ચાલતા જઇ લાગ્યા, જયાંથી ઘણા લોકોને એક બાજુના રસ્તા ઉપર જતાં જોઇ હમે ત્યાં ગયા કે કાંઈ ગંમત હશે. ત્યાં સરકસની રમત ગોધાની લડાઇ કરવાનાં એરીનામાં થતી હતી તે સારૂં હમો ખબર કાહાડતા હતા તેટલાં હમોને અમારી ફુમતાવાળી તોપી પર જોઇને મોહોલાનાં છોકરાઓ અમારી પુઠે લાગ્યા અને પેહેલાંતો હુરીયો કરવા માંડયો ને પછી અમારી ઉપર તોપીઓ ફેંકવા લાગ્યા. હમોએ પાછાં પગલાં ભર્યાં કે એ તોફાનમાંથી નીકળી જઈયે, પણ હમારી પુઠે તેઓ લાગ્યા અને આસપાસથી બીજા છોકરાઓ તેમાં સામેલ થઇને ધુળ તથા કચરો હમારી ઉપર નાખવા લાગ્યા. હમો જરા ગભરાટમાં પડયા અને જો

કે હમારી આગળ દુરથી બે પોલીસના સીપાહીઓ હતા તથા ઘણાં લોકો ફરતા હતા તથા બાજત ઉપર બેઠેલા હતા તેઓ વચમે તદન પડયા નહીં ને પોરીઆઓને અટકાવ્યા પણ નહીં, અને પછીતો કાંકડા અને ધુળ ફેંકાવા માંડી. પણ સારાં ભાયગે તે વખતે એક ભાડુતી ખાલી ગાડી આવી લાગી તેને તેડીને તેમાં બેસી ગાડી દોડાવી. પણ છોકરાઓએ પુઠ મુકી નહીં ને પથરા ફેંકવા માડયા તથા ઝાડોની ડાંખળીઓ તોડી છુટી મારવા લાગ્યા. એમાંની એક ડાંખળી હમારી ઉપર તાંકી જે જો હમો હમારી છત્રીથી અટકાવતે નહીં તો હમારામાંથી એક જણને ખચીત માથા યા મોહાંડા ઉપર નુકશાન કરતે, કારણકે તે ડાંખળી હમારી છત્રીને એટલી તો જોરથી અથડી કે છત્રી હાથમાંથી પડી ગઇ અને હમારીજ ગાડીનાં પાછલાં પૈડાં તલે દબાઇને ભાગી ગઈ હતી. એ વખતે હમારો ગાઇડ (ભોમીઓ) અમને ઘણો કામ લાગ્યો હતો તે ગાડી ઉભી રાખી હીમત કરીને લાકડી લઇ છોકરાઓની પુઠે દોડયો તેથી તેઓ ગભરાયા અને અચકી ગયા. તે વખતે હમોને ગાડી હાંકી જવા તેને કહીને છોકરાઓને પોતે એકલાએ અટકાવી રાખ્યા હતા જેથી હમોને બચી જવાની તક મળી હતી ને પાછળથી તે ભોમીઓ હોટલમાં ચાલતો આવ્યો હતો. ઇહાંનાં લોકો અભણ છે ને ધારવા મુજબ હમારી ફુમતાની તોપી જોઇ તેઓ હમોને મુર (મુસલમાન) લોક સમજ્યા હશે ને એ લોકો મુસલમાનના એટલાતો —આગળ એઓ ઉપર જુલમ કીધેલો હશે તેથી—કટ્ટા દુશ્મન છે કે કોઈ મુર ઇંહાં (આખા સ્પેન દેશમાં) રહી શકતો નથી ને વેપાર કરવા પણ આવતો નથી અને તે ઉપરથીજ આએ તોફાન તેઓએ કીધું હશે, પણ હમો ઘણા અજબ એમ થઇયે છીયે જે પોલીસ યા બીજા સારા માણસો કોઇ પણ એ તોફાનની વચમે પડયું નહીં, જો કે ત્યાં સેંકડો બીજા મોભાવાળા લોકો બેઠેલા તથા ફરતા હતા. હમો જ્યારે પેહેલા સ્પેન દેશમાં માલગા ઉતર્યા ત્યારે હમારી પાઘડી માથે હતી તે વખતે ત્યાંનાં લોકોએ હમારો હુરીયો કીધો હતો ને પાછળથી હમારા

ભોમીઆના સાંભળવા પ્રમાણે હમો પાઘડી સાથે જો પાછા હોટલમાંથી બાહાર આવ્યા હતે તો હમોને ખુમ પડાવવાના હતા તેથી હમોએ પાઘડી ઉંચી કરીને ફુમતાની કાળી મખમલની તોપી—જેવી વેલાતમાં પારસીઓ ઘણાખરા પેહેરેછે તેવી—પેહેરી હતી. ત્યાર પછી હમોને કોઇએ છેર્યા નહીં હતા પણ ઇંહાં તો હવે તે તોપીથીબી હેરાનગતીમાં પડવા લાગ્યા તેથી આખરે નાચારીએ હમોએ ઇંગ્રેજી તોપી વેચાતી લઇ આજથી પેહેરવા માંડીછે અને જો કે હમારા સામળા મોહોનાં હોવાથી લોકો તીકીને જોયછે, પણ હમોને કશી રીતે છેરતા યા હુરીયો કરતા નથી. કોરડોવાને સ્પેનીશ બોલીમાં કોરડોબા (Cordoba) કહે છે અરબીમાં કારતા તુબા (યાને important city) હતું. અને રોમનો 'કોરડુબા' કહેતા હતા. રોમન શેહેનશાહના વખ્તમાં એ શેહેરે પોમપીની તરફેણ કરવાથી જુલીયસ સીઝરે તે શેહેર અરધું તારાજ કરી ત્યાંના ૨૮૦૦૦ રેહેવાસીઓને કતલ કીધા હતા અને રોમથી ગરીબ હાલતના ઉમરાવોને ઇંહાં લાવી પાછું વસાવ્યું હતું તેથી રોમન હુન્નરના થોડા નમુનાઓ હજી ઈંહિં દીસે છે. ત્યારપછી બગદાદના મુસલમાન કાલીફેએ તે લીધું હતું અને તેઓથી તેના ગવરનરે હુલ્લડ કરી તે કાલીફાતથી છુટો પડી મુર લોકોનું સ્પેનનું રાજ ઇંહાં સ્થાપ્યું હતું. સને ૭૫૬થી એ શેહેર સને ૧૦૦૯ સુધીમાં ઘણું સુધારી અલાદીનની કેહેવાતી વાર્તાના જેવું સરસ બનાવી દીધું હતું. પણ ત્યારપછી એના પાદશાહી ખાનદાનમાં તડ પડવાથી માહોમાહે લડાઇઓ ચાલવા ઉપરાંત શેહેરો જુદા જુદા ધણીઓના હાથમાં વેંહેંચાઇ ગયાં અને એક વખ્તે ચાર પાદશાહો છુટા છુટા રાજ કરવા લાગ્યા અને તેઓમાંથી કોઇ કોઇ ખ્રીસ્તી લોકોના સરદારોને મદદ આપવા લાગ્યા હતા તેથી આખરે સને ૧૨૩૫માં કોરડોવા સેંટ ફરડીનાન્ડનાને તાબે થયું હતું અને તે વખ્તે એ ફરડીનાન્ડના તાબાવાળો રેબનઅલ અમારે ગ્રેનેડાનું રાજ શરૂ કીધું જે ૨૫૦ વર્ષ પછી સને ૧૪૯૨માં ફરડીનાન્ડ તથા ઇસાબેલાએ જીતી લીધું હતું. કોરડોવા તેનાં મુસલમાન રાજની વખ્તે એ

લાખ ઘેરો અને દશ લાખ માણસની વસ્તીવાળું હતું તેમાં ૩૦૦ મસજીદ, ૯૦૦ હમામખાનાં અને ૬૦૦ ધર્મશાળા હતી, તે સને ૧૮૮૩માં ૪૯૦૦૦ ઉપર આવી ગઇ છે. કોરડોવાના હાલના મોહોલા ઘણા સાંકડા છે અને ભાગ્યે એકુ બે ચોક વચમાં મોટા રાખેલા છે અને મોહોલા એટલાતો વાંકાટીકા અને ગુચવણ ભર્યા છે કે અંજાણ્યો માણસ તેમાં ભુલી જયા વગર રહે- નહી. પણ ઘરો સારી બાંધણીનાં છે.

તા૦ ૯મી મે સને ૧૮૮૭ અને વાર સોમે—આજે સવારના કલાક ૧૧॥ વાગે કોરડોવા છોડયું હતું અને આગગાડીમાં બેસી સેવીલ (Seville) જે ૮૧૭ મૈલ દુર છે ત્યાં બપોરનાં ૩ વાગે પુગા હતા અને હોટેલ ડી મેડરીડમાં ઉતર્યા હતા. સાંજનાં ઈહાંનું વખણાયલું. કેડ્રીલ જોવા ગયા હતા. એ દેવળ આખા સ્પેનમાં સૌથી મોટું અને સરસ ગણાય છે. એને વાસ્તે કહે છે કે The Solemn Grandeur is its distinctive quality as elegance is of Leon, strength of Santiago, and wealth of Toledo. એટલે, જેમ લીયોં પોતાની શોભા માટે, સેન્ટીઆગો પોતાના કૌવત માટે, અને તોલેડો પોતાની દોલત માટે વખણાયલું છે, તેમ તે પોતાની ગંભીરતા ભરેલા ભપકા માટે જાણીતું છે. એ દેવળ પણ અસલ મુર લોકોની મસજીદ હતી તે તોડી પાડી સને ૧૪૦૩માં દેવળ દાખલ એનો મોટો ભાગ બાંધવા માંડયો. તે સને ૧૫૧૯માં પુરો થયો હતો. પણ તે અસલની મસજીદનો દેખાવ હજી જાલવી રાખે છે અને તે ૪૧૪ ફીટ લંબાઇમા અને ૨૭૧ પોહોળાઇમાં છે. એની આસપાસના બે નેવસમાં ચેપલો બાંધી લીધાં છે અને વચલો નેવ (હોલ) જોવા લાયક છે. તેની ઊંચાઇ ૧૫૦ ફીટની છે અને વચમાંના ઘુંમટની અંદરથી ઊંચાઇ ૧૭૧ ફીટની છે. એ દેવળ એટલું તો મોટું છે કે તેની જમીન કાળા અને સફેદ સંગેમરમરની ચોરસ લાદીઓની છે તે પર ફક્ત ૧૫૫૩૧૪ ડાલર સને ૧૭૯૩માં તે કીધી ત્યારે બેઠા હતા. એ

દેવળની રંગીન મોઝાઇકવર્કના કાચની ૯૩ બારીઓ મોટી મોટી છે તે પર એ લોકોનાં પવિત્ર પુરૂષોના તથા બીજાં બાઇબલનો વીગતોના ચીતારો છે. તેમાં સૌથી જુના સને ૧૫૦૪નાં સાલના છે, અને એ દેવળમાં અસલી ચીતારા ઉસ્તાદોના હાથનાં ચીત્રો જગેજગે ઘણાં મુકેલાં છે. પેહેલાં અમોને એકોહોમો (ક્રાઇસ્ટનું ડોકું છબી પાડેલું છે તેને લગતા) ચેપલમાં લઇ ગયા જ્યાં ૮ મોટાં પુતલાંઓ ફરતાં મુકેલાં છે. ત્યાંથી દેવળના હોલમાં પેઠા જેના ગંજાવર થાંભલાઓ તથા ઈમારતની ઊંચાઇ અંદરથી જોઇ અમો અજબ થયા હતા. એના હાઇ આલટરપરની પાછલ જે એક મોટી પડદારોકી લાકડાંના કોતરકામની નકશીની દેવાલ છે તે ઘણી જોવા લાયક છે. તેને ૪૪ ભાગમાં વેંહેંચી નાખી છે અને તેમાં જુના તથા નવા 'ટેસટેમેન્ટ' ની વીગતો ઘણી સરસ રીતે કોતરેલી તથા ગીલીટ કીધેલી છે તેમાં વરજીન મેરીની જીંદગીથી તે છેક ક્રાઇસ્ટને ક્રોસ પર મારી નાખ્યો ત્યાં સુધીની બધી જાણીતી વીગતો કોતરેલી છે. એનો નકશ સને ૧૪૮૨માં Dancart એ કીધો હતો, તે ઘણા બીજા ઉસ્તાદોએ ચાલુ રાખી એનું કામ સને ૧૫૨૬માં ૪૪ વર્ષે પુરૂ કીધું હતું તે ઉપરથી વિચાર કરી લ્યો કે કેવી રીતનું નકશીકામ હશે. એ આલ-ટરની વચમાં રૂપાંનું એક પવીત્ર પુરૂષનું પુતળું છે. તથા આસપાસ છેલ્લા એલસો (aisles) માં ચેપલો ઇંહાંના મોટા મોટા ડયુકસો તથા અમીરોના ખાનદાંનનાં આવેલાં છે. તેમાં કારડીનલો તથા આર્ચબીશપોનાં ચેપલો ઘણાં સરસ છે. કોઇમાં તો સંગેમરમરનો દાંસો અને રૂપાના કટેરાઓ છે અને ઘણાં ખરાં ચેપલોમાં ઉસ્તાદોના હાથની તસ્વીરો જથ્થાબંધ પાડેલી છે. ચેપલોની વચમાં હાઇ આલટર ની પછવાડે Capilla Real કરી પાદશાહી ચેપલ છે તે ચેપલમાં આલટર તદન રૂપાંનું બનાવેલું છે અને તેની ઉપર સંગીન રૂપાંની પેટીમાં સેંટ ફરડીનાન્ડ જેણે સેવીલનું રાજ મુર લોકો પાસેથી જીતી લીધું તથા મુસલમાનોને જથ્થાબંધ ખ્રીસ્તી કીધા હતા તેને રાખેલો છે.

એ આલટરની નકશી ઘણી સરસ છે અને પેટીની વચમાં એક સોનાની ઢાલ ઉપર એની વીગતો પાડેલી છે.

એ સેંટ ફરડીનાન્ડ સને ૧૨૫૨માં મરણ પામ્યો હતો, અને તેનાં મુડદાંને વર્ષમાં ચાર વખ્ત ખુલ્લું મુકીને લોકોને દેખાડે છે. જે હજી ઘણી સારી હાલતમાં છે એમ કહે છે. તેને એક "રાક ક્રીસ્ટલ"ની કફનમાં મુકેલો છે, જે પેલી રૂપાંની પેટીમાં હમેશાં બંધ રાખે છે પણ ઉપલા ચાર દિવસો ઊપર તેને રૂપાંની પેટી ઊંઘાડીને લોકોને દેખાડે છે. જે પ્રમાણે એનો ખરા વર્ષનો દહાડો તા૦ ૧૨મી એ છે, જે જોવા સારૂં અમોને ઘણાં જણા ભલામણ કરે છે કે, કોઇ દહાડે તમો જોશો નહીં એવો ભપકો તથા ધામધુમ તે વખ્તે થાય છે પણ અમોને વખ્ત હાથમાં નહીં હોવાથી આખરે તે માંડીવાળવું પડે છે. એનાં રૂપાંના આલટરની ઉપર એક વરજીન મેરીનું કોતરેલું પુતળું સેંટ લુઇએ (ફ્રેંન્ચનો પાદશાહ) સેંટ ફરડીનાન્ડને આપ્યું હતું, તે મુકેલુ છે તે બધી રીતે છુટું હીલચાલ કરી શકે તેવું બનાવેલું છે. તેનાં લાલ ગુંદેલાં સોનેરી મોજાં અને બુટ ૧૩મી સદીમાં પેહેરાતાં હતાં તેવાં છે. એની ઉપર સોનાનું તાજ હતું તે સને ૧૮૭૩માં કોઇ ચોરી ગયું છે. એ પુતળાને રૂપાંના તખ્ત ઉપર બેસાડેલું છે અને તે ઉપર "કેસટાઇલ" તથા "લીઓન"નાં આર્મસ પાડેલાં છે. એ આલટર તથા કફન ઊપર ત્યાંના રખેવાલના કેહેવા પ્રમાણે નજદીક સોલ લાખ રૂપીયા લાગ્યા છે, પછી ખરીખોટી વાતતો ખોદા જાંણે. પણ રૂપુ વાપરવામાં તથા બનાવવામાં કશી કસર કીધી નથી અને કફન તથા આલટર ઊપર કોતરકામમાં છુટાં અળગાં પુતળાંઓ પણ અંદર કોરેલાં છે. એ જગ્યા (Shrine) સને ૧૭૨૯માં બનાવી હતી. એની પછવાડેથી હેથે ઉતરીને એક ભોંયરામાં જવાય છે જ્યાં એક બીજાં આલટર ઊપર આખા હાથીદાંતનું વરજીન ઓવ બાટાલાસ (La Batallas) નું પુતળું છે જે સેંટ ફરડીનાન્ડ જ્યારે લડાઇપર જતો ત્યારે સાથે પોતાના ઘોડાનાં જીન ઊપર આગળથી સાંમે બાંધી રાખતો હતો. એજ ભોંયરાંમાં એ સેંટની તલવાર તથા અસલ જે

કફ્નમાં એને રાખેલો હતો તે મુકેલી છે જે સાદી લાકડાંની બનાવેલી છે. એની જમણી બાજુએ પાદશાહી ખાંનદાંનનાં બીજાં માણસોની કફ્નો મુકેલી છે તેમાં ડોન પેડ્રો ઘાતકીને (cruel) નામે ઓળખાયો હતો તેની બાયડીની પણ છે. તેઓને એકની ઊપર એક એમ આસરે છ સાત કફ્નો મુકેલી છે. ઊપરનાં ચેપલમાં બન્ને બાજુએ ગોખલાઓમાં એકગમ સેંટ ફરડીનાન્ડનો છોકરો ઓલોનઝો એલ સેબીઓ (કે જે ઘણીખરી પોતાના બાપની જગ્યાએ લડાઇઓ જીત્યો હતો તેની) તથા તેની રાણી બીએટ્રીસની કફ્નો બેઠકો ઉપર રાખેલી છે જેની ઉપર લાલ મખમલનું કપડું ઢાંકી તે ઉપર તાજો તથા પાદશાહી દંડ (sceptre) મુકેલાં છે. એ ચેપલના ઓરડાને ભરી લીધેલો લોખંડનો પડદો પણ ઘણો મોટો અને જોવાલાયક છે. ચેપલની ઊંચાઇ ૧૩૦ ફીટની છે અને તે ૮૧ × ૫૯ ફીટની લંબાઇ પોહોળાઇનો છે. કેપીલાડીશાન પેડ્રો કરીને એક બેડાંરોકો પાદરીઓની સભા ભરવાનો ઓરડો એક બાજુપરથી છુટો છે, જ્યાં ઘણા ઊંચા ઉસ્તાદોની ચીતારેલી તસ્વીરો મુકેલી છે. તેની જમીન રંગીન સંગેમરમરની સીલીંગના ચીતારોને મળતી કીધી છે તેમાં ૧૬ સંગેમરમરનાં "મેડેલીયનો" જે જીનોઆથી કોતરાવી મંગાવ્યા છે તે ઘણાં સરસ છે તથા બારીઓની વચમાં બેડાંરોકાં ચીતારો આઠ પાડેલાં છે તે મુરીલીઓના છે. તે ઉપરાંત સ્પેનના બીજા ચીતારાઓ જેવા કે પેચીકો (Pacheco), પેબ્લો ડી સેસપીડીસ (Peblo de Cespedes) જે રંગારા ઉપરાંત એક કવિ પણ હતો તેના, તેમજ બીજાઓનાં છે. એની બાહાર બીજો એક 'ચેપટર રૂમ' છે તેમાં પણ અસલ ચીતારાઓનાં ચીત્રો છે. એ દેવળમાં અસલ ઘણો પૈસો તથા ઝવેરાત ભરેલું હતું પણ તેનો મોટો ભાગ ફ્રેંચોએ લુટી લીધો હતો. એને લગતાં સેવીલ શેહેરમાં ૯૦૦ ઘેરો તથા મીલકતો હતી જેની આવક એ દેવળમાં જતી હતી, પણ હમણાં તે સરકારે છીણવી લઇને થોડી આવક એને સારૂં રાખી છે એ દેવળમાં અસલ મરદો તથા બાયડીઓને સાથે ચાલવા તથા વાત કરવાની સખ્ત મનાઇ હતી પણ હમણાં તે સઘળું નીકળી ગયું છે. એ દેવળના સેંટ ફરડીનાન્ડનાં

ચેપલમાં એક ગંજાવર રૂપાંનું ફાણુસ ટાંગેલું છે, તે જે રૂપું અમેરીકાથી પેહેલાં કોલંબસે મોકલ્યુ હતું તેનું બનાવેલું છે, તથા તેના ઘુમટ ઉપર સ્પેનનાં ૮૪ રાજા રાણીઓનાં અરધાં પુતળાં રંગીન એકની ઉપર એક એમ ત્રણ થડે કોતરેલાં છે તે સઘળું જોવા લાયક છે. દરેક ચેપલમાં પણ સંગેમરમરનાં [illegible] તથા [illegible] પેન્ટીંગ્સો [illegible] પાડેલાં છે જેની એક [illegible] રૂપીઆની ગણાય છે. એમાનાં એક ચાત્રમાંથી [illegible] વર્ણને કાપાડી લઇ ગયું હતું જે [illegible] નામ છપાવ્યું [illegible]તું અને આખરે તે [illegible] અમેરીકામાંથી [illegible] હતું જે પાછું [illegible] સરસ વળગાવ્યું [illegible] એ ચીત્ર સેંટ ઓગસ્ટીનનું હતું [illegible] બાજુપરનાં ચેપલમાં પડેલી છે. એવા [illegible] રંગબેરંગ રાખેલા છે તે જોયા પછી અમે [illegible] જવાસારૂ સીડીને બદલે [illegible] સીડી કરતાં વધારે સેહેલું લાગે [illegible] ડીસે છે. જેમ એન્ડેલુસ્યામાં બને તેમ [illegible] પણ જ્યાં નજર કરીએ ત્યાં બાગો [illegible] મોટી નદી ૪૦ મૈલ વેહ્યા પછી દરીઆને જઈ [illegible] દરીયેથી મોટી સ્ટીમરો આવીને શેહેરની સાથ લાંગ[illegible] મીનારો અસલ મુસલમાન લોકોએ મસજીદની સાથે [illegible] તે ઇંટનો છતાં હજી ઘણો મજબુત આધારથી [illegible] દીસે છે એ મીનારાને મથાળે એક ગંજાવર [illegible] ફડાનાં ઉપર એવો તો રીતે મુકેલું છે [illegible] આને સવા [illegible] વજનમાં છે, તોપણ [illegible] પવનની [illegible] ફરે છે. તે સને ૧૫૫૮માં બારટોલોમી મોરીસ નામના ઈટાલીયને બનાવ્યું હતું. એ મી[illegible] પોણા ભાગ ઉપર જતાં ઘણા મોટા [illegible] હમણા વીજળી પડવાથી તુટી પડગો હતો તે પાછો ઉભો કરતા હતા તથા નાના મીનારાને નવેસરથી સમા-

રતા હતા. એ મીનારો ૩૫૦ ફીટ ઊંચો છે અને તેની હેઠલનો ચોરસ ભાગ ૫૦ ફીટ છે. એ સઘળું જોઈને પછી અત્રેના સરવેથી વડા ઉમરાવ ડ્યુક ઓવ મેડીનાસેલી (Medinaceli) નો Casa de Pilatos કાસા દી પાઇલતોસ નામનો મેહેલ જોવા ગયા હતા. એનું નામ પાઈલટનો મેહેલ કરી આપવાનું કારણ એ જે જેરૂસલમમાં પોનટીયસ પાઈલેટી જેણે ક્રાઈસ્ટનો ઈનસાફ કરી મોહતની સજા ફરમાવી હતી તેના મેહેલની નકલમાં એ મેહેલ બાંધેલો છે. એ સને ૧૫૩૩ નાં સાલમાં ફ્રેદરીક એનરીકુવેઝ દી રૈબેરા Fadrique Enriquez de Ribera જેરૂસલમમાં હજ કરી આવ્યો તેની યાદગારીમાં બાંધ્યું હતું. એના ચોકમાં વચમાં એક ફુંવારો છે જેની ચાર ખુણે ચાર ઘણા મોટાં પુતળાંઓ સંગેમરમરનાં ગોઠવેલાં છે તથા ફરતી ચાલમાં રોમના અસલ શેહેનશાહોનાં અરધ પુતળાં (Bust) સંગેમરમરનાં આસરે ૨૨ છે. એ મેહેલના ટ્રીબ્યુનલવાળા ઓરડાની દેવાલનો અરધો ભાગ મીનટન ટાઇલથી અને અરધો ભાગ ફ્રેસ્કોથી શણગારેલો છે તથા સીલીંગ લાકડાંની ખાંચા ખાંચાવાળી નકશીની બનાવી છે તેમાં આઠ કોટ ઓવ આર્મસ એ ડ્યુકના બીજા બેતાબોના પાડેલા છે. બીજા ઓરડામાં ક્રાઇસ્ટને થાંભલા સાથે બાંધીને માર્યો હતો તે થાંભલાંની નકલ મુકેલી છે જે એક લાલ સંગેમરમરનો આસરે ૩ ફીટ ઊંચો તથા ગોળ છે. બીજા ઓરડાંમાં એક ઇનલેડ વર્કની ટેબલ મુકી છે, જે પર જુદાસે ક્રાઇસ્ટને ફસાવ્યો તેની કીમ્મતના રૂપીયા ગણી આપ્યા હતા તેવી કહે છે. મેહેલની સીડી તથા બીજી અગાસીઓ સઘળું એ અસલ મેહેલની નકલ માફક બનાવેલું છે. હેઠલના ભાગમાં એક બાગ છે તેની આસપાસની ચાલમાં રોમ શેહેરમાંથી ખણી કાહાડેલા અસલનાં પુતળાંઓ, થાંભલાઓ તથા બીજી ચીજોનું જાણે સંગ્રહસ્થાન કીધેલું છે. એજ બાગની એક બાજુપર એક નાના ગુફા (grotto) જેવો ઓરડો છે જે જાણે પાહાડમાથી કોતરી કાહાડયો હોય તેવો દીસે છે. તેની અંદર ક્રાઇસ્ટને દાટયો હતો તેવો પથ્થર મુકેલો છે જેમાં આડ-

કતરી એક ફ્રાત ઉપરથી પડેલી છે. એવો અસલ ઓરડો તથા પથ્થર જેરૂસલમમાં છે જયાંથી ક્રાઇસ્ટ પાછો જીવતો થઇને પથ્થર ફાડી બહાર નીકળ્યો હતો તે દેખાડે છે. ત્યાંથી એક બીજા મોટા ઓરડામાં વળી અસલી રોમન પ્રાચીન કાળની વસ્તુઓ મુકેલી છે તે જોઇ હતી, જેનો મોટો ભાગ થાંભલાઓ તથા પુતળાંઓનો હતો જે છેલ્લામાં એક પુતળું સફેદ સંગેમરમરનું છે જેનાં દીલ ઉપર લાલ રંગનાં પથ્થરનું કપડું વીટાલ્યું હોય તેવું કોતરલું છે ને તે કપડાંવાળા ભાગ ઉપર જાણે શાલ હોય તેવા ફુલોના ચીતાર ઘણાજ સરસ કોતરેલા છે. કેટલાંક પુતળાંઓના હાથ પગ, કોઇનાં નાક એમ ભાગી ગયલાં છે, પણ એક બે જે આખાં છે તે ઘણાં સરસ રીતે બનાવેલાં આજનાં કામને ટક્કર મારે તેવાં છે. એ સઘળું ઘણું જોવા લાયક છે.

રાતનાં અમો અત્રેનાં જીપસી લોકોનો નાચ હતો તે જોવા ગયા હતા. એ લોકોનો નાચ ઘણોખરો હીંદુસ્તાનની રામચનીઓને મળતો આવેછે. એક મર્દ ગીતાર વજાડે છે અને આઠ દસ ઓરતો તેને તાબડાઓ ફોડી તાઇમ આપે છે જેનો અવાજ તાણુતનાં વખ્તે ઘોલ તાસા વાગે છે તેને મળતો છે ને તેઓમાંની એક ઓરત નાંચવા ઉઠે છે જે નખરાં કરી હાથો રામચનીઓની માફક માથાં ઉપર અથવા આગળ કરીને નાંચતી નાંચતી પગો લાકડાંની જમીનપર અફાડી તાલના આવાજ સાથે મેળવે છે, તે આગળ પાછળ નાંચતી જાય છે ને બધી રીતે મુંબઈનાં રામચનીઓનાં નાચને મળતી આવે છે. એમાં વળી કોઈ વખ્તે ગાયન પણ ચાલે છે જેબી હીંદુસ્તાનમાં સુરંવાળાં ગાયનને મળતું આવે છે. જીપસીઓનો દેખાવ પણ જરા સામળો તથા ઘટમમાં હીંદુ લોકોનાં જેવો છે પણ સેંકડો વર્ષો થયાં યુરોપમાં રેહેવાથી તથા ઇહાંનાં લોકોમાં ભેળાવાથી કોઈ કોઇ યુરોપીયન જેવા ગોરા તથા દેખાવવાળાં લાગે છે. એ નાચ તથા ગાયન એકજ જાતનું ઘણુંખરૂં ચાલ્યા કરવાથી આપણને તે વધતો વાર જોતાં કંટાલો આવે છે. એક કલાક એ મુજબ કીધા પછી યુરોપીયન નાચ (Ballet) પણ કરે છે જેમાં કોઇ

કોઈ સરસ નાંચનારા છે. ત્યાંથી અમો "ઓપેરા હાઉસ" માં ગયા હતા જયાંનાં બે મર્દો તથા એક ઓરત ઘણાં સરસ ગાનાર હતાં. ઓરતનો અવાજ ઘણો ઉંચો, મીઠો અને જોરાવર હતો તે પોતાનાં ગાયનનું સુર કલેરીઓનેટ (Clarionet) ની બરાબર છેક ઉંચાં સુર સુધી એટલેતલગ લઈ ગઇ હતી કે જાણે અવાજ બુલબુલનાં જેવો ઝીણો થઈ જતો ને વળી તે ઘણોવાર ટેકવી શકતી પણ હતી.

તા૦ ૧૦ મી મે સને ૧૮૮૭ ને વાર ભોમ—આજે પેહેલાં લા કારીદાદ La Caridad કરીને મઠ તથા આસપીટલ છે તે જોવા ગયા હતા. ઇંહાં આસરે ૮૦ બુઢા તથા નાતવાન માણસોને રાખી ધર્મની બેહેનો (Sisters of Charity) તેઓની બરદાસ્ત લે છે. એ આસ-પીટલ સને૧૫૭૮માં સ્થાપેલી છે. એને લગતા દેવળના હાઈ આલટર ઉપરનું ક્રાઈસ્ટને ક્રોસ ઉપરથી ઉતારતું ચીત્ર ઘણું સરસ છે. દેવાલની ઉપર ચીતાર સાથે લાકડાંનાં કોતરેલાં માણસો તથા ક્રોસ સઘળું એવું તો કીધેલું છે કે જાણે આપણે ખરેખર તે બનાવ નજરે જોતા હોઇયે તેવું લાગે છે. તેની હેઠલ ક્રાઇસ્ટને ઉતારીને મુકેલો છે જેની આસ-પાસ બીજા માણસો તેને ધરી રહ્યા છે તે સઘળાં પુતળાંઓ મોટા માણસના કદનાં કોતરેલાં છે. એ પેડ્રો રોલડાન કરી ઉસ્તાદનું સૌથી સરસ કામ (masterpiece) ગણાય છે. એ દેવળને લગતાં બીજા ચીત્રો મુરેલીઓએ ચીતારેલાં મુકેલાં હતાં તેમાથી ફ્રેન્ચ જેનરલ સોલ્ટ (Soult) પાંચ ઉચકી લઈ ગયો હતો. બાકીનાં ચીત્રોબી જોવા લાયક છે તેમાં સૌથી સરસ ક્રાઇસ્ટ પાંઉ તથા માછલી વેંહેંચે છે તે તથા મોસેસ ખડકને અફાડી પાણી કાહાડે છે તે ગણાય છે અને તે ગંજાવર કદનાં અંદર સંખ્યાબંધ મોહોડાંઓનાં પાડેલાં છે. ચીત્રો એ સીવાય બીજું કાંઈ જોવા લાયક નથી. તે જોઈને પછી ઈહાંનો પાદ-શાહી અસલ મેહેલ જેને આલકાઝાર (Alcazar) કહે છે તે અમો જોવા ગયા હતા. એમાં જયારે સ્પેનનાં રાજા રાણી આવે છે ત્યારે ઉતારો લે છે. એ મેહેલ ઘણો જુનો છે અને તેમાં અસલ રોમન શેહેનશાહ

સીઝર રહેતો હતો તેથી તેનું નામ આલસાઝાર ઉપરથી કાઝાર (યાને કેસર શેહેનશાહ) પડયું છે. તેને દસમી સદીમાં પાછો અબદુલ રેહેમાન સુલતાને સમારી વધાર્યો હતો અને પાછળથી સને ૧૩૬૪માં ડોન-પેડ્રો પાહદશાહે તેમાં ઘણો ફેરફાર કીધો હતો અને તે વખ્તે ગ્રેનેડાનો વખણાયલો આલહમબ્રા મેહેલ તૈયાર થયા પછી ત્યાંના મુસલમાનના પાહદશાહ યુસુફ સાથે એને ઘણી દોસ્તી હોવાથી તેની પાસથી મુર કારીગરોને બોલાવીને આલહમબ્રાની ઢબ ઉપર સઘળું તેમાં સુધાર્યું હતું તેથી ઘણો ખરો તે ઉપલા વખણાયલા મેહેલને મળતો આવે છે અને હમણાં સુધી ગીલીટ, રંગ, નકશીકામ સઘળું સારી હાલતમાં રાખ્યાથી તે ઘણુંજ શોભે છે અને આલહમબ્રા અસલ કેવો હશે તેની નીશાની આપે છે ત્યાર પછીના પાહદશાહો એમાં ઉમેરો કરતા જયાથી તે મોટો થઇ ગયો છે. એજ મેહેલમાં ફરડીનાન્ડ તથા ઇસાબેલાનાં લગ્ન થયાં હતાં તે ઓરડો હજી દેખાડે છે. એ આખા મેહેલના જુના ભાગની દેવાલો, સીલીંગ સઘળું ફ્રેસ્કો વર્કની નકશીથી મઢી લઇ તેમા જાત જાતની તરાંહો પાડી રંગેલું તથા ગીલીટ કીધેલું છે અને દરેક ઓરડામાંની એવી નકશીઓ એક એકથી તદન જુદીજ છે. એ ફ્રેસ્કોની કોરોપર આરબી ભાષામાં બોલો પણ કોતરેલા છે, પણ એ સઘળામાં સીલીંગો જે લાકડાંની ખાંચા ખાંચા તથા ચોરસ ધનાકૃત, અષ્ટકોણ ઇત્યાદી રીતની જાત જાતની નકશી-ઓથી તથા ગીલીટથી ભરેલી કીધી છે તે ઘણીજ પસંદ કરવા જોગ છે અને વળી તેમાં લાકડાંનાં ઈનલેડ વર્કની તરાંહો પાડેલી છે. ઇ૦ સને ૯૦૦ મા કીધેલું એક બારણું પણ એજ મુજબનું નકશી તથા આરબી અક્ષરોથી કોતરેલું છે, જે આસરે ૧૨ ફીટની ઉપર ઊંચું હશે અને ઉપર તથા હેઠલ ખુટી ઉપર તે સેહેલાઈથી ઉઘાડ બંધ થઈ શકે છે. જો એમ ન હતે તો બેથી ઉપર માણસો તેને બંધ કરવા વાસ્તે જોઈયે એટલાં જાડાઈમાં તથા મોટાઇમાં છે. સેંટ ફરડીનાન્ડ-વાળા સુવાના ઓરડાની સીલીંગ તો હાથીદાંત તથા સીદાર ઓવ-

લીબેનન નામનું ઊંચું જેરૂસલમ તરફનાં લાકડાંમાં ઈનલેડ કીધેલી છે. ફીલીપ બીજાવાળા ઓરડાની સીલીંગ બ્રાન્ઝ ધાતુની નકશીની બનાવેલી છે. Hall of Ambassadors (એટલે એલચીઓના ઓરડા) ની સીલીંગ ઘણીજ ઊંચા ગુંબજ ઉપર કીધી છે અને તેની અંદર એક મોટું ઝુમર લટકતું હેઠે સુધી રાખ્યું છે જેની દોરીની લંબાઈ ઘણી હોવાથી આખો વખ્ત વગર પવને તે હીલ્યા કરે છે અને હોલને મથાળે અગાશીઓ (Balconies) છે તથા તેને મથાળે નકશી કોરેલી જાલી રોકી બારીઓ છે જેમાંથી અસલ મુર લોકોની ઓરતો હોલમાં જોઇ શકતી હતી તથા દેવાલની ઉપર ફરતી સ્પેન તથા સેવીલના આસરે ૫૬ પાદશાહોની તસ્વીરો ચીતારેલી છે. એ હોલ સને ૧૨૪૮માં બાંધેલો કહે છે. એ હોલના ગુંબજની તરાહ એવી રીતે પાડેલી છે કે જાણે એક નારંગી અરધી કાપીને મુકી હોય તેવા દેખાવની લાગેછે. એ હોલની દેવાલ તથા સીલીંગપર બીજા ઓરડાઓની માફક નકશી તથા ગીલીટ કીધેલી છે જેમાંની છેલ્લી ૩૦૦ વર્ષ ઉપર પાછી કીધી હતી, પણ જાણે આજે કીધી હોય તેવી સરસ હાલતમાં રહી છે. એ હોલની પડોસના ઓરડામાં પેડ્રોડી ક્રૂઅલે પોતાના ભાઈ એલ મુએસ્ટરો ડી સેનટાએગો (Elmuestre de Santiago) જેને ડોન ફરડીનાન્ડ પણ કહે છે તેને પોતાના પરોણા દાખલ બોલાવી ત્યાંના ઊંબરની ઉપર મારી નાખ્યો હતો જે હજી ત્યાંનો ભોમીયો લોકોને દેખાડે છે. ફરડીનાન્ડ અને ઈસાબેલાનાં લગ્ન જે ઓરડામાં થયાં હતાં તેબી ઘણો નકશી તથા ગીલીટથી સનગારેલો છે, અને દેવાલ ઉપર તપે તપે એક કોર હોએ તેમ Tato Mota યાને બંધાયલા (United) કરી કોતરેલું છે. એક બીજો ઓરડો જેને હોલ ઓવ ધી પ્રીનસેસ કરી ઓળખે છે, તેની સીલીંગ જાણે આબાદ શયાલનું રંગીન ભરતકામ આવે છે તેવી કીધેલી છે. એ મેહેલની વચમાં જે ચોક છે તેમાં એક ફુંવારો સંગેમરમરનો કીધો છે અને તેને ચારે મથાળે ફરતી પેહેલા માળ ઉપર ઓરતોને જોવાની જાલીની નકશીની પથ્થરમાં કોતરેલી બારીઓ અને વળી તેને મથાળે છુટી છુટી અગા-

શીઓ (Balconies) કીધેલી છે અને બધી દેવાલ તરાંહતરાંહની નકશીની (Stucco Work) કીધેલી છે તેથી તેનો દેખાવ ઘણો સરસ લાગે છે. એ મેહેલની સીડી ઉપર જુની ટેપીસટ્રી વર્ક (ભરત કામ) જુનું ઘણું સરસ છે અને મેહેલ બધી રીતે જોવાલાયક છે. એને લગતો બાગ પણ સારો છે. તેમાં મેગનોલીયાનાં તથા ખજુરીનાં ઝાડો ઘણાં મોટાં ઉગેલાં છે. એ બાગને ફરતી દેવાલ ઉપર બેઉગમ ગેલેરી કીધી છે અને તેની હેઠલ રોકવર્ક કરીને તેમાં તથા બાગના રસ્તાઓની વચમાં હારબંધ તથા તેઓની વચલા ચોકમાં મોટા તળાવોમાં ટાંકીઓમાં બધે જગે ફુવારા ઉડારવાનું કીધું છે અને કેહે છે જે જયારે ખાણું હોય છે ત્યારે ગેલેરીપર બધે રોશણી કરે છે જે પેલા ફુવારાઓનાં પાણી સાથે ભેલાઇ જઇને દેખાવ ઘણો સારો આપે છે. ગેલેરી ઉપર પણ ફુલોનાં ઝાડોનાં કુંડાંઓ મુકેલાં છે. એ બાગમાં એક સમર હાઉસ નાનું બાંધ્યું છે જેની દેવાલ મીનટન ટાઇલની જાતના કોરીની લાડી-ઓપર જાનવર, ફુલ ઇત્યાદીની તરાંહ પાડીને કીધેલી છે અને તેની વચમાં એક ફુંવારો તથા ફરતી સંગેમરમરની બેઠકો કીધી છે. એ બાગમાં નારંગીનાં ઝાડો ડોન પેડ્રો (સને ૧૩૬૮થી ૧૩૭૯માં રાજ કરી ગયો) નાં રોપેલાં છે જેનાં થડ આખાં મોટાં ઝાડ જેવાં જાડાં થયલાં છે. એવાં મોટાં નારંગીનાં ઝાડો અમોએ કેથે જોયાં નથી અને તે હજી ફળો આપે છે. એ ભાગમાંથી મેહેલની હેઠલ એક લાંબી વોલ્ટ છે જેમાં તેવીજ લાંબી આસરે ૧૦૦ ફીટની ટાંકી કીધેલી છે અને તેની બેઉ બાજુએ રસ્તા તથા બેઠક કીધેલી છે. એ ટાંકીઓ રાજા રાણીને માટે નહાવા તથા તરવા સારૂં બનાવી છે. એ અસલ બંધીખાના દાખલ વપરાતી હશે એમ ધારેછે.

અમો હોટલમાં લન્ચ લઈને પછી અત્રેનો વખણાયલો સેન તેલમો (San Telmo) નામનો મેહેલ જોવા ગયા. એ મેહેલ અસલના ફ્રાંસના પદભ્રષ્ટ રાજા લુઈ ફીલીપનો છોકરો ડયુક ઓવ મોનપેનશીઅર

જે સ્પેનની પદભ્રષ્ટ રાણી ઈસાબેલાની બેનનો વર થાયછે તેનો છે. એ મેહેલ અસલ કોલમબસના છોકરા ફરનેન્ડોએ દરીયાને લગતી કોલેજ સારૂં સને ૧૬૮૨ માં બાંધ્યો હતો અને પાછળથી એ ડયુક-ના વડાઓને આપ્યો હતો. એ મેહેલ બીજા મેહેલોના જેવો ઘણો ભપકાદાર નકશી યા ગીલીટનો કીધેલો નથી તોબી સારો છે, પણ તેમાં જોવા લાયકતો પીકચર ગેલેરી છે જેના ઓરડાઓના ઓરડા ભરેલા છે અને સઘળાં અસલ માસ્ટરોના હાથનાં ચીતારેલાં છે તેમાં Velazquez, Olevares, Zurbaran, Morales, El Greco, Bocanegra, Francisco Goya, વેલસકવેઝ, ઓલીવરસ, ઝરબારન, મોરેલસ, એલ ગ્રેકો, બોકેનગ્રા, ફ્રાનસીસકો ગોયા, એ બધા સ્પેનીશ ઉસ્તાદોનાં હાથનાં તથા બાહાર દેશનાં બીજાં રૂબન ઈત્યાદીનાં હાથનાં ચીત્રો ઘણાં જોવા લાયક છે. એ ઉપરાંત મોઝાક વર્કની ટેબલો (રોમના જેવી) ઊંચી ઈનલેડ વર્કની કેબીનેટો ઈત્યાદી નવાઈની ચીજો ઘણી સરસ છે. ફરનીચર પણ દરેક હોલમાં તથા ઓરડામાં જુદીજુદી જાતનું છે. કોઈમાં ભરતકામની લાઈનીંગો છે, કોઈ ફરનીચર સીપનું કોચ, ખુરસી, ટેબલ, આરસી સુધાં એવું એવું જાત જાતનું છે. એને લગતો બાગ પણ ઘણો મોટો અને જોવા લાયક છે. તેમાં હેવેના દેશનું એક જાતનું ઝાડ છે જે ઘણું મોટુ તેમ જલદી ઉગી નીકળે છે તે જોવા લાયક છે. તેને Sapoli સાપોલી કરી કહેછે. તેનું થડ ઘણુંજ જાડું છે અને તે આસરે ૩૦ ફીટનાં ઘેરાવાનું ૩૬ વર્ષમાં થયું છે. એ જોઇ ને અત્રેની સરકારનું તમાખુની બીડી તથા તપકીર બનાવવાનું કારખાનુ જોવા ગયા હતા. એને ઈહાં La Fabrica de Tobacos લા ફેબ્રીકા દી તોબેકોસ કહે છે. એની ઈમારત ઘણી મોટી ૬૬૨×૫૨૪ ફીટની સને ૧૭૫૭માં એક ડચમેનનાં પ્લાન પરથી બાંધી હતી, અને એની આસપાસ પાણીની ચર રાખી છે કે બીડી કોઇ બહાર લઇ જાય નહીં. એ કારખાનામાં હાલ ૭૦૦૦ ઓરતોને કામે રાખેલી છે અને વર્ષે દીને નજદીક ૨૮ લાખ રતલ નાની મોટી બીડીઓ ત્યાં બને છે. એક ઓરત જો ઘણી હુશીયાર હોય તો ૫૦ બીડીનાં ૮થી ૧૦

બંડલ રોજનાં બનાવી શકે. તે દર બંડલની ૨ પેન્સ લેખે તેઓને લવાજમ મળે છે. તમાકુ અમેરીકાના સ્પેન હસ્તકના દેશ હેવેનાથી એ સરકારના બાગમાંથીજ તેની ગાંસડી બાંધીને ઈહાં મોકલે છે. તેને પેહેલાં છુટો પાડીને નાનાં ભાગેલા પાદડાંનો ગોળ વીતો કરે છે અને જેટલી જોઇયે તેટલાં કદની કરીને તેની ઉપર લાંબા પાદડાં-વાળો તંબાકુ વીંતાળી લઇ કોર સરખી કાપી તૈયાર કરે છે. એ વખ્તે તંબાકુ પોચ્ચો રાખવા સારૂં હેવેનાથી સુક્કો આવે છે તેને ભીણુવેછે, પણ બીડી કીધા પછી છ મહીના સુધી તેને બાકસોમાં ભરી રાખી એમજ સુકવ્યા પછી તે વેચવા લાયક થાય છે. જુદા જુદા ઓરડા-ઓમાં એ બનાવવા ઓરતોને રાખી છે. તેમાં સૌથી ઘણા લાંબા ઓરડામાં એકી વખ્તે ૩૦૦૦ ઓરતો કામ કરે છે તથા તેઓનાં નાનાં છોકરાંઓ ધાવતાં હોય છે તેઓને હારબંધ નાનાં પાળણાંઓમાં સુવાડી રાખે છે તે ઘણું જોવા લાયક છે. એ બીચારાં નાનાં બચ્ચાંઓ શી રીતે આવા તંબાકુના વાસવાળા ઓરડામાં જીવી શકતાં હશે અને એ લોકોની તબીયત આગળ ચાલતાં અલબતાં ઘણી નબળી રેહેવી જોઈયે. પણ જે ઓરતો કામ કરતી હતી તેઓ ઘણીખરી તનદરોસ્ત હાલતમાં દીસતી હતી. તે ઉપરથી એનો વાસ જોવા મેળે તનદરોસ્તીને હરકત કરે તેમ લાગતો નથી. એ તંબાકુ બનાવનાર ઓરતોનો એક જુદો વર્ગ હોય તેમ તેઓમાંનીઓજ એ કામ કરે છે. આજે દુનીયાંમાંનો એક વખણાયલો સારંગી વજાડનારનો કોનસરટ હતો તે જોવા ગયા હતા જે ઘણો જબરો ઉસ્તાદ હતો. અમોએ કોઈ દીને એવો વજાડનાર જોયો નથી, તે ઘણો ઝીણો અને ઉંચી "કી" પરથી એકદમ જાણે પવન દોડે તેમ જાડી "કી" ઉપર જતો ને કોઇ વખ્તે એજ પ્રમાણે Stucatt વજાડતો હતો જે સાંભળી બધુ લોક તેને " એનકોર Bravo " કરી સાબાશી આપતું હતું. ઈહાં સેવીલ શેહેરમાં કાંઇ ઘણું જોવા લાયક નહી હોવાથી અમો આજે પાછલી રાતનાં ૪—૧૫ ની ટ્રેનમાં બેસી લીસબન જવા ઉપડયા હતા. સેવીલ શેહેર તથા પ્રાંતો અસલ રોમનોએ લીધો હતો ત્યાર પછી ગોઠસોનાં હાથમાં છઠ્ઠી સદી

સુધી રહ્યું અને સ્પેન દેશને જયારે મુર લોકોએ જીત્યું તે વખ્તે કાલીફ વાલીદને હસ્તક થયું. એનાં પાદશાહ ડોન રોડ્રીકને તખ્તપરથી તેણે ઉઠાડી મુક્યો જેની બાયડીએ શેહેરને જીતનાર મુસલમાન મુસાઇબ્ન નસરના વડા છોકરા સાથે નાત્રું કીધું હતું. તે સને ૭૫૬ સુધી દામાસકસનાં કાલીફિને હસ્તક રહ્યું, પણ તે વખ્તે અબ્દુલ રેહેમાને હુલ્લડ કરી કોરડોવા ઉપલા કાલીફથી છુટું પાડી પોતે લીધું હતું ત્યારથી એ સેવીલ પણ તેને હસ્તક થયું. તે સને ૧૦૦૯માં એ ખાનદાનની પાદશાહી ગઈ ત્યાં સુધી રહ્યું હતું ને તે વખ્તે પોતપોતાનાં એ ખાનદાનીઓ લડી મર્યાથી સેંટ ફરડીનાન્ડે તેને કોરડોવાની સાથેજ જીતી લીધું હતું. સને ૧૨૪૮માં ત્યાર પછી તે ખ્રીસ્તીઓના હાથમાં છે. સેવીલનાં મોહોલાઓ ગ્રેનેડા તથા કોરડોવા કરતાં સારા છે પણ સાંકડા તેઓનાજ જેવા છે. ઘેરો પણ સારી બાંધણીનાં છે. ઇહાંથી ૪૦ મૈલ દુર દરીયો છે ત્યાં સુધી ઇહાંની નદી જાય છે તેથી મોટાં વાંહાંણો છેક શેહેરમાં આવી શકે છે ને વેપાર પણ થોડો ઘણો ચાલે છે, પણ એ બાબદમાં માલાગાને પોંહોંચે નહીં. અમો આજે સાંજનાં સેવીલનું "મ્યુઝીયમ" જોવા ગયા હતા જયાં ઘણાં ખરાં મુરીલોના આસરે ૨૯ ચીત્રો ને તે સીવાય બીજા ઉસ્તાદોના હાથનાં ચીત્રો પણ જોવાલાયક છે તે સીવાય બીજું કાંઈ જોવાલાયક નથી.

તા૦ ૧૧ મી મે સને ૧૮૮૭ ને વાર બુધ—આજે આખો દીવસ આગગાડીમાં સેવીલથી લીસબન જતાં થયો હતો. પેહેલાં તો પાહાડી જમીન ઘણીખરી મળી, જે ઉપર ઓલીવસનાં ઝાડો તથા ખેતીવાડી મોટા ભાગ ઉપર હતી. ત્યાર પછી બેડેજોઝ (Badagoz) જે સ્પેનની સરહદ ઉપર આવેલું શેહેર છે ત્યાં સુધી સપાત જમીન સારી ખેતી તથા દરાખના માડવા સાથની મળી હતી. બેડેજોઝનાં એક સ્ટેશન આગળ જતાં પોરટુગીઝ સરકારની હદ આવે છે, જયાં રાતનાં આઠ વાગે પુગ્યા હતા ત્યાં અમારો સામાન દારૂ યા તમાકુ સારૂં ગાડીમાંજ તપાસ્યો હતો ત્યાર પછી આખી રાત ગાડીમાંજ કાહાડી હતી. એ બાજુ ઉપર સુવાની ગાડીઓ તદન મળતી નથી પણ સારાં ભાયગે સ્પેનમાં જયાંથી

અમો ફરીયા હતા ત્યાં અમને જુદો "કમપાર્ટમેન્ટ" અમો બીડી નહીં પીતા હતા તેથી મળ્યો હતો, કારણકે જેબી સ્પેનીઅર્ડો ગાડીમાં બેસે છે તે આખો વખત બીડી પીયેછે અને વળી ગાડીના કાચ પણ ગરમી પડેછે તોબી આખો વખત ચહડાવી રાખેછે જેથી તેમાં બીડી નહીં પીનાર બેસનારને ઘણી અગવડ પડે તેથી નહીં પીનાર સારૂં એક "કમપાર્ટમેન્ટ" હમેશાં છુટો રાખવાથી અમો તેમાં એકલાજ બેસતા હતા. તે મુજબ આજ રાતનાં પણ બેજ જણા હોવાથી સુઇ શકીયા હતા, નહીં તો કે જો બીજાઓ હતે તો બેસીને રાત કાહાડવી પડતે. અમો માલાગા ઉતર્યા હતા ત્યારથી તે આજ સુધી ગ્રેનેડા સીવાય બધાં ગામોમાં ગરમી જેમ મુંબઈમાં મે માસનાં જેવી પડી હતી ને આ ગરમીનો વખત હોવાથી હમેશાં તેમજ રહેછે.

તા૦ ૧૨ મી મે સને ૧૮૮૭ અને વાર ગ્રેઉ રોજ આસમાન અને માહા આવાંઈઝદ—આજે સવારનાં છ વાગે અમો લીસબન શેહેરના સ્ટેશનપર પુગ્યા હતા. જયારથી ઉજાસ પડવા માંડયો (આસરે ચાર વાગેથી પડેછે પણ અમો પાંચ વાગે જાગ્યા હતા) ત્યારથી આસપાસનાં ખેતરો લીલોતરી ભરેલાં તથા દરાખના માડવા, નારંગીનાં ઝાડો તથા ઓલીવસનાં ઝાડોની ઘટાથી ભરેલાં દીસતાં હતાં. લીસબન પુગવાની આસરે પોણો કલાક આગમચ ત્યાંની વખણાયલી ટેગસ (Tagus) નદી મળી હતી જે પેહેલાં તો જાણે દરીયો હોય તેમ પેલી બાજુએ પાણી અને આસમાન સીવાય કશું દીસ્તું ન હતું, પણ જેમ નજદીક આવતા ગયા તેમ જરા જરા સાંકડી થઈ ગઈઅને આસરે બે માઈલની પોહોળાઇપર લીસબન શેહેર શરૂ થયું હતું. એ જગ્યાપરથી વાહાણો તથા આગબોટો ટપેટપે શરૂ થઇ હતી તેમાં ઘણાંખરાં બુચનાં ઝાડની છાળ તથા વાઈનનાં પીપો ભરાતાં હતાં. અમો સ્ટેશનપર લીસબનમાં ઉતરીને (જયાં અમારો સામાન ફરીથી કસટમવાળાઓએ તપાસ્યો હતો) ઇહાં (Grand Hotel Central) ગ્રાંડ હોટલ સેનત્રલ માં ઉતારો લીધો હતો અને નવ વાગે શેહેર જોવા નીકળ્યા હતા તે પેહેલાં

ઈંહાંનું દેવળ જોયું જેનો બાહારનો દેખાવ દમણ તથા વસાઈમાં જે ફીરંગીનાં જુનાં દેવળો છે તેને મળતો આવે છે. એની અંદરનાં ચેપલો તથા આલટર સ્પેનનાં બીજાં દેવળો આગળ જોતાં ઘણાં સાદાં લાગતાં હતાં. ફક્ત ઉંચાઇમાં અંદરથી સારાં છે અને થાંભલાઓ ચાર થાંભલાની વચ્ચે ગોળ બીજા થાંભલાઓનાં કરી ઘણા મોટા કીધેલા હતા. એની દેવાલનો નીચેનો ભાગ મીનટન ટાઈલની તરેહ તથા ચીતારનો બનાવેલો છે. એ દેવળ સને ૧૬૨૨માં બાંધેલું છે. એ જોઇને અત્રેનાં બ્રેગેનઝા વંશના પાદશાહો (હમણા પાદશાહ છે તે ખાનદાન)ની દાટવાની જગોવાળું દેવળ જેને Igreja E. Mostiero De S. Vicente અથવા સેંટ વીનસેન્ટ કરી કહે છે તે જોવા ગયા હતા. એ દેવળ સને ૧૧૪૭માં ઓલફોનસો હેનરીકે લીસબન જીત્યું તેની યાદમાં બાંધ્યું હતું અને તે સેંટ ઓગસ્ટીનવાળા મઠવાસીઓને સોપ્યું હતું તે ચાર સદીમાં ભાગી પડતી હાલતમાં આવવાથી તે વખ્તે સ્પેનનો રાજા ફીલીપ બીજો જેણે લીસબન આગળા રાજાઓ પાસેથી ગળે પડીને છીણવી લીધું હતું તેણે લીસબનની રૈયતને ખુશી કરવા એ દેવળ નવેસરથી સને ૧૫૮૧ માં બાંધ્યું હતું જેનો પાયો ખણતાં રોમના વેસપીશીઅન શેહેનશાહાને નામની તખ્તી મળી હતી. એ દેવળ ૪૫ વર્ષે સને ૧૬૨૭ માં બંધાઇ તૈયાર થયું હતું.. એની બાહાર દરવાજા આગળ મુખરાપર સાત પવીત્ર પુરૂષોનાં પુતળાંઓ મુકેલાં છે. એનાં હાઇ આલટરની બાજુપર બીજાં બે ચેપલો છે જેમાંનું એક વરજીન મેરીવાળું અસલનું છે તે સઘળું સંગેમરમરનાં રંગીન પથ્થરનું ઈનલેડ વર્કનું બનાવેલું છે અને તેની સામે અસલ એવુંજ હતું તે ઈંહાંના મોટા ધરતીકંપ વખ્તે પડી જવાથી તેની લાકડાંની નકલનું બનાવ્યું છે. એ છેલ્લાં આલટરની હેઠલ હાલનાં બ્રેગેનઝાના પાદશાહી ખાનદાનના અસલ વડા Nuino Alvaros Pereira ને દાટેલો છે. હાઈ આલટરની જમણી બાજુએ એક ઓરડામાં પોરટુગલના (પેટ્રી આર્કેસો) વડા પાદરીઓ જેઓ બધા કારડીનલો હતા તેઓનાં મુડદાંની પેટીઓ મુકેલી છે જેમાંનો સૌથી જુનો ૪૬ વર્ષ પર મુવો હતો. એવા ૭ પાદરીઓના કફન છે તેમાંનો સૌથી છેલ્લો

પાદરી સને ૧૮૮૩માં મરણ પામ્યો હતો તેનું કફન ઊંધાડું રાખીને તેનીપર કાચ જડેલો છે જેમાંથી તે સુતેલો દીસે છે. એ મુડદાંની ઉપર સફેદ ફુગ આવી ગયાથી તેનું મોહોડું તદન દીસતું નથી. એ પાદરીઓ કારડીનલ હતા તેથી તેઓની કારડીનલની લાલ તોપીઓ તેઓના કફન આગળ દેવાલપર લટકાવી રાખી છે. હાઇ આલટરની બેઉ બાજુથી જરા દુર હમણાના પોરટુગલના પાદશાહના ખાનદાનના આગળા પાદશાહ રાણીઓને એક મોટા લાંબા ઓરડામાં કફનોમાં પ્લેટફોર્મની ઉપર ચારે બાજુ હારબંધ મુકેલાં છે તે માંહેના પેહેલા પાદશાહ ડોન જુઓનનું કફન એક મોટા સંગેમરમરના પથ્થરની કબરમાં મુકેલું છે. બાકીની સઘળી કફનો દેખાઇતી રાખી છે. વચમાં ડોન પેરો ચોથાની કફન છે જે બ્રેઝીલનો શેહેનશાહ તથા પોરટુગાલનો રાજા હોવાથી તેની કફન ઉપર બે તાજો એ બેઉ દેશોનાં મુકેલાં છે. એનીજ હારમાં વચમાં એક બીજા પ્લાટફાર્મ ઊપર હમેશાં જે છેલ્લો પાદશાહ મરે છે તેની કફન રાખે છે તે મુજબ હમણાંના પાદશાહનો ભાઈ ડોન પેરો પાંચમાંની કફન તે ઉપર મુકેલી છે જે એની પછીનો પાદશાહ મરશે ત્યારે ઉચકીને બાજુપર મુકીને તે નવા મરનારને એ ઊપર મુકશે. સૌથી છેલો હમણાંના રાજાના બાપ ડોન ફરનાન્ડો જે સને ૧૮૮૫ ના ડીસેમ્બરમાં મરી ગયો હતો તેનું કફન છે તે ઉપરથી કાચ મુકીને મુડદુ દેખાઇતું રાખેલું છે. એ મુડદું જાણે હમણાંજ તે મરી ગયો હોય તેવુ લાગે છે પણ એની ઉપરબી ફુગ થોડી થોડી એનાં કપડાં ઉપર આવવા લાગી છે. એ ધણી પોતે શેહેનશાહ નહીં હતો, પણ ડોન પેરો ચોથાની છોકરીનો બીજો વર થતો હતો, જે છોકરી મેરાયા બીજી તખ્ત ઉપર આવી હતી ને તેને પેટે આગળો તથા હમણાંનો પાદશાહ અવતરેલો છે તેઓની એણે તપાસ રાખી હતી અને તે લોકોમાં એટલો તો પળોતાયલો હતો કે તેના કફન ઉપર જથ્થાબંધ ફુલોનાં હારો તથા સ્થંભો જાતજાતનાં જુદા જુદા દેશનાં રાજાઓ તથા રૈયતની તરફનાં આવેલા મુકેલા છે. એ જોઇને અત્રેની બજાર જોવા ગયા હતા. જે કારખાનાઓનાં જેમ છુટા છુટા કાચનાં છાપરાંઓ આવે છે તેવી છાપરાંની

ઘણી મોટી અને સારી ઢબની બાંધેલી છે. તેમાં ઘણી જાતનો મેવો તેમાં સ્ત્રાબેરીઓ ઘણી મોટા કદની તથા ચેરીસ લોકવાટ ઇત્યાદી જાતનાં ફળો તથા ગોસ, શેકાર સઘળું વેચવા મુકેલું હતું. એવી થોડીજ બજારો મોટાઇમાં બીજા યુરોપનાં દેશોમાં હશે. ત્યાંથી કારમેલાઇટ મંકસોને લગતા છેલ્લા ધરતીકંપમાં પડી ગયલાં દેવળનાં ખંડીયરો જોવા ગયા. (એ ધરતીકંપ દુનીયાના ધરતીકંપોનાં સૌથી જબરદસ્તમાંનો એક ગણાય છે, જે સને ૧૭૫૫ માં લીસબનમાં થયો તે વખ્તે નજદીક પોણું શેહેર તારાજ કરી નાંખ્યું હતું. અને ત્રીસ હજાર માણસો તેમાં દટાઈ મુવાં હતાં) તેનું છાપરૂં તથા ઘુમટ સઘળું પડી ગયું છે પણ આરકાંઓ જોકે નજદીક ૬૦થી ૮૦ ફીટ ઉચાં છે તે છુટાં ટકી રહ્યાં છે જે ઘણાં સરસ લગે છે. એ દેવળને લગતી પથ્થરની નકશીની બારીઓ તથા બીજો સામાન ત્યાંજ ગોઠવીને મુકયો છે અને હાલ તેને મ્યુઝીયમ જે પાસેજ આવેલું છે તેનો એક ભાગ હોય તેમ બનાવી તેમાંથી જવાનો રસ્તો રાખ્યો છે. એ મ્યુઝીયમ બંધ હોવાથી અમો તે જોઈ શકયા નથી.

પછી સેંટ રોકનું (St. Roque) દેવળ જોવા ગયા હતા. એમાં આરસીઓ ઘણા નામીચા ચીતારાઓની પાડેલી છે. પણ સર્વેથી સરસ એમાંનું જોન ધી બેપટીસ્ટવાળું ચેપલ જોવા લાયક છે, જેના જેવું બીજું ચેપલ પોરટુગલમાં તો શું પણ રોમ સીવાય બીજા કોઇ પણ દેશમાં નથી એમ કેહેવાય છે. એ ચેપલ સને ૧૭૧૮માં જોન પાંચમાએ શણગારી બંધાવ્યું હતું તે વિષેની વીગત જાણવા જોગ હોવાથી અત્રે લખીયે છીયે. એ સને ૧૭૧૮નાં સાલમાં સેંટ ઇગનેશીઅસ લાઓલા જે જેસુઈટસોનો સ્થાપનાર હતો તેના મરણનો દીવસ પડયો ત્યારે ઊપલો પાદશાહ એ દેવળ જે તે પંથના હાથમાં હતું ત્યાં ભણુવા ગયો, તે વખ્તે તેણે બધાં ચેપલોમાં ઘણી રોશણી તથા શીંગાર જોયો પણ આ ચેપલમાં તેવું કશું જોયું નહીં તેથી તેનું કારણ પુછવાથી માલમ પડયું કે બીજાં ચેપલો જે છે તે જુદા જુદા પંથના પાદરીઓનાં

હસ્તકમાં હોવાથી તેઓ તેને શણગારે છે. ત્યારે એ પાદશાહ બોલ્યો કે, "જ્યારે એ ચેપલ મારા નામવાળા (St. John the Baptist) સેંટ જોન ધી બેપટીસ્ટને અર્પણ કીધેલું છે ત્યારે હવેથી હું એની તપાસ લઇશ." એમ કહીને તે ચેપલને ભરીને તેની વીગત રોમ મોકલાવી પોતાના ત્યાંના એલચીને હુકમ કીધો કે એક ચેપલ સૌથી સરસ સામાનનું ખરચની કાંઇ દરકાર કીધા વગર બનાવવું. જેનો ફરમો (Vanvitelli) વેનવીતેલી એ બનાવી લીસબન જોવા મોકલ્યો, તે પાદશાહે પસંદ કરી તેના ખરચ સારૂ ન મનાય એટલી રકમો મોકલાવી હતી. એ ચેપલ પુરૂં થયું ત્યારે તેને રોમનાં સેંટ પીટરનાં દેવળમાં ઉભું કીધું અને તેને પોપ બેનીડીકટ ૯માએ ઇજીને પેહેલી માસ mass તેપર ભણ્યો હતો જે સારૂં તેને સોનાં તથા હીરા મઢેલો એક પ્યાલો (chalice) એક લાખ રૂપીયાની કીમ્મતનો એ પાદશાહે ભેટ મોકલ્યો હતો. ત્યાર પછી તેને છુટું પાડી ઇહાં લાવી ગોઠવ્યું પણ તે પુરૂં થાય તે આગમચ તો પાદશાહ પોતે મરણ પામ્યો હતો. પણ એની પછીના પાદશાહ જોસફ પેહેલાએ સને ૧૭૫૧માં તે ખુલ્લું મુકયું હતું. એ ચેપલની બાહારની દેવાલ 'કોરલ' બનાવી છે અને તેને મોટા પડદાથી હંમેશાં ઢાંકેલુ રાખે છે. અંદરનાં આરકાંનો ભાગ આલાબાસ્ટરનો બનાવેલો છે. તેને લગતાં બે બાજુ પરના બારણાંઓ બ્રાન્ઝ ધાતુની ઉંચી નકશીનાં બનાવેલાં છે. દેવાલ કાળા સંગેમરમર, આલાબાસ્ટર અને બીજા ઉંચાં પથ્થરની છે. તે દરવાજાનાં મથાળા ઉપર મોઝાકવર્ક (જેવું રોમના સેંટ પીટરના દેવળમાં છે તેવું) ની બે સબી ગોઠવી છે. એ મોઝાક જીણા જીણા રંગીન પથ્થરો ગોઠવીને બનાવે છે જે એવું તો સરસ "લાઇટ શેડ" સાથનું હોયછે કે આપણે જો તે મોઝાકવર્ક છે કરી જાણતા નહીં હોઇયે તો તેને ઓઇલપેનટીંગ સમજીયે અને તેની ઉપર હાથ ધસીયે છીયે ત્યારે ઠંડું લાગેછે તેથીજ ખાતરી થાયછે કે મોઝાકવર્ક પથ્થરનું છે. એની કોરનીસ તથા સીલીંગ સઘલું Jald Antique નામનાં ઉંચા પથ્થરનીછે. આલટરની ઉપર એક મોટું મોઝાકવર્કનું જોન ધી

બેપટીસ્ટ ક્રાઈસ્ટને બેપટીઝમ આપેછે તેનું પુતળું મુકેલું છે. તેમાં મથાળે ફરેસ્તાઓ પાડી ક્રાઇસ્ટને જોરડન નદીમાં જાણે આબાદ પાણીમાં ઉભો હોય તેમ તેના પગો પાણીમાંથી દીસવા ઉપરાંત તેનો છાંયડો પણ પાણીમાં પડતો હોય તેવો પાડેલોછે અને તેને જોન બેપટીઝમ આપતાં માથા ઉપર પાણી રેડે છે તેબી ઘણુ સરસ પાડેલું છે. તે ચીત્ર અસલ રોમનાં સેંટ પીટરનાં દેવળમાં માઈકલ એનજીલોનાં પાડેલાં ચીત્ર ઉપરથી ઉતારી લીધુંછે તથા બેઉ બાજુપરનાં ચીત્રોબી ત્યાંના ઉસ્તાદ ચીતારાઓ ગાઇડો રેનીતું એનનસીએશન (Annunciation by Guido Reni) અને ડીસેંટ ઓવ ધી હોલી ઘોસ્ટ રેફેઅલનું (Descent of the Holy Ghost by Raphael Sanzis da Urbins) પાડેલાંની નકલોછે. એ દરેક મોઝાકવર્કની આરસીઓની બેઉ બાજુએ લેપીસ લેજુલી નામના ઘણાજ ઉંચા પથ્થરની પોપડીઓના થાંભળા બ્રાન્ઝ ધાતુનાં મથાળાં અને જાલડ એનટીકનાં એલેબાસ્ટરનાં પાયા (Basis) ઉપર મુકેલાછે. એ થાંભળાઓની પાછળની દેવાલ આલાબસ્ટર તથા એમેથીસ્ટ નામના પથ્થરોની છે તથા ફરેસ્તાઓનાં પુતળાંઓ (Jasper) જાસપરના ઉંચા પથ્થરનાં બનાવેલાંછે. આલટર અને મોઝાકવર્કની વચમાંની જગ્યા કોરલ એમેથીસ્ટ તથા લેપીસ લેજુલીની બનાવેલી છે તેના આલટરના ટપ્પા બ્રોન્ઝ ધાતુના અને આખું આલટર જાસપર એમેથીસ્ટ અને લેપીશલેજુલી ભેલસેલનું બનાવેલું છે. એની જમીન રંગીન પથ્થરની ગલીચાના જેવી બનાવી તેની વચમાં દુનીયાનો દડો પાડેલોછે. એ ચેપલમાં ત્રણ મોટાં રૂપાંનાં ફાણસો લટકેછે તથા બે મોટા કેનડેલેબરા આઠ ફીટ ઉંચાઇના બે ગમ મુકેલાછે તે ઉપર ફરેસ્તાઓ તથા સેંટોનાં પુતળાંઓ ખુલ્લાં કોતરેલાં છે. એ કેનડેલેબરા જે સંગીન રૂપાનાં છે તે એટલાંતો ભારીછે કે દરેકને ઉંચકવા ચાર માણસો જોઇયે છે અને તે ઉપર રૂ૧૯૦૦૦૦ નો ખરચ બેઠોછે. એ ચેપલને લગતો બીજો ઘણો સામાન ઉંચો કરી રાખેલો છે તેં ઘણો કીમતી છે તે એ સેંટનાં દિવસ પરજ બાહાર કાહાડે છે,

તેમાં એક રૂપાંનો Frontal છે જેમાં બે ગમ ત્રણ ફીટ ઊંચા રૂપાનો ફરેસ્તા પાડેલા છે તેની કીમ્મત ફકત પચાસ હજાર રૂપીયાની છે. બીજી કેટલીક ‘relics’ યાને આગળા વખતની પૂરાની જણસો છે તેનું રૂપું ૬૦૦ રતલ વજનમાં છે ને સુનેરી દોરાનો વણેલો એક ગલીચો છે તે રૂ૭૦૦૦૦ ની કીમ્મતનો છે. એ ચેપલ પર ખરચ રૂપીયા વીસ લાખનો શામન વગર થયલો કહે છે ને તે કદમાં ભાયગે દશ ફીટ પોહોળું ને ૧૫ ફીટ ઊંચું હશે. એનો પડદોબી સોનેરી કસબી તે વખ્તના ભરતનો છે. પણ જાણે આજે બનાવેલો હોય તેવો સરસ દીસે છે. એવા ૧૨ છુટા પડદાઓ છે જે વારા ફરતી બદલ્યા કરે છે. એ ચેપલની સાંમે બીજું એક ચેપલ સેક્રેમેન્ટનું છે તેબી ઉંચા સંગેમરમરનાં રંગીન પથ્થરનું બનાવેલું છે ને તેમાં દરાખના ઝુમખાઓ, પુતળાંઓ તથા બેસુમાર માણસનાં ડોકાંઓ કોતરેલાં છે જે ઉપર રંગ તથા ગીલીટ પણ ઘણી સરસ હોવાથી ઘણુંજ સરસ લાગે છે. એનાં આલટરના થાભળાઓની વચ્ચે ચાર ખુણાં કીધાં છે તેમાં પુતળાંઓ ગોઠવેલાં છે. એ સીવાય બીજાં છ ચેપલો એ દેવળમાં છે તે સઘળાં જોવા લાયક છે. તેમાંની બેની દેવાલ ઈનલેડ રંગીન પથ્થરની જેવી હીંદુસ્તાનમાં આગરાના તાજ મેહેલમાં છે તેવી કીધેલી છે, પણ સેંટ જોન વાળા ચેપલની બરોબરી એ બીજાં ચેપલો કરી શકે નહીં. જો કે એવાં બીજી ગમ હતે તો તેઓનીબી તારીફ ઘણી થતે, પણ આની આગળ તે જાણે કશી બીસાદમાં ગણાતાં નથી. એ દેવળ જોઇને સેંટ જીરોમનું દેવળ ત્રણ મૈલ દુર છે તે જોવા ગયા હતા અને એ અસલ સેંટ મેરાયાડી બેલમ (De Belem) મઠને લગતું હતું. એ દેવળ જયારે વાસકોડી ગામા (જેણે હીંદુસ્તાનનો દરીઆનો રસ્તો કેપને માર્ગનો પેહેલાં સોધી કાહાડયો હતો.) પોતાની મુસાફરીએ નીકળ્યો ત્યારે એ જગ્યાપર એક નાનું ચેપલ હતું ત્યાં છેલ્લી ખોદા પાસે દુવા માગી વાહાંણ ઊપર ચહડયો હતો. (તા૦ ૩ જી જુલાઇ સને ૧૪૯૭ ને દીને ચાર વાહાંણો ૧૪૮ માણસ

સાથે ટેગસ નદીમાંથી બેસી નીકળ્યો હતો.) તે બે વર્ષે હીંદુસ્તાનથી ઘણો ખજાનો લઇને પાછો આવ્યો ત્યારે તે વખતના પાદશાહ ડોન મેન્યુઅલે તેની યાદગારીમાં ઉપલું દેવળ બંધાવ્યું હતું અને તેનો સઘળો ખરચ ઉપલા ખજાનામાંથી કીધો હતો. સને ૧૫૦૦માં એનો પાયો નાંખ્યો હતો. તે ઘણાં વર્ષે એની પછીના પાદશાહ જોન ત્રીજાના વખ્તમાં તૈયાર થયું હતું.

એ દેવળ જાણે વચમાં ગોળ ગુંબજ રોકું અને તેની ચારે બાજુ પર લાંબા હાલો હોય તેમ બંધાવ્યું હતું. એના બાહારના પોર્ટીકોપર આરકામાં ઘણી નકશી તથા પુતળાંઓ પથ્થરની અંદર કોતરેલાં છે તે એટલાં તો છે કે જાણે આખું આરકું તથા તેની ઉપર સઘળું જાણે પુતળાંઓનુંજ હોય તેમ દીસે છે. એ બારણાંની બેઉ બાજુએ ઉપરથી એ દેવળ બંધાવનાર રાજા ડોન ઇમેન્યુઅલ અને તેની રાણીનાં પુતળાંઓ છે અને બારણાને મથાળે ડોન હેનરીક કે જે શાહાઝાદો નવા દેશોની શોધ કરવા તથા કરાવવામાં ઘણી મદદ તથા મેહેનત કરતો હતો તેનું પુતળું છે. તે ઉપરાંત ૧૨ એપોસટલસો (ક્રાઇસ્ટના ચેલાઓ) નાં પુતળાંઓ પણ બીજી બાજુથી મુકેલાં છે અને સર્વેને મથાળે સેંટ માઇલકને ઉડતો પાડેલો છે. દેવળમાં અંદર જતાં પેહેલું ધ્યાન આપણું ચાર મોટા ઘણા ઊંચા થાંભલાઓ ખેંચે છે. તેઓ આસરે પચાસ ફીટની ઉપરનાં ઘણા નકશીનાં, નાજુક દેખાવના, તથા જાણે એની ઉપરના ઘુમટને ઊચકવાને બીનશક્તિવાન હોય, તેવા લાગે છે. એ ચાર થાંભલાઓની ઉપર એક ઘણો મોટો ઘુમટ (Vaulted Roof) ૯૦ ફીટ પોહોળો તથા ૬૬ ફીટ ઊંચાઇનો ટેકવ્યો છે. થાંભલાઓ સફેદ સંગેમરમરના છે તે ઉપર જાનવરો, પંખેરાંઓ, પાંદડાં ઈત્યાદી કોતરેલું સરસ છે, એ થાંભલાઓની વચ્ચેથી આંઠ ગોખલા પુતળાં રાખવા સારૂં કીધેલા છે. એ થાંભલાઓની વચમાં ઘણાં મોટાં તથા ઊંચ્ચાં આરકાંઓ છે. જેની ઉપરથી પથ્થરના પુસ્તાઓ જાણે છત્રી ઊંધી ઉઘાડેલી હોય તેવી રીતે અર્ધ ગોળ તદન થાંભલા તથા

આરકાંથી અલગા ચારે બાજુનાં ખુણામાંથી નીકળેલાં છે, અને તે પુસ્તાઓની વચમાં પેલો ગંજાવર ઘુમટ જાણે અલગ ટેકવી રાખેલો છે. એ ઘુમટની હેઠલ આડાઅટારા ઉપરથી વાળેલા ભારવતીઆ હોય, તેમ એક એકની અંદરથી તે ગોઠવીને તે ભારવતીઆઓને એક એક સાથે ટેકવી તે ગુંબજ તેની ઉપર અલગો બનાવ્યો હોય તેમ દીસે છે. તેનો દેખાવ આપણને નીચેથી એવો લાગે છે કે જાણે ઘુમટ તદન અલગો ચાર થાંભલાપરનાં આરકાં ઉપર ટકેલો છે અને હમણાં હેઠે તુટી પડશે. એને વાસ્તે કહે છે કે, જ્યારે એ ઘુમટ તૈયાર થઈ રહ્યો અને તેની હેઠેલ ટેકાવ સારૂ જે પરાંચ તથા લાકડાં હતાં તે કાહાડવાનો વખ્ત આવ્યો ત્યારે બીજાઓ તેના બનાવનારને ઠપકો આપવા લાગ્યા કે જો પરાંચ કાહાડીશું તો ઉપરનો ગુંબજ તુરત પડી જશે, જો કે તેની પોતાની ખાતરી હતી કે એમ નહી થશે. પણ પાદશાહના ધાકથી બીધો કે તે પરાંચ કાહાડયા આગમજ તેને તે મારી નખાવશે તેથી પોતે કેથે સંતાઇ રહ્યો ને પાદશાહાનાં મગજમાં પણ એ ધાસ્તી એટલી તો બેસી ગઇ હતી કે તેણે મારી નાખવાની ટેપ આપેલા બંધવાઓને કહ્યું કે "એ પરાંચ તમો ઉતારો ને જો તમો તેમાં દબાઇ નહી મરશો તો તમોને માફી આપીશું." તે મુજબ તેઓએ પરાંચ છોડી નાંખી. પેલો ગુંબજ જેવોને તેવો વગર પડવે ટકી રહ્યો ને તે બંધવાઓને માફી મળવાથી તેજ પરાંચના ઘેરો બાંધીને તેઓ પાછળથી સારી ચાલ ચલણથી રહ્યા હતા. એવી રીતનું સરસ એ કામ બાંધેલું છે કે ત્યાર પછીનાં લીસબનમાં થયલા ધરતીકંપની વખ્તે જ્યારે ઘણી મજબુત હવેલીઓ તથા દેવળો પડી ગયાં ત્યારેબી એ ગુંબજને કશું નુકશાન થયું હતું નહી ને આજેબી જેવીને તેવી હાલતમાં લોકોની અજાયબી વચ્ચે તે થોભેલો છે. એ દેવળની જમીન લાલ, સફેદ તથા ભુરા રંગના સંગેમરમરની ભુમીતીના આકારોપરથી બનાવી છે. એ ઘુમટનાં આરકાંઓની પાછળથી ચારે બાજુપર "વીંગસો" છે તે એ આરકાં તથા તેના ચાર થાંભલાઓને ટેકવી રાખે છે તેમાં ચેપલો

બનાવેલાં છે. એમાંનાં એક ચેપલમાં ડાન જોન ત્રીજાના છોકરાઓની લાસ સંગેમરમરની પેટીઓમાં ગોખલાઓની અંદર રાખેલી છે. બીજાં ચેપલમાં સેંટ જીરોમનું "પોરસીલેન"નું આખું ઘણી મોટી કીમ્મતનું પુતળું છે જે એક પોપે મોકલ્યું છે. હાઇ આલટર રૂપાંથી મઢી લીધેલું છે તથા તેની ઊપર સેક્રેમેન્ટ રાખવાનું ઘર આસરે ૧૦ ફીટ જેટલું ઊચ્ચું તદન રૂપાંનું બનાવેલુ છે. તે ઊપર નકશી તથા પુતળાંઓ ઘણાં કોતરેલાં છે. એ સઘળું રૂપું હીંદુસ્તાનથી પેહેલી વખ્તે પાછો ફર્યો ત્યારે વાસકોડીગામા લાવ્યો હતો. ડાન ઇમેન્યુઅલ અને તેનાં છોકરાંઓની પેટીઓ ઈહાં બાજુ પર મોટા ગોખલાઓમાં હાથીઓ ઉપર ગોઠવી મુકી રાખેલી છે. તે સઘળું કાળાં તથા સફેદ સંગેમરમરનું નકશી સાથનું બનાવેલું છે. એ ચેપલના થાંભલાઓ આખા એકજ પથ્થરના સંગેમરમરના લાલ રંગના આસરે ૨૫ ફીટ ઊંચા તથા ૬ ફીટ ઘેરાવામાં મુકેલા છે. એ ઉપર લખેલું સેંટ જીરોમનું "પોરસીલેન"નું પુતળું એટલી તો નવાઇનું તથા સરસ ગણાય છે કે તેને પેરીસ એકઝીબીશનમાં જોવા પણ મુક્યું હતું. બીજી ગમનું એક ચેપલ છે તેની બેઉ બાજુ પર ગોખલામાં એકની ઉપર વાસકોડીગામાનાં પોતાનાં તથા બીજાની અંદર કેમીઓસ કરી ઈહાંનો વખણાયલો કવી તથા તવારીખ લખનાર થઇ ગયો છે તેનાં હાડકાં પેટીની અંદર રાખેલાં છે, જેઓને સને ૧૮૮૦માં તેઓનાં પોતાનાં ગામોમાં દાટેલા કાહાડી લાવી ઈહાં રાખેલા છે. એ દેવળમાં અસલ સોનાં રૂપાંની પ્લેટ તથા ખજાના, વાસણો ઇત્યાદી ઘણી મોટી કીમ્મતનું હતું, પણ ડોનપેડ્રોના રાજમાં એ દેશમાં ચાલેલી માંહોમાંહેની લડાઈ વખ્તે સઘળું બંચાવાને નામે ટંકશાળમાં લઈ ગયો અને પછી નાણાંની તંગી પડવાથી તે ગાળીને સીક્કા પાડયા હતા. તોપણ ઇહાં થોડુંએક એવું રહી ગયું છે. એ દેવળમાં થોડાંક ચીત્રોબી જોવા લાયક છે. તે જોઇને પછી એનીજ પાસે અસલ મઠ હતું, ત્યાં તેમાં રેહેનારાઓને કાહાડી મુકીને કાલેજ બનાવી છે તે જોવા ગયા હતા. એ જગ્યા

ઘણી મોટી એક ચોકની આસપાસ ફરતી બાંધેલી છે. તે ચોકની ચાલનાં આરકાઓ કાંઇ જુદીજ તરેહનાં નકશીનાં જોવાલાયક બનાવેલાં છે. અસલ આરકાંઓ બબે થાંભલા વચમાં અને બાજુએ બીજા થાંભલાઓ ઊપર ઊંચા કીધાં છે અને વળી તે આરકાંની અંદર અર્ધી ઊંચ્યાઈએ બીજા આરકાં વળનાં બનાવેલાં છે તેથી ઘણાં શોભે છે. એ કાલેજમાં ૫૫૦ છોકરાંઓને ધરમખાતે રાખી, ખવાડી પીવાડીને શીખવે છે જે સારૂં અસલ મઠની મોટી મીલકતોની આવક એને આપી છે તેમાંથી સઘળો ખરચ ચાલે છે. છોકરાંઓ સારૂં સુવાના ઓરડાઓ તથા બીછાનાં સઘળું સફાઈદાર રાખેલું છે. ખાવાનો ઓરડો પણ મજાનો મોટો છે અને શીક્ષકો સઘળા હુશીયાર રાખેલા છે. ૧૮ વર્ષની ઊમરનાં થાય ત્યાં સુધી ઇહાં તે લોકોને રાખીને પછી ધંધે લગાડી દે છે. એ ઇમારત ૪૦૦ વર્ષની જુની છે પણ ઘણી સારી હાલતમાં રહી છે. ઈહાંથી નીકળેલા ઇહાંના પાદશાહ ડોન લુઇ પેહેલાના મેહેલ તરફ ગયા હતા, તેમાં તેઓ પોતે હોવાથી અમોને જોવાને અંદરથી બન્યું ન હતું. બહારથી ચોરસ મેહેલ સાદા દેખાવનો લાગે છે. એ જગ્યાને “એઝુઈર” કરી કહે છે. તે ઊંચાણ ભાગમાં આવ્યાથી ત્યાંથી દેખાવ સારો લાગે છે. એની સાંમે એક મોટો પાર્ક છે જેમાં ઘણાં ઝાડો મોટાં મોટાં રોપેલાં છે તેમાંનો મોટો ભાગ ઇયુકેલીપટસનો છે. એ પાર્કમાં આગળ એકઝીબીશન થયું હશે તેની ઈમારતનો થોડો ભાગ રાખેલો છે તે કાંઈ ઘણો જોવાજોગ નથી. તેમાં હમણા વારાફરતી ફુલોનાં તથા બીજા ખેતીવાડીને લગતાં એકઝીબીશનો ભરે છે. એ જગ્યાની થોડું આગળ ગરાસી કરીને એક ઇમારત છે. તેવી જુદા જુદા શેહેરના લતાઓમાં રાખે છે જેમાં ગરીબ ઓરતો પોતાનાં બચ્ચાંઓને પોતે કામ ઉપર જાય છે ત્યારે મુકી જાય છે જેની બરદાસ્ત ત્યાં રાખેલી ઓરતો લે છે અને સાંજનાં તેઓને પાછાં પોતાને ઘેર લઈ જાય છે. એ રીત ઘણી પસંદ કરવા જોગ છે. ત્યાંથી સ્ટેલા મઠને લગતું દેવળ જોવા ગયા જે સઘળું

તદન સંગેમરમરના રંગીન પથ્થરોનું બનાવેલું છે જેના આલટર આગળના આખા કદના થાંભલાઓ ૪૫ ફીટના છે અને તેનો ઘુમટ જેબી સઘળો એજ પથ્થરનો છે તે ૨૦૮ ફીટ અંદરથી ઊંચાઇમાં છે. લાદીઓ જમીનપર એજ પથ્થરની ગાલીચાની તરાંહની માફક જડેલી છે તથા દેવળમાં ૧૦ ફીટ થાને મોટાં સંગેમરમરનાં પુતળાંઓ મુકેલાં છે. ચેપલની અંદરની દેવાલો રંગીન મોઝાક વર્કની છે. એ દેવલ રાણી મેરાયા પેહેલીએ સને ૧૭૭૭માં બાંધ્યું હતું. તેને ઇંહાં એક પથ્થરની બનાવેલી કબરમાં રાખેલી છે. ત્યાંથી ઈહાંનાં શેહેરની અંદરનો સેંટ પીટરનો બાગ જોવા ગયા જે ડુંગરના મથાલાપર આવેલો છે. ત્યાંથી લીસબન શેહેરનો દેખાવ ઘણો સરસ દીસે છે અને એ કેટલું મોટું છે તેની યાદી ઇહાંથી દીસે છે. બાગમાં નીચાણથી કયારા કરી દરેક કયારાનાં ચાર ખુણે તથા વચમાં મલી પાંચ પાંચ સંગેમરમરનાં અર્ધાં પુતળાંઓ ઇહાં વખણાયલા માણસોનાં મુકેલાં છે.

તે જોઇ પછી લીસબન શેહેરમાં ફર્યા હતા. એનો દેખાવ તેના સીધાને સીધા લાંબા મોહોલાઓથી તથા તેની આસપાસનાં ગંજાવર ઘરો તથા મેહેલોથી ઘણો ભપકા ભરેલો લાગે છે. સને ૧૭૫૫માં મોટા ધરતીકંપે જો કે તે વખ્તે ઘણી ખરાબી કીધી હતી પણ એક રીતે ફાયદાકારક લંડનની મોટી આગની માફક બન્યું હતું. લીસબનનો ઘણો મોટો ભાગ એ ધરતીકંપથી પડી ગયાથી નવું લીસબન જાણે પ્લાન કરી બાંધ્યું હોય તેવું થયું છે. તેનો મોટો રસ્તો નદીને કીનારેથી જાય છે જે ઘણો પોહોળો છે ને તેની ઉપરનાં બીજી બાજુનાં ઘેરો ઘણા મોટા અને રોણકદાર એકજ હારમાં બાંધેલાં હોવાથી તે ઘણો સરસ દીસે છે. એ રસ્તામાંથી આડા બીજા મોટા રસ્તાઓ જાય છે જે પણ કુસાદે તથા મોટી ઇમારતવાળા હોવાથી તથા ઘણા લાંબા હોવાથી શોભે છે. લીસબન શેહેર સાત ટેકડીઓ ઊપર બાંધેલું છે તેની હેઠાણનો ભાગ ઉપર લખ્યો છે તે છે. હવે તેની પાછળ ટેકડી-ઓ ઊપરના અતી ઘણા ઢળાવના રસ્તા તથા તેની આસપાસનાં સરખાં

ઘરોથી જુદોજ દેખાવ લાગે છે. રસ્તાનો ઢળાવ ઘણો છે જેપર મુંબઇનાં ઘોડાઓ તો કદી ચહડી ઉતરી શકે નહીં, પણ ઈહિંના ઘોડાઓ જે મજબુત તથા દેખાવલા છે તે સેહેલાઈથી ચહડ ઉતર ગાડી સાથે કરે છે. વળી ઈહિં ટ્રામવે પણ ઘણા ખરા રસ્તાઓપર બાંધેલી છે. તેમાંની એક ઘણા ઊંચા ઢળાવપર હોવાથી તેને ઘોડા જોડવાને બદલે પાણીના ભારથી ચલાવે છે. ઊંચાણવાળા ભાગમાં પાણીના બે મોટા નલા ઉભા કીધા છે. તેમાંથી ટ્રામની ગાડીની હેઠાંણમાં મોટી ટાંકી છે તેમાં પાણી ભરે છે. હવે એ ગાડી પાટા ઊપર છે તેની વચમાં જમીનમાં એક મજબુત દોરડું બાંધેલું હોય છે અને તે દોરડાંને બીજે છેડે બીજી ટ્રામની ગાડી બાંધેલી હોય છે. હવે પાણી ઊપલા ઢળાવનાં મથાલાંપરની ગાડીમાં ભરીને તેની બરેક છોડી કે તે પાણીનાં વજનથી પોતાની મેલે હેઠે ઢલાવપર ચાલી જાય છે અને તેનાં વજનથી પેલી બીજી ટ્રામ ગાડી કે જે પાણી ખાલી કીધેલું હોવાથી હલકી રહે છે તે ઊપર પોતાની મેલે ખેંચાઈ આવે છે કે વળી તેમાં પાણી નવું ભરે છે અને હેઠલ ગયલી ગાડીનું પાણી કહાડી નાંખી તેને હલકી કીધાથી પાછી તે ઉપરની ગાડીને લીધે ઉપર ખેંચાઈ જાય છે એવી સરસ તાલ કીધી છે. શેહેરનાં છુટા છુટા મોટા ચોકો જે ઘણા છે તેમાં વચમાં ઈહાંના પાદશાહો તથા બીજા વખણાયલા ગ્રહસ્થો જેવા કે વાસકોડીગામા, કેમીઓસ ઇત્યાદીનાં પુતળાંઓ ગોઠવેલાં છે. ઘેરોના બહારના ભાગો કોઇ કોઇનાં મીનટન ટાઇલનાં ફેસીંગથી બનાવેલા છે જે ઊપરની તરાંહથી જાણે દેવાલ પર કાગજો વળગાવેલાં હોય તેવાં દીસવા ઉપરાંત કોઇ દહાડે તેને સમારવા પડતાં નથી અને વરસાદ આવે ત્યારે ધોવાઇને સાફનાં સાફજ રહે છે. એ નવો દેખાવ અમોએ જોયો હતો અને તે ઘણો સરસ લાગે છે. એ મીનટનની લાદીઓ બનાવાનાં ઇહાં ઘણાં કારખાનાં છે અને સસતી પણ વેચાય છે. સાંભળવા મુજબ ૨૫ રૂપીયે ૧૦૦૦ ને હીસાબે વેચાય છે. લીસબન શેહેરના મોહોલાઓ તથા ઘરો-

નો દેખાવ ટીયુરીન શેહેરને ઘણો મળતો આવે છે લોકો દેખાવે સ્પેની-અર્ડસોને પેહેરાવ સુધાં મળતા આવે છે પણ ઓરતો માથાપર જબ્બો નાખતી નથી. ઇંહાંની માછનનો પેહેરવાશ મુંબઇમાં નોરતાં ગાવા બઇરાંઓ બાહાર ફરે છે તેને મળતો પણ કાળા રંગનાં કપડાંને મળતો છે. તેઓ બદીઆન પેહેરી નીચેથી છુટા ગાગરા હોય તેમ પેહેરે છે અને માથાપર મર્દની તોપીઓ પેહેરી તેની ઊપર માછલીના તોપલાઓ ઊંચકે છે. ઇંહાંના બંધીખાનામાં કેદીઓની ખુશી હોય છે તો કામ પોતાને જે આવડે તે કરે છે, કાંઇ ફરજયાત નથી. રૈયતના મર્દોને લશકરી ચાકરી ત્રણ વર્ષ સુધી કરવાની ફરજીઆત છે. તેઓને સાડા છ પેન્સ જેટલો રોજનો લવાજમ મળે છે, પણ તેઓનાં સગાઓ તથા માબાપ તેઓને પાળી લે છે. ઇંહાં બલદો ગાડાંઓમાં જોડે છે જે ઘણા સારા અને મજબુત બાંધાના ઇંગ્લંડના બલદો જેવા છે તથા ગાયનું દુધ વેચાય છે. સ્પેનમાં ઘણું ખરૂં બકરીઓનું દુધ વેચે છે. ખુદ લીસબન શેહેર તેગસ નદીની આઠમણુ બાજુએ છે ને તેની સાંમે ગીશીઅશનું ગામ આવેલું છે. એ નદી ઘણી મોટી છે ને તેમાં ઘણાં વાહાંણો તથા સ્ટીમરો લાંગરેલી છે. અમારા સેનટ્રલ હોટેલ ઉપરથી એ નદીનો દેખાવ ઘણો સારો લાગે છે.

ગામમાં ઘણો ખરો વાઇન દારૂ બનાવે છે જે એટલો તો સસતો છે કે દરેક બાટલી ૪ પેન્સે વેચાય છે જે ફ્રેંચ લોકો ખરીદીને બોરડો લઇ જઈ તેમાં કાંઇ ભેળસેળ કરી મોટી કીમ્મતે દુન્યામાં વેચે છે. નદીથી દુર આઠ મૈલ પર આટલાનટીક મહાસાગર આવેલો છે ત્યાં સુધીમાં એ નદી ઘણી ઊંડી અને ગમે એવાં મોટાં બારકસો અંદર આવી શકે તેવી છે. અમારા હોટલનાં ધણીને ગયે સાલ કાઊં-ટનો ખેતાબ મળ્યો છે. તે ધણી રેલવેનાં તથા બીજા મોટાં મોટાં કા-મોનાં કનટ્રાકટો લે છે ને ઘણો પૈસાવાળો છે અને તે માણસો રાખીને હોટલ ચલાવે છે. હમણાં "એવન્યુ કરીને એક નવો મોટો મોહોલો શેહે-રની વચમાં તૈયાર થાય છે તે ઘણો પોહોળો આસરે ૨૦૦ ફીટનો હશે,

તેની વચમાં બાગ રાખી આસપાસથી મોટા રસ્તાઓ કીધા છે ને તે ઉપર બેઉ બાજુએ ઝાડો રોપેલાં છે તથા રસ્તાઓની બાજુ ઉપર મોટાં અને રોણકદાર એક હારમાં ઘરો બંધાય છે તથા બંધાયલાં પણ છે. આ સઘળું તૈયાર થશે ત્યારે વીલાયતના કોઇબી મોટાં શેહેરના મોહોલાની બરાબરી કરી શકશે. સ્પેનનાં શેહેરોમાં અમો આજ સુધી ફર્યા, ત્યાંનું એકબી શેહેર લીસબનના રસ્તા તથા ઘરો તથા સફાઇને પોંહોંચી શકે નહીં એવું સરસ તથા સફાઇદાર અને સોજા પથ્થરની લાદીથી મઢી લીધેલા તથા એકેડેમાઇજ કીધેલા રસ્તાઓ છે તેની ખુબસુરતીમાં ઇહાંની ટેગસ નદી ઘણો વધારો કરે છે. એનાં મોટા ચોકોમાંનાં એક ચોકમાં મીનારો છે. જે ઉપર પોર્ટુગલ સ્પેનથી સને ૧૬૪૦માં પાછું છુટું પડયું તેની યાદી તથા લડાઇઓની વીગત કોતરી છે અને તે પર ફરેસ્તો ઉડતો ઉભો રાખેલો છે. લીસબન શેહેર પોર્ટુગલનું પાયતખ્ત છે અને તેની હાલની વસ્તી આસરે હઢી લાખ માણસોની છે. પોર્ટુગલનો દેશ સ્પેનની અંદર જાણે એકજ હોય તેમ એક બાજુથી આવી ગયો છે. તે ૧૫૦ મૈલ પોહોળો અને ૩૫૫ મૈલ લાંબો છે. તેનો કોસ્તો ૩૫૫ મૈલનો છે અને વસ્તી ૪૭ લાખની કેહેવાય છે તથા બીજી ૩૫ લાખની એના જુદા જુદા સંસ્થાનોની અમેરીકા, આફ્રીકા અને એંશીયામાં છે. એની આવક સાત કરોડ રૂપાની છે અને કરજ હેંસી કરોડનું છે. લશ્કર ૭૮૦૦૦ નું છે. એ દેશને પણ સ્પેનની સાથે મુર (મુસલમાન) લોકોએ સને ૭૧૧નાં સાલમાં ખ્રીસ્તીઓ પાસથી લેઇ લીધું હતું અને જોકે તે પાછું જીતેલું ન હતું તોબી સ્પેનના રાજા લીઓ તથા કેસટાઈલના રાજા આલફોનસો છઠ્ઠાએ પોતાની છોકરી સાથે રીતમાં તેણીનાં વર કાઉંટ હેનરીકને સને ૧૦૯૫માં આપ્યું હતું જેને તથા તેના છોકરા આલફોનસોએ ઘણી લડાઇ કરીને લીસબન લીધું હતું તેમાં તે વખ્તે ક્રુઝેડ જતાં ઈંગ્રેજ, જરમન તથા ફ્રેંચોએ તેઓને મદદ કીધી હતી, જેઓનાં ૨૫૦૦૦ માણસોએ મુસલમાનનાં બે લાખ માણસોને એ વખ્તે હરાવ્યા હતા.

સને ૧૧૪૭માં ત્યાર પછી મુર લોકો સાથે પોર્ચુગીઝ લોકો સાફ લડાઈઓ ચાલુ રહીને છેક ૧૩૪૦માં મુર લોકો પાસથી આખું પોર્ટુગલ છીણવી લીધું હતું. એ વખ્ત પછી એ લોકો દુન્યામાં બીજા દેશો શોધી કાહાડવાની ઊલટમાં પડયા ને સને ૧૪૧૮માં પોરટોસેનટો, ૧૪૨૦માં મેડીરાના ટાપુઓ, સને ૧૪૯૮માં કેપને રસ્તે હીંદુસ્તાન વાસકોડીગામાએ, સને ૧૫૦૦માં બ્રેઝીલ, ૧૫૦૬માં મેડેગાસ્કર, ૧૫૦૭ માં માલડીવના ટાપુઓ એ પ્રમાણે નવા દેશોની શોધો કરી પોતાને તાબે લેતા ગયા હતા. હીંદુસ્તાનમાં પેહેલું શેહેર એઓએ ગોઆ સને ૧૫૦૮—૧૦ માં લીધું હતું. ચીન દેશ પણ એઓએજ સને ૧૫૧૭માં શોધી કાહાડયો હતો. ફરનાઓ પીરીસ ડી એનડ્રેડીએ (Fernao Peres De Andrade) બ્રેઝીલ ૧૫૨૦—૪૯ માં વસાવ્યું તે વખ્તે એ પોર્ટુગીઝ લોકો પુર જાહોજલાલીમાં આવેલા હતા તે બધે સ્થળ પોતાનાં હસ્તક દેશો કરી વેપાર નાનો મોટો ખીલતો આખા યુરોપમાં સરસાઈ ભોગવતા ઊપરાંત ઘણા પૈસાદાર પણ થયા હતા.

પણ એ વંશનો છેલ્લો રાજા જે એક કારડીનલ હતો તે સને ૧૫૮૦માં મરણ પામ્યા પછી તેના વારસે દાખલ સાત જુદા જુદા ધણીઓ નીકળી આવ્યા તેમાં રોમનો પોપ, ઈંગ્લંડની રાણી એલીઝાબેઠ, સ્પેનનો રાજા ફીલીપ બીજો પણ હતાં, જેમાંથી આખરે એ છેલ્લા ધણીએ એક બીજો વારસ સાથે લેઈને લીસબન લીધાથી તે સ્પેન તથા પોર્ટુગલનો રાજા થયો હતો અને ત્યારથી એ દેશની પડતી હાલત આવતી ગઇ અને સ્પેનીયર્ડોએ કાંઇ દરકાર ન કરવાથી પોર્ટુગલનાં હસ્તકનાં સંસ્થાનવાળાં દેશો વલનડાઓએ લઈ લીધાં હતાં અને વેપાર સઘળો ભાગી પડયો હતો. પણ જ્યારથી સ્પેનને હસ્તક એ દેશ ગયું ત્યારથી ઈંહાંનાં લોકોએ કાવત્રાં કરવા માંડયાં હતાં તે આખરે એક સંપ સાઠ વર્ષ સુધી જાલવીને સને ૧૬૪૦માં ડયુક ઓવ બ્રેગેનઝાની સરદારી હેઠલ તે લોકોને લીસબનમાંથી હાંકી કહાડયા અને કેઠ-

લોકોને મારી પણ નાંખ્યા. એકજ દિવસમાં આ સઘળો ફેરફાર થઈ ગયો હતો અને એજ ડયુકને ડોન જોનને નામે પોતાનો પાદશાહ કીધો હતો, જેનું ખાનદાન (Braganza નું કહેવાય છે) આજ સુધી રાજ કરતું આવ્યું છે. પણ વચમાં નેપોલીયન બોનાપાર્ટે સને ૧૮૦૭માં એ છીની લીધું હતું તે વખ્તે એની રાણી મેરાયા પાંચમી તથા તેનું કુટુંબ અમેરીકા પોતાના બ્રેઝીલ દેશમાં નાસી ગયાં હતાં. પણ ઈંગ્રેજોની મદદથી ઈંહાંના રીજંટે પાછું એ દેશ ફ્રેંચો પાસથી લીધા પછી છેક સને ૧૮૨૦માં એ રાણી મરણ પામવાથી તેનો છોકરો પેડ્રો ચોથો પાછો આવીને રાજા થયો હતો અને પોતે બ્રેઝીલનો શેહેનશાહ કરીનેબી નામ રાખ્યું હતું.

તા૦ ૧૩ મી મે સને ૧૮૯૭ ને વાર શુક્ર—આજે લીસબનથી અમે ૧૫ મૈલ દુર શીનતરા કરીને ગરમીના દીવસ પર ઇંહાંના લોકોના હવા ખાવાની જગ્યા છે ત્યાં આગગાડીમાં ૧ાા કલાકે જઈ પુગ્યા હતા અને મીસીસ લોરનસની હોટલમાં નાસ્તો કરી ત્યાંના ડુંગર ઊપર પાદશાહનો મેહેલ છે ત્યાં ગયા હતા. એ મેહેલ મુર લોકોએ અસલ બાંધેલો હતો તેમાં પાછળથી વધારો તથા ફેરફાર ઘણો થયલો છે. એના દરવાજા આગળની દેવાલ સઘળી મીનટન ટાઇલની તેમાં બબે પુતળાંવાળી તરાહની બનાવેલી છે. એ મેહેલ જે ડુંગરને મથાલે આવેલો છે તેપર ઘોડે તખ્તે જવા સારૂ ડુંગરની અંદર મોટી ગેલેરી આરકોવાળી ગુંબજ સુધાં ખુલ્લી ગેલેરી માફક કોતરી કાહાડેલી છે, જે જોવા લાયક છે. મેહેલમાં કાંઈ જોવા લાયક નથી. ફકત એક આલટર દેવળનું બનાવેલું છે-જે વાસકોડીગામાં હીંદુસ્તાનથી પાછો ફર્યો ત્યારે તેની ખુશાલીમાં બાંધેલું છે. એ જગ્યા ઊપર ડોન ઇમેન્યુઅલ તે વખ્તનો પાદશાહ પોતે હરરોજ જઈને વાહાંણો પાછાં ફર્યા કે નહીં તે જોયા કરતો હતો અને પેહેલાં તે વાહાંણો એણેજ જોયાં હતાં, તેની યાદગારીનું એ ચેપલ બાંધેલું છે. તે તદન પારદર્શક આલાબાસ્ટરનું બનાવેલું છે, તેમાં ઘણાં પુતળાંઓ પણ કોતરેલાં છે અને તેની વચમાં

એક લંબચોરસપણે ગોળ મોટો પથ્થર મુકેલો છે જે ગોળ ફેરવાઇ શકાય છે અને તેની ઊપર ફરતું બધું કોતરકામ જોવાઈ શકાય છે. એની આગળ એક આખા હાથીદાંતનું ક્રાઇસ્ટનું પુતળું આર ફીટ જેટલું ઊંચું મુકેલું છે તેના બાજુપરના હાથ ક્રુસીફાઈ કરવા લંબા-વેલા છે તેજ ફક્ત છુટા કકડાઓના છે. એનીજ પાસે બીજું આસરે બે ફીટ ચોરસ પરવાળાંનું આલટર છે જેમાં બે પુતળાં એનાં આખાં કોતરેલાં આસરે ૦॥। ફુટ જેટલાં મોટાં હશે. એ ચેપલની બારી રંગીન કાચની છે તેમાં વાસકોડીગામાની છબી ઊપરાંત બીજી એ લોકોના ધર્મની તથા વાહાંણોની છબી ઘણી સરસ બનાવેલી છે. એ મેહેલને લગતા ડાઇનીંગ રૂમમાં એક ફ્લાવરવાસ ફુલો સાથનું તદન રંગીન જાત જાતના કોરાનુ બનાવેલું છે તે જોયું. તે અણ-જાણુને ખોટી બનાવટનાં ફુલો આવે છે તેવું દીસતું હતું. એ મેહેલ વચગાલે વેચી નાખ્યો હતો અને તે કોઇ વેપારીએ લીધો હતો, પણ તેની પાસથી હાલના રાજાના બાપ ડોન ફરનાન્ડોએ પાછો વેચાતો લીધો હતો. એ ધણી જે આગળ તથા હમણાના રાજાના રીજંટ દાખલ કામ કરતો હતો તે પોતે શોખીન હોવાથી પોતાનાં હાથનાં પુતળાંઓ તથા બીજી બનાવતો બનાવી ઈહાં મુકેલી છે, પણ એ સઘળા કરતાં સરસ જોવાનું તો ત્યાંનો આસપાસનો દેખાવ છે, જે જોવા સારૂં ઘણા લોક શીનતરા જાય છે અને કેહેવત છે કે શીનતરા નહી જોઊં તો લીસબનબી નહી જોઊં અને તે વાત ખરી છે. ઈહાંનો દેખાવ ઘણો સરસ છે. અમો હતા તે જગ્યા છેક ડુંગરને મથાળે એ મેહેલ છે તેનાં મીનારાપર હતા તે ઉપરથી એકગમ આટલાન્ટીક મહાસાગર તેની નજદીક બેઠી જગ્યાપર લીલોતરી તથા છુટા છુટા ગામો તેઓનાં દેવળનાં મીનારાઓ સાથે જાણે બાગમાં ઘેરો ગોઠવ્યાં હોય તેવા નાના એ ગામડાં ઉપરથી દીસ્તાં હતાં. પછી નાના નાના ટેકડાઓ અને ત્યાર પછી અમો ઊભા હતા તે ડુંગર આસરે ૨૫૦૦ ફીટ દરીયાથી ઊંચો હતો. એ ડુંગરમાં વળી ધરતીકંપ તથા જવાળામુખીના ફાટવાથી છુટાછુટા જાણે ટેકડાઓ હાથે બનાવ્યા હોય તેવી ટાંચો નીકળી આવેલી

હતી. વળી બીજી ગમ આટલાન્ટીક મહાસાગરમાં પડતી ટેગસ નદી તે છેક લીસબન સુધી અંદરથી દીસ્તી હતી ને તેને નાકે ૧૫ મૈલ દુર એ શેહેરબી દીસ્તું હતું. ત્રીજી ગમ તદન જંગલની માફક બાગોમાં મોટાં ઝાડો રોપેલાં તેનો દેખાવ હતો, ને વળી ચોથી ગમ એક ડુંગર નીકળી આવેલો તેનાં મથાળા ઊપર વાસકોડીગામાનું આખાં કદનું પુતળુ હાથમાં ઢાલ તથા લાકડી આપીને દરીયા તરફ જોતું ઊભું રોપેલું છે જે આબાદ અમોનો દુરથી જાણે કોઇ ભરવાડ ઊભો હોય તેવું લાગતું હતું. એવો સરસ દેખાવ કોઇજ ગમ જોવામાં આવે છે. ઇહાં ઘણી ઠંડી પડે છે તેથી હાલનો પાદશાહ નીચે બીજો મેહેલ છે તેમાં ઇહાં આવેછે ત્યારે રેહેછે. અમો પાછા લીસબન આવીને રાતનાં ૭–૧૫ મીનીટે એ શેહેર છોડયું હતું. અમોને સુવાની ગાડી સારૂં દરેકને એક પાઊંડ બીજો રેલવે ભાડાં ઉપરાંત આપવો પડયો હતો પણ તેમ કીધાથી સગવડ સારી મળી હતી. નહીં તો કે અમારી ટ્રેનમાં આજે ૫૦૦ માણસો મેડ્રીડનાં સેંટનો પરમ દીને દીવસ હોવાથી ત્યાં જવા બેઠું હતું ને સાધારણ પેહેલા વર્ગમાં તો સુવાની જગ્યા તદન ન હોવાથી આખી રાત બેસીને કાહાડવી પડતે. પણ મેડ્રીડ જવાનો દર પાઊંડ ૩–૩ એક જણાના ઉપરાંત પાઊંડ ૧ બીજો આપવાથી સુવાની ગાડી સારી મળી હતી ને તે મઝેની વાડા મોરી સાથની તથા બીછાનું તકીયા સુધાંની હતી. લાંબી મુસાફરીમાં આવીજ ગાડીમાં બેસેલું સારૂં છે, કારણકે એક તો આખી રાત બેસી રેહેવાની ઝેહેમત ઉપરાંત હાજત પાણી કરવાની જગ્યા સ્ટેશનો ઉપર એવી તો ખરાબ રેહે છે કે આપણે તેની આગળ જઇ શકતા નથી, તે સઘળામાંથી બચી જઈયે છીયે.

તા૦ ૧૪ મી મે સને ૧૮૮૭ ને વાર શની, રોજ મારેસપંદ અને માહા આવાં યઝદ–આજે આખો દીવસ લીસબનથી મેડ્રીડ જતાં લાગ્યો હતો, જો કે અમારી ટ્રેન સાંજનાં ચાર વાગે છેલ્લી જગ્યાપર પુગવી જોઈયે પણ રસ્તામાં સવારનાં ૧૧ વાગે બીજી એક ટ્રેન


પાટા ઊપરથી ઉતરી પડી હતી અને રેલવેનો રસ્તો જે રેતીના ઢગલા કરીને બનાવેલો છે તે સઘળો ખણાઈ ગયલો હતો તેથી અમારી ટ્રેનને ત્યાં ઊભી રાખવી પડી અને બીજી એક ટ્રેન રસ્તાની બીજીગમ હતી ત્યાં અમોને બેસવા જવું પડયું હતું. એ વખ્તે કશી મેનીજ નહીં હતી. અમારા કોથળાઓ અમોનેજ ઉચકવા પડયા હતા અને નવી ટ્રેનમાં સઘળું લઈને બેઠા પછી બીજા બે કલાક સુધી અમારી ટ્રેન ચલાવી નહીં. અમોએ તજવીજ એ બાબદની કીધી પણ કોઇ કાંઇ કેહે અને કોઇ કાંઇ સમજાવે તેથી શું કારણ ઉભી રાખી તે બરાબર જાણી શકાય નહીં. પણ એવું માલમ પડે છે કે સ્પેનીઅર્ડોની ચાલ માફક વખ્તની તો કાંઇ દરકાર નહીં તેથી અમારી ગાડીને લગતાં માણસો પેલી ઉતરી ગયલી ગાડીને રેલ ઉપર ચહડાવવા આવેલાં માણસોને મદદ કરવા ઊભાં હતાં જો કે તેમ કરવાની કાંઇ ફરજીયાત નહીં હતી, કારણ કે તે ઉતરી પડેલી ગાડી એકુ દીવસ આગમચની હોવી જોઇયે તેથી તેની ઊપર માણસો કામે લાગ્યા હતા. પણ ઊતારૂઓના વખ્તની કશી દરકાર અમારી ટ્રેનવાળા માણસોએ કીધી નહીં અને નજદીક બે કલાક અમોને ત્યાં તડકામાં ખોટી રાખ્યા પણ આખરે અમારી ટ્રેનમાં પુષ્કળ લોકો હતું તેઓએ તોફાંન મચાવ્યું ત્યારે અમારી ટ્રેન હઠી કલાક મોડી ત્યાંથી આગળ ચાલી તેથી અમે ધાર્યું કે ૪ ને બદલે ૭ વાગે મેડ્રીડ પુગીશું; પણ વળી સ્પેનની બીજી ચાલ નીકળી આવી. અમારી ટ્રેન સારૂં જે એનજીન મોકલ્યું હતું તે થોડી ગાડી ઘસડી શકે તેવું નબળું હતું અને હમેશ કરતાં અમારી ટ્રેન ઘણી મોટી હતી તેથી એનજીન તેને બરાબર સેહેલાઈથી ઘસડી શકયું નહી અને આસતે ચાલવા ઉપરાંત એનજીન ગરમ થઇ જતું હતું તેથી દર સ્ટેશને ઘણો વખ્ત થોભતું હતું. એ મુજબ કંટાલો આપતું (આખરે ૭ કલાક પાછળ) ૧૦॥ વાગે અમે મેડ્રીડ આવી પુગ્યા હતા. એ પ્રમાણે સઘળું ઇહાં અંધેર ચાલે છે અને વખ્ત જાય તેની દરકાર કોઈ કરતું નથી, કારણકે તેઓના કહ્યા પ્રમાણે જે

ધણી સાહેબ લોક હોય તેને વખ્ત સાથ શું કામ છે. એ તો કામ-દારો તથા નોકરોને વખ્ત નહીં ખોવો જોઇયે તેથી તમારો ગમે તેમ વખ્ત જતો રેહેતો હોય, ગમે તેવું જરૂરતું કામ હોય પણ તમોએ વખ્ત જતો રેહે છે કરી બોલ્યા તો હલકા માણસમાં ખપો એવો ઇહાં કેથો બેહુંધો ધારો દેખું.

આજે લીસબન સાથે પોર્ટુગલ છોડયું. આ દેશમાં સઘળું કામ રીસ (Reas) નામના પૈસાથી ચાલે છે. જો તમો એક છત્રીની કીમ્મત પુછો તો ૪૫૦૦ રીસ તેની કીમ્મત તમોને કેહેશે જે સાંભળી આપણે ગભરાઇ જઈયે, પણ ગણત્રી ગણતાં તો તેનો આખો ૧ પાઊંડ ઇંગલંડનો થાય છે. ઇહાંનાં ઘણા સારા તથા મોટા મોટા મોહોલાઓના નામો માફકસરનાં નાનાં છે પણ તેથી ઉલટું નાના મોહોલાઓનાં નામો ઘણાંખરાં ચાર પાંચ બોલનાં જેટલાં લાંબાં હોય છે અને ધર્થીકંપ પછી જે નવા મોહોલાઓ થયા તેનાં નામો ૧૨૫ ઉપર આપેલાં છે. પણ હજી ગરીબ લોક તેનાં જુનાં નામો ધરી બેઠાં છે અને જો તેઓને આજના નામના મોહોલાઓ પુછો તો તેઓ તમને બતાવી શકે નહી, પણ અસલ ધંધા જે મોહોલામાં હશે તે ધંધાના નામોથી જેમ કે સોનારવાડ, લોહારવાડ કરી મુંબઈમાં છે તેમ તે મોહોલાઓના નામો હજી લોકો ધરી રહ્યા છે. અમો મેડ્રીડમાં હોટેલ ડી લા પે (Hotel de la Paix)માં ઉતર્યા હતા જે એક મજાના સ્કવેરમાં મોટી ઇમારતોમાંનું એક છે. તેની સામે એક મોટો ફુવારો આખો વખ્ત ઉડયા કરે છે અને રાતના બાર વાગે જમી રહીને સુતા ત્યાં સુધી લોકો એ ચોકમાં ઘણું ફરતું હતું. આજે ઠંડી પણ એકા-એક નીકળી આવી છે અને આગગાડીમાં બધા કાચો બંધ કરવા ઉપરાંત તથા ઓવરકોટ પેહરવા છતાંબી ઠંડી લાગતી હતી જે અમો કીનારે ઉતર્યા પછી એવી પેહેલીજ હતી. મેડ્રીડ ઊંચાણમાં આવેલું હોવાથી તથા પડોસમાં બરફના પાહાડો હોવાથી તે તરફનો પવન જયારે ફુંકે છે ત્યારે એકદમ ઠંડી પડે છે.

તા૦ ૧૫ મી મે સને ૧૮૮૭ ને વાર રવી—આજે સેંટ ઈશાદોરા કરી મેડ્રીડનો ખુદ સેંટ હશે તેનો દીવસ હોવાથી સવારથી લોકોની ભીડ રસ્તામાં દીસ્તી હતી ને જાણે કે કોઇ મોટો તેહેવાર હોય તેમ ધામધુમ દીસ્તી હતી. અમો હોટલમાંથી ચાલતા આજે બુલ ફ્રાઇટ (ગોધાઓની લડાઇ) જે સારૂ સ્પેન વખણાયલું છે તે જોવા ટીકીટ લેવા ગયા હતા ને તે રસ્તામાંજ લોકો થોડો નફો લેઈને વેચે છે તેમાંથી જે જગ્યા જરા ઊંચાણમાં તથા છાયડામાં હોય તે જગ્યાની ટીકીટો ૭ પીશેતા (એક પીશેતા એક ફ્રાંક યા ૭ આનાની બરાબર ગણાય છે) લેખે લીધી હતી, કારણ કે પછી તે વખ્તે ઘણું લોક હોવાથી ત્યાં સારી જગ્યા મળે નહીં. ત્યાંથી અમો ઈહાંનું દેવળ જે સેંટ ઈશેડોરને અર્પણ કીધેલું છે તે જોવા ગયા હતા. એ ઈહાંનું મોટું દેવળ ગણાય છે ને એમાં સેંટ ઇશેડોરને દાટેલો હોવાથી ત્યાં ઘણી ધામધુમ હતી. રસ્તામાં દુકાંનો માંડીને એક નાનો જેવો મેલો ભરેલો હતો તથા સેંકડો લોકો દેવળમાંથી આવજાવ કરતું હતું. એ દેવળ કાંઇ બીજાં સ્પેનનાં દેવળો જેવું જોવા લાયક નથી. અમો અંદર ગયા ત્યારે તદન લોકોથી ચીકાર ભરાઈ ગયલું હતું ને ત્યાં હાઇ માસ એક સરસ સ્ટ્રીંગ બેંડ સાથે ગાતા હતા. અમોએ સેંટ ઇશેડોરનું ચેપલ જોયું જે સંગેમર-મરનાં રંગીન પથ્થરોની વચમાં મોહોડાં જોવાના કાચો મુકીને બનાવેલું છે તથા પાછળથી રંગીન કાચની બારીઓ છે જેથી એ વખ્તે ત્યાં ઘણી રોશણી હોવાથી તે ભપકાદાર લાગતું હતું. એના હાઈ આલટરવાળા હોલમાં મથાળેથી બારીઓ નંનસો (Nuns) ને વાસ્તે મુકેલી છે જે જાલીની બનાવેલી છે ને એમાં પણ રોશણી કીધાથી તે શોભતું હતું. એ સીવાય કાંઇ જોવાજોગ એમાં નથી. ત્યાંથી અમો બજાર જોવા ગયા જે ઘણી સારી બાંધેલી છે. એની હેઠલ જમીનની અંદરથી રેલવે આવી સ-ઘળો સામાન બજારની હેઠે મોટા ભંદારો છે ત્યાં ઉતારી આપવાથી ઊપર વેચવા લાવવાને સેહેલ પડે છે. ત્યાંથી અસલ તોલીડા શેહેરપર જવાના રસ્તા ઉપર એક આરકું મારેલું છે તે જોઈને સેંટ ઇશેડોર

જેણે મેડ્રીડની બાહાર આસરે એક મૈલ ઉપર મોજેજાઓ કીધા હતા તે જગ્યાપર મેલો હતો ત્યાં ગયા હતા. ઇહાં લોકોની ઘણી મોટી ભીડ થયલી હતી અને મેલામાં દુકાનોના ત્રણ મોટા મોહોલા બનાવેલા હતા, જેમાંનો સામાન ઘણો ખરો નજીવો બચ્ચાંની રમતને લાયકનો હતો. કોઈ કોઇ દુકાણો મીઠાઈની તથા કુજાઓ વેચવાની હતી પણ મોટો ભાગ ખોટા ફુલોનાં તોરા તથા વાસીસ વેચવાની હતી જેની બનાવટ ઘણી સારી હતી. મુંબઈના મેલાની માફક ચકરીઓ તથા સંચાનાં રમકડાં તથા પેનોરામીક સીનો જોવાની દુકાણો પણ ઘણી હતી. ઇહાં એક નાનું ગામડું છે અને મેડ્રીડના લોકોને દાટવાની જગા પણ એ જગાપર કીધેલી છે જેને લગતાં ચેપલમાં આજે ઘણી બતીઓ કીધેલી હતી અને વાયજી થતી હતી, ત્યાં ઘણું લોક ભરાઇ ગયું હતું. એ જોઇને પાછા હોટલમાં આવી બપોરનાં ત્રણ વાગે ગોધાઓની લડાઇ જોવા નીકળ્યા હતા. અમો ટ્રામ ગાડીમાં મઝા જોતા ત્યાં કલાક ૩॥ એ પુગ્યા હતા. એ ગોધા લડવાની જગાને Arena કહે છે. તે એક મોટી ગોળ ઇમારત છે અને તેની દેવાલ ફરતી ને બાજુપર ગોળ બેઠક ચહડ ઉતરની ઘણી કીધી છે તેમાં ત્રણ ભાગ કીધેલા છે. પેહેલો બોક્ષનો, બીજો ઊંચેથી લાકડાની બેઠકનો, ત્રીજો સૌથી હેઠલનો પથ્થરની બેઠકનો ને સૌથી ઉતરતો વર્ગ જ્યાં સુરજ સાંમો આવે છે તે જગાના કીધેલા છે. ઓછામાં ઓછો ભાવ સવા પીશેટા યાને આઠ આનાં (એક શીલીંગનો સવા પીશેટા થાયછે) રાખેલો છે. એ જગામાં ૧૮૦૦૦ માણસો એકી વખ્તે બેસી શકે છે ને આજે સઘળી જગા ચીકાર ભરાઇ ગયા ઉપરાંત ઘણા લોકને પાછું ફરવું પડયું હતું. જો-કે હમણાની સીઝનમાં દર આતવાર તથા સોમવારે ગોધાની લડાઈઓ ચાલુ રાખે છે તોબી તે લોકો સારૂ આવતી કાલે પાછો બીજો થશે. સ્પેનીઅર્ડોને એ જોવાને એટલી તો ઊલટ છે કે ઘેરમાં એકુ દીવસ ભુખા રહે પણ એ ગોધાની લડાઇ જોવા જાય છે. દરેક વે-ળાની ગોધાની લડાઇ ઊપર ૩૦૦ થી ૪૦૦ પાઊંડનો ખરચ થાય છે. તે દીને જાણે લંડનમાં "ડરબી ડે" આવે છે તેમ લોકો તેહેવાર દાખ-



ગોધાની લડાઈ—સ્પેન.

લ પાળીને આખું ગામ નજદીક બાહાર નીકળી પડે છે. અમોને રસ્તામાં મોટી ગીરદી બે મૈલ સુધી (એ એરીના અમારા હોટેલથી એટલું દૂર હશે) મળી હતી પણ મોટો ભાગ જે અંદર જઇ શકતો નથી તેઓ બાહાર ઊભા રહીને અંદર જે બનાવો બને છે તે ત્યાં બેઠેલા લોકો જે મોટે બોલેછે તે સાંભળીને પોતાનો જીવ ખુશી કરે છે. અમો ગયા ત્યારે ઘણું લોક જયાં ગોધાઓ લડે છે તે જગા પર ઉભું રહીને વાતચીત પોતામાં કરતું હતું અને એક લશ્કરી વાજું પણત્યાંજ ઊભું રહીને સુંદર રાગો વજાડતું હતું, પણ લોકોનો ઘોંઘાટ એટલો તો હતો કે જો કે તે વાજું પપ માણસો અમારી બેઠકની હેઠલજ વજાડતા હતા તોબી બરાબર અમો તે સાંભળી શકતા હતા નહીં.

વળી અંદર મેવો તથા બીજી ખાધાની જણસો વેચનારા પણ ફરતા ફરતા મોટે મોટે પોતાનો માલ વેચવા બુમ પાડતા હતા ને જો કોઇ ચોથે માળ જેટલો ઊંચેથી એકુ મોસંબી માંગે તો નીચેથી તેની ઉપર એવું તો આબાદ ટીકીને નાખતો કે તે ધણીને સેહેલાઈથી ઝીલવાને બને ને તેમ કરે ત્યારે સાબાશીના અવાજો બીજાઓ આસપાસથી કાહાડતા હતા. કદાચ જો ઝીલતા છટકી જઈ નીચે બેઠેલા સેંકડો માણસો ઉપર તે પડે તો તે લોકો હસતા હતા. તેમાં ઓરતોનો પણ મોટો ભાગ હતો, લડાઇ વખ્તે બધા પોતાની જગાપર ભુંગલું વાગ્યા પછી બેઠા ત્યારનો દેખાવ ઘણો ભપકાભરેલો તથા ગંજાવર લાગતો હતો. સઘળું લોક પોતાના સરસ પોશાકમાં ત્યાં આવેલું હતું ને આસપાસનાં ગરગામડાઓનું લોક પોતાના જાત જાતના પોશાકમાં હોવાથી શોભતું હતું. પેહેલાં તો ઘોડાઓ શણગારેલા તે ઉપર કસબીદાર ભપકાવાળા પોશાકમાં ગોધાની લડાઈ રમનારા માણસો એક સરઘસના આકારમાં વાજાના સરોદ સાથે આવ્યા તેની પાછળ પગે ચાલતા વળી ઉપરના કામ કરનારાઓબી રંગીન પોશાકમાં આવીને અમારે મથાળે એ ગોધાની લડાઈ કરાવવા જે કંપની ઊભી થયલી છે તેના પ્રમુખ બેથેલો હતો તેને સઘળાઓ નમ્યા હતા ને

તેણે હોકમ આપ્યા પછી ઉપરના મોટા ડગલાઓ બધાઓએ કાહાડી નાખી જે લડનારા હતા તેઓજ એ એરીનામાં રહ્યા ને બાકીના પાછા ગયા હતા કે તુર્તજ અમારી સાંમેથી એક બારણું ઊઘડ્યું ને તેમાંથી એક ગોધો આંગે કદાવેર જોસબંધ દોડતો આવી લાગ્યો. એ ગોધાઓ જે લડાઈ કરાવા સારૂ મોટા મોટા ઉમરાવો પોતાના રેહેઠાણો ઊપર પાળે છે તેની કીમ્મત વીશ પાઊંડ આસરે છે. (કોઈ તો ૬૦ થી ૮૦ પાઊંડની તોપ મારે છે, પણ અમારા માનવામાં આવતું નથી) તે વેચતા લઈને એક દીવસ આગમચથી તેઓને અંધારી નાની કોઠડીઓમાં ભુખા તથા તરસ્યા રાખે છે વળીકેટલાએક માણસો રાખવામાં આવેછે જેઓ આખો વખ્ત તેઓને ભાલાની ઝીણી અણીઓ ભોકી છેડયા કરેછે ને તે સાથે લાલ કપડું દેખાડયા કરેછે એથી તે ગોધો જાતે મસ્તાન તે પુરો ઘેલા જેવો બીજા દીવસમાં બની જાય છે અને જ્યારે તેને બારણું ઊઘાડી એરીનામાં છોડે છે ત્યારે તે એકદમ ઉજરડું તથા હજારો લોકોની ભીડ તથા ધુમબરાડા જોઇને પુર જોસમાં આવી જેથી કોઇ તે એરીનામાં ઉભા હોય તેની ઉપર શીંગડાં મારવા દોડે છે. એના શીંગડાં આડાં ને માથાની બાહારથી સામાં નીકળેલાં અણીદાર હોય છે અને આંગે પણ વેલાયતી મોટી ગાયના જેવો માતેલો હોય છે. હવે એ વખ્તે ત્રણ ચાર જણા ઘોડેસ્વાર તથા પાંચ સાત જણા પાયદલ હાથમાં લાલ લાંબા કપડાંના કકડા લઇ તૈયાર ઊભેલા હોય છે ને જેવો તેઓમાંનો એક જણ લાલ કપડું ગોધા તરફ ખોલીને તેને બતાવે છે કે તુર્ત તે ગોધો (જે લાલ કપડાં ઉપર તો અંધારી કોઠડીમાં ખીજવાયલો રહે છે તે) તેની ઉપર જોસબંધ દોડે છે પણ માણસો એક બાજુ ઊંપર ખસી જાય છે અને તે ગોધો પોતાનાં શીંગડાં પેલાં કપડાંપર મારે છે ને હમેશાં માણસને બદલે તે લાલ કપડાં ઉપરજ હુમલો કરે છે, પણ તે વખ્તે માણસોએ ખસી જવું જોઇયે, નહી તો તેની ઉપર પાછો તુર્ત દોડે છે જેથી માણસો ઘણી ઝડપથી દોડીને આસપાસ ગોળાઇમાં જે લાંકડાંની ૩ા ફીટની ફરેફાર મજબુત જડેલી હોય

છે તે ઊપરથી કુદીને બચી જાય છે અને ગોધો પેલી ફેરેફાર ઊપર ટક્કર શીંગડાંની મારે છે. વળી ઘોડેસ્વારો લાંબા અણીદાર (બે ઈંચની ટોંચવાળા) ભાલાઓ પણ તેને ભોંકે છે તેથી તે વધારે ચીરડાઇ જઇ ઘોડા ઉપર મારો લઇ જાય છે અને બીચારા ગરીબ ઘોડાના પેટમાં શીંગડાં ભોકી દઇ કોઇ વખ્તે તો તેને ઉઠલાવી નાખે છે. એ વખ્તનો દેખાવ ખરેખરજ કમકમાટ ભરેલો છે. બીચારા ઘોડાના પેટના આતરડાં બાહાર ઝુલાઇ પડે છે તોબી કોઇ ઘોડાઓ પડી જતા નથી પણ દોડયા કરે છે. એ ઘોડાઓને આંખે પાતા બાંધી રાખે છે અથવા એક ગમની આંખ બંધ કરે છે કે ગોધાઓને જોઈને ભડકે યા નાસી જાય નહી. તેના ઉપરનો સ્વાર તેને વળી પાછો ગોધાની નજદીક લઈ જાય છે જો કે તે ગોધો પેલા પાયદલ માણસો તથા તેઓનાં હાથમાંના લાલ કપડાં પાછળ દોડે છે તોબી તેની નજદીક લઇ જઈ ઘોડાને સાંમો ઊભો રાખે છે. ગોધો ગભરાઇને એક ગમ કોઈ વખ્તે ઊભો રહી જાય છે કે પાછો એકદમ પેલા ઘોડા ઊપર દોડી તેને પાછાં શીંગડાં ભોકી દે છે એટલે બાકી રહેલાં આ.તરડાં બહાર નીકળી પડે છે અથવા લોહી છુટી તે ઘોડો પડી જાય છે. હવે ઊપરના બેસનાર ધણીના પાવરા લોખંડનાં બુટ જેવા હોય છે જેની ઉપર જો શીંગડાં લાગે તો તેનો પગ બચે છે અને વળી જીનની આગળી તથા પાછળી બાજુ-પરથી અખંડ લોખંડની જાડી પતી હોય છે કે જેથી જયારે ઘોડો પોતાની બાજુપર પડી જાય છે ત્યારે બેસનારના પગ હેઠલ દબાતા નથી પણ પેલી પતી તેટલું જીન ઊંચું રાખવાથી માણસો જે તૈયાર હોય છે તે બેસનારને હેઠલથી બાહાર ધસડી કાહાડે છે ને બીજાઓ પેલા ગોધાને લાલ કપડાં આસપાસથી દેખાડયાથી તેઓની ઉપર તે દોડે છે ને પેલો ઘોડેસ્વાર બચી જાય છે. પણ કોઈ વખ્ત ગોધો ખસતો નથી ને પેલા માણસને પણ સાથે શીંગડાં ભોકી મારી નાખે છે. એ પ્રમાણે દશ મીનીટ ઘોડા ઊપર મારો ચલાવી ચાર પાંચ ઘોડા-ઓને મારી નખાવે છે. અગરજો ઘોડો જખમી થયા પછી દોડી શકે છે તો પાછો તેને ગોધાની સામે લઇ જાય છે. એ મુજબ એક ઘોડાને

ચાર વખ્ત જખમી થયલો, તેનાં આતરડાં હેઠલ લટકતાં, એક પગ વીંધાઇ ગયલો તથા બીજા ઘા પડેલા તોબી ગોધાની સાંમે લઇ જતાં અમોએ જોયો હતો ને જયારે તેનાં આતરડાં સઘળાં બાહાર છુટાં નીકળી જુદાં પડી ગયાં ત્યારે તે ભોંય ઉપર પડયો હતો તોબી તે જીવતો હોવાથી તરફ્ડે નહી કરી માણુસો એક આસરે ૦ાા ફુટ લાંબો ખીલો તેનાં ભેજાંમાં ઠોકી ઘાલી તેને બેજાન કરે છે. એ સઘળું ઘણું કમકમાટ ભરેલું લાગે છે, પણ સ્પેનીયર્ડો તેઓની ઓરતો સુધાં જે વખ્તે ગોધો ઘોડાનાં પેટ ફોડી તેને ઉટલાવી નાંખે છે ત્યારે ખુશીમાં આવી સાબાશીના પોકારો ઊઠાવે છે. અમોએ ચાર વખ્તની એવી લડાઇ આજે જોઇ તેમાં પેહેલી વખ્તે ૩, બીજી વખ્તે ૫, ત્રીજી વખ્તે ૨, અને ચોથી વખ્તે ૧ ઘોડાઓને મારી નાંખ્યા ઉપરાંત આસરે ચાર એક ઘોડા જખમી થયલા ઊભા રહી ન શકવાથી તેઓને પાછા લઇ ગયા હતા, જેમાંના એક ઘોડાને પેટમાં તાંકાં મારી બીજી વખ્તે પાછો લડવા લાવ્યા હતા ને આખરે તેને પણ ત્રીજી વખ્તે મારી નાંખ્યો હતો. એ ઘોડાઓ જાણે ખામખા મારવાજ લાવતા હોય તેમ છે. એમાં કશી ચબરાકી અથવા કળા વાપરતા નથી, કારણકે માણુસો ગોધાઓને છેડી નાસી જાય છે અને બીચારા ઘોડાઓને બાંધેલી આંખ હોવાથી તેની નજદીક ઉભા રાખે છે કે ગોધો પોતાનો ખાર તે બીચારા ગરીબ જાનવર ઉપર લીયે છે. તે વખ્તે ઘોડા નો દેખાવ ઘણોજ દયા ઉપજાવાજોગ થાય છે. બીચારાઓ એટલા તો ગભરાઈ જાય છે કે પોતાના પેટમાં શીંગડાં ભોકાયા છતાં તેઓ નાસતા યા લાતબી મારતા નથી, પણ ઉભા રહી જાય છે ને ગોધો શીગડાં ભોકયોજ જાયછે અને તેને પાડી નાંખેછે. એ મુજબ દર લડાઇમાં દશ મીનીટ સુધીમાં જેટલા ઘોડાઓ મરાય છે તેટલા મારવા દે છે. જો ઘોડા બધા અંદર હોય છે તે મરી જાય છે તો બીજા ઘોડાઓ અંદર લાવતા જાય છે. એકી વખ્તે ત્રણ ઘોડા અંદર રાખે છે. દશ મીનીટ પુરી થઇ કે રણશીંગડું વ-જાડે છે એટલે જીવતા રહેલા ઘોડા તથા સવારો બાહાર નીકળી જાયછે.

પછી બીજા પાઊંપ્યાદા માણસો આવે છે. હવે જોવાની જરા ઊલટ આપણને છુટે છે. તે માણસો પોતાના બેઊ હાથમાં બે તીર ફુમતાં સાથના રાખે છે અને પેલા લાલ કપડાંવાળાં માણસો ગોધાને આસ-પાસ પોતાની પાછળ દોડાવી ખસી જાય છે અને પેલો તીરવાળો માણસ સામે ઊભો રહે છે તેની ઊપર જેવો ગોધો શીંગડાં નીચા કરી મારવા દોડે છે તેવોજ તુર્ત પેલા તીરો તેના ખભાની બે બાજુ ઉપર ભોકી દઈ અને પોતે બાજુ પર ખસી જાય છે. એ ઘણું હુ નરનું તથા ઝડપનું કામ છે, નહીં તો તેનાંબી આતરડાં નીકળી જાય જો વખ્તસર તીરો ભોકીને બાજુએ ખસી નહી જાય તો. હવે એ તીરો ગોધાના ખભામાં રહેવાથી તે પુરો ચીરડાય છે અને પેહેલાં તો ખુબ ઉછાળા પેલા તીરો કાહાડી નાખવા માટે મારે છે, પણ તે મજ-બુત માંસમાં બેઠેલા હોવાથી નીકળી જતા નથી. એ તીરો જે બરાબર એ મુજબ ખોસે છે તેને લોકો ખુબ સાબાશી આપે છે અને જો ઘણી ચપળાઇથી તેણે તે કામ કીધું હોય છે તો લોકો ખુશીમાં આવી તેની ઊપર તોપીઓ, પૈસાની કોથળીઓ તથા બીડીઓ વતીક નાખે છે જેમાંથી તોપીઓ પાછી તે આપે છે પણ પૈસા અથવા કાંઈ જણસ હોય છે તે ધણી પોતે રાખે છે. એ પ્રમાણે વારાફરતી તીરો ચાર પાંચ જણાઓ ભોકયા જાય છે તેના ઝુમખા બોચારા ગોધાના ખભા ઉપર દીસે છે અને તે બધો લોહીલુવાન થઇ જાય છે.

અગરજો તીર કોઈએ બરાબર ભોકયો નહીં ને તે ગોધાનાં ખભા ઉપરથી પડી જાય છે તો તેને લોક હીસ આઉટ (hiss out) કરે છે. એ મુજબ પાંચ મીનીટ કીધા પછી સૌથી સરસ રમનાર અંદર આવે છે જેને મોટા પગારો મળે છે. તે ધણી પોતાના એક હાથમાં લાલ કપડું ને બીજા હાથમાં પાતળી બે ધારની તલવાર રાખે છે ને ગોધાની સામે આવી તેને છેડે છે. ને જેવો ગોધો તેની ઉપર ધસે છે ત્યારે બાજુએ ખસી અથવા કુદી જાય છે. હવે ગોધો બીચારો ઘણો થાકી ગયલો હોવાથી અમસ્થાં ડોકાં માર્યા કરે છે અને

કુદી અથવા દોડી શકતો નથી તેથી એ માણસ છેક તેની નજદીક હીમતથી જઈ શકે છે, પણ, પોતાની સાવચેતીમાં રેહે છે. કોઇ વખ્તે અંચીતો ગોધો તેની ઉપર દોડી પણ જાય છે પણ તે થોડાંજ પગલાં દોડે છે અને ઘણોજ હાંફે છે. કોઇ વખ્ત તો તે એટલો થાકી જાય છે કે તેની આંખ આગળ છેક નજદીક લાંલ કપડું ધરે છે તોબી તેની દરકાર કીધા વીના તે ઊભો રેહે છે. એ પ્રમાણે પાંચ-એક મીનીટ તેની સાથે પેલો રમત કરે છે અને પછી જેવો પેલો ગોધો જોસબંધ તેની ઉપર દોડતો આવે છે તેવોજ તેની સાંમે બરોબર ઉભો રહી પોતાના હાથમાંની તલવાર તેની ગરદન અને પાંસળીની વચમાં ચપળાઇથી ભોકી દેછે, એટલાં જોરથી કે તે અંદર પેસી જઇ ફક્ત તેની મુઠજ બાહાર દીસે છે. હવે જે જગ્યાપર એ તલવાર ભોકે છે તે એવી હોય છે કે ગોધો ગમે એવો જોરથી સાંમે આવતો હોય છે કે તુર્ત તે અટકી જઇ જરા લપેરા ખાઈ ભોંય ઊપર મુ-વેલો પડે છે. તે વખ્તે લોકો ઘણુંજ ઉશકેરાઇ જઇ પેલા રમનાર માણસને ખુબ સાબાશી આપવા ઊપરાંત તેની ઉપર સોગાત દાખલ ઘણી ચીજો ફેંકે છે. કોઈ વખતે તલવાર બરાબર તે જગામાં જો ભોકાતી નથી તો તેથી ગોધો મરી જતો નથી પણ દોડયા કરેછે, ત્યારે લોકો તે રમનાર ઉપર ધીક્કાર નાખે છે. અમોએ ચાર રમત જોઈ તેમાં એકજ વખ્તે ઊપર લખ્યા પ્રમાણે તલવારથી તુર્ત જાન લીધો હતો બાકી તો એ ત્રણ વ-ખત તલવારો આખી ભોકી નાંખે છે તોબી ગોધો તે તલવાર મર્મ-સ્થાનમાં ન લાગવાથી દોડયા કરે છે. એ વખ્તનો દેખાવ ગોધાપર દયા આણવા જોગ છે, તેનો બદનનો આગળો ભાગ બધા તીરો તથા તલવારથી વીધાઇ ગયલો અને વળી તે સઘળાં હથીયારો તેના દીલમાંજ ભોકાઈ રહેલાં તેથી તે કેવો બીચારો હેરાન હશે અને કોઇ વખ્તે તો એટલો નાતવાન લોહી જવાથી તથા થાકથી થાય છે કે નાંક અથવા મોહોડાંમાં તલવારની અણી ભોકે છે તોબી જરા હીલતો નથી ને માણસ ઉપર દોડતો નથી અને જયારે એમ ઘણો વાર સુધી

દોડે નહી તો પછી ઘોડાઓની માફક માથામાં ખીલો ઠોકી મારી નાંખે છે. પણ પેલો છેલ્લો રમવા આવનાર તેને તલવાર ભોકી દેતો નથી. તેને તો સામો મારવા આવે ત્યારેજ ભોકવી જોઇયે નહી તો હીચકારામાં ખપી લોકોના ઠપકા હેઠલ આવે છે. હવે જયારે ગોધો મરી ગયો કે રંગભુમીની અંદર ચચાર ઘોડાની જોડી આવે છે જેની પાછળ પેલા મુવેલા ઘોડાઓ તથા ગોધો છુટા છુટા ઘસડી જાય છે કે તુર્ત બીજા નવા ઘોડાઓ તથા સ્વારો રંગભુમીમાં આવી ઉભા રહે છે અને નવો ગોધો અંદર છોડી ઉપર લખેલી વીગત મુજબ પાછું શરૂ થાય છે. એમ છેક સાંજના સુરજ અસ્ત પામે ત્યાં સુધી પાંચ અથવા છ ગોધાઓ અને તેઓને હસ્તક વીશેક ઘોડાઓ મરે છે ત્યારે લોકો ધરાય છે. જે ઘોડાઓ મરવા સારૂં લાવેલા છે તે ઘણાખરા દુબળા અને હલકી કીમ્મતના હોય છે. સારા ઊંચા ઘોડાઓ તો પેહેલું સરઘસ આવે છે ત્યારેજ લાવી પાછા લઇ જાય છે. અમે ચાર લડાઈ ઉપર મુજબની જોઇ ઘણા કમકમીયા હતા અને બહાર નીકળી જવાની તજવીજ ઘણી કીધી પણ આસપાસ ફરતું લોક એટલું તો ગીચ બેઠેલું હતું કે નીકળી શકાયુ નહીં અને રમત જે આખો વખ્ત (સાડાચારથી તે સાડાછ વાગા સુધી) ચાલુજ હતી તેથી જો તેમાં કોઇને અડચણ કરીયે તો તેઓ ઘણાજ ચીરડાઇ જાય છે અને મારામારીપર આવે છે તેથી બેસીને જોવું પડયું હતું. છેલ્લી લડાઇ વખતેજ અમોને જવાનુ બન્યું હતું, કારણ કે લોકો બહાર આગળથી સેહેલમાં નીકળયે કરીને તે વખ્તથી છુટું પડવા માંડયું હતું. એ છેલ્લી લડાઇમાં અમોએ સાંભળયું કે એક માણસને ગોધાએ જખમી કીધો હતો. એ ગોધાના લડાઇમાં એટલું બધું તે શું અહીંયાંનાં લોકો જોય છે કે તેની ઉપર જાનફેસાની કરે છે. એક વખત નવાઇ દાખલ જોયા પછી હું નથી ધારતો કે સ્પેનીયર્ડો સીવાય બીજો કોઈ ફરીથી તે જોવા માંગે એવું એ કમકમાટ ભરેલું જોવાનું છે.

તા૦ ૧૬ મી મે સને ૧૯૮૭ અને વાર સોમ—આજે સવારનાં ૮ાા વાગે આગગાડીમાં મેડ્રીડથી દુર ૩૨ મૈલ ઉપર એસ-

કોરીયાલ (Escorial) કરી ઇહાંના પાદશાહોનો મેહેલ તથા દાટ.વાની જગા છે તે જોવા ગયા હતા કે જયાં આશરે ૧૦।। વાગે પુગ્યા હતા. રસ્તામાં કાંઈ દેખાવ ઘણો જોવાલાયક નથી. કોઇ ગમ સપાટ અને કોઈ ગમ ટેકડાની જમીનો આવે છે અને દુરથી ગુઆડારામા (Guadarrama) નો પાહાડ બરફની ટોંચથી ભરેલો દીસેછે. એ મેહેલ દરીયાની સપાટીથી ૨૭૦૦ ફીટ ઊંચાણુ જગામાં બાંધેલો છે તેને ફીલીપ બીજાએ ૧૫૬૩માં બાંધવા માંડયો હતો તે સને ૧૫૮૪માં તૈયાર થયો હતો. એ મેહેલ બાંધવાનું કારણ એ જે એની સાથે પોતાનો બાપ ચાર્લેસ પાંચમાની દાટવાની જગા કરવી તથા સેંટ કવીન્ટીનની લડાઇ ફ્રેંચો સાથે થઈ તે વખતે એણે માનતા પણ કીધી હતી કે જો તે લડાઇ જીતે તો તે દીને સેંટ લોરેન્સનો દીવસ હતો તેને સારૂં એક મોટું દેવળ બાંધે. એ સેંટને એક લોખંડની ગલેલ ઉપર જીવતો ભુંજયો હતો તેથી તેની નીશાની લોખંડની પાંઊ ભુજવાની ગલેલ આવે છે તે છે અને તેનાં જેવો આકાર કરી એ મેહેલ તેના ઘણા ચોકો લંબચોરસ લઇને ગલેલના સળીઆની વચમાં ખાંચા હોય તેમ એ ઇમારતની વચમાં રાખેલા છે તથા એ દેવળ ઉપરાંત એની સાથે એક મઠ પણ સાધુઓને રહેવા સારૂં બાંધયું હતું, જેઓ સાથે પોતે પણ ઘણાં વરસ વારાફરતી ત્યાં સાધુ દાખલ રહીને ભણતો હતો. એથી કરીને એ મેહેલ ઘણો મોટો થઈ ગયો છે. તે ૭૪૪ ફીટ લાંબો અને ૫૮૦ ફીટ પોહોળો છે અને તેની ઉપર ત્રણ માળ છે. એ પાંચ લાખ ફીટ જગા રોકે છે. તેમાં એક મોટાં દેવળ જેવું ચેપલ મોટા ગુંબજ સાથેનું છે તથા ૮૮ ફુંવારા, ૧૫ સાધુઓને રહેવાનાં ઘરો (cloisters), ૮૬ સીડી તથા દાદરો, ૧૬ મોટા ચોકો અને ૩૦૦૦ ફીટ રંગીન ફ્રેસ્કો કામ છે. એવો એ ગંજાવર મેહેલ છે. એના પેહેલા દરવાજા ઉપર સેંટ લોરેન્સનું ૧૫ ફીટ મોટું પુતળું છે અને તેના પાછળ દેવળને લગતો મોટો ચોક છે તે ઉપર ૨૭૫ બારીઓ ઉઘડે છે. એ ચોકને મથાળે ઈમારત ઉપર-ચાર ગંજાવર પુતળાં સોલોમન, દેવીડ તથા અસલના પાદશાહોનાં મુકેલાં છે. જયારે કોઇ

પાદશાહ મરણ પામે છે ત્યારે તેને ઇંહાં દાટવા લાવે છે તે વખ્તે એ ચોકનું બારણું બંધ રાખે છે અને બાહારથી પાદશાહનો છોકરો હોય છે તે બારણું ઠોકે છે ત્યારે અંદરથી સાધુઓનો વડો પુછે છે કે કોણ છે? ત્યારે જે પાદશાહ મરણ પામ્યો હોય છે તેનું નામ દીધા પછી બારણું ઉઘાડી અંદર કફન આવવા દેવાનો ધારો અસલનો હજી રાખેલો છે. એમાંથી દેવળમાં જવાય છે, જેનો કોયરવાળી માળની જમીનનો એક ભાગ ચોરસ લાદીઓથી કાંઇબી ટેકા વગર બાંધેલો છે જે નવાઇ જેવો કહેવાય છે, કારણકે ગુંબજને વચમાં એક પથ્થર રાખવાથી તે ગોળાઇને લીધે ટકી રહે છે, પણ આ તો સફાઇ ચોરસ જમીન કાંઇબી ભારવતીયા અથવા પેહરીઆ વગર અલગ રાખેલી છે અને તે ઉપર જો કોઇ જરા જોરથી પગ અફાડે છે તો માળ ધુજે છે. એ દેવળ ૩૨૦ ફીટ લાંબું, ૨૫૦ ફીટ પોહોળું અને તેના ઘુમટની ઊંચાઇ ૩૨૦ ફીટની છે પણ તે એવું તો સરસ બાંધેલું છે કે આવું મોટું નજરે લાગતું નથી. એના આલટરની સામેનો લોખંડનો પડદો ૯૩ ફીટ ઊંચો છે અને ૪૩ ફીટ પોહોળાઇમાં છે. તે બનાવવા પાછળ એક કારીગરને સાત વર્ષ લાગ્યાં હતાં. એનું "સેક્રેમેન્ટ" રાખવાનું વાસણ અસલ બ્રાન્ઝને ગીલીટ કીધેલું છ ફીટ ઊંચું ઘણીજ સરસ બનાવટનું હતું એવું કે તેની બરોબરી દુનીયામાં બીજું કોઇ કરતું નથી. તે સોનાનું સમજીને જયારે ફ્રેંચોએ લુટી લીધું ત્યારે તે ભાંગી જોયું તો બ્રાન્ઝનું હોવાથી તેના કકડા ત્યાંજ નાખી ગયા હતા, એ આલટરની બેઉ બાજુએ બે ઉઘાડા ઓરડા જેવું છે જેમાં જમણી બાજુએ ચાર્લસ પાંચમાનું તથા ડાબી બાજુના ઓરડામાં ફીલીપ બીજાનું પુતળું ગુંઠણુમંડીએ ભણતા હોય તેમ તેઓનાં બાયડી છોકરાં સાથે મુકેલાં છે જે બ્રાન્ઝ ધાતુનાં આબેહુબ પાડેલાં કહે છે. એ દેવળને લગતાં ૪૦ નાના ચેપલો છે તેમાંના એકમાં છેલ્લા રાજાની પેહેલી રાણી જેણીને પેટે કાંઇ છોકરાં નહી હતાં તેનું કફન રાખેલું છે. ઇંહાંના ધારા મુજબ રાજા રાણીને દાટવાનો ઓરડો જેને "પાનટીયન" કહે છે ત્યાં જેઓએ પોતે રાજ કીધું હોય તેઓને તથા તેઓની બાયડી જેણે છોકરાં જન્યાં

હોય તેઓનેજ મુકે છે. બાકી બીજી રાણીઓ કે જેને પેટે ફરજંદ નહીં હોય તેઓને તથા બીજા પાદશાહી ખાનદાનના છોકરા છોકરીઓને તેની પાસે જુદો ઓરડો છે ત્યાં મુકે છે. એ જગામાં હાલ છેલ્લા રાજાની ઘોર કફન સારૂ બનાવે છે તેથી અમોને અંદર જવા દીધા હતા નહીં. એ દેવળમાં ફીલીપ, જે Relics (સેંટો તથા ક્રાઇસ્ટને લગતી ચીજો તેઓના બદનના કોઇ ભાગને સાચવી રાખ્યા હોય તેને રેલીકસ કહેછે) ઉપર એકીન ઘણું રાખતો હતો તેથી તેની ઉપર ઘણી ગમથી જો કોઇ તેની મેહેરબાની મેળવવા માગતું હોય તો તે મોકલતા હતા તે રાખતો હતો અને જે રેલીકસોને સોના રૂપાના કેસોમાં મઢી લીધેલા હતા તે સઘળા ફ્રેંચ લશ્કરે લુટી લીધા હતા અને તેમાંના હાડકાં તથા બીજા રેલીકસો ભોંયપર નાખી ગયા હતા. એવા ૫૧૫ રેલીકસના રહેઠાણો (Shrines) ઉંચા ઉસ્તાદને હાથના બનાવેલાં હતાં. તે ઉપરાંત નજદીક સો ઉપર એને લગતા સોના રૂપાંના વાસણો તથા એક રૂપાંનું ઝવેરાત પેહેરાવેલું વરજીનનું પુતળું તથા સેંટ લોરન્સનું રંગીન રૂપાંનું મોટું પુતળું જે વજનમાં ૪॥ હંડરવેટ હતું તે તથા તેનાં હાથમાં જે લોખંડની ગલેલ ઉપર તેને ભુંજી મારી નાંખ્યો હતો તે ગલેલનો એક દાંડો જે તદન સોનાં તથા ઝવેરાતથી મઢી લીધેલો હતો તેની ઉપરનું બધું તે લોખંડનો દાંડો નીચે નાંખી કાહાડી લઇ ગયા હતા, જે સારૂં કહે છે કે ૧૪ ગાડાં ભરીને એ બધું લઇ ગયા હતા. એ દેવળને લગતી સેકીસ્ત્રીમાં આગળ દુનીયામા વખણાંયલાં ચીત્રો ઘણાં હતાં, પણ હાલ તે મેડ્રીડની પીકચર ગેલેરીમાં લઈ જઇ રાખ્યાં છે તોબી ઇહાં હજી ઘણાં સારાં ચીત્રો જોવામાં આવે છે. તેમાં વચલાં આલટરવાળું ચીત્ર ઘણું સરસ છે તેમાં ચાર્લસ બીજાને ગુઠણ મંડીએ પાદરીઓની સાંમે પાડી તેની પાછળ તેના બીજા ઉમરાવો ઉભા રાખ્યા છે જે દુરથી જાણે ખરેખર માણસો ઉભાં હોય તેમ સરસ પાડેલું છે. એ આરસીની પાછળ એક નાના ઓરડામાં એક ઘણું પવીત્ર ચેપલ તદન રંગીન સંગેમરમરનું બાંધેલું છે. તે ઘણુંજ સરસ છે તેમાં એક વેફર (આટાનુ "હોલી કમ્યુનીયન" આપવા એ લોકો બનાવે છે તેને

Wafer ફરી કહે છે. એક નાની પેપરમીટની ટાંકલી આવે છે, તેવું એ આકારમાં છે) ને એ લોકો ઘણું પવીત્ર ગણે છે તે રાખેલું છે. એનાં આલટર ઉપર અસલ સોનું રૂપું જડી લીધેલું હતું, પણ ફ્રેંચ લોક તે કાહાડી લઇ ગયા હતા, તે વખ્તે પાદરીઓએ તેની કશી દરકાર નહીં કીધી પણ પેલું વેફ્ર આગળથી ઊંચકી જઇને નીચે દારૂનું ભોએરૂં હતું ત્યાં સંતાડયું હતું જેની દરકાર તથા શોધ ફ્રેંચો દારૂ પીવામાં તથા લઈ જવામાં પડયા તેથી કીધી નહીં હતી અને બચી ગયું હતું. એ વેફ્રને વાસ્તે કેહે છે કે સને ૧૫૧૫માં હોલેન્ડમાં જ્યારે પ્રોટેસ્ટંટોનું જોર વધી ગયું ત્યારે એ વેફ્રને તે લોકોએ ભોંએ પર નાખી અપમાન આપવા પગે કચડયું તે વખ્તે (એ લોકોના કેહેવા તથા માનવા મુજબ) એમાંથી લોહી નીકળ્યું હતું તે દીનથી એ વેફ્ર ઘણુંજ પવીત્ર ગણાયું છે. એને જરમનીના રૂડાલ્ફ બીજાએ ફીલીપ બીજો જેને રેલીકસોનો ઘણો વેહેમ હતો તેને સને ૧૬૮૪ માં આપ્યું હતું જેણે એ આલટર એ વેફ્ર સારૂં ઘણા મોટા ખરચે બંધાવ્યું હતું. હમણાં જ્યારે ઊપર લખેલી આરસી ઊંચકે છે ત્યારેજ તે વેફ્ર દેખાય છે. ફ્રેંચો પાછા ગયા પછી એ વેફ્રને ઘણી ધામધુમથી રાજા બીજા ચાર્લસ સુધાનું સરવસ કાહડીને પાછું એ જગ્યા પર લાવી રાખ્યું હતું અને તેને એટલું તો માન આપે છે કે અમારી સાથે બીજા ઘણા કેઠલીક ખ્રીસ્તીઓ હતા તેઓ સઘળા નમ્યા હતા. એ જોઇને મેહેલને લગતાં દીવાંનખાનાંઓ તથા ઓરડાઓ જોવા ગયા હતા. એનો મોટો ભાગ અસલની તેપસતરી વર્કથી ભરી નાખેલોછે. એક ઓરડામાં ક્રાઇસ્તનું સંગેમરમરનું આખા કદનું એક પુતલું સેલીની (Celini) નામના ઉસતાદને હાથનું બનાવેલું મુકેલું છે જેની તારીફ ઘણીજ થાય છે. મેહલનાં બીજા ભાગના ઓરડાવો તદન દેવાલ શીલીંગ બારી બારના સુધા રંગીન જાતજાતનાં લાંકડાના ઇનલેડ વર્કના બનાવેલા છે તેમાં ગીલતેડ બરાનજ તથા ઇસટીલના ફીતીંગસો કીધા છે ને ઇનલેડ વર્કમાં ઘેરો વાહનો બાગો ઇત્યાદી સઘલું લાંકડાના જીના કટકાથીજ બનાવેલું છે તેની શીલીંગો પર ઉસતાદોના હાથના

પેનટીંગસો પાડેલા છે ને જમીન વટીક ઇનલેડ વર્કના લાંકડાની બનાવી છે જે સઘલા ઇનલેદ વર્ક પર ઘણી મેહેનત પડી હતી એમ કેહે છે. એ ઓરડાઓપર ૨૮૦૦૦૦) પાઊંડનો ખરચ બેઠો છે એવા સરસ તે બનાવ્યા છે. વળી બીજા ઓરડાઓ જેબી ઘણા છે તેમાં બધા ઉસ્તાદોનાં હાથના ચીત્રો મુકેલાં છે. એને લગતું કીતાબખાનું પણ મોટી અને જુની ચોપડીઓ હાથની લખેલીઓથી ભરપુર છે, પણ એ ચોપડીઓ સઘળી ઊંધી પાનાંની બાજુ દીસે તેવી રીતે મુકેલી છે તેથી તેનાં નામો કોઈ વાંચી શકતું નથી. કોઇ જે ઘણી જુની અને સરસ છે તેઓને કાચનાં કેસો વચમાં મુકી તેઓને તેમાં એક ગમથી ઊંઘાડીને તેમાંનાં ચીત્રો દીસ્તાં મુકેલાં છે. એમાં અસલની હાથની લખેલી કોરાનો, બાઇબલો ચાર્લસ પાંચમો, ઇસાબેલા, ફીલીપ બીજો ઇત્યાદીઓ વાપરતાં હતાં તે તથા બીજી આરબીક ચોપ-ડીઓએ વચ્ચે આપણું એક ઘણું પુરાનું શાહાનામું મુકેલું જોઈ અમો ઘણા ખુશી થયા હતા. તે હાથનું લખેલું છે તથા તેમાંની તસ્વીરે, પણ મઝાની પાડેલી છે. એ બધી આરબીક તથા ફારસી ચોપડીઓ સને ૧૪૦૦ નાં સાલમાં મુર લોકોની લડાઇ વખ્તે એક વાહાંણુ ખ્રી-સ્તીઓએ પકડયું હતું જેમાં મુરના રાજા ઝીદાંન (Zidan) નું પુસ્તક-ખાનું હતું જે તે એટલું તો કીમતી ગણતો હતો કે તેને બચાવવા સારૂ વાહાંણુમાં ભરીને આફ્રીકાનાં બીજા દેશમાં મોકલી દેતો હતો તેટલા પકડાઇ ગયું હતું તેમાં ૩૦૦૦ જુની ચોપડીઓ હતી જેને પાછી મેળવવા સારૂ એ સુલતાને સોનાના ૬૦૦૦૦ દુકેટ (ducat) આપવા કહ્યા પણ આપી નહીં હતી. જો કે એ શાહનામું કયા સાલમાં લ-ખેલું છે તે માલમ પડતું નથી, પણ ઊપલી વીગત ઊપરથી તે નજદીક ૫૦૦ વર્ષ ઊમર તો તે જુતું ગણાતું હતું તે ઉપરથી એ ઘણું જુનું અને અસલ શાહાનામામાંનું એક હોવું જોઇએ. એને જે પાને ઊઘાડી મુકી છે તેના ફોટોગ્રાફો લઇને વેચે છે તે ઉપરથી માલમ પડે છે કે એ ઘણું સરસ હોવું જોઇયે. એ પુરાની ઓરીએન્ટલ કીતા-બોનો મોટો ભાગ એક વખ્તે આગ લાગ્યાથી બળી ગયો હતો તેથી

થોડીજ હાલ બચેલી છે. જુનામાંજુની ચોપડી એક બાઇબલ હાથની લખેલી તથા તસ્વીર ચીતારેલી છે તે સને ૯૭૬ના સાલની છે કરી તેપર લખેલું હતુ. એ મેહેલ સઘળી રીતે જોવાલાયક છે અને જેઓ મેડ્રીડ જાય તેઓએ ખચીત એક દીવસ ભાંજીને એ જોવા જવો જોઇયે. એના ૧૪ મોટા દરવાજાઓ તથા ૪૦૦૦ બારીઓ છે એવો ગંજાવર એ મેહેલ છે. અમો તે સઘલળું જોઇને મેડ્રીડ રાતના ૮ વાગે પાછા ફર્યા હતા.

તા૦ ૧૭ મી મે સને ૧૮૮૭ ને વાર ભોમે—આજે સવારે મેડ્રીડનો પબલીક બાગ જોવા ગયા હતા, જે એક પાર્કની માફક મોટી જગ્યા રોકે છે તેમાં જગે જગે ફુવારાઓ તથા રોક-વર્કસો તથા તલાવો બનાવી તે ઉપર રસતીક (Rustic) પુલ બાંધેલા છે. એમાંના ઝાડો કાંઇ નવાઈના નથી પણ ફરવા લાયક રીતે બાગની તથા કેયારાઓની ગોઠવણ કીધીછે તથા વચમાં ૧૦૦ ફીટ ઊપરનાં પોહોળા ગાડીના રસ્તાઓ કહાડી આસપાસ ઝાડો રોપી ફુટપાઠસો રાખેલા છે. એ બાગમાં એક ગમ જાનવરોનો સંગ્રહ કીધેલો છે તેમાં ઘેરમાં મુવેલાં જાનવરોને "સ્ટફ્" કરીને રાખવા ઉપ્રાંત તેની હેઠલ છુટા છુટા ઓરડાઓમા સીંહ, બાલાબીછો, વરૂ, તરસ, ઊંટ, લામાસ તથા ગીનીફાઉલ, મોર, ફેઝન્ટસ એવું નજીવું રાખેલું છે. તે કાંઇ ઘણું જોવા લાયક નથી. ત્યાંથી અમો ઈહાંની દુનીયામાં વખણાયલી **પીકચર ગેલરી** જોવા ગયા હતા અને તે ખરેખર વખણાયલીજ છે, કારણકે વગર ગણત્રીના ઓરડાઓ તદન ઊસ્તાદ ચીતારાઓનાં હાથની બનાવેલી તસ્વીરોથી સઘળી ઊપરથી હેઠલ સુધી દેવાલો ભરી નાંખી છે. એમાં દુનીયામાના સઘળા એકેએક વખણાયલા ઊસ્તાદોના હાથની તસ્વીરોને તેબી વળી ઢગલાબંધ રાખેલી છે, જેની વીગત અમો આપવાને તદન અશકત છીયે. અમોને નજદીક ચાર કલાક એ જગ્યાઓપર આખો વખ્ત અમથા ઉપર ટપકે જોતા ગયા તેપર લાગ્યા હતા. એને લગતાં પુતળાંઓ અસલનાં રોમનાં, ગ્રીસનાં તથા બીજી ગમનાં મેલેલાંનો પણ મોટો

સંગ્રહ છે. એ જોઇને પાદશાહના તબેલા જોવા ગયા હતા. જયાં અસલની જુની ગાડીઓ દરેક ચાર થાંભલાની વચ્ચે થાંભલાપર જાદા ઢાંકણો નાખીને રાખી છે તે કોઇ કોઈ ત્રણસોથી ચારસો વર્ષની જુની છતાં ઘણી સારી હાલતમાં રાખેલી છે. રાજદુવારી ક્રીયાઓને વખ્તે વાપરવાની ઘણી મોટી લાલ રંગની ગાડીઓને તે ઉપર સોનેરી ઘોર તથા પુતલાઓ તથા ગાડીને માથે તાજો મુકેલાં છે. એક ગાડી નેપોલ્યન બોનાપાર્ટની આપેલી તેની બાહાર ઠેકાંણે ઠેકાંણે ઊંચા મોઢું જોવાના કાચો તે ઉપર તરાંહ પાડીને જડી લીધેલા છે. બાહારની બાજુથી કોઇ ઊપર મીના કામ કીધેલું છે, એવી જાતની આસરે ૨૪ ગાડીઓ છે. બાકી હમણાં વાપરવાની કાળા રંગની વારનીસની ગાડીઓ આસરે ૨૫૦ છે જે જાત જાતની બનાવેલી છે. તે જોઇને પાદશાહના મેહેલની જરા દુરથી એક ઘણો મોટો આસરે ૧૫૦ ફીટ ઊંચો પુલ બાંધેલો છે તે જોવા ગયા હતા. એ પુલ એ ડુંગરોની વચમાં આવજાવ કરવા બાંધેલો છે. તેની હેઠલ બીજાં ઘરો તથા રસ્તાઓ આવ્યા છે. એ પુલ ઊપરથી ઘણા લોકો આપઘાત કરતા હતા તેથી હમણાં તેની બાજુઓ પર ઊંચા કટેરા ભરી લીધા છે. એ સીવાય બીજું કાંઇ મેડ્રીડમાં જોવા લાયક ન હોવાથી આજ સાંજનાં કલાક ૭–૨૦ મીનીટે મેડ્રીડ શેહેર તથા સ્પેન દેશ છોડયું હતું. પેરીસ જવા આગગાડીમાં એ વખ્તે બેઠા હતા. સ્પેન દેશ પોતે જાતે ઘણું ફળવંત (મોટો ભાગ) છે અને અમો જ્યાંથી ફરીયાચ ત્યાં કોઇ કોઇ જગાપર જ્યાં તદન ખડકના પાહડો હતા તે સીવાય બધે ખેતીવાડી ડુંગરો ઊપર વતીક જોઇ હતી. તેમાંનો ઘણો મોટો ભાગ ઓલીવસનાં ઝાડોથી રોપેલો હતો. એ જણસનો સ્પેનમાં ઘણો મોટો ખપ ખાધામાં તથા તેનું તેલ બનાવી તેમાં રાંધવામાં તથા તે પણ ખાનાં સાથે ખાવામાં ઉપરાંત સાંભળવા પ્રમાણે ત્રણ લાખ ટન જેટલાં ઓલીવસનું તેલ તથા ફલો બાહાર દેશાવર ખાતે મોકલી શકે છે. એથી ઉતરતો ઘઊંનો પાક પણ ઘણો મોટો છે. ઉપલાં બીજાં ફળનાં ઝાડો જે છુટાં છુટાં રોપેલાં હોય છે તેની હેઠલ એ ઘઉંની વાવણી

બધે જોઈ હતી. ઈહાં બારે માસ વરસાદ હોવાથી તથા સાથે તડકું ને વાદળ ખોટલું હોવાથી એ ઘઊંનો પાક વરસમાં ત્રણ ચાર વખ્ત ઉતારી શકે છે અને તેને લીધે સ્પેનના પોતાના મોટા ખપ ઊપરાંત બીજે દેશાવર મોકલેછે. તેનો મોટો ભાગ ઈંગલંડમાં જતો હતો પણ હમણાં બે ત્રણ વર્ષ થયા હીંદુસ્તાનનો ઘઊં ત્યાં સસતો જઇ પડવાથી ઈંગલંડ સાથનો એ વેપાર ભાગી પડતો જવાથી હમણાં રોપણી આગળ કરતાં ઓછી થવા લાગી છે. બીજો મોટો પાક એનડેલુશીયાંનાં પ્રગણાઓ તરફ શેરડીનો હતો, પણ ખુદરતનો ફેરફાર થઈ ત્રણ વર્ષ થયાં એ જગ્યાઓ પર ઠંડી ઘણી પડે છે અને ઝાકળ થવાથી એ પાકને ઘણું મોટું નુકશાન જવા લાગ્યું છે અને એના ઘણા કારખાનાઓ ખાંડ બનાવવાના બંધ કરવાં પડયાં છે. એવી ચીજોને લીધે હાલ ગરીબ ખેડુતોમાં તથા મીલકતવાળામાં તંગી ફેલાઇ છે. ઈહાં નારંગીના પણ ઝાડો ઘણા મૈલોના મૈલ સુધી રોપેલાં છે જેમાં સેવીલના આખી દુનીયામાં વખણાય છે. એ મોસમબીની જાતના છે અને તે એટલાં તો રસીલાં હોય છે કે તેની છાલ જે સંતરાની માફક સેહેલાઇથી હાથે છોલી શકાય છે તે કાહાડતાં પણ રસ નીકળી આવે છે અને સ્વાદ પણ જુદીજ તરાંહનો તથા લેહઝતદાર છે. એ સીવાય દરાખ તથા બીજાં ઝાડો પણ ઘણાં થઇ શકે છે, પણ ખેતીવાડી જોયા મેલે યુરોપના બીજા દેશો માફક ઘણી ઊંચી કેળવણી પર આવેલી નથી. સ્પેનનું લોકબી જાણે ૨૦૦ વર્ષ પર યુરોપનું બીજું લોક હતું તેવી હાલતમાં હાલ છે. એના લોકો જોવા મેલે બીજા દેશાવરોમાં ફરવા હરવા યા જોવા જતા નથી તેથી જેવાને તેવા હમણા રહી ગયા છે. બાકી આગળ એ લોકો ઘણા હુશીયાર અને દુનીયાના મોટા ભાગો પર ફરી શોધ કરનારા હતા. હમણાનું લોક હજી જાહેલ ઘણું છે. જો જરાબી અપમાન કોઇને થયું કે તુર્ત છુપાવેલી છરી યા ખંજર બાહાર નીકળેલાંજ છે અને ખુનો વટીક થાય છે. જરાજરામાં મારામારીપર પણ આવી જાય છે. તેના દાખલા દાખલ અમો ગોધાની લડાઇ જોઇને પાછા વરસાદ પડતો હોવાથી

ભાડુતી ગાડીમાં હોટલ તરફ આવતા હતા તેટલાં કોઇ બીજી ગાડી સામેથી જરા આડી આવી નજદીક અઠડી પડતી હતી તેથી અમારી ગાડીવાળા કોચમેને તુર્ત ચીરડાઇને સામા કોચમેનને ચાબક લગાવ્યો. હવે સામી ગાડી જોરમાં જતી હતી તેના કોચમેનનો મીજાજ ગયાથી તેણે ઊભી રાખીને ઉતરી આવી અને અમારા કોચમેન ઉપર ચાબક લગાવ્યો જે અમારી છત્રી ઊઘાડી હતી તે ઉપરથી છટકીને અમારા કંડકટરની તોપી ઉપર પડયો. અમારો કોચમેનબી જલદી ઉતરી પડયો અને પેહેલાં આમનસામન ચાબકો ચાલવા પછી હાથોહાથ આવી ગયા અને ભોંય ઊપર એઉ જણુ પડયા તોબી મરાયાજ કરતા હતા. અમો લોકોએ લાંખો વખત ત્યાં ઊભું રહેવાનું ડાહપણ નહીં ધારી ત્યાંથી તેઓને મરાતા મુકીને ચાલી ગયા હતા કે રખેને કાંઇ કામ વધી પડે ને સાક્ષીમાં જવાથી તે દીને જવાના હતા તે અટકી પડીયે. એવા આકલા માણસો સ્પેનનાં છે. સ્પેનની વસ્તી એક કરોડ અને સડસઠ લાખની ગણાઇ છે. સને ૧૮૭૭ ની સેનસસ મુજબ તેમાં આસરે ૩૧ લાખ જણુજ લખી વાંચી જાણે છે. એની વરસ દહાડાની આવક આસરે ૭૬ કરોડ પેસેતા (યાને તીસ કરોડ રૂપીયા) ની છે. હમણા ૨૦ વર્ષ થયાં લોકોએ વધારે સુધરવા તથા લખવા વાંચવા શીખવા માંડયું છે પણ તોબી યુરોપના બીજા દેશોથી ઘણું પાછળ છે. એની બે રેલવે કંપનીઓબી ફ્રેંચ કંપનીઓ ઉભી થઇને ચલાવે છે. એની ધાતુની ખાંણ જે ઈહિાં ઘણી કહેવાય છે તેબી બહાર દેશવાળાઓ તેમાં મુખ્ય કરી ઇંગ્રેજ કંપનીઓ ચલાવે છે. તેજ પ્રમાણે વેપાર પણ બહાર દેશના લોકો મોટો ભાગ લઇ બેઠા છે. વર્ષ દહાડાની નીકાશ ૩૪ કરોડ અને આયાત ૨૪ કરોડ રૂપીયાની કહેવાય છે. લશકર સલાહ વખ્તે એક લાખ માણસનુ અને લડાઇ વખ્તે સાડાચાર લાખ માણસનું કરી શકે છે. દરેક જણને ઈહિાં પણ સોલજર થવાની તણ વર્ષ સુધીની ફરજ છે. તેઓ દરેકને રોજની ૭ પેન્સનો નજીવો લવાજમ મળે છે. દરીયાઇ ખાતું ૧૨૬ સ્ટીમરોનું છે તેમાં ૧૨ લોખંડની મનવારો છે અને ૫૫૫૫ મૈલ રેલવે સને ૧૮૮૫ સુધીમાં ઊંઘડી હતી.

એના સંસ્થાનોની વસતી આસરે હેસી લાખ માણુસોની છે. મેડ્રીડમાં પાણી સીપવા સારૂ તપે તપે પાણીના નલોને મોઢાં રાખેલાં છે તેમાં એક મોટી ચામડાંની નલી ભેરવીને પછી તેને પાણી સીપે છે, જે ઘણું જોરમાં દુર સુધી જાય છે. તેની વચમાં ગાડી ઘોડાઓની આવ-જાવ ચાલુ રેહે છે. તેઓને ઘણી સરસ રીતે નલી ખસેડી નાખી ઊપર હેઠલ કરી બચાવી લીયે છે. સામનનાં ગાડાંઓમાં સામન ઘણો ભરે છે અને તે ઘસડવા કોઇ વખ્ત તો છથી આઠ ખચ્ચરો યા ઘોડા એકમેકની આગળ હારબંધ જોડે છે. તેજ પ્રમાણે ભાડેની ઓમનીબસોમાં કોઈમાં બબેની હાર પ્રમાણે ૧૦ ઘોડા સુધી પણ જોડે છે. ઈહાંનો સૌથી મોટો મોહોલો Calle de Alcala કરીને નજદીક ત્રણ ચાર મૈલ જેટલો લાંબો અને ૫૦ થી ૭૫ ફીટ પોહોળાઇમાં છે. તેની બેઊ બાજુપર ઘણી મોટી મોટી હવેલીઓ આવેલી છે. એ હવેલીઓ ચારથી પાંચ માળોની હોય છે અને તેમાં પેહેલા બે માળોપર ઉમરાવો તથા પૈસાવાળા ગ્રહસ્થો રેહે છે, પછી ત્રીજાપર તેથી ઊતરતી પદવીના વેપારીઓ, ચોથાપર ધંધાદારીઓ અને પાંચમાપર પરચુટણ માલ વેચનારાઓ. એ પ્રમાણે એક જગોમાં ઉમરાવ અને ફકીર સાથે રેહે છે. ઘરો ઊમરાવનાં પોતાનાં હોય છે. તેઓ મોસમમાંજ ઈહાં આવે છે ત્યારે એક બે માળ વાપરી બાકીના ભાડે આપે છે. ઊમરાવો કોઇ કોઈ ઘણા પૈસાવાળા છે અને એક ધણીના આખા મોહોલાઓ પોતાના છે તેમાં ત્રીશ હજાર લોક ભાડે વસે છે. અમોને બધી રીતે સ્પેન દેશ પસંદ પડયું છે પણ જેઓ એ દેશ જોવા જાય તેઓ ઘણીજ ધીરજવાળા શખ્સો હોવા જોઇયે, નહીં તો સઘળાં ધીરાં કામથી કંટાળ્યા વગર રહે નહીં. આજ દીને સ્પેનના રાજાને પેહેલું વર્ષ ઊગ્યું હતું તેથી થોડી ઘણી ધામધુમો રોશણી કરવાની ચાલતી હતી ને ઘરોનાં શણગારમાં બારીઓની અગાસીઓ ઊપર લાલ કપડાં નાખેલાં હતાં તોબી વેપાર તેમજ બેંક સુધાં બંધ હતું નહીં. ઈહાંનો રાજા ગયે વર્ષેજ મરણ પામ્યો છે અને તેની

રાણીને તે વખ્તે હમેલ હતા ને ત્યાર પછી છોકરો ત્રણ મહીને જન્મ પામ્યો હતો. તે હમણા યુરોપમાં સૌથી નાની વયનો—એક વર્ષની ઉમરનો રાજા—થયો છે.

તા૦ ૧૮ મી મે સને ૧૮૮૭ ને વાર બુધ—આજે આખો દીવસ આગની ગાડીમાં ગયો હતો. બપોરનાં ૧૧ વાગેને સ્પેનની સરહદ ઉપરનું શેહેર ઇરન (Irun) કરીને છે તે પસાર કીધા પછી ફ્રેંચ હકુમત તળેના બેઓન સ્ટેશન ઉપર અમારો સામાન જકાત સારૂ તપાસ્યો હતો. રસ્તામાં સેન સીબેસ તીઅન તથા બીલબોઆ કરી સ્પેનના મોટાં શેહેરો મળ્યાં હતાં જેઓ દરીયાની નજદીક હોવાથી ત્યાં વાહાંણો તથા સ્ટીમરો નદીમાં લંગર નાંખી ઘણાં પડેલાં હતાં અને કોઈ વખ્ત તો અમારી આગગાડી છેક એટલાનટીક મહાસાગરને કીનારે ઘણા મૈલ સુધી દોડતી હતી. તે વખ્તનો દેખાવ ઘણો સારો હતો. એક ગમ બધી ફળવંત જમીન બાગની માફક અને બીજી ગમ દરીયો હતો. આખો દીવસ વાદળ પર ઘેરાંન હતું અને કોઈ વખ્ત ધીમો ધીમો વરસાદ પણ આવતો હતો તેથી ઠંડી ઘણી લાગતી હતી. ફ્રેંચ સલતનતમાં પેઠા પછીની જમીનનો મોટો ભાગ ખરાબ મટોડીનો હોવાથી તેમાં સ્કોચ પાઇનસ નામનાં ઝાડો ઉગાડેલાં હતાં જેઓ ઘણી નબળી જમીનમાં પણ જીવી શકે છે. તે ઝાડોમાંથી Rasin નામનો રસ ગુંદરના જેવો કાહાડે છે જે સારૂ ઝાડોની છાલો થોડા ભાગ ઉપર છોલી તે ઉપર નાના પ્યાલાંઓ બાંધી મુકે છે જેમાં તે ગુંદર એકઠો થાય છે ને દવામાં તથા બીજાં કામમાં ઘણો આવે છે ને વળી એ ઝાડનું લાકડું બળવામાં કોલસાની બરાબર ગણાય છે. જોયા મેલે થોડાંજ વર્ષ થયાં આએ ઝાડો ઈહાં લાવેલા તેઓનાં નાના કદ ઊપરથી માલમ પડે છે.

તા૦ ૧૯ મી મે ૧૮૮૭ અને વાર બ્રેસ્પત—આજે સવારના સાડા પાંચ વાગે અમે પેરીસ શેહેરમાં આવી પુગ્યા હતા અને આગગાડીમાંથી ઊતરીને શેહેરના બીજા ભાગ ઉપર કેલે જવાનુ

બીજું સ્ટેશન છે ત્યાં ઘોડાની ગાડીમાં ગયા હતા; સવાર હોવાથી સઘળું સમશાન જેવું લાગતું હતું. એ સ્ટેશન પરથી કલાક ૮--૨૦ મીનીટે આગગાડીમાં નીકળેલા બપોરના એક વાગે અમે કેલેના બંદર પર આવી પુગ્યા હતા. ગાડી છેક સ્ટીમરની સામે લાવીને ઊભી રાખી હતી તેથી તુર્ત સ્ટીમર જે બે વાહાંણોને જોડીને એક કીધેલી જેવી (twin steamers) હતી તે ઊપર બેઠા હતા. એ બે સ્ટીમરોની વચમાં દરીયાના પાણીના મોજાઓ જવાનો રસ્તોછે તેથી ઈંગ્લીસ ચેનલ જે હંમેશાં જોરમાં રહે છે ત્યાં તે ઘણી ડોલતી નથી, નહીં તો નાની બીજી સ્ટીમરો ઉતારૂઓને ખચીત હેરાન કીધા વગર રહે નહીં. અમારી સ્ટીમરમાં બે મજેની સલુનો છે તેમાં ફરતી મખમલની સુવા તથા બેસવાની બેઠકો કીધી છે. આજે ખાડીનો દરીયો વધારે જોરમાં હોવાથી અમો તો એક સલુનમાં જઇને સુઇ ગયા હતા. અમારી સ્ટીમરે દોઢ કલાકમાં ખાડી પસાર કરી અમોને ઇંગ્રેજી ધરતી પર ડોવર ખાતે ત્રણ વાગે ઉતાર્યા હતા, જયાં અમારો સામાન પાછો તપાસ્યો હતો અને આગગાડી જે તૈયાર ત્યાંજ ઉભી હતી તેમાં અમો બેઠા હતા. ઈહીં બે ટરેનોમાંની એક વીકટોરીયા અને બીજી ચેરીંગ ક્રોસનાં સ્ટેશનો બેઉ લંડનમાં આવેલાં છે ત્યાં જવા તૈયાર હતી તેમાં છેલ્લીમાં અમો બેસીને ઉપડયા હતા. તે સાડા પાંચ વાગેને લંડન શેહેરના ચેરીંગ ક્રોસ સ્ટેશન પર ઊતર્યા હતા અને ત્યાંનાજ સ્ટેશનના મથાલાપરના એજ નામના હોટલમાં ઉતારો લીધો હતો. અમો ડોવરથી ઈહીં લંડન સુધી આવ્યા તે સઘળો રસ્તો ઘણો ખરો સપાત હતો અને આસપાસ લીલોતરીના ખેતરો તથા તે પર સેંકડો બંધ મેંઢાંઓ ચરતાં દીઠાં હતાં. ખેતીવાડી પણ બધે ચાલુ હતી અને આ વસંતરૂતુ (spring) જરા પાછલથી આવવાથી બધાં ફળોના ઝાડો તદન ફુલોથી ભરાઇ ગયલાં હતાં અને તેઓનાં પાદડાં જાણે છેજ નહી અને સઘળાં પીચીસના લાલ પેર તથા ચેરીસના સુફેદ એરીત રંગીન ફુલોથી ઘણો સરસ દેખાવ લાગતો હતો. લંડનની નજદીક ચાલતા ગયા તેમ એ ગંજાવર શેહરની ધામધુમો

ત્યાંથી જતી આવતી આગગાડીઓથી માલમ પડવા લાગી હતી. અમોને બે કલાક રસ્તામાં થયાં તેટલાં ફક્ત એ રસ્તા ઉપર અમોને સામી જતી ૧૦ ગાડીઓ મળી હતી ત્યારે બીજી બધી ગમ કેટલી ટ્રેનો જતી હશે તેનો વિચાર કરી લેવો. અમો સને ૧૮૮૧માં ઇહાં આવ્યા હતા તે વખ્તે ઈહાંનાં સૌથી મોટા જંકશન સ્ટેશન કલેપ હેમપરથી રોજની ૭૫૦ ટ્રેનો આવજાવ કરતી હતી. પણ હમણા સાંભળવા મુજબ એક હજારનીબી ઉપર ટ્રેનો દોડે છે. એ જંકશનપર બેથી ત્રણ પુલો બાંધીને યા જમીનની અંદર રેલવેઓ દોડે છે અને તેનાં પાંચથી છ સાઈડીંગો છે, જયાંથી જાણે ઘોડાની ગાડીઓ આવ જાવ કરતી હોય તેમ ટ્રેનો દોડાદોડ કરતી હતી. ઈહાં લંડનમાંબી વાદળ ઘેરાયલું હતું અને ઠંડી ઘણી અમો આગળ આવી ગયા તે કરતાં વધારે માલમ પડતી હતી.

તા૦ ૨૦ મી મે સને ૧૮૮૭ ને વાર શુક્ર—આજે આખો દીવસ વાદળ ઘેરાયલું રહ્યું હતું ને છુટો છવાયો વરસાદ પણ પડતો હતો. ને અમો બીજાં ખાનગી કારણો સર રોકાવાથી કેથે જોવા ગયા હતા નહીં. રાતના ડ્રુરી લેન ઠીયેટરમાં "બોહીમીઅન ગર્લ"નો ઓપેરા જોઈ આવ્યા હતા, જે જો કે આપણે મુંબઇમાં કોઇ વખ્તે જોઇયે છીયે તે કરતાં સરસ હતો તોબી ઇહાં કાંઇ તેવો ઊંચો ગણાતો નથી. કોરસમાં ઓરતો તથા મર્દો મળીને નજદીક ૭૫) જણાં ગાતાં હતાં અને બેલેટ પણ ઘણો સરસ હતો, વાજું પણ ૫૦) માણસોનું સાથે વાગતું હતું.

તા૦ ૨૧ મી મે સને ૧૮૮૭ ને વાર સની—આજેબી નજદીક આખો દીવસ વાદળ ઘેરાયલું હતું. બપોરનાં બે વાગેને મહારાણીની વતી પ્રીન્સ ઓવ વેલ્સે લેવી ભરી હતી ત્યાં અમો ગયા હતા અને અમને હીંદુસ્તાનના વડા વજીર લોર્ડ ક્રોસે નામદાર પાટવીકુંવર સાથ ઓળખાવ્યા હતા. એ વખ્તે એટલી તો ગીરદી હતી કે ઉપરના ત્રણ ચાર (સેંટ જેમસીસ પેલેસમાં એ લેવી ભરી હતી) હાલો તથા

ઓરડાઓ તથા ચાલો ઉપરાંત ગ્રાંડ સ્ટેરકેસ વટીક હાજર રહેલા લોકોથી ખીચોખીચ ભરાઇ ગયલાં હતાં. એ લેવીમાં હંમેશનાં જેવાં સાદાં કપડાં પેહેરી લોકોથી જવાતું નથી, પણ કોર્ટ ડ્રેસ જે ઉંચી કસબી કીનારીઓ યા ભરતનાં કપડાંઓનો બનાવેલો હોય છે તથા તોપીઓ પણ (કોક હેટના જેવી) પીછાંની રાખે છે અને વળી ત્યાં હાજર થનાર મોટો ભાગ જુદી જુદી રીજમીટોના અમલદારોનો તથા ઉમરાવોનો હોવાથી તેઓના રંગીન ભપકાદાર પોશાકો તથા છાતીઓ ભરી નાંખે એટલા ચાંનોથી ઘણો સારો લાગતો હતો. તેમાં વળી હીંદુસ્તાનના બે ચાર રાજા તથા સરદારો પોતાનાં કસબી ભરતનાં કપડાં તથા ઝવેરાતો સાથે છુટા છવાયા દીસ્તા હતા તેમાં સૌથી સરસ તો આપણા જરથોસ્તીઓ પોતાના જામાં પીછોડી સાથે તદન સફેદ પોશાકથી ઢંકાયલા ભેળાવાથી ઘણો રંગીન અને વીચીત્ર દેખાવ દીસ્તો હતો. પેહેલાં તો જો કે અમો ઘણાજ જલદી લેવી ભરવાની અરધો કલાક આગમજ બારણાં ઉઘાડ્યા પછી થોડાજ વખતમાં ગયા હતા તોબી અમોને પેહેલા હોલના બીજા ભાગમાં ઉભું રેહેવું પડયું હતું એટલા આગમજથી બીજાઓ આવ્યા હતા. એ વખ્તે પણ વારસાદ, વાદળ અને ઠંડી હોવાથી હોલના સઘળાં બારી બારણાં બંધ હતાં અને અંદર ભીડ એટલી તો હતી કે આપણે જરા હીલી પણ શકીયે નહીં ને તે મુજબ અરધો કલાક અમારી આગળ આવેલા સાહેબો ઉભેલા હતા તેથી તેઓમાં ઉકળાટ ઘણો ફેલાયો હતો અને એક અમલદાર બીચારો મોટે બુમ પાડીને જમીન ઉપર લાકડાંની માફક અફડાઇને બેસુદ્ધ થઇ પડી ગયો હતો, જે ઘણે વારે લોકોને આસપાસથી ખસાડયા અને બારીઓ ઉઘાડી ત્યારે હુશીયારીમાં આવ્યો હતો. પણ ચાલી ન શકવાથી ગાર્ડ રીજમીટના ચાર સોલજરો તેને ખુરસી પર બેસાડી ઉંચકી લઇ ગયા હતા. એ મેહેલના દરવાજા પર ઘોડેસ્વાર ગાર્ડની ભપકાદાર રીજમીટ ઉભી રાખેલી હતી અને અંદર હારબંધ જરા છુટા છુટા અસલી પોશાક પેહેરેલા ચોબદારોને હાથમાં લાંબી લાકડીઓ આપી ચાલ તથા સીડીઓ પર ઉભા રાખેલા હતા. એ વા-

ગેને નામદાર પ્રીન્સ ઓવ વેલ્સ લેવી રૂમમાં આવ્યા તેની સાથે હાલ યુરોપના બીજા દેશોના શાહાજાદાઓ આવ્યા છે તેઓ તથા પ્રીવી કાઊનસીલના મેમ્બરો તથા મીનીસ્ટરો સફ સમારી ઉભેલા હતા. લેવીની સલાંમની વીગત મુંબઇની લેવીનેજ મળતી હોવાથી અમો લખતા નથી. જે ધણી અમારી માફક આગળ લેવીમાં રાણીને "પ્રીઝેન્ટ" નહી થયો હોય તે ધણી જ્યારે સલામ કરવા આવે છે ત્યારે જુદા કાડો જે તેયાર આગળથી મળે છે તે ઉપર for presentation કરી લખી લાવે છે. તે ઊપરથી પ્રીઝેન્ટ કરનાર ધણી પેહેલાં for presentation કરી બોલીને નામ પોકારે છે એટલોજ ફરક ઇહાં જોવામાં આવે. સાંભળવા પ્રમાણે આજે નજદીક પાંચ સો નવાં "પ્રીઝેનટેશન" થયાં હતાં અને પાંચ હજારની ઉપર લેવીમાં લોક હાજર હતું ત્યાંથી અમારો છુટકારો જલદી થયો હતો, પણ વરસાદ અને ઘેરાંન તથા ઠંડી સરદી જેવી હોવાથી બીજે કેથે ગયા હતા નહી. આજે રાતનાં અમારા એજંટે પોતાને ત્યાં ડીનર પાર્ટી આપી હતી ત્યાં રાતના ગયા હતા.

તા૦ ૨૨ મી મે સને ૧૮૮૭ ને વાર રવી—આજે સવારનાં અત્રેના જુના જરથોસ્તી રેહેવાસી મી૦ દોરાબજી પેસતનજી કામાને મળવા ગયા હતા ને ત્યાંથીજ રેલવેમાં બેસીને દીવસ ખુલ્લો હોવાથી તથા આતવાર હોવાથી શેહેરનું કંઇ જોવાયું નહીં કરીને કીયુ ગારડન્સ જે રીચમંડનાં લંડનનાં પરાં આગળ છે ત્યાં ગયા હતા. એ બાગ મોટો પાર્ક જેવો છે ને તેમાં પંદર ઉપર કાચનાં ઝાડો રાખવાનાં કોઇ કોઇતો ગંજાવર ઘરો બાંધેલાં છે. જ્યાંનાં ઝાડો તથા રોપાઓનો સંગ્રહ જેવો દુન્યાંમાં બીજે કેથે નથી. અમો નથી જાણતા કે હીંદુસ્તાનના ગરમ દેશોની એવી શી ચીજો હશે કે જે અમે ત્યાં નહીં જોઇ હશે અને વળી ગરમી બાફથી જેટલી ઘટે તેટલી આપવાથી ઇહાંનાં તેવાં ઝાડો તથા રોપાઓ હીંદુસ્તાન કરતાં ઘણી સારી તથા જોરાવર હાલતમાં દીસતાં હતાં. અહીંયાં દુનીયાંના બધા ભાગો આફ્રીકા વટીકનાં ઝાડપાન લાવી રાખેલાં છે તેમાં વળી યુરોપનાં પણ નવાઈનાં ઝાડો છે જેઓ પર હાલની મોસમ ફુલોની હોવાથી તેઓ સઘળાં તેથી ભરપુર



લંડન.

દીસતાં હતાં અને કાચનાં ઘરો મોટાં હોવાથી તેમની સુગંધથી આપણાં મગજ તર કરી નાંખતાં હતાં. ફુલોનાં ઝાડોમાં સરસ ફુલવાળાં તો ઓરકીડસો કાંઈ ગણત્રી વગરનાં તરાંહ તથા રંગનાં ફુલોનાં હતાં તે ઉપર એઝીલીયાસ જે ઉપર પાદડાં કરતાં ફુલો વધતાં અને ઘણા જાત જાતની રંગનાં રહે છે તે તથા ટયુલીપસો ઇત્યાદીનાં ફુલો, ઘણીજ જાત જાતના રંગોના લીલા રોપાઓ, ફરનશો, પામસો ઇત્યાદીમાં ભેળાયલા ટેસ્ટથી ગોઠવેલા હોવાથી ઘણા સરસ લાગતા હતા. ખુલ્લા બાગમાં પણ રંગીન ફુલોના રોપાઓના જાણે ગાલીચા બીછવ્યા હતા તેમાં ટયુલીપસો બહુજ શોભતા હતા. એવાં સરસ ફુલો આવેલાં અમોએ ગયે વખ્તે નહીં જોયાં હતાં અને આએ વખ્તે નવાઇનાં બીજાં નવાં ઝાડોનો પણ સંગ્રહ ઘણો જોયો હતો જેથી અમો ઘણાજ મગ્ન થયા હતા અને આગળ સને ૧૮૮૧ કરતાં આએ વખ્તનો એ બાગ ઘણો સરસ દીસ્તો હતો. એ જોઇને પછી એની પાસેના રીચમંડ ગામમાં ફરી આવ્યા હતા. ત્યાં ગઇ કાલે કોઈ ડચેસે એક ઘણો મોટો પાર્ક પોતાનો હતો તે લોકોને આપી દીધો છે તેની ક્રીયા થઇ હશે તેથી તે શણગારેલો દીસ્તો હતો. એ પાર્ક નાની ટેકડીને મથાળે હોવાથી ત્યાંથી દેખાવ ઘણો સરસ નદી સુધાનો દીસે છે અને વળી આજે આતવાર હોવાથી તે જોવા સારૂં લંડનથી લોક પણ ઘણું આવેલું હતું તેથી જાણે નાનો જેવો મેળો ભરાયો હોય તેવું દીસતુ હતું. આએ વખ્તે વાદળ પરનો ઘેરો નીકળી જવાથી અમો રસ્તાનો દેખાવ જોતા જવા સારૂં આમનીબસના મથાળા ઉપર બેસીને લંડન ગયા હતા. એ રસ્તો નજદીક ૧૦ મૈલ ઉપરનો છે તે સઘળો હારબંધ ઘરો તથા મોહોલાઓથી ભરેલો હતો અને રીચમંડ તથા કીયુ જે આગળ પ્રગણાઓમાં ગણાતાં હતાં તેઓ હાલ લંડનમાં જોડાઇ ગયાં છે એટલી વસ્તી એ રાક્ષી શેહેરની વધતી ગઇ છે. અમોને અમારા હોટલપર આવતાં નજદીક બે કલાક થયા હતા.

તા૦ ૨૩ મી મે સને ૧૮૮૭ ને વાર સોમ—આજ ઘણો

ખરો દીવસ ઇહાંના રેહેવાસીઓની ભેટ તથા વળતી મુલાકાતો કરવામાં ગુજાર્યો હતો. રાતનાં એકવેરીયમ કરીને ગમતની જગ્યા છે ત્યાં ગયા હતા. એ જગ્યાપર કાચની મોટી પાણીની તાંકીઓમાં જાતજાતની માછલીઓ દેખાડવા રાખી છે તે ઉપરાંત ઢોંગ સોંગ (farces) તથા ગીતો સાથે નાચવાનું ઉપરાંત ઓરતોનું વાજું પણ હતું. એ બધા કરતાં ત્યાં કસરતનો ઊંચાં દોરડાં પરનો ખેલ ઘણોજ જોવા લાયક હતો તે સારૂં હીચ ખાવાનાં દોરડાં જે આસરે ૫૦ ફીટ ઊંચાઈમાં હશે તેવાં એકપર એક જણ અને તેનેથી આસરે ૩૦ ફીટ દુર બીજો જણ હતો જેઓ બેઉ જોરથી પેહેલાં હીચકો લેતાને બીજી વખ્તે જેવા નજદીક બેઉ જણા આમન સામન આવ્યા કે એક જણ એકદમ પોતાનું દોરડું છોડી હવામાં બેથી ત્રણ ગોલાંતો ખાઇને સામો ધણી જે પાંચેક ફીટ તે વખ્તે દુર પોતાના પગ ઉપર તીંગાયલો હતો તેના હાથ ઉપર તીંગાઇ ગયો હતો. જે પ્રમાણે વારા ફરતી જુદી જુદી રીતે કરી સર્વેને હેરતમાં નાખ્યા હતા. વળી કોઇ વખ્ત તો તે ઘણો ઊંચે જતો અને ત્યાંથી પણ ગોલાત ખાતો હવામાં જાણે ઊડતો હોય તેમ નીચે આવી આસરે વીશેક ફીટ પેલા તીંગાયલા ધણીના હાથે પકડી તેની ઊપર તીંગાઇ જતો હતો, તથા બીજી ઘણી સારી કસરતો અમે આગળ નહીં જોઇ હતી તેવી કીધી હતી. વળી એક છુટા ઓરડામાં (પેહેલાં દાખલ થવાની તો ફી એક શીલીંગ દરેક જણને આપવી પડે છે તે ઉપરાંત બીજી) એક શીલીંગ આપીને ત્યાં ઓરત લોકો અથંગ તરવાની કસરત કરે છે તે જોઇ હતી. એવી પાંચ જણીઓ છે જેઓ એક મોટી સાફ પાણીની ટાંકીમાં તદન ચતી વગર હાથ પગ હીલવવે તથા ચકીઓ ખાઈને તરે છે. કોઇ વખ્ત પાણીની અંદર બુડકી મારી બે નાનાં કેકો ખાઇ રહે છે ત્યાં સુધી તેમાં રહી પછી ઉપર તરી આવે છે. આખી ટાંકીની લંબાઈ આસરે ૫૦ ફીટ હશે તેમાં બુડકી મારી પાણીની અંદરજ એક નાકેથી બીજે નાકે તરે છે તથા એ પાંચ જણીઓ

પાણી ઉપર તરતાં જાત જાતના આકારો બતાવે છે તેમાં એક છોકરી તો ભાયગે દશ વર્ષનીબી હોય તેબી એજ પ્રમાણે તરી જાણતી હતી. બીજી ગમ ધડ કાપી નાખેલાં અદ્ધર માણસો તથા મરમેડસો (Mermaids) ઈત્યાદી એવા જુદા જુદા દેખાવો પૈસા લઇને દેખાડતા હતા. એ જગ્યાપર અંદરથી ફરતી ગેલરીઓ તથા બધેબધ ગેસ તથા વીજળીની બતીઓ હજારો હજારથી એવું તો ટેસ્ટથી શણગારેલું હતું કે તેની તારીફ નહીં થાય. એમાં દુકાનો પણ માલ વેચવાની ઘણી હતી તેમાં એક ઉપર બીલોરી પથ્થરમાંથી બનાવેલા ખોટા હીરાઓની બ્રેસ્ટપીનો, પોંહોંચીઓ ઇત્યાદી ઘણું સરસ બનાવેલું હતું તે હીરા પણ જાણે ખરા બીલીયાનો હોય તેમ (તેની પાછળ ઢાંખ પણ નહી મુકેલો અને ખુલ્લા રાખેલા). દીસ્તા હતા. જો કોઇ પૈસાદાર માણસ તે પેહેરે તો ખચીત બીજાઓ તે ખરૂં માન્યા વગર રહે નહીં.

તા૦ ૨૪ મી મે સને ૧૮૮૭—આજે આપણાં મહારાણી વીકટોરીયાની ઓગણોતેરમાં વર્ષની શીયાલગરી હતી તેથી સવારનાં ૧૦ વાગતે Horse Guards (હોરસ ગાર્ડસ) જ્યાં આખા ઈંગ્લંડનાં લશ્કરી મહકની વદી આપીસો છે તેના મોટા ચોકમાં ગાર્ડસ રીજમીટોની કવાયદ તથા રાણીના વાવટાને માન આપવાની ક્રીયા જોવા ગયા હતા, જે જોવા સારૂં સારાં સારાં માણસો પર કાર્ડો મોકલાવે છે. અમો ગયા ત્યારે તેમાં આટલી બંધી છતાં એટલી તો ભીડ હતી કે અમો ચોથી હારમાં ઉભા રહ્યા હતા અને બરાબર જોઇ શકતા નહીં હતા તોબી થોડું ઘણું જોયું હતું. ગાર્ડસની રીજમીટ જેના માથા પર બાલાબીયનાં બાલની બે ફીટ ઊંચી તોપીઓ રહે છે તેની આખી રીજમીટ આસરે ૧૦૦૦ માણસની ત્યાં ચોરસ સફ મારીને ઉભેલી હતી અને એક ગમ નામદાર પ્રીન્સ ઓવ વેલ્સ તથા બીજા પરોણા રાજવંશીઓ ઉપરાંત વડો સેનાધીપતી ડયુક ઓવ કેમબ્રીડજ ઉભા હતા તથા તેઓની પાછળના ઘેરની અગાસીઓ પર પ્રીન્સેસ આવ વેલ્સ તથા છોકરીઓ તથા બીજાં પાદશાહી ખાનદાનની બાનુઓ હતી. પેહેલાં ઘો-

ડે સ્વાર બ્યુગલ વજાડનારાઓ (Heralds) વજાડતા પ્રીન્સ ઓવ વેલ્સની સામેથી પસાર થયા. તેઓનો પોસાક તદન કસબનો ભરેલો હતો. અને તે ઉપર ઈંગલંડનો કોટ ઓવ આર્મસ પાડેલો હતો. તેઓની પછી ઘોડેસવાર ગાર્ડસો (Horse Guards) ની રીજમીટની એક ટુકડી આવી જેઓની સાથે પાદશાહી ઝુંડો હતો તે જ્યારે પસાર થયો ત્યારે રાણીની સલામતીનાં વજંતરો વગાડતા હતા ને સઘળાં હાજર રહેલા લોકોએ તેને ટોપી ઉતારી માન આપ્યું હતું ને રીજમીટના અમલદારો પ્રીન્સ ઓવ વેલ્સ તથા બીજા બાહારના શાહાજાદાઓ સુધાંએ લશ્કરી સલામ તેને કીધી હતી. તે વાવટાની પાછળ ગાર્ડસની પાયદલ રીજમીટ આવી હતી. પેહેલાં Slow (ધીમી) માર્ચે પસાર કીધા પછી બીજી વખ્તે ઝડપ (Quick) ની માર્ચે પસાર થયા તે વખ્તેબી ઉપર જણાવ્યા માફક વાવટાને માન આપ્યું હતું ને પ્રીન્સ ઓવ વેલ્સની સલામતીનું વાજું વજાડયું હતું. એ સઘળો દેખાવ ઘણો ખુશાલી ભરેલો તથા ભપકાદાર લાગતો હતો. પ્રીન્સ તથા પ્રીન્સેસ ઓવ વેલ્સ એ કવાયદ ખલાસ થયા પછી જુદાં જુદાં પેહેલો ઘોડેસ્વાર ને બીજી ગાડીમાં ગયાં ત્યારે હુરરેના પોકારો લોકોએ કીધા હતા. આજે રાતના શેહેરમાં મોટી મોટી દુકાંનો, કલબો, હોટલો તથા ઠીયેટરોમાં રોશણી થઇ હતી પણ તે છુટી છવાઇ હતી. એક મોહોલામાં ભાગયે પાંચ સાત ગમ લાઇટ હોય પણ તે લાઇટ સારૂ ઇહાંનાં હીરાના જેવા કાપનાં કાચની ટ્રેન્સપેરંસીઓની પાછળ બતીઓ કરેછે અને તે કાચો રંગીન હોવાથી જાણે ઝવેહરાતનાં બનાવેલા હોય તેવા તેની પાછળ બળતી ગેસલાઇટથી દીસ્તી હતી. તેમાં મોટો ભાગ રાણીનાં ઇનીશીયલ (અક્ષરો) તથા તાજની બનાવતો ફુલના હારો વચ્ચે સઘળું તદન ઉપર લખ્યા મુજબ કાચનું બનાવેલું હતું તેથી ભપકો સારો લાગતો હતો. આજે સાંજના (Royal Academy) રોયલ એકેડેમી જોવા ગયા હતા જયાં હાલના જીવતા ઉસ્તાદ ચીતારાઓના હાથના બનાવેલાં નવા ચીત્રો ઇનામ લેવા સારૂ દેખાડવા મુકયાં છે તે જોયાં હતાં, જેમાંના કોઇ કોઇ તો ઘણા સરસ હતાં. તેમાં અમને

Mercy and Repentance વાળું એક ચીત્ર ઘણુંજ પસંદ પડયું હતું. તેમાં એક ઓરતે પાપ ઘણું કીધું હશે તે જાણે પસ્તાવો કરે છે અને ક્રાઇસ્ટ ઊભો રહી તેને દીલાસો આપે છે તે એવું તો સરસ પાડેલું છે કે દુરથી તો અમો તેને ખરેખર જીવતાં હોય તેવાં સમજયા હતા અને નજદીક આવ્યા તોબી તેની પર્સપેકટીવ તથા મોઢાંના દેખાવ એવાતો સરસ હતા કે જાણે તે બનાવટ હોય નહીં તેવું લાગતું હતું. ક્રાઇસ્ટની આંખો જાણે હમણા આપણી સાથે વાત કરશે અને પસ્તાવો કરનારી ઓરત ઘણી ગમગીન અને પસ્તાવો ખરેખર કરતી હોય તેવા મોઢાંની પાડેલી છે. એ ઊપરાંત બીજાં ઘણાં સારાં ચીત્રો ત્યાં મુકેલાં છે તે બધાં જોવા લાયક છે. રાતના અમે, મેડમ ટુસાનાં મીનનાં બાવળાંઓનો સંગ્રહ જોવા ગયા હતા. એ અમો ૧૮૮૧ માં ગયા હતા તે જગ્યા બદલીને બીજી ગમ પોતે ઘણું મોટું શોભીતું ઘર બાંધી તેમાં લઇ ગયાછે. એમાં આગળ અમોએ જે પુંતળાંઓ જોયાં હતાં તે ઉપરાંત બીજાં ઘણાં નવાં ઉમેર્યાં છે. તેમાં લોર્ડ ડફ્રીન હીંદુસ્તાનના હમણાના વાઈસરાયને પણ મુકયા છે, જે આબેહુબ બનાવેલા દીસેછે. પુતળાંઓ ઉપરાંત પાદશાહો તથા નેપોલીયન બોનાપાર્ટને લગતી ઘણી ચીજો તેઓની યાદ દાખલ ખરીદીને મુકેલીછે, જેવું કે નેપોલીયન જે ગોદરાં પર સેંટહેલીનાંમાં મરી ગયો તે ગોદરૂ, તેનો તોડી પાડેલો એક દાંત, તેનો છેલો પેહેરેલો "શર્ટ," હેન્રી છઠ્ઠા ફ્રાંન્સના રાજાનું રસ્તામાં ખુન થયલું હતું તે વખ્તે લોહીનો ખરડેલો તેનો શર્ટ, વેલીંગટનનાં કપડાં, ચોથો જર્યોર્જ મરી ગયો તે વખ્તે આંગમાં હતાં તે કપડાં, અસલના પાદશાહોની દાબડીઓ, ઘડીઆલ, તરવાલો, બંદુક, ચાંનો ઈત્યાદી એવું ઘણુ છે. અસલ ફ્રેંચ રેવોલીયુશનની વખ્તે ગરદન મારવાની ગીલોટીન (Guillotine) જે ઊપર ફ્રાંસનો રાજા સોલમો લુઈ તથા તેની રાણી, ઘણા ઉમરાવો તથા ઉમરાવજાદીઓ ઊપરાંત બીજા બાર હજાર જણુને ગરદન માર્યાં હતા તે તથા જે છુરી વટે તેઓનાં ડોકાં કપાયાં હતાં તે અસલ ઇંહાં મોટી કીમતો આપી ખરીદી મુકયુંછે. એ સઘળું ચે-

મબર ઓવ હોરર નામના ઓરડાના હેઠલા ભાગમાં રાખ્યુંછે. તે ઊપરાંત તેમાં અસલ શી રીતે રીબાવીને મારતા હતા તેની તસ્વીરો જાણીતા થયલા ખુનીઓનાં માથાના આકાર ઈત્યાદી મુકયુંછે. ઊપરના ઓરડાઓમાં ઇંગ્લંડના થઇ ગયલા વીલીયમ ધી કોનકરરથી તે રાણી વીકટોરીઆ સુધીનાં રાજા તથા રાણીઓનાં તથા કોનટીનેન્ટનાં વખણાયલા પાદશાહો તથા ઈંગ્લાંડ અને યુરોપના વખણાયલા ગ્રહસ્થોનાં બેસુમાર પુતળાંઓ તેઓ પેહેરે તેવા પોશાક, હથીયાર તથા ઝવેરાતો (અલબતે ખોટાં બનાવટનાં) સુધાં મુકેલાંછે. જે એવાં તો સરસ કોઇ કોઈ તો આબેહુબ છે કે આપણે પારખી નહીં શકીયે કે તેઓ પુતળાંઓ છે. એ સઘળું જોતાં અમને નજદીક બે કલાક થઇ ગયા તોબી ઘેર બંધ કરવાનો વખ્ત આવી ગયાથી અમો અધુરૂં મુકી આવ્યા હતા. એની વીગતો અમોએ સને ૧૮૮૧ ની અમારી ડાયરીવાલી ચોપડીમાં લખી છે તેને મળતી હોવાથી અત્રે વધુ લખતા નથી.

તા૦ ૨૫ મી મે સને ૧૮૮૭—આજ દીને ઇંહાનો જાણીતો ડરબીડે (શરતનો દીવસ) હતો પણ ઘેરાણ ઘણું હોવાથી અમોએ આગળ ૧૮૮૧ માં એ શરત બરાબર જોયલી હોવાથી અમો આજે જોવા ગયા હતા નહીં પણ બીજાં ખાનગી કામમાં રોકાયા હતા.

તા૦ ૨૬ મી મે સને ૧૮૮૭—આજે સવારનાં કલાક ૧૦—૩૦ને અમલે નોરધરન રેલવેમાં કીંગ ક્રોસનાં સ્ટેશનપરથી નીકળ્યા હતા તે, સાંજનાં કલાક ૫—૨૦ મીનીટે ન્યુ કેસ્ટલ ઓન ટાઇન શેહેરમાં જઈ પુગ્યા હતા. આખો રસ્તો લીલોતરી તથા ખેતીવાડીથી ભરપુર હતો જ્યાં જંગલો તો તદન હતાંજ નહીં અને જમીન પણ બધી સપાટ સેહેજ ટેકડીઓ સીવાયની મળી હતી. અમો કાઊંટી (County) હોટલ જે સ્ટેશનની સામેછે ત્યાં ન્યુ કાસ્ટલમાં ઊતર્યા હતા. અમારૂં ઇંહાં આવવાનું કારણ એ છે જે એક જુબીલી એકઝીબીશન ઉઘાડેલું છે તે જોવું. અમોને હાથમાં વખ્ત હોવાથી તથા એકઝીબીશન રાતનાં ૧૦—૩૦ સુધી ખુલ્લું રહેછે કરી સાંભળી અમો જમીને રા-



કીંગ ક્રાસનું સ્ટેશન – લંડન.

તના ૭—૩૦ મીનીટે તે જોવા ગયા હતા. એ વખ્તે ઘણો ઉજાસ હતો તેથી તથા ત્યાર પછી વીજળીની બતીઓથી સઘળાં સંગ્રહસ્થાન માં લાઇટ કીધેલી હોવાથી અમો ત્રણ કલાક સુધી ત્યાં ફરીને જોઇ શકયા હતા તોબી તેનો અરધો ભાગબી જોઇ રહ્યા નહી. એ સંગ્રહ સ્થાન બાંધવાનું સપટેમ્બર ૧૮૮૬ માં શરૂ કીધું હતું તે ફેબ્રુઆરી ૧૮૮૭ માં બંધાંઇ તૈયાર થયા પછી આએજ મહીનાની તા૦ ૧૧ મીએ ખુલ્લું મુકયું હતું. એમાં એક ઘણી મોટી ઇમારત બાંધી તેની ઊત્તર બાજુથી બીજા ફાંટાઓ કાહાડયાછે તે ઊપરાંત બીજી છુટી છુટી નાંની ઇમારતો જુદા જુદા ડીઝાઇનોની તેના કંપાઊંડમાં ઘણી ગોઠવેલીઓ છે તથા એક ગમ ટાઇન નદીનો પુલ હમણાં અસલનો ભાગી ગયો છે તેને બદલે તદન લાકડાંનો કામચલાઉ બનાવી તેની આસપાસ કાટ્રીજ પેપરો પથ્થરનાં રંગ તથા તરાહનાં કરીને વળગાડી દીધાં છે તેથી અંજાણ્યો ઘણી તો તેને ઘણો મજબુત પથ્થરનો પુલ સમજે. જો અમોને તે આગળથી માલમ નહીં પડતે તો અમો પણ પથ્થરનો જ સમજતે. એ પુલ મજાનો પોહોળો કરી તેની બે બાજુએ સામન વેચવાની દુકાનો હારબંધ જેમ વેનીસમાં પુલ છે તેમ ગોઠવેલીઓ છે. છુટી છુટી ઇમારતો જે અમોએ લખી છે તેમાં પણ દુકાનો તરેહવાર જાતના પરચુટણ સામનો, મીઠાઇઓ તથા રીફ્રેશમેન્ટની કાહાડી છે. તેમાં કોઇ કોઇ દુકાનોપર તો તે સામાણ કેમ બનાવે છે તે દેખાડતા હતા. બીજી બાજુપર એક મોટો લાકડાનો તખ્તો કરીને તેની લંબાઇની બેઉ બાજુઓ ઘણી ઢળાવવાલી રાખી વચમાંથી થોડો ભાગ સપાટ રાખ્યો છે અને તે ઉપર બેથી ત્રણ ત્રણ રેલો નાખી છે. તે ઉપર પૈડાંની નાની બોટરોડ્ગી ગાડીઓ માણસોને અંદર બેસાડી એક ઢળાવ ઊપરથી છોડી મુકે છે જે ઘણા જોરથી નીચે ઉતરી પડી સપાટ જગ્યા ઉપર થઇને પાછી તેના જોરથીજ સાંમા ઊભા ઢળાવ ઊપર ચહડી જાય છે. એ પ્રમાણે આમણુ સામણુ ગાડીઓ કાંઇ પણ તેને ખેંચાણ વગર દોડયા કરતી હતી ને તેબી વળી અતીશે જોરથી હતી. એક જગ્યા પર મોટો તલાવ છે તેની બાજુપર નવો બાગ બનાવી

ત્યાં રીજમીટનું વાજું વજાડતા હતા. તેની આસપાસ કાફે (Cafe) તથા ખુરસીઓ ગોઠવેલી છે જ્યાં વાજું સાંભળતાં લોકો બેસીને ગમે તે ચાહ, કાફી યા દારૂ પીતા ને બધે વીજળીની રોશણીથી જાણે ચાંદરણું હોય તેવું ઉજરડું પડતું હતું. અમો ઈમારતના થોડા યાને મુખ્ય ભાગમાં ફર્યા હતા જેમાં મોટો ભાગ તોપો (ઇંહાં આર્મસ્ત્રાંગ તોપો બનાવવાનું કારખાનું છે તથા તેનેજ લગતી ગોદી, મનવારો, ટોરપીડો ઇત્યાદી બાંધવાની સર વીલીયમ આર્મસ્ત્રાંગની કંપનીની હવેલીઓ છે), સ્ટીમરો, મનવારો, ટોરપીડો, અસલની ગેલીસો (માણસો હાથે હલેસાં મારી ચલાવવાની મોટી બોટો જેમાં ૧૫૦ થી ૨૦૦ હલેસા મારનારા હોય છે) રેલવેનાં ૧૮૨૫ નાં તથા હમણાનાં નવા સુધારાનાં એનજીનો તથા સંચામાં જાત જાતનાં પરચુટણ ધાતુઓનાં નમુના જેમાં લોઢાં તથા સીસાનો મોટો ભાગ છે જે ઈંહાંની નજદીકની ખાણોની પેદાશ છે. સોનાંની કુવાર્ટજો ભાંજવાનાં સંચાઓ તે સાથે સોનાં સુધાંની કુવાર્ટજનાં નમુનાઓ, કોલસો તથા તેની જાતજાતની બનાવતો જેવું કે તેલ કોક (Coke) ઘેરમાં બાલવાના કોલસાનાં કેકસો તથા કોલસાની બનાવટના આકારો ઘણા મુકેલા હતા. એ સઘળાની વીગતો અમો લખી શકતા નથી, પણ જોવા લાયક ચીજોમાં ૧૧૦ ટનની તોપ જે હમણાં ઇંહાં સર વીલીયમ આર્મસ્ત્રાંગે બનાવીછે તેનો આબેહુબ મોડલછે જે પર૪ ઈંચ લાંબીછે તેના ગોળા જે પાસે મુકેલાછે તે ૧૮૦૦ રતલ વજનનાં અને ૯૫૦ રતલ દારૂનાં ચાર્જનાંછે જેથી ૩૩ ઈંચ લોખંડના સ્ટીમર યા મનવારનાં બખતરને ભાંગી શકાયછે એવી જોરાવરછે. એ ગોળાઓ ભરવા તોપની પાછળ સંચો રાખેલોછે જે સ્ટીમ ચલાવીને તોપોમાં પાછળી બાજુથી ગોળાઓ ભરેછે. એ તોપ ઘણી મોટી હોવાથી ઇંહાં એકઝીબીશનમાં લાવ્યા નહીં પણ તેનો આકાર મુકયોછે જે તેની બરાબરજ પણ લાકડાનો બનાવેલોછે. એ મોટી તોપની પડોસમાં એક મનવારનો મોડલ મુકયોછે જે સઘળું જાણે ખરેખરૂં હોય તેવું બનાવીને તેની વચમાં એક બેટરી ઊપર એક ૧૧૦ ટનવાળી તોપ ગોઠવેલી બનાવી છે અને તે બેટરી બધીગમ ફેરવી શ-

કાયછે કે તોપને જેમ ગમે તે બાજુ ઊપર નેમ લેવાને સેહેલ પડે. બીજી ઘણી જાતની તોપો એની પડોસમાં ગોઠવી છે તેમાં ગેટલીંગ મશીન ગનમાંથી હઠી સેકંડમાં ૧૦૪ ગોળીઓ ફોડી શકાયછે તેની પાછળ ગોળી ભરવાનાં ઘણા ખાંચાઓછે તેમાં તેને લાયકનું કેનીસ્ટર ગોલીઓથી ભરેલું પાછળથી મુકે છે અને કુંચીની માફક ફેરવવાનું આવે છે જે ફેરવ્યાથી ગોળીઓ જથ્થાબંધ ઊડે છે. મોટી તોપોની ગાડીઓ પણ ગંજાવર પૈડાંઓની બનાવેલીં મુકેલી છે તેના પૈડાંની વાંતો ૩ ઇંચ જાડી સ્ટીલની બનાવેલી છે. એ ૧૧૦ ટનની તોપના ગોળાનો જોર ૫૬૫૨૦ ટનના ફટકા બરાબર ગણાય છે. બીજી નાની તોપોબી બનાવી છે તે ત્રીસ રતલી ગોળાઓ મીનીટના આઠ દશ ફેંકી શકે છે. એવીજ ઝડપથી તે ભરી શકાય છે. તે તોપનું વજન ફકત ૩૪ હંડરવેટનુંછે અને તેથી ટોરપીડો બોટોનો ધાન કાહાડવા કામ લાગે છે. એ સીવાય બીજી ઘણી તોપો ત્યાં મુકેલી છે. મનવારોના મોડલો પણ ત્યાં મુકેલા છે. તેમાં ઇટાલીની સરકાર સારૂ એક મનવાર ૧૪૦૦૦ ટનની "ઇટેલીયા" નામની બનાવી છે તેનો છે જેને વચમાંથી કાપીને તેના ભાગો દેખઈતા રાખેલા છે જેમાંથી એસુંમાર કેબીનો તથા બીજા ઓરડાઓ સઘળું દીસેછે. ઈનજીનો પણ જાત જાતના આગનીગાડીના તથા કારખાના ચલાવવાના મુકેલાં છે. નવી આગની પેહેલા કલાસની બેસવાની ગાડી જાણે એક શણગારેલું દીવાનખાનું હોય તેવી છે.

ટ્રામકારો પણ તેવીજ સરસ બનાવતની છે. તેને ચલાવવાનાં નાનાં એનજીનો, સ્ટીમરોમાં ૧૦૦૦૦ હોર્સ પાવરનું એનજીન ચલાવવા બનાવેલું બોઇલર, કેરોસીન તેલથી ચાલતાં એનજીનો, પાહાડની તનલો ખણવાના સાંચાની ડ્રીલો, વીજળીની બતીઓ બનાવવાના તરેહવાર સંચાઓ, દુધમાંથી માખણ બનાવવાના સ્ટીમથી ચાલતા સંચાઓ, (એ એક બંધ વાસણને બે ગમથી લોખંડના સલીયા સાથે રાખી તેને શેફ્ટીંગથી ખુબ ગોળ ફેરવેછે એટલે દુધમાંથી જથ્થાબંધ માખણ નીકળી શકેછે) બંધ ઓરડામાં હવા થંડી યા ગરમી લાવવાના

સંચાઓ (વેનટીલેટરોએ ચીમનીની માફક બાહાર મોહાં કાહાડી તેની અંદર એક ગમથી નલીએ પાણી જોરથી મોકલેછે કે તે પાઇપની હવા દબાઈને નીચે જાયછે જ્યાં જો ઠંડી હવા જોઇયે તો ઠંડા પાણીની ટાંકીની વચમાંથી તે હવા પસાર કરેછે અને ગરમ હવા જોઇયે તો ગરમ સ્ટીમની ટાંકીની વચ્ચેથી હવા પસાર થવાથી જોઇતી ઠંડી યા ગરમ હવા મળેછે), રાંધવાના ગેયાસના યા કેરોસીન તેલના ચુલાઓ જાત જાતનાં નવા સુધારાના તથા સગરીઓ જેમાં એક જાતની બનાવત મુકેછે જે ત્રણ વરસ સુધી ગેસથી બલીને ઓરડામાં ગરમી આપે છે. બાહારની બાજુપર પીપો ઉપર તથા ઝુલતા લશકરી કામચલાઉ પુલો પણ બાંધેલા છે. એક ગમ આપણા રોમાલ ઉપર એક સીવવાના સંચાથી એક મીનીટમાં લાલ દોરાએ અમારૂં આખું નામ પાડી આપ્યું હતું, જે શી રીતે થતું હશે તે સમજ પડતી નથી. પણ જોયા મેલે તે સંચો ચલાવનાર ઓરત પોતે હુશીયાર છે અને જેમ આપણે લખી જઈયે છીયે તેમ રોમાલને તે ઉપર નામ પાડવા સારૂ ફેરવ્યાથી નામ પડે છે. એ સીવાય બીજું ઘણું જોયું હતું અને વખ્ત થવા આવ્યાથી અધુરૂ મુકી આવતી કાલે પાછા આવવાનો ઠરાવ કીધો હતો.

તા૦ ૨૭ મી મે સને ૧૮૮૭ અને વાર શુક્ર—આજે સવારના ૧૦ વાગે અમે પાછા એકઝીબીશન નયુ કેસટલનું જોવા ગયા હતા અને ગઇ કાલનો અધુરો રહેલો ભાગ જોયો હતો તેમાં પણ મોટો ભાગ સંચાઓ, કોલસા તથા ધાતુઓને લગતો હતો. જોવા લાયક બીજી ચીજો ઘણી હતી તેમાં એક પોચ્યા પથ્થરમાંનું કોતરકામ એકજ પથ્થરમાંથી એકની પાછળ એક એમ ત્રણ થર પુતળાંઓ, જાનવરો તથા ઝાડોના આકારો અલગા કોતરેલા હતા. એક દરીયામાં જીવ બચાવાનાં પીતલ તથા લાકડાંના તરતાં બોઇયાંનો નમુનો હતો. એ બોઇયું તદન ગોળ છે અને તેને મથાળેથી પતરૂં જડી લઇને અંદરથી પોકલ રાખેલું છે. ઊપલાં પતરાંની અંદર વીશ માણસો બેસી શકે એવા ફરતા ખાંચાઓ છુટા છુટા એક એક જણને બેસવાના કોતરી કાહાડેલા છે અને વચલા ભાગમાં મોટો ખાંચો છે તેમાં ખોરા-

ા પાણી રાખવાની જગ્યા કીધી છે, જે ઓઇયાંનો ઉપરની તરફનો રોકે છે. બાકીનો નીચલો ભાગ તદન ખાલી પોકલ રાખેલો હોવાથી દન હવા નહીં જઈ શકે એવી ગોઠવણ કરેલી હોવાથી એ ઓઇયું ગમે ખરાબ તોફાંની દરીયામાં પણ ડુબતું નથી અને તે વીશ જણના જીવ ી શકે છે. તે આઠ ફીટ વ્યાસમાં અને સોલ હંડરવેટ વજનમાં છે. ઓઇયાંઓને વાહાંણો તથા સ્ટીમરો ઉપર રાખ્યાથી તેઓ ભાગે જીવનો બંચાવ થઈ શકેછે. એક ફીલટર પાણી ગાળવાનું હતું જેમાં લાલ રંગનું ઝેરી પાણી નામે છે તે થોડા વખ્તમાં બીલોર નીતરૂં અને સાફ થઇ નીકળે છે અને તેમાં ગમે તેવું ખરાબ પાણી સાફ થાય છે. ઘડીયાલો પણ તરેહ તરેહની બનાવતોનાં કોઇ એનજીનોની માફક, કોઈ વાહાણોના આકારનાં, તેનાં સુકા- પેનડયુલમ ચાલે, કોઇનાં દડા, પ્લેટફાર્મ ઉપર એક ગમ ને લીધે દોડી બીજે નાંકે જાય કે ત્યાં એક સળીને અથડી તે સળીથી અંદરતું ચક્કર ફરે કે તે બાજુનો પ્લેટફાર્મ ઊંચો થઇ સામી બાજુએ નીચે ઢળાવવાળો થવાથી પેલો છુટો દડો પાછો તે બાજુ પર આસ્તે આસ્તે વાંકો તીકો તેમાં જડેલી ઝીણી પતીઓને અથડતો જાય છે અને વળી ત્યાંની સલીને અઠડી તે બાજુ જે પ્લેટફાર્મ ઊં- ચકાય છે એટલે પાછો દડો સાંમી ગમ ઢળે છે તેટલાં એક મીનીટ બરાબર થાયછે. કોઇ ઘડીયાલોમાં બુટ સાફ કરતા, કોઇ ઘડીયાલોમાં નાચતા એ પ્રમાણે વખત આપતાં ઓટોમેટીક રમકડાંઓ બનાવ્યાં હતાં. ગલીચાઓ તથા રેશમી કપડાં તેમાં તરાંહ તરાંહની વણતો જેમાં પ્રીન્સ ઓવ વેલ્સ, તેની બાનુ, આપણા માહરાણી, ગ્લેડસ્ટન, ડીઝરા- યલી ઈત્યાદી, સબીઓ વણતમાં ગુંઠાતી હતી. મુંબઇમાં દોબી લુમસોને મળતી પણ ઘણી સરસ બનાવતનીઓ હતી. એમાંની વણત અમોએ સને ૧૮૮૧ માં ક્રીસ્ટલ પેલેસમાં જોઇ તે વખ્તે લખેલી છે તેથી અત્રે લખતા નથી. જેમસ વોટ (James Watt) જેણે પેહેલું ઇનજીન બનાવ્યું હતું તે સારૂં તેણે નમુનો કીધો હશે તે પણ જોવા

મુકયો છે, જે ઊપર સને ૧૭૮૧ નું વરસ છે તે હમણાંનાં સંચા તથા ભપકાદાર બનાવતનાં ઇનજીનો સાથે સરખાવતાં ઘણું ભદ્દાંને અને બેડોલ લાગે છે. સંચાથી છાપવાનું તથા રંગીન ચીત્રો પાડવાનું, મીઠાઈઓ (ટીકીટની) બનાવાનું તથા બીજું ઘણું એવી રીતનું કામ નું હતું. એક હારમાં છ ઓરડાઓ ભરીને ચીત્રો મુકેલાં હતાં તેમાંનાં કોઈ કોઇ સારા ઉસ્તાદોનાં અસલ તથા બાકીનો મોટો ભાગ નવા ચીતારાઓને હાથના પણ સારાં હતાં. જોકે એ સંગ્રહસ્થાન ઘણું નાનું ગણાય છે તોબી એ સઘળું જોતાં આજે અને ગઈ કાલ મળીને અમોને નજદીક આઠ કલાક થયા હતા ને તેબી વળી ઉતાવળ માં જોયું હતું. એમ કરીને ઈહાંના લોકો જેઓનો ઉદયોગ સંચાઓ, એનજીનો, વાહાંણો, તથા સ્ટીમરો બનાવાનો અને કોલસો, લોખંડ તથા સીસાંની ખાણોનો છે તેના નમુનાઓ મુકયાથી બાહર દેશાવરથી હજારો લોકો જોવા આવેછે તેથી ઘણો ફાયદો હાંસલ થાયછે. એ સંગ્રહસ્થાન સારૂ ૫૦૦૦૦ પાંઊંન્ડનું ગેરેન્ટી ફંડ કીધુંછે ને તેમાં ઈહાંની મોટી પેહેડીઓએ મોટી મોટી રકમો ભરીછે ને મ્યુનીસીપાલીટીની પાઊંદ ૫૦૦૦ ની તેમાં જામીનગીરી છે. એ જોઈને પછી અત્રેના શેહેરમાં એક કલાક ફરી આવ્યા હતા. આ ન્યુકેસટલ શેહેર તેની આસપાસની કોલસાની ખાણો સારૂં વખણાયલું છે ને વરસ દીને ઈહાંથી દુનીયાના બીજા ભાગોમાં ત્રણ કરોડ ટન કોલસો જાયછે, જે મોકલવા સારૂં ઇહાંની ટાઇન નદી ઘણી કામ આવેછે જેમાં મોટાં વાહાંણો તથા સ્ટીમરો આવી શકેછે. એ સારૂ મોટાં (Quays) ડક્કાઓ નદીને બેઉ કીનારે બાંધેલાછે તથા કોલસો ઈહાં સસતો હોવાથી લોઢાનાં સંચાઓ તથા બીજાં ઘણી જાતનાં કારખાનાંઓ બાંધેલાંછે જેની ચીમનીઓના ઝુમખાને ઝુમખા દીસેછે.

થોડાએક મોહોલાઓ ઘણા સારી બાંધણીની હવેલીઓના કુશાદે કીધેલા છે અને વસતી દોઢ લાખ માણસની હોવાથી શેહેર મોટી જગ્યા પણ રોકે છે. એ શેહેરનો મોટો ભાગ ટેકડીઓપર હોવાથી ઈહાં પણ પુલો બાંધી એક ટેકડી બીજી સાથે (મેડરીડની માફક)

બેલવેલી છે. તે પુલો કોઇ કોઇ પચાસ ફીટ ઉંચા છે. તેની હેઠાંણમાં પણ બીજા રસ્તાના પુલોની માફક નીચલા ભાગોમાં આવજાવ સારૂ અને તેની હેઠળ છેક નીચેના ભાગમાં આવજાવ સારૂ રસ્તાઓ બાંધ્યા છે. રેલવેના પુલો પણ એજ માફક નીચે બીજા રસ્તાઓ મોકળા સારૂ રાખે છે. ઈહાંનું દેવળ કાંઇ જોવાલાયક નથી, પણ તેના મીનારાનું મથાળું એક મોટું તાજ હોય તેવી રીતે ચાર ગમથી આરકો કરીને વચમાં પાછો મથાળાનો મીનારો બાંધ્યો છે તેથી ઘણો શોભે છે. ઈહાં તોપો બનાવવાનાં કારખાનાં, સ્ટીમરો બાંધવાની ગોદીઓ, કોલસાની તથા લોઢાંની ખાણો સિવાય બીજું કશું જોવાલાયક નથી. અમોએ આગળી સફરમાં એવું સઘળુ જોયલું હોવાથી ફરીથી જોયું હતું નહીં. ઈહાંની વસ્તી કોલસાની ખાણોને લીધે જે સને ૧૮૦૧ માં ૩૪૦૦૦ ની હતી તે હમણા ૧૬૦૦૦૦ પર આવી છે અને શેહેર હજી તેમાં બીજા ઉદ્યોગો ઉમેરાયાથી વધયું જાય છે એ ન્યુકેસટલ ઓન ટાઇન ઈંગ્લંડની હદમાં આવ્યું છે, પણ છેક સ્કાટલંડની નજદીક હોવાથી આગલ એ બે દેશો વચ્ચે ઈહાં ઘણી લડાઇઓ થઇ હતી અને એક નવો કિલ્લો તેઓને અટકાવવા સારૂ બાંધ્યાથી તેનું નામ ન્યુકાસ્ટલ યાને નવો કિલ્લો કરી પડયું છે અત્રે કાંઇ બાજું જોવાનું નહીં હોવાથી અમો સાંજનાં ૪—૧૫ ની એકસપ્રેસ ટ્રેનમાં બેસી કલાકના પચાશ મૈલને હીસાબે એડીનબરો જે સ્કાટલંડ દેશનું પાયતખ્ત શેહેર છે ત્યાં ૭ વાગે પુગ્યા હતા. રસ્તામાં એકજ જગ્યાપર ૬ વાગેને અમારી ગાડી થોબી હતી અને ગાડી જોકે આટલી જોરથી જતી હતી તોબી પાતા એવાતો સરખા નાખેલા કે કશોબી આંચકો જેમ મુંબઇમાં જોરથી ગાડી દોડેછે અને લાગેછે તેમ લાગ્યો હતો નહીં. અમોએ એડીનબરોમાં પ્રીનસીસ સ્ટ્રીટમાં પેલેસ હોટેલમાં ઊતારો લીધો હતો.

તા૦ ૨૮ મી મે સને ૧૮૮૭ ને વાર સનેઉ—અમો આજે સવારનાં પેહેલે કાલટન હીલ (Calton Hill) કરીને એક ટેકડી છે તે ઉપર ગયા હતા, જે ૩૫૦ ફીટ દરીયાની સપાટીથી ઊંચી છે અને

ઈહાંથી એડીનબરો શેહેરનો દેખાવ ઘણો સરસ દેખાય છે. એ જગ્યા ઊપર ઓબઝરવેટરી ડુગાલડ સ્ટુઅર્ટનો સ્થંભ તથા એઠનસ શેહેરમાં પારઠીનન કરીને વખણાયલી ઇમારત છે તેની બરોબર અત્રે નેપોલીયન બોનાપાર્ટને અંગ્રેજે હરાવ્યો તેની યાદીમાં ઇમારત બાંધવાની શરૂ કીધી હતી, જેનો પાયો જયોર્જે ચોથાએ સને ૧૮૨૨માં નાખ્યો હતો, પણ તેના ૧૨ થાંભલા એટલાજ હજાર પાઊંડે ઊભા કીધા એટલે ફંડ ઘટી જવાથી તે કામ બંધ પડી ગયું હતું અને તેજ મુજબ હાલ રહ્યું છે. નેલસનની યાદગારી માટે ૧૮૧૫ માં બાંધેલો એક સ્થંભ જે ૧૦૨ ફીટ ઊંચો છે તેબી જોવા લાયક છે. આજે અમોએ ઇંગ્લંડ તરફ આવ્યા પછી પેહેલવેહેલો સુરજ આખો દીવસ પ્રકાશતો જોયો હતો ને જોકે દશ વાગે અમો એ ટેકડીપર હતા તોબી ત્યાં એટલો તો ઠંડો પવન આવતો હતો કે ખમવો મુશ્કેલ પડતો હતો. ત્યાંથી અમો નિકળેલા આરઠર સીટ (Arthur seat) કરીને બીજી એક ટેકડી આશરે ૮૨૨ ફીટ ઊંચી બીજી ગમ આવેલી છે ત્યાં ગાડીમાં ફરી આવ્યા હતા જે બાજુંપરથી પણ દેખાવ ઘણો સરસ છે. ઈહાં નાના તલાવો તથા ફરવાના મોટા રસ્તાઓ બાંધ્યા છે ત્યાંથી અમો અસલનું પારલામેંટ હાઉસ જે હમણા કોર્ટ દાખલ વપરાય છે તે જોવા ગયા હતા. એનો મોટો હોલ જે હમણા બારીસ્ટરો તથા વકીલોને ફરવા સારૂં કીધો છે તેમાં ઘણાં પુતળાંઓ તથા સબીઓ અસલનાં વખ્તની સકોચમેનોની મુકેલી છે. એની લાઇબ્રેરી પણ ઘણી મોટી છે જેમાં અસલી પુસ્તકો હાથનાં લખેલાં પણ ઘણાં છે. એ લાઇબ્રેરી ઘણી મોટી ગણાય છે તેમાં આસરે આઠ લાખ પુસ્તકો છે એમ અમારો ભોમિયો કહેતો હતો. ઈહાં એક કોર્ટ બેઠી હતી તે જોઇને બહાર નીકલ્યા તેની સાંમે સેંટ જાઈલ્સનું દેવળ છે અને એ બેની વચમાં હમણા મોટો ચોક છે જે અસલ દેવલને લગતું ઘોરસ્થાન હતુ, જયાં જોન નોક્ષ કરી અત્રેના વખણાયલા ઉપદેશકને દાટેલો હશે તેની જગો પર J. K. 1572 એવા

શબ્દો કોતરેલો એક પથ્થર હજી રહેવા દીધો છે. સેંટ જાઈલસનું દેવલ કાલે આતવાર હોવાથી આજથી તેની તૈયારી કરવા બંધ રાખેલું છે તેથી અમોએ જોયું હતું નહીં. ત્યાંથી અમો હોલીરૂડ પેલેસ (Holyrood Palace) જોવા ગયા હતા. એ મેહેલ અસલના સ્કોટલંડના પાદશાહોનો હતો તે સને ૧૫૦૧ નાં સાલમાં જેમસ ચોથાએ બાંધ્યો હતો. સ્કોટલંડ ઇંગ્લંડ સાથ જોડાઈ ગયા પછીબી પાદશાહો વારા ફરતી એમાં રહેતા આવ્યા છે અને આપણાં માહ- રાણીબી જ્યારે એડીનબરો આવે છે ત્યારે એમાં ઉતરે છે. એ સારૂં એ મેહેલનો એક ભાગ હમેશાં શણગારેલો રાખે છે અને બીજો ભાગ જે અસલના ઇહાંના પાદશાહો વાપરતા હતા તે તેમજ રાખેલો છે. તેમાં જેમસ ૬ ઠો ઈહાંનો અને ઈંગ્લંડનો પેહેલો જેમસ જે ઓરડામાં જનમ્યો હતો તે તથા તેની મા મેરી કુવીન ઓવ સ્કાટ જેને પાછળથી ગરદન મારી હતી તે રહેતી હતી, તે ઓરડાઓ તથા ખાવાનો સપર રૂમ જેમાં તેણીના યાર રીજીઓને મારી નાખ્યો હતો તે ઓરડો તથા તેને બહાર ઘસડી લાવી દાદરને મથાળેના ઓરડામાં નાંખ્યો હતો તે ઓરડો તથા તેના લોહીના દાઘ સઘળુ દેખાડે છે. તેણીનો સુવાનો ઘોલીયો તથા તેમાંની ખુરસીઓ સઘળુ એમનું એમ રાખેલું છે. એ ઓરડાઓમાં અસલનું ભરત કામ જોવાલાયક છે. એ રાણીની મોઢું જોવાની આરસી પણ ત્યાં તેમજ રાખેલી બતાવી છે. એ જોઇને તેની પડોસમાંનું અસળનું બાદશાહી દેવળ જોયું હતું અને તે હાલ ખંડેર હાલતમાં પડેલું છે જે રાજા ડેવીડે સને ૧૧૨૮ માં બાંધેલું કેહેવાય છે. એમાં અસલના પાદશાહઓને દાટયા છે જે સઘળાની વીગત આગળ અમો આપી ગયા છીએ તે વખ્તેની ચોપડીમાં લખેલી હોવાથી અત્રે લખ્યું નથી. ઈહાં આજે સભા ભરી હતી તેથી બીજી ગમના ઓરડાઓ જે હમણાની રાણી સારૂ રાખેલા છે તે જોઇ શકયા નહીં હતા. એજ કારણને લીધે એનો જુનો ભાગ પણ જોઈ શકતે નહીં, પણ હિંદુસ્તાનથી આવેલા છીયે કરી જણાવ્યાથી તથા અમારા કાર્ડો મોકલવાથી અમોને

જોવાની રજા તુર્ત મળી હતી. દશ દિવસ સૂધી આપણી રાણીનો ઈંહાંનો પ્રતિનિધિ એ મેહેલમાં દર સાલ રહે છે ને રોજ ખાનાં-પીના તથા બાલો થાય છે. તેનાં ખર્ચનાં એને ઉધરા પાઊંડ ૩૦૦૦ મળે છે પણ ખર્ચ એથી ઘણો હોવાથી તેને ગાંઠથી થોડો ખર્ચ ઊમે-રવો પડેછે. એ સ્કોટલંડનો વડો પોતાની કંટ્રી સિટ જે પાંચ છ ગાઉ દુર છે ત્યાં બાકીના દિવસો રહે છે. ત્યાંથી અમો અત્રેનો કિલ્લો જોવા ગયા હતા, જ્યાં હજી જે ઝવેરાતો રાણી મેરીએ છેલ્લાં પહેર્યાં હતાં તે રાખેલાં છે, તેમાં એક મોટી તથા માણકનું તાજ, સેંટ એનડ્રુ તથા સેંટ જયાર્જ તથા ગારટરના ઓરડરોના ચાંનો તથા કોલર તથા પાદશાહી તલવાર રાખેલાં છે. પેલી અસલી મોટી તોપ જેને (!) Mons Meg મોનસ મેગને નામે ઓળખે છે તે સને ૧૪૭૬ માં બેલજીયમના માનસ નામનાં શેહેરમાં બનાવી હતી તે તથા મારગરેટ રાણીનું ચેપલ અમોએ આગળ જોયું હતું તેવીજ વીગત પ્રમાણે છે. ત્યાંથી સભાસ્થાન કરી એક જાતની દેવલને લગતી મોટી સભા ભરવાનો મેહેલ છે ત્યાં એ સભા ભરેલી જોઇ હતી, જ્યાં સ્કોટલંડનાં પાદરીઓ વિષે જેબી ફ્રરિયાદ થાય તે સાંભળી તેનો ઇનસાફ્ર થાય છે. ત્યાંથી હમો અત્રેનું મ્યુજીયમ જોવા ગયા હતા. એની ઇમારત આખાં સ્કોટલંડમાં મોટી ગણાય છે તે ૪૦૦ ફીટ લાંબી, ૨૦૦ ફીટ પોહોળી અને ૯૦ ફીટ ઉંચી છે જે સને ૧૮૬૧માં બાંધી હતી. જોકે એ કાંઇ ઘણું મોટું મ્યુજીયમ ગણાતું નથી તોબી એટલું મોટું છે કે ત્રણ કલાકે અમો બરોબર જોઇ શકયા નહીં તથા એમાંનો સંગ્રહ બધી રીતેનો કીધો છે. મુવેળાં જાત જાતનાં જાનવરો, બધી જાતની ધાતુઓ, તેની પરચુટણ બનાવટો. યુરોપની જાણીતી ઇમારતોના ભાગોના નમુનાઓ, અસલી બખતરો, દીવાદાંડી સારૂં તરેહવાર જાત જાતનાં બીલોરી ફ્રાનસો, સૌથી પેહેલું રેલવે પર ચાલતું કીધેલું એનજીન જે વીલીયમ હીકી (William Hickey) નામના શખ્શે Wylam (વાઇલંમ) શેહે-રમાં સને ૧૮૧૩ માં બનાવ્યું હતું કે જેથી કોલસો લઇ જવાને

સવલ પડે એવા તેના વિચાર હતા તે એનજીનની ગાડી ઉપર એન-જીન જાણે હમણાનું બીમ એનજીન આવે છે તેમ બહારથી દેખાડે છે અને તેની પાછળ કોલસો રાખવાની ગાડી અને તેમાં વળી પાણી બોઇલર સારૂં રાખવાનું પીપ મુકયું છે.

માણસોનું આંગ શું શું તત્વોનું બનેલું છે જેમકે તેમા ખાર કેટલો ભાગ, જીલેટીન, પાણી, લોખંડ, ચરબી ઇત્યાદી, તે જુદા જુદા શીશીઓમાં ભરી વીગતવારે દેખાડેલું છે. કોઈ માણસનાં દીલને એનેલાઇઝ કરે તો આવી ચીજો તેમાંથી નીકળેછે. એમાંનો એક ભાગ જે ફોસફર્સનો છે તેને વાસ્તે લખેછે કે તે એવી તો સળગી ઉઠનારી ચીજ છે કે તેને પાણીમાંજ રાખવી પડેછે. તે પ્રમાણે બધી જાતના અનાજોની ખાવામાં શું ખુબીઓ છે તે તથા એવી બીજી ઘણી વીગતો મુકેલી છે. અસલનાં લોકો લોખંડને બદલે પથ્થરનાં હથીયારો વાપરતા હતા તે, જંગલી માણસો ચાંમડાંનાં, પીછોનાં, ઘાસનાં તથા એવીજ જણસોનાં કપડાં પેહેરેછે, તે તથા તેઓનાં રેહેવાનાં ઘરોના નમુનાઓ, તરાંહ તરાંહની માછલીઓ તેમાં એક મગરમચ્છ ૭૫ ફીટ લાંબુંછે તે, ઝાડોનાં થડ તથા ડાળીઓ તેમાં બામબુ એક મૂકયોછે તે ૮૬ ફીટ લાંબોછે તથા બીજી નવાઇની બનાવતો જેવી કે વીજલીથી હમેશ ચાલુ રેહેતું ઘડીઆલ, દાનાનું ભર્તકામ જાણે કસબી ભરત હોય એવું આબેહુબ બનાવેલું, પેરેફીન જાતની ટ્રેનસપેરંટ મીનની બનાવેલી મોટી જોલીબોટ, ટોપો ઇત્યાદી ઘણી ચીજો હતી કે જેની વીગતો અમો લખી શકતા નથી. ત્યાંથી ચાર વાગેને બંધ થયું તેથી અધુરૂં મુકીને મીનનાં પુતલાંનું (મેડમ તુસોનાં જેવુ) એકઝીબી-શન જોવા ગયા હતા. એ કોઇ ફ્રેંચમેનનું છે અને માફકસરનું બના-વેલુંછે. મેડમ તુસોનાં વેક્ષ વર્કને કોઇબી રીતે પુગે નહી. તે જોઇને ઈહાં સૌથી ઊંચા ઘરવાલા મોહોલાઓમાં (High Street & Cockburn Street), ગયા હતા જયાં અમોએ એક ઘેર ૧૦ માલ ભોંયતલીયાં વગેરેનું જોયું હતું અને સાતથી આઠ માલનાં ઘરો

તો બીજાં ઘણાં એ જગ્યા ઉપર આવેલાં છે તે સઘળું જોઇને પાછા ફર્યા હતા. એ બધાંની તથા એડીનબરો શેહેરને લગતી અમારી આગળી ઇંહાંની મુસાફરીની સને ૧૮૮૧ ની ડાયરીમાં વીગતો હોવાથી પાછું લખતા નથી. એડીનબરોમાં અમો છેલ્લા જોઇ ગયા હતા તે કરતાં કાંઇ ઘણો ફેરફાર થયો નથી, પણ એક મોટો પુલ ફરઠ ઓવ ફોરઠ ઉપર બંધાયછે જે બે મૈલ જેટલો જયારે પુરો થશે ત્યારે લાંબો થશે. એ સીવાય બીજું કાંઇ નવું જોવામાં આવતું નથી.

તા૦ ૨૯ મી મે સને ૧૮૮૭—આજે સવારના કલાક ૮—૩૦ મીનીટે એડીનબરો શેહેર છોડયું હતું તે કલાક ૧૦—૪૦ મીનીટે ગ્લાસગો શેહેરમાં પુગા હતા, જયાના જયોર્જ હોટેલમાં ઊતારો લીધો હતો આજે આતવાર હોવાથી સઘળું બંધ હતું. અમો જે આગની ગાડીમાં આવ્યા તે વતીક બે વર્ષપર ચાલતી નહીં હતી અને તેજ મુજબ આતવારે ટ્રામકારો પણ દોડતી હતી નહી, પણ હમણા એ બાબે જરા છુટ થઇછે અને આડે દિવસે જે સાત આઠ ટ્રેનો એડીનબરોથી ગ્લાસગો આવેછે તેને બદલે આજે બેજ ટ્રેનો અત્રે આવી એવો સ્કોટલંડનાં લોકો આતવારનો દિવસ આશાયશ લેવામાં પાલેછે. વળી એક બીજો ધારો અમોએ જાણયોછે તે એ કે એડીનબરો તથા ગ્લાસગોમાં ઘરો જે ભાડે લોકો લીયેછે તે હમેશાં તા૦ ૨૮ મી મેના દીન સુધીની બોલીએ લીયેછે અને એ દીને એક વર્ષ પછી જો ઘેર પસંદ નહીં પડે તો બીજે ઘેર ખાલી તેવીજ બોલીએ કરી જાયછે. એ મુજબ અમો ગઈ કાલે એડીનબરોના મોહોલાઓમાં ફર્યા હતા ત્યારે જગેજગ લોકોને ઘરો ખાલી કરતા જોયા હતા. એકએક મોહોલામાં નહીં હશે તો દર ચાર ઘરને અંતરે એક ઘેર ખાલી થતું હતું અને ખાલી કરતી વખ્તે ઘેર સાફ કરીને સ્વાધીન તેના ધણીને કરવું પડેછે તેથી રસ્તાઓ ઉપર ધુલ, કચરો, ફાતેલાં બુતો, રાખ ઇત્યાદીના ઢગલાને ઢગલાઓ ભોંયપર પડેલા હતા તથા ઘેરનો સામાન બાહર ઘેર ખાલી કરનારાઓ તથા નવા આવનારાઓનો પડેલો હતો તથા રસ્તામાં

બધે સામાનનાં ભરેલાં ગાડાંઓ મલતાં હતાં. આજે સાંજનાં બે વાગેને લેનોક્ષ ગલેન (Lennox Glen) કરીને આસરે બાર મૈલ દુર ગ્લાસગોથી એક જગ્યા છે ત્યાં ઘોડાની ગાડીમાં ફરવા ગયા હતા. એ જગ્યાપર ખુલ્લી હવા તથા નાના ડુંગરોની વચમાં પાણીનાં નાલાં તથા ધોધ હોવાથી તથા નાળાંઓની આજુબાજુ ખીણમાં મોટાં ઝાડો હોવાથી ઈહિંનું લોક જે ઘણું ગીચ વસ્તીમાં તથા કેમીકલસના ધુમાડામાં રેહેછે તેઓ ત્યાં ફરવા જયારેબી સારો દિવસ હોયછે ત્યારે તેમાં ઘણાખરા આતવારે જાયછે. ઇહાંની હવા ઘણી મજેની ઠંડી તથા તડકુ પડતું હતું તેથી ઝાડનાં છાયડામાં સારી લાગતી હતી અને આસપાસનો દેખાવ પણ સારો હતો. ઘણું લોક તે જગ્યાપર ગ્લાસગોથી ચાલતું પણ ફરવા નીકળી આવેલું હતું અને જોકે તડકું ઘણું હતું તોબી મોટો ભાગ લોક ખુલ્લા તડકામાં બેસીને પીકનીક કરતું તથા મોજ મારતું હતું. ત્યાં ઝાડોનાં છાયડા તડે ફુલો જંગલી જેવાં કે ડેઝી (Daisy), બતરકપ (butter cup) ઇત્યાદી હતાં તે તોડીને એકઠાં કરતા હતા. કોઈ પાહડોપર ઓરતો સુધાં આડે અતાડે રસ્તે છુટાં છુટાં ચહડતાં હતાં, તથા કોઇ નાળાંઓપર બેસીને હવા ખાતાં હતાં તથા એ પ્રમાણે સર્વે પોતાની ખાયશ માફક મોજ કરતાં હતાં. એ ટેકડીનો રસ્તો છેલ્લું બરફ ઈહિં દિન વીસેકપર પડયું હતું જેથી એકગંમથી ધસી ગયો હતો તેથી તે ઊપર જવાનું અમે દુરસ્ત વિચાર્યું નહીં, કારણ કે ધલ ઘણો મોટો અને મટોડું પગે હેઠલ સરી પડે તેવી હાલતમાં હતું તેથી અમે એક કલાક ડુંગરની અધવચમાં ઝાડોના છાંયડા હેઠલ નાળાંની બાજુપર બેસીનેજ મજા તથા ગતા લીધી હતી. એ જગ્યાપર અમોને લસનના જેવો વાસ સખ્ત આવતો હોવાથી પેહેલાં જે રોપાઓને અમો લીલીસ (lilies) સમજતા હતા તે કેઠા લસનના રોપાઓ જંગલી હાલતમાં ઊગી નીકળેલાં અમોને માલમ પડયા હતા. ઈહિંના લોક લસનને ઘણું ધિક્કારેછે અને રાંધવામાં લેતા નથી તેથી એને કોઇ હાથ લગાડતું

નથી. પાણીનું નાળું બધું મોટા મોટા પથ્થરોથી ભરેલું હતું ત્યાં અમો એક કલાક બેસીને ગ્લાસગો ગયા હતા અને અમોએ એ ડરાઇવ જે કંતરીમાં લીધી હતી તેમાં ઘણી મજાહ લાગી હતી.

તા૦ ૩૦ મી મે સને ૧૮૮૭—આજે ગ્લાસગોના અમારા એજંટ મી૦ પીટર હેરોવર પોતાનાં શેહેર બહાર રેહેવાના મકાનમાં અમોને સવારથી પોતાની સાથ લઇ ગયો હતો જે હેલનબરો (Hellenburgh) નામના ગામમાં આશરે ઇહિંથી ૨૨ માઈલ દુર આવ્યું છે ત્યાં અમો આગગાડીમાં બેસીને એક કલાકે પુગ્યા હતા. એ જગ્યા ડંબારટનનો કિલ્લો જે કલાઇડ નદીમાં આવ્યો છે તે મુકીને ગ્રિનોક જ્યાં અમો આગળ ૧૮૮૧માં સરોવરો જોવા જતી વખ્તે ગયા હતા તેની સાંમેની બાજુપર નદીને કિનારે આવેલું છે. એ જગ્યા ઘણી સારી હવાવાળી કહેવાય છે. તેની એક ગમ એ નદી અને બીજી ગમ થોડે દુરથી ઇહિંનો વખાણાયલો સૌથી મોટો સરોવર લેક લોમંડ (Lake Lomond) આવ્યો છે. અમારી પરોણાગત મી૦ હેરોવરે તથા તેવણનાં ધણીયાંણીએ ઘણી સારી કીધી હતી. હેલનબરો તથા તેની આસપાસની મૈલોનાં મૈલ સુધીની જગ્યા સર જેમસ કોહન બેરોનેટની છે. હેલનબરોમાં છુટા છુટા બંગલા દરેકની આસપાસ એક એકર જમીન રાખી બાંધેલા છે અને તે બધાઓમાં નાધલા બાગો હોવાથી ઘણા શોભે છે. અમો ખાનું લીધા પછી ઘોડાની ગાડીમાં બેસીને આસપાસનો દેખાવ જોતા ૧૪ માઇલ દુર સુધી ગયા હતા. રસ્તામાં બે ત્રણ માઇલ પછી લેક લોમંડનો કિનારો લાગ્યો હતો તે છેક અમો ઉપર મુજબ દુર ગયા હતા ત્યાં સૂધી મળ્યા કીધો હતો ને એ રસ્તે એજ મુજબ લોકો કિનારે અને કિનારે ઘણા માઇલો સૂધી જાય છે. અમો અર્ધે રસ્તે પાછા ફ્રીને Luss (લુસ) કરી ગામડું છે ત્યાં રીફ્રેશમેંટ લેવા તથા ઘોડાઓને ઠાક આપવાને ઊતર્યા હતા. એ લુસનું ગામડું પણ સરોવરને કિનારે આવેલું છે અને તેનાં ઘરો મજેનાં

નાના બાગો સાથે બાંધેલાં છે. દેવાલોપર ગુલાબનાં ફુલના વેલાઓ ચઢ-ઢાવેલા છે અને બાગમાં જાતજાતનાં રંગીન ફુલો ઉગાડેલાં હોવાથી મજેનું લાગે છે. ત્યાંથી અમો પાછા પાંચ વાગે હેલનબરો આવી પુગ્યા હતા. રસ્તાનો દેખાવ બધે મજેનો હતો. "લોકની" અંદર છુટા છુટા ટાપુઓ કોઇ મોટા અને કોઇ હાથના બનાવેલા રોક 'વર્કના જેવા નાના તે સઘળાઓપર ઝાડો ઘણાં ગીચ ઉગેલાં, અને સરોવરના બધા કિનારાઓ પણ તેજ માફક ઝાડપાનની લીલોતરીવાળા હોવાથી એ રસ્તો ઘણો રળીયામણો લાગતો હતો. અમો હેલનબરોથી ખાનુ લઇને પાછા આઠ વાગે નીકળેલા નવ વાગે ગ્લાસગો આવી પુગ્યા હતા. એ રસ્તો આગનીગાડીમાંનો પણ રળીયામણો લાગે છે. તેનો મોટો ભાગ કલાઈડ નદી ઉપરથી પસાર થાય છે જેમાં આવતાં જતાં વાહાણો તથા સ્ટીમરો તથા સામી બાજુના કિનારાપર તથા તેને મથાળે ડુંગર ઉપર દોડતી આગની ગાડીઓ, નદીમાં વારાફરતી મળતી વાહાંણો બાંધવાની ગોદીઓ તથા સાંમી બાજુનાં છુટાં છુટાં ગાંમો સર્વે ઘણુ રળીયામણું લાગતું હતું અને વળી ઈહિં સુરજ કલાક ૮—૧૫ મીનીટે અસ્ત પામે છે અને ત્યાર પછી કલાક ૧૦—૩૦ થી ૧૧ સુધી ઊજરદું (ઝઝકલું) રેહે છે તેથી અમો સઘળું મજેની રીતે જોઈ શકયા હતા. એ ઝઝકલું એટલું રેહે છે કે અમો દશ વાગા સૂધી વગર બતીએ ન્યુસપેપરો વાંચી શકીયે છીયે. ખબર કાહડતાં માલૂમ પડે છે કે રાતના ૧૧ વાગે લાંબા દિવસોમાં (તા૦ ૨૨ મી જુન સૂધી દિવસ લાંબા થાય છે અને પછી ઓસરવા માંડે છે) સુરજ અસ્ત પામી એથી હઢી વાગામાં પાછો ઉગે છે તેથી અંધારી રાત તે વખ્તે ઘણા દિવસો સૂધી માલૂમ પડતી નથી. હમણાબી રાતના ૪ વાગામાં સુરજ પાછો દીસે છે. અમો જે ગ્લાસગો કુવીન રોડ સ્ટેશન પર ઉતર્યા ત્યાં આવતાં આગની ગાડીને મોટા રસ્તા તથા ઘેરોની હેઠલના ટનલોમાંથી આવવું પડે છે તે વખ્તે વીજળીની બતીઓ પોતાની મેલેજ ગાડીમાં સળગી ટનલ પૂરો થયો કે પાછી પોતાની મેલે બુજાઇ જાય છે તે સારૂં ઘણી સારી તાળ કીધેલી માલૂમ પડે છે. રેલવેના પાતાની વચમાં એક

બીજો લોખંડનો પાતો ટનલમાં રાખે છે તેમાં એક બાજુથી વીજળી સંચાએ દાખલ કરી મુકેલી હોય છે. જેવી ગાડીઓ ત્યાં આવી કે દરેક ગાડીની હેઠલ એકેકો લોખંડનો સીધો સળીયો રાખેલો હોય છે તે પેલા વીજળીથી ભરેલા પાતા સાથે અડકી ઘસાય છે કે તેમાં પેલી વીજળી જઈ તે સળીયામાંથી એક તાર ગાડીને મથાળે બતી હોય છે તેમાં લઇ ગયલા હોવાથી તે બતીઓ વીજળીની "ઇનકેનડેસંટ" લાઇટની માફક સળગી ઉઠી ઉજાસ ગાડીઓમાં આપે છે અને જેવી ગાડી ટનલમાંથી બાહાર ઊજાસમાં નીકળી કે પેલો લોખંડનો પાતો ત્યાં નહીં હોવાથી વીજળી પૂગતી નથી અને બતી પોતાની મેલે બૂજાઇ જાય છે. એવી સરસ યુકતી કરી બતી સલગાવા માણસો રાખવાનો તથા બતી જાથુક બાલવાનો ખર્ચ બંચાવ્યો છે. એ ઉપરથી અમોને ઈંહાં તથા ઇંગલંડમાં બીજી રીતે માણસોના પગારનો ખર્ચ બંચાવાના દાખલાઓ યાદ આવે છે જેમાં હમણા થોડું એક થયું એક જાતના મીકેનીકલ સંચાઓ બનાવી દર સ્ટેશને મૂકયા છે જેમાં એક નાની કબાટ જેવું મૂકયું છે. તેની બે બાજુએ નાના બે ખાંચાઓને ઊભાને ઉભા સલંગ રાખી તેમાં મીઠાઈઓ રાખે છે અને તે ખાંચાની હેઠલ વકરીના મોંઢાં જેવો બીજો નાનો ખાંચો એક પેની જાય તેટલો રાખે છે. હવે તે ખાંચામાં પેની નાખ્યે તો તેના ભારે અંદરનો સંચો દબાઇને પેલી મીઠાઈમાંનો એકજ કકડો બહાર આવે છે જે પેની નાખનાર લે છે અને તમો બીજો કટકો પેની બીજી નાખ્યા વગર કાહાડી શકો નહીં એવી તાળ કીધી છે. એજ માફક પોસ્ટ કાર્ડોના કેસો પણ જગેજગ રાખે છે. વળી માણસોને તોળવાના ઓટોમેટીક સંચા પણ એજ ઢપ પર બનાવી જગેજગ મૂકેલા હોય છે જેમાં પણ એક પેની તમો તે ઊપર ઊભા રહી નાખો તો તોળનો ઘડીઆલ જેવો કાંટો ઘડીઆલની ડાયલપર ફરીને તમારૂં વજન બતાવે છે, જેવા તમો ઉતર્યા કે પાછો અસલી જગ્યા મીડાંપર જાય છે અને બીજી પેની નાંખો નહીં ત્યાં સૂધી બીજી વખ્તે તોળાતું નથી. એ મૂજબ પોતા મેલે ચાલતા સંચાઓ રાખી

તેની દેખરેખ રાખનારા માણસોનો ખર્ચ બંચાવેલો છે. તોબી એ છેલ્લામાં ઠગાઈ લોકો કરી શકે છે, તે એમ કે પેહેલાં એક જણ તોળાય તેનું વજન ધારો કે ૧૪૦ રતલનું છે તેટલો કાંટો ખસે છે. હવે તે ધણી ઉતરી નથી પડતો પણ બીજો ધણી તેની સાથે કાંટાપર ચઢેછે કે તેના વજન જેટલો કાંટો બીજો આગળ વધી જઈ તેનો વજનબી એટલો હોય તો ૨૮૦ રતલપર કાંટો જાય છે. તેપરથી બેઉ જણાં પોતાનું વજન કહી શકે છે. ઇંહાંની આગની ગાડીઓ કોઇ કોઇ "એકસપ્રેસ" દાખલ દોડાવે છે જેઓ કલાકના સાઠ મૈલને હિસાબે ધણાં સ્ટેશનો કીધા વગર દોડે છે તેઓને દોડતી ટ્રેને પાણી લેવા સારૂ રેલની હેઠાણમાં વચમાં પાણીની ટાંકીઓ બાંધી તેમાં પાણી ભરી તૈયાર રાખે છે અને ઇનજીનની હેઠળ એક જાતની પાણી ખેંચી લેવાની નળીઓ રાખે છે જે નળી તે પાણીની ટાંકી આવે છે ત્યારે સાંમી બાજુ મોઢું રાખી નીચે ઊતારે છે કે આગની ગાડીના પોતાના ધસારાથી પેલી ટાંકીનું પાણી પોતાની મેળે નળીમાં ભરાઈને ઉપરની પાણીની ટાંકીમાં ભરાય છે કે નળી પાછી ઉંચકી લેછે, એવી એવી નવી ગોઠવણો રાખે છે જેથી વખ્તનો બંચાવ ધણો થાય છે.

તા૦ ૩૧ મી મે સને ૧૮૮૭—આજે સહવારના આઠ વાગેની ટ્રેનમાં બેસીને એડીનબરોની નજદીકમાં કરકાલડી (Kerkcaldy) કરીને ગામ છે ત્યાં મી૦ ડગલાસ કહીને મેસર્સ ડગલાસ એંડ ગ્રાંન્ટ એનજીનો બનાવનારના ભાગ્યાને ત્યાં પરોણા દાખલ ગયા હતા. એ કરકાલડી ગામ ફર્ડ ઓવ ફોર્ડ (Firth of Forth) ઊપર એડીનબરો શેહેરની સામેની બાજુ દુરથી આવેલું છે, જે બાજુ પર ફરડ નદીનું મોઢું જરમન ઓશન યા નોરથ સીમાં પડે છે. અમારી ધણી માવજત એવણે તથા એવણનાં ધણીયાંણી અને ભાગ્યા મી૦ ગ્રાંન્ટે કીધી હતી અને આસપાસનાં મુલકમાં ફેરવી લાવી ત્યાંના કારખાનાઓ દેખાડયાં હતાં. હાલમાં કરકાલડીમાં ઓઇલ કારપેટસો બનાવાનો ધંધો ધણો વધી ગયો છે જે બે જાતના બનાવે છે તેમાં "ઓઇલ

કલાઠ" જે "કનતાન" ઊપર તેલ તથા રોગાન તથા રંગ યા જાપાન મારી બનાવે છે જે મુંબાઇમાં ગાડીઓનાં યા બીજાં કવરો બનાવાનાં કામમાં આવે છે યા "ટેબલકવર" દાખલ પણ વપરાયછે. તે પાતળા હોય છે, પણ બીજી જાતનાં કારપેટ દાખલ લાઇનોલીયમ (Linolium) કરીને બનાંવે છે તે ઘણા જાડાં જોઇએ તેવા કદનાં બનાવે છે. તેમાં બુચનો ભુકો તથા આકસીડાઇઝ કીધેલું અલસીનું તેલ વાપરે છે, જે બેઉને બીજી કાંઇ મેળવણી સાથે મેળવી એક કનતાનના કપડાં સાથ તેને બે રોલરો વચ્ચે દાબી પછી સુકવે છે એટલે કનતાંન જે જરા છુટા છુટા દોરાનું વણેલું હોય છે તે સાથે એકજ કપડું હોય તેમ વળગી જાયછે. ત્યાર પછી તેને એક બીજાં મોટાં રોલર આશરે ૩૫ ફીટ વ્યાસનાં ઉપર એક ગમથી પસાર કરી તે ઊપર તરાંહ પાડવાનાં લાકડાંનાં રોલરો બીજી ગમ રેહે છે તેની સાથે દબાઇને તરાંહ તે રોલરો એક પછી એક પાડે છે જે કામ ઘણું જલદી થાય છે. જો તરાંહ ઘણી ગીચ અને રંગવાલી હોય છે તો તેને હાડે દીબાંઓ જેમ મુંબઇમાં રંગારીઓ દાંબે છે તેમ દાબીને વારાફરતી જૂદા રંગોની તરાંહ તે ઉપર પાડે છે તે જેમ તરાંહ પડતી જાય છે તેમ સલીયાવોપર એક ઓરણુ હોય તેમ તંગાતી જાય છે અને જયારે તે તાકો પૂરો થયો કે તે ઓરણુ જે રેલ ઊપર રહેછે તે સેરવીને પરોશના ગરમી આપવાના ઓરડામાં લઇ જાય છે જયાં તે રંગ સુકાય છે. એ "લાઈ-નોલીયમ" બનાવનારાઓ જાણે એક હાથે ધંધો લેઇ બેઠા હોય તેમ ઈહિં કરકાલડીનાં ગામમાંજ તેનો મોટો હિસ્સો બનાવે છે. તે જોઇને મી૦ ડગલાસ અને ગ્રાંન્ટવાલું ઇનજીન બનાવવાનું કારખાનું જોયું હતું જયાં હમણાં એક મોટું ઇનજીન મુંબઇની મજગામ મીલ સારૂં તૈયાર થતું હતું. એ બનાવવાની વીગત સને ૧૮૮૧માં અમો બોલટનમાં મેસરસ હીકસ હારગરીવસનાં કારખાનાંમાં જોઇ હતી તેને મળતી હોવાથી અત્રે લખતા નથી.

અમો કરકાલડીથી બીજા ૧૨ મૈલ દુર એક કોલસાની ખાંણ છે ત્યા ઘણો મોટો બુંબો જે ડગલાસ અને ગ્રાંન્ટવાળાએ

સને ૧૮૭૭માં બનાવ્યો હતો તે જોવા ગયા હતા. એ પાણી કાહાડવાનો કુઓ ૯૦૦ ફીટ ઊંડાણમાંથી કોલસાની ખાંણની હેઠલથી પાણી કાઢેછે તે સારૂં ત્રણ ટપ્પાં દર ૩૦૦ ફીટના કરી તેમાં વારાફરતી પેહેલાં એક ટપ્પામાં ને તેમાંથી બીજામાં ને તેમાંથી છેક મથાળેના ટપ્પામાં એમ ત્રણ જૂદે જૂદે ટપ્પે પાણી ખેંચી કાહડેછે તે હીસાબે દર મીનીટે ત્રણ ટન યાને ૬૭૨ ગ્યાલન દર ટપ્પે પાણી એટલું નીચાંણમાંથી ખેંચેછે તે સારૂં એનું સીલીનડર ૧૦૦ ઇંચ વ્યાંસનું એવું ગંજાવર બનાવેલુંછે કે તે ચલાવવા ૪૫૦ ઘોડાના બળનું જોર વપરાયછે. કોલસાની ખાંણમાં જવા ઈનજીનથી એક ઘણી મોટી બેઉ બાજુથી પોહોળી ને વચમાંથી છેક સાંકડી એક કપ્પી ચલાવી તેના એક ભાગ પર દોરડું જે ઉપર માલ ખેંચી લાવેછે તે વીટળાયછે ને બીજું જે હેઠાંણમાં પાછું જાયછે તે છુટેછે. એ દોરડાંના છેડાઓપર બે પીંજરાં ફાંધેલાંછે જેમાં માણસો યા કોલસો ખાંણમાંથી નીચે ઉપર આવજાવ કરેછે. કોલસાની ખાંણોમાં અંદર જે કોલસાનાં પડ મળેછે તે ખણી કાઢી બાકીની નકામી જગ્યા ગેલરીઓ તથા ટેકાઓ દાખલ રેહેવા દીયેછે તેથી જાણે ઘણા માલો હોય તેમ અંદરથી થાયછે ને જયાંથી (Shaft) અંદર જવાની જગ્યાછે ત્યાંથી આડી અતાલી ગળીઓ કરી બધીગમથી કોલસો ખણી કહાડેછે. તેમાં કામ કરનારા માણસોને હવા જવાના બે હલાયધા "શાફ્ટસો" રાખી તેમાં પંખાથી પવન અંદર મોકલેછે ને બીજા પંખાથી તે વપરાયલી હવા બીજા "શાફ્ટ"માંથી બહાર કહાડેછે. એ ખાંણવાળી જગ્યા જે ધણીની હોયછે તેને ખાંણ ખોડનાર કુંપની દર ટને કાંઇ લવાજમ (આસરે એક શીલીંગનો) આપેછે તથા બીજો ખરચ ઘણો રાખવા છતાંબી સતરથી અઢાર ટકાનું બ્યાજ શેર હોલડરોને આપેછે. કોલસો જેવો બહાર આવ્યો કે તેને એક જાતની લોખંડના ઉભા સલીયાની ચાલનીમાં નાખેછે કે તેમાંથી ભુકો તથા ઝીણા કટકા હેઠળ પડેછે ને તે ચાલની ઢળાવવાલી હોવાથી તે ઊપરથી મોટા કકડાઓ ગગડીને તેને છેડે રેલવેનાં ગાડાં હોયછે તેમાં પડેછે જેમાં દરિયે કિનારે લઇ જઇ વાહાણે

ચહડાવેછે. એ સઘળું જોઇ સાંજના મી૰ ડગલાસ સાથ ખાનું લઇને પાછા ગ્લાસગો રાતનાં ૧૦ વાગે આવી પુગ્યા હતા. અમોને એડીનબરોથી કરકાલડી જતાં રસ્તામાં ફરઠ ઓવ ફોરઠ સ્ટીમરમાં પસાર કરવો પડયો હતો પણ હમણા એક ગંજાવર પુલ આસરે બે મૈલ લાંબો એ ફરઠની ઉપર બંધાયછે જેના વચલા બે સ્પેનસ (Spans) દરેક ૧૭૦૦ ફીટ લાંબાં છે જેવાં મોટાં સ્પેનસો બીજા કોઇ પણ પુલના આજ સુધી બનાવેલાં નથી અને આપણને અજાયબીમાં નાંખેછે કે આટલો લાંબો તપ્પો વગર ટેકાએ શી રીતે આગગાડીના ધપકારા હેઠળ થોભી શકશે. અમારો વિચાર આવતી કાળે ગ્લાસગો છોડવાનોછે. એ શેહેર અમોએ આગળ જોયલુંછે તેથી તેનાં ઘણાં જાત જાતનાં કારખાનાંઓની વીગત અમો લખતા નથી. એ શેહેર વસતીમાં હમણાં ઘણું વધી ગયુંછે અને મોહોલાઓના મોહોલાઓ અમોએ જોયા પછી ૭ વર્ષમાં વધી ગયાછે. હાલ એની વસ્તી આસરે આઠ લાખ માણસોની કેહેછે. એ શેહેર ઘણું સફાઈથી રાખેલુંછે. તેની મ્યુનિસિપાલિટીની આવક અમોને બરાબર ખબર નથી, પણ સાંભળવા મુજબ ફકત લાઇટ તથા પાણીના કરો (મીતરથી લે છે તેના) પાંચ લાખ પાઊંડ વર્ષ દિને ઉપજેછે. પાણી ઇંહાંથી સાઠ મૈલ દુર "લોક કેટરીન" કરીનેછે તયાંથી લાવેલાછે. શેહેરના કચરાને માણસો રાખી પેહેલાં તેમાંથી ફાટેલાં ચીંદડાં, ચાંમડાં ઇત્યાદિ કાહાડી લઈ કાગજો બનાવાના કામમાં લે છે. એ સાથે કચરામાંથી કાંતા ચમચા પણ ઘણાં મલેછે તે વેચેછે. તેની પણ આવક થાયછે. બાકીનો બાલી નાખેછે તેની રાખને ખાતરમાં વાપરેછે. ઇંહાં ઉદ્યોગ તથા વેપાર પણ દિનપરદિન ઘણો ખીલતો જાયછે ને બધી રીતે શેહેર આબાદ છે.

તા૦ ૧ લી જુન ૧૮૮૭—આજે બપોરના સવા બે વાગે આગની ગાડીમાં બેસીને ગ્લાસગો છોડયું હતું તે રાતના ૮-૪૦ મીનીટે લીવરપુલ પુગા હતા અને ત્યાં એડલફી હોટલમાં ઊતારો લીધો હતો. અમો ઇંગલંડની હદમાં આવ્યા પછી વળી પાછું વાદળનું ઘેરાન

થવા માંડયુંછે અને સુરજ દીસતો નથી. અમો જ્યારે લંડનથી નિકળ્યા હતા ત્યારે ત્યાંવાળા સાહેબો અમોને આએ વખતે સ્કોટલંડ જે વધારે ઊત્તર તરફ આવેલુંછે ત્યાં જવાની ભલામણ નહીં કરતા હતા કે ત્યાં ઠંડી તથા વરસાદ પડતો હોવો જોઇયે પણ અમને તો તેથી ઉલટું માલમ પડયું હતું અને લંડનમાં જેટલા દિવસો અમે વેરાનના કાહાડયા હતા તેટલા તથા ત્યાર પછીના દિવસો તો સ્કોટલંડમાં સારા ગયા હતા અને અમોને આખો વખ્ત સુરજ તથા માફકસરની હવા મળી હતી અને વળી ઈંગલંડમાં આવ્યા કે વેરાન દેખાવા માંડયું હતું.

તા૦ ૨ જી જુન સને ૧૮૮૭—આજે લીવરપુલનું જુબીલી એકઝીબીશન જોવા ગયા હતા. એ એકઝીબીશનની જગ્યાપર જવા સારૂં ત્રાંમ કંપનીઓ સાથે કાંઇ બંદોબસત કીધોછે તેથી એક શીલીંગ જે એકઝીબીશનમાં દાખલ થવાની ફી છે તેમાંજ ત્રામવે બીજું કાંઇભી ભાડું લીધા વગર ત્યાં લઇ જાયછે. એ આસરે દોઢ મૈલ અમારાં હોટલથી દુર હશે. એની ઇમારતો જે ઘણી મોટી લોખંડ તથા કાચની બનાવેલી છે તે ગયે સાલ ઈંહાં મોટું એકઝીબીશન ઊઘાડયું હતું તેનીજ અનામત રાખેલીછે ને તેમાં આએ વખ્તનું જુબીલી એકઝીબીશન ભર્યુંછે. એની જગ્યા તથા ઇમારતો મલીને ૩૫ એકર જગ્યા રોકીછે તેમાં છુટી છુટી અસલી જાતની ઈમારતો બાંધી તેમાં દુકાનો, રેસટોરાં, નાટકશાળાઓ, કેવસો ઈત્યાદી બાંધેલુંછે તથા એક ગમ એડીસટન દીવાદાંડીની નકલ તેના જેવીજ આબેહુબ લોખંડના સળિયાઓની બાંધી તેની ઉપર ફરતું કનતાનનું કપડું જડી, તે ઊપર સીમેંટ લગાડી પથ્થરની તરાંહ પાડીછે તેથી બાહરથી તો જાણે પથ્થરનીજ બાંધી હોય તેવી દીસેછે. તે ૧૭૦ ફીટ ઊંચાઇમાં છે ને મથાળે દીવાદાંડી માફક કાચનો મોટો ગુંબજ કરીને તેમાં વીજળીની બતી ઘણી જોરાવર મૂકેલીછે. એ ઊપર જવા સારૂં ચારી રાખીછે જે સ્ટીમથી ઊપર હેઠલ આવજાવ કરેછે. એ બધી છુટી છુટી

ઇમારતોની વચમાં ગાશના તમપાવો (Terraces) કરીને તેમાં ગેસનાં ફાણુસો તથા ફુલ પાનનાં બાગોના કેયારા કીધાછે તે સઘળા કેયારાઓ તથા રસ્તાઓ ઉપર નાની નાની બતીઓ ગોઠવી તેની તરેહો ઘેરી લીધીછે, તથા વળી છુટી છુટી વીજળીની મોટી બતીઓ જોરાવર લાઇટની મૂકીછે તેથી રાતના તો જાણે બાગે બેહેસ્ત જેવો દેખાવ લાગેછે. વળી એ બાગોની વચમાં એક ફુવારો ઘણો મોટો ઉભો કીધોછે જેમાંથી ઘણી ગમથી પાણી ઊડેછે પણ તેમાં નવાઇ જેવું અમોએ પેહેલ વેહેલું એ જોયું કે જયારે રાતના તે ફુવારો ઉરાડયો ત્યારે તેમાંનું પાણી તરેહ તરેહના રંગનું ઊડતું હતું. કોઇ જેટ (Jets) માંથી લાલ કીરમજી, કોઇમાંથી ઘેરૂ અને કોઈમાંથી ફીકા લીલા રંગનું, કોઇમાંથી પીલું, કોઇમાંથી બ્લુ એમ પાણી જાણે એ રંગોનુંજ હોય તેમ દીસતું હતું ને તે રંગના ઊડતાં પાણીની મેળવણી એવી સારી કીધેલી કે તેથી જાત જાતની તરાંહો પડતી હતી ને જાણે કે કમાનના રંગનું પાણી ઉડી મીનારાઓ બનતા હોય તેવું લાગતું હતું. એ પાણી કાંઇ રંગેલું નહીં હતું, કાંઇ હજારો હજાર ગ્યાલન ઉડે તે રંગ કયાંથી લાવે પણ એવી તાળ કીધી હતી કે જયાં ફુવારાની જેટસો ઉડતી હતી તેની નીચે પોકલ ફરતી જગ્યા રાખી તેમાં ફેરવી શકાય તેવા કાચો જરેલી વીજલીની બતીઓ તલીઆમાં રાખી હતી ને તેને મથાળે મોટો કાચ જડેલો હોવાથી પાણી બતીને બુજવી શકતું ન હતું. હવે પાણી જે નળીઓમાંથી ઉડે તે ઊપર એ રંગીન કાચોની હેથળની બતીનો ઊજાસ (reflection) પડતો એટલે પાણી જાણે રંગીન ઉડતું હોય તેવું દીસતું હતું. ખચીત એ ઘણુંજ જોવા લાયક હતું.

એકઝીબીશનની મુખ્ય ઇમારત ઘણી ગંજાવર છે. એને વાસ્તે કહેછે કે એવી મોટી ઇમારત કાચ તથા લોખંડની સને ૧૮૫૧ નાં લંડનનાં એકઝીબીશનની ઇમારત સિવાય બીજી કોઇ વખતે બનાવી નથી. તેની બહારની પોહોળાઇ ૮૦૦ ફીટની છે ને તેની ઉંડાઇ એટલી મોટી છે કે તેનું સલંગ એક દીવાનખાણું પા (૦।) મૈલ જેટલું લાંબું છે તેની ઊપર વચમાંનો ગુંબજ અંદરથી ૧૦૦ ફીટ દેખાઇતો

ઊંચો બાંધેલો છે. તેની હેઠાણમાં બેંડસ્ટાંડ બાંધેલું છે, જયાં રાતનાં ૧૦ વાગા સુધી રીજમીટનું વાજું વગાડયું હતું. તેની સામે વળી એક મોટી દેવળની આરગીન મુકેલી છે, જે ઉપર સાંજ પછી જાત જાતના રાગો વગાડતા હતા તથા પચીસ જણા તેની સાથે ગાતા પણ હતા. એ મોટી ઇમારતમાંનો પોણો ભાગ હાલ દેખાડવા મુકેલા સામાના તથા દુકાનોથી રોકાયલો છે; બાકીનો ખાલી પડેલો છે. સામાન મૂકેલા ભાગોમાં હિંદુસ્તાન તથા આસ્ત્રીયાના શેહેરોની તથા કેનેડા, કેપ કોલો-ની ઇત્યાદીના ભાગો (Courts) જૂદા જૂદા કીધેલાછે. તેમાં સર્વેથી સરસ સંગ્રહ આપણું હિંદુસ્તાનના સંગ્રહમાં દેહરાંવો, ઘેરો, ઝુંફડાઓ, વનતકામની હાથની સાળો, કોતરકામોના નમુનાઓ ઉપરાત તદન બાંબુનો બનાવેલો પુલ જોવા લાયકછે. તેની બાજુના કતેરા તથા તેનાં બેઊ બાજુની સીડીના બેંતાલીસ ટપ્પાઓ સઘળું બાંબુનું જાત જાતની તરાંહની ગોઠવણીનું કીધુંછે જે એક એકથી જુદી તરાંહનુંછે. કલકતે જયારે પ્રિન્સ ઓવ વેલ્સ ગયા હતા તેમને વાસ્તે એક મેહેરાબ બનાવ્યો હતો તેમાં ૧૫૦૦૦ લાકડાંના કકડાઓ છુટા કાંઇબી ગુંદર ચુક, યા ખીલા માર્યા વગરનું બનાવેલું હતું તેનો નમુનો મુકેલોછે જે લાકડાંની અંદર છેડેથી ખાંચાઓ પાડી એક એકની અંદર ગોઠવીને બના-વેલું હોવાથી પડી જવાની ધાસ્તિ રેહેતી નથી. વળી તેની ઉપર મીનારો વટિક એજ મુજબ છુટાં લાકડાંનો કીધોછે. બનાવતોમાં જાત જાતનું કાપડ, પોશાક, પાઘડીઓ અને જોડા વટિક મૂકેલુંછે, પણ તેમાં વનસ્પતિની પેદાશના નમુનાઓ જોઇને અમો તો અજબ થઇ ગયા હતા કે આટલી બેસુમાર જાતની પેદાશો હિંદુસ્તાનમાં થાય છે. ફક્ત ચોખાની જાતના નમુનાઓ અમે ગણ્યા તે ૯૯ હતા. તે મુજબ હજારો હજાર જાતની બીજી વનસ્પતિ, ખણીજ પાદાર્થો ઈત્યાદીના નમુનાઓથી ઘણો મોટો હોલનો વચલો ભાગ તદન ભરી નાખેલો હતો. એને લગતી સીલોંનની કોર્ટ પણ જોવા લાયક છે, જયાં હમણા ત્યાં ઊગતી ચાહઓના નમુનાઓ ઘણા રાખ્યા છે. સીલોંનથી માણસો લાવી ત્યાં લોકોને ચાહ પાવા સારૂ રાખ્યા છે. એ ચાહ જેની કાંઇ

સીલોનમાં ; ખરાબ થવા પછી રોપણી કીધી હતી તે સને ૧૮૭૨માં જે ૭૨૦૦૦ રતલ ઉતરી હતી તેને બદલે તે સને ૧૮૮૬માં ૭૨૦૦૦૦ રતલની પેદાશ થઇછે એટલી એ રોપણી ત્યાં વધી ગઇછે, અને હજુરબી વર્ષો વર્ષ વધવાની આશા છે. આસટ્રેલિયાની કોર્ટોમાં ત્યાંની પેદાશો ઉપરાંત ત્યાંના જંગલી માણસો જે હથીયારો તથા નામના કપડાં વાપરે છે તેના નમુના તથા મોટાં શેહેરોની છબીઓ ગોઠવેલી છે. કેનેડાના જંગલી માણસોના પુતળાં તથા વાપરવાસની ચીજોના નમુનાઓ તથા ત્યાં રેલવે અને સ્ટીમરને રસ્તે ૧૨૦૦ મૈલ ચીન જાપાન જતાં બંચે છે તે દેખાડવાના નકશાંઓ મૂકેલા છે એ કોર્ટસોની વચમાંના હોલના એક ભાગમાં ઇંગ્રેજોએ જે મોટી લડાઈઓ કીધેલી હશે તેને લગતી બાકી રહેલી નિશાણીઓ જેવું કે તોપો, જેનરલોના પોશાકો, હથિયારો, નકશાઓ સઘળું તેને લગતી જગ્યાઓની વીગતો સાથે મૂકયું છે તેમાં મોટો ભાગ ક્રિમિયા તથા પેનીનશુલરની લડાઇને લગતો તથા ચીનમાંનો તેપીંગ્સના બળવાને વખ્તની ચીનના શેનશાહનો પીકીનનો ઉન્હાળામાં રહેવાનો મેહેળ લુટયો હતો તેમાંની ચીજો ગોઠવી છે જેમાં શેનશાહનું તખ્ત જે ત્રણ જણા બેસી શકે તેવું લાકડાંનું નકસી તથા પીલી સાતીનનું બનાવેલું તથા શેહેનશાહના તથા તેની ઓરતના રેશમી તથા કસબી ભરતના જભાઓ ઇત્યાદી મૂકયું છે ને એ લુટની વખ્તે જેનરલ ગોરડને જે ચીનાઓને મદદ કીધી હતી તેથી તેને માદરીનનો પોશાક ભેટ મલ્યો હશે તેમા તેની પડાવેલી છબી પણ ગોઠવેલી છે. ડયુક ઓવ વેલીંગટનને લગતી તેની વોટરલુની લડાઇ વખ્તે પેહેરેલી ટોપી, દગલો તથા તલવાર; ક્રિમિયાની લડાઇ વખ્તે જે વખણાયલો બાલાકલાવાનો હુમલો કીધો હતો તેના સરદારના ઘોડાનું ડોકું કાચના કેસમાં મૂકેલું છે તથા રશીયન વાવટાઓ, પોશાકો, હથિયારો એવું ત્યાં મૂકેલું છે. એ સિવાય અસલનાં બખ્તરો તથા હથિયારનો સંગ્રહ પણ તેની સામેના હોલમાં સારો કીધો છે. ઉત્તર ધ્રુવ (North Pole) તરફના દેખાવોનો આબેહુબ નમુનો ચાકની તથા બીજી બનાવતનો કરીને મૂકેલો છે, તેની

પાછળ ચીતાર પણ એવો સરસ કીધો છે કે આપણે દુરથી જાણે ખરેખર તે દેખાવ જોતા હોઇયે તેવો લાગે છે. તેમાં જાણે બરફના પાહાડો બની ગયલા છે. કોઇગમ તે ઝરી જઇ તેના તરાંહ તરાંહના આકારો બનેલા છે. વળી તેમાં રીંછ તથા બીજાં એ તરફનાં જાનવરો ગોઠવ્યા છે તે સઘળું ઘણું સરસ છે. તેની સાંમે કબટોમા ત્યાંના એકવીમોક્ષ (Exquimaux) લોકોનો પહેરવાશ તથા હથિયારોનો સંગ્રહ પણ મૂકેલો છે. એની પડોસમાં (Tropics) મધ્યબીંદુની સીનરી ઊપર મુજબ તેને છાજતા પાહાડો, જમીન, નદીઓ વીગેરે સીંહ, વાઘ, હરણો તેમાં ગોઠવ્યાં છે. વળી આફ્રીકાનાં રેતીનાં જંગલો તથા બીજા દેખાવોનાં પણ તેનાં જાનવરો સાથે મૂકયા છે. અમેરીકાનાં કેટલાએક જંગલી લોકોના પોશાકો, હથિયારો, રેહઠાણો ઊપરાંત તેઓ પોતાનાં મુડદાંનાં ડોકાંને ખુશબોદાર તેજાબોથી ભરી રાખેછે તે પણ મૂકેલા છે. જેમાં એક જાત ડોકાંના હાડકાંઓ કાહડીને ફકત માસનો ભાગજ સુકવી મોઢાંના ઘટમ જેવોને તેવો પણ વગર હાડકાંથી અતિશય નાનો બનાવી રાખેછે જે ડોકું ભાગ્યે એથી અઢી ઇંચ જેટલું હશે પણ તેનાં માથાનાં બાલ આપણી ઓરતોની માફક લાંબા દીસેછે. બાહાર દેશાવરની બનાવતો ઊપરાંત લીવરપુલને લગતી બનાવતોનો પણ સંગ્રહ સારો છે. તેમાં તદન કાગજની બનાવેલી હોડી જે પાણીમાં તરી શકે છે તેવી એક મોટી કાગજની બનાવેલી ટાંકીમાં તરતી રાખી છે. સંચાકામના નમુનાઓ કાંઇ ઘણા જોવામાં આવ્યા નહીં. આ તથા બીજી હાલની નવી બનાવટો બાબે તો ન્યુકેસ્ટલવાલું સંગ્રહસ્થાન ઘણું ચહડે તોબી સઘળું જોતાં અમોને આખો દિવસ લાગ્યો હતો. રાતના વળી એ જગોપર નાટકશાળા હતી જયાં અંગની કસરત તથા ઓપેરા બરલેસ્ક જોયો હતો જે સારી રીતે બનાવ્યો હતો તથા સંગ્રહસ્થાન રાતનાં ૧૦ વાગે બંધ થતી વખ્તે આતશબાજી થઇ હતી. એ સંગ્રહસ્થાન ગયે વર્ષે ઇંહાં થઇ ગયલાં સંગ્રહસ્થાનને લીધે જેવું જોઇયે તેવું આએ વખ્તે થયું નહીં. ગયા સાળનાં સંગ્રહસ્થાનમાં ત્રીસ લાખ આદમી આવી ગયલું કેહેવાય છે ને માણસ દીઠ એક

શીલીંગનીજ રાસ લેતાં (સીઝન ટીકીટો જુદી) પંદર લાખ રૂપીયાની કમાઇ થઇ તોબી તેમાં ખોટ ગયલી કેહેવાય છે તે પૂરવા સારૂ પાછું આ સાળ નવું સંગ્રહસ્થાન તેનીજ ઇમારતો સલામત રાખી ઊઘાડયું છે કે કાંઇ તેની કર વળે. હમણાંનું એકઝીબીશન જે જુબીલી સાથે સંબંધ ધરાવે છે તેથી મહારાણીનાં પચાસ વર્ષમાં શું શું વીગતો, લડાઇઓ થઇ તથા શેહેરો લીધાં તેની વીગતોથી ખામખા ભરપુર કીધેલું છે.

તા૦ ૩ જી જુન સને ૧૮૮૭—આજે સહવારથીજ વાદળ ઘણું ઘેરાયલું હતું અને નજદીક આખો દિવસ વરસાદ પડયા કીધો હતો. બપોરના અમો ઇંહાંનો સેંટ જયોરજીસ હોલ જોવા ગયા હતા, જયાં આપણી રાણીની જુબીલીમાં સામેલ થવા પેસીફીક સમુદ્રમાં "હાવાટી" (Hayti) કરી ટાપુ છે તેની રાણી આવી છે તે આવવાની હોવાથી ઘણી ધામધુમ કીધેલી હતી અને અંદર અંધારૂં જેવું હોવાથી મોટી રોશની કીધી હતી તથા ત્યાંની મોટી આરગીન તેને વાસ્તે વજાડવાની હોવાથી તથા રાણીને જોવા સારૂં એટલું તો લોક અંદર એકઠું થયલું હતું કે આખા તેના હોલની બધી બેઠકો તેઓથી ભરાઇ ગઇ હતી. બતીથી આખું દીવાનખાનું જેનાં ગંજાવર થાંભલાઓ આખા ઘસેલા તથા પાલીશ કીધેલા ગરેનાઇટના છે તે ચળકવાથી તથા બીજા ભપકાથી શોભતું હતું. "હાવાટી" ની રાણી તથા તેની છોકરી (જે તેની ગાદીની વારસ છે) તથા ઇંહાંનો લોર્ડ મેયર તથા વડા જડજ સાથે બીજા મોટા મોટા લોકો એક સરઘસના આકારમાં અંદર દાખલ થયાં હતાં જે વખ્તે સઘળાઓએ ઊઠી તથા ટોપી ઊતારી માન આપ્યું હતું અને એક ઊંચી આસન (dais) ઉપર બેઠકો કીધી હતી ત્યાં તેઓ બેઠાં હતાં અને ત્યારપછી આરગીન ઊપર બે ત્રણ ઘણા સરસ રાગો વજાડતાં સાંભળ્યા હતા. એ આરગીનનો અવાજ ઘણો જીનો નાની આરગીનના જેવો હોવાથી તે ઘણો મોટો જાણે મોટાં ઘોલો વાગતાં હોય તેવો સરસ છે. તેનાં

રાગનો વજાડનાર પણ હુશિયાર માણસ હોવાથી તે ઘણી સરસ રીતે વજાડયા હતા. "હાવાટીની" રાણી દેખાવે બરમીસોના ઘટમની પણ વધતી શામલા રંગની છે ને પોશાક સઘળો અંગ્રેજોની માફક તદન સાદો પેહેરે છે. ફકત ટોપીમાં ઊંચા પીછો જીનાં જેવાં પેહેરેલાં હતાં. પોતે અંગ્રેજી સમજે છે પણ બરાબર બોલી શકતી નથી. એની છોકરી અંગ્રેજી ઘણું સરસ બોલે છે એમ સાંભળ્યું છે. એઓ ઈહાં ગઈજ કાલે અમેરીકાથી આવ્યાં છે અને સઘળે ઘણું માન મળે છે. તેઓ આપણી મહારાણીનાં પરોણા દાખલ જયાં સૂધી ઈંગલંડમાં છે ત્યાં સૂધી રહેશે અને અત્રેનાં ગ્રેટ નોર્થ વેસ્ટરન હોટેલમાં તેઓને ઉતારો આપેલો છે. તેઓ સેંટ જયોરજીસ કોર્ટમાંથી ગયા પછી અમો-લોકો બાહર નીકળ્યા હતા. એ કોર્ટની વીગત આગળી વખ્તે અમોએ લખેલી છે તેથી પાછી લખતા નથી. ત્યાંથી અમો ઈહાં બે જગ્યાપર મીણનાં પુતળાંઓનો સંગ્રહ છે તે જોવા ગયા હતા જેમાંનું પેહેલું જોયું તેમાં કાંઇ દમ નથી પણ ત્યાં એક મોટાં બાલવાળું જીવતું માણસ દેખાડે છે, જેનાં આખાં દિલપર (મોઢાં સિવાય) મોટા મોટા આશરે ત્રણથી પાંચ ઈંચિ લાંબા બાલો છે. મોઢાંપર બાલો બીજા માણસોની માફકજ છે. બીજો સંગ્રહ સારો છે ને તેનાં પુતળાંઓની બનાવટ પણ અચ્છી છે. વરસાદ આવ્યા કીધાંથી અમો બીજે કેઠે ફરવા ગયા હતા નહીં.

તા૦ ૪ થી જુન સને ૧૮૮૭—આજે સ્હવારના ૯ વાગેની ટ્રેનમાં બેસીને લીવરપુલ છોડયું હતું તે મેનચેસટર કલાક ૯-૪૦ એ આવી કુવીનસ હોટેલમાં ઊતારો લીધો હતો. લીવરપુલની વીગતો આગળ આપી છે તેથી ઈહાં લખતા નથી. અમો મેનચેસ્ટર આવીને ઈહાંનું જે હાલનું મોટું જુબીલી એકઝીબીશનો ઊઘાડયું છે તે જોવા ગયા હતા. એ એકઝીબીશન ઇંગલંડમાં (લંડનનાં મોટાં એકઝીબીશન સિવાય) બધાં એકઝીબીશન થઇ ગયાંછે તેથી મોટું ગણાયછે. તે અસલની ઈહાંની "બોટાનીકલ ગારડનવાળી જગ્યામાં અમારાં હોટેલથી આશરે બે મૈઇલ દુર બાંધેલું છે અને તેના બાગ તથા છુટાં ઘેરો સુધાં ૩૩॥

એકર જગ્યા રોકે છે, જેમાં ૧૫ એકર તેની ઇમારતોથી રોકાયલીછે. તે ગયે સાલનાં લંડન-કોલોનીઅલ, લીવરપુલ તથા એડીનબરોનાં એકઝીબીશનો કરતાં મોટું છે. એની અંદર સંચાકામ મોટો ભાગ યાને ૧૭૬૩૮૦ ફીટની જગ્યા રોકે છે. જેને વાસ્તે કહેછે કે એ બાબે તે ઊપર લખેલાં ત્રણે એકઝીબીશનોને સામતાં લેતાંબી તેઓથી બમનું મોટું છે ને તેમાં નવાઇબી નથી કારણકે મેનચેસ્ટર જે આખી દુનિયાને કાપડ પુરૂં પાડેછે ત્યાં એવા સંચાઓની બનાવત વળી રેહેવીજ જોઇયે. એકઝીબીશનની ઇમારતના બે મોટા ભાગ કરી તેમાં એકમાં એક સાંચાકામ ગોઠવી બીજા ભાગમાં પરચુટણ જીણસો તથા બનાવતો મૂકેલીછે. એ છેલ્લી ઇમારતનો હોલ જે વચમાંનો છે તે સલંગ ૧૦૨૦ ફીટ લાંબો અને ૫૦ ફીટ ઊંચો અને આશરે ૧૦૦ ફીટ પોહોળો હશે. એ સઘળો લોખંડના નળો તથા કાચનો બનાવેલો છે તેથી એ એકઝીબીશન પુરૂં થશે કે તે સઘળો સામાન ઘણી થોડી ખોટે પાછો વેચી યા બીજા ખપમાં લઇ શકશે. એની જામીનગીરી સારૂ પાઊંડ ૧૩૦૦૦૦ ભરાયલા છે અને તા૦ ૧૧ મી જુન ૧૮૮૬ ને દીને સભા ભરી એ ઉભું કરવાનો પેહેલો ઠરાવ કીધો હતો, અને તા૦ ૨ જી મે ૧૮૮૭ ને દિને તે ખુલ્લું મેલ્યું હતું. અમો આજે આખો દિવસ ત્યાં રહયા હતા અને ફરીને ઘણોખરો ભાગ પરચુટણ બનાવટો તથા કાપડ અને સુતરની વણતોનો જોયો હતો જેમાંનો પોણો ભાગ ઉપર એ છેલ્લી જણસોને લગતો હશે. વળી એક આખો મોહલ્લો અસલની માફકનાં ઘેરોનો બનાવ્યો છે જેની બે બાજુપર કિલ્લાના દરવાજાઓ મૂકયા છે અને તે સઘળાં ઘરોમાં તથા મોહલ્લામાં ફરતા છુટા છુટા અસલનાં પહેરવેશનાં લોકો, દુકાંનદારો તથા સિપાહો તીર કામઠાં સાથેના ફરતા હરતા તથા માલ વેચતા હતા અને અસલ બોલીમાં ઘરો ઊપર કાગજો તથા પાટિયાં પર માલ વેચવાની વીગતો લખેલી હતી. વળી ત્યાંથી પસાર થયા કે પેહેલાં એક મોટો હોલ કનસેરવેટરી દાખલ રાખેલો છે જેમાં ઘણી જાત જાતના ફુલ પાનોનો સંગ્રહ સારો કીધેલો છે. તે હોલની સાંમે

પરચુટણ માલોનો હોલ મુકીને એક ફુવારો મીસીઅરસ ડોલટનની કંપની જેઓ "એનેમલ બ્રીક વર્ક" કરનારાછે તેઓએ એ જાતનો બનાવેલો મુકેલો છે જેમાંનું પાણી ઘણું ઊંચે ઊડતું હતું. એ ફુંવારો વચમાં ગુંબજ હેઠલ આવેલો છે. તે ગુંબજ અંદરથી ૧૫૦ ફીટ ઊંચાઇમાં છે. એકઝીબીશનમાં બીજી જોવાની ચીજો પરચુટણ ઘણી હતી પણ તેની વીગતો અમો લખી શકતા નથી. તેમાં ઓસ્ટલરની કંપનીવાળાઓનો કાચનો બનાવેલો ફુંવારો ઘણો જોવાલાયક છે. કોઇ મીણબત્તીવાળા તથા સાબુવાળાઓએ તો પોતાની બનાવટના મોટા પિરામિડસો કીધેલા હતા. ફતકીના આખા કકડાની એક બનાવટનો Cave ખોહ હોય તેવો બનાવી મૂકેલો હતો જે દોઢ ટન વજનમાં કહેછે. સાબુની બનાવટના પ્રિન્સ તથા પ્રિન્સેસ ઓવ વેલ્સ, ગ્લેડસ્ટન તથા બીજાં પુતળાંઓ મૂકેલાં હતાં તેમજ બીજી બનાવટોના તરેહ તરેહના આકારો પણ કીધા હતા. ઝવેરાત કામ, રૂપાકામ, ગીલીટનું ઇલેક્ત્રો પ્લેટકામ પણ ઘણું મૂકેલું હતું. રેશમના કીડાઓ, તેનાં કોકુનસમાંથી રેશમ કેમ કાહાડે છે તે તથા તેની બનાવટો સઘળુ ત્યાં દેખાડતા હતા. ઇહાંથી આયલંડનો રૂ જેના તાર બે ઇંચિથીબી વધુ હોય છે તે તથા તેમાંથી બનાવેલું નંબર ૩૦૦ સૂધીનું સુતર તથા તેમાંથી વણેલી ઘણાં ઝીણા કાપડની બનાવટોબી જોવાલાયક છે. એ ૩૦૦ નંબરવાળો દોરો એક કાળાં કાતળાંપર વીટાળી તેની ઊપર નીચે મૂજબ લખેલું જાણવા લાયક જાણી અત્રે ઊતાર્યું છે એક આંઉસ વજનનો એ દોરો જો લંબાવે તો દશ મૈલ સૂધી જાય. અરધા રતલનો દોરો ઇહાંથી બરમીંગામ શેહેર સૂધી, એક રતલ બ્રીસ્ટલ સૂધી ને દોઢ હંડરવેટ દોરો આખી દુનિઆની આસપાસ લંબાઈ શકાય છે એટલી ઝીણી જાતનો તે બની શકેછે. ગલીચાઓ, સાતીનોના જેવું ટેબલ ઊપર નાંખવાનું કપડું, રંગીન સુતરાઉ મખમલો, સાતીનો ઇત્યાદી સઘળું કેમ બને છે તે સુધાં બતાવેલું હતું. હિંદુસ્તાનની કોર્ટમાં તેનો બનાવટનો સામાન પણ માફકસરનો છે તેમાં

ગયાં લંડનના કોલોનીયલ એકઝીબીશનમાંથી વેચાતો લીધેલો નકશીનો પરદો જેની ઘણી તારીફ તે વખ્તે થઇ હતી તે જોવા લાયક છે. સુરતની કીનખાબો, રેશમી ભરતની અસલી કોરો, નકસીકામ ઇત્યાદી ત્યાં મૂકેલું છે પણ લીવરપુલમાં એની કોર્ટ છે તેટલો ઈહાં હિંદુસ્થાનનો સંગ્રહ નથી, અને તેજ મુજબ બીજી કોલોનીયલની ચીજોનોબી સંગ્રહ કાંઇ દીસતો નથી. ઘણી ખરી ચીજો ગ્રેટ બ્રિટનની તેમાં મોટો ભાગ મેનચેસ્ટરની બનાવટોનો હતો. રમત ગમતમાં તો વારા ફરતી વાજાંઓ તથા મોટી આરગીનો વાગતી હતી અને છેક રાતના ૮ વાગેને ફ્યુઝીલીયરસ હુઝારસ (ઘોડા પર), હંગેરયન અને ગામઠી વાજાંઓનો જથ્થો કરી સાથે વજાડયાં હતાં. તે વખ્તે એક પછી એક એ વાંજાંઓ વજાડતા આવી પોતાની જગ્યા પર એકઠા થઇને પછી સઘળા સાથે વજાડયાં હતાં અને આતશબાજીથી જાણે લડાઇ થતી હોય તેમ ફટાકડાઓ અને તોપો તથા બંદુકો ફુટતી હતી અને ફરતું ચોગાન જયાં એ વાજાં ખુલ્લી જગ્યામાં વજાડયાં હતાં ત્યાં ચારે બાજુ પર બંદુકના દારૂના ઢગલાઓ કરીને એકદમ સળગાવી તેની જાત જાતના રંગની લાઇટનો ઉજાશ ત્યાં કીધો હતો જે વખ્તનો દેખાવ ઘણો સરસ હતો. એ વખ્તે એકઝીબીશનમાંનું આવેલું લોક જે ૬૦૦૦૦ એ દિનનું કહેવાય છે તે સઘળું બહાર આવી ખીચોખીચ ઉભેલું તે ઊપર તેનો ઊજાશ પડવાથી કાળાં આંગ અને સફેદ મોંઢાંનો દરિયા જેવો દેખાવ ઘણો સરસ લાગતો હતો.

આજે વીહટસન-ટાઇડના તેહેવારનો સનીવાર હોવાથી બધે આસપાસના ગામોમાંથી ખાસ ટ્રેનો ઘણા ઓછે ભાવે મુકેલી હતી તેથી આએ જબરી ભીડ એ એકઝીબીશનમાં થઈ હતી. જોકે તે આટલું મોટું છે તોબી ત્યાં અંદર સાંજ પડતાં ચાલવાની જગ્યા નહીં મળતી હતી અને આતશબાજી પછી લોક પાછું ઇમારતમાં આવ્યું અને તેમાંથી રહેલું બાહાર નીકળતું હતું અને સામસામાં થવાથી દરવાજામાં દાખલ થતી વખ્તે ભચડાકચડી ઘણી થઈ હતી અને બચ્ચાં સાથે આવેલી માતાઓ બિચારીઓ કળવાઇને બૂમો પાડતી કે મારાં

બચ્ચાંઓ છે અમને જગ્યા આપો એટલી ભીડ એકદમ થઇ હતી પણ કાંઇ અકસ્માત કશો થયો હતો નહીં. અમે રાતના દશ વાગે ઘેર આવ્યા હતા. આજે જયારે સહવારના એકઝીબીશનમાં ગયા ત્યારે રસ્તામાં પણ ભીડ ઘણી હતી અને એક મોટો તેહેવાર હોય તેમ લોકોની દોડમાડ ચાલતી હતી. ગામડેથી લોક ચાલતું યા સામાન ભરવાનાં ગાડાંઓમાં ભરાઇને આવતાં હતાં તેમાં વળી જૂદી જૂદી નિશાળોના છોકરાઓ સરક્સના આકારમાં વાવટાઓ સાથે ગાડાંઓ ભરીને આવતા હતા જેઓમાં વીશથી પચીશ ગાડાંઓમાં (મુંબઈમા જાફર સુલેમાનના સામાન ભરવાના મોટાં ગાડાંઓ છે તેવી જાતનાં) હારબંધ એક એક નિશાળના છોકરાઓ આવતા દીસતા હતા. જેઓ સઘળા ખુશાળી ભરેલા હોવાથી ઘણું જોવા લાયક મળતું હતું. એક-ઝીબીશનનો હજી સાંચાકામને લગતો ભાગ છે તે જોવાનો રહી ગયાથી અમોએ ફરીથી ત્યાં જવાનો વિચાર કીધો છે.

તા૦ ૫ મી જુન સને ૧૮૮૭—આજે સઘળું મેનચેસટરમાં બંધ હોવાથી (એકઝીબીશન સૂધાં) અમો ઈહિંથી આશરે ચાલીશ મૈલ દૂર સાઉથ પોર્ટ કરી (Bathing) હવા ખાવાની જગ્યા છે ત્યાં ગયા હતા જયાં પણ ઘણું લોક ઉતરી પડયું હતું. ઈહાં આજારી માણસો હવા ખાવા આવેછે જયાં તેઓને નાની ખુરસીઓપર બેસાડીને ફેરવેછે તથા બીજું બધું લોક આજ આતવાર હોવાથી જેવું દેવળમાંથી છુટું કે સઘળું ફરવા નીકળી પડયું અને આજે તથા ગઇ કાલેબી દિવસ ઘણો ખુલ્લો હોવાથી ઘણું લોક એમ તડકાની અંદર બારવાગે બપોર-નાં ફરતું હતું અને જો કે તડકું ઘણું હતું તોબી મરદ લોકો છત્રી તદન ઊઘાડતા હતા નહીં અને તે પસંદ પડતું હોય તેમ મજાહ મારતા હતા. ઈહિં એક સ્કેટીંગ રીંગ (Skating Ring) છે તે અમો જોવા ગયા હતા જે આજે બંધ હતી તોબી અમો બાહાર દેશના હોવાથી અમોને ઊઘાડીને બતાવી હતી જેનો હાલ જયાં એ સ્કેટીંગ થાયછે તેની જમીન પાણીની બાંધી છે. જમીન આઇસની પથ્થર જેવી કઠણ કીધેલી છે જે જાણે તદન આઇસનીજ હોય તેમ છે.

તે બનાવવા સારૂં સંચો બાજુના ઓરડામાં રાખેલો છે તેમાંથી (Brine) નિમક તથા સુરોખાર ભરેલું પાણી નળીઓમાંથી પસાર કરેછે. તે વખ્તે અંદર કાંઈ બનાવટથી ગેયાસ કરી વેકયુઅમ પેદા કરેછે. તે પાણી ઠંડું થઈ પડોશના ઓરડાની જમીન જે સઘળી લોખંડનાં નળનીજ બનાવીછે તેમાં જાય છે, અને તેની ઉપર નામેળું પાણી જે ત્રણ ઇંચ જેટલું ઊંડું હોય છે તેને ઠંડું કરી તેમાંની ગરમી પોતે ચુસી લઇ પાછું પેલા સંચામાં આવેછે, કે પાછું પોતે ઠંડું થઇ પેલા હાલની નળીઓમાં જાયછે. એમ ફરીવળ્યાથી પેલું હાલનું જમીન ઉપરનું પાણી બંધાઇ તદન બરફ જેવું કઠણ થઈ જાયછે. તે જગ્યા જાણે એક આખો આઇસનો તાવ (Sheet) હોય તેવી લાગેછે. તે ૧૫૦) ફીટ લાંબો અને ૬૦) ફીટ પોહોળો છે જે ઉપર સ્કેટીંગ કરવાનાં બુટો પેહેરી લોકો રમત ગમત કરે છે. અમો ગાડીમાં બીજી ગમ આસપાસ ફરી આવ્યા હતા અને આગળ અમોએ વિગતો એની લખેલી છે તેથી વધુ અત્રે લખતા નથી. ફકત એ ગામની વસ્તી વધતી જતી માલમ પડેછે અને નવાં ઘેરો ઘણાં આસપાસ બંધાતાં જાયછે. અમો રાતનાં ૮-૪૦ ની ટ્રેનમાં બેસી પાછા નીકળેલા મેનચેસ્ટર રાતનાં ૧૦–૩૦ એ આવી પુગ્યા હતા.

તા૦ ૬ ઠી જુન સને ૧૮૮૭—આજે સ્હવારનાં દશ વાગે બોલટન કરી અત્રેથી આશરે ૧૨) મૈલ દુર ઘણાં કારખાનાં સાથનું એક શેહેર છે ત્યાં ગયા હતા જયાં ભાઇ પીરોજશાહ બમનજી જીજીભાઇને ત્યાં પરોણા ઉતર્યા હતા અને તેઓ સાથ અમે ફરીને ગામ તથા કારખાનાઓ જોયાં હતાં. એ સઘળાની વિગત આગળી અમારી સફરની નોધમાં છે તેથી લખી નથી. અમો સાંજનાં ત્યાં વીટસન ટાઇડનાં તેહેવાર હતાઃ તે જોયો હતો, જયાં દુકાનો ઘણી થોડી હતી પણ રમત ગમતની ગોઠવણો ઘણી હતી. જાતજાતના ઢોગસોંગ હતા તેમાં એકગમ ઘણીજ ડોંગી ઓરત આશરે ૧૦ મણ જેટલી હતી અને તેની સાથે એક ઘણો ઠીંગનો માણસ બેઉનો તફાવત

દેખાડવા ઊભો રાખેલો હતો. બીજી ગમ કેપ કોલોનીમાં દેશી બાપ અને અંગ્રેજ માને પેટનો જણેલો એક માણસ હતો તેનું શરીર સફેદ ચામડીનું હતું પણ તે ઊપર છુટાં છુટાં મોટાં ધાબાંઓ બરડા તથા છાતી ઊપર ત્રાંબાના રંગનાં હતાં જેવો રંગ તેના બાપનો હતો. અને વળી તે ધાબાંઓ ઉપર મોટા રૂવાનાં જેવા તેજ રંગના બાલો ઉગેલા હતા જે ગરમીની રૂતુમાં ખરી જાયછે અને ઠંડીની રૂતુમાં ત્રણ ઇંચ જેટલા લાંબા પાછા થાયછે. એ ધણીને આફ્રિકામાં જંગલી લોકો પકડી લઇ ગયા હતા અને તેને ગુલામ દાખલ કામ કરાવતા હતા તે વખ્તે બિચારાને ઘણો હેરાન કીધો હતો. તેને બાંગુએ પીઠ ઊપર તથા કમ્મરપર મારેલો તેથી તેના માંસના લોંચા તે જાજુપર ફાટીને બધાઇ ગયલા હજુર દીસે છે તથા હાથની પોંહોંચીમાં ભાલો ભોકી દીધો હતો તેનો જખ્મ પણ ઘણો મોટો છે અને તેની અસરથી તે મૂઠી વાળી શકતો નથી. એક ગમ એક જાતનું ચીનાઇ જંગલી કુતરૂં દેખાડતા હતા જેના પંજાના આંગળાં છુટાં તથા ઘણાં અણીદાર નખનાં હતાં તેથી તે જમીન ખોડીને તેનાં દરોમાં રહી શકેછે. તેનાં આંગળાંઓ વચ્ચે જેમ બટકને ચાંમડાં રહેછે તેમ હતાં અને આંગ ઊપર તદન બાલ ઉગેલા નહીં હતા. ફકત જરા પુછડી ઊપર હતા અને તેની ચાંમડી ઘણીજ સુવાળી તથા ઇન્ડિયા રબરની હોય તેમ ખેંચાઇ શકતી હતી. એવી એવી રીતના દેખાવો ત્યાં દેખાડે છે. વળી ફરવાની ચકરીઓ જેમ મેળાઓમાં આવેછે તેમ ઘણી હતી પણ તે મુંબઇમાં જોઇયે છીયે તે કરતાં ઘણી સારી તદબીરથી બનાવેળી હતી. તેઓ ઘણીખરી ગોળજ ફરેછે પણ તે ફેરવવા માટે નાનું બાઇલર તથા ઇનજીન રાખે છે અને ફરતી વખ્તે એક મોટું વાજુ વાગે તેવા અવાજની આરગીન તેમાંથી વાગે છે. બેઠકો સારૂં કોઇમાં બોટો દરિયામાં હીચકા ખાય તેમ આગળ પાછળે ડોળા ખાતી હતી, કોઈ હાથે ચલાવવાની ગાડી માફક તેનાં પઈડાં સુધાં ફરતી હતી, કોઇ શાહમૃગ પંખેરાંના રીતની બેઠકની, તો કોઈ ગાડી રોકી ને તેની બેઠક વળી બીજી જુદી ચકરી લેતી જાય તેવી રીતે જાત જાતની બનાવટોની

હતી. અમો બોલટનથી પાછા ફરીને સાંજના મેનચેસ્ટરનો બેલવીઉ (Belle Vue) નામની ગમતની જગ્યા છે ત્યાં ગયા હતા, જયાંનો જાનવરોનો સંગ્રહ અમોએ આગળ જોયો હતો તે કરતાં થોડો ઘણો વધારો કીધેલો છે તથા તળાવો અને સરોવરો વધાર્યાં છે જેની વિગતો સને ૧૮૮૧ નાં જેવીજ છે. ફક્ત આજે હવા ખુલ્લી હોવાથી તથા વીટસન-ટાઇડના તેહેવારો હોવાથી લોક આશરે દશ હજારની ઊપર જોવા ઊતરી પડયું હતું. તે જોવા આવનારાઓનો મોટો ભાગ નાચતો હોવાથી એક મોટું મેદાન જાણે માથાંનો દરિયો બની ગયો હોય અને તે ચક્કર ખાતો હોય તેવો દેખાવ હજારો જોડાં એકી વખ્તે નાચતાં હોવાથી દીસતો હતો અને તેમી એટલો ગીચ હતો કે જરા જરામાં એક એક સાથે અઠડી પડતા હતા. તેમાં કોઇ કોઇ નહી નાચી જાણનારાઓમી નાચે તેઓનો રકાસ પણ ખુબ થતો હતો. કોઈ કોઇ તો બે ઓરતોજ અને કોઇ કોઇ બે મરદો સાથે એમ નાચતા હતા.

રાતના ૯—૩૦ કલાકે આતશબાજી ઘણી સરસ થઇ હતી તેમાં અસલનાં લંડન શેહેરનો તથા ટાવર ઓવ લંડનનો દેખાવ હતો જે દુશ્મનના હુમલા તળે હોય તેમ લડાઇના હથિયારોને બદલે ફટાકડાના, તોપોના તથા બંદુકોના અવાજો તથા ગોળાઓ ફુટતા હતા અને તે વખ્તે દારૂનીજ રોશની કીધેલી તથા વારા ફરતી બદલાઈ જઇ દેવળો તથા મેહેલોના દીવાનખાનાઓ શણગાર્યાં હોય તેવા દેખાવો દીસતા. તે જાણે પરીયાંના મેહેલો હોય તેમ ઝલકતા હતા અને વળી પરીયાંઓની માફકજ ઓરતો બેલેટનો નાચ કરતી હતી તે ઘણોજ સારો દેખાવ દીસતો હતો. વળી તે બદલાઇને વાહાંણો તથા હોડીઓના દેખાવો મેપોલ ડાનસ ગોગ અને મેગોગ (Gog and Magog) નામના અસલી રાક્ષી માણસોના પુતળાંઓ એવા એવા રોશની સાથના દેખાવો પછી છેલ્લે મહારાણી વીકટોરીઆનું પુતળું ઉભેલું લાવ્યા હતા જે વખ્તે બધે એકદમ અંધારૂ કરી તેજ પુતળું ઉજરડાંમાં

રાખેલું દીસતું હતું. પછી તેની આસપાસ લંડનના બે મોટાં દેવળો ના આકારો મૂકી સઘળા દારૂકામથી ઝલકતાં એકદમ કીધાં હતાં અને તે વખ્તે બપોરચાઓ તથા હજાર ઊપર બાંણો એકકી વખ્તે ફોડયાથી સઘળો આસ્માન તુલીકનો દેખાવ અતી ઘણો રળીયામણો કરી નાખી આતશબાજી ખલાસ કીધી હતી.

તા૦ ૭ મી જુન સને ૧૮૮૭—આજે આખો દિવસ પાછો મેનચેસ્ટરનાં એકઝીબીશનમાં ગયા હતા અને ગયા સનીવારનો બાકી રહેલો ભાગ તથા સાચાકામને લગતો હાલ જોયો હતો. પેહેલામાં ઘણી પરચુટણ જીનસ તેમાં ઘણીખરી રસાયનશાસ્ત્રમાં ઉપયોગ લાગતી વસ્તુઓ મૂકેલી હતી. રંગીન દોરાનાં કાતળાંની રાણીના ભરથારની યાદગારીમાં બાંધેલા સ્થંભની નકલ તથા સફેદ અને કાળા રંગના દોરાનાં કાતળાંનો એક દેવળનો આકાર ઘણો સરસ બનાવેલો હતો. નિમકનાં પણ રાણીનાં તથા બીજાં પુતળાંઓ બનાવેલાં હતા. સાબુ જાત જાતનો વેચવા મુકેલો તેના પિરામિડસોના તથા બીજા તરેહવાર આકારો બનાવેલા હતા અને જાહેર ખબર દાખલ દરેક જણ જે માગે તેને એક.એક સાબુનો ગોળો બે દુકાનોમાંથી ભેટ આપતા હતા. તે જગ્યાપર ઘણી ભીડ થયલી હતી અને ગરીબ લોકો બબે ત્રણ ત્રણ વખ્ત આવી એ સાબુઓ લેતા હતા કે ઘરમાં કપડાં ધોવા કામ આવે. એ પ્રમાણે દરરોજ સઘળા લોકોને મુફ્ત સાબુ કેટલી રકમનો અપાતો હશે તેનો વિચાર કરી લેવો કે સનીવારે ૫૭૮૦૦) માણસો આવ્યા હતા. (નયુસપેપરમાં ગણતરી છપાય છે તે મૂજબ એકઝી-બીશન ઊઘડયું ત્યારપછી એજ દિને આટલું લોક આવ્યું હતું બાકી વધતામાં વધતું ૫૦૦૦૦) સૂધી લોક એક દિવસમાં જોવા આવેલું કહેછે) અને આજેબી ૨૫૦૦૦ ની ઉપર હશે તેમાંથી જો પા ભાગજ સાબુ લેતો હોય તોબી ઘણી મોટી રકમ ઊંઘડયું ત્યારપછી થવી જોઇયે અને હજીબી થશે. એવી રીતની ખરચાલુ જાહેર ખબરો ઇંહાંના ધંધાદારીઓ આપેછે. સંચાકામના ભાગમાં તરાહ તરાહનાં

એનજીનો, બાઇલરો, બુંબાઓ, સુતર તથા કાપડ રંગીન અને સાદું વણવાના સાંચાઓ, શીલેટીંગસ બનાવાનાં, ઉન ધોવા તથા હોળવાના સાબુ, મીઠાઇ બનાવવાના સંચાઓ ઇત્યાદી ચાલુ હાલતમાં હતા જે ઘણા જોવાલાયક હતા અને તે બધાઓમાં કાંઇને કાંઇ સુધારો કીધેલો બતાવતા હતા. લોખંડ બનાવનારાઓમાં એકે પોલાદનાં લોખંડની ગાડીની રેલને તદન ગોળ ચક્કર વળીને મૂકી હતી કે તે કેવું સરસ લોખંડ બનાવી શકેછે તે લોકો જોય. તે મુજબ બીજી એક સંચા-કામોને લગતી બનાવટો પણ જગેજગ મૂકેલી હતી. એ સઘળું જોતાં અમારો આખો દિવસ નિકળી ગયો હતો.

તા૦ ૮ મી જુન સને ૧૮૮૯—આજે સ્હવારનાં કલાક ૧૦) ની ટ્રેનમાં મેનચેસ્ટરથી નીકળ્યા હતા તે લંડનખાતે પાછા બપોરનાં કલાક ૨–૧૫ મીનીટે ખાશ ટ્રેનમાં યુસ્ટન સ્ટેશનપર આવી પૂગ્યા હતા અને લંડનમાં મેટરોપોલ હોટલમાં ઉતારો લીધો હતો. આજે આખો દિવસ વળી વાદળ તથા વરસાદનાં ઝાપટાંઓ પડયા કીધાં હતાં. અમો બે જણને મેટરોપોલ હોટલમાં એકજ ઓરડામાં અગવડને લીધે ઉતારો લેવો પડયો હતો. અમોએ બાર દિવસ આગમજથી એ તથા બીજાં જાણીતા હોટલોમાં ઉતરવાને સારૂ ઓરડાઓ તૈયાર રાખવાને તાર કીધા હતા તોબી હમણાં શેહેરમાં રેહવા આવવાનો વખ્ત હોવાથી તથા તેમાં જુબીલીના દિવસો આવવાથી સઘળાં હોટલો બેથી ત્રણ અઠવાડયાં આગમજથી રોકાયળાં હતાં અને તેથી અમારે સારૂં બે બીછાનાં સાથનો એકજ ઓરડો રોકયો હતો. અમો જે હોટલમાં ઉતર્યા છીયે ત્યાં અમારા ઓરડાનો નંબર ૬૫૨ મો છે અને ૯૦૦ માણસો ત્યાં ઉતર્યાં છે. એ સિવાય "ગ્રાંડ" હોટલના ૬૦૦ ઓરડાઓ તથા ન્યુ વીકટોરિયા હોટલ જે તા૦ ૨ જી જુને ઉઘડયું હતું તેના ૭૦૦ ઓરડાઓ સઘળા આગમજથી રોકાયળા છે. કેટલાએકોએ એક માસ આગમજથી ઓરડાઓ રોકવાની તજવીજ કરીછે. મહારાજા હોલકર સારૂં ઇંહાં ૪૦ ઓરડાઓ ગમે તે કિમતે

લેવા આવ્યા હતા પણ તેનેબી ના પાડવી પડી હતી તેથી તેઓ બીજાં હોટલમાં ઉતર્યા છે. એલેકઝાંડ્રરા તથા બકીંગહામ પેલેસના મોટાં હોટલો રાણીના પરોણાઓ સારૂં બધાં તૈયાર કરી મુકેલાં છે અને તેજ મૂજબ બધાં હોટલો ચીકાર ભરાઇ ગયાથી ઘણાં લોકોને રખડવું પડેછે.

તા૦ ૯ મી જુન સને ૧૮૮૭—આજે એસકોટની જાણીતી સરતનો દિવસ હોવાથી તથા સુરજ પ્રકાશતો હતો તેથી અમો તે સરત જોવા સારૂં હોટલની ચાર ઘોડાની ગાડીમાં દરેક જણની બેઠકની હદ્દીંગીની આપી ગયા હતા. એ ગાડીમાં ૧૭ જણાં બેસી શકે છે. રસ્તામાં જતી વખ્તે કાંઇ ઘણી ભીડ મળી નહીં હતી. અમે સાડા નવ વાગે સવારના નીકળેલા એ જગ્યાપરના ૩૦ મૈલ ચાર કલાકે પૂરા કરી દોઢ વાગે ત્યાં પૂગ્યા હતા, પણ આગમજથી લોકોની ગાડીઓએ જગ્યા રોકી નાખવાથી અમારી ગાડીને ચોથી હારમાં ઊભી રાખવી પડી હતી જયાંથી અમો ઘોડાઓની સરત બરોબર જોઇ શકયા હતા નહીં. અમો જો આગની ગાડીમાં જેમ સને ૧૮૮૧ માં ગયા તેમ ગયા હતે તો અમોને ત્યાંનાં ગ્રાંડ સ્ટેન્ડપરથી હજી સારૂં દીસતે. આ વખ્તે રસ્તેથી મજાહ જોતા જવાનો ઠરાવ કીધાથી ઘોડાઓને દોડતા જોઈ શકયા ન હતા અને જયારે સામેની બાજુપર અરધા રાઊંડે જતા ત્યારેજ દીસતા હતા. પણ તેને બદલે લોકોની ઠઠ તથા તરેહવાર ઢોંગ સોંગની મજાહ જોવાને ઠીક બન્યું હતું. અમારી આસપાસની ગાડીઓમાં પૈસાદાર લોકો પોતાની ઘેરગતુ ગાડીઓ લાવેલા હતા જેની પાછળની બેઠકોની હેઠળ મજેનાં ખાનાં રોકી નાની કબાટોમાં છરી, કાંટા, રકાબી ઇત્યાદી સામાન તથા ખાણું લાવ્યાં હતા અને વળી વાળવાની લોખંડની ટેબલો પણ તેમાંજ હતી જે બાહાર કાહાડીને ગાડીની પાછળ ગોઠવી તે ઉપર આસરે એકી વખ્તે બાર જણા ઊભા રહીને રીફ્રેશમેંટ લેતા તથા ચંપેન અને બીજા દારૂની આખો વખ્તે ડજનો બાટલી પીતા હતા તથા બીજા

દોસ્તોને ખેંચી લાવીને તે ચાલુ રાખતા હતા તથા ઢોંગ સોંગમાં સીધીઓના જેવા પોશાક કાળા મોઢાં કરી ગાયન તથા નાચો કરતા હતા. કોઇ કોઇ ગમ મુકી મુકીની મારામારી (boxing) કરતા હતા, કોઇ ગમ કુતરાંની કસરતના ખેલો થતા હતા. એ પ્રમાણે ઘણું જોવાતું હતું અને મજાહ તેને લીધે સારી પડતી હતી. અમોએ એ વખ્તે એક અંગ્રેજનું દુલ્લાપણું જોયું હતું. તે એક એક જણ સીધીનો ધોંગ કરી ગીત ગાતો હતો તેટલાં તે અંગ્રેજ ત્યાંથી પસાર થયો જેણે પેલા ઢોંગીને તેડીને પોતાનાં ગજવામાંથી નોટોનો ચોડો કાહાડી તેમાંથી એક નોટ ૫) પાઊંડની કાઢી તેને આપી દીધી હતી અને પોતે ચાલી ગયો હતો. ધારવા મૂજબ તે ધણી સરતમાં કાંઈ જીત્યો હશે તેની ખુશાલીમાં એ નોટ આપી હશે બાકી પાંચ પાઊંડ રસ્તામાં ગાનારને કોણ આપે? અમો સરત પુરી થયા પછી વીંડસર કાસ્ટલના પાર્કમાં થઈને પાછા ફર્યા હતા, જે વખ્તે પાછી જતી ગાડીઓની ભીડ ઘણી મોટી મળી હતી. સરત જોવા આવનારામાં આપણા હિંદુસ્થાનના ઘણા રાજાઓ આવેલા હોવાથી તેઓના કસબી પોશાક તથા પાઘડીઓએ લોકોનું ઘણું ધ્યાંન ખેંચ્યું હતું. હોળકર મહારાજા એક ગ્રાંડ સટેંડપર એક બોક્ષ લઈને બેઠા હતા, પણ લીમડીના ઠાકોર તથા બીજા સરદારો પોતે ગાડીઓ રોકી આવેલા હતા. પ્રિન્સ ઓવ વેલ્સ તથા તેની બાનુ, છોકરીઓ અને બીજા પાદશાહી ખાનદાનના માણસો તથા પાદશાહી પરોણાઓ ૬ ગાડી ભરીને એક સરઘસના આકારમાં ત્યાં આવ્યાં તથા સરત પૂરી થઇ ત્યારે ગયાં હતાં, જે વખ્તે લોકોએ તેઓને ટોપી ઉતારીને માન સારૂં આપ્યું હતું. અમો રાતના ૯—૩૦ મીનીટે પાછા હોટલમાં આવ્યા હતા.

તા૦ ૧૦ મી જુન સને ૧૮૮૭—આજે અમો હાઇડ પાર્કમાં બપોરના ત્રણ વાગેને ગયા હતા જયાં ખુલ્લો દિવસ હોવાથી ગાડી ઘોડા તથા માણસોની ઘણી મોટી ભીડ મળી હતી. ગાડીઓ એટલી

તો હતી કે પાંચ હારમાં ચાલતી હતી અને તેઓ એકજ રસ્તાપર ફરતી હોવાથી ભીડ ઘણી લાગતી હતી. ગાડીઓ તથા ઘોડાઓનો મોટો ભાગ ઘણો જોવા લાયક હતો. હાઇડ પાર્કમાં બાગના ક્યારાઓ પણ થોડા ભાગપર સારા કીધેલા છે તથા વચમાં એક લાંબો પાણીનો તળાવ જેને "સરપેનટાઇન" કહેછે તે હતો અને બાકીનો ભાગ પાર્કની માફક લીલોતરી તથા ઝાડ પાંનથી ભરેલો છે. ત્યાંનો આલબર્ટનો સ્થંભ ઘણો જોવા લાયક છે, એની વિગત સને ૧૮૮૧ માં આપેલી છે તેથી અત્રે લખતા નથી. પણ એ જગ્યાપર ગાડી ઘોડા એવાતો જોવા લાયક છે કે ત્યાંથી અમોને ખસવા ગમ્યું હતું નહીં અને સાંજના પાંચ વાગ્યા સૂધી ગાડીમાં ફર્યા કીધા હતા. આજે રાતના "આલહામબ્રા" નામની નાટકશાળામાં ગયા હતા જયાં એ વખ્ત બેલેટનો નાચ થયો હતો, તેના પડદા તથા પોશાક ઘણાજ સરસ હતા. તે ઉપરાંત બીજા ઢોંગ તથા કસરતના ખેલો જોવા લાયક હતા. સીનરીમાં પેહેલી વખ્તે ઝલકતા પથ્થરાનો ગુફો બનાવ્યો હતો તેની ઉપર નાંખેલી રોશનીથી જાણે હીરા માણેક ચળકતાં હોય અને તેનો બનાવ્યો હોય તેવો દીસતો હતો અને નાચનારીઓનો પોશાક મોટા કાચના દાણા જે આપણે તોરણ બનાવામાં વાપરીયે છીયે તેનો તથા એવીજ કાચની બીજી બનાવટોનો હોવાથી એ દેખાવ જાણે અરેબીયન નાઈટની વારતાઓના પરીયાંના મેહેલના જેવો લાગતો હતો. બીજી વખ્તના બેલેટમાં ચાર રૂતુ (Seasons) ના દેખાવો કીધા હતા તથા તેને લગતાં પંખેરાંઓનો પોશાક ઓરતોને પેહેરાવી નચાવી હતી જે પણ જોવા લાયક હતું.

તા૦ ૧૧ મી જુન સને ૧૮૮૭—આજે બપોરના છઠી વાગતે અમે એગ્રીકલચરલ હોલમાં લશ્કરી ખોટું યુધ્ધ (Tournament) હતું તે જોવા ગયા હતા. ત્યાં અંદર જવાનું એક શીલીંગ લવાજમ હતું, પણ તેમાંની અગાઉથી રોકેલી બેઠકોની ૧૦ શીલીંગથી બીજી ઉતરતી બેઠકો છઠી શીલીંગ સુધીની હતી તે, સઘળી ચીકાર

ભરાઇ ગઇ હતી. અમો ધારીયે છીયે કે આસરે ઓછામાં ઓછા સાતથી આઠ હજાર માણુસો ત્યાં હશે. ઈંહિં લશ્કરી કવાયદ જાત જાતની કરી બતાવી હતી અને પેહેલો દિવસ હોવાથી ઈંગિલંડનો વડો સેનાધિપતિ ડયુક ઓવ કેમબ્રિડજ તથા હિંદુસ્થાનના થોડાએક રાજાએ આવેલા હતા. પેહેલાં તો ઘોડાપર બેસીને આમન સામન બે જણાં (foil) લાકડીથી પતા રમ્યા હતા, ત્યાર પછી ઘાઘરા રીજમીટના છોકરાઓનું લશ્કર "બેગ પાઇપ" વજાડતું સાથે લઈને આવ્યું હતું અને તેઓ વાવટા આગળ પસાર થઇને પોતાને સારૂં બીજા લશ્કરી છોકરા છોકરીઓ વચેની જગ્યાપર બેઠા હતા. ત્યાર પછી દરિયાઈ લશ્કરની નિશાળના છોકરાઓ આશરે ૮૦૦ જણાનું લશ્કર પોતાનાં વાજાં સાથે આવ્યું હતું. તેઓને જાત જાતની કવાયદ કરાવી હતી અને પછી તેમાંથી આસરે ૨૦૦ છોકરાઓને કસરત વાજાંના સરોદ સાથે કરાવી હતી જે ઘણી સરસ લાગતી હતી. તેઓ આખા હોલમાં છુટા છુટા હારબંધ સાત આઠ હારમાં ઉભા રહીને પછી કસરતના મકદુમ ફેરવતા હતા તેથી દેખાવ સારો લાગતો હતો. ત્યાર પછી ઘોડેસ્વાર રીજમીટ આવી વાજાંના સરોદ સાથે કુવાડ્રીલ, ઘોડાઓપરજ ઘોડા સાથે નાચ્યા હતા. તેઓ એક એકમાંથી પસાર થઈ જતા હતા તે ઘણું સરસ લાગતું હતું. ત્યાર પછી બે લાકડાંની વચમાં તોપની ગાડી બરાબર પસાર થઈ શકે તેટલા ખાંચાઓમાંથી તોપની ગાડીઓ ઘોડા દોડાવતાં પસાર કીધી હતી. તે એવી સરસ રીતે હાંકતા કે પેલા લાકડાંના કકડાને અડકીયા વગર (ગાડીની અને તેઓની વચે ભાગ્યે બબે ઇંચ જયારે ગાડી પસાર થાય ત્યારે બાકી જગ્યા રેહેતી હતી) પસાર કરી જતા હતા. કોઈ વખ્તે તે કકડાઓ પડી પણુ જતા હતા. વળી તેજ પ્રમાણે ચારે પગે ઘોડા દોડાવીને ગાડીઓ પસાર કીધી હતી. ત્યાર પછી "હોર્સ ગાર્ડસના" સિપાહોએ ઘોડાઓપર આવી તરાંહ તરાંહની (evolutions) રમતો કીધી હતી. વળી ઘોડાઓને હુકમ કીધાથી તેના સવારો બેઠેલા સુધાં તેઓ આસ્તે રહીને ભોંયપર બેસતા અને જેવો પેલો સવાર કુદી પડયો કે તેઓ

સુઇ જતા હતા જેની પાછળ પેલો સવાર લાંબો સુઇને પછી જાણે દુશ્મન સાંમે બંદુકો મારતા હોય તેમ બંદુકો ફોડતા હતા તોબી પેલા ઘોડાઓ મુગા મુગા પડી રેહેતા હતા. વળી ઘોડાઓ લાકડાંઓપરથી પેહેલાં બબે અને પછી છ છ સવારો સાથે કુદાવી જતા હતા. ઘોડાઓ જે ભોંય ઉપર સુતા હતા તેઓ પાછા ઊઠતી વખ્તે સવારો તેઓની ઉપર એવી રીતે ઉભા રેહેતા કે પાછા જીનપર સવાર તે ઉઠતાં ઉઠતાં થઈ જતા હતા. વળી ઘોડાઓ દોડાવતા આવી તેપરથી ઘણા જણા ઊતરી પડીને બાકીના દરેક જણ પોતાના ઘોડાની સાથે ઉતરી પડેલા સિપાહોના ત્રણ ત્રણ ઘોડાઓ લઈને પાછા હઠી જતા હતા, જે વખ્તે પેલાં લાકડાં બેરીઅરસો (Barriers) બધાં સાથે કુદાવી જતા હતા. વળી બંદુકોની તોપો (Rattling Guns) નો ઉપયોગ કરી બતાવ્યો હતો જેમાંથી પાંચ નળીઓમાંથી ગોળીઓ પાછળથી ચક્કર ફેરવે એટલે જાણે ઊડતી હોય તેમ લાગતું હતું. છેક છેલ્લે એક કિલ્લો ઉભો કરી તેની સાંમે જાણે તે લેવા લશ્કર શી રીતે જાય છે તથા સામાવાળા કેમ બચાવ કરેછે તે કરી બતાવ્યું હતું. ત્યાં નદીની માફક કપડાંથી વચમાં બનાવટ કીધી હતી તે ઉપર જવા સારૂ લશ્કરની સાથે ગાડાંઓમાં પૂલ બનાવાનો સામાન તૈયાર હતો તેનેથી તરત પૂલ બાંધ્યો હતો અને રેલવેના પાતા તરત નાંખી એક નાનું ઇનજીન તથા કિલ્લારોકી રેતીની થરી મુકેલી ગાડીઓ તેપર ચલાવી લાવ્યા હતા, અને તેપરથી "ગેટલીંગ" નામની તોપોનો મારો સાંમી બાજુએ ચાલુ કીધો હતો અને વળી ખચ્ચરોપર નાની તોપો લાવી તે પણ ફોડવા માંડી. જાણે પૂલ બાંધતાં પોતાની તરફના સિપાહઓનો બચાવ કરવા સામા દુશ્મનની તોપો જે નદીને પેલે કાંઠે તેઓ લાવી ફોડતા હતા, તેપર મારતા હતા, અને આમન સામન ખરી લડાઈ ચાલતી હોય તે પ્રમાણે તોપો તથા બંદુકોના મારા ચાલતા હતા તથા કોઈ કોઇ સિપાહઓ જખ્મી થતા તથા મરી જતા હોય તેમ ભોંયપર પડતા કે માણસો એ કામપર રાખેલા તેઓ આવી તેઓને મલમપટો કરી ખાટ (Stretcher) ઉપર ઉઠાવી

લઈ જઇ ગાડીઓમાં મુકતા હતા યા ખચ્ચરો ઊપર બેસાડી સાથે ટેકો આપી ચાલતા હતા. આખરે પૂલ તૈયાર થયો તેટલાંતો સામા ધણીઓની તોપોની ગાડીઓ ગોળાઓથી ભાંજી નાંખી પૂલપરથી એકદમ ધસારો કરી સામી બોરદુએ ગયા કે દુશ્મનો જે નદીને પેલે કાંઠે હતા તેઓ હઠી જઈ કિલ્લાની પાછળ ભરાયા અને પછી કિલ્લો લેવાની લડાઇ ચાલી અને તોપો ખુબ આમનસાંમન છુટવા લાગી હતી. પછી કિલ્લા ઉપર સીઢીઓ મૂકીને હુમલો કીધો પણ દુશ્મનના મારા હેઠળ પાછા હઠી આવ્યા અને ઘણા સિપાહઓ જાણે મરી ગયા તેથી તોપોએજ મારો ચલાવી કિલ્લામાં જવાની જગ્યા તે ભાંજીને કીધી અને પછી પેદળ રીજમીટ એકદમ હુંમલો કરીને ખાંચામાંથી દુશ્મનના બચાવ છતાં અંદર પેસી લડાઇ જીત્યા હતા. તે વખ્તે See the conquering Hero comes નો રાગ વજાડયો કે બાકીનાં લશ્કરે હુરરેના પોકારો કીધા હતા. એવી રીતની લડાઈની વિગતો કરી બતાવી હતી જે ઘણી સરસ અને જોવા લાયક હતી જેની બધી વિગતો અમો આપી શકતા નથી. આજે રાતનાં લંડન પેવીલીયન (London Pavilion) માં એક ઘણું ઊંચું માણસ દેખાડે છે તે જોવા ગયા હતા જે માણસ પોણાનવ ફીટ ઊંચાઇમાં છે અને બધા લોકોની વચમાં તેને ફેરવ્યો તો બીજાઓ તેની કમ્મરથી જરા ઊંચા દીસતા હતાં. તે એટલોતો ઊંચો હતો કે નાટકશાળાના પેહેલા થરપર બેઠેલા લોકો સાથે સેહેલાઈથી શેકહેંડ કરી શકતો હતો. અંગે તેની લંબાઇ જોતાં તે ઘણો પાતળો લાગતો હતો. તેની ઊમર હમણાં ૨૧ વર્ષનીછે પણ તેને દેખડાવનાર બોલતો હતો કે વૈદોના કેહેવા મુજબ તે હજુર વધીને ઊંચો થશે. તે આસ્ટ્રેલીઆમાં જન્મેલો છે અને તેનું વજન ૩૩ સ્ટોન યાને સાડાસોળ મણનું કહેછે, એ સિવાય બીજી ગાયન તથા કસરતની રમતો ત્યાં સારી થયલી અમોએ જોઇ હતી.

તા૦ ૧૨ મી જુન સને ૧૮૮૭—આજે બપોરના ૧૨) વાગેને જીઓલોજીકલ ગારડન્સ જે રીજંટ પાર્કમાં આવ્યો છે ત્યાં

ગયા હતા અને સાંજનાં ૬) વાગા સૂધી સંઘે ફરીને જાત જાતનાં જાનવરો તથા પંખી અને માછલીઓનાં સંગ્રહ કીધેલો છે તે જોયો હતો. અમોએ સને ૧૮૮૧ માં એની વિગતો લખી છે તેનેજ ઘણો ખરો મળતો છે. નવાઇનાં જાનવરના વધારામાં અમે બર્ડ ઓવ પેરેડાઇઝ (Bird of Paradise) જીવતું આએ વખ્તે પેહેલ વેહેલું જોયું હતું. બીજું ઘણુંખરૂં આગળને મળતુંજ હોવાથી ઈંહાં વિગત લખતા નથી.

તા૦ ૧૩ મી જુન સને ૧૮૮૭—આજે બપોરનાં English ફ્રિમેસનોના વડા ગ્રાંડ માસ્તર પ્રિન્સ ઓવ વેલ્સનાં પ્રમુખપણા હેઠળ એક ગંજાવર સભા બધા ફ્રિમેસનોની આપણી મહારાણીને તેવણની જુબીલીની મુબારકબાદીનો માન પત્ર આપવા બાબે મળી હતી ત્યાં આલબર્ટ હોલમાં ગયા હતા જયાં આસરે ૬૦૦૦ મેસનો હાજર હતા પણ જગ્યાની કોતાઇને લીધે દરેક લોડજને પાંચ ટિકિટોજ ફકત આપી હતી અને ઘણા મોટા ભાગને આપી શકયા નહીં હતા. દરેક ટિકિટ દીઠ એક ગીનીનો ભાવ ઠેરવેલો હતો તોબી અમો ધારીયે છીયે કે એથી બમણું લોક જો જગ્યા હતે તો આવતે. અમો બરાબર કલાક અઢી વાગે ત્યાં ગયા ત્યારથી મેસનો પોતાના પોશાકો તથા ઝવાહેરોમાં ઠાઠમાઠ સાથે આવવા લાગ્યા હતા અને આલબર્ટ હોલનું દીવાનખાનું જે સૌથી મોટાં દીવાનખાનાઓમાંનું એક ગણાયછે તે કલાક સાડા ત્રણ વાગામાં ચીકાર ભરાઇ ગયું હતું. તે વખ્તનો દેખાવ ઘણો-સરસ લાગતો હતો. દરેક લોડજના સભાસદોને એક હારમાં ખુરસીઓ આપેલી અને કોઇ લોડજનો ફીકો બલુ, તો કોઇનો ઘેરો, કોઇનો લાલ, કોઈનો જાંબુરો એવા રંગના કોલર તથા એપ્રનો પેહેરેલા ઉપરાંત ઘણાખરાઓની છાતી ઉપર તેઓના ઓદ્દાના ચાનો પેહેરેલા હતા તેથી દેખાવ ઘણો ભપકાદાર લાગતો હતો. પોણા ચાર વાગે તો ગ્રાંડ લોડજ આવી લાગી તેઓની હાજરી શિંગડાં વજાડી જાહેર કીધી હતી અને મોટી આરગીન (કે જે દુનિયામાં સર્વેથી મોટી

કહેવાય છે તે) પર માર્ચ વજાડી હતી અને ગ્રાંડ લોડજ અંદર ધારા મુજબ દાખલ થઈ તે સરઘસોના આકારમાં સૌઉ પોતાના ઓદ્ધા માફક ચાલતા હતા. પેહેલાં ગ્રાંડ સ્ટુઅર્ડોથી સરઘસ શરૂ થયું અને તેની પાછળ ન્હાના ઓદ્ધાવાલા અમલદારો આવ્યા અને તેઓની પાછળ ડયુક ઓવ કોનાટ તથા પ્રિન્સ આલબર્ટ વીકટર (પ્રિન્સ ઓવ વેલ્સનો વડો છોકરો) ચાલતા, તેની પાછળ અર્લ ઓવ કરનાર-વન (પ્રોગ્રાંડ માસ્ટર) Pro Grand Master અર્લ ઓવ લેઠેમ ડેપ્યુટી ગ્રાંડ માસ્ટર ચાલતા હતા, તેઓની સાથે એક હિંદુસ્તાનનો પ્રિન્સ પણ હતો, ત્યાર પછી બે જણા વાવટા લઇને આવ્યા તેઓની પાછળ "ગ્રાંડ સોર્ડ બેરઅર" નાગી તલવાર લઇને ચાલતો હતો અને સૌથી છેલ્લો પ્રિન્સ ઓવ વેલ્સ આવ્યો હતો જે વખ્તે તેને બધાઓ જે ઊભેલા હતા તેઓએ હુરરેના પોકારો તથા તાબરાથી વધાવી લીધો હતો તેનો ઘોંઘાટ ઘણો મોટો લાગતો હતો. પ્રિન્સે ખુરસી લીધા પછી તેની બેઉ બાજુપર તેનો ભાઇ તથા છોકરો બેઠા અને તેઓની પાસે અર્લ ઓવ કરનારવન તથા લેઠેમ બેઠા હતા અને પેહેલાની પાસે પેલો હિંદુસ્તાનનો પ્રિન્સ કુચબીહારનો માહરાજા બેઠો હતો. પ્રિન્સે સભાનું કામ શરૂ કર્યા પછી અર્લ ઓવ કરનાર-વને માનપત્ર પસાર કરવાને દરખાસ્ત કીધી જેને અર્લ આવ લેઠેમે ટેકો આપ્યો અને બધાઓના તાબરા તથા હુરરેના પોકારો વચ્ચે તે પસાર થઇ હતી. ત્યાર પછી રાણીની સલામતીનું ગાયણ આરગીન પર વજાડી તેની સાથે બધા હાજર રહેલા ૬૦૦૦) માણસોએ તે ગાયું હતું જે ઘણુંજ સરસ લાગતું હતું. અમોએ જણાવવું જોઇયે છે કે આલબર્ટ હોલ જે ઘણો મોટો અને તેની બેઠકોનાં છ થી સાત ઠર છે તોબી તે એવી રીતે બાંધ્યો છે કે એક માણસ બોલે તોબી દરેક જગ્યાએ સંભલાય અને ૬૦૦૦ માણસો ગાય તોબી ઘોંઘાટ જેવું લાગે નહીં અને તે મૂજબ આએ ૬૦૦૦ માણસો જે રાણીની સલા-મતીનું ગીત ગાતા હતા તે ઘણું સરસ સંભળાતું હતું. એટલા બધા માણસોનું ગાનું અમોએ પેહેલ વેહેલુંજ આજે સાંભળ્યું હતું અને

તે ઘણું અસરકારક લાગતું હતું. એ પુરૂ થયા પછી ગ્રાંડ માસ્ટરે આસપાસનાં ગામોના મેસનોને ગ્રાંડ લોડજમાં ઓનરરી ઓધ્ધાઓ આપ્યા હતા જેઓ આસરે પચાશની ઊપર હશે. તેઓ દરેકને પ્રિન્સ પોતે શેકહેન્ડ કરી ઓહ્દાઓ આપતો તે વખ્તે હાજર થયલું લોક તાબરા ફોડતું હતું તેમાં પેલા હિંદુસ્તાનના પ્રિન્સને પણ ઓનરરી ગ્રાંડ જુનીઅર વોરડનનો ઓધ્ધો આપ્યો તે વખ્તે તથા લંડનના હમણાના તથા અસલના લાર્ડ મેયરોની વખ્તેબી લોકોએ ખુબ જોરથી તાબરા ફોડયા હતા અને ખુશાલી બતાવી હતી. એ ગ્રાંડ લોડજમાં આપણા એક જરથોસ્તી શેઠ દોરાબજી પેસતનજી કામા ગ્રાંડ સેક્રેટરી દાખલ પણ હાજર હતા. સઘળું કામ ખલાસ થયા પછી જેમ આવ્યા હતા તેથી ઉલટું સરઘસ કરી પ્રિન્સ ઓવ વેલ્સ પેહેલાં બાહાર ગયા હતા જે વખ્તે તેમને અતિ ઘણું માન તથા તાબરાનો આવકાર મળ્યો હતો. એ આખી સભા સઘળી રીતે જોવા લાયક હતી.

તા૦ ૧૪ મી જુન સને ૧૮૮૭—આજે ખાનગી કામમાં રોકાવાથી કેથે ગયા હતા નહીં

તા૦ ૧૫ મી જુન સને ૧૮૮૭—આજે "ટેમસીસ એમબેંકમેંટ" કરી જે ટેમસ નદીને કાંઠે રસ્તો બાંધ્યો છે ત્યાં ગયા જયાં "ક્લીયોપેટરાસ નીડલ" ગોઠવેલી છે તે જોઇ હતી. એ ઈંહાંનો ઠંડી હવાને લીધે પોચા પથ્થરની હોવાથી અમોએ છેલ્લી શને ૧૮૮૧ માં જોઇ હતી તે કરતાં તેની ઉપરનાં ચિત્રલિપિ (Hieroglyphic) અક્ષરો ધોવાઇ જતા જાય છે અને અમો ધારીયે છીયે કે થોડાં બીજાં વર્ષોમાં જો એનો અટકાવ નહીં કીધો તો તદન નીકળી જશે. એ પથ્થરતું કોતરકામ જે સને ૧૫૦૦) ક્રાઇસ્ટની આગળ યાને આજે નજદીક ૩૪૦૦) વર્ષપર કીધેલું મિસરની હવાથી જેવું ને તેવું રેહેલું હતું પણ ઇહાંની હવા જોયા મેલે સદતી નથી. એ "નીડલ"ની વિગત આગળ અમોએ આપેલી છે. અમો ત્યાંથી નદી કિનારેથીજ

છેક શેહેરના લંડન બ્રીડજ સુધી ચાલતા ગયા હતા. અમો ચાલતા હતા તે બાજુની ઇમારતો રસ્તાને માથે સારી આવેલી છે પણ નદીને પેલે કાંઠેની જગ્યાપર મોટી વખારો બાંધીછે જે નદીનો દેખાવ સામો બગાડે છે. નદીની ઉપર અમોએ "વેસ્ટમીનીસ્ટર બ્રીડજ" જે "પાર્લામેંટ હાઉસ" આગળ આવ્યો છે ત્યાંથી છેક "લંડન બ્રીડજ" જ્યાં શેહેર તથા વેપારની જગ્યા આવેલી છે ત્યાં સૂધીમાં બધા મલીને ૪) પૂલો ઘણા સારી બાંધણીના જોયા હતા તેમાં "લંડન બ્રીડજ" ઘણો સરસ દીસે છે. નદીમાંથી નાની આગબોટો વારાફરતી છેક રીચમંડથી ગ્રીનીચ સુધી આવજાવ કરતી હતી જેમાં ઘણું લોક મજાહ કરવા નિકળી પડયું હતું. હમણાં ચાર પાંચ દિવસ થયા તડકું ઘણું જોરથી પડે છે અને વર્તમાન પત્રમાં વાંચવા મુજબ બપોરના બાર વાગેને છાયડામાં ૮૧) ડીગરી અને ખુલ્લાં તડકામાં ૧૨૫) થી ૧૩૫ ડીગરી સુધી પારો ચહડે છે તોબી ઈંહાંનું લોક એટલું તો તડકાને પસંદ કરે છે કે એ પ્રમાણે સ્ટીમરોમાં વગર છાયડાએ ફરવા નિકળે છે. અમોબી ખુલ્લાંમાં એજ મુજબ ફર્યે છીયે પણ જે મુજબ વર્તમાન પત્રમાં તાપ વાંચીયે છીયે તેવો ઈંહાંની ઠંડી હવાને લીધે તે માલમ પડતો નથી. અમો કિનારે થઇને પછી શેહેરમાં દાખલ થઈને "સેંટપાલ"નું દેવળ જોવા ગયા હતા જ્યાં એ વખ્તે ગાયન રોકી બંદગી ચાલતી હતી તે સાંભળવા લાયક હતી. એ દેવળની વિગત સને ૧૮૮૧ ના જેવી છે. તેમાના યાદગારીનાં સ્તંભોમાં જેનરલ ગોરડન જે હમણાં સુડાનની લડાઇ વખ્તે ખારટુમમાં માર્યો ગયો છે તેની યાદગારીનો સ્તંભ ઉભેરાયો છે. તેને ઘોરરોકો આકાર આપી તેની ઉપર માણસના આખા કદનું એ જેનરલનું પુતળું સુતેલું મુકેલું છે પણ અમો તેની ઉપરની વિગત વાંચી અજબ થયા હતા કે તે ઇંગલંડની રાજધાણી તરફથી મૂકાવાને બદલે મરનાર જેનરલના ભાઇએ તે મૂકયું છે, જો કે જેનરલ ગોરડને અંગ્રેજોને વાસ્તે પોતાનો જીવ આપ્યો હતો. દેવળના દરવાજાની સાંમે કમપાઉંડમાં વેલાતની આગલી રાણી એનનું સગેમરમરનું પુતળું જોવાલાયક સને ૧૮૮૬માં લંડનની કારપોરેશને મૂકયું છે ને

ઉપર લખેલું છે કે સને ૧૭૧૩ના સાલમાં એ રાણીના વખ્તમાં એ સેંટપાલનું દેવળ બાંધી ને તે વખ્તે એ રાણીનું પુતળું ઇહાં મૂક્યું હતું તે કાહડી નાંખીને આએ નવું પુતળું મૂક્યું છે.

તા૦ ૧૬ મી જુન સને ૧૮૮૭—આજે આખો દિવસ બીજાં પરચુટણ કામમાં રોકાઇ ગયા હતા. રાતનાં ડ્રુરી લેન નાટકશાળામાં નોરમા (Norma) નો ખેળ હતો તે જોવા ગયા હતા જયાંના પડદા તથા એકટીંગ જોવા લાયક હતું.

તા૦ ૧૭ જુન સને ૧૮૮૭—આજે સાંજનાં "પાર્લામેંટ હાઉસ"માં "કોમનસો"ની બેઠક હતી ત્યાં સાંજે (Crimes Bill) ગુનાહને લગતા કાયદા ઉપર છેલ્લી તકરાર હતી તે જોવા ગયા હતા જયાં ઘણા આયરલંડ તરફથી બિરાજતા સભાસદો જેઓ "હોમ રૂલરસો" (Home Rulers) ને નામે ઓલખાય છે તેઓએ તકરાર કીધી હતી અને દરેક "કલોઝ" વખ્તે વાંધો લેતા હતા અને તે દરખાસ્તમાં ફેરફાર કરીને મુકતા અને હાથ ઊચકતી વખ્તે તેની સાંમે Noes (નોસ) કરી બોલવાથી પ્રમુખ જે તરફેણમાં હોય તેઓને પોતાની જમની અને વિરૂદ્ધ હોય તેઓને ડાબી બાજુના ઓરડાઓમાં જવા કહેતો અને ત્યાં મત ગણનારાઓ તેઓને ગણીને પછી બધાઓ દીવાનખાનામાં એકઠા થાય કે મતો દર એક ગમ જેટલા પડયાં હોય તેટલાં જણાવતા હતા અને સરકારની તરફેણમાં મોટો ભાગ પડતો હતો. મી૦ ગ્લાડસ્ટન પોતેબી હાજર હતો તે તથા તેની પક્ષવાળાઓ પણ વિરૂદ્ધની બાજુપર મત આપતા હતા. વળી એક બીજો "કલોઝ" સભાની સામેમુકયો કે "હોમરૂલ"વાળા તકરાર ચલાવવા માંડતા તેટલાં સભાનો મોટો ભાગ બહાર જતો અને વાતચીત કરવામાં ગુજારતા હતા અને તકરાર શું થાયછે તેની દરકાર નહીં કરતા હતા, પણ જયારે મત લેવાનું વળી આવ્યું કે તેઓને (whipper in) કરીને સભાસદોમાંથી ઠેડવેલા લોકો પાછા તેડી લાવતા અને સભાસદો આગળની માફક જૂદા જૂદા ઓરડામાં જતા હતા. આજે

તકરારને લીધે ધણા સભાસદો નજદીક ૪૦૦ ઉપર હાજર હતા. અમો બે કલાક ત્યાં થોભીને પાછા ફર્યા હતા. "પાર્લીમેંટ હાઉસ"ની ઈમારતની તથા બીજી વિગતો આગળ સને ૧૮૮૧ માં આપેલી છે તેથી અંહીં લખતા નથી.

તા૦ ૧૮ મી જુન સને ૧૮૮૭—આજે National Gallery છબીઓનો સંગ્રહ જોવા ગયા હતા જ્યાં ધણો મોટો જથો દેશ પરદેશના ઉસ્તાદ ચિતારાઓનાં હાથનો કીધેલો ધણો જોવા લાયક છે. તેમાં નીચલા થોડાક ઉસ્તાદોનાં નામો જેઓનાં ચિત્રો ધણાં સરસ ગણાયછે તેનાં ઉતારી લીધાં છે. Ruben (Flemish School) સને ૧૫૭૭ થી ૧૬૪૦ સુધી જીવતો હતો, Rambrandt (Dutch School) સને ૧૬૦૭ થી ૧૬૬૯, Corregio (Parmise School) સને ૧૪૯૪ થી ૧૫૩૪, Titian (Venetian School,) Paolo Veronese (Venetian School) સને ૧૫૨૮ થી ૧૫૮૮, Tintoretto (Venetian School) સને ૧૫૧૮ થી ૧૫૯૪, Murillo (Spanish School) સને ૧૬૧૮ થી ૧૬૮૪, Valazquez (Spanish School) ૧૫૯૯ થી ૧૬૬૦, Salvator Rosa (Nepolitan School) Gasper Poussin (French School) ૧૬૧૩ થી ૧૬૭૫, Hogarth (English School) ૧૬૯૭ થી ૧૭૬૪, Gainsborough (English School) ૧૭૨૭ થી ૧૭૮૮, Sir D. Wilkie (English School) ૧૭૮૫ થી ૧૮૪૧, Sir Edwin Landseer (English School) ૧૮૦૨ થી ૧૮૭૩, માં થઇ ગયલા હતા. એ મુજબ બીજા ધણા ઊંચા ચિતારાઓનાં હાથનાં ચિત્રો ત્યાં રાખેલાં છે. દરેક ચિતારાનાં ચિત્રો એક એકની પાસે મુકયાં છે અને કોઇનાં તો ઓરડાઓ ભરી નાંખી તે ઓરડાને ચિતારાનું નામ આપેલું છે. એ ચિત્રો સરકારે ખરીદ કીધા ઉપરાંત તેનો મોટો ભાગ ઇંહાંની રૈયતનાં લોકોમાંથી કોઇ કોઇ શોખીને પોતાના વખ્તમાં (Collec-

tion) સંગ્રહ કીધેલા તે વખ્તે પોતાના વસિયતનામામાં એને આપી ગયલા તેઓનાં નામો તસવીરો ઉપર તથા જેનો સંગ્રહ મોટો હોય તેનું, ઓરડાઓ ઉપર યાદદાસ્ત દાખલ લખે છે. આજે સાંજના ઇહાંની જાણીતી નોર્થબ્રુક ઇંડીયન કલબમાં હિંદુસ્તાનનાં રાજવંશીઓને મળવા સારૂ એક મોટો મેળાવડો કીધો હતો ત્યાં ગયા હતા જયાં ઘણું લોક હાજર થયું હતું. તેમાં આપણાં હિંદુસ્તાનના આગળા વાઇસરાયો લોર્ડ રીપન તથા લોર્ડ નોર્થબ્રુક ઉપરાંત લોર્ડ કીમબર્લી તથા બીજા ઉમરાવો જેઓ હિંદુસ્તાન માટે ઘણી કાળજી રાખે છે તેઓ તથા મુંબઇના માજી ગવરનર સર રીચર્ડ ટેમપલ તથા બીજા ઘણા સિવિલિયનો આવ્યા હતા. આપણા દેશની તરફના પણ ઘણા લોક ત્યાં હાજર હતા પણ તેઓ ઘણા ખરા સઘળા જણ તદંન અંગ્રેજી પોશાક તોપી સુધાં પેહેરી આવેલા હોવાથી પારસી, હિંદુ, કે મુસલમાન ઓળખાઇ શકતા હતા નહીં પણ સામળાં મોઢાંથી હિંદુસ્તાનના રેહેવાસીઓ છે કરી પીછાની શકતા હતા. દેશી બાનુઓમાં બે પારસી તથા એક હિંદુ પરભુ જાતની ઓરત પોતાના દેશી પોશાકોમાં હાજર હતાં જેઓ ઉપર ઘણા જણાઓનુ તેઓના શોભઇતા પોશાકને લીધે ધ્યાંન ખેંચાયું હતું. વળી ત્યાં હિંદુસ્તાનના દેશી લસ્કરના દેશી અમલદારો જેઓબી હમણાં રાણીની જુબીલીમાં ભાગ લેવા આવ્યા છે તેઓએ પણ ઘણું ધ્યાંન ખેંચ્યું હતું. તેઓ સઘળા ચુંટી કાહાડેલા કદાવર તથા સોહામણા માણસો દેશી લશ્કરી કસબી પોશાકમાં આવ્યાથી ઘણા શોભતા હતા અને તેઓ સાથે ઘણું લોક તેમાં ખસુસ કરી મડમ સાહેબો વાત કરતાં તથા શેકહેન્ડ ખુબ કરતાં હતાં. રાજવંશીઓને આજે રાણીજીની મુલાકાત લેવા વીન્ડસર કેસ્ટલમાં બોલાવેલા હોવાથી તેઓને ત્યાંથી આવતાં ઘણુ અવારૂં થયું હતું. તેઓમાં મહારાજા હોલકર તથા લીમડી તથા મોરવીના ઠાકોરો તથા કચ્છના રાવ તથા બીજા પ્રિન્સો આવ્યા હતા જેઓની ખુબ માવજત આપણા આગળા ગવરનર જેનરલો તથા ગવરનરો કરતા હતા અને આમનસામન ઘણી ઓળખાણ–પીછાન

કરાવી હતી, આ તકે નોર્થબ્રુક ઇન્ડીયન કલ્બ વિષે અમોએ નોંધ લેવી જોઇયે કે એ કલ્બમાં હિંદુસ્તાનને લગતા નજદીક ૪૦૦) સભાસદો છે અને આપણાં દેશથી જે અનજાણ્યા આવે છે તેઓને ત્યાં બીજા દેશીઓ સાથે મુલાકાત વારા ફરતી થાય છે તથા બપોરનાં ખાનુ લેવા ઘણા જણા આવે છે તેથી ઘણી ફાયદા કારક એ કલ્બ આપણા લોકોને થઇ પડી છે.

તા૦ ૧૯ મી જુન સને ૧૮૮૭—આજે સહવારના આગબોટમાં "ચેરીંગ ક્રાસ પીયર"પરથી બેસી થેમ્સ નદીની સેહેલ કરતા હેમ્ટન કોર્ટ પેલેસપર ગયા હતા. એ નદીની એક બાજુપર સાદી રોણકદાર ઇમારતો અને બીજીગમ વખારો થોડાએક ટપ્પા સુધી આવે છે પણ ત્યાર પછી Chelsea (ચેલસી) નામની જગ્યાથી મજેની લીલોતરીનાં ખેતરો તથા બાગો અને બંગલાઓ દિસવા લાગ્યા જેનો દેખાવ છેક હેમ્પટન કોર્ટ સુધીનો ઘણો સારો હતો. ટપ્પે ટપ્પે પૂલો દરેક જુદી જુદી બાંધણીના સારા દેખાવના મલતા હતા તેમાં "બેટરસી પાર્ક"ના પૂલની બાંધણી ઘણી સારી હતી. આલબર્ટ પૂલઝુલતો સાંકલનો કીધેલો છે તેબી જોવા લાયક છે. રીચમંડ મુકયા પછી નદી ઉંચાણ જગ્યામાં જાયછે તેપર જવા "લોક" (Lock) કીધેલો છે (જે બાબેની વિગત અમે સને ૧૮૮૧ ની નોંધમા કેલીડોનીયન કનાલ પસાર કીધી તે વખ્તે "લોકસો" ની આપી છે તેને મલતી છે) તે પસાર કરવા સારૂ આગળ બીજી આગબોટો હોયાથી અમોને નજદીક એક કલાક થોબવું પડયું હતું પણ કંટાળા જેવું નહીં લાગ્યુ. કારણકે આજે આતવાર હોવાથી સેંકડો બોટો ભરી લોકો ફરતું હતું. એ બોટો નાધળી એક યા બેથી ૧૦) માણુસો બેસી શકે તેવી હતી. કોઇમાં એક મરદ હલ્લેસાં મારે અને એક ઓરત સાંમે બેસીને સુકાન ફેરવે, કોઇમાં એક મરદ તથા એક ઓરત મલી બે જણ હલ્લેસાં મારે, કોઇમાં હલ્લેસાં નહી મારનારાં ગીતો ગાય, કોઇ પોતાની બોટ કિનારે ઝાડ સાથ બાંધીને લીલોતરીની જમીન ઉપર સુઇ યા બેસીને

ચોપડીઓ વાંચે, કોઈ મજાહ ગારે. એ મુજબ અમોને છેક ચેરીંગ ક્રાસથી તે હેમ્પટન કોર્ટ સુધી આખો વખ્ત મળ્યા કીધું હતું. જુદાં જુદાં ગામો યા ગામડાંઓને કાંઠે ખોટો ભાડે આપવાની રાખેલીઓ હતી જે ઘણું લોક મજાહ કરવા લેતું હતું. એ મુજબ જોતાં છેક બપોરનાં ત્રણ વાગે અમો હેમ્પટન કોર્ટના મેહેલની સામેજ જઇ કિનારે ઉતર્યા હતા. સ્ટીમર જોકે નાધલી હતી તોબી તેમાં ખાવા પીવાની તથા બેસવાની ગોઠવણ સારી કીધેલી હતી. અમારી સાથે ઓછામાં ઓછા બસોથી હઠીસો માણસો એ સ્ટીમરમાં હશે અને એવી સ્ટીમરો આખો દિવસ થેમ્સ નદીપર ફરતી હતી જેમાં લોકો છેક ગ્રિનીચ સુધી એક બાજુ અને હેમ્પટન કોર્ટ સૂધી બીજી બાજુએ મોજ કરવા નીકળી પડયું હતું. આજે સુરજ પણ જરા જોરમાં હતો અને તાપ લાગતો હતો તોબી પવનની લેહેરીથી ઘણો માલમ પડતો હતો નહીં. હેમ્પટન કોર્ટમાંના ભરત કામના પડદા તથા ચિત્રો તથા બાગ સઘળું જોઇને અમો આગની ગાડીમાં પાછા લંડન આવ્યા હતા. હેમ્પટન કોર્ટના મેહેલની વિગત આગળી ચોપડીમાં લખેલી છે.

તા૦ ૨૦મી જુન સને ૧૮૮૭—આજે સ્હવારનાં કલાક ૧૧ની ટ્રેનમાં બેસીને અત્રેની વખણાયલી કેમબ્રીડજની યુનિવરસીટી તથા પાઠશાળાઓ જોવા ગયા હતા. અમોને અત્ર રેહેલા ભાઇ નવરોજી દાદાભાઇ આલબલેસે પોતાને ત્યાં કેમબ્રીડજમાં કેયસ (Caius) કાલેજનાં ઓરડામાં ઉતારો તથા બપોરની મેજબાની આપી સઘળે ફેરવી બતાવ્યું હતું. એ કેમબ્રીડજ શેહેરમાં બધી મલીને આસરે ૧૭ પાઠશાળા છે જયાં આસરે ૩૦૦૦) છોકરાઓ ઊંચી પદવીની કેળવણી લીયે છે અને તેમાંના અરધો ભાગ પાઠશાળાની ખુદ અંદર ઓરડાઓ લઈને રેહેછે અને બાકીના આસપાસનાં નજદીકનાં ઘરોમાં ઓરડાઓ ભાડે લઈને રેહેછે અને પાઠશાળાઓમાં હાજરી આપે છે. અમોએ એ પાઠશાળાની ટ્રિનીટી, કીંગ્સ તથા કેયસ (Caius) પાઠશાળાઓ જોઇ હતી કે જેમાં એક દેવળ (Chapel) પુસ્તકશાળા,

ભાષાણ કરવા ઓરડો જુદા જુદા રાખે છે તેમા કીંગ્સ પાઠશાળાનું દેવળ ઇહાં સૌથી મોટું છે તથા તેમાં કાચની રંગીન બારીઓ પણ જોવા લાયક છે. એ પાઠશાળાઓ આગળા ઇંગલંડનાં રાજા રાણીઓએ તથા કોઈ કોઈ પૈસાદાર લોકોએ મોટાં ફંડો કહાડી સ્થાપી છે. તેના ઊસ્તાદો મોટા પગારો વર્ષે દહાડે એક હજારથી પંદરસો પાઊંડ આપી રાખેલાછે. છોકરાઓની પાછળ બીજી રીતે તપાસ ઘણી સારી લીયે છે. તેઓને અરધો દિવસ લેકચરો તથા લેસનો આપેછે, બાકીનો અરધો દિવસ તેઓ ક્રિકેટ તથા બોટની રમતો કરે છે. દરેક પાઠશાળાની પાછળ મજેના "પાર્ક" જેવી જગ્યા ઝાડ પાન તથા ઘાસની લીલોતરીથી ભરેલી રાખીછે અને તેઓની પાછળ નદીનું નાલું વહેછે જ્યાં તેની ઊપર પૂલો દરેક પાઠશાળાના અલાહેધા બાંધેલા છે. છોકરાઓને રાતના ૧૦ વાગેને કોલેજની અંદર આવવાની ફરજછે, નહીં તો તેને દંડની તથા તેથી નહીં સમજે તો કાહાડી મૂકવાની સજા કરેછે. તેઓની તપાસ સારૂં "પ્રોકટરસો" નામના માણસો હમેશાં મોહોલ્લાઓમાં ફર્યા કરેછે અને તેવા રખડતા છોકરાઓનાં નામો તેઓ લઇ સહવારે શિક્ષકોને તે જણાવે છે. દરેક છોકરાને યુનિવર્સિટિનો જભ્ભો રસ્તામાં સાંજનાં છ વાગા પછી ફરે ત્યારે પેહેરવાનો હુકમ છે. જભ્ભો પેહેરેલો હોય ત્યારે તેનેથી મસ્તી તોફાન થાય નહીં અને બીડી વટીક પીવાય નહીં. દરેક છોકરાથી તેના રેહેવાના ઓરડાનાં ભાડાં સાથે બધો મલીને આસરે બસોથી ત્રણસો પાઊંડના વર્ષે દહાડે ખર્ચમાં રેહેવાઇ શકાય છે. પાઠશાળામાંના શિખેલાઓમાંથી જેઓએ દુનિયામાં નામ કાહડયાં હોય તેઓનાં પુતળાંઓ તે પાઠશાળાઓમાં મૂકેલાં છે. કીંગ્સ પાઠશાળામાં મીલટન, બાયરન, બેરન તથા બીજા ઘણાઓનાં અર્ધ બાવળાં રાખેલાં છે. મીલટને "પેરેડાઇઝ લોસ્ટ" નામની જે વખણાયલી કવીતા લખી હતી તેની પેહેલી શરૂઆત તેના પોતાના અક્ષરની લખેલી ઇહાં રાખેલી છે તથા પુસ્તકશાળામાં ઘણી જુની તથા સારી કેતાબો રાખેલી છે. ઇહાં વળી એક યુનીયન સોસાયટી કલ્બ કરીને ઉભી કીધેલી છે જ્યાં એક પુસ્ત-

કશાળા ઉપરાંત તકરાર કરવાની કલબ રાખી છે. જેનું એક દીવાનખાનું પાર્લામેંટના હાઉસ ઓવ કોમનસના દીવાનખાનાને મલતું કીધેલું છે જેમાં રાજ્યદ્વારી બાબદોની તકરારો પાઠશાળામાં શિખતા છોકરાઓ કરેછે અને જેઓને પાર્લામેંટમાં પાછળથી સામેલ થવાનું હોય છે તેઓ ત્યાં શી રીતે તકરારો કરવી તથા ચાલવું તે શિખે છે. પાઠશાળાઓમાં બધા મલી ૭ મહીના છુટી મળે છે તે વખ્તે પાઠશાળામાં રેહેવાને કોઇને હુકમ નથી. અમો આજે કેમબ્રીડજમાં ગયા ત્યારે લોક ઘણું કીંગ્સ પાઠશાળાના દેવળ આગળ તથા યુંનિવર્સિટિ હોલ આગળ મળ્યું હતું. ખબર કાહાડતાં માલમ પડયું કે આજે જેઓએ પરિક્ષાઓ પસાર કીધી હશે તેઓને સેનેટ (Senate) સનદ આપવાની છે. તેમાં લાર્ડ મેયર ઓવ લંડનનેબી નામની પદવી આપવાની હોવાથી તે ઇંહાં આવ્યો હતો તેને જોવા બધું લોક મળ્યું હતું અને આવતી કાલે રાણીની જુબીલીની ધામધુમનો દિવસ હોવાથી બધે જગેજગ વાવટાઓ તથા ફુલ પાનના શણગારો કીધેલા હતા તેથી બધો દેખાવ રળીયામણો લાગતો હતો. કુચબીહારના માહરાજાનેબી આજે કાંઇ જોવા મેલે નામની સનદ આપી હતી કારણકે તેવણબી યુનિવર્સિટિના જભ્ભામાં બીરાજ્યા હતા. લોર્ડ મેયર પોતાની લંડનની ભભકાદાર ગાડી લઇ આવેલા હતા તેને બધેબધ ખુશાલીના પોકારોથી લોકોએ વધાવી લીધો હતો તે પાછા અમારી ટ્રેનમાંજ લંડન આવ્યા તે વખ્તે કેમબ્રીડજનાં સ્ટેશનપર હજારો લોક તેને માન આપવા હાજર થયલું હતું. કેમબ્રીડજ શેહેર માફક સરતું છે. ત્યાંની પાઠશાળાઓ સિવાય બીજું કશું જોવા લાયક નથી. એની વસ્તી આસરે ચાલીસથી પીસતાલીસ હજારની છે. એ શેહેર જાણે યુનિવર્સિટિનું પોતાનું હોય તેમ ત્યાંના સઘળા ધારાઓ તથા કામકાજ એજ ચલાવે છે જેનો વડો ચેનસેલર હાકમ હોય તેમ ગણાય છે. એ શેહેર કૅમ નદી (Cam)ઉપર આવેલું હોવાથી તેને કેમબ્રીડજ કહે છે. સાતમી સદીથી એ જગ્યાપર યુનિવર્સિટિ ઉભી થયલી કહેવાય છે પણ તેને ત્રીજા હેનરીએ સને ૧૨૩૧ માં (Incorporate) ઇનકોરપોરેટ કીધી

હતી અને ઘણીખરી પાઠશાળાઓ એડવર્ડ પેહેલાના વખ્તમાં ત્યાં સ્થાપાઇ હતી, દરેક પાઠશાળા પોતે પોતાનો વહીવટ જુદો ચલાવે છે અને તેઓમાંથી ચુંટી કાઢેલાઓ યુનિવર્સિટિનો વહીવટ ચલાવે છે. સૌથી પેહેલી પાઠશાળાઓ સેંટપીટરની કહેવાય છે જે સને ૧૨૫૭ માં હીઉ ડી બલસામ કરી એલાઈનો પાદરી હતો તેણે સ્થાપી હતી. અમો જે પાઠશાળમાં ઉતર્યા હતા તે સને ૧૩૪૯ માં Gonville અને Caius કરીને ગ્રહસ્થોએ સ્થાપી હતી. કીંગ્સ પાઠશાળા સને ૧૪૪૧ માં છઠા હેનરીએ સ્થાપી હતી જેનું દેવળ અમે ઉપર લખ્યું તે ઘણું સરસ છે. બધી પાઠશાળાઓમાં ટ્રીનીટી (Trinity) પાઠશાળા સૌથી સરસ ગણાય છે જે આઠમાં હેનરીએ સને ૧૫૪૬ માં સ્થાપી હતી. એની પુસ્તકશાળા ઘણી સરસ છે તથા રંગેલાં ચિત્રો પણ તેમાં સારાં છે. ઈંગલંડના રાજાઓ જ્યારે કેમબ્રીડજ જાય છે ત્યારે એ પાઠશાળાના શિક્ષકોનાં રેહેઠાનમાં ઉતારો લીયે છે. એ પાઠશાળામા ઇંગલંડના ઘણા ખરા મોટા પાદરીઓ તથા આર્ચબીશપો શિખેલા છે. એમા યુનિવર્સિટિ હોલમાં પેહેલા તથા બીજા જયોર્જના પુતળાંઓ છે. યુનિવર્સિટિની પુસ્તકશાળા ઘણી મોટી છે કારણકે ઇંગલંડમાં છપાતી બધી ચોપડીઓની એક એક નકલ ઇંહાં ભેટ આવે છે. અમો સઘળું જોઇને સાંજના ૭ વાગેને પાછા લંડન આવ્યા હતા. રાતના હાઉસ ઓવ કોમન્સમાં બીજી વખ્ત તકરાર હતી તે જોવા ગયા હતા અને ઇંહાંનુ લોક કેવું અસરાફ છે તેનો એક દાખલો અમે જોયો હતો. અમોને પાર્લામેંટ બેસે છે તે ઓરડામાં જવાની આગળથી ટીકીટ આપેલી હતી પણ જ્યારે ત્યાં ગયા ત્યારે જરા અવારૂં થવાથી અમોને આપેલી જગ્યા તદન ભરાઇ ગયેલી હોવાથી ત્યાંના રખેવાળે દીવાનખાનાના બારણાની બહારજ ઊભા રાખી કહ્યું કે અંદરથી જેવી એક બેઠક ખાલી થશે કે તમોને જવા દઇશું તેટલાં એક પાર્લામેંટનો સભાસદ અંદરથી બહાર આવ્યો. તેને અમોને આપણા પારસીઓની પાઘડી સાથના પોશાકમાં જોઇને મારી પાસે આવી પુછ્યું કે તમો શું મુંબઇના પારસી છો અને અંદર જોવા

જવા માગો છો ? અમોએ હા પાડી. અમારી ટિકિટ બતાવીને વિગત જાહેર કીધી તેથી પોતે કહ્યું કે હું પારસીઓને વાસ્તે સારૂં માન ધરાવું છું અને તમોને ઈહાં જગ્યા નથી મળતી તો સર્વેથી સરસ જગ્યા એલચીઓ બેસે છે ત્યાંની અપાવું કરી પોતે સાથે આવી અમોને તે જગ્યાપર બેસાડી ગયો હતો. અમોએ તેનું નામ પુછતાં તે મુંબઇની જાણીતી પેહેડી એડવર્ડ બેટસની કંપનીનો વડો ભાગ્યો પોતે સર એડવર્ડ બેટસ માલમ પડયો હતો.

એ ઊપરથી માલમ પડે છે કે આપણા પોશાકને ઈહાંના સારાં માણસો કેટલું માન આપે છે. ઈહાંના જરથોસ્તી તથા હિંદુસ્તાનના બીજા રેહેવાસીઓ આવી ઈંગ્રેજી તોપી તથા પોશાક પેહેરે છે તે તેઓ પસંદ કરતા નથી. પણ હિંદુસ્તાનીઓ જો રસ્તામાં પોતાનો પોશાક પેહેરી ફરેછે તો હલકા માણસો તેઓને રસ્તામાં ઘણા વગોવે છે અને પાછળ ટોળાં થઈને મશકેરી ઠઠ્ઠા કરેછે તેથી રસતે ચાલતાં આપણો પોશાક પેહેરી શકતા નથી પણ જો બાહરના મોટા મેલાવડાઓમાં આપણો પોશાક રાખે તો તેથી આપણને માન સારૂં મળેછે; અને સર્વે જણા આપણી પાસ આવી ઓલખ કરી આપણુની બી રીતે માવજત કરેછે. પણ જો તેવા મેલાવડામાં ઈંગ્રેજી પોશાકે ગયા તો કોઇ કોથુબી દેતું નથી પણ તોબી દિલગીર છીયે કે આપણા લોકો તેવા મેલાવડામાં વઠીક આપણી પાઘડીબી પેહેરતા નથી. અમોને એવા ઘણા દાખલા બન્યા છે અને આપણી પાઘડીને લીધે અમોને ઘણાં ઘણાં સારાં માણસો સાથે વગર ઓળખાણ કરાવવે ઓળખાંણ થઇ છે. હજીબી દરરોજ નવી ઓળખો થતી ચાલુ રહેછે. અમો પોતે કબુલ કરીએ છીયે કે રસ્તામાં જો ચાલતા ફરવા તથા દેખાવો જોવા જઇએ છીયે ત્યારે અમોનેબી નાચારીએ ઈંગ્રેજી તોપી પેહેરવી પડે છે, નહીં તો રસ્તામાં ખચીત ફજેતી ઘણી થાયછે પણ ખાનગી યા જાહેર મેળાવડાઓમાં પાઘડી પેહેરી જવાથી અમોને સારૂં માન મળવા ઉપરાંત અમારી આગતાસ્વાગતા સારી થાયછે.

તા૦ ૨૧ મી જુન સને ૧૮૮૭—આજે આપણી મહારાણી વિકટોરિયાને તખતપર બેઠાને૫૦ વર્ષ પુરાં ગઇ કાલે થયાં તેની ખુશાલીનો જુબીલી દિવસ હતો અને રાણીજી પોતે વેસ્ટમીનીસ્ટર એબીમાં તે સારૂ શુકરગુજારી કરવા પોતાનાં આખાં કુટુંબ તથા યુરોપના તથા હિંદુસ્તાનના રાજવંશીઓ તથા ઇહાંના ઊમરાઓ સાથે જવાનાં હતાં તે જોવા સારૂં (આજે નજદીક બે અઠવાડિયાં થયાં ધામધુમ ચાલુ છે) લોક છેક સહવારના સાત વાગેથી બધેબધ તે રસ્તાઓ ઉપર એકઠું થવા માંડયું હતું. બધા રસ્તા ઉપર તથા ઘેરો ઉપર આ કારણ સારૂં વાવટાઓ તથા ફુલ પાનની તોરણો, આરપાર દેખાય એવાં ચિત્રો તથા બીજી જાત જાતની ધામધુમો કરી મુકી હતી અને રાણીનું સરઘસ જોવા જગેજગ મોટા માચડાઓ મજેના શણગાર કીધેલા ઉભા કીધા હતા. એ માચડાઓપર બેસીને જોવાની દરેક જગ્યા (Seat) એકથી પાંચ ગીનીની કિમ્મતે વેચાતી હતી કોઈ કોઇ માચડાઓ તો ૧૫૦૦ થી ઉપર માણસો બેસે તેવા મોટા હતા. તે સઘળા આઠ વાગામાં લોકોથી ભરાઇ ગયા હતા. એ રસ્તાઓપર આવેલી હવેળીઓની બારીઓ વટીક લોકોએ નહી મનાય એવી કિમ્મતો આપી ભાડે રાખી હતી. એક પીકેડીલીની હવેલીની બે બારીઓ પેહેલાં કોઈએ બસો પાઊંડે ભાડે રાખી, તેણે ચારસોએ બીજાને વેચી, જેની પાસથી ત્રીજા ધણીએ છસો પાઊંડે યાને નજદીક ૩૮૪૦૦ લેખે ભાડે લીધી હતી. અમારે માટે વેસ્ટ મીનીસ્ટર એબીમાં બેઠકની ટિકિટો આવેલી હતી ત્યાં અમો ગયા હતા. અમોને દેવળના દક્ષીણ તરફના બારણા તરફ કોયર ગેલરીપર જગ્યા મલી હતી અને જોકે બધી ટિકિટો ઉપર આંક માંડેલા હતા તોબી જ્યાં ગમે ત્યાં લોકોને બેસવાની છુટ હતી તેથી અમો સકારેથી ગયાથી પેહેલી હારમાં બેઠા હતા અને જોવાને સારૂં બન્યું હતું અને ક્રિયા કરવાની ઊંચી જગ્યા છે તે બરાબર અમારી સામે આવી હતી અને રાણીની તથા બીજી બાદશાહી ખાનદાનની બેઠકો અમારા બરોબર મોઢાં સામે વીશ ફીટ દુરથી દીસતી હતી. અમારી જગ્યા ઊંચાંણ હોવાથી ત્યાંથી ઘણું

સરસ જોયું હતું. નવ વાગામાં તો સઘળી જગ્યા લોકોથી ચીકાર ભરાઈ ગઈ હતી અને સાંભળવા મુજબ ૯૦૦૦) ટિકિટો દાખલ થવા સારૂં છપાઇ હતી તેમાં બધા ઊમરાવો, પાર્લામેંટના સભાસદો, લશ્કરી મોટા અમલદારો, સરકારી નોકરીમાંના મોટા અમલદારો તથા તે સઘળાઓની બાનુઓ ઊપરાંત સંસ્થાનો તથા હિંદુસ્તાનથી આવેલા લોકોને અંદર જવાની ટિકિટો ઘણી ચીપી ચીપીને આપી હતી. રાણીની સવારીની આગમંજ જૂદાંજૂદાં દર ૦। કલાકને અંતરે ૭ સરઘસો નીકળ્યાં હતાં જેમાંનું પેહેલું રાણીના ખાનદાનનાં ન્હાનાં છોકરાંઓનું ગાડીમાં બેસીને નીકળ્યું હતું. તેના પછી હિંદુસ્તાનના રાજાઓ તથા સરદારો યા તેઓની તરફથી આવેલા પ્રતિનિધિઓની ૧૧) ગાડીઓ લશ્કરી "બોડીગાર્ડો" સાથે નીકળી હતી. ત્રીજું સરઘસ રાણીનાં જરા દુરનાં સગાંઓનું ત્રણ ગાડી ભરીને ગયું હતું. ચોથાં સરઘસમાં ઇરાંન, તરકી, સીઆમ અને જાપાનના રાજવંશીઓ ઈંહાં એલચી દાખલ આવેલા છે તેઓ તથા હાવાઇયન (પેસીફીક સમુદ્રમાં ટાપુ છે તેની) રાણી તથા તેણીની છોકરીનું હતું. પાંચમાં સરઘસમાં હાલ જે યુરોપના રાજવંશીઓ આવેલા છે તેઓની સાથે આવેલા ઉમરાવોનું ૧૫ ગાડીઓ ભરીને નીકળ્યું હતું અને છઠ્ઠું અને છેલ્લું સરઘસ રાણીજીનું પોતાનું તેવણના કુટુંબનું નીકળ્યું હતું. તેમાં ૧૧ ગાડીઓ ભરીને છોકરીઓ તથા તેઓની અને છોકરાઓની છોકરીઓ તથા વહુઓનું હતું અને રાણીજીની ગાડીની આસપાસ તેવણના છોકરાઓ તથા જમાઈઓ તથા છોકરીઓના જમાઇઓ ઘોડેસ્વાર થઈને ચાલતા હતા અને પાછળથી "બોડીગાર્ડસો"થી ઘોડેસ્વાર સરઘસનો છેડો આવ્યો હતો. અમે વેસ્ટમીનીસ્ટર એબીમાં હોવાથી અલબતાં એ ગાડી ઘોડાનું સરઘસ જોઇ શકયા હતા નહીં પણ વર્તમાન પત્રોથી વિગત લખી છે. છેલ્લા સરઘસની બધી ગાડીઓમાં ચાર ઘોડાઓ તથા રાણીજીની પોતાની ગાડીમાં ૭ ઘોડા અને બાકીના સરઘસોની ગાડીઓમાં બબે ઘોડા જોડેલા હતા. એ સઘળી ગાડીઓ રાણીજીએ પોતે પુરી પાડી હતી અને તેઓનો ઠાઠમાઠ ઘણો જોવાલાયક હતો.

જ્યારે દેવળની ક્રિયા પુરી થઇ ત્યારે અમે ત્યાંથી જલદી બાહાર નીકળી આમાંના મોટા ભાગની ગાડી સરઘસ રોકે પાછી જતાં જોઇ હતી. ચાર ઘોડાવાળી ગાડીઓ ઘોડાપર બેઠેલાં માણસો હાંકતા હતા અને ગાડીની પાછળ ત્રણ ત્રણ. ઘોડાવાળાઓ બધા કસબી પોશાકોમાં ઊભા રેહેતા હતા. જેઓની તોપીઓ ત્રણ ખુનાની હતી અને માથાં-પરના બાલને પાઉડરે કરી સફેદ બનાવેલા હતા.

દરેક પાદશાહી ખાનદાનની ગાડી જતી તે વખ્તે બાહાર ઉભેલુ કીડી માફક ઉભાઇ જતું લોક તેઓને ખુશાલીના પોકારોથી વધાવી લેતું હતું અને વર્તમાન પત્રોના કેહેવા મુજબ તો રાણી જ્યારથી બકીંગહેમ પેલેસમાંથી નીકળ્યા ત્યારથી તે વેસ્ટમીનીસ્ટર એબીમાં આવ્યાં ત્યાં સુધી એક નાકેથી બીજે નાકે સુધી તેવણને ખુબ ખુશા-લીના પોકારો વચમાં જરાબી ખાંચો ખાધા વગર મળ્યા હતા. એ વખ્તનો દેખાવ કેહે છેકે એવો સરસ હતો કે આગળ કોઇ પણ વખ્તે તેવો બન્યો નથી અને તે મુજબ હોય તેમાં નવાઇ પણ નથી. એ રસ્તો આસરે બે મૈલ જેટલો હશે અને તે સઘળા રસ્તા ઉપર ગંજાવર હવેલીઓ આવેલી છે અને વળી જે રસ્તે રાણીજી આવ્યાં તે રસ્તા બદલે બીજેજ રસ્તે પાછાં સરઘસના આકારે સીધાર્યાં હતાં તેથી બીજો બે મૈલનો રસ્તો જેબી તેવીજ ગંજાવર ઇમારતોનો છે તે પર શી રીતે લોક હોવું જોઇયે તેનો વિચાર એ ઉપરથી કરવો કે લંડન-ની ખુદ વસ્તી પીસતાલીસથી પચાશ લાખની કેહેવાય છે તેમાં બાહર-ના દેશોથી બીજાં એ તમાસો જોવા દશ લાખ માણસ ઉપર આવેલું કેહે છે તે બધાં પંચાવન લાખ માણસોનો મોટો ભાગ એ ચાર મૈલ-ના રસ્તા પર એકઠો થયલો તે કેવો દેખાવ હશે? અમોબી સારાં ભાગ્યે ગાડી પેહેલાં આવી તેમાં બેશીને એ જગ્યાઓપર ક્રિયા થયા પછી ફર્યા હતા. તે વખ્તનો દેખાવ અમે કદી ભુલી જવાના નથી. બધો આખો રસ્તો (ને રસ્તાઓ કાંઇ ન્હાના નથી પણ ઘણા પોહોળા છે) ખીચોખીચ લોકોથી ભરાવા ઉપરાંત સઘળાં ઘેરની બાહરના માચ-

ડાઓ (કોઇ કોઇ માચડાઓમાં દોઢ હજાર ઉપર બેઠકો) તથા સઘળાં ઘરોની સાત માલો સુધીની બારીઓ ઉપર તથા રસ્તામાંના મીનારાઓ, પુતળાંઓ તથા ઝાડો વગેરે ઉપર લોકો ઊભાઇ જતું હતું. બધાં ઘેરોની ઊપર શણગાર લાલ તથા બીજાં રંગીન કપડાંનો ટેસ્ટથી કીધેલો તથા ફુલોના (ખોટાં ફુલો) તથા પાદડાંના તોરણો રસ્તાની વચમાં તથા હારબંધ થામલાઓપર બાજુએ લટકાવેલાં તથા વળી કપડાંઓપર આકારો તથા રાણીને દુવાના બોલો લખેલા તથા આરકાંઓ તરેહ તરેહનાં કીધેલાં અને જગેજગ લાખોલાખ વાવટાઓ ટાંગેલા તથા "ઇલ્યુમીનેશન" સારૂ બીલોરના હીરારોકા "ડીઝાઈનો" મુકેલા અને ઓરત લોકોના રંગબેરંગી ભપકાદાર પોશાકોથી એક ઘણો સરસ દેખાવ નજરે પડતો હતો કે જેની વિગતો અમો આપવાને તદન અશકત છીયે. પણ એ બાહારની વિગતો ઉપરાંત અમે દેવળની અંદર જે જોયું તે લખવું જોઇએ. અમો નજદીક બે કલાક ત્યાં બેઠા પછી આસરે ૧૧ વાગેથી રાણીજીની આગળ નીકળેલાં સરઘસો એક પછી એક દેવળમાં આવવા લાગ્યાં. જે દરેક સરઘસની વખ્તે અંદરનું લોક ઊભું થતું હતું અને દેવળની મોટી આરગીન માર્ચ વજાડતી હતી. પેહેલું સરઘસ તો ન્હાના છોકરાંઓનું આવ્યું જેઓને મુગાં મુગાં લઇ જઇને પોતાની જગ્યાપર બેસાડયાં હતાં, પણ ત્યારપછી ઇંહાં જે દેશાવરોના રાજાઓ આવ્યા છે તેઓ આવ્યા હતા જેઓ સરઘસમાં સામેલ નહીં પણ છુટા થોડીએક ગાડીઓ ભરીને બંધ ગાડીમાં આવ્યા હતા તે વખ્તે દેવળમાં તેઓને સારો આવકાર મળ્યો હતો અને સઘળું લોક ઉભું થઈ આરગીને માર્ચ વજાડી તેઓને માન આપ્યું હતું. એ રાજાઓમાં ડેનમાર્કનો રાજા તથા રાણી, સેક્ષનીનો રાજા તથા રાણી, બેલજીયમનો રાજા તથા રાણી હતાં અને તેઓ ઊપરાંત ઓસ્ત્રીયાના શાહાનો વડો છોકરો, પોર્ટુગાળના રાજાનો વડો છોકરો તથા છોકરી, સ્પેનના રાજાની બે બેનો, બેવેરીયાનાં રાજાનો છોકરો તથા જરમનીનાં નાંઘલાં રાજો Dutchees ના વડાઓ જેવાકે (Baden) બેડનનો (Hohenlohe-Langenburg) હોહેન

લોર્ઈનેગેનબર્ગ, (Saxe Coburg & Gotha) સેક્ષ કોબર્ગ એન્ડ ગોઠા, (Saxe Weimr) સેક્ષ વીમર, (Macklenburg Sterelitz) મેકલેનબરગ સ્ત્રેલીટઝ ઇત્યાદી હતા. એઓ આવી રહ્યા પછી આપણા હિંદુસ્તાનના રાજવંશીઓ તથા તેઓના પ્રતિનિધિઓનું સરઘસ આવ્યું હતું જે વખ્તેબી ઉપરની માફક તેઓને લોકોએ ઉભા રહીને તથા આરગીન વજાડીને માન આપ્યું હતું. એ રાજાઓ તથા પ્રતિનિધિઓ નીચે મુજબનાં હતા અને તેઓને તેઓના ઓહ્વાના માન મુજબ ચલાવતા લાવ્યા હતા. પેહેલાં કપરથલાના રાજા તરફથી આવેલા ગ્રહસ્થો, ભરતપોરના રાજા તરફથી આવેલા, જોધપુરના રાજા તરફથી આવેલા, હેદરાબાદના નીઝામ તરફથી આવેલા, ત્યાર પછી ગોંડલના ઠાકોર સાહેબ (પોતે,) લીમડીના ઠાકોર, મોરવીના ઠાકોર, કુચબીઆરના મહારાજા તથા મહારાણી, કચ્છના રાવ અને સૌથી છેલ્લે મહારાજા હોલકર હતા. ત્યારપછીનાં સરઘસમાં ડયુક ઓવ કેમબ્રીડજ તથા બીજા રાણીના સગાઓ આવ્યા હતા. ત્યાર પછીનાં સરઘસમાં એશિયાનાં રાજાઓના પ્રતિનિધિઓ હતા જેમાં ઇરાનના શાહનો છોકરો અબન નશર મીરઝાં હાશમ અઝ સલતને કરી હતો, તેની સાથે તેનો એલચી પણ હતો. તેની પાછળ સીયામનો રાજવંશી પ્રિન્સ ડીવાન્ગસી—વારોપરાકર તેના રસાલા સાથ આવ્યો જેની પાછળ જાપાનનો રાજવંશી હીઝ ઇમપીરીયલ હાઇનેસ કોમાતસુ તથા તેનો રસાલો હતો. એની પછી અમેરીકા તરફની હાવાઇની રાણી કાપીઓલાની તથા તેણીની છોકરી અને રસાલો હતો. ત્યાર પછી યુરોપના રાજવંશીઓ સાથે આવેલા ઊમરાવો તથા બીજા રાજોના એલચીનું હતું અને સૌથી છેલ્લું આપણી મહારાણીજીવાળું સરઘસ આવ્યું હતું જે વખ્તે રણશિંગડાં ફુંકનારાઓએ Fangare મયુઝીક વજાડયું હતું અને આરગીને હેનડલની માર્ચ ઘણી સરસ વજાડી હતી. પેહેલાં દેવળના મોટા પાદરીઓ તથા આર્ચબીશપો તે સરઘસમાં ચાલતા હતા જેની પાછળ રાણીજીના મેહલના ખતલાના લોર્ડસો હતા ત્યારપછી રાણીજીના ખાનદાનના નબીરાઓ (છોકરા

તથા છોકરીના છોકરાઓ) તથા છોકરીના જમાઇઓ હતા જેમાં હાલના રૂશીયાના શેહેનશાહનો ભાઈ ગ્રાંડ ડયુક સર્ઝે (Serge) જે રાણીજીની મરનાર છોકરી પ્રીનસેસ હેલીનાની છોકરી સાથે પરણેલો છે તેબી હતો. તેઓની પાછળ રાણીજીના પોતાના જમાઇઓ જરમનીના શેહેનશાહના વડા છોકરા સુધાં ચાલતા હતા. તેઓની પાછળ રાણીજીના ત્રણે છોકરા અને તેઓની પાછલ લોર્ડ સ્ટુઅર્ડ તથા લોર્ડ ચેમબરલેન હતા જેની પાછળ રાણીજી પોતે ચાલતાં હતાં. એવણે કાળો પોશાક પેહેર્યો હતો પણ એવણનાં ધણીના મરણ પછી આજેજ પેહેલ વેહેલી સફેદ લેસની ટોપી તથા માથાપર હીરાની શેહર મુકેલી હતી. એવણ દેખાવે જરા એવણની ઉમર જોતાં વધારે બુજર્ગ લાગેછે તથા કદે ઠીંગણાં તથા ભરેલાં અંગનાં છે. એવણની ચાલ ઘણી ધીમી અને ભપકા ભરેલી છે અને બેઉ બાજુપર તેઓ લોકોને નમીને સલામ કરતાં હતાં. એ વખ્તે બે ચાર ગમથી અમે સાંભળવા મુજબ એવણની આંખમાં ખુશાલીનાં આંસું આવી ગયાં હતાં. દેવળમાં તો કોઇથી ખુશાલીના પોકારો થઇ શકે નહીં તેથી સઘળું ચુપાચુપ હતું પણ આરગીનના સરોદ મુજબ એ સરઘસ આસ્તેઆસ્તે ચાલતું હતું તે ઘણું અસરકારક લાગતું હતું. રાણીજીની પાછળ ચાર લોર્ડસો ચાલતા હતા અને તેઓની પાછળ બબેની હારમાં રાણીની વડી છોકરી (જરમનીના શાહાની વહુ) તથા પ્રિન્સેસ ઓવ વેલ્સ અને બીજી શાહાજાદીઓ એ પ્રમાણે ચાલતી હતી. એ પ્રમાણે સરઘસ દેવળની વચમાંથી પસાર થઈને છેક નાકે આલટરની સામે જઇ સૌએ પોતાની જગ્યા લીધી હતી. રાણીજી સારૂં તખ્તપર બેસતી વખ્તની ક્રિયા થાય છે તે ખુરસી જે લાકડાંની છે તે ઉપર લાલ મખમલ જડીને મુકી હતી અને તેની હેઠલ પેલો વખણાયલો પથ્થર જે ઉપર હજાર વર્ષ થયાં ઇંગ્લંડ તથા સ્કોટલંડનો રાજા રાણીઓ તાજ પેહેરવાની ક્રિયા વખ્તે બેસતાં આવ્યાં છે તે મુકેલો હતો જે ઉપર રાણીજી આએ વખ્તે બેઠાં હતાં. પાદરીઓએ ક્રિયા શરૂ કીધી હતી જે વખ્તે કોયર (ગીત ગાનારા) નાં

આસરે બસોથી ત્રણસો જણાં સાથે "હીમસો" ગાતાં હતાં અને બધા જણાં તે વખ્તે ઊભા રહીને સામેલ થતાં હતાં. તે કોયરની સાથે વાજું પણ વાગતું અને આરગીન સામેલ હોવાથી ઘણુંજ સરસ લાગતું હતું. એ ક્રિયા સારૂં ખાસ બંદગીઓ કીધેલી હતી જેમાં રાણીના વરે એક જોડેલી રાણીની ખાસ ફરમાશથી પણ ગાઇ હતી. એ વખ્તના દેવળની અંદરના દેખાવનાં ભપકાનું અમો કશું બ્યાન કરી શકતા નથી. બધા ઊમરાવો પોતાના ભપકાદાર ખેતાબો (Orders) ના જભ્ભા તથા ઝવેરાતો તથા હારો (Collars) પેહેરી, એલચીઓના તથા બીજા દરબારીઓના કસબના ભરેલા પોશાકો, ઊમરાવજાદીઓનાં તરેહવાર રંગનાં ટેસ્ટથી બનાવેલાં કપડાંઓ તથા રીજમીટનાં જાતજાતના યુનીફોર્મ્સો તથા ચાંદો, હિંદુસ્તાનના રાજવંશીઓનાં ગળામાં તથા પાઘડીઓપર મુકેલાં ઝવેરાતો તથા હારો (જેની ઇંહાં ઘણી તારીફ થાય છે) તથા કસબી પોશાકો ઇત્યાદીથી જાણે ઇનદર રાજાની સભા મળી હોય તેવો દેખાવ લાગતો હતો.

બંદગીની ક્રિયા પુરી થવા પછી રાણીજીની આગળ સૌથી પેહેલાં પ્રિન્સ ઓવ વેલ્સે જઇ ગુઠણુમંડીયે પડી તેવણના હાથને ચુમી લીધી હતી પણ રાણીજીએ પાછી તેને ગાલ ઊપર ચુમી લીધી હતી. એ પ્રમાણે રાણીના બધા છોકરાઓ, વહુઓ તથા જમાઈઓ અને છોકરા તથા છોકરીના છોકરાઓએ કીધું હતું અને રાણીએ પાછી બધાંઓના ગાલ ઉપર ચુમી લીધી હતી તેમાં પોતાની વડી છોકરી જરમનીના શેહેનશાહની વહુને તથા પોતાના મરનાર દીકરા ડયુક ઓવ આલબનીની વીધવાને બબે ચુમીઓ વધતો પ્યાર બતાવી લીધી હતી. એ સઘળું પુરૂં થયા પછી આગળની માફક પાછા સરઘસનાં આકારમાં બધાઓ બહાર ગયા હતા જે વખ્તે આરગીનપર માર્ચ વજાડી હતી અને સર્વે જણાઓએ ઊઠીને માન આપ્યું હતું. પાછાં ગાડીમાં બેસીને સરઘસના આકારમાં બકીંગહામ પેલેસમાંથી આવ્યા તેથી બીજે રસ્તે સીધાર્યા હતા. આજે રાતનાં આખા લંડનમાં

રોશનો થઇ હતી જે જોવાને લોકોને સગવડથી અને માટે સઘલી ગાડી ઘોડાની આવજાવ તદન બંધ કીધી તેથી અમો પણ ચાલતાજ ફરવા નીકળ્યા હતા. અમો પેહેલાં ચેરીંગ ક્રાસની અંદર ગ્રાઉદ રેલવે-માં બેસીને છેક લીવરપુલ સ્ત્રીટ સ્ટેશનપર ઉતર્યા હતા અને ત્યાંથી રોશની જોતા શેહેર (City) માં થઇને સ્ત્રેન્ડ તથા ટ્રેફાલગર સ્કવેરને રસ્તે રીજન્ટ, પેકેડીલી તથા ઓક્ષફર્ડ સ્ત્રીટમાંથી પેલમેલ તથા વાટરલુ પલેસ થઇને પાછા હોટલમાં આવ્યા હતા. એ બધો રસ્તો આસરે ચાર મૈલ જેટલો લાંબો હશે તે પર ફરતાં અમોને સાડાચાર કલાક લાગ્યા હતા. જોકે રસ્તાઓ બધા પોહોળા છે અને ગાડીઓ ત્યાં બંધ હતી તોબી એટલીતો ભીડ હતી કે અમો દબાઇને કોઇ વખ્તે ભીડની સાથે ઘસડાઇ જતા હતા. તેમાં જ્યારે કેટલાએક મોટા છોકરાઓ એક એકની પાછળ હારબંધ કમ્મર પકડીને આસરે ૫૦ થી ૧૦૦ જણનાં ટોળાંઓ થઇ ચાલતા અને સરખાં પગલાં મુકવા લેફ્ટ લેફ્ટ (left) કરી બોલી દાબો પગ પેહેલો મુકી ચાલતા ત્યારે લોકોની ભીડ ઘણી દબાંણ કરતી હતી અને એવાં બે ટોળાં જ્યારે સામસામા મલતાં ત્યારે તો જાણે ઇસકોરૂ દબાય તેમ ભીડમાં લાગતું હતું. એ ટોળાંઓ આખો વખ્ત કાંઇને કાંઇ ગીતો ગાતાં જતાં હતાં અને રોશનીમાં જ્યાંબી રાણીની છબી યા પુતળું આવતું યા રાણીને સલામત રાખે એવા બોલો આવતા કે તેઓ ટોપીઓ ઉતારી એક સાદે હુરરેના પોકારો ઊઠાવી રાણીની સલામતીનું ગીત ગાતા હતા. વળી એક ટોળું સોંગ સારૂ મોટા ખોટાં નાંકો પેહેરીને રસ્તામાં તોફાન કરતું તથા લોકોપર પાણીની પચુકરીઓ ફેંકતું હતું પણ કશી રીતે મારામારી થતી હતી નહીં પણ સર્વે ખુશ મીજાજથી તે ખમતા હતા. એ ભીડમાં ઘણી ઓરતો પોતાનાં ન્હાના બચાંઓ તેમાં કોઇ કોઈતો એક વર્ષની અંદરનાં ઉમરનાં લઈને ફરવા નીકળેલીઓ હતી. તેઓનો દેખાવ ઘણો દયા આણવા જોગ હતો પણ જ્યારે ભચડાકચડી ઘણી થતી ત્યારે તેવી ઓરતોની આસપાસ લોક ફરી વળી પેલાં બચાંનો બંચાવ કરતું હતું પણ છુટી ઓરતો મરદોની માફક ભીડમાં

દબાતી હતી. આજની રોશની જોકે દરેક ઘેરપર ન હતી તોબી છુટી છવાઇ દરેક મોહોલ્લામાં હોવાથી આખો મોહોલ્લો રોશનીથી ભરેલો હોય તેવું લાગતું હતું. ઈહાંની રોશની કાંઇ હિંદુસ્તાનની માફક બતીની હારો ગોઠવીને કરતા નથી પણ છુટા છુટા બીલોરના આકારો કરીને તેની અંદર બતીઓ સલગાવે છે જેથી તે બતીનો વરસાદ યા પવનથી બચાવ થવા ઉપરાંત કાચ હીરાના જેવા ઘાટના હોવાથી રોશની ઘણી હોય તેમ તેમાંથી દીસે છે અને વળી અંદર તરાંહપર રંગ હોવાથી જાણે હીરા, માણેક તથા પાનાનાં આકારો બનાવેલા હોય તેવા દીસે છે. કોઇ કોઇ ગમ તો બારીની આસપાસ ગ્યાસની ફરતી બતીઓ પણ મુંબઇની માફક કીધેલી હતી અને વળી કોઇ ગમ હવેલીઓની બાહાર કમપાંઉદની દેવાલના સાત આઠ ફીટ ઊંચા થામલાઓ મથાળેથી ખુલ્લા રાખેલા હોય છે તેની અંદરથી નલીઓ મુકીને તેને મથાળે મોતી મસાલો બલતી હોય તેમ ગ્યાસનાં બળતાં કરેછે અને તેવા આઠ દસ થાંમલાઓ હોવાથી જાણે આગ લાગી હોય તેવું અજવાળુ મોહોલ્લાઓમાં પડે છે અને વળી તેજ માફક છાપડાંની ઊપર પણ થામલાઓમાં બળતાં કરે છે. બધા મોહોલ્લાઓના ઘરો ઉપર વાવટાઓનો તો કાંઇ ઠાગજ નહીં હતો પણ જે રસ્તે રાણીજી સહવારના ગયાં હતાં તે જગ્યા તો જાણે વાવટા તથા ફુલોનીજ બનાવેલી હોય તેવું દીસતું હતું અને વળી થામલાઓની વચમાં રસ્તાને મથાળે મોટા કપડાં તથા જાડા કાગજોપર રાણીને દુવાઓ લખેલી હતી અને રસ્તાને મથાળે ઊપરથી ફુલની તથા પાંદડાંની "ટેસ્ટ"થી ગોઠવેલી તોરણો કીધેલી તેથી દેખાવ જાણે બાગેબેહેસ્તમાં નીચેની રોશનીથી ફરતા હોઇએ તેવો લાગતો હતો. કોઈ કોઇ ઘેરમાં તો પોતાની બારીઓની ફરતી દીવાલ ઉપર તારના આંકડાઓ ગોઠવી તેમાં (મુંબઇમાં બતીના તમ્બલરો મુકે છે તેને બદલે) ફુલના નાના કુંડાઓ મુકેલાં હતાં જેઓના તરેહવાર રંગથી તે ઘણું શોભતું હતું. કોઇ ગમ બાકસોની અંદર ચળકતાં કહલાઇના પતરાં આવેછે તેવાં પતરાંઓ જડીને તેની ઊપર ફુલના આકારો ગોઠવેલા હતા અને તેની સામેના ઘરની

બારીઓ ઉપર ઉભા રહી તે ઉપર રંગીન કાચના "રીફ્લેકટરો"ની રોશની તરેહતરેહના રંગની પાડતા તેનો દેખાવ જુદીજ રીતનો લાગતો કારણ કે પેલાં પતરાંપર એ રોશની લાલ યા બલુ યા લીલી પીલી પાડતા કે તેમાંથી પાછી "રીફ્લેકટ" થતી હતી અને બધે આસપાસ તે રંગ ફેલાવી નાંખતી હતી 'અને વળી તેના ફુલોના આકારોને મથાળે ગોલ આકારમાં આરસીના ચોકઠાં માફક ફુલો ગોઠવી તેની વચમાં રાણીજીનું અર્ધ બાવળું સંગેમરમરનું મુકેલું અને તેની હેઠળથીજ વાટા પાડેલાં પતરાં ચળકતાં બનાંવી મુકેલાં તે ઉપર જ્યારે સાંમી રોશનીનું પ્રતિબિંબ પડતું ત્યારે જાણે પાંણીનાં ધોધ પડતા હોય તેવું રંગબેરંગી રંગનું દીસતું હતું અને તેમાં રાણીનું પુતળું ઘણું સરસ રીતે દીપી નીકલતું હતું. કોઇ ગમતો રાણીની સલામતીનાં ગીતની પેહેલી કળી (Verse) આખી રોશનીથી બનાવી હતી. એક્ષ-ચેંજ બેંક ઓવ ઇંગલંડ તથા મેનશન હાઊસ જે એકજ મોહોલ્લામાં આવેલાં છે તે ઉપર તો ઝીણી બતીઓની તોરણો ઘણા "ટેસ્ટ"થી કીધેલી હતી અને તેઓનાં બાહરનાં ઓટલાનાં થાંમલાઓપર જાણે ફુલોના હારો વિટાળયા હોય તેમ ઝીણી મીણબતીઓની હારો વિટાળેલી હતી. એ બતીઓ ઘણીજ ઝીણી તથા રંગીન કાચની નાની હાંડી યા ફાનસોમાં હોવાથી તે તરફનો દેખાવ કાંઇ જુદીજ તરાંહનો લાગતો હતો. આસપાસ બધું અંધારૂ અને તેની વચમાં એ ઝુંફતી બતીઓનો આકાર ઘણો સરસ દીપી નિકળતો હતો. એ ઝીણી બતીઓ કાંઇ પૈસાના બચાવ સારૂ કીધી ન હતી તેની અસર બતાવવા સારૂં હજારો હજાર તેવી બતીઓથી એ ઘણી શોભઇતી હવેલીઓ જાણે મઢી લીધી હતી. એકગમ કેનન સ્ત્રીટમાં એક આખા ઘરની રેખાઓ એવી બતીઓથી ફુલો સાથે ગોઠવીને બનાવી હતી જેની આસપાસના ઘરોપર રોશની નહીં કીધેલી હોવાથી તે રોશનીવાલું ઘર ઘણું દીપી નિકળતું હતું. જ્યાં જોઇયે ત્યાં રાણીના અર્ધા બાવળાઓ તથા પુતળાંઓ તથા છબીઓ ફુલોની વચમાં મુકી તેને માથે ફુલોના છતરો તથા રંગીન કાગજની છત્રીઓ મુકેલી હતી. ટ્રેફાલગર સ્કવેરમાં

આવેલું ગ્રાંડ હોટલ બધું બતીથી ભરી નાખ્યું હતું. જે છથી સાત માળ સુધી એ બતીઓ હોવાથી ઘણું ભપકા ભરેલું એ ખુલ્લા ચોકમાં આવ્યાથી લાગતું હતું અને વળી તેના છાપરાંને મથાળે ગ્રાંડ હોટલના અક્ષરો ગ્યાસ લાઈટમાં બનાવેલા મુકેલા તે ઘણા દુરથી જાણે હવામાં અલગ હોય તેવા દિસ્તા. એ મુજબ સઘળી રોશની ઘણી જોવા લાયક હતી જેનું બ્યાન અમો આપી શકતા નથી. આજે જોકે આટલી બધી ગીરદી હતી તોબી અકસ્માતો ઘણા થોડા થયા હતા તેબી વળી લોકોના પોતાના વાંકથીજ હતા. દિવસના રાણીની સ્વારી જોવા લોકો છેક છાપરાંઓની ચીમની સુધી બેઠું હતું તેમાંથી એક જણ રસ્તામાં પડયાથી મરી ગયો હતો અને એક જણ ઝાડ પરથી પડવાથી મરી ગયો હતો. બીજા ઘણા જણાઓને ઘોડાની લાતો વાગાથી બેહાલ થયા છે અને ભીડની કચડાકચડી સવારના ઘણી હોવાથી તથા તડકું જોરમાં પડવાથી ઘણું લોક બેશુદ્ધ થઇ ગયું હતું એવું આસપીટલના રીપોર્ટો પરથી માલમ પડે છે. આપણી રાણીનો જમાઇ માર્કવીસ ઓવ લોર્ન પણ સવારના સરઘસમાં હતો તે વખતે ઘોડાએ મસ્તી કીધાથી પડી ગયો હતો પણ તેને કાંઇ જખમ થયો હતો નહીં અને દેવળમાં ત્યાર પછી આવ્યો હતો. આજના દેખાવ તથા બીનાની વીગતો અમો લખવાને તદન અશકત છીયે અને નથી ધારતા કે એવું ફરીથી કબી અમો પાછું જોઇશું.

તા૦ ૨૨ મી જુન સને ૧૮૮૭—આજે પણ રાણીની જુબીલીને લીધે બધે રાતના રોશણી થઇ હતી અને ગાડીઘોડાવાળાઓને જોવાને બને તેથી તેઓની જાવઆવ બંધ નહી કીધાથી ગાડીની ખુબ ઠઠ રાતના થઈ હતી. ગાડી ભાડું આજે ત્રણ દિવસ થયા ઘણું મોઘું થયું છે. એક ઘોડાની ગાડી ૬ પાઊંડની અંદર રોજે મળતી ન હતી અને જોડીની સારી ભપકાવાળી ગાડીઓના વીશથી ત્રીશ અને ચાલીશ પાઊંડ એક દિવસના લોકોને આપવા પડયા હતા. ટ્રામવાળા તથા ઓમનીબસવાળાઓબી એકનાં છગણા ભાડાં માગતા હતા અને તેજ મુજબ ભાડુતી કેબસોવાળા માગતા હતા.

તા૦ ૨૩ મી, ૨૪ મી, તથા ૨૫ મી જુન સને ૧૮૮૭—આએ તરનદો દિવસે અમો ખાનગી કામને લીધે કાંઇ જોવા લાયક જગ્યા પર ગયા હતા નહીં.

તા૦ ૨૬ મી જુન સને ૧૮૮૭—આજે બપોરથી જેફેલો વીસ્કી નામના કારીગરને ત્યાં ગયા હતા જયાં આખો દિવસ ઘણી મોજમજાહમાં ગુજાર્યો હતો અને ત્યાં મી૦ કલાર્ક કરીને એક ગ્રહસ્થ આવેલો હતો જે બધી રીતે ચીતાર પાડવામાં, ગાયણુમાં તથા કાહાણીઓ કહેવામાં તથા ચાળા પાડવામાં હુશીયાર હતો. પોતે જાણે કાંઇ વાત બની હોય તેમ તે વાત કરતો અને સાથે પીયાના પર તેનો (Fantasia) તે વખતેજ જોડીને વજાડતો હતો. ગીતો જોડવામાં પણ તે ઘણો હુશીયાર હતો અને આખો દહાડો તેને લીધે એવો તો જલદી નિકળી ગયો હતો કે તદન માલમ પડયો હતો નહીં. એ ઘણી ઉપરાંત બીજી બે ત્રણ ઓરતો તથા બે ત્રણ મરદો પણ સારા ગાઈ વજાડી જાણનારા આવ્યા હતા તેથી આખો દિવસ ગાવા વજાડવામાં ગુજાર્યો હતો. એ મી૦ જેફેલો વીસ્કી પોતે પુતળાં બનાવનાર ઉસ્તાદ માણસ છે. એણે ઘણાં જાણીતાં પુતળાઓ સંગેમરમર તથા બ્રોન્ઝનાં બનાવેલાં છે ને હમણાં રાણીની પોતાની તરફથી તેવણનું પોતાનું પુતળું બનાવવાનો હુકમ એને મળ્યો છે. એ ઘણી આખાં કદનું પુતળું બનાવવાની ૧૦૦૦ ગીની લીયે છે.

તા૦ ૨૭ મી તથા તા૦ ૨૮ મી જુન સને ૧૮૮૭—આ દીવસોપર કાંઇ જોવા લાયક જગ્યા પર ગયા હતા નહીં.

તા૦ ૨૯ મી જુન સને ૧૮૮૭—આજે સાંજનાં કલાક પાંચ વાગેને બકીંગહામ પેલેસમાં રાણીજીની પોતાની "ગારડન પાર્ટી" હતી ત્યાં ગયા હતા જયાં સારા સારા માણસોનો મોટો મેળાવડો થયલો હતો અને જુબીલી સારૂં યુરોપના તથા હિંદુસ્તાનના રાજવંશીઓ આવ્યા છે તે સઘળાઓ ઉપરાંત ઇહાંના બધા ઉમરાવો, પ્રધાનો તથા

બીજાઓ આવેલા હતા. એ મેળાવડો બકીંગહામ પેલેસના પાછળા ભાગમાં મોટો બાગ છે ત્યાં થયો હતો. જે બાગની આરાસ્તા ઘણી સારી ફુલ પાંનોથી તથા ફુવારા, લોનસો તથા હાથે બનાવેલા સરોવરોથી કીધેલી છે. રાણીજી પોતે સાડાપાંચ વાગેને આવ્યાં તે વખ્તે ત્યાં હાજર રહેલાં ત્રણ વાજાંઓએ રાણીની સલામતીનું ગીત વજાડયું હતું. રાણીજી પોતે લોકોની હારોમાંથી ચાલતાં પસાર થઇ સર્વેને નમીને સલામ કરતાં હતાં અને ઓળખવાળાઓ તથા હિંદુસ્તાનના રાજવંશી આગળ ઊભાં રહીને એક મીનીટ વાત કરતાં હતાં. એવણ જ્યારે બાનુઓ આગળથી પસાર થતાં હતાં ત્યારે બાનુઓ જાણે ગુઠણ મંડીએ આગળ ધલતી હોય તેવી રીતે ગુઠણે મંડીને પછી પાછળથી બેસી જતી હોય તેમ આંગને મરડતી હતી અને તે મુજબ સર્વે બાનુઓ તેઓને નમતી હતી. જો કોઇની સાથે રાણી શેકહેંડ કરતાં તો તેઓ વાંકી વળી રાણીના હાથને ચુમી લેતી હતી. અમોબી હારમાં બીજાઓની સાથે ઉભા હતા જ્યાં રાણી આવ્યાં ત્યારે અમારો પાઘડી સુધાંનો પેહેરવાસ જોઇ પોતે અમારી સાંમે ઉભાં રહીને અમોને સલામ કરી, "તમોને જોઇને ઘણા ખુશી થયાં," એમ કહ્યું હતું અને અમોએ તેવણનો ઉપકાર માન્યા પછી તેવણ આગળ વધ્યાં હતાં. એ પ્રમાણે બાગનાં ચોગાંનનો આખો ભાગ તેઓ ફરીને પછી રાજવંશીઓ સારૂં જુદો એક પ્લાટફાર્મ કરી તંબુ નાંખેલો હતો ત્યાં ગયાં હતાં. એઓની પાછળ હારબંધ યુરોપના અત્રે આવેલા રાજાઓ તથા રાજવંશીઓ ચાલતા હતા અને લોકોને તેઓબી નમીને સલામ કરતા હતા. રાણીની પોતાની સાથે પ્રિન્સ ઓવ વેલ્સ ચાલતો હતો જેવણે પણ અમોને પારસીઓ દાખલ ઓળખીને તોપી ઊંચકી સલામ કીધી હતી. એ મેળાવડામાં જો કે બીજા ત્રણ પારસીઓ અમો વતરોગે આવેલા હતા તેઓમાંના એક જેઓ મોરબીના ઠાકોર સાથે ડાકટર દાખલ આવેલા છે તેઓએજ પાઘડી સુધાંનો પોશાક પેહેરેલો હતો, બાકીનાઓ ઇંગ્રેજી પોશાક તથા તોપીઓમાં હોવાથી પારસીઓ છે કરી પર-

ખાઇ શકાતા હતા નહીં અને તે મુજબ બીજા ચાર પાંચ હિંદુ તથા મુસલમાનો પણ પરખાતા હતા નહીં. જો તેઓ પોતાના પોશાકમાં હતે તો જેમ અમોને માન મળ્યું તેમ તેઓને પણ રાણીજી માન આપતે. બીજા હિંદુસ્તાનના રાજવંશીઓ જેઓ લોકોની સાથે હારમાં ઉભેલા હતા તેઓને તો રાણીએ સલામ કરવા ઉપરાંત શેકહેંડ પણ કીધી હતી. રાણીજી પોતાનો રીફ્રેશમેંન્ટવાળો તંબુ જે ચારો બાજુથી ખુલ્લો હતો ત્યાં ગયાં કે બીજાઓ સારૂ બીજા મોટા તંબુઓ રીફ્રેશમેન્ટના હતા ત્યાં રીફ્રેશમેન્ટ લેત- તથા બાગમાં ફરીહરી વાજાં સાંભળી મજાહ ભોગવતા હતા. આખરે સાત વાગેને રાણીજી પાછાં વીન્ડસર કેસ્ટલ જવા નિકળ્યાં તે વખતે પણ આગળની માફક બધાઓની વચમાંથી થઇ સર્વેને સલામ કરીને મેહેલમાં ગયાં અને ત્યાંથી ચાર ઘોડાની ગાડીમાં બેસીને વીન્ડસર જવા પેડીંગટન સ્ટેશનપર ગયાં હતાં. આજે રાણીજીએ બોનેટને બદલે પેહે- લવેહેલે તોપી પેહેરી હતી અને તેમાં સફેદ પીછ ખોસ્યું હતું પણ ઝવેરાતમાં ફકત એક મોટાં મોતીની આસપાસ બીલીયાંન જડેલી કા ડીઓ બેઉ કાનમાં પેહેરેલી હતી. તેઓ તનદરોસ્તીમાં આજે ઘણાં સારાં લાગતાં હતા જો કે બાલ સફેદ ઘણા થવા આવ્યા છે તોબી મોઢાંપર કરચલી દેખાતી નથી. તેઓ એક સાદી લાકડી લઇને તેના ટેકાથી ચાલતાં હતાં તોબી કાંઈ નાતવાન હોય તેવાં એઓની લગભગ સીતેર વરસની ઉમરે જણાતાં હતાં નહીં અને ઘણા ખુશ મીજાજમાં આખો વખત હસતાં હતાં. તેઓના રીફ્રેશમેન્ટવાળા તંબુમાં ફકત તેઓનાં ખાનદાનનાં માણસો તથા યુરોપના રાજવંશીઓજ ગયા હતા પણ પાછળથી મહારાજા હોલકરને ડયુક ઓવ કોનાટ તેઓની પાસે તે તંબુમાં લઈ ગયા હતા જેની સાથે તેઓએ થોડો વખત વાત કીધી હતી. તે સિવાય હિંદુસ્તાનના બીજા કોઇબી રાજા યા રાજવંશીને અંદર જવા દીધા હતા નહીં. રાણીને તે તંબુમાં જોવા સારૂ આસ- પાસ જરા છેટેથી ઘણી ગરદી થઇ હતી જેમાં મોટા મોટાં ઉમરાવો તથા ઉમરાવજાદીઓ જાણે કોઈ દીને રાણીને દીઠાં નહીં હોય તેમ

ઉભાં રહીને જોયા કરતાં હતાં. એ ભીડને અંદર વધારે પગલાં નહી ભરવા દેવા સારૂં રાણીના બોડીગાર્ડસો દાખલ આપણા હિંદુસ્તાનના લશકરના દેશી અમલદારોને ઊભા રાખેલા હતા જેઓના પોશાક તથા સોવામના અને કદાવર દેખાવ બધાઓનું ધ્યાન ખેંચતા હતા. સઘળી રીતે એ મેળાવડો ઘણો ફ્તેહમંદ નિવડયો હતો અને રાણીજીએ પોતાના વરનાં મરણ પછી આએજ પેહેલી "ગારડન પાર્ટી" કરેલી કહેવાય છે તેથી બધું લોક ઘણું ઊલટમાં આવેલું હતું. ધાર્યા મુજબ આસરે ૬૦૦૦ નોત્રાં એ ગારડન પાર્ટી સારૂ કર્યાં હતાં અને તેમાંનો મોટો ભાગ ત્યાં હાજર હતો તો પણ બાગ તથા "ટેરેસીસ" ઘણી મોટી હોવાથી ભીડ જેવું કશું માલમ પડયું હતું નહીં અને રીફ્રેશમેન્ટની સઘળી ગોઠવણો પણ ઘણી સારી હતી. રાણીને જોવા સારૂં તથા બીજાઓ ત્યાં આવતા તેઓને જોવા સારૂં આસપાસના લતાઓના રસ્તાઓ તથા સેંટ જેમસીસ પાર્ક લોકોથી ઊભાઇ જતો હતો અને જ્યારે રાણીજી પાછાં સીધારતી વખતે બાહાર નિકળ્યાં ત્યારે ખુબ ખુશાલીના પોકારોથી લોકોએ તેઓને વધાવી લીધાં હતાં.

તા૦ ૩૦ મી જુન સને ૧૮૮૭—આજે સાંજના "હોર્સ ગાર્ડસ"ની વાહીટ હોલવાલી જગ્યા પર (Four in hand Club) ચાર ઘોડાની ગાડીની કલબવાળા લોકો ફ્રરવા નિકળવાના હતા તે જોવા ગયા હતા. ઈહાં એવી બે ત્રણ કલબ છે કે જેના મેમબરો ચાર ઘોડાની ગાડીઓ પોતે ઘણી શોખને સારૂં હાંકીને દુર જઇ "લંચ" લઇ આવે છે. આમાંની એક ગઇ કાલે હાઇડ પાર્કમાંથી ૧૮ ગાડીઓ એ કલબની ગઇ હતી ને આજે બીજી કલબ જે સરસ કલબ (Crack Club) ગણાય છે તેઓનીબી ૧૮ ગાડીઓ ચાર ઘોડાની સાંજના પાંચ વાગેતે સાથે એકની પાછળ એક એમ હારબંધ નિકળી હતી જેના ઘોડાઓ ઘણાજ સરસ દેખાવના ઊંચા તથા એક સરખાં પગલાં નાખનારાં હતા જે જોવા સારૂં સેંકડો લોક ત્યાં આવેલું હતું. એ ઘોડાઓ શરતમાં જવાની ગાડીઓ (Coaches & Drags) માં જોડેલા હતા મે

તે ગાડીઓના મથાલાંની બેઠકો પર ગાડીના ધણીના દોસ્તો તથા કુટું-બના માણસો બેઠાં હતાં ને ધણી પોતે જેઓ ઘણા ખરા ઉમરાવો હતા તેઓ ગાડીઓ હાંકતા હતા. એ દેખાવ બધી ગાડીઓ જયારે હારબંધ ચાલી ત્યારે ઘણો જોવા લાયક હતો. આજે રાતના કોવેન્ટ ગારડન ઠીયેટરમાં પ્યુરીટાની (Puritani) નો ઓપેરા હતો તે જોવા ગયા હતા જયાં આલબની (Albany) કરીને મેડમ પેટીથીજ ઉત-રતી ઓરતે ઘણું સરસ અને વખાણવાલાયક રીતે ગાયણ ગાયું હતું. તે ઘણો ઊંચો (Soprano) તથા લાંબોવાર ટેકવી શકે તેવો સરોદ ગાઇ શકે છે તે ઊંચા સાદપરથી એકદમ જાણે પાણીનો રેલો દોડતો હોય તેમ સ્કેલ (Scale) થી છેક નિચલા સાદ ઉપર આવે છે યા ઊંચો સાદ ઘણોવાર સુધી (Warbeling) રીતે એવો તો ટેકવી રાખી ઝીણો કરે છે કે જાણે હવામાંથી કોઇ પંખેરૂ બોલતું હોય તેવો લાગે છે. એની સાથે બીજા મરદોનો ટેનોર તથા બાસ (Tenor and Bass) નો સરોદ પણ સારો હતો. એ પ્યુરીટાનીનું મ્યુઝીક ઘણું સારૂં છે પણ (Plot) ખેલમાં કાંઇ ઘણો દમ નથી. આજે ઉપલી ઓરત ગાવાની હતી તેથી ટીકીટોનો ભાવ ઓછામાં ઓછી પાંચ શી-લીંગ (ગેલેરીની) થી તે બે ગીની (સ્ટાલ્સની) સુધીની રાખી હતી તોબી સઘળી જગ્યા તદન ભરાઇ ગઇ હતી. મી૦ ગ્લાડસ્ટન એ જગ્યાપર આવેલા હતા તે પાછાં જયારે ખેલ પુરો થયો ત્યારે બાહાર રસ્તાપર નિકળ્યા તે વખતે લોકોએ તેમને "ચીયર્સ" આપ્યા હતા તેમ કોઇએ "હીસ" પણ કીધા હતા.

તા૦ ૧ લી જુલાઇ સને ૧૮૮૭—આજે બફેલો બુલનો વાઇલ્ડ વેસ્ટ (Wild West) શો કરીને બે મહિના થયા ઇંહાં ઉઘાડેલો છે તે જોવા ગયા હતા. એને-સારૂં ઘણી મોટી જગ્યા અર્લસ કોર્ટમાં ઘેરી લીધી છે અને ત્યાં જંગલી અમેરીકાના અસલ રેહેવાસીઓ જેને ઇન્ડીયનસોને નામે ઓળખે છે તેમાંના જુદી જુદી જાતના આસરે ૧૦૦ જણાને લાવેલા છે તેઓ પાસે અમેરીકાનાં જંગલની જીંદગી

કેવી રીતે ગુજારે છે તે દેખડાવે છે. તે ઉપરાંત એક સંગ્રહસ્થાન પણ અમેરીકાની બનાવતોને લગતું સાથે ઉઘાડેલું છે. એની ઈમારતનો મોટો વચલો હોલ ૧૧૪૦ ફીટ લાંબો અને ૧૨૦ ફીટ પોહોળાઈમાં છે. એ બધી ઇમારતો જુની લોખંડની રેલવેની રેલોની બાંધી ઊપર કાચનું છાપરૂં કીધું છે. અમો પેહેલાં અમેરીકાનાં જંગલોનો બનાવ કેમ બનેછે તે જોવા સારૂં એક મોટી જગા નાટકશાળાની માફક ઘેરી લીધી છે ત્યાં ગયા હતા. એ ઈમારત પોણો મૈલ ઘેરાવામાં છે. તેની ફરતી ત્રણ બાજુએ ઘણા પથરની બેઠકો કીધી છે જેમાં આસરે ૨૦ હજાર માણસો બેસી શકે છે અને અમો હતા તે વખ્તે તેમાંની જગ્યાનો પંદર આના ભાગ ભરાઇ ગયો હતો તેથી આસરે સતર યા અઢાર હજાર માણસો ત્યા તે જોવા એકઠું મળ્યું હતું અને એતો બપોરનો show જોવા સારૂં હતું પણ રાતના આઠ વાગેને તેવોજ બીજો "શો" કરે છે ત્યારે નવા માણસોબી વખ્તે એટલાં યા જરા ઓછાં આવતાં હશે તેથી રોજની ગણત્રી આસરે ત્રીસ હજાર માણસોની અમો ધારીયે છીયે કે જોવા આવતાં હશે. તેઓની અંદર દાખલ થવાની ફી સરેરાસ એક શીલીંગની છે પણ "વાઇલ્ડ વેસ્ટ શો" જોવાની વળી બીજી એકથી પાંચ શીલીંગો સુધીની ટીકીટો જુદી લેવી પડે છે તે મીસાલે કમાઇ ઘણી સારી થવી જોઇએ તોબી જોકે ખરચ ઘણો મોટો હશે કારણકે એ લોકો સાથે ૧૭૬ ઘોડાઓ, ૧૨ ખચરો, ૯ એક જાતનાં તથા ૧૨ બીજા મોટી જાતનાં હરણો અને ૧૬ મોટા ગોધાઓ (જેને એ લોકો બફેલો કેહે છે તે) છે તથા સાથે ૧૦૦૦ ઈન્ડીયન્સો અને ૧૫૦ રસાલાનાં માણસો છે તે ઊપર અલબતાં મોટો ખરચ થવો જોઇએ. ઉપર લખેલા "એરીના" (Arena) માં બરાબર સાડાત્રણ વાગેને ખેલ શરૂ થયો હતો. પેહેલાંતો ઇન્ડીયન્સો ઘોડાઓપર બેસીને પોતાની જુદી જુદી જાતો પ્રમાણે પોતાના સરદારો સાથે અંદર આવ્યા હતા અને વારાફરતી ઘોડાઓ "એરીના" માં "ફુલ ગેલપે" દોડાવી ગયા હતા. એ લોકો પોતાના અસલી પોશાકમાં હતા તેઓનાં મ્હોડાં કાઇનાં લાલ

તો કોઇનાં પીલાં અલધીઆના રંગેલાં હતાં તથા માથાપર પીછો ખોસેલા હતાં અને આંગપર ચાંમડાના પોશાકો પેહેરેલા હતા. ઘોડા ઉપર વગર જીને તેઓ ઘણા સરસ રીતે બેશી શકતા હતા. તેઓના સરદારોને માથે ઘણાં પીછો ખોસેલા હતાં અને જાણે એક લાંબો ઉભાં પીછાંનો પતો છેક માથાની તાલકીથી બરડાની પાછળ ઘોડાની પીઠ સુધીનો મુકયો હોય તેવો તેનો પોશાક દેખાતો હતો. તે લોકોની ઘોડાપર બેસવાની ચાલાકીમાં ઘણા મસ્તીખોર તથા શેતાન ખવાસના ઘોડાઓ ત્યાં લાવતા જેઓ પોતાની પીઠ ઉપર જીન પણ નાખવા દેતા હતા નહીં, પણ તેઓને જ્યારે તેઓ બે પગે ઊભા થઇ જીન નાખે તે ઉડારી નાંખતા ત્યારે કોઈ વખ્તે તેઓને પાછળ આંચકો મારી ચટાપાટ તોડી પાડતા અને તેવીજ હાલતમાં તેની પીઠની ઉપર બેસી જતા કે ઊભો થાય તેવો તે સ્વાર થઈ શકે જે ઘણું મુશ્કેલીનું કામ હતું તોપણ બેઠા કે પછી ઘોડાની મસ્તી જોઇ લેવો. તે આગળા તથા પાછળા પગોપર વારાફરતી ઉભો થાય. એકદમ આંચકો મારી દોકી નીચે નાંખી દીયે અને ગમે તે રીતે સ્વારને નાખી દેવા ચાહે પણ ઉપર બેઠેલો ઇન્ડીયન જરા પણ હીલતો ન હતો. કોઇ ઘોડા તો ભોંયપર સુઇ જતા પણ તે વખ્તે પેલો સ્વાર હુશીયારીમાં બાજુ-પર કુદી પડતો અને જેવો ઉભો થવા જાય તેવો તરત તેની પીઠપર બેઉ પગ મુકી સ્વાર થતો' હતો. એ ઘોડાઓની કસરતમાં "ફુલ ગેલપે" ઘોડો દોડે તે વખ્તે જમીનપર પડેલા કાગજના કકડા સ્વારો વાંકા વળી ઉઠાવી લેતા હતા. ત્યાર પછી અમેરીકાના જંગલોમાં ઇન્ડીયનો શી રીતે હુમલો કરે છે અને તેનો બંચાવ ત્યાંના જઈ રહેલા યુરોપીયનો (Settlers) કરે છે તે તથા ઇન્ડીયન-સોની પોતાની માહોમાહેની લડાઇ તથા લુટ તથા લડાઇ જીત્યા પછી લડાઈનો નાચ તથા કેદીઓના માથાપરની ખોલ (Scalping) શી રીતે કાહડી લીયે તે કરી બતાવ્યું હતું. ત્યાર પછી બંદુકની સરસ નેમ તાંકનારી બે છોકરીઓ તથા એક મરદ (બધા યુરોપીયન સેટલરસો)

નો હુનર બતાવ્યો હતો જે જોઇ અમો હેરત પામ્યા હતા. એક યુરોપીયન છોકરો ભાયગે ૧૦ વરસનો હશે તેણે હવામાં ઉડતાં નળીઆના કકડાઓ એક પછી એક ને ત્યાર પછી બે કકડા ઉડતા ને વારાફરતી નીચે આવે તેની આગમજ નેમ ટાંકી ભાંજ્યા હતા. વળી પોતાના હાથમાં દડો લઇ ઊડાડે ને પછી નેમ તાંકીને તેને ફોડે તથા બંદુકને ટેબલપર મુકી દડો ઊડાડી બંદુક ઊંચકીને પછી તેને તરત નેમ તાંકીને તે દડાને ફોડે. વલી એક પાટીયાં ઉપર આસરે ૧૫) બતક જેવા આકારની બે ઈંચ મોટી જીણસો મુકી તે પાટીયાંને જોરથી હીચ એક માણસ આપે ને પેલી છોકરીઓ ઉભી રહીને વારાફરતી સઘળા તે આકારને ફોડી નાખ્યા હતા ને તેજ મુજબ એક ગોળ દડાને ખુબ ચક્રી આપી એક માણસ ફેરવતો તેને પણ નેમ મારી ફોડયો હતો ને વળી તેવીજ રીતે ફરતા દડાને પીઠ ફેરવી સામે નાની આરસીમાં જોઇ પીઠની પાછળ નેમ તાંકી ચક્રી ખાતા દડાને ફોડયો હતો. બંદુકનાં મોઢાંની ઊપર એક કાગજને આંધરૂ પાડી તેમાં બંદુક ખોસી કે જેથી નેમ તાંકવાની ટોંચ જે બંદુકને છેડે આવે છે તે દીસે નહીં ને તોબી તેવી રીતે ફરતા દડાને ફોડયો હતો. વીશ સેંકડમાં વીશ દડા એક હરણના હીલતા આકારની આસપાસ બાંધેલા વીશ બંદુકના બારથી ફોડયા હતા. એ મુજબ ઘણી જાતની બંદુક ફોડવાની રીતો બતાવી હતી. ત્યાર પછી જીવતાં હરણો લાવી છોડી મેલીને ઘોડાપર બેસી તે હરણની પાછળ ઘોડા દોડાવી તેનાં ગળાંમાં ફાસા (Lasso) નાખી તેને દોડતું પકડતા હતા ને તેજ મુજબ જંગલી ગોધાઓને તથા દોડતા ઘોડે સ્વારોનેબી ગળાંમાં ફાંસા નાખી બતાવ્યા હતા. એક યુરોપીયન ઘોડાપર બેસી ઘોડા દોડાવતો જાય ને બીજો યુરોપીયન ઘોડાપર બેસી દડા હવામાં ફેંકે તેને પેલો ઘણી બંદુકે ફોડતો હતો. જંગલી ઇન્ડીયનો પોતાનાં કુટુંબો સાથે જંગલમાં શી રીતે ભટકે છે તે બી બતાવ્યું હતું. જે વખતે પેલા જંગલીઓ કુતરાની માફક મોટે ચીચારીઓ પાડતા હતા ને આબાદ અમેરીકાના જંગલીઓની વીગત જેમ

ચોપડીઓમાં વાંચીએ છીયે તેમજ સઘળું તે લોકોએ કરી બતાવ્યુ હતું. એ સઘળું કરતાં એક કલાક થયો હતો. ત્યાર પછી અમો ત્યાંતુ અમેરીકાને લગતું સંગ્રહસ્થાન જોવા ગયા જ્યાં ત્યાંની ઘણી જાત જાતની નવી બનાવતો મુકેલી હતી તેમાં (Pantograph) પેન્ટેગ્રાફ કરીને એક જાતનું સેહેલાઇથી પીકચરો કાપી થઇ શકે તેવું હથીયાર હતું. એ ઘણું ખરૂં એક લાકડાંનો નાનો ગજવામાં રાખવાનો ફુટ આવે છે તેને મળતું પણ ઘણું લાંબુ અને વાંકુતીકું થઇ શકે તેવું હતું. તેને એક છેડે બુઠી ઝીણી અણી અને બીજે છેડે પેનસીલ હતી. હવે પેહેલો છેડો જો તસ્વીર જેની કોપી લેવી હોય તે પર ફેરવીયે તો તેને લીધે પેલો બીજી ગમનો પેનસીલવાળો છેડો કાગજ ઉપર ચાલે કે તેનાં જેવી સબીની નકલ પછી તમો માંગો તેવી મોટી યા નાના કદની જેમ તમોએ તે છેડો વાંકોતીકો ગોઠવ્યો હોય તેમ પડે છે. અમે આગળ સ્ટેશનોપર મીઠાઈ, પોસ્ટ કાર્ડ તથા તોલવાના પેની નાખીને કરવાના સંચાઓ બાબે લખેલું છે તેનીજ માફક એક સંચો વિજળીના આંચકા (Shocks) આપવાનો બનાવી મુકેલો છે.

ખેતીવાડીને લગતાં જાતજાતનાં હોરો તથા બીજાં હથીયારો પણ જોવા લાયક મુકેલાં છે તેમાં એક સંચો ઘોડાથી ઘસડવાનો છે જે પોતાની મેળે તેની હેઠાંણમાં છરી મુકેલી હોવાથી ભાત કાપે છે જેને એક "એલીવેટર" (elevator) ઉઠાવીને બીજીગમ લઇ જાય છે કે એક સળીયાથી તેને એકઠો કરીને તે જોઈયે તેટલાં કદનો ભારો થયો કે એક ચાંપ ખસવાથી તેની આસપાસ દોરી યા સુતલી બંધાઇ જઇ તે ભારો એક બાજુપર પડે છે. એટલે માણસોની મેહેનતનો બચાવ થાય છે ને ભાત કપાઇ ભારા બંધાઇને તૈયાર થઇ રહેછે. એજ પ્રમાણે એક હોર છે જેના દાંતાથી જમીન ખેડાય છે અને તેની પાછળ સળિયાઓથી તેના સીધા ખાંચા ઊભા પડે છે જેમાં એક થેલીને રસ્તે અનાજનાં બીજ પડે છે કે પાછળથી પાવરા જેવું હોય છે તે મટોડી ઉપર પાછી વાળી દઇ "રોલરે" સરખી જમીન અળગી કરી વાવની

તૈયાર એકજ હારથી ઘોડા જોડીને કરી શકે છે. રૂનાં ઝાડોબી એમજ એકજ વખ્તે ખેતરોમાં રોપાયાથી એકજ કદનાં સરખાં ઉગેછે તે ઉપર રૂનાં કંદો ફુટીને તૈયાર પણ ઘણાખરા સાથે થાય છે તેને વીણવા સારૂં એક સંચો છે જેને રૂના ઝાડોની હારની વચ્ચે ખાલી જગ્યા હોય છે ત્યાં ફેરવે છે. પેહેલાં તેને મથાળે કાતર જેવું હથીયાર હોય છે તેથી મથાળાં પરના રૂના કંદો કપાઇ નિચે એક સંચો છે તેમાં પડે છે જેમાં રૂને તેના કંદમાંથી છુટો કરે છે કે તે રૂ પાછળથી બીજાં સંચામાં પડે છે જ્યાં તે પીંજઇને બી નિકળી જઇને એક ઠેલી છેલ્લે હોય છે તેમાં ભરાય છે. એ મુજબ એકજ માણસ વીનીને સઘળું સાફ તૈયાર કરી કોથળા ભરી શકે છે. અમેરીકામાં મજુરી ઘણી મોંઘી હોવાથી આવી તાલ જો તેઓ નહીં શોધી કાહાડે તો બીજાં ગાંમો સાથે હરીફાઇ કરી શકે નહીં. ઇંટ બનાવાનો સંચો પણ એવીજ રીતે એક નાકે મટોડી પડી કે તે ગુંડાઇને લાંબા જોઇતા સળિયા જેવા થાય છે કે આગળ "એલીવેટર" પર ગઈ કે એક સંચાથી પોતાની મેળે તેના જોઇતા કદના કકડાઓ થાય છે અને એક બાજુપર સુકાવા સારૂં તે એકઠી થાય છે. એ સંચાઓ ઉપરાંત અમેરીકાની જાત જાતની જમીનમાંથી નિકળતી ખાંણોના તથા કોલસાના નમુનાઓ તથા ધડીયાલો તરેહ તરેહના બનાવતના જાણે "પીરેમીડસો" બનાવી મુકેલા હતા. એ સિવાય બીજું ત્યાં ઘણું જોવાનું હતું. વલી એક "વીંગ" (wing) માં ત્યાંના કારીગરોના હાથની ચીતારેલી તસ્વીરોનો સંગ્રહ તથા બીજીગમ મુવેલાં જાનવરો "સ્ટફ" કીધેલાં તેનો સંગ્રહ પણ જોવા લાયક કીધેલો છે. એ જનાવરોમાં ત્યાંના ગોધાઓ જંગલી જેને "બાઇસન" (Bison) કેહે છે તે ઘણા કદાવર તથા ભયંકર દેખાવના છે. જંગલી સફેદ બરફના રંગનાં બકરાંઓ જાંણે વાછરડા હોય તેવા કદના ઈત્યાદી એવું મુકેલું છે. જો કે "એક્ઝીબીશન" તથા "શો" (show) થોડા જણાઓ મળી માથે લઇ અમેરીકાથી લાવી ઉભો કીધો છે તોપણ તે એટલો મોટો છે કે તેમાં ૪) કલાક અમો ફર્યા તોપણ બરાબર જોઈ શકયા હતા નહીં.

તા૦ ૨ જી જુલાઈ સને ૧૮૮૭—આજે રાણીજીની સનંમુખ અત્રેના આસરે પચીશ હજાર વાલનટીયરોની "માર્ચ પાસ્ટ" હતી તે જોવાનું બકીંગહામ પેલેસમાંથી ઇજન રાણીજીના હુકમથી આવ્યું હતું તે જોવા ગયા હતા. આજે બે વાગે બપોરથી તે તરફ જવાના સઘળા રસ્તાઓપર ગાડી ઘોડાને ફરતા બંધ કીધા હતા અને આખો વખત અમારા હોટલપરથી સોલજરો તથા સેલરોની રીજમીટો જવા માંડી હતી. સારાં ભાગ્યે અમોને ઇજનની સાથે ગાડી પાસ થવાની ટીકીટ પણ આવેલી હોવાથી અમો ગાડીમાં બકીંગહામ પેલેસપર જવાને શકતીવાન થયા હતા. રસ્તામાં આખો વખત જગેજગેથી રીજમીટો બાહાર આવતી મળી હતી અને લોકોની ગીરદીનો કાંઇ થાગ ન હતો. તથા રીજમીટો વાજાં વજાડતી ચાલતી તે સઘળું ઘણું રળિયાંમણુ લાગતું હતું. અમો બકીંગહામ પેલેસપર સાડા ત્રણ વાગે જઇ પુગ્યા તેટલાંતો વાલનટીયરોથી સેંટ જેમસીસ પાર્ક તદન ભરાઇ ગયો હતો. બકીંગહામ પેલેસના વચલા મોટા દરવાજાપર શોભઇતો માચડો બાંધેલો હતો તે ઉપર રાણીજી કલાક સાડાચાર વાગે આવીને બીરાજ્યાં હતાં. ને તે માચડાની આજુબાજુએ બીજા માચડાઓ બે બાંધેલા હતા તે ઉપર ઇજનવાળા લોકોને બેસવાની બેઠક ઉપરાંત કટેરાની બાજુપર બીજી છુટી બેઠકો પણ ગોઠવેલી હતી તેમાંની છેલ્લી પર અમોએ બેસીને સઘળી "માર્ચ પાસ્ટ" જોઇ હતી. એ વખતે મેહેલના કમપાઊંડમાં આસરે ૫૦૦ માણુસો તેડાંથી આવેલાં હતાં તેમાં મોટો ભાગ હિંદુસ્તાનના રાજવંશીઓ તથા ઈહાં આવેલા દેશીઓનો હતો. યુરપના પણ રાજવંશીઓ જેઓ ઈહિં છે તેઓ સઘળા પોતાના દેશની રીજમીટના પોશાકોમાં બીરાજેલા હતા જેથી દેખાવ ઘણો રળિયામણો લાગતો હતો. અમારી જમણી બાજુપરજ પડોશમાં રાણીજીવાળો માચડો હોવાથી અમોને સઘળું જોવાને ઘણું ઠીક બની આવ્યું હતું. અમારી આગળથી કટેરાની બાહર રાણીજીના છોકરાઓ તથા જમાઇઓ લશ્કરી પોશાકમાં ઘોડાઓપર ઉભા હતા ને સામેથી "ગાર્ડસ" તથા "લેનસ.

સૈનાં" બે મોટાં વાજાંઓ ઘણા ઉંચા કસબી પોશાકોમાં ઉભાં રાખેલાં હતાં. તેઓએ જયારે રીજમીટો પસાર થવા માંડી ત્યારથી આખો વખત "માર્ચ" પુરી થઇ ત્યાં સુધી દોઢ કલાક વારા ફરતી "માર્ચ"ના શરોદ વજાડયા કીધા હતા અને જે જાતની રીજમીટની બ્રીગેડસો આવે તેને અનુસરતું બાજું વજાડતા હતા જેમકે પ્રીન્સ ઓવ વેલ્સવાળી રીજમીટની બ્રીગેડ આવી તે વખતે પ્રીન્સ ઓવ વેલ્સની સલામતીની "માર્ચ" વજાડી હતી. આઇરીશ બ્રીગેડ ડયુક ઓવ કોનાટની સરદારી હેઠલ આવી ત્યારે Garry Owen કરી આઇરીશ "ડેન્સ"ની "માર્ચ" વજાડી હતી. હાઇલેંડરની (ઘાઘરા) રીજમીટ આવી ત્યારે "બેગ પાઇપ"નું વાજું તે વખતે આવી ઉભું હતું તેને "કેમપબલ્સ આર કમીંગ" (Campbells are coming) ની "માર્ચ" વજાડી હતી. એ મુજબ જાત જાતની "માર્ચો" દરેક બ્રીગેડ પસાર થતી ત્યારે તે વાજાંઓ વારાફરતી વજાડતાં હતાં. "માર્ચ પાસ્ટ" સાડાચાર વાગેને પેહેલી બરાબર શરૂ થઇ તેમાં સૌથી પેહેલો ડયુક ઓવ કેમબ્રીડજ રાણીના કાકાનો છોકરો તથા ગ્રેટબ્રીટનનાં બધા લશ્કરનો સૈનાધિપતિ ઘોડાપર પસાર થયો, તેની પાછળ પ્રિન્સ ઓવ વેલ્સ તથા ડયુક ઓવ કોનાટ તથા બીજા રાજવંશીઓ પસાર થયા હતા અને રાણીજીની સામે આવ્યા ત્યારે લશ્કરી સલામ તલવારથી ધારા મુજબ તેઓએ કરી દુરવેર તેમ પસાર થઇને પછી પાછા આવી અમારી આગળ રાણીના ડાબા હાથ ઉપર ઉભા હતા. ત્યાર પછી તોપખાતાંની એક રીજમીટ પસાર થઇ કે પછી બાકીની બધી રીજમીટો પેદલ હતી તે વારા ફરતી પોતાનાં વાજાંઓ સાથે એકની પાછળ એક એમ પસાર થઇ હતી. તેઓના તરેહ તરેહના પોશાકો તથા સલામ કરવાની રીતો ઘણી જોવા લાયક હતી. જ્યારે ડયુક ઓવ કેમબ્રીડજની પોતાની રીજમીટ આવી (જેના ઓનરરી કરનલો રાજવંશીઓ થાય છે તે રીજમીટને તે ધણોનું નામ આપે છે) ત્યારે ડયુકે પાછો તેની હરોલમાં ઘોડાપર ચાલી રાણીને લશ્કરી સલામ કીધી હતી. એ વખ્તે રાણીના છોકરાઓ જે અમારી આગળ ઉભા

હતા તેઓ સઘળાએ ડયુકને પોતાના લશ્કરી વડા દાખલ જેમ સોલ-જરો અમલદારોને સલામ કરી માથા આગળ હાથ ધરી ઉભા રહે છે તેમ ઉભા રહી માન આપ્યું હતું. પ્રિન્સ ઓવ વેલ્સની રીજમીટ આવી ત્યારે તેઓએબી તેની હરોલમાં રાણીને સલામ કીધી હતી, તેજ મુજબ ડયુક ઓવ કોનોટ તથા પ્રિન્સ ઓવ વેલ્સના છોકરાઓ તથા રાણીના જમાઇઓએબી પોતાની રીજમીટોની હરોલમાં "માર્ચ પાસ્ટ" કરી સલામ કીધી હતી. એ વખ્તનો દેખાવ ઘણો ભપકા ભરેલો લાગતો હતો જે જોવા સારૂ બાહેર લખો માણસોની ભીડ એકઠી થઇ હતી જેઓએ ડયુક ઓવ કેમબ્રીડજ, તથા પ્રિન્સ ઓવ વેલ્સે "માર્ચ પાસ્ટ" કીધી ત્યારે ખુબ તેઓને ખુશાલીના પોકારોથી વધાવી લીધા હતા. સેલરો દાખલના વાલનટીયરોની રીજમીટની વખ્તે પણ તેવીજ ખુશાલી લોકોએ બતાવી હતી. વળી એક વાલનટીયરની રીજમીટ છોકરાઓ બારથી પંદરની અંદરની ઉમરનાની હતી જેનો અમલદાર એક નાનો બાર વર્ષનો છોકરો સૌથી આગળ ચાલતો હતો જે જરા ગભરાતો હોય તેવું દેખાતું હતું પણ તેની પાછળ બીજા ઉમરે પુગે-લા અમલદારો હતા તેઓ તેને હલુસે હીમત આપી સલામ કયારે કરવી તેની ઇશારત કીધાથી તે નાના છોકરાએબી લશ્કરી સલામ ઘણી અછી રીતે પોતાની બચુકલી તલવારથી કીધી હતી જે વખ્તે અમારી તરફની ઉભેલી ઓરતોને ખુબ મઝા પડી હતી. ધારવા મેલે એ છોકરો કોઈ મોટા ખાનદાનનો હોવો જોઇયે તેથી તેને તેની ઉમર કરતાં મોટા છોકરાઓપર વડો બનાવ્યો હશે. યુનિવર્સિટિ તથા બીજી સ્કુલના છોકરાઓની પણ બે ત્રણ વાલનટીયર રીજમીટો હતી તેમાં (આએ બધા ૨૫૦૦૦ વાલનટીયરોમાં) આપણો એક જરતોસ્તી મી૦ નવરોજી દાદાભાઇ આલબ્લેસ પણ હતા જેઓ કેમબ્રીડજની યુનિવરસિટિના હોવાથી ત્યાંના વાલનટીયરોમાં સામેલ થયલા છે. એ સઘળી "માર્ચ પાસ્ટ" નજદીક દોઢ કલાક ચાલ્યા પછી પુરી થઇ હતી અને રાણીજી પાછાં ત્યાંથીજ ગાડીમાં બેસીને વીંડસર જવા સ્ટેશન

ઊપર ગયાં હતાં જે વખ્તે તેઓને ખુબ માન મળ્યું હતું. બધી રીતે એ વાલનટીયરની કવાયદ જોવા લાયક હતી.

તા૦ ૩ જી જુલાઇ સને ૧૮૮૭—આજે બપોરથી મેસર્સ દાદાભાઇની કંપનીવાળા શેઠ પેસ્તનજી બેરાંમજીની સાથે એઓના નોરઊડમાં આવેલાં "જીપસીહીલ" વાળાં મકાનમાં ગયા હતા અને આખો દિવસ તેઓને ત્યાંજ મોજ મઝામાં ગુજાર્યો હતો. એ "જીપસીહીલ" નામની જગ્યા ક્રીસ્ટલ પેલેસની પડોશમાં ટેકડી ઉપર આવેલીછે તેથી લંડન કરતાં તે સારી હવાવાળી જગ્યા છતાં લંડનના પરગણા (suburbs) માં ગણાયછે ત્યાં ઘણા ખરા છુટા નાના બંગલાઓ હોય તેમ ઘરો બાગોની અંદર બાંધેલાં છે ત્યાં કાંઈ બીજું જોવા લાયક નથી.

તા૦ ૪ થી જુલાઇ સને ૧૮૮૭—આજે રાણીજીની જુબીલીની યાદગારી કાયમ રાખવા સારૂ જે "ઇમપીરીયલ ઇનસ્ટીટયુટ" ઊભી કીધી છે તેનો પાયો નાખવાની ક્રિયા રાણીજીએ પોતાને હાથે કીધી તે જોવા ગયા હતા, એની જગ્યા અસલ ગયે વર્ષે જે "ઈન્ડીયન" અને "કોલોનીયન એકઝીબીશન" આલબર્ટ હાલનીપડોશમાં બાંધ્યું હતું ત્યાંજ કીધી છે અને તે એકઝીબીશનની થોડી ઇમારત હજી રાખેલી છે તેમાંથી એનો મુખ્ય દરવાજો હમણા કીધેલો હતો અને એક ઘણો મોટો ગોળ તંબુરેકો માડવો પાયો નાખવાની ક્રિયા સારૂ ઉભો કીધેલો હતો તેમાં આસરે ૧૧૦૦૦ માણસ આજે એકઠું મળ્યું હતું જેના મોટા ભાગને માચડાઓની બેઠકો આપી હતી. બાકીની જગ્યામાં ૭ ભાગ સરખા વેહેંચીને જ્યાં પાયાની જગ્યા હતી ત્યાં તે ભાગો ગોઠવી તેઓને ૭ નંબર આપ્યાં હતાં. તેમાંના નંબર બીજાવાળા ભાગમાં હિંદુસ્તાનના રાજાઓ તથા દેશીઓ તેમજ હિંદુસ્તાનની સીવીલ સરવીસ તથા અમલદાર સારૂ જગ્યા રાખી હતી જ્યાં અમોને પણ બેઠક મળી હતી અને તે પાયાના પથ્થરની સામેજ

જમણી બાજુપર હોવાથી અમોને જોવાને ઘણું ઠીક બન્યું હતું. પથ્થર નાખવાની જગ્યા પર એક ઊંચો આસરે ત્રણ ફીટનો પ્લાટફોર્મ કીધો હતો જ્યાં રાણી તથા બીજા રાજવંશીઓ સારૂ ખુરસીઓ ગોઠવી હતી અને તેઓની પાછળ "ઓરચેસ્ત્રા" આલબર્ટ હોલને લગતો છે તેની બેઠકો હતી જેમાં ગાનારાઓ બેઠેલા હતા. વળી તે ઉપરાંત રાણીની સામે દુરથી એક "ગ્રેનેડીયરસ"નું વાજું લેફ્ટેનન્ટ ગોડફ્રીનાં ઉપરીપણાં હેઠલ બેસાડેલું હતું જે આખો વખ્ત ઘણા સુંદર સરોદો વજાડતું હતું. અમો ત્યાં આસરે ૧૦—૩૦ મીનીટે ગયા હતા પણ રાણીજી બરોબર બાર વાગેને આવ્યાં હતાં તેટલાંતો આખો માંડવ લોકોથી ખીચોખીચ ભરાઇ ગયો હતો જેનો દેખાવ રાજાઓના તથા ક્રિયામાં ભાગ લેનારાઓના લેવીના કસબી પોશાકો તથા લશ્કરી અમલદારોના ચાંદોથી ઘણો ભપકાદાર લાગતો હતો તેમાં મડમોનો મોટો ભાગ હોવાથી પુરો રળીઆમણો દેખાતો હતો. રાણીજીની થોડે આગળથી યુરોપના અત્રે આવેલા રાજા તથા રાજવંશીઓ આવતા ગયા તેઓને લોકોએ ઉઠીને માન આપ્યું હતું તે સઘળા રાજવંશીઓ તથા ઈરાનના શાહનો ભત્રીજો એલચી દાખલ ઇંહાં આવેલો છે તે સઘળા રાણીવાળા પ્લાટફોર્મ પર એકઠા થયા હતા અને આપણા હિંદુસ્તાનના રાજાઓને તો અમારીવાળી નિચેની બેઠકોપર બેસાડયા હતા. રાણીજી આવ્યાં ત્યારે ભેંપુડી વજાડનારાઓ (Trumpeters) એ ફાનફેરનું વાજું વજાડયું હતું અને સઘળાઓ ઉભા થઇને રાણીજીને હુરરેના પોકારોથી વધાવી લઇ ખુબ માન આપ્યું હતું અને રાણીજી અંદર પોતાના કુટુંબ સાથે સરઘસના આકારમાં આવ્યાં ત્યારે સર આરઠર સલીવાનના ઉપરીપણાં હેઠલ "ઓરચેસ્ત્રા"નું બેંડ હાજર હતું તેઓએ એક "ગ્રાંડ પ્રોસેશનલ માર્ચ" વજાડી હતી. રાણીજીએ પોતાના માચડાપર આવીને ત્યાં ભેગા મલેલા યુરોપીયન રાજવંશીઓ સાથે શેકહેંડ કીધી હતી અને ઘણીક શાહજાદીઓએ તેઓનો હાથ ચુમ્યો ત્યારે તેઓએ તેઓના ગાલપર પાછી ચુમી લીધી હતી. ડેન-

માર્કના રાજા સાથે પેહેલાં શેકહેંડ કીધી ત્યારે રાજાએ ગુઠંણ વાળીને રાણીના હાથને ચુમીઓ લીધી હતી, અને પછી એઊ જણાઓએ એક એકને મોઢાંપર ચુમી લીધી. બધાં વાજાંઓ તથા "કોયરે" મળીને રાણીજીની સલામતીનાં ગીતની ત્રણે કવીતાઓ ગાઈ હતી જે વખ્તે રાણી સુધાં સઘળી મીજલસ ઊભી રહી હતી અને પુરૂં થયા પછી પ્રિન્સ ઓવ વેલ્સ જે "ઇમપીરીયલ ઈનસ્ટીટયુટ"નો પ્રમુખ છે તેઓએ રાણીજીને વાંચી માનપત્ર એનાયત કીધો હતો જેને જવાબ રાણીજીએ પાછો વાંચીને આપ્યો હતો. ત્યાર પછી આએ આજના કારણસર એક નવી કવીતા જોડેલી હતી તે આલબર્ટ હોલની "કોરલ સોસાયટી" તથા "ઓરચેસ્ત્રા બેંડ" વાળાઓએ સાથે મળીને ગાઈ તથા વજાડી હતી જેનું "મ્યુઝીક" સર આરઠર સલીવાને જોડેલું હોવાથી તે પુરૂ થયું ત્યારે રાણીજીએ હસીને તેને સલામ કરી ઉપકાર માન્યો હતો. ત્યાર પછી પ્રિન્સ ઓવ વેલ્સે તેઓને એક રૂપાંની થાપી આપીને ધારા મુજબ પાયાનો પથ્થર નાખવાની ક્રિયા કીધી હતી. એ પથ્થર ત્રણ ટન વજનમાં કોલોની તરફથી લાવેલા ગ્રેનાઈટનો હતો અને તેની બેઠક હિંદુસ્તાન તથા બ્રીટીશ આયલંડસના પથ્થર તથા ઇંટની બનાવી હતી અને તે પથ્થર જગ્યાપર મુકયા પછી આર્ચબીશપ ઓવ કેનટરબરીએ (વેલાતના સૌથી વડો પાદરી) એક બંદગી કીધી હતી અને એ "ઈનસ્ટીટયુટ"ને ઉભી કરનારી કમીટીને રાણી સાથે ઓળખ પ્રિન્સ આવ વેલ્સે કરાવ્યા પછી રાણીજી પાછાં જેવી રીતે આવ્યાં તેમ સીધાર્યાં હતાં જે વખ્તે "કોયરે" "રૂલ બ્રીટેનીયાનું" ગીત આખું ગાયું હતું અને રાણી તથા પાદશાહી કુટુંબવાળા સઘળાં ગયા પછી બધા લોક વિસરજન થયા હતા. જો કે નાની જગ્યાપર ૧૧૦૦૦ માણસો એકઠા મળ્યા હતા તોપણ આવવાના રસ્તાઓની તથા બીજી ગોઠવણો એવી સરસ કીધેલી હતી કે લોકોને બહાર નિકળવાની કશી અગવડ પડી હતી નહીં અને એક કલાકની અંદર સઘળું ખલાસ થઇ ગયું હતું એવું અમોએ પાછળથી સાંભળ્યું હતું.

તા૦ ૫ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૧૦-૪૦ મીનીટે અમો તથા બીજા હિંદુસ્તાનના રાજવંશીઓને ધી ડયુક અને ડચેસ આવ બેડફર્ડ નામના ઉમરાવ તથા તેની ધણીયાંણીએ પોતાની કનટ્રી સીટ (Woburn Abbey) વોબર્ન એબી કરી આસરે ૫૦ મૈલ દુર મેહેલ છે ત્યાં આખો દિવસ મોજ કરવાનું ઇજન કીધું હતું તે જગ્યાપર જવા સારૂ સેંટ પાનક્રાસના સ્ટેશન ઉપર ગયા હતા, જયાં અમો બધાઓ સારૂ એક ખાસ ટ્રેન રાખી હતી તેમાં બેઠા હતા. એ ટ્રેનમાં આસરે ૧૦ ગાડીઓ પેહેલા વર્ગની જોડેલી હતી ને તેનો ખરચ ડયુકે પોતે આપેલો હતો. અમો સ્ટેશન પર ગયા ને ત્યાંના ટીકીટ વેચનારને એ ટ્રેન બાબે પુછતાં તેણે અમોને ટીકીટ વેચાતી આપી હતી. જો કે અમારા ઇજનવાળા કાર્ડમાં લખેલું હતું કે ખાસ ટ્રેન ૧૦-૪૦ મીનીટે વોબર્ન એબી જવા સારૂ ઉપલાં સ્ટેશનપરથી ઉપડશે તોબી અમોને જયારે ટીકીટ વેચાતી આપી ત્યારે અમો સમજયા કે ગાડી માડી હશે પણ ટીકીટો મેહેમાનો વેચાતી લેશે. પણ અમો પ્લાટફાર્મપર ગયા કે ડયુકનો કારભારી અમારી પાઘડી જોઈને અમારી પાસે આવ્યો ને ટ્રેન તૈયાર છે એમ જણાવી તેમાં બેસાડવા લઇ જતો હતો પણ અમારા હાથમાં ટીકીટો જોઇને બોલ્યો કે ટીકીટો શું કામ લીધી? તમો બધાઓ સારૂ ખાસ ટ્રેન ડયુકે પોતે માંડેલી છે. અમોએ જે બન્યું હતું તે કેહેવાથી તે ટીકીટ વેચનાર પર ગુસ્સે થયો અને સ્ટેશન માસ્ટરને તેડીને વાત કરીને અમારી ટીકીટો તેને પાછી આપી અને સ્તેશનમાસ્ટરે અમારા રૂપીઆ પાછા લાવી આપ્યા હતા. અમો બધા મળીને આસરે ૧૦૦ મેહેમાનો હોઇશું તેમાં હિંદુસ્તાનના સઘળા રાજાઓ ઊપરાંત જાણીતા દેશી ગ્રહસ્થો અને હિંદુસ્તાનના આગળા ગવરનર જેનરલ લોર્ડ નોર્થબ્રુક તથા મધરાસનો છેલ્લો ગવરનર સર ગ્રાંટ ડફ તથા બીજા મોટા મોટા ઉમરાવો તથા તેઓની બાનુઓ હતી. દેશી બાનુઓમાં કુચબી હારનાં મહારાણી તથા કપરથુલાનાં "ડેપ્યુટેશનનો" વડો આવેલો છે

તેની બાયડી હતી. એ છેલ્લા ધણી અને ધણીઆંણી વટલી ને ખ્રીસ્તી થયા છે. એ હાલના નાના કપરથુલાના રાજાનો "રીજંટ" છે. આપણા જરથોસ્તીઓમાં અમો બે જણા ઉપરાંત શેઠ દોરાબજી પેસ્તનજી કામા તથા મોરબીના ઠાકોર સાથે મી૦ બનાજી કરીને ડાકટર આવેલા છે તેઓ હતા અને મુંબઇના રેહેવાસીમાં મી૦ બદરૂદીન તૈયબજી હતા તથા કલકતાના બે બાબુઓ હતા તથા બાકીના કચ્છનો રાવ તથા મોરબી અને લીમડીના ઠાકોર હતા તે સીવાય બાકી બધા ઈહાંના યુરોપના કોનસલો તથા ઉમરાવો અને તેઓની બાનુઓ હતી.

ઇરાનના એલચી પ્રિન્સ માલકમખાન પણ આ મેજબાનીમાં હતા જેઓએ પોતે આવીને અમો સાથે (પારસીઓ દાખલ) ઓળખ કીધી હતી. પારસીઓ વિષે ઘણી તારીફ કરી આપણાં ઇરાની ભાઇબંધોને હમણા ઇનસાફ મળે છે તે વિષે પરપુછ કીધી હતી અને બોલ્યા કે "તમો લોકોનું કાંઇબી કામ હોય તે હું કરવાને તૈયાર છું." અમારી ટ્રેન ૫૫ મીનીટમાં વોબર્ન એબીપર જવાનાં સ્ટેશનપર જઇ પુગી હતી યાને ૫૦ મૈલ ૫૫ મીનીટમાં પસાર કીધા હતા. ત્યાંનાં સ્ટેશનપર અમો હિંદીવાનોને જોવા સારૂ એક મોટો માણસોનો જાણે મેલો ભરાયો હતો અને ખુબ હુરરેના પોકારો ઉઠાવ્યા હતા અને હિંદીવાનોના જાતજાતના પોશાકો જોઈને ઘણા ખુશી થતા હતા. અમો ઉપર લખતાં ભુલી ગયા કે હિંદુસ્તાનની રીજમીટના દેશી અમલદારો જે ઇંહાં આવ્યા છે તેઓબી અમો લોકો સાથે આવેલા હતા. અમો લોકોને લેવા ડયુકનો મેનેજર કરનલ ટાલબોટ સ્ટેશનપર આવેલો હતો તેણે સઘળાઓને ત્યાં હાજર રહેલી આસરે ત્રીસ જોડીની ગાડીઓમાં બેસાડયા હતા અને બધી ગાડીઓ સરઘસના આકારમાં વોબર્ન એબી જવા નિકળી હતી જેનો દેખાવ ઘણો સરસ લાગતો હતો અને તે જોવા જગે જગ લોકોનાં ટોળાંઓ એકઠાં થયાં હતાં અને જાણે આજે તે ગામમાં છુટી મળી હોય તેમ નાનાં મોટાં

સઘળાં જગેજગ ઉભાઈ જતાં હતાં અને તોપીઓ ઉતારી દરેક ગાડીને સલામ કરતાં હતાં. અમારી સાથે ગાડીમાં મધરાસનો ગવરનર સર ગ્રાંટ ડફ તથા તેઓનાં બાનુ હતાં અને ઇહાંનું લોક કેટલું સભ્યતાવાળું રેહેછે તેના દાખલા દાખલ અમે જણાવીએ છીયે કે સામી બાજુએ પોતે બેસીને પોતાની ઓરતની પાસ હમોને બેસવાની જગ્યા આપી હતી અને પોતે કોચબાક્ષની બાજુ આગળ બેઠા હતા અને આખો રસ્તો હિંદુસ્તાનની તથા બીજી પરચુ-ટણ બાબદોની વાતચીત કર્યા કીધી હતી. અમોને એક બીજો કલાક વોબર્ન એબી જતાં રસ્તામાં થયો હતો જે સઘળી જગ્યા ડયુક ઓવ બેડફર્ડની પોતાની છે (એ ડયુકની વર્ષે દહાડાની આવક પચાસ લાખ રૂપિયાની કેહેવાય છે.) સ્ટેશનથી તે મેહેલ (Woburn Abbey) સુધીની સઘળી જગ્યા બધી ખેતીવાડીથી ભરપુર હતી અને ઓક, બીચ, એસ, પાઇન ઇત્યાદી જાતનાં મોટાં ઝાડોથી જંગલો તથા પાર્કસો બનાવેલાં હતાં જેની હેઠેનું ઘાસ લોન (Lawn) ની માફક કાપી ગલીચાઓના જેવું કીધેલું હતું અને તે ઊપર હરણો-નાં ટોળાંઓ ફરતાં હતાં અને આજે સહવારથી તડકું નહીં હતું પણ મજેનું ઘેરાયલું વાદળ તથા ઠંડો પસંદ પડે તેવો પવન હોવાથી ગાડીની સેર ઘણીજ પસંદ પડતી લાગતી હતી. પણ રસ્તામાં ધુળાફ ગાડીઓના સરઘસને લીધે જરા લાગ્યાથી બધાઓ ધુળે ભરાઇ ગયા હતા. અમો મેહેલમાં ઉતર્યા કે ચાલની અંદર અમારા "ઓવર કોટસો" ત્યાં રાખેલા ખીદમતગારોએ ઉતારી સઘળાઓના ડગલાઓને બ્રશ માર્યા હતા અને પછી આગળ વધવા કહ્યું હતું. અમો એબીમાં પુગ્યા કે ત્યાં લીવરી સાથના ખીદમતગારો ઉભા હતા તેઓએ અમોને માન આપી ઊતાર્યા હતા. એ ખીદમતગારોએ બફ રંગના ડગલાપર સોનેરી ફીટો મુકેલી અને સોનેરી ગુઠેલી દોરી લટકતી રીતે જમણી બાજુપર રાખેલી હતી, અંદરનો "વેસ્ટકોટ" તથા પાટલુન ગુઠણ સુધીનાં ઊંચી કીરમજી મખમ-લનાં હતાં તથા પગમાં ઉપર સુધી રેશમી મોજાં પેહેરાવી સુનેરી ગારટરો

બાંધ્યાં હતાં, નાના રૂપેરી બકલના શુઝ (Shoes) પેહેરાવેલાં હતાં તેથી તેઓનો ભપકો ઘણો લાગતો હતો. અમો લોકોને લેવા ડયુક પોતે બારણામાં જરા અંદરથી ઉભા હતા જેઓ નમી નમીને બધાઓને સલામ કરતા હતા પણ અમોએ કોઇ દિને તેઓને જોયલા નહીં અને કોઇએ તે વખ્તે ઓળખ ન કરાવાથી ડયુકનો કોઇ માણસ હશે કરી સલામ કરી આગળ વધ્યા હતા. અંદરના હોલમાં બારણાં આગળ ડચેસ ઊભેલાં હતાં તેઓ સાથે અમો બધા જણાઓને પીછાણ કરાવી હતી ત્યાર પછી ડયુક સાહેબ કોણ હતા તે માલમ પડયું હતું. એ બન્ને માટી બઈયર ઘણાં સાદાં છે અને આસરે પંચાવનથી સાઠ વર્ષની ઊમરનાં હશે. અમો બધાઓને ઓળખાણ કરાવ્યા પછી તે હોલમાંથી ડયુકનાં છોકરા છોકરીઓ આવી હાથ મોંઢુ ધોવા સારૂં મેહેમાનોને જગ્યા દેખાડવા છુટા છુટા લઇ જઇ લાવ્યાં હતાં અને એક કલાક પછી "લંચ"પર લઈ ગયાં હતાં જેની ટેબલપર મોટા મોટા સોના તથા રૂપાનાં મેવો તથા ફુલ મુકવાના વાસણો (vases) મુકેલા હતા અને ખાંણાની ડીશો વિગેરે સઘળું રૂપાંનું હતું તથા મેવો તથા ખોરાક સઘળું ઘણુંજ ઊંચી તરાંહનું હતું. એ ડયુકની પોતાની "કીચન ગારડન" (kitchen garden) નાં "હોટ હાઉસ"માં ઉગાડેલી પીચીસ, દરાખ, સ્ત્રાબેરી, ઇત્યાદી એવાં ઘણા સરસ ઊંચા મેવાઓથી ટેબલ ગોયા ભરી નાખી હતી અને બધાની આસપાસ ગોલાબ, કમલફુલ તથા બીજી જાતનાં ફુલોની ગોઠવણીથી ટેબલ બીછાવી નાખી હતી. ચમપેનની બાટલીઓ આગમજથી ઠંડી કીધેલી બધીઓના બુચો ઉઘાડીને સઘળે ઠેકાણે મુકેલી હતી તથા તેજ મુજબ અસલનો જુનો દારૂ તથા વાઈનો મુકેલા હતા અને ખાધાની ગોઠવણ બધી રીતે સરસ કીધેલી હતી. તે "લંચ" લીધા પછી અમોને મેહેલમાં બધે ફેરવ્યા હતા. એ મેહેલમાં જે ચીત્રો છે તેની ઘણી તારીફ થાય છે અને ખરેખર તે જોવા લાયક હતાં. કાંઈ વગર ગણત્રીના ઓરડાઓ એ ચીત્રો ઊંચાં કોરીકામ તથા બીજી નવાઇની ચીજોથી ભરી નાખ્યા હતા. ઊંચા

કોરીકામના "વાસીસો"ની કીમત ૧૦ થી ૫૦ હજાર રૂપિયા સુધીની એક એક નંગની કહેવાય છે અને ચીત્રોની કીમત તો કાંઇ થઇ શકે નહીં. એ ડયુકનું ખાનદાન ઘણું જુનું હોવાથી આવો મોટો સંગ્રહ કરવાને તેઓ શક્તિવાન થયા છે. ફરનીચર પણ ગીલીટનું તથા ઉંચી સાટીન તથા ભરતકામનું જુદા ઓરડાઓમાં જુદી ધપનું હતું. એ સઘળું જોયા પછી બાગમાં બધાઓને લઇ ગયા હતા જેના "લોન્સો" તથા ફુલો ના કીયારાની ગોઠવણ તથા જગે જગ નાના સરોવરો તથા ઘણાં કદાવર ઝાડો તથા પુતળાંઓ ઇત્યાદી ઘણું જોવા લાયક હતું. એ બાગની એક હારમાં ઉપલો મેહેલ આવેલો છે, તેનેજ લગતું વળી (Sculpture Gallery) પુતળાંઓની ગેલેરી છે તે જોઇ હતી જ્યાં જગે જગ અસલનાં રોમ તથા ગ્રીસનાં તથા બીજાં પુતળાંઓ (બે હજાર વર્ષનાં જુનાં) મુકેલાં હતાં જેની કીમતજ થઈ શકે નહીં. એ ગેલરીની પડોશમાં (Conservatory) કાચનાં ઝાડ ઉગાડવાનાં હારબંધ ઘરો હતાં તે સઘળું જોવામાં તથા બાગમાં ફરવામાં વખ્ત સપાતામાં નિકળી ગયો હતો. વળી એ જણાને ત્યાં ફોટોગ્રાફ લેવા સારૂં રાખેલા હતા જેઓ વારાફરતી થોડાંઓની સબીઓ લેતા હતા. સાંજનાં ૪ વાગેને બધાઓને પાછા ચાહ તથા રીફ્રેશમેન્ટ લેવા લઈ ગયા હતા અને તે સઘળું લીધા પછી પાંચ વાગેને સઘળાઓ ડયુક તથા ડચેસને મળીને પાછા જેમ આવ્યા તેમ સરઘસના આકારમાં ગાડીઓમાં બેસીને સ્ટેશનપર ગયા હતા. ડચેસે સઘળાઓની ભેટ જતી વખ્તે જરા અંદરથી લીધી હતી પણ ડયુક પોતે પોર્ટીકોમા ઊભા રહી સઘળાઓનો ઉપકાર માની પોતે ગાડીઓમાં બેસરાવતા હતા. અમો ત્યાં ગયા તેથી બીજેજ રસ્તે અમોને મોટા પાર્કસોમાં ફેરવીને સ્ટેશનપર લઈ ગયા હતા જ્યાં વળી આખે રસ્તે લોક એકઠું જોવા સારૂં મળ્યું હતું અને સ્ટેશનપર તો એટલી ભીડ હતી કે કાનસ્ટેબલો રાખીને તેઓને અટકાવવા પડયા હતા કે અમો લોકોને જવાનો રસ્તો મળે. અમો રાતનાં ૭–૩૦ મીનીટે લંડન આવી પુગ્યા હતા અને આજનો

આખો દિવસ ખરેખર મોજ મજાહમાં ગુજાર્યો હતો તથા ઈહાંના ઉમરાવ લોકો શી રીતે મોજ ભોગવે છે તથા પોતાની મોટી આવકનો શી રીતે ખરચ કરે છે તેનો એક નજીવો દાખલો જોયો હતો કારણ કે બધી રીતનો આજનો બનાવ ફુલ્લા હાથથી તે નહીં જણાય તેવી રીતે પસાર કીધો હતો અને આવા મોટા ઉમરાવો છતાં જાણે તેઓમાં મગરૂરી શું ચીજ છે તે માલમ નહીં પડતી હતી. નજદીક એક મહીનો ઉપર થયો ઇંગલંડમાં વરસાદ તદન પડયો નથી અને તડકો ઘણું જોરાવર લાગે છે જેથી લુ લાગવાના દાખલાઓ બને છે. ગરમી છાયડાંમાં ૮૭ ડીગ્રી સુધી અમોએ સાંજનાં સાત વાગે જોઇ હતી અને લંડનમાં જો કે પાણીની તાન કશી માલમ પડતી નથી પણ ગામડામાં તેની ઘણી બુમ પડી રહી છે. ગાય ઢોરને તથા અનાજને ઘણી નુકશાંની જાય છે. જો એકુ બે દિવસમાં વરસાદ નહીં પડયો તો ઘણી ખરાબી થશે એમ સંભળાય છે. આજનાં વર્તમાન પત્રોમાં વાંચી ખુશી થયા છીયે કે ગામડાઓમાં થોડો થોડો વરસાદ પડયોછે અને આજે ઘણે દિવસે અમોએ ઠંડો પવન જોયો છે.. બાકી અમોને પણ ઉકળાટ જેવું લાગતું હતું તેમાં જમીનની અંદરની રેલવેમાં બેસતા ત્યારે તો જાણે દમ નહીં લેવાય એવી ગરમી લાગતી હતી. અમો રાતના લાઇશીઅમ ઠીયેટરમા Olivia નો નાટક હતો તે જોવા ગયા હતા. એ નાટકમાં મુખ્ય ભાગ અરવીંગ તથા એલન ટેરીએ લીધો હતો જેઓએ તે એવો તો અસરકારક રીતે ભજી બતાવ્યો હતો કે ઘણી બાનુઓને અમોએ ત્યાં રડતી જોઇ હતી અને મરદો વટીક ઉપર પણ અસર થયલી હતી. એ નાટક Vicar of Wakefield ઉપરથી લીધો છે અને તેમાં ઓલીવીયાને જ્યારે માલમ પડે છે કે ખરેખર તે પરણેલી નથી તે વખ્તની તેની રડાકુટ તથા પોતાના બાપની આગળ તે બાબદ જાહેર કીધી ત્યારે તે વીકારની દલગીરી તથા સબુરી એવી તો અસરકારક રીતે મેડમ એલનટેરી તથા મી૦ અર-

વીગે કીધી હતી કે જાણે ખરેખર તે બનાવ બનતો હોય તેવું લાગતું હતું.

તા૦ ૬ ઠી જુલાઇ સને ૧૮૮૭—આજ બપોરના સાડાત્રણ વાગેને ઈંહાંના વખણાયલા સંસક્રીત પ્રોફેસર સર મોનીઅર વીલીયમસને ત્યાં તથા મી૦ બરટ્રામ કરી (Bertram Currie) ને ત્યાં (એ ગ્રહસ્થ ઇંડયા કાઊનસીલનો વાઇસ પ્રેસીડંટ છે) "એટ હોમ" (at Home)ની પાર્ટીઓ હિંદુસ્તાનના રાજાઓને મળવા સારૂં કીધી હતી તેમાં પેહેલા ધણીને ત્યાં અમો ગયા હતા જ્યાં હોલકર સીવાય બીજા બધા રાજાઓ તથા જાણીતા હિંદુસ્તાનના દેશીઓ આવેલા હતા જેઓને મળવા સારૂં ઘણા જણાઓને નોતરેલા હોવાથી મેલાવડો ઠીક થયો હતો. અમો છેલ્લા ધણીને ત્યાં તે આસરે ૧૨) માઇલ દુર રેહેવાથી જઈ શકયા હતા નહીં કારણકે સર મોનીઅરને ત્યાંજ અમોને અવારૂં થઇ ગયું હતું. એવા મેલાવડાઓમાં આપણાં હિંદુસ્તાન વીષે ઘણી પરપુછ થાય છે ને જયારે આપણાં લોકોને પુછેછે કે તમારી તરફ પણ ઈંગ્રેજો તમોને એ મુજબ ચાહાતા હશે, ત્યારે આપણે તેઓ શી રીતે તદન દુર રેહે છે તે વીગતો કહીયે છીયે તેથી તેઓ ઘણા અચરત ઉપરાંત દલગીર થઈ તેઓની ચાલને ધિક્કારે છે ને આપણી તરફ ઘણી દીલસોજી બતાવે છે.

તા૦ ૭ મી જુલાઈ સને ૧૮૮૭—આજે ફરીથી "બફેલો બીલનો-શો" જોવા ગયા હતા અને એકઝીબીશન પણ ત્યાં જોયું હતું. રાતના મી૦ એનટ્રોબસને ત્યાં જમવા ગયા હતા.

તા૦ ૮ મી જુલાઈ સને ૧૮૮૭—સાંજે હેરો તથા ઇટન નામની બે વખણાયલી સ્કુલોના છોકરાઓ વચ્ચેની "ક્રીકેટ મેચ" "લોર્ડસ ગ્રાઉન્ડ" નામની રીજન્ટસ પાર્કની પડોશમાં જગ્યા છે ત્યાં જોવા ગયા હતા. અંદર દરેક જણને દાખલ થવાની ફી અરધો ક્રાઉન યાને અઢી શીલીંગ આપવી પડે છે અને વળી અંદર ક્રીકેટની રમત જોવાની

બેઠક સારૂં બીજી પાંચથી દશ શીલીંગની ફી આપવી પડે છે તે જુદી. અમોને તો મી૦ એનટ્રોબસ જેઓ પોતે એ લોર્ડસ ગ્રાઉન્ડ ની કલબના મેમબર છે તેવણે પોતાની મેમબર દાખલની બેઠકોની તથા અંદર ફી વગર જવાની ટીકીટ આપવાથી ફી આપવી પડી હતી નહીં. અમો અંદર ગયા ત્યારે ત્યાં ૧૫૦૦૦ માણસો ઉપર ભેગું મેચ જોવા મળ્યું હતું જેઓનો અરધો ઉપર ભાગ બેઠકોની ફી નહીં આપવાથી જમીન ઉપર બેઠેલા યા ઉભેલા હતા, બાકીનાઓ સારૂં તથા મેમબરો સારૂં ફરતો ગોળ માડવ નાખેલો હતો. જોવા આવનારામાં મોટો ભાગ ઓરતો હતી જેઓનાં પોતાનાં યા લાગતાવલગતાનાં છોકરાઓ ઊપલી બે સ્કુલોમાં હોવાથી એ સ્કુલોની મેચમાં ઘણી ઉલટ લીયે છે અને તેનેજ લીધે હમેશાં મેચ રમાય છે તે કરતાં આ મેચમાં લોક ઘણું ભેગું મળે છે. દરેક બાજુએ અગ્યાર જણા રમતા હતા જેઓમા અમો સાંજનાં ૪ વાગે ત્યાં ગયા ત્યારે ઇટનવાળાઓ દાવ લેતા હતા. પેહેલી ઇનીંગમાં હેરો તરફના ૧૦૨ અને ઈટનના ૨૦૫ રન થયા હતા અને બીજી ઇનીંગનો દાવ અમો સાંજનાં પોણાસાત વાગે પાછા ફર્યા ત્યારે ચાલતો હતો. ઇટન તરફથી લોર્ડ ચેલસીએ વધતામાં વધતા ૭૨ રન સુધી આજે કીધા હતા. સામી બેરદુએ પેહેલી ઈનીંગમાં બે જણાઓએ ૫૩ તથા ૩૫ મળી ૮૮ રન કીધા હતા બાકીનાઓમાં કાંઇ દમ જેવું હતું નહીં. એ રમનારા છોકરાઓની ઉમર ૧૭ થી ૧૯ સુધીની હતી તોબી તેઓ ફટકા સારા ચારચાર રન સુધીના મારી શકતા હતા જે વખતે તેઓને ખુબ સાબાશી મળતી હતી. અમોને બધી રીતે જોતાં એ ક્રીકેટની રમત પસંદ પડી હતી અને અમો જોઇને દલગીર છીયે કે આવી મરદાનગીની રમત જેમાં મોટા માણસો આગળ ઘણો ભાગ લેતા હતા તે આસ્તે આસ્તે સ્ત્રીને લાયકની "લોનટેનીસ"ની રમતને જગો આપતા જાય છે અને છેલ્લી રમતોમાં ઓરત લોકો ભાગ લીધાથી મરદોને રમવાને વધારે પસંદ પડે છે,

તા૦ ૯ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સવારનાં કલાક ૭—૩૦ મીનીટે વાટરલુ સ્ટેશનપરથી આગગાડીમાં બેસીને ઇંગલંડમાં રેહેતા લશ્કરના મોટા ભાગને રાખે છે તે જગ્યા આલડરશોટ (Aldershott) કરીને છે ત્યાં કલાક ૯—૧૫ મીનીટે પુગ્યા હતા. આજે એ જગ્યાપર રાણીની જુબીલીની મોટી કવાયદ રાણીજીની સનમુખ થઇ હતી જેમાં લશ્કરી તથા વાલનટીયરો મલીને નજદીક ૬૦૦૦૦ માણસોએ "માર્ચપાસ્ટ" કીધી હતી જે ઘણી જોવા લાયક હતી. એ આલડરશોટની જગ્યા રેતાળ છે અને હમણા મહીનો ઉપર થયો અત્રે મુદ્દલ વરસાદ પડતો નથી તેથી એ રેતી તથા ધુળ ઘણી ઉડવાની ધાસ્તી હતી અને તે સારૂં ગઈ કાલે આખી રાત જ્યાં "માર્ચપાસ્ટ" રાણીની સનમુખ થવાની હતી તે જગ્યાપર સ્ટીમના બંબાઓથી પાણી સીપીને જમીન તર કીધી હતી તોબી આસપાસની સુકી જગ્યામાંથી ધુળ તથા રેતી એટલી તો ઉડતી હતી કે જ્યાંબી લશ્કરની હીલચાલ થતી ત્યાં રેતીનાં વાદળાં થઈ જતાં અને કાંઈપણ તે બાજુપર દેખાતું ન હતું. વળી આજે આખો વખ્ત પવન પણ ફુંકતો હતો તેથી પુરૂં ધુળારૂં થતું હતું અને બધી રીજમીટમા સોલજરો તથા વાલનટીયરો જ્યારે "માર્ચપાસ્ટ" કરતા ત્યારે તેઓનો દેખાવ ધુળથી મ્હોડાં તથા કપડાં ભરાઇ ગયાથી ઘણો નાપસંદ જાણે ધુંળમા રહ્યાં હોય અને મ્હોડાં અરધાં ધુળથી કાળાં થયા હોય તેવો લાગતો હતો. આવું ધુળ તથા રેતીનું જોર ઊડવાનું અમે આજ સુધી કેઠે જોયું નથી. અમો સ્ટેશનપરથી આસરે દોઢ માઇલ સુધી સારા રસ્તા પર ગાડીમાં ગયા પણ ત્યાર પછી એ રેતીનું મેદાન મળ્યું જેમાં રસ્તો તદન હતો નહીં અને ગાડીઓની આવજાવને લીધે જાણે ઉદવાડા, નવસારીની ગધેડના રસ્તા હોય તેવો દેખાવ લાગતો હતો. પૈડાં છેક નજદીક ૦ા ભાગ ઉપર તેમાં દટાઇ જતાં હતાં પણ ઘોડા મજબુત હોવાથી ગાડી જોર જુલમે તેમાંથી ખેંચતા હતા અને ટેકડા ટેકડી આવે ત્યારે તો કોઇ વખ્તે અચકી પણ જતા હતા જેથી

અમોને ઉતરીને ચાલવું પડતું હતું. રસ્તો નહીં હોવાથી જેને ગમે તેમ મેદાનમાંથી ગાડીઓ હાંકતા હતા.

એ "માર્ચપાસ્ટ" જોવા સારૂં સરકારની તરફથી લાંબોને લાંબો માડવ નાખી તેમાં બેસવાની ટીકીટો આસરે ૬૦૦૦ જણા પર મોકલી હતી તેમાં અમોને પણ આવેલી હોવાથી અમોને બેસવાની જગ્યા ઠીક મળી હતી અને સારાં ભાયગે પવન અમારી પીઠ તરફથી હોવાથી તથા પછવાડે પડદો બાંધેલો હોવાથી અમોને ધુળથી એ જગ્યા પર હતા ત્યાં સુધી ઘણું ખમવું પડયું હતું નહીં અને તેજ મુજબ મથાળે પણ પડદો હોવાથી સુરજનો તાપ સખ્ત પડતો હતો તે પણ ઓછો માલમ પડતો હતો નહીં. અમો દેશીઓ સારૂં રાણીની ઉભી રેહેવાની જગ્યાની પડોશમાં લોર્ડસોની બેઠક હતી તેની બરાબર પડોશમાં કીધેલી હતી તેથી જોવાને સારૂં બન્યું હતું. રસ્તામાં ગીરદી લોકોની પણ ઘણી હતી અને આસપાસની ટેકડીઓપર લોક જાણે કીડીની માફક ઉભાઇ જતા હતા. એ લોકોને આવજાવ સારૂં દર ૦।) કલાકે ટ્રેન્સો દોડતી હતી અને તેમા ફકત પેહેલા અને બીજા કલાસના ઉતારૂઓનેજ લેતા હતા. વળી ઘોડાની ગાડીઓ સ્ટેશનપરથી કવાયદવાલી જગ્યાપર લઇ જવા તથા પાછા લાવવામાં દર ગાડી દીઠ ચારથી પાંચ પાઊંડ માગતા હતા જેથી મોટો ભાગ લોક ત્યાં સુધી ચાલી જતું હતું. અમોએ પણ એક દિવસ આગમજથી ગાડી રોકી રાખી હતી કે તે વખ્તે નહીં મળે તો રખડી નહીં રહીએ. અમો આસરે સવાદસ વાગેને અમારીવાલી બેઠકપર જઇ પુગ્યા હતા તેટલાં તો બધું લશ્કરથી આખું મેદાન જયાં નજર કરીએ ત્યાં સુધી ભરાઇ ગયલું દીસતું હતું અને જુદા જુદા "ડીવીઝનો" તથા "બ્રીગેડો" કરીને પાયદલ, "આર્ટીલરી" તથા ઘોડેસ્વાર લશ્કરોને છુટાં છુટાં ઉભાં રાખેલાં હતાં. તેમાં આગળી બાજુપર પાયદલ તથા તેની આજુબાજુ ઘોડેસ્વાર તથા તે સઘળાઓની પાછળ ટેકડીઓપર તોપખાતાંના લશ્કર ઉભાં રાખેલાં હતાં જેથી જાણે લડાઈના દેખાવો આપણે ચીતારેલા

જોઇયે છીયે તેવું લાગતું હતું. "હોર્સ ગાર્ડસ"ની ઘોડેસ્વાર તુકડીની છાતી ઉપર પાલીશ કીધેલું બખતર તથા તેવીજ કોહેલા માથાપર હોવાથી તેઓ ઉપર સુરજની ઝાલ પડતી તેથી ખુબ ચળકતી હતી અને તેઓ ટેકડીની હેઠાંણમાંથી ઉપર એકએકની પાછળ હારબંધ બહાર આવતા જતા તેમતેમ સુરજની રજાલ પડવાથી તે જાણે દોડતી હોય તેવો જોવા લાયક દેખાવ લાગતો હતો. રાણીજી સવા અગીયાર વાગેને આવ્યાં તે વખ્તે ખુબ લોકોએ હુરરે કીધી હતી અને તેઓને ૫૦ તોપો ફોડીને માન આપ્યું હતું અને તેઓ પોતાની જગ્યાપર આવી ગાડીમાં ઉભાં રહ્યાં ત્યારે બધાં લશ્કરે હથીયાર નમાવીને પછી એક સાદે ૬૦૦૦૦ જણાઓએ હુરરેના પોકારો ઉઠાવી સઘળાઓએ તોપી ઉતારી માન આપ્યું તે વખ્તનો દેખાવ ઘણોજ સરસ લાગતો હતો અને તેઓના હુરરેના પોકાર એક નાકેથી બીજે નાકે દોડી જતા હોય તેમ દુરના તથા આગળના લશ્કરના પોકારથી લાગતું હતું. તે પછી બધી રીજમીટનાં વાજાંનો ઝુમખો થઈને (એક મોટી રીજમીટ હોય તેમ) આસરે ત્રણથી ચાર હજાર જણાઓએ રાણીની સલામતીનું વાજું વજાડયું હતું અને ત્યાર પછી તે વાજાંઓ પોતાની રીજમીટોની આગળ ગયાં કે "માર્ચપાસ્ટ" કલાક ૧૧॥ વાગેને શરૂ થઇ તે કલાક સવાબે વાગે પુરી થઇ હતી જયાંસુધીએકની પછી એક રીજમીટોમાં પેહેલાં પાયદલ, પછી ઘોડેસ્વાર, પછી તોપખાતાંની, પછી રોયલ એનજીનીયરસની, કેમેસેરીયેટની ઇત્યાદી પસાર થયા કીધી હતી. ધારા મુજબ હમેશાં પેહેલે તોપખાતાંની રીજમીટ પસાર થવી જોઇયે અને તેની પાછળ ઘોડેસ્વાર અને છેલ્લે પાયદલ રીજમીટો આવે, પણ ધૂળારૂં ઘોડાઓથી ઘણું ઉડે તેનાં કારણથી પેહેલાં પાયદલ રીજમીટોએ માર્ચ શરૂ કીધી હતી તેમાં ગ્રેનેડીયર ગાર્ડવાળા સૌથી પેહેલા આવ્યા હતા જેઓનું વાજું બ્રીટીશ ગ્રેનેડીયરનો રાગ વજાડતાં આગળ આવીને રાણીની સામે ઉભું અને પછી રીજમીટ પસાર થઇ હતી પણ તેની આગળ વડો સેનાધીપતી

ડયુક ઓવ કેમબ્રીડજ તથા રાણીના છોકરાઓ તથા જમાઇઓ ચાલીને રાણીને નમ્યા ને પછી તેઓની આગળ જઇ ઉભા હતા. રીજમીટો પસાર જે બરાબર ચાલીને કરતી તેને લોકો સાબાશીના (Bravo) પોકારથી માન આપતા હતા તથા જયારે ફાટેલા વાવટાવાળી (ઘણી લડાઇઓમાં ગયલી તેથી વાવટા ત્યાં વીંધાઈ જઇને ફાટીને જાણે ચીથરાં કોઈ કોઇ તો થઇ ગયા હતા) રીજમીટ પસાર થાય કે તેને વધારે સાબાશીના પોકારો આપતા હતા. ઘાઘરા રીજમીટ (Highlanders) વાળાનેબી ઘણું માન આપ્યું હતું. એ રીજમીટો જયારેબી કેથે જાય છે ત્યારે તેઓપર લોકો ચાહ બતાવે છે. એક રીજમીટની આગળતો બે ઘણા સરસ મોટા બાલ તથા ઘણાંજ મોટાં શીંગડાના બકરા ચાલતા હતા જેમાંના એકના શીંગડાંપર સોનેરી વરખ લગાડેલો હતો જેથી લોકોને ગમત ઠીક પડી હતી. તે બકરાઓ જાણે સોલજરો હોય તેમ ભપકાથી હરોલમાં ચાલતા હતા. મેડીકલ સ્ટાફ (લડાઇના મેદાનમાં દવાદારૂ કરનારા લોકો)ના રીજમીટ સૌથી છેલ્લી પાયદલ રીજમીટ દાખલ પસાર થઈ હતી જેઓની સાથે આજારી માણસોને લઇ જવાની ગાડીઓ પાછળથી સઘળા સામાન સાથે ચાલતી હતી. એ પાયદલ રીજમીટોને પસાર થતાં બે કલાક લાગ્યા હતા. તેઓની પાછળ આર્ટીલરીની રીજમીટો તોપો સાથે આવી હતી જેની આગળ તેઓનું ઘોડેસ્વાર વાજું વાગતું ચાલતું હતું. એ વાજાંના ઢોલીઓ ઢોલને ઘોડાપર બેઊ બાજુએ બાંધીને દાંડા ફેરવીને જેમ ટકોરખાનાના ઢોલીઓ ઢોલ વજાડે છે તેમ વજાડતા હતા. એ વાજામાં વજંનતર સઘળાં પીતલનાજ હતા, (ઝીણા સાદવાળા તદન કલેરોનેટ યા ફ્લુટ વગરનાં હતાં.) વાજાંવાળાનાં પોશાક તદન કસબી ભરતકામના હતા તેથી તેનો ભપકો ઘણો સરસ લાગતો હતો. બધી મળીને આસરે ૧૦૨ તોપોનું લશ્કર પસાર થયું હતું. એ લશ્કરના બધા ઘોડાઓ લાલ (Bay) રંગના હતા. તેની પાછળ લાઇફ ગાર્ડની કેવલરી આવી હતી જેના ઘોડા તદન કાળા રંગના હતા અને તેઓની

છાતીપર બખતર ચલકતાં લોખંડનું તથા માથે ચલકતી પાલીશ કીધેલી પીતલની તોપીઓ હતી. તેની પાછળ "હોર્સ ગાર્ડસ" તથા "સ્કોટસ ગ્રેઝ" આવ્યા હતા. એ છેલ્લી રીજમીટના ઘોડાઓ લીલા (Grey) રંગના હતા, તેઓની પાછળ હુઝાર્સ નામની રીજમીટ આવી હતી જેની તોપીઓમાં કલગીરની માફક ઉભાં પીછો ખોસેલાં હતાં. તેઓના વડા દાખલ પ્રિન્સ ઓવ વેલ્સ તેની હરોલમાં ચાલતો હતો. તેની પાછળ લેનસર્સની રીજમીટો આવી હતી જેઓનાં માથાપર તોપીનાં મથાલા ચપતાં રાખી તેમાંથી લાલ પીછીઓ લટકતી રાખેલી હતી અને દરેકના હાથમાં ભાલા સાથે વાવટીઓ લગાડેલી હોવાથી ભપકો સારો લાગતો હતો. તેની પાછળ યોમેનરી ચલકતી રૂપેરી કોહોલા સાથની આવી, તેની પાછળ રોયલ એનજીનીયર્સની રીજમીટો આવી જેઓની સાથે પોન્ટુન્સો નામની પોહોળાં તળીયાની બોટો ગાડાંઓમાં મુકીને નંગ ૧૨ તેવી બોટો ઘોડાઓ ઘસડતા હતા. તે બોટોમાં સોલજરો બેઠેલા હતા તેથી દેખાવ સારો લાગતો હતો. એ બોટો નદીઓ જ્યાં પસાર કરવી હોય છે ત્યાં રાખી તેની ઉપર તરતો પુલ બાંધી લશ્કર પસાર થાય છે. એ રીજમીટોની પાછળ ટેલીગ્રાફની બટાલીયનો આવી જેઓ સાથે ગાડાંઓમાં વિજળીના તારોનાં દોરડાં ગોઠવીને મુકેલાં હતાં અને તે ગાડાંઓમાં પણ સોલજરો બેસાડેલા હતા. ત્યાર પછી તેને લગતી પાછળ બીજી રીજમીટો પાવડા, ચાંચવા ઇત્યાદી જાતનાં હથિયારો ગાડાંઓમાં ભરી તથા ખચ્ચરો પર લાધીને ચાલતી હતી જેને Field Park and Depot કરી કહે છે. ને સૌથી છેલ્લાં કેમેસરીયેટને લગતી રીજમીટ તથા ગાડાંઓ આવ્યાં હતાં. એ છેલ્લી દરેક બેટરી સાથે ૩૨ ગાડાંઓ હતાં. એ મુજબ ઘોડાઓની રીજમીટોને પસાર થતાં પોણો કલાક લાગ્યો હતો અને તેઓના બધા ઘોડાઓ એક હારમાં સરખે પગલે જેમ માણસો રીજમીટમાં ચાલે છે તેમ ચાલતા હતા તેથી દેખાવ ખરેખર ઘણો ભપકા ભરેલો લાગતો હતો. બધા મળીને એ સાઠ હજાર માણસોને પસાર

થતાં નજદીક ત્રણ કલાક લાગ્યા હતા જે રાણીજીએ પોતાનીજ ગાડીમાં બેસીને જોયું હતું તથા તે જોવા સારૂ ઇંહાં આવેલા બધા રાજવંશીઓ પણ હાજર હતા. પાયદલ રીજમીટોમાં આસરે ૨૯૦૦૦ ખરૂં લશ્કર તથા ૧૯૦૦૦ વાલનટીયરો મળી ૪૮૦૦૦ લશ્કર હતું અને બાકીનું ઘોડેસ્વાર લશ્કર આસરે ૧૨૦૦૦ માણસોનું તેમાં ૪૦૦૦ વાલનટીયરો હતા. "માર્ચપાસ્ટ" પુરી થઇ કે પાયદલ રીજમીટો સઘળી મેદાનમાંથી નિકળી ગઇ હતી પણ ઘોડેસ્વાર રીજમીટો પાછી સફ સમારીને સામેથી આવી ઉભી હતી જેથી આખાં મેદાનની લંબાઇ પુરાઈ ગઇ હતી અને રાણીજીની ગાડી જેની સાથે બીજા રાજવંશીઓ ઘોડેસ્વાર થઇને ગયા હતા તેઓ ત્યાંથી પસાર થયા કે સઘળું વીખરાઇ ગયું હતું. અમો તંબુમાંથી બાહેર નિકળ્યા કે પાછા ધુળનું તોફાન ખાતાખાતા સ્ટેશનપર આવીને લંડનમાં કલાક સાડા પાંચે સાંજનાં આવી પુગ્યા હતા.

તા૦ ૧૦ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સવારના લંડનથી આસરે બાવીસ માઇલ દુર વોકીંગ કરી દાટવાની જગ્યા છે ત્યાં આપણા અત્રે ગુજરેલા જરથોસ્તીઓને દાટેલા છે તે જગ્યા પર ગયા હતા. ત્યાં જવા સારૂં વાટરલુ બ્રીડજ સ્ટેશન આગળ એક હલાએધુંજ સ્ટેશન રાખેલું છે ત્યાંથી દરરોજ સવારનાં સાડા અગીયાર વાગેને એક ફ્યુનરલ ટ્રેન જાય છે તેમાં અમો ગયા તે ૪૦ મીનીટે વોકીંગનાં સ્ટેશન પર પુગ્યા હતા. લંડનમાની દાટવાની જગ્યા બધી ભરાઈ જવા ઉપરાંત વસ્તી ત્યાં વધી જવાથી એને લગતી દાટવાની જગ્યાઓ દુર વેર સરકારના હુકમથી લઈ જવી પડી છે તેમાંની એક એ સૌથી મોટી જગ્યા કેહેવાય છે. તે આસરે ૨૦૦૦ એકર જમીન રોકે છે જે જમીનને એક લંડન નીકરોપોલીસ કારપોરેશન કરી કંપની ઊભી થઇને ખરીદી છે ને એ કંપની "ફ્યુનરલસો" પોતાને માથે લઈને જેવી જેની શક્તિ તે પ્રમાણે તે બજાલાવે છે ને પોતાની જગ્યામાં તેને દાટવાની

જગ્યાના પૈસા, કોફીન ઊંચકી લઇ જઈ દાટવાના ખરચ સુધાં પાઊંડ ૧ દશ વરસ સુધી તે જગ્યાને પાછી વાપરે નહીં તેવી બોલીએ અને પાઊંડ ૨–૧૦ શીલીંગ જાથુક તે પાછી વાપરે નહીં તેવી બોલીએ વેચે છે તથા જો "ફ્યુનરલ" માથે લે છે તો બધા ખરચના પાઊંડ ૨–૫ શીલીંગથી પાઊંડ ૩૫ સુધી લેછે અને દરેક મુડદાંને દાટવા સારૂ ૯×૪ ફીટની જગ્યા આપે છે. પણ "ફેમીલી વોલ્ટ" સારૂં યા વધતી ઘોરો એકજ કુટુંબની દાટવા સારૂ જગ્યા લઇ રાખે છે તો તેના વધતા પૈસા લે છે. દરરોજ રાતના મુડદાં ત્યાં લઇ જવાનાં હોય છે તેઓને ઉપલા વાટરલુ બ્રીડજનાં સ્ટેશન પર લાવીને એક ભોયરૂં છે ત્યાં રાખે છે અને સવારની અગાઊ તેને વાસ્તે અભરાઇઓ બનાવેલી બંધ ગાડીમાં મુકે છે કે સવારના સાડાઅગિયાર વાગેને તે મુડદાંઓ સાથે જનારાઓ આગની ગાડીમાં બેસવા આવે ત્યારે તે લોકની નજરે પડે નહીં અને પછી એક ખાસ ટ્રેન બધાં મુડદાં તથા તેની સાથે જનારા લોકોને ભરીને પરભારી વોકીંગ ખાતે જયાં ઘોરસ્થાન છે ત્યાંજ એક સ્ટેશન છે તે પર લઇ જાય છે અને લોકો ત્યાં બધા ઉતરી પડે છે. પછી એક બાજુ પર ગાડી લઇ જઈને તેમાંથી પેલાં કફનો ત્યાં રાખેલા માણસો બાહાર કાહાડીને એક જાતની હાથે ધસડવાની મુડદાંની ગાડી (Barrow) માં તે કફનો છુટાં છુટાં દાટવાની જગા પર લઇ જાય છે યા ત્યાં જુદા જુદા પંથનાં દેવળો છે ત્યાં લઇ જઇ દાટવાની બંદગી એક પાદરી પાસ કરાવી પછી સગાં વાહાલાંઓ સાથે જઇને દાટે છે. એ ટ્રેનમાંનું બધું લોક શોકને લીધે તદન કાળાં કપડાં પેહેરીને રડતું ગાડીઓમાંથી બાહાર નિકળે છે તે ઘણો દયા ખેંચવા જેવો દેખાવ થઈ પડે છે. એ દાટવાની ક્રિયા સારૂં બધા મળીને બે કલાક મળે છે ને પાછી તેજ ટ્રેન લોકોને લઇને હદી વાગે ઉપડે છે તે લંડન સાડા ત્રણમાં લાવી ઉતારે છે. આપણા જરથોસ્તીઓને દાટવા સારૂં એક નાનો કકડો ઇંહાના જરથોસ્તીઓનું એક ફંડ છે તેમાંથી વેચાતો લઈને હલાયધો ઝાડોની વાડથી ઘેરી લીધો છે

અને તેમાં આસરે વીસ ફીટ સમચોરસ એક નાનો બંગલો બાંધ્યો છે જ્યાં રવાંનને લઇ જઇને ગેહે સારે છે અને પછી કમપાઉંડમાં દાટે છે. હમણાં સુધી એ જગ્યાપર સને ૧૮૬૨ થી ૧૩ રવાંનોને દાટેલાં છે તેમાં એકજ ઓરત છે બાકીનાંમાં બે નાનાં બચ્ચાં તથા બે અણુજાના શખ્સો છે. ૧૧ ઘોરોપર નામ નીશાન છે પણ બે ઘોરો ઉપર કશું નામ નીશાન નથી. જે ઘોરોના પથ્થર મુકેલા છે તે બધા સાદા પથ્થરના છે જેઓ અમો ધારીયે છીયે કે ઈહાંની ઠંડી રૂતુ વખ્તે ધોવાઇને આગળ ચાલતાં રદ થવાના છે. ફકત એકજ ઘોરપર પાલીસ કીધેલો લાલ ગ્રેનાઇટનો પથ્થર છે તેજ મજબુત દીસે છે. અમો જોઇને ઘણા દલગીર થયા હતા કે ઇહાંનાં જરથોસ્તી સાહેબો આપણી અવલમંજલ પોંહોંચાડવાની જગ્યા તથા તેનાં મકાન ઉપર કશી દેખરેખ રાખતા હોય તેવું જણાતું નથી. બધી જગ્યાપર ઘાસ ઉગી નિકળ્યું છે તેને કાપતા પણ બરાબર નથી અને અમો ધારીએ છીયે કે અમો લોકો જોવા જવાના તેની ખબર આગમજથી ત્યાંના રખેવાલને મળી હશે તેથી તરત જેમ તેમ ઘાસ કાપી જરા જગ્યા સફાઇ કીધી હતી. જો કે તે સાફ રાખવા સારૂં તે રખેવાલને વરસાન મળે છે તોબી દેખરેખ ન હોવાથી બીસમાર હાલતમાં રેહે છે. વળી જે આસાએશ લેવાનું મકાન છે તેનેબી કોઇ સમારકામ કરતું હોય તેવું માલમ પડતું નથી. તેની સીલીંગ જે વનજી ઉપર ચુનો નીપીને કીધી છે તે બે ગમથી પડી ગઇ છે અને દેવાલોમાં ફાટ પડી છે તથા છાપરૂં જોયા મેલે ગલતું હોય તેથી અંદરથી સીલીંગ ખરાબ થઇ છે. અંદર મુવેલી માખોના ઢગલા પડેલા હતા અને સાફ સુફ રાખતા હોય તેવું જણાતું નથી. આપણા જરથોસ્તીઓનું ઇહાં સારૂં ફંડ છે તેના ટ્રસ્ટી શેઠ દોરાબજી પેસ્તનજી કામા ઇહાં છે બાકીના એક શેઠ હોરમસજી ડોસાભાઇ કામા મુંબઇ છે તે સાહેબોના ધ્યાન ઊપર એ બાબદ લાવવાનો વિચાર રાખીયે છીયે અને જો દર ત્રણ મહીનેબી એક ફેરો મારી એકાએક ત્યાં કોઇબી જરથોસ્તી દેખરેખ

રાખે તો આવી ખરાબ હાલતમાં એ જગ્યા આવે નહીં. અમો ત્યાંથી પાછા સાડા ત્રણ વાગે લંડન આવી પુગ્યા હતા.

તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૮૮૭—આજે કાંઇ જોવા લાયક જગ્યા પર ગયા હતા નહીં. રાતના લાર્ડ હોબહાઉસને ત્યાં દેશીઓને ઇવનીંગ પાર્ટી આપી હતી ત્યાં ગયા હતા.

તા૦ ૧૨ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સવારના કવીન્સ રોડ સ્ટેશન ઉપર મેટ્રોપોલીટન રેલવેમાં ગયા અને ત્યાંથી વેસ્ટબોર્ન ગ્રોવ કરી જગ્યા છે ત્યાં વીલીયમ વીહીટલીની ગંજાવર દુકાન છે તે જોઇ હતી. એ દુકાન ઘણી દુકાનોની એક બની હોય તેવી રીતે રાખી છે અને તેમાં જે જોઇયે તે ચીજ મળી શકે છે. કાપડ, કોરીકામ, ગલાસકામ, બ્રશ, બુટ, ઓઇલમેન સટોર, સેન્ટ, ફરનીચર, ગલીચા, જુમર, આરસી, ખોરાકી, ઇત્યાદી, જે બીજી ચીજો દરરોજના ખપમાં આવે છે તે મળી શકેછે અને એકની અંદરથી એક એમ દરેક જણસોને લગતી જુદી જુદી આવે છે અને જાણે એ મોટા લાંબા મોહોલા તેવી દુકાનોથી ભરી નાખ્યા છે. એ સઘળાનો ધણી એકજ જણ મી૦ વીલીયમ વીહીટલી છે. એ દુકાનમાં ઓછામાં ઓછો પચાશ લાખ રૂપિયાનો માલ હશે. આજે બપોરના લંડનની વખણાયલી નોર્થબ્રુક ઇંડયન કલબના મેમબરોએ અમોને "લંચ પાર્ટી" આપી હતી (કે જે કલબમાં અમારા મુરબ્બીજી સર દીનશાહજી માણેકજી પીટીટે કલબના પુસ્તકખાના સારૂં ૧૦૦૦ પાઊંડ ભેટ આપ્યા છે) જયાં આસરે ૬૦ મેમબરો લાર્ડ નોર્થબ્રુકના સરનશીનપણા હેઠલ ભેગા મળ્યા હતા. તેઓમાંનો મોટો ભાગ હિંદુસ્તાનની સરકારી નોકરીના ઓધેદારો પેનશન ઊપર ગયલા જેવા કે સર ગ્રાંટ ડફ, મધરાસનો છેલ્લો ગવરનર, સર ઓવનબર્ન, સર લેપલ ગ્રીફીન, મી૦ લાયોનલ આશબરનર, (મુંબઈની કાઊનસીલનો) ઇત્યાદી ઊપરાંત આપણા હિંદુસ્તાનના દેશીઓ, રાજાઓ જેવા કે મોરવી, લીમડી તથા ગોંડલના

ઠાકોરો ઉપરાંત ૧૭ જરથોસ્તીઓ હાજર હતા. સલામતી લેવાડતી વખતે લાર્ડ નોર્થબ્રુકે આપણા પારસીઓની સખાવતની ખુબ તારીફ કરી અસલની આપણી કોમના ધરમાતુ લોકોનાં નામ દઈ તેઓની તારીફ કીધી હતી. "લંચ" લીધા પછીબી એક કલાક ઉપર બાગમાં સર્વે જણા વાતચીત કીધા પછી છુટા પડયા હતા.

તા૦ ૧૩ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સવારના કલાક ૧૧ વાગેને વીકટોરીયા સ્ટેશનપરથી આગગાડીમાં પેરીસ શેહેર જવા સારૂં ઉપડયા હતા. અમો લંડન આવ્યા ત્યારે એ શેહેરમાંથી ફકટ પસાર થયા હતા તેથી હમણાં વખત હાથમાં હોવાથી તે જોઇ આવવાનો ઠેરાવ કીધો હતો અને આવતી કાલે તે સારૂં ઉપડવાના હતા પણ અમોએ ગઈ કાલે સાંજે સાંભળ્યું કે પેરીસમાં બ્રેસપતવારે ફ્રેંચ પ્રજાસ્તાકરાજની વરસ દીનની "નેશનલ ફીટ" (National fete) છે તેની ધામધુમ જોવા સારૂં સાજેજ નિકળ્યા હતા તે ડોવર કલાક ૧ વાગે તથા કેલે કલાક ૨ાા અને પેરીસ કલાક ૮ વાગે રાતના પુગ્યા હતા અને ગ્રાંડ હોટેલમાં ઉતારો લીધો હતો. Channel આજે ઘણોજ ઠંડો હતો.

તા૦ ૧૪ મી જુલાઇ સને ૧૮૮૭—આજે ફ્રેંચ લોકોનો "નેશનલ ફીટ"નો દિવસ હતો. સને ૧૭૮૯ માં પેહેલ વેહેલું પ્રજાસ્તાક રાજનું મંડાણ તા૦ ૧૪ મી જુલાઈએ થયું હતું તે દિવસ ઇંહાંનાં લોકો ઘણી ધામધુમથી પાલે છે. ગઇ કાલે રાતથી લોકોનાં ટોળાંઓ થઈને વાજાં સાથે મારસેલ્સ "હીમ" ગાતા મોહોલાઓમાં ફરતા હતા અને આજે સહવારથી લોકોનાં સરઘસો થઈને પેલે ડી લા કોનકોર્ડ તરફ જતા હતા. એ જગ્યાપર ફ્રાંસનાં "પ્રોવીનસોને રેપ્રીઝેન્ટ" કરવાનાં પુતળાં મુકેલાં છે તેમાં સ્ત્રાસબર્ગનુંબી પુતળું છે જે આલસેસ તથા લોર્ન પરગણાંનું મુખ્ય શેહેર છે. એ પરગણાંઓ છેલ્લી ફ્રેંચ તથા પ્રુશીઆની લડાઇમાં પ્રુશીયાવાલાઓએ લઇ લીધાં છે ત્યારથી એ પુત-

ળાંને કપડાંથી ધાંકી રાખ્યું છે કે જ્યારે એ પરગણાંઓ પાછાં લીયે ત્યારેજ તેને ખોલ્લું પાછું મુકે. હવે એ પરગણાંમાંથી ઘણું લોક જ્યારે તે જરમનીને અસ્તક ગયાં ત્યારે છોડીને ફ્રાંસમાં જાહુકનું આવી રહ્યું છે. તે લોકોના ટોળાંઓ આજે સહવારથી વાજાંઓ સાથે સરઘસરોકા આકારમાં સાથે ફુલોના તોરા તથા હારો તથા કાળા જેટનાં બનાવેલાં તાજો ઘોડા ઊપર મુકે છે તેવા આકારનાં લઇને જતા હતા. એ ફુલોના હારો ઇત્યાદી ચાર લાકડાંના કકડાઓ ઉપર ખુરસી યા બીજી ભપકાની બેઠકો શણગારીને તે ઉપર મુકી ચાર માણસો તેને ઊચકી અને સાથે ફ્રેંચ પ્રજાસ્તાક રાજના વાવટાઓ લઈને લોકો ચાલતાં હતાં જેમાંનાં કોઇ સરઘસ તો અરધાથી પોણા માઇલ જેટલાં લાંબાં હતાં અને મુગાં મુગાં જાણે પાયદસ્તે જતાં હોય તેમ ગંભીર દેખાવથી મરદો, ઓરતો તથા છોકરાંઓ ચાલતાં હતાં. તેઓ "પેલે ડીલા કોનકોર્ડ"માં જઇને આજે સ્ત્રાસબર્ગનું પુતળું ખોલ્લું મુકેલું હતું. તેની ઉપર એ શોગની નીશાણીઓ જાણે કોઇ અતલગનું સગું મરી ગયું હોય અને તેની ઘોર ઉપર મુકે તેમ મુકતા હતા તથા તેનાં ગલાંમાં એક મોટો પીલા ગોતાનાં જેવાં ફુલનો હાર પેહેરાવ્યો હતો તે જોવા સારૂં એટલું તો લોક એકઠું થયલું હતું કે આખો એ ચોક ભરાઇ ગયો હતો અને સરઘસને આવવાનો રસ્તો ખુલ્લો રાખવા સારૂં સોલજરોની ચોકી રાખી હતી. અમો તે જોઈને પછી (Madeleine) નું દેવળ તથા પેલે રાએલ જોઈ આવ્યા હતા જેની વિગતો સને ૧૮૮૧ ની ડાયરીમાં આપેલી છે. બપોરનાં કલાક ૧ વાગેને આજે નેશનલ "ફેટ"ની ખુશાલીમાં ફ્રેંચ લશ્કરની કવાયદ બોઇડી બુલોનાં પાર્કમાં હતી તે જોવા ગયા હતા જેને સારૂં બેઠકોની ટીકીટના ૧૫ ફ્રાંક લેખે આપવા પડયા હતા. એ જગ્યાની આસપાસ અતી મોટી ભીડ લોકોની મળી હતી, અમો ધારીયે છીયે કે દોઢથી બે લાખ માણસો જોવા મળ્યું હતું. જ્યાં નજર કરીએ ત્યાં દુર વેરથી કીડીની માફક લોક ઉભાઇ જતું હતું. એ કવાયદની જગ્યા ધારવા મેલે શરતવાળા રસ્તાપર હતી અને ત્યાંનાં ગ્રાંડ સ્ટેન્ડપર ઇહાંના પ્રજાસ્તાક

રાજનો વડો પ્રમુખ ગ્રેવી તથા પ્રધાન મંડલની જગ્યા રાખી હતી જેને માથે ફ્રેંચ વાવટો લાલ, બલુ તથા સફેદ પટાનો ઊડતો હતો.

પ્રેસીડંટ આવ્યો ત્યારે તેને તોપો ફોડીને તથા હુરરેના પોકારોથી માન આપ્યું હતું અને ચાર વાગેને કવાયદ "માર્ચપાસ્ટ" શરૂ થઇ હતી તેમાં પેદલ ઘોડેસવાર તથા આર્ટીલરીનાં આસરે ૨૫૦૦૦ માણસોએ ભાગ લીધો હતો. મોં૦ ફેરો જે લડાઇને લગતો વજીર છે તે તથા "સ્ટાફ"નાં માણસોએ "માર્ચપાસ્ટ" શરૂ કીધી હતી તે વખતે હાજર થયલું તમાશગીર લોક ઘણું ઊશ્કેરાઇ ગયું અને બુલાંઝે (Boulanger) કરીને મોટે મોટે બુમ પાડવા લાગ્યું હતું. એ નામનો જેનરલ છેલ્લાં પ્રધાન મંડળમાં લડાઇનો પ્રધાન હતો અને તે જરમનીનો કટ્ટો દુશ્મન હોવાથી લડાઇ કરવાની ઊસકેરની તથા તરફેન કરતો હતો તેને નવી "મીનીસ્ત્રી" હમણા બદલાઇ મોં૦ ફેરીને બદલે મોં૦ રીવેર વડો પ્રધાન થયો ત્યારે એ ઓધો પાછો નહીં આપ્યો અને બાહારના પ્રોવીન્સના લશ્કરનો વડો બનાવી તેને દુર કાહડયો છે તેથી ઈહાંનું ઝનુની લોક તે જેનરલ બુલાંઝેની પક્ષમાં ઘણું થઇ ગયું છે અને જ્યારે તે પેરીસ છોડી ગયો ત્યારે દોઢ લાખ માણસ તેને સ્ટેશનપર મુકવા ગયું હતું. ઇંહાં પ્રધાનોને ઘણી ધાસ્તી હતી કે રખેને હુલ્લડ થાય પણ તેને દુર કરવાથી લોક પાછું નરમ પડી ગયું હતું તે આજે રીજમીટોની કવાયદ હતી ત્યારે પાછું તેને યાદ કરવા લાગ્યું અને જ્યારે તેની બદલીનો જેનરલ ફેરો લશ્કરને મથાલે ચાલ્યો ત્યારે લોક ઉસકેરાઇ ગયું અને બુલાંઝે, બુલાંઝે કરી બધેથી અવાજો નિકળવા લાગ્યા હતા. એ વખ્તે હુલ્લડ થવાની પાછી ઘણી ધાસ્તી સરકારને હતી અને તે સારૂં કાનસ્ટેબલો ઉપરાંત સોલજરોની રીજમીટો તૈયાર રાખેલી હતી પણ સારાં ભાયગે કંઇબી માઠો બનાવ બન્યો હતો નહીં અને વળી એજ મુજબ આજે નેશનલ "ફેટ" હોવાથી જરમનો ઉપર પણ તોફાન વીટવાની ધાસ્તી હતી અને તે સારૂં જરમનીથી ઇહાંના જરમન રેહેવાસીઓ ઉપર હુકમ આવ્યો હતો કે એ દીને (આજે) કોઇબી જરમને દુકાણો યા આરીસો ઉઘાડી

રાખવી નહીં અને બહાર રસ્તામાં પણ જવું નહીં કે તેથી ફીસાદ થતો અટકે. અમોએ જે રીતે લોકોને ઉસકેરાયલા જોયા હતા તે રીતે અમો ધારયે કે જો રસ્તામાં કોઈબી જરમન ફ્રાંસની કાંઇપણ વિરૂધ બોલતે તો તેનો કચડઘાંણ કાહાડી નાખતે. આજે આખાં પેરીસમાં વાવટાઓ ઘેરે ઘેર ટાંગેલા છે તેમાં જો એકબી જરમન વાવટો હતે તો તે ઘરનાં બારી બારણાં ભાંજી નાખ્યા વગર રેહેતે નહીં. કાંઇ વગર ગણત્રીના વાવટાઓ જે ટાંગેલા હતા તેમાંના ઘણા ખરા ફ્રેંચ પ્રજાસ્તાક રાજના વાવટાઓ (સફેદ, બલુ તથા લાલ પતાના) હતા બાકીનામાં અમેરીકન વાવટા અને છુટાછવાયા જ્યાં ઇંગ્રેજી દુકાનો તથા આપીસો હશે ત્યાં ઈંગ્રેજી વાવટાઓ હતા બાકીના બીજી કોઇબી પ્રજાના વાવટાઓ કેડે દેખાતા હતા નહીં. લશ્કરની "માર્ચપાસ્ટ" કલાક સવાચારે શરૂ થઇ તે કલાક સાડાપાંચ વાગેને પુરી થઇ હતી. લશ્કરના મોટા ભાગનો પોશાક પેદલનો બલુ ઘેરા રંગનો ડગલો તથા લાલ પાટલુન અને કાળી તોપીપર લાલ ફુમતાંનો હતો. ઘોડેસવાર લશ્કરના પોશાકમાં માથાપર લોખંડની ચળકતી કોલાહ હતી તે ઉપર જાણે ઓરતોનો છુટો ચોતલો બાલનો લટકતો હોય તેમ પીછીરેશ્રી પુછડીઓ માથાથી કમરસુધીની લટકતી હતી, બદનપર લોખંડનાં ચળકતાં બખતરો હતા અને કાળાં કપડાંપર લાલ પતીના પાટલુનો પેહેરેલાં હતાં. સોલજરોનો દેખાવ ઇંગલંડના સોલજરો જેવો કદાવર નહીં લાગતો હતો પણ બધી રૈયતને સોલજર થવાની ફરજ હોવાથી ઠીંગના તથા પતલા કદના સોલજરો ઘણા દીસતા હતા અને "માર્ચ" કરતી વખ્તે જો કે એક પગલે હારબંધ ચાલતા હતા પણ તેની સાથે ડાબો હાથ પણ હીલવીને ચાલતા હતા જેથી સોલજરી (લડાયક) દેખાવ તેઓનો લાગતો હતો નહીં. "માર્ચપાસ્ટ" ઝડપથી પેદલ રીજમીટોએ કીધી હતી અને "કેવલરી" તથા "આરટીલરી"ના ઘોડા દોડતા ગયા હતા પણ જેમ ઇંગ્રેજી ઘોડેસ્વાર લશ્કરના ઘોડાઓ એક હારમાં ચાલતા હતા તેમ ફ્રેંચ ઘોડેસ્વાર લશ્કરના ચાલતા હતા નહીં પણ જરા વાંકા ટીકા ચાલતા હતા. દરેક રીજ-

મીટના જેનરલો રીજમીટને મથાળે આવે કે લોકો પાછું ખુલાંઝે ખુલાંઝે કરીને બુમ પાડતું હતું. અમો જે જગ્યાપર હતા ત્યાં લોક ટીકીટો લઇને આવેલું હતું તેઓ અલબતે ઘણા હલકાં માણસો નહીં હતા તોબી તેઓની રીતભાત ચીબાવલી હતી અને આગળની હારનું લોક ઉભું થઇને કવાયદ જોતું હતું તેઓને બેસી જવા સારૂં "સીત સીત" કરી બુમ પાડતું અને પાછળથી કાંકરાઓનો વરસાદ ખુબ વરસાવતું હતું જેથી મડમોને છત્રી ઊઘાડીને તેનો બંચાવ કરવો પડવાથી ઘણોખરો દેખાવ બંધ થઇ જતો અને તેથી લોકો વધુ ઉસકેરાઇને જથાબંધ કાંકરાઓ ફેંકવા લાગ્યા હતા તેથી આખરે આગળ ઉભાં રહેલા લોકને બેસવાની ફરજ પડી હતી. "માર્ચપાસ્ટ" પુરી થઇ કે ઘોડેસ્વાર લશ્કર પ્રેસીડંટની સામે સફસમારીને ઊભું હતું અને એકદમ ઘોડા દોડાવતું સામે આવીને ઉભું હતું અને પ્રેસી-ડંટની ગાડી ત્યાંથી પસાર થયા પછી વીખરાઇ ગયું હતું. હવે પાછા ફરતી વખ્તે લોકોનાં પાછાં ટોળાઓ થઇને ગીતો ગાતાં પેરીસ તરફ ચાલ્યાં અને અમો હતા તે જગ્યાનાં બે બારણાં હતાં તેમાંનું એક બંધ રાખ્યું હતું જેથી લોકોને બાહાર નિકળવાની અગવડ ઘણી પડી અને ભચડાકચડી ખુબ ચાલવાથી તથા બારણું ઉઘાડવા કાનસ્ટેબલોને કહ્યા છતાં તેઓએ ઉઘાડયાં નહીં તેથી લોકે ઉસકેરાઇ જઇને બારણાં-ઓને હીલવીને ભાંજીને ઊઘાડયાં હતાં અને પાસે રીજમીટ તથા કાનસ્ટેબલો છતાં તેઓની કશી દરકાર કીધી નહીં અને આવું તોફાન જોઇને તે લોકો જાણે જાણતા નહીં હોય તેમ અખાડા કરી જઇ બારણું ઉઘાડી આપ્યું હતું. એમ જો હિંદુસ્તાનમાં થયું હોય તો પોલીસ ધામધુમ કરી ગરીબ લોકોને પકડી લઇ જતે પણ લોકોમાં સંપ ઘણો હોવાથી આવાં તોફાનો વખ્તે પોલીસ તથા લશ્કરના માણસોને વટીક અખાડા કરવા પડે છે. હવે લોક બહાર રસ્તાપર પડયું કે ટોળાંઓ થઈને વાવટાઓ તથા ઝાડની ડાંખલીઓ લઇને આખા રસ્તાઓ ઘેરીને ચાલવા લાગ્યું અને ગાડી ઘોડાને જતાં અટકાવ થયો પણ રસ્તામાંથી બાજુએ ખસે નહીં અને કોઇની કશી દરકાર




પારીસ શેહેરનું બુલવરડ.

ફરે નહીં તેથી ગાડીનું જાણે પાછળ સરઘસ બની ગયું અને તેઓને પાછળ ચલાવવી પડી અને બીજા આડા રસ્તાઓ આવે ત્યાંથી લોકબી જવા લાગ્યા હતા એ મુજબ અમને ત્રણ ચારગમ ટોળાંઓ મળવાથી આડે રસ્તે જવું પડયું હતું. રસ્તામાં એટલી તો ભીડ હતી કે નજ-દીક ત્રણ માઇલનો તે રસ્તો ચીકાર ભરાઇ ગયલો હતો અને ગાડી-ઓની તો મોટા રસ્તાપર આઠની હાર ચાલતી હતી. અમો રાતના સાત વાગે હોટેલમાં આવી પુગ્યા હતા અને પાછા જમીને શેહેરમાં રોશણી કીધેલી હતી તે જોવા નિકળ્યા પણ ગાડી ઘોડાની આવ જાવ બંધ કીધેલી હોવાથી પગે ફરીને થોડીએક જોવાલાયક જગ્યા જોઇ હતી, જેમાં "પેલે ડલા કોનકોર્ડ" તથા "આર્ક ડ ટ્રાયમ્ફ" અને તુલીરીસની ગારડનની સામે સીન નદીની ઉપર રોશણી જોઈ હતી, જે ઘણી સરસ બધી જોવા લાયક હતી. અમારાં હોટેલવાલો મોહોલો Boulevard Des Capucines બુલવાર્ડ ડ કાપુસીન બધો રોશણી-થી ભરેલો હતો તે છેક મેડીલેનના દેવળ સુધી હતો; તે દેવળને મથાળે પણ રોશણી હતી. ત્યાંથી સીધા મોહોલામાંથી "પેલે ડ લા કોનકો-ર્ડ"માં ગયા જ્યાંથી ફરતી હવેલીઓપર રોશણીની હારો કીધેલી હતી અને એ મોટો ચોક જાણે ગેસલાઈટના દડાની તોરણોથી ગુંઠી લીધો હોય તેવો બનાવેલો હતો. વચમાં ઘણી રોશણીના ખુંટાઓ અને તેની વચમાં દડાની રોશણીની તોરણો હતી તથા તેની બહાર રસ્તાની બીજી બાજુએ ગેસની મસાલો થાંભલાઓપર બળતી હતી. એ ચો-કની સામેની બાજુપર નદીને બીજે નાકેની ઇમારતો પણ રોશણીથી ભરપુર હતી અને વચમાંના પુલો ઉપર હજારો હજાર કાગજોનાં ફાણુસોની બતીઓ હતી તથા નદીમાં નાની બોટો તથા સ્ટીમરો તદન રોશણીથી ભરી નાખેલી દોડતીઓ હતી અને નદીના બેઉ કીનારાઓપર તથા ત્યાંના ઝાડોપર બધે જયાંબી જગ્યા મળે ત્યાં એજ ફાણુસોની બીન ગણત્રીની રોશણી કીધેલી જેનો ઓચ્છવ પાણીમાં પડે અને ફાણુસોની રોશણીથી તેની કીનારીઓ ભરી નાખેલી બોટો ડોલ સુધાની

આવજાવ આસ્તે આસ્તે કરે તેથી દેખાવ જાણે આએ દુનિયાનો નહીં પણ ફરેશ્તાઇ દુનિયાનો દેખાતો હતો.

નદીના પુલોબી જાણે ફાણુસોની રોશણીનાજ બાંધેલા હોય તેવા નજર પડે ત્યાં સુધી દેખાતા હતા. એ ચોક મુકીને "શાં ઇલીઝે"નો આખો રસ્તો ગેસની બેઉ બાજુએ તોરણથી ભરી નાખેલો હતો તથા તેની આસપાસનાં બધાં ઝાડો પર કાગજના ફાનસો લટકતાં હતાં તેથી જાણે એ રોશણીનાંજ ઝાડો હોય તેવાં દેખાતાં હતા. એ સઘળો દેખાવ ઘણોજ જોવા લાયક હતો અને એવી રોશણી આજ સુધી અમોએ કેઠે જોઇ નથી. તેમાં નદીપરનો દેખાવ કાંઇ ઓરજ તરેહનો લાગતો હતો. વળી જગેજગ મોહોલાઓના ચોકોમાં તથા મેદાનોમાં માચડા કરીને વાજાંઓ બેસાડેલાં હતા અને તે જગ્યાપર ગમે તે લોકો "બોલ" (નાચ) કરતા હતા. અમારાં હોટલની પડોશમાં ઓપેરા હાઉસની સામેના ચોકમાં પણ તે મુજબ આખી રાત નાચ ચાલુ રહ્યો હતો. ઈહાંની બધી નાટકશાળાઓ આજે દીસના નાચ લોકોને મુફત જોવા સારૂ ઉઘાડી રાખી હતી તે જોવા સારૂં લોકો સહવારના પોહોરથી એ નાટકોના ઘરોની બાહાર જઇ ઊભા રહ્યાં હતાં કે જે પેહેલાં અંદર જાય તેને જગ્યા મળે. બાકીના ઊભા રહેતાંબી જો અંદર જગ્યા બાકી નહીં હોય તો પાછા ફરવું પડે. એ મુજબ બીજી ખુલ્લી જગ્યાઓ પર નાચો થતા હતા અને બધે રમત ગમતમાં લોકો રોકાઇ ગયું હતું, અને અમો રાતના સાડાબાર વાગેને હોટલમાં પાછા આવ્યા તોબી બધા મોહોલાઓ લોકોની ભીડથી ભરપુર હતા અને "બોલ" (નાચ) ચાલુ હતા તથા દારની દુકાનો તથા (Cafe) સઘળાને આજે આખી રાત ઉઘાડાં રાખવાની છુટ હતી તેથી તે જગ્યાઓની પગથીઓ પર લોકો ખુરસીઓપર બેસીને દારૂ યા કાફી પીતા યા "રીફ્રેશમેંન્ટ" લેતા હતા અને તેઓની સામે ગીત ગાનારાઓ તથા આરગીન વજાડનારાઓ ગાતા તથા વજાડતા હતા. આજે ભીખારીઓને પણ જોયા મેલે ભીખ માગવાની છુટ મળી હશે,



પેરીસનું નવું ઓપેરા હાઉસ.

કારણકે રસ્તા પર તેઓ પણ ઊભાઈ જતાં હતા અને જાતજાતની યુક્તિઓ પૈસા મેળવવાની કરતા હતા. એક ભીખારી એક હાથે હુંઠો હતો તે બીજા હાથે નાની આરગીન કુંચીથી વજાડતો હતો ને આરગીનની ઉપર એક કુતરાને તેનાં મોહોડાંમાં નાની ટોપલી આપી મુકી હતી જેમાં લોકો પૈસા નાખતા હતા ને પેલા કુતરાની વફાદારી વખાણવા તેને પસવારતા હતા. જેવા થોડા ઘણા પૈસા તે ટોપલીમાં એકઠા થયા કે ભીખારી સાહેબ તેને ખાલી કરી નાખતા કે લોકો તે ખાલી જોઇ પૈસા વધુ નાખે. કોઇ રસ્તામાં વચમાં બેસીને સારંગી વજાડતું, કોઇ ગીત ગાતું, કોઇ નાચ કરતું, એ પ્રમાણે જગેજગ ભીખારીઓ હતા જેઓની લોક દયા પણ ઘણું ખાતું ને ગરીબ માણસો કાંઇનું કાંઇ તેઓને આજે ખુશાલીનો દીવસ હોવાથી આપતું હતું. આજે આખી રાત લોકોની આવજાવ રસ્તાઓપર ચાલુજ હતી.

તા૦ ૧૫મી જુલાઇ સને ૧૮૮૭.—આજે ઇહાંનું વખણાયલું લુવર મેહેલનું મ્યુઝીયમ જોવામાં દિવસ નિકળી ગયો હતો તેની વિગત આગળ આપેલી છે. રાતનાં "હીપોડ્રોમ" કરીને સરકસના જેવી જગ્યા છે ત્યાં ગયા હતા જયાં ઘોડાની તથા માણસોની કસરતો જોઇ હતી. તેમાં એક હાથ્થીનાં બચ્ચાંને ઘોડાની માફક કેળવેલુ હતું જે વાજાંની બરાબર ટાઇમ આપીને જેમ ઘોડાઓ સરકસમાં ચાલતા તથા દોડતા જોઇયે છીયે તેમ ચાલતું હતું, તથા તેને સુવા કહે ત્યારે સુઇ જતું તથા પાછળા પગ પર જેમ કુતરૂં બેસે છે તેમ બેસતું. પણ સૌથી નવાઇ જેવું તો તેને આગળા બે પગ ઉપર ભોંયપર માથું ટેકવીને ઉધું ઊભું રાખ્યું હતું જે દેખાવ એ ગંજાવર જાનવરનો ઘણો સરસ લાગતો હતો. બીજી રમતોમાં ગાડીઓમાં ચાર ઘોડા જોડીને તેવી ત્રણ ગાડીની સરતો તથા માણુસોની પગે દોડવાની શરતો હતી એ છેલ્લામાં દોડવાની જગ્યાની વચમાં ઢળાવો, કુદવાનાં લાકડાંઓ, બાકસો જેવા મોટા પેટારાઓ તેનાં ઢાંકણાં એક માણસ જઇ શકે તેટલાં નાનાં હારબંધ મુકેલાં તેમાંથી પસાર થવાનું તથા જમીનથી એક ફુટને

આસરે ઊંચે આડું લાકડું મુકેલું તેને તળીએથી પસાર થઇને છેક છેલ્લે છુટા છુટા મોટા ખાંચાઓની ગુંઠેલી ઊભી તથા આડી નેટની ઉપરથી પસાર થવાનું હતું. એ મુજબ દોડતાં ઊપલી સઘળી વિગતો પસાર કરીને જાય તેને ઇનામ આપતા હતા તેમાં છેલ્લી નેટમાંથી પસાર થવાનું ઘણું મુશ્કેલ હતું એના ખાંચાઓમાં પગો છેક ઊપર સુધી પેસી જતા જે પાછા ઉંચકવા જાય કે બીજો પગ બીજા ખાંચામાં પેસી જાય એ પ્રમાણે મેહેનતનું કામ હતું અને જોવાની મઝા ઘણી લાગતી હતી.

તા૦ ૧૬ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સેંટ ઇસતાશ (Eastache) નું દેવળ જોવા ગયા હતા તે તથા નોટ્ર ડામ (Notre Dame) નું દેવળ, સેંટ સુલપીસ (St. Sulpice) નું દેવળ, સેંટ શાપેલ (Sainte Chappele) નું દેવળ, કોર્ટ ઓવ જસટીસ, પાનઠીયન (Pantheon) તથા કેટેકોમબ્સ (Catecombs) જોઇ આવ્યા હતા. એ સઘળાની વિગતો આગળ આપેલી છે. પાનઠીયનમાં હમણાં ત્રીજે સાલ વીકટર હયુગો કરીને એક ઘણો હુશિયાર લખનાર મરી ગયો હતો તેને દાટયો છે. ઇહાં તેની મુડદાંની પેટી એક બાજુ "વોલ્ટ"માં અભરાઇ ઊપર મુકી છે જેની ઊપર જથાબંધ ફુલનાં તથા દાણાનાં તાજો મુકેલા છે તથા બાકીના વધેલા હારોને ઉપરના વચલા હોલમાં ચાર ખુનાપર ઢગલાઓ કરીને મુકયાછે. એ ઘણી જે ગરીબ માણસોની તરફેણ ખેંચનાર હતો તેની પાયદસ્ત ત્રણ મૈલ લાંબી હતી અને તેને પસાર થતાં બે કલાક લાગ્યા હતા. જયારથી એ વીકટર હયુગો (Victor Hugo) ને ઇહાં સને ૧૮૮૫ માં દાટયો છે ત્યારથી સરકારના ફરમાનથી વળી એ દેવળને "પાનઠીયન"નુ નામ આપ્યું છે અને વખણાયલાં માણસોને દાટવાની જગ્યા દાખલ ગણવાનો હુકમ થયો છે. એ મુંજબ ત્રણ ચાર વખ્ત જયારે પ્રજાસ્તાક રાજ થાયછે ત્યારે એને "પાનઠીયન" અને પાદશાહી રાજ થાય છે ત્યારે સેંટ જીનીવીનું દેવળ દાખલ એ વપરાતું આવ્યું છે. ઊપલાં

દેવળો ઉપરાંત ઇહાંની સેનટ્રલ મારકીટ તથા ગોબલીનટસનું ટેપેસ્ટ્રી બનાવવાનું કારખાનું જોયું હતું. એ છેલ્લું કારખાનું લુઇ ૧૪ માએ સને ૧૬૬૨ માં સ્થાપ્યું હતું અને ત્યાં અસલથી બનાવતા આવેલા ટેપેસ્ટ્રી (ભરતકામ) ના નમુનાઓ રાખેલા છે જે ઘણા જોવાલાયક છે અને હમણા પણ એ ભરતકામો નવાં બનાવે છે તેબી ઘણા સરસ જાણે ભરતકામને બદલે "ઓઈલ પેનટીંગસો" હોય તેવાં ઘણા નજદીક જઇને જોઈયે છીયે તોબી દીસે છે. એ બનાવવા સારૂં પેહેલાં ઉભી સાલના દોરાઓ ઉપર જે પાડવાનું હોય છે તે ચીતારે છે એને પછી તે અસલ ચીતાર જે રંગીન હોય છે તે નમુના દાખલ તેની ઉપરથી ટાંગે છે અને તેમાં જોઇને જેવા રંગ જોઇએ તેવા રંગીન દોરા યા ઉન જેમ કેનવાસ પર દોરા ગણીને ભરેછે તેમ તેમાં આંકરીઓથી ગુંઠે છે અને પછી તેને લોખંડના ઝીણા સલીયાએ ઠોકે છે (યાને ઠોક આપે છે) કે પેલી સાલના દોરા ઉપર હેઠે કરી તેને પકડમાં લીધો કે બીજા દોરાથી ભરત ચલાવે છે તથા રંગ મેળવવા તેના "શેડસો"ને દરેક રંગના "શેડસો"ના દોરા ઘણા તપાસીને વાપરવા પડે છે અને ભરતકામ કરનારાઓ ઘણા રંગની બાબદમા ચીતારાઓની માફક બાપદાદે તેજ ધંધો કરવાથી હુશીયાર હોય છે જેથી જાણે આબાદ "ઓઇલપેનટીંગ" હોય તેમ દોરાથી ભરત કરી શકે છે. એ ભરવાનું ઊંધી ગમથી છે યાને ભરનારની સામે ઉધો અને બીજી બાજુએ સીધો ચીતાર પડે છે. એવું કામ કરવા સારૂં રોજ છ ચોરસ ઇચજ હુશિયાર આદમી કામ કરી શકેછે. ઈહાં ઊચા ગલીચાઓ પણ એજ પ્રમાણે ઊભી સાલેપર ગુંઠે છે પણ તેના ઉનના દોરાને સાલના દોરાઓમાં ભરીને પછી ગાંઠ મારી દે છે અને ઊપરથી જરા ફુમતાં જેવા રાખીને કાપી નાખે છે અને એક હાર લાંબી તરાંહની થઈ કે પેલા દોરાનાં ફુમતાંઓને છેક એઠાં કાતરે કાપે છે કે જાડો ગલીચો બનેછે. એની તરાંહ પણ ઘણી સરસ પાડી શકે છે. એ ગોબલીનસ (Gobelins)નું ભરતકામનું કારખાનું ફ્રેંચ સરકારનેજ અસ્તક હમેશાં ચાલે છે અને તેના પાડનારાઓમાં

ફ્રેંચ લોકો હુશિયાર હોવાથી તેઓનું કામ ઘણું યુરોપમાં વખણાયછે અને તેની નહીં મનાય એટલી કીમત ઉપજે છે. આજે રાતના (Eden) ઈડન ઠીયેતરમાં ગયા હતા જયાં હાથ ચાલાકીનો તથા કસરતના ખેલ ઊપરાંત "સીલ" જાતનાં જાનવરોનો ખેલ તથા "બેલેટ" (નાચ) કરી બતાવ્યો હતો જે માફકસરનો જોવા જોગ હતો, પણ એની ઇમારત ઘણી સરસ છે તે મોરીસ ધપપર આલહામબ્રાને અંદરથી મળતો બાંધેલો છે અને તેમાં ખુબ નકશી, ગીલીટ તથા રંગ વાપરેલો છે. ઠીયેટરની બેઉ બાજુપર મોટાં દીવાનખાનાઓમાં દારૂ તથા "રીફ્રેશમેન્ટ"ની જગ્યાઓ રાખી છે તથા ફરવા હરવાની મોટી ગેલરી રાખીછે.

તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૮૮૭—આજે "નેશનલ ફ્રેટ" ગઇ તેની ખુશાલીમાં વરસેલીસ (Versailles) ના મેહેલમાં ઘણી ધામ ધુમ કરવાના હતા તે જોવા સારૂં સહવારનાં કલાક સાડા નવ વાગેની ટ્રેનમાં પેરીસથી નિકળ્યા હતા. તે સેંટ કલુ (St. Cloud) નાં ગામમાં ૧૦ વાગે ઉતર્યા હતા અને ત્યાંનો વખણાયલો મેહેલ જે હમણાં ખંડીયેર હાલતમાં છે તે તથા ત્યાંનો પાર્ક જોયો હતો. મેહેલ અસલ ઘણો સારો હોવો જોઈયે પણ પ્રુસ્યાની લડાઈ વખ્તે સઘળો તોપોના મારાથી ભાગી ગયલો હજી તેવીજ હાલતમાં પડેલો છે. બાગમાં ફુવારાના (Cascades) કાસકેડો તથા છેક ડુંગરને મથાળેથી જુદે જુદે તપે એકની પછી એક ઘાસનાં "લોન્સો"ની વચમાં છેક નીચાંણની નદી સુધી લઈ ગયા છે જે ઘણા જોવા લાયક છે. પાર્કના ઝાડો ઘણાં મોટાં ઉગેલાં છે અને તેની હેઠલ સફાઇ જમીન રાખી છે જયાં આજે આતવાર હોવાથી ગામનું લોક મોજ કરવા ઉતરી પડેલું હતું અને ઝાડોના છાયડા હેઠલ (જયાં અમો ધારીયે છીયે કે તડકું તો કદી હેઠાંણમાં પડતું નહીં હશે એવાં ગીચ પણ હારબંધ ઝાડો ઉગાડેલાં છે) ત્યાં બેસીને મઝા મારતા હતા તે જોઇને પાછા આગગાડીમાં કલાક ૧૨ને અમલે બેસીને નિકળેલા વરસેલીસના મેહેલવાળાં સ્ટેશનપર જઇ પુગ્યા હતા.

બધો મલીને પેરીસથી ઈહાં આવવાને ૪૫ મીનીટ થાયછે. અમો પેહેલાં (Grand Trianon) ગ્રાંડ ટ્રાયનોનો મેહેલ જે રાજા લુઇ ચૌદમાએ પોતાની રાખેલી ઓરત મેડમ ડી મેન્ટનો (de Maintenon) સારૂ વરસેલીસની સાથે બાંધ્યો હતો તે જોવા ગયા હતા. એ એક નાનો જેવો મેહેલ છે અને અંદરથી ઘણું ઊંચાં અસલી ફરનીચરથી શણગારેલો છે અને તે હેલાએધો હોવાથી ઉપલો રાજા લુઇ ચૌદમાં ઉપરાંત ત્યાર પછીના એનાં ખાનદાનના બીજા રાજાઓ લુઇ પંદર તથા સોલમાં ઉપરાંત નેપોલીયન બોનાપાર્ટ પણ એમાં રેહેવાનું પસંદ કરતો હતો અને વરસેલીસનો મોટો મેહેલ જાહેર ક્રિયાઓ માટે વાપરતા હતા. એ ટ્રાયનોમાં આપણાં મહારાણી વિકટોરીયા જ્યારે ત્રીજા નેપોલીયનના વખ્તમાં ઈહાં આવ્યાં હતાં ત્યારે ઉતર્યાં હતાં જેઓવાળા ઓરડાનું ફરનીચર ઘણું સરસ છે. તેમાંની રોમના પોપે નેપોલીયન સારૂં ભેટ મોકલેલી "મોઝાક વર્ક"ની ટેબલ છે તેનીજ કીમત ફકત ૧૦ લાખ ફ્રાંક યાને ચારલાખ રૂપિયા ત્યાંનો ભોમિયો કેહેતો હતો. એ જોઇને પડોશમાંની પાદશાહી ગાડીઓનો તબેલો જોયો હતો જેની વિગત ૧૮૮૧ માં આપેલી છે. ત્યાંથી નિકળેલા વરસેલીસના પાર્કમાં ગાડીમાં ફરીને પછી મેહેલમાં ગયા હતા. એ પાર્ક ઘણોજ મોટા ઘેરાવાનો છે તેમાં વગર ગણત્રીનાં "એવેન્યુંસો" (ઝાડોની વચ્ચે ઘણા લાંબા રસ્તાઓ સીધાને સીધા હોય છે તેને એવેન્યુસો કહેછે) કીધેલા છે અને દરેક "એવેન્યુસો"ની વચમાં ફુવારાઓ મુકેલા છે જેઓ તરેહ તરેહની રીતના બનાવેલા છે. એક ગમતો જાણે નાનો જેવો ગોફો (Cave) કરી તેમાં સંગેમરમરનાં પુતળાંઓ મુકી તેની હેઠલથી ફુવારાના ધોધો પડતા કીધાછે. એકગમ ૨૮ મોટાં આરકાંઓનો ઘેરાવો કીધો છે અને દરેક આરકાંની વચમાં મોટા એક એક પથ્થર વાસીસો ફુંવારા સાથનાં મુકેલાં છે અને વચમાં થોડાં પુતળાં મુકેલાં છે. એ સઘળું સંગેમરમરના પથ્થરનું છે. તે સીવાય મેહેલને લગતા બાગમાં ફુવારાઓ તરેહવાર બેસુમાર મુકેલાં છે જેઓને અમોએ આએ વખ્તે ઉડતા જોયા હતા. દર મહીને પેહેલે આતવારે એ પ્રમાણે ફુવારાઓ ઉડેછે, પણ આજે

"ફેટ"નો દિવસ હોવાથી ઊરાડવામાં આવ્યા હતા જે દેખાવ તેના પુતળાંઓમાંથી, જમીનમાંથી બાજુઓપરથી એવી રીતે ફુંવારાઓ ઊડી તેની પાણીની તરાંહઓ બને તે જોવા લાયક હતું. અમોને એ મેહેલ તથા તેનો સંગ્રહ જોતાં છેક સાંજ પડી હતી (એની વિગત ૧૮૮૧માં આપેલી છે) ત્યાર પછી ત્યાંનાં બાગમાં જયાં આજે તેહેવાર હોવાથી હજારો હજાર લોક એકઠું થયું હતું અને બાગમાં વાજું વાગતું હતું ત્યાં બધે ફુવારાઓ ઉડતા હતા તેની મઝા લેતું હતું. રાતનાં બાગની અંદરના કયારાઓમાં જમીન ઉપર રોશણી કીધી હતી જેનો ભપકો ઘણો જોવા લાયક હતો. બધા ફુંવારાઓની બાજુપર પણ રોશણી હતી અને ફુંવારાઓ રાતના પાછા ઉરાડેલા ત્યારે તેની આસપાસની તથા પાણીની ઉપર વિજળીની રોશણીનાં પ્રતિબિંબ પડયાથી દેખાવ ઘણોજ રળીયામણો લાગતો હતો. રોશણી જે કીધી હતી તે તેલની બતીઓની હોવાથી દીવા ઝળકતા ઘણા હતા. રાતના નવ વાગેને આતશબાજી શરૂ કીધી તે કાંઇ ઘણી જોવા લાયક ન હતી અને તેનો મોટો ભાગ બાનો ઉરાડવામાં કીધો હતો પણ રોશણી જોવા લાયક હતી. આજે વરસેલ્સના આખાં ગામમાં પણ રોશણી કીધી હતી જે ઘેરોની બાહરનાં ઝાડોપર ચીનાઇ ફાણસોથી તથા ગાસલાઇટથી ઘણું શોભતું હતું અને મોટા ચોકોમાં માચડાઓ કરી ત્યાં વાજાંઓ વાગતાં તે સાથે લોકો નાચતું હતું અને આખું ગામ આજે ખુશાલીમાં આવી ગયું હતું. અમો તે સઘળું જોઇને રાતના ૧૧ વાગે પેરીસ પાછા આવ્યા હતા.

તા૦ ૧૮ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સહવારનાં મોન્ટમારટર (Mont Martre) નામનો એક પેરીસના શેહેરની બાહાર ડુંગર આવેલો છે ત્યાં સેક કુર ડ જીસસ (Sacre coeur de Jesus) નામનું એક મોટું દેવળ બંધાય છે તે જોવા ગયા હતા. એ દેવળનો પાયો ડુંગરની અંદરની જગ્યા પોચી તથા છુટા કાંકરાની હોવાથી છેક ૬૦ ફીટ ઊંડો કરવો પડયો છે અને ડુંગરની અંદર ભોંયરૂ હોય તેમ એક ભાગ દેવળનો હેઠાંણમાં બાંધી તૈયાર થાય છે અને તેનું મથાળું

ડુંગરની સપાટી સુધી લઇને તેની ઉપર બીજું દેવળ બાંધે છે. એનો પાયો સને ૧૮૭૫ માં નાખેલો છે અને હજુર ભાયગે અરધું બંધાયું હોય તેટલા સુધીમાં એની ઉપર ૬૦ લાખ ફ્રાંક ખરચ થઇ ચુકો છે. તેની એક બાજુપર હાઇ આલટર કરીને સામેથી અરધ ગોળ આકારમાં સાત ચેપલો બાધ્યાં છે. એ દેવળની દેવાલો વિગેરે સઘળું ઘણુંજ મોટું અને મજબુત કીધેલું છે અને જે ડુંગર ઉપર એ બંધાય છે તે વખણાયલા પેરીસના પ્લાસ્ટરના પથરા યા કાંકરાના હોવાથી એજ પ્લાસ્ટર પથરના સાંધાઓની બાહાર પુરી લઇ સફાઈ બનાવે છે. એ મોન્ટમારટર ડુંગર ઊપરથી પેરીસ શેહેરનો દેખાવ ઘણોજ સરસ જાણે પેનોરામાં જોતા હોઇયે તેવો દીસે છે. સને ૧૮૭૧ માં કમ્યુનીસ્ટોએ એજ ડુંગરપર તોપો પેરીસ શેહેરને તોડવા ગોઠવી હતી અને તેને કિલ્લેબંધી પણ કરતા હતા, જ્યાંથી તોપોનો મારો પેરીસ શેહેર જે તેની હેઠાણમાંજ આવેલું છે તેપર સેહેલાઈથી ચલાવી શકાય છે. ત્યાં ઉપર જવા સારૂં એક ગમથી ગાડીનો અને બીજી ગમથી સીડીના રસ્તા કીધેલા છે જે તરફથી ૨૩૦) ટપ્પા સીડીના ચહડવા પડે છે. હાલ એ ડુંગરપર ઘરો બંધાઈને વસ્તી થયલી છે. ત્યાંથી નિકળેલા ગરીબ માણસો સારૂં બનાવેલા બાગ Parc Buttesdes Choumot પર ગયા હતા. એની વિગત આગળ ૧૮૮૧ માં આપેલી છે. ત્યાંથી પેનોરામા ડી એસ્ટાઇલ જોવા ગયા હતા જ્યાં અસલ એસ્ટીલનું વખણાયલું બંદીખાનું ૧૭૮૯ માં રેવોલ્યુશન થયો ત્યારે બાળી નાખ્યું હતું તેનો ચીતાર પેનોરામાં બતાવે છે જે એવું સરસ બનાવેલું છે કે જાણે ખરેખર તે બનાવ બનતો હોય અને આસપાસથી હજારો લોકોએ ઘેરી લઇને સલગાવી મુકયું હોય તેવા દેખાવ નજરે પડે છે. એ દેખાવનો ચીતાર કાંઇ કાચમાંથી જોવાનો નથી પણ ફરતી દેવાલપર કેનવાસ મુકી તેપર પાડેલો છેં. ત્યાંથી ઇહાંની વખણાયલી પીઅર લા ચેઝ (Pere La Chaise) નામની દાટવાની જગ્યા જોવા ગયા હતા જેની વિગત આગળ આપેલી છે. ત્યાંથી નિકળેલા (Champ de Mars) શાંપ ડી મારસવાળી જગ્યામાં સને ૧૮૮૯

નાં સાલનાં એકઝીબીશન સારૂં જે દુનિયામાં સૌથી મોટો મીનારો બંધાય છે તે જોવા ગયા હતા. એ મીનારો ૧૦૦૦ ફીટ ઊંચો થવાનો છે. તે તદન લોખંડનો બંધાશે તેનો પાયો હમણાંજ તૈયાર થયો છે તે આસરે ૧૦૦ સબ ચોરસ ફીટ હશે (૧૦૦ ફીટ પોહોળો અને ૧૦૦ ફીટ લાંબો) અને તે પાયો જમીનમાં ઉભો બાંધ્યો નથી પણ જાણે આડા ટેકા આપવાના હોય તેમ આડકટરો બાંધેલો છે અને ચાર આડકટરા પાયાની વચ્ચે જાણે લાવીને તે મીનારો ઊભો થશે. તે મીનારાપર જવા સારૂ લીફ્ટ કરવાના છે. એકઝીબીશન સારૂં છાપડાંઓ લોખંડનાં સળીયાનાં નખાવા માડયાં છે અને તે ઘણી મોટી જગ્યા રોકે છે. એ જોઇને એની સામેજ સને ૧૮૭૮ નાં સાલનાં એકઝીબીશનવાળો રાખેલો ભાગ છે તે જોવા ગયા હતા. એની તથા એના ફુંવારાઓ તથા બાગની વિગત આગળ આપેલી છે પણ આએ વખ્તે તેમાં આસ્ટ્રેલીયા તથા અમેરીકાના અસલી જંગલી રેહેવાસીઓને લગતું મ્યુઝીયમ કીધેલું છે જેમાં તેઓનો પેહેરવાસ, હથિયારો, વાસણો ઇત્યાદીનો સંગ્રહ સારો કીધેલો છે તે જોયું હતું. અમેરીકાનાં પીરૂ દેશમાં હમણા મમીસો મળી આવે છે જે ઇજીપ્ટની માફક હજારો વરસની જુની હશે એવું ધારે છે તે થોડીએક ઈંહાં જોવામાં આવે છે. એ સુકવેલાં મુડદાંઓને પગની અમરેતી પેટ તરફ વાલી તે પગની આસપાસ તેઓના હાથ વીટાલીને બેઠી દાતેલીઓ છે પણ તેને બરોબર સુકવેલી ન હોવાથી તેના માહેના આકારો ઇજીપશીયન મમીસના જેવા આબાદ રહ્યા નથી પણ ખવાઇ ગયા છે. એ જંગલી લોકોમાં દાટવા સારૂ નાના ઓરડાના જેવી "વોલટો" કરીને તેઓની સાથે જાનવરો, વાસણો તથા જીવતાં માણસોને મારીને તેઓને પેલી જેહાન કામ લાગવા સારૂં દાટતા હતા. તેમાંની એક બે ધોરો સઘળો સામાન સુધાં ઈંહિં લાવી રાખી છે. આસટ્રેલીયાના જંગલીઓ પોતાના નીચલા હોઠની અંદર એક મોટું કાંણું પાડીને તેમાં લાકડાંના ગોળ કકડાઓ આસરે દોઢથી બે ઇંચ વ્યાસનાં ખોસે છે, તે તથા ગાલની અંદર ઝીણા કાંણાં પાડીને જેમ કાનમાં કાંઇ નાની કડી પેહેરીએ છીયે તેમ

ગાલમાં બટનરોકી કડીઓ તથા નાનાં હાડકાં તથા મોટા જાનવરોના દાંતો ખોસે છે તે સઘળાનાં પુતળાંઓ બનાવી તેમાં એ જણસો પેહેરાવી બતાવેલી છે. એ લોકોને આગળ લોખંડના હથિયારો માલમ ન હોવાથી પથ્થરનાં હથિયારો વાપરતા હતા, તે તથા પીછનાં તથા પાદડાંનાં ઇત્યાદી જાતનાં પેહેરવાસો સઘળું મુકેલું છે. એ જંગલીઓ ઊપરાંત યુરોપના જુના પેહેરવાસો, ચીન તથાં હિંદુસ્તાનના રેહેવાસીઓના પોશાકો ઇત્યાદીનો સંગ્રહ સારો કીધેલો છે. તે જોઇને પાછા હોટેલમાં આવ્યા હતા અને રાતના અત્રેનું વખણાયલું ઓપેરા હાઉસ જોવા ગયા હતા (જેની વિગત આગળ આપેલી છે) જ્યાં Aida (એઇડા) નો ઓપેરા ઘણો સરસ રીતે બજાવતાં સાંભળ્યો હતો તથા સીનરીઓ પણ ઘણી જોવા લાયક હતી.

તા૦ ૧૯ મી જુલાઇ સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૮—૨૦ મીનીટે પેરીસ છોડયું હતું તે કલાક દોઢ વાગે કેલે તથા કલાક પોણા ત્રણે ડોવર અને કલાક છ વાગે લંડન પુગ્યા હતા અને પાછા હોટલ મેટ્રોપોલમાં ઊતારો લીધો હતો. રાતનાં પ્રિન્સ ઓવ વેલ્સ ઠીયેટરમાં ડોરોથીનો ખેલ જોવા ગયા હતા જે અછી રીતે બજાવતાં જોયો હતો. એમાંનો એક ખેલાડી એટલોતો રમુજી હતો કે આખો વખ્ત પોતાના રમુજી બોલવાથી લોકોને ધુમ હસાવતો હતો. અમોએ છેલ્લું પેરીસ શેહેર સને ૧૮૮૧ માં જોયું હતું તેનાં કરતાં કાંઇ ઘણો જાણવા જોગ ફરક ત્યાં પડયો નથી. ફકત વસ્તી હમણા સને ૧૮૮૬ ની ગણત્રી મુજબ ૨૩૪૪૫૫૯ ની થઈ છે તેથી ઇમારતો આસપાસ નવી બંધાતી જાય છે. હમણા દોઢ મહિનો થયો વરસાદ આવતો નથી તેથી ઝરાના કુવાઓ Artesian Wells માં પાણી ઘટી ગયું છે તેથી સીન નદીનું પાણી સાફ કરીને મોટો ભાગ વપરાય છે અને બાગના ઘાસોની લીલોતરી હતી તે સઘળું સુકાઇ ગયલું લાગે છે.

તા૦ ૨૦ મી જુલાઇ સને ૧૮૮૭—આજે કંઈ જોવા લાયક જગ્યાપર ગયા હતા નહીં. બપોરના મી૦ ઝફેલોવીસ્કી કરીને કારીગર

છે તેને ત્યા ઇવનીંગ પાર્ટી હતી ત્યાં ગયા હતા અને જ્યાં હિંદુસ્તાનના થોડાએક દેશીઓને નોતરેલા હતા ત્યાં ગાવા વજાડવામાં વખ્ત સારો કાઢયો હતો.

તા૦ ૨૧ મી જુલાઇ સને ૧૮૮૭—આજે અત્રેનો વખણાયલો ક્રીસ્ટલ પેલેસ જોવા ગયા હતા. એની બધી વિગતો આગળ આપી ગયા છીયે. ત્યાં આજે રાતનાં રોશણી ઘણી સરસ થઈ હતી. એની એક બાજુને બધી જાતજાતના રંગની ગેયાસની રોશણીથી ઘણી સરસ રીતની કારીગીરીથી સીનગારી હતી. ત્યાંના બાગમાંનાં વાજાંનાં સ્થલો તથા કયારાઓ પણ હેઠેથી ઉપર સુધી રોશણીથી શણગારેલા હતા. નદીપર એક પુલ લંડન શેહેરની નદીપર ટાવર બ્રીડજ કરી હમણા બંધાય છે તેની નકલનો ઊભો કીધો છે તેને આખો રોશણીથી એવોતો સરસ કીધો હતો કે જાણે હીરા તથા પાના અને માણેક તેમાં જડી લીધાં હોય તેવોજ ઘણો રળિયામણો લાગતો હતો. બધી રીતે એ રોશણી જોવા લાયક હતી. તે ઉપર ૬૦૦૦૦ ગેસની બતીનો શણગાર કીધેલો કહે છે. રાતના ૯ વાગેને આતશબાજી શરૂ કીધી હતી. એવી આતશબાજી બીજે કેઠે થતી નથી એવું કહીયે તો ચાલે. બાનો હજારો ઉડી તેમાંથી પાછા નીચે પડતી વખ્તે જાતજાતની તરાંહો આપણે કદી જોઇ નહીં હોય તેવી નિકળે છે. કોઈથી તો જાણે આસમાન સોનાની ટીલીઓથી ભરી લીધું હોય તેવું અને તેની સાથનાં બીજાં બાનો ફુટે તેમાંથી મોટા દડાઓ આતશના ગોળાની માફક તેમાં રમતા ફરે. કોઇથી જાણે આતશના કરાંનો (hail) વરસાદ વરસતો હોય તેવું લાગે. (Set pieces)સેટ પીસીસ દાખલ પેરીસનું વખણાયલું ટ્રાયમફલ આર્ચ હતું જેની ઉપર આતશબાજીથી દીપી નિકળી આતશબાજીનીજ જાણે રોશણીની તોરણો તેની આસપાંસ કીધી હોય તેમ એક નાકેથી બીજે નાકે સલગાવી એ સેટ પીસીસમાંથી જે ધુમાડો નીકળે તેની અંદર વળી બીજી આતશબાજી ઉડારી જાણે વાદળમાં વિજળી દોડતી હોય તેમ તે આતશબાજી

દોડતી હતી. આતશબાજી પુરી થતી વખ્તે છેલ્લે એક હજાર બાંનો એકી વખ્તે આસમાન પર ઉડારી જાણે આતશનો ગંજાવર તુરો આસમાન પર બનાવી દીધો હતો અને તે વખ્તે એ ચોકમાંના ફુંવારાઓ બધા ઉડારી તેની આસપાસે ફરતા બપોર્યાઓ સલગાવ્યાથી જાતજાતની રંગીન તરાંહોના તે ફુંવારાઓ ઉડતા હોય તેવું લાગતું હતું. છેલ્લે એક ઘણા મોટા તખ્તા પરથી આતશના ધોધ સેરવે તેમ આતશબાજી કરી એ ખલાસ કીધું હતું. એવી આતશબાજી અમોએ આગળ પણ ક્રીસ્ટલ પેલેસમાં દીઠી નથી. આતશબાજી પુરી થવા પછી જયાં રોશણી કીધી હતી ત્યાં ખુલ્લી હવામાં (Ballet) નાચ કરાવ્યો હતો જે ઓપેરામાં જોઇયે છીયે તેને ઘણો મળતો હતો. એ સારૂં તખ્તાના ઊપર છુટા છુટા જમીનપર મુકવાના પડદાઓ હતા જે પોતાની મેલે ફરી જઈને અંદરથી પુતળાંઓ સંગેમરમરનાં જુદા જુદા આકારમાં ઊભાં રાખેલાં બતાવ્યાં હતાં પણ તે કાંઇ પથ્થરનાં પુતળાંઓ નહીં હતાં, પણ જીવતી ઓરતોને સફેદ પોશાક પેહેરાવી બાલ, મોઢાંને ઘણુંજ સફેદ બનાવી દીધેલું તેથી આબાદ સંગેમરમરનાં પુતળાંઓજ હોય તેવાં જણાતા હતાં અને પેહેલાં અમો તેને પુતળાંઓજ સમજયા હતા એવાં સ્થીર તેઓ ઊભાં રહેલાં હતાં. પણ તેટલાં જાણે એક પુતળાં ઘડનારો ત્યાં આવ્યો અને તેણે તે સઘળાઓને હુકમ કરીને નાચવા કહ્યાથી તેઓ આગળ ચાલી આવીને જાણે તરત જીવતાં તેના હુકમથી થયાં હોય તેમ બેલેટનો નાચ કરવા લાગ્યાં હતાં અને તે બેલેટમાં તરેહ તરેહના ઢપથી જાણે જાણીતાં પુતળાંનાં જમાવ બની જતાં હતા અને બીજી વખ્તે હાથમાં પથ્થર ભાંજવાના હથોડાઓ લાવી બીજા મોટા પથ્થરપર "મ્યુઝીક ટાઇમ" આપી થોડા જણા વજાડતા અને બીજા઼ઓ નાચતા હતા. તેમાં નાના છોકરાંઓ પણ કોઈતો ભાયગે આઠ નવ વરસનાં હોય તેઓબી નાચમાં મજેનો ભાગ લઇને બચાંઓનાં તથા ફરેસ્તા તથા કામદેવનાં જમાવ બની જતાં હતાં એ સઘળું ઘણું જોવા લાયક હતું. ક્રીસ્ટલ પેલેસમાં આવી

મોટી રમતો કીધાથી તથા રોશણી તથા ગમતોથી ઘણો મોટો ખરચ થાય છે ને હમણાં બે વરસ થયાં એની કંપનીના ભાગીદારોને તેથી બ્યાજ મળતું નથી, જોકે આજની માફક આતશબાજીને દીને તો ૫૦,૦૦૦ માણસો ત્યાં જોવા આવે છે જેઓ પાસથી શીલીંગ એક લેખે લીયે છે અને આડે દીનેબી ઘણું લોક જોવા જાય છે તોબી ખરચ પુરતો નથી ને જો કાંઇબી ઓછું કીધું તો લોક ઓછું જવાથી ઘણી ખોટ જાય છે તેથી સાંભળવા મુજબ એ કંપની બંધ થઇ જશે તેથી ધારે છે કે ભાગીદારોને થાપણ જે સવા કરોડ રૂપિયાની છે તેને બદલે પોણા કરોડને આસરે પાછા મળશે ને તેબી એ લોકોની જગ્યા ઘણી મોટી છે તેની કીમતથીજ મોટો ભાગ મળશે ને જો કંપની બંધ થઈ તો પછી એ કાચના મેહેલને ભાંજી નાખશે તેથી ઈહાંની એક ઘણી મોટી ગમત ગરીબ લોકોને ખોહોવી પડશે.

તા૦ ૨૨મી જુલાઈ સને ૧૮૮૭—આજે આલબર્ટ પેલેસ કરીને બીજી એક ગમતની જગ્યા ક્રીસ્ટલ પેલેસની માફકની છે તે જોવા ગયા હતા એ મેહેલ નદીને પેલે કાંઠે બેટરસીપાર્કમાં આવેલો છે ને તે ક્રીસ્ટલ પેલેસ સાથ સરખાવતાં કુચ બીસાદમાં નથી ને ત્યાં લોક પણ કાંઇ હતું નહીં. ભાયગે ૫૦ માણસોબી હોય ને તેઓની સામે આખો વખ્ત એક નાટકનાં તખતા પરથી ગાયનો તથા બીજા ખેલો દમ વગરના કરીને મન રીજવતા હતા જે કશું જોવા લાયક હતું નહી. મેહેલ એક ઘણો લાંબો હોલ હોય તેવો છે ને તેમાંના સંગ્રહમાંબી કાંઇ દમ નથી ને બીજુ કશું જોવાલાયક નહીં હોવાથી પાછા ત્યાંથી નિકળી ગયા હતા ને આતશબાજી થવાની હતી તથા નાચ પણ થવાનો હતો તે કાંઇ જોવા રહ્યા નહીં કારણ કે જેવી મેહેલની ગમત દીસતી હતી તેવી રાતનાંબી દમ વગરની હોવી જોઇએ.

તા૦ ૨૩ મી જુલાઇ સને ૧૮૮૭—આજે મહારાણીજીની જુબીલીની ખુશાલીની છેલ્લી ધામધુમ દાખલ પોર્ટસમાઉઠના દરિયામાં ઇંગ્રેજી મનવારોની કવાયદ હતી તે જોવા ગયા હતા. એ જોવા સારૂં

અમોને એડમીરેલટી તરફથી ઈજનના કાર્ડો આવ્યા હતા કે ઇનડીયન ટ્રુપશીપ મલબાર (Malabar) જે એ ધામધુમમાં રાણીજીનાં સરઘસ સાથે સામેલ થઈ કવાયદમાં ફરવાની છે તે ઉપર આવીને સરઘસમાં સામેલ થઈ કવાયદ જોવી પણ તેની સાથના પ્રોગ્રામમાં લખેલું હતું કે પાણીની ઓટને લીધે એ કવાયદ પુરી થાય કે સાંજના છ વાગે બધાઓને કીનારે લઇ જઇ ઉતારવામાં આવશે ને આજે સઘળી મનવારો તથા બીજાં વાહાંણો ઉપર રોશણી તથા આતશબાજી હતી તે જો ઉપર મુજબ અમો સરઘસમાં જઇએ તો જોવાને બને નહીં તેથી તેમાં સામેલ થયા હતા નહીં, પણ જુદી જુદી ધણીયાતી સ્ટીમરવાળાઓ પોતાની સ્ટીમરો દરિયામાં કવાયદ જોવા તથા રોશણી અને આતશબાજી દેખાડવા ફરવાની હતી તેમાંની એક "પ્રિનસેસ બીયેટ્રીસ" પર ટીકીટ વેચાતી લઇને સાઉઢહેમપટન ગયા હતા. એ દરેક ટીકીટનો ભાવ ત્રણ ગીની હતો તેમાં લંચ તથા ડીનર અને લંડનથી સાઊઢહેમપટન સુધી જવા આવવાની આગગાડીની ટીકીટનો ભાવ સઘળું સમાયલું હતું અને ત્યાં જવા સારૂં ખાસ ટ્રેન માડેલી હતી તેમાં આસરે બસો જણાઓ સહવારનાં સાડા સાતવાગે વેટરલુ બ્રીડજ સ્ટેશન પરથી બેસીને નિકળ્યા હતા તે પોણા દશવાગે સાઊઢહેમપટન જઇ પુગ્યા હતા. વાટરલુ બ્રીડજ સ્ટેશનથી સાઉઢેમપટન જતાં છેલ્લાં ગામમાંથી રેલવે પસાર થવાથી તેનો થોડો ભાગ પણ જોયો હતો જ્યાં નાનાં નાના બે માળનાં ઘરો ઘણાંખરાં સ્લેટની દેવાલ તથા છાપડાંનાં બાંધેલાં દીસતાં હતાં જે જરા નવાઇ જેવું લાગતું હતું. કિનારેથી જરા દુર આગની ગાડી ઉભી રહી અને અમો ત્યાંની પાણીની ગોદીમાં અમારી વાળી સ્ટીમર હતી તેપર ગયા હતા. એ જગ્યાપર ગામના લોકોની ખુબ ઠઠ અમો લોકોને તથા બીજી અમારી માફકની સ્ટીમરો ઘણી મંડાયલી હતી તે જોવા સારૂં મળી હતી. એ સાઉઢહેમપટનની ગોદી ઘણી મોટી છે અને ત્યાં ઘણાં મોટાં બારકસો સામાન લે ઉતાર કરવા ઉભેલાં હતાં. અમો ત્યાંથી કલાક ૧૧ વાગેને ઉપડયા હતા. સ્ટીમર "બીએટ્રીસ" ઈહાંનાં લોકોને આઇલ ઓવ વાહીટ તરફ ફરવ

લઇ જવા સારૂં (Ferry Steamer દાખલ) બાંધેલી છે તેની સલુન મજેની મખમલની બેઠકોથી શણગારેલી છે તથા તુતક પર ફરતી બધે બેઠકો કીધેલી છે જેથી એમાં ૪૦૦ ઊતારૂઓ સેહેલ કરવા એકી વખ્તે જઈ શકે છે, પણ અમો ૨૦૦ જણાં હતાં તેથી સગવડ સારી માલમ પડી હતી. બધાઓ સેહેલાઇથી બધું જોઇ શકતા હતા. સ્ટીમર ઉપર ગમત સારૂં હેમ્પશાયર વાલનટીયરનું વાજું આખો દિવસ વાગતું હતું. અમોને સ્પીટહેડ (Spit head) કે જ્યાં એ દરિયાઈ કવાયદ થવાની હતી ત્યાં જતાં દોઢ કલાક થયો હતો, પણ તે સઘળો દરિયો જાણે સાઉથહેમપટનનુંજ બારૂ હોય તેમ બેઉ બાજુ પર જમીનથી ઘેરાયલો હતો અને તેનો આકાર મુંબઇના બેકબેને મળતો પણ તેનેથી કાંઇ પચાંશગણો મોટો હતો અને જેમ આગળ વધતા ગયા તેમ જમીન બેઉ બાજુથી દુર જવા લાગી હતી અને છેક સ્પીટહેડ પુગ્યા ત્યારે દરિયાની પોહોળાઈ અમો ધારીયે છીયે કે સાતથી દશ માઇલની થઇ હશે અને તેની બેઉ બાજુની જમીન ઉપર શેહેરો આવેલાં છે. એ દરિયામાં ત્રણ હારમાં બધી ઇંગ્રેજી મનવારો ઊભી રાખેલી હતી જેના દેખાવ ઘણો દબદબાભરેલો લાગતો હતો. પેહેલાં નાની મનવારો બે હારમાં ઉભી રાખેલી હતી તેની બાહારની હારમાં ડાબા હાથ ઉપર ત્રીજી હાર ટોરપીડો બોટસોની કીધેલી હતી. એ મનવારો ૧૦૦ વારને છેટે એક એકથી છુટી ઉભી રાખી હતી જેની બધી મળીને લંબાઇ આસરે ચારથી પાંચ માઈલ જેટલી હતી. કોસ્ટાનો બંચાવ કરનારી સઘળી મનવારોને એકઠી કીધી હતી જે મનવારો તથા બોટો મલીને નજદીક ૧૨૫ લડાઇની બોટો ત્યાં સફ્ફસમારીને ઉભી હતી. તેમાં કોઇ કોઇ મનવારો તો રાક્ષી કદની પાંચ ડોલો, ચાર ધુમારિયાં અને ૧૧૦૦૦ ટન તથા ૧૦૦૦૦ ઘોડાના બલનાં એનજીનોની હતી કે જેવી મોટી મનવારો ઈંટલી દેશ સિવાય બીજા કોઇ પણ દેશ પાસે નથી અને આજે જેટલી મનવારો એક દરિયામાં એકઠી થયલી હતી તેટલી કોઇબી દિને દુનિયાના કોઈબી ભાગઉપર થઇ નહીં હશે એમ ઇંહાં બોલાય છે અને

તેમાં નવાઈબી નથી, કારણકે દરિયાના બળમાં ઇંગ્રેજ સરકારની બરાબરી કોઇ બીજી સરકાર હજી સુધી કરી શકી નથી. અમારી સ્ટીમર એ બધી મનવારોની વચમાંથી ફરીને ગઈ હતી· તેથી દરેક મનવાર અમો જોઇ શક્યા હતા અને અમોને તેમ કરતાં બે કલાક ઉપર થયા હતા. બધી મનવારો જોઇ રહ્યા પછી અમારી સ્ટીમર તેમાંની સૌથી પેહેલી મનવારની નજદીક જરા બાહારથી લંગર કરીને પડી હતી. બપોરના ત્રણ વાગેને રાણીજીની સવારી ઓસબોર્નથી રાયલ યાટ વિકટોરિયા અને આલબર્ટમાં બેસીને નિકળી હતી જેઓની પાછળ સરઘસના આકારમાં એક એકની પાછળ જરા છેટેથી યાતો ટ્રીનીટી, ઓસબોર્ન તથા ઓલબર્ટ ચાલતી હતી અને તેની પાછળ એનચેનટ્રેસ તથા હેલીકોજ મનવારો તથા યુક્રેટીસ, ક્રોકોડાઇલ અને મલબાર નામનાં ઇંડીયન ટ્રુપશીપો ચાલતાં હતાં જેવી રાણીજી વાલી યાટ ઓસબોર્નથી નિકળી કે બધી મનવારોપરથી તોપોની સલામતીઓ ચાલુ થઇ હતી જેનો અવાજ મનવારો નજદીક હોવાથી કાનના બેહેર ફાડી નાખે તેવો થતો હતો અને વળી દુરની મનવારોની તોપના અવાજોથી જાણે દુર લડાઇ ચાલતી હોય તેમ અવાજો આવતા હતા. બધી મનવારોનાં ડોલો ઉપર તેઓના સેલરો ચહડી જઈને હારબંધ તેપર સફ સમારી ઊભા હતા (જેને Manning the yards કરી કહે છે) જે વખ્તનો દેખાવ ખરેખર મનવારોપર હજારો હજાર વાવટાના શણગારોથી તથા એ સેલરોના બધા ડોલો તથા સડોપર ઊભા રેહેવાથી તથા તોપો ફુટવાના અવાજોથી તથા વાહાંણો અને મનવારોપરથી લોકોના હુરરેના પોકારોથી ઘણો દમદમાત ભરેલો લાગતો હતો. એ બધી મનવારો ઇંગ્રેજી હતી તે ઉપરાંત ફ્રેંચની તથા બીજા દેશોની મનવારો પણ હારમાં બાજુપરથી ઉભી રાખેલી હતી. તેઓએ પણ શણગાર કરી તોપોનાં માનો આપ્યાં હતા. રાણીજીવાલી યાટ આસ્તે આસ્તે બધી મનવારોની વચમાંથી ફરીને પછી ઓસબોર્ન ખાતે ગઈ હતી અને છ વાગે તેઓની સાથે સરઘસમાં ગયલા ગ્રહસ્થો તથા બાનુઓને આગ-

ળથી જણાવવા મુજબ કિનારે ઉતારી પાડયાં હતાં, પણ અમોએ તો સ્ટીમરપરજ રહીને ત્યાર પછી નવ વાગેને રોશણી થઇ તે તથા આતશબાજી જોઈ હતી. અમારી સ્ટીમર કવાયદ પુરી થવા પછી પાછી સાઊઢહેમપટન થોડાક ઉતારૂઓ જેઓ જલદી લંડન પાછા જવાના હતા તેઓને ઊતારવા ગઇ હતી, જ્યાંથી પાછા પોણાઆઠ વાગેને અમો સ્પીટહેડ જવા ઉપડયા હતા, પણ રસ્તામાં અરધે ટપ્પે ગયા કે અમારી સ્ટીમર ત્યાં ઉભેલી એક બીજી સ્ટીમર આગળ લઇ જઇને ઉભી રાખી. તે સ્ટીમરપર ઉતારૂઓ ઘણા હોવાથી થોડાએક અમારી સ્ટીમરમાં લેવા માગ્યા (એ બેઉ સ્ટીમરો એકજ કંપનીની હતી) પણ અમારી સાથવાળા ઉતારૂઓએ તોફાન મચાવીને તેઓને લેવા દીધા નહીં. તે વખ્તે આમનસામન ખુબ બોલાચાલીથી મઝા ઘણી પડી હતી. આખરે નજદીક ૦। કલાક તકરાર કીધા પછી સામા અમારામાંના થોડા ઊતારૂઓ પેલી સ્ટીરપર ગયા અને અમારી સ્ટીમર હંકારી હતી. અમો મનવારો આગળ ગયા ત્યારે ,તરતજ રોશણી થવાની નીશાણી થઇ હતી અને એકદમ જાણે જાદુઇથી બધી મનવારો સળગી ઊઠી હોય તેમ દરએક ડોલ તથા ફરતી બાજુએ ઊપર બપોરીયાની રોશણી થઇ હતી અને દુરની મનવારો પર જાણે તારાઓ ચલકતા હોય તેમ દીવાઓ જણાતા હતા. તે રોશણી જુજુય તેટલાં બધી મનવારો પર ફાણસોની રોશણી એક છેડેથી બીજે છેડે સુધી ડોલો સુધાં થઈ હતી અને તેની કીનારીઓ રોશણીથી દીપી નિકળવાથી કાંઇ અજબજ દેખાવ થઇ ગયો હતો. દરેક મનવારનાં ડોલોની વચમાં રાણીજીનાં ઇનીશયલ અક્ષરો V R રોશણીથી બનાવેલા દીસતા હતા. એ વખ્તે આસમાન ઉપર વાદળનો ઘેરો થયો હતો અને વાદળાંઓ મથાલાં પર એટલાં તો નજદીક આવી ગયલાં હતાં કે બધી બતીઓનો ઓજબ તેની ઉપર પડવાથી જાણે આસમાન પર રોશણી થઇ હોય તેમ ઉજાસ લાગતો હતો. બતીઓ બધી સળગી રહી કે પછી આતશબાજી શરૂ થઇ જેમાં જો કે ઘણાંખરાં બાનો તથા ઉડતા દડાઓ જેને રોમન લાઇન્સો કહેછે તે હતા. પણ

આતશબાજી ગંજાવર હદની હોવાથી તથા મનવારો ચારથી પાંચ માઇલ સુધી સફ્સમારી ઉભેલી હોવાથી તે ઉપરની આતશબાજી જાણે ઘણા માઇલ જેટલી જગ્યા પર થવાથી દેખાવ અતિ ઘણો સરસ લાગતો હતો.

બાનો ઉરાડે તે જથ્થાબંધ દરેક મનવારપરથી ઉડતા અને જ્યારે ઉપર ગયા કે વાદળમાં ગેપ થઇ જતા અને વાદળાંની ઊપર જઇને પછી ફાટતા હતા તેથી વાદળાંઓ રંગબેરંગી હોય તેવાં બની જતાં હતાં અને બાનો ઉપર ફાટે તેથી વાદળ ગાજતું હોય તેવા અવાજો આવતા હતા અને બધી મનવારોપર આતશબાજીના દહાઓ વગર ગણત્રીના ઉડયા કરતા હતા તેથી એક નાકેથી બીજે નાકે સુધી તે ઉડતા આતશના ગોળાઓથી જાણે જગ્યા ભરાઇ ગઇ હતી અને આવી ગંજાવર પાંચ માઇલ સુધીની આતશબાજીથી અને વળી વાદળાં થઇ આવેલાં તેપર પડતા તેના ચળકાટ તથા બાનોથી કાંઈ એવી તો અજબ રીતનો દેખાવ નજરે પડતો હતો કે અમો તેનું વર્ણન આપી શકતા નથી. આતશબાજીના બાનો વાદળાંઓમાં ઉડે અને વાહાંણો બતીથી શણગારેલાં નીચે વચમાં દીસે અને તેની હેઠલ દરિયાનાં પાણીમાં તે બધાંનો પરછાયો પડે તેથી જાણે બધી દુનિયા અજવાળાં તથા આતશબાજીથી ભરાઇ ગઈ હોય તેવો દેખાવ દીસતો હતો અને અમો મનમાં અમોને ખરા ભાગ્યશાળી સમજી પરવરદેગારનાં શુક્રાના કરતા હતા કે આવું જોવાનુ અમોને સરજયાથી અમોએ ગયા દશ દિવસમાં જેવી રોશણી તથાં આતશબાજી પેરીસ, વારસેલીસ, ક્રીસ્ટલ પેલેસ તથા આજે જોઇ તેવી કદી આગળ જોઈ નથી. દરેક એક એકથી સરસ લાગતી હતી. આતશબાજી આસરે સાડાદશ વાગેને ખલાસ થઇહતી અને અમારી સ્ટીમર પાછી સાઉઢહેમપટન બાર વાગે આવી અને અમોને લંડન હોટલમાં જતાં સહવારના ત્રણ વાગી ગયા હતા, જે વખ્તે એટલોતો ઉજાસ પડતો હતો કે મુંબઇમાં સહવારના ૭ વાગેલા હોય તેવો હતો. અમોને સ્ટીમરપર આતશબાજી જોતી વખ્તે ધાસ્તી લાગતી હતી કે તોફાન તથા વરસાદ થાય તેવો દેખાવ

બની ગયો હતો પણ પાછું સઘળું લંડન આવ્યા આગમચ શાંત થઈ ગયું અને કશું તેવું બન્યું નહીં.

તા૦ ૨૪ મી અને તા૦ ૨૫ મી જુલાઇ સને ૧૮૮૭—એ બે દિવસોપર કાંઇબી જોવા લાયક જગ્યાપર ગયા હતા નહીં.

તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૮૭—આજે અમો સાઉઠ કેનસીંગટન મ્યુઝીયમ જોવા ગયા હતા, જેની વિગત આગળ અમે આપેલી છે. અમોએં છેલ્લું એ મ્યુઝીયમ જોયું ત્યાર પછી તેમાં બીજા હુન્નરને લગતી ચીજોનો ઉમેરો ઘણો થયો છે અને જુની તથા હુંન્નરને લગતી ચીજો જેને આપણ નજીવી જેવી ગણીયે છીયે તેની કેવી કિમત ઇંહાં આવે છે તેના નમુના દાખલ અમોએ વીનીશીયન ગલાસનાં નાના ત્રણ ઇંચ ઊંચાઇનાં કપના પાઊંડ ૩૬૦, બે ડીશો એજ કાચની જે આસરે એક ફુટ લંબાઇની છે તેનાં એકના પાઊંડ ૧૧૪૬ અને બીજીનાં પાઊંડ ૮૨૭, એક નાની નીમખદાની પાઊંડ ૧૮૭ એ લીધી હતી તે લોખંડપર એનેમલ કીધી છે. એક મેવાની રકાબીના પાઊંડ ૩૦૦ આપેલા છે. એ સઘળી જણસો સોલમી સદીની બનાવતની તથા સારી કારીગીરીની હોવાથી આવી કિમતો આપેછે. એજ બનાવત જેને લીમોજીસ એનેમલ (Lemogis Enamel) ને નામે ઓળખેછે તેના બે ફીટ જેટલી રકાબીના પાઊંડ ૨૦૦૦ આપેલા છે. એ ઊપરાંત નવા સંગ્રહો જે લોકો ભેટ આપી જાય છે તેમાં કોઇ મી૦ જોન્સ કરી ગ્રહસ્થે પોતાનું સંગ્રહ કીધેલું આપેલું છે જેનાથી નાની જેવી એ ઇમારતની એક બાજુ ભરી નાખી છે. એ સંગ્રહ ઘણો કિમતી અમો ધારીયે છીયે અને એકથી દોઢ લાખ પાઊંડની કિમતનું તે હશે. એમાં સોનાની મીનાંની તથા ઝવેરાતની દાબરીઓ, અસલી ઝવેરાતની વીટીઓ, કિમતી પથરાઓ તેમાં મોટાં નંગો હીરા પાનાં, માણેક, શનિશ્વરો, પોખરાજ ઇત્યાદી જેટલી જાત કિમતી પથરની આવે છે તેનો સંગ્રહ છે અને તેબી સારા સોજા રંગના પથરો છે. સેવેરીસ જાતનું કોરીકામ જેના એક એક દોઢ ફુટની ઊંચાઇના

વાસીસના એકથી ૫૦૦૦ પાઊંડની કિંમત ઊપજે છે. તેમજ અસલી જાતના મોટા ઘડીઆળો, ઓઇલ પેનટીંગ્સો, પુતળાંઓ, ફરનીચર, હાથીદાંત, અબનુસ તથા સીપની બનાવટના કેબીનેટો જેમાં ઊંચી જાતના પથરા જેવાકે મેલેકાઇટ, પોરીફરી, લેપીસલેજુલી, ઇત્યાદી જડેલા અને તેબી સારા કદના, હાથીદાંતની ખુરસીઓ, ટેબલ જે ટીપુ સુલતાનનું અસલ કહેવાય છે તે, ભરતકામ, બાનુઓને વાપરવાની નાની પેટી (Ladies' Companion) જેપર હીરા જડી લીધેલા એવી ઘણા કિમતી તથા નવાઇની ચીજોના સંગ્રહ એ ધણીએ કીધેલું આપી ગયો છે. એ સઘળું ઘણું જોવાં લાયક છે. અસલની ઇમારતમાં બધું જે વધતું જાય છે તે ન રહેવાથી એમાંથી મુવેલાં જાનવરોનો જે મોટો સંગ્રહ હતો તે તથા ખણીજ પદાર્થોનો સંગ્રહ સઘળું કહાડીને એ ઇમારતથી થોડે દુર બીજી ગંજાવર ઇમારત બાંધી છે ત્યાં લઇ ગયા છે અને તેનું નામ સાઉઠ કેનસીંગટન મ્યુઝીયમ નેચરલ હીસ્ટરી બ્રાંન્ચ (Natural History Branch) આપેલું છે અને અસલ ઇમારતને (Art and Science) હુનર તથા વિદ્યાનું નામ આપ્યું છે. અમો એ છેલ્લું મ્યુઝીયમ જોઇને પછી નેચરલ હીસ્ટરીવાલું મ્યુઝીયમ જોવા ગયા હતા. એની ઇમારત જાણે એક મોહોલો હોય તેટલી મોટી અને ઘણી રોણકદાર બાંધેલી છે જેમાં મુવેલાં જાનવરોનાં હાડપીંજરના ઘણા મોટો સંગ્રહ કીધેલો છે, જેની વિગત સને ૧૮૮૧ ની ડાયરીમાં આપેલી છે. એમાં અલબતાં નવો ઊમેરો થયો હશે પણ એટલી તો ચીજો ત્યાં મુકેલી છે કે અમો તે પિછાણી શકયા હતા નહીં તથા અમોને વખ્ત પણ હાથમાં બાકી રહ્યો નહીં કે સઘળું બરાબર જોઇ શકીયે અને જો કે આખો દિવસ એ બે મ્યુઝીયમમાં કાહાડયો હતો તોબી સઘળું દોડાદોડથી જોયું હતું. જો બરાબર વિગતવારે વાંચીને તે સઘળું જોઈયે તો અમો નથી ધારતા કે એક અઠવાડયાંમાંબી તે પુરૂં કરી શકાય એવો મોટો એ સંગ્રહ છે.

તા૦ ૨૭ મી જુલાઇ ૧૮૮૭—આજે પરચુટણ કામમાં રોકાયાથી કાંઇ જોવાલાયક જગ્યાપર ગયા હતા નહીં.

આયરલંડની મુલાકાત.

તા૦ ૨૮ મી જુલાઇ સને ૧૮૮૭—આજે રાતનાં કલાક ૮—૨૦ મીનીટે ઇઉસ્ટન સ્ટેશન પર આગગાડીમાં બેસીને લંડન શેહેર છોડયું હતું અને અમેરીકા બંદપર જવા આગમચ આયરલંડ દેશના વખણાયલા "કીલારની લેકસો" જોવા નિકળ્યા હતા. તે વેલ્સ દેશનું હોલીહેડ કરીને બંદર છે ત્યાં પાછળી રાતનાં કલાક ૩—૩૦ મીનીટે પુગ્યા હતા અને ત્યાંથી ડબલીન જવા સારૂં સ્ટીમરમાં બેસીને આઇરીશ ચેનલ પસાર કીધો હતો. એ વખ્તે એ ચેનલ જરાક તોફાની હતો તેથી સ્ટીમર ઘણી ડોલા ખાતી હતી અને ઉતારૂઓ-નો મોટો ભાગ માદો પડયો હતો. સ્ટીમર ફેરીબોટની જાતની માફકસર મોટી હતી અને બધે ખાંચાઓ કરીને સલુન સુધામાં ઉતા-રૂઓને સુવાની "બર્થો" મજેની મખમલની ગાદી તકીયા સાથની કીધેલી હતી, પણ કેબીનો ઘણી થોડી હતી. અમોને ડાઇનીંગ સલુનમાં ઊપર મુજબની બે ખુલ્લા સુવાના બીછાના મળ્યાં તે ઊપર સુઇ જવાથી અમોને કાંઇ દરિયો ઘણો લાગ્યો હતો નહીં, પણ જેઓને બોટના હીલવાથી આંચકા ઘણા લાગ્યા અને ઊંઘ નહીં આવી તેઓ-માંના ઘણા જણા આજારી થયા હતા. અમોએ આજે લંડનને છેલ્લી સલામ ત્યાં બે મહિના મોજમજામાં ગુજારીને કીધી હતી. લંડન શેહેરની બધી વિગતો આગળ અમે સને ૧૮૮૧માં લખેલી છે ત્યાર પછી એની વસ્તીમાં વધારો થતો ચાલુજ છે અને હમણા લોકો તે પચાસ લાખની ધારે છે. અમો જે હોટલ મેટ્રોપોલમાં ઉતર્યા હતા તે મોહોલો નોરધમબરલેંડ એવીન્યુમાં આગળ જે માફકસરનાં ઘરો હતાં તે આ વખ્તે સઘળાં તોડી પાડીને ગંજાવર હવેલીઓ કલબો તથા હોટલો સારૂ બંધાઇ છે અને આખો મોહોલો જાણે એજ કારણ-સર બાંધ્યો હોય તેવો છે. એમાં અમારાવાળું તથા ગ્રાંડ હોટલ તથા અમો આએ વખ્તે આવ્યા પછી ઊંઘાડેલું વિકટોરીયા હોટલ આવેલાં છે અને તે કેવાં મોટાં હોવાં જોઇયે તેના ખ્યાલ દાખલ અમારાવાળું

હોટલ જે આસરે ૪૦૦ ફીટ પોહોળું અને તેટલુંજ લાંબું અને નજ- દીક સાતથી આઠ માળનું છે તે બાંધવા ઊપર તથા શણગારવા ઉપર એક કરોડ રૂપીયા (દશ લાખ પાઊંડ) બેઠા છે. તેના દરવાજાઓ તથા હાલો, ડાઇનીંગ રૂમો, સ્મોકીંગ રૂમો સઘળું જાતજાતના રંગીન સંગેમરમરનું દેવાલ, થાંમલા, જમીન સુધાં બનાવેલું છે અને દીવાન- ખાનાઓમાં તે દેવાલોની અંદર ઊંચુ ભરતકામ તથા મોટા મોટા જોવાના કાચો તથાં બીજાં આઇલપેનટીંગ્સો મુકેલાં છે.

એ મેટ્રોપોલ હોટેલની ઇમારતમાં ૭૫૦ ઉપર ઓરડાઓ છે અને રાણીજીની જુબીલીની વખ્તે તેમાં ૯૦૦ માણસોને અગવર સગવડે રાખ્યા હતા જે વખ્ત ધમાલની શું વાત કરીયે? જ્યાંબી હોટલમાં ફરીયે ત્યાં રેહેનારાઓના ઢગલાને ઢગલા માલમ પડતા હતા. માળપર જવા- ની બે લીફ્ટો હતી તેમાં ખીચોખીચ લોકો ભરાઇને ઊપર હેઠે આવ જાવ દર બે મીનીટે કરતું હતું. બે જમવાના ઓરડાઓ છે તેમાં એકી વખ્તે આસરે ૪૦૦ માણસો જમવા બેસતું. એ આટલું બધું લોક રેહે તેઓની સઘળી મેનીજ કરવી, તેઓનાં કાગજો આવે તે પોંહોંચાડવાં, તેઓને બાહારથી લોક મળવા આવે તેઓ સારૂં શોધી કાહાડવાં ઇત્યાદી સઘળું તારીફ લાયક મેનીજ હોટલવાળાઓ કરી શક- તા હતા. એ હોટલમાં આટલા બધા ઓરડાઓ તથા ત્રણ મોટાં દીવાનખાનાં, અને બીડી પીવાના ઓરડા ઊપરાંત બે બીલીયર્ડ રૂમો તથા વળી ખાણુંઓ સારૂ બાહારના લોકને માટે બે ત્રણ હાલો જુદા રાખેલા છે. એવું મોટું એ હોટલ તથા તેની ઇમારત છે. એ તથા ગ્રાંડ હોટલ એકજ કમપનીનાં છે. ગયે સાલ અમારાં હોટલે દસ ટકાનું વ્યાજ આપ્યું હતું. હોટલમા અમો દરેકને રોજનો ૧ પાઊંડ આસરે ખરચ લાગતો હતો તેમાં ઓરડાની ૧૦) શીલીંગ, નોકરોની ૧॥ શીલીંગ, નાસ્તાની ૨) શીલીંગ લંચની જેમ લેવો તેમ આસરે ૨) શીલીંગ અને ડીનરની ૫) શીલીંગ લેખે પડતી હતી. એવાં મોટાં હોટલો લંડનમાં ઘણાં છે અને મોસમમાં એ સઘળાં

ભરાઇ જાયછે તે વખ્તે જગ્યા પણ મળી શકતી નથી. અમોએ આગળ લખ્યું છે તેમ જુબીલીના દિવસોપર વિક્ટોરીયા હોટલ જે અમારા હોટલ જેટલુંજ મોટું છે તે ઉઘડયા પછી એ દિવસમાં તદન ચીકાર ભરાઈ ગયું હતું. લંડનમાં બીજા નવા રસ્તાઓ પણ ઘરો ભાંજીને અમોએ બનાવેલા જોયા હતા અને આસ્તે આસ્તે એ પ્રમાણે ઘણી ગમ કામ ચાલેછે. અમોએ લંડન ઘણી દલગીરી સાથે ત્યાં ભોગવેલી મોજ મઝા પછી છોડયું હતું.

તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૮૭—આજે સહવારના કલાક સાડાસાત વાગે ગઈ રાતના હોલીહેડથી નિકળેલા કીંગ્સટાઊન કરીને ડબલીન શેહેરની પડોશનાં બંદરપર પુગ્યા હતા અને ત્યાંથી આગની ગાડીમાં બેસીને ડબલીન શેહેરમાં કલાક ૮ને અમલે પુગ્યા હતા. એ શેહેર અમોએ આગળ જોયલું હોવાથી આએ વખ્તે જોવા રહ્યા નહીં હતા, પણ અમો જ્યાં આગગાડીમાંથી ઊતર્યા તે સ્ટેશનથી અમો જે બીજી કંપનીની ટ્રેનમાં જવાના હતા તે સ્ટેશનપર જવા સારૂ શેહેરમાંથી એક નાકેથી બીજે નાકે જવું પડયું હતું તેથી થોડું ઘણું જોયું હતું જેમાં કાંઇ નવો ફેરફાર થયલો જણાતો નથી. અમો ડબલીનથી કીલારની ગામ જવા સારૂ કલાક ૯ વાગેને ટ્રેનમાં નિકળ્યા હતા તે કીલારની ગામના સ્ટેશનપર સાંજની ૪–૨૦ મીનીટે પુગ્યા હતા અને (Lake Hotel) લેક હોટલ જે કીલારનીના સરોવરને માથેજ છે ત્યાં ઊતારો લીધો હતો. સાંજના વખ્ત હાથમાં હોવાથી ત્યાંના ગામડામાં ફર્યા હતા જે માફકસરનું સરોવરથી આસરે બે માઇલ દુર આવેલું છે અને ત્યાં નાનાં પણ સારી બાંધણીનાં ઘરો આવેલાં છે તે સિવાય કાંઇ જોવા લાયક નથી, ત્યાંથી અર્લ ઓવ કીનમેર કરી ઊમરાવ છે તેનો હોમપાર્ક કરીને મોટો બાગ છે તે જોયો હતો. એ પાર્ક ઘણી મોટી જગ્યા રોકે છે અને તેમાં ઝાડો સારાં રોપેલાં છે તેથી તથા ઘાસની લીલોતરીથી સારો લાગે છે. ઇહાં અમો કુતરાંઓથી સસલાંનો શેકાર કરતાં ગામડાંના માણસોને જોયાં

હતાં એ લોકો દરમાંથી સસલાને હાંકી કહાડીને પછી કુતરાઓ તેની પાછળ છોડીને તેઓને પકડાવે છે તે વખ્તે સસલું બિચારૂં ચીચારીઓ મારતું બને તેમ દોડીને કોઇ બીજા ખાડા યા દરમાં ભરાઇ જાય છે તો બચે છે, નહીં તો કુતરાઓ તેને પકડી લીયે છે કે માણસો આવીને તેને પોતાને હસ્તક લીયે છે. એ માણસો પાસે કોથળાઓ ભરીને એ મુજબ પકડેલાં સધળાં અમે જોયાં હતાં. એ પાર્કમાં એક સરોવરમાં નાનું જેવું ટાપુ છે જેને (Ross Island) રોસ આયલંડ કરીને કહેછે, જ્યાં આગળ ત્રાંબાની ખાણુ મળી હશે તે ખણેલી હજી દીસે છે પણ હમણા તે ચાલતી નથી. એ સધળું જોઇને પાછા હોટલમાં સાત વાગે આવ્યા હતા. આયરલંડમાં આવ્યા પછી વળી સને ૧૮૮૧ ની માફક ઇહિંની ઓરતો અમારાં શામલાં મોઢાં જોઇને (જો કે અમે ઇંગ્રેજી તોપી પેહેરીયે છીયે તોબી) ખુબ મોટે મોટે અમારાં મોઢાંપર હશે છે તથા પોતાના મોઢાંના ચેન ચાળા કરી ખુશ મસ્કેરીઓ કરે છે. અમો આજે રેલવેમાં ડબલીનથી કીલારની સુધી આસરે ૧૮૦ માઇલની મુસાફરી કીધી તે બધી જગ્યા ખુદરતી દેખાવોથી ભરેલી જોવા લાયક છે. વચમાં મોટું મેદાન જ્યાંથી અમારી ગાડી દોડતી હતી તેની દુરથી નાની ટેકડીઓ તદ્દન લીલોતરીથી ભરેલી દીસતી હતી અને વચમાં છુટી છવાઇ બીજી ટેકડીઓ હોવાથી ખુશનુમાં લાગતું હતું, પણ એ જગ્યાનો ઘણો મોટો ભાગ જાનવરોને ચરવાની જગ્યા દાખલ રાખેલો દીસે છે. ખેતીવાડી તથા વસ્તી પણ ઘણી જુજ દીસે છે અને સઘળું વેરાન પડેલું હોય તેવું લાગેછે. ઈંગલંડમાં જેમ નજદીક નજદીક ગામો આવતાં હતાં તેવું કશુબી દીસતું નથી અને લોક પણ પેહેરવે હોઢવે તથા દેખાવે કંગાલ દીસે છે. આજે સાંજના ઘણે દિવસે અમોને ઠંડી મલી હતી અને રાત પડતાં સરોવર અમારા હોટલની અડોઅડ હોવાથી ત્યાંથી પવનની લેહેકી ઘણી ઠંડી આવતી હતી.

અમારાવાળા હોટલપરથી કીલારની લેકસનો દેખાવ ઘણો સરસ દેખાતો હતો. એ સરોવર નાનાં નાના પાહાડોની વચમાં આવેલો છે અને

આસપાસની લીલોતરીથી તેનો દેખાવ ઘણો સારો લાગે છે. વચમાં નાના નાના ટાપુઓ આવેલા છે. ફરતા પાહાડોની પાછળ બીજા પાહડો જરા ઊંચા આવેલા છે. એ સરોવર બરોબર જોવા સારૂ બોટમાં બેસીને ફરવું જોઈયે અને તે ઉપર એક આખો દિવસ ભાગે છે. એ સરોવરના ૫૦ માઇલ સુધી બધુ મળીને ફરવાનું છે પણ તે ગોળાઇમાં એટલા માઇલ થાય છે. બોટમાં બેસીને અરધો ભાગ જવાય છે અને પછી કિનારે ઉતરીને ચાર પાંચ માઈલ પાહાડો પર લેકની બાજુએથી ચાલવું પડે છે કે જેથી તેનો દેખાવ બધી તરાંહથી દેખાયછે અને પછી પાછા બોટમાં બેસીને બીજે છેડેથી અવાય છે.

તા૦ ૩૦ મી જુલાઇ સને ૧૮૮૭.—અમો લોકો આવતી કાલે કુવીન્સ ટાઉનથી અમેરીકા જતી સ્ટીમરમાં ઉપડવાના છીયે તેથી એ સરોવર બોટમાં બેસીને જોઈ શકયા નહીં હતા કારણકે આખો દિવસ આજનો જો તેપર ભાગે તો પછી આવતી કાલે કુવીન્સ ટાઉન બપોરનાં બાર વાગામાં જવાઇ શકાય નહીં તેથી અમો ઘોડાની ગાડીમાં બેસીને ગ્લેનગેરીફ (Glengariff) કરીને આસરે ૪૦ માઇલ દુર ગામ છે ત્યાં સવારનાં ૯–૩૦ મીનીટના નિકળેલા સાંજનાં સાડાપાંચ વાગે પુગ્યા હતા. રસ્તામાં થોડો વખત કીલારનીના લેકનો એક ભાગ મળ્યો હતો, પણ ત્યાર પછી પાહડોની વચમાંથી તથા ઉપરથી થઇને ગયા હતા જયાંનો ખુદરતી દેખાવ ઘણો રળિયામણો છે પણ અમોએ જે ઘણીજ તારીફ એ દેખાવની સાંભળી હતી તેવી દીઠી નહીં. કોઇ ગમ ઝાડ પાન સારાં હતાં અને કોઈ ગમ તો ફકટ ઘાસ સુકાઇ ગયલું હતું પણ હાલ વરસાદ બે મહિના થયા આવતો નથી તેથી સુકાઈ ગયું છે, નહીં તો લીલોતરીથી દેખાવ જરા સારો લાગતે. અમોને વારાફરતી વરસાદનાં ઝાપટાં મળતાં હતાં અને ઠંડો પવન પણ સારો નિકળ્યો હતો અને જો કે ઠરમોમીટર ઓછામાં ઓછો ૫૫ ડીગ્રી થયો હતો તોબી પવનને લીધે ઠંડી વધુ લાગતી હતી. રસ્તામાં છુટાં છવાયાં ઝુપડાંઓ ઘણાં કંગાલ



લેક કિલાર્નીનો દેખાવ—આયરલંડ.

હાલતમાં બાંધેલાં મળતાં હતાં અને ઈહાંનું લોક પણ ઘણુંજ ગરીબ ચીંઠડેહાલ અને દયા આણવાજોગ હાલતમાં હતું. તે લોકોનાં કપડાં ઉપર કુડીબંધ થીગડાંઓ મારેલાં હતાં અને કોઇનાં તો ફાટીને ચીંઠડાં જેવાં થઈ ગયલાં હતાં. ઝુપડાંઓનાં છાપરાંમાં ખાડા પડી ગયલા હતા અને કોઇ કોઇ ઝુપડાં તો ચપતા પથરાઓ એકએકપર ગોઠવીને બનાવેલાં હતાં. તેઓની આસપાસ આઠ દશ ગામોનાં ઢોર ચરતાં હતાં તે સિવાય છુટી છવાઈ ખેતીવાડી અને તેબી ઘણાજ નાના જમીનના કકડાઓપર કીધેલી દીસતી હતી. એવી કંગાલ હાલતનું લોક અમોએ યુરોપમાં કેથે બીજી ગમ દીઠું નથી ને જો એક પેની ઇહાંનાં ફકીરને આપીયે તો હજારો હજાર દુવા દેતો હતો (લંડનમાં જો એમ આપીયે તો તેને થોડું પડે ને કાંઈબી ઉપકાર માન્યા વગર ચાલી જાય). આયરલંડનો મોટો પાક ઘઉંનો હતો પણ તે અનાજને અમેરીકાવાળા એટલો તો સસતો વિલાયતમાં લાવી વેચે છે કે આઈરીશો તેટલો સસતો અહીંની જમીન અમેરીકા જેવી ફળવંત ન હોવાથી ઉગાડી શકતા નથી ને તેને લીધેજ જમીનના ધણીઓ પાસે થોડાં વરસપર બધા મળીને નજદીક ૫૦ ટકા ભાડું ઓસરાવ્યું હતું તોબી હજી સસતો અનાજ પાકવી શકતા નથી ને બીજો ઉદયોગ એ લોકોને હાથ નહીં હોવાથી ગરીબ માણસો ઘણી કંગાલ હાલતમાં આવી ગયાં છે. અમોને ૪૨ માઇલની એ મુસાફરીમાં એકજ નાનું ગામ કીનમેર કરીને મળ્યું હતું તે સિવાય છુટાં છુટાં ઝુપડાંઓ મળ્યાં હતાં. અમો સાંજનાં ૫॥ વાગેને Glengariff કરીને જગ્યા છે ત્યાં પુગ્યાં હતા ને ત્યાંથી પાછી બીજી ઘોડાની ગાડી કરીને કલાક ૬ વાગે નિકળેલા એનટ્રી કરીને ગામ આસરે ૧૧ માઈલ દુર છે ત્યાં ૭ા વાગે પુગ્યા હતા. એ જગ્યાથી તે ગ્લેનગેરીફ સુધી દરિયાનો અખાત લાગેલો છે તે ઘણોખરો રસ્તો એને કિનારેથીજ હતો. ગ્લેનગેરીફ તરફ હોટલો સારાં રાખેલાં છે અને લોકો કીલારનીથી આવીને ત્યાં રાતના ઉતારો લીયે છે પણ અમોને ઉતાવળ હોવાથી અમો એનટ્રી પાધરા ગયા હતા. એ છેલ્લું ગામ નાનું આસરે ૫૦૦૦ ની વસ્તીવાળું લાગે છે અને ત્યાં કાંઇ

જોવા લાયક નથી, ફકત બંદર છે ત્યાં લોકો સાંજના ફરવા જાય છે તે જોઇ આવ્યા હતા.

તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૭—૧૦ ની ટ્રેનમાં બેનટ્રીથી નિકળેલા કોર્ક શેહેરના સ્ટેશનપર કલાક ૧૦—૪૫ મીનીટે આવી પુગ્યા હતા અને ત્યાંથી ઘોડાની ગાડીમાં બેસીને શેહેરમાં થઇને બીજું રેલવે સ્ટેશન છે ત્યાં ગયા હતા. એ કોર્ક શેહેરનો જે ભાગ અમોએ જોયો તે પરથી શેહેર મોટું લાગે છે અને ત્યાં ઘણાં વાહાંણો નદી લી (Lee) ઉપર ઊભેલાં દીસતાં હતાં તેથી ત્યાંનો વેપાર સારો હોય તેવું લાગે છે. એ નદી ઉપર બે પુલો પારનલ તથા પેટ્રીક બ્રીડજ નામના અમોએ પસાર કીધા હતા તે ઘણા સારા બાંધેલા છે. અમો ત્યાંથી બીજાં સ્ટેશન પર આવીને કલાક ૧૧ વાગે નિકળેલા કુવીન્સ ટાઉન કરીને બંદર છે ત્યાં કલાક ૧૧—૧૫ મીનીટે આવી પુગ્યા હતા. એ બારાંમાંથી આઇરીશ લોકો અમેરીકા ખાતે મોટા જથ્થામાં દર સાલ નિકળી જાય છે અને અમેરીકા તથા ઇંગલંડ વચ્ચે આવજાવ કરતી સ્ટીમરો બધી ઇંહાં આવે છે તેથી ઇંહાંની વસ્તી દીનપરદીન વધતી જાય છે. એ શેહેરનું નામ આગળ Cove of Cork કરીને હતું. પણ રાણી વિકટોરીયા સને ૧૮૪૫ માં ઇંહાં આવ્યાં હતાં તેઓના માન ખાતર તે નામ બદલીને કુવીન્સ ટાઉન આપ્યું છે. એ શેહેરનો મોટો ભાગ ટેકડી ઉપર આવ્યાથી તેની ઉપર બંધાયલાં ચઢ ઉતર ઘરોથી દેખાવ સારો લાગે છે. ઇંહાંથી છેક કોર્ક સુધી નદી "લી" ગયલી છે અને મોટાં વાહાંણો તેમાંથી છેક કોર્ક શેહેર સુધી જાયછે. અમોને આગગાડીએ છેક કિનારે લાવીને એક નાની સ્ટીમર "જેકોલ" (Jakal) નામની કુનાર્ડ લાઇન-વાલાનીજ છે તેની નજદીક ઉતર્યા હતા. અમો તે ઊપર સવાર થયા હતા ત્યાર પછી આસરે ૧૨ વાગેને મેલ ટ્રેન ઇંગલંડથી મેલ લઇને આવી તે લઇને ઊપડી તે અમોને કુનાર્ડ લાઇનની સ્ટીમર "સરવીયા" (Servia) જેમાં અમો ન્યુયાર્ક (New York) જવાના હતા તે

પર લઇ ગઈ હતી જેપર અમો સવાર થયા પછી બપોરે સવા વાગે એ સ્ટીમર ઊપડી હતી અને અમોએ યુરોપને છેલ્લી સલામ કીધી હતી. એ કુવીન્સ ટાઉનનું બારૂં ઘણું મોટું છે અને તેમાં કેહેછે કે ઈંગ્રેજી બધી મનવારો ઊભી રહી શકે એટલી જગ્યા છે. અમોને એને લગતી જમીન એક બાજુપર પસાર કરતાં નજદીક ત્રણ કલાક લાગ્યા હતા અને ત્યાર પછી એટલાન્ટીક મહાસાગરમાં પેઠા હતા. આજનો આખો દિવસ દરિયો ઘણો થંબ હતો અને અમારી સ્ટીમર "સરવીયા" અતરેની મોટી સ્ટીમરોમાંની એક ગણાયછે, જે આસરે ૮ હજાર ટન ઉપરની અને ૫૦૦ ફીટ લંબાઇની તથા સારી પોહોળાઇની હોવાથી દરિયાના મોજાઓની દરકાર કરતી ન હતી. એ સ્ટીમર ઉતારૂઓને લઈ જવા સારૂંજ મઝેની ગોઠવણથી બાંધેલી છે અને તેમાં ૧૦૦૦ ઉતારૂઓ લઈ જઇ શકે છે. તેમાં ૫૦૦ પેહેલો વર્ગ (જેને સ્ટેટ રૂમ્સ કેહેછે તેમાં) અને ૫૦૦ બીજા વર્ગના ઉતારૂઓને લઇ જવાની જગ્યા છે. એમાં ૧૨) લાઇફ બોટો રાખેલી છે અને સ્ટીમરની આસપાસ પાણીના (watertight compartments) કંપાર્ટમેન્ટસો રાખેલા હોવાથી અડચણની વખ્તે તેમાંજ પાણી ભરાય છે અને અંદર આવતું અટકાવે તેથી સ્ટીમર ડુબવી ઘણી મુશ્કેલ પડે છે. અમારી સાથે આસરે ૧૫૦) પેહેલા વર્ગના તથા બીજા વર્ગના ૨૦૦) ઊતારૂઓ હતા.

તા૦ ૧ લી આગસ્ટ સને ૧૮૮૭—આજે આખો દિવસ દરિઓ જરા જોરમાં હોવાથી અમોને ફેર આવ્યા કીધા હતા, કારણકે સ્ટીમર ડોલતી હતી. ગઇ કાલ અને આજે બપોરનાં ૧૨) વાગાની વચમાં સ્ટીમર ૩૭૮) નોટીકલ માઇલ ચાલી હતી, સ્ટીમરપર ઉતારૂઓની માવજત ઘણી સારી થાય છે અને પી. એન્ડ ઓ કંપનીની સ્ટીમરો કરતાં ખાનાપીનાની તથા બીજી માવજત સરસ થાય છે. ડાઈનીંગ સેલુનમાં એકી વખ્તે ૨૦૦ જણા બેસી શકે તેવી ચાર હારની ટેબલો ગોઠવી છે અને મ્યુઝીક, સ્મોકીંગ, લેડીસ સલુનો જુદાં

જુદાં તથાં સારા શણગારેલાં છે તથા વિજળીની બતીઓ બધે કેબીનો સુધાંમાં બળે છે. એમાં ત્રણ થરે કેબીનો હારબંધ બનાવેલી છે તથા બધી રીતે સગવડ છે. આજે આખો દિવસ ઠંડી સારી પડતી હતી.

તા૦ ૨ જી આગસ્ટ સને ૧૮૮૭—આજે સહવારથી બપોર સુધી વરસાદ થોડો થોડો પડયા કરતો હતો અને દરિયો જોકે જોરમાં હતો અને મોજાઓનો ઊછાળો ઘણો હતો તોબી સ્ટીમરપર ગઇ કાલના જેવા ડોલા લાગતા હતા નહીં. તેનું કારણ અમોએ સાંભળ્યું કે વરસાદનાં પાણીથી જેમ તેલ મોજાઓને મારેછે તેમ એ પાણીથી મોજા જોર મારતા અટકે છે, બપોરનાં આસરે એક કલાક સુધી ધુમસનો જરા જોર થઇ આવ્યો હતો અને તેથી દર મીનીટે આખો વખ્ત સ્ટીમરપરથી ધુમસની સીસોરી વજાડયા કીધી હતી. એ ધુમસ કાંઈ ઘણો નહીં હતો તોબી ૧૦૦ વારને છેટે કશુંબી દેખાતું હતુ નહીં અને વખ્તે બીજી કોઇ સ્ટીમર આવીને અઠડી નહીં પડે તેને ચેતવવા સારૂં સીસોરી વજાડયા કીધી હતી, પણ એક કલાકમાં ધુમસ પાછો નિકળી જવાથી તે બંધ કીધી હતી. આજે બપોરનાં ૧૨ વાગા સુધીમાં ચોવીસ કલાકમાં અમારી સ્ટીમર ૪૦૮ નોટ ચાલી હતી. કવીન્સ લેંડ છોડયા પછી અમારી સ્ટીમર આઠમણ તરફ હંકારે છે તેથી દરરોજ વખ્તમાં નજદીક ૦॥। કલાકનો ફેર અમોને પડેછે. અમારાં ઘડીયાલમાં આયરલંડના ટાઈમ (જે લંડનનાં ટાઈમ કરતાં ૨૫ મીનીટ ઓછો હતો) નો બપોરનાં પોણો વાગ્યો હતો ત્યારે સ્ટીમરપર સોમવારે ૧૨ નો ટાઇમ સુરજપરથી મેરીડીયન લઇને કીધો હતો અને મંગલવારે પણ પોણો કલાક અમે ખોહોયો હતો એટલે લંડનનો દોઢ વાગે ત્યારે સ્ટીમરપર બાર બપોરના થયા હતા. એ મુજબ દરરોજ અમો આઠમણ તરફ જવાથી પોણા કલાકની ઉપરનો ફેર પડે છે અને અમારો દિવસ ૨૪ બદલે ૨૪॥। કલાકનો થાયછે. આજે બપોરનાં સ્ટીમરના ૧૨ વાગા ત્યારે અમારાં ઘડીયાલમાં જે આયરલંડનો ટાઇમ રાખ્યો છે તેમાં ૧—૩૭ મીનીટ થઇ છે અને

એટલો વખ્ત બે દિવસમાં અમોએ ખોહાયો છે અને એ મુજબ અમો જ્યારે આઠમણ તરફ મુસાફરી કરેઆ જઇશું અને દુનિયાની આસપાસ ફરીને મુંબઈ આવીશું ત્યારે એક આખો દિવસ અમોને ખોવો પડશે. આજે બપોર પછી દરિયો ઘણોજ મઝાનો ઠંડો હોવાથી ઊતારૂઓમાં ગાવાનું, વજાડવાનું તથા કુદવાનું, દોરડાંપર ટીંગાઇને ચઢવાનું તથા બીજી કસરતની રમતો આખો વખ્ત ચાલી હતી. રાતનાં ૧૧ વાગા સુધી ગાયન ચાલ્યું હતું. આખો દિવસ સુરજ તદન દેખાયો નહીં હતો અને ઠંડક મઝાની માફકસરની હતી.

તા૦ ૩ જી આગસ્ટ સને ૧૮૮૭—આજે દરિયો જરા જોરમાં હતો અને ઠંડી જરા વધારે પડતી હતી. સ્ટીમર આજ બપોરનાં ૧૨ વાગા સુધી ૨૪ કલાકમાં ૪૦૨ નોટ ચાલી હતી તથા વરસાદ વારાફરતી પડયા કરતો હતો અને સુરજ તદન જોવામાં આવ્યો હતો નહીં. આજે ઊતારૂઓ મોઢાંમાં ચમચી લઇને તેમાં એક ઈંડું મુકી દોડવાની સરત રમ્યા હતા તથા એક એક ઊપરથી કુદી જવાની (Leap Frog) રમત તથા ડોલના દોરડાંઓપર હાથે તીંગાઇને ઊપર ચઢવાની કસરત રમ્યા હતા અને ગમત સારી મળી હતી.

તા૦ ૪ થી આગસ્ટ સને ૧૮૮૭—આજે બપોર સુધી ૨૪ કલાકમાં સ્ટીમર ૪૦૩ નોટ ચાલી હતી. વાદળ તદન ખુલ્લું થઇને સુરજ પ્રકાશતો હતો પણ ન્યુફાઊંડલેંડ કોસ્ટોની નજદીક (Banks) બેંકસ કરી કહે છે તે જગ્યાપર અમારી સ્ટીમર આવી લાગ્યાથી અમારેથી આસરે ૧૫૦ થી ૨૦૦ માઇલ દુર (Ice Bergs) આઇસના બનેલા તરતા પાહાડો એ ન્યુફાઊંડલેંડના કિનારાપર ખુટી બેસવાથી ત્યાની તરફનો પવન ખુલ્લા દરિયાપરથી ઘણોજ ઠંડો બરફના જેવો આવતો હતો તેથી હમેશના કરતા ઠંડી ઘણી વધારે લાગતી હતી અને જો કે સુરજનું તડકુંબી જોરમાં પડતું તેની ગરમી માથાપર પડવાથી માથું દુખી આવતું તોબી એ ઠંડો પવન એવો તો દીલ ઉપર લાગતો હતો કે હાથ પગ જાણે આઇસમાં મુકયા હોય ને ઠંડીથી સુન મારી

જાય તેમ લાગતા હતા. અમો આજે દરિયાના જે ભાગમાં હતા તેની હેઠાણુમાં જમીન ઘણી ઉપર સુધી ઉપસી આવેલી છે અને તેથી કરીને વાહાંણો લંગર પણ એ મહાસાગરમાં કરી શકે છે તે જમીનને ન્યુફાઉંડલેંડ બેંકસ કરીને કેહે છે અને દરિયો તેને લીધે છાલકો થાય છે. એ ઉપર લખેલા બરફના પાહડો ઉત્તર ધ્રુવ (North Pole) તરફ જ્યારે બંધાયલું આઈસ ગરમીથી પીગલે છે ત્યારે તેના મોટા ગંજાવર ડુંગરો જેવા મોટા કકડાઓ છુટા પડીને દરિયામાં તરતા થાય છે અને હજારો માઇલ સુધી તેઓ તરતા દક્ષીણ તરફ જાય છે અને આસ્તે આસ્તે પીગલીને નાબુદ થઇ જાય છે. એ આઇસના તરતા ડુંગરો કોઇ કોઈ તો બે ત્રણ માઇલ જેટલા ઘેરાવામાં આસરે ૨૦૦ થી ૨૫૦ ફીટ ઊંચાઇમાં અને જેટલા પાણી બાહાર દીસે છે તેથી એવડા યા તેવડા મોટા ઉંડાઈમાં પાણીની અંદર તરે છે, તેઓના થોડા ભાગો પિગળતા આવ્યાથી તેની ઉપર દેવળના મિનારાઓ, કિલ્લાઓ ઇત્યાદી જેવા આકારો બની જાય અને તેવા ૨૦ અથવા ૨૫ પાહડો જ્યારે એકે વખ્તે દરિયામાં તરતા મળે છે ત્યારે તેઓની ઉપર પડતા સુરજના પ્રકાશથી બીલોરી કિલ્લાઓ તથા દેવળો હોય તેમ ચળકે છે, અને દેખાવ સાંભળવા મુજબ ઘણોજ સરસ અજાયબ જેવો લાગે છે. અમોને કાંઈ એવા પાહડો મળ્યા હતા નહીં પણ ઘણાખરા મે જુન મહિનામાં આટલાન્ટીક મહાસાગરમાં જથ્થાબંધ મળે છે, પણ તે વખ્તે સ્ટીમરોને ઘણી તપાસીને ચલાવવી પડે છે, નહીં તો કે જો ધુમસ થઇ આવે અને એકુ એવા પાહાડ સાથે અફડી તો તેના ફુરચેફુરચા ઉડી જાય છે. આજે અમારી સ્ટીમરની આસપાસથી સાંજનાં પાંચ વાગેને મગરમચ્છોનું એક મોટું ટોળું આસરે એકસો ઉપરનું નજદીકથી પસાર થયું હતું જેઓ પોતાનાં મોહોડાંમાંથી જથ્થાબંધ પાણીના ફુવારાઓ ઊંચે હવામાં ઊડાંરી ગમત કરતાં ઝડપબંધ પસાર થઇ ગયાં હતાં. એમાંના કોઇ કોઇ તો ૫૦ થી ૬૦ ફીટની લંબાઈનાં હતાં એમ ધારે છે, અને સ્ટીમરની બેઉ બાજુપરથી આસરે ૧૦૦ ફીટ દુરથી પસાર થઇ ગયાં હતાં. અમારી સ્ટીમર

આજે ગલ્ફ સ્ટ્રીમમાં દાખલ થઇ હતી. એ ગલ્ફ સ્ટ્રીમ ગરમ પાણીનો મોટો ઝરો યા નદી છે જે મેક્ષીકોના અખાતમાંથી શરૂ થાય છે, અને. ખુદરતની નવાઇ દાખલ એ ગણાય છે. ખુદરતે જાણે દુનિયાંની હવા સમધાત રાખવા સારૂં તેને બનાવ્યો છે. એ નદી જે ઘણા માઇલ જેટલી પોહોળી છે તે મેક્ષીકોના અખાતમાંથી શરૂ થઇને આટલાન્ટીક મહાસાગરમાં જાયછે અને પોતે તે સમુદ્રનાં પાણીથી તદન અલગ રહી તેની વચમાંથી માર્ગ કરી છેક આયરલંડના કોસ્ટા સુધી જાય છે અને ત્યાંની હવા જે ઘણી ઠંડી હોય છે તેને એ નદી જે પોતે ગરમ પાણી છે તે ગરમી આપી સમધાત કરે છે અને એ ગલ્ફ સ્ટ્રીમની ખુબીથીજ ઇંગલંડ, આયરલંડ, તથા સ્કોટલંડમાં લોકો વસી શકે છે, નહીં તો ઠંડીથી ત્યાં માણસ રહી શકે નહીં એમ કહેછે. એ બાબદસર અમેરિકનોએ એક હસવાનો ટુચકો શોધી કાહાડયોછે કે જો ઈંગલંડવાળા અમારી સાથ બરજોરી કરેતો અમો અમારો ગલ્ફ સ્ટ્રીમ ત્યાં જતો બંધ કરીશું તો તદન ઉજડ થઇ જશે. એ ઝરો આયરલંડ સુધી જઇને ત્યાંથી પાછી ઠંડી પોતામાં ઉમેરી લાવી તે ઠંડો થયલો ઝરો નીચાણમાં ઉતરી છેક સ્પેન સુધી દક્ષિણે જાયછે અને ત્યાં ઠંડી હવા પાંથરી આફ્રિકાના કોસ્ટાની ગરમીને નરમ પાડેછે. ત્યાંથી પાછો મેક્ષીકો તરફ ઠંડી હાલતમાંજ આવી ત્યાંની બેહદ ગરમીને ઠંડક આપે છે, અને પાછો પોતે ગરમ થઇને આયરલંડ તરફ ઉત્તરભણી જાયછે, તે પ્રમાણે આખો વખ્ત ગોળને ગોળ આટલાન્ટીક મહાસાગરમાં ફરીને બધે ગરમી તથા ઠંડીનાં સાંધણો આપેછે. એનાં પાણી આટલાન્ટીક મહાસાગરનાં પાણીથી નજદીક ૨૦ થી ૩૦ ડીગ્રી વધારે ગરમ રહેછે અને ખુદરતે જાણે દરિયાની અંદર એની હલાયદી નદી વેહેતી કીધીછે. એ ગલ્ફ સ્ટ્રીમને લીધેજ આજે જોકે બરફ જેવો ઠંડો પવન અમોને લાગતો હતો તોબી પારાની સીસી ૫૫ ડીગ્રીની હેઠાંણ ગઇ હતી નહીં. અમારી સાથના અમેરિકન ઉતારૂઓ સારી રીતે વર્તેછે અને આખો વખ્ત હિંદુસ્તાનની તથા આપણા જરતોસ્તી ધર્મની બાબદની વાતો પોતે આવી ઓળખાણ કરીને પુછે છે.

પોતાનાં રેહેઠાંણો ઉપર આવવા સારૂ ઇજનો કરે છે. મી૦ મેકે (Mackey) કરીને અમેરીકાના વખણાયલા કરોડપતીઓભી પોતાની સોના તથા રૂપાંની ખાનો જોવાનું અમોને નોતરૂં દીધું હતું. કોઇ એક ગ્રહસ્થ એ ત્રણ રેલવે કુંપનીનો મેનેજીંગ ડીરેકટર છે અને પોતાનાં મોટાં હોટલો છે ત્યાં મફત ઊતારો આપવા માગે છે. કોઇ ચીકાગોનો મોટો દુકાનદાર જેની દુકાનપર વરસ દહાડે છ કરોડ રૂપિયાનો માલ ખપે છે તે જોવા આવવા ભલામણ કરે છે, કોઇ મોટો શરાફ પોતાના શેહેર ફીલાડેલફીયામાં શી રીતનો વેપાર ધંધો ચાલે છે તે દેખાડવા ઇજન કીધુંછે. એ મુજબ અમારી ઉપર ઘણા ખુશી થઇને ઇજનો કરેછે. અમેરિકા થોડા વખ્તમાં શી રીતે આગળ વધી ગયું છે તેનો વિચાર અમો હિંદુસ્તાનનાં લોકોને કહી શકીયે. એ લોકો આવા કરોડપતીઓ છતાં જાણે તદન સાદા લોકની માફક વાતચીતમાં વર્તે છે અને મગરૂરી તદન બતાવતા નથી. આપણા દેશના પારસીઓની બાબદો જાણવાને એટલું ખંતી લોક અમોએ બીજું જોયું નથી, અને ઝુમખાઓ થઇને આખો વખ્ત એવી બાબદો પુછયા કરે છે.

તા૦ ૫ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે બપોર સુધીમાં સ્ટીમરે ૪૦૭ નોટસ કાપ્યા હતા. આખો દિવસ ખોલ્લો ગયો હતો અને ઠંડી હવે ઘણી માલમ પડતી નથી. દરિયો પણ થારિ જેવો હતો. આજે રાતના છેલ્લા વર્ગના ઉતારૂઓએ "બોલ" કીધો હતો તે સારૂં એક તેઓમાની ઓરત વાયોલીન વજાડતી હતી.

તા૦ ૬ થી આગસ્ટ સને ૧૮૮૭—આજે બપોર સુધીમાં ૪૦૦ નોટ સ્ટીમર ચાલી હતી. દરિયો ઘણો મજેનો થંબ હતો, પણ ગરમી હવે જરા વધતી માલમ પડતી જાય છે. રાતના એકાએક ધુમસ થાઇ આવીઓ અને સ્ટીમર પર ધુમસની સીસોડી વજાડયા કીધી હતી અને ન્યુયોર્કની નજદીકમાં હોવાથી તપાસ રાખતા હતા કે કોઇ બીજી સ્ટીમરની સાથે ધુમસને લીધે અઠડી પડે નહીં. આજે સાંજનાં પાંચ વાગેને પાઈલટ સ્ટીમરપર આવ્યો હતો. એ

પાઇલટ લોકો કોઇ વખ્તે ન્યુયોર્કથી ૫૦૦ થી ૭૦૦ માઈલ દુર સ્ટીમરો મેળવવા સારૂં જાય છે. અમારાવાલો પાઇલટ ૭ દિવસ થયા ન્યુયોર્કથી નિકળેલો હતો. તેઓની બોટ સઢની બે ડોલની ઘણી ખરી હોય છે, અને તેમાં ઘણા પાઇલટો રહે છે, જેમાંનો એક અમારી સ્ટીમરપર આવ્યો હતો. બાકીના બીજી સ્ટીમરો મળશે તેમ તેપર જઇને છેલ્લે તેઓની બોટ પાછી તેઓને ન્યુ યોર્ક લેવા જાયછે. એ મુજબ ઘણી પાઈલટ બોટો ઈહાં ફરેછે. તેઓનો દર સ્ટીમરોનો જેટલો ભાગ પાણીમાં ડુબેછે તેટલા ફીટ ઊપર દર ફુટે પાંચ યા દશ ડાલર સંભળાય છે. આજે રાતનાં લીવરપુલના સેલર એસાયલમને મદદ આપવા સારૂં સ્ટીમરપર કોનસર્ટ થયો હતો જેમાં ઘણા જણાઓએ ભાગ લીધો હતો અને લોર્ડ હરશલે પ્રમુખની ખુરસી લીધી અને ઉઘરાતું તે વખ્તે ઊતારૂઓમાં ફેરવ્યું હતું જેમાં બધાઓએ નાણું પોતાની ખુશી મુજબ ભર્યું હતું.

તા૦ ૭ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સહવારનાં કલાક ૯—૩૦ મીનીટથી લોંગ આયલંડનો કિનારો દેખાવા માડયો હતો, તે નવી દુનિયાનો પેહેલો ભાગ અમોએ જોયો હતો અને નજદીક આવતા ગયા તેમ કિનારો બરાબર દેખાતો હતો. એ લોંગ આયલંડ ન્યુ યોર્કથી આસરે ૫૦ યા ૬૦ માઇલ દુર એક જમીનનો સાંકડો કકડો દરિયામાં નિકળી આવેલોછે. એની સામેની બાજુપર આગળ ચાલતાં સ્ટેટન આયલંડ કરી ઝાડપાનથી ભરેલી જગ્યા મળેછે, અને ઈહાંથી જાણે એક મોટી નદીમાં પેઠા હોઇયે તેવું લાગેછે. લોંગ આયલંડની આગળ ચાલતાં જમણી બાજુપર ઘરો તથા હોટલો દેખાવા માડયાં. એ હોટલો જોવાથીજ અમેરિકન લોકો શી રીતે ગંજાવર ઇમારતો બાંધેછે તેનો નમુનો માલમ પડતો હતો. એક ગંજાવર હોટલ જાણે આખો મોહોલો હોય તેવું જણાતું, પણ તે ન્યુયોર્કથી ઘણું દુર આસરે ૩૫ માઇલ હોવાથી, પેહેલાં જે વસ્યું હતું તે પાછળથી બીજી હવા ખાવાની જગ્યાઓ શેહેરની નજદીકમાં નિકળવાથી એ હોટલ બંધ થયુંછે.

ઇમારત તદન ખાલી પડીછે તે ઘણી મોટી હોવાથી કોઇ ભાડે લઇ શકતું નથી અને તેની કંપની બંધ થઇ છે અને તે થોડા વખતમાં વેચાઇ જશે. એ લોંગ આયલંડની દરિયા કિનારાપરની જગ્યા ન્યુ યોર્કનાં લોકોને હવા ખાવા સારૂં વપરાએછે. ત્યાં છુટાં છુટાં મોટાં હોટલો તથા નાના બંગલાઓ બંધાઇ ગયાછે. કોની આયલંડ (Coney Island) થી જરાક દુર એક જણે પોતાનું ઘેર એક હાથી જાનવરનાં આકારમાં આબાદ બાંધેલું છે અને આકાર તેવોજ કીધોછે, સ્ટીમરપરથી તે જાણે ખરેખર એક જીવતો હાથી ઊભો હોય તેમ તેની અંબારી સુધ્ધાં દેખાતો હતો. આગળ વધતાં દરિયો સાંકડો થતો ચાલ્યો અને કિનારા તરફથી છાલકો થવા માડયો, તે જગ્યાને બાર (Bar) કરીને કહેછે તે બાર વાગાની આગમચ પસાર કરવો જોઇયે, નહીં તો પાણી ઘટી જવાથી સ્ટીમરને બાહર થોબવું પડતે. પણ અમોએ તે વખ્તસર પસાર કીધો અને પછી ન્યુ યોર્કનાં બારાંમાં પેઠા જેની દાખલ થવાની જગ્યાપર જમીન ઘણીજ નજદીક આવેછે. ત્યાં અમારી સ્ટીમર થોબાવીને તે ઉપર ડાકટર ઉતારૂઓને તપાસવા આવ્યો કે કાંઇ ઉડતો રોગ હોય તો તેને આગળ વધવા દીયે નહીં. પણ એની નજદીક એક નાનું ટાપુ છે જેને કુવારેનટાઇન આયલંડ કરી કહેછે ત્યાંજ ઉતરવા કહેછે. ડાકટર સ્ટીમરપર આવ્યો કે સલુનના ઉતારૂઓને કાંઈ તપાસ્યા નહીં, પણ તે બાબે સ્ટીમરના ડાકટરને પુછ્યું હતું પણ તરીજા વરગના ઉતારૂઓ જેઓ બધા ઇહાં વસવા આવેલા હતા તેઓને ડાકટરની સામે એક પછી એક રીજમીટની માફક ચલાવી લઇ ગયા હતા, જેઓ નજદીક ૪૦૦ માણસો હશે. એ લોકોનો મોટો ભાગ ઘણાજ ગરીબ હાલતનો હતો અને તેમાં આઇરીશ લોક તથા પોલેંડના યાહુદીઓનો ભાગ મોટો હતો. છેલ્લા શખ્સો સ્ટીમરપર બબરચીના હાથનુ રાંધેલું ખાતા નહીં હતા, પણ પોતે તરકારી તથા માછલી છુટી લઇ સમારીને પોતાના વાસણમાં તેનું હોચપોચ કરી પાણી નામીને પોતાના હાથે ચુલાપર મુકી પકાવતા હતા અને આગળ આખો વખ્ત ઉભા રહેતા હતા કે રખેને કોઈ તેને હાથ લગાડે. અમો ધારીયે

છીયે કે એ લોકનાં ધર્મના ફરમાન મુજબ ડુક્કરનું ગોસ હરામ છે અને ઇંહાંની સ્ટીમરપર એ જાતનું ગોસ વપરાતું હતું તેથી રખેને તેઓને તે ગોસ ખાધામાં આવે કરી આટલી તપાસ લેતા હતા. ડાક્ટરે સઘળાને તપાસ્યા પછી સ્ટીમરપર કસ્ટમ હાઉસવાળાઓ પણ આવ્યા હતા અને દરેક જણ પાસે શું સામાન છે તેના બાકસોની વિગત એક કાગજપર લખાવી દરેક ઊતારૂની સહી તેપર લેતા હતા, અને પછી કાગજપર અકેકો નંબર તેઓને આપતા હતા. અમોને નંબર ૧૬ આપ્યો અને તે નંબર ઉપર પોતાનાં લીસ્ટમાં કેટલા અમારા દાગીના હતા તે લખી લીધા હતા કે પાછળથી બરાબર છે કે નહી તે કસ્ટમ હાઉસવાળાને માલમ પડે. એ સઘળું થયા પછી અમારી સ્ટીમર આગળ વધી હતી. ન્યુ યોર્ક ઇંહાંથી આસરે ૭ માઇલ દુર છે અને તેના બારામાં એક નાના ટાપુ ઊપર (જેને બેડલો આઇલ કહેછે) સ્વતંત્રતાનું પુતળું જે ફ્રેન્ચ રૈયતે એઓને થોડુંએકપર આપેલુંછે તે મુકેલું દેખાવા લાગ્યું હતું. એ પુતળું ૧૫૧ ફીટ ઊંચાઈમાં છે, તેની બેઠક ૧૫૫ ફીટની મળી ૩૦૬ ફીટ સઘળું મળી ઊંચું છે. તે એક ઓરતનો આકાર ઉભેલો પાડી તેનાં માથાપર ફુલનું તાજ મુકેલુંછે અને હાથમાં બળતી મસાલ આપેલી છે, અને ટાપુની વચમાં આવ્યાથી બધી ગમથી તે દેખાઈ શકેછે. ન્યુ યોર્ક શેહેર જાણે ઘોડાની નાળની વચમાં એક લાંબો પાતો નિકળી આવ્યો હોય તેમ સ્ટીમરપરથી લાગેછે. બારામાં પેસતાં જમણા હાથ ઉપર બ્રુકલીન (Brooklyn) અને ડાબા હાથ ઊપર જરસી (Jersey) નાં શેહેરો આવેછે અને તેઓની વચમાં નદીઓથી હલાએધું પડેલું ન્યુ યોર્ક શેહેર આવેલું છે. પણ દુરથી તે સઘળાં જાણે મલી જઇને ઘોડાની નાળનો આકાર પકડે છે. બારૂં જેમ અંદર જતા ગયા તેમ કુસાદે અને પોહોળું થવા માંડે છે અને તે એટલું તો મોટું છે કે ત્યાં હજારો મોટાં વાહાંણો અથવા મનવારો રેહી શકે છે. એ જગ્યાનો દેખાવ ઘણો રળિયામણો તેની આસપાસની લીલોતરીથી ભરેલી જગ્યા તથા તેની ઊપરનાં છુટાં છુટાં ઘેરોથી લાગે છે, અને વળી એ બારાંની અંદર છુટાં છુટાં ઘણાજ નાના ટાપુઓ

આવેલા છે જેઓ ઉપર કાંઇ ને કાંઇ ઇમારતો હોવાથી વધારે શોભે છે.

એ ન્યુ યોર્કનાં બારાં જેવાં ઘણુંજ થોડાં બારાં દુન્યામાં કેહેવાય છે. એ દરિયાનું બારૂં પસાર કરીને પછી હદસન નદીનાં મોહોડામાં અંદર ગયા હતા. એ નદીમાં પેસતાં ન્યુ યોર્ક શેહેર જમણા હાથપરથી શરૂ થાય છે અને તેની ગંજાવર ઇમારતો હારબંધ દુરથી અંદર આવેલી દીસે છે અને તેઓ ઘણી ખરી લાલ રંગની ઇંટ દીસતી રાખવાથી દેખાય છે. સૌથી પેહેલી ઇમારત ઇંહાં એક્ષચેનજ છે અને તેની પડોશમાં સાઇરસ ફીલડ કરીને આશીસો સારૂ એક ગંજાવર ઇમારત ૧૨ માળની આવેલી દીસે છે. તેંની પેલી બારહુપર "ઇસત રીવર" નામની નદી છે જેની ઉપર બરૂકલીન શેહેરમાં જવા સારૂ દુન્યામાં સૌથી મોટો ઝુલતો પુલ આવેલો છે તે દીસતો હતો. એ પુલ એટલો ઊંચો પાણીથી બાંધેલો છે કે ગમે એટલું મોટું વાહાંણ યા સ્ટીમર પોતાનાં ઉભાં રાખેલાં ઊંચાં ડોલો સુધાં તેની હેઠલથી પસાર થાય છે. અમો બારાંમાં પેઠા કે આજે આતવાર હોવાથી ન્યુ યોર્કનાં રેહેવાસીઓ મોજ કરવા સ્ટીમરો પર ફરવા નીકલી પડેલા જગેજગ દીસતા હતા. એ પલેઝર કરવાની સ્ટીમરો જાણે તુતકની ઉપર ત્રણ માળની હવેલી હોય તેવી દીસે છે અને તેઓને વાવટાથી શણગારેલી રાંખે છે તથા લાકડકામ ઊપર બધે ગીલીટ તથા રંગથી ઘણી શોભઇતી દીસે છે. એવી કાંઇ વગર ગણત્રીની બોટો એણી ગમથી પેલી ગમ જતી આવતી દીસતી હતી અને તેમાં ખીચોખીચ લોકો બેઠેલું હતું. નદીમાં પેઠા પછી જમના હાથ ઉપર હારબંધ ઉભા (Wharves) ડંકાઓ આવવા લાગા. એ દરેક ડંકો એકુ જુદી જુદી સ્ટીમરની કંપનીઓને લગતો હતો. એ મુજબ ૩૯ ડંકાઓ પસાર કીધાં પછી ૪૦ મો ડંકો (તેનાં નંબર પાડેલાં હોય છે) અમારીવાલી સ્ટીમરની કંપની કુનારડ લાઇનવાલાનો આબ્યો હતો જયાં અમારી સ્ટીમરે લંગર અઠોઅઠ નાંખ્યું હતું અને ઊતારૂઓ ફરસ્ટ કલાસના (ઇહાં તેઓને સલુન ઉતારૂઓ કેહે છે) ને ઉતરવા દીધા હતા અને

અમો બધાઓને ત્યાંનાં એક મોટાં છાપડાંમાં અમારો સામાન તથા કોઠલાઓ આવે તેને વાસતે થોભવું પડયું હતું. એ કોથલાઓ નીચે લાવતાં એક કલાક ઉપર થઈ ગયો હતો. બધા કોથલાઓ સ્ટીમરનાંજ માણસો લાવ્યા અને પછી તે છાપડાંમાં તપે તપે એ બાજુપર "એ-બી-સી" એવા અક્ષરો મારેલા હતા ત્યાં તેવા ધણીઓનાં નામ મુજબ લાવી તેઓના દાગીનાઓ મુકયા હતા. હવે એ મુંજબ દાગીનાઓ ગોઠવવા સારૂં સ્ટીમર પર આગળથી આપણાં નામો પુછીને નામ પ્રમાણેનો એક મોટો અક્ષર કાગજપર છાપેલો કોઠલાઓ ઉપર મારે છે તેથી મજુરો તે અક્ષર મુજબ લાવી સામાણ મુકે છે. અમારા કોઠલાઓ સારૂ અમો F ના અક્ષર આગળ ઉભા હતા જયાં અમારા કોઠલાઓ આવ્યા પછી કસતમ હાઊસના આફીસરોએ આવી દરેક કોઠલા તથા બીછાનાં સુધાં તપાસીયાં હતાં કે તેમાં ડયુટી લેવા જોગ હોય તો ડયુટી લીયે. અમેરિકાની સરકાર જોકે પોતે છુટાપણાનું રાજ ગણાય છે તોબી બહાર દેશાવરથી બનાવટની ચીજો આવે છે તેપર ઘણી મોટી ડયુટી લે છે તે એટલા સુધી કે કોઇ કોઇ જણસ જેવું કે રેશમી કાપડ, ઉનની બનાવત, રૂપાકામ ઇત્યાદી ઉપર તો સેંકડે ૭૫ ટકા ડયુટી લે છે. એને એ લોકો (Protective) પોતાના બંચાવની ડયુટી કરી કહે છે. એમ કીધાથી માલ બહારનો આવતો અટકે તો પોતાની રૈયતનો બનાવેલો માલજ ખપે અને તેથી લોકોને કામ મલે અને સારૂ કમાય તો સુખથી જીંદગી ભોગવે અને વળી સરકારને એની મોટી આવક થવાથી રૈયત ઊપર બીજો કર તેટલો ઓછો પડે. એ મોટી ડયુટીથી સરકારને જે છેલ્લી સીવીલવોર (લડાઇ) વખ્તે જે કરજ થયું હતું તે ઘણું ખરૂં ફીતાડી નાખવા આવ્યા છે. અમારો સામાણ સઘળો તપાસ્યા પછી અમોએ જે નાધલો સામાન જેવા કે પાઘડીના બાકસો, હેંડ બેગસો, બીછાનાં, ઇત્યાદી હતાં તેને એક મોટો બાકસ સાથે લાવેલા હતા તેમાં ભરીયા હતા. એમ કરવાનું કારણ એ છે કે ઇહાં મજુરી ઘણી મોંઘી છે અને અંધેર નગરી ને ચોપત રાજાની કહેવત મુજબ તમારા જેટલા દાગીના હોય તેટલા દીઠ (પછી

તે ચાર ફીટનો હોય યા એક ફુટનો હોય તોબી) પચીશ દોકડા (ઇહાં ડાલરનું ચલણ છે જે ૪.૮૩ ડાલરનો એક પાઊંડ ગણાય છે અને ડાલરના ૧૦૦ વીભાગ કીધા છે જેને સેંટ યા દોકડા કહે છે) લે છે અને તે અમોને આગળથી ખબર હોવાથી એક મોટો બાકસ લાકડાંનો લંડનથી સાથે લાવેલા હતા કે તેમાં નાના કોઠલાઓ ભરવાથી મજુરી ઘણી પડે નહીં. અમોને લેવા સારૂ લંડન તથા મુંબઇવાલા શેઠયાઓ દાદાભાઈ બ્રધરસના ભાગયા મી૦ રૂસતમજી બેરામજી સ્ટીમરપર આવ્યા હતા. એવણ ઈહાં પાંચ વરસ થયાં રહે છે અને બીજા દેશો સાથે એવણની પેહેડી હસતક વેપાર ચલાવે છે અને અમેરિકામાં આટલો વખ્ત રહેવાથી એવણ પોતાની ખુશીથી અમેરિકન સીટીઝન થયા છે, અને રીપબલીકન થતી વખ્તે હવેથી કોઈબી પાદશાહી રાજને એવણ પસંદ કરે નહી તેવા સોગંદ લેવા ઈહાં પડે છે તે મુજબ એવણે સોગંદ લીધા છે અને અમો ધારીયે છીયે કે આપણા જરતોસ્તીઓમાં એવણજ પેહેલવેહેલા રૈયતના રાજમાં સામેલ થયલા લાગે છે અને અમેરિકન સીટીઝન થયા છે. અમો સામાનં સઘળું લઇને શેઠ રૂસતમજીએ ઘોડાની ગાડી પડી આપી તેમાં બેસીને "હાફ્મેન હાઉસ" નામનું હોટલ ફીફ્ઠ એવેન્યુમાં છે ત્યાં ગયા હતા. ઇહાંના ગાડીવાલાઓ અણજાના લોકોને ખુબ ઠગે છે અને જો પડયા વગર બેઠા તો એકનું પાંચગણું ભાડું પાછળથી લીયે છે. અમોએ સામાન સઘળું સુધાં લઇ જવાના હ૬ી ડાલર પડયા હતા: જો તેમ પડતે નહી અને અમારા દાગીના જો છુટા હતે તો દરેક દાગીના દીઠ ૨૫) દોકડા ભાડાંના જુદા લેતે અને અમારી પાસથી ગાડીમાં બેસવાનાં ભાડાંના લેતે તે જુદા. પણ અમારા દાગીના ચાર હતા (તેમાં પેલો મોટો દાગીનો જે એક દાખલ ગણાતો તેમાં છ સાત બીજા નાંધલા હતા તેથી હતો અને જેણે આખો કોચબાકસ રોકી નાંખ્યો હતો) તેથી બધા મળીને હ૬ી ડાલરે પત્યું હતું. ઇહાંનું ગાડી ભાડું ઘણુંજ મોઘું છે. એક માઈલની અંદર ગાડીમાં કેટેબી જઇયે તો એક ડાલર લીયે છે (જે આજનો વટાવ ગણતાં મુંબઇના ૩ રૂપિયા થલા જાય છે)

અને એ તો બરાબર ભાડું ગણાય અને જો પડયું નહી તો ૩ યા ૪ ડાલરથી લીયે એવું છે. અમો જે હોટલમાં ઊતર્યા હતા તે ઈહાં સૌથી સરસ ગણાય છે અને તે ઘણુંજ સરસ શણગારેલું છે તે મેડીશન સકવેરની સાંમે બરોડવે કરીને ઈહાંના સૌથી સરસ મોહોલામાં આવેલું છે. એ હોટલની અંદરનો શણગાર ઘણોજ સરસ છે તેમાં ઊંચી જાતનાં મોટી કિમતો આપીને લીધેલાં પીકચરો તથા પુતળાંઓ રાખેલાં છે. એ હોટલ યુરોપીયન ઢપપર રાખેલું છે એટલે કે એના ઓરડાઓનું વાપરવાનું ભાડું લે છે અને ખાવાપીવાનું (a la carte) જેને તમોને પડવડે તથા પસંદ પડે તેમ વેચાતું ઈહાંજ લઈને ખાવો. એથી ઈહાં ફરવા આવનારાને ફાયદો છે, કારણકે આપણે જુદી જુદી જગ્યા જોવા જઈયે તો પાછા ઈહાં જમવા આવવાનાં થાંને તેજ જગ્યાના એકુ "રેસટરાં"માં જમીયે જેથી વખ્તનો બંચાવ ઘણો થાયછે. ઈહાંનાં બીજાં કોઈ કોઈ હોટલો અમેરિકાની ઢપનાં રાખેલાં છે તેઓ ઓરડો તથા ખાનું સુધાંનો દરેક દિવસનો ઊચકો લીયે છે પછી તમો ત્યાં જમો યા નહી. એમાંનું સરસ "ફીફ્ઠ એવીનીયુ હોટલ" ગણાય છે. એબી હોટલ ગંજાવર છે. તેનાં ભાડાંનાં ફકત વરસ દહાડે સાડાચાર લાખ રૂપિયા આપે છે પણ તેના અરધાઅરધ નીચેની દુકાંણોનાં ભાડાં દાખલ પાછા ઊપજે છે. એમ કેહે છે કે અમારાવાલું હોટલ એ હોટલથીબી અને ઈહાંનાં બધાં હોટલો થાંને સરસ કેહેવાય છે પણ તેનું શું ભાડું છે તે ખબર પડતી નથી. હોટલવાલા યુરોપીયન ઢપનાં રોજનાં બે થી પાંચ યા સાત ડાલર સુધી ઓરડાના લે છે. અમેરિકન ઢપવાલાઓ ખાંનાં સુધાનાં પાંચથી દશ બાર સુધી જેમ ઓરડાઓ ઉપર હેઠળનાં માળના લેવો તેમ લીયે છે. હોટલો જે ઘણાં માળનાં હોય છે તેઓ બધામાં ઉપર જવાની "લીફ્ટો" છે જેને ઈહાંના લોકો "એલીવેતર" (Elevator) કહે છે. અમો આજે સાંજના હોટલમાં જરા વીસામો લઈને પછી ઈહાંની હવા ખાવાની જગ્યા (Manhatan Beach) મેનહાટનબીચ જોવા ગયા હતા. એ જગ્યા ન્યુ યોર્કથી આસરે ૨૬ માઈલ દુર હશેજ. ઈહાંનું લોક ગરમીના

દિવસોપર રેહેવા તથા ફરવા જાય છે જે સારૂં સંખ્યાબંધ સ્ટીમરો ત્યાં આવજાવ કરે છે. અમો તે મુજબ એક સ્ટીમલોંચમાં ગયા હતા. એ સ્ટીમરો ત્રણ માળની બાંધી હોય તેવી છે અને તેઓને સારી શણગારેલી છે તેમાં નજદીક ૧૦૦૦ ઉતારૂઓ એકી વખ્તે બેસી શકે છે. એ સ્ટીમરે ઇંહાંનાં બારાંમાં થઇને (Bay Ridge) બે રીડજ નામના કિનારા પર અમોને ઉતાર્યા હતા. બારાંનો દેખાવ ઘણો સરસ છે તેમાં છુટા છુટા ટાપુઓ આવેલા છે તેમાંના એક ઉપર લીબરટીનું પુતળું ફ્રેંચ લોકોએ અમેરિકનોને આપેલું મુકેલું છે તે બરાબર દીસતું હતુ તેની નજદીકમાંથીજ અમારી સ્ટીમર પસાર થઇ હતી. એ પુતળાંને (Bartholdis Statue) બારતોલ ડી સ્ટેચ્યુ કરીને કેહે છે અને બેદલો નામના ટાપુપર આવ્યું છે અને દુન્યામાં જાણીતાં થયલાં થોડાં એક પુતળામાં સૌથી મોટું એ ગણાય છે. તેની ઊંચાઇ ૧૫૧ ફીટની છે અને બેઠક સુધાં ૩૦૬ ફીટ ઊંચુ છે. એ પુતળાંને અકટોબર સને ૧૮૮૬ માં ઘણી ધામધુમ સાથે ઇંહાં ગોઠવ્યું હતું.

એ રીડજનાં કિનારાપર ઉતરીને પછી આગનીગાડીમાં બેસીને અરધા કલાકે "મેનહેટેન બીચ" પર પુગ્યા હતા જ્યાં જવાં આવવાના બધા મળીને ાા ડાલર ભાડું આપવું પડે છે. એ "મેનહેટન બીચ" દરિયે કિનારે કોની આયલંડ પર આવેલું છે, ત્યાં એક કંપની ઊભી થઈને નાહવાની જગ્યા બનાવી છે અને તે જગ્યાપર ૨૭૦૦ કોથડીઓ તે સારૂં બાંધેલી છે જેમાં લોકોને કપડાં બદલવા કામ લાગે છે. ઇંહાં દરિયે કિનારે તે લોકોને નાહતાં જોવા સારૂં બેઠકો કીધેલી છે જે ગોળ નાટકશાળાના આકારમાં બાંધી તેપર ૨૦૦૦ બેઠકો કીધેલી છે. દરિયાને નાકે મઝેના રસ્તાઓ બાંધી બેઠકો મુકી છે અને તેની પાસે બાગ મઝેનો બનાવ્યો છે, તથા બે હોટલો બાધેલાં છે. તેમાં એકમાં રેસટરાં છે જેમાં એકી વખ્તે ૧૫૦૦ માણસો છુટી છુટી ટેબલોપર નિચલા ભાગમાં ત્રણ ચાર મોટા ઓરડાઓમાં બેસીને ખાય છે અને આખા દાહાડામાં એ હોટલમાં કોઇ

વખ્ત તો ૩૦૦૦૦ માણુસો જમે છે એવું મોટું હોટલ તથા "રેસ્ટરાં" એ છે અને દુનિયામાં મોટાંમાં મોટું એ "રેસટરાં" ગણાયછે. અમો ગયા ત્યારે ત્યાં એક સોધી ટેબલ અમોને મળી શકી નહીં. જેમ હલાઈબાગમાં ન્યાતમાં લોકો જમવા સારૂ ખાનારની પાછળ તપી રેહેછે તેમ લોકો ટેબલપરથી કોઇ ખાઇને ઉઠયું કે દોડાદોડ કરીને તેપર બેસી જતું હતું એટલી ત્યાં ખાવાની ગીરદી રાતના સાત વાગે હતી અને એટલી ગીરદી છતાં ખાવાપીવાની તજવીજ ઘણી સારી હતી, અને એક દિવસમાં ૩૦૦૦૦ માણુસોને ત્યાં જમાડી શકે તેની ગોઠવણુ કેમ કરતા હશે તે અજાયબ જેવું લાગતું હતું. ખાનું ગમે તે જુદી જુદી કિમ્મતે મળતું હતું. દરેક વાણીની કિમ્મત એક કાગજપર માડેલી હતી અને જથ્થાબંધ વાણીઓ લખેલી હતી. દરેક વાણીની ઓછામાં ઓછી કિમ્મત ૨૫ સેંટથી દોઢ ડાલર સુધીની છે. એક વાણી મંગાવો તેમાં બે જણા ઘણી મઝેની રીતે ખાઈ શકે છે અને લોકો તેમજ કરે છે જેથી ત્રણ ચાર તેવાં જુદી જુદી જાતનાં પકવાનો તેઓ લઇ શકે છે, નહીં તો એક જણને તે ખાવાને ઘણું થવા ઉપરાંત પૈસા પણ ઘણા બેસે છે. એ જગ્યાપર આબરૂદાર લોકો આવે છે, પણ એનેથી એક માઇલ દુર બ્રાઇટન કરીને બીજી એવી હવા ખાવાની જગ્યા આવેલી છે ત્યાં જરા ઉતરતું લોક જાય છે અને વળી તેનેથી એક માઈલ દુર વેસ્ટ બ્રાઇટન કરીને ત્રીજી જગ્યા છે ત્યાં ઘણા ગરીબ તથા હલકા માણુસો જાય છે અને ખાનુંપીનું તેજ મુજબનું મળે છે. એ બધી જગ્યાઓપર નાહાવાની કોઠડીઓ તથા ફરવાના બાગો, વાજાંઓ, આતશબાજીઓ તથા રોશણી રોજ રાત રાતના થાય છે. એ રોશણી ઘણી શોભાયમાન રીતે ગોઠવેલી તથા બીન ગણત્રીની કરે છે, તેથી રાતે દેખાવ ઘણો સરસ માઇલો સુધી દુરથી લાગે છે. ન્યુ યોર્કમાં હમણાં ગરમીની મોસમ છે, અને ત્યાં ગરમી સખ્ત પડે છે. કોઇ વખ્તે તો ૧૦૦ ડીગ્રીની ઉપરૂબી પારો છાયડામાં જાય છે તેથી લોક ઇંહાં સાંજના ફરવા નિકળી પડે છે, અને હોટલોમાં તથા નાના બંગલાઓમાં આવીને વસે છે.

એવી હવા ખાવાની જગ્યા કાંઈ સંખ્યાબંધ ન્યુ યોર્કની અડોશપડોશમાં રાખેલી અને ત્યાં લખો લોકો રોજ આવજાવ કરે છે, યા ગરમીના દિવસોમાં રહે છે. એ સઘળું જોઇને આવતાં અમોને રાતના બાર વાગ્યા હતા અને જેમ ગયા તેમજ આગગાડી તથા સ્ટીમરને માર્ગે પાછા આવ્યા હતા. એ રીડજથી આગનીગાડી જે "મેનહેટન બીચ" સુધી જાય છે, તેની ગાડીઓ મુંબઇની ટ્રામની ગાડીઓને મળતી પણ મોટી હોય છે અને તેમાં બેઠાથી ખુલ્લી હોવાને લીધે આસપાસનો દેખાવ મઝેથી જોવાઇ શકાય છે. તેની બેઠકો પાટીયાંની શોભઇતી કીધેલી છે. અમેરિકામાં પેહેલા તથા બીજા વર્ગની ગાડીઓ રાખતા નથી પણ બધા જણા એકજ જાતની તથા ભાવની ગાડીઓમાં બેસે છે, પણ "પુલમેન્સકાર" જેમાં મખમલની ખુરસી તથા કાચોની બેઠક હોય છે ને ઘણી શણગારેલી હોય છે તેમાં ટીકીટના પૈસા ઊપરાંત વધુ દામ લઇને બેસાડે છે. રૈયતનું રાજ ઈંહાં હોવાથી પેહેલો તથા બીજો વર્ગ કોઇથી બોલાતું નથી પણ બધા સરખા ગણાય છે. તેઓને મન સમજાવા સારૂ સારા આબરૂદાર લોકોને છુટા બેસવાની ઊપર મુજબ તાલ કીધી છે. એ "મેનહેટન બીચ" ની હવા ઘણી મઝેની ને ઠંડી હતી ને ન્યુ યોર્કને એની વચમાં ૧૦ ડીગ્રી હવાનો ફરક રેહે છે.

તા૦ ૮ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સવારથી ઈંહાંની એલીવેટેડ રેલવે (Elevated Railway) માં બેસીને શેહેર જોતા ઈંહાંના વખણાયલાં સેનટ્રલ પાર્કમાં ગયા હતા. એ એલીવેટેડ રેલવે રસ્તાઓ પર ઊંચા એક માળ જેટલા થામળાઓ કરીને તે ઉપર બાંધેલી છે જેની અંદર લોકો શેહેરનાં બધા ભાગોમાં (લંડનના રસ્તા નિચેની રેલવેની માફક) જાવઆવ કરી શકે છે. તમો ગમે ત્યાં જાવો તેનું પાંચ સેંટ ભાડું લીયે છે, પછી ગમે તો ૦ માઈલ યા પાંચ માઇલ સઘળો એકજ ભાવ રાખ્યો છે જે વળી જયાંથી તમો બેસો તેજ સ્ટેસન પર પ્લાટફોર્મ પર જતાં દરવાજાની બાજુ પર એક કાચની પેટી હોય છે તેમાં તે ટીકીટ નાખો ને પછી પ્લાટફોર્મ પર જાવો ને

તે ટીકીટ નાખે છે તે જોવા સારૂં એક માણસ જાથુક ત્યાં બેસી રેહે-છે. એથી કરી વખ્તનો બંચાવ ઘણો થાય છે ને લોકોની અગવડ પણ મટી જાય છે. જો દરેક જણની ટીકીટ ગાડીમાંથી ઊતરતી વખતે લીયે ને કયાં સ્ટેશનની છે તે તપાસે તો હજારો માણસ આવ જાવ કરે તેથી વખ્ત ઘણો નિકળી જાય પણ એકજ ભાવ રાખવાથી ટીકીટ બેસતી વખ્તેજ પેટીમાં નાખે એટલે પછી કીટકીટ ઓછી થાય છે. આગની ગાડી દર ત્રણ મીનીટે આવ્યા કરે છે અને તેમાં ચારેક ગાડીઓ જોડેલી હોય છે જેઓની વચમે ગેયાલરી હોવાથી તેમાં એક નાકેથી બીજે નાકે સુધી જવાઇ શકાય છે. દર બે ગાડીની વચમેની ગેલરીપર એક ગાર્ડ ઉભો રેહેછે જે સ્ટેશનો આવે છે ત્યારે તેનું નામ પોકારે છે અને લોક જેવું ઊતર્યું કે દોરી તાણી ઇનજીનવાળાને ચેતાવવાથી ગાડી ચલાવે છે. ગાડીમાં મઝેની બેઠકો ફરાગાતની ફેલેલી છે અને દરેક ટ્રેનમાં ૨૦૦ ઉતારૂઓ બેસી શકે છે. એવી ચાર જુદી જુદી કંપનીઓની લાઇનો જુદા જુદા લત્તાઓ તથા મોહોલાઓમાં ફરે છે અને તેમાં લખો માણસોની આવજાવ થાય છે. એ "એલીવેટેડ રેલવે"થી રસ્તાઓનો છોક બિગડી ગયો છે. કોઈ રેલવે રસ્તાની બેઉ બાજુપરથી અને કોઇ રસ્તાની વચેથી થાંભળાંઓ ઉપર બાંધેલી જેથી દુકાનવાળાઓને હવા તથા અજવાળાંની બાબદ અડચણ પડે છે અને રસ્તામાં નિચે ઉભા રહીને જોઇયે છીયે તો બધા થાંભળાઓ દેખાય છે. આગગાડીની હેઠાંણમાં ટ્રામની ગાડીઓ ચાલે છે. અને તેની આસપાસ ગાડી ઘોડા જવાના રસ્તાઓ છે અને વળી મોટા ફુટ પાથો છે તે જુદા.."એલીવેટેડ રેલવે"માંથી આપણે બેઠા બેઠા લોકોના ઘરોનાં પેહેલે માળના ઓરડાઓ સઘળું જોઇ શકીયે છીયે તેથી તે રેહેનારાઓ ઘણાંખરા બારીઓપર પરદા રાખે છે તોબી જેઓની બારી ઉઘાડી હોય છે તેઓના ઓરડાઓ અંદરથી બરાબર દીસે છે. અમો સેનટ્રલપાર્કમાં ગયા ને ત્યાં એ પાર્કને લગતી ઘોડાની ગાડીઓ ફરે છે તેમાં બેસીને બધા પાર્કમાં ફરી આવ્યા હતા. એ ગાડી મોટી બ્રેક (Brake) છે ને તેમાં ૧૨) જણા એક વખ્તે બેસી શકે છે

જેઓ પાસેથી બધે ફરી આવવાના ૨૫) સેંટ ભાડું લીયે છે. બેસતી વખ્તે એક ટીકીટ આપે છે જે ઉપર પાર્કમાંની જોવાલાયક જગ્યાનાં નામો લખેલાં હોય છે તેથી તમો જયાં ગમે ત્યાં ગાડીમાંથી ઉતરી તે જગ્યા જોવાને બીજી ગાડી આવે તેમાં પાછા તેજ ટીકીટથી બેસીને બીજી જગ્યાપર જાવો એમ જયાં સુધી બધી જગ્યાં જોવો ત્યાં સુધી ફરવાની છુટ છે, પણ એક વખ્ત બધે ફરી જયાંથી ઉપડયા ત્યાં પાછા આવો કે ટીકીટ લઇ મુકે છે. બેવડી વખ્ત એક જગ્યાપર નહીં જાવો તે સારૂં જયાં ઉતરવાની જગ્યા આવે છે ત્યાં એક માણુસ ઉભેલું હોય છે તે સઘળાંઓની ટીકીટપર તે જગ્યાનું નામ હોય છે તે ભાગ કાપી નાખે છે કે તરત માલમ પડે કે તે ટીકીટવાળો એ જગ્યાપર આવી ગયલો છે, પછી તમારે ગમે તો ત્યાં ઉતરો યા નહીં તે તમારી ખુશીપર રેહે છે. એવી ગાડીઓ દર પાંચ મીનીટે પાર્કમાં આખો વખત દોડયા કરે છે તેથી જોવા આવનારાઓને સવળ પડે છે.

આ સેનટ્રલ પાર્કની બાહેર બીજી ભાડુતી ગાડીવાલાઓ ઉભા રહે છે તેઓ અણુજાના શખ્સોને ચાર ડાલર લઇને પાર્કમાં ફેરવી લાવે છે અને જોવાલાયક જગ્યાપર ઉતારતા પણ નથી તેથી ઉપલી પાર્કની ગાડીમાંની સવળતા સસતી પડે છે. અમારી પાસે પણ ભાડુતી ગાડીવાળાએ ઉપલો ભાવ માગ્યો હતો, પણ અમો પાર્કની ગાડીમાં બેસવાના છીયે કરી કહ્યું ત્યારે ભાડાંનો ભાવ ઓસારીને ચારપરથી બે અને પછી એક ડાલરપર લાવ્યો હતો પણ અમો ગાઇડ બુકપરથી જાણુતા હતા કે એ ગાડી લીધામાં ફાયદો નથી તેથી ના પાડી પાર્કની ગાડીમાંજ બેસીને બધે ફરી આવ્યા હતા. એ પાર્ક ઘણો મોટો છે અને તે ૮૪૦ એકર જગ્યા રોકે છે. અને તેમાં પાંચ લાખ ઉપર મોટાં ઝાડો રોપીને તથા ઘાસનાં લોન્સો, ફુલના કયારાઓ, મોટા સરોવરો, પુલો, રોક વર્કસો, ગુફાઓ, ફુવારાઓ, પુતળાંઓ, આરબરો, (arbour) તેરેસીસીસો (Terraces) થી શણુગારીને ઘણોજ રળીયામણો બનાવેલો છે. લોકોને બેસવા સારૂં ૧૦૦૦૦ માણસો બેસે એટલી બેઠકો છુટી

છુટી કીધેલી છે. એની અંદર લંડનનાં હાઇડ પાર્કની માફક લોક ગાડી ઘોડા માં ફરવા નિકળે છે તે વખ્તે ગાડી ચલાવવાની જગ્યા મળતી નથી એટલી ગીરદી થાય છે એમાં નવ માઇલ જેટલા ૪૫ થી ૬૦ ફીટ પોહોળા રસ્તાઓ, ગાડી ઘોડાના રોટન રો દાખલના પાંચ માઇલના અને પગે ફરવા સારૂં ૨૮ માઈલના રસ્તાઓ ઝાડપાનોની વચમાંથી કીધેલા છે ને તે સઘળા ઘણી સારી હાલતમાં રાખેલા છે. જેઓને ઈહિંનાં પૈસાદાર લોક તથા સારા ગાડી ઘોડા જોવા હોય તો ઈહિં સાંજનાં ફરવા જવું જોઇયે. એ પાર્કમાં ૪૮ પુલો છે જેમાંના ૧૨ પુલો જાહેર રસ્તાની સાથે તેને જોડે છે જેઓની સરાસરી લંબાઇ દર પુલની ૧૧૯ ફીટની છે અને પોહોળાઇ ૪૦ ફીટની છે. એ પાર્કમાં મોલ (Mall) કરીને જગ્યા છે ત્યાં વાજું દર આતવારે વાગે છે. જીવતાં જાનવરોનો સંગ્રહ ઈહિં સારો કીધેલો છે તે ઉપરાંત રીફ્રેશમેન્ટના રેસ્ટરાંઓ પણ છે જેમાં "કેસીનો" કરીને છે તે સૌઉથી મોટું છે જેની અંદર પુતળાંઓ તથા ચીત્રો ગોઠવેલાં છે. અમો પાર્કની ગાડીમાં બેઠેલા ફરતા ફરતા "મ્યુઝીયમ ઓવ નેચરલ હીસ્ટરી"વાળી ઇમારત પર ઉતર્યા હતા. એની ઇમારત પાર્કની બહાર રસ્તાને બીજી બાજુપર આવેલી છે ને મજાની કુસાદે ચાર મજલાની રોણકદાર બાંધેલી છે તેમાં મુવેલાં જાનવરોનો સંગ્રહ ઘણો સારો કીધેલો છે, પણ અલબતાં લંડનનાં એવાં મ્યુઝીયમની બરાબર નહી આવે. એમાં થોડાંએક હમારાં નહીં જોવામાં આવેલાં જાનવરો જોવામાં આવ્યાં હતાં જેમાં બ્રાન્ઝ ધાતુના રંગની ઘણાં મોટાં કદની તરકી મેક્સીકોનાં જંગલમાંની હતી જેનાં પીછાં સોનાંની માફક રંગ બેરંગી રંગથી ચળકતાં હતાં પાર્ટરીડજો (Partridge) ઘણી જાતનાં હતાં તેમાં કોઈનાં માથાપર એક લાંબું સલી જેવું પીછ ઊભું ને ચાંચ તરફ ઊપરથી વળેલું, કોઇનાપર તેવાં બે પીછાં માથાંની બેઉ બાજુપર લાંબાં લટકતાં કોઇનાં ઉભાજ એવી રીતનાં હતાં. એક પંખેરૂ ઘણાજ સરસ લીલા ચલકતા રંગનુ હતું જેનાં માથાપરની તોપ તથા મોઢાં પરનાં પીછો એવાં તો હતાં કે તેની ચાંચ તથા મોઢું જાણે દીસેજ નહી. બર્ડ ઓવ પેરેડા-

ઇઝ જાનવર અત્યાર સુધી અમે એકજ જાતનું પીલાં બદનવાળું જોયું હતું પણ ઈહિં તો એક ડજન જુદી જુદી જાતનાં એ ખુબસુરત પંખેરાં હતાં. કોઇના રંગ તદન લીલા ને લાલ પાંખ ને પુછડું. સફેદ, કોઇનું ગોલાબી બદન, સફેદ પાંખ ને કાલું પુછડું એવા જુદા જુદા રંગના તથા માથાંપર તોપવાળાંબી હતાં. એઓના ખુબસુરત દેખાવની અમો તારીફ કરી શકતા નથી. કોઇ પંખેરાં જાણે કાલી ચળકતી મખમલનાં હોય તેવાં હતાં, કોઇ પતલાં સલી જેવાં લાંબાં પીછથી ભરી નાંખેલાં હોય તેવા તરેહ તરેહના આકારોથી વળેલાં પીછોનાં રંગીન હતાં. એક વાંદરો (Probosces Monkey) હતો તેનું નાક લણ ઇંચ લાંબુ, સીધું બાહાર નિકળેલું હતું. મોસ્ટોડન નામનાં અસલી વખતના રાક્ષસી જાનવરોનાં હાડપંજરબી જોવાલાયક રાખેલાં છે તેમાં હાથ્થીને મળતાં જાનવરોના દાંત તથા દાઢ બધાં અણીદાર હતાં કે જેથી તેઓ ઝાડની ડાંખલીઓ ભાંજી શકતાં એમ કહે છે. હમણાંના હાથીની દાઢ તો ચપતી સપાટ આવે છે તેથી મોસ્ટોડન દાંતના ફરકથી પરખાય છે. તેઓના આગલા દાંત સાત ફીટ જેટલા મોટા હતા. એ જાનવર ૧૮ ફીટ લંબાઇમાં ને ૮॥ ફીટ ઊંચાઇનું ઇહાં મુકેલું છે. એક હરણ (Sargu Antelope) નું નાક સુંઢનાં જેવું વાંકુ આસરે ૬ ઇંચ જેટલું નીચે વળી ગયલું હતું. એવાં બીજાં ઘણાં જોવા લાયક નવાં જાનવરો હતાં. એ જાનવરો ઉપરાંત ઇજીપશીયન તથા અમેરિકાના પીરૂવીયન તથા બીજા અસલી લોકોની મમીસો પણ ઘણી હતી તેમાં ઓરીગાન (Oregon) તરફનાં લોકોમાં માટી બઇએર તથા છોકરૂં મળી ત્રણ જણને એકજ કપડામાં લપેટી મમીસ બનાવેલાંના નમુનાઓ હતા. ઈજીપટની મમીસો હમેશાં દરેક જણની છુટી આવેછે પણ ઇહાંતો ત્રણ મુડદાંને સાથે મમીસ કીધેલાં હતાં. માછલીઓ, સાંપો તથા બીજાં જાનવરોનાં, જંગલી માણસોના (તેમાં અમેરિકાને લગતા ઇન્ડીયન્સોનો મોટો ભાગ) ને લગતા પેહેરવાસો, હથિયારો, કેનોસો (બોટો), તેઓનાં દેવોનાં પુતળાંઓ અસલનાં દટાયલાં લોકોની ઘોરોમાંથી મળેલા સોના રૂપાંના વાસણો,

તથા જણુસો, મોઢાંપર પેહેરવાના મુરખાઓ (Masks) ઇત્યાદીનો, રોમન તથા ગ્રીક વખ્તનાં વાસણો, અસલના પથરનાં હથિયારોનો સંગ્રહ સારો કીધેલો હતો. એ મ્યુઝીયમપર વરસ દહાડે ૨૫૦૦૦ ડાલરનો ખરચ છે જેમાં ૧૫૦૦૦ સરકાર આપેછે બાકી ઊઘરાણામાંથી. તથા મેમબરોની ફીમાંથી પુરા કરેછે. એ સઘળું જોઇને પાર્કની ગાડીમાં પાછા બેસીને કેસીનોમાં ગયા હતા, ત્યાં રીફ્રેશમેન્ટ લઇને પછી પાછા બીજી ગાડીમાં બેસીને મ્યુઝીયમ ઓવ આર્ટ જે એ પાર્કની અંદરજ છે તે જોવા ઉતર્યા હતા. એને મેટ્રોપોલીટન મ્યુઝીયમ ઓવ આર્ટ કેહે છે. એની ઇમારતબી ઘણી સારી છે અને તે પર સરકારે પાંચ લાખ ડાલર (૧૫૦૦૦૦૦ લાખ રૂપીયા) ખરચ્યા છે. એ સને ૧૮૬૯ માં પેહેલી ઉભી કીધી છે તેથી જો કે પોતાના બચપણમાં છે તોબી સંગ્રહ ઘણો સારો પુતળાંઓ તથા ચીત્રો તથા આર્ટને લગતી બનાવટોનો હમણાનો તથા અસલી વખ્તનાનો કીધેલો છે. એમાં આપણા ઇરાંનને લગતાં પુરાતમ કોતરકામો તથા તખ્તીઓબી રાખેલી છે. મ્યુઝીયમનો મોટો ભાગ સાઇપ્રસ (Cyprus) ની અસલી ચીજોને લગતો છે જે યુનાઇટેડ સ્ટેટસનો ત્યાંનો એલચી જનરલ ડી કેસનોલા (de Cesnola) ત્યાં હતો ત્યારે જમીનો તથા ઘરો ખોદીને કીધો હતો અને ૩૦૦૦૦ જણુસો ત્યાંથી ઇહાં લાવી પોતે આપી દીધી છે. એમાં અસલી બીલોરકામ, સોના રૂપાની જણુસો, વાસીસો, કુંજાઓ, બરણીઓ ઈત્યાદી ચીજો જમીનમાંથી દટાયલી યા ઘોરોમાં મુકેલી ખણી કાહડેલી મુકી છે. એ ઊપરાંત અસલી અમેરિકાના રેહેવાસીઓને લગતી તથા યુરોપ અને અમેરિકાની બનાવતોનો સંગ્રહ સારો કીધેલો છે. ચીત્રો પણ અમેરિકન તથા યુરોપીયન ચીતારાઓને હાથના પાંચ સાત ઓરડાઓ ભરીને સંગ્રહ કીધેલો છે, તેમાંના કોઇ કોઈ ઘણા જોવા લાયક છે. એ સઘળું જોઇને પાર્કની ગાડીમાં પાછા બેસીને અસલ જ્યાંથી નીકળ્યા હતા ત્યાં આવ્યા હતા. સાંજનાં ન્યુયોર્કની સામે (Staten Island) સ્ટેટન આયલંડ કરીને બારાંની પેલીગમ ટાપુ છે ત્યાં સ્ટીમરમાં બેસીને ગયા હતા જ્યાં રાતના (Fall of

Babylon) "બેબીલોન શેહેરનું જીતવું" એવો નાટક તથા દેખાવ બતાવેલો જોયો હતો. એ નાટક સારૂ ખુલ્લાં મેદાનમાં મોટો ગંજાવર તખ્તો આસરે ૪૦૦ ફીટની પોહોળાઇનો કીધેલો છે અને તે ઉપર લાકડાંની બનાવતનું બેબીલોન શેહેર પાડેલું છે, જેમાં અસલનાં એ વખણાયલાં શેહેરનાં દેહેડાંઓ, મીનારાઓ, મેહેલો તથા હેંગીંગ ગાર્ડન્સોનો દેખાવ ઘણો સરસ કીધો હતો. એ શેહેર આપણા ઇરાનના અસલી રાજા સાઈરસે જીત્યું હતું, તે બધી વિગત કરી બતાવી હતી જે સારૂ લશ્કર તથા રહેવાસીઓ દાખલ ૧૦૦૦ માણસ તે તખ્તા ઉપર નાટક ભજી બતાવતું હતું અને બેલેટ થયો હતો તે આખા તખ્તતાની પોહોળાઇ સુધીનો નાચ કરતી ઓરત તથા મરદોથી ભરી નાખયો હતો અને તેઓનો પોશાક તરેહવાર ચઢ ઉતર રંગનો હોવાથી તેઓ નાચતી વખ્તે એકએકમાં ભેલાઇ જઈ જુદી જુદી ધપ અને આકારોમાં ઉભા રહેવાથી દેખાવ ઘણો સારો લાગતો હતો. અમેરિકનો બધું ગંજાવર કરે છે, અને બોલે છે તેમ આએ બેલેટ પણ ગંજાવર હતો. એટલો મોટો નાટકનો તખ્તો તથા નાચનારા બીજે કેથે અમે જોયા નથી. એ લોકોનાં કપડાંઓપર ફકત એક લાખ અને બીજી બધી બનાવત તથા પરદાઓપર મળીને પાંચ લાખ ડાલર (યાને ૧૫ લાખ રૂપિયા) નો ખરચ કીધો છે, એમ તેનો ધણી છપાવે છે અને થયોબી હોયં તેમાં નવાઇ નથી, અને એવા ખરચનો બદલોબી સારો વલતો હશે કારણકે રવીવાર સિવાય દરરોજ એનો એજ નાટક આજે મહિનાઓ થયા ચાલુ છે તોબી આજે ઓછાંમાં ઓછા ૧૦૦૦૦ ઊપર જોનારાંઓ હાજર હતાં, અને ટીકીટની ૦॥। ડાલરની કિંમત છે તે મુજબ ૭૫૦૦ ડાલરની આવક રોજ એના ધણીને થતી હશે. છેલ્લે સાઈરસે શેહેર જીત્યું ત્યારે તેમાં આગ લાગી હતી તેનો દેખાવ ઘણો અછો કરી બતાવ્યો હતો, તેમાં અંદર મોટાં બળતાંઓ તથા બપોરીયાઓ કરીને જાણે ખરેખર આગ લાગી હોય તેમ કીધું હતું, અને ઘરો બળીને પડી જતાં હોય અને થાંભળાઓ તથા દેવાળ ઉભી રહે તેમ સઘળો દેખાવ આબેહુબ કીધો હતો અને સઘળી રીતે તે

જોવા લાયક હતું. અમો તે જોઇને ૧૦ વાગે પાછા સ્ટીમરમાં નિકળ્યા હતા તે વખ્તે એ ટાપુની સામેની બાજુપર મેનહેટન તથા બ્રાઇટન-વાળી હવા ખાવાની જગ્યાનો દેખાવ તેની ઊપરની વગર ગણત્રીની રોશણીથી ઘણો જોવા લાયક લાગતો હતો, અને જાણે એક મોટાં શેહેરમાં રોશણી કીધી હોય તેવું તેના ત્રણ માઇલના બતીથી ભરી નાખેલા કિનારાથી લાગતું હતું.

તા૦ ૯ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે બપોર સુધી ન્યુયોર્ક શેહેરના જુદા જુદા મોહોલાઓમાં ફર્યા હતા. એ શેહેર એક ટાંપુ જેવુંછે, તેની બે બાજુપર ઊગમને ઇસ્ટ રીવર તથા આઠમણે હડસન રીવર અને દક્ષિણે દરિયાનો અખાત (Bay) આવેલોછે તે લંબાઇમાં ઘણામાંઘણું ૧૬ માઈલ અને પોહોળાઇમાં ઘણામાંઘણું ૪ા માઇલ છે પણ ઘણી ગમથી સાંકડું થયું છે. એના બધા મળી ૪૧ાા ચોરસમાઇલ જગ્યા યાને ૨૬૫૦૦ એકર છે. આટલું નાનું છતાં એની વસ્તી હમણા નજદીક ૧૫ લાખ માણસોની કેહેવાય છે, અને જો નદીને બીજે કાંઠેની વસ્તીઓ બ્રુકલીન તથા જરસી શેહેરોની તથા પરાંઓની ગણીયે તો ૨૫ થી ૩૦ લાખની ગણી શકાય એવી મોટી વસ્તી એ શેહેરની છે. જગ્યા ઘણી થોડી હોવાથી ઘરો ઘણા મજલાનાં ઊંચા બાંધવા પડે છે, કોઈ કોઇ જગ્યાનાં ઘરો તો બાર માલ સુધીનાં છે. ન્યુયોર્કનું અસલ શેહેર (ઇંગ્રેજોના હાથમાં હતું તે વખ્તે) નદીની તરફથી વસેલું હતું તેથી તેના મોહોલા આડા અટાડા તથા નામ સાથના છે. ત્યાર પછી પ્રજાસ્તાક રાજ થયું તે વખતથી મોહોલાઓનાં નામ આપ્યાં નથી પણ નંબરો કીધાં છે ને મોહોલાઓ સરખા વેંહેંચીને બાંધ્યા છે. ઉતરથી દક્ષિણ સુધીના સલંગ મોહોલાઓને (Avenues) એવીન્યુસ કરી કહે છે તેવા ૧૨) એવીન્યુસો લંબાઈમાં છે. આઠમણ અને ઉગમણની વચમાં ઉભા યાને એવીન્યુસોથી આડા મોહોલાઓ ટપે ટપે કીધા છે તેને (Street) મોહોલાના નામથી ઓળખે છે. હવે કોઇનું ઘર શો-

ધવું હોય તો વિચારો કે અમારૂં હોટલ જે પાંચમાં એવીન્યુ અને પચીશમાં આઠમણ બાજુના મોહોલામાં છે તે પ્રમાણે પાંચમાં એવીન્યુવાળા રસ્તાપર ચાલ્યા કે બટીના ફાણુસો ઊપર નંબરો મારેલાં હોય છે તેથી જ્યારે ૨૫) માં મોહોલાપર આવ્યા કે આઠમણ બાજુપર વળ્યા કે હોટલવાળો મોહોલો આવે છે પછી ઘરોનાં નંબર મુજબ તે શોધી કાહાડવું સેહેલ પડે છે. એ બધા મોહોલાઓમાં સૌથી સરસ અને મોટો મોહોલો બ્રાડવે (Broadway) કરીને છે જે. સાઉઠ ઇસ્ટથી નોર્ઠ વેસ્ટ તરફ બધાં એવીન્યુસોને આડકટરો કાપતો જાય છે. એ ઉપર મુજબ ઉતરથી દક્ષિણ સુધીના લાંબા એવીન્યુસો ૧૨ છે અને ઊગમણથી આઠમણ સુધીના મોહોલાઓ ઘણા છે. અમો એ ૧૪૦ નંબર સુધી સાંભળ્યા છે પણ તેથીબી વધારે હશે તે અમને ખબર નથી. એ નવા શેહેરની આસપાસ જુના શેહેરના ભાગો નદી કિનારે આવેલા છે તેઓને જુની દુનિયાના ભાગની માફક નામો આપેલાં અસલનાં છે તેજ રહેવા દીધાં છે. ઇહાંની ઇમારતો ઘણી ખરી મોટી અને ઊંચી છે અને તેમાં ટપ્પે ટપ્પે વારા ફરતી ઘણી ગંજાવર ઇમારતો આખા મોહોલા જેટલી મોટીબી છે અને જુદી જુદી ઢપની મજેની બાંધેલી છે. આવાં ગંજાવર ઘરો બીજાં કોઇ પણ શેહેરમાં (લંડન સિવાય) આટલા જથ્થામાં હશે નહી. ઘરોની બાંધણીમાં આગળા ભાગપર માળો સુધાં થાંભળા દેખંઇતા જાત જાતની ઢપના રાખ્યા છે અને તેઓની વચમાં બારીઓ આખા કાચની તથા કોઇ કોઈ ઘરની તેવી બારીઓને ફરતી ફુલની યાં બીજી તરેહની નકશી તથા બાહારથી લટકતી બારીઓ આગળ નાની લોખંડની એસરીઓ હોવાથી ઘરો ઘણાં શોભે છે. ઇહાંની કોઇ કોઈ ઇમારતો એવી મોટી છે કે તેમાં (જેમ કે સાઇરસ ફીલ્ડ નામની ઇમારતમાં) બે હજાર હારીસો રહે છે અને ભાડાંઓ પણ અમે આગળ પાંચમા એવીન્યુ હોટલ વિષે લખ્યું છે તેમ ઘણા મોટાં તેવી ઇમારતોનાં ઊપજે છે. ઉપલી સાઇરસ ફીલ્ડ ઇમારતના બાર માળ છે, અને દુરથી જાણે ગંજાવર કિલ્લો ઉઠાવ્યો હોય તેવી લાગે. છે. કોઇ કોઈ ઈ-



બ્રોડવે—ન્યૂ યાર્ક.

મારતો (તેમાં વીમાની કુંપનીઓની ખસુસને) સંગેમરમરની ચાર પાંચ માળની બાંધેલી છે જેનો દેખાવ રાતનાં રોશણીની વખતે બાહારથી ઘણો સરસ લાગે છે. એવાં ઊંચાં ઘરોપર આગની વખતે નાસી જવા સારૂં બધા માળોની બારીપરથી એક લાંબી સાંકડી લોખંડની સીડીઓ ઉપરથી હેડે સુધીની રાખે છે કે આગની વખતે છેક ઉપરના માળોપર રહેનારાઓ જો નીચેના માળો પર આગ લાગી હોય અને દાદારોપરથી નીચે અવાઇ નહી શકાય તો તે રસ્તે રસ્તાપર ઉતરી જાય. એવી સીડીઓ છેક ઘરમાં મથાળેથી પેહેલા માળ સુધી જડી લીયે છે બાકીની વાલીને ઉપરજ રાખે છે જે ગરજની વખતે નીચે ઉતારી દે છે. ઊપર રાખવાનું કારણ અમો ધારીયે છીયે કે ચોરોને બાહારથી માળપર જવાનું સવલ નહીં. પડે અને વળી રસ્તાના રાહાદારીઓનેબી અડચણ થાય નહીં. ઇંહાંની ઇમારતોનો મોટો ભાગ ઇંટ તથા ચુનાની બાંધણીનો છે જેઓની ઇંટની સાંધમાં સીમેંટ ભરીને બાહારથી ઇંટ દેખાઇતી વગર કફલાતે રાખે છે તેથી ઘરોનો દેખાવ લાલ દીસે છે. એ ઇંટોની એક બાજુ બનાવતી વખતેજ સફાઇ રાખે છે જે બાહારના દીસતા દેખાવના ભાગમાં મુકવાથી સફાઈદાર દેવાલો દેખાય છે અને કફલાતનો ખરચ બચી જાય છે. વળી બીજી ઘણી ઈમારતો જેમાંનો મોટો ભાગ ગંજાવર ઇમારતોનો છે તે ગ્રેનાઇટના સફેદ યા જરા પીળા રંગના પથ્થરની છે જે સારી શોભે છે અને આસરે એકસો ઇમારતો સંગેમરમરના પથ્થરની બાંધેલીઓ હશે. ઘરોના ભાડાંઓ બીજી સઘળી ચીજોની માફક ઇહાં ઘણાં મોઘાં છે તેથી આખા ઘરોમાં સારા મોહોલાઓમાં પૈસાદાર લોકોને પણ રહેવાનું પરવડતું નથી. હમણા જે ઘરો બંધાય છે તેના માળો એવી રીતે બાંધે છે કે દર માળપર એક કુટુંબ વગર અડચણે જાણે અલાહેદું રહેતું હોય તેમ રહી શકે છે. એવાં માળોપરના એક કુટુંબના ઓરડાઓનું ભાડું ઓછામાં ઓછું વરસ દહાડે ડાલર ૬૦૦ (આજના વટાવ મુજબ ૨૧૮૦૦) ને કોઇ કોઇના ૭૦૦૦ ડાલર યાને ૨૨૧૦૦૦ સુધી લે છે. ઘણા સરસ મોહોલાઓના ઘરના ભાગો ૧૦૦૦

ડાલરની હેઠે મળી શકતા નથી. એ ઓરડાઓમાં એક સુવાનો તથા ડ્રેસીંગરૂમ ઉપ્રાંત એક અલાહેદો નાનો હાલ મળે છે જ્યાં પોતાના પરોણાઓને મળી શકે છે. ઘણા મોટા ભાડાંવાળા ઓરડાઓ ઘણા સરસ શણગારેલા રાખે છે તેવા ઘરોમાં ઘરધણીને હસાબે એલીવેટરો (elevators) માલ ઉપર લાવ લઈજાવ કરવા રાખે છે અને આવનાર પુરૂશને જવાબ આપવા સારૂં એક માણુસ પણ રાખે છે જે મળવા આવનાર ધણીનાં નામો એક નલીથી જેને મળવા આવ્યા હોય તેને જણાવે છે ને પેલાને અંદર દાખલ કરી એલીવેટરથી જે માળપર મોકલાવાનો હોય છે ત્યાં ઉતારે છે કે ઓરડા રાખનાર ધણી અંદર બેઠો બેઠો એક ચાંપ દાબે છે કે બાહારનું તેનું બારણું પોતાની મેળે ઊઘડી પેલા પરોણાને અંદર દાખલ કરે છે જેથી બારણું ઊઘાડનાર માણુસોનો બંચાવ થાય છે. એ ઓરડાઓમાં રહેનારાઓ ઘરમાં રાંધી ખાતા નથી પણ રેસટરાંઓમાં ખાય છે જે કારણને લીધે ઇહાં રેસટરાંઓ ઉભાઇ જાય છે અને દરેક મોહોલામાં દશ પંદર રેસટરાંઓ હોએ છે. ન્યુયાર્ક શેહેરમાં છેલી ગણત્રી મુજબ ૧૦૧૭૩૫ નાનાં મોટાં ઘરો, વખારો, આપીસો ઈત્યાદી મળીને છે જેમાં લોકોને રહેવા દાખલ ૭૭૨૩૫ આપીસો અને વેપારને લગતાં ૨૪૫૦૦ ઘરો છે જેમાંનાં ૮૨૫૧ ઘરો ચાર માળની ઊપરનાં છે. એ બધાં ઘરોમાં ૩૦૪૯૮ ઘરોમાં એક એક કુટુંબ અને ૯૮૭૮ ઘરોમાં એકથી વધુ કુટુંબ રહે છે. ૧૬૯૫૭ કુટુંબો એક એક છુટા માળ ઉપર અને ૧૯૯૦૯ એક માળપર એકથી વધારે કુટુંબો રહે છે. એ બધી ઇમારતોની તપાસ સારૂં આગનું ખાતું રાખેલું છે તે ઉપર વરસ દહાડે સતર લાખ ડાલર ખરચ બેસે છે તે સારૂં ૮૪ સ્ટીમ ફ્રાયર એનજીનો, બે તરતાં એનજીનો, અને ૭૧ ગાડી નલીઓ સારૂં રાખેલી છે અને ૧૧૩૯ માણુસોને તે સારૂં જાયુક પગારદાર રાખી મુકે છે તથા ૭૩ છુટાં છુટાં ઘરો જુદા જુદા લતાઓપર એ બુંબાઓ રાખવા રાખેલાં છે. એ બધા ઊપર ત્રણ સુપરીનટેનડંટસો ૫૦૦૦ ડાલરના વરસાણુના રાખેલા છે. આટલી તપાસ છતાંબી આગોથી ઘણું મોટું નુકશાન થાય છે. સને ૧૮૮૫ ના સાલમાં આએ શેહે-

રમાં ૨૪૭૯ આગો લાગી હતી અને તેથી ૩૮ લાખ ડાલરનું નુકશાન થયું હતું. આએ શેહેરનાં ઘરો તથા મોહોલાઓ મોટા અને કુસાદે છે તોપણ તેના રસ્તાઓ ઘણુંજ ખરાબ હાલતમાં રાખેલા છે એવા ખરાબ રસ્તા અમે મોટાં શેહેરોમાં બીજે કંયે જોયા નથી. રસ્તાઓ પથ્થરથી મઢી લીધા છે પણ તેઓની અડોઅડ સાંધ મેળવીને નહીં કીધાથી તેઓની વચમાંનું સીમેંટ યા મટોડું ધોવાઇ ગયું છે તેથી પથરા છુટા છુટા થઇને વચમાં ખાંચા પડી ગયા છે, અને વળી કેટલી ગમતો મોટા ખાડાઓ પણ પડયા છે જે ઉપર અમોને પગે ચાલવાની અડચણ ઘણી પડે છે અને જોયા વગર ચાલીયે તો પગ ખચીત જોખમાયા વગર રહે નહીં ને પંહાંના ગાડી ઘોડાઓ કેમ ચાલતા હશે તે સમજી શકતા નથી.

વળી રસ્તાઓ આવા ખરાબ (સૌથી સરસ મોહોલાના રસ્તાબી એવાજ છે,) અને તેમાં વળી એલીવેટેડ રેલવેના થામળાઓ તથા ટ્રામ ગાડીના પાતાઓથી બહુ અડચણ થવી જોઇએ. રસ્તાઓ ઘણુંખરા વધારે પોહોળા છે, તેમાં બેઊ બાજુપર ઘરોની અથોઅથ મોટી પગથીઓ મજેની સફાઇદાર રસ્તાની રાખી છે. (જે ઊપર માણસોને ચાલવાને સવલ પડે છે, અને કશી અડચણ થતી નથી) તે પગથીઓની વ્રચમાંના રસ્તાપર ચાર પાતા ટ્રામ કારના નાખેલાછે અને ગાડી ઘોડા તે પાટા તથા પગથીની વચમાંના સાંકડા રસ્તાપર ચલાવે છે. એલીવેટેડ રેલવે પેહેલા વરગના મોહોલાઓમાં દોડવા દેતા નથી, અને જો બાંધવા માગે તો રેહેનારાઓ સામા થઇ વગ પોંહોંચાડી અટકાવે છે. આજે બપોરનાં બ્રુકલીનનો વખણાયલો પુલ જોવા ગયા હતા. એ પુલ ઝુલતો છે, અને ન્યુયોર્ક અને બ્રુકલીન શેહેરાની વચમાં ઇશતરીવર નદીની ઊપર બાંધેલો છે. એવો ઝુલતો મોટો પુલ દુનિયામાં બીજે કંયે નથી એમ કહે છે. તે બાંધવાનો સને ૧૮૭૦ માં શરૂ કીધો હતો, અને ૨૪ મી સપટેમ્બર ૧૮૮૩ ને દીને ખુલ્લો મેળ્યો હતો. એને ત્રણ ભાગમાં વેહેંચી નાખ્યો છે, તેના પેહેલા ભાગના બે છેડા મોહોલાઓના ઘરોની ઉપર થઇને કિનારાઓના રસ્તાઓપર આવેલા

છે. ત્યાંથી ઊંચો થતો ઢળાવ કરીને નદીને એજ કાંઠે મોટા પાયા નાખીને બીજો ભાગ તેની ઉપર ઢળાવનોજ કીધો છે, જે છેક નદીની અધવચ સુધી જાય છે. જ્યાં બે ઊંચા મીનારાઓ બાંધેલા છે, જેઓની વચમાં ત્રીજો ભાગ આવેલો છે. એ મુજબ છ ટેકાઓ ઉપર એ પુલ બધો મળીને બાંધેલો છે, એમાંનો વચલો ઝુલતો ભાગ એજ મીનારાઓની વચમાં ૧૫૯૫ ફીટ લાંબો કાંઇબી ટેકા વગરનો રાખેલો છે જે તે ૧૩૫ ફીટ ભરતીનાં પાણીથી ઊંચો હોવાને લીધે ગમે તેવી મોટી સ્ટીમરો તેની હેથાનમાંથી જઈ શકે છે. એ પુલ ૮૫ ફીટ પોહોળો છે જેમાં બે રસ્તા એ પુલપર દોડતી રેલવે સારૂ, બે રસ્તા તેની આસપાસ ગાડી ઘોડા સારૂ અને ૧૩ ફીટનો એક રસ્તો રાહદારીઓને વાસ્તે કીધેલો છે. એ પુલ ૧૫॥ ઇંચ જાડા લોખંડના તાર ઊપર લટકે છે જે તારના છેડાઓ પેલા છ ટેકાઓ સાથે જોડાયલા છે અને એક નાંકેથી ઢેળાવની માફક બીજા ટેકા સુધી તેઓ ઊંચાઇએ જેમ પુલ ઊંચો થતો જાયછે તેમ જાય છે જેની ઉપર લોખંડના સળિયાઓ લટકટા જડીને તેઓની વચમે લોખંડના બીમો મુકી તેની ઉપર પુલનો રસ્તો બાંધ્યો છે. પુલ ઊંચો કરવા સારૂ વચમાના બે પુસ્તાઓ જે કીધા છે તે એક ગમથી ૪૫ ફીટ ને બીજી ગમથી ૭૮ ફીટ પાણીની સપાતીથી નીચે સુધી બાંધેલા છે. એ પુસ્તાની ઉપરના મીનારાઓ જે ઊપર પુલનો વચલો અને સૌથી ઉંચો ભાગ લટકે છે તે પાણીની સપાતીથી ૨૭૨ ફીટ ઊંચા કીધા છે કે પેલું તારનું જાડુ દોરડું તેની ઉપરથી બરાબર ઢલાવ લઈને પુલને તે પર ઝુલતો રાખી શકે. એ મીનારાનો પાયો દરેક ૧૪૦×૫૦ લંબાઈ પોહોળાઇમાં કીધેલો છે ને છેક મથાળે જતાં તેઓ ૧૨૦×૪૦ ના થાય છે એ લોખંડના તારોની લંબાઇ જુમલે ૩૫૭૨ ફીટની છે ને તેઓ ૧૨૨૦૦ ટનનો વજન ખમી શકે તેવા મજબુત કીધા છે એ તારનો વજન દર ફુટે ૧૨ રતલ જેટલો છે. એ તાર સારૂં ૫૨૯૬ નાના તારોનો જુમખો કરી સીધાને સીધા સાથે મેળવી લઇ તેઓ ઊપર લોખંડનું પડ સીસીનડરનાં જેવું કરી લીધું છે. તારોને દોરડાંની માફક જેમ બીજી

ગમ ગુંઠી લીએ છે તેમ ઇંહાં કીધું નથી. એ પુલ બાંધવા ઉપર ૧,૭૦,૦૦,૦૦૦ ડાલર યાને નજદીક ૫ કરોડ રૂપિયા બેઠા હતા. એની ઉપરથી બ્રુકલીન શેહેર પર જવા સારૂ લોકોની આવજાવ ઘણીજ મોટી છે, જે સારૂં એક બ્રુકલીન બ્રીડજ રેલવે બાંધેલી છે જેને એનજીનો બેઉ નાકેથી તારની મારફતે લાવલઇજાવ કરે છે. એ પર જવાની ફી દર માણસ દીઠ પાંચ સેંટ રાખી હતી તે મુજબ ઉઘડયા પછી આઠ મહિનામાં તેપન લાખ માણસોએ આવજાવ કીધી તેના ડાલર ૨,૬૬૦૦૦ ઉપજ્યા હતા. પણ તા૦ ૧ લી માર્ચ ૧૮૮૫થી એ ભાવ ઓસારી ત્રણ સેંટનો હમણા સુધી રાખેલો છે અને રોજ ૫૦૦૦૦ માણસો તેમાં આવજાવ કરે છે. પગે ચાલી જનાર માણસો પાસેથી એક સેંટનો દર અને નાના પેકેજ દીઠ ૧/૫ સેંટનો ભાવ હમણા રાખેલો છે. એ પુલ જોઇને નદીને પેલે કાંઠેના બ્રુકલીન શેહેરમાં ફર્યા હતા. એ શેહેરબી ઘણું મોટું છે અને તેમાં સાત લાખ માણસોની વસ્તી. છે અને ઘરો જોકે મોટાં અને સારાં છે, તોબી ન્યુયોર્કવાળાં ઘેરોને પુગે નહીં. એ શેહેરની ગોદી ઘણી મોટી છે તે ૪૦ એકર જગ્યા પાણીમાં રોકે છે અને ૨૫ ફીટ પાણી તેમાં ઉંડું રહે છે, તેમાં ૫૦૦ વાહાંણો એકી વખ્તે રહી શકે છે તેનો ડનકો બે માઇલની લંબાઇ જેટલો જુમલે છે. એ ગોદીની આજુબાજુ મોટી બે થી પાંચ માળની વખારો બાંધેલી છે જેઓ ૨ એકર જેટલી જગ્યાં રોકે છે અને તેમાં અનાજ વાહાંણોમાંથી લાવી ભરવા સારૂં નવ સ્ટીમ ગ્રેન એલીવેટરો રાખેલાં છે, જેમાંનો સૌથી મોટો ૩૦૦૦ બુશલ અનાજ એક કલાકમાં વખારમાં લઈ જઈ શકે છે. એ ગોદી (Atlantic Docks) એટલાન્ટીક ડાકસને નામે ઓળખાય છે. એ ઉપરાંત બીજી નાની ગોદીઓ (Docks) ત્યાં થોડીએક જુદી છે. બ્રુકલીન શેહેરથી જેટલો અનાજ બહાર દેશાવરો ખાતે જાય છે તેટલો અનાજ દુનિયાનાં કોઇબી બારાંમાંથી જતો હશે નહીં એમ સંભળાય છે. એ શેહેરનો ટાઉનહાલ (જેને ઇંહાં (City Hall કહે છે) બાંધવામાં ૫૫૦૦૦૦ ડાલર બેઠા છે તે ઘણો મોટો

અને સરસ છે. એક મ્યુઝીકહાલની ઇમારત બે લાખ ડાલરની બાંધેલી છે. એ પ્રમાણે થોડીએક સારી અને મોટી ઇમારતો માં આવેલી છે. એ શેહેર જોઇને પછી અમો આગગાડીમાં બેસીને રોકવેબીચ (Rochway Beach) કરીને હવા ખાવાની જગ્યા આસરે ન્યુયોર્કથી વીશ માઇલ દુર છે ત્યાં ગયા હતા. ઇહાંબી હજારો લોક ગરમીના દિવસોપર દરિયે કિનારે લોંગ આયલંડ પર આવ્યાથી જાય છે, અને તે સારૂં ઘણા હોટલો ત્યાં બાંધેલાં છે તથા તરવાની જગ્યાં પણ ઘણી છે. એ જગ્યા થોડા વરસ ઊપર વેરાંન પડેલી હતી તે કોઇએ ઘણી સસતી (સાંભળવા મુજબ ૨૦૦ ડાલરે) પડાવી લીધી હતી અને પછી તેને સુધારી છે અને હમણા તેની કંપની રોકવેબીચ ઈમપ્રુવમેંટ કંપનીને નામે કીધી છે અને ત્યાં લાકડાંના પીઅરો અને રસ્તાઓ બાંધી હોટલો રેસટરાંટો ઇત્યાદી કીધું છે. એ કંપનીએ એક ઘણું મોટું હોટલ થોડે દુરથી બાધ્યું છે જેનો મુખડો દરિયાની સામેનો ૧૧૪૦ ફીટનો યાને નજદીક ૦‌। માઈલનો છે, અને પાછળનો ભાગ E ના જેવો કીધો છે તે ૩૦૦ ફીટ ઊંડાઇમાં છે તે પર ૮ માળ કીધેલા છે જે પર જવા ૪ એલીવેટરો કીધેલાં છે. એ આઠમો માળ એક ટાવર પર છે જે ૧૫૩ ફીટ સુધીની ઊંચાઈમાં છે તેમાં બધા મળીને ૧૨૦૦ ઓરડાઓ છે તેના ડાઇનીંગ રૂમની શીલીંગની ઊંચાઇ ૨૬ ફીટની છે અને તેમાં ૬૦૦૦ માણસો એકી વખ્તે જમી શકે તેવું છે. એ હોટલને લગતી ૨૦૦૦ એકર જમીન આસપાસ રોકી રાખી છે. જો કે એ બંધાઇને તૈયાર થયલું છે પણ કંપની પાસે આવા મોટા ખરચો કીધાથી પૈસા ઘટી ગયાથી જોઇતો તેમાં સરસામાન લાવી શક્યા નથી તેથી કોઇબી દિવસે હજી તે વાપરવામાં આવ્યું નથી. એવું મોટું હોટલ અમો નથી ધારતા કે દુનિયામાં બીજે કેથે હોય. એ રોક-વે-બીચ ઉઘાડયા પછી મેનહેટન તથા બ્રાઇટન તથા બીજી હવા ખાવાની જગ્યાઓ ન્યુયોર્કની નજદીક ઊઘડવાથી તે પડી ભાગું છે અને તેથી કંપની ખરાબ હાલતમાં આવી ગઇ છે. અમોને ત્યાં જવાનું કારણ એ હતું કે (Rook way beach) ઉપર એક અંગ્રે-

રિકન બલુનમાં ૫૦૦૦ ફીટ સુધી ઊંચે આસમાન તરફ ઉડીને પછી તેમાંથી એક કપડાંની છત્રી (Parachute) ને આધારે તેમાંથી કુદકો મારી જમીન પર આવશે એવું છપાવેલું હતું તે જોવાનું હતું.

એ જગ્યા લોંગ આયલંડપર બીજી હવા ખાવાની જગ્યાઓની માફક આવેલી છે. અમો ત્યાં જરા આગલથી ગયા હતા અને આસપાસ ફરીન જોયું હતું. સાંજના પાંચ વાગેને પેલો અમેરિકન બલુનમાં બેસીને હવાપર ઊડયો હતો. પેહેલાં બલુનને દોરડાંએ બાંધી રાખ્યું હતું, પણ જ્યારે બસોએક ફીટ ઉપર ગયો ત્યારે પોતે એક છરીથી દોરડાંનો પોતાની તરફનો છેડો કાપી નાખ્યો કે બલુન જે મજાનું મોટું હતું તે સપાટાબંધ તેને લઇને ઉપર ઉડી ગયું અને જ્યારે ઘણું ઉપર ગયું (ઓછામાં ઓછું બે કે ત્રણ હજાર ફીટ તો હશેજ) ત્યારે એ બલુનની સાથે પેલી કપડાંની છત્રી જે એક તંબુનું કપડું તૈયાર આવે છે તેવી રીતની સીવેલી તંબુ જેટલીજ મોટી વગર દાંડાની હતી, તેને તંબુના જેમ દોરડાં બાંધેલાં આવે છે તેમ દોરીઓ ફરતી છુટી છુટી બાંધી તે દોરીના છેડાઓ એક કડાં સાથે બાંધેલા હતા, તે કડાંને પોતે વળગીને (છતરીનું મથાળું એક ઘણીજ નાજુક રસીથી બલુન સાથે લટકાવી રાખેલું હતુ) બલુનમાંથી કુડકો માર્યો કે પેલી છત્રી બલુનથી તુટીને છુટી થઇને પછી તેના કપડામાં હવા પોતાની મેજે જેમ પેલો ઘણી નીચે આવતો ગયો તેમ ભરાઇને છત્રી તદન ખુલી આપણે વાપરીયે છીયે તેમ છત્રીની માફક આબાદ થઇ હતી પણ છત્રીના દાંડાને બદલે પેલી રસીઓથી બાંધેલું પેલું કડું તેની હેઠલ દીસતું હતું, જે ઉપર પેલો શખ્સ હાથથી ટંગાઇ રહ્યો હતો. છત્રીમાં પવન ભરાવાની આગમજ તે ઘણી જરા જોરમાં જમીનં તરફ નીચે આવવા માડયો પણ તરત પવન ભરાઇને છત્રી ઉઘડી કે આસ્તે આસ્તે પવનના અટકાવથી નીચે આવતો ગયો હતો ને બધું મલીને જયારથી બલુનમાં ઉડયો ત્યારથી સાત મીનીટમાં પોતે અમારી પડોશમાં આસરે ૦॥ માઇલ દૂર દરિયાનાં છાલકાં પાણીમાં પડયો હતો. એ મુજબ સલામત નીચે આવ્યો હતો. સઘળો બનાવ ઘણો

ધાસ્તી ભરેલો તથા અજાયબ લાગતો હતો કે એ અમેરિકને આટલી હીંમત કરીને એથી ત્રણ (એ તો પાંચ હજાર બોલે છે) હજાર ફીટ પરથી કુડકો મારો હતો. એણે આટલો બધો જોખમ ખેડીયો પણ તમાશગીર લોક જે હજારો હજાર હતું તેઓ પાસેથી તે જોવાના કશા પૈસા યા ટીકીટો તેણે લીધી હતી નહીં, અને જાણે અમથો મફત લોકોને દેખાડવા કીધો હોય તેમ લાગતું હતું. પણ લોકોના બોલવા ઉપરથી સમજણ પડી કે એ તમાશો જોવા હજારો લોકો આવવાથી આગની ગાડીવાળાને તથા ત્યાંના રેસટરાં તથા હોટલવાળાઓને ખુબ તડાકો પડયો હતો. તેથી એવું સમજીને આગળથી તે લોકોએ એને કાંઇ રકમ આપવા કહીને એ તમાશો મફત કરાવ્યો હતો. એબી કમાવાની ઠીક તાલ વાપરી હતી. બલુન છુટું પડયા પછી પેહેલાં અમારા માથાપરજ ઉડયા કીધું હતું અને જ્યારે ઘણુંજ ઊંચે ગયું અને એક નાના લીંબુ જેવું દીસવા લાગ્યું ત્યારે બીજીગમ ઘસડાઇ ગેપ થયું હતું. એ જોઇને અમો પાછા ન્યુયોર્ક આવ્યા હતા. અમો જે રસ્તે ગયા (Flatbush ના સ્ટેશનપરથી) તેનો થોડો ભાગ ગામનો મોહોલાની વચમાં કટેરા ભરી લીધેલા હતા તેની અંદરથી અમારી વાળી આગગાડી દોડતી હતી અને તેની આસપાસ બીજા ગાડીઘોડાઓ તથા રાહાદારીઓ આવજાવ કરતા હતા અને ત્યાંનું રેહેનાર લોક બધું ઘરોની બાહાર ખુરસીઓ કાહાડી બેહેલું હતું તે દેખાવ નવાઇ જેવો લાગતો હતો અમો પાછા ફર્યા ત્યારે ગાડીમાં બેસનાર લોકોને પુછીને ગાડીમાં પાછા ઉપલા ફ્લેટબુશના સ્ટેશનપર આવવા નિકળ્યા પણ તે સ્ટેશન કોણ જાણે કયારે પસાર કરી ગયા તે કાંઇ માલમ પડયું નહીં અને જયારે વાહાંણો તથા સ્ટીમરો દીસવા લાગી ત્યારે અજબ થઇ પુછતાં માલમ પડયું કે અમો તો બીજી ગંમ નિકળી આવ્યા હતા પણ ઈંહાં જ્યાંબી જાઓ ત્યાંથી પાછા ન્યુયોર્ક જવાનું સેહેલ પડે છે. તે મુજબ એક સ્ટીમર ત્યાંથી ઊપડતી હતી તેમાં બેસીને થોડા વખ્તમાં ન્યુયોર્કમાં ઊતર્યા હતા. એ સ્ટીમફેરી હતી અને તેમાં એક કિનારેથી બીજે કિનારે લોકો આવજાવ કરે છે જેમાં

ગાડી ઘોડા જોડેલા વટીક લાવલઇજાવ કરે છે અને વળી નદીને પેલે કાંઠેની સામન લાવેલી આગની ગાડીઓની આખી ટ્રેનો પણ તેને વાસ્તે બનાવેલી સ્ટીમબોટોમાં એનજીન સુધાં એક કિનારેથી બીજે કિનારે લાવલઈજાવ કરે છે તે જોવાનું સારૂં લાગે છે. તે સારૂ બોટની નજદીક આગની ગાડી લાવી તે બોટની ઉપર પાટા હોય છે તે પર ચલાવી લાવે છે. બીજે કિનારે તેજ માફક પાછી ઉતારી ગાડી આગળ જ્યાં જવું હોય છે ત્યાં જાય છે.

તાᴐ ૧૦ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે ઘણોખરો દિવસ ઇહાંની જોવા લાયક ઇમારતો જોઇ હતી. અમો પેહેલાં બ્રોડવેમાં આવેલી ઇકવીટેબલ લાઇફ ઇનસ્યુરન્સ કંપનીની હવેલી જોવા ગયા હતા, જે બાહારથી ગ્રેનાઇટ પથ્થરની બાંધેલી છે પણ અંદરથી બધે જાતજાતના સંગેમરમરથી શણગારેલી છે. એ ઈમારત ઘણી ગંજાવર એક આખો મોહોલો (જેને ઇહાં block કહે છે) રોકે છે અને આઠ મજલાની છે. તેની સીડીઓ, થાંભલા, દેવાલ તથા સીલીંગ સઘળું મોટા મોટા સંગેમરમરના પથ્થરનું કીધેલું છે જેથી ભપકો ઘણો લાગે છે. ઇહાંની મોટી ઇમારતોમાં એવી બીજી ઘણી થોડી હશે. એ ઇમારતના ઘણા ભાગો (Wings) અંદરથી કીધા છે અને તેમાં જવા સારૂં આઠ માળ સુધીની જુદી જુદી લીફ્ટો કીધી છે જે આખો વખ્ત ઉપર હેઠે આવજાવ કર્યા કરે છે. તોબી તેમાં લોક ખીચોખીચ ભરાય છે, અને તેમ થાય તેમાં નવાઇબી નહીં, કારણકે એ ઇમારતમાં બધી મળીને નાની મોટી ૨૦૦૦ ને આસરે આફીસો છે તેથી આવજાવ ઘણી મોટી થવી જોઇએ. ઘેરનો ધણી, એ લીફ્ટ ચલાવવાનો તથા ઘરમાં બધે નલીઓ મુકી છે તેમાં ઠંડીની રૂતુમાં ગરમી પુગાડવાનો તથા ઓરડાઓ સઘળું સાફસુફ રાખવાનો ખરચ પોતે કરે છે. જો એમ નહીં કરે તો પછી આઠમાં માળપર ભાડુત કોણ રહે? આફીસોના પોસ્ટમાં નાખવાના કાગજો સારૂં દરેક વીંગમાં મોટી કબટો તદન નાના નાના ખાનાની મુકેલીઓ છે જે ઉપર દરએક તે વીંગના ઓર-

ડાબીઓનાં નમ્બર મુકેલાં હોય છે, અને તે નંબરોવાળા ઓરડાઓમાં ક્યા આફીસ છે તેનું મોટું પાટિયું પડોશના ઓરડામાં મુકેલું હોય છે, તે ઉપરથી આફીસો ક્યા માળપર તથા ઓરડામાં છે તે માલમ પડે છે અને વળી તે પાટિયાં આગળ ઘેરધણીને હિસાબે એક માણસ નેમણુક બેસી રેહેછે, તે અંજાણા ધણીઓને આફીસો કયાં છે તે કહેછે તથા કેમ લીફ્ટમાં ઉપર જવું તે જણાવે છે. પોસ્ટવાળો સીપાઇ આવે તે પેલાં ખાનાંઓ જેની એક સાધારણ કુંચી તેની પાસે રાખેછે તેથી ઉઘાડી સઘળાં કાગજો કાહડી જાયછે અને આફીસો બંધ હોયછે ત્યારે ત્રણી ધણીઓનાં કાગજો આવેલાં તેમાં મુકે છે. વળી એ ઈમારતમાં રેસ્ટરાં પણ રાખેલું છે જેમાં ત્યાંના રેહેનાર આફીસવાળાને બપોરનું જમવાનું પણ સેહેલ પડે છે અને બધી રીતની જોગવાઈ સારી કરેલી છે. એ ઇમારતના નીચલા ભાગમાં ફરતી દુકાણો છે જેનાં ભાડાં પણ ઘણાં મોટાં આવેછે. એમાંના એક ભોંયતળિયાના ભાગમાં મરકનટાઇલ સેફ ડીપાઝીટ કંપનીની આફીસ તથા તીજોરી છે જે અમો જોવા ગયા હતા અને એવું અમો બીજે કેથે જોયું નથી. એ કંપનીએ પોતા સારૂં ઘેરધણી પાસે એક ઘણો મોટો ઓરડો તદન આગથી બળે નહી એવો બંધાવ્યો છે ને તેની અંદર કાંઇ સંખ્યાબંધ અભરાઇઓ કરી તેના ખાંચાઓમાં એક એક તીજોરી જેવા બાકસ રાખેલા છે જે જુદી જુદી કદના એક ફુટથી પાંચ ચોરસ ફીટ સુધીના હોય છે. બધા મલી ૪૦૦૦ બાકસો અથવા ખાંચાઓ છે. જે લોકો પોતાનું ઝવેરાત, નોટો, શેરો તથા ઓચરિયાંઓ સદી સલામત રાખવા સારૂ ઇહાં રાખવા માગે છે તેઓને જેવો જોઈયે તેવાં કદનો પેલાંમાંનો બાકસ આપે છે જેની વરસ દીને ફી કદ મુજબ ડાલર ૧૫ થી ડાલર ૪૦૦ સુધી લીયે છે. તેમાં તે ધણી પોતાનું ગમે તે રાખે છે. એ બાકસને બે કુંચી હોય છે. તેમાંની એક બાકસમાં ઓચરિયાં મુકનાર ધણી પાસે ને બીજી ત્યાંના રખેવાલ પાસે રેહે છે. જો રખેવાલ કુંચીથી કમાન દાબે તોજ પેલી ધણીવાલી કુંચી અંદર ફરે છે તેથી બે જણા સાથે હોયા વગર કદી તે બા-

કસ ઉઘડી શકતો નથી. એ સઘળા બાકસોની સાથે વીજળીના સંચાઓ લાગુ પાડેલા છે તે દીસનાં ચાંપથી છુટા કરે છે, પણ સાંજના તીજોરી બંધ કરતી વખ્તે ચાંપ ખીસાડી નાખ્યાથી દરેક બાકસ સાથે તે જોડાઈ જાય છે અને પછી જો કોઇબી ધણી તે બાકસને જરાબી ઉંચકવા જાય છે અથવા આંચકો લગાડે તો પેલી વીજળીને લીધે પોલીસ ચોકીપર ઘાંટ વાગે છે જયાંથી તરત સીપાઇઓ દોડી આવી તે ચોરને પકડે છે. એ ચોકીઓ મોહોલે મોહોલે હોય છે તેથી નજદીકમાં હોવાથી તથા વીજળીથી કયાં પોલીસની ગરજ છે તે ઘરનો નંબર પડવાથી તેઓ તરત ત્યાં જઈ પોહોંચે છે. વળી એ બંચાવ ઉપ્રાંત તીજોરીના ઓરડાનાં એજ બારણાં છે તે ઘણાંજ મજબુત લોખંડનાં બનાવેલાં છે. તે બારણાની કલ ઘણી ઊંચી છે. તે એવી રીતની ઘડીઆલના સંચાની માફક કલાથી કીધેલી છે કે બંધ કરતી વખ્તે જે કલાક તમો તે કલની એક ડાયલ છે તે પર માંડો તે પ્રમાણે બીજી સવારે તેજ કલાકે સંચો અંદર ફરતો હોવાથી, કુચીથી તે કલ ઉઘડી શકે છે. સવારના ૧૦ વાગે ધારા મુજબ એ કંપનીની આપીસ ઊઘડે છે તેથી ૧૦ વાગાનો ટાઈમ ડાયલ પર રાખવાથી સવારના ૧૦ વાગા તે પછીજ તે કલ ઉઘડે છે. તેના આગમજ ગમે તે ફાંફાં મારો પણ કદીબી ઉઘડે નહીં. એવી કલા વાપરી છે કે બારણાંને ભાંજવાંબી ઘણાં મુશ્કેલ છતાં રાતના તેની સાથે પણ વીજળીનો સંબંધ રાખેલો હોવાથી પોલીસને તરત કોઇ ત્યાં તેવું કરતો હોય છે તો માલમ પડે છે. એવાં વળી એક પછી એક બે બારણાઓ પસાર કરે તોજ અંદરના તીજોરીવાલા ઓરડામાં જવાય છે તેથી ચોરી થવી મુશ્કેલ છે. તે બધુ આગથી બળે નહીં એવું હોવાથી આગથી પણ નુકશાન થવું મુશ્કેલ છે અને વળી ઓચરિયાં મુકનાર ધણીની સઘળી નામ નીશાની લીયે છે અને તેના આંગપર કાંઇબી નીશાની હોય છે તે નોંધી લીધા ઉપ્રાંત તેને ગમે તે પાસવર્ડ પોતે એક આપી જાય છે તે એક ચોપડીમાં નોંધી રાખે છે. એને લીધે વખ્તે કોઇ ભલતા ધણીના હાથમાં તેના બાકસની કુંચી જાય

તો તે નીશાણીથી તથા પાસવર્ડ તે નહીં જાણવાથી પકડાઇ આવે છે અને જો અંદરબી ગયો તો રખેવાલની કુંચી વગર તે બાકસ પણ ઊઘાડી શકે નહીં. એવી સરસ ચોકાશી ત્યાં રાખવાથી ઘણું લોક ત્યાં પોતાની જણસો તથા ઓચરિયાંઓ સહી સલામતી સારૂં રાખે છે. ત્યાં તેઓને બેસવા અથવા સામાન કાહાડવા સારૂ છુટા છુટા નાના ઓરડાઓ છે જયાં પોતાનો બાકસ લઇ જઇને કોઇ જોય નહીં તેમ ગમે તે કાહાડ મુક તેમાંથી કરે છે ને બાકસ પાછો મુકી જાય છે. એવી ત્રણ ચાર કંપનીઓ વેપારના જુદા જુદા લતા તથા મોહોલા- ઓમાં રાખેલી છે, જેથી લોકોને ઘણું સવલ કરવા ઊપ્રાંત તેઓનો જીવ નચિંત રહે છે, એ જોઇને પછી મ્યુચુઅલ લાઇફ ઇનસ્યુરંસ કંપનીવાળી ઇમારત જોવા ગયા હતા. એ ઈમારત પણ સંગેમરમર- ની બાંધેલી છે. જેની અંદર લાલ રંગનો સંગેમરમર વાપરેલો છે એની સીલીંગ લોખંડની ફ્રેમ કરીને તેમાં સંગેમરમરની લાડીઓ જડીને ઉપર તથા હેઠે બેઊ ગમ તે દેખઈતી કીધી છે, એ ઇમારતના ૯ માળ છે ને તેની અગાસી ઉપરથી ન્યુયોર્ક શેહેરનો દેખાવ ઘણો સારો દીસે છે. એ બેઉ ઇમારતો (Nassau) નામના મોહોલામાં આવેલી છે ઇહાંની જીંદગીના વીમાની કંપનીઓમાં એ બેઊ કંપનીઓ સરસ ગણાય છે. તેઓની અસલ ભરાયલી થાપણ દરેકની આસરે અઢી લાખ ડાલરની છે પણ તેના રીઝર્વ ફંડો પચાશ લાખ ડાલર સુધીનાં થઇ ગયાં છે તેથી તેની ઉપજ કરવા સારૂ આવી મોટી ઇમારતો બાંધી તેનાં ભાડાં ખાવાથી સાત ટકાની ઊપર વ્યાજ. તેનું ઉપજાવે છે ને વીમા ઉતરાવનારાઓ જેની મોટી તથા સરસ ઈમારતો હોય છે ત્યાં વધતો વીમો ઊતરાવે છે. તેથી એ બે કંપનીઓમાં ઈમારતો બાંધ- વાની જાણે સરસાઈ ચાલે છે ને એકે એક બાંધી તો બીજો તેથી મોટી બાંધે તો ફરીથી પેહેલો તેની અસલી ઇમારતને વધારે ભપકાદાર બનાવે એમ કર્યા જાય છે. એમાંની પેહેલી કંપનીના શેરો ત્રણ ચાર જણા પાસે છે તેઓને ગમે એટલી કિમત આપવા

માગેછે પણ શેરો વેચતા નથી અને સાંભળવા મુજબ શેરોનું બાજ ૬૨ મહિને શેરવાલાને આપે છે.

એ જોઈને પછી સરકારી તીજોરીની ઇમારત જોવા ગયા હતા. એ ઇમારત તદન સફેદ સંગેમરમરની બાંધેલી છે અને તેનો બાહારનો દેખાવ મુંબઇના ટાઊનહાલને મળતો આવેછે. એ ઇમારત ૨૦૦ ફીટ લાંબી, ૮૦ ફીટ પોહોળી અને ૮૦ ફીટ ઊચી છે. તેને બાહારથી ૧૨ મોટા ૩૨ ફીટ ઊંચા અને નજદીક ૬ ફીટ વ્યાસના થાંભળા કીધેલાછે. તે થાંભળાની બેઠક પણ મોટી એક એક પથ્થરની કીધીછે, તેની અંદર એક મોટો ગોળ ઘુમબજ ૧૬ થાંભળા ઉપર કીધોછે અને પાછળથી પાછો આગળા એટલા માફક મોટા થાંભળા તથા ઊચી અને ઘણી પોહોળી સીડી કીધેલીછે. એ ઈમારત એઠનસના પારથનોની ઇમારતની ઢપપર બાંધીછે અને હેઠલ સોનું તથા રૂપું રાખવા ની મોટી વોલટો કીધીછે. અસલ એ ઇમારતવાળી જગ્યાપર ફીડરલ હાલ (Federal Hall) હતો જ્યાં જેનરલ વોશીંગટને યુનાઇટેડ સ્ટેટસ ઓવ અમેરિકાના પેહેલા પ્રેસીડંટ દાખલ સોગંદ લીધા હતા અને જે જગ્યાપર ઊભો હતો તે પથ્થર હજી ત્યાં જાલવી રાખ્યો છે, અને તે ઊપર તા૦ ૩૦મી એપ્રેલ ૧૭૮૯ નો લેખ કોતરેલો છે. તેની આગળ એ જેનરલનું બ્રોન્ઝ ધાતુનું એક પુતળું મુકેલું છે તે ૧૩॥ ફીટ ઊચું ૧૪ ફીટ ઊચી બેઠક પર મુકેલું છે. એ ઇમારતનો એક છેડો નેસો અને બીજો છેડો વોલ સ્ત્રીટમાં આવેલો છે ત્યાંથી નિકળેલા મેનહેતન કુંપની (Manhaton) નામની બેંક છે તે જોવા ગયા હતા એબી ઇમારત સંગેમરમરની બાંધેલી છે તેમાં તેના માળપર જવાની સીડી ઘણી મોટી અને જોવાલાયક કીધેલી છે. તેનો નીચેનો હાલ રંગીન સંગેમરમરનો કીધો છે ને તેમાં ઉપલી સફેદ પથ્થરની સીડી ઘણી શોભે છે. તેની દેવાલો સઘળી સંગેમરમરની બનાવેલી છે તથા ગ્રેનાઇટનો રંગીન પથર વાપર્યો છે તેબી ચળકતો પાલીશ કીધેલો હોવાથી સારી શોભે છે. એ ઇમારત વોલ સ્ત્રીટ (Wall Street) કે જ્યાં બધી મોટી વેપારી-

ઓની પેહેડીઓ, બેંકો ઇત્યાદી આવેલી છે ત્યાં છે. એજ મોહોલ્લામાં આવેલી કસટમ હાઉસવાળી ઇમારત જોવા ગયા હતા જે ગ્રેનાઇટના ગંજાવર પથ્થરની બાંધેલી છે તેને બાહારથી બાર ૩૭ ફીટ ઉંચા અને ૪ાા ફીટ વ્યાસના એક એક પથ્થરના થાંભળા મુકેલા છે જેની હેઠળની બેઠક ૮×૮×૮ કીયુબીક ફીટના એક એક પથ્થરના છુટા મુકેલા છે. એના અંદરનો ભાગ સબટ્રેઝરીની ઇમારતની માફક ગોળ કીધો છે ને ચાર ચાર થાંભળાઓ ચોરસાઇએ મુકી બાજુ ગોલ કરી લીધી છે. એ ઇમારતને બાંધવા પાછળ ૧૮ લાખ ડાલર બેઠા હતા. એ કસ્ટમ હાઉસ જોતાં ઇહાંની જગાત વિષે ખબર કાહાડતાં માલમ પડે છે. કે સૌથી વધતી જગાત નીચે મુજબના માલ પર લે છેઃ—ઉનની બનાવતના કાપડ ઉપર દર રતલે ૫૦ સેંટસ તોલ પર ઉપરાંત તેની કિંમત ઉપર બીજા ૪૦ ટકા લે છે, ઓરતોના રેશમી પોશાકો ઉપર ૬૦ ટકા, કીદના હાથનાં મોજાં ઉપર ૫૦ ટકા, છુટા હીરા તથા ઝવેર ઉપર ૧૦ ટકા, જડેલા હીરા ઉપર ૨૫ ટકા. એ પ્રમાણે બાહારની બનાવતો પર જગાત લે છે. ત્યાંથી નિકળેલા સ્ટોક એક્ષચેંજ (અહીંનો દલાલોનો હોલ) જોવા ગયા હતા. એ ઇમારત ઘણી સોભઇતી બાંધી છે ને તેની અંદર એક ઉભો અને એક આડો એમ મોટા હાલો બાંધેલા છે તે ગીલીટ તથા ચીતારકામથી ખુબ શણગારેલા છે. એ ઈમારત સફેદ સંગેમરમર તથા પાલીશ કીધેલા રંગીન ગ્રેનાઇટ પથ્થરની પાંચ મજલાની બાંધેલી છે તે ૧૬૨×૭૦ ફીટની છે ને તેનો હોલ ૧૪૧×૫૩ ફીટનો છે. બાકીની દલાલોની આફીસોથી ઈમારત ભરાઇ ગઇ છે ને આગળ જે સેફ ડીપાઝીટ બેંકની વોલ્ટ વિષે લખ્યું છે તેવી ઓચરીયાંઓ મુકવાની એ ઇમારતમાં પણ વોલ્ટ રાખેલી છે એ બાંધવા સારૂં દલાલોની એક કંપની ઉભી થઇ હતી તેઓ ૧૧૦૦ જણા હતા તેઓએ ૧૧૦૦ શેરો એના આસરે ૫૦૦૦ ડાલરની કિમતના દરેકે લીધા હતા અને તે વેચવાનો હક રાખ્યો હતો પણ એ એક્ષચેંજમાં જેની પાસે શેર હોય તેનેજ જવા દેછે અને સઘળું નોટોનું તથા મોટી કંપનીઓના શેરોનું કામકાજ ઇંહાંજ થાય છે તેથી તેમાં જવાના હક

સારૂં દર શેર આજે ૩૮૦૦૦ ડાલરે મંગાય છે તોભી વેચતા નથી. એ મેમબરો પાસથી દર સાલ સબ્સક્રીપશન લીયે છે અને જ્યારે તેમાંનો કોઇ ધણી મરણ પામે છે ત્યારે તેના વારસોને એનાં ફંડમાંથી ૧૦૦૦૦ ડાલર મળે છે અને શેરનો હક રહ્યો તે જુદો એટલો ફાયદો શેર રાખનારને થવા ઉપરાંત થોડા દલાલો હોવાથી તેને દલાલી પણ સારી મળે છે અને ઇંહાંના લોક જેવું સટો રમનાર બીજે કેડે નથી તેથી દલાલોને તડાકો પણ ઘણો પડવાથી તેઓ પૈસાદાર થઇ ગયા છે. જો કોઈ એમાંનો દલાલ નાદાર થાય તો તેને જ્યાં સુધી માગનારાઓનું પટાવે નહીં ત્યાં સુધી પાછો અંદર આવવા દેતા નથી અને તેમ નહીં પટાવે તો ચોકસ વખ્તમાં તેનો શેર તેના માગનારાઓના ફાયદા સારૂં લીલાંઊ કરી વેચી નાખે છે. ઇંહાં દરરોજ કરોડો ડાલરની ઊહલપાહલ થાયછે. અમો ગયા ત્યારે બપોરના એક વાગ્યો હતો, પણ તેટલાં એટલાં તો સાટાં થયલાં હતાં કે તે સાટાં પતાવેલાં તેના કાગજના તુકડાઓ આખા હોલમાં પથરાઇ ગયા હતા અને ત્યાં દલાલો કામ કરેતા હતા તેઓનો ગોઘાટ જાણે કાનના બેહેર ફાડી નાખે તેવો ઇમારતની બાંધણીથી લાગતો હતો. દલાલો સિવાય બીજા કોઇને પણ તે હાલમાં જવાનો હુકમ નથી. જો કોઇ દલાલને મળવા આવે તો તેની આફીસ જે તેજ ઘરમાં હોયછે ત્યાંથી તાર દાબે કે દલાલોના હાલમાં ફરતા તખ્તા જડેલા છે તેમાં તે દલાલનો નંબર બાહાર નીકળી આવે છે, અને દલાલો હંમેશાં પોતાનાં નંબર તરફ નજર કરતા રેહે છે તે જોય છે કે પોતે તેને બાહાર મળવા જાય છે. અમો થોડા વખ્ત ઉપર ગેલરીપરથી દલાલોનો મેલાવડો જોતા હતા તેટલાંમાં કાંઇ વગર ગણત્રીના ઉપલા નંબરો ઉઘાડ બંધ થતાં હતાં જેની પરથી કેટલું લોક બાહારનું ત્યાં કામ કરાવા આવેછે તે જણાય છે. દરેક કંપની યા સરકારી જુદી જુદી નોટોને લગતી જગ્યા જુદી જુદી હોય છે જ્યાં એક થાંભળાપર તેના સ્ટાકને લગતું પાટીયું મારેલું હોય છે અને ત્યાં તે શેરો યા નોટોના દલાલો વેચવા યા લેવા ઉભા રહેવાથી કામ સેહેલ થાય છે અને વેચનાર લેનાર શોધવા જવા પડતા નથી.

જેવો કાંઇ મોટો સોદો થયો કે તે હાલની આસપાસ તાર કરનારાઓ બેઠેલા હોયછે તેઓને જણાવે છે કે તે તાર તરત બીજા શેહેરોના સ્ટાક એક્ષચેંજોમાં જાય છે અને બધી ગોઠવણો સારી રાખીછે. ત્યાંથી નિકળેલા પોસ્ટ આફીસની ઇમારત જોવા ગયા. એ ઇમારત બે રસ્તાની વચમાં આવેલી છે અને ઇહાંની મોટી ઇમારતોમાંની એક ગણાય છે જેની બાંધણી પણ સારા ઢપની કીધી છે ને છાપડાંઓ ઉપર છુટા છુટા મીનારાઓ કીધાથી ઘણી શોભે છે તેમાં તેના મુખડાપરના મોટા થાંભળાઓ તેને વધારે દીપાવે છે. એ ઈમારત ગ્રેનાઇટના પથ્થર તથા લોખંડની બાંધેલી છે ને તે ઉપર સાહાઠ સીતેર લાખ ડાલર (આજના વટાવે સવા બે કરોડ રૂપિયા) બેઠા છે એવી સરસ તથા મોટી એ ઇમારત બાંધેલી છે. એ પોસ્ટ આફીસમાં ૧૭૦૦ માણસો રાખેલાં છે ને વરસ દહાડે એની આવક ૪૩ લાખ અને ખરચ ૧૫ લાખ ડાલરનો છે જેથી ૨૮ લાખ ડાલરનો નફો સરકારને એનેથી થાય છે. એ પોસ્ટ આફીસને લગતી ૧૭ સ્ટેશન આફીસો અને ૧૨૦૦ પોસ્ટના થાંભલાઓ એ શેહેરમાં છે ને દિવસની ૧૨ થી ૨૫ વેહેચણીઓ થાય છે. ઈહાંનો યુનાઇટેડ સ્ટેટસનો પોસ્ટેજ દર ૦।। આઊંસે ૨ સેંટ અને યુરોપ, હિંદુસ્તાન તથા બીજાં બાહાર દેશાવરોના ગામોનાં ૫ સેંટ લે છે ને દર ૦।। આઉંસે બીજા એટલાને હિસાબેજ લે છે. અમોં ત્યારપછી છઠ્ઠા એવેન્યુના ૧૪માં મોહોલામાં જ્યાં મોટી ઓરત લોકોનેબરની દુકાનો છે ત્યાં ફરવા ગયા હતા જ્યાં જાણે ઓરત લોકોનો મેલો ભરાયો હોય તેમ ઓરતો ભપકાદાર પોશાકમાં તે રસ્તા ઉપર ઉભાઇ જતી હતી અને રોજ એજ મુજબ યા મોસમની વખતે એથીબી ઘણી વધતી ઓરતો એ મોહોલામાં સામાન ખરીદવા તથા ફરવાહરવા નિકળી પડે છે. ઇહાંની દુકાણો પણ અમેરિકાનું બધું જેમ મોટી ઢપપર છે તેમ ગંજાવર છે અને ઘણી દુકાણો દરેકજણ આખા મોહોલાઓ જેટલી ઈમારતો પાંચથી સાત માલ જેટલી ઊંચાઈની રોકે છે.

અમોએ સને ૧૮૮૧નાં સાલની મુસાફરી વખ્તે પેરીસની

બોમારંસી તથા મેગેજીન ડી લુવારની દુકાણોની વિગતો લખી છે તેવી યા તેથીબી સરસ ઈહાની મોટી દુકાણો છે. કોઇ કોઇ દુકાણોમાં બધી જાતનો સામાન કાપડ, પુતળાં, તસ્વીરો, ઈત્યાદી વેચવા ઉપરાંત ઝવેરાત પણ વેચે છે તેમાંની એક અમે જોઇ હતી. તેનો ઝવેરાતને લગતા દાબડાઓએ ૫૦ ફીટ લાંબા હોલ ભરી નાખેલો હતો એટલો જથ્થાબંધ તથા કિમતી સામાન તેઓ વેચે છે: અમો બીહીતાબીહીતા કહીયે છીયે કે એક એક આવી દુકાણમાં ચાર પાંચ કરોડ રૂપિયાનો માલ પડી રેહેતો હશે. ઇહાંની સૌથી મોટી દુકાણોમાં ઇ. જે. ડેનીંગની કંપની E. J. Denning & Co., આરનોલ્ડ કાનસ્ટેબલની કંપની તથા બીજી ઘણી એવીઓ છે. અમોએ એક બે દુકાણો એવી જોઇ હતી જેમાં ઘણી નવાઇની તથા કિમતી ચીજો મુકેલી છે અને તેમાંનાં કોરીકામની કિમત નહી મનાય એવી હતી. ફ્રુટ ખાવાની રકાબીનાં સટો હાથના ઉંચા ચીતાર પાડેલી ઉંચી કોરીનાં હતા, તેની એક એક રકાબીના ૨૦૦ ડાલર યાને ૩૬૦૦ હતા. તેજ મુજબ ચીનીકામનાં તથા (Severes) સેવેરીસના ફ્લાવરવાસો હજારો ડાલરની કિમતનાં દરેક હતાં. ઝાડો ખુદરતની અસરથી પથ્થર (Petrified) બની જાય છે તેના પથ્થરો તથા થાંભળાંઓ વેચવા મુકેલા હતા, જે દરેકની કિમત ૮૦૦ થી ૨૦૦૦ ડાલરની હતી. પુતળાંઓ, ચીત્રો ઇત્યાદી સઘળું હજારો ડાલરની કિમતનાંજ હતાં અને વળી ખબર કાહાડવા મુજબ એના ખરીદનારઓ પણ ઘણા મળી આવેછે. એ સઘળું ઝડપમાં જોઇને પછી (Iron steam boat) આયરન સ્ટીમ બોટ કંપનીની એક સ્ટીમરમાં બેસીને વેસ્ટ બ્રાઇટનના કિનારાપર જવા સારૂં નિકળ્યા હતા. જયાં જતાં રસ્તામાં છુટાપણાનું પેલું પુતળું જોયું હતું. પેહેલાં વેસ્ટ બ્રાઇટન ઉતર્યા હતા જયાં એક ઘણો મોટો ડંકો લોકોને ફરવા સારૂ કીધો છે તે ૧૦૦૦ ફીટ દરિયામાં જાય છે. એ જગ્યાપર દુકાણો રેસટરાં, ચકરીઓ ઇત્યાદી જાણે મેલો ભર્યો હોય તેમ હમેશાં રાખેલું છે તથા એક લોખંડની વેધશાલા કીધેલી છે, જે ૩૦૦ ફીટ ઊંચાઇમાં છે અને તે ઊપર લીફ્ટથી લોકોને લાવ લઇ જાવ કરે છે. ઈહાં

એક જણે પોતાનું ઘેર એક ગંજાવર હાથ્થીના આકારમાં બાંધ્યું છે, (જે અમોએ સ્ટીમર સરવીયાપરથી ન્યુયોર્ક આવતાં દુરથી જોયું હતું. તે આબાદ એક હાથ્થી ઉભો હોય તેવું દીસતું હતું) ને તદન લાકડાનું બાંધેલું છે ને તેનાં દીવાનખાનાંમાં હાથ્થીના પાછલા બેઉ પગોમાં મોટા દાદરો ગોળ ચકરાવાના મુકેલા છે તે પરથી ઠેઠ સુધી જવાય છે, પણ તેની ઉપર બીજા દાદરોથી તેનાં માથાંમાં તથા ગરદનપર જવાય છે ને ત્રીજા દાદરે છેક હાથીના મથાલાંપર હઊદાની માફકની ગેલેરી કીધી છે ત્યાં જવાય છે. બધી મલીને એ હાથીની ઊંચાઇ ૧૭૫ાા ફીટની છે અને તેની ઉપરના હઉદાપરથી પચાશ મૈઇલ સુધીનો આસપાસનો દેખાવ દીસે છે. તેની આખી લંબાઇ ૨૦૩ ફીટ તથા ઘેરાવામાં ૧૯૮ ફીટ છે. તેના પગોની વચમાં બદનની લંબાઈ ૧૦૯ ફીટ છે; ગરદન ૧૯ ફીટ લાંબી અને ૧૨૮ ફીટ ઘેરાવામાં છે; પગ ૬૦ ફીટ લાંબા અને ૮૦ ફીટ ગોળાઇમાં છે; દરેક કાન ૫૪ ફીટ અને ૪૦ ફીટ પોહોલા છે અને પુંછડી ૭૦ ફીટ અને ૧૮ ફીટ ગોળઇમાં છે ને તેનો છેડો પાતલો થતો છેક ૨૬ ઇંચ સુધી થાય છે. તેની સુંઢ ૭૦ ફીટ લાંબી અને ૨૦ ફીટ ઘેરાવામાંછે. તેના આગળના મોટા દાંતો ૪૨ ફીટ લાંબા અને ૧૨ ફીટ ગોળાઇમાં છે. તેની આંખ જેની બારી બનાવી છે તે ૪ ફીટ ગોળાઇમાં છે અને તેનો હોધો ૩૮ સમચોરસ ફીટ છે અને ૪૨ ફીટ ઊંચાઇમાં છે. એવો ગંજાવર હાથ્થી બનાવી તેની અંદર ૩૧ ઓરડાઓ કીધેલા છે તેમાં હોલ ૯૨–૩૮ ફીટનો છે તે બદનમાં બનાવેલો છે. તેના માથામાંનો ઓરડો ૬૦–૩૫ ફીટનો ત્રીકોણ આકારનો છે. તેની જાંગમાંના ઓરડાઓ ૩૮—૧૦ ફીટના છે. એ પ્રમાણે મોટા છુટા ઓરડાઓ પગોમાં, ગરદનમાં, પેટની બાજુમાં ઇત્યાદી કીધેલા છે અને તેમાં ૬૩ બારીઓ છે અને ૨૫ વીજળીની બટી ૧૭૫૦૦૦ મીનબતીની લાઈટના જેટલી બાલી ઉજરડું તેમાં રાતના આપે છે. એ બાંધવા પર અઢી લાખ ડાલર થયા છે અને તે લોકોને ફી લઇને દેખાડે છે. તે સિવાય બીજા કશા કામમાં હાલ આવતો નથી. એ સઘળું જોઇને બ્રાઇટન બીચવાળી તેનેથી થોડે દુર આવેલી જગ્યાપર ગયા અને ત્યાંના રેસટરાંમાં જમીને પછી તે·

તેથી આગળ આવેલી મેનહેટન બીચપર ગયા હતા. જયાં (Fall of Sebastpool.) સીબેસ્ટપુલનો કિલ્લો રશીયન પાસેથી ઇંગ્રેજ, ફ્રેંચ, તરકી તથા ઈટાલીયનોએ જીત્યો હતો તેની વિગતો આતશબાજીમાં જેમ ફોલ. ઓવ બેબીલોનની બનાવી હતી તે પ્રમાણે બનાવી હતી. પણ આ લડાઇમાં દારૂગોલાનો ખપ થયો હતો તેથી ફટાકડા તોપોની માફક ફોડતા તથા બાણોથી જાણે કિલ્લાની અંદરનાં ઘરો સલગાવી દેતા તથા દારૂખાનું ઉરાડી નાખતા તેનો અવાજ કાનોનાં બેહેર ફાડે તેવો આબાદ ત્રાસદાયક લાગતો હતો. એ ઉપરાંત તેમાં બધે આગ લગાડી દીધી અને ઘરો તથા દેવલો તેથી પડતાં હોય તેવો ઘણો સરસ દેખાવ કીધો હતો. એની આગમજ બેગા રાજાનું લશકર તે કિલ્લાની સામે પડેલું છે અને જાણે ત્યાં લશ્કરી કવાયદો તથા હથિયારની રમતો થતી બતાવી હતી જેમાં દોડતે ઘોડે એક વાર કુદાવીને પછી થાંભળાપર એક દડો મુકેલો હતો તેને કાપી નાખતા હતા તથા બેયોનેટ અને તલવાર વચ્ચે તથા તલવાર અને ભાલા વચ્ચેની લડાઇઓ કીધી હતી. મનવારો લાકડાંની બનાવેલી હતી તે પાણીમાં તરતી હતી અને તે ઉપરથી પણ તોપો ફુટતી હતી. સઘળી રીતે એ જોવા લાયક હતું.

તા૦ ૧૧ મી આગસટ સને ૧૮૮૭—આજે સવારનાં ૯ વાગે અમે નાયગરાના વખણાયલા ધોધ જોવા સારૂં ન્યુયોર્કથી હડસન આલબેની–ડે–લાઇનની સ્ટીમર નામે "ન્યુયોર્ક"માં નિકળ્યા હતા અને હડસન નદીપર થઇને આલબેની સુધી તેમાં ગયા હતા. એ નદીપરનો દેખાવ ઘણોજ સરસ છે અને બીજાઓ જો કે તેને જરમનીની રાહીન નદી સાથ સરખાવે છે પણ અહાંનો દેખાવ તેનેથી જુદોજ છે. ઇહાં કાંઇ રાહીન નદીની માફક જુના કિલ્લાઓ દીસતા નથી પણ છુટા છુટા બંગલાઓ, હોટલો અને થોડે થોડે ટપ્પે નાનાં મોટાં ગામો આવે છે. અમો ન્યુયોર્કથી નિકળ્યા તે પેહેલા એ શેહેરના ડંકાઓ તથા વખારો એકગમ અને બીજીગમ જરસી શેહેર જોતા આગળ વધ્યા હતા અને પછી બેઉગમ વીસોતરીથી ભરપુર જગ્યા મળતી ગઈ હતી, તેમાંના

ડાબા હાથ ઉપર ખડકો સીધા થોડી ઊંચાઇની પાણીની સપાટીથી મળતા હતા જે ઉપર ઝાડપાન હતાં અને જમણી ગમતો લીલોતરી છેક પાણી સુધી ભરેલી હતી. બેઉ કિનારાપર આગની ગાડીઓ આવજાવ કરતી હતી. નદીપરથી દેખાવ ઘણોજ સુંદર એ લીલોતરીથી તથા તેની વચમાં ઝાડો કાપીને ઘાસનાં લોનસો ઉપર છુટાછુટા રોણકદાર બંગલાઓ બાંધેલા, તેઓ ઉપર ઘણા ખરા નાના મીનારાઓ હતા, તથા થોડા ઢળાવના નાના ડુંગરો તેની પાછળ હોવાથી લાગતો હતો અને જાણે તેની ઉપરથી નજર ખસાડવાં ગમે નહી.

પણ અમે ન્યુયોર્ક શેહેરની હદ છોડી નહીં તેટલાં વાદળ ઘેરાયલું હતું તેથી વરસાદ આવવા માડયો ને ગાજવીજ થઈ આવ્યાથી સ્ટીમરના હેઠલનાં તુટકપર જવું પડયું હતું. જયાંથી એકજ બાજુના કિનારાનો દેખાવ દીસતો હતો ને વળી સ્ટીમરમાં મઝા કરવા ઓછામાંઓછું ૫૦૦ માણસ નિકળેલું હતું તેથી ગીરદી પણ ઘણી હતી, પણ વરસાદ ૧૦ મીનીટમાં ઉઘડી ગયાથી પાછા ઉપરનાં ડેક (ત્રીજેમાળ) પર ગયા હતા. જેમ આગળ વધતા ગયા તેમ નદી જરા મોટી થતી ચાલી ને આસપાસ ડુંગરો પણ મોટા આવવા લાગ્યા ને નાનાં નાનાં નાનાં છુટાં છુટાં મળતા હતાં જયાં અમારી સ્ટીમર ઉભી રહી લોકોને લે ઉતાર કરતી હતી. એમ કરતાં ક્રોટન બે પસાર કીધો જે તરફ જમણી બાજુએ ન્યુયોર્કને પાણી પુરૂ પાડવા સારૂ એક સરોવર બાંધેલું છે, જેને ક્રોતન રેઝરવોયર કહે છે અને તે ક્રોટન નદીની એક ગમ બંદ બાંધીને કીધો છે તે ૪૦૦ એકર જેટલો મોટો અને ૪૦ ફીટ ઉંડો પાણીથી હમેશા ભરેલો રહે છે. ઇંહાંથી હદસન નદીને કાંઠેથી તેના નલો મુકીને ૪૦ મૈલ સુધી તેનેથી ન્યુયોર્કમાં પાણી પોહોંચાડે છે અને રોજ એમાંથી ૭ કરોડ ગયાલન પાણી ખપે છે પણ નદીને ઘેરી લીધાથી પાણી વધતું યા ઓસરતું નથી, પણ નદીનું પાણી સામું પાછું બીજી ગમથી કાઢી નાખવાની ગોઠવણ રાખેલી છે. એ તલાવપર બધો મળીને એક કરોડ અને ચાલીશ

લાખ ડાલર ખરચ થયો છે. એ જગ્યાની સામે અમારી સ્ટીમરના ડાબા હાથ ઉપરે (Rockland Lake) રોકલેંડ લેક આવેલો છે જેના પાણી ઠંડીની રૂતુમાં બંધાઇ આઇસ થાય છે તે આઇસ ભરી રાખવાની મોટી વખારો કીધી છે, જેમાંથી આઇસ આખું વરસ ન્યુયોર્કને પુરૂં પાડે છે, તે એટલુંતો સસતું વેચાય છે કે તેને લખલુંટની રીતે લોકો વાપરે છે, અને જયાંબી આઈસનું પાણી માગો ત્યાં મુફત આખુ ટમબ્લર આઇસથી ભરીને આપે છે. સાંભળવા મુજબ એક સેનટના બે રતલ મલે છે. એ ક્રોટન બે (Croton Bay) માં હડસન નામના વલંદા દરિયો ખેડનારે પેહેલાં ન્યુયોર્કવાલું ટાપુ શોધી કાહડયુ હતું તે ધણીએ આએ.એમાં લંગર નાખ્યું હતું અને પછી તેની ઉપર નદીમાં પેવસ થઇ એ બાજુની શોધ કીધાથી તે નદીનું નામ એ ધણીપરથી હડસન રીવર ડચ લોકોએ આપ્યું હતું. (ન્યુયોર્ક સને ૧૬૦૯ માં એણે શોધી કાહડયું હતું) એ બાજુપર ક્રોટન તથા હડસન રીવર આગળ ચાલતાં મળી જઇને એક મોટો સરોવર બની ગયો છે જેને (Tappan Zee) તેપાંન ઝી કરી ડચોએ નામ આપ્યું છે તે ૧૦+૫ મૈલ જેટલો છે અને તેની આસપાસનો ફરતો ગોળ દેખાવ ઘણો સારો લાગે છે. ઇંહાંથી હવે મોટા પાહાડો જેને ઇંહાં હાઇલેંડસ (Highlands) કહે છે તે દીસવા લાગ્યા હતા અને વળી આગળ વધતાં એક બીજા બે (Haverstan Bay) માં દાખલ થયા હતા. ઇંહાં પાહાડો નજદીક ફરતા આવી ગયાથી તથા લીલોતરીથી ભરપુર હોવાથી દેખાવ જુદીજ રીતનો લાગતો હતો અને ભારે ગાજવીજ થાય છે ત્યારે ગાજવાનો અવાજ એ પાહાડોની અંદર ગોળ દોડવાથી પડધા ઘણો થાય છે તેથી અસલના ઇંહાંના ઇંડયન રહેવાસીઓ એ જગ્યા ઊપર સેતાન વસે છે કરી કહેતા. એ પાહાડનું નામ ગગડાટનો પાહાડ (Thunder Mountain) આપેલું હતું. ઇંહાંથી આગળ જતાં વેસ્ટ પોઇંટ નામની જગ્યા આવે છે જયાં પાહાડનું એક ખુણું પાણીમાં બાહાર નિકળી આવેલું છે તેહાં અમેરિકાના લશ્કર સારૂ આફીસરો બનાવવા લોકોને શીખવાની નિશાળ (Academy) છે.

તે પસાર કીધા પછી ઘણા મોટા પાહાડો મળે છે જેમાંનો એક ઉત્તર ભણી વચમાં એવી રીતે આવેલો છે કે ઉત્તર તરફથી ઠંડો પવન આવતો ન્યુયોર્ક તરફ જતો અટકાવે છે; નહીં તો ત્યાં ઠંડી એટલી પડવી જોઇયે કે ઠંડીના દીવસમાં કોઇ રહી શકે નહીં. ઊત્તર ભણી ઘણા મોટા સરોવરો આવેલા છે જેઓ ઠંડીની રૂતુમાં તદન બંધાઇ જાય છે અને ઊત્તર ધ્રુવ તરફ એ પછી મોટા પાહાડો ન હોવાથી ત્યાંનો થંડો પવન સીધો એ તરફ આવે છે પણ ઉપલા પાહાડથી તેનો અટકાવ સારો થવા છતાં ન્યુયોર્કમાં ઠંડી રૂતુમાં એવી તો સખત પડે છે કે સઘળું બંધાઇ જાય છે અને પારો જીરો (Zero) ની હેઠલ ૩૦ ડીગ્રી સુધી જાય છે એથી વધતો ઠંડો પવન આવતો એ પાહાડ અટકાવે છે તેથી તેને તોફાનનો પાદશાહ (Storm King) નામ આપ્યું છે એ પાહાડો પસાર કીધા કે સામે ખુલ્લી સપાટ જમીન આવે છે તે ઉપરથી અમોને આજે સખત ગરમી હોવા છતાં ઘણોજ ઠંડો પવન થોડો વખ્ત મળ્યો હતો પણ પાછા બીજી બાજુપર જવાથી ગરમી આગળ ચાલતાં મળી હતી. ઇહાંથી આગળ ચાલતાં ન્યુબર્ગનું શેહેર આવેછે જે ન્યુયોર્કથી સાઠ માઇલ દુર ૪૦૦૦૦ ની વસ્તીવાલું ગામ છે અને ડચ લોકોનાં વખ્તથી એ વસેલું છે. ઇહાં ઇંગ્રેજો સાથની અમેરિકનોની છુટાપણાની લડાઇ વખ્તે જનરલ વોશીંગટને પોતાની છાવણી રાખી હતી. ઇહાંનો કોલસાનો વેપાર ઘણો મોટો છે અને પેનસીલવેનીયા તરફથી કોલસો બધે એજ બારાંમાંથી જાય છે. ઇહાંથી આગળ ચાલતાં ન્યુયોર્કથી ૯૦ માઇલ દુર કેટસકીલનાં પાહાડો મળ્યા હતા જેઓ ઇહાં ઘણા મોટા પાહાડો ગણાય છે તે ઉપર ગરમીના દીવસોપર ઘણું લોક આવે છે અને અમારી સ્ટીમર ઉપરથી મોટો ભાગ લોક ઇહાં ઉતરી પડયા હતા. એ પ્રમાણે જોતા જોતા સાંજના ૭ વાગેને આલબેની (Albaney) નામના શેહેરપર પુગ્યા હતા જ્યાં અમો સ્ટીમર ઊપરથી ઊતર્યા હતા. એ શેહેર ૧૪૪ મૈલ ન્યુયોર્કથી દુર છે, પણ અમારી સ્ટીમરે બધે ગામે ગામ ઉભા રહેવા છતાં ૯ કલાકમાં પસાર


કીધા હતા જે ઘણા ઓછા ગણાય છે. અમારીવાળી સ્ટીમર તદન નવીજ બાર દિવસ ઉપર પેહેલી પાણીમાં ઉતારેલી હતી. તેને ઘણી સરસ રીતે જાણે એક મેહેલ હોય તેમ શણગારેલી છે. બધે ઉંચી મખમલ તથા ગલીચારેશમી લાઇનીંગના કોચો ફરતા તેને જડી લીધેલા હતા અને બીજી. બધી રીતે સારી શણગારેલી છે. એવી સરસ આગબોટ એ નદી ઉપર ઘણી થોડી દોડે છે. અમો આલબેની જે ન્યુયોર્ક પરગણાનું મુખ્ય શેહેર છે ત્યાં ઊતરીને Delvan House નામના હોટેલમાં ખાણું લીધું હતું અને પછી ગામમાં ઘોડાની ગાડી કરીને, વખ્ત હતો તેથી ફરી આવ્યાં હતા. એ શેહેર માફકસરનું મોટું છે, અને મોહોલાઓ સરખા અને લાંબા મઝેના છે. ઈહાંનો (Capitol) કેપીટોલ નામનો મેહેલ જ્યાં કાઊનસીલ ઓવ સ્ટેટ ભરાય છે તે ઇમારત સિવાય બીજું કશું જોવા લાયક નથી. એ ઇમારત અમો જોવા ગયા હતા તે ઘણી મોટી, ચાર બાજુ ઇમારત અને વચમાં ચોક એવી રીતે સમચોરસ બાંધી છે. તેને ચાર મજલા છે અને દરખુણે એક એક મીનારાશેકો ઓરડો કીધેલો છે. એને બહારથી સફેદ ગ્રેનાઇટના પથ્થરની અને અંદરથી થોડો ભાગ સંગેમરમરથી શણગાર્યો છે. એ જાણે ચાર ઇમારતો એક કીધી હોય તેમ તેનાં ચાર બાજુના ભાગોને વચમાંથી ખુલ્લા હોલથી મેળવી લીધા છે અને તે હોલ થાંભળાઓપર હોવાથી સારો શોભે છે. એ હોલોના બારણાં હમેશાં રાતદીસ ખુલ્લાં રાખે છે, અને તેમાંથી એક મોહોલામાંથી બીજા મોહોલામાં જવાઈ શકાય છે, તેથી લોકો તેને વાપરે છે. એ મેહેલપર ઈહાં લોકોના કેહેવા મુજબ એક કરોડ અને હેંસી લાખ ડાલર બેઠા છે. તે સને ૧૮૭૧ નાં સાલથી બાંધવા માડયો હતો તે હમણા જોકે થોડો ઘણો વપરાય છે તોબી પુરો થયો નથી, એવી મોટી એ ઇમારત છે. ઇહાં એક મોટી લાઇબ્રેરીની હવેલી જુદી છે, તેમાં ૬૫૦૦૦ કીતાબો છે. રેલવેનો એક મોટો પુલ એ શેહેર અને નદીને બીજે કાંઠે જોડવા રેલવેવાળાઓએ બાંધ્યો છે તે ઊપર દસ લાખ ડાલર ખરચ્યા છે.

અમો આલબેનીથી સઘળું જોઇ તથા ત્યાંના પાર્કમાં ફરીને રાતના ૧૦ વાગે આગની ગાડીમાં બેઠા હતા, જે કંપની ન્યુયોર્ક અને હડસન રીવર રેલરોડને નામે ઓળખાય છે. એની ગાડીઓમાં પેલેસ કારસ નામની મોટી સુવાની ગાડીઓ મજેહની શણગારેલી રાખેલી છે ને બધી ગાડીઓ એક એક સાથ જોડી જાણે એકજ મોટી ગાડીની આખી ટ્રેન હોય તેમ કીધી છે ને ટ્રેનને એક નાકાથી બીજાં નાંકા સુધી તેમાં જવાય છે. એ ગાડીને એક છેડે રીફ્રેસમેંટ લેવા ડાઇનીંગ સેલુનની ગાડી જોડેલી રાખે છે, જેમાં રેસ્ટરાંની માફક ટેબલ તથા ખુરસીઓ જમવાને સારૂ ગોઠવેલી તૈયાર રાખે છે તેથી પાસીનજરોને ચાલતી ગાડીએ ખાવા પીવાનું મળી શકે છે તથા બધી એવી સ્લીપીંગ કારસોમાં ફરાગતની તથા હાથ મોઢાં ધોવાની જગ્યાઓ રાખેલી છે, જેથી પાસીનજરોને ગાડીમાંથી નીચે ઉતરવાની કશી ગરજ પડતી નથી. ઇહાંના ધારા મુજબ અમોએ રેલવેની ટીકીટો લીધી હતી, પણ એવી ગાડીમાં સુવા સારૂ ૧॥ ડાલર દરેક જનને જુદો આપવો પડયોહતો. પણ તેથી સુખથી ઉંઘાવાનું મળ્યું હતું. મજેહના બિછાણા, તકયા તથા સુવાની બર્થની બાહેર પડદાઓ નાંખ્યાથી જાણે ઓરડાઓમાં સુતા હોઇયે તેમ (Privacy) લાગે છે. એક એક ગાડીમાં એવા ૧૨ બર્થો છે, જેઓ દિવસના મઝેની મખમલની બેઠક દાખલ ફેરવાઈ શકે છે. આજે આખી રાત ગાડીમાં ગુજારી હતી.

તા૦ ૧૨ મી આગસટ સને ૧૮૮૭—આજે સવારના કલાક ૬॥ વાગેનેં અમારી ગાડી બફેલો નામનાં ગામપર ઉભી રાખી હતી; જ્યાં બીજીગમથી ગાડીઓ આવી તેમાંના ઉતારૂઓ ફેરફાર કરતાં નજદીક દોઢ કલાક કાહાડયો હતો અને ત્યાર પછી ગાડી ઉપડી હતી. તે લેક એરી (Lake Erie)ને કિનારેથી થઇને અમારી ગાડી પસાર થતી છેક નાયગરા ફોલનાં ગામ તરફ કલાક ૮॥ વાગે પુગી હતી ને અમોએ કલીફટન હાઊસ નામનાં હોટલમાં ઉતારો લીધો હતો. બફેલો ગામ તરફ અમારી ગાડી ફેરફાર કીધી હતી. જેમાં અમો સુતા હતા તે ગા-

ડીવાલી ટ્રેન બીજે રસ્તે નાયગરા તરફ જવાની હતી ને તે ગાડી અ-મારીવાલી ટ્રેનમાંથી છોડી બીજી ટ્રેન જે જુદે રસ્તે નાયગરા જવાની હતી તે સાથે જોડી હતી. અમો પેહેલાં સંમજયા કે ગાડી કાંઈ શન-ટીંગ કરવા છુટી કીધી હશે, પણ એક કલાક સુધી પાછી તે ગાડી નહીં આવ્યાથી અમારી ગાડીમાં મેનીજ કરનાર માણસને પુછતાં મ-લમ પડયું કે તે તો બીજે રસ્તે છુટી જશે તેથી અમો બીજી ગાડી માં બેઠા હતા, નહીં તો આગળ પાછળ ટ્રેનો નાયગરા પુગતે તો અ-મસ્થોગભરાટ થતે કે અમારામાંનો એકજણ પાછળ રહી ગયો. અમા-રી સાથવાળાઓને. એક ગાડીમાં સુવાની "બર્થ" મળી ન હતી તેથી જુદી જુદી ગાડીમાં (પણ એકજ ટ્રેનમાં) સુવું પડયું હતું. અમે આજે સવારે નાયગરા પુગ્યા ત્યારે અમારી ગાડી સાથે અમારા કોથ-લા તથા બીંછાણા લાવેલા અમે મુકી આવ્યાથી તે ગાડીમાં રહી ગયાં હતાં પણ તે પાછળથી આવશે કરી અમો જે હોટલમાં ઉતર્યા તે હોટલવાળાને તેની રસીદ જે એક લોખંડની નંબર સાથની ટીકીટ હોય છે તે આપ્યાથી તેને બધું નકી કરી અમોને કોઈબી મેહેનતમાં નાખ્યા વગર હોટલમાં પોંહોંચાડી આપ્યાં હતાં. અમો જે હોટલમાં ઊતર્યા તે ઈંગ્રેજી કેનેડાની સલતનતમાં હોવાથી કસ્ટમ હાઉસવાળાઓ અમારો સામાન તપાસવા હોટલમાં આવ્યા હતા, પણ અમોએ કપડાંજ પેહેર-વાનાં છે કરી કહ્યાથી કોથલાઓ ઊંઘાડયા વગર પસાર કીધા હતા. અ-મારાવાલું હોટલ નાયગરાના ધોતની બરાબર સામે હોવાથી એ ધોતો ઘણા સરસ રીતે અમો જોઈ શકતા હતાં, અમો હોટલવાળાનીજ ગાડી લઇને બધે ફરવા સારૂં નિકળ્યા હતા. એ નાયગરા નામની નદી ઘણી નાની છે ને લેક ઓનટેરીઓ (Lake Ontario) અને લેક એરી (Lake Erie) ની વચમાં આવી બંધેને જોડે છે એ લેક ઇરાઈમાંથી શરૂ થાય છે જ્યાંથી તે પોણો માઇલ પોહોળી અને ૪૦ થી ૬૦ ફીટ ઊંડી જેટલી બહાર પડે છે ને ૩૬ માઇલ સુધી જઇને લેક એરીમાં પડે છે. પણ તેની આગમજ ૨૨ માઇલ દુર યાને ઓનટેરીઓથી ૧૪ માઇલ ગયા

પછી એનો મોટો ધોત જે દુનિયામાં વખણાયલો છે તે ઉપરથી નીચે પડે છે. એ નાયગરા નદી કોઇગમ સાતથી આઠ માઇલ જેટલી પોહોળી થાય છે ને તેમાં ઘણા ટાપુઓ આવેલા છે જેમાંનુ એક ગ્રાંડ આયલંડને નામે ઓળખાય છે. તે ૧૨ માઇલ લાંબુ ને સાત માઇલ પોહોળું (આપણા મુંબઇના ટાપુ કરતાં મોટું) છે. હવે એ પાણીનો ધોત પડે છે તે કાંઈ ઉપર લખેલા એખલા એરી સરોવરના પાણીનો નથી, પણ તે સરોવરમાં બીજા ત્રણ સરોવરો (Lakes Superior, Michigan and Horon) ના પાણી ઉપલા લેક એરીમાં થઇને એ રસ્તે બહાર પડે છે તેથી પાણી ઘણું જોરમાં તથા જથ્થાબંધ આવે છે ને તે પાણી જ્યારે એ ૧૬૦ ફીટ ઊંચા ધોત થઈને પડે છે ત્યારે તેનો અવાજ ગાઇડ બુકના કહેવા મુજબ સારી હવા હોય છે તો ૧૫ માઇલ સુધી સંભળાય છે. એ નાયગરા નદી અમેરિકા તથા કેનેડાની વચમાં હદ દાખલ ગણાય છે ને એના બે મોટા ધોત છુટા છુટા થોડે છેટે પડે છે. તેમાંનો એક અમેરિકાની હદમાં અને બીજો જે નાલરોકો છે તે કેનેડા (ઇંગ્રેજી) ની હદમાં આવેલો છે. એ ધોતોની વચમાં એક ગોટ (Goat) આયલંડ કરી ટાપુ આવ્યું છે જે આસરે ૭૫ એકર જેટલી જમીન રોકે છે અને નદીને બે ભાગમાં એ ધોતોની આગળ વેંહેંચી નાખી છુટી પાડે છે. એ ધોતોમાંનો અમેરિકન ધોત જે સરખો એક લીટીમાં પડે છે તે ૧૨૦૦ ફીટ પોહોળો અને ૧૬૩ ફીટ ઊંચો છે. કેનેડયન હદનો ઘોડાની નાલરોકો પડતો ધોત ૨૪૦૦ ફીટ પોહોળો અને ૧૫૮ ફીટ ઊંચો છે અને એ ધોતોમાંથી ગણુતી મુજબ દશ કરોડ ટન પાણી એક કલાકમાં પડે છે. એ પાણીનો જોર (Rapids) ધોતોથી એક માઇલ ઉપરથી શરૂ થાય છે અને ધોત આગળ આવ્યા આગમજ તેને ૫૭ ફીટનો ઢળાવ મળવાથી તે ઘણું જોરમાં કલાકના ૨૪ માઇલને હિસાબે દોડતું આવી ધોત થઇને એકદમ પડે છે અને તેથી કરીને તેનું પાણી નીચાણમાં જાણે ઉકલતું હોય તેમ તેમાં કકરા પડે છે અને તેના છાંટા (Spray)થી જાણે બાફ ઉડતો હોય તેમ આસપાસની હવા ભરાઇ જાય છે અને અમોએ તે છાંટાઓ જાણે ધુમાડો ઉડ-



નાયાગારાના ધોત.

તો હોય તેમ ઊડતા છેક નીચાનમાંનાં વાદળાંઓ સુધી જતા જોયા હ-તા. તેઓ નીચાણમાં ઘણા જાડા અને જાણે રૂનાં પોહોર્યા હોય તેવા હોય છે પણ જેમ હવામાં ખડકને મથાલે આવે છે તેમ પાતળા ધુ-માડા જેવા થઇને આસમાન સુધી ઊંચે જઇ વાદળા જે નીચાણમાં હોય છે તેમાં ગોયા મળી જાય છે અને બાજુનો પવન હોય છે તેઆરે ગમે એટલા દુર ઉભા રહીને ધોત જોઇયે છીયે તોબી તેનાં છાંટા આ-પણને ભીનવે છે. અમોએ એ ધોતો બધી ગમથી ફરીને બરાબર જો-તાં આખો દિવસ ભાંજયો હતો. અમો પેહેલે (Rapids) જોરથી દો-ડતું પાણી જોવા ગયા હતા જે ધોતથી આસરે એક માઇલ દુર છે ને ત્યાં ધોતનું પાણી જોરથી આવીને ખાડા, ખડકો તથા સંકડાસને લીધે ઘણું જોરમાં દોડે છે ને તેથી કરીને બધું ફીનફીન થઇ જાય છે ને પાણી સામેના ખડકોપર અથડીને પાછું આવે છે જેને ઇંગ્રેજીમાં (Eddies) એડીસ કરી કહે છે. એ મુજબ ધોતપરનાં દોડતાં પાણીસાથે એ સામું એડીસનું પાણી મળે છે ત્યારે પાણીના મોટા મોજા માફક પાણી ઊંચકાય છે અથવા પાણીની અંદર ચકરડું પડીને વંટોલીયો (Whirl pool) થાય છે. એ બાજુપર વરસ ચારેકપર કપટાન વેબ કરીને એક અથંગ તરનારો એકતરથી બીજેતર તરવાંની શરત બકીને તરવા ગયો હતો. તેને બધાઓએ ના કહ્યું પણં તે સમજયો નહીં ને પોતાના તરવાના હુનરપર મુસ્તાક રહીને અંદર પડયો હતો અને પોતે પાણીના રેહો (Rapids)ની સાથે તરતો સામી બાજુએ ગયો પણ થોડો ગયો નહીં તેટલાં ધારવા મુજબ તે પાણીના રેહોમાં ધસડાઇને એક ખડક સાથ તેનું માથું અફડાવાથી તે દુબી ગયો હતો. એ મુજબ અમો નથી ધારતા કે કોઇબી શખ્સ આવા જોરાવર રેહો કે જે એક માઇલ પોહોળા પાણીનો ધોત ૫૦૦ ફીટમાંથી પસારથાય ને તે ધોત વળી ૧૬૦ ફીટ ઉપરથી પડીને પછી તેના જોર સાથે આટલો સાંકડો થાય તેમાં તરી શકે. ગમે તેવી મોટી સ્ટીમર પણ એમાં તરી એક નાકેથી બીજે નાકે જઇ શકે નહીં. એ બાજુપર જાણે પાણી ગરમ થઈને મોટા કકરાઓ ઉઠે તેમ પાણી જોસમાં ચહડતું હતું ને એકએક

સાથે મોજા માફક અથડતું હતું. એ રેહો જોવા સારૂ એક ઘર બાંધેલું છે જયાં ઇન્કલાઇન રેલવે .છેક ઉપરથી નીચે સુધી જવાની ઘણીજ ઢળાવવાલી જાણે ઊભીજ હોય તેવી બાંધી છે તેને પાણીથી ભરેલી ગાડીઓથી પોતાના ભારે નીચે એક ગાડી જાય તો નીચેની પાણી ખાલી કરી નાખેલી ગાડી ઉપર આવે તેવી રીતની ચલાવવાની કીધી છે તેમાં જોનારાઓને અરધો ડાલર લઇને બેસાડી છેક હેઠલ પાણીની સપાતીથી જરા ઉપરસુધી લઇ જાય છે જયાં પ્લાટફાર્મ કીધેલો છે તે પરથી ઉપલો લખેલો પાણીનો રેપીડસ બરાબર જોવાઇ શકાય છે. એ બાજુનું પાણી કલાકના ૨૪ માઇલને હીસાબે દોડે છે એવી ગણત્રી કાહાડેલી છે ને તે પાણીના અથડવાનો અવાજ દરિયાના મોટા મોજાઓ કરતાંબી ઘણો વધુ લાગે છે. કોઇ ગમ તો પાણી સામા સામી અથડવાથી પાછું ઊંચકાય છે ને ધોત માફક થઇને પાછું બીજી ગમ પડે છે.

ત્યાંથી નિકળેલા Great Whirlpool યાને મોટા વંટોલીયાવાલી જગ્યાપર ગયા હતા .જયાંબી ઉપર લખેલી વિગત પ્રમાણે પણ તેનેથી મોટા આકારમાં પાણી ચહડવાથી વંટોલીયાઓ થાય છે. એ જગ્યાપર જયાં પાણીનો નદીનો રોહ દોડે છે ત્યાં બરાબર સામે વધારે પોહોળી જગ્યામાં મોટા ખડક આવેલા છે તેની સાથે રોહનું પાણી જોરથી અથડીને તે પાછું હઠે છે ને બીજી ગમ જમીનની બાજુપર નદીને જવાનો માર્ગ છે ત્યાં પાણી દોડતું જાય છે. તેની સાથે પેલું ખડકથી અફલાયલું પાણી પાછું હઠી આવી અથડે છે ને ગોળને ગોળ તે પાણીને બાજુએ ખસાડી મુકવાથી ફરીને મોટો વંટોલીયો આસરે હજાર ફીટના ઘેરાવાનો થતો હશે, પણ ઊપરથી તેનું પાણી ઘણુ થોડું ખભરાયલું માલમ પડે છે. પણ અંદરથી તેનો વંટોલીયો ઘણો જોરમાં ફરે છે. ત્યાંથી નિકળીને એ નદી ઊપર ઝુલતો પુલ બાંધેલો છે તે તરફ ગયા હતા. હમણા એ પુલની પડોશમાં એક લોખંડનો તાર, નદીને એક નાકેથી બીજે નાકે આડો નાખે છે જે ઉપર આવતી કાલે કોઇ ચકમ અમેરિકન નાની સામાન ઘસડવાની

ત્રણ પઇડાંની ગાડી (Wheel Barrow) માં બેસીને પસાર થવાનો છે. જો તેવણ જરાબી ચુકયા યા બાલાંસ ખોહયો તો પાછા હેઠે ગમલા ઉપર આવવાની આશા નથી, કારણ કે પાણીના રોહોમાં ઘણુ જોર છે ને ધોધની ઘણે થોડે દુરથીજ એ જગ્યા આવેલી છે. એ જગ્યા પર અસલ (Blondin) બ્લોનડીન નામનો શખસ તારપર ચાલીને એક ગમથી બીજી ગમ જતો હતો ને તેમ ઘણી વખત તેણે ફતેહથી કામ કીધું હતું, પણ આખરે એક વખત દોરડું તુટાથી તેવણનો જાન ગયો હતો. બે ત્રણ વખત બીજા અમેરિકનો એક પીપમાં બેસીને એ રોહોમાંથી એક નાકેથી બીજે નાકે પસાર થયા છે ને તેઓને તેથી એવું તો ખમવું પડયું હતું કે ફરીથી તેમ કરવાની હિમત કરતા નથી. તે પીપે પાણીનાં વમલમાં ઘણાં જોરથી ચક્કર ખાધાં હતાં ને અંદરવાલો તદન તેથી ઘણો ગભરાટમાં પડતો હતો. ને બેશુધ થવાની નજદીકમાં આવતો હતો; પણ પોતે વાલવ (valve) રાખેલી તેથી ઊપરનો ભાગ કોઇ વખતે ઉઘાડી પોતાનું ડોકું જરા બાહાર કાહાડી તરત અંદર પાછું ખેંચી લેતો. તે મુજબ થોડા વખતમાં પીપ આગળ ધસડાઇ નદીને કિનારે ગયું ત્યારે નજદીક બેભાન હાલતમાં તેવણને બાહાર કાહાડયા હતા. એવી રીતે ખુદરતની સામે થવા વારા ફરતી ચકડોલો નિકળી આવે છે તેને ઇંહાંની સરકાર અટકાવે તો સારૂ થાય, બાકી એકબારગી પોતે માથે લીધેલાં કામમાં ફતેહબી થાય તેમાં તેને તથા બીજાઓને કશો ફાયદો થતો નથી. ત્યાંથી નિકળેલા ઇંહાંનું મ્યુઝીયમ જે ઇંગ્રેજી હદના હોરસ શુ ફોલની નજદીકમાં છે ત્યાં ગયા હતા, જયાં સારો સંગ્રહ જાનવરોનો રાખેલો છે, પણ નવાઇનું કાંઈ તેમાં જોવામાં આવ્યું નહીં હતું. અમો ત્યાંથી પાણીનો મોટો ધોધ જે પડે છે તેની હેઠલ જવા સારૂ અમારાં કપડાં ઉપર તારપાલીનના બીજાં કપડાં પેહેર્યા હતાં અને સાથે ગાઇડ લઇને હોર્સ શુ ફોલ જે સૌથી મોટો અને ગંજાવર દુનિયાનો ધોધ છે તેની હેઠલ ગયા હતા. ત્યાં જવા સારૂ એક લાંબા મીનારા જેવું ધર સીડીનું બાંધેલું છે, તેપરથી આસરે ૧૨૫ ફીટ નીચે ગયા હતા અને

ધોધ જે પડતો તેના ઢળાવ (curve) ની નીચે અમો ખડકને અથડતા અથડતા ગયા હતા. એ ધોધનો અવાજ કાનના બેહેર ફ્રાડી નાખે તેવો એ વખતે લાગતો હતો અને તેના છાંટા (Spray) અમારી ઊપર ઘણા જોસમાં પડતા હતા. અમો તે ધોધની બરાબર હેઠલ ઉભા રહીને અમારે માથેથી કાંઇબી અટકાવ વગર તેનું પાણી દોડીને આગળ ૧૦ ફીટ દુર પડતું હતું તે જોવાનું ઘણું સરસ લાગતું હતું. જાણે આપણે પાણીથી બનેલા એક ગુંબજમાં ઊભા છીયે અને ઉપર તથા સામે અને બાજુપર પાણીની દેવાલો તથા સીલીંગ બની ગઇ છે. જેમાંથી આસપાસનું એકબાજુ સિવાય બીજું કાંઇ દેખાતું હતું નહીં, પણ સુરજની રજાલ તથા ઊજરડુંજ દિસ્તું હતું. એ દેખાવ ઘણોજ જોવા લાયક છે ને આપણે જો કે ધોધની હેઠે ઉભા રહીયે છીયે પણ પાણી પોતાના જોરથી એટલું દુર બાહાર પડે છે કે તેની નીચે ઉભા રેહેનાર પર એક ટીપુંબી પાણી તેમાંથી પડતું નથી, પણ આસરે દશ યા વીશ ફીટ દુર પડે છે. ફ્રકત પાણીના છાંટા પવનના જોરથી યા પાણી જમીનપર પડે તેના ઉછાલાથી ઊડતા અમોને તદન ભીણવી નાખતા હતા પણ અમોને તારપાલીનના કપડાં માથાથી પગ સુધીનાં પેહેરાવેલાં તેથી અમારૂં આંગ યા કપડાં તદન સુકાં રહેલાં હતાં. એ કપડાં પેહેરયાથી અમારો દેખાવ જાણે લેપલેંડના રહેવાસીઓ એસકવીમો (Esquimaux) આવે છે તેવો લાગતો હતો. અમો એ મુજબ પાણીના ધોધની હેઠલ થોડોવાર ઉભા રહીને પાછા ઊપર આવ્યા હતા ત્યાંથી પાછા હોટલમાં આવી લંચ (ઇંહાં તો બપોરના ખાણાને ડીનર કહે છે તેજ મુજબ ભરપુર ખાણું આપે છે તે) લેઇને પાછા નિકળેલા પુલો વારાફ્રરતી પસાર કરીને એ બે મોટા ધોધોની વચમાં જે ગોટ આયલંડ કરી જગ્યા છે ત્યાં ગયા હતા. જયાં પેહેલાં અમેરિકન બાજુના પડતા ધોધની ઊપરની બાજુપર ગયા હતા ને નદી ત્યાંથી દોડતી જઇ નીચે પડે છે તેનો ધોધ જોયો હતો. જે વખતે ત્યાંબી બે ફ્રાંટા નદીના થઇને ધોધ ૧૨૦૦ ફીટની પોહોળાઇનો ૧૬૩ ફીટ નીચાણમાં પડે છે. તેનો અવાજ જાણે વાદળ ગગડતું

હોય યા ગંજાવર મીલો ચાલતી હોય તેવો ત્યાંથી સંભળાતો હતો ને દેખાવ ઘણોજ સરસ લાગતો હતો. નીચાણમાં જોઈયે તો પાણી જમીનપર પડતું દીસે નહીં, પણ તે ઉછલીને તેના છાંટાથી જાણે રૂના પોહોલ્યાં બની બધે હવા ભરી નાખી હોય તેવું લાગતું હતું એટલા જોરથી પાણીના છાંટા પાછા ઊપર સુધી ઉડતા હતા. ઇહાં જુદી જુદી જગ્યા પરથી જુદા જુદા દેખાવો ધોધના દીસ્તા હતા. ત્યાંથી આગળ વધીને પછી નાલરેકો ધોધ (Horse shoe fall) જે સૌથી મોટો છે તેનો ધોધ ૨૪૦૦ ફીટ પોહોળો નીચે ૧૫૮ ફીટ સુધી પડે છે તેને ઉપરથી જોયો હતો. એ તરફનો નદીનો ભાગ જાણે બધો ફીણનો બનેલો હોય તેમ હતો અને પાણી એટલાં તો જોરમાં આવતાં હતાં કે તેના ડુંગર જેવા મોજા થતા હતા અને તેવાજ જોરમાં હેઠાણમાં ધોધ થઇને પડતું હતું અને તેના છાંટા (Spray) અમે આગળ લખ્યું છે તેમ છેક વાદળાં સુધી ઊંચે જતા હતા. અમો કોઈબી રીતે એ ગંજાવર ધોધોની તારીફ કરી શકતા નથી અને માણસ જયારે એને નજરે જોય ત્યારેજ તેની ખુબી માલમ પડે છે કે નાયગરાના દુનિયાના વખણાયલા ધોધ તે શું છે. અમો ત્યાંથી નિકળી ધી થ્રી સીસ્ટર્સ આયલંડ (The Three Sisters' Island) જોવા ગયા હતા. એ ત્રણ નાના ટાપુઓ ધોધની જરા ઊપરથી નદીના ફાંટાથી બન્યા છે અને તેઓને ત્રણ પુલોથી જોડેલા છે જયાંથી નદીનું દોડતું પાણી ધોધમાં પડવાની જરા આગમજથી ઘણું સરસ દીસે છે. ત્યાંથી નિકળેલા જરા આગળ વધતાં નદી ઇહાં જે એકથી સવા માઇલ પોહોળી થાય છે તે જોઇ હતી અને પછી પાર્કમાં ફરીને હોટલમાં આવ્યા હતા. પાર્કમાં કાંઈ ઘણું જોવા લાયક નથી, ફકત ઝાડો મોટાં રોપેલાં છે. અમો જયારે એ ધોધની વચમાં ગોટ આયલંડ ઉપર હતા ત્યારે સુરજની રેજાલ તે ધોધ ઉપર પડતી હત્તી, જેને લીધે વરસાદની કમાન માફક ત્યાં થઈ આવી હતી જે ઘણી જોવા લાયક હતી. એ ઉપલા બે ધોધોની જરા આગળ એક મીલ અનાજ દળવાની ઊભી કીધી છે જે ઘણી મોટી છે અને તદન પાણીના જોરથીજ ચલાવે છે ને બાકીનું

પાણી કાહાડી નાખે છે તેના અઢાર નાના નાના ધોધો થઈને પડે છે તે મજેના લાગે છે. ઉપલા બે ધોધોની બાજુથી એક નાની સ્ટીમર આખો વખત લોકોને લાવ લઈજાવ કરી તે ધોધોની સામે દુરથી ઉભી રહીને બતાવે છે ને એવી રીતે સ્ટીમર ચલાવે છે કે પાણીના રેહોથી દુર રાખ્યાથી તેને કશી અડચણ થતી નથી. જો કે આપણને જાણે હમણાં તે રેહોમાં ધસડાઇ જશે એમ લાગે છે. નાયગરાના ધોધ જોવા બીન ગણત્રીનું લોક રોજનું જુદી જુદી ગમથી આવે છે ને આખો વખત બધે જોનારાઓનાં ટોળાં મળે છે.

તા૦ ૧૩ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સવારનાં પોહોરમાં ઉઠીને પાછો ધોધ હોટલપરથીજ જોયો હતો. જે વખતનો દેખાવ પરોધીયાંને લીધે મજાનો લાગતો હતો ને પાણીના છાંટા (sprays) જાણે વરાલ છુટતી હોય તેવા સફેદ અને જાડા લાગતા હતા. ધોધનાં પાણીનો અરધો ભાગ જાણે લીલાં પાંનાં જેવો લાગતો હતો અને જુદાજ દેખાવ જેવું લાગતું હતું. જો અમોથી બનતે તો ઇંહાં એક અઠવાડિયું રહીને એ ધોધો જોયા કરતે પણ ધરાતે નહીં. આખરે દલગીરીથી એ જગ્યા અમોએ છોડી હતી. અમો આગની ગાડીમાં બેસીને નાયગરા ધોધથી સવારના ૯ વાગે નિકળેલા ૧૫ માઇલ દુર પોર્ટ ડેલાઉઝી કરીને લેક ઓનટેરીઓને કિનારે એક નાનું ગામ છે ત્યાં ઊતર્યા ને ત્યાંથી એમપ્રેસ ઓવ ઇંડિયા સ્ટીમશીપ લાઈનની સ્ટીમર "એમપ્રેસ ઓવ ઇંડયા" માં કલાક ૧૦ વાગે બેઠા તે લેક ઓનટેરીઓને પસાર કરીને ટોરાંનટો કરીને કેનેડાંની હદનું ગામ છે ત્યાં કલાક ૧૧ા વાગે ઉતર્યા હતા. લેક ઓનટેરીઓ પસાર કરતી વખતે જરા તેના પાણીમાં ઉછાલો હોવાથી સ્ટીમર થોડી થોડી ડોલતી હતી તેથી થોડાક ઉતારૂઓ માંદા થયા હતા અને અમોને પણ થોડા ફેર આવ્યા હતા. એ સરોવર લંબાઇમાં ૧૮૦ માઈલ અને સરાસરી પોહોળાઇ ૪૦ માઇલનો કહેવાય છે. એનો વિસ્તાર જુમલે ૬૩૦૦ ચોરસ માઇલનો છે એવો મોટો એ સરોવર છે. ટોરાંનટોનું શેહેર ઇંગ્રેજી

હદ કેનેડાના સ્વાધીનમાં છે અને ઓનટેરીઓ જીલ્લાનું મુખ્ય શેહેર ગણાય છે. અમોને વખત નહીં હોવાથી તે અંદરથી જોઇ શકયા હતા નહીં, પણ ત્યાંથી પાછા રીકેલો એન્ડ ઓનટેરીઓ નેવીગેશન કમપનીની સ્ટીમર "કારીનઠીયનમાં" બેઠા હતા અને તે બે વાગતે હંકારી હતી. એ શેહેરની વસ્તી સને ૧૮૩૨માં ૨૮૦૦ માણસોની હતી તે સને ૧૮૮૧ નાં સેનસસ પ્રમાણે ૮૬૪૪૫ ની થઇ છે એટલું જલદી એ શેહેર વસી ગયું છે. એ શેહેરમાં ઇમારતો સારી દીસતી હતી ને અમારી સ્ટીમર લેક ઓનટેરીઓપર એને કિનારેથી જતી હતી તેથી શેહેરનો દેખાવ જોઈ શકયા હતા. પોર્ટ હેમીલટનથી એ શેહેરમાં આવ્યા તે આ સરોવરને રસ્તે ૩૫ માઇલ દુર હતું. અમારી સ્ટીમર હવે કિનારેથી ચાલતી હતી તેથી જોવાનો દેખાવ સારો મળતો હતો. એક ગમ કિનારો બધો લીલોતરીનાં ઘાસથી ભરેલો હતો ને બીજી ગમ સરોવર જાણે મોટો સમુદ્ર હોય તેમ જયાં નજર કરીયે ત્યાં પાણી અને આસ્માન દીસતું હતું. આજની આખી રાત સ્ટીમરપર એ સરોવર પસાર કરવામાં ગુજારી હતી ને સ્ટીમર મજેહની થંબ ચાલતી હતી. સ્ટીમરમાં આસરે ૫૦ કેબીનો છે ને સારી મજેની શણગારેલી છે, પણ ઉતારૂઓ ઘણા હોવાથી એ બધી કેબીનો જેમાં ૧૦૦ બીછાણાં હશે તે ભરાઈ ગઈ ને બીજા ઉતારૂઓને બાહર કોચોપર સુવું પડયું હતું. અમો જેવા સ્ટીમરપર ગયા, તેવીજ કેબીન રોકયાથી બે બઈની એક કેબીન બે ડાલર વધારે આપીને લીધી હતી.

તા૦ ૧૪ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સવારના ઉઠયા ત્યારે ઈહાંની વખણાયલી નદી સેંટ લારન્સમાં ચાલુ થઇ ચુકા હતા. એ નદી કેપ વીનસેંટ નામની જગ્યા છે ત્યાંથી શરૂ થાય છે. એ સેંટ લારેન્સ રીવર છેક મોનટ્રીયલ સુધી જાય છે અને તેમાં કીંગસ્ટન કરી ગામ જે ઉપલા ગામથી ૧૮૨ માઇલ દુર છે ત્યાંથી ઘણી જોવા લાયક છે. ઈહાં નદી ઘણી પોહોળી થાય છે અને તેમાં વગર ગણત્રીના (૧૮૦૦ને આસરે) નાના મોટા ટાપુઓ વીખરાઈ ગયલા છે

અને તે ૫૦ માઇલ સુધી મલે છે જેઓ બધાપર ઝાડ પાન ઉગેલાં છે અને કોઇ કોઇપર નાના બંગલાઓ તથા બાગો કીધા છે. કોઇ ટાપુ થોડા વારનુંજ બનેલું અને કોઇ એકરો જમીન રોકે છે. તેઓ જાણે નદીમાં ઝવેરાતનાં નંગો જડયાં હોય તેમ છુટાં છુટાં આનીગમ પેલીગમ જયાં નજર કરીયે ત્યાં દીસે છે અને આપણી સ્ટીમરની સામે જાણે જમીન હોય તેમ દુર દીસે છે પણ આગળ વધ્યા ને જરા વલાંણુ લીધી કે વળી નદી આગળ દેખાવા માડે છે અને તે દુરથી પાછી નદી ખતમ થઇ હોય તેમ લાગે છે. એ મુજબ તે બાજુ ઉપર આવ્યા કે વળી એક ફાંટો નદીનો નિકળી આવી એક મોટો સરોવર નજરે પડે છે જેમાં પણ નાના મોટા ટાપુઓ ઝાડ પાનથી ભરેલા દીસે છે અને કિનારાઓ ઉપર વારાફરતી નાના મોટાં શેહેરો તથા ગામડાંઓ મળે છે. કોઇ ગમ ટાપુઓ એટલા તો નજદીક આવે છે કે તેઓની વચમાંથી સ્ટીમર પસાર થાય છે ત્યારે બેઉ ગમના ટાપુ ઊપર પથ્થર ફેંકી શકીયે એટલા નજદીક આવે છે. કોઇ ટાપુઓ ઉપર કલબો ઇંગ્રેજોની ઉઘાડેલી છે, કોઈપર અમેરિકનના મઝા મારવાના મુકામો તથા રહેવાના બંગલાઓ બાંધેલા હોય છે અને કોઇ ખાલી ઝાડ પાનથી ભરેલા હોય છે. સ્ટીમર ઉપરથી એ બધાનો દેખાવ જેમ કેલીયોડોસકોપ (Caliodoscope) માં બદલાય છે તેમ બદલાતો હતો અને એક એકથી સરસ દેખાતા હતા. એ પ્રમાણેના ટાપુઓથી ભરેલી નદી દુનિયામાં બીજે કેથે નથી અને ઘણીજ જોવા લાયક છે. એ નદી અમેરિકા અને કેનેડાની વચમાંની હદ છે તેની ઉતર બાજુપર કેનેડીયન ડુમીનીયન અને દક્ષિણે (અમો ઉગમણ તરફ જઇયે છીયે) અમેરિકન સ્ટેટસની જગ્યા છે. તેઓના વારાફરતી બેઉ બાજુપર શેહેરો આવે છે તેઓની ઉપર પોતાના વાવટાઓની નિશાણો ઉડે છે. તે નદીની વચમાંના ટાપુઓ પણ એ મુજબ વેંહેંચી લીધા હોય તેમ એક ટાપુપર ઇંગ્રેજી તો બીજા ટાપુપર અમેરિકન વાવટાઓ દીસે છે. એ મુજબ બેકવીલ કરીને ઇંગ્રેજી કેનેડયન હદનાં ગામ સુધી આવ્યાં ત્યાં સુધી સરોવરો તથા ટાપુઓ મળ્યા હતા અને પછી બધી નદી મળી

હતી. બધા મળીને એટલા ૫૦ માઇલમાં ૧૮૦૦ ઊપર ટાપુઓ આ-
વેલા છે એમ કહે છે. એ ટાપુઓ પસાર કીધા પછી (Long Sault)
લાંગ સોલ્ટ કરીને પાણીનો રોહો આવે છે ત્યાં આવી પુગ્યા. એ
જગ્યાપર સરોવર જેવી નદી થઇને પછી એક નાની ખાડીમાંથી
આગળ વધે છે તેથી બધાં પાણીને અંદર એકદમ જગ્યા ખુલાસાથી
મળતી નથી અને વળી સાંમે પાહડી જગ્યા આવે છે તેથી પાણી તે
ખાડીમાં જતી વખતે સંકડાઇને આસપાસથી ઉચકાઇ ઊંચુ થઇ વચ-
માં ખાડો પડી જાય છે, કારણ કે વલાણ તે વખતે નદી લે છે તેના
પાણીનું જોર તે વખતે બાજુઓપર ઘણું જાય છે તેથી બેઉ તરફથી
ઊંચકાય છે અને વળી સામે પાહડી જગ્યા આવ્યાથી વચમાંનું પાણી
તેની સાથે અથડીને તેના જોરથી પાછું ફરે છે એટલે આમન સામન
નદી દોડતી હોય તેમ લાગે છે અને તેઓના પાણી અથડવાથી જાણે
કે તોફાન થતું હોય તેમ પાણી જોસમાં આવી કકરા પડતા હોય
છે તેમ દીલે છે. એ વખતે બોટ ઉપરના સુકાનપર ચાર માણસો
ઉભાં રહે છે, નહીં તો એક જણથી સુકાન ફેરવી શકાતું નથી એટલું
જોર પાણીમાં ત્યાં આવે છે ને વળી ત્યાંનો પાઇલટ તેઓને શી
રીતે હંકારવું તે બતાવે છે તેથી પાણીના આવતા મોજા તથા
રોહોમાં તેઓને તપાસીને રોહોની સાથે બોટ ચલાવે છે. રોહોની
સાથે નહીં ચલાવે તો આડા મોજાથી આગબોટ ઊંધી વળી
જયા વગર રેહે નહીં. એવી રીતના રોહો એ નદીમાં આગળ
ચાલતાં અમોને ચાર ઉપર મળ્યા હતા. એ રોહો કલાકના વીશ
માઈલને હિસાબે દોડે છે તેથી તેમાં આવે ત્યારે સ્ટીમર ઇનજીન
ચાલતું બંધ કરે છે ને પાણીનાં રોહોની સાથેજ ધસડાઇને ચાલે
છે. એ વખતે અમારી સ્ટીમર પાણીની વચમાં ચાલે ત્યાં પાણી-
માં ખાડો પડી ગયો હોય તેમ હોય છે ને આસપાસનાં પાણી
અમારી સ્ટીમરવાળા પાણીથી ત્રણ ચાર ફીટ ઊંચાં રહે છે, ને જાણે
હમણાં તેઓ સ્ટીમરપર દોડી આવે તેમ લાગે છે પણ વચમાંનો રોહો
એટલો જોરથી જાય છે કે તેઓને પડવા દેતો નથી ને તે બેઉ ગમ-

નાં પાણી ઊંચાંણમાંજ ચાલે છે ને વચમાંનાં ખાડામાંથી સઘળું પાણીનુંજ બની ચાલે છે તે ઘણું નવાઇ જેવું લાગે છે કે પાણી પોતાની સપાટી હમેશાં જાલવી શકે છે તેમ ઈહાં થતું નથી. એકગમ જયાં જોરાવર રોહો છે ત્યાં બે નદી તથા એક નાલું સાથે ત્રણ જુદી ગમથી આવી મળે છે ને તેનાં પાણીને જવાની જગ્યા ત્યાં નાની હોવાથી એજ મુજબ રોહો પણ ઘણો જોરાવર થાય છે ને ત્યાં તો પાણીનો નાનો જેવો ધોધ પડે છે તેની સાથેજ સ્ટીમર હેઠાંણમાં ઊતરે છે. તે વખતે આસપાસનાં પાણી જોવા લાયક રીતે જોસમાં ચહડે છે ને સ્ટીમર જાણે હમણાં આગળી તરફથી ઉઠલાઇ જાય તેમ ઉભી થાય છે ને બધા ઉતારૂઓને પકડીને ઉભા રહેવું પડે છે એટલા આંચકા સ્ટીમરમાં આવે છે. કોઇ વખતે તો પાણી એક ગમ ઊંચું હોવાથી બીજી ગમનાં નીચલાં પાણી તથા તેની અરોઅડ ચાલવાથી સ્ટીમર એકગમથી વાંકી વળી જાય છે તે વખતે કોઇ ઉતારૂઓ ખુરસી ઉપર ઉભા રહીને ભીડને લીધે મજાહ જોતા હોય છે અને કંઈ ચીજ પકડેલી નહીં હોય છે તો ઝીંકાઇ જાય છે ત્યારે મજાહ ઘણી પડે છે. દરરોજ એ પ્રમાણે ઘણી સ્ટીમરો એ રોહોથી પસાર થાય છે અને હજુર સુધી કોઇ અકસમાત થયો નથી તેથી લોકો તેની મજાહ જોવા રોહોથી પસાર થાય છે પણ એ ખુબી સઘળી પાઈલટોની છે જેઓ સઘળા રોહો, તથા મોજાઓ તપાસીને સ્ટીમર ચલાવે છે, નહીં તો જરા ચુકયા તો સ્ટીમર ઊંધી વલતાં કાંઇ વિલંબ લાગે નહીં. એક ગમ પાણીની વલાંણ જયાં બીજું નાલું મળે છે ત્યાં S ની માફક થાય છે તે ઘણું મજેહનું લાગે છે. અમોને મોનટ્રીયલ જયાં અમો જવા સ્ટીમરમાં નિકળયા હતા ત્યાં પુગવા આગમજ અહીંનાં જંગલી ઇન્ડીયનોનાં બે સંસ્થાન મળયાં હતાં જેઓ હજી કાંઇ ખેતીવાડી કરતા નથી પણ કેનેડીયન સરકારે તેઓને થોડા ટાપુઓ જુદા કાહાડી આપ્યા છે ત્યાં શેકાર કરીને રહે છે ને સરકાર તેઓને દર સાલ માણસ દીઠ કપડાં તથા ખોરાકીનો કાંઈ લવાજમ આપે છે. એ લોકોને અમે થોડા જણાને જોયા હતા જેઓ ઇંગ્રેજી પોશાક પેહેરે છે અને કાંઇ જંગલી

જેવા માલમ પડતા નથી. એ લોકોને દારૂ પીવાનો ઘણો ખરાબ લખ છે અને દારૂ સારૂં જેબી કહો તે કરવાને તૈયાર હોય છે અને દારૂ પીને છાકટા થાય છે ત્યારે જંગલી ખવાસ તેઓમાં પાછો ઉભરાઇ આવે છે અને સેટલરશોને (યુરોપીયન રહેવા આવેલાઓને સેટલર્સ કહે છે) મારફાડ કરે છે તેથી દારૂ તેઓને વેચવાનો હુકમ નથી. જો કોઈ વેચતાં પકડાયતો તેને દર બાટલી દીઠ ૪૦૦ ડાલરનો દંડ યા કેદખાનાની શીક્ષા વટીક થાય છે. અમારી સ્ટીમરે એ મુજબ ચાર પાંચ રોહો તથા સરોવરો મોટા મોટા પસાર કીધા હતા ને છેલ્લો સરોવર સેંટ લુઇસ પસાર કીધો કે મોનટ્રીયલ શેહેર દીસવા માંડયું હતું. એ શેહેરને બીજા કિનારા સાથે મેળવવા સારૂં સેંટ લોરન્સ નદી ઉપર બે પુલો નાખેલા છે જેમાંનો એક હમણાજ બંધાઇને તૈયાર થયો છે જે મોનટ્રીયલને "કાગનાવાગા" (Coughnawaga) નામનાં જંગલી ઇન્ડીન્સોના ગામ સાથે જોડે છે તેની હેઠલથી અમારી સ્ટીમર પસાર થઇને વળી બીજો રેલવેનો પુલ વિકટોરીયા નામનો છે. તેની પણ હેઠલથી પસાર થઇ હતી. એ છેલ્લો પુલ આગળનો બાંધેલો છે ને તેની તારીફ ઘણી થાય છે. તેપર ભુંગલાં રોકો રસ્તો બંધ રીતનો કીધો છે તેમાંથી આગનીગાડી પસાર થાય છે એ બે માઇલ લાંબો છે તેમાં નદીની ઉપરનો ભાગ સવા માઇલનો છે ને દુનિયામાં સૌથી મોટો પુલ એ કહેવાય છે અને ૨૪ થાંમલાઓ ઉપર એ નલીરોકો બાંધેલો છે તે ઉપર ૬૩ લાખ ડાલર ખરચ બેઠો હતો ને સને ૧૮૫૯ માં ઉઘાડયો હતો તેની ક્રિયા પ્રીન્સ ઓવ વેલ્સે ઇહાં ૧૮૬૦ માં આવ્યો હતો ત્યારે ધામધુમથી ફરીથી કીધી હતી. અમો રાતના ૭॥ વાગે ને કિનારે મોનટ્રીયલ (Montreal) જે કેનેડીયાનું મુખ્ય શેહેર ગણાય છે ત્યાં ઊતર્યા હતા. આજનો દિવસ ઘણોજ મજેહનો દંડો ગયો હતો ને જે દેખાવ અમોએ ટાપુઓના નદીમાં હજારો હજારનો જોયો હતો તથા રોહોનાં પાણીઓ જોયાં હતાં તે વીસરી શકાય નહીં તેવો સરસ હતો. અમોએ સેંટલોરેન્સ હોટલમાં ઊતારો લીધો હતો. રાતનું ખાણું ખાઇને ઇહાંનાં પાર્કમાં જો કે આજે આ

તવાર છે તોબી ત્યાં વાજું વાગતું હતું ત્યાં એક માઇલ દુર ફરવા ગયા હતા જ્યાં ઘણી મોટી ભીડ ઇહાંના લોકની ફરવા નિકળેલી મળી હતી. વાજું રીજમીટનું હતું ને પાર્કમાં બધે વિજળીની બતીથી ધોળા દિવસ જેવું ઊજરદું કીધેલું હતું જ્યાં અરધો કલાક ફરીને પાછા આવ્યા હતા.

તા૦ ૧૫ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે મોનટ્રીયલ શેહેરની જુદી જુદી જોવા લાયક જગ્યાઓ જોઈ આવ્યા હતા. પેહેલાં ઇહાંનું અસલનું ફ્રેંચ લોકનું બાંધેલું નોત્રડેમ નામનું દેવળ જોવા ગયા હતા. એ દેવળ ઉત્તર અમેરિકામા સૌથી મોટું કહેવાય છે ને તેમાં ૧૦ હજાર માણસો બેસી શકે એટલી બેઠકો છે. એ ૨૬૦ ફીટ લાંબું અને ૧૪૦ ફીટ પોહોળું છે ને તેના બે મીનારા જે આગલી બાજુપર કીધા છે તે દરેક ૩૩૦ ફીટ ઊંચા છે. એમાંનો એક મીનારો જેપર લીફ્ટથી જવાય છે તેમાં ઘણો મોટો ઘાંટ મુકેલો છે જે ૩૦૦૦૦ રતલ વજનમાં છે. એ મીનારાંઓપરથી શેહેરનો દેખાવ ઘણો સારો દીસે છે. એની અંદરનો ભાગ બીજાં દેવળોની માફક "એલ્સ" તથા "નેવ"નો બાંધેલો છે. તેઓની વચમાંના થાંભળાઓ મજેહના નાના નાજુક આઠ આઠ થાંભળાને સાથે જોડીને કીધા હોય તેવા છે અને એ થાંભળા, દેવાલ, આરકાં, સઘળું ગીલીટ તથા રંગથી સારૂં શણગારેલું છે તેની સીલીંગ જે ઉંચી છે તે ઉપર વચમાં છાપડાંની અંદર ત્રણ મોટી ગોળ બારીઓ કાચની મુકી છે અને આસપાસની સીલીંગનો બીજો ભાગ તારાઓથી શણગારી તેને આસમાનના નમુનાનું બનાવ્યું છે. એનાં આલટર ઉપર—આરકાંઓ ગોખલા રોકાં કરીને તેમાં પુતળાંઓ મુકેલાં છે અને પુલપીટ એટલે ઉપદેશકનું ઉંચુ આસન પણ પુતળાંઓથી બધો શણગારેલો છે. આલટરની જમણી બાજુ ઉપર સેંટપીટરનું બ્રાન્ઝ ધાતુનું પુતળું રોમના સેંટપીટરના દેવળના જેવું મુકેલું છે, જેના પગને પણ ઇહિાં ત્યાંની માફક ચુમીથી ઘસી નાખ્યો છે. એ દેવળની અંદરના ભાગમાં બે માલ જેટલી અગાશીઓ કીધી

અને ત્યાંબી બેઠકો મુકેલીઓ છે. એનો બાહારનો ઓટલો ઘણાક મોટા થાંભળાઓથી કીધેલો છે અને મથાલે ત્રણ ગંજાવર પુતળાંઓ ક્રાઇસ્ટ તથા બીજા બે સેંટોનાં મુકેલાં છે. એ ઇમારત કાળા મજબુત પથ્થરની બાંધેલી છે અને અસલ કેનેડા ફ્રેંચ લોકોને હાથ હતું ત્યારનું એ દેવળ બાંધેલું છે, તે જોવા લાયક છે. ત્યાંથી નીકળેલા સીટી હોલ (ટાઉન હોલ) જોવા ગયા હતા. એ ઈહાં મ્યુનીસીપલ આફીસ દાખલ વપરાય છે અને બાહારથી તેનો ભપકો સારો લાગે છે. અંદરથી વચમાં લંબ ચોરસ ચોક કરીને તેને ફરત્તી પથ્થરના થાંભલાઓપર ગ્યાલરી કીધી છે, જેની આસપાસ આફીસોના ઓરડાઓ કરી લીધા છે. તેની સીડી ઘણી મજેની બેઉગમથી ઉપર જવાય તેવી કીધી છે અને ત્રણ માલની ઈમારત બાંધી છે પણ અંદરથી કાંઇ ઘણી જોવાલાયક નથી. ત્યાંથી નેલસનનું પુતળું જે એક થાંભલાપર મુકેલું છે તે જોઇને ફ્રેંચ લોકોનું એક બીજું દેવળ Notre Dame de Lourdes કરીને છે તે જોવા ગયા હતા. તેનો હોલ અંદરથી સામે ગોળ ગુંબજ મુકીને કીધો છે તેથી શોભે છે. એ ગુંબજની પાછળથી મથાલેથી રોશણી અંદર વરજીન મેરીનાં પુતળાં ઉપર પડતી કીધી છે, તેથી તે પુતળું દુરથી જાણે માણસ ખરૂં ઉભું હોય તેવું લાગે છે. એ સિવાય બીજું કાંઈ જોવા લાયક તેમાં હતું નહીં. પણ ત્યાં એ વખતે આરગીન વાગતી હતી, જે કોઇ ખરેખર હુશિયાર માણસ વજાડતો હતો અને એવી તો સરસ રીતે વજાડતો હતો કે ત્યાંથી ખસવા ગમતું હતું નહીં. ત્યાંથી નિકળેલા જેસુઇટ (Jesuits) નું દેવળ જોવા ગયા હતા એની બાહારની સીડીઓ આડી અતાડી જાણે ટેરેસીસ (terraces) ની કીધી હોય તેવી લાગતી હતી પણ અંદરથી કાંઈ ઘણું જોવા લાયક નથી. ત્યાંથી નિકળેલા પોસ્ટ આફીસ, કોર્ટ હાઉસ તથા જુદી જુદી બેંકોની હવેલીઓ બાહારથી જોતા જોતા શેહેરની બાહાર મોન્ટ રીયલ કરીને પાહાડ છે તે પર ગયા હતા. એ પાહાડના હેઠાણમાં પ્રોટેસટંટ લોકોની દાટવાની જગ્યા પેહેલાં આવે છે, જે જગ્યાપર ફુલ પાનના ક્યારાઓ તથા ઘાસનાં લોન્સો કરી શોભાવી છે ને તેમાં જાતજાતની

બનાવટની સંગેમરમર તથા પાલીશ કીધેલા ગ્રેનાઈટની ઘોરો મુકેલી હોવાથી શોભે છે. ત્યાંથી આગળ વધીને છેક પાહાડને મથાલે ગયા હતા, જ્યાંથી મોનટ્રીયલ શેહેરનો તથા આસપાસનો દેખાવ ઘણો સારો દેખાતો હતો. પાહાડની નીચે એ શેહેરની ઈમારતો તથા દેવળોના મીનારાઓ તથા મોહોલાના રસ્તાઓ સઘળું દેખાતું હતું ને શેહેરની ફરતી આવેલી લોરંસ તથા ઓટાવા નદીઓથી એને ટાપુ બનાવી દીધેલો હતો તેબી નજરે પડતું હતું તથા ગઇ કાલે અમે લેક સેંટ લુઇસમાંથી જે પાણીના રોહો પસાર કીધા હતા ત્યાં સુધીનો દેખાવ દીસતો હતો. એ સઘળું જોઈને પછી પાછા તે પાહાડ ઉપરના પાર્કમાં ફરીને હેઠાણમાં આવ્યા હતા. એ પાર્કમાં મોટાં ઝાડોના જંગલ કીધા છે તે સિવાય બીજું કશું નથી. હેઠાણમાં આવીને હમણા વિકટોરિયા સ્કવેરમાં સેંટપીટર નામનું દેવળ એજ નામના રોમના વખણાલયાં દેવળની ઢપ ઊપર બાંધે છે તે જોવા ગયા હતા. હજી સુધી તેનું ખોખુંજ તૈયાર થયું છે અને ગુંબજ પણ બાહારથી બંધાઇ ચુકો છે જે ૨૫૦ ફીટ ઊંચાઇમાં છે અને બાહારથી રોમના દેવળ સેંટપીટરને મળતું આવે છે, પણ કદે તેથી અરધો અરધ નાનું છે અને શણગાર કશો હજી કીધો નથી. ઈહાંની બીજી ઇમારતોમાં ગ્રે નનરી (Grey Nunery) તથા મઠો છે, પણ તેમાં કાંઈ અંદરથી દમ નહોવાથી અમો ગયા હતા નહીં, પણ બાહારથીજ જોઇ હતી તે મોટી સારી બાંધણીની ઇમારતો છે. તે સિવાય બીજું ઇહાંના બે પુલો રેલ્વેવાળાએ બાંધેલા છે. તે સિવાય કશુ જોવા લાયક ન હોવાથી અમોએ સાંજના આગની ગાડીમાં માઉન્ટરીયલ શેહેર છોડયું હતું. માઉન્ટ રીયલ શેહેરનુ નામ (Mount Real) બાદશાહી પાહાડ, ઉપરથી ફ્રેચ લોકોએ પાડેલું છે. તે કેનેડાનું મુખ્ય શેહેર ગણાય છે અને તે સૌથી વસ્તીવાલું તથા મોટું શેહેર છે. એની વસ્તી દોઢ લાખ માણસોની છે, તે એક ટાપુ છે અને ૩૦ માઇલ લાંબુ તથા ૧૦ માઇલ પોહોળાઇમાં છે અને એને ફરતી સેંટ લોરન્સ તથા ઓટાવા નદીઓ આવી છે. એ શેહેર ઘણું ફળવંત હોવાથી તેને કેનેડાના બાગના નામથી ઓળ-

ખે છે. એ શેહેરવાલી જગ્યા પેહેલ વેહેલી સને ૧૫૩૫ માં જેકવીશ કારટીઅર (Jacques Cartier) નામના ફ્રેંચમેને શોધી કહાડી હતી જયાં ઇરોક વાઇસ નામના ઇન્ડીયનોનું નાનું ગામ હતું. અને સને ૧૬૪૨ માં ફ્રેંચ લોકોએ વસાવ્યું હતું. સને ૧૭૫૯ માં ઈંગ્રેજોએ કેનેડા જીત્યું ત્યારે માન્ટરીયલ પણ તેઓને અસ્તક થયું હતું. તે વખતે તેમાં ૪૦૦૦ માણસોની વસ્તી હતી, જેમાંની થોડી ઇમારતો હજી સલામત છે ને ભોમિયાઓ બતાવે છે. જો કે એ શેહેર સમુદ્રથી ૮૦૦ માઈલ અંદર છે તોભી એની ઉપર આવેલી સેંટ લોરન્સ નદીથી મોટાં વાહાણો છેક તેના ડંકા સુધી આવી શકે છે ને ઇંહાં મોટો વેપાર ઇંગ્લાંડની સાથે ચાલે છે. ઊપલી નદી અહીં દોઢ માઈલ જેટલી પોહોળી છે. એ શેહેર ટેકડીઓ ઉપર બાંધેલું છે. તેના હેઠાણના ભાગમાં ફ્રેંચ લોકો જે અસલી રહેવાસીઓ છે તેઓ રહે છે. ને ઉપરના ભાગમાં પાછળથી રહેવા આવેલા ઇંગ્રેજો વસે છે પણ વસ્તીનો પોણો ભાગ ફ્રેંચ છે ને તેઓ હજી પોતાનીજ ભાષા બોલે છે ને સરકારી કામકાજ સર્વે ફ્રેંચ તથા ઇંગ્રેજી એ બેઊ બોલીઓમાં થાય છે. એ શેહેર કેનેડાના ડુમીનીયન સુધાં ઉતર અમેરિકા તરફ ફ્રાંસની "લેટીટયુડ" માં આવેલું છે તોબી અહીં અતિઘણી ઠંડી પડે છે. શીયાલાના દિવસોમાં ઠરમામીટર ઝીરોથી ૩૦ ડીગ્રી નીચે જાય છે, જેથી એને લગતી નદીઓ તથા સરોવર સઘળું બરફથી બંધાઇ જવાથી અકટોબરથી તે મે સુધી બધો વેહેવાર પાણીનો માર્ગનો બંધ થઇ જાય છે. નદીમાં પાંચ ફીટ જાડું આઇસ બંધાય છે અને ગાડી ઘોડાને બદલે સ્લેડજોથી કાંમ લેવું પડે છે. ઈહિં દર પાંચ વરસે કારનીવેલ નામનો તેહેવાર શીયાલાની રૂતુમાં પાલે છે તે વખ્તે બરફના મેહેલો તથા દેવળો બાંધે છે અને સઘળું બરફનું બનાવી તેમાં રોશણી કરે છે તેથી તે બીલોરના મેહેલ જેવાં ચલકે છે અને તેમાં માણસો જઇને મોજ મઝા કરે છે, અને તેને પીગલી જવાની તદન ધાસ્તી રેહેતી નથી એટલી સખત ઠંડી પડે છે. ખબર કાહાડતાં માલમ પડે છે કે ઈહિંથી પેલો વખણાયલો ગલ્ફ સ્ટીમ પસાર થતો નથી. એ કેનેડાનું સંસ્થાન ઇંગ્રેજ સરકારને તાબે છે અને તે ઘણું

મોટું છે, તેમાં ચાર મોટાં શેહેરો ઓટાવા, કુવીબેક અને મોન્ટોરીયલ તથા ટોરાંનટો આવેલાં છે, પણ પાયતખ્ત ઓટાવામાં રાખેલું છે, જો કે ત્યાંની વસ્તી સીતેર હજારની કહેવાય છે. કેનેડા નામનુંજ ઇંગ્રેજ સરકારને તાબે છે અને ત્યાં એક ગવરનર જેનરલ તેઓ મોકલવા સિવાય બીજો કશો હાકમીનો દાવો કરી શકતા નથી. એ લોકોની પોતાનીજ પાર્લામેંટ છે અને પોતે ધારાઓ બાંધી તથા કરો નાખી પોતેજ રૈયતનું રાજ હોય તેમ ચલાવે છે, અને ૯૫૭૫ સઘળી અમેરિકન્સોને મળતી આવે છે. ઈંહાં ઘરો (મોન્ટેરીયલના) નાં મોહોલાઓ ફ્રેંચ તથા ઇંગ્રેજોમાં વેંહેંચાઇ ગયલા છે અને તેમાં જાણે જુદાં સંસ્થાનો હોય તેમ તેઓ છુટા રહે છે, અને ઘરોની ૯૫ ફ્રાંસ તથા ઇંગ્લાંડને મળતી આવે છે અને જોકે ઘરો તથા મેહેલો ન્યુયોર્કના જેવા ઘણા મોટા અને શોભઇતા નથી તોબી ઇહાંના રસ્તાઓ ઇંગ્લાંડની માફક ઘણા સારા અને સફાઇદાર ન્યુયોર્કથી ઘણા સરસ રાખેલા છે. માણસોને ચાલવાની પગથીઓ લાકડાંના નાના ખુંટાઓ કરીને તે ઉપર પાટિયાં જડીને કીધેલી છે, જેથી નીચે ખાલી જગ્યા રહેવાથી અમો ધારીયે છીયે કે શીયાલાના દિવસોમાં તેપર ચાલવાને લોકોને સગવડ પડતી હશે. અમો એ શેહેર જોઇને સાંજનાં કલાક ૪ વાગેને મોન્ટરીયલ શેહેર છોડયું હતું અને આગની ગાડીમાં બેસીને પ્લાટસબર્ગ કરીને યુનાઈટેડ સ્ટેટસનું ગામ છે ત્યાં રાતનાં કલાક ૭—૩૦ મીનીટે પુગ્યા હતા અને રાતનાં Fonquet House નામના હોટલમાં ઊતારો લીધો હતો. એ ગામ નાનું છે અને કાંઇ જોવા લાયક નથી, પણ સહવારના ઇંહાંથી લેક શેમપ્લેપર સ્ટીમરમાં જવાના હોવાથી આજે રાતના રહેવું પડયું હતું.


તા૦ ૧૬ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સહવારના પ્લાટસબર્ગથી સ્ટીમર "વરમોંટ" માં બેઠા હતા અને લેક સેમપ્લે (Lake Champlou) તેમાં જોતા જતા પસાર કીધો હતો. એ લેક આસરે ૧૨૬ માઈલ લાંબો છે અને ૧/૮ થી ૧૪ માઇલ પોહોળો છે. અમે પસાર



શામ્પ્લે સરોવર.

કીધો તે ભાગ ઘણો પોહોળો ન હોવાથી તેની આસપાસનો કુદરતી દેખાવ ઘણો સારો દીસ્તો હતો જે જોવા લાયક છે. કિનારેની જમીન લીલોતરીથી ભરેલી સપાત હતી. તે ઉપર લીલું ઘાસ તથા અનાજ રોપેલો હતો અને તે સપાત જમીનની વચમાં નાની નાની ટેકડીઓ ખુદરતી છુટી છુટી નિકળી આવેલી હતી તેથી જાણે એક બાગમાં રોકવર્કસ માણસે પોતાના શોખ સારૂ બનાવ્યા હોય તેવો દેખાવ લાગતો હતો. એ દેખાવ ડાબી બાજુપરની જમીનનો હતો, પણ જમણી બાજુએ મોટા મોટા ડુંગરો પાણીમાંથી નિકળી આવ્યા હોય તેમ હતા અને તેઓ બધા મથાળા સુધી ઝાડોથી ભરપુર હતા અને સરોવરની વચમાં વારા ફરતી નાના તથા મોટા ટાપુઓ મળ્યા કરતા હતા. ટપ્પે ટપ્પે નાનાં તથા મોટાં ગામો આવતાં હતાં તેમાં બરલીંગટન કરીને મોટું ગામ હતું, જે વરમોટ પરગણાનું મુખ્ય શેહેર ગણાય છે. એ પ્રમાણે એ સરોવરપરનો દેખાવ જોતા જોતા કલાક ૧૨—૩૦ મીનીટે ટીકાનડેગાના કિલ્લાપર આવી કિનારે ઉતર્યા હતા. અમોએ જે સ્ટીમરમા એ લેક શેમપલે Champlou પસાર કીધો હતો તે જો કે જુની છે તોબી ઘણી સરસ બાંધેલી તથા શણગારેલી છે. એનું સેલુન આખી સ્ટીમરની લંબાઇનું તથા પોહોળાઇનું ઉપરના તુટક ઉપર કીધેલું છે અને તેને મઝેનું શણગારેલું છે તથા તેને ફરતી તથા તે એ છેડાપર અગાસીઓ કીધી છે જયાંથી લોકો બેસીને આસપાસનો દેખાવ મઝેથી જોઇ શકે છે. સ્ટીમરપર નાસ્તો તથા બપોરનું ખાણું જેને ડીનર ઇંહાં કહેછે તે એક ડાલર દીઠ મળતું હતું અને જગે જગ આઇસના પાણીથી ભરેલાં પાણીનાં ફીલટરો મુકયાં હતાં અને બધી રીતે એ સગવડવાલી સ્ટીમર હતી. અમો ટીકાનડેગા ઉતરીને ત્યાંથી લેક જોર્જપર જવા સારૂ આગની ગાડીમા બેસીને આસરે ૫ માઇલ જેટલી દુરની જગ્યાપર ગયા હતા. તે જગ્યાને (Baldwin) બાલડવીન કરીને કહે છે, જયાંથી લેક જોર્જમાં જવા સારૂ "હોરીકોન" નામની સ્ટીમરપર બેઠા હતા અને લેક જોર્જ પસાર કીધો હતો. એ સરોવર ઇંહાંના બીજા સરોવર કરતાં ઘણો નાનો

છે પણ તેના દેખાવની બરાબરી ઈંહાંના બીજા સરોવર કરી શકતા નથી. તે આસરે ૩૬ માઇલ લાંબો અને એકથી ચાર માઇલ પોહોળો છે. એનું અસલ નામ ઇંડીયનોએ હોરીકોન યાને રૂપેરી પાણી આપ્યું હતું. એનું પાણી ઘણુંજ નિર્મળ છે. એની હેઠાણમાં જે હવા સાફ હોય છે તો છેક નીચે સુધી કિનારેથી જોવાઈ શકાય છે. અમો થોડા આગળ વધ્યા નહીં તેટલાં વાદળ ઘેરાઇ આવીને જોરાવર વરસાદ પડવા લાગ્યો હતો અને આસપાસનો દેખાવ કશો દેખાયો નહીં, પણ થોડા વખ્તમાં તે પાછો ઊઘડી ગયો હતો. એ સરોવરની આસપાસ પેહેલાં મોટા મોટા પાહાડો બેથી અઢી હજાર ફીટ ઊંચા આવે છે તેથી તેઓનો છાયો પાણીમાં પડવાથી તથા સરોવર સાંકડો એ જગ્યાપર હોવાથી દેખાવ જુદીજ તરાહનો લાગતો હતો. અમોએ પેહેલાં રોજરસીસ કરીને પાહાડ પસાર કીધો હતો, એ જગ્યાં પર કપટાન રોજર્સ કરીને લશ્કરી અમલદાર હતો, તેની પાછળ જંગલી ઈન્ડીયનસો લાગ્યા હતા. તે નાહસ્તો નાહસ્તો આ પાહાડના મથાળાપર આવી લાગ્યો ને પોતે અક્કલ દોડાવીને પોતાના આઇસ પર ચાલવાનાં બુટ (snow shoes) કાહાડીને તે ઉંધા પેહેરી, પોતે પાછો બીજી ગમ ચોટે સુધી બીજા છેડા પર ગયો ને પછી ત્યાંથી એક ખાહી હતી તે-માં ઉતરી પડયો હતો ને જયારે ઇન્ડીયનસો ત્યાં આવ્યા ત્યારે પગલાં બધાં પેલાં મથાળાપર આવી અટકી પડેલાં દીઠાં તારે સમજ્યા કે એ જણાઓ એ જગ્યાપર આવી નીચે પડી ગયા હશે તેથી તેઓ પાછા ફર્યા હતા ને જયારે બીજી ગમ ગયા ત્યારે તે પ-હાડની હેઠાણમાં સરોવરના પાણી જે બંધાઇ આઇસ થઇ ગયલું હતું તેપર દુરથી તે મેજરને ચાલતો જોઇ સમજયાં કે એને કોઇ મોટા દેવતાએજ બંચાવ્યો હશે કરી તેની પુઠ મુકી હતી. તે દિવ-સથી એ પાહાડનું નામ (Rogers Slide) કરી આપ્યું હતું ને જયાંથી તે સરી પડી નીચે આવ્યો હતો તે ભાગ પથ્થરનો સફા-ઇદાર છે તે હજી બતાવે છે. વળી કેટલીએક ગમ આગળ ફ્રેંચ તથા ઇંગ્રેજ વચ્ચે અને ઇંગ્રેજ અને અમેરિકન વચ્ચે લડાઇઓ થઇ હતી



લેક જ્યોરજ.

તે જગ્યા તથા કિલ્લાઓની નિશાનીઓ એ ઉપલા બેઉ સરોવરો પર બતાવે છે. સરોવરની વચમાં ઘણા ખરા ભાગપર ટાપુઓ જાત જાતના આકારના નાના તથા વચગાલેની મોટાઇના મળતા હતા ને તે બધા પર ઘરો તથા બંગલાઓ બાંધેલા દેખાતા હતા ને કિનારે વળી મોટાં મોટાં હોટલો ટપ્પે ટપ્પે મળતાં હતાં, જેઓ સઘળાં તરેહ તરેહની બાંધણીનાં હોવાથી તથા તેઓના પડછાયા ઝાડપાન સાથે પાણીમાં પડવાથી તથા ટાપુઓના તરેહવાર આકારો (જાણે ઝાડો કાપીને તેના દડાઓ, મીનારાઓ ઇત્યાદી બનાવ્યું હોય તેવા ઝાડથી બનેલા આકારો એ ટાપુઓના હતા) ત્યાં મઝા કરવા નિકળી આવેલું ન્યુયોર્ક તથા બીજા ગામોનું લોક બોટોમાં ફરતું હોવાથી તથા કિનારે ઉભા રહી અમારી સ્ટીમરના ઊતારૂઓને ચીઅરસો આપવાથી ને ફરતા બંધે મોટા પાહાડો આવ્યાથી જાણે અમો લોકો કોઇ મઝા કરવાના બાગના તલાવમાં ફરતા હોઇયે તેવું લાગતું હતું. વળી એક ગામથી ત્યાંની ઉદયોગશાળાના છોકરાઓ અમારી સ્ટીમરમાં બેઠા હતા. તેઓ સાથે પોતાનું વાજું લાવેલા તે વજાડે તથા છોકરાઓ ગાય તથા કોઇ પીઆનો વજાડે તેનાં મીઠા શરોદોથી તથા ઉતારૂઓથી સ્ટીમર ભરપુર હોવાથી તેઓની હસવાની વાતચીતની ગમતોથી જીવ ઘણોજ ખુશ થતો હતો. ખરેખર યુરોપ તથા અમેરિકાનાં લોકો શી રીતે મઝાહ કરવી તે પુરેપુરી સમજે છે. એ લેક જ્યોર્જ બધા સરોવરોમાં ખુબસુરત ગણાવાથી ઇંહાં લોક ઘણું ફરવા તથા હવા ખાવા સારૂ ઉતરી પડે છે અને વળી સરોવરમાં જાત જાતની માછલીઓનો શેકાર પણ લોકોને કરવાને મળવાથી બધાં હોટલો ભરેલાં રેહે છે તથા પૈસાદાર લોકો જુદા જુદા ટાપુઓના માલેક થઇને ત્યાં ઉનાલામાં રેહેવાની હવા ખાવાની જગ્યા બાંધેલી છે, તેઓ રોણકદાર બાંધણીનાં છે તથા ઉપર જવાની સીડીઓ તથા બાગોથી સઘળું શોભાયમાન લાગે છે. સરોવરમાં એ જગ્યા પર નજદીક નજદીક સંખ્યાબંધ ટાપુઓ આવે છે. તેના કિનારાને હંડેડ આયલંડ (Hundred Island) યાને સો ટાપુનું નામ આપેલું છે. ઇંહાંથી આપણી સ્ટીમર જાણે જમીનથી

ઘેરાઈ ગઇ હોય તેમ લાગે છે અને મુદલ રસ્તો દેખાતો નથી તથા ટાપુઓને આડી અતાડી સ્ટીમર ચલાવીને તેઓની ઘણીજ નજદીકથી પસાર કરવી પડે છે. જયાં કિનારે સ્ટીમર ગામોનાં ઉતારૂઓને લે ઉતાર કરવા ઊભી રાખે ત્યાંના પાણી ઘણાજ સાફ દેખાતાં હતાં અને નીચાણમાં જમીન પર પડેલા પથરા તથા સફેદ રેતી દેખાતી હતી. એ પ્રમાણે સઘળું જોતાં જોતાં એ સરોવરને છેડે કાલ્ડવાલ (Cald-wall) કરી ગામ છે ત્યાં કિનારે ઊતર્યા હતા અને ત્યાંથી આગની ગાડીમાં બેસીને સારાટોગા (Saratoga) નામનાં શેહેરમાં ઉતર્યા હતા. રાતનાં સવા છ વાગેને યુનાઈટેડ સ્ટેટ હોટલમાં ઉતારો લીધો હતો. એ સારાટોગા શેહેર ઊંચી જગ્યા પર આવ્યાથી ઉનાલાના દિવસોમાં તેમાં ખસુસ કરીને જુલાઇ તથા આગસ્ટમાં ન્યુયોર્ક, બોસ્ટન તથા બીજા મોટાં શેહેરોનાં ઘણાં લોકો એમાં ઝરાઓ આવેલા હોવાથી ~~આવી~~ તે પાણી પીવા પણ રહે છે. તેથી શેહેર પોતે જોકે નાનું છે પણ તેમાં આવી વખ્તે બીજાં વીશ હજાર માણસો આસરે રેહેવા આવે છે તેથી ઇહાં ગંજાવર હોટલો બાંધેલાં છે અને તે સઘળાંનો ઘણો મોટો ભાગ બ્રાડવે નામના મોહોલામાં આવેલો હોવાથી જાણે કે મોહોલો હોટલોનોજ હોય તેમ લાગે છે. અમો રાતના જમીને ગામમાં ફરવા નિકળ્યા હતા, જયાં બધા મોહોટાં હોટલોમાં તેઓના રાખેલાં વાજાંઓ વાગતાં હતાં અને લોકો નાચ કરતા હતા. કોનગ્રેસ નામનો પાર્ક જે એ મોહોલાને મથાળે આવેલો છે ત્યાં પણ રાતના ૮ ~~વાગાથી~~ ૧૦ વાગા સુધી ~~હરરોજ~~ વાજું વાગે છે તથા કોનસર્ટ થાયછે અને બધે વિજળીની બતીઓ કીધેલી હોવાથી લોકો ત્યાં બેસીને તે પાર્કમાં આવેલા દવાઇની ખસલતના ઝરાઓના પાણી જેમ રેસટરાંઓમાં દારૂ પીવા બેસે છે તેમ બેસીને પીએ છે.

મોહોલાઓમાં દુકાનો પણ સારી મોટાં શેહેરોને મળતી આવેલી છે તે ઊપર ખુબ રોશણી થાય છે તથા રસ્તાપર હોટલમાં રેહેનારાઓ ણે બા ગ માં ફરતા હોય તેમ ફરવા નિકળે છે તથા બધાં હોટલોના મોટા ઓટલાઓ લોકોથી ઊભાઇ જતા રેહે છે. તે સઘળો દેખાવ

એ ધ્યાડવે મોહોલામાં કાંઇ ઘણો સરસ લાગે છે. અમો એજ મોહોલામાં ફરતા ફરતા ટાઉન હાલ છે ત્યાં જઇ પુગ્યાં જયાં કાંઇ ખેલ થતો હતો તે જોવા ગયા હતા. એ ટાઉન હાલ માફ-ફસરનો છે અને તેની અંદરના નિચલા ભાગમાં નાટકશાળાનો તખ્તો કીધો છે જયાં ગાયણ તથા સરત અને હાથચાલાકીની તથા સોંગોની રમુજ થતી હતી તે જોઇ હતી. અમો ૧૧ વાગે પાછા હોટલમાં આવ્યા ત્યારે ત્યાંનું લોક એનાં મોટાં દીવાનખાનામાં જાણે એક મોટો બોલ હોય તેમ એકઠું થયલું અને કોઇ કોઇ ડેન્સ કરતું હતું, જેઓ સારૂં ઓરચેસટ્રાનું વાજું ઓટલા ઉપર બેસીને વજાડતું હતું. એ હોટલમાં ૧૨૦૦ ઉપર માણસો ઉતરેલું છે. તેઓ સઘળાં ભપકાદાર પોશાકમાંજ (બઇરાંઓ સાંજનો એસ્કી પોશાક તથા ઝવેરાતો પેહેરીને) ફરે છે તેથી તથા દીવાનખાનાંમાં બધું લોક ભરાઇ ગયલું હોવાથી દેખાવ ભપકાદાર લાગતો હતો. એ મુજબ દરરોજ રાતનાં હોટલમાં નાચ થાય છે અને વાજાંઓ રાતનાં તથા સહવારના એ હોટલના ચોકમાં વાગે છે. જયાં મજેનો બાગ કીધો છે અને ત્યાં બેંડસ્ટેન્ડ બાંધેલું છે તથા લોનટેનીસની તથા બીજી રમત ગમતની જગ્યાઓ બનાવેલી છે. અમારૂંવાલું હોટલ ઈંહાંના બીજા બધાં હોટલોમાં ઘણું મોટું અને સરસ ગણાય છે. તેમાં મોટા ડ્રોઈંગ રૂમસો તથા વાંચવા લખવાના ઓરડાઓ ઘણા સરસ શણગારેલા છે. ડ્રાઇંગરૂમ એટલો તો મોટો છે કે, તેમાં ચાર ચાર હાર બેઠકોની કીધી છે તોબી બોલ કરવાની જગ્યા વચમાં રહેછે અને એકી વખ્તે તેમાં ઓછામાં ઓછું ૫૦૦ માણસો બેસી શકે છે. એનો જમવા બેસવાનો ઓરડો પણ એજ મુજબ ઘણો મોટો છે જયાં ૫ હાર ટેબલની પોહોળાઈએ મંડાય છે અને આસરે ૭૦૦ ઉપર માણસો એકી વખ્તે ખાઇ શકે છે. હોટલની ઇમારતો બે માળની છે પણ તે ઘણી મોટી ત્રણ બાજુની જગ્યા રોકે છે અને તેની વચમાં મોટ ચોકમાં બાગ બનાવેલો છે, ફુવારાઓ ઉડે છે અને દરરોજનું વાજું પણ સાંજ વાગે છે, એ હોટલની તથા બીજાં ઇંહાં મોટાં હોટલોની

ઇમારતોને આગળથી તથા પાછળથી બેફ્રી અગાસીઓ કીધેલી હોયછે, અને તેની ઉપરના થાંભલા છેક છાપરાં સુધી ઊંચે લઇ જાય છે જેથી ભોંયતળિયું અને છાપરાંની વચમાં બધા માલો ખોલલા આવ્યાથી ત્યાં વરસાદ પાણી તથા તડકાનો બંચાવ થવા ઉપ્રાંત બધા માળના રહેનારાઓ રસ્તાનો દેખાવ જોઇ શકે છે. ઈહાં હોટલવાલાઓ માણસ દીઠ રોજનાં ૫ ડાલર માફકસર ઓરડાના તથા ખાનાપીનાના લે છે તેમાં સવારના ૬ થી ૧૦ વાગા સુધી નાસ્તો, ૧ થી ૫ વાગા સુધી ડીનર, ૬ થી ૭ વાગા સુધી ચાહે બીસકીટ અને રાતનાં ૮ થી ૧૧ વાગા સુધી સપર આપવાને ડાઈનીંગ રૂમ ખુલ્લો મુકે છે પછી તમારે ગમે ત્યારે ને ગમે તેટલી વખત આવીને ઉપર મુજબ જમી જાઓ.

તા૦ ૧૭ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સવારના અમો ઇહાં (સારાટોગા) ની જોવા લાયક જગ્યાઓ જોઇ આવ્યા હતા. પેહેલાં કોનગ્રેસ પાર્ક જે હોટેલની પડોશમાંજ છે તેમાં ગયા હતા જયાં અંદર જવાની ફી ૧૦) સેંટ લીયે છે. એ જગ્યાપર સવારના ૮ થી દશ અને રાતના પણ ૮ થી ૧૦ વાગા સુધી વાજાં વાગે છે ત્યાં કોઇ વખતે કોનસર્ટો પણ થાયછે પણ ઇહાં લોક કાંઇ તે જોવા આવતું નથી પણ ઈહાં ખુદરતી દવાઈ ખસલતના ઝરાઓ આવેલા છે તેનું પાણી પી તનદરોસ્તી મેળવવા આવેછે. અમો ત્યાંના દરવાજાની જમની બાજુપર (Hathorn) હેઠોર્ન નામના ઝરાપર ગયા હતા એ ઝરાઓ જમીનની ૩૦૦ યા વધતા ઓછા ઉંડાણ સુધી નળી મુકીને ઉપર લાવે છે. ઉપલો હેઠોર્ન ઝરો તે બધાઓમાં લોકો ઘણો પસંદ કરેછે તેને ૪૦ ફીટ ઊંડી નળી મુકીને ઉપર લાવેલા ને જેમાંથી ત્યાં જનારને ગમે એટલું પાણી પીવાની છુટ મુકીછે. એ પાણીમાં લોખંડ તથા સોડીયમ (Bicarbonate of Iron & Sodium) આવેલું છે તેથી ટોનીક દાખલ કામ આવે છે ને નબળાઇ થઇ હોય અથવા ભુખ નહીં લાગતી હોય તેને અસરકારક છે તેની હજારો બાતલીઓ એ પાણીની ભરાઈને દુનિયાના ભાગોમાં જાય

છે. એ ઉપલા નાલાંના ડાબા હાથપર આસરે ૧૦૦ વાર દુર બીજો એક ઝરો (Congress Spring) કોનગ્રેસ સ્પ્રીંગ નામનો આવેલો છે તેનો સવાદ જરા ખારાસ પર છે ને પીત (Billious) વાલા માણસને ફાયદો કરે છે. એ પાણીને ગરમ કરીને લોકો માગે તેને પીવા આપતા હતા. એમા ઝારો સાફ આવવાની ખુબી છે. ઇંહાં ઘણું લોક ટેબલો પર બેસીને આ પાણી આસ્તે આસ્તે વાતચીત કરતાં કરતાં પીતું હતું. એ જગ્યા અને પાર્કની વચમાં મોટો ફુંવારો છે તેની અંદર વાજાંનું સ્ટેડ બાંધેલું છે તે પર પુલોથી જવાય છે. બધે ઘાસનાં લોન્સો તથા ટેકડી ઉપર ટેરેસીસો કરી સંખ્યાબંધ ખુરશીઓ લોકો સારૂં ગોઠવી છે. અમો ગયા ત્યારે ત્યાં વાજું વાગતું હતું અને ઘણું લોક ફરવા આવેલું હતું. એ જોઈને પછી અમો ગાડીમાં (Wood Lawn) કરીને એક પાર્ક જેવી જગ્યા જડજ હડસન કરી શખ્સની છે તે જોવા ગયા હતા જે આસરે સવાથી દોઢ માઇલ કોનગ્રેસ પાર્કથી દુર છે. એ જગ્યા પર બધે ઘાસનાં લોન્સો કરી તેના કીયારાઓમાં છુટા છુટા સંગેમરમરનાં પુતળાઓ ગોઠવેલાં છે ને ટેરેસીસની માફક જગ્યા કીધી છે. એ પાર્કમાં ઝાડોબી ઘણાં રોપેલાં છે તથા બે બંગલા સારી બાંધણીના છે જેમાં જડજ હડસન તથા તેનો જમાઇ છુટા રહે છે. એ પાર્ક અસલ એક મી० સ્ટુઅર્ટ કરીને કરોડપતીનો હતો તે ધણીની ન્યુયોર્કમાં પરચુટણ સામાન કાપડ, ઝવેરાત, પુતળાં ઇત્યાદી વેચવાની દુકાન હતી. તે ધણીને ત્યાં ઊપલા મી० હડસન જે વકીલ હતો તે તેની મીલકતની દેખરેખ કરવા રેહેલો હતો. મી० સ્ટુઅર્ટ મરણ પામ્યો ત્યારે સઘળું પોતાની ઔરીને છોકરાં નહી હતાં તેથી આપી ગયો અને મી० હડસન તેણીની વટી પણ કામ ચલાવવા લાગ્યો હતો અને જયારે મીસીસ સટુઅર્ટ મરણ પામી ત્યારે સઘળી પોતાની ગંજાવર દોલત એ મી० હડસનને આપી ગઇ છે જે બાબે તેણીના વરનાં સગાંઓએ હાલ વાંધો કાહડયો છે અને કોર્ટે લડે છે. ઊપલો મી० હડસન હમણાં જડજ થયલો છે અને તેને મીસીસ સટુઅર્ટથી મલેલી

દોલત ઇંહાંના લોકોના બોલવા મુજબ ૧૭ કરોડ ડાલરની કહેવાય છે. એ ધણીની મીલકત ઘણી છે તેમાં સારાટોગામાંજ ગ્રાંડ યુનીયન હોટલ છે તેજ ફક્ત અમો ધારીયે છીયે કે ૫૦ લાખ રૂપિયાનું હશે, એવી ગંજાવર તેની ઈમારત છે. ન્યુયોર્કમાં એની દુકાન હતી તે હમણા કોઇ મી૦ ડેનીંગે લીધી છે, તે સૌથી મોટી ત્યાં ગણાય છે વાસ્તે તેમાં ઓછામાં ઓછા પાંચ છ કરોડ રૂપિયાનો માલ તથા તે ઇમારતની કિમ્મત હશે તેથી એની આવી મોટી દોલત હોય તો નવાઇ જેવું લાગતું નથી. ઉપલો ઊડ લોનનો પાર્ક ટેકડીપર આવ્યાથી તેની હેઠાંણમાંનો દેખાવ ઘણો સારો દીસે છે. અમો ત્યાંથી નીકળીને સારાટોગાથી આસરે બે માઇલ દુર (Geyser Spring) કરીને સારાટોગાના વખણાયલા ખુદરતી ઝરામાં સૌથી સરસ ઝરો છે તે જોવા ગયા હતા. એ ઝરો ઘણો જોરમાં જમીનની ઊપર ફુવારાની માફક આખો વખ્ત ઉડયા કરે છે. એ ઝરો ૩૦૦ ફીટ ઊંડી નલી જમીનમાં મુકી ત્યારે સને ૧૮૭૧ માં મળ્યો હતો. એને આખો દિવસ ઊડતો તથા થોડો ઘણો અટકાવી રાખે છે પણ સાંજ પછી છોડી મુકે છે ત્યારે ૯૦ ફીટ ઊંચો તે હવામાં ઉડે છે. એના પાણીમાં કારબોલીક એસીડ ગેસ ઘણી છે તેથી સોડાવાટરની માફક તેના પાણીમાં પરપોટા તથા જોસ આવે છે અને સોડાવાટરની માફક તેનું પાણી પરપોટાથી ચળકે છે. એ પાણી ખુફાના (રેતીના) દરદ, બદહજમી તથા નબળાઇની સુસતીપર ઘણું અસરકોરક છે.

એ પાણી પણ બાટલીઓમાં ભરીને તેના બાક્ષો દેશદેશ મોકલેછે. ત્યાંથી જરા તેની નજદીકમાં (Carlsbad Water) કાર્લસબાદ વોટર સ્પ્રીન્ગ છે તે જોવા ગયાં હતા. એનું પાંણી જો કે ઘણું ઊંચુ ઉડતું નથી પણં તેમાં જોસ ઘણો છે. પાણી નલીમાંથી બાહાર આવેછે ત્યારે સ્ટીમ છુટતી હોય તેમ અવાજ કરેછે. થોડે થોડેવારે તે પાણી જાણે સાબુનું ફીનં હોય તેમ ફીનથી ભરેલું બાહાર આવે છે, પણ તરત તે ફીન નરમ પડીને સોડાવાટરના જેવું થઈ જાય છે. એ

પાણીથી પીતથી દુખતું માથું, બુકાના દરદો, લીવરકમપ્લેન્ટ તથા બદહજમી અને રૂમેટીઝમનાં દરદો સારાં થાય છે. એની ૪ ડજન મોટી બાટલીનાં ઇંહાં ૬ ડાલર અને બે ડજનના કેસના ૪ાા ડાલર કિમ્મત છે. ત્યાંથી વળી જરા સામેથી આગળ વીશી (Vichy Spring) નામનો પાણીનો ઝરો આવેલો છે ત્યાં ગયા હતા. એને શોધી કાહાડયાને ૧૫ વરસ થયાં છે. એનાં પાણીમાં ખાર (Alkaline) આવેલું છે જેમકે લીઠીયા, સોડા, મેગનેશીઆ, ચુનો ઇત્યાદી. એ પાણીથી લોહી સુધરે છે, ખાણું હજમ થાય છે અને હોજરીને કૌવત આપે છે તેથી લોકો એ પાણીને ખાતી વખ્તે સોડાવાટરની માફક પીયે છે. એ પ્રમાણેના ઇંહાં બધા મળીને આસરે ૮ ઝરાઓ જુદે જુદે ઠેકાણે સારાટોગામાં આવેલા છે, તેઓના નામો નીચે મુજબછેઃ—કોનગ્રેસ, એમપાયર, ગેસર, હેઠોર્નના બે અને હાઈરોક, વીશી અને સ્ટાર સ્પ્રીન્ગ. અમોએ ત્યાંથી પાછા ફરીને શેહેર જોયું હતું, જયાનો બ્રાડવે નામનો મોહોલો સૌથી સરસ છે. રસ્તાઓ સારી હાલતમાં રાખેલાછે, અમો ફરતા હતા તે જાણે એક મોટો મેલો ભરાયો હોય તેમ એ બ્રોડવેનો આખો મોહોલો ગાડી ઘોડા તથા માણસોની ગીરદીથી ઉભાઇ જતો હતો અને વળી આસપાસના મોટા હોટલોના મોટા ઓટલાપર હજારો લોકો બેઠેલું તમાસો જોતું હતું. હોટલોમાં વાજાંઓ વાગતાં હતાં અને બધી રીતે ધામધુમ જેવું લાગતું હતું. એ મોહોલાના આસરે અરધા માઈલ જેટલા ભાગમાં ઇંહાં હવા ફેરફાર કરવા આવેલું ૧૫ થી ૨૦ હજાર માણસ સમાયલું છે તેથી તે આખું ભરપુર લાગે છે. તેની પછી છુટા છુટા મજેની સોવાંમણી બાંધણીના નાના બંગલાઓ આવેલા છે અને તેઓ સઘળા ઝાડો હેઠલ બાંધેલા હોવાથી મહાબ્લેશ્વરના બંગલાઓ માફક પણ નજદીક બાંધેલા દીસેછે. તેઓ ઉંચાણમાં આવેલાછે, તેથી તેઓની પાછળ ખીણોનો દેખાવ સારો દીસે છે. સારાટોગામાં બીજું કાંઇ જોવા લાયક નહી હોવાથી અમો બપોરના કલાક સવાએની ટ્રેનમાં નિકળ્યા હતા તે બોસ્ટન (Boston) કરીને મેસેચુસેટ સ્ટેટની રાજધાણી શેહેરછે ત્યાં રાતનાં

૯—૩૦ મીનીટે આવી પુગ્યા હતા અને (Parker House)પારકર હાઊસ નામનાં હોટલમાં ઉતારો લીધો હતો.* સારાટોગાથી બોસ્ટન ૨૦૮ માઇલ દુર છે. તેના રસ્તાનો મોટો ભાગ પાહાડોની વચમાંથી આવેલો છે તથા વચમાં નદી નાલાંઓ ઘણાં મળેછે, તેથી દેખાવ ઘણો સરસ લાગતો હતો. મેસેચુસેટસ અને ન્યુયોર્ક સ્ટેટની હદપર (Hoosac) નામનો મોટો પાહાડ આવેલો છે, તેમાં ટનલ ખોડીને આગની ગાડીનો રસ્તો કીધો છે. જે ટનલને પસાર કરતાં અમોને આઠ મીનીટ લાગી હતી અને તેમાં ટપ્પે ટપ્પે વિજળીની બતી કીધેલી હતી. એ ટનલ પોણાપાંચ માઇલ લાંબોછે અને સેંટ ગોહાર્ડ તથા માઊંટ સેનીસનાં ટનલોજ એથી મોટા કહેવાય છે. એ ટનલ બાંધવા પર એક કરોડ અને સાઠ લાખ ડાલર ખરચ બેઠોછે. આ તરફની આગની ગાડીઓનાં એનજીનમાં એક જાતનો કોલસો બાળે છે, જે નાના પથ્થરની ખડી જેવા કકડા કરીને વાપરે છે અને તેમાંથી ઝીણો ભુકો ધુમાડયાને રસ્તે આખો વખ્ત ઉડે છે, જેથી ગાડીઓના મથાળાંપર તે પડે છે ત્યારે પતરાનાં છાપરાં પર વરસાદ પડતો હોય તેવો અવાજ આવ્યા કરે છે અને ગાડીનાં બારી બારણા બંધ રાખવા છતાં ઊપરની બાજુની જાલીઓમાંથી તે ભુકો અંદર આવેછે અને બધે ભરાઇજાય છે એ ભુકાથી કપડાં ખરાબ થતાં નથી; કારણકે તે કઠણ કાંકરા જેવો રેહે છે અને પખોડી શકાય છે. આગની ગાડીઓમાં દરેકમાં આઇસનાં પાણીથી ભરેલાં ફીલટરો રાખે છે અને બેઠકો બધી એકજ વર્ગ ગરીબ તથા તવંગર સારૂં છે. તેમાં મખમલ જડેલી હોય છે અને આડી બેઠકો બબ્બે જણાઓ બેસે તેમ ગાડીની બેઉ બાજુપર કરી વચમાં જવા આવવાનો રસ્તો રાખે છે. પણ અમો ઇહાં જયાં ગામો પસાર કરીયે છીયે ત્યાંનાં ક્રોસીંગસો ખુલ્લાં જોઇને ઘણા અજબ તથા દિલગીર છીયે. ગાડી આવે છે ત્યારે એનજીનપર મોટો ઘાંટ હોય છે તે એ વખ્તે વજાડયાં કરે છે કે લોકો ખસી જાય પણ નાનાં બચાંઓ જો ત્યાં હોય (અને ઘણી વખ્તે ગામોનાં મોહોલાઓની વચમાંથી આગગાડી પસાર થાયછે) તો તેઓ

શું સમજે કે ખસી જાય. અમોએ આ અઠવાડીયાંમાં બે ગમ ઘોડાની ગાડીઓ આગની ગાડીઓ વચે આવી જવાની વિગતો ન્યુસમાં વાંચી છે તેમાં એકમાંતો વલાંણપરથી આગગાડી આવતી હતી તે પેહેલાં ઘોડાની ગાડી (જેમાં લોકો મઝા કરવા દશ બાર બાનુઓ સાથે બેઠાં હતાં) વાલાએ જોઈ નહી અને ગાડી પાટાપર આવી કે તરત જરા દુરથી આગગાડીનું એનજીન આવી લાગ્યું અને ઘોડાની ગાડીમાંની ઓરતોએ ગભરાઇને ગાડીમાંથી કુદાવી દઇ કોઇ બાહાર રેલની બાજુપર અને કોઇ રેલની વચમાં પડયું. તેઓને આસપાસ ઊભેલા લોકોએ રેલવેપરથી ખેંચી લીધી કે તે એનજીન પેલી ગાડી ભાંજીને ચાલી ગયું હતું. બીજો અકસમાત આજનાં ન્યુસમાં વાંચ્યો તેમાં તો ચાર જણા એક ગાડીમાં બેસીને પસાર કરતા હતા તેઓ આગગાડી હેઠલ આવી ગયા ને બધાઓ કચડાઇ મુવા હતા. એ મુજબ કોણ જાણે કેટલાએક અકસ્માતો થતા હશે, પણ અજબ છીયે કે ક્રાસીંગ્સ પર દરવાજાઓ કરવાની તથા મોહોલામાંથી જ્યાં આગગાડી પસાર થાય ત્યાં આસપાસ કટેરા ભરવાની જાપતી સરકાર રાખતી નથી. સારાટોગાથી બોસ્ટન આવતાં રસ્તામાં એક પુલ ઘોવાઈ ગયલો જોયો હતો. એ પુલ નદીને માથે છે અને તેની બાજુનો પાયો પથ્થરના મોટા કકડાઓ ગોઠવી રેતી પુરીને કીધેલો જણાય છે, જેથી નદીમાં પાંચ દિવસપર પુર આવ્યાથી તે પુરણી ધસી ગઇ પુલ નદીમાં પડેલો છે. અમારીવાળી ટ્રેન તેની પડોસમાં એક કામચલાઉ પુલપરથી પસાઇ થઇ હતી. રસ્તામાં ચાર્લેમોંટ કરીને સ્ટેશન છે તેની પડોશમાં એક પાહાડમાંથી પથ્થર મળે છે જેમાંથી ગંધકનો તેજાબ કાહાડવાના કારખાના ઉભાં કીધાં છે. એ પથ્થર ઘણો ભારી અને ધાતુની માફક ચળકતી રેતીના જેવો બનેલો છે. તેમાંથી ૯૩ ટકા ઊપલી સલફ્યુરીક એસીડ કાહાડે છે. એ બાબે અમારી સાથે બેઠેલા એક અમેરિકન ઉતારૂએ વાત કીધી હતી ને જેવી ટ્રેન ઉભી તેવો તે શખ્સ પોતે ઉતરી દોડી જઇને ત્યાં પડેલા પથ્થરના ઢગલામાંથી બે પથરા અમોને લાવી આપેઆ હતા.

એવા ઇહાંના લોક નમનતાઈવાળા તથા માયાલુ કોઇ કોઇ અમોને વારા ફરતી મળે છે.

તા૦ ૧૮ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સાંજ સુધીમાં અમો બોસ્ટન (Boston)ની જોવા લાયક જગ્યાઓ જોઇ આવ્યા હતા. અમો પેહેલા ઇહાંની પોસ્ટ આફીસ જોવા ગયા હતા. એની ઈમારત ઘણી મોટી છે. તેનો વચલો હોલ થામળાઓપર બાંધ્યો છે. જે થામળાઓ સીસીલીના સંગેમરમરના છે. એ હોલમાં કાગજો છુટાં કરીને વેંહેંચવા મેહેતાઓ બેસે છે, અને તે હોલની ત્રણ બાજુપર ફરતી લોખંડની ફરેકાર કીધી છે અને ફરેકારની અંદર પાંચ સાત થરના બારણાઓ કરી તેઓની પાછળ નાના ખાંચાઓ રાખેલા છે અને દરેક ખાંચાવાળા ખાણાંની કુંચી જે પોસ્ટ આફીસમાં પોતાના બાક્ષો રાખવાની ફી આપે છે તેની પાસે હોય છે અને તેઓના કાગજો બાહારથી આવે છે ત્યારે ખાંચામાં મુકેલા હોય છે તે તેઓના માણસો કાહાડી લઈ જઇ પોતે બાહાર મોકલવા લાવેલા કાગજો તેમાં મુકી જાય છે અને કુંચી તે ધણી પાસેજ રહે છે. એ દરેક ખાંચાને બાક્ષ કરી કહે છે અને તેને નંબરો આપેલા હોય છે અને તે બાક્ષ રાખનાર ધણી પોતાનું સરનામું લખે છે ત્યારે પોતાના એ પોસ્ટ બાક્ષનો નંબર સાથે લખે છે. જેમ કે શેઠ ફલાણા ફલાણા પોસ્ટ આફીસ બાક્ષ નંબર ૪૫૪ તો તે બાક્ષમાં પોસ્ટવાળો કાગજ નાખી રાખે છે કે પેલા ધણીના માણસો જ્યારે ગમે ત્યારે લઇ જાય, નહી તો પોસ્ટ વેંહેંચતી વખતે પોસ્ટનો સીપાઇ તે તેની આફીસમાં યા ઘરમાં પોહોંચાડેછે. ત્યાંથી નિકળેલા કસટમ હાઊસવાળી ઇમારત જેવા ગયા હતા. એની ઇમારત ઇંડયા સ્ટ્રીટના છેડા પર આવેલી છે. (અમોએ આજ સુધીમાં યુરોપ અને અમેરિકાની મુસાફરીમાં હિંદુસ્તાનનું નામ પેહેલ વેહેલુંજ મોહોલાને આપેલું સાંભળ્યું હતુ) એ ઇમારત ગ્રેનાઇટ પથ્થરની ઘણી મોટી બાંધી છે ને તે ૧૦ લાખ ડાલર ખરચીને સને ૧૮૪૭—માં ઊઘાડી હતી. એની વચમાં મોટો ગુંબજ આવેલો છે ને ફરતા

એક એક પથ્થરના મોટા થાંભળાઓ આવેલા છે જે દરેક ૪૨ ટન વજનનો કહે છે. ત્યાંથી નિકળેલા (State Street) સ્ટેટ સ્ટ્રીટને મથાલે જુનું સ્ટેટ હાઉસ આવેલું છે તે જોયું હતું. એ જગ્યાપર અસલ પેહેલું સ્ટેટ હાઉસ સને ૧૬૫૭ માં બાંધ્યું હતું પણ હમણાં જે ઇમારત છે તે પાછળથી ૧૭૪૭ માં બાંધી હતી. ઇહાંથી અમેરિકાને મળેલું છુટાપણું પેહેલ વેહેલું એ શેહેરમાં જાહેર કીધું હતું. એ બહારથી કાંઈ ઘણું જોવાલાયક નથી ને નવું સ્ટેટ હાઉસ બંધાયા પછી તે આફીસો દાખલ વેપારીઓ વાપરે છે. સ્કોલેસકવેર (Scollay Square) મોહોલામાં જોન વીનથ્રાપનું બ્રોન્ઝ ધાતુનું પુતળું જોવા સીટી હાલ (મયુનીસીપલ હાલ) પર ગયા હતા જે ઇમારત ૫) લાખ ડાલર ખરચીને બાંધી છે પણ અંદરથી કાંઈ ઘણી જોવા લાયક નથી. ત્યાંથી નિકળેલા બોસ્ટન મ્યુઝીયમ પર ગયા હતા. એ જગ્યા પર સારો સંગ્રહ જુદી જુદી ચીજોનો કીધો છે તથા નાટકશાળા પણ એજ જગ્યા પર જુદા ભાગમાં બનાવેલી છે. એ નાટકશાળાની દરેક મોહોલામાંની બારી ઉપર વિજળીની બતીનાં ફાણુસો લટકતાં હતાં જેથી દેખાવ મજેનો લાગતો હતો. ત્યાંથી કોમન્સ (Commons) કરીને એક નાનો જેવો પાર્ક છે ત્યાં ગયા હતા જયાં ફલેગ સ્ટાફ હીલ કરીને ટેકડી છે તે ઉપર સોલજરો જે લડાઇમાં માર્યા ગયલા તેઓનો સ્થંભ મુકેલો છે. તે પુતળાંની બેઠકની આસપાસ ચાર ખુણે (Peace) સલાહ, (History) તવારીખ, (Army) લશ્કર અને (Navy) દરિયાઇ લશ્કરી બાબદને બતાવનારાં ચાર મોટાં પુતળાંઓ બ્રાન્ઝ ધાતુના મુકયાં છે ને તેઓની વચમાં એજ ધાતુ પર લડાઇને લગતા બનાવો ઘણા ઝીણા આકારોમાં કોતરેલા કીધા છે. તેઓની ઉપર ૭૦ ફીટ એકજ પથ્થરનો થાંમલો મુકી તેની ઉપર અમેરિકાને તપાસનાર ફરેસ્તા (Genius of America) નું પુતળું ઉભું રાખ્યું છે. એ યાદીનાં બધાં પુતળાં ઉપર ૭૫૦૦૦ ડાલર યાને દોઢ લાખ રૂપિયા બેઠા છે અને તે સને ૧૮૭૭માં ખુલ્લું મુકયું હતું. એ પાર્કની આસપાસ ઇહાંના તવંગર રેહેવાસીઓના ઘેરો આવેલાં છે જેઓ ઘણા સારી બાંધ-

ણીનાં ઈંગ્રેજી ઢપનાં બાંધેલાં છે તેઓ દરેકને જરા ઊંચા બાંધ્યાં છે અને મજેની સીડીઓ તેપર જવાની મુકી છે તેને મથાળે નાના "પોર્ટિકો" કીધાછે જેઓના થાંભળાઓ ઘણાખરા સંગેમરમર યા પાલીશ કીધેલા રંગીન ગ્રેનાઇટના છે અને તે સીડીઓની પડોશની જગ્યાપર બાગો નાના નાના ફુલપાંનના બનાવેલા છે. એ પ્રમાણે નજદીક એક માઈલ સુધી એવાં ઘેરા આવેલાં છે તેથી તેઓનો દેખાવ ઘણો ભપકાદાર તથા સોભઇતો લાગે છે. એ મોહોલો બીકન (Beacon) સ્ત્રીટના નામથી ઓળખાય છે. ઈહાંની જગ્યા લંડનના હાઇડપાર્કની આસપાસની ઇમારતોવાળી જગ્યા માફક ફેશનએબલ ગણાય છે અને તેથી તે ઘણી કિમતી કહેવાય છે. ત્યાંથી તેજ મોહોલાના બીજા નાકાની સામે એક જાહેર બાગ આવેલો છે ત્યાં ગયા હતા. એ બાગ ૨૩ એકર જગ્યા રોકે છે ને ફુલપાંનથી ઘણો સરસ શીંગારેલો છે તથા જગેજગ મોટા તળાવો તથા તે ઊપર મજબુત પુલો તથા પુતળાંઓ ગોઢવી ઘણી શોભાયમાણ જગ્યા બનાવી દીધી છે. જેણે અમેરિકાને ઇંગ્રેજોના હાથથી છોડવી પોતે પેહેલો પ્રેસીડંટ થયો હતો તેનું પુતળું ઘોડાપર બેસાડેલું છે. તે પુતળું ૨૨ ફીટ ઊંચુ છે અને ૧૬ ફીટની બેઠક ઉપર તે ગોઠવેલું છે તે સને ૧૮૬૯ માં ખુલ્લું મુક્યું હતું. એ ઉપરાંત એક બીજું બ્રોન્ઝનુ પુતળું એડવર્ડ એવરેટનું પણ મુકેલું છે તથા બીજા બે ત્રણ પુતળાઓ ઈહાં ગોઠવેલાં છે. ત્યાંથી નિકળી નવો સ્ટેટ હોલ જોવા ગયા હતા. એ હોલ ઉપર લખેલા બીકન સ્ત્રીટને બીજે નાકે આવેલો છે તેની ઉપરનો ગુંબજ ધાતુનાં પતરાંથી ઢાંકી ગીલીટ કીધેલો હોવાથી બોસ્ટનના બધા ઊંચા ભાગોપરથી તે દીસે છે. તે બીકનહીલ ઉપર બાંધેલું છે અને તેની આગળ બાગ તથા સીડીઓ મજેની ફરતી કીધી છે તે સને ૧૭૯૮માં ખુલ્લો મુક્યો હતો. ઈહા મેસેચુસેટસ (Masachusetts)નાં રાજને લગતી રાજદ્વારી સભા તથા સેનેટ મળે છે. એનો નિચલો હોલ થાભલાઓપર બાંધેલો છે ને તેની આસપાસ ગોખલારોકાં આરકાંઓ કરી તેમાં વખણાયલા પુરૂશોના પુતળાંઓ મુકેલાં છે જે પુતળાંની આસપાસ પરદાની માફક રીજમીટના

વાવટાઓ ગોઠવેલા છે ને એ ગોખલાઓને બાહારથી એકેકો મોટો કાચ જડી લેઈ બંધ કીધેલા છે. હોલની સામે વચમાં એક ઓરડો છે તેમાં જેનરલ વાશીંગટનનું મોટું બાવલું મુકેલું છે ને તેને પણ વાવટાઓથી શણગારી આગળથી તે ઓરડાને કાચથી બંધ કરી લીધો છે. એ ઇમારત ૧૭૩ ફીટ લાંબી ને ૧૧૦ ફીટ તેના ગુંબજના મથાળાં સુધી ઊંચી છે. એને ઇહિાંનાં રાજનાં પાર્લામેંટ હાઊસ (જેને અમેરિકનો સ્ટેટ હાઊસ કહે છે) દાખલ વાપરે છે. એના બાગમાં બે જાણીતાં લોકોના પુતળાંઓ મુકેલાં છે. ત્યાંથી નિકળેલા ઈહાંનો સૌથી પોહળો રસ્તાવાળો મોહોલો જેને કોમનવેલ્થ એવેન્યું કહે છે ત્યાં ગયા હતા. એ મોહોલો ૨૫૦ ફીટ પોહોળો છે તેમાં વચમે લાંબોને લાંબો બાગ કીધો છે ને તેની આસપાસ બે રસ્તા ગાડી ઘોડાના તથા બે રસ્તા રાહદારીઓનાં કીધા છે ને તેઓની બાજુપર હારબંધ એકજ ઢપનાં ઘેરો બાંધેલા છે તેથી શોભે છે ને તે ૧ાા માઇલ લાંબે સીધોને સીધો આવેલો છે.

ત્યાંથી અરધો મોહોલો ચાલ્યા પછી વેસ્ટચેસ્ટરપાર્ક કરીને બીજો મોહોલો આડકટરો એ મોહોલાને પસાર કરે છે તેમાં ગયા હતા. એ રસ્તો ૯૦ ફીટ પોહોળો છે ને તેની વચમાં પણ લાંબોને લાંબો બાગ કીધો છે જેમાં ફુલોના રોપાઓ તરેહવાર ક્યારાના આકારમાં કીધેલા છે (કોમ્બે અવેન્યુમાં તો મોટા ઝાડોનો પાર્ક વચમાં છે પણ આએ ચેસ્ટર પાર્કના મોહોલાની વચમાં તો બાગ કીધોછે એટલો ફરક છે ને તેથી એ સાંકડો પણ રાખેલોછે) ને આસપાસ ઈહિાં પણ એકજ ઢપનાં કટેરાથી ઘેરી લીધેલા નાના બાગો સાથનાં ઘેરો આવેલાં છે તેથી ઘણોજ સરસ લાગે છે. એ ચેસ્ટર પાર્કનો છેડો વળી એક બે પાર્ક નામના મોહોલામાં છેડાપર આવેછે ત્યાં જઇને ત્યાં આવેલું હુન્નર કામોનું પ્રદરશણ જોયું હતું જ્યાં અસલનાં રોમન તથા ગ્રીસના બનાવતોનાં પુતળાંઓ, ઇજીપશીયન મમીસો, આપણા અસલ ઇરાન શેહેનશાહાતના વખતના ખીલારોકા અક્ષરની તખ્તીઓ તથા કોતરકામો ઈત્યાદીનો ઘણો સારો સંગ્રહ કીધોછે. એ ઉપ્રાંત આઇલ પેન્ટીંગસો તથા જમીનમાંથી ખણી બાહાર કાહાડેલી અસલી બનાવતો ઇત્યાદીનો

સંગ્રહ સારો છે આપણાં અસલી ઈરાનવાલી તખ્તીપરનાં કોતરકામની ઉપર લખેલા લેખનો તરજુમો પણ તેની આગળ કરીને મુકયો છે જે ઘણો લંબાણુ હોવાથી તથા વખત પણ હાથમાં ન હોવાથી ઉતારી લઇ શકાય નહીં. પણ તે આ સરનાગ્મી પાલના મેહેલ વિષે લખે છે ને તેને (Delight of Bel and Adur) બેલ તથા આદરને ખુશ કરનારો કરી પેહેલી શરૂઆત કીધેલી હતી. ત્યાંથી નિકળેલા ખુદરતી તવારીખને લગતી ચીજોનું પ્રદરશણ જોઇ હતું જ્યાં મુવેલાં જાનવરોનો ઘણો સારો સંગ્રહ કીધેલો છે ને તેના ચાર મજલા મોટી હવેલીના ભરી નાખ્યાં છે. એની પડોશમાં આવેલી ઇંગલીશ હાઈ એંડ લેટીન સ્કુલ જોઇ હતી જે ઘણી મોટી ઈહાંની મ્યુનીસી-પાલીટીએ સાત લાખ ડાલર ખરચીને બાંધી છે. એ સ્કુલ આખા અમેરિકામાં સરસ ગણાય છે અને તેમાં ૪૮ સ્કુલના વર્ગો તથા લેકચર રૂમો કીધા છે. એ પ્રદરશણ તથા સ્કુલ (Warren Avenue) વોર્ન એવેન્યુંમાં આવેલી છે. ત્યાંથી નિકળી (Massachusets Charitable Mechanics Association) મેસેચુસેટસ ચેરીટેબલ મીકેનીક્ષ આસોસીએશનની ઇમારત બાહારથીજ જોઇ હતી. તે ઘણીજ ગંજાવર ઇમારત છે અને ૯૬૦૦૦ ચોરસ ફીટ જગ્યા રોકે છે. ત્યાં સપટેમ્બર મહીનામાં મીકેનીક્ષને લગતું મોટું સંગ્રહસ્થાન ઉઘાડવાના છે તેની જાહેર ખબર મારેલી હતી. એ બધું બોસ્ટન શેહેરને લગતું જોઇને પછી ટ્રામ કારમા બેસીને ચાર્લેસ નદીને પેલે કાંઠે કેમબ્રીડજ કરીને ગામ આવેલું ત્યાં એક મોટો પુલ પસાર કરીને ગયા હતા. એ શેહેરમાં ઇંગલંડની માફક બધી કાલેજો તથા યુનીવરસીટી આવેલી છે. એ શેહેરને પેહેલાં ન્યુ ટાઊન કરી કેહેતા હતા પણ એ યુનીવરસીટીનો પાયો નાખનાર મીં૰ જોન હોરવર્ડ (John Harvard) કરીને હતો તે અસલ ઇંગલંડની કેમબ્રીડજ યુનીવરસીટીમાં શીખેલો હોવાથી તેનું નામ ફેરવીને કેમબ્રીડજ કરી રાખ્યું છે. એ યુનીવરસીટીને લગતી ૧૮ જુદી જુદી ઇમારતો એક મોટા કમપાઊંડમાં ઘેરી લઇ બાંધી છે તે જોતા જોતા આગળ વધીને એક બાજુપર એ કાલેજનાં

મેસેચ્યુએટસો જે લડાઈમાં માર્યા ગયા હતા તેઓની યાદગારીનું પુતળુ જોયું હતું. એનીજ સામે બે રસ્તા છુટા પડે છે. તેની વચમાં એક (Elm) એલ્મ જાતનું મોટું ઝાડ જેની હેઠળ જેનરલ વોશીંગટને રેવોલ્યુશનની વખ્તે લશ્કરની પેહેલી સરદારી લઇ ઈંગ્રેજો સામે છુટાપણાની લડાઈની શરૂઆત કીધી હતી જે વિષે ત્યાં એક પથ્થર એ ઝાડ હેઠળ મુકી લખેલું છે તે પરથી તે દિવસ તા૦ ૩ જી જુલાઇ સને ૧૭૭૫ નો માલમ પડે છે. તે જોઇને પછી તેનેથી આસરે એક માઇલ દુર માંઉંટ ઓબર્ન નામનું ઘોરસ્થાન (Mount Auburn Cemetry) આવેલું છે તે જોઊ હતું. એ ઘોરસ્થાન ટેકડીઓપર આવેલું છે અને બાગની માફક જાણે બનાવ્યું હોય તેમ તેમાં રસ્તાઓ કરીને તેની બાજુપર ઘોરો કીધી છે. તે ઘોરોની આસપાસ ફુલ પાનના ક્યારાઓ કીધેલા છે અને દરેક ઘોરની આસપાસથી મજેના કટેરા બેઠા ક્યારારોકા કરીને ઘેરી લીધેલી છે અને બધી ઘોરો એ મુજબના નાના મોટા બાગોની વચમાં હારબંધ એક એકની પડોશમાં ગોઠવેલી હોવાથી તથા તે ઘોરોના થામળા તથા પુતળાંઓ સઘળાં સંગેમરમરના હોવાથી જાણે એક મોટો જાહેર બાગ હોય તેમ લાગે છે. એ પ્રમાણે કાંઈ વગર ગણત્રીની ઘોરો આવેલી તેના સ્થંભોથી એકરોના એકરોની જગ્યા રોકી છે, અને તે રસ્તા તથા ઘોરોની પાછળ ઘાસના લોનસો માફક ઘાસથી ભરેલી ખોલી જગ્યા રાખી છે, તેથી ઘણુંજ શોભે છે. વળી ટપ્પે ટપ્પે જેમ બાગમાં ફુવારાઓ, તલાવો, પુલો હોય છે તેમ પણ કીધેલું છે અને બધી રીતે તે જોવા લાયક છે. કોઈ ઘોરો તો બાગની વચમાં ગોળ ફુવારારોકી દીવાલ ભરી લઈ તેની વચમાં ગોઠવી છે. કોઇને ટેકડાઓની અંદર ઉભી વોલતસો કરી તેની બાહાર ખાંચાઓ કરી ત્યાં બાગો કીધા છે. અને વળી કોઈ સાદી ઘોરોબી છે. જેમાં અમેરિકાનો વખણાયલો કવિ લોંગફેલો જે સને ૧૮૮૨ માં મરણ પામ્યો તેની પણ ઘોર ઘણી સાદી કરી તે ઉપર ફક્ત (Longfellow) કરીનેજ લખેલું છે.

એ સઘળું જોઇને પછી બીજું કાંઇ જોવા લાયક નહીં હોવાથી સાંજના ૬ વાગેને આગની ગાડીમાં બેસીને બોસ્ટન શેહેર છોડયું હતું.

બોસ્ટન શેહેર ઉતર અમેરિકામાં આટલાંન્ટીક મહાસાગરને મથાળે આવેલું છે અને આગળ એ ખંડનું સૌથી મોટું વેપારી બંદર ગણાતું હતું અને હજીબી જોકે એનો વેપાર સારો છે તોબી ન્યુયોર્કે એને તોડી નાખ્યું છે. એની વસ્તી આસરે સાડાચાર લાખ માણસોની કેહેવાય છે. એ શેહેરવાલી જગ્યા વીલીયમ બ્લેકસ્ટન નામના એક ઈંગ્રેજ પાદરીએ સને ૧૬૨૩ માં શોધી કાહાડી હતી અને પાછળથી મેસેચુસેટસ બે કોલોની (Masachusets Bay Colony) વાળાઓએ તેને ૩૦ પાઉંડની કિમતે ઊપલા પાદરી પાસેથી વેચાતી લીધી હતી અને તે કંપનીના વડા જોનસન અને કોટનના અસલ ઇંગલંડના વતન બોસ્ટન શેહેરપરથી એ જગ્યાને બોસ્ટનનું નામ આપ્યું હતું અને જોન વરનઠ રોપ નામનો પેહેલો ગવરનર એનો સને ૧૬૩૦ માં થયો હતો. ૧૭૭૩ માં ઇંગ્રેજ સરકારે ચાહપર જગાત ઘણી વધારી તેથી ઈહાં બલવો થયો હતો અને બોસ્ટનના લોકોએ ચાહ વેચાતી લેવાની યા તેપર જગાત આપવાની પોતામાં બંધી કીધી અને તેના વાહાંણો જે બારામાં તેને લીધે પડેલાં હતાં તે ઉપર કેટલાએકો જંગલી ઇંડીયનોનો વેશ લેઇને ગયા અને તેમાંની ચાહની પેટીઓ દરિયામાં ખાલી કરી નાખી હતી. રેવોલ્યુશનની શરૂઆત ઈહાંથી થઇ હતી અને આખરે ઇંગ્રેજોને એ શેહેર સને ૧૭૭૬ માં ખાલી કરી જવું પડયું હતું. ત્યાર પછી એ શેહેર વેપાર તથા વસ્તીમાં ઘણું આગળ વધી ગયું હતું. સને ૧૮૭૨ માં એ શેહેરમાં ઘણી મોટી આગ લાગી હતી જેથી ૬૫ એકર જેટલી જમીનપરનાં ઘરોનો નાશ પામવાથી આઠ કરોડ ડાલરની નુકશાની ગઇ હતી; પણ ત્યારપછી મજેનાં પથ્થરની તથા ઈંટ ચુનાની બાંધણીનાં ઘરો શોભઈતાં બંધાયાં હતાં ને તેથી તેના મોહોલાઓ સરસ અને ઘરો મજેનાં રોણુકદાર હમણાં દીસે છે. ઘરોની બાંધણી લંડન શેહેરને તથા તેનાં ગામડાંઓને ઘણી મળતી આવે છે. કોઇ કોઇ ઇમારતો તદન સંગે-

મરમરની બાંધેણીઓ છે અને ઘરો સારૂં ઘણા મોટા કદના પથ્થરો વાપરેલા છે. અમો સાંજના છ વાગેને આગની ગાડીમાં નિકળ્યા હતાં તે ફોલરીવર લાઇનની સ્ટીમર Old Colony Steam Boat Company ને નામે ચાલે છે, તેની સ્ટીમર બ્રીસ્ટલ ઉપર બેઠા હતા ને સાડા છ વાગે તે હંકારી હતી. એ સ્ટીમર નદીઓમાં ફરતી બધી સ્ટીમરો કરતાં મોટી અને સરસ શણગારેલી છે એ ઘણી લાંબી છે અને તેને ફરતી ત્રણ થરમાં ઉપર હેઠે મલીને ૨૫૦ કેબીનો છે. ને તેની વચમાં લાંબાંને લાંબાં બે માલ સુધીનાં દીવાનખાનાંનાં કીધા છે, જેને ઘણા સરસ જાણે મેહેલ શણગાર્યો હોય તેમ શણગારેલાં છે. બધેબધ, કેબીનો સુધાં વિજળીની બતીઓ જથ્થાબંધ કીધી છે, હોટલ માફક ખાનાના રેસટરાંઓ કીધાં છે તેમાં ઘણું સરસ બેંડ રાખેલું છે અને બધી રીતે સારી જોગવાઈ કીધી છે. એ કંપનીની સ્ટીમરોની તારીફ અમે ઇંગલાંડથીજ સાંભળતા આવ્યા હતા ને તેથીજ બોસ્ટનથી આગગાડીમાં પરભારા ન્યુયોર્કને બદલે એમાં જવાનો ઠરાવ ઘણા જણાઓની ભલામણપરથી કીધો હતો ને તેજ મુજબ અમે સર્વે સરસ રીતની શણગારેલી તથા ભપકાદાર સ્ટીમર એ જોઇ છે. એની સીડીઓ મેહેલની સીડીઓ હોય તેમ પોહોળી છે. ફરતી બધે ગેલ-રીઓ છે જ્યાંથી ખુરસીઓ ઉપર બેસીને પોતાની કેબીનોની સામેથી દરિયો યા નદીનો દેખાવ જોવાય છે. દીવાનખાનાની ઉપરની બાજુ પણ ફરતી ગેલરી કીધી છે અને તે ઉપરથી જ્યારે દીવાનખાનું ભરાઇ ગયું હોય છે ત્યારે કેબીનમાં રહેનારાઓ બેસીને કોનસર્ટ તથા મ્યુઝીક વાગતું સાંભળે છે. આજે મોડી રાત સુધી એ મુજબ વાજું વાગતું હતું અને લોકો મોજ ભોગવતું હતું. આ સ્ટીમર ૩૦૦૦ ટનની તથા ૩૭૦૦ ઘોડાના બળની છે અને ૧૦૦૦ ઉતારૂઓ લઇ જઈ શકે છે. તેમા ૭૦૦ પેહેલા વર્ગનાને કેબીનોમાં બર્થ મળે છે અને બાકીનાઓને બાહાર બિછાણા કરી આપે છે. એને સને ૧૮૬૭ માં બાંધી છે પણ તેમાં વારા ફરતી સુધારો કર્યા જાય છે અને જાણે નવી બાંધી હોય તેમ ફરનીચર સુધાં

લાગે છે. તે કલાકના ૧૭ માઈલને હસાબે દોડે છે અને બોસ્ટનથી ન્યુયોર્ક ૧૮૬ માઇલ છે તે ૧૧ કલાકમાં પસાર કરે છે.

તા૦ ૧૯ મી આગસ્ટ સને ૧૮૮૭—સહવારના ઉઠયા ત્યારે સ્ટીમર બેઉ બાજુથી જમીન વચ્ચે ચાલતી હતી. પેહેલાં ધુમસ હોવાથી દેખાવ જોઈ શકયા નહી હતા પણ સાત વાગે ધુમસ ઊઘરી ગયો હતો તે વખ્તે લોંગ આયલંડ અને મેન લેંડ (Main Land) ની વચ્ચે અમો હતા, આ વખ્તે લોંગ આયલંડ ડાબા હાથપર હતું અને અમારી સ્ટીમર બ્રુકલીન શેહેરની બીજી ગમથી ન્યુયોર્ક તરફ જતી હતી. એક બાજુપરથી એક કિલ્લો જેને સકારલેટ ફોર્ટ કહે છે તે પસાર કીધો હતો જે ઉપર ઘણી તોપો ગોઠવેલી છે તેની થોડે આગળ ચાલ્યા કે હેલ ગેટ (Hell Gate) નામની જગ્યા આવે છે, જેની વચમે એક મોટો ખડક આવેલો છે તે તરફ પાણી આગળ ઘણાં છાળકાં હતાં અને ઘણાં વાહાંણો ત્યાં ખરાબે અથડીને ભાગતાં હતાં પણ થોડાંએક વરસપર એ ખડકને દારૂથી સુરંગ મારીને ઉરાડી પાણી ઊંડા કીધાં છે અને હમણા ત્યાંથી થયલી ખાડીમાંથી ગમે એટલી મોટી સ્ટીમરો જાવઆવ કરે છે પણ હજી સઘળો ખડક ઉડા-રવા સારૂ બીજી ઘણી મોટી સુરંગ ખણાય છે અને તે ઉડાર્યા પછી રસ્તો તદન ખુલ્લો થશે. તે પસાર કીધા પછી એક ગમ (જમણી બાજુ) ન્યુયોર્ક અને ડાબી બાજુ બ્રુકલીનનાં શેહેરો મળ્યાં હતાં અને ઘણા લાંબા ટપ્પા સુધી તે મુજબ અમારી સ્ટીમર ચાલી હતી અને બેઉ બાજુપર ડંકાઓ તથા ગોદીઓ મળતી હતી. એકગમ આગલ યુનાઇ-ટેડ સ્ટેટસની મનવારો બંધાવા માંડી હતી પણ લડાઇ બંધ થવાથી તેઓને અધુરી નાખી મુકેલી હજી ત્યાં પડેલી છે. અમો નોર્ડ રીવ-રમાં પેઠા પછી બોટોની તથા નાની મોટી સ્ટીમરો અને વાહાંણોની ઘણી મોટી આંવજાવ મળી હતી. કોઇ વખ્તે અમારી સ્ટીમરની ચારે બાજુપરથી તેઓ આંગ ઉપર આવતી હોય તેમ લાગતું હતું. હમે ગનતા હેવી એકી વખતે ૧૨ નાની મોટી સ્ટીમરો એ બાજુ પર ચાલતી

હતી અને તે મુજબ આખો વખ્ત મળ્યા કીધી હતી. એમાંનો મોટો ભાગ ફેરી સ્ટીમરોનો હતો જેઓ ઊતારૂઓ તથા માલ નદીને એક કાંઠેથી બીજે કાંઠે લાવ લઈજાવ કરતી હતી. અમો આજે સહવારે ૮ વાગેને ન્યુયોર્કનાં કિનારાપર ઊતરીને પાછા હોફ્‌મેન હાઉસ હોટલમાં ઊતારો લીધો હતો. એ હોફ્‌મેન હાઉસ નામનું હોટલ એ ધણીનું છે અને તે આખા ન્યુયોર્કમાં સૌથી સરસ ગણાય છે તેની અંદર ૭૦૦ ઉપર ઓરડાઓ છે પણ તેનો હોલ તથા ચાલો ઇત્યાદી ઘણું સરસ શણગારેલું છે. એના ધણીઓએ મોટી કિમત ખરચીને ઊંચા ઓઇ-લપેનટીંગસો, પુતળાંઓ તથા ભરતકામ ખરીદી ઇહાં મુકયું છે અને જાણે કોઇ કરોડપતીનો મેહલ હોય તેમ શણગારેલું છે. એમાં પાંચ સાત ઓરડાઓના સેતસો (Set of Rooms) કીધા છે, તેમાં હરેક સેતના ઓરડાઓ છે. જમવાનો, બેસવાનો તથા સુવાનો. એ ઓરડાઓમાં ઘણુંજ ઊંચું ફરનીચર મુકેલું છે અને તેઓમાં કોઇને ઇરાની, કોઇને મોરીસ અને કોઇને તરકીશ, ચીનાઇ, જાપાનીસ, ઈન્ડીયન એવી જાતના નામો આપેલાં છે. અને તેઓને તે રીતના ફરનીચરોથી શણગારેલા છે. એ-વા એક ભાગના રોજ ૭૫ ડાલર ભાડું લે છે એવા ઓરડાઓ કરોડ-પતીઓ યા ઇહાંની કાનગ્રેસના મેમબરો યા ઊંચી પદવીની ગાનારીઓ તથા નાટક કરનારાઓજ વાપરે છે. બીજા હાલોબી ઘણીજ ઊંચી સા-ટીન તથા મખમલના ગીલીટ કીધેલા કોચો, ખુરસીઓ તથા દેવાલપર પરદાઓ કીધેલા છે. કોઇ દેવાલોપર સાટીન ઉપર ઉપસાવેલાં ભરત-કામો જડી લીધાં છે, આરસીઓ પણ તેવીજ ઊંચી જાતનીઓ છે અને ગાલીચાઓ એટલા તો જાડા છે કે પગ જાણે અંદર ડુબી જાય તેવા ઊંચી કિમતના છે. તે સઘળી રીતે ઘણું સરસ એ હોટલ શણગારેલું છે. આજે આખો દિવસ કાંઇ જોવા લાયક જગ્યા પર ગયા હતા નહીં.

તા૦ ૨૦મી આગસ્ટ ૧૮૮૭—આજે અમોએ ન્યુયોર્ક શેહેર છોડયું તેની આગમચ સવારનાં સટેટયુ ઓવ લીબરટી નામનું જે પુતળું ઇહાંના બારાંમાં બેદલોસ ટાપુ (Badloes Island) ઉપર

મુકેલું છે તે સ્ટીમ ટગમાં બેસીને જોઈ આવ્યા હતા. એ ટાપુ ઘણો નાનો એક ભાગ હોય તેવો છે ને તેમાં એક મોટી બેઠક ઉપર એ બરાંજ ધાતુનું બનાવેલું પુતળું મુકેલું છે, જે એટલું ગંજાવર છે કે તેની વીગત અમોને એક છુટા કાગજ ઉપર ત્યાં મલી હતી તે જાણવાજોગ જાણી નીચે ઉતારી લઇયે છીયે:—

	ફીટ.	ઇંચ.
પુતળાની ઉંચાઇ બેઠકથી તે હાથમાં મસાલ ધરેલીછે ત્યાં સુધીની	૧૫૧	૧
પીડેસટલના પાયાથી તે મસાલ સુધીની ઊંચાઇ	૩૦૫	૬
પગની એડીથી હાથનાં મથાળાં સુધી	૧૧૧	૬
હાથની લંબાઇ પોંહોંચાની	૧૬	૫
હાથના અંગોઠાની પાસનાં આંગલાંની લંબાઇ	૮	૦
તેનો ઘેરાવો બીજા સાંધા આગળનો	૭	૬
હાથના નખની લંબાઇ	૧	૧
હાથના નખની પોહોળાઇ	૦	૧૦
હડીથી ખોપરી સુધી માથાની લંબાઇ	૧૭	૩
બેઉ કાનની વચમાં માથાંની પોહોળાઇ	૧૦	૦
બેઉ આંખોની વચમાંની જગ્યા	૨	૬
નાકની લંબાઇ	૪	૬
આખા હાથની લંબાઇ	૪૨	૦
હાથની બાજુનો ઘેરાવો	૧૨	૦
કમર જાડાઇમાં	૩૫	૦
મોઢાની તથા હોઠની પોહોળાઇ	૩	૦
બેઠકની ઊંચાઇ	૮૯	૦
બેઠકની ચોરસાઈ દરેક બાજુની પાયા આગળથી	૬૨	૦
બેઠકની ચોરસાઈ મથાલાં આગળ	૪૦	૦
બેઠકની ઊપરનો ગરીશીયન થાંભલો	૭૨	૦
બેઠકની ઉપર તખ્તી મારેલી છે તેની લંબાઇ	૨૩	૭

	ફીટ.	ઇંચ.
બેઠકની ઊપર તખ્તી મારેલી છે તેની પોહોળાઇ.....	૧૩	૭
બેકઠની ઉપર તખ્તી મારેલી છે તેની જાડાઇ.............	૨	૦
પાયાની ઊંડાઈ	૬૫	૦
પાયાની બાજુઓ ચોરસાઇમાં નીચેથી.......	૯૧	૦
પાયાની બાજુઓ ચોરસાઇમાં જમીનની ઊપરથી	૬૬	૭

પુતળાંનું પોતાનું વજન ૪૫૦૦૦૦ રતલ ઈઆને ૨૨૫ ટન છે. તેમાં બ્રાંજ ધાતુ વાપરી છે, તેજ ફક્ત ૨૦૦૦૦૦ રતલ છે, એના માથાની અંદર ૪૦ માણસો મઝેથી ઊભાં રહી શકે છે અને એના હાથમાં જે બળતી મસાલ છે તે એટલી મોટી છે કે તેમાં ૧૨ માણસો ઊભાં રહી શકે છે. એ પુતળાંમાં ઉપર જવા સારૂ અંદરથી સીડી કીધી છે તે બેઠકથી તે માથા સુધી ૧૫૪ ટપ્પાની છે અને તેનો જમણો હાથ જેમાં મસાલ ધરેલી છે તેમાંની સીડી હાથની અંદર છે તે ૫૪ ટપ્પાની ગોળ છે, એવું ગંજાવર એ પુતળું છે. તેને કાંઇ આખું એકદમ ઓતેલું નથી, પણ લોખંડની ફ્રેમ પોકલ ઉભી કરીને તેની ઉપર ફરતી બ્રાંજની પટીઓ જડી તે બ્રાંજ ઊપર સઘળો ઘટમ કીધો છે અને જ્યારે તે ગોઠવ્યું ત્યારે એ પ્રમાણે પેહેલાં ફ્રેમ ઉભી કરીને તેની ઊપર બ્રાંજ જડયું હતું એ ઘણું લોક રોજ જોવા જાય છે અને તે સારૂ કીનારેથી સ્ટીમરો ઘણી ત્યાં આવ જાવ કરે છે. જેમાં તેની ફીના આવવા જવાના મળી ૨૫ સેંટ લે છે. વળી એ બેડલોઓના ટાપુ ઉપર એક રેસટોરાંબી છે, જ્યાં લોકો મોજ કરવા તથા પીકનીક કરવા ઊતરી પડે છે તથા એ ટાપુ ઊપર થોડાએક લશ્કરી માણસો તેની તપાસ કરવા રાખેલા છે. કીનારેથી ત્યાં જતાં ફક્ત ૧૫ મીનીટ લાગેછે અને બધું મળીને પોણા કલાકમાં જોઈને પાછું અવાઈ શકાય છે. આજે સાંજના ૫ વાગેને ફીલાડેલફીયા જવા સારૂ ન્યુયોર્ક છોડયું હતું. ન્યુયોર્ક શેહેર બધી રીતે જોવા લાયક છે. એની વીગતો વારા ફરતી અમે બની તેમ લખતા ગયા છીયે તેથી વધુ લખતા નથી. અસલ એ શેહેરની જગ્યાને ઈંહાંના ઇંડીયનંસો (Manhattan) મેનહેટન યાને એક જગ્યા કે જ્યાં બધાં જણાં છાકટાં થાય છે

કરી કહેતા હતા તેને ૧૫૨૪ નાં સાલમાં વેરાંનઝાની (Veranzani) નામનાં ફ્લોરેન્સ શેહેરનાં રહેનારે પેહેલવેહેલું શોધી કહાડયું હતું, પણ ઘણાઓ એ માન મી૦ હડસન નામનો એક વલંદો જે ડચ ઇસ્ટ ઇંડીયા કંપનીનો એક વાહાણ ખેડનાર (Navigator) હતો તેને આપે છે. એ ધણીએ સને ૧૬૦૯નાં સાલમાં ન્યુયોર્કનાં બે (Bay) માં હાફ્ મુન (Half Moon) નામનાં બારકસમાં લંગર નાખ્યું હતું અને પાછળથી ત્યાંની નદીમાં આગળ વધ્યો હતો તેથી એ નદીનું નામ એ ધણીનું હડસન રીવર કરી છે. એને ઇંહાંનાં અસલી રેહેવાસીઓએ સારો આવકાર આપ્યો ને તેની આગળ જો ગોરાં માણસો ઇંહાં રહે તો તેઓ ખુશી થાય એવી મરજી બતાવી તેને એક ગાયનાં ચામડાં જેટલી જગ્યા તેનાં માગવાથી આપવાની કબુલાત આપી. તેથી મી૦ હડસને તે ચામડાંને એક છેડેથી ઘણીજ ઝીણી પટીમાં લાંબીને લાંબી કાપી કે જેથી ઘણીજ મોટી જગ્યા ઘેરી શકાય. તેની આવી તાલ જોઈ જંગલીઓ અજબ તથા ખુશી થયા ને તેને ગમે એટલી જગ્યા લેવા દીધી, ત્યાર પછી વલંદા (Dutch) લોકોએ ત્યાં એક કંપની ઊભી કરીને વસાવા માડયું અને ૧૬૨૫માં એ ન્યુયોર્કવાલો ટાપુ વલંદાઓની કંપનીના વડાએ જંગલીઓ પાસથી ૬૦ ગીલડર યાને ૨૪ પાઊંડે ખરીદ કીધું હતું ને તે જગ્યાનું નામ ન્યુ એમસ્ટરડેમ આપ્યું હતું. પાછળથી સને ૧૬૭૫માં એને ઇંગ્રેજોએ જીતી લીધું હતું તે સને ૧૭૮૩ સુધી તેઓનાં હસ્તકમાં રેહેવા પછી અમેરિકનો છુટા પડયા ત્યારે યુનાઇટેડ સ્ટેટને હસ્તક થયું હતું. તે વખતે એ શેહેરની વસ્તી ૨૫૦૦૦ માણસોની હતી. ઈંગ્રેજોએ જયારે એને વલંદાઓ પાસેથી જીતી લીધું ત્યારે એનું નામ ન્યુ એમસ્ટરડેમ ફેરવીને પોતાનાં ડયુક ઓવ યોર્કનાં નામ ઉપરથી ન્યુયોર્ક કરીને એ શેહેરનું નામ આપ્યું હતું. તે હજી ચાલુ છે. અમોએ ન્યુયોર્ક શેહેર ઉપર લખ્યું છે તેમ પાંચ વાગેને લીબરટી સ્ત્રીટના સામેના ડંકાપરથી પેનસીલવેનીયા રેલ રોડને લગતી સ્ટીમ ફેરીમાં બેસીને નદીને પેલે કાંઠે ન્યુજરસી શેહેરનાં કીનારાપર ઉતર્યા હતા અને ત્યાંથી આગની ગાડીમાં કલાક ૫ા વાગે ઉપ-

ડેલા ફીલાડેલફીયા (Philadelphia) જે ૯૦ મૈલ દુર છે ત્યાં રાતનાં ૮—૫ મીનીટે પુગ્યા અને કોન્ટીનેનટલ હોટલમાં ઉતારો લીધો હતો. એ ફીલાડેલફીયા વાલી જગ્યા સને ૧૬૩૭ માં સ્વીડીશ લોકોએ શોધી કાહાડી હતી અને વસાવી પણ હતી જેઓનાં દેવલો તથા થોડીક વસ્તી હજી ઇહાં છે. પણ થોડા વખતમાં તેને વલંદાઓએ જીતી લીધી હતી અને તેઓ પાસેથી ઈંગ્રેજોએ જીતી લઈને ત્યાં પેહેલું સંસ્થાન સને ૧૬૮૨માં ઇંગ્રેજોએ ઉભું કીધું હતું અને અમેરિકનો જયારે છુટા પડયા ત્યારે એ પણ તેઓમાં સામેલ થયું હતું અને ન્યુયોર્ક શેહેરને સૌથી પેહેલું યુનાઇટેડ સ્ટેટસનું પાયતખત શેહેર કીધું હતું. તે પછી બદલીને ફીલાડેલફીયાને સને ૧૭૯૦માં પાયતખ્ત બનાવયું ને વળી ઇંહાંથી સને ૧૮૦૦ના સાલમાં તેને વોશીંગટનમાં લઇ ગયા હતા જયાં હજી સુધી તે પાયતખ્ત શેહેર ગણાય છે. ફીલાડેલફીયા શેહેર ઘણું મોટું છે અને તે ૨૮×૧૩ મૈલ જેટલી જગ્યા રોકે છે અને તેમાં ૧૨ લાખ આદમીની વસ્તી હમણા કહે છે. એ શેહેરની ઉગમણ તથા આઠમણે બે નદીઓ (Delaware અને Schulkill) દીલાવર અને સ્કુલકીલ નામની આવી છે ને તે બેઉ નદીઓ દખણ તરફ મળી જઇને શેહેરને ત્યાંથી ઘેરે છે. ફકત ઉત્તર તરફથી આ શેહેર જમીન સાથે જોડાયલું છે. અમો હોટલમાંથી તરત શેહેરમાં ફરવા નીકળ્યા હતા અને અમારા હોટલવાલો મોહોલો જેને (Chesnut Street) ચેસનટ સ્ત્રીટ કહે છે તે મોહોલાની એક બાજુપર ફર્યા હતા અને અમોને જોવા લાયક થોડી જગ્યાઓપર એક અમેરિકન જે ઉપલાં હોટલમાં હતો અને ઇંહાંનો રેહેવાસી છે તે પોતે ફરવાને મસે લઇ ગયો હતો ને બધી વિગતો મઝેની સમજાવતો હતો. રાત પડી જવાથી જોકે દુકાનો સઘળી બંધ (કોઇજ ઉઘાડી) હતી તોબી તેઓમાંનીના મોટા ભાગમાં અંદરથી રોશણી ઘણી રાખી હતી તેથી કાચની બારીઓમાંથી સઘળું અંદરનું દીસતું હતું.

અમો પેહેલાં પોસ્ટ આફીસવાલી ઇમારતે અમારૂં ધ્યાન ખેંચ્યું ત્યાં ગયા હતા જે ઉઘાડી હતી, તેથી અંદર જઇને જોઈ હતી. તેની

ઈમારત એક આખા મોહોલા જેટલીછે.. બાહારથી શોભઇતા આકારના સફેદ સંગેમરમર તથા રંગીન ગ્રેનીટના પથ્થરની બાંધીછે અને તેને ચાર મજલા કીધેલા છે. એ ઇમારતમાં પોસ્ટ આફીસ હેઠલા ભાગમાં છે. બાકીનાં ઉપરનાં મજલાઓમાં પેનસીલવેનીઆ સ્ટેટને લગતી કોર્ટો તથા આફીસો રાખી છે, તે જોઇને એની પડોસમાજ ફીલાડેલફીયા રેકર્ડ કરીને ન્યુસપેપર છે તેની આફીસવાલા મકાન ઉપર ગયા હતા. જેની ઇમારત બાહારથી સંગેમરમરની તથા અંદરથી જાતજાતનાં પાલીશ કીધેલાં લાકડાંની બનાવેલી હતી. એવાં લાકડાંથી દેવાલ, સીલીંગ તથા થાભલા સર્વે ઘણા સારા બનાવેલા હતા. તેનાં બારણાઓ બ્રોન્ઝ ધાતુના તે ઉપર નકશી કીધેલા બનાવેલા હતા અને મઝેનું જોવાલાયક એ ઘર હતું. ત્યાં રોશણી કરીને ન્યુસપેપરને લગતું આફીસનું કામ ભોંયતળિયે ચાલતું હતું. વળી આગળ થોડાએક ચાલ્યા કે એક રેસટ્રાંમા રોશણી થયલી હતી તે જોયું, તેની સીલીંગ અંદરથી જાતજાતના રંગના સંગેમરમરના જેવા કાચોની બનાવેલી હતી અને તે ઉપર રોશણીનો ઝલકાટ ઘણો મારી તેને શોભાવતી હતી. વળી ત્યાંથી આગળ ચાલ્યા કે એક ગાડી તથા હારનીસ વેચનારની દુકાન મળી, જે બાહારથી બંધ હતી પણ અંદરથી રોશણી બધે કીધેલી અને કાચની બારી બારણાં હોવાથી સઘળું અંદરનું દેખાતું હતું. તેમાં એક ગાડીમાં બે ઘોડાના પુતળાં હારનીસ સુધાં જોડી મુકેલા હતા. તે એવા સરસ ઘોડા લાગતા કે જાણે જીવતા હોય અને કોઈ પૈસાદાર માણસના ગાડી ઘોડા હોય તેમ લાગતા હતા કે જે જોઇને કોઇ લલચાય તો દુકાનવાળાનો માલ ખપે ત્યાંથી આગળ વધ્યા કે ઘણા ઘરો મઝેની તથા સંગેમરમરની બાંધણીના વારાફરતી પસાર કરતા જોન વોનમેકર (John Wanamaker) ની દુકાન જોઇ હતી. એ દુકાન ઘણીજ મોટી છે, ને તેને વાસ્તે કહેછે કે પેરીસની જાણીતી બો મારસીની દુકાન કરતાંબી મોટી છે. તેમાં રોજ ૪૫૦૦ માણસો વેચાણ કરવા રાખે છે ને રોજની એક લાખ ડાલરનાં ઈઆને રૂપીયા ત્રણ લાખ વેચાણની રાસ આવે છે. એ પ્રમાણે આગળ ચાલતાં બીજી ઘણી જોવાલાયક ઇમારતો એજ ચેસ્ટનટ સ્ત્રીટમાં



નવી મ્યુનીસીપલ હાફીસની ઈમારત – ફીલાડેલફીયા.

તથા તેની પડોશનાં મારકેટ સ્ટ્રીટમાં જોઇ હતી. એકંગમ એક ઘરમાં ચોથા માલથી સામે બીજા ઘરની દેવાલ ઉપર કપડું નાખી તે ઉપર મેજીક લેનટર્ન (Magic Lantern) થી જાતજાતની જાહેર ખબરોનાં ઓળાઓ પાડતા હતા ને દરેક મીનીટે એક જાહેર ખબર તે ઉપર તે ઓળાથી પડતી હતી, જે રસ્તામાં રાહદારીઓ ઉભા રહીને જોતા હતા. એ જાહેર ખબરો કોઇ સાદા અક્ષરથી લખેલી ને કોઈમાં ચિત્રોથી આપેલી હતી, તેથી લોકો પેલા ચિત્રો તથા દેખાવ જોવા ઉભા રેહેતા પેલું જાહેર ખબરવાળું આંતરે આંતરે આવે તેથી તેને જોવાની ફરજ પડે. અમો થોડો વાર ઊભા હતા તેમાં રેલ્વેવાલાઓની જાહેર ખબર કોઇ સારી જગ્યા પરથી તેઓની ગાડી પસાર થતી હશે તેના દેખાવો પડતા અને તેની હેઠલ તે રેલ્વેનું નામ પડતું. કોઇ ફુવારા વેચનારે તેનો દેખાવ ફુવારો ઉડતો હોય તેમ તેને કલાથી ચલાવતા હતા. વળી કોઇ કાપડની દુકાનવાળાની સાદી જાહેર ખબર પડતી ત્યાર પછી કોઇ નાટકનાં એકટીંગનો દેખાવ પડતો, કોઇ ઘડિયાળીનાં ઘડિયાળનો સાંચો ચક્કરો સાથે ચાલુ હાલતમાં પડતો અને ઊંદર કાંઇ ખાવા આવે તેની પાછળ બિલાડી એકદમ નિકળી આવે કે ઊંદર નાહાસી જાય. ઝુઓલોજીકલ ગાર્ડનની જાહેર ખબરમા ઘણી જાતનાં જાનવરોની હાર ચાલે અને તેઓને મથાલે પંખેરાઓ ઊડે એ પ્રમાણે જાહેર ખબરો પડતી હતી. જાહેર ખબર આપનારાં અમેરિકનોની બરાબર બીજો કોઇ દેશ નહીં હશે. કોઇબી રીતે લોકોનું ધ્યાન તે ઉપર ખેંચવું તે સારૂ રાતના મોટી ઊંચી માલપરની દેવાલોપર જાહેર ખબરો લખીને યા તેને મલતા ચીતારો પાડીને તે દેખાવા સારૂં આખી રાત તેની સાંમે વિજળીની બતીના પડછાયા પાડી રાખે છે. કોઇનું ઘર એહાં ઘરની પાસે ઊંચું બાંધેલું હોય તો તે બાજુની ખાલી દેવાલપર ગંજાવર અક્ષરે જાહેર ખબર પડેલીજ હશે. આગની ગાડીની રસ્તાની બાજુના કટેરા ઉપરબી એકસોથી બસો ફીટ લંબાઈની એક એક જાહેર ખબરો તથા બીજી ગણત્રી વગરની નાની ખબરો જોશો, એવી ઘણી રીતે ઇહાં જાહેર ખબરો કરે છે.

તા૦ ૨૧ મી આગસ્ટ સને ૧૮૮૭—આજ આખો દિવસ ફીલાડેલફીયાની જોવા લાયક જગ્યાઓ જોઈ આવ્યા હતા. પેહેલાં અમો જીરાર્ડ કાલેજ પર ગયા હતા. એ કાલેજ આખા અમેરિકામાં સૌથી મોટી છે અને તેની ઇમારત એજ નામના રસ્તા પર સંગેમરમરની બાંધેલી એક ટેકડી ઊપર આવેલી છે, તેને સારૂં ઘણી મોટી જગ્યા ઘેરી લીધી છે અને છુટી છુટી ઇમારતો કીધી છે તેમાં તેનાં પ્રોફેસરો તથા માસ્ટ- રો રહે છે. એ કાલેજમાં હમણાં ૧૧૦૦ છોકરાઓ શીખવા જાય છે. આસરે ૭૦ વરસની વાત ઊપર મી૦ (Gerrard) જીરાર્ડ નામનો શખ્સ પોતાનાં વીલમાં એ કાલેજ સ્થાપવા ૨૦ લાખ ડાલરની મોટી રકમ આપી ગયો હતો, જે મીલકતોમાં રોકેલી હોવાથી હમણાં તેની કિમત ઘણી વધી જઇને ૫ કરોડ ડાલરની થઇ છે તેથી તેની ઉપજખી ઘણી મોટી છે ને ખરચ કરતાં આવક વધે છે. તેમાંથી નવી મીલકતો લેયા જાય છે. તે પ્રમાણે આખા ગામડાઓ તથા ફીલાડેલફીયાનાં મોહોલાઓ એ ખાતાંને હસ્તક થયા છે એને સારૂં સરકાર ટ્રસ્ટીઓ ઠેરવે છે ને પોતે સઘળા વહીવટની દેખરેખ રાખે છે. એ મી૦ જીરાર્ડે ઊપલી રકમ આપતી વખ્તે બોલી કીધી છે કે એ કાલેજમાં કોઈબી જાતનો ધર્મ શીખવવો નહીં ને પાદરીઓને અંદર દાખલ કરવા અથવા આવવા દેવા નહીં પણ છોકરાંઓને નીતી બધી રીતે શીખવવી. એ જોઈને પછી (Fairmont Park) ફેરમોન્ટ પાર્કમાં ગયા હતા. એ પાર્ક જેટલો મોટો પાર્ક અમેરિકામાં શું પણ યુરોપમાં પણ નથી એમ કહે છે. એ પાર્ક ૨૯૯૧ એકર જમીન રોકે છે. એની સાથે યુરોપનાં બીજાં પાર્કસો, નીચે પ્રમાણે સરખામણી કરવા લખ્યાં છે:—વીંડસર પાર્ક ૧૮૦૦, બોઇ ડીબોલો (પેરીસનો) ૨૧૫૮, (Prater) પ્રેટર ૨૫૦૦ અને રીચમંડ (ઇંગલંડનો) ૨૪૬૮ એકરનો છે. ઊપલો ફેરમોંટ પાર્ક ૬ માઇલ પોહોળો અને ૫ માઈલ લાંબો છે ને તેની અંદર ફીલાડેલફીયાને પાણી પુગાડવાનાં તલાવો જે ઉપર ફુંવારાઓ તથા પુતળાંઓ ગોઠવેલાં છે તે આવેલાં છે, તથા જીવતાં જાન- વરોનાં સંગ્રહનું મ્યુઝીયમ છે તે જોવા ગયા હતાં જયાં ઘણી જા-

તના જાનવરો રાખેલાં છે તેમાં (Anoconda) એનોકોન્ડા નામનો ઘણો મોટો સાંપ આવે છે તે હતો જે એક મોટા હરણને આખું ગલી જઇ શકે તેવો મોટો છે અને અમેરિકાના જંગલોમાં મળે છે. બીજો એક સાંપ જેને રેટલ સ્નેક (Rattle snake) કહે છે તે હતો જેની પુછડીપર છેડેથી નવ દશ ગાંઠ જેવી હોય છે તેને જે વખતે અમો હતા ત્યારે કોઇએ છેડવાથી તે ઉશ્કેરાઇને પોતાના ઘુંઘરા વજાડવા પડી ગયો જેનો અવાજ એક મોટો તીર જાનવર અવાજ કરે છે તેને મળતો આવતો હતો તે વખતે પેલી પુછડીના ગાંઠો ઘણી ઝડપથી હીલવતો હતો અને તેમાંથી ઊપલો અવાજ ઘણો લંબાણ વખત સુધી કાહાડીને પોતાનું ડોકું ઊંચું કોઇપર મારવા સારૂ તૈયાર રાખી મુકતો હતો. એ સાંપ આસરે ત્રણ ફીટ જેટલો લાંબો અને બે ઇંચ પોહોળો આવે છે અને તેનું ઝેર ઘણું જોરાવર નાગની માફક કહે છે.

મ્યુઝીયમમાં ટીબેટ દેશનું (Yak) ઇએક નામનું બલની જાતનું જાનવર હતું જેનાં બદનપરના બાલો છેક ભોંય સુધી લાંબા હતા ને આંગ જરા ઠીંગણું પણ ઘણું લાંબુ તેનાં પ્રમાણ પ્રમાણે હતું તથા બીજાં ઘણાં જાનવરો, પંખેરાંઓ ઇત્યાદી જોવાલાયક હતાં. એ જુયોલોજીકલ મ્યુઝીયમ એક ખાનગી ગ્રહસથનું છે જેને પાર્કમાંની જગ્યા મફત આપી છે કે એને લગતાં ઘરો તથા પીંજરાઓ બાંધીને લોકોને દેખાડે ને તેની ફી ૨૫ સેંટસ લે છે પણ કેટલાંએક વરસની મુદત પછી એ સઘળું પાર્કનાં ટ્રસ્ટીઓ અસતક થશે. પાર્કની બીજીગમ ફીલાડેલફીયાનું સેંટીનેનટલ એકઝીબીશન ભરાયું હતું તેની યાદદાસ્ત દાખલ મેમોરીયલ હોલ મયુઝીયમ બાંધેલું છે તે જોયું હતું. એની ઇમારતબી સંગેમરમરનાં સફેદ તથા રંગીન પથ્થરની બાંધી છે તે ઊપર ૧૫ લાખ ડાલર ખરચ બેઠો હતો. તેમાં હુનરને લગતી ઘણી બનાવટોનો સારો, માફકસરનો સંગ્રહ કીધેલો છે. તેમાં પુતળાંઓ, ચિત્રો, ભરતકામો તથા દુનિયાનાં બીજાં ઘણાં ભાગોની બનાવટોનાં નમુનાઓ રાખેલા છે. ઇંહાંનો "ઇન-

ડીપેનડન્સ" હોલ કરીને ઇમારત છે તેનો નમુનો જરમન સીલવર ધાતુનો તથા સોનાં રૂપાંનો ધોર ચહડાવેલો બનાવી મુકેલો છે, જે આસરે ૫ ફીટ જેટલો લાંબો પોહોળો હશે, તેમાં તે મેહેલની બનાવત આબેહુબ કીધી છે. તેનો મીનારો તથા તે ઉપર ચાલુ ઘડિયાળ તથા દીવાનખાના, ઓરડાઓ ઉપ્રાંત તેઓમાંનું ફરનીચર કોચો, ખુરસી, ઝુમર અને ઓઇલપેનટીંગસો વટીક જેમ તે ઇમારતમાં હશે તેમજ સઘળુ બનાવી મુકેલું છે તે જોવા લાયક છે. તેમાંના ૧૬૦ ચિત્રો અસલના વખણાયલાં અમેરિકન રાજસભાના પ્રમુખો તથા સેનાધિપતિઓના છે. એ ઉપ્રાંત એ પાર્કમાં મોટાં બનાવતના સરોવરો, તલાવો, ફુવારાઓ કીધા છે તથા નદીને પણ એજ પાર્કમાં લીધી છે જે એ બાગને ઘણા ભાગોમાં વારા ફરતી વેહેંચી નાખે છે, અને તે ઉપર મઝેના પુલો બાંધ્યા છે તથા કિનારે ગાડીમાં ફરવા જવા સારૂં મજેના રસ્તાઓ ઝાડપાનના છાયા હેઠળ કીધા છે. તે ઉપ્રાંત એમાં ઝાડપાનની વિદ્યાને લગતાં હોલસો તથા કાચના ઘરો તથા બીજી એવી ઈમારતો તો છુટી છુટી આવી છે. એ બાગનો થોડો ભાગ જોઇને પછી યુનીવરસિટિની ઇમારત જોવા ગયા હતા તે ડારબી (Darby) એવીન્યુમાં આવેલી છે, અને છુટી છુટી ઇમારતો લીલા રંગના સંગેમરમરની બાંધેલી છે તેથી તેનો દેખાવ જુદોજ લાગે છે. તેમાં હાલ ૧૦૦૦ છોકરાઓ શીખે છે તે સારૂં મઝેના ઇમારતો જુદા જુદા આકારની મોટી બાંધેલી છે. ત્યાંથી નિકળેલા ઇનડીપેનડંસ હોલ (Independence Hall) જોયો હતો જે ચેસતંટ સ્ત્રીટમાં આવેલો છે. એમા અમેરિકાની યુનાઇટેટ સ્ટેટસની પેહેલી કાનગ્રેસ ભરી હતી. એની સીડીપરથી છુટાપણું પેહેલું જાહેર કીધું હતું અને એમાંજ તે બાબેનો છુટાપણાનો ઢંઢેરો ઇંહાં તા૦ ૪ થી જુલાઇ ૧૭૭૬ માં વાંચ્યો હતો તે વખ્તના ઓરડાનું ફરનીચર સઘળું તેવીજ હાલતમાં રાખી મુકયું છે અને ઇંહાં પણ વોશીંગટનને બધાં લશ્કરનો વડો ઠરાવ્યો હતો. એ વિષે ઇંહાંનું લોકો એ જગ્યાપર ઘણું પ્યાર તથા મગરૂરી બતાવી લોકોને દેખાડે છે. એનોજ નમુનો

અમોએ મ્યુઝીયમમા ધાતુનો બનાવેલો જોયો હતો. એની બાહાર વોશીંગટનું પુતળું મુકેલું છે. જે અમેરિકામાં બધેબધ થયલાં ઉઘરાણામાંથી જેમ બીજાં શેહેરોમાં મુકયાં છે તેમ ઇંહાં પણ મુકેલું છે. જે ફંડ સારૂં (Washington Monument Association) નામની કમીટી તે વખ્તે થઇ હતી અને તેના ફંડમાંથી ઘણાં પુતળાંઓ ઊભાં કીધાં હતાં. ત્યાંથી નિકળેલા ઇંહાંની બધી ઇમારતમાં સરસ ઇમારત જે નવી જાહેર ઇમારત તથા સીટી હોલને નામે ઓળખાય છે તે જોઇ હતી. એ ઇમારત બરોદસ્ત્રીટ અને મારકેટ સ્ત્રીટની વચમાં છુટી ચારે બાજુથી ખોલ્લી આવેલી છે. તે તદન સંગેમરમરનાં પથ્થરની બાંધેલી છે અને એક આખો મોહોલાનો ગાલો રોકે છે. તે ૪૭૦ ફીટ પોહોળી અને ૪૮૬ ફીટ લાંબી ઇમારત છે જેની વચમાં એક મોટો ૨૦૦ ચોરસ ફીટનો ચોક રાખેલો છે ને તે ચોક નહી ગણતાં સાડાચાર એકર જમીન એ ઇમારત રોકે છે. તેનો બાહારનો દેખાવ ઘણોજ ભપકાદાર નકશી તથા પુતળાંઓ તથા થાંભળાઓ, આરકાંઓ તથા બીજી રીતે શણગારીને કીધો છે ને ચાર મજલા જેટલી ઊંચી બાંધી તેની વચમાં એજ પથ્થરનો મિનારો બાંધે છે જે હજી અધુરો છે જે જ્યારે પુરો થશે ત્યારે ૫૩૫ ફીટ ઊંચો થશે. એવો ઊંચો મીનારો બીજે કેથે નથી. સેંટપીટર રોમનોનું દેવળછે તેનો મિનારો આજ સુધી સૌથી ઊંચો ગણાય છે તેનેથી પણ થોડા ફીટ એ ઊંચો બાંધવાનો છે ને તે મિનારાને હંમણા સુધી બંધાવ્યોછે તે દેખાવે ઘણો ખુબસુરત લાગે છે. એ ઇમારતનો પાયો સને ૧૮૭૨ માં નાખ્યો હતો. પણ તે હજી બધી પુરી થઇ નથી તેથી તેમાં આફીસો કશું આવેલું નથી. એની ચારો બાજુપર વચમાંથી નાના મિનારાઓ છે તથા તેજ માફક ચારે ખુણે બેઉ બાજુપર બીજા મિનારાઓ ઉભા છાપડાંરોકા કીધા છે અને સઘળા મિનારાવાળા ભાગો ઘણી સરસ નકશી તથા પુતળાંઓથી મઢી લીધા છે. એવી સરસ બાંધણીની ઇમારત જવલેજ જોવામાં આવે છે. એની ઉપર બે કરોડ ડાલર ઉપર ખરચી ચુકા છે અને જ્યારે તે પુરી થશે ત્યારે નજદીક સવા બે કરોડ ડાલર ઇઆને

૪૪

આજના વટાવે ૭ કરોડ રૂપિયા ખરચાઇ રહેશે, એવું ગંજાવર એ કામ છે. એ જોઈને એનીજ સામે મેસોનીક હોલ છે તે જોવા ગયા હતા. એ ઈમારત ઘણી શોભઈતી અને મોટી છે. તેની ઉપર એક મોટો મિનારો કીધો છે અને અંદર મેસોનીક ઢપ પ્રમાણે દીવાનખાનાઓ તથા ઓરડાઓ સઘળું બાંધી શણગારેલું છે. એ ઇમારત સને ૧૮૭૩માં ૧૩ લાખ ડાલર ખરચીને બાંધી હતી તે સારૂ ડીબેનચરો મેસનઓએજ લીધા હતા અને હમણા ઘણાખરા તેની આવકમાંથી અપાઇ જવા આવ્યા છે. એવી મોટી મેસોનીક ઇમારત અમે કેથે જોઇ નથી. એ જોઇને પછી કસ્ટમ હાઉસ જેબી સંગેમરમરની ઇમારત છે તે જોઇ હતી. એને બાહેરથી મોટા થાંભળાઓ મુંબઈના ટાઉન હાલ માફક કીધા છે ને ૫ લાખ ડાલર તે ઉપર ખરચીને સને ૧૮૨૪માં બાંધી હતી, તે જોઇને પછી કારપેનટર્સ હાલ, ટંકસાલ ઇત્યાદી જોવા લાયક ઇમારત બહારથીજ જોઇ હતી. આજે રવિવાર હોવાથી સઘળું બંધ હતું તેથી અંદરથી જોવાઇ શકાયું હતું નહીં. અમો ઉપર મુજબ બધે ફર્યા તે વખતે શેહેર પણ સાથે જોતા ગયા હતા. એ ફીલા-ડેલફીયા શેહેર બરાબર ગોઠવીને સરખા ભાગોમાં બાંધ્યું છે ને મોહોલાઓ સીધાને સીધાં ૮ થી ૯ માઇલ લાંબા રાખ્યા છે ને તેને આડા રસ્તાઓ તથા મોહોલાઓ પણ એવાજ મોટા કીધા છે. ઇહાં મોહોલામાં ઉત્તરથી દક્ષિણ તરફ જતાં મોહેલાઓને નામ આપેલાં છે તેમાં વચમાંના મુખ્ય મોહોલાને (Market Street) કહે છે ને ઉગમણુથી આથમણુ બાજુએ જતા રસ્તાને નંબર આપેલાં છે. હવે એ રસ્તાઓ એક એકને આડે આવીને કાપે છે. તેની વચમાંની ઇમારતોને "બ્લોકસ" કહે છે ને તે દરેક "બ્લાક"ના ઘરોને નંબર હોય છે ને તેઓ એકથી ૧૦૦ સુધીનાં રાખેછે. તેમાં એક બાજુ એકીનાં નંબર (જેમકે ૧-૩-૫-૭) અને બીજી બાજુનાં ઘરોને બેકીના નંબર (જેમકે ૨-૪-૬-૮) એમ રાખે છે. હવે એક ઘેર ૧૩ માં મોહલામાં ૫ માં નંબરનું જોઇયે તો તેનો નંબર ૧૩૦૫ કાગજમાં લખે તો ૧૩ માં મોહલાનો નંબર ૫ મો સમજે છે. એવા

ઘણા મોહોલા છે જેઓનાં ઘરો દર મોહોલે તેનાં નંબર સાથે મુકે ને સમજણ દાખલ પેહેલાં ઘેરોના નંબરો ૧૦૦ થી ૨૦૦ સુધી, બીજા નંબરના મોહોલાના નંબર ૨૦૧ થી ૩૦૦ સુધી, ત્રીજાનાં ૩૦૧ થી ૪૦૦ સુધી એમ છેલો ૪૨ મા નંબરના મોહોલાનાં ઘરોના નંબર ૪૨૦૧ થી ૪૩૦૦ સુધી એમ કીધા છે, જેથી ઠેકાણું તરત માલમ પડી આવે છે. દરએક બ્લોકના મોહોલામાં કાંઇ ૧૦૦ ઘેર આવતાં નથી પણ જેટલાં હોય તેટલાંને નંબર કરે છે. બાકીના મુકી દીયે છે. જેમકે એક મોહોલામાં ૮૦ ઘરો બેઉ બાજુ મળીને છે ને તે મોહોલાનો નંબર ૫ મો છે તો ૫૦૧ થી ૫૮૦ સુધી તેનાં ચાલુ નંબરો મારે છે—,,—બાકીનાં રહી જાય ને ત્યાર પછી છઠો મોહોલો આ તેના ૬૦૧ થી શરૂ કરે છે. કોઇબી મોહોલામાં ૧૦૦ ની ઉપર ઘેરો છેજ નહીં તેથી વધુ નંબરની જરૂર હોતી નથી. દર માઇલે ૨૦ મોહોલાની સરેરાસ આવી છે. મોહલાઓ મુકેઆ પછી હાર બંધ નાલા નાલા બંગલાઓ આવેછે.

મોહોલાઓમાં ઇંહાં (Cable Car) કેબલકાર દોડે છે જે મુંબઇના ટ્રામ્વે જેવી ગાડીઓ પાટાપર વગર ઘોડા યા એનજીને જાણે જાદુઇથી દોડતી હોય તેમ લાગે છે. પણ તેના પાટાઓની વચમાં ખાંચો રસ્તામાં સીધો કીધેલો છે, તેમાં તારનું દોરડું આખો વખત દોડીયા કરે છે જે દોરડાંને ગોળને ગોળ રસ્તાઓ પરથી ફેરવીને જ્યાંથી શરૂ થયું હોય ત્યાં આવીને પાછું એ મુજબ ગોળને ગોળ ઘણા મોહલાઓનો ચકરાવો લઇને આવ્યા કરે છે. તે દોરડાંને એક છેડે એક સ્ટીમ એનજીન રાખેલું છે જેથી તે દોરડું ચાલ્યા કરે છે. હવે ટ્રામ્ની ગાડીનાં બે પૈડાંની વચમાંથી ગાડીની હેઠલ એક જાતની લાંબી ચાંપ રાખે છે જે ચાંપ અલગી હોય ત્યારે દોરડાંને અથડતી નથી તેથી ગાડી ઉભી રહે છે પણ ચલાવવી હોય ત્યારે ઉપરથી એક માણસ તે ચાંપને દાબે છે કે તે ચાંપ પેલા તારનાં દોરડાંને મજબુત પકડની માફક પકડે છે તેથી પેલું દોરડું જે દોડીયા કરે છે તેની સાથે ગાડી પણ દોડે છે ને જયારે ગાડી ઉભી રાખવી હોય છે ત્યારે ચાંપ છોડી દીધી કે ગાડી છુટી થવાથી દોરડું ચાલે તોબી ગાડી ઉભી રહી જાય છે ને

વળી તેને એકદમ તરત ઉભી રાખી શકે છે. એવી સારી તાલ કીધા-થા ઘોડાના ખરચનો બચાવ થાય છે ને વળી સ્ટીમથી ગાડી જો ચલાવે તો રસ્તે જનારનાં ઘોડાઓ મસ્તી કરે તેનોબી બચાવ થાય છે. ફક્ત ગાડી દોડયા કરે છે ને એક એનજીનનોજ ચલાવાનો ખરચ થાય છે. મુંબઈમાંબી જો એમ હોય તો ટ્રામ.કંપનીવાળાને ઘણો ફાયદો થાય ને દર સાલ ગરમીની મોહોસમમાં તેઓનાં સંખ્યાબંધ ઘોડાઓ મરવાથી જે નુકશાની થાય છે તે બચે. અમો એવી ગાડીમાં બેસીને ફર્યા હતા ને શેહેરબી જોયું હતું. ઈહાં જોવા મેલે સંગેમરમરનો પથ્થર ઘણોજ સસતો છે તે થોડે દુરથી આવે છે. પેનસીલવેનીયાનું સંસ્થાન જેમાં ફીલાડેલફીયા શેહેર આવેલું છે તેના સંગેમરમરના પથ્થર વખણાય છે. અમો કોઇબી મોહોલામાં ફરીએ ત્યાંના મોટા ભાગના ઘરોની સીહડીઓ, ટપ્પા તથા બારી બારણાંની બરસાખો સઘળું એજ સંગેમરમરનું બનાવેલું દીસે છે. તેઓની વાટાઓ વટીક સંગેમરમરના છે ને દર મોહોલામાં કોઇ કોઇ ઘરો તો તદન સંગેમરમરનાંજ બાંધેલાં દીસે છે. તેમાં અમારાં હોટલવાલો મોહોલો ચેસ્ટનટ સ્ત્રીટમાં વગર ગણત્રીની સંગેમરમરના પથ્થરની ઇમારતો દીસે છે તે જાણે એનોજ મોહોલો હોય તેમ લાગે છે. ગ્રેનીટનો પથ્થરબી એજ કિમતે યા સામો વધારે મોંઘો મળે છે. એ પથ્થર લાલ રંગનો તથા રેતીની માફક ચલકતો છે તેથી તેની ઈમારતો પણ શોભે છે. કોઇ ઈમારતો સ્લેટના રંગના સંગેમરમરની ને કોઇજ જવલે લીલા રંગના સંગેમરમરની છે. પણ મોટો ભાગ નીચેના વાટા સિવાય (જે સંગેમરમર યા ગ્રેનીટની રાખે છે) લાલ ઇંટની બાંધેલી છે. ઇહાં જાહેર ઇમારતો ઘણી છે ને તે મુજબ અમેરિકાના ઘણા ખરા મોટા શેહેરોમાંબી હોય છે. જોયામેલે આ શેહેરોની મ્યુનીસીપાલીટીઓ એવી ઈમારતો ઉપર મોટો ખરચ કરે છે ને તેનેજ લીધે બધી ગમના રસ્તાઓ ઘણી બિસ્માર હાલતમાં રહે છે. ફીલાડેલફીયાનાં રસ્તાબી ન્યુયોર્કના જેવા ઢેકા ઘરીઆના તથા ખાડા ખબોચિયાના છે. એ શેહેરમાં બીજું કાંઇ જોવાલાયક નહીં હોવાથી સાંજનાં ૫ વાગે આગની ગાડીમાં બેસીને તે છોડયું હતું

ને વાશીંગટન (Washington) શેહેર જે યુનાઇટેડ સ્ટેટસની રાજધાણી શેહેર છે ત્યાં રાતના ૧૦ વાગેને જઇ પુગ્યા હતા. અમોને રસ્તામાં દેખાવ સારો મળ્યો હતો. જગ્યા વારા ફરતી ઉપસેલી તથા નાનીનાની ટેકરીઓ ઝાડોથી ભરેલી તથા નદીઓ વારા ફરતી મલતી હતી. બાલટીમોર કરીને શેહેર છે ત્યાં રાતનાં ૮ વાગે અમારી ટ્રેન પુગી હતી. એ જગ્યાપર એક મોટી નદી જેવી ખાડી આવેછે તે ઉપર પુલ બાંધેયો નથી પણ "સ્ટીમ ટગ" રાખી તે ઊપર અમારી આખી ટ્રેન ઉતારૂઓ સુધાં તેરવીને બીજે નાકે લઇ ગયા હતા જે નવાઇ જેવું લાગતું હતું. એ રેલ બાલટીમોર એંડ ઓહાઇઓ રેલરોડ કંપનીની હતી અને બીજી બે કંપનીઓની ટ્રેનો પોતાના જુદા રસ્તાઓથી ફીલાડેલફીયા અને વાશીંગટન તથા બીજા ગામો તરફ દોડે છે. અમેરિકામાં એ મુજબ એક એક જગ્યા પર બે ટ્રેન કંપનીઓ ઉભી થઇ અને લાઇનોથી અમેરિકાનાં બધા ભાગો ઉતર તરફના ભરી નાખ્યા છે અને તેઓ વચ્ચે હરીફાઈ ઘણી ચાલવા લાગી હતી અને ખોટ જવા લાગી હતી પણ થોડુંક થયું તેઓએ સંપ કરીને એકજ ભાવ માઇલે રાખ્યોછે અને ખરચ બાદ કરતાં જે વધે તે સઘળી કંપનીઓ પોતાના માઇલોજ પ્રમાણે વેહેંચી લીયેછે હમણાં સુધી યુનાઈટેડ સ્ટેસમાં એક લાખ પાંત્રીસ હજાર માઈલ જેટલી રેલવેની લાઇનો નાખેલી છે અને હજી નવી લાઇનો ઊંધાડયા જાય છે. કોઇ સાલ તો સને ૧૮૮૨ ની માફક ૧૦૦૦૦ માઇલ એક વરસમાં ઊઘાડે છે. અમોએ વાશીંગટનમા (Riggs House) રીગ્સ હાઉસ નામના હોટલમાં ઉતારો લીધો હતો.

તા૦ ૨૨ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સહવારના પેહેલાં વાશીંગટન શેહેરનો વખણાયલો કેપીટોલ (Capitol) નામનો મેહેલ જયાં યુનાઇટેડ સ્ટેટસની કાનગ્રેસ યાને પાર્લામેંટ ભરાય છે તે જોવા ગયા હતા. એ મેહેલ જાણે ત્રણ મેહેલનો એક મેહેલ કીધો હોય તેમ બાંધેલો છે અને તે ટેકરી ઊપર આવ્યાથી તેની ઊપર જવા

સાર મઝેની ઊંચી સીડીઓ બાંધી છે અને મેહેલની સામે એક મોટો ચોક રાખેલો છે, જ્યાં લશ્કરની કવાયદ થાય છે તથા નંવો પ્રેસીડંટ થાય છે ત્યારે એ મેહેલની સીડીના ઉપરના ટપ્પા ઉપર તેને ઉભો રાખીને પોતાના ઓધાના સોગંદ આપે છે ત્યારે રૈયત એ ચોકમાંથી ઊભી રહીને તેને જોય છે. એ મેહેલની વચમાંના ભાગોપર એક મોટો ગુંબજરોકો (વેલાતના સેંટપાલના દેવળને મળતો) મિનારો કીધો છે, જે તદન લોખંડનો બાંધીને ઉપર સફેદ રંગ કીધો છે અને તેની ઉપર ફરતા થાંભળાઓ કીધા છે તેથી ડોમ શોભે છે. એ ડોમની ઊપર "છુટાપણાનુ" પુતળું ૧૯ ફીટ અને ૩ ઇંચની ઊંચાઇનું બ્રાન્ઝ ધાતુનું મુકેલું છે તે મળીને સઘળી ઊંચાઇ એ મિનારાની ૩૦૭॥ ફીટની છે. એ કેપીટોલની બધી ઇમારતના છાપરાંપર ત્રાંબુ જડી લીધેલું છે. અમો એ કેપીટોલના વચલા ભાગમાંથી અંદર દાખલ થયા હતા જે ભાગ પેલા ગુંબજની હેઠલ આવેલો છે. એના દાખલ થવાના બારણુ. બ્રાન્ઝ ધાતુના ૧૯ ફીટ ઊંચાઇના છે તે ઉપર દરેક બારણામાં પાંચ થડમાં ઘણી સરસ નકશીનું કામ કીધેલું છે. તેમાં એકમાં કોલમબસની જીંદગીનો હેવાલ અમેરિકા શોધી કહાડયું તે બાબેનો કોતરેલો છે અને એવા બે દરવાજાઓ ઊગમણુ તથા આથમણુ બાજુના દાખલ થવાના ભાગોમાં મુકેલા છે. તેઓ મ્યુનીકથી બનાવીને ઇહાં લાવેલા છે. તેમાંની નકશી ઘણી સરસ બધા માણસોના તથા જાનવરોના પુતળાં સઘળાં જાણે છુટા છુટા હોય તેવી રીતે કોતરીને બનાવેલાં છે. એ દરેક દરવાજાની ૩૦૦૦૦ ડાલર કિમત બેઠી છે. એ દરવાજામાંથી એ ગોળ હોલ જેને "રોટન્ડા" કહે છે તેમાં ગયા હતા. તે ૯૬ ફીટ વ્યાસનો છે અને તેની શીલીંગ જે ગુંબજની બનેલી છે તે ૧૮૦ ફીટ ઊંચી છે. એ ગુંબજરોકી શીલીંગને ફરતો બધે ચીતાર પાડેલો છે જેમાં અમેરિકાને લગતા બધા ભાગો શોધી કાહાડયા તથા શી રીતે જંગલીઓ સાથે તે બાબે મીલાપ થયો તેની વિગતો ચિતારેલી છે અને હજી થોડો ભાગ રહ્યો છે તે ચીતારવાનું કામ ચાલે છે. એની ગુંબજરોકી શીલીંગપર પણ એક ઘણો મોટો ચીતાર



કેપીટાલ—વાશીંગટન.

પાડેલો છે, જેમાં વોશીંગટનને ફતેહ અને વખાણના પુતળાં વચ્ચે ચીતારેલો છે. દેવાળો ઉપર અમેરિકાની તવારીખને લગતા મોટા મોટા ચીતારો પાડી ફ્રેમમાં મુકેલા છે, જેઓ દરેક સારૂ ૧૫ થી ૨૦ હજાર ડાલર ચીતારાને આપ્યા છે.

ત્યાંથી આગળ ચાલતાં પુસ્તકશાળા વાળા ઓરડામાં ગયા હતા. આગળ ઇહાં કાનગ્રેસ ભરવાનો હોલ હતો પણ તે પાછળથી એ મેહેલની પાંખો વધારી તેમાં લઇ ગયાથી ઈહાં પુસ્તકશાળા લાવ્યા છે. એ પુસ્તકશાળાને લગતા ઘણા ઓરડાઓ છે જેમાં ૬ લાખ કિતાબો હાલ છે અને દર સાલ જેબી નવી ચોપડીઓ અમેરિકામાં નિકળે છે તેની નકલો ઇહાં એકએક આવે છે, તેથી દર સાલ ૧૫૦૦૦ ને આસરે નવી ચોપડીઓ ઉમેરાતી જાય છે અને હમણાં તે ચોપડીઓને ઈમારતનો એ ભાગ બસ નહીં પડવાથી ઈહાં બીજી ઇમારત તેનાજ કમપાઊંડમાં બાંધે છે. એ જોઇને સેનેટ ભરાય છે તેને લગતો ભાગ જોયો હતો. જયાં એ લોકોની સભા ભરવાનો ઓરડો મજેનો શણગારેલો છે તે ૧૧૪ ફીટ લાંબો અને ૮૨ ફીટ પોહોળો છે અને તેની વચમે ટેકાવના થાંભલા કશા નથી. મથાલે હાલ જેટલી મોટી ચોરસ રંગીન કાચની સીલીંગ છે, જેમાંથી દીસના ઊજાસ સારો પડે છે અને રાતનાં તેની ઊપરથી સીલીંગને મથાલે બહારની બાજુપર ગેસલાઇટ કરે છે તેથી કાચમાંથી ઉજરદ્દ આવે છે અને બતીથી ગરમી લાગતી નથી. તે સારૂ ૧૫૦૦ બતીઓ ઊપરથી સલગાવે છે.. એ હોલની ફરતી ગેલરી અંદરથી છે જયાં જોવા આવનાર ૧૦૦૦ માણસો બેસે એટલી બેઠકો કીધી છે. એ હોલની બાજુ ઉપર બીજા જુદા જુદા ઓરડાઓ તેઓને બેસવા ઉઠવા તથા ખાવા પીવાના અને દોસ્તોને મળવાના કીધા છે, તેમાંનો છેલ્લો ઓરડો યા હોલ તદન રંગીન સંગેમરમરનો બનાવેલો છે અને તેને ઘણો સરસ આરાસ્તે કીધો છે અને તેની સીલીંગપર જાત જાતની નકશીઓ બનાવી ગીલીટ કીધી છે. એજ પાંખમાં જુનો કોનગ્રેસ રૂમ છે, જેની સીલીંગ અરધા ગુંબજરોકી કીધી છે, તેથી એ ઓરડામાં જો આપણે જયાં તેના

ગુંબજના છેડા આવે છે તેની હેઠલ ઉભા રહીને એક ગમથી બોલીએ છે તો બીજી ગમ તેવીજ જગ્યાપર ઉભા રેહેનારને જાણે પાછળથી કોઇ બોલતું હોય તેવો પદઘાનો અવાજ મોટેથી આવે છે. એ ઉભા રહેવાની જગ્યા એક લાદી ઉપર છે. ત્યાંથી ઉભા રહીને બોલીયે તો સંભળાય છે. બીજીગમ જરાક ૩ ફીટબી દુર જાવો તો સંભળાશે નહીં એવી રીતની કાંઇ Accoustic property તાલ આવી ગઈ છે. એ હાલને હમણા Natural Statuary Gallery નું નામ આપી તેમાં દરેક રાજના બે વકીલોના યાને પ્રતીનીધીઓના પુતલાઓ સંગેમરમરનાં આખાં કદના ગોઠવેલાં છે જે દરેક રાજે પોતે બનાવીને મોકલેલાં છે. એ મેહેલની બીજી પાંખમાં રેપરીઝેનટેટીવનો હાલ આવેલો છે, તેબી મોટો અને વગર થાંમલાનો છે અને ત્યાં પંણ ગેલરી પરથી ૧૫૦૦ માણસો બેસીને જોય એટલી બેઠકો રાખી છે. એ લોકોને વપરાસ સારૂં જુદા જુદા ઓરડાઓ રાખેલા છે, તેમાં આવકાર દેવાનો ઓરડો (Reception Room) ઘણો સરસ શણગારેલો છે, તેની સીલીંગ બધી સંગેમરમરની છે, તેમાં ખાંચાઓ પાડીને તેમાં વારા ફરતી તમાંખુ, પપેતા, રૂ અને સેરડીના રોપાઓ પાડેલા છે, જે જણાવેછે કે, અમેરિકાથી એ પેહેલી જીનસો યુરોપમાં જાહેર થઇ હતી ને ઇંહાંની તે પેહેલી પેદાશ હતી. એ પ્રમાણે ઘણા ઓરડાઓ જાત જાતના શણગારેલા છે, તેમાં સોનેરી ઓરડો (Gold Room) ઘણો સરસ છે, જે જાણે ગીલીટથી બધો સોનાનો બનાવ્યો હોય તેવો કીધો છે, તેની દેવાલોપર સોનેરી ગીલીટનું નકશીકામ તથા મોટી મોઢું જોવાની આરસીઓ કીધી છે, તેની સીલીંગ પણ ખાંચા ખાંચાની કરી ગીલીટ કીધેલી છે, તેનું ફરનીચર સઘળું ગીલીટનું છે ને વચમાં ઝુમર તેબી સોનેરી ગીલીટનાં છે. જે ફુલના તોરા ઊંધા ટાંગ્યા હોય તેવી રીતનાં બનાવી તેનાં ફુલની અંદરથી વિજળીની લાઇટો કરવાની રાખીછે. બધા મલીને ૫૦૦ ઉપર ઓરડાઓ એ કેપીતોલમાં છે. એને બધે ફરતા સંગેમરમરના એક એક પથ્થરના ૩૩ા ફીટ ઊંચા અને ૪ાા ફીટ વ્યાસના

૧૦૦ થાભળાઓ છે. એ ઇમારત ૭૫૦ ફીટ લંબાઇમાં છે તે બાંધવા ઉપર ૧ાા કરોડ ડાલર (યાને વગર વટાવે ત્રણ કરોડ રૂપિયા) બેઠાછે ને સને ૧૮૨૧ માં એનો વચલો ભાગ પેહેલો બાંધ્યો હતો ને પાછળથી બે બાજુની પાંખો સને ૧૮૫૧ માં બાંધી હતી, એની જુની ઈમારતનો પાયો વોશીંગટને પોતે ૧૭૯૩ માં નાખ્યો હતો, પણ તે ઇમારત ઈંગ્રેજોએ વોશીંગટન લીધું હતું ત્યારે બલી ગઇ હતી. એ ઇમારત બધી રીતે જોવા લાયક છે. એ ઈમારતમાં જે હાઉસ ઓવ સેનેટ મળેછે તે ઇંગલંડના હાઊસ ઓવ લોર્ડસને મળતી આવે છે, તેમાં દરેક રાજ્ય બે પ્રતીનીધી મોકલાવે છે, અને તે મુજબ હમણાં ૩૮) રાજ્યો જોડાયલાં છે તેનાં ૭૬ સભાસદો બેસે છે અને દરેક ડીસ્ત્રીકટ (સ્ટેટો ડીસ્ત્રીકટમાં વેહેંચાયલાં છે જેમકે મુંબઇ પ્રેસીડનસીમાં સુરત, અમદાવાદ, પુણા, ઇત્યાદી છે તેમ) બે પ્રતીનીધી મોકલે છે. જેઓ આસરે ૩૩૪ છે, તેઓ સઘળા પેહેલું ધારા તથા સ્ટેટસોનો વહીવત પસાર કરીને તે સેનેટમાં જાય છે પછી ત્યાં પસાર થાય છે. તેપર ફક્ત પ્રેસીડંટ સહી કરે છે. ત્યાંથી નિકલીને પેનસીલવેનીયા એવેન્યુમાં થઇને વોશીંગટન સ્થંભ જોવા ગયા હતા. એ એક ઘણો ઊંચો ૫૫૫ ફીટનો ક્લીઓપેટ્રાની નીડલને મળતો સ્થંભ કીધેલો છે, તે સને ૧૮૪૮ માં શરૂ કીધો હતો તે ગ્રેનાઇટનો બાંધીને તેની ઊપર ફરતો સફેદ સંગેમરમર જડી લીધો છે અને તેની હેઠલ એક મોટો ઓરડોછે જેમાં દેશદેશના મોકલાવેલા પથરા મુકેલા છે અને તેવા કોઇ કોઇ કકડાઓ ક્યાંથી આવેલા તેની વિગતો કોતરેલી છે. એ સ્થંભ થાંભલાને મથાલેથી એલ્યુમીનિયમ કરીને સોનાના જેવી મોંઘી ધાતુ આવે છે, તેને મઢી લીધો છે જે ૧૧૨ાા આંઉસ વજનમાં છે. એ બાંધવામાં ૫૦૦૦૦ તન સંગેમરમર વપરાયો છે અને બધો મલીને તે ઉપર ૧૧ લાખ ડાલર ખરચ બેઠો છે. મથાલે જવા સારૂ એલીવેટર રાખેલું છે, પણ હમણા તે ઊપર કોઇને જવા દેતા નથી, કારણ કે લોકો ઉપર જઇને પોતાનાં નામો કોતરીને તેને ખરાબ કરે છે. ત્યાંથી નિકળેલા તીજોરી ખાતાંની ઇમારત જોવા ગયા હતા. એ ઈમારત અમો ઉતર્યા છીયે તે

હોટલની સામેજ પેનસીલવેનયા એવેન્યુ પંદરમાં સ્ત્રીટમા આવેલી છે અને ગ્રેનાઈટ પથ્થરની ૫૮૦ x ૩૦૦ ફીટની બાંધેલી છે, તેને બાહારથી મજેના મોટા થાંભલાઓ આવ્યાથી એ ઈમારત સારી શોભે છે. અંદરથી એની મોટી સીડી તથા આફીસોને હેઠલની બાજુથી રંગીન સંગેમરમર જડી લીધો છે. અમોને ત્યાંના (Cash Room) કે જ્યાં રોકડ નાણું રાખે છે તે ઓરડા તથા નોટો રાખવાની જગ્યા સઘળું બતાવ્યું હતું, તથા ઈહાંની બેંકોને પોતાંને ચાલુ નોટો કાહાડવાનો હક આપે છે, વે હક આપવા આગમજ તે બેંકો સરકારી વ્યાજની નોટો ઈહાં ડીપાજીટ મુકે છે અને તેઓને તે ઉપર સેંકડે નેવું ટકા જેટલી નોટો કાહાડવાનો હક આપે છે. ઈહાં લોકો નોટો ફાટી જાય છે તથા રદ થવા આવે છે તે બદલવા મોકલે છે, તેની તપાસ રાખવા સારૂં ઘણી ઓરતોને કામે રાખે છે, જેઓ પેહેલાં તે ખરી ખોટી છે તે તપાસે છે, પછી તે નોટોના ચોડા ઉપર તે ઓરત પોતાની નામ નિશાણી મુકી ખરી નોટો છે કરી લખે છે ત્યારે તેનાં નાણાં આપે છે. તે જો ખોટી નિકળી તો તેનો નંબર ફાડી નાખીને તેના બનાવનાર ધણીને પાછી આપે છે, પણ જો ખોટી નોટ પસાર થઇ તો (પાછળથી તેના બે ભાગ કરીને વળી બીજી ઓરતોને છેલ્લે તપાસવા આપે છે, તેઓ જો શોધી કાહાડે તો જે ઓરતે પેહેલાં તપાસી હોયે છે તેની પાસથી તેનાં નાણાં ભરી લીયે છે. એ સઘળું જોઇને પછી તેની પડોશમાં યુનાઇટેડ સ્ટેટસના પ્રેસીડંટને રહેવાનું મકાન જેને (White House) વાહીટ હાઊસ કરી કહે છે તે જોવા ગયા હતા. તે સફેદ પોચા પથ્થરનું બાંધેલું છે, તે ૧૭૦ ફીટ લંબાઇમાં છે જેની અંદરના ઓરડાઓ તથા દીવાનખાનાંઓ સારાં શણગારેલાં છે અને ઓરડાઓને જેવા એક રંગના ફરનીચરથી શણગારેલા તેવા રંગના નામથી જેમ કે સફેદ ઓરડો, લાલ ઓરડો એમ પિછાણે છે. એ મેહેલમાં અસલના થઈ ગયલા બધા પ્રેસીડંટોની તથા તેઓની બાનુઓની સબીઓ ટાંગેલી છે. એ જોઇને પછી એની સામેની બાજુપર, રાજ્ય તથા લડાઇખાતા અને દરિયાઇ ખાતાંની ગંજાવર ઇમારત આવેલી છે

તે જોઇ હતી, તે સઘળી આગથી નહીં બળે એવી બાંધેલી છે અને ૫૬૭ ફીટ લાંબી તથા ૩૪૨ ફીટ ઉંડી છે, તે ઊપર ૫૦ લાખ ડાલર બેઠા છે. એમાંના સેક્રેટરી ઓવ સ્ટેટ તથા એલચીઓના ઓરડાઓ સારા શણગારેલા છે, તથા એક પાંખમાં લડાઇને લગતી બાબતોનું મ્યુઝીયમ કીધું છે, જ્યાં અસલની લડાઇના વખતની તોપો, બંદુકો, ઈત્યાદીનો સંગ્રહ સારો કીધો છે. હમણાં નવી જાતની તોપો અમેરિકામાં શોધી કાહાડી છે તે ઇંહાં રાખેલી છે, જેથી કરીને ૧૦૦૦ ગોલીઓ એક મીનીટમાં મારી શકાય છે, એમ ત્યાંનો ભોમિયો કહેતો હતો. પછી તે અમેરિકન ગપીની તોપો હોય તો કોણ જાણે. એ જોઇને પછી ઇંહાંની પેટંટ આફીસ (Patent Office) જોવા ગયા હતા.

એ પેટંટ આફીસ ઘણી શોભીતી તથા મોટી ચાર મજલાની બાંધેલી છે અને (F. Street) એફ. સ્ત્રીટનાં સાતમાં મોહોલામાં આવેલી છે. અમેરિકા નવી નવી શોધો કરવામાં ઘણું મશહુર થયલું છે, તેનો દાખલો એ ઈમારતમાં જે પેટંટો લેવા મુકેલા નમુનાઓ છે તેથી માલમ પડેછે. કાંઇ વગર ગણત્રીના કાચના મોટા કેશોમાં ગંજાવર ઈમારત ભરીને પેટંટસોના નમુનાઓ મુકેલા છે, જેઓ ઉપર વિગત તથા નંબરો મારેલાં છે, તેમાં અમોએ ચાલતાં ચાલતાં એક લાખની ઉપરનો નંબર મારેલો જોયો હતો અને તેથીબી વધતો હોય તો નવાઇ નથી. એની ઇમારત સંગેમરમર તથા સફેદ સેંડસ્ટોનની બાંધેલી છે. ત્યાંથી નિકળીને પોસ્ટ આફીસ જોઇ હતી, એબી સંગેમરમરની ઘણી સરસ અને મોટી હવેલી છે અને તેને બાહારથી મોટી પોહોળી સીડી તથા થાંભલા હોવાથી ઘણી શોભે છે. તે ૩૦૦ ફીટ લંબાઇમાં છે અને બાંધવાની સને ૧૮૩૯ માં શરૂ કીધી હતી તે સને ૧૮૬૫ માં તૈયાર થઈ હતી પણ ઇહાંની Dead Letter Office કે કાગજોના ધણી નહી મલે તે રાખવાની આફીસ ઘણી જોવા લાયક છે અને લોકો પોસ્ટની મારફતે શું શું તથા કેવી ચીજો મોકલાવે છે તે એ જોયાથી આપણને વિચાર આવે છે. ૬૨ સાલ એવાં કાગજો તથા પેકેજોની સરાસરી ૪૮।। લાખની આવેછે, યાને રોજની ૧૫૬૭૩ ની સરા-

સરી આવે છે એ કાગલો આખા યુનાઈટેડ સ્ટેટસનાં જાણવાં, કેમકે આખા સ્ટેટસની વડી પોસ્ટ આફીસ ઇહાં રાખેલી છે. એમાંનાં ૧૪૧૩૪ કાગજો ઉપરતો સરનામાંજ તદન લખેલાં હતાં નહી, પ્રરચુટણ કાગજના પેકેટો. એવા વગર ધણીયાતાં ૬૯૬૯૭ હતાં. એવાં કાગજોમાંથી ૩૩૭૭૦ ડાલરની નોટો મળી હતી તથા હુંડી અને ચેકો તથા મનીઆરડર નજદીક ૧૫૭૬૯૪૮ ડાલરની કિમતના તેમાં હતા જેમાંના મોકલનાર ધણીઓના પટા મળ્યા તેઓને તેનો મોટો ભાગ પાછો પોંહોંચાડયો હતો. પૈસા ન આપેલા પેકેટો તથા વગર ધણીનાં બીજાં તેવાં પેકેટોમાંથી કોઇ કોઇ વખત ઘણી નવાઇની ચીજો નિકળે છે અને તે દેખાડવા સારૂં તેનું એક મ્યુઝીયમ ત્રણ કબાટો ભરીને કીધું છે તેમાં જીવતા સાંપો, માણસનાં ડોકાંની તુમરી, એક માણસનો કાન છુરો કાપેલો, કોઈનું આંગલું, ડાઇનેમાઇટ ઉડારવાના ઘડિયાળ જેવા સાંચાઓ, ગોલીથી ભરેલી બંદુકો તેની ચાંપ ચડાવેલી સુધાં, માણસને ઉરાડી મુકે તેવી કાંઇ મેળવણીની કાત્રીડજો જેના પેકેટને જો પાણી યા થુક લાગે તો તે ઉડીને ખરાબી કરે તેવી એ ચીજો ઉપ્રાંત ભરતકામ, રોમાલો, રેશમી કાપડ ઈત્યાદી જેની ઊપર ઇહાં જગાત ઘણી મોટી છે, તે બચાવવા પોસ્ટની મારફતે મોકલેલું તે પકડાઈ આવેલું. એવી ઘણી જોવા લાયક ચીજો હતી, કોઇનો સુનાનો ભુકો બે ત્રણ ગમથી આવેલો તેબી ત્યાં દીસે છે. એ જોઈને પછી ઇહાં જો કે મ્યુઝીયમો તથા આર્ટગેલેરી તથા તેવાં બીજાં મકાનો જોવાનાં હતાં, પણ એ ખાતાંને લગતું કોઇ મરી ગયું હતું તેથી સઘળું ત્રણ દિવસ બંધ હતું તેથી તે જોવાની તક હાથ લાગે નહી કરીને બપોરના ૩—૧૫ ની ટ્રેનમાં વાશીંગટન છોડયું હતું. વાશીંગટન શેહેર વરજીનીયાના સ્ટેટમાં આવેલું છે અને આખાં યુનાઇટેડ સ્ટેટ ઓવ અમેરિકાનું પાયતખ્ત શેહેર કહેછે. એની વસ્તી આસરે ૫૦૦૦૦ માણસોની છે, પણ જગ્યા ઘણી મોટી રોકે છે. આગળ ચાલતાં વસ્તી ઘણી વધી જવાની આશા રાખીને મોહોલાઓ ઘણા લાંબા અને મોટા રાખ્યા છે. એ પોટોમેક (Potomac) નદી પર આવેલું છે અને એની જગ્યા જેનરલ વોશીંગટને પોતે જોઇને પસંદ

કીધી હતી અને સને ૧૭૯૦ માં તે શેહેર પેહેલું વસાવી સને ૧૮૦૦ ના સાલમાં પાયતખ્ત ત્યાં લાવ્યા હતા. એના મોહોલાઓ પણ અમેરિકાનાં બીજાં શેહેરોના મોહોલાઓ માફક સીધા તથા આડા કીધા છે અને આડકટરા મોટા રસ્તાઓ કરી તેને એવીન્યુસનાં નામો આપેલા છે અને તેઓને યુનાઇટેડ સ્ટેટનાં તે વખતનાં ૧૫ સ્ટેટસો હતાં તેના નામથી ઓળખે છે. તેમાં પેનસીલવેનીયા નામનો એવીન્યુ સૌથી સરસ છે અને તેમાં સઘળી સરકારી ઈમારતો આવી છે. એના મોહોલાઓ કેપીટોલથી શરૂ થાય છે અને તેઓને એ., બી., સી.ના નામથી બોલાવે છે. કેપીટોલથી પેહેલાં ત્રણ મોટાં એવીન્યુસો નિકળે છે, જેને ઊત્તર, દક્ષિણ તથા ઉગમણના કેપીટોલ સ્ટ્રીટથી બોલાવે છે અને બીજા મોહોલાઓ જે ઉગમણ તથા આથમણ તરફ જાય છે તેને મુળાક્ષરનાં નામો આપેલાં છે અને દર અક્ષરના બે મોહોલા છે, જેમકે પેહેલા મોહોલાને A સ્ટ્રીટ નોર્થ અને બીજા મોહાલાને A સ્ટ્રીટ સાઉથ એમ જે બાજુપર આવ્યા હોય છે તેમ તેને પિછાણે છે. મોહોલાઓ ૭૦ થી ૧૦૦ ફીટ પોહોળા અને એવીન્યુસો ૧૩૦ થી ૧૬૦ ફીટ સુધીના પોહોળા છે અને રસ્તાઓ જેપર અમે ફર્યા હતા તે એસફાલ્ટના કીધેલા હોવાથી મજેહના લાગે છે અને અમેરિકામાં આવ્યા પછી એજ શેહેરના રસ્તાઓ સારા સફાઈદાર જોયા હતા. અમોએ વોશીંગટન શેહેર સાંજના ૩—૧૫ મીનીટે છોડયું હતું અને આગની ગાડીમાં આખી રાત ગુજારી હતી.

તા૦ ૨૩ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સવારના સીનસીનેટી નામનાં સ્ટેશન પર ઉતર્યા હતા અને ત્યાંથી લુઇસવીલ જવા સારૂ એક સ્ટેશનપરથી ઘોડાની બસમાં બેસીને શેહેરને બીજે નાકે બીજાં સ્ટેશન પર જવું પડયું હતું. એ શેહેરબી સારૂં મોટી મોટી માફકસરની ઇમારતનું બાંધેલું છે. અમો ત્યાંથી પાછા કલાક ૮—૧૫ મીનીટે ઊપડયા હતા તે લુઈસવીલનાં શેહેર તરફ કલાક ૧૨—૩૦ મીનીટે આવી પુગ્યા હતા અને ત્યાંથી એક કલાકે પાછા ઉપડેલા મેમથકેવસ જંકશન કરી સ્ટેશન છે જ્યાંથી અમેરિકાના વખણાયલા

મેમથકેવસ તરફ જવાય છે ત્યાં ઉતરીને બીજી આગની ગાડીમાં બેસીને આસરેં નવ માઈલ દુર મેમથકેવસો છે ત્યાં ઉતર્યા હતા, જ્યાંના કેવ હોટલમાં ઉતારો લીધો હતો. અમો ઇંહાં પુગ્યા ત્યારે ૪॥ થયલા હતા અને રાતનું ખાનું ખાઇને. અમારી સાથે બીજા ૪૦ મરદો તથા ઓરતો લુઇસવીલથી એ ગુફાઓ જોવા સારૂં આવ્યાં હતાં તેઓ સાથે ગુફાઓ જોવા રાતના સાત વાગે નિકળ્યા હતા. એ ગોફાઓ કેનટકી સ્ટેટમાં આવેલા છે અને લુઇસવીલનાં ગામથી ૯૫ તથા સીનસીનેટીથી ૨૧૫ માઇલ દુર છે. એ ગોફાઓની દુનિયામાં બધે તારીફ થાય છે તેથી ખામખા આડકટરે રસ્તે થઇને તે જોવા ગયા હતા, નહીંતો કે સીનસીનેટ ઉતરવાને બદલે પાધરા ચીકાગો ગામ જતે. એ ગોફાઓ કેનટકી સ્ટેટમાં બીજા ઘણા ગોફાઓ છે તેમાંનો એક છે અને દુનિયાના બધા જાણીતાગોફાઓ કરતાં તે મોટો છે. એ કેનટકી સ્ટેટની નજદીક ૮૦૦૦ માઇલ જેટલી જગ્યા એવા ગોફાઓથી પોકલ થયલી છે. ધારીયા મેલે અસલ એ ગોફાઓમાં નદી હશે, જેણે પોતાનો રસ્તો અંદરથીજ પોકલ કરીને કીધો હશે પણ પાછળથી બીજો રસ્તો મળ્યાથી કાંઇ કારણને લીધે હમણા તે ખાલી પડેલો છે અને તેથી કરીને અંદર માઇલોના માઇલ સુધી એ ખોના રસ્તા પડેલા છે. ગાઇડ બુકના કેહેવા પ્રમાણે તો ૨૦૦ માઈલના આડકટરા રસ્તાઓ ઉપલા ગોફામાં આવેલા છે. અંદર જવા સારૂં બે રસ્તા રાખ્યા છે જેમાં એક મોટો અને એક નાનો રસ્તો કરી તેને કહે છે. અમો આજે નાનો રસ્તો જોવા ગયા હતા જે સારૂં દર માણસ દીઠ બે ડાલર ફી લે છે અને જેઓ જનારા હોય છે તેઓને બધા એકઠા કરીને બે ભોમિયાઓ સાથે અંદર મોકલે છે અને દરેક જણના હાથમાં એકએકી કેરોસીન તેલની ખુલ્લી બતી ચાર આંકડાની વચમાં મુકેલી હોય છે તે આપેછે. હોટલથી આસરે ૩૦૦ વાર અમો ગયા પછી એ ખોનુ મોહોડું આવ્યું હતું જેમાં થોડું એક નિચે ઉતરીને જવાય છે. અંદર જવા સારૂં એક બારણું રાખેલું છે, તેમાં જતી વખતે અંદરથી ઠંડો પવન લાગેછે, પણ જરા અંદર ખોમાં ગયા કે પવન તદન મળતો નથી અને મજેની ખમાય તેવી ઠંડી



મેમથનાં ગોફા, કેનતકી—અમેરીકા.

લાગે છે. એની તપાસ કીધા મુજબ ગમે તેટલી ઠંડી યા ગરમી બાહાર જમીન ઉપર પડે પણ એ ખોની અંદર હમેશાં ૫૫થી ૫૬ ડીગ્રી જેટલી હવા રહે છે. ઠંડીના દિવસો પર ઇંહાંની જગ્યા પર પારો બંધાઇ (Zero) તેનીબી હેઠલ ૩૦ ડીગ્રી ઠંડો થાય છે ને ગરમીનાં દિવસોપર ૧૦૦ ડીગ્રી સુધી પારો ચહડે છે, પણ એ ખોમાં ઊપર મુજબ એકજ રીતની હવા રહે છે. ખોમાં અંદર પેઠા કે જાણે એક મોટી ગલી હોય તેમ લાંબો ને લાંબો રસ્તો આસરે ૫૦ વાર સુધી મળે છે ને પછી ત્યાંથી પોહોળો ઘણો થાય છે. એ ખોમાંથી (nitre) નાઈટર જાતનો ખાર હાથ લાગ્યો હતો તેમાંથી સુરોખાર બનાવવાનાં મોટાં લાકડાંનાં પેનાઓ (Vats) બનાવેલાં તથા તેમાં મટોડું સુધાં હજી પડેલાં દીસે છે. એમાં પાણી ભરવા સારૂં બાહારથી લાકડાંની નલી મુકી લાવેલા છે.તેબી સઘળું જેમનું તેમ પડેલું છે. ઇંહાં સુધી રસ્તો જરા ધેકાધરીયાનો મળે છે, પણ ત્યારપછી જેમ અંદર જતા ગયા તેમ રસ્તો ઘણોજ ખરાબ આવેછે જહાં મોટા મોટા પથરાઓ પડેલા છે જેના ઢગલાઓપરથી ઘણું તપાસીને આપણને ચાલવું પડે છે.

ભોંયરાંમાં ગયા પછી રસ્તાની સીલીંગ ૬૦ ફીટ સુધી ઊંચી થાય છે અને મોટાં મોટાં દીવાનખાનાંઓ હોય તેમ ખાંચાઓ નિકળી આવે છે. જેઓની સીલીંગ તદન સફાઇ જાણે પાલીશ કીધી હોય તેવી છે તેમાં કોઇ તદન ચપતી અને કોઇ તદન ગોળ આવે છે, અને વચમાં તેને જોકે કશો ટેકો નથી તોબી આસપાસના ખડકની દેવાળ ઊપર તે ટકી રહે છે. એવા મોટા ઓરડાઓને જુદાં જુદાં નામો તે કોઇ આકારને મળતાં હોય તેમ આપે છે. જેમકે એક ગમ એક ઓરડો ૮૦ ફીટ લાંબો તથા પોહોળો અને ૪૦ ફીટ ઊંચો છે, તેની વચમાં જાણે બંદગી કરવાની બેઠક (Pulpit) હોય તેમ છે, તેથી તેને દેવળ (Church) કરી નામ આપ્યું છે. એક ગમ આગળ વધતાં એક ઘણો મોટો પથ્થર મુડદાંની પેટીના આકારનો પડેલો છે, તેથી તે (Giant's Coffin) રાક્ષશની મુડદાંની પેટી નામ આ-આપ્યું છે. તે પથ્થર ૪૦ ફીટ લાંબો, ૨૦ ફીટ પોહોળો અને ૮

ફીટ ઊંડો છે. અંદર જાત જાતના પથરોના આકારો એ પ્રમાણે પડેલા છે જેઓ કોઇ હાથ્થીને, કોઇ કાચબાને, કોઇ સ્ટીમરનાં સુકાણ-વાલા ભાગને મળતા એ પ્રમાણે હોય છે તેમ તેને તે મુજબ નામો આપેલાં હોય છે. એ ખોહમાં છેક ૩૫૮ ફીટ સુધી નિચે જવાય છે, તેથી અંધારૂ એટલું તો પડે છે કે અમારી સાથે નજદીક ૪૦ મરદ ઓરતો બતી સાથ હતાં તોબી જયાં અમો હોઇયે ત્યાંજ થોડો ઊજાસ પડતો, બાકીનો રસ્તો કે ડુંગરના પથ્થર અથવા ખડક કાંઇ નહીં હોય તેવું લાગે છે. એક ગમથી ખડકની અંદર મોટી ફ્રાત પડેલી છે, તે જગ્યા પર ગયા તેની આગમજથી એક ભોમિયાએ તેની પાછળ જઈને ત્યાંથી બતીનો ઉજાસ કીધો અને અમારી સાથના ભોમિયાએ તે ઊપર અમારી નજર પાડી કહ્યું કે જુઓ પેલું વેશીંગટનનું પુતળું છે, તો આબાંદ જાણે પુતળું હોય તેમ તે ફ્રાટની વચમાં ઊજાસ હોવાથી તેના જેવો આકાર દેખાતો હતો અને આસપાસ અંધારૂ હોવાથી જાણે તે પુતળું અલગ હોય તેમ દેખાતું હતું. એક ગમ સ્ટાર (Star) ચેમબર ફ્રરીને છે, ત્યાં અમને લઇ જઈને પછી અમારી પાસથી સઘળી બતીઓ લઇ લીધી અને અંધારામાં મુકીને ભોમિયાઓ એક ગમથી બાજુપર ભરાયા અને ઉજાસ ફ્રકત સીલીંગ-પર નાખ્યો તેથી જાણે ખોહો ઊઘડી ગયો હોય અને આસમાન તથા તારા દીસતા હોય તેવું લાગતું હતું. એ બાજુની સીલીંગપર લોખંડનો ક્રાટ બંધાયલો છે તેની વચમાં છુટા છુટાં સફ્રેદ ખાચાઓ રહ્યા છે, જેથી બતી દુર લઇ જાય છે ત્યારે તે સીલીંગ જે ઘણી ઊંચાણમાં છે તે આપણી આંખે જોઇ શકતા નથી અને જાણે વાદળ હોય તેમ તેનો દેખાવ થઇ જાય છે. એ પ્રમાણે દેખાડીને પછી ભોમિયો ત્યાંથી જતો રહ્યો કે અમો અંધારામાં રહી ગયા જે વખ્તનું અંધારૂં એવું તો હતું કે આખની આંગળ આગળી યા સફ્રેદ કપડું ધરીયે તોબી કાંઇ દીસે નહીં. પછી આસ્તે રહીને દુરથી જાણે સુરજ ઉગતો હોય તેમ પરોઢિયાંના જેવો ઉજાસ પડવા માડયો અને પેલા ભોમિયાઓ મરઘા તથા બીજા જાનવરોની બોલીઓ બોલવા લાગ્યા અને જાણે

આસમાનપર વાદળાં થતાં હોય તેમ સીલીંગ દેખાવા લાગી અને કાંઇ દેખાવ ઘણો સરસ દીસવા લાગતો જેની વિગત અમો અતરે સમજાવી શકતા નથી. કોઇ ગમ પાણી એકઠું થયલું તેને સરોવરનું નામ આપેલું, કોઇ ગમ પાણીનો અરધા ઈંચ જેટલો ઝરો પડે તેને (Cascade) કેસકેડનું નામ આપેલું એમ દેખાડતા અમોને આસરે ત્રણથી ચાર માઇલ જેટલા અંદર તે ખોહોમાં બધે ફેરવ્યા હતા. એક ગમ રાઈટસ રોટેન્ડા કરીને હોલ છે જે ૪૦૦ ફીટ ઘેરાવામાં અને ૧૦ થી ૪૫ ફીટ ઊંચાઇમાં છે. જેને કશા થામલા જેવું હતું નહીં અને તે કેમ થોભ્યો હશે તે અજાયબ લાગેછે. એકગમ પાંણીની અંદરના ખારથી બંધાયલા પથરા જેને સ્ટેલેક્ટાઇટસ કહે છે તેના ઝુમખાઓના ઝુમખાઓ લટકતા હતા, જેઓ ઉપર બતીનો ઊજાસ પડે ત્યારે ચળકે તથા કોઇની પાછળ બતી ધરેતો ઊજરદ્દ તેમાંથી દીસે એવા હતા. ત્યાં બપોરિઆની રોશણી કરી અમોને બતાવ્યાથી તેનો દેખાવ ઘણો સારો લાગતો હતો અને તેને (Fairy Grotto) પરીયાંનું રેહેઠાણ નામ આપેલું છે. એક ગમ બે એકર જેટલું મોકું ભોંયરૂં છે તેને (Chief city) મુખ્ય શેહર કરી નામ આપેલું છે, એકગમ લાંબીને લાંબી ગેલરી જેવું દેવાલની બાજુપરથી ઉપરથી બનેલું છે અને જાણે કોઇ દીવાનખાનામાં ફરતી ગેલરી હોય તેમ બનેલી છે. એકગમ આસરે ત્રીશ વરસની વાતપર દશ ખહીથી રીબતાં માણસોને ઈહાં ખોહોની અંદર નાના પથ્થરનાં ઘરો બાંધીને લાવીને રાખ્યાં હતાં, કે ઈહાંની ઘણી સાફ હવાથી તેઓને સારૂં થાય. એ ખોહોમાં પવન તદન નહીં હોવાથી ધુળની રજકન કશી ઉડતી નથી અને હવા ખુદરતી રીતે ઘણી સાફ અંદરથી રેહ છે, પણ તે આજારી માણસોમાનું એક તો જે દીને આવ્યું તેજ દિને તથાં બીજા બે ચાર દિવસોમાં બીજાઓબી મરણ પામ્યાથી પાછા બાહાર તેઓને લઈ ગયા હતા. ભોમિયાના કેહેવા મુજબ તેઓ મરણતોલ હાલતમાં હતા, ત્યારેજ છેલ્લા ઉપાય દાખલ ઈહાં લાવી તેઓને રાખ્યા હતા તેથી મરણ પામ્યા હતા. એક મી૦ મીચલ

ફરી શખ્સ ઇંહાં ખોહોમાં ૫) મહિના રહ્યો હતો, તેની આખર એજ દરદથી મરણ પામ્યો હતો, પણ તેવો શારૂ કોઠરીઓ બાંધેલી તેજ હાલતમાં પડેલીઓ છે. કોઇ ગમ ઊંડા ખોહો કુવાની માફક જમીનની અંદર પડેલા છે અને તેજ માફક આપણે ઊભા રહીને તે જોઇયે છીયે તેને મથાલેબી આવેલાં છે જે બધા મળીને આસરે ૩૦૦ ફીટ ઊંડાણના હશે જેમાં બળતા કાગજના કકડા તેલમાં બોલેલા નાખે છે ત્યારે તેને અંદરથી ઘણો સારો દેખાવ લાગે છે. કોઇ ગમ પાણીનાં તીપાવાથી તેના ખારના બંધાયલા ઉપરથી હેઠલ આવેલા સ્ટેલેકટાઇટસ (Stelactites) અને હેઠલથી બંધાઇ ઉપર ચડતાં (Stalagmites) સ્ટેલેગમાઇટસો મળી જઇને થામલાઓ બની ગયા છે અને તેઓ મોટા હોલોમાં હોવાથી સારા શોભે છે, એક ગમ રેજીસ્ટર હોલ કરીને મોટો ઓરડો છે તેપર ત્યાં જોવા જનારાઓનાં હજારો નામો બધેબધ લખેલાં છે તથા કેટલાએકો તો પોતાના નામના કાર્ડો પથ્થરના ઢગલાઓ પર મુકી ગયા છે. એ પથ્થરના ઢગલાઓને જુદા જુદા યુનાઇટેડ સ્ટેટનાં શેહેરોના તથા સ્ટેટસના નામો આપેલાં છે અને તે ઉપર તે સ્ટેટનો કોઇ રેહેવાસી જોવા આવેછે તે એક પથરો મુકી જાય છે જેથી તેના ઢગલાઓ છેક ૧૦ ફીટ સુધીના ઊંચા થઇ ગયા છે, તે દરેક ઢગલા ઉપર લાકડાંનાં પાટિયાં પર સ્ટેટસનાં નામો લખી રાખેલા છે. એ પ્રમાણે જોઇને પાછા ફર્યા હતા, તે રાતનાં ૧૦—૩૦ મીનીટે ખોહોની બાહાર આવ્યા હતા અને ભોમિયાના કેહેવા મુજબ આઠ માઈલ એ નાના રસ્તાથી અંદર એ ગોફાઓમાં ફર્યા હતા.

તા૦ ૨૪ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સવારના ૯ વાગેને મેમન ગોફાઓના મોટા રસ્તા પર અંદર ગયા હતા. થોડો વાર ગઇ કાલનેજ રસ્તે "રાક્ષશના કફન" સૂધી ગયા પછી તેની પાછળથી રસ્તો લાંબો છે ત્યાં ગયા હતા. એ વખ્તે અમોને ચાલવાની ઘણી મુશ્કેલી નડી હતી, રસ્તો આડા અતાડા મોટા નાના પથ્થરના ઢગલાઓનો હતો અને મથાલેથી સીલીંગ ભાયગે ચાર ફીટ ઊંચી હોય તેથી કમરે વાંકુ

વળીને ચાલવાનું ઘણું ભારી પડયું હતું. એ જગ્યાનું નામ બરાબર રીતે (Valley of Humility) નમનતાઇની ખાહી કરીને આપેલું છે. આસરે દોઢસોએક વાર સુધી એમ ચાલ્યા પછી સીલીંગ ઉંચી મળી તેથી ખુશી થઇને ઊભા થઇને આગળ ચાલ્યા કે વળી બીજી પીડામાં પડયા. તે રસ્તો આડો અતાડો અને ઘણોજ સાંકડો હોવાથી અમોને તેમાંથી પસાર થવાની ઘણી મેહેનત પડી હતી અને દબાઇ ચંપાઇને તેમાંથી પસાર થવું પડયું હતું. એ જગ્યાને પણ વાજબી નામ (Fatman's misery) દોંગા માણસનું દુઃખ કરીને આપેલું છે.

એ જગ્યાનો રસ્તો આસરે ૧૮ ઈંચ પોહોળાઇમાં અને ૨૩૬ ફીટ લંબાઇનો છે તેમાં ૮ ખાંચાઓ સાંપની ચાલની માફક પડેલા છે. એ પસાર કીધા પછી આગળ વધ્યા હતા અને જાતજાતના હોલો તથા આકારો પસાર કરતાં એકો રીવર (Echo River) કરીને નદી છે ત્યાં જઇ લાગ્યા. એ નદી પોણો માઇલ લાંબી છે અને તેમાં બોટમાં બેસીને પસાર કરવું પડેછે. એવી ઊંડી જગ્યામાં નદી શી રીતે થઇ હશે તે માલમ પડતું નથી અને એનું પાણી ખોહોમાંથી થઇને ધારવા મુજબ ખોહોની બહાર ગ્રીન રીવર કરીને નદી છે તેમાં જાય છે. એ નદી આસરે ૨૦ થી તે ૨૦૦ ફીટ સુધીની પોહોળી અને આસરે ૧૫ થી ૩૦ ફીટ ઊંડાં પાણીની છે તેમાં નવાઇ જેવું એ છે કે માછલીઓ પેદા થયલી છે, પણ તે સઘળી માછલીઓને આંખ નથી, ફક્ત આંખને બદલે ખાલી પરદો હોય તેમ છે. તેઓને નાની જાલમાં સેહેલાઇથી પકડી શકાય છે, પણ તેઓ એવી હોશિયાર રહે છે કે જો ઝડપથી પકડી નહિ હોય તો તેઓને ધાર્યા મેલે પવનના હિલવાથી માલમ પડે છે તો નાસી જાય છે. એ માછલીઓ આસરે બેથી છ ઇંચ જેટલી લાંબી છે, તે રંગે તદન સફેદ છે, તથા કોઇ બીલોરના જેવી પારદર્શક (Transparent) છે. એ માછલી ઉપ્રાંત કોલમી જેવી નાની ઝીણી બીજી માછલી પણ ઇહાં તેવીજ વગર આંખની તથા સફેદ રંગની તથા બીલોર જેવી મળે છે. તેઓને બહાર હવામાં લાવીને રાખે છે અને પાણીમાં રાખે છે તોબી એક

અઢવાડિયાંથી વધારે જીવતી નથી. ખોદાતાલાની ખુદરત મુજબ એઓ અંધારામાંજ જન્મી અને રહેવાથી આંખનું કશું કામ તેઓને પડતું નથી. તેથી ઘણાં વરસો પછી આંખ જતી રહે છે અને તે હોતી નથી. અમારા ભોમિયાએ એક માછલી જાલથી પકડીને ઉપરના જેવી બતાવી હતી. અમે ચાર બોટોમાં (આસરે ૪૦ જણાં આજેબી હતાં) બેસીને નદી પસાર કીધી હતી. તેમાં પેહેલાં તો ખડક ઘણો નિચો હોવાથી અમો બધાઓને તદન છેક કમરેથી વાંકુ વળીને થોડો વતો પસાર કરવો પડયો હતો. ખડક ભાયગે ૩ ફીટબી બોટથી ઊંચો હસે. આગળ ચાલતાં ખડક પાછો ઉંચો થયો અને પછી મજેથી નદી પસાર કીધી હતી. ઇહાં નદીને મથાલે તથા બાજુપર ટનલરોકો ખડક હોવાથી પડઘાં ઘણો સરસ થાય છે તે બતાવવા સારૂ અમારા ભોમિયાએ ગાયનના બેચાર બોલો બોલી સંભળાવ્યા કે જેણે પડઘાથી બધો નદીનો ભાગ ભરી નાખીને જાણે ઘણાં જણાંઓ ગાયન સાથે ઘણા મીઠા અવાજે ગાતાં હોય તેવો લાગતો હતો અને ગાયનના સઘળા સુરો બરાબર રીતે મેળવ્યાથી જેવો સુસ્વર પેદા થાય તેવો તેમાંથી નિકળતો હતો. પાણી પર હલેસુ જોરથી માર્યું તેનો અવાજ જાણે તોપો ફુટતી હોય તેઓ બધી ગમથી દોડતો હતો અને જો તે હલેસું બોટની ઉપર અફાલેતો જાણે વાદળ ગગડતું હોય તેમ અવાજ થતા હતા. વળી અમારી સાથવાલી મડમોએ બોટમાં બેસીને ગીતો ગાયાં હતાં તેબી ઘણાં મધુર લાગતાં હતાં. એ પ્રમાણે મજા કરતા નદીને પેલે કાંઠે ઉતર્યા હતા. નદીના બેઉ કાંઠાપર દરિયાની રેતી જેવી ઘણે લંબાણુ સુધી રેતી મળે છે, અમોને નદીમાં પેઠા આગમજ ઘણો મોટો હોલ મળ્યો હતો જેને મેમથડોમ (Mamoth Dome) નું નામ આપેલું છે. તે હોલ આસરે ૪૦૦ ફીટ લાંબો, ૧૫૦ ફીટ પોહોળો અને ૮૦ થી ૨૫૦ ફીટ સુધીનો ઊંચો હતો. એની અંદર બંધાયલા થાભલાઓ ૮૦ ફીટ ઊંચાઇમાં અને ૨૫ ફીટ વ્યાસના હતા. એ થાંમલા (Gray Oolite) ગ્રે ઉલાઇટ નામના પથ્થરના બનેલાછે અને તેની ઉપર સ્ટેલેગમાઇટ પીળા રંગનો બંધાઇને જાણે નકશી કામ કીધું હોય. તેવા દીસે છે. ઊપલી નદી

ઉપ્રાંત એક બીજી નાની નદી જેને (Styx) સ્ટીક્ષ કહે છે, તે મળી હતી. જે ૪૦૦ ફીટ લાંબી છે અને ૪૦ ફીટ પોહોળી છે તેની ઉપર ખુદરતી પુલ બંધાયલો છે જે ઉપરથી પસાર થવું પડેછે. એ પુલ ભાયગે ત્રણ ફીટ પોહોળો હશે તેથી તેની બેઉ બાજુપર કટેરા ભરી લીધા છે. એ છેલ્લી નદી પછી એક સરોવર આવે છે તેબી એ નદી જેટલો મોટો છે. એ બધામાંથી માછલીઓ આંખ વગરની મળે છે એ પ્રમાણે જોતા જોતા એક મોટા દીવાનખાનામાં જઇ લાગ્યા જ્યાં અમારી સાથે ભાતિયું બાંધી આપ્યું હતું તે બધાઓએ ભોંયપર પથરાઓની બેઠક કરી બેસીને ખાધું હતું અને ખુબ મજાહ કીધી હતી. તે પુરૂં કીધા પછી અમોને આજે સાંજના ૫ વાગાની ટ્રેનમાં જવાનું હતું તેથી અમો પાછા ફર્યા, પણ અમારી સાથવાલાઓ હજી આગળ બીજા પાંચ માઇલ જવાનું છે ત્યાં ગયા હતા. જો એ મોટે રસ્તે ફરી આવે તો બધા મળીને ૧૬ માઇલ જેટલું ચાલવું પડે છે. અમો આસરે ઝા માઇલ અંદર ગયા તેટલાં ૧૨ ઉપર વાગી ગયા હતા તેથી ટુંકે રસ્તે પાછા ફર્યા જેથી બે માઇલનો બંચાવ થયો હતો, પણ એ ટુંકો રસ્તો જેને કોર્કસકુ કહે છે તે આસરે ૩૦૦ વાર જેટલો તબક્કો ઘણોજ બીકત હતો. કોઇ ગમ તો આંગ માય નહી તેટલી જગ્યા અને વળી ભાયગે સાથે ત્રણ ફીટ ઊંચાણમાં હોય તેથી વાકું ચાલવું પડે અને રસ્તો નહી હોવાથી પથરા ઉપર ટીંગાઇને જાણે ઉપર ચહડવું પડે એટલા ટપ્પા ઊંચા હતા અને પથરાઓ પગની હેઠલ અલગા તે ખસી જાય એવી રીતનો બીકત રસ્તો હતો અને અમો જો કે નજદીક આઠ નવ માઇલ આજે ખોહોમાં ચાલ્યા તો થાકયા નહી, પણ આટલા નાના રસ્તાએ અમને તદન થાકવી નાખ્યા હતા. જો ખબર હતે કે રસ્તો આવો ખરાબછે તો અમો લંબાણુ રસ્તે જતે પણ ઇહાં જતે નહીં. અમે એ મુજબ તે પસાર કરીને ખોહોના મોંઢાંની નજદીકમાં નિકળ્યા અને ગોફાઓની બાહર બપોરના ૩ વાગે આવ્યા હતા. અમો એ મુજબ ગોફાઓ નજદીક ૬ કલાક તદન અંધારામાં રેહેવાથી જ્યારે પેહેલી રોશણી અંદરથી નિકળતાં દુરથી જોઇ ત્યારે ચાંદનું પડતું હોય

તેવો દેખાવ ખોહોના મોઢાંમાથી દેખાતો હતો. અમોએ સાંજના પાંચ વાગેને આગની ગાડીમાં બેસીને એ મેમથ ગોફાની જગ્યા છોડી હતી અને અમોને જોકે ઘણું દુર એ જોવા સારૂ જવું પડયું હતું (નજદીક ૪૦૦ માઇલ જવા આવવામાં પસાર કીધા હતા) તથા જરા એહેમત તે જોવામાં ખેંચવી પડી હતી તોબી અમો તેને જોઇને એટલા તો ખુશી થયા છીયે કે તે કુચ બિસાદમાં ગુણતા નથી. અમો ખચીત દિલગીર છીયે કે અમોએ જે એ મેમથના ગોફાઓમાં જોયું તેની અરધી તો શું પણ પાબી વિગત લખી શકતા નથી ને તેની ખુબી દરશાવાની અમારી શકતીબી નથી, એવો જોવા લાયક એ એક ખુદરતનો નમુનો છે. અમો સાંજના પાંચ વાગે નિકળેલા અરધા કલાકમાં મેમથ કેવસ જંકશન નામનાં સ્ટેશનપર જઇ લાગ્યા હતા, પણ ત્યાં આવતી આગગાડી રાતના ૧૧ વાગે આવી ત્યાં સુધી એક નાનું હોટલ છે ત્યાં થોભ્યા હતા ને વખત હોવાથી આસપાસની જગ્યા પર ફરી વલ્યા હતા. એ જગ્યા ખુલ્લી મેદાનની વગર ઝાડપાનની છે જેને ઇહાં (Praries) પ્રેરીસ કરી કહે છે જેના થોડા ભાગ ઉપર ઇહાં રેહેવા આવેલા લોકોએ છુટાં છુટાં લાકડાનાં ઘરો બાંધી ખેતીવાડી કીધી છે તેમાં મકાઇબુટ્ટાની રોપણી ઘણી મોટી જગ્યા રોકે છે, બાકીનો તંબાકુ તથા ઘઊં ઊગાડે છે. પણ તે ઘણા થોડા ભાગમાંજ રોપે છે, બાકીનો જમીનનો મોટો ભાગ ગાય ઢોરને ચરવાને લાયકનો હોવાથી તેઓ સાર રાખેલો છે. વસ્તી પણ છુટી છવાઇ ખેતરોમાં આવેલી છે. અમારી સાથે મેમથ કેવસથી ત્રણ મેડમ તથા એક ઇંગ્રેજ આવેલાં હતાં તેઓબી સાથે ફરવા નિકળયાં હતાં.

અમારા સાથીઓએ અમોને એ કેન્ટકી સ્ટેટની જગ્યામાં બધેબધ એક જાતના ઊંડા ખાડાઓ. પડેલા હોય છે તે ઇહાં ઘણીગમ બતાવ્યા હતા. એ ખાડાઓને (Sink holes) સીંક હોલ્સ કરીને કહે છે ને એ સીંકસો જાણે જમીનની ગનની હોય તેમ છે. જ્યારેબી વરસાદ પડે ત્યારે આસપાસનાં પાણી એવા ખાડાઓમાં જઇને પડે છે, ને તેમાંથી જમીનની અંદર તે પાણી પેવસ થઇને જમીનની હેઠાણમાં

તેના ઝરાઓ દોડે છે ને માઇલના માઇલ તમો એ જગ્યાપર ફ઼રો તો એક નાનો ઝરોબી જમીનની ઉપર દીસવાનો નથી. એ જગ્યાપરની આવેલી નદીઓમાં પેહેલાં જમીનની અંદરના ઝરાઓ પછી ખોલ્લા વેહેતા દીસે છે. ઉપર લખેલા સીંક હોલ્સો એક માઇલના ઘેરાવામાં ૧૦૦ ઉપર હોય છે, ને તે ખાડાઓની આસપાસ ઝાડીઓ હમેશા ઉગેલી રેહે છે. ગણત્રી મુજબ કેન્ટકીના દેશમાં એવા સીંક હોલ્સો એક લાખ માઇલ જેટલી જગ્યા રોકે છે એમ (Shaler the State Geologist) મી૰ શેલર કરીને જમીન વિદ્યાનો પ્રોફ઼ેસર છે તેણે ગણત્રી કીધી છે. ઇંહાંનો મેમથ કેવસ તથા બીજા ઘણાઓની આસપાસના ગોફ઼ાઓ હમણા એક ગોરીન (Gorin) નામના ધણીના કુટુંબ પાસે છે અને તેઓ તેની ઉપજ ખાય છે. દર માણસ દીઠ નાને રસ્તે જવાના બે, અને મોટે રસ્તે જવાના ત્રણ ડાલર ફી તેઓ લીયે છે. એ કેવસો ઇંહાં ઇંગ્રેજ સાથની લડાઇ વખતે સને ૧૮૧૨ માં શોધી કાહડયા હતા, તે વખતે દારૂ બંદુક સારૂં બનાવવાને સુરોખાર (Saltpetre) બહારથી આવતો હતો, પણ ઇંહાં મળી આવ્યાથી એ મેમથ કેવસ-માંથી તેને ખણી કહાડતા હતા અને તે એટલા તો મોટા જથ્થામા મળી શકતો હતો કે તે ઉપર ઘણાં માણસો કામે લાગતાં હતાં, પણ પાછળથી તે પરવડયો નહીં અને મોંઘો પડવા લાગ્યાથી એને રદ નાખ્યો છે, તોબી એ વખણાયલા ગોફ઼ાઓ જોવા આવનારાઓથી (વરસ દહાડે પાંચ છ હજાર લોકો આવે છે) ફ઼ાયદો સારો છે.

તા૰ ૨૫ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે આખો દિવસ આગની ગાડીમાં ગુજાર્યો હતો અને સાંજના સાત વાગે (Chicago) શીકાગોનાં શેહેરમાં આવી ગ્રાન્ડ પાસીફીક હોટલમાં ઉતારો લીધો હતો. એ આખા રસ્તા ઉપર કાંઇ જોવા લાયક હતું નહીં. બધેબધથી જમીન દેખાતી હતી તે ઉપર મોટો ભાગ મકાઇબુટ્ટાનાં ખેતરો કીધેલાં હતાં. કોઇજ ગમ તંબાકુ નજરે પડતો હતો. રાતના અમો અમારા હોટલ-વાલાં મોહોલ્લામાં ફ઼રી આવ્યા હતા. એ મોહોલ્લાને (La Salle

Street) લા સાલ સ્ટ્રીટ કહે છે. ઇહાં મોટી મોટી હવેલીઓ તથા દુકાનો આવેલી છે અને અમો ફરતા હતા ત્યારે જોકે આઠ વાગ્યા હતા, તોબી ઘણી ખરી દુકાનો ઊઘાડી હતી અને બધેબધ વિજળીની બતીઓથી શણગારેલી હતી. રસ્તા ઊપર ઇહાં ગાસની બતી બળે છે, પણ દુકાનવાળાઓ પોતાની સામે વિજળીની બતીઓ રસ્તા ઉપર મુકે છે તેથી રસ્તો ઘણો શોભે છે. લોકોની આવજાવ પણ આ વખતે સારી હતી.

તા૦ ૨૬ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સંવારે ચીકાગોનો જાણીતો થએલો યુનિયન સ્ટોક યાર્ડ (Union Stock Yard) જે આસરે ત્રણ ચાર માઇલ દુરછે તે જોવા ગયા હતા. ચીકાગોની આસપાસનાં ગામોમાંથી એ જગ્યા ઉપર ગાય ઢોર, ડુક્કર તથા બકરાં ઘણા મોટા જથ્થામાં વેચવા આવેછે અને તે સારૂ ઘણી મોટી જગ્યા ઘેરી લીધીછે, જે ૩૫૦ એકર છે અને તેમાં છુટા છુટા ૩૩૦૦ ખાંચાંઓ ઉપલાં ગાય ઢોર છુટા છુટા ધણીઓના રાખવાના કીધાછે, તેમાં ૧૮૦૦ ઉપર છાપડાં નાખેલાંછે અને બાકીના ખોલ્લાછે. જેની અંદર એકી વખતે ૨૫૦૦૦ ગાય ઢોર, ૧૪૦૦૦ મેંઢાં અને ૧૫૦૦૦૦ ડુકરો રેહી શકેછે અને અમે તે જગ્યા બધી જાનવરોથી ભરેલી જોઇ હતી. એ ખાંચાઓની વચમાં નાના નાના રસ્તાઓ કીધાછે, જેની લંબાઇ બધી મળીને ૨૦ માઇલની કહેછે, એ જાનવરોને પાણી પીવા સારૂ હારબંધ લાકડાનાં ઓવારાઓ (Troughs) કીધાછે તેબી ૨૦ માઇલ જેટલા લાંબા, ખાવાના ઓવારાઓ ૫૦ માઇલ અને પાણીની તથા ગટરની નલીઓ ૪૫ માઇલની લંબાઈની તેમાં રાખેલીછે અને તે પાણી પુરૂં પાડવા સારૂં પાંચ ખાલ કુવાઓ (Artisan Wells) ૧૨૫૦ ફીટ ઊંડાઇના સરેરાસછે. ઇહાં આગગાડીમાં સઘળાં જાનવરો લાવેછે તે સારૂં ૮૭ માઇલના પાતાઓ એ બજારમાં નાખેલાછે અને એ સઘળું તૈયાર કરવા પાછળે જમીનની કિમ્મત સુધાં ૪૦ લાખ ડાલર બેઠાછે. અમો ગયા ત્યારે સવારના પોહોરમાં વરસાદ પડેલો હોવાથી બધે કીચલ થઈ

ગયો હતો અને બુટ તરબોર થઇને લપટાઈ ગયાં હતાં તેમાં હજારો જાનવરોની આવજાવથી રસ્તો ઘણોજ ખરાબ થઇ ગયો હતો. અહીયાં વેચનારાઓ ગાય ઢોરના ટોળાંઓ ચાબકની બસારતોથી તથા બુમો પાડીને હાંકી લાવતા હતા અને લેનારાઓ ઘોડાઓપર બેસીને બધેબધ ફરીને જાનવરો પસંદ કરતા હતા. જાનવરો ઘણાં સારી હાલતમાં જણાતાં હતાં અને મુંબઈમાં વેલાતી ગાય આવેછે તેને મળતાં અને મોટાં હતાં. એક કાપવા લાયક બલદની કિમ્મત ૩૦ થી ૭૦ ડાલર સુધીની કહેવાયછે અને તેઓને તોલીને વજનની કિમ્મંત લેછે. પાલવા સારૂ ગાય ઢોર તો જેવાં હોયછે તેવી કિમ્મત આપીને લેછે. અમેરિકામાં યુરોપથી લોક વસવા આવેછે તેઓને આઠમણું બાજુપર હમણાં જગ્યા સરકાર આપેછે, તેથી ચીકાગોમાં તેઓને આવીને વેચવા તથા લેવાનું સવલ પડેછે. એ જગ્યાપર દર સાલ ૪ કરોડ અને ૩૦ લાખ ડાલરની કિમ્મતનાં જાનવરો વેચાયછે અને તે સઘળું (Armour & Co.) આરમરની કંપનીવાલાઓ હસ્તકછે. એ જગ્યા પાસે એજ ધણીઓનું જાનવરોનું ગોસ પેક કરીને દેશાવરોમાં મોકલવાની જગ્યા છે. જ્યાં તેઓ ૪૫૦૦) માણસો રોજ ખપાવે છે અને ગયે વરસ ત્યાં ૧૧૩૩૪૭૯) ડુક્કરો ૩૩૦૬૫૨) બળદો અને ૬૩૨૬૨) મેંઢાઓ કાપ્યાં હતાં. એટલું મોટું કામ તે લોકો ચલાવે છે. ત્યાં ડુક્કરોને કાપેચ ને તેને સાફ સમારી કટકા કરીને સુકવવા તાંગે છે. તે ફક્ત પાંચ મીનીટમાં કરી શકે છે પેહેલાં ડુક્કરને એક જણ પગે શાંકળ બાંધી કે બીજો ધણી તેને ઉપર ઉંચું તગાયલું ચીંચકી લીએ છે. ને સંચાથી ચાલતા એક સલીઆ ઉપર તે ઘસડાઈને આગળ વધે છે જ્યાં એક ધણી ઉભો રહીને જે ડુક્કર આગલ આવતું જાય તેને ગળામાં ઉભી છરીથી કાપ મુકી દે છે કે ડુક્કર તફરતું તગાયલુંજ પેલા સલીઆ પર આગલ વધે છે ત્યાં છેડે એક મોટી ઘણાં ખખરતાં પાણીની ટાંકી હોય છે તેમાંથી તે પસાર થાય છે ને બીજે નાંકે નીકળ્યું કે ત્યાં એક મોટી ટેબલ છે. તે ઉપર સાંકળ દોડયા કરે છે. તેમાં એક માણસ તે ડુક્કરને મોહોડાંમાં લોખંડનો હુક ખોસી પેલી સાંકળ સાથે તે હુક જોરી નાખે છે કે ડુક્કર સાંકળ સાથે ઘસડાઇને આગળ એક બાલ સાફ કરવાનો

સંચો છે તેમાં જાય છે, જ્યાં ચારે બાજુ ઉપર હથ્યાર હોય છે તેથી બાલ બધા કહાડી નાંખી તેનીજ સાથે બ્રસ હોયચ તેને તે સાફ કરીને ડુક્કર બીજે નાકે બાહાર નીકલે છે. એ સાફ કરતી વખ્તે સંચામાં ડુક્કર જાણે માણસો હાથે મસલીને સાફ કરતા હોય તેમ ઉથલ પાંથલ થાય છે. હવે ત્યાંથી માણસો ઉભા હોયચ તેઓ બાકી વલગી રહેલા બાળો ઓખવી કાહાડી ત્યાં એક હુક ઉપર તેને લતકાવી દીયે છે. તે ધસડાતું આગળ વધ્યું કે ત્યાં ઉભેલાં માણસો તેનું પેતાખાનું ચીરીને બાહાર કાહાડી નાખે છે. ત્યાંથી વળી ડુક્કર ધસડાતું પેલા સબ્બાપરજ આગળ વધે છે કે માણસો છરાથી તેના ઉભા ટુકરા કરી નાખી આગળ મોકલે છે. તે પરભારૂ એક ઓરડો છે ત્યાં જાય છે. જ્યાં તેને ચોવીસ કલાક સુધી ટાંગેલુ રાખે છે. એ મુજબ એક ડુક્કર જ્યારથી કપાયું ત્યારથી ચાર યા પાંચ મીનીટમાં સાફ થઇ કટકા થઇને તૈયાર થાય છે. હવે એ ઓરડામાંથી તાજુ ગોસ વેચવાની દુકાન છે ત્યાં રોજના વેચાણ જેટલું જાય છે, બાકીનો મોટો ભાગ ને બીજે દીને એક સંચાથી થંડો કીધેલા ઓરડામાં લઇ જઇને બે દીવસ ટાંગી રાખે છે. એ ઓરડામાં હમો ગયા ત્યારે ૪૦) દીગ્રી પારો હતો ને થંડક જેવું લાગતું હતું. ત્યાર પછી તેનાં જોઇતા કટકા કરીને પીપોની અંદર જસદનાં પતરાં જડેલાં હોયચ તેમાં આઈસની વચ્ચે તેને પેક કરીને દેશાવરો ખાતે યુરોપ સુધા મોકલાવી આપે છે. એ તંગાયલાં ડુક્કરનાં કટકાઓનાં મોટા ને મોટા ઓરડાઓ છે ને ત્યાં કાંઇ લખો કટકાઓ ટાંગેલા દીસે છે, બલદોને ઇહાં કાપતા નથી પણ પેહેલાં તેઓનાં ટોળાં માણસો હાંકી લાવીને ચાર ફુટ જેટલી પોહોલી ચાલમાં તેઓને ઉભા રાખેછે. ને ત્યાંથી વળી બીજી આડકટરી ચાલો કીધી હોય છે ત્યાં બીજા માણસો ત્રણ ચાર ધોરને અંદર હાંકે છે. તેઓને હાંકવા સારૂં ઉપરથી ઉભા રહીને લોખંડની અણીવાલી લાકડીઓ ભોકે છે ત્યારે નાચ્યારીએ તે જાનવરો અંદર જાય છે. હવે તે નાહલી ચાલને મથાળે એકજ માણસ ઉભો રહે છે જે બંદુકે કરીને તે જાનવરોનાં માથામાં ગોળી મારે છે.

જેવી ગોળી લાગી કે તરત તે જાનવર થપકાઇને બેસી જાય છે ને જરા તફરીને મરણ પામે છે પણ તેમાંથી લોહી બાહાર તે વખતે પડતું નથી. એ પ્રમાણે એક ખાચામાંનાં ચાર પાંચ જાનવરો મારીયાં કે બીજા પડોશનાં ખાચામાં જાનવરો ઉભાં રાખેલાં તૈયાર હોયછે તેને મારવા જાય છે ને આખો વખત તે જાનવરોને ગોળીથી મારયાજ કરે છે. તે મારનારની નેમ ઘણી સારી છે ને જવલેજ તે ચુકે છે ને આબાદ માથામાં બે સીંગડાંની વચ્ચે ઉપરથી ગોળી મારે છે. હવે જેવું જાનવર મુવું કે તરત બાહારથી તેને ખેંચી લઇ પડોસનાં ઓરડામાં લેઇ જાય છે અને ત્યાં ઉભેલા માણસો તેનો પગે શાંકળ નાંખી ટાંગી દીયે છે અને તેનું ચામડું પાંચ મીનીટમાં કાહાડીને આગળ વધે છે તેટલાં બીજો ધણી આવી તેનું પેતાખાનું બાહાર કાહાડે છે તથા તેનાં દોકાનાં માસ ઉપર કાપ મુકી જાય છે તેની પછી ત્રીજો ધણી આવી કોહાડારીએ એકજ ફટકે માથું છુટું કરે છે અને ચોથો ધણી આવી તેનાં બદનનાં બે ઉભા કટકા કરી તેને શીક ઉપર ટાંગે છે કે તે ઘસડાઇને ગોસ ટાંગવાનાં ઓરડામાં સુકાવવા જાય છે. પછી ડુકરની માફક તેનું ગોસ થંડુ કરીને પેક કરે છે. ડુક્કરના ગોસને ધુખરાવા (Smoke) સારૂં એક મોટો ઓરડો છે જે બધો ધુમારાથી ભરી નાંખેલોછે, તેમાં સીકો ઉપર તે ડુક્કરનું ગોસ ટાંગી રાખી તેને સમોકડ હેમ (Smoked Ham) બનાવે છે. એ પ્રમાણે સઘળું ઝડપથી ત્યાં કામ થાય છે. ગોસ ઉપરની ચરબી જે છુટી હોય છે તે દર સાલ વેચે છે તથા તેનું તેલ અને માખણુ વતીક બનાવે છે. એના માલેકોએ અમોને પોતાના કામકાજના આંકરા બતાવ્યા હતા તે પ્રમાણે એ જગ્યાપર અમોએ આગળ લખયાછે તેટલા જાનવરો સને ૧૮૮૬માં કપાયા હતા તેમાંથી નીચે મુજબ ગોસ ચરબી તથા લોહીનાં વેચાંણુ કીધેલાં દીસે છે. સમોકડ કીધેલું ગોસ પાંચ કરોડ ચાલીશ લાખ રતલ. કેનમાં ભરેલું ગોસ ૩૩૭ લાખ રતલ. એની ચરબી કંટરાકટરોને વેચી ૫૫૧ લાખ રતલ તેલ બનાવ્યું, ૧૬૩ લાખ રતલ ખારૂં નીમકથી બનાવેલું ગોસ ૮૬૦ લાખ રતલ. અચાર જેવું કીધેલું ગોશ (Pickled Meats) ૫૧૫ લાખ રતલ. મસાલેદાર

(Spiced Meats) બનાવેલું ગોસ ૪૦ લાખ રતલ અને તાજુ ગોસ ૮૨ લાખ રતલ વેચયું હતું. એ જાનવરોનું લોહી નીચે ભોયરાં છે ત્યાં એકઠું કરીને પછી તેને સુકવીને ભુકો કરી એક જાતનું ખાતર તેનું બનાવે છે. તે લોહીનો ભુકો ૨૨૫ લાખ રતલ વેચયું હતું. એ લોકોની પાસે ગોસ ભરી તથા ટાંગી રાખવાની જગા છે તેમાં ૯૦૦૦૦ ટન ગોસ રહી શકે છે તેવું હતું, પણ ગયા જુન મહીનામાં ઇહાં મોટી આગ લાગવવાથી તેનો મોટો ભાગ બલી ગયો છે, જેથી પચાશ લાખ રૂપીયાનું નુકસાન ગયલું સંભળાય છે. એવું ગંજાવર કામ એક કંપની ઈહાં ચલાવે છે અને તેવી ઘણી કંપનીઓ ચીકાગોમાં છે. ત્યારે ગોસનો વેપાર શી રીતનો મોટો થતો હશે? ગાઇડ બુકમાં સને ૧૮૮૨ ના સાલમાં ઈહાં ચીકાગો શેહેરમાં વેચવા સારૂ ૫૮ લાખ ડુક્કર, ૧૬ લાખ ગાય ઢોર અને ૬ લાખ મેંઢાઓ આયા હતાં જેની કીમત વીશ કરોડ અને તેવીશ લાખ ડાલરની કહે છે. અમો ઉપલી જગ્યા જોઈને પછી અહીંયાંની બોર્ડ ઓવ ટ્રેડ (Board of Trade) કરીને ઇમારતછે તે જોવા ગયા હતા. એ જગ્યાપર અનાજનો વેપાર કરવા લોકો આવેછે અને જેમ ન્યુયોર્કમાં સ્ટોક એક્ષચેન્જછે તેવી સઘળી રીતની ગોઠવણછે, એની ઈમારત બાહારથી બહુ શોભીતીછે અને તેની વચમાં આગલી બાજુથી મોટો શોભીતો મિનારો કીધેલોછે, જે ૨૬૫ ફીટ ઊંચાઇમાં છે, ઇમારત ૨૨૫+૧૭૪ ફીટનીછે તેમાંનો વચલો કામકાજ કરવાનો હોલ ૧૭૪+૧૫૫ ફીટ જેટલો પોહોળો તથા લાંબો, અને ૮૦ ફીટ ઊંચોછે તેની વચમાં ૭૦+૮૦ ફીટની કાચની સિલીંગ તદન વગર ટેકાએ કીધેલી છે યાને વગર થાંભલાની દેવાલ ઉપરજ કીધી છે અને તે વળી ચોરસ છે. એ બોર્ડ ઓવ ટ્રેડ સને ૧૮૪૮ માં ઉભી થઇ હતી ત્યારે તેમાં તેર મેમબરો હતા, તેના વધીને હમણાં ૨૦૦૦ થયા છે, જેઓ દર સાલ દરેક જણ ૭૫ ડાલર ફી ભરે છે. પેહેલાં ઉભી થઇ ત્યારે એની શામેલ થવાની ફી ૫૦૦ ડાલર હતી તે પાછળથી વધારતા આવ્યા તે હમણા ૧૦૦૦૦ ડાલરની કીધી છે. ઇહાં અનાજને લગતોજ

વેપાર થાય છે અને બોર્ડ ઓવ ટ્રેડના હિસાબ મુજબ ઇંહાં સને.૧૮૮૫ માં ૧૦ કરોડ ડાલરના અનાજનાં વેચાણ થયાં હતાં. એ જોઇને પછી ગાડીમાં બેસીને બધે ફર્યા હતા, તેમાં પેહેલે સીટી હોલ જોયો. એ ઇમારતમાં મ્યુનીસીપલ આફીસ તથા અદાલતો રાખેલી છે અને એક આખો મોહોલો હોય તેમ ચારો બાજુ ઉપર તેને રસ્તા આવેલા છે. તે ૩૪૦ ફીટ લાંબી, ૨૮૦ ફીટ પોહોળી અને ૧૨૪ ફીટ ઊંચી છે, તેની બાહારથી રોણક ઘણી સારી મારે છે પણ અંદરથી જોકે હેઠળના ભાગ સંગેમરમરથી શણગારેલી છે તોબી બધે નાના નાના ઓરડાઓ છે, વચમાં ફરતી ચોકરોકી ચાલ છે, ત્યાંથી બધે જવાય છે. એની ઉપર હમણા સુધી ૩૮ લાખ ડાલર ખરચ થઇ ચુકયો છે અને પૈસા ઘટી ગયાથી થોડો અંદરનો ભાગ અધુરો છે, જે સારૂ બીજા ૬ લાખ ડાલર જોઈયે છે તે મ્યુનીસીપલ કાઊનસીલ પાસેથી મળશે ત્યારે પુરૂં કરશે. ત્યાંથી નિકળેલા લીનકન પારક Lincon Park કરીને એક મોટો બાગ છે ત્યાં ગયા હતા. એ બાગ લેક મીચીગન (Lake Mechigan) ને કિનારે કીધેલો છે અને ત્યાંના કિનારા ઉપરના રસ્તાઓ તથા બાગો ઘણા સારી રીતના કીધેલા છે. એ બાગને એક છેડે પૈસાદાર લોકોના મજેના ઘરો આવેલાં છે, એમાં હાથે બનાવેલા મરોવરો તથા પુલો, જગે જગે કીધા છે તથા જીવતાં જાનવરોનો સંગ્રહ પણ કીધેલો છે, એ લેક મીચીગન ઘણો મોટો છે અને જાણે દરિયો હોય તેમ બીજી ગમનો કિનારો કશો દેખાતો નથી.

એ બાગમાંથી નિકળીને પોસ્ટ આફીસ તથા કસ્ટમહાઉસ વાલી ઇમારત હજી બંધાય છે તે જોઇ હતી, એબી ઘણીમોટી એક આખા મોહોલા જેટલી છે તે ૩૪૨ × ૨૧૦ ફીટ લાંબી પોહોળી છે અને ઘણી શોભઇતી બાંધી છે તે ઉપર ૬૦૦૦૦૦૦ ડાલર ખરચ બેઠોછે. ત્યાંથી બધે શેહેરના મોટા મોહોલાઓમા તથા એવેનીઉશોમા ફર્યા હતા. એ શેહેરમાં સને ૧૮૭૧ મા અતિ મોટી આગ લાગી હતી, જેથી શેહેરનો મોટો ભાગ બળી ગયો હતો, એ આગ કેરોસીન તેલની બતીને એક ગાયે લાત મારી નાખી

દીધી, તેથી પેહેલાં શરૂ થઇ હતી અને પવનનું જોર ઘણું હોવાથી થોડા વખતમાં તે ફેલાઇ અને ચોવીશ કલાકમાં ૩ માઇલ ઉપરની જગ્યાની ઇમારતોને બાળી નાખી હતી જેથી ૧૯ કરોડ ડાલરનું નુકશાન થયું હતું અને તેમાં ૧૮૦૦૦ ઇમારતો બળી જવાથી ૯૮૫૦૦ માણુસો ઘરબાર વગરના થઇ ગયા હતા એવી મોટી એ આગ લાગી હતી. પણ તેને બદલે હમણા જે નવી ઈમારતો બંધાઈ છે તે ઘણી સરસ અને શેહેરને શોભાવે તેવી થઇ છે અને તેનો મોટો ભાગ એકથી બે વરસની અંદર પાછો બંધાઈને તૈયાર થયો હતો એવી ઝડપથી એ કામ કીધું હતું. ઇંહાં કેવી ઝડપથી ઈમારતો ઉભી થાય છે તેના દાખલા દાખલ ઇંહાંનાં એકઝીબીશન સારૂ જે મોટી ઈમારત સને ૧૮૮૦ માં બાંધી હતી તે ૨૪૦ ફીટ પોહોળી, ૮૦૦ ફીટ લાંબી અને ૧૧૦ ફીટ ઊંચા ત્રણ મિનારાઓ સાથની નવ મહિનામાં બાંધીને તૈયાર કીધી હતી. ઇંહાંના મોહોલાઓ સરખા અને સીધા માઇલના માઇલ સુધીના છે તેમાંનો સ્ટેટ એવેનીયુ State Avenue ૧૧ માઇલ જેટલો લાંબો છે જેનો મોટો ભાગ મોટી ઈમારતોથી બેઉ બાજુપર ભરેલો છે જેથી તેનો દેખાવ ઘણો દબદબા ભરેલો લાગે છે, ને નજર પોહોંચે ત્યાં સુધી સરખો અને લાંબો એ મોહોલો દેખાય છે. ચારેક માઇલ સુધી તેપર મોટી ઈમારતો છે, પછી નાનાં બેઠાં ઘરો આવે છે. ઇહાંના બીજા મોહોલાઓમાં Dear born Avenue, Mechigen, Prarie અને Calumet Avenue એો ઘણા સારા છે, તેમાં મીચીગેન એવીન્યુ સરોવરને કિનારે હોવાથી તથા તેની ઉપર છુટા છુટા બંગલાઓ, તેની આગળ નાના બાગો તથા લોન્સોથી તથા રસ્તાની બેઉ બાજુપર ઝાડો તથા તેની હેઠલ પગે ચાલવાના રસ્તાની બાજુપર ઘાસના કયારાઓથી ઘણો સરસ લાગે છે. ઇહાં રસ્તાઓપર ફીલાડેલફીયાની માફક તારનાં દોરડાંથી ચાલતી ટ્રામ (Cable Cars) છે જે ત્રણ ચાર ગાડીઓ સાથે જોડેલી ટ્રેનની માફક ચાલે. છે જેથી લોકોને બેસવાની સગવડ સારી મળે છે અને તેમાં દર મહિને વીસ લાખ માણુસો શેહેરમાં આવજાવ કરે છે. સીકાગો (કોઇ ચીકાગોથી

કહે છે) શેહેર અમેરિકા ખંડમાં નવાં નવાં શેહેરો શી રીતે એકદમ વધી જાય છે તેનો દાખલો બતાવે છે. સને ૧૮૦૧નાં સાલમાં ઇંહાં પાણીના ખાબોચીયાંવાલી જગ્યા હતી. સને ૧૮૩૧માં ઇંહાં પેહેલાં ૧૨ નાનાં ઘરો હતાં. સને ૧૮૪૧માં એની વસ્તી ૫૭૭૨ માણસોની થવાથી એને શેહેરનું નામ મળ્યું હતું અને મ્યુનીસીપાલીટી થઇ હતી. સને ૧૮૪૧માં એનો વેપાર ૩૨૮૦૦૦ ડાલરનો હતો પણ ત્યાર પછી સને ૧૮૬૧માં રેલ્વેઓ ઇંહાં થવા માડી તેથી એ શેહેર વધીને તે સાલમાં ૩૪૪૩૭ માણસોની વસ્તીવાલું થયું. ૧૮૬૧ માં વસ્તી તથા વેપાર તેનેથી ચારગણો વધી ગયો અને ૧૮૭૧માં તો એવું મોટું શેહેર થઇ ગયું કે તે વખ્તની આગની વિગત પરથીજ માલમ પડે છે. ૧૮૮૧માં ઇંહાં બધી આસપાસનાં દેશોની રેલ્વેઓના "જંકશનં" થયાથી તે ઘણુંજ વેપારમાં વધી ગયું છે અને ૧૮૮૨ની, ગણત્રી મુજબ વસ્તી ૫૬૦૬૯૩ ની થઇ છે અને હમણા સાત લાખની વસ્તી ધારવામાં આવે છે અને ૩૬ ચોરસ માઈલ યાને ૨૩૦૪૦ એકર જગ્યા ઘેરે છે. ઇંહાંનાં હોટલોબી મોટાં અને ગંજાવર ન્યુયોર્કનાં જેવાં છે અને તેઓ ૭ સાત માલનાં આખા ગાળાઓ મોહોલાના રોકે છે. પામર હાઉસ કરીને હોટલ છે તેમાં ૭૧૮ ઓરડાઓ છે અને તેને બાંધવા તથા શણગારવા પાછળ ૪૦ લાખ ડાલર બેઠા છે અને દર સાલ તેને પાછું શણગારે છે ત્યારે તેપર એક લાખ ડાલર ખરચે છે. એના કરતાં અમારાવાલું હોટલ મોટું તથા સરસ ગણાય છે પણ તેની વિગત મળી શકતી નથી. ઇંહાં વેપારમાં અનાજ (ઘઊં) નો વેપાર ઘણો મોટો છે. પેહેલાં ઘઊં સને ૧૮૩૯માં ઇંહાંથી બાહાર ગયો હતો. સને ૧૮૪૨ માં ૫૩૮૦૦૦ બુશલ ચહડયો હતો તે વધતો વધતો સને ૧૮૮૨માં નજદીક ૧૨ કરોડ બુશલ ૯ કરોડ ૭૦ લાખ ડાલરની કિમતનો બાહાર દેશાવરોપર મોકલ્યો હતો. લાકડાંનો પણ ઘણો મોટો વેપાર ઇંહાં છે તથા પરચુટણ કારખાનાઓબી આસરે ૨૧૮૨ છે જેમાં ૯૭૦૦૦ માણસો ખપે છે જેઓને પગારના ફકત સવાપાંચ કરોડ ડાલર વરસ દિને મળે છે. તેઓની થાપણ સવાઆઠ

કરોડ ડાલરની છે અને વરસ દહાડે ૩૧ કરોડ ડાલરનો માલ કાહાડેછે. ચીકાગોનો બધો વેપાર સને ૧૮૮૨ માં એક અબ્જ સાડાચાર કરોડ ડાલરનો થાયો હતો અને દરરોજ ૬૪ થી ૬૫ વાહાંણો તથા સ્ટીમરો ઈહાં આવજાવ કરે છે જેઓ નજદીક એક કરોડ ટનનો જુમલો વરશ દીને થાય છે. એવી અજબ રીતે એ શેહેર પચાસ વરસની અંદર વધી ગયું છે. એનું મુખ્ય કારણ એ છે કે એ શેહેર યુનાઇટેડ સ્ટેટસના બધા દેશની વચમાં આવ્યાથી બધી ગમંથી રેલ્વેઓ ઈહાં આવે છે. જે મુજબ ૧૮ જુદી જુદી કંપનીની રેલ્વેઓ આવેલી છે તેથી બધી ગમનો વેપાર ઈહાં ધસડાઈ આવે છે.

તા૦ ૨૭ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૧૨—૪૦ મીનીટે ચીકાગો શેહેર છોડયું હતું અને આખો દિવસ ચીકાગો બરલીંગટન એન્ડ કુવીન્સી રેલરોડની ગાડીમાં કાહાડયો હતો, રસ્તામાં સપાટ પ્રેરીસ (વગર ઝાડ પાનની જગ્યા) આખો વખ્ત મળી હતી, મોટી જગ્યાપર મકાઇ ખુકાનાં ઝાડો રોપેલાં હતાં પણ છુટાં છવાયાં નાના નાના ઘરો વારા ફરતી ઘણાં મળતાં હતાં. એ ઘરો લાકડાંના પાટિયાંના બાંધેલાં છે અને દરેક ઘેરની આગળ એક પવનચકરી હોયછે જેનેથી બંબો ચાલે છે અને પાણી તેની હેઠળ નલી જેવો કુવો હોયછે તેમાંથી બાહાર કાહાડે છે. એ કુવાઓ આસરે ૧૦૦ ફીટ જેટલા ઊંડા હોય છે. ઘરોની આસપાસનાં ખેતરોમાં ગાય ઢોર ચરવા મુકી દીયે છે અને સાંજ પડતાં તેના ધણીઓ ઘોડાપર બેસીને તે બધાંઓને હાંકી એક વાડ ભરી લીધેલી જગ્યામાં એકઠાં કરે છે. અમોએ સાંજના આગગાડીપરથી એ પ્રમાણે ખેડુતોને ગાય ઢોર હાંકતાં વારા ફરતી જોયા હતા.

તા૦ ૨૮ મી આગસ્ટ સને ૧૮૮૭—આજનો આખો દિવસ ટ્રેનમાં ગુજારયો હતો, જગ્યા જે પસાર કીધી તે ઉપર ગઇ કાલે જોયલી લખી છે તેનાં જેવીજ મેદાન જેવી હતી પણ હવે જેમ ચીકાગોથી દુર અને આથમણ અમેરિકા તરફ આગળ વધતા ગયા તેમ

ખેડુતોનાં ઘરો વધારે છુટાં છુટાં અને ગામડાંઓ પણ નાનાં અને છુટાં છવાયાં મળતાં હતાં. મકાઇખુટ્ટાની રોપણી પણ થોડી હતી અને ખેડુતોનાં ઘરો કોઈ કોઇતો મટોડી તથા પથ્થરનાં બાંધેલા હિંદુસ્તાનનાં ગરીબ ગામડેનાં ઝુપ્ડાંઓ જેવાં કંગાળ મળતાં હતાં. એ ઇહાં આવી રહેલા પરદેશીઓ નવા રેહવા આવેલા હોવાથી પાસે પૈસા નહીં તેથી પેહેલાં જેમ તેમ કામ ચલાવી લીયે છે. યુરોપથી જે પરદેશીઓ ઇહાં આવે છે તેઓમાંના થોડા જણા જેઓ ૪૦૦ એક ડાલર જેટલા સાથે લાવેલા હોય છે તો તરત આવી જગ્યાઓ સરકાર આપે છે તેપર ઊપર માફ્ક મટોડી તથા ઘાસનાં ઝુપ્ડાંઓ બાંધી રહે છે અને એક જોડી બલદ તથા જમીન ખણવાનું હોર તથા અનાજ, સામાન લાવ લઈજાવ કરવા એક ગાડું તથા ગાય, મરઘાં લઇને રેહે છે. પછી જેમ ખેતીવાડીથી તે કમાતો જાય છે તેમ એ ત્રણ વરસમાં લાકડાંનાં મજાનાં ઘરો બાંધે છે તથા પવન ચકરીઓ મુકે છે તેની આગળ પોતાના હાથે ખુંબાથી પાણી વાપરવા કાહાડે છે ને ગાય ઢોર તથા ઘોડા લેતો જાય છે. એ મુજબ જેમ પૈસા વધે છે તેમ પછી ખેતી વધારવા મજુરોને રાખે છે તથા આસપાસની જગ્યા પોતાના કરતાં ગરીબ ખેડુતો પાસથી વેચાતી લઇને વધાર્યો જાય છે.

જો કોઇ નવો પરદેશી થોડાજ પૈસા લઇને આવે છે તો પેહેલાં ચાકરી ધંધો કરીને થોડા વધારે જોઇતા પૈસા એકઠા કીધા કે તેઓબી જમીન લઇને ખેડુત બને છે. એ પ્રમાણે ઉતર અમેરિકાની વેરાંન પડેલી જમીનો વસ્તી જાય છે ને તે ઉપર ખેતીવાડી થાય છે. એ પ્રેરીસોની ખોલ્લી જગ્યાપર અસલ ઝાડ પાન ઘણું હતાં પણ યુરોપના લોકો ઇહાં વસવા આવ્યા પછી ઇહાંના અસલી રેહેવાસી ઇન્ડીયનસોએ મોટી મોટી આગો લગાડી મોટાં જંગલો બાળી નાખતા ગયા હતા કે તેમાં નવા રેહેનારાઓ સપડાઇને ખુવાર થઇ તથા બલી જાય. એવી પ્રેરીસની આગો ઘણી મોટી માઈલના માઇલો સુધીની થાય છે ને તેથી ઝાડપાંન તો શું પણ તેનાં પડેલાં બીજો વટીક બળી જવાથી ઝાડો પાછાં ઉગતાં નથી અને વેરાણ જેવું

થઇ જાય છે. ફકત ઘાસ પાલોજ ઉગે છે પણ જમીન ફલવંત હોવાથી ત્યાં ખેતીવાડી સારી થાય છે. અમોએ બધે છેક ન્યુયોર્કથી નિકળયા ત્યારથી મકાઇબુટ્ટાનીજ વાવણી જોઇ તેથી ખબર કાહડતાં માલમ પડ્યું કે એ વાવણીપર ઘણી મેહેનત પડતી નથી અને ઘઉંની વાવણી કરતાં એની પેદાશમાં નફો વધારે થાય છે તેથી એનીજ વાવણી બધાઓ કરે છે અને તેનો મોટો ભાગ ગાય ઢોર તથા ડુક્કરના ખોરાકમાં વપરાય છે જે તેઓને માફક આવે છે અને વળી ઇહાંનું લોક એના દાણા જે સુક્કા તથા ઘરડા થાય છે ત્યારેજ તોડે છે તેનો આટો કરી પાંઉં તથા જાતજાતનાં કેકો તથા મીઠાઈ બનાવે છે તથા કુમળા મકાઇબુટ્ટા પણ ખુશીથી ખાય છે અને વળી એના સુકા દાણાં વેલાત તરફ નિકાશ પણ મોટી રકમના થાય છે તેથી એનો ખપ ઘણો મોટો હોવો જોઇએ. અમોએ ન્યુયોર્ક છોડયા પછી આસરે ૪૨૦૦ માઇલ મુસાફરી આગગાડીમાં કીધી છે, તે બધી જગ્યાના મોટા ભાગપર એ મકાઇબુટ્ટાનીજ ખેતીવાડી જોઇ હતી. કોઇજ જગ્યાપર જરમન્ મીલેટ (Millet) અને ઘઉંની રોપણી દેખાતી હતી.

તા૦ ૨૯ મી આગસ્ટ સને ૧૮૮૭—ગઇ રાતના આસરે સાત વાગ્યા પછી ચઢાણની જગ્યા મળી હતી તે આખી રાત સુધી તે મળયા પછી આજે સવારનાં ઊઠયા ત્યારે અમો આસરે પાંચ હજાર ફીટ ઊંચાણની જગ્યાપર હતા અને પાહાડને મથાળે સપાત જગ્યાપર ગાડી દોડતી હતી. એ પાંહાડને મથાળેની એ સપાત જગ્યા જેમ ખંડાલાનો પાહાડ ચડયા પછી પુણા સુધી ઊંચી પણ સપાત જગ્યા મળે છે તેનાં જેવી હતી પણ પુણાની માફક ઇહાં કાંઇ દુરથી પાહાડો દેખાતા ન હતા પણ જાણે એક ગોળ થયલી સપાત જમીન એકદમ ઊંચકાઇ આવી હોય તેમ આસમાન આસપાસથી નિચે જતુ જણાતું હતું. આસરે સાડા છ વાગ્યા પછી દુરથી મોટા પાહાડો જમણા હાથ ઉપર દેખાવા લાગ્યા હતા; જેમાંનો એક પાહાડ જે ઇહાંની બાજુપર સાૈથી ઊંચો છે અને તેને પાઇક્સ પીક Pikes peak

નામે ઓળખે છે તે ઉપર જથ્થાબંધ બરફ પડેલો દેખાતો હતો. ઇંહાંની હવા એટલી તો સાફ છે કે દુરની સઘળી જગ્યા જાણે નજદીક હોય તેમ ખુલી દેખાતી હતી અને તે મુજબ ઉપલો પાઇક્સ પીક પાહાડ જે આસરે ૧૦૦ ઉપર માઇલ દુર હશે તે જાણે ૧૫થી ૨૦ માઇલપર હોય તેમ લાગતો હતો. એવી સાફ હવા આપણે મુંબઇ તરફ જવલેજ જોઈયે છીયે કારણકે ત્યાં નજદીકમાં દરિયો આવાથી હવા ભીણાશવાળી હોય છે, પણ ઇંહાંનો દરિયો ઓછામાં ઓછો દોઢ હજાર માઇલનીબી ઊપર દુર કોઇબી બાજુપર નથી અને ઊંચાણમાં આવ્યાથી હવા ઘણી સાફ રહે છે, સિવાય કે જયારે ધુમસ થઇ આવે છે ત્યારે આવું સરસ દેખાતું નથી. એ રસ્તાપર અમોને વારાફરતી ચરતા મુકેલા ઘોડાઓનાં ટોળાંઓ ઘણાં મળ્યાં હતાં અને તેમુજબ ગાય ઢોર પણ મળતાં હતાં. સવારના ૭) વાગેને (Denver) ડેનવર નામનાં શેહેરનાં સ્ટેશનપર જઇ પુગ્યા હતા, જયાંથી બીજી ટ્રેનમાં ફેરફાર થવું પડયું હતું. એ ડેનવર શેહેર દરિયાની સપાટીથી ૫૧૯૬ ફીટ ઊંચું છે અને એની આસપાસની જગ્યાઓમાં સોનાંની તથા લોખંડની ખાણો આવેલી છે, તેથી ઇંહાં તે ગાળવાની ઘણી મોટી ભઠ્ઠીઓ રાખેલી છે અને તેથી વસતી પણ સારી છે. અમો ઇંહાં પેહેલાં એક દિવસ રેહેવાના હતા, કે સઘળું જોઇયે પણ એથી સરસ બીજાં ગામો તથા ખુદરતી દેખાવો જોવાના હોવાથી તથા તારીખ ૧૦ મી સપટેમ્બરે સેંટ ફ્રાંનસીસ્કોથી સ્ટીમરમાં નિકળવાનો વિચાર કીધાથી એને મુકી દેવું પડયું હતું અને ફકત ઊપલી ભઠ્ઠીઓ સિવાય બીજું કાંઇ જોવા લાયક પણ ઇંહાં નથી. અમો ડેનવરથી કલાક ૭—૧૫ મીનીટે પાછા ઊપડયા તે કોલેરેડો સ્પ્રીન્ગ કરીને સ્ટેશન જે ૭૫ માઇલ દુર છે ત્યાં ૧૧ વાગે પુગ્યા હતા અને વળી પાછી ત્યાંથી ટ્રેન બદલીને પાંચ માઇલ દુર મોનીટો (Manitou) કરીને તેના ખુદરતી ઝરા તથા દેખાવ અને ગોફાઓ સારૂં વખણાયલું ગામ છે ત્યાં ૨૦ મીનીટમાં ઉતર્યા હતા અને બારકર હોટલમાં ઉતારો લીધો હતો. એ ગામ ૫૯૭૩ ફીટ દરિયાની સપાતીથી ઊંચું છે અને (Rocky Moun-

tains) રોકી માઊનટન્સમાં આવેલું છે. એને સારાટોગા ઓવ ધી વેસ્ટ કેહેછે અને જેમ સારાટોગા ઊગમણુ તરફ ન્યુયોર્કની નજદીક હવા ખાવાની જગ્યા કહે છે, તેમ મેનીટોને આથમણુ તરફની હવા ખાવાની જગ્યા કહે છે. એ જગ્યા ઊંચાંણમાં આવ્યા ઉપ્રાંત ઇંહાં એ ખુદરતી લોખંડ તથા સોડાંના ઝરાઓ છે, તેથી દરદી માણસોને ઘણો ફ્રાયદો થાય છે અને જો કે વસ્તી આસરે ૧૦૦૦ માણુસની છે તોપણુ ઈહાં દર સાલ હજારો લોકો હવા ખાવા તથા ગોફાઓ જોવા આવે છે. અમો હોટલમાંથી તરત ગાડી કરીને જગ્યાઓ જોવા નિકળ્યા હતા. ઈહાં ગાડી ભાડું જબરૂં મોઘું છે. અમોને ૧૧ થી ૬ વાગા સુધી ફેરવવાનાં ૮ ડાલર આપવા પડયા હતા. પેહેલાં વિલિયમ કેનન (William Canon) તરફ ગયા હતા. એ એક નાનો સાંકડો રસ્તો ખડકોની વચમાંથી પસાર થાય છે. બેઉ બાજુપર આસરે ૫૦ ફીટ ઊંચા બુચના જેવા આકારના પથ્થરના ખડકો આવેલા છે અને તે ઊપર ઝાડ પાંન ઉગેલાં તથા રસ્તાની પડોશમાંથી પાણીનાં નાલાંઓ વેહેતાં હતાં તેથી દેખાવ સારો લાગતો હતો. તે પસાર કરીને આગળ ચાલતાં ડુંગરને મથાળે કેવ ઓવ ધી વીંડસ (Cave of the Winds) કરીને એક ખોહ આવેલો છે તે જગ્યાપર ગયા. ઇંહાં અંદરથી મોટા મોટા ઓરડાઓ તથા હોલો કુદરતી બનેલા છે અને તેઓને મથાળે "સ્ટેલેકટાઈટ"ના આકારો દીસે છે. કોઇ કોઇ હોલ તો ૪૫૦ ફીટ લાંબા છે અને બેઉ છેડેથી તેઓ પોહોળા છે પણ વચમાંથી સાંકડા થઇ રેતીના કાચના ઘડિયાળ માફક થાય છે. એ ઓરડાની સીલીંગ એટલી તો ઊંચી છે કે, હાથમાંની મીનબતીઓની બતીઓથી તે ઉપર ઉજાસ જઈ શકતો નથી અને કહે છે કે મેગનેશીયમની જોસભર રોશણીથીબી બરાબર તે જોઇ શકતા નથી. ઇંહાં પડઘા ઘણો સરસ થાય છે. એ દીવાનખાનાં તથા ઓરડાઓની જમીન ઉપર પથ્થર તથા ખડક ઘણા પડેલા છે, તેથી બરાબર ચલાઇ શકાતું નથી. ઇંહાંથી નિકળેલા અમો (Iron Spring) લોખંડના કાટવાલા ઝરાપર ગયા હતા. ઈહાં એક નાનો નલીરોકો કુવો છે, તેમાંથી પાણીનો

ઝરો જમીનપર ફુટે છે, તેનું પાણી લોખંડના કાટના જેવો સ્વાદ આપે છે, તે પીધાથી લોહી સુધરે છે એમ કહે છે. એ યુટીપાસ (Utepass) ની નજદીક (Ruston glen) રસ્ટન ગ્લેનમાં આવેલી હોવાથી એને (Iron Ute Spring) આયરન યુટી સ્પ્રીન્ગને નામે ઓળખે છે, એની ઉપર નાનું ગોળ છાપરું બાંધી લીધેલું છે. લોખંડના કાટના જેવો સ્વાદ પાણીમાં હોવાથી અમોને કાંઈ વધારે પીવા ગમ્યું નહીં હતું. ત્યાંથી નિકળેલા (Navajo Spring) નાવાજો સ્પ્રીન્ગપર ગયા હતા, જે અમારાં હોટલની નજદીકમાં આવેલી છે. એ પાણી સોડાવાટરના જેવું આબાદ સ્વાદમાં તથા ઝમઝમાતમાં લાગે છે અને તેમાંની ગેસને લીધે પરપોટા આખો વખ્ત સોડાવાટરની માફકજ થયા કરે છે.

એવા ત્રણ ચાર જુદી જુદી જાતના ઝરાઓ મોનીટોમાં આવેલા છે. ત્યાંથી નિકળેલા અત્રેની વખણાયલી (Garden of The Gods) ગારડન ઓવ ધી ગોડસ યાને દેવતાઓની વાડી કરી જગ્યા છે ત્યાં ગયા હતા. એમાં કાંઇ ઝાડપાનના બાગ અથવા વાડી નથી, પણ ખુદરતી રીતે પથ્થરાના આકારો કાંઇ બીન ગણત્રીના જોવાલાયક રીતના બનેલા છે. એમાં જવાનો મોટો દરવાજો અમારાં હોટલથી હદી માઇલ દુર છે ને આડમણ તરફનો દરવાજો આસરે એક માઇલ દુર છે. તેથી એ જગ્યા ૧॥ માઇલ જેટલી લાંબી અને ૦॥ માઇલ જેટલી પોહોળી નાના ખડકો તથા ડુંગરોથી ઘેરી લીધેલી છે. અમો આડમણ તરફના દરવાજામાં જતાંજ એક ઘણો મોટો આસરે ૪૦×૨૦ ફીટનો પથ્થર એક ઘણાંજ નાના છેડા ઉપર અલગો ઊભેલો દેખાતો હતો ને તેનો હેઠલનો ભાગ એટલો તો નાનો તથા સાંકડો છે કે જાણે હમણાં તેનું સમતોલપણું ખોઇને બાજુપર પડી જાય તેમ લાગે છે. એને (Balance Rock) બેલન્સ રોક કરી કહે છે. અંદર ગયા કે કુતરાંની ટોપના આકારના (Mushrooms) પથ્થરો જ્યાં નજર કરીએ છીયે ત્યાં દીસે છે. તેની હેઠલની દાંડી લાલ પથ્થરની અને ઉપરની ગોળ ટોપ સફેદ પથ્થરની ભેળેલી આબાદ મશરૂમના આકારને મળતી આવે છે, તેથી તે જગ્યાને મશરૂમ પાર્કનું

નામ આપેલું છે. આગળ ચાલતાં ઊંચા ઊંચા પથરાઓ, છુટા છુટા તરેહ તરેહના આકારોના જ્યાં નજર કરીયે છીયે ત્યાં દીસે છે. એ પથ્થરાઓ ભાયગે બેથી ચાર ફીટ જાડાઇમાં હશે પણ ઊંચાઇમાં તો ૪૦ થી ૧૦૦ ફીટ સુધીના અને પોહોળાઇમાંથી ત્રીસ ચાલીસ અને તેથીબી વધતા હશે તેથી જાણે કે મોટી આખા પથ્થરની ગંજાવર દેવાલો બાંધી હોય તેમ દીસે છે. એ બધી લાલ મજેના રંગની બનેલી છે. તેમાં એના ઉગમણુ તરફ્નો દરવાજો જેને ગેટવે (Gate way) કહે છે ત્યાંતો બે એવા મોટા પથરા લાલ રંગના (monoliths) જેઓ ૩૦૦ અને ૪૦૦ ફીટ ઊંચાઇમાં ઉપર લખેલા છે તેવા ચપટા આકારના ઊભેલા છે, તેની વચમાંથી રસ્તો જાય છે પણ તે રસ્તાવાળા ખાંચાની સામે બીજી એક એવાજ મોટા તદન સફેદ બરફ્ જેવા પથ્થરની દેવાલ ઉભી છે તેથી એ બાજુનો દેખાવ નાટકના તખ્તા ઊપર પરદાઓ મુકેલા હોય છે તેમ એકની પાછળ એક આબાદ તેના જેવોજ દીસે છે. તેમાં લાલ તથા સફેદ અને પીલા રંગના જુદા જુદા પરદારોકા પથ્થરો ૪૦૦ ફીટની ઊંચાઇ તથા ૨૦૦ ફીટની પોહોળાઇના આવેલા છે, તેથી ઘણા સરસ લાગે છે. કોઇ ગમ તેવા પથ્થરો દેવળના મિનારાના તથા ભાગેલા કિલ્લાઓ અથવા શેહેરના ઘરોના ખંડિયરો જેવા આકારો લે છે. કોઈ સીંહ, બાલારીંછ, હરણ, દેડકાં, ખલીર, માણસ (એને ઓલ્ડ આઇરીશમેનનું નામ આપેલું છે) મડમ (એને લેડી ઓવ ધી ગારડન્સથી ઓળખે છે) ઈત્યાદી એવા આકારો વગર ગણત્રીના એ બાગમાં આવેલા છે. તેનો ઊગમણુ તરફ્નો દરવાજો પેલા બે મોટા પથ્થરોની વચમાંથી પસાર કીધા પછી આગળ બે માઇલ વધ્યા કે (Glen Erie) ગ્લેન એરી નામની જગ્યા આવે છે જ્યાં ઝાડ પાનની વચમાં પાછા ઊપર જેવા પથ્થરો નિકળી આવેલા છે, તેઓના આકાર દેવળના જેવા તથા કિલ્લાઓના જેવા છે એક પથ્થર જાણે બસો ત્રણસો ફીટનો એક થાભળો હોય તેવો અલગો ઉભો છે અને બીજા છુટા છુટા જાણે હવેલી પડી જઇને થાભળા ઊભા હોય તેમ લાગે છે અને તે વળી કોઇ લાલ તો કોઈ

સફેદ રંગના અને કોઇ બેઉ ભેળસેલ રંગના હોવાથી ઘણાજ શોભે છે. એની વિગત અમો બરાબર લખી શકતા નથી પણ ગાઇડ બુકમાંથી નિચે થોડા લેખો ઉતારી લીધા છે તેથી સમજ પડશે :—

"Standing outlined against a spoltess sky of blue, with the white light of the sun falling upon them' these monoliths flash with the bright splendour of carnelian. The inanimate forms have received appropriate designations. There is a Statue of Liberty, a Cathedral Spire, a Dolphin, a Bear and Seal, a Lion, a Griffin, and hundreds of other quaint and curious figures. No words can describe the weird attractions of this wonderful garden, which once beheld however, can never be forgotten. The impression is of something (mighty, unreal and supernatural. Of the Gods surely) but of the Gods of the Norse Walhalla in some of their strange outbursts of wild range or uncouth play-fulness."

એનો અર્થ નીચે પ્રમાણે થઇ શકેઃ—"એકબી દાઘા વગરન બલુ આસમાનની વચમાં સુરજની રોશણીના પોતા ઉપર પડતા પુર પ્રકાશથી આ થાંભાઓ લાલ ઝળકતા કારનીલીયન પથરાઓનો પ્રકાશવાલો દબદબો બતાવે છે. એ વગર જીવનાં આકારોને યોગ્ય નામો આપવામાં આવ્યાં છે. "છુટાપણા" નું બાવળું, કેડીડ્રલ સ્પાયર, ડોલફીન, રીંછ, સીંહ, ગરીફીન અને બીજા સેંકડો વીચીત્ર નવાઇ જેવાં આકારો છે. આ નવાઈ જેવાં બાગના વીચીત્ર ખેંચાણોનું બયાંન આપવાને પુરતા બોલો નથી, અને એ બાગ એક વખ્ત જોવા પછી, તમો કદીબી તે ભુલી જાવો નહી. તમુને એવોજ ખ્યાલ બેસે કે કાંઈ ઘણુંજ ગંજાવર, માનીજ ન શકાય એવું ખુદરતની અસાધારણ કરામતનું કૃત તમે જોયું છે."

એવું સરસ એ જોવાનું છે અને વળી એની પડોસમાં ગંજાવર પાહાડો જાણે આસમાન સુધી પોંહોંચે તેવી ટોંચના આવેલા છે.

પાઇક્ષ પીકવાલો પાહાડ જે આસરે ૧૪૦૦૦ ફીટ ઉચો છે તે પાહાડ ઇહાંથી ૮૦૦૦ ફીટ જેટલો ઉંચાઇમાં દીસે છે, અને તેનું સર જાણે આસમાન સાથ અથડતું હોય તેવું લાગે છે. એ મુજબ ૮૦૦૦ ફીટ ઉંચો પાહાડ એકદમ સઘળી ઉંચાઇ દેખાડતો કોઇજ ગમ હશે. નિચેથી આપણે તે નજદીક દોઢ માઇલ જેટલો ઉચો જોઇ શકીયે તે કાંઇ નાનું જેવું લાગતું નથી. અમોએ ત્યાંથી નિકળીને રેનબો ફોલ (Rainbow falls) જોયો હતો, જે ભાયગે સાઠએક ફીટ ઉંચાણથી પડતો હશે તે કાંઈ જોવાલાયક નથી. ત્યાંથી આગળ વધીને આસરે ૬૦૦ ફીટ ઉંચા ડુંગર ઉપર (Grand Cavern) ગ્રાંડ કેવર્ન કરીને ખોહો છે તે જોવા ગયા હતા. એનાં મોહોડાં સુધી ઘોડાની ગાડી જઇ શકે છે. એ સને ૧૮૮૧માં એ જગ્યાના ધણી મી૦ જયોર્જ સ્નાઇડરે સોધી કાહાડયો છે, અને જોકે મેમથ ગોફાઓ કરતાં ઘણો નાનો છે તોબી તેની અંદર (Stalectites) લટકતા પાણીથી બંધાયલા પથ્થરના આકારો ઘણાજ સરસ છે. તેઓ ઘણા સફેદ તથા પારદરશક ઉંચી જાતની પેરેફીનની મીનબતી આવે છે તેને મળતા આવે છે, તેઓના આકારો તરેહતરેહના છે. કોઇગમ તેની ઝીણા ફુલની તોરણો, કોઈ ગમ દરાખના વેલા તથા ઝુમખાઓ, ઝુમરો, મીનબતીઓ, જાનવરના આકારો એવું ઝીણું ઝીણું બની રહેલું છે. વળી ઉપરથી અને હેઠલથી એવી રીતના બનેલા પથ્થરો મળીને મોટા મોટા આકારો જેવા માખણ બનાવવાના (Churns) સંચાઓ જાણે દુધની અંદર તે ફરીને ઉભો હોય અને દુધને જોસ આવ્યો હોય તથા માખણના કકડાઓ તેમાં તરતા હોય તેવા આકારો પડેલા છે, તેની આગળ જાણે મેઢાંનાં ટોળાંઓ એક ઓરત જમીન ઉપર ઉંધી સુઈને તપાસતી હોય તેવાં છે. બ્રાઈડલ ચેમબર (Bridal Chamber) કરીને એક નાનો ઓરડો છે તેમાં તો જાણે ફુલપાન ગુંઠી લીધાં હોય તેમ દેવાળ તથા સીલીંગ તેવા આકારોથી ભરાઇ ગઇ છે, પણ સૌથી સરસ તો એકે ખુદરતી આરગીન બની છે. સ્ટેલેકટાઇટ ઉપરથી હેઠલ બંધાતાં પથ્થર છુટા છુટા જાણે આરગીનની

મોટી નળીઓ ગોઠવી હોય તેવા પાતળા અને ચપતા આકારના ઉભાને ઊભા થયલા છે જેઓ ઉપર લાકડીએ ઠોકવાથી તેમાંથી મઝેના સુંદર જુદા જુદા શુરોના અવાજો નિકળે છે અને ત્યાંનો રખેવાલ તે ઉપર જાત જાતના રાગો આરગીનની માફક વજાડે છે, જે ઘણુંજ નવાઇ જેવું લાગે છે. ઇહાં વળી મોટા મોટા ૩૦૦ ફીટ લાંબા ઓરડાઓ તથા તેની ઉપર ઘણાં ઊંચા ગુમધજો, તથા ગેલેરીઓબી છે અને સઘળી જગ્યાપર ફરવા સારૂ મજેના અંદરથી રસ્તાઓ સફાઇદાર બનાવેલા છે તેથી ચાલવાને કશી અડચણ પડતી નથી. ઉપલી સઘળી બનાવતોને લોખંડના ઝીણા તારથી બંચાવી રાખી છે કે કોઇ ભાંજી જાય નહીં. એ ગોફાઓ ઊપરના પાહાડની ટોંચથી ૬૦૦ ફીટ હેઠાણમાં છે અને તેની અંદર ઠરમામીટરનો પારો ૫૨ થી ૫૩ ડીગ્રી સુધી રહે છે. એ સઘળું જોતાં અમોને અરધો કલાક થયો હતો એટલો નાનો એ ગોફો છે. પણ બધી રીતે ઘણો જોવા લાયક છે અને સઘળું બચાવી રાખ્યાથી ઘણી સારી હાલતમાં રહેલો છે એને જોવાનો દર માણસ દીઠ એક ડાલર લે છે અને અંદર જગેજગ કેરોસીન તેલની મોટી બતીઓ મુકેલી છે અને અમોને પણ હાથમાં દેવાલપર મુકવાની રીફલેકટર સુધાંની બતીઓ સાથે અંદર લઇ જવા આંપી હતી.

એ ગોફાઓવાળી જગ્યા આસરે દરિયાની સપાટીથી ૬૦૦૦ ફીટ ઊંચી હશે તેથી તેની ઊંપરનાં ઝાડો સઘળાં નાનાં કદનાં ઊગે છે. ઓકનું ઝાડ જે ગંજાવર કદનું આવે છે તેપણ ઇહાં ૮થી ૧૦ ફીટનાં ઊંચા હતાં અને તે ઊપર એકોર્નો પણ ઊગેલાં હતાં. સાંભળવા મુજબ જેમ ઊંચાણુપર આગળ વધીયે છીયે તેમ એની નજદીક ૧૨ માઇલ દુર પાઇક્ષપીકનો ઊંચો પાહાડ છે, ત્યાં ઝાડો ઘણાં નાના મળતાં જાય છે અને વધુ ઊપર ગયા કે ઝાડ ઊગવાની હદ પુરી થઇને ફકત પથ્થર મળે છે. ત્યાંથી પાછા ફરતાં થોડીએક દુકાનો ઇહાંના મળતા જાત જાતના કાચની માફક બંધાઇ ગયલા પથ્થર તથા ધાતુઓની બનાવટોની જોઇને હોટેલમાં આવ્યા હતા. આજે દિસના તાપ પડતો હતો તે વખ્તે ૮૦ ડીગ્રી પારો હતો, પણ રાતનાં ઠંડી વધીને ૫૫ ડીગ્રી સુધી ગયો

હતો અને પાણી વગર આઇસે તેના જેવાં ઠંડાં હતાં. લોકોને નાહવાં સારૂ ઇહાં સોડાના ઝરાનાં પાણીનાં હમામખાનાઓ બાંધેલાં છે જેમાં નહાવાથી ખુજલી તથા કીડ નરમ પડે છે એમ કહે છે. ઇહાં આંઠ હોટલો છે, તોબી લોકોને બસ થતાં નથી તેથી બીજાં વધુ હોટલો બંધાયાં જાય છે.

તા૦ ૩૦ મી આગસ્ટ સને ૧૮૮૭—મેનીટોમાં બીજું કાંઈ જોવા લાયક ન હોવાથી (ફકત પાઇક્ષપીકના પાહાડનાં મથાળાંપર ઇહાંથી ત્રણ કલાકમાં ઘોડા યા ખચ્ચર ઉપર બેસીને જવાય છે. એ પાહાડ રોકી માઉનટન્સમાં ઇહાં સૌથી ઊંચો આસરે ૧૪ હજાર ફીટનો છે, પણ અમો તે ઉપર ગયા હતા નહીં.) આજે સહવારના ૧૦ વાગે મેનીટો છોડયું હતું. આગગાડીમાં બેસીને કોલોરેડો સ્પ્રીન્ગના સ્ટેશનપરથી બીજી ટ્રેનમાં બેઠા હતા. પેહેલાં રસ્તામાં સઘળી જગ્યા રેતીની હોય તેમ વેરાંન બપોરનાં બે વાગા સુધી મળી હતી, પણ ત્યાર પછીનો આખો દિવસ ખુદરતી રમણીક દેખાવો તથા પાહાડોના આકારો ઘણાજ જોવાલાયક મળ્યા હતા. અમારી ટ્રેન આખો વખ્ત પાહાડોની ચહડાણ ઉપર વધ્યા કરતી હતી. બપોરના ૩ વાગેને રોયલ ગોર્જ (Royal Gorge) વાલી જગ્યાપર આવ્યા હતા. એ ગોર્જ બે પાહાડો ઘણાજ નજદીકમાં આવી તેની વચમાંથી જવાનો રસ્તો હોય છે તેને કહે છે. એ મુજબ ઊપલા ગોર્જવાલો રસ્તો ઘણોજ સાંકડો ભાયગે ૨૫ ફીટનો પોહોળો હશે અને તેની અંદર વળી એક નદીના પાણી એક બાજુથી સંકડાસને લીધે ઘણા જોરથી દોડે અને બીજી ગમથી અમારી ટ્રેન તેમાં ચાલી શકે એટલોજ સાંકડો રસ્તો અને તેબી સાંકડા માપનો હતો અને બેઉ બાજુપર પાહાડો એકથી બે હજાર ફીટ સુધીના ઊંચા અને તેબી વળી તદન દેવાળ માફક સીધા અને સીધા અને જાણે હમણાં ટ્રેન અથડી પડે એટલા નજદીકમાં આવેલા હતા. એ દેખાવ ઘણોજ જોવા લાયક હતો. એ ગોર્જ મુકયા પછી કેનીયનસો (Conons)

પસાર કીધા હતા. એ કેનીયનસો પણ પાહાડોની વચમાંનાં રસ્તાને કહે છે, પણ તે રસ્તા મોટા હોય છે અને પાહાડો આસરે ૨૦૦થી ૫૦૦ ફીટ એક એકથી છુટા રહે છે. એ પાહાડો ઉપર પથ્થરો ધોવાઇ ગયાથી જાત જાતના આકારો, જેવાકે મિનારાઓ, કિલ્લાઓ, ખંડિયરો ઇત્યાદી જાતના બનેલાં હતાં અને દેખાવ ઘણોજ સરસ લાગતો હતો. અમોને નજદીક દોઢ કલાક એ મુજબ ગોર્જીસો તથા કેનીયનસોમાંથી પસાર થતાં લાગ્યો હતો, તોબી હજી મલ્યા કરે કરીને દિલમાં ચાહાતા હતા અને તેથી કશો કંટાલો આવતો ન હતો. એ બાજુના ખુદરતી દેખાવની આખા અમેરિકાંમાં તારીફ થાય છે અને તે જોવા સારૂ સ્પેશીયલ ટ્રેનો ઉઘાડી વગર છાપરાંની ગાડીઓની દોડાવે છે જેમાંથી ખરેખર ઘણું સરસ દેખાતું હશે. અમારાવાળી ટ્રેનમાંબી એવી ગાડી જોડશે કરી સાંભળ્યું હતું અને તેમાંથી એ દેખાવ જોવાની ઉલટમાં હતા, પણ તેવી ગાડી કાંઇ અમોને મળી નહીં તેથી દિલગીર થયા હતા અને અમોને આખો વખ્ત અમારાવાલી સુવાની તથા બેસવાની ગાડીની ગેલેરીપર ઊભા રહીને જોવું પડયું હતું. આસરે ૪—૩૦ મીનીટે વાદળ ઘેરાઇ આવ્યું હતું અને થોડો થોડો વરસાદ પણ અમોને મળ્યો હતો અને થોડે દુરથી બીજા ઊંચા પાહાડોપર તો બરફનો વરસાદ (Snow Storm) પડવા માડયો હતો, જેનો દેખાવ ઘણો મઝેનો અને અમોને નવાઇ જેવો લાગતો હતો. અમોએ બરફનો વરસાદ પડતાં આજ સુધી જોયો હતો નહીં, તેથી અમોને તે જોવાની ઘણી ઉલટ થઇ હતી. એનો દેખાવ જાણે ઝીણી ગાજ પાંથરી હોય તેમ થઇને પછી આસ્તે આસ્તે લાંબા અને લાંબા સફેદ દુધ જેવા દોરા આસમાનપરથી પડતા હોય તેમ તેના જથ્થાઓના જથ્થાઓ નિચે પડતા દેખાતા હતા, પણ અમો દુર હોવાથી તેને જમીનપર પડતા જોઇ શકયા નહીં. અમારી ગાડી જે ઊંચાણપર ચઢયા કરતી હતી.તે.એજ જગ્યા જેને (Marshall Pass) મારશલ પાસ કહે છે, ત્યાંથી પસાર થવાની હતી તેથી નજદીકમાંથી જોઇશું તેની ઉલટમાં હતા, પણ થોડા વખ્તમાં તો વાદળ ખોલ્લું થઇ ગયું અને સઘળું

નરમ પડી જવાથી નાસીપાસ થયા હતા. અમારી ટ્રેન રાતના સાત વાગેને સૌથી ઊંચાણુ પાસ જે આગળ જણાવવા મુજબ મારશલ પાસને નામે ઓળખાય છે ત્યાં આવી લાગી હતી. એ પાસ દરિયાની સપાટીથી ૧૦૮૫૨ ફીટ ઊંચી છે અને ત્યાં હમેશાં વારાફરતી બરફના તોફાનો થઇ આવે છે. તે બરફ લાઇનપર ધસડાઇ નહીં આવે તે સારૂ ફરતી જગેજગ લાકડાંની ટનલો બાંધી લીધી છે, જેની સાથે પવનના જોરથી ધસડાઇ આવતો બરફ અથડીને લાઇનની બાહાર તેના ઢગલા થાય છે. એ છાપડાંઓ જયાંથી પવન આવવાની દીશા હોય છે તેની સામેથી બાંધે છે અને તે ધણાંખરાં ખીણોને મથાળે આવેલાં છે, એવાં વગર ગણત્રીના ટપ્પે ટપ્પે પસાર કરીને છેક મથાળે એવાજ એક છાપડાંની હેઠળ અમારી ટ્રેન આવીને ઊભી હતી. એ મારશલ પાસ ઉપર આવવાનાં વેગનો હોવાથી અમારી ટ્રેન જે નવ ગાડીની હતી તેનાં બે છુટા ભાગ નિચેથી કીધા હતા. તેમાં એક ભાગ છ ગાડીના કરી તેને બે એનજીન જોડયાં હતાં અને બીજો અમારી ગાડીવાલો ભાગ એક એનજીન સાથે બે ગાડીનોજ હતો. એ બેઊ ભાગો એક એકથી છુટા આસરે બસોવારને છેટે ચાલતા હતા, તેથી આડી અટાડી વલાણોપરથી એક એકને જોઇ શકતા હતા. એ પાહાડોપર મથાળે જવાનો રસ્તો ગોળ અને ગોળ પાહાડને ફરતો કીધેલો છે, તેથી આમનસામન ગાડીઓ દેખાયા કરતી હતી. ઊપર લખેલા મારશલ પાસના સ્ટેશનપર બેઊ ટ્રેનો આવીને પાછી સાથે જોડાઇ અને એક થઇ હતી. પછી હેઠાણમાં ઉતરવા માડયું હતું. એ મારશલ પાસ જાણે અમેરિકાનાં ખંડને ઊગમણુ તથા આઠમણુના ભાગમાં વેંહેંચી નાખે છે અને ઇંહાંથી આઠમણુ અમેરિકાનો ભાગ ગણાય છે અને તે મુજબ અમોએ પાસ ઊપર આવીને નિચેં ઉતરવા માંડયું કે સુરજ (જે ધણો વખ્ત થયો અમે અસ્ત પામેલો સમજતા હતા) છેક પાહાડની હેઠાણમાં અસ્ત પામતો માલમ પડતો હતો અને તેની રજાલ આસમાન ઊપર જાણે સોનાં રૂપાંનાં રંગો ગોઠવ્યા હોય તેમ સરસ દેખાવ કરી નાખ્યો હતો. તે રજાલો વાદળાંઓની ઉપર તથા વચમાં પડવાથી કાંઇ તરેહ

તરેહનાં જોવાલાયક દેખાવો બની રહ્યા હતા અને એવા સરસ દેખાવો આવી ઊંચાણ જગ્યાપરથીજ દીસે છે. આસરે અરધો કલાક પછી એક સ્ટેશનપર અમોએ સપર લીધું હતું એ જગ્યાબી આસરે ૧૦૦૦૦ ફીટ ઊંચાણમાં છે અને ત્યાં ઠંડી ઘણી સરસ પડતી હતી.

ઈંહાંની આગગાડીઓના બારી બારણાં ડબલ કાચનાં હોવાથી બાહાર ગમે તેવીબી ઠંડી હોય છે પણ અંદર મજેનું માફકસર લાગે છે. એ પાહાડનાં મથાળાંપર અમો હતા ત્યારે આસપાસના બધા પાહાડો તેથીબી ઊંચા દેખાતા હતા અને મોટા ભાગનાં મથાળાં અમારી બરોબરની ઊંચાઈનાં હોવાથી તેઓની ટોંચોથી દેખાવ સારો આસપાસ પંથરાઇ ગયલો લાગતો હતો. અમારી ગાડી નિચે ઉતરવા માંડી તોબી પાહાડોના દેખાવો ઘણા સારા હતાં અને આજે ચાંદનુંબી ઘણું સરસ પડતું તેથી સઘળું મજેથી જોઇ શકતા હતાં. આસરે રાતનાં ૧૧ વાગેને વળી એક પાહાડની વચ્ચેનાં રસ્તાપર આવ્યા હતા, જે જોવા સારૂ ઘણા ઉતારૂઓ ઇંતેજાર હોવાથી જાગ્યા કરતા હતા. એ કેનન આગળ જોયલા બીજા કરતાં ઘણો સરસ છે અને ગોર્જ (Gorge) ને મળતો આવે છે. પાહાડો પાછા નજદીક આવી જઇને વચમાં નદી દોડે છે તેને એક કિનારે અથડતો આગગાડીનો રસ્તો બાંધેલો છે, તેની એક બાજુપર પાછા હજારો ફીટ ઊંચા સીધા દેવાલ જેવા પાહાડો છે અને બીજી ગમ સંકડાસમાં આવેલી નદી દોડે છે. તે નદી ઘણીજ ઊંડી કેહેવાય છે, કારણકે સો બસો વારની પોહોળી નદી ત્રીસ ફીટના વ્યાસમાં આવ્યાથી તે ઘણી જગ્યામાં ઊંડી થઇ દોડવી પડે છે. (જો આવી જગ્યાપર ટ્રેનને કાંઇ નુકશાન થાય તો તેનું એક લાકડુંબી પાછુ હાથમાં નહીં આવે.) બેઊ પાહાડોની વચમાં આવ્યાથી ચાંદ વટીક ઢંકાઇ ગયો અને અંધારૂ થઇ ગયું હતું. અમો ટ્રેનની સૌથી છેલ્લી ગાડીની અગાસીપર ઊભા રહીને એ કેનન ઘણો સારી રીતે જોઇને પસાર કીધો હતો. એ જગ્યાને (Black Canon) કાળા કેનીયનને નાંમે પિછાણે છે, અને તે નામ પણ બરાબર આપેલું છે. દિવસનાબી આસપાસના બે હજાર ફીટ ઊંચા પાહાડો આવ્યાથી ઇંહાં કુવાની માફક

અંધારૂં થાય છે અને તેને લીધે આસમાનપરના તારાઓ દેખાતા જોઇ શકીયે છીયે. એવો ઊંડો એ કેનન આવેલો છે અને તે ઊંચા પાહાડની બાજુપર નિચાણમાં જાણે એક અભરાઇ કીધી હોય તેમ નદીની સપાટીથી જરા ઊંચાણમાં આગગાડીનો રસ્તો કોતરી કાહાડેલો છે અને તે એક ઘણું સરસ ઇજનેરી કામ ઇંહાં ગણાય છે. ઇંહાં વળી તે પસાર કીધાં પછી પાહાડો પાછા જરા છુટા પડતા જાય છે. તેઓની ઊપર થાંભળા તથા સોએ તથા પીરેમીડસ ઈત્યાદી જાતના આકારો ચંદનીમાં ઉભા રહેલા દેખાતા હતા. એક જગ્યાપર તો જાણે પાંચસો સાતસો ફીટનો એક થાભળો હોય તેમ પાહાડ ઊભો અને અલગો દીસે છે, તેની સામેની બાજુપર બીજો એવા પરારોફા આકારનો પાહાડ આવેલો છે, તેથી જાણે દરવાજાના થાભળા હોય તેમ તે બેઉ પાહાડો અને વચમાં રસ્તો દીસે છે જેને (Castle Gate) કિલ્લાનાં દરવાજાને નામે પિછાણે છે અને આબાદ દુરથી તેમજ દીસે છે. એ પ્રમાણેના ખુદરતી દેખાવો પસાર કીધા હતા અને તે એવા સરસ છે કે અમો કશું બ્યાન તેનું રતી ભારબી કરી શકતા તથી. એ ખુદરતી દેખાવોની અમેરિકામાં કવિતાઓ જોડાયલી છે અને તેને જોવા સારૂ આમખા લોકો એ બાજુ દુરવેરથી આવેછે.

તા૦ ૩૧ મી આગસ્ટ સને ૧૮૮૭—આજે સહવારના ઉઠયા ત્યારથી આગગાડીમાંથી આસપાસ રેતીની વેરાણ જગ્યા દીસ્તી હતી અને તે ઊપર ઝાડ પાનબી દીસ્તાં હતાં નહીં. કોઇ કોઇ ગમ નાના દીદવાઈ ગયલા રોપાઓ મળતા હતા. આસરે એક વાગા પછી (Utah) ઉતા ડીસ્ત્રીકટમાં સામેલ થયા હતા, જેબી આગળના જેવીજ વેરાણ જગ્યા દેખાતી હતી, પણ ઇંહાં મોરમન (Mormons) જાતનો એક ખ્રીસ્તીઓમાંથી થયલો પંથ છે, તે લોકો ઘણા મેહેનતુ હોવાથી કુવાંઓ ખોડીને જમીનને ફળવંત તથા લીલોતરીવાલી બનાવે છે તે નજરે પડવા લાગી હતી. પેહેલાં એવી જમીન ઉપર (Sage Brush) સેજ બ્રશ નામનો પાલો ઉગે છે, જેના મુળ્યાં જમીનની ઘણી નિચાણ

સુધી જઈને પાણી મેળવે છે, અને ગમે એવી વેરાણ જગ્યામાં ઊગી શકે છે. એ પાલો ગાય ઢોર ઘણી ખુશીથી ખાય છે તેથી ત્યાં અમોને એ જાનવરો તથા ઘોડાઓનાં ટોળેટોળાં ચરવા છોડી દીધેલાં મળતાં હતાં, અને છુટા છવાયા મોરમન્સોનાં ઘરો પણ મળતાં હતાં. સાંભળવા મુજબ એ જગ્યા જે માઈલો સુધીની મોટી છે. અને પાહાડોથી બધે ઘેરાયલી છે, તે અસલ એક મોટો સરોવર ખારાં પાણીનો હતો, પણ પાછળથી હજારો વરસ થયાં તે સુકાઈ જઈને જમીન રેતીની ભરેલી પડી રહી છે. એમાંથી દરિયાઈ માછલીનાં હાડકાંઓ તથા કોશઓ વારા ફરતી મળે છે, તેથી તે કેહેવતને સાહેદી મળે છે. એ સરોવરનો રહી ગયેલો થોડો ભાગ હમણા (Salt Lake) સાલ્ટ લેક છે તે કેહેવાય છે, જ્યાં અમો હાલ જવાનાં છીયે. અમો સાંજના ૪—૩૦ મીનીટે સોલ્ટ લેક સીટી જે મોરમોન્સોનું પાયતખ્ત શેહેર છે ત્યાં ઉતર્યા હતા અને (Walker House) વોકર હાઉસ હોટલમાં ઉતારો લીધો છે. સાંજના વખ્ત હોવાથી અમો પગે ચાલીને શેહેરના મોટા ભાગમાં ફરી આવ્યા હતા. એ શેહેર આસરે ૩૦૦૦૦ માણસોની વસ્તીવાળું છે, અને તેમાં હારબંધ ઘરોના મોહોલા પાંચ સાતેક દીસે છે. બાકીનાં ત્યાર પછીના નાના નાના બંગલાઓ નાના બાગોમાં બાંધેલા આવે છે, પણ ઘણા જોવાલાયક નથી. મોહોલાનાં ઘરોબી એક માળનાં અથવા બેઠાં છે. ભાયગે પંદર વીસ ઘરોને ત્રણ ચાર માળો હશે અને તે બધાં હોટલો છે. ઈહાંનું મોરમન્સોનું દેવળ બાહારથી સારી બાંધણીનું (Main Street) મેન સ્ત્રીટને નાકે આવેલું છે, પણ અવાર થવાથી તે બંધ કીધેલું હતું, તેથી જોઈ શક્યા નહીં, અને આવતી કાલે જોવાપર રાખ્યું છે. એ સોલ્ટ લેક સીટી દરિયાની સપાટીથી ૪૨૨૮ ફીટ ઊંચાણમાં હોવાથી એની હવા ઘણી સારી છે. રાતનાં ૬૦ ડીગ્રી પારો હતો.

તા૦ ૧ લી સપટેમ્બર સને ૧૮૮૭—આજે સોલ્ટ લેક સીટીનાં શેહેરની આસપાસનાં ગામડાંઓમાં ઘોડાની ગાડી કરીને ફરી

આવ્યા હતા. એ બધી જગ્યાને પાણીથી નેહેરો કરીને અસલ રેતાલ હતી તેને ફલવંત બનાવી છે અને બધેબધ જાત જાતના મેવાઓનાં ઝાડો તથા ખેતીવાડી દીસતી હતી અને તેમાં છુટાં છુટાં રેહેઠાંણો દી. સતાં હતાં. અમે એક ધણીનો બાગ જેને "રોઝ બુશ" કરીને નામ આપેલું છે ત્યાં ઉતર્યા હતા. તે ધણીના કહેવા મુજબ ત્રીસ વરસની વાત ઉપર ત્યાં તદન વેરાંન હતું, અને સન ફલાવરના રોપાઓ સિ- વાય કશું ઝાડબી ત્યાં હતું નહીં. તે વખ્તનો તેનો લીધેલો ફોટોગ્રાફ અમોને દેખડાવ્યો હતો, પણ હમણા ત્યાં મજેનો શોભઇતો બાગ બ- નાવી દીધો છે, અને ત્યાં સપરચંદ, પેર, ગરીનગેજીસ, બદામનાં ઝાડો તથા દરાખના વેલાઓ બનાવેલા દીસે છે, જે બધા ઉપર ફરૂટોના ઝુમખાને ઝુમખાઓ લટકતા હતાં. એ ધણીએ પોતે નારંગીમાંથી બનાવેલો વાઈન દારૂ અમોને ચખાડયો હતો જે ઘણો સ્વાદદાર હતો. એ જોઇને કેંપ ડગલાસ કરીને સોલજરોને રાખવાની ડુંગર ઉપર આસરે ૭૦૦ ફીટ ઊંચી જગ્યા છે, ત્યાં ગયા હતા. જયાં અમારી ગાડીવાલાએ બધેબધ ફેરવીને બરાખો તથા અમલદારોના બંગલાઓ તથા તોપખાતાના ઘોડા બાંધવાના તબેલાઓ બતાવ્યા હતા, તે જાણે અમે કોઈ દિને સોલજરોની કેંપ નહી દીઠી હોય તેમ ઊલટથી એ સઘળું અમોને બતાવતો હતો. એ ગાડીવાલાને મનસે કેંપ એક અમેરિકન દાખલ નંવાઈ જેવી છે, કારણકે યુનાઈટેડ સ્ટેટસવાલાઓ નામનું થોડું લશ્કર જાથુકનું રાખે છે, અને એવી કેંપો ઈંહાં જવલેજ જોવામાં આવે છે, તેથી ઇંહાંના રેહેવાસીઓને તે નવાઇ જેવું માલમ પડે છે. એ જગ્યા ઊપરથી સોલ્ટ લેક સીટીનો દેખાવ (જે નિચાણમાં આવેલી ખાહીમાં આવેલું છે,) સારો દીસે છે. એ ગામ જાણે એક મોટા પાહાડથી ઘેરેલા રેતીના મેદાન વચ્ચે લીલોતરીનો થોડો ભાગ હોય તેમ લાગે છે અને તેમાં ઘરો તથા દેવળો દીસે છે. જેથી દેખાવ સારો લાગે છે. ત્યાંથી નિકળીને (Liberty Park) લીબર્ટી પાર્ક જોયો હતો, જયાં કાંઇબી જોવા લાયક નથી. ફકત મોટાં ઝાડથી થોડો ઘણો ઘેરી લીધેલો બાગ છે, તે જોઇને પછી શેહેરમાં

પાછા આવીને મોરમનસ લોકોનું દેવળ જોવા ગયા હતા. એ મેન સ્ટ્રીટમાં ટેમપલ બ્લોકવાલી જગ્યા ઊપર આવેલું છે, તે બાંધવાનું સને ૧૮૫૩માં શરૂ કીધું હતું, પણ હજી તેનું છાપરું નાખ્યું નથી અને બંધાય છે. એ દેવળ તદન સફેદ ચળકતા ગ્રેનાઈટનું બાંધેલું છે. તેની દેવાલો નિચેથી ૯ ફીટ જાડી છે અને મથાળે ૨ થી ૬ ફીટ છે. તે ૨૮૦ ફીટ લાંબી, ૧૦૦ ફીટ પોહોળી અને ૧૦૦ ફીટ ઊંચી તેની દેવાલ સુધીની છે તેની બેઉ આગળી તથા પાછળી બાજુ ઉપર ત્રણ ત્રણ મિનારાઓ મળી છ મિનારાઓ હેમણા બંધાય છે તેઓ ૨૦૦ ફીટ ઊંચા થશે. એ ઇમારત ઊપર હમણા સુધી ૩૫ લાખ ડાલર ખરચાઈ ચુકયા છે અને હજી બીજી ઘણી મોટી રકમ તે પુરી કરવા પાછળ જોઇશે. . એને આટલાં વરસ બાંધતાં લાગ્યાં તેનાં કારણમાં અહીંના મોરમન્સો જણાવે છે કે જયારે એ બંધાવા માડયું ત્યારથી વીસ વરસ સુધી અહીંયાં આગની ગાડી તથા સારા રસ્તાઓ હતા નહીં અને પથ્થર ઘણો દુરથી ગાડાંઓમાં લાવવો પડવાથી વખત ઘણો ગયો છે, પણ અહીયાંના જેનટાઈલ્સ લોકો જેઓ (મોરમનોના પંથમાં સામેલ નથી તેઓને જેનટાઈલ્સ કહે છે) કહે છે કે મોરમનોના વડાઓ એ દેવળ બાંધવાના ખરચ સારૂં વારાફરતી ઉઘરાણાં કરે છે ને લોકો પાસથી પૈસા ભરાવે છે તેથી લાંબા દહાડા ખામખા કરીને ઉઘરાણાના રૂપિયા તેઓ પચાવી જાય છે. એ દેવળનો પાયો એ પંથના વડા બ્રીગહેમ યંગે નાખ્યો હતો અને તેનો પ્લાન પણ તેણે પોતેજ બનાવેલો છે. ઇમારત મજેની સારી બાંધણીની છે. એ જોઈને એનીજ પડોશમાં અહીનું વખણાયલું ટેબરનેકલ (Tabernacle) જોયું હતું. એબી એક બેઠું મોટું દેવળ કાંઇ અજબ ઘાટમનું બાંધેલું છે. તેનો બાહારથી દેખાવ બેડાંરોકો પણ આપણાં પારસીઓનાં દખમાં આગળની સગડીને મળતો છે. તે જાણે એક મોટું વાહાણ હોય તેમ છે. તેનું છાપરું ઢલાવનું, લાંબુ ગુંબજ રોકું બેઠું છે. તે લંબાઇમાં ૨૫૦ ફીટ, પોહોળાઇમાં ૧૫૦ ફીટ અને ઊંચાઈમાં ૭૦ ફીટ છે. પણ એમાં નવાઇ જેવું એ છે કે એ સઘળી ઇમારતો જાણે એકજ મોટો

હોલ વગર થાભળાનો દેવાલપર ઉભો કીધેલો હોય તેમ બાંધેલી છે. દેવાલ સિવાય બીજો કશો ટેકો છાપડાં યા સીલીંગને નથી અને છાપડુંબી લાકડાંનું બનાવેલું છે. એ છાપડું ૪૪ પથ્થરના થાભળાઓપર બાંધેલું છે. તે થાભળાઓ ગ્રેનાઈટ પથ્થરના ૩×૯ ફીટના જાડાઈમાં છે અને તે થાભળાઓની વચમાં બધે બારણાંઓ કીધાં છે, જે આસરે વીસ છે જેને લીધે એ ટેબરનેકલમાં જે ૧૨૦૦૦ માણસો બેસી શકે છે તેઓ થોડી મીનીટમાં બાહાર નિકળી શકે છે. એ ઈમારતની અંદર ફરતી ઝુલતી ગેલરી ત્રણ બાજુપરથી છે તે ૪૮૦ ફીટ લાંબી અને ૩૦ ફીટ પોહોળી છે તે ઉપર પણ બેઠકો કીધી છે. એની અંદર બધેબધ સીલીંગની હેઠાણમાં લટકતી ખોટી ફુલપાનની તોરણો કીધી છે અને વચમાં એજ જાતનું ઝુમર બનાવી મુકેલું છે, જે ઉપર જાત જાતનાં ફલોબી લટકાવેલાં છે તેથી અંદરનો દેખાવ ઘણો શોભે છે અને શોભા દાખલ એ સિવાય બીજું કશું ત્યાં નથી. અહીયાં એક ઘણી મોટી આરગન છે, જે આખા અમેરિકામાં સૌથી મોટી કેહેવાય છે, તેમાં ૨૬૪૮ નલીઓ બેથી બત્રીસ ફીટ લાંબી છે, અને સ્ટોપરો ૫૭ છે અને તે ઘણી શોભઇતી અહીયાંનાજ રેહેવાસીઓએ બનાવેલી કહે છે. એ ટેબરનેકલ સને ૧૮૬૭માં ત્રણ વરસે બંધાઇને તૈયાર કીધો હતો અને તેનોબી ડીઝાઇન બ્રીગહેમ યંગે કીધેલો કહે છે. અહીયાં વળી Accoustic property (ઝીણો સાદ મોટો સંભલાય તેવી ખુબી) ઘણી સારી છે; તેમાં એક નાકે બસો ફીટ દુર ઉભા રહીને ત્યાંના દેખાડનારે એક ટાંચની પાટિયાંની જમીનપર નાખી હતી જેનો અમોને એક નાની દાબડી પડતી હોય તેવો સાદ સંભળાયો હતો. એવો સરસ એ હાલ બાંધેલો છે અને તેથી એક માણસ ડેએસ (Dais) પર ઊભો રહીને વાયજી કરે તે ગમે તેવો ઝીણા સાદવાલો હોય તોબી સઘળી જગ્યા ઉપર તે વગર ગોઘાટે સંભળાય છે અને એની ખુબી એ છે કે ત્યાં આપણે બોલીયે તેનો પડધો તદન થતો નથી તોબી એક ટાંચની પડે છે તે ૨૦૦ ફીટ દુર સુધી સંભળાય છે. એ જોઈને તેની સામે એસેમબ્લી હોલ છે તે જોયો હતો. એ ઇમા-

રત મન્જેની શોભઇતી બાંધણીની ઈંગલંડનાં દેવળોના આકારની બાંધેલી છે, તે ૬૮ ફીટ પોહોળી અને ૧૨૦ ફીટ લાંબી છે, અને તેનો મિનારો ૧૩૦ ફીટ ઉંચો છે, એનેબી અંદરથી આખો હોલ કીધેલો છે, અને ફરતી ગેલરી છે, તે સીલીંગ ઉપર મોરમન્સોના જુદા જુદા શેહેરોમાંના દેવળોના ચિતારો પાડેલા છે, તથા એકગમ એ પંથને ઊભો કરનાર જોસફ સ્મીઠને જે ખોદાઇ લેખની તખ્તી (એ લોકો માને છે તેમ) જમીનની અંદરથી ફરેશ્તાએ દેખાડયાથી મળી હતી, તેનો ચીતાર પાડેલો છે, તે ઉપર નીચે મુજબ લખેલું છે Moroni showing Joseph where the plates were hidden in the hill Cumoran એટલે કે મોરોની ફરેશ્તો જોસફેન કોમોરીનની ટેકડીમાં કયાં તખ્તી દાટેલી છે તે બતાવે છે.

એ હોલ એ લોકોના પંથની બાબદની તથા બીજી એવીજ જાતની મીટીંગો ભરવા બાંધ્યો અને તેમાં ૩૦૦૦ માણુસો બેસી શકે એટલી જગ્યા છે. એ હોલ સને ૧૮૮૦માં ૭૦૦૦૦ ડાલરના ખરચે બાંધી તૈયાર કીધો હતો. એ સઘળું જોઇને પછી બપોરના ૩—૧૫ મીનીટે સોલ્ટ લેક સીટી છોડયું હતું. એ શેહેર સને ૧૮૪૭ના સાલમાં બ્રીગેમ યંગ (Brigham Young) નામના મોરમન પંથના વડાએ વસાવ્યું હતું. એ લોકો અસલ મીસુરી રીવરનાં સ્ટેટમાં હતા જ્યાં એ લોકોને ઘણી ઓરતો પરણે છે તે સારૂ તેઓને બીજા લોકોએ ઘણા હેરાન કીધાથી પેહેલા ઉપલા બ્રીગેમ યંગ સાથે નાઉવો ગામ ઇલીનોઇસ સ્ટેટમાં છે ત્યાંથી ૧૪૨ જણા બીજી જગ્યા શોધવા નિકળ્યા તે એ જગ્યા ઊપર તા૦ ૧૪મી જુલાઇ ૧૮૪૭ને દીને આવી પુગ્યા અને એ જગ્યા જે ૬૫૦ માઇલ પોતાના અસલ રહેઠાણથી દુર છે ત્યાં નવું શેહેર વસાવ્યું હતું. એ જગ્યાં તદન વેરાન અને વગર ઝાડ પાનની મેક્ષીકોના તાબામાં હતી તોબી તેઓની પરવાનગી વગર પોતે ઇહાં રહીને જગ્યા સુધારીને આજે ઘણી ફળવંત બનાવી છે. ઊપલા દિવસ પછી દેશેદેશના મોરમનો ઈહાં આવીને વસ્યા હતા. એ પંથ બધી રીતે પ્રોટેસટંટ ખ્રીસ્તીઓને મળતો

આવે છે, પણ એઓમાં ૧૨ એપોસ્ટલ્સો હોય છે, જેનો પ્રમુખ એઓનો વડો ધરમગુરૂ યા પેગમબર દાખલ ગણાય છે. જેને ખુદરતી બસારતો થાય છે, તે પોતાના લોકોને જણાવે છે અને તેઓ તે પ્રમાણે ચાલે છે. અને તે મુજબ માનવાને પોતાના એ ધરમ મુજબ બંધાયલા છે. એ લોકોને જે ધરમના સોગંદ આપે છે તેમાં, We believe in the gift of tongues, prophecy, revelations, visions, healing, interpretation of tongues and that a man must be called of God by prophecy &c., એટલે કે જબાં, વરતારા, ખોદાઇ ભેદોનું ખોલવું, ખુદરતી બસારત, દરદનું દફે થવું વગેરેની બક્ષેસ અમો માનયે છીએ અને અમો એવુંબી માનયે છીયે કે ખુદરતી બસારત વગેરેથી એક માણસ ખોદાનો બેટો કેહેવાઇ શકાય. અને એ મુજબ તેઓને ઊપલા બ્રીગહેમ યંગે ખુદરતી બસારતો થયલી ઘણી જણાવી હતી, તેમાં આ ધરતીપર બાઇબલનાં ફરમાણ મુજબ વસ્તી વધારવા સારૂ ઘણી ઓરતો પરણવાની એને બસારત થઇ, તેથી એ લોકોને મનગમતું મળ્યું અને ઘણી ઓરતો પરણવાને લીધેજ એમાં ઘણું લોક દેશે દેશથી સામેલ થવા આવ્યું હતું. બધું મળીને આસરે હઠી લાખ માણસો એ પંથમાં સામેલ છે અને તેઓ બધાં પોતાની કમાઈનો દશમો હિસ્સો એ પંથનાં સારાં કીજે એનાં દેવળમાં આપે છે. જે ઊપર ઊપલા ૧૨ એપોસ્ટલો તથા પ્રેસીડંટ ખુબ માટેલા તથા પૈસાદાર થયલા છે. બ્રીગેમ યંગ જયારે મરણ પામ્યો ત્યારે સાઠ લાખ ડાલરની દોલત, ૧૯ બાયડી અને ૬૯ છોકરાં મુકી ગયો હતો. હમણાં એ મુજબ ઘણી ઓરતો પરણવાનું યુનાઈટેડ સ્ટેટસની સરકારે બંધ કીધું છે અને આગળી પરણેલી ઓરતોને તેમાંની એક સિવાયનીને ઘરમાંથી બાહાર જવાની ફરજ પાડી છે, તેથી તેઓ હવે છુટી રેહે છે અને પરણી જાય ત્યાં સુધી તેઓનો ધણી પાળે છે, યા પોતે મેહેનત કરીને પેટ ભરે છે. અમારા ધારવા મુજબ એ પંથ ઘણો લાંબો વખ્ત હવે ટકશે નહીં. કારણ કે ઘણાજણા જેઓ પૈસાદાર થયા છે તેઓને પોતાની કમાઇનો દશમો હિસ્સો આપવા ગમતો નથી તેથી એ પંથ-

માંથી નિકળી ગયા છે અને હવે જ્યારે ઘણી ઓરતો કરવાનું પણ બંધ થયું છે, ત્યારે લોકો પોતાની કમાઈનો દશમો હિસ્સો આપીને રહે તેવું લાગતું પણ નથી. કેટલાએક મોરમન્સના છોકરાઓબી બાપ જીવતો છતાં એ પંથમાંથી ઘણી ઓરતો કરવાના ધારાને નાપસંદ કરી નિકળી ગયા છે. અમો ઉપર લખવા મુજબ સોલ્ટલેક-સીટી બપોરના ૩—૧૫ મીનીટે છોડયું હતું અને ઇહાંથી આસરે ૨૦ માઈલ દુર સોલ્ટલેક આવેલો છે ત્યાંના કિનારાપર મજા ભોગ-વવાની જગ્યા (Lake Park) લેક પાર્ક કરીને છે ત્યાં એક કલાકમાં પુગ્યા હતા. એ સરોવર ૧૦૦ માઇલ લાંબો અને ૬૦ માઇલ પો-હોળો છે, એ ખુદરતની એક નવાઈ દાખલ ગણાય છે, જો કે એ સરોવર બધી ગમથી પાહાડોએ ઘેરાયલો છે. તેમાં ઘણી નદીઓનાં પાણી ખાલી થાય છે તોબી તેમાંથી પાછું પાણી બાહાર જવાનો માર્ગ નથી, પણ ગરમીથીજ તેનું પાણી ઉડી જઈ સુકાય છે. એ ઘણોજ ખારાશ વાલો છે અને એશિયા ખંડના દેડ સી (Dead Sea) ને મળતો આવે છે. એમાં એટલોતો ખારાશ છે કે તેનાં પાણીમાંથી ૨૬ ટકા નિમક નિકળે છે અને તેને લીધે પાણી વજનદાર હોવાથી તેમાં માણસ ડુબી શકતું નથી, પણ જો અંદર પડે તો ઉપરનો ઉપર તર્યા કરે છે, અને એમાં કાંઇબી જાતની માછલી અથવા જાનવર જીવી શકતું નથી. અમો ગયા ત્યારે ત્યાં ઘણા જણાઓ એના કિનારા ઉપર નાહ-વાની જગ્યાઓ (Bathing place) કીધી છે ત્યાં નાહવા ઉતરેલા હતા અને તેઓ તરી નહીં જાણે તોબી જો અમથા અંદર પડે તો પગ ઊંચકાઈ જઈને ઉપર અને ઉપર ચતા તર્યા કરે છે. પણ એ સરોવર મોટો હોવાથી પવનને લીધે તેમાં નાના મોટા પાણીના મોજા થાયછે તેમને તપાસવા જોઇયે, નહીં તો જો નાક અથવા મોહોડાંમાં તેનું પાણી ગયું તો તેથી માણસને અતરસથી ગુંગ- લાવી નાખે છે અને આંખમાં ગયું તો એવી અગન ઉઠાડે છે કે ખ-માઇ શકાતી નથી. એ બાબેની તપાસ રાખવા સારૂ ત્યાં જગેજગ નોટીસ મારેલી છે. ઈહાં યુરોપ તથા અમેરિકાની બીજી નાહવાની

જગ્યાઓ માફક વાજું વાગતું હતું અને સરકસની રમત તથા ખેલ થાય છે. અમો ઈહાંથી ૫—૧૫ મીનીટે ટ્રેનમાં બેસીને વરજીનિયાસીટી તરફ જવા સારૂ નિકળ્યા હતા અને રાત બધી ટ્રેનમાંજ કાહાડી હતી.

તા૦ ૨ જી સપટેમબર ૧૮૮૭—આજે નજદીક આખો દિવસ આગગાડીમાં ગુજાર્યો હતો અને રાતનાં (Reno) રીનો નામનાં સ્ટેશન ઉપર કલાક આઠ વાગેને ઉતર્યા હતા. ઇહાંથી વરજીનિયાસીટી જવાની ગાડી કાલે સહવારનાં મળવાની હોવાથી રાતનાં સ્ટેશન ઉપરનાંજ ડીપો હોટેલ (Depot Hotel) માં ઉતારો લીધો હતો. આગગાડીનો આખો રસ્તો વેરાંન અને સપાટ જગ્યાનો મળ્યો હતો અને દેખાવ કશો જોવા લાયક નથી, તથા તેજ મુજબ વસ્તી પણ ઘણી થોડી મળતી હતી પણ તેને બદલે આ વખ્તની મુસાફરીમાં ઇહાંનાં અસલી રેહેવાસીઓ ઇન્ડીયનોનાં ટોળાંને ટોળાં દર સ્ટેશને મળતાં હતાં. ઈહાંનાં એ અસલી રેહેવાસીઓની બધી જગ્યા યુરોપીયનોએ લઇ લીધા પછી જ્યાં વેરાંન અને જંગલની જગ્યા હતી ત્યાં તે લોકોને હલાયદી જગ્યા દર સ્ટેટમાં કરી આપી છે, તેને "રીઝરવેશન" (Reservation) કરીને કહે છે તેમાંની એક જગ્યા આએ લત્તાની નજદીકમાં આવેલી હોધાથી એ રકમબંધ ઇન્ડીયનો સ્ટેશનોપર મળતા હતા અને તે લોકોમાંથી ગમે એટલા આગગાડીમાંની સામાનવાળી ગાડીની અગાસીઓપર બેસીને મફત એક જગ્યાથી બીજી જગ્યાપર જાવઆવ કરતા હતા અને તેનો અટકાવ કોઈ કરતું નથી કે રખેને તેઓ છેડાઇને આગગાડીની રેલ કહાડી નાખે અથવા બીજી રીતે પુલો ભાજીને ટ્રેનોને હેરાન કરે તેથી એ લોકોને મફત મુસાફરી કરવાનું મળે છે. એ ઇન્ડીયનો જોકે આગળના જેવા ઘણા જંગલી નથી તોબી તેઓ કોઇબી રીતે કેળવણી લેતા નથી. અને જંગલોમાંજ શેકાર તથા માછલી મારીને અથવા ઝાડનાં ખાવા લાયક મુળ્યાંથી પેટ ભરે છે તે ઊપરાંત દર માણસ દીઠ યુનાઇટેડ સ્ટેટસની સરકાર વરસ દહાડે કાંઇ લવાજમ રોકડ તથા ખોરાકી અને પોશાકીમાં આપે છે તેથી તે લોક્રો કોઇ યુરોપિયન પોશાક પેહેરે છે.

પણ પોતાના મોહોડાપર આગળી જંગલી રીત પ્રમાણે લાલ તથા પીળા રંગની તરાંહો હજી પાડે છે, તથા તોપીઓમાં પીછો ખોસે છે, તેઓનો દેખાવ આબાદ મલાહી (Malay) લોકોને મળતો આવે. તેઓના મોહોડાંપરના હાડકા આંખ આગળથી બહાર નિકળી આવેલાં છે અને પોહોળાં મોહોડાંબી છે, રંગ જરા શામળો પણ સીધીઓથી વધારે ખુલ્લો છે, દેખાવે જુવાન હોય છે ત્યારે સારા લાગે છે, પણ ચાલીસ પચાસની ઊમરે તો ઘણા ખરાબ દેખાવના થઇ જાય છે. એ લોકોની ઓરતો જેને (Squaw) સકવોના નામથી પિછાણે છે તેઓ વિલાયતી પોશાક પેહેરે છે પણ સઘળી માથાં ઊપરથી હુંઠી સુધી એક રંગીન રૂમાલ બાંધે છે. નાના છોકરાઓ જેને પાપુસ (Papoos) ને નામે પિછાણે છે તેઓને એક પાતળાં પાટિયાંની ઊપર સુવાડે છે, અને તેની ઉપર લાકડીનો ઉઠાવ કરી તેની ઉપર કપડું વિતાલી તે લાકડી અને પાટિયાંની વચમાંના ખાંચામાં સુવાડીને ડોકાં સિવાય આખું આંગ તેનું સુતલીથી અંદર બાંધી રાખે છે જેથી તેઓથી જોકે અંદર આંગ હિલવી શકાય છે, તોબી બેસી શકાતું નથી અને તે પાટિયું પોતાની પીઠની પાછળ બાંધીને તેની સાથે બધે ફરહર આખો વખ્ત કરે છે. એવા બેથી ત્રણ વરસની ઉમરના છોકરાઓને રાખેલા અમે જોયા જેઓ પોતાનાં બિછાણાં ઉપરથી વાતચીત કરતા હતા.

તા૦ ૩ જી સપટેમ્બર સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૭ ને ૧૦ મીનીટે ટ્રેનમાં બેસી રીનોથી વરજીનિયા સીટી જવા સારૂ ઊપડયા હતા. એ વરજીનિયા સીટી રીનો ગામથી આસરે ૨૦૦૦ ફીટ ઊંચાણમાં અને ૫૨ માઇલ દુર છે તેથી મોટા ભાગનો રસ્તો ચહડાણનો તથા પાહાડો અને ખીણનો મળ્યો હતો, જેથી દેખાવ સારો મળતો હતો. કોઈ ગમના પાહાડોના પથ્થરો ત્રણ ચાર રંગના ભેળસેળના મળતા હતા જે ઘણા સારા દેખાતા હતા. તેઓમાં લાલ, પીળો, અને લીલો રંગ જાણે કોઇએ હાથે રંગ્યો હોય તેમ દેખાતો હતો અને સુરજની રગનલથી તે ઘણો સારો લાગતો હતો.

જગે જગ જેમ વરજીનિયા સીટીની નજદીકમાં આવતા ગયા તેમ સોના રૂપાંની ખાનો ખણેલીના રદ કીધેલા પથ્થરોના ડુંગરો બનેલા દેખાતા હતા, તથા તેઓની પડોશમાં પથ્થર ભાંજવાની તથા બીજી એજ કારણને લગતી તથા સંચાકામની ઇમારતો મળતી હતી, તેમાં સોનેરી ટેકડી (Golden Hill) વાલી જગ્યા, પરતો એવી બેશુમાર ખાનો ચાલતી તથા રદ થયલી નજરે પડતી હતી. ઇંહાં કોઈ જગ્યાપર સોજું રૂપું હાથ જલદી લાગે છે અને કોઇ જગ્યાપર બે હજાર ફીટબી જમીનની અંદર જાય છે તોબી કાંઇ જીવ જેવી ખાન ન મળવાથી તે ખાન ઊંધાડનારી કંપનીઓ નાદાર થઇ બંધ કરે છે. કારણ કે એ ખાંનો ખણવાનું કામ કાંઇ નાનું સુનું નથી. એવી એક ચાલુ ખાન અમો ખામખા જોવા સારૂ વરજીનિયા સીટી જ્યાં ઘણી ખાનો ચાલુ છે, ત્યાં સહવારના ૧૦—૧૦ મીનીટે ઉતર્યા હતા અને સ્ટેશનની પડોશમાંજ આવેલી મી૦ જોન મેકીને અસ્તકની (Consolidated Verginia Mines) કનસોલીડેટેડ વરજીનિયા ખાનો જોવા ગયા હતા. એ મી૦ મેકી ઇંહાં અમેરિકાના કરોડપતીઓમાંનો એક છે, અને અમારી સાથે ઇંગલંડથી ન્યુયોર્ક આવતાં સ્ટીમરમાં ઉતારૂ હોવાથી અમોને ઓળખ થઇ હતી, તે વખ્તે અમોને એણે પોતાની ખાન જોવા આવવાનું ઈજન કીધું હતું, તેથી એ તક હાથ લીધી હતી, અને અમારી બધી રીતે ઘણી સારી માવજત એ ધણીના કારભારીએ તેના કહેવાથી કીધી હતી. એ ખાન સને ૧૮૭૦ થી ઊંધાડી છે તે ૩૩૫૦ ફીટ સુધી ઊંડી ગઈ હતી, પણ ત્યાર પછી અંદરથી ઘણી સારી ખાન નહીં મળવાથી ૧૭૦૦ ફીટ સુધીની ગયલી ખાન પછી આડકટરા જઇને ત્યાંથી સોનાં રૂપાંની ભેળસેલ ખાન મલી છે તે કહાડે છે, પણ ગયે સાલનો હીસાબ અમોએ જોયો તે મુજબ આસરે ૧૪ લાખ ડાલરની કિમતનું સોનું તથા રૂપું એ ખાનમાંથી કહાડયું હતું, પણ ખરચબી નજદીક તેટલો થવાથી શેરોની વેહેંચણી આપી શકયા ન હતા. એ શેરો જે આસરે ૨૫ ડાલરની કિમ્મતના છે, તેના થોડાં વરસ ઊપર સટો ઉઠવાથી ૮૦૦ ડાલરનો ભાવ થયો

હતો, પણ હમણાં ફક્ત તેના ૧૮ ડાલરનો ભાવ છે અને તેથી ૧૪ હતો તે એક અઠવાડિયુંજ થયું વધીને ૧૮ થયા છે. આ સાલ એને સારી ખાન હાથ લાગવાથી દર મહિને અરધો ડાલર લેખે શેરોપર વેંહેંચણી આપે છે. અમોને એ ખાનના કારભારીએ બીજા ઉનનાં કપડાં પેહેરાવીને પછી પોતાની સાથે ખાનની હેઠળ ૧૭૦૦ ફીટ સુધી લઇ ગયો હતો. એમાં જવા સારૂં એક જાતની સાધારણ લીફ્ટ છે જે એનજીનથી ઊપર હેઠળ લાવ લઇ જાવ કરે છે. એવી ત્રણ લીફ્ટ હારબંધ ચાલે છે, અને તે રસ્તે માણસો આવ જાવ કરવા ઉપરાંત ખાનમાંથી ખણેલો પથ્થર ઉપર લાવે છે, તથા અંદર હવા ફરવા સારૂં એક જુદો સંચો કીધો છે, જે બધા ટનલોમાં હવા પુગાડે છે, અને તેથી લોકો તેમાં સેહેલાઇથી કામ કરી શકે છે. અમારા સાંભળવા મુજબ આગળ જયારે છેક ૩૩૦૦ ફીટ સુધી નિચે ખાનગઇ ત્યારે ત્યાં પવન જવાનો માર્ગ નહીં હતો, તે વખ્તે ત્યાં કામ કરનારને એટલી તો ગરમી માલમ પડતી હતી કે તેની ઉપર આખો વખ્ત પાણીનો મારો ચાલુ રાખતા હતા. ત્યાંની દેવાલને જો હાથ લાગે તો હાથ દાઝતો હતો, અને તેમાંથી પાણી જે બુંબાથી ઊપર લાવતા હતા તે ઘણું ખખડતું ગરમ થયલું હતું. એટલી ગરમી જમીનની હેઠળ આટલા નિચા જવાથી લાગે છે. અમોને પણ ૧૭૦૦ ફીટ નિચે ગયા પછી અંદરની આસપાસના ટનલોમાં ફર્યા ત્યારે જો કે પવનનો સંચો ચાલું હતો તોબી ગરમી ઘણી જાણે આતશની ભઠ્ઠી આગળ ઉભા હોઇયે તેવી લાગતી હતી અને પરસેવે ગરકાવ થઇ ગયા હતા. એ ખાન ખણતી વખ્તે પેહેલાં એક ઉભો ચોરસ કુવા જેવો ખાડો છેક ઊંડાણ સુધી જયાં તે ખાન મળતી હોય ત્યાં સુધી જાય છે, અને પછી તેની આજુબાજુપરં રસ્તાઓ ટનલની માફક ખણે છે, અને તેમાંથી પથ્થર તથા ખાન કાહાડે છે, જયારે તે ભાગની ખાન જે થોડા થોડા જથ્થામાં પથ્થરની વચમાં મળે છે, તે કાહાડી રહ્યા કે પેલો ઉભો ખાડો જેને (Shaft) શાફ્ટ કરી કહે છે તે નિચે ખણવા માડે છે અને એ લોકની ગણત્રી મુજબ જેટલો જોઇયે તેટલો

ખણ્યો કે વળી પાછા ટનલો જેને ગેલરીઓ (Galleries) કહે છે તે આજુબાજુ ખણવા માંડે છે, અને જયાં ખાનની નસના દોરા આવ્યા હોય ત્યાં સુધી ખણીને તે ખાન સાથનાં પથ્થરો કાહાડી લે છે અને જ્યારે એ પ્રમાણે ઊંડાણમાં આગળ વધે છે ત્યારે ત્યાં કાહાડી લીધેલા પથ્થરની જગ્યા ઉપર લાકડાંના ટેકાઓ આપીને ઉપરની જમીન તે ઉપર ટેકવે છે. એ લાકડું ઘણું જાડું ૧૨થી ૧૫ ઇંચ ચોરસ લે છે, તોબી ઊંપરથી ભારનું બાજુપર દબાણ એટલું તો કોઇ ગમ.થાય છે કે તેને પણ ભાંજી નાખીને પેટું બાહાર કાહાડે છે, પણ તેમ થવા આગમજ તેની નિશાણી માલમ પડે છે તેથી તરત બીજા ટેકાઓ આપે છે અને વળી એ ટેકા એટલા નજદીક નજદીક આપે છે કે, તેની દેવાલજ બની જાય છે. ખણવાની આગમજ એ મુજબ ચોરસ આરકાં માફક બાજુ ઉપરથી ડુંગરને ખણીને ટેકા આપીને પછી તેની વચમાંના ભાગમાં સુરંગ ખણી દારૂથી તેને ઉડારે છે. એ પ્રમાણે પાંચ દશ ફીટ સુધી જાડી તેની નેસ હોય છે તે કાહાડી લીધી કે તે ગેલરી રદ થાય છે અને વળી પેલો મેનશાફ્ટ નિચે ખણીને ઊંડાણમાં પાછી ગેલરીઓ ખણ્યા જાય છે. એ સોનાં રૂપાંની ખાણની નેસ આડકટરી ઉપરથી નિચે ઉતરતી જાય છે જેમ થવા પેહેલાં ૧૦૦ ફીટ મળી તો પછી આડકટરી તેનેથી નિચે ૨૦૦, ૩૦૦ એમ ચાલુ નિચે જતી જાય છે, તેથી પેહેલો શાફ્ટ કોઇ વખ્ત એમ નિચેથી આડા જવાને લીધે દુર ઘણો પડી જાય છે, ત્યારે મથાળેથી પેહેલા શાફ્ટથી જેટલો જોઇયે એટલો દુરથી બીજો નવો શાફ્ટ પેલી નિચે ગયલી ખાન સુધી ઊંડો ખણે છે અને તેમાંથી કામ ચલાવી કોઇ વખ્તે તે બેઉ શાફ્ટોના ટનલો સાથે મેળવી નાખે છે. જે રદ પથ્થરો નિકળે છે તેને ખાનની બહાર નાખીને તેના ટેકડાઓ બનાવી દીધા છે. અમો લખતાં ભુલી ગયા કે એ ખાનવાલું ગામ વરજીનિયા સીટી દરિયાની સપાટીથી ૬૦૦૦ ફીટ ઊંચું છે અને છુટા છુટા વગર ઝાડપાનનાં ઉજડ ડુંગરોનું બનેલું છે જેમાંથી સોનાં રૂપાંની ખાન મળે છે. હવે પથ્થરા ખણીને તેને લીફ્ટથી બહાર લાવ્યા કે તેને પડોશમાં પથ્થર

ભાંજવાની મીલ હોલ છે ત્યાં લઇ જઈને મોટા લોખંડના ખાંડણી પરા હોય તેવા હારબંધ સાંચાઓમાં તે નાખે છે જેમાં પાણી સાથે તે ભેળીને ખાંડણી પરાથી (જેણે સ્ટામ્પ Stamp કરી ઈંહાં કહે છે) છુંદીને ભુકો કરે છે, અને તે ભુકો પાણી ભેગો નલીઓમાં થઇને પડોશની બીજી ઇમારતમાં જાય છે જ્યાં મોટી પાણીની ટાંકી હોય છે તેમાં ઘોધરેકો તે પડે છે ત્યાંબી વળી તે બીજા દલવાના જેવા સંચાથી ચુરોભુકો થાય છે, અને પાણીની સાથે પડોશની બીજી ટાંકીમાં જાય છે એ મુજબ છેક મેદા જેવો તેનો ભુકો એવી પાંચ સાત ટાંકીઓમાં થવા પછી .છેલ્લી એક ટાંકીમાં મટોડા જેવું થઈને તે પાણી પડે છે.

તે ટાંકીમાં જીવતો પારો નાખેલો હોય છે તે પેલી પથ્થરની અંદરના ધાતુના ભુકાને પકડી લે છે અને પારો જાતે ભારી હોવાથી તે ટાંકીની હેઠલ બેસી જાય છે અને પેલું કચરાનું પાણી ઉપરથી વેહેતું જાય છે. તે વેહેતું પાણી કાહાડી નાખતા નથી પણ પાછી બીજી ટાંકીઓમાંથી પસાર કરી તેમાંથી રહી ગયલી ધાતુ પારાથી બધી કાહાડી લે છે. હવે પારા સાથ મળેલી ધાતુ જે પારાના જેવીજ પાણી જેવી ભેળાઈને થાય છે, તેને એક કોથળી કપડાંની હોય છે, તેમાંથી નલીએ કરી પરભારી પેલી ટાંકીમાંથીજ પસાર કરે છે કે પારો જે વેહેતો હોય છે તે પેલી કોથળીનાં કપડાંના દોરાઓમાંથી નિકળી પડી નિચે ટાંકી હોય છે તેમાં એકઠો થાય છે, અને તેને પાછો પવન અથવા પાણીના જોરથી ભુકો થયલો ધાતુ સાથના પથ્થરવાલી ટાંકીમાં પાછી ધાતુ કાહાડવા મોકલે છે. હવે પેલી કોથળીમાંથી છુટો પારો નિકળી જવાથી પેલી ધાતુ જે બીજા પારા સાથે વળગેલી રહે છે તે કોથળીની હેઠલ એકઠી થાય છે અને તે ઝીણી રેતીના જેવી લાગે છે પણ પારો ઊપર હોવાથી રૂપાંના જેવો લાગે છે. હવે એ ધાતુને એક ભઠ્ઠીમાં લઇ જઇને તેને ગરમ કરે છે જેથી પારો જે પ્રવાહી રૂપનો છે તે સ્ટીમની સાથે ઊપર ઉડી જાય છે અને પેલી ધાતુ સાફ નિચે પડી રહેછે, અને પારાથી છુટી થાય છે પણ

પેલા બાફની સાથના પારાને રદ થવા દેતા નથી. તે સ્ટીમની સાથે ઉપર જાય છે તે સ્ટીમ એક નલીમાંથી પસાર થઇને હેઠાણમાં ઠંડા પાણીથી પાછી પાણીના આકારની (Condense) થાય છે કે પેલો બાફરોકો પારો પાછો પોતાના અસલી આકારમાં આવે છે, અને કામે લાગે છે. એ જીવતો પારો ઘણો કિમતી હોવાથી તેને કાંઇબી રીતે રદ થવા દેતા નથી. હવે પેલી ધાતુ જે રહી તે ભેળસેળ સોના તથા રૂપાંની હોય છે, તેના તેવીજ હાલતમાં લાથા બનાવે છે, અને બજારમાં વેચે છે જે લેનારાઓ તેમાંથી પાછળથી બેઉ ધાતુ છુટી પાડે છે, પણ એ ભેળ ધાતુના લાથામાં કેટલા ભાગ સોનું તથા કેટલા ભાગ રૂપું હોય છે તથા તેમાં વખ્તે બીજી હલકી ધાતુ જેવું કે ત્રાંબું તથા લોખંડ હોય છે તે જાણવા સારૂ પેલા લાથા બનાવતી વખ્તે તેમાંથી ચાર પાંચ આંઉસ ધાતુ પેહેલાં જુદી કાહાડી લઇને તેને તપાસ કરે છે અને બધી ધાતુ છુટી પાડે છે, તે કરવા સારૂ પેહેલાં એક નાની પિયાલી હડકાંની બાળેલી રાખની બનાવેલી આવે છે જેમાં પેલી ધાતુ મુકીને તે પિયાલી ભઠ્ઠીમાં મુકીને ઘણી લાલ ગરમ કરે છે. હવે એ હાડકાંની રાખમાં એવી ખુબી હોય છેકે, સોનાં રૂપાં સિવાય બીજી હલકી ધાતુને જયારે ગરમ થાય છે ત્યારે પોતાની અંદર ચુસી (absorb) કરી લીયે છે અને બાકીની સોનાં રૂપાં ભેળી ધાતુ એક ટાંચનીના માથા જેટલી બની વચમાં રહે છે. હવે એ ધાતુને પાછી છુટી પાડવા સારૂ નાઇટ્રીક એસીડમાં નાખે છે જેમાં એવી ખુબી છે કે સોના સિવાય બીજી કોઈબી ધાતુને તે ખાઇ જાય છે, એટલે રૂપાનો ભાગ પોતાની અંદર ખેંચી લે છે અને બાકી સોનું નક્કર રહી જાય છે. એ પ્રમાણે પેહેલાં જે ધાતુ નાખે છે તે તોલેલી હોય છે, તેમાંથી કેટલા ટકા સોનું નિકળ્યું તે પાછું તોલીને કહી શકે છે તથા રૂપું જુદું કીધા આગમચ બેઉનો વજન સાથે કીધાથી તે જેટલું હતું તેમાંથી સોનાનો વજન બાદ કીધો કે રૂપું તેમાં કેટલા ટકા હોય છે, તેબી માલમ પડે છે અને તે ગણત્રી મુજબ પેલા ભેળ ધાતુના લાથાઓ બજારમાં વેચે છે તે દરેક લાથા સાથ કેટલા ટકા સોનું

તથા રૂપું તેમાં છે તેની જામીનગીરી આપે છે અને તે લાથામાંથી એક આંઊંસ જેટલી પેલી ધાતુ એ ખાનના ધણી રાખે છે, અને જો વરસ દહાડામાં કાંઇ પેલા લાથામાંથી ઓછું વધતું સોનું રૂપું નિકળવાની ફરિયાદ આવે છે તો તેમાંથી રાખેલી એક આઊંસ ધાતુની પાછી તપાસ કરી જોય છે અને જો ફરક માલમ પડે તો પાછી કિંમત ફરકની ભરી આપે છે. પણ એક વરસ પછી તેનો જવાબ દેતા નથી અને કારભારીના કહેવા મુજબ કોઇ વખ્તે જવલેજ એવી ફરિયાદ આવે છે. એ ધાતુમાં બે ભાગ રૂપું અને એક ભાગ સોનું સરેરાસ નિકળે છે. ખાનમાંથી ધાતુ સાથના પથ્થરો જે કહાડે છે તે સફેદ તથાં ઘેરા બ્લુ રંગના ભેળસેળ આવે છે, અને આપણે અંજાના ધણીઓ તેને જોઇએ તો અંદર સોનું કે રૂપું છે તે માલમ પડતું નથી પણ ખાલી પથ્થર જેવા લાગે છે. એ પથ્થરની અંદર પાતળા કાળા રંગનાં પડ રહે છે તે એ ધાતુ છે અને વધતા ઓછાં ભાગ મુજબ તે પથ્થરમાંથી ધાતુ નિકળે છે અને પેહેલાં ખાન ખણી કે પથ્થરની તપાસ કરી જોય છે અને જો તેમાંથી દરેક ટને ૧૫ ડાલરની કિંમત ઉપરનું સોનું રૂપું નિકળે છે તોજ તે ખાન આગળ ખણે છે, નહીં તો રદ નાખે છે કારણ કે દર ટન પથ્થરે ખરચ ૧૫ ડાલરનો ધાતુ કાઢતાં બધો મળીને થાય છે. તે નિકળે તોજ નફો કરે, નહીં તો ખોટ જાય છે. એ ખાનમાં હમણા ૮૦ માણસો કામે લગાડેલા છે જેઓ દરેકને રોજના આઠ કલાક કામ કરવાના ૪ ડાલર આપતા હતા, તે હમણા કમાઇ ઓછી થવાથી ૧૦ કલાક કામ લઇને તેટલોજ લવાજમ આપે છે. તેઓ રોજ ૪૦૦ ટન પથ્થર ધાતુ સાથનો કાઢે છે અને તે સારૂ જબરી મેહેનત તેઓને કરવી પડે છે. અમોએ તે લોકને ફકત પાટલુન ઉપરજ કામ કરતા જોયા હતા, અને પસીને ગરકાવ હાલતમાં હતા. તેઓ થોડો વખ્ત કામ કરે છે અને થોડો વખ્ત થાક લઇને પાછું કામ કરે છે. અમોને બધે અંદર જયાં કામ ચાલતું હતું ત્યાં ફેરવીને દેખાડયું હતું અને જયાં નજર કરીએ ત્યાં સોનાં રૂપાંની ખાનના પથ્થર બેઉ બાજુ ઉપર તથા

પગની નિચે વટીક દેખાતા હતા. અમોને અંદર ગરમી ઘણી પડવા લાગી હતી (જોકે પવણનાં સંચાથી ત્યાં બધે સાફ હવા ફેલાવેલી હતી.) તેથી અમો થોડા ભાગમાં ફરીને બાહાર આવ્યા હતા. એવી ગેલરીઓ અંદર સેંકડો માઇલની ખણી છે અને તેમાંથી ધાતુના પથ્થર કાહાડીને રદ નાખેલી હતી તે પાછી હમણાં વધારે ધાતુ કાહાડવા ચાલુ કીધી છે તેમાંથી ધાતુ પણ સારા જથ્થામાં મળવા લાગી છે. અંદર જગે-જગે મીનબતીઓ બળતી હતી અને આઇસનાં પાણીનાં વાસણો મુકેલાં હતાં. એ ખાનમાંથી પાણી બાહાર કાહડવાની એક જુદી કંપની છે, જે બધી ઈહાંની ખાનોમાંથી પાણી બાહાર કાહાડીને દર ટને કાંઈ લવાજમ (આસરે એક ડાલર ધારૂં છું) લીયે છે. આ કંપનીને (Sutro Tunnel) સુટ્રો ટનલ કંપની કહે છે અને જો કે તેને ઉપલી એક કંપનીમાંથી ગયે સાલ ૧૦૯૦૦૦ ડાલર મળ્યા હતા અને તે મુજબ બીજી કંપનીઓની ખાનોમાંથીબી મળે છે તોબી અસલ તેની ઠાપણુ ટનલો ખણીને પાણી બાહાર કાહાડી લઇ જવામાં એટલી રોકાઇ ગઇ કે કરજ કરવું પડયું હતું અને સાંભળવા મુજબ તેના માંગનારાઓએ કંપની બંધ કરાવી વેચાવી નાખવા માગે છે, એવી ખરાબ હાલતમાં કરજને લીધે આવી ગઇ છે. અમોને વરજીનિયા કોનસોલીડેટેડ માઇન્સના હિસાબની ચોપડી સને ૧૮૮૬ ની તા૦ ૧ લી અકટોબર સુધીનાં એક પુરાં થયલાં વરસની મળી છે તેમાંથી જાણવાલાયક રકમો નિચે મુજબ ફકત યાદી દાખલ ઉતારી લીધી છે.

પથ્થર સુધાની ખાન કાહાડી ૯૮૮૩૪ ટન તેમાંથી ૧૨૯૭૮૮૩ ડાલરની ધાતુ નિકળી જેમાં ડાલર ૬૫૯૬૪૭નું સોનું અને ડાલર ૬૩૮૨૩૪નું રૂપું નિકળ્યું હતું અને દર ટન પથ્થરે ડાલર ૧૩ ૧૩/૧૦૦ જેટલી ધાતુ મળી હતી. એ ઉપરાંત બીજી પરચુટણ કમાઇ જેવું કે દાબેલી કીધેલી હવા, સામાન ઇત્યાદી બીજી કંપનીઓએ પુરૂં પાડયું તેના સૌ મળીને જુમલે ડાલર ૧૪૧૮૦૦૦ની ઉપજ થઈ હતી. ખરચની મોટી રકમમાં પગારના ડાલર ૨૭૪૮૪૩, હથિયારના ડાલર ૧૯૧૫૭૩, સુટ્રો-ટનલને પાણી કાહાડવાની મેહેનતના ડાલર ૯૮૮૩૪, પથ્થર ભાંજીને

ધાતુ કાહાડવાના ખરચના ડાલર ૬૦૩૭૮૯, બુલિયનના ડીસકાઊંટના ડાલર ૧૬૧૨૪૫ એ મુજબના મોટા તથા નાના ખરચમાં બાલવાના લાકડાંના ડાલર ૫૦૧૪૧ અને ટેકા આપવાના લાકડાના ડાલર ૮૭૯૩૪ આઇસ ડાલર ૭૧૬૮નું, મીનબતી ડાલર ૭૦૧૭ની, ગનપાઉડર ડાલર ૨૦૮૪૪નો, એ મુજબ બીજો પરચુટણ ખરચ બાદ કરતાં શેરહોલડરોને ફક્ત ડાલર ૬૪૮૦૦ વીયાજ આપ્યું છે, પણ હિસાબ જોતાં હાથમાં આગલા સાલની બાકી પેહેલાં ડાલર ૭૯૦૦૦ની હતી તે ફક્ત હમણાં ૪૪૫૦૦ની છે, તેથી સામી વેંહેંચણી આપવામાં આગળા બાકીના લેવા પડયા છે. બાકી ખરો હિસાબ ગણતાં આસરે ડાલર ૩૧૦૦૦ નફો થયો છે અને તેથી આગળ ભાવ જે ઘણા શેરોના બેસી ગયા હતા તેને ટેકો મળ્યો છે. હમણા જે લાકડાં બાળીને સંચાકામ સ્ટીમ પાવરથી ચલાવે છે તેને બદલે પાણીના પાવરથી ચલાવાની ગોઠવણ થાય છે, અને છએક મહિનામાં તેમ ચાલશે તો લાકડાંમાંથી નજદીક અરધો અરધ બંચાવ થશે એમ કહે છે. અમો ખાનમાંથી બાહાર આવ્યા પછી અમારી માવજત ઘણી સારી કીધી હતી અને અમોને ગરમ પાણીમાં નહવાડયા હતા કે પસીનો પડેલો સાફ થઇ જાય. અમો વરજીનિયાના ગામમાં ફરીને પછી આગનીગાડીમાં સાંજના ૫—૧૫ મીનીટે એ શેહેર છોડયું હતું. એ શેહેર આગળ વધારે વસ્તીવાલું હતું પણ ઈંહાંથી ધાતુની આવક આસ્તે આસ્તે ઓછી થવા માંડયાથી લોક તે ગામ છોડી ગયું છે, અને હમણા ભાયગે ૧૫૦૦૦ માણસોની વસ્તી ઈંહાં હશે. શેહેરમાં કાંઇ જોવા લાયક નથી. નાના નાના કામચલાઉ લાકડાંના ઘરોના મોહોલાઓ બનેલા છે. અમો ઈંહાંથી નિકળેલા રાતનાં રીનોનાં સ્ટેશનપર કલાક ૮ વાગે આવીને ત્યાંનાં સ્ટેશન હોટલમાંજ રહ્યા હતા.

તા૦ ૪ થી સપટેમ્બર સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૬—૩૦ મીનીટે રીનો સ્ટેશનપરથી આગગાડીમાં બેસીને નિકળેલા બપોરના બે વાગેને સેક્રેમેન્ટો નામની જગ્યાપર પુગ્યા હતા. અમો

નિકળ્યા ત્યારે હવા ઘણી ઠંડી લાગતી હતી, અને ઠરમામીટર કલાક ૮ વાગે ૪૭ ડીગ્રીપર હતો. રસ્તામાં પાહડોનો દેખાવ ઘણો સારો મળ્યો હતો, અને સીરા નીવાડા (Seirra Nevada) ના પાહાડને મથાળે પુગ્યા ત્યારે આસરે ૭૧૦૦ ફીટ દરિયાની સપાટીથી ઉંચા હતા અને ઈંહાંથી પણ આસપાસના તેથી ઊંચા પાહડો તથા સરોવરો તથા નદીઓ અને ખીનોથી દેખાવ ઘણો રળીયામણો લાગતો હતો. કોઇ કોઇ ખીનો તો એટલી ઊંડી હતી કે નિચે આપણે જોઇ પણ શકીયે નહી, પણ જેમ એ પાહડની ઊંચાંણ જગ્યાની નજદીક આવતા ગયા તેમ બરફ પડતો અટકાવવાનાં છાપડાંઓ છુટાં છુટાં મળતાં હતાં. છેક મથાલાંપર તો એમાંના એક છાપડાંને પસાર કરતાં એથી હદી કલાક લાગ્યા હતા, એટલું લાંબુ છાપડું ટનલની માફક સાંભળવા મુજબ ચાલીશ માઇલ ઊપરતું લાંબું છે, જેમાં બાજુપરથી વારાફરતી બાંચાઓ કીધેલા હોવાથી આસપાસનો ખુદરતી દેખાવ દીસ્તો હતો અને એ છાપડાંમાંથીજ ટરનરે સરોવર પણ જોયો હતો. એ સરોવર-પર આસરે ૧૫ વરસ થયાં મી૦ ટરનર તથા થોડાક મિત્રો ખાવા-પીવા આવ્યા હશે તે વખ્તે આગગાડી કાંઈ ઇહાં હતી નહીં, પણ એકાએક તોફાન થઇ આવ્યું અને બરફનો વરસાદ એટલો તો જોરમાં પડયો કે રસ્તો સઘળો ઢંકાઇ ગયો અને તેથી તેઓ ભુલા પડયા અને ભુખના માર્યા એક એકને મારીને માણસોનાં ગોસપર ગુજરાણ કીધું હતું તે દિવસથી એ સરોવરનું નામ લેક ટરનર કરીને આપ્યું છે, અને તે મુજબ ઈંહાં બરફનાં તોફાનો વારાફરતી અને ઘણાં સખત થાય છે, તેથી આવાં મોટાં "સ્નો શેડસ" બાંધેલાં છે. અમો સેક્રેમેન્ટો આવીને થોભ્યા હતા અને સાંજનાં પાંચ વાગેની બીજી ટ્રેનમાં બેસીને (Lathrope) લેથ્રુપનાં સ્ટેશનપર કલાક આઠ વાગેને ઉતર્યા હતા. ઈંહાં ઉતરવાનું કારણ એ હતું કે આ સ્ટેશનપરથી યેસોમેતી વેલી (Yessomite Velley) કરીને જગ્યા ઘણી વખણાયલી છે, જ્યાં ૩૦૦ થી ૫૦૦ ફીટ ઊંચાં અને ૯૦ ફીટનાં ઘેરાવાનાં ઝાડો ઉગેલાં છે, તથા ખીનનો દેખાવ અને પાણીના ધોધો ઘણા જોવા લાયક

છે, તે જોવા જઇયે પણ ઇહાં ખબર કાહડયાથી પક્કી ખાતરી મળી નહીં કે તે ખીણ જોઇને સેંટ ફ્રાનસીસ્કો જતાં કેટલા દિવસ લાગશે તેથી ત્યાંનું માંડી વાલીને રાતનાં તેજ સ્ટેશનનાં હોટલમાં રહ્યા હતા અને વિચાર કીધો કે જો બનશે તો આવતી કાલે સેનફ્રાનસીસ્કોથી એ ખીણમાં જઇ આવીશું.

તા૦ ૫ મી સપટેમ્બર સને ૧૮૮૭.—આજે સહવારના કલાક ૬—૪૫ મીનીટની ટ્રેનમાં બેસીને લેઠપથી નિકળેલાં સેંટ ફ્રાનસીસ્કો (St. Francisco) બપોરના કલાક ૧૧ વાગે પુગ્યા હતા. રસ્તામાં બધી સપાટ જગ્યા મળી હતી પણ તે ઘણીજ ફ્લવંત કાળા રંગની મગોડીની હતી અને તે ઉપર મોટો ભાગ ઘઊંની રોપણી થાય છે, જેની હમણા કાપણી થઇ ચુકી છે, અને પાછી જમીન ખેડાતી હતી. એ જમીન ખેડવાની પાંચ દશ હોરની એક હોર હોય તેમ જુદા જુદા તેને દાંતા કીધેલા છે, અને તેને ચાર ઘોડા જોડીને તેને જમીન ખેડે છે. જે મુજબ એક માણસ એવી હોરથી ઘણા એકરો એક દિવસમાં ખેડી શકે છે. એ ઘઊંની વાવણી ઉપરાંત આખા રસ્તાપર વારાફરતી ફ્રૂતનાં ઝાડો તથા દરાખના વેળાઓનાં ખેતરોનાં ખેતરો દેખાતાં હતાં. જે ઉપર જાત જાતની દરાખના મોટા ઝુમખાઓ લટકતા હતા. તે ઘણા જોવાલાયક હતા, અને તેજ મુજબ પીચ, પુલુમસ-સેફ ઈત્યાદી જાત જાતનાં ઝાડોબી જાણે મેવાથી ઝુલાઇ પડતાં હતાં. એવી ફ્લફ્લાદી ભરેલી જગ્યા જવલેજ આપણા જોવામાં આવે છે, અને સાંભળવા મુજબ કેલીફોરનિયા કે જેમાં સેંટ ફ્રાનસીસ્કો આવેલું છે, તેમાં દરાખનો દારૂ એટલો હમણાં બનાવે છે કે ફ્રાન્સની પણ તે બાબે બરાબરી કરી શકે છે. આગળ ચાલતાં તે દેશને એ બાબે ટક્કર મારશે. અમોએ ઈહાંનો બનાવેલો વાઇન ચાખ્યો હતો, જે અમોને ઘણોજ સ્વાદદાર માલમ પડયો હતો. સેંટ ફ્રાનસીસ્કોની આવવાની એક કલાક આગમજથી સેક્રેમેન્ટો નામની નદી મળી હતી, જેને કિનારેથીજ આખો બાકીનો રસ્તો પસાર કીધો

હતો જે નદીપર ઘણાં શેહેરો આવેલાં છે, જેનાં બંદરોપર મોટાં ત્રણદોલી વાહાણો વારાફરતી ઉભેલાં જથ્થાબંધ દેખાતાં હતાં. એ બંદરોપરથી વાહાણો ભરીને મેવો તથા દારૂ બીજાં અમેરિકાનાં દેશાવરોમાં જાય છે, અને તે ઉપરાંત એજ ખંડના ઊગમણ ભાગ તરફ આગગાડીઓ ભરીને મેવો જાય છે તે જુદી. એવી આગગાડીઓને (Fast Fruit Train) ઝડપમાં જનારી ફલની ટ્રેન કહે છે તે બીજી સામાનની ટ્રેન કરતાં ઝડપમાં જઈને ફરૂત બગડે તે આગમજ પોંહોંચાડી આપે છે. ફરૂત પણ ઈહાંની અમોએ ખાધી છે, તે વજણપર વેચાય છે, અને ઘણી મોટાં કદની તથા સ્વાદદાર અને વળી અમો ધારીયે છીયે કે હિંદુસ્તાન કરતાં પણ સસતી મળે છે. અમારી ટ્રેન નદીને કિનારે ઉભી રહી હતી, અને ત્યાંથી સ્ટીમ ફેરીમાં ઉતારૂઓ બેસીને તેને પેલે પાર સેંટ ફ્રાનસીસકોના શેહેરમાં ઉતર્યા હતા, અને ત્યાંના પેલેસ હોટલમાં ઉતારો લીધો હતો. એ હોટલ અમેરિકાના સૌથી મોટા હોટલોમાંનું એક ગણાય છે, અને આખા એક મોહોલાની ચારો બાજુ પોતાની ઇમારતથી રોકે છે, અને તેને સાત માળ છે. વચમાં એક મોટો ચોક છે, તેને ફરતી મજેની શોભઇતી બાંધણીના થાભળાઓ ઊપર ઇમારત બાંધેલી છે, અને તે થાભળાઓની વચમાંના આરકાંઓમાં દરેકમાં ત્રણ વિજળીની બતીઓ છ માળ સુધીની મુકેલી છે. તે ચોકને મથાળે એક મોટું કાચનું છાપરું કીધેલું છે જેમાંથી ઉજરદુ પડવા ઉપરાંત વરસાદથી બંચાવ થાય છે, જેથી હોટલમાં રહેનારાઓ ત્યાં બેસે છે અને મોજ મારે છે. જમીનની ફરસબંધી સંગેમરમરની છે, અને ચોકની ફરતી ગેલરીના ૬ માલ સુધીના થાભળાઓ સઘળા એવા તો સરસ સફેદ રંગના રંગેલા છે કે, જાણે બધી ઇમારત અંદરથી સંગેમરમરની હોય તેવી લાગે છે. એ હોટલમાં આસરે ૭૫૫ મોટા ઓરડાઓ છે, અને એકી વખ્તે તેમાં ૨૫૦૦ માણસો રહી શકે છે. મોટા ભાગના ઓરડાઓ મજેન કુસાદે છે, અને તેઓની સાથેજ હવાના તથા બીજા પરચુટણ કામના ઓરડાઓ કીધેલા છે, જે મુજબ કોઈજ હોટલોમાં જોવામ



સીટી હાલ—સાન ફ્રાન્સીસ્કો.

આવે છે. હોટલોમાં મોટા મોટા હોલો છે, તે ઘણા સારાં ચિત્રો તથા ફરનીચરથી શણગારેલા છે, અને બધી રીતે સરસ હોટલ દીસે છે. એની ઇમારત બધી મળીને આસરે ત્રણ એકર જગ્યા રોકે છે. અમો એ હોટલમાંથી લંચ લઈને પેહેલાં યોસીમેતીની ખીણ જોવા સારૂ ખબર કાહાડી હતી, પણ જાણીને દિલગીર થયા કે ત્યાં જઇને પાછા દોડાદોડ કરતાંબી આવતાં તા૦ ૧૦મીની સહવારના ૧૧ વાગશે, અને અમો યોકોહામાં જવાના છીયે તે સ્ટીમરબી તેજ દિને ઉપડ-વાની હોવાથી અમોને માંડી વાલવું પડયું હતું. બપોરના ઇંહાંના મોંટગોમરી તથા મારકેટ સ્ત્રીટોમાં ફર્યા હતા, જે મોહોલાઓમાં ઇંહિાની જાણીતી આફીસો, બેંકો તથા વિમા કંપની તથા હોટલોની ઇમારતો મોટી મોટી અને રોણકદાર બાંધણીની આવેલી છે. ઇંહિાંની ઇમારતોમાં જે મોહોલાને છેડે ઇમારતો આવે છે તેઓ ઉપર ઘણાખરા જે મોહોલાઓના નાકાની બાજુ ઉપર મિનારાઓ જાતજાતના કીધેલા હોય છે, તેથી દેખાવ મોંહોલાઓનો સારો લાગે છે, અને ઇમારતોની બારી ત્રણ ખુણાની બાહારથી જુદી કાહાડેલી અને તેઓની આસપાસ થાભ-લાઓ હોવાથી પુરી રોણકદાર ઇમારતો લાગે છે. રસ્તાઓબી ઘણાજ પોહોળા છે જે ઊપરથી ચાર લાઈન તો ટ્રામ તથા કેબલ કારસોની દોડે છે, અને બાકીની બાજુઓ ઊપર ઘોડાની ગાડીઓનો અને તેની બાજુ ઊપર મોટા કુસાદે ફુટપાંડો આવેલા છે. સેંટ ફ્રાનસીસકોનું શેહેર જાણે ટેકડીઓની વચમાં આવ્યું હોય તેમ છે, અને ઊપર લખેલા જેવા મોહોલાઓ પસાર કીધા કે, (જેઓ સપાટ જમીન ઉપર આસરે બે માઈલ જેટલા લાંબા હશે) ટેકડીઓ ખચીત જ્યાંબી જાવો ત્યાં મળે છે, અને ઊપરના મોહોલાઓના રસ્તા ઘણાજ ઢળાવદાર રાખેલા છે, જે ઊપર બધે કેબલ કારસ (તારના દોરડાંથી ચાલતી ચીકાગો અને ફીલેડેલફ્રિયાંના શેહેરો જેવી ટ્રામો) દોડે છે, અને કોઇ વખ્તે એટલી ઢળાવવાલી જગ્યા આવે છે કે, ગાડી જાણે ઊભી થતી હોય તેમ લાગે છે.

અમો ઉપલા મોહોલાઓ જોઇને પછી (Height Street હાઇટ સ્ટ્રીટને નાકે ગોલડન ગેટ પાર્ક (Golden Gate Park) છે તે જોવા ગયા હતા. એ બાગ શેહેરને નાકે ટેકડીપર આવેલો છે. તેનો મોટો ભાગ અમેરિકાના બાગો માફક મોટાં ઝાડો તથા ગાડી ઘોડાના રસ્તાઓનો બનેલો છે, પણ થોડો દરવાજા આગળનો ભાગ મઝેનાં ફુલપાન તથા ઘાસના કયારાઓનો કીધેલો છે, જેમાંના કયારાઓની ગોઠવણ ઘણી તારીફ લાયક છે, અને તેમાં કાંઇ જાતજાતની રંગીન ગલીચાઓ જેવી તરાંહો તથા કિનારીઓ બનાવી છે. તેઓની વચમાં અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસના છેલ્લા મારી ગયલા પ્રેસીડંટ ગારફીલ્ડનું પુતળું મુકેલું છે, તથા એક બાજુપર ટેરેસીસ બનાવીને ઝાડનું કાચનું મોટું ઘર (Conservatory) બાંધેલું છે, જેમાંમા ઝાડો કાંઇ ઘણાં જોવાલાયક નથી. ફર્નસો તથા પામ્સ અને એવા ગરમ દેશનાં ઝાડો ત્યાં ઊગાડેલાં છે. આજે રાતના અમારા હોટલ આગળથી એક ઘણું મોટું સરઘસ વાજાંઓ સાથે ખાટકીઓનુ ગયું હતું, પેહલાં થોડા જણાં પગે ચાલતા હતા જેવો દરએકનાં હાથમાં એકકી મસાલ હતી અને કોઇ કોઇના હાથમાં મોટા વાવટાઓ હતા. તે ઉપર ખાટકીઓની મંડળી અને તેઓ પાસેથીજ ગોસ વેચાતું લેજો અને ચીનાઓ પાસે ચીનાઈ ગોસ ના લેતા એમ વારાફરતી લખેલું હતું. તે પગે ચાલનારાઓની પાછળ ગાડીનું સરઘસ હતું જેમાં એકથી તે ચચાર ઘોડાનીબી ગાડીઓ હતી, જેમાં ખાટકીની મોટી દુકાન રાખનારાઓ ભપકામાં બેઠેલા હતા અને સાથે પોતાનાં નામો અને આગળ જણાવેલાં લેખના વાવટાઓ લીધેલા હતા અને મોઢાંમાં તંબાકુની બીડીઓ પીતા ઠંડે પેટે બેસીને આસપાસ જોતા હતા. એ સરઘસને Butchers' League (બુચર્સ લીગ) કરીને કહેતા હતા. સેંટ ફ્રાનસીસ્કોમાં ચીનાઓનું જોર ઘણું વધી પડયું છે, અને તેઓ ચીનથી દર સાલ સંખ્યાબંધ ઇહાં આવવા લાગ્યા અને યુનાઇટેડ સ્ટેટસના ઘણાખરાં શેહેરોમાં તે લોકો લાગુ પડી ગયા અને પોતે જાતે કરકસરથી રેહેનારા હોવાથી અમેરિકનો થાને જીનસો ઘણી સસ્તી



સાન ફ્રાન્સીસકોનો એક મોહોલો.

બનાવીને વેચવા માંડી તથા સુથાર, લુહારો તથા કારીગરીને લગતી બીજી મજુરી તથા ખેતીવાડી તથા બીજી બધી બાબદોમાં સસ્તે ભાવે કામ કરવા લાગ્યાથી અમેરિકનોને ભારી પડી ગયું અને તેઓના કામદારો જે મોટા રોજે કામ કરતા હતા તેઓને કામ મેળવવા સારૂ ઓછો રોજ લેવો પડ્યો અને તેઓની રહેવાની રીતભાત જરા છુટાં હાથની તથા ખરચાલુ હોવાથી આવક તથા ખરચના તાંટીયા મેળવવાનુ મુશ્કેલ પડી ગયું તેથી ઇહિંના લોકોએ અમેરિકન સરકારને એ બાબે અરજીઓ કીધી તેમાં એવી દલીલ લાવ્યા કે ચીનાઓ એવીતો નજી-સાત રીતે તથા કંગાલ હાલતમાં રહે છે કે તેથી શેહેરોની તંદરો-સ્તીમાં બિગાડો થાય અને તેઓ વળી ચીનથી ઇહિં આવી કમાઇ કરી પૈસા મેળવ્યા કે પાછા પોતાને દેશ જતા રહે છે તેથી અમેરિકાનો પૈસો ત્યાં બધો તણાઇ જવાથી અમેરિકનોને ઘણું ખમવું પડે છે, અને પડશે અને મજુરીનો ભાવ તેઓએ ઓસારી નાખ્યાથી અમોને ભુખે મરવું પડશે ઈત્યાદી. એવાં એવાં બાહાનાં કાહડયાં અને પછી તો તોફાન મચાવી ચીનાઓની સાથે મારામારી કરવા લાગ્યા અને ઘણા જણાઓ એવી મારામારીમાં મરી પણ ગયાથી આખરે યુનાઇટેડ સ્ટેટસની સરકારે ધારો બાંધ્યો છે કે જે ચીનાઓ ઇહિં જનમેલા હોય અથવા ઘણા વરસનાં રહેલા હોય તેઓએજ ઇહિં રહેવું અથવા પોતાને દેશ જાવઆવ કરવું, પણ નવા ચીનાઓને ઇહાં આવવાનો હોકમ નથી. જેથી ચીનાઓ જે જથ્થાબંધ ઇહિં આવવા માંડયા હતા તે બંધ થયા છે, પણ હજી તે લોકો તાલ તલાવતથી થોડા ઘણાં આવ્યા જાય છે. જેઓ ઇહાંના રહેવાસી છે તેઓ ચીન જાયછે ત્યારે તે લોકને એક જાતની પાસ આપે છે કે તેને લીધે તેઓ પાછા આવી શકે. બધાઓને ઘણીખરી એવી પાસો આપે છે, જેઓ પોતાના દેશમાં રહેવા જઇને તેજ પાસમાં નવા ચીનાઓને ઇહિં મોકલે છે અને સામી તે પાસ તે નવા ચીનાને વેચવાથી સારી રકમ મેળવે છે. ઇહિં બધા યુનાઇટેડ સ્ટેટસમાં એક લાખ ઉપર ચીના છે તેમાં સેંટ ફ્રાનસીસ્કોમાં ૪૦૦૦૦ છે, જેઓ ઘણી જાતનો ધંધો કરે છે, તેમાં

ખાટકીઓનોબી છે અને સસતું ગોસ વેચે છે, જેથી ઊપલા ખાટકીઓએ એસોસીએશન કીધી છે અને સરઘસો કહાડી લોકોને સમજાવે છે કે ચીનાઓ ખરાબ અને રદી ગોસ વેચે છે તેથી તેઓ પાસેથી ના લેવો પણ પોતાના હમદેશીઓ પાસેથી લેવો કે તેઓને મદદ મળે અને એજ મુજબ બીજા ધંધાદારીઓબી કરવા લાગ્યા છે, અને ચીનાઓપર અમેરિકનોનો ડોળો ઘણો કવડો હજી છે તેથી જ્યારે ચીનાઓ બાબે વાત થાય છે ત્યારે જાણે તેઓ જાનવર હોય તેમ તેઓને વીશે ધિક્કારીને બોલે છે. અમો ધારીયે છીયે કે કોઈ વખ્ત એ બાબે બેઉ જાતમાં મારામારી મોટી થવાની છે. ચીનાઓબીં સંપીલા ઘણા છે, અને બને ત્યાં સુધી એકએકને મદદ કરે છે. તેઓમાંબી મંડળી ઉભી થઇ છે અને કાંઈબી વાંકમાં આવે છે તો એકએકને પૈસાની મદદ કરી બચાવ કરે છે, અને મારામારીમાં ટોળાંને ટોળાં ઉતરી પડે છે. એ લોક બધા શેહેરના એક ભાગમાં હેલાએદા રહે છે, તેમ સેંટ ફ્રાનસીસ્કોમાંબી ચીનાઇ શેહેર (Chinese Town) કરીને હેલાએદી જગ્યામાં એ ૪૦૦૦૦ ચીનાઓ રહે છે.

તા૦ ૬ થી સપટેમ્બર સને ૧૮૮૭—આજે પેહેલાં ઈહાંના પૈસાદાર લોકોને રેહેવાનો મોહોલો (California Street) કેલીફોરનિયા સ્ત્રીટમાં ફરી આવ્યા હતા. એ મોહોલો ઘણો ઢળાવવાળો નાની નાની ટેકડીઓપર બંધાયલો છે, અને તેપર જવા સારૂ કેબલ–કાર યાને તારથી ચાલતી ટ્રામ દોડે છે. ત્યાંના ઘરોનો ઘણો મોટો ભાગ લાકડાં તથા પાટિયાંનો બાંધેલો છે પણ બધી હવેલીઓ ઘણી રોણકદાર જાતજાતની ઢપની અને નકશીથી ભરપુર બનાવેલી છે, અને તેઓને દર વખ્તે નવી રંગવાથી તેઓ ઘણી સારી નવી ઇમારતો હોય તેમ દીપે છે. ઘણીખરી ઈમારતોનાં છાપડાંઓ તથા બારીનાં મથાળાંઓ મિનારારોકા કીધા છે અને થાભળાઓ બાહાર દેખઈતા રાખવાથી તેનો દેખાવ સારો આપે છે. એ મોહોલો આસરે હઢી માઈલ જેટલો ચહડ ઊતરનો આવેલો છે અને ઘરો છુટાં છુટાં નાના નાના ફુલપાન

તથા ઘાસના લોન્સના બાગો વચ્ચે બાંધેલાં છે તથા ઝાડને બચાવવા માટે કાચના ઘરો પડોસમાં રાખેલાં છે. ત્યાંથી નિકળેલા મોંટગોમરી સ્ટ્રીટમાંથી જતા (Western Grain and Stock Exchange) વેસ્ટર્ન ગ્રેન અને સ્ટોક એક્ષચેંજ જોયો હતો. એ ઇમારત માફકસરની છે તેમાં ઇંહિાં (જુગારી લોક કહીયે તો ચાલે) લોકો અજબ રીતનો સટો રમે છે. એક મોટો હોલ છે ત્યાં જાણે નાટકશાળામાં જોવા બેઠા હોય તેમ સેંકડો લોકો હારબંધ ખુરશીઓપર બેઠા હતા અને પોતપોતામાં સટો રમતા હતા. તેઓની સામેની બાજુપર મોટાં પાટિયાંઓ મારેલાં હતાં અને તેની એક બાજુપર એક જાતનો વિજળીથી ચાલતો સંચો હતો જે સંચાની અંદર જુદા જુદા આંકડાઓ માડેલાં કાગજ નાખેલાં હતાં જે કાગજોને વિજળીનો સંચો અંદર ખુબ હિલવીને પછી એક કાગજ એક દેખઇતાં ખાંચા પર બાહાર લાવતો. જે ઉપર આંકડા માડેલા અને પેલા સટો રમનારાઓની જાણ માટે ત્યાં ઊભાં રાખેલાં માણસો તે આકડા પેલા મોટાં પાટિયાં ઊપર માંડે ને પછી સટો રમનારાઓ જે ભાવે પોતપોતામાં વેચ લે કીધી હોય તેનો હિસાબ ઊપલાં આંકડાનાં ભાવ મુજબ કરીને વધારા ઘટાડાની આપ લે કરતા હતા. ધારો કે એક જણે ઘઊંનો ભાવ ૬૮ દોકડા ઠેરવીને ૧૦૦૦ સેનતાલ (૧૦૦ રતલનો એક સેનતાલ ઘઊંનો ઇંહિાં કહેવાય છે) માલ મોઢેથી લીધો, હવે પેલો વિજળીનાં સંચાવાલો આંકડો જો ૬૯ નિકળ્યો તો લેનાર ધણી ને વેચનાર ધણી ૧ દોકડા લેખે હજાર સેનતાલ પર ભાવ ભરી આપે, પણ જો ૬૭ નિકળ્યો તો લેનાર ધણી વેચનારને એક દોકડા લેખે ભરી આપે. એ પ્રમાણે દરેક મીનીટે તે વિજળીનાં સંચામાંથી ભાવ બાહાર દેખાયા કરે અને આખો વખ્ત જુગાર અથવા સટો ચાલુ રહે છે. પણ ઉપલા આંકડાઓ છે તેમાં ઘણામાં ઘણા બે દોકડા જેટલો ફરક રાખ્યો છે અને ઓછામાં ઓછો નંબર ૬૫ તો વધતામાં વધતો નંબર ૬૭ નો રહે છે, તેની વચમાં દોકડાનાં સો ભાગમાં વેહેંચી નાખેલાં છે. જે જોઈને અમો ઘણા દિલગીર અને અજબ થયા હતા કે ઇંહિાંની સરકાર આ મુજબ

લોકોને ઉઘાડે છોક જુગાર રમવા દીયે છે પણ એમાં રમનારાઓનો મોટો ભાગ બિચારા ગરીબ કામદારો તથા વચલે વાંધેનાં લોકોનો છે, જેઓ પોતાની સકમાઈ આવી રીતે ખોઇને પછી કરજદાર થઈ જાય છે.

એ જોઇને પછી (Woodward Gardens) ઉડવર્ડ ગારડન કરીને એક બાગ છે ત્યાં જોવા ગયા હતા. એ શેહેરને એક નાકે આવેલો છે, જ્યાંનો બાગ તેના ફુલપાનોના કિયારા તથા ઝાડોથી તથા પાણીના નાના તળાવો અને પુલોથી શણગારેલો છે, તથા તેમાં એક મજેતી શોભીતી મસીદ જેવું રેસટરાં બાંધેલું છે, જ્યાં વાજું બાગ-વાની તથા લોકોને ફરવા હરવાની જગ્યા રાખેલી છે, પણ ઈહાં જોવા-લાયક તો મુવેલાં અને જીવતાં જાનવરોનો સંગ્રહ કીધેલો છે તે છે. જીવતાં જાનવરોમાં બીજા શેહેરોના સંગ્રહ માફક સીંહ, વાઘો, બાલારીંછ, હરનો, લામાસ અને મુંબઇમાં ગોઢા એવાં જન-નવરો અને પંખેરાંઓ છે. મુવેલાં જાનવરોનો સંગ્રહ પણ માફક-સરનો છે પણ તેમાં એક કબાટમાં ખુદરતના ઢંગના નમુનાઓ જેવાકે કદરૂપાં અને કુદરતથી ઉલટાં જનમેલાં જાનવરો છે તે જોવાલાયક છે. જેમાં એક ડુક્કરનું બચ્ચું છે તેનું મોહું વાંદરાંના જેવું છે, મર-ઘીનું પીલુંછે તેની પીઠ પર પુછડી આગળથી બીજા બે પગ ઊંધા ઉગેલા છે, મેંઢાનું બચ્ચું છે તેની ડોક જાણે ઊંધી હોય તેમ તેની આંખ, નાક કાન સઘળું ડોકાના નિચેના ભાગમાં છે અને મોહું તદન નથી, એક બિલાડીનાં બચ્ચાંને પાછળા પગજ નહીં મળે, એક કુત્રાંનાં બચ્ચાંને ડોકામાં એકજ આંખ ફકત વચમાં છે, મોહું, નાક કશું મળે નહીં, બે ડુક્કરનાં બચ્ચાં પીઠની ઉપરથી એક એક સાથ વલગેલાં, બકરાંનાં બચ્ચાંને એક બાજુપર હારબંધ બીજા ચાર પગ ઊગેલા. એ મુજબનું જોવાલાયક તે કબાટમાં ગોઠવેલું હતું. એ ઉપરાંત એક ૫૦૦ ફીટ ઊંચા ઝાડ જેને જંગલના બાપ (Father of the Forest) કરીને કહે છે તેની છાલ આસરે ૯ ઇંચ જાડી મુકે-લીછે. કપટાન કુક જેણે દુનિયાની સફર કરીને ઘણાં તાપુઓ શોધી કાહાડયાં હતાં તેને હાવાઇ (Hawai) ના ટાપુપરના ત્યાંના જંગલી

માણસોએ એક કાવા-નત (Cava-nut) નાં ઝાડ હેઠળ મારી નાખ્યો હતો, તે ઝાડનું થડ ઇત્યાદી મુકેલું છે. ઈહાંના બાગમાં એક ગોળ તળાવ છે જેની અંદર મેલામાં ફેરવવાની ચકરી આવે છે, તેવી ચકરી પાણીમાં તરતી રાખી છે, જેને મથાળે સડ કીધેલા છે તેથી પવને તે ચકરી લોકોને બેસાડીને ફેરવે છે. એ સઘળું જોઇને પાછા હોટલમાં આવીને રાતનાં જમીને ચીનાઈ શેહેર (Chinese Town) જોવા સારૂ એક ભોમિયો જે તેઓની બોલી તથા રીતભાત સઘળું જાણે છે તેને લઇને ગયા હતા. એ ચીનાઈ શેહેર સેનફ્રાનસીસ્કોનો એક ભાગ છે, અને ત્યાં આસરે ૧૨ મોહોલ્લાઓમાં ૪૦૦૦૦ ચીનાઓ રહે છે, તેઓ સિવાય બીજું કોઇ ત્યાં રહેતું નથી, અને અમો ત્યાં બધે ફર્યા તે જાણે ચીનમાં ફરતા હોઇયે તેવું લાગતું હતું જો કે ઈહાંનાં ઘરો અમેરિકન ઢપપર બાંધેલાં છે તોબી તેઓ ઘણાખરા મોટી ચેહેલીઓ હોય તેમ અંદરથી ઊંડાં અને નાની નાની કોથળીઓનાં બનાવેલાં છે, અને થોડાંએક ચીનાઇ દેવળો સિવાય તે બધાંના ધણીઓ અમરિકનોજ છે. અમો પેહેલા યંગ વાઊ (Young Wo) નામની એક ચીનાઓની મંડળી છે, તેનાં મકાનમાં ગયા હતા. ઈયા એ મંડળીને લગતી સભાઓ છે, તે સારૂં એક હોલ સારો ચીનાઈ ફરનીચરથી શણગારેલો છે, જ્યાં બધી રીતની પોતપોતાની ખટપટ તથા મારામારીનો ફડચો તેના વડાઓ કરે છે, અને કોર્ટમાં જતા નથી. એ લોકોમાં એટલો સંપ છે કે અગરજો એક ચીનાએ બીજા ચીનાનું ખુન કીધું હોય અને તેમ કરતાં તેને બીજા ચીનાઓએ જોયોબી હોય તો તે સરકારને જણાવતા નથી, અને ઘણીબી તજવીજ સરકાર કરે અથવા ઇનામબી છપાવે પણ તેઓને જાહેર પાડતા નથી. પણ પોતપોતામાંજ તેનો ઇનસાફ છુપો કરે છે, અને જો તકસીર પુરવાર થઇ તો તેને મોટો દંડ કરે છે, તે જો પેલો ખુની આપી શકે તો તેમ, નહી તો તેની મંડળીવાલાઓ પોતપોતામાં ઉઘરાણું કરીને તે દંડ આપે છે. જે મરનાર ધણીનાં બઇરી છોકરાં નહી હોય તો સગાંઓને મળે છે. એ પ્રમાણે ઇનસાફ કરવાનાં કારણમાં ચીનાઓ જણાવે છે કે ખુન

૫૩

થયું અને માણસનો જીવતો ગયો હવે તે કાંઇ પાછો જીવતો થવાનો નથી અને જો ખુનીની તપાસ થાય અને કેદ જાય તેમાં મરનારના સગાંવાહલાંને શું ફાયદો તેથી બેહેતર કે તેઓને પૈસા મળે તો તેઓં સુખી થાય અને દુઃખમાં ઉમેરો નહીં થાય. એ પ્રમાણે જો એક ચીનાએ મારામારીમાં ખુન જાણી જોઇને નહીં કીધું હોય તો તેને બંચાવી લે છે, પણ જો વારા ફરતી તેજ ધણી ખુન કરે છે તો પછી સરકારને સ્વાધીન તેને કરી દે છે. એ મંડળીને લગતું દેવળ એજ મકાનનાં માલપર છે, જે હો-વોગં કરીને આગળ એઓનો મોટો શેહેનશાહ થઇ ગયો છે, તેને દેવતા બનાવીને તે સારૂં બાંધેલું છે, જેમાં તેની મુરતી એક ઊંચાં તખ્ત ઉપર બેસાડી છે, અને તેની આસપાસ બે તેના સહલાકાર વગેરે બેસાડેલા છે જેઓની એ લોકો બંદગી કરે છે. એની સામે એક દીવો રાત દિવસ બળતો મુકેલો છે, તથા એક જાતનું અફરગાન્યું છે, તેમા સુખડ બાલેલી રાખ મુકી અગરબતીઓ બાલે છે. ચીનાઓ ભણવા આવે છે, ત્યારે એક સાદરીપર પડીને ભણે છે અને મીનબતી લાવેલી સલગાવે છે, જે સારૂં ત્યાં ધાતુના વાસણો રાખેલાં છે, અને પછી સાથે લાવેલાં બંદગીના કાગજો બાલે છે, કે બંદગી હવા સાથે આસમાનપર દેવતાને પુગે. એ પુટળાંઓની આસપાસ ખોટાં ફુલો કસબી તથા કાગજોનાં બનાવેલા મુકેલાં છે. બધે ચીનાઇ ફાણુસો લટકાવેલાં છે, અને દેવાલપર આસપાસ મોટાં પાટિયાંઓપર કોઈ મરી ગયલા ચીનાઓનાં સગાંઓએ મુકાવેલા લેખો ટાંગેલા છે. જેમાં તે મરનારનું નામ લખે છે અને તે ત્યાં મુકી રાખવા સારૂં પૈસા આપ્યા જાય છે. મુરતીની સામેથી ભાલાઓ મુકેલા છે, જેથી શેહેતાંન આવતો અટકે છે. દેવળમાં ભક્તિ કરનારાઓ જે બક્ષેશ આપે છે તેની ઉપજ દર સાલ લીલાંઊથી વેચાય છે અને તે લેનાર ધણીના સ્વાધીનમાં દેવળ રહે છે, તેની ઉપજ ઉપલી મંડળી પોતાના વપરાસ સારૂં રાખે છે તથા દેવળપર ખરચ પણ તેમાંથીજ કરે છે. એ જોઇને બીડી બનાવનારાઓની મંડળીના ઘરમાં ગયા હતા. જ્યાં પણ ઉપલા યંગ વાઉ જેવીજ સઘળી વિગતો

છે. તેનું દેવળ Kwang Tai કુવાંન ટાઇ નામના લડાયક સેનાપતીને અર્પણ કીધેલું છે, તેનું પુતળું આપણા રૂસ્તમ પેહેલવાનની સખીઓને મળતું આવે છે. એ કુવાન ટાઈ સારૂં કહે છે કે. તેના જેવો લડાયક પેહેલવાન દુનિયામાં (અલબતાં ચીનાઇ દુનિયા ગણવી) કેહે થયો નથી, તે ઉપરથી આપણને શક જાય છે કે આપણો ઈરાની રૂસ્તમ તો એક કુવાંન ટાઇ નહીં હોય? ત્યાંથી નિકળેલા એક ઘેરમાં ગયા હતા જેને અમેરિકનો ઘોરસ્તાનનાનામથી પિછાંણે છે. એ ઘરમાં ચીનાઓ મરણ પામે છે, તેના મુડદાંને લાંબા દિવસ એક ભોંયરૂં છે, તેમાં રાખતા હતા અને તે કોહાવા માડે કે પછી પાણીમાં તેને નાખી ચુલાપર ખુબ ઊકાલી તેનું માસ હાડકાંઓપરથી સઘળું ઓખવી કાહાડતા હતા. તે હાડકાંઓને એક નાના દાબડામાં બંધ કરીને તે મરનારનું નામ નિશાંણ તે ઉપર લખી રાખતા હતા અને પછી ચીન જતી સ્ટીમરોમાં તેને ચીન દાટવા સારૂં મોકલાવી આપતા હતા, પણ અમેરિકન સરકારે ચાર પાંચ વરસ થયાં મુડદાંઓને એ ઘરમાં રાખવાનું તથા તેનું માસ ઊકાલવાનું બંધ કરાવ્યું છે. તેઓને દાટવાનો હુકમ કીધો છે તોબી ત્રણ વરસ પછી જો કોઈની ખુશી હોય તો સરકારમાં ફી ભરીને તે મુડદું પાછું ખણી કાહડી તેના હડકાંઓ ચીન મોકલાવે છે. એ મુજબ દર મેલ સ્ટીમરે ઘણા દાબડા એ હાડકાંઓના હજી પણ ચીન જાય છે જયાં દટાવાની ચીનાઓની ઘણી ખુશી છે કારણકે દર સાલ તેઓના એવા તેહેવાર આવે છે કે તે વંખતે તેઓનાં છોકરાંઓ અથવા સગાંવાહલાંઓ ઘોરસ્તાનમાં જઇ તેઓની ઘોર આગળ બંદગી કરે અને ખોરાકી મુકે. કોઇજ ઘણો નાચાર હોય છે તેનાજ હાડકાં અમેરિકામાં રહે છે. બાકીના બધાનાં ચીનજ દટાવા જાય છે. એ ઊપલાં ઘરનું મુડદાંવાલું ભોયરૂં હમણા બંધ કરાવેલું છે, પણ ચીનાઓ ત્યાં વસે છે અને આગળ પણ તેજ મુજબ એમાં વસ્તા હતા. એવાં એવાં ચેહેલી જેવાં ઘરોમાં ૨૦૦૦ ચીનાઓ એક એક ઘરમાં રહે છે, તેઓ નાના નાના ઓરડાઓમાં અભરાઇના થરોની માફક બિછાણાઓ કરીને સુવે છે, અને ઘણા નજીસાતથી રહે છે.

તેઓના ઓરડાઓમાં તો આપણાથી નાક ધર્યા વગર ઉભા રહેવાય નહીં, તેઓના બબરચીખાનાંબી નાનાં અને ચુહુલાઓથી ભરી નાખેલાં છે. અમેરિકન ચુલાઓ ધુમાડો જવાની ચીમની સાથના હોવા છતાં તેમાં રાંધતા નથી પણ નાના લોખંડના પૈડાંવાલા ચુલાઓપર રાંધે છે અને તેથી બબરચીખાંનામાં ધુમાડો એટલો થાય છે કે ખમાતો નથી તોબી તેની દરકાર ચીનાઓ કરતા નથી. કોઇ કોઇ ગમતો બબરચીખાનાની બરાબર સામેજ સંડાસ રાખે છે તેથી ત્યાંની બો ખમાતી નથી, પણ ચીનાઓ કાંઇ ખરેખરજ નજીસ દેખું, તેની સામેજ રાંધીને ખાય છે. એવી એક ચેહેલી રોકું ઘર જેને અમેરિકનોએ ઠઠામાં (Palace Hotel) પેલેસ હોટલ નામ આપ્યું છે તે અમોએ જોયું હતું, પણ અંદર તેના નાના ચોકમાં ગયા કે ઉભા રહી શકીયા નહીં અને તરત પાછા બહાર આવ્યા હતા. એવી ચેહેલીઓપર જવાની ગળીઓબી ભાયગે ત્રણ ચાર ફીટ પોહોળી હશે. અમે આગળ ચાલતાં એક મોહોલામાં ઘર જોયું હતું જે ખાલી બંધ પડેલું છે, તેને સારૂં કહે છે કે આસરે દસ મહિના થયા એના ઘરધણીએ ચીના રહેનાર ઉપર ભાડું વધારવા માગયું જે પેલા ચીનાને ભારી પડવાથી ના પાડયું, તેથી તેને જોરથી કોર્ટના હુકમે ખાલી કરાવ્યું હતું, પણ ચીનાઓએ તેનો ખાર લેવા એ ઘરને કોઇબી ભાડે નહી લે કરી સંપ કીધો છે જેથી હજી તે ખાલી પડેલું છે. એ ઘરમાં કોઇ અમેરિકન તો કદી રહે નહીં અને કોઇ બીજો ચીનો લેબી નહીં, તેથી આખરે અસલ રહેનાર ચીના સાથેજ સમજુતી કરીને ઘરધણી તેનેજ ભાડે આપશે તો ઘર ભરાશે, નહી તો બીજાને ગમે એટલું સસ્તે ભાડે આપે તોબી કોઈ લે નહીં. એવો સંપ અહીયાંના ચીનાઓમાં છે. ત્યાંથી ચીનાઓનું સૌથી મોટું દેવળ તુ-લેત ફો કરીને છે તે જોયું હતું. એ દેવળનો મોહોલો આઠમણ તરફ આવેલો છે, પણ ચીનાઓ દેવળ ઉગમણું તરફ મોહો કરી બાંધે છે, તેથી આઠમણ તરફ તેની પીઠ કરીને એક નાની ગલીમાંથી તે રસ્તે અંદર જાય છે, જયાં ઉગમણે દેવલનું મોઢું કીધું છે. અને તે તુ લેટ ફો

(Tu let Fo) નામના શેહેનશાહને અર્પણું કીધેલું છે. એમાંની મુરતીઓ માણસના કદના આકાર જેટલી મોટી છે, અને જાણે શેહેનશાહની દરબાર ભરી હોય તેમ તેઓને પલાંથી વાળીને હારબંધ ચહડ ઊતર બેસાડેલી છે. ચીનાઓમાં ડાબા હાથ ઉપર બેસાડે તો તે માનની જગ્યા ગણાય છે તેથી શેહેનશાહના ડાબા હાથ ઊપર તેના સલાહ આપનાર વજીરને બેસાડેલો છે અને જમણા હાથ ઉપર તેથી ઉતરતી પદવીનો પણ બીજા બધા વજીરોથી ચઢતો કેળવણીખાતાંનો વજીર છે, જેની પાસે લડાઈનો વજીર બેસાડેલો છે. એ ઘણી ઘણો લડાયક હતો, અને આખી જીંદગી લડાઇઓમાં દેશેદેશ ગુજારી હતી. તેની ચામડીનો રંગ શામલો થયો હશે, તેથી તેને કાલા રંગનો તથા ખુની આંખનો પાડેલો છે. એ દેવળમાં બધે લાકડાંના કોતરકામ તથા નકશીના પરદાઓ ઘણી સરસ કારીગરીના બનાવી મુ-કેલા છે, જેમાં આખા એક એક લાકડાંમાં ઉપલા શેહેનશાહની જીંદ-ગીના હેવાલો સલંગ પુતળાંઓ સાથના કોતરેલા છે, અને બધી રીતે ભપકાદાર એ દેવળ બનાવેલું છે. એ દેવળ ટેકડી ઊપર (આખું ચીનાઇ શેહેરબી એજ માફક ટેકડી ઊપર) છે ત્યાંથી શેહેરનો દેખાવ ઘણો સારો લાગે છે. ત્યાંથી નિકળેલા ચંનદુલખાણા ઉપર ગયા હતા. જ્યાં લાંબા લાંબા બાજતો ઊપર ચીનાઓ પડયા પડયા અફીમ પ્યાલીઓમાં મુકી તેને સલગાવી નલીઓને રસ્તે તેનો ધુમાડો લેતા હતા. જેમાંના કોઇ કોઇ તો ત્યાંજ કેફ ચડયાથી હાથમાંથી પેલી નલી પડતી મુકી પડી રહેલા તરેહવાર ઢપમાં પડયા હતા. એ અફીમ મે-હેતાજીની નિશાળમાં આગલ ખડયા વાપરતા હતા તેવા ખડયામાં ભરે છે. પછી તેની અંદર બાજુથી છેદ પાડી તેમાંથી નલી પસાર કરે છે અને મોઢાંપર બનાવેલું અફીમ મુકી તેને દીવાપર ધરે છે અને પછી તેનો ધુમાડો નલી વાતે મોઢાંમાં લે છે. એ સારૂ દરેક જણની આગળ નાનાં ફાનસોમાં બતી રાખે છે. પીનારાઓ સારૂ એક લાકડાંનો તકિયો મુકેલો હોય છે, તેપર માથુ મુકીને સુઈને અફીમનો ધુમાડો લીયે છે. ઘણા અફીમ પીનારાઓના હાલ હાડકાં પાસરાં જેવા થઇ

રહે છે, તોબી એ લખ તેઓ છોડી શકતા નથી. ત્યાંથી નિકળેલા ચીનાઓના ફ્રીમેશનનાં દેવળમાં ગયા હતા. અમો સાંભળીને અજબ થયા કે, ચીનાઓ ફ્રીમેસન કયે દહાડે થાય છે, પણ ખબર કહાડતાં માલમ પડયું કે, એ લોકોમાંબી ૨૦૦૦ વરસ થયાં એક જાતની મેસનરી જેવીજ મંડળી છે, જેમાં મરદોનેજ લે છે અને એક બીજાને નિશાણીઓથી પિછાણે છે તથા અંદર સામેલ થવાની ક્રીયા સઘળું કરે છે, પણ તે જુદીજ રીતની છે અને ફ્રીમેસનરીને મળતી નથી. એ લોકોના દીવાનખાનાંમાં હારબંધ ચીનાઇ ખુરસીઓ ગોઠવેલી છે, અને ફરનીચર સારૂં છે, પણ બીજું કશું પણ દીસ્તું નથી. એ દીવાનખાનામાં નવા સામેલ થનાર ઉમેદવારને કાંઇ ક્રિયા કરીને પછી પડોશના ઓરડામાં એક દેવળ છે. ત્યાં લઈ જઇને એ દેવળમાં મેસનરી પેહેલાં એ લોકમાં ઉભી કરનારની મુરતી છે, જયાંકાગજો તથા અગરબતી અને સુખડ બાળી તેને સોગંદ આપે છે. ત્યાંથી નિકળેલા ઇહાંની ગલીગુચીઓમાં જયાં જુગારખાનાઓ બેસુમાર છે, ત્યાં ફરીયા હતા. એ જુગાર રમવાનું સરકાર અટકાવે છે, તેથી ચીનાઓ પોતાનાં ઘરોને જુગારખાના દાખલ વાપરે છે તેની દેવાલ લોખંડની જાડી બોઇલરોની પ્લેટની બનાવે છે, દર બીજું કે ત્રીજું ઘર એવા મોહોલામાં આવી રીતનાં જાડાં લોખંડનાં બાંધેલાં દેખાતાં હતાં. હવે જો પોલીસનો કોઇ અમલદાર ત્યાં આવે તો, દર ઘરની બાહાર બારણાં આગળ એક માણસ ઊભેલું હોય છે તે તરત પેલુ બારણું બંધ કરીને અંદરવાલાઓને જણાવા દોડી જાય છે અને પેલો અમલદાર ઘર આગળ આવીને ગમે એટલું હથોડીથી બારણાં તથા દેવાળપર ઠોકે પણ તે તરત ભાંજી શકતો નથી અને અંદરથી આવી ચીનાઓ બારણું ઊઘાડે તે આગમચ નાની જાલીમાંથી તેને પુછે છે કે તું કોણ છે, શું કામ આવ્યો છે એમ કરીને વખ્ત કાહડે છે, તેટલાં ઉપર મળેલા જુગારીઓ જુગારનો સઘળો સામાન ભાંજી બાળી નાખે છે કે પેલા અમલદારો જ્યારે અંદર આવે ત્યારે તેઓ પાસે કશી સાહેદી જુગાર રમવાની મળતી નથી અને જાણે ખાલી અમથા મોજ

કરવા મળ્યા હોય તેમ બતાવે છે. પોલીસવાલાઓ એ બધી તાલ જાણે છે, પણ નાચાર છે કે ઉપલી તાલને લીધે પકડી શકતા નથી. અમો એ મોહોલામાં ફરતા હતા ત્યારે ઝપાઝપ એવાં બારણાંઓ અમોને વખ્તે છુપા લેબાસના અમલદારો હોય કરી સમજીને બંધ કરી નાખતા હતા. ત્યાંથી પાછા મોટા રસ્તાપર આવીને ચીનાઇ નાટકશાળા જોવા ગયા હતા. અંદર જવાની જે ધણી અરધો ડાલર ફી આપે છે તેને સ્તેજ ઉપર તથા પરદાઓની પાછળ જવાની છુટ છે. બાકીનાઓ પાસથી પા ડાલર લેછે તેઓ નાટકશાળામાં બેસીને જોય છે. નાટક દરરોજ રાતના થાએ છે તોબી આખુ ધર ચીનાઓથી ભરાઇ ગયું હતું. નાટકશાળા એક લાંબા હોલ જેવી છે, જેને છેડે તખ્તા ઉપર નાટક થાય છે, પણ તેને પરદા સીનરી કશું મળે નહીં. બેઠકોને મથાળે ગેલરી છે ત્યાં ઓરતો સારૂ જુદી બેઠકો છે, જ્યાં ધણી ચીનીઓ ભપકાદાર પોશાકમાં ખુલ્લે મોઢે બેઠેલીઓ હતી. અમો સ્ટેજની પાછળને રસ્તે અંદર બધા નાટકીઓને જોઇને નાટક કરવાના તખ્તા ઉપરજ ખુરસીઓ આપ્યાથી બેઠા હતા. નાટકીઓ બધા મરદોજ છે, ઓરતો નાટક કરતી નથી, નાટકમાં કાંઈ દમ જેવું હતું નહીં. અમો આસરે અરધો કલાક થોભ્યા તેટલા વખ્તમાં બે જણાઓ ઓરતોના પોશાકમાં ગીતના આકારે આમનસામન વાત કરતા હતા. જેનો સાર પુછતાં એમ માલમ પડયો કે એક શેહેનશાહની ઓરતની બેન ધણી ગરીબ હાલતમાં હતી તેનો ભાઇ જે ડોહ્યા જેવો હતો, તે પોતાની બેઉ બેનોની પાસે આવજાવ કરી પેલી શેહેનશાહ થયલી બેન પાસથી જણસ તથા રૂપિયા લાવી ગરીબ હાલતની વિધવા બેનને આપતો હતો, અને તે મેળવવા શેહેનશાહબાનુ પોતાના શેહેનશાહ વરને પટાવી સમજાવીને કાંઇનું કાંઈ મેળવતી હતી. એ પ્રમાણેના નાટકની ગમત અમે અરધા કલાકમાં જોઇ હતી. પણ તેમાં એકટીંગમાં કે ગાયનમાં કશો દમ હતો નહીં.

ઓરતના પોશાકના નાટકકારોનો સાદ ઓરતના જેવો ઝીણો હતો પણ ગાયનનો રાગ એકજ જાતનો હોય તેવો લાગતો હતો. મરદો-બી બને ત્યાં સુધી ઉંચો અને ઝીણો સાદ કાહાડતાં હતા. વજંત્રમાં

એક સારંગી એક તારની મુંબઇમાં ગોપીચંદ રાજાના ગીતો ગાનારાઓ વજાડે છે તેને આબાદ સાદ તથા દેખાવમાં મળતી હતી અને વળી આખાં બેંડમાં ઢોલ, પીપોડી તથા છમછમિયાં મુંબઇના ટંકારખાનાને મલતું હતું. ગાયન અચકી અચકીને ગાતા હોય તેવી ઢપનું હતું. અમોને તો એ જોઇને કંટાલો આવ્યાથી પાછા જલદી ત્યાંથી બાહાર નિકળ્યા હતા. એ નાટક રોજ સાંજનાં પાંચથી રાતનાં બાર વાગા સુધી થાયછે અને હેરફેર જુદી જાતનાં નાટકો થાયછે. અમો લખતાં ભુલી ગયા કે એનાં એકટીંગમાં લડાઇપર જવાની તૈયારી સારૂં સોલજરો તૈયાર થયલા સ્ટેજના પરદાની પાછળ અમે જોયા હતા જેઓ મોઢાંપર રંગ જાતજાતનાં લગાડી શેહેતાન યા દેવના જેવા કદરબીહામનાં દેખાવના તૈયાર થયલા હતા જે ઘણા હસવા લાયક લાગતા હતા. આગળ ચીનની લડાઈઓમાં એ માફક સોલજરો વેશ પેહેડી જાણે સામા ધણીને બિહીવડાવતા હતા. નાટકશાળામાંથી નિકળીને ચીનાંઓનું અહીયાં સૌથી સરસ રેસટરાં છે, ત્યા ગયાં હતા. એને ઘણું સારી રીતે ચીનાઇ ફાશીન શણગારેલું છે. પરદાઓ તથા ફરનીચર સઘળું ચીનાઇ સીસમી તેમાં સીપ ઇનલેડ કીધેલાંનું છે તથા ચીનાઇ પરદાઓ નકશીનાં બનાપેલા છે. ઈહિં બાહાર દેશાવરોથી આવતા અમેરિકનો તથા યુરોપિયનો ચીનાઈ રીતનું રાંધેલું ખાવા આવેછે. સાંભળવા મુજબ એકી વખતે એક ટેબલપર ૫૦ જાતનાં પકવાનો સુધી ઈહિં આપે છે. અમો ગયા ત્યારે થોડાએક ચીનાઓ તથા ચીનીઓ ત્યાં વાજીંત્ર સાથે ગાયણ કરી પોતપોતામાં મોજ કરતાં હતાં. ઓરતોનો સાદ મઝેનો ઝીણો હતો પણ અમો ગાયણ નાટકશાળામાં સાંભળી આવ્યા તેના રાગને મળતું હતું. અમોએ ચાહ માગવાથી તે તથા થોડીએક ચીનાઇ સુકી ફરૂત અને મુરંબો અમારી આગળ મુકયો હતો. ચાહ ઘણી ઊંચી અને સારી બનાવટની આપી હતી પણ તેમાં દુધ કે ખાંડ કશું નાખેલું હતું નહી. તે ચાખીને જો કે સ્વાદદાર હતી તોબી ખાંડ દુધ વગર પીવા ગમી નહીં. અમારી આગલ એ લોકો ચોખામાંથી સામસુ નામનો દારૂ બનાવે છે તેમી ચાખવા સારૂ લાવી મુકયો હતો -

જે ઘણોખરો મુંબઇમાં છાસ્તીમાં તારનો દારૂ (ઊરાખ) બનાવે છે તેને મળતો આવતો હતો. હોલમાં વચમાં ૧૫ જણા સારૂ ટેબલ બિછાવેલી તૈયાર હતી, જેપર એક એક મુસલમાનોને ભઠયારખાંનામાં ખાવાનાં પ્યાલાં આપે છે, તેવા ઘટમનાં પ્યાલાં તથા નાની નાની બએ રકેબીઓ મુકી હતી અને તેમાં એકમાં તરબુચ અને ખરબુચાનાં બીજો ભુજેલાં મુકેલાં હતાં અને તેમાં જોયા મેળે ચીનાઓ એને ઘણા પસંદ કરતા હશે કારણકે દરેક છુટી છુટી મુકેલી ખુરસીઓની આગળની ટેબલો ઉપર એ ચીજોની રકાબી મુકેલી હતી. એ રેસટરાંનું નામ, બન, સન, લો Bun, Sun, Low, કરીને આપેલું છે. ત્યાંથી નિકળેલા એક ચીનાઇ આંધલી ઓરત આજે ૩૫ વરસ થયાં એકજ ઓરડામાં પડી રહી છે જેને ઈહિં સાધુ કરી કહે છે, ત્યાં ગયા હતા. ત્યાં જોવાનું કાંઈ નથી. પણ માણુસ જાત કેવી નજીસ રીતે બિલાડી તથા કુતરાંઓ સાથ રહી શકે છે, તેનો એક એ નમુનો હતો. ઓરડો ભાયગે ૬ ચોરસ ફીટ સ્કવેર હશે તેમાં તે બુઢી અને એક બીજો મરદ ૧૦, ૧૫ બિલાડી તથા કુતરાં સાથે રહે છે, તે જગ્યા એવી તો નજીસ વાસ આવે છે કે અમો વધતો વખ્ત ત્યાં થોભી શકયા નહી ત્યાંથી ગામના બીજા ભાગોમાં ફરીને પછી હોટલમાં આવ્યા હતા.

તા૦ ૭ મી સપટેમ્બર સને ૧૮૮૭—*આજે ઈહિંથી* ત્રણ માઇલ દુર ગોલડન ગેટ પાર્કની પડોસમાં સરતના રસ્તાપર જાનવરોનું પ્રદરશણ તથા ઘોડાની સરત હતી તે જોવા ગયા હતા. જાનવરોમાં ગાય, ગોઢા અને ઘોડાઓ હતા જેઓમાં કોઇ કોઇ જાનવરો ઘણાં સારાં હતાં. ગાય ગોઢાઓનું કદ કોઇ તો રાક્ષી હતું અને તેવી ગાયો ત્રણ મણ સુધી દુધ આપી શકે છે. એક ગોઢાની કિમત એક હજાર ડાલર સુધીની હતી. ઘોડાઓમાં બે ચાર ઘોડાઓ ઘણા દેખાવલા તથા સારા બાંધાના હતા. બાકીના કાંઇ ઘણા દમવાલા હતા નહીં. ઘોડાની સરતબી તેવીજ દમ વગરની જેવી હતી અને જેમ સરતમાં દમ નહીં તેમ ભીડ પણ ઘણીજ થોડી ભાયગે ૫૦૦થી ૭૦૦ માણસોની હશે.

જ્યાં સરત દોડાવે છે ત્યાં ફરતી જગ્યા બંધ ઘેરી લીધી છે, તેથી પૈસા આપે તોજ અંદર જવાય જેથી ગીરદી હતી નહી અને સરતના ઘોડાઓથી માફકસરના હતા, અને ચાર સરત દોડવાની હતી, તેમાં પેહેલી બે વાગેને શરૂ થઇ અને અમો પાંચ વાગે ત્યાંથી નિકળ્યા ત્યારે ચોથી તો થવાની હતી. એટલો વચમાં વખ્ત કાહાડતા હતા. પણ ઈહાં સરતના જુગાર ઉપ્રાંત એક બીજો જુગાર પણ ચાલતો હતો તેમાં એક લાકડાંના નાના થાભળા સાથે નંબરો માડેલી ચકરડી હતી જે ફેરવીને જે નંબર તેમાં રમનારાઓએ કબજે કીધાં હોય તે નંબર જો આવે તો તેઓને ચોકસ રકમ સરત રમનારાઓએ અંદર મુકેલી રકમ માફક મળે. બીજીગમ એક ગોળ ચકરડાંપર નાના રમકડાના ઘોડાઓ સરત રમતા હોય તેમ ચાંપ દાબી તે ઘોડાઓ કમાનના જોરથી દોડે છે અને તેમાં રમનારાઓ તે ઘોડાઓમાંથી એક એક પસંદ કરે છે ને જો પેહેલો આવે તો તેનેબી અંદર રમતમાં એકઠી થયલી રકમમાંથી કાંઇ મળે છે. એ મુજબ બેટીંગ ઉપ્રાંત જુગારી રમત પણ ચાલતી હતી. અમો ધારીયે છીયે કે અમેરિકન લોકો જેવા જુગારી તથા સટોલીયા લોક બીજે કેડે હશે નહીં તેમાં ગરીબ લોક ઉપર મુજબની તથા સેન ફ્રાનસીસ્કોના એક્ષચેંજમાં ચાલે છે તેવી રીતે નાનો જુગાર તથા સટો રમે છે ને કરોડપતીઓ કરોડો રૂપિયાનો સટો ઉઠાવી ઉપર જેવી ગરીબ અને વચલેવાંઘેનાં લોકની કમબખ્તી કરે છે. એવા લોકો ત્રણ ચાર જણા મળી જઈને એક બાબદ જેમકે શેરોનો સટો એક કંપનીનો ઉઠાવે છે. તેઓ શેરો પેહેલાં હરૂસે બને ત્યાં સુધી વેચાતા લઇ પોતા પાસે પૈસાના જોરથી એકઠા કરે છે ને પછી વાયદો કાહાડી શેરોનો ભાવ ઊપર લઈ જઇ પોતે લોકો પાસથી વેચાતા લેયા જાય છે. હવે કંપનીના શેરો જો ૫૦૦૦૦ હોય છે તો એક લાખ શેરો સુધી તેઓ એકના બેવડા યા તેવડા ભાવ સુધી વધારીને વાયદાના વેચાતા લે છે ને લોકો આવો મોટો ભાવ વધી ગયલો જોઇને અંગવેચ્યાપર જાય છે પછી જયારે વાયદો પાકે છે ત્યારે શેરો આપી શકતા નથી ને શેરોનો મોઢે માગ્યો ભાવ પેલા સટોલીયાઓ

કાપી લે છે ને પોતે મોટો તડાકો મારી ગરીબ લોકને પાયમાલ કરે છે. એ મુજબ હમણા બે મહિનાપર થોડાક પૈસાદાર વેપારીઓએ ધઉંનો સટો ઊઠાવ્યો હતો અને ભાવ વધારી એક હાથ કરવા ગયા અને જયારે વાયદો પાકો ત્યારે આએ વખતે ન ધારેલો પાક મોટો થવાથી તથા ધઉંનો ભાવ ઈહાં વધી જવાથી બીજા દેશાવરોથી એટલો તો ધઉં આગગાડીમાં વધુ નુર આપીનેબી લાવ્યા, કે પેલા સટો ઉઠાવનારાઓ કરોડપતી હોવા છતાં અને બેંકોમાં માલ મુકી તે ઉપર થોડી છુટ રાખવા છતાં માલ ઉપાડી શકયા નહીં અને આખરે દીવાલું કાહડયું હતું અને પછી ધઉંનું બજાર થોડ દિવસ લોકોનાં ગભરાટથી એટલું તો ઓસરી ગયું કે તેના ખરા ભાવથીબી ઓછું થઇ ગયું હતું ને પેનીક થઇ ગઇ હતી એ મુજબ અહીંયાંનાં લોકો સટો ઊઠાવી પોતે ખરાબ થવા ઉપરાંત ગરીબોનેબી ખરાબ કરે છે. આજે રાતનાં (Bush Street) બુશ સ્ટ્રીટ નાટકશાળામાં ગયા હતા જયાં ગાયન સાથનો નાટક સારી રીતનો બજાવેલો જોયો હતો પણ અમો ધારીયે છીયે કે ઈંગ્લંડ તરફના નાટકોને પુગે નહીં.

તા૦ ૮ મી સપટેમ્બર સને ૧૮૮૭—આજે (Cliff House) કલીફ હાઉસ કરીને સેન ફ્રાનસીસ્કોથી આસરે પાંચ મૈલ દુર પેસીફીક મહાસાગરને કાંઠે એક ટેકડી છે ત્યાં ગયા હતા. જ્યાં અહીંનું ઘણું લોક સાંજના કિનારે ફરવા જાય છે. એ જગ્યા પર સમુદ્રની અંદર કિનારેથી આસરે ૧૦૦ વાર દુર ત્રણ ચાર નાંની ટેકડીઓ આવેલી છે, જે ઉપર સીલ જાતની માછલીઓ કાંઈ સેંકડો રહે છે અને તેઓ આખો વખ્ત તે ટેકડીઓની ઉપર તથા પાણીમાં રમત ગમત કરે છે, તેને લોકો જોવા સારૂ ખામખા જાય છે. એ સીલ જાનવરોને આગળથી બે પાંખરોકા પગ રહે છે પણ પાછળથી માછલીના પુછડાં જેવું બદન વગર પગનું હોય છે. તેઓ જેમ પાણીમાં તેમ જમીન ઊપર રહી શકે છે અને વળી ફસડાતાં ફસડાતાં જમીનપર તથા ડુંગરની ટેકડીઓપર ચાલી તથા ચહડી શકે છે. એઓ આખો

વધ્ધ બુમ માર્યા કરતાં હતાં, જેઓનો સાદ ગધેડું ધીરે સાદે બુમ મારતું હોય તેને મળતો આવે છે. એ કિનારાપર દરિયાના મોજાઓ ઘણા ઉછળે છે તેથી ફુવારાની માફક તેઓ અફડીને ઉડે છે, તે મજેનું લાગે છે અને હવા પણ ઘણી સારી હોવાથી ત્યાં હોટલો તથા રેસટરાં ઘણાં કીધેલાં છે. સેનફ્રાનસીસ્કોથી ત્યાં જવા સારૂ કેબલકારની ગાડીમાં ગોલડન ગેટપાર્ક સુધીમાં પાંચ સેંટમાં જવાય છે અને ત્યાંથી સ્ટીમકાર (ટ્રામની ગાડીને એનજીનથી ચલાવે છે, તેને સ્ટીમકાર ઈહાં કહે છે) માં પણ એટલાજ સેંટ આપવાથી છેક કિનારે સુધી પોહોંચાડે છે અને દર પાંચ મીનીટે એવી ગાડીઓ લોકોને લાવ લઈ જાવ ત્યાં કરે છે. ત્યાંથી નિકળેલા (Battle of Chattanooga) ચેટેનુગાની લડાઇનો પેનોરામા જોવા ગયા હતા જ્યાં ઉપલી છેલ્લી ઈહાંની માહેમાહેની લડાઇ સને ૧૮૬૧થી ૧૮૬૫ સુધી થઇ હતી તેમાંની લડાઈની વિગતનો ચિતાર ઘણી સરસ રીતનો બનાવેલો દેખાડે છે. એ લડાઇમાં ૩૦૦૦૦ માણસ બે કલાકમાં માર્યું ગયું હતું તે લડાઇનો દેખાવ આમેહુબ જાણે ખરો બનતો હોય તેમ દીસે છે, અને જોવાલાયક હતો.

તા૦ ૯ મી સપટેમ્બર સને ૧૮૮૭—આજે ઈહાં મીકેનીકસનું એકઝીબીશન હતું તે જોવા ગયા હતા. એ એક આર્ટ ગેલરીની ઈમારત છે કે જ્યા અમેરિકાની બનાવતો તથા પેદાશને લગતો સંગ્રહ ઘણો સારો અને જોવાલાયક કીધેલો હતો જેમાં ખેતીવાડીને લગતાં હથિયારોનો સંગ્રહ ઘણો જોવાલાયક હતો. જાતજાતની હોરો પોતેજ ખણીને મટોડીને છુટી પાડે, બીજી હોરો ખાડાઓ પાડી તેમાંથીજ અનાજ વવાતો જાય, ત્રીજી જાતના સાંચાઓથી અનાજનાં કનસ કપાઇને તેનાં છાલાં તેમાંજ નિકળી જઇ પાછળથી કોઠળાઓમાં ભરાઈને તૈયાર થાય એવી રીતના ઘણી જાતનાં જોવાલાયક હતાં. દરિયાના મોજાના પાવરથી સાંચાકામ ચાલે તેવો સાંચો જેને (Wave Motor) વેવ મોટર કરી કહે છે, એથી સમુદ્રના મોજાઓ કામે લગાડી શકાય

છે. ધાતુની ખાંણના પથ્થર ભાંજવાના નવા સાંચાઓ જેમાં એકજ સાંચો સઘળી ખાન ભાંજી બધી રીતે પસાર કરી ધાતુ છુટી પાડી આપે છે. સોનાં તથા બીજી ધાતુની ખાનોના પથ્થરોના નમુનાઓબી ઈહિં ઘણી જાતના હતાં. એમાંનો એક સોનાનો લાઠો બનાવેલો છે, તેમાંનો એક નમુનો મુંકેલો હતો, જેનું વજણ ૫૧૨ રતલ છે, તેની કિમત અસલ માલની ૧૩૫૦૦૦ ડાલરની છે. એ સોનું એક ખાનમાંથી ૨૫ દહાડામાં કહાડયું હતું. ફરનીચરકામબી ઘણી સરસ જાતનું નવી નવી કલાનું હતું. એ સઘળું જોવાલાયક હતું, પણ સઘળાંથી સરસ તો આ (California State) કેલીફોરનિયા સ્ટેટના બાગોમાં ઉગતી ફ્રુટના નમુનાઓ હતા, જેથી અરધો ભાગ સંગ્રહસ્થાનનો ભરેલો હતો. ઈહિં જેવાં મોતા કદની ફ્રુટો અમે જોઇ છે તેવી બીજી કેહે અમારા જોવામાં આવી નથી. સેફ્રો નાનાં પપેનાંસ જેટલાં, પીચીસો, મોટાં મોસંબી જેટલાં, દરાખનો એક એક ઝેમખો સાત રતલની ઊપરનો, એક દરાખનું થડ આસરે બે ફીટ ઊંચું હતું, તેપર નહીં હશે તો ૨૦થી ૩૦ રતલ દરાખના ઝુમખાઓ જાણે હાથથી તદન તેનુંજ ઝાડ બનાવ્યું હોય તેવો હતો. કોઈ કોઇ ઝુમખાતો મોટી રકાબીઓ ભરી નાખે એટલા મોટા હતા. બીટરૂટ ત્રણ ફીટ ઘેરાવામાં અને અઢી ફીટથીબી ઉપર લાંબા, મુળા પણ તેવાજ યા તેથીબી મોટાં કદના, ગાજરોબી તેટલાંજ મોટાં, કારેલાં ત્રણ ફીટ લાબાં, સલગમ બે ફીટના ઘેરાવાના, કાલીફ્લાવર ચાર ફીટ ઘેરાવામાં, કાંડા છ ઈંચ મોટા, કોબી બે ફીટ પોહોળી (વગર પાતરાંએ ફ્કત દરાજ) પ્લુમ્સ જાતની ફ્રુટ એટલી તો ઉગેલી કે ડાંખળી વટીક દીસે નહીં, એજ માફક બીજી ફ્રુટો પણ ઉગાડેલી હતી. વેંગણાં જાણે મોટાં છાલ સાથનાં નાળિયર જેટલાં, મકાઇદોરાના સાંથા ૨૦ ફીટ ઊંચા, ઘઊંના સાંથા તેથી થોડાજ ઓછા એવા મોટા સાંથાઓનાં ખેતરો ઊગાડેલાં છે. જેમાંથી દરેક એકરે ૮૦ બુશલ ઓટસ, ૪૦ બુશલ ઘઊં, ૬૦ બુશલ મકાઈદોરા, એ પ્રમાણે પાક ઉતારે છે. એ પ્રમાણે કાંઇ જાત જાતની ફ્રુટ તથા તરકારી અને અનાજના બેસુમાર નમુ-

નાઓ ત્યાં મુકેલા હતા. કેલીફોરનિયામાં એટલી તો ફ્રુટ ઉગે છે કે, તેના જેટલી બીજા દેશોમાં કેહે ઉગતી હશે નહી, અને સસ્તી પણ તેમજ છે. સૌથી મોટી ફ્રુટ બધે પીચીસ હોય છે, તેવી ફ્રુટના ૧૦૦ નંગના એક મજેના બાક્ષના ૫૦ સેંટ (મુંબઈનો ૧ રૂપિયો) કિમત છે, અને જેમાં તો બાક્ષ તથા પેકીંગના ખરચના ૨૦ સેંટ ખરચ થાય છે, તે બાદ જતાં ફકત ૧૦૦ નંગના ૫૦ સેંટ યાને ૧૫ પેન્સ ઇંગ્લંડના પૈસાઇ ઊપજે છે. જો ઈંગ્લંડનાં એવાં મોટાં કદનાં પીચ લેવા જાવો તો સસતામાં સસતા વખ્તમાં અને તેબી ગામડાંમાં જ્યાં તે ઉગે છે ત્યાં એક નંગ યા બે નંગની એટલી કિમત આપવી પડે છે. એજ પ્રમાણે બીજી ફ્રુટો ઘણીજ સસતી છે. આ એક-ઝીબીશનમાં ઓઇલ પેનટીંગના ચિત્રો પણ ઘણાં અને જોવા લાયક હતાં. રાતના અમો Alcazer નામની નાટકશાળામાં The Stranglers of Paris નો ખેલ હતો તે જોવા ગયા હતા. એની ઇમારત ઘણી સારી બધી ગીલીટ અને નકશીથી શણગારેલી છે, અને સેટ ફ્રાનસીસ્કે બધી નાટકશાળામાં એ "આલકાઝાર ઠીયેટર" સરસ ગણાય છે. ખેલ માફકસરનો હતો, કાંઇ ઘણો દમ જેવો નહી હતો. અમે આવતી કાલે અમેરિકા ખંડ છોડીને પેસીફીક મહાસાગરને રસ્તે જાપાન તરફ જવાના છીયે તેથી અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેડસને લગતી થોડી એક જાણુવાજોગ વિગતો લખીયે છીયે. એ યુનાઈટેડ સ્ટેટસ ૩૮ મોટા સ્ટેટો અને દેશોની સરકારો મળીને એક મોટું પ્રજાસ્તાક રાજ બનેલું છે. જે લોકો દરેક સ્ટેટમાંથી બે સેનેટરસો ચુંટીને સેનેટમાં મોકલે છે, તેથી એ સ્ટેટની સેનેટ (જે ઈંગ્લંડના હાઉસ ઓવ લાર્ડસને મળતું આવે છે) ૭૬ જણાથી બનેલી છે. એથી ઉતરતું હાઉસ જેને હાઉસ ઓવ રેપ્રીઝેનટેટીવ કરી કહે છે તેને દરેક ડીસ્ત્રીકટ ચુંટી કાહાડે છે. એવા ૩૧૬ પ્રતીનીધીઓ એટલા ડીસ્ત્રીકટોના છે. દરેક ડીસ્ત્રીક વસ્તીના પ્રમાણુ મુજબ ગણાય છે. જેમ વસ્તી વધતી જાય છે તેમ તે પ્રરમાણુ વધારે છે. આગળ દર ૧૪૩૦૦૦ માણુસની વસ્તીની એક ડીસ્ત્રીકટ ગણતા હતા, પણ ત્યાર પછી છેલ્લી ચુંટણી

વખ્તે કોનગ્રેસમાં ધારો પસાર કરીને ૧૫૩૦૦૦ માણસની વસ્તી દીઠ એક ડીસ્ત્રીકટ વસ્તી વધી ગયાથી બનાવી છે. એ મુજબ એક સ્ટેટમાંથી બે સેનેટરો (પછી ગમે એટલી તે સ્ટેટની વસ્તી હોય) અને તે સ્ટેટની વસ્તી પ્રમાણે દરેક ડીસ્ત્રીકટ અને દર ૧૫૩૦૦૦ માણસે એક પ્રતીનીધી હાઉસમાં મોકલે છે, જે બધાઓનું ભેગું નામ કાનગ્રેસ કરીને કહે છે. વળી દરેક ડીસ્ત્રીકટ પોતાનામાંથી એક ઈલેકટર (Elector) ઠેરવે છે, જેઓ બધા ઇલેકટરો એકઠા મળીને એક પ્રેસીડંટ તથા વાઈસ પ્રેસીડંટ ચુંટી કાહાડે છે. પ્રેસીડંટનો ઓધો ચાર વરસનો છે, સેનેટરોનો ઓધો છ વરસનો અને પ્રતીનીધીઓનો ઓધો બે વરસનો છે. તે મુદત પછી નવા મેમબરો ચુંટી કાહાડે છે, અને જુના મેમબરો ચુંટી કાહાડવા લાયક ગણાય છે. એ કાનગ્રેસ બધા યુનાઇટેડ સ્ટેટસને લગતા ધારા બાંધે છે, તથા પસારબી કરે છે, તેથી તેને Legislative Body (ધારા બાંધનારી સભા) કરીને કેહે છે. તે પસાર કીધા પછી અમલમાં લાવવા પ્રેસીડંટ તે ઉપર સહી કરે છે, તેથી તેને (Executive Body) એકઝીકયુટીવ બોડી કહે છે.

હવે એ ધારા પસાર કરવામાં એ રાજનાં બંધાણથી ઉલટું હોય છે તો ઈહાંની વડી કોર્ટના ૯ જડજ હોય છે તેઓ પોતા સામે તે બીલની તકરાર કરી તેને રદ કરી શકે છે જેને (judicial Body) જુડીશીયલ બોડી કહે છે. એ મુજબ ત્રણ ભાગમાં ઈહાંની સરકાર વેંહેંચાયલી છે. એક બીલ નિચલા હાઉસવાલાએ પસાર કીધું તો તે ઉપલા હાઉસ (senators) માં પસાર થવું જોઇયે અને તેજ મુજબ ઊપલા હાઉસનાં બીલો નિચલાં હાઉસે (Representatives) પસાર કરવું જોઈયે. એઉમ પસાર થયા પછી પ્રેસીડંટ તે ઊપર સહી કરે કે બીલ પસાર થયલુ કહેવાય, પણ જો પ્રેસીડંટ બીલ પસંદ નહીં કરે અને દસ દહાડામાં સહી નહીં કરે તો બીલ પાછું બેઊ હાઊસમાં ફરીથી જાય છે અને ત્યાં બે ત્રતીયાઉશ ભાગથી જો પસાર પાછું થાય છે તો પ્રેસીડંટની દરકાર વગર તે ધારામાં પસાર થાય છે, પણ જો ઊપલાં વધુ મત નહી મળે તો તે બીલ ઊડી જાય છે. પ્રેસીડંટનો

પગાર વરસ દહાડે ૫૦૦૦૦ ડાલરનો, વાઈસ પ્રેસીડંટનો ૯૦૦૦ અને દરેક સેનેટર તથા પ્રતીનીધીનો ૫૦૦૦ ડાલરનો છે. જડજોનો લવાજમબી ૫૦૦૦ ડાલરનો વરસ દહાડે છે. એ ઉપરાંત મુસાફરીનો લવાજમ બધાને મળે છે તે જુદો છે. હવે એ યુનાઈટેડ સ્ટેટસોના હાથ હેઠલ બીજા આસરે ૧૦ મોટા દેશો છે, જેઓને સ્ટેટ દાખલ હજી કાંઇ કારણસર સામેલ કીધા નથી. તેઓને ટેરીટરીસ (Territories) કહે છે જે યુંનાઇટેડ સ્ટેટસની ખુદ મીલકત ગણાય છે. એમાંની કોઇની વસ્તી બે લાખની અંદરની હોવાથી, કોઈ એ સ્ટેટમાં સામેલ થવાની માગણી નહીં કરવાથી, કોઈ પોતાનું કામ પોતે બજાવી શકે તેવી હાલતમાં નહીં હોવાથી અને કોઇ (મોરમનોની માફક) ઉલટો ધર્મ ચલાવવાથીં સ્ટેટ દાખલ સામેલ થઈ શકતા નથી. જે દેશની વસ્તી બે લાખને આસરે થાય છે તે સ્ટેટ થવા લાયકની ગણાય છે, અને તેઓ કાનગ્રેસને તે બાબેના હક સારૂ અરજ કરે છે કાનગ્રેસમાં જો તે પસાર થયું તો પછી તે સ્ટેટમાં ગણાય છે, નહીં તો યુનાઈટેડ સ્ટેટસના ટેરીટરીમાંજ ગણાય છે, અને તેના ગવરનર તથા બીજા ઓધેદારો સઘળા સેનેટનું મત લેઈને પ્રેસીડંટ ઠેરવે છે, તથા તેઓ સારૂ ધારા સઘળું કાનગ્રેસાં બાહાલી લેવામાં આવે છે, પણ જે સ્ટેટમાં સામેલ થયુ કે પછી તેઓ પોતે પોતપોતાના સ્ટેટને લગતા ધારાઓ પોતાની ધારા સભા ચુંટી કહાડીને બાંધે છે અને જાણે એક જુદું રાજ હોય તેમ તેનો વહીવત ચલાવે છે તથા કરો વીગેરે સઘળું નાખે છે. એ ધારા સભા જેને (Assembly) કરી કહે છે, તે દર સ્ટેટ કાઉન્ટીસ (Counties) માં વેંહેંચાયલા છે તે કાન્ઉટી દીઠ ૨ જણાને પસંદ યાને ચુંટણી કરે છે. જેઓ બધું તે સ્ટેટનું કામ કરે છે. હવે વળી પેલા કાઉન્ટીસો દરેક પોતાની ધારા સભા જુદી રાખે છે. જેઓને તે કાઉન્ટીમાં આવેલાં શેહેરો તથા ગામડાંઓ ચુંટી કહાડે છે, જેઓ તે કાઉન્ટીને લગતું કામકાજ કરે છે અને વલી દરેક શેહેર તથા ગામડું પોતાની મ્યુનીસીપાલીટી જેવી સભા ચુંટી કહાડે છે, જેઓ તે શેહેર તથા ગામ-

ડાંનું કામકાજ ચલાવે છે. એ પ્રમાણે જાણે દરેક ગામડું તથા શેહેર તથા કાઊંટી અને સ્ટેટસનું જુદું પ્રજાસ્તાક રાજ હોય તેમ છે, અને તેઓને ચુંટી કહાડવાનો દરેક અમેરિકન રેહેવાસીને હક છે. અમેરિકામાં જે બહાર દેશાવરોથી લોકો વસવા આવે છે તેઓ ગમે ત્યાં પોતા સારૂ ૧૬—એકર જમીન પસંદ કરીને તે સારૂ માગણી કરે છે કે તેને ૧૪ ડાલરના ખરચે તેટલી જમીનને લગતાં ખતપતર મળે છે. તે ધણીએ ૫ વરસ સુધી ત્યાં રહીને તે જગ્યાને સુધારવી જોઈયે તો પછી તેનો ખુદ ધણી તે થાય છે, નહીં તો સરકાર પાછી તે લઇ લે છે. ૩ વરસ અમેરિકામાં કોઇબી શખ્સ રહે અને પછી ત્યાં સોગંદ લીયે તો અમેરિકન રહેવાસી દાખલ તે ગણાય છે અને બધા હકો તેને મળે છે. અમેરિકાનું યુનાઇટેડ સ્ટેટસ જે ૩૮ સ્ટેટોનું બનેલું છે તે સ્ટેટોનાં નામ નિચે મુજબનાં છે:—૧ આલાબામા, ૨ આરકેનસાસ, ૩ કેલીફોરનિયા, ૪ કોલોરેડો, ૫ કેન્કટીકટ, ૬ ડીલાવર, ૭ ફ્લોરીડા, ૮ જયોરજીઆં, ૯ ઇલીનોઇસ, ૧૦ ઇન્ડીઆના, ૧૧ આઈઓવા, ૧૨ કેનસાસ, ૧૩ કેન્ટકી, ૧૪ લુસીએના, ૧૫ મેએન, ૧૬ મેરીલેંડ, ૧૭ મેસેચુસેટસ, ૧૮ મીંકીગેન, ૧૯ મીનીસોતા, ૨૦ મીસીસીપી, ૨૧ મીસુરી, ૨૨ નીબરાસ્કા, ૨૩ નિવાડા, ૨૪ ન્યુ હેમપશાયર, ૨૫ ન્યુજરસી, ૨૬ ન્યુયોર્ક, ૨૭ નોર્ઠ કેરોલાઇના ૨૮ ઓહાઇઓ, ૨૯ ઓરીગોન, ૩૦ પેનસીલવેનીઆ, ૩૧ રોહોડ આયલંડ, ૩૨ સાઉઠ કેરોલાઇના, ૩૩ ટેનીસી, ૩૪ ટેકસાસ, ૩૫ વરમોંટ, ૩૬ વરજીનિયા, ૩૭ વીસકોનસીન અને ૩૮ વેસ્ત વરજીનિયા છે. (Territories) ટેરીટરીસો જે યુનાઇટેડ સ્ટેટને હસ્તક છે તેઓનાં નામો ૧ ડીકોટા, ૨ મોનટાના, ૩ એરીઝોના, ૪ ઈડેહો, ૫ ઉટા, ૬ વોશીંગટન, ૭ ઇન્ડીયન, ૮ ન્યુમેક્ષીકો, ૯ વાઇઓમીગ અને ૧૦ મું આલાસ્કા કરીને છે. યુનાઇટેડ સ્ટેટની સરકાર કર દાખલ અમેરિકામાં આવતા માલ ઊપર જગાત ઘણી મોટી લે છે, તથા તમાખુ અને દારૂ ઊપર પણ મોટી જગાત છે. તે સિવાય બીજો કશો કર રૈયતપર નાખતા નથી અને તેમાંથી સઘળો સરકારી ખરચ

જેવો કે કાનગ્રેસ તથા પ્રેસીડંટ, જડજો અને ઓધેદારો લશ્કર ઈત્યાદીનો ખરચ ચલાવે છે, અને તે ઊપરાંત એ સરકારનું કરજ જે છેલ્લી માહોમાહેની લડાઇ પછી ડાલર ૨૮૦૦૦૦૦૦૦૦ નું થયું હતું, તેનું વ્યાજ આપવા ઊપરાંત મુદલ કરજ પણ ફીટાડતા આવે છે અને હમણા એ કરજ ૧૨૦૦૦૦૦૦૦૦ નું બાકી છે અને તે જલદી આપી દે તેમ છે. પણ રૈયત તે બધું આપી દેવા સામે થાય છે, કે એથી રૈયતનું નાણું રોકવાનું સાધણ જતું રહેશે, તેથી દર સાલ આસરે ૫ કરોડ ૫૦ લાખ ડાલરને હિસાબે મુદલમાં આપે છે અને હમણા જે કરજની "પ્રોમીસરી" નોટો પાકતી નથી તેને "પ્રીમીયમ" આપીને વેચાતી લેવી પડે છે. ઈહિાં લેવાતી જગાત અમોએ આગલ ન્યુયોર્ક આવ્યા તે વખ્તે લખેલું છે તેમ ઘણી મોટી છે અને તે સારૂ ઈહિાંનાં લોકમાં મતફેર ઘણો છે તેથી સરકારમાં બે ટોળીઓ થઈ ગઇ છે. રીપબલીકન પાર્ટીવાલાઓ અને ડેમોક્રેટીક (Democratic) પાર્ટીવાલાઓ જેમાંના છેલ્લા એ જગાતની સામે છે અને કહે છે કે એથી બાહાર દેશાવરોનો વેપાર ખીલતો નથી પણ રીપબલીકવાલાઓ કહે છે કે આવી જગાતથી અમેરિકનોને પોતાને પોતાનો ઉદયોગ વધારવાની ફરજ પડે છે, અને તેથી કરી ઈહિાંના મજુરી કરનારા લોકોને ફાયદો થાય છે અને વળી વધતો ભાવ ઊપજાવવાથી મજુરોને મોટો પગાર આપવાને તેઓ શક્તિવાન થવા ઉપરાંત પોતેબી કમાઇ કરી શકે છે, અને ઈહાંનો માલ ઈહાંજ સારે ભાવે ખપાવી શકે છે. એ મુજબ ઈહાંની કાનગ્રેસમાંબી બે તડાં પડેલાં છે, હમણાનો પ્રેસીડંટ મી૰ કલીવલેંડ ડેમોક્રેટીક છે પણ સેનેટ રીપબલીકન છે તેથી સમતોલ થઈ રહે છે. યુનાઇટેડ સ્ટેટસને હસ્તક બધી મળીને આસરે ૩૫૪૭૦૦૦ ચોરસ માઈલની જગ્યા ઉત્તર અમેરિકામાંછે અને તેની વસ્તી આસરે ૬ કરોડ આદમીની કહેવાય છે. એમાં ૧૯ શેહેરો ૧ લાખની વસ્તીની ઊપરનાં છે. બધી મળીને એમાં ૧૩૫૦૦૦ માઇલની રેલ્વેઓ છે અને દરસાલ નજદીક ૧૦૦૦૦ માઇલ રેલ્વેઓ વધે છે જ્યારે આપણાં હિંદુસ્તાનમાં બધી મળીને ભાયગે ૧૩૦૦૦ માઇલની રેલ્વેઓ હશે. એ

૭ કરોડ માણુસો એટલાં તો મેહેનતું છે કે તેથી ઈહાંનો વેપાર ઘણો મોટો વધારી મુકયો છે. અડસટા મુજબ ઈહાંની બધી પેદાશ અનાજ, ધાતુ, કોલસો તથા ઉદયોગ સૌ મળીને વરસ દહાડે ૧૦ અબજ ડાલરની કહેવાય છે તેમાં ૭૮૦૦૦૦૦ ટન તો ફક્ત કોલસો કહાડે છે. એના વેપારમાં નિકાશ ડાલર ૭૯ાા કરોડનો અને આયાત ડાલર ૬૩ાા કરોડનો છે. વરસ દહાડે ઇહાં આસરે ૫ લાખ માણુસો યુરોપથી જાથુકનાં વસંવા આવે છે.

ઈહાંનો કોનટીનંટની અંદરનો વેહેવાર (Internal Trade) મોટી મોટી નદીઓ તથા સરોવરોથી ઘણો ચાલી શકે છે. ફક્ત મીસીસીપી નદીમાં ૩૫૦૦૦ મૈલની જગ્યા સુધી વાહાંણો આવજાવ કરી શકે છે. એટલી મોટી નદી તથા તેના એ ફાંટાઓ છે અને ફક્ત એ નદી તથા મીસુરી નદીમાં ૩૯૦૦ મૈલ સુધી સીધાનેસીધા સ્ટીમરોમાં જવાય છે. ઈહાંની છેલ્લી સેનસસની ગણત્રી મુજબ સને ૧૮૭૯ માં ૫) કરોડ માણુસોની વસ્તી હતી ને તેઓ નજદીક સાડાદસ કરોડ એકર જમીનપર ખેતીવાડી કરતા હતા. તેનેથી ઊપલી વસ્તીને અનાજ પુરો પાડવા ઉપરાંત બીજે દેશાવરો ખાતે ૨૮ાા કરોડ બુશલ અનાજ મોકલી શકયા હતા. સને ૧૮૭૦ થી ૮૦ સુધીમાં એ દેશમાં ૭૩ કરોડ ડાલરની કિમતનું સોનું તથા રૂપું ખણી કાહાડયું હતું અને હમણા દુનિયાના ખપનું અરધુંઅરધ સોનું તથા રૂપું એ દેશમાંથી નિકળે છે. લોખંડની ખાણો પણ આખી દુનિયાને પુરી પડે એટલી હાલ ચાલે છે. એજ ઉપલા ૧૦ વરસમાં ઈહાંના કારખાના વધીને છેલ્લાં વરસમાં નજદીક ૪ાા અબજ ડાલરની તેમની કિમત થઈ છે જે સને ૧૮૭૦ કરતાં નજદીક એક અબજ ડાલર ઊપર વધારે છે. કેલીફોરનિયા જ્યાં હમણાં સોનું તથા રૂપું ઘણું નિકળે છે તે સને ૧૮૪૯ માં પેહેલું સોનું ત્યાં શોધી કાહડયા પછી સને ૧૮૮૧ સુધીમાં ત્યાંથી ફક્ત સોનુંજ એક અબજ અને સતર કરોડ ડાલરની કિમતનું મળ્યું છે ને દર સાલ હમણા ત્યાંથી ૨ાા કરોડ ડાલરનું સોનું નિકલે છે અને એ પ્રમાણે નિવાડા, મોનટાના, ઇદાહો, અને કોલોરેડોએથી સોના તથા રૂપાંની ધાતુએ

કરોડો ડાલરની કિંમતની કહાડી છે અને હજી કાહડે છે. એ ખાણો ચાલે છે તેમાંની ફકત એક ખાણ જેને કામસ્ટોક લોડ (Comstock Load) કરી કહે છે તેણે સને ૧૮૭૭ ના સાલમાં ૩ાા કરોડ ડાલરની કિંમતની ધાતુ કાહાડી હતી. લોખંડની ખાણનોબી ઈંહાં કાંઇ ઠાગ નથી. ફકત આયરન માઉનટન અને પાઇલટ નોબ (Iron Mountain and Pilot Knob) ના પાહાડોમાંજ ૫૦ કરોડ ટન લોખંડ સૌથી ઊંચી જાતનું સમાયલું કહે છે. કલાઇની ખાણ મીસુરી સ્ટેટમાંજ ફકત ૫૦૦૦ માઇલની જગ્યા રોકે છે તેમાંથી સને ૧૮૭૭ માં સાડાછ કરોડ રતલ કલાઇ કાહાડી હતી. ત્રાંબું બે સ્ટેટસ સિવાય બધાં સ્ટેટસોમાંથી મળે છે. ગંધકના તો જાણે આખા પાહાડોજ છે, ઇદાહોના સ્ટેટના એક પાહાડમાંથી ૮૫ ટકા ગંધક મળે છે. લુસીયના સ્ટેટમાં ગંધક ૧૧૨ ફીટ જેટલા થરોમાં અને ટંકણ ખાર (Borax) નિવાડા સ્ટેટસમાંથી એટલો મળે છે કે દુનિયાંને પુરો પાડી શકે, વાયોમીંગના સ્ટેટમાં સોદાનો ખાર (Sulphet of Soda) ત્યાંના સરોવરમાંથી ૧૫ ફીટ જેટલા જાડા થરોનો મળે છે એ પ્રમાણે એ સ્ટેટસ બધી રીતે ભરપુર છે, અને તે બધી દટાયલી દોલત કહાડવાને મેહેનત કરે છે તો આજે ઈંહાંનું લોક દુનિયાના બીજા ભાગોના લોકો કરતાં પૈસાવાલું ઘણું થઇ ગયું છે. જ્યાં સાંભળીયે ત્યાં કરોડોનીજ વાત છે, લાખો તો કાંઇ જાણે બિસાદમાંજ નથી. હમણા જમીન સારૂં દોડાદોડી આઠમણના ભાગ તરફ ઘણી થાય છે, ઉગમણ તરફનો ભાગ આગળ આવેલાં લોકોથી વસી ગયો છે અને તેઓએ સરસ જગ્યાઓ ચુંટી લીધાથી હવે આઠમણ તરફ બધું બહાર ગામોથી આવતું લોક વસવા લાગ્યું છે અને તેથી ત્યાંનો વેપાર ઘણો વધી ગયા ઉપરાંત જમીનની કિંમત પણ દીનપરદીન ઘણી વધતી જાય છે. જો કોઈબી મેહેનતુ માણસ અહીંયાં થોડા પૈસા લઈ આવીને ઉદયમ કરે તો અમે ખચીત કહીયે છીયે કે તે ઘણો ફાવી જાય, પણ તે આવનાર ઘણી ઉદયમવાલો ઊપરાંત હિમતવાન પણ જોઇયે. તેણે જંગલોમાં જ્યાં આસપાસ માઇલો સુધી કાંઇ વસ્તી નહી અને જંગલી

ઇન્ડીયનોની ધાસ્તી ત્યાં રહીને ઉદયમ કરવો પડે છે અને પછી થોડા વખતમાં તે ફાવી જાય છે. રેલ્વેથી બધેબધ હમણાં સગવડ પણ ઘણી થઇ છે અને હજી પણ એ રેલ્વેઓ દર સાલ વધતી જાય છે. જ્યાં હજારો વરસનાં જંગલોથી જમીન એવી તો ફળવંત થયલી છે કે ત્યાં વરસો સુધી વગર ખાતર આપવે પાકો ઉતર્યો જાય છે. જાનવરો સારૂં ચારાની જગ્યા જોઇયે તેટલી મળે છે અને જ્યાં બારે માસ વરસાદ પડતો નથી, ત્યાં આરટીઝન કુવાઓ (Artisen wells) ઘણાજ થોડા પૈસામાં બનાવી શકાય છે, જેથી જમીનને પાણીબી બિસ્યિાર થોડે ખરચે મળી શકે છે અને વળી એ ખેતીવાડી ઊપરાંત કાંઇ ધાલીની જગ્યા શોધી કાહાડી તો પછી તેનો માલેક તે શોધનાર ઘણી વગર કિમત આપવે થઇ શકે છે. ફક્ત ત્યાંની સરકારને કાંઇ રેયલટી (Royalty) આપવી પડે છે. ઈહિં એવો ધારો છે કે, ગમે તે ઘણીની જગ્યા હોય તે પર જો બીજો પરભાડો શખસ કાંઇબી ખાણ શોધી કાહાડે અને પોતે તે ચલાવવા માગે તો તેને તે મળે છે અને કિમત કશી આપવી પડતી નથી. અમેરિકાનું લોક ઘણું ખરૂં ભેસરાળ છે અને આપણી સાથે કાંઇ ઓળખાણ કરવાની વાંત જોતાં નથી, પણ તરત ભેળાઇ જાય છે. જેઓ પૈસાદાર અને સારી કેળવણીવાલા છે તેઓ રીતભાતે સારા અને સ્વભાવે ઠંડા છે, પણ અભણ અને નવા આવેલા લોકો ઘણા હલકા અને ઉતાવળા સ્વભાવના છે. દરેક જણની પાસે રીવાલવરતો હરોજ હશે અને જરા વધારે તકરારમાં આવ્યા કે તરત તે બાહાર નિકળેલીજ છે અને એ મુજબ ઘણાં ખુનો થાય છે પણ કોઇનેજ તે કારણસર ફાંસી દીધેલા સંભળાય છે. ઇનસાફ જેવો બાદશાહી રાજોમાં સખત છે. તેવો ઈહિં દીસતો નથી. છુટ ઘણી મુકાય છે, તેવા ઘણા દાખલાઓ અમારા સાંભલવામાં આવ્યા છે. એક સારા મોભાવાલા શખ્સે કોર્ટમાં સાક્ષી આપતી વખ્તે તિરસ્કાર કીધો હશે તેને ઘણો સમજાવ્યો પણ તેવણ હઠીલા હોવાથી આખરે તેવણને કેદ મોકલ્યા પણ તેવણ વગવાલા હોવાથી ગમે ત્યારે જેલમાંથી બાહાર જઈને પોતાને ઘેર છોકરાંઓને મળવા જાય અને ખોલ્લા

રસ્તાપર ગાડીઘોડેબી ફરે. તે બાબે જ્યારે ન્યુસપેપરોમાં ઘણું છપાયું ત્યારે તેની તજવીજ આસ્તે રહીને થઇ છે, અને તેવણુને આવી છુટ આપવા સારૂ કાંઇબી સીક્ષા વગરે પાછા કેદમાં જવા ફરમાવ્યું અને તેના જેલરને જરા ધમકી આપી હતી. રૈયતને મનંગમતા માણસે એકબારગી ખુનબી કીધું હોય તો રૈયત તેને જેલમાંથી આપખુદીથી છોડવી લાવે છે. પછી તેનો ઇનસાફ આસ્તે રહીને થાય છે, પણ રૈયતને અનગમતા લોકો. જેવાકે સીધીઓ અને ચીનાઓએ જો કોઈ ગોરા માણસનું ખુન કીધું હોય તો તેને તરત નજદીકના ઝાડપર વગર ઇનસાફ કરવે રૈયત લટકાવી દે છે. બધું લોક પોતપોતાના ધંધામાં પડેલું તેથી પોતાની સરકારને આપેલા કરોનો શી રીતે ખરચ થાય છે તેનીબી કશી દરકાર કોઇ કરતું નથી, અને જ્યારે ઘણા કરો વધી જાય છે ત્યારે તેની ખોલ કરવા નિકળે છે ત્યારે હિસાબમાં લખો ડાલરોનાં ગબારાં માલમ પડે છે. દરેક જણને ચુંટણીની વખ્તે મત આપવાનો હક હોવાથી જુદી જુદી મંડળીઓ થઇ તેઓ પોતાનાં મતો જેઓ તેઓની બાબદને લગતી તરફેણ થવાની કબુલાત આપે તેઓને મત ગોયા વેચાતાં આપે છે. એ મુજબ હાલ આઇરીશમેનો તથા જરમનોનો જોર ઘણો વધી પડયો છે, તેઓ પોતાનાં મતો જેને આપવા માગે છે, તેઓ પાસ આઇરીશમેનોને સરકારી ચાકરીઓ તથા ઓધા આપવાની કબુલાતો લે છે અને પછી મત તેની તરફેણમાં આપે છે. જ્યારે ચુંટણીનો વખ્ત આવે છે ત્યારે અમેરિકનો પોત પોતાની તરફનાં ડીમોકરેટીક યા રીપબલીકન, દાખલનાઓને મત આપે. છે, તેથી નજદીક સરખાં મતો એ બેઉ બાજુપર થાય છે, પણ પેલા થોડા આઇરીશમેનો જેઓ રાજદુવારી બાબદોની કશી દરકાર કરતા નથી, તેઓ જે તરફવાલાઓ આઈરીશમેનને ઓધાઓ આપવાની કબુલાત આપે છે તેઓની તરફ પોતાનાં મતો આપવાથી તેનાં વધુ મત થાય છે, અને તે સરકાર હાકમીમાં આવે છે, કે પછી આઈરીશમેનોનું કામ થઇ જાય છે. એ આઇરીશમેનો કેટલીક ધરમના હોવાથી તેઓના પાદરીઓ જેમ કહે છે તેમ તેઓ ફરવાને બંધાયલા છે તેથી તે પાદ-

રીઓ એ બાએની લગામ પોતાને હાથ રાખીને ગમે તેને એઓનાં મતો અપાવી કેટલીક ધરમ સારૂં કાંઇને કાંઇ ફાયદાભરેલું તેના બદ-લામાં લીએ છે. એ બાબદસર હમણા અમેરિકનોમાં ઘણી જોશભરેલી તકરારો ચાલે છે, તથા ચોપડીઓ છપાય છે, કે એ પ્રમાણે ચાલવા-દીધું તો આગળ ચાલતાં અમેરિકન યુનાઇટેડ સ્ટેટ કેટલીકોના હાથમાં તદન જતું રહેશે અને ધરમના છુટ જે હમણા છે તે સઘળી બંધ થઈ જશે.

જરમનો ધરમની કાંઇ દરકાર કરતા નથી, તેમજ રાજદુવારી બાબદોનીબી દરકાર કરતા નથી, પણ એઓનો મોટો ભાગ ધંધાદારી હોવાથી, તથા દારૂ વેચનારાઓ તથા બનાવનારાઓ હોવાથી, એં બાએ જે તેઓને અડચણ નહી કરે તેઓને મતો આપી વધુ મત તેઓની તરફેણમાં કરે છે. ઇંહાં દારૂનો ખપ ઘણો વધી ગયો છે, તે અટકાવવા સારૂ ધારા બાંધવાનાં બીલો આવે છે, પણ એ જરમ-નોના વગને લીધે તે પસાર થઇ શકતાં નથી. વળી એજ પ્રમાણે ઇંહાંના પૈસાદાર લોકોનોબી પૈસાના જોરથી વગ ઘણો વધી ગયો છે, અને તેઓબી પોતાને મનગમતા ધારાઓ લાંચ આપીને પસાર કરાવે છે. દાખલા દાખલ હમણા અમેરિકામાં રૂપાંની ખાણ ઘણી નિકળવાથી રૂપાનો ભાવ ઘણો પડી ગયો છે, અને ઇંહાંની સરકારને સોનાનું ચલણ કરવા સારૂ એ કારણને લીધે ઘણી ભલામણ થાય છે, અને ઘણી વખ્ત બીલોબી આવ્યાં પણ પેલા રૂપાંની ખાણનાં ધણીઓ ઘણાં પૈસાદાર હોવાથી ગમે તેવી રીતે પોતાનો વગ ચલાવી તે ધારો પસાર કરવા દેતા નથી તો નથી પણ સામું સરકારની તીજોરીને દર મહિને મોટી રકમનું રૂપું વેચાતું લેવાના ધારા કહાડીને ફરજ પાડે છે, અને તે સઘળું રૂપું તીજોરીમાં એકઠું થાય છે, જે ઉપર હુંડી યા સરટીફીકેટો આપી લોકો બાહારથી નાણું કહડાવી વેપાર કરે છે. વળી એજ મુજબ એક કંપની (જેને ઇહાં સીંડીકેટ કરી કહે છે) ઉભી થઇને રેલ્વે લાઇન બાંધવાનું માથે લીધું: હવે તે જ્યાં બાંધવાની છે ત્યાં બીજી રેલ્વેઓની લાઇન છે તેથી તેને લગતી સરકારી કમીટીવા-

લાઓપર અરજીઓ થવાથી ના પાડવાના હતા, પણ તે કંપની ઉભી કરનારાઓએ તેઓને ઘણી મોટી લાંચો, સાંભળવા મુજબ લાખ ઉપર ડાલરની દરેક જણને આપીને તેની પરવાનગી મેળવી હતી. એ પરવાનગી મળવામાં કંપનીને ફાયદો એ છે કે, જ્યાં રેલ્વેની લાઇનો આવે તેની આસપાસ એક એકર જેટલી ઊંડી જગ્યા તે રેલ્વેને મફત એઉ બાજુની મળે છે અને તે જગ્યા વસેલી જગ્યામાં હોવાથી અને રેલ્વેને તે પોતાના લાભ સારૂં વેચવાની છુટ હોવાથી તથા લાઇન આવ્યાથી તેની કિમત સામી વધારે થાય તેથી ઘણો ફાયદો થાય છે, અને તે કંપની ઊભી કરનારા પૈસાદાર શખ્સો શેરો પોતેજ રાખીને પછી ઉપલી લાઇન બાંધવાની રજા મેળવી કે ગામમાં હોહા કરી મુકે છે. શેરોનો ભાવ એકદમ બજારમાં વધી જાય છે કે, પોતાના શેરો નફે વેચી ખાય છે. પછી જે થવાનું હોય તે પાછળથી થઈ રહે. આવી રીતની લાંચ આપેલી હમણા પકડાઇ છે અને તે લાંચ લેનારાઓમાંના કેટલાએક નાસી ગયા અને કેટલાક પકડાયા તેઓને કેદખાનાની સજા પણ થઈ છે, પણ પેલા લાંચ આપનારાઓ છુટા ફરે છે, તેઓને કોઇ પુછતુંબી નથી. એ પ્રમાણે થોડું ઘણું અંધેર લાગવગથી ઈહીં ચાલે છે. Triumphant Democracy by Andrew Carnegie નામની ચોપડી અમારા વાંચવામાં આવી છે, તેમાં સને ૧૮૭૮ ના સાલમાં યુનાઈટેડ સ્ટેટસની જગ્યામાં રોપણી કેઇ જાતની અને કેટલી જગ્યા પર કીધેલી છે તે આપેલું છે, તે નિચે મુજબ છે:— ૨, ૧૯૧૬૦ માઇલ જગ્યા પર ૫૦૭૩૫૩૧ ગાંશડી, ઘઉ ૫૦૧૭૦ માઈલપર, ૪૨૦૧૨૨૪૦ બુશલ, મકાઇદોરા ૮૦૦૦૦ માઇલ જગ્યા પર ૧૩૮૮૨૧૮૭૫૦ બુશલ, ઓટસ ૨૦૫૦૦ માઇલ પર ૪૧ કરોડ બુશલ, બારલી. ૨૮૦૦ માઇલપર સવાચાર કરોડ બુશલ, સુકો પેંડો (Hay), ૪૨૦૦૦ માઈલપર ૪ કરોડ ટન વંજનનો, રાઇ ૨૫૩૫ માઇલપર હઢી કરોડ બુશલ, બપેટા ૨૭૭૬ માઇલપર સાડા બાર કરોડ બુશલ, બક વીહીત, (Buck Wheat) ૧૦૫૧ માઇલ જગ્યાપર સવા કરોડ બુશલની રોપણી ઉતર્યો હતો. એજ ચોપડીની ગણત્રી મુજબ યુનાઇટેડ

સ્ટેટસની દોલત નજદીક ૪૯ અબજ ડાલરની સને ૧૮૮૦ માં ગણે છે. જ્યારે ઇંગલંડનાં યુનાઇટેડ કીંગડમ જે યુરોપમાં સૌથી પૈસાદાર મુલક ગણાય છે, તેની દોલત સને ૧૮૮૨ માં ૪૩ા અબજ ડાલરની ગણાતી હતી. એ મુજબ થોડાં વરસમાં યુનાઇટેડ સ્ટેટ્સ પોતાની મેહેનતની દોલતથી આજે દુનિયામાં સૌથી પૈસાદાર મુલક ગણાય છે. ઈંહાં દરેક છોકરાંને શીખવવાની ફરજનો ધારો છે અને તેથી કરીને બધું લોક સમજુ તથા શીખેલું હોવાથી બધી રીતે પોતાનું કામકાજ વિચારી કરે છે અને તેથીજ અમેરિકા ઘણું ફાવી નિકળ્યું છે. જે દેશાવરોથી લોક આવે છે તેઓમાનાંજ થોડા જણા અભણ આવે છે, બધાઓને ઇંગ્રેજી બોલીમાંજ કેળવણી મળે છે, તેથી જો કે જુદી જુદી પ્રજાના લોકો ઈંહિં સઘળાં છે, તોબી એકજ બોલીથી એક પ્રજા હોય તેમ થયલાં છે. વળી કેળવણીમાં લડાઇને લગતી થોડી ઘણી કેળવણી મળે છે તથા લોક બધું વેરાણ જગ્યામાં રહેવાથી બંદુક તથા બીજાં હથિયાર વાપરવાની તેઓને ટેવ છે, તેથી જાણે આખી મરદ રૈયત લડાયક હોય તેમ છે અને જ્યારેબી અગત હોય ત્યારે તેઓ પોતાના પસંદ કીધેલા દેશ સારૂં લડવા બાહાર નિકળી પડે છે અને હમણાની ગણત્રી મુજબ એવા લડાયક માણસો સીતેર લાખ છ મહીનામાં તૈયાર થઈ શકે છે, જેથી અમેરિકાના જેટલું લશ્કર બીજે કેઠે આખી દુનિયામાં નથી એમ કહેવાઈ શકાય. અને ઉપર મુજબ રૈયત પોતેજ લશ્કર હોવાથી ખરૂં લશ્કર આસરે ૨૫૦૦૦ માણસોનુંજ ઇન્ડયનોને અટકાવવા અને દબાણમાં રાખવા તથા બીજી તપાસ સારૂં રાખેલું છે તે ઉપર તા૦ દર સાલ દરિયાઇ કાફલો મળીને ૬ાા કરોડનો ખરચ છે. સને ૧૮૬૦ માં ગોલામોને છુટાપણું આપવા બાબે લડાઇ થઇ તે આગમજ સ્ટેટનું કરજ ભાયગે ૩ કરોડ ડાલરનું હતું, પણ લડાઇમાં ખરચ ઘણો થઇ ગયો અને એબે બાજુનું કરજ યુનાઇટેડ સ્ટેટસને માથે પડવાથી તે વધીને સને ૧૮૬૬ માં ત્રણ અબજ ડાલરનું થઇ ગયું હતું, જેનું વ્યાજ ફક્ત ૧૫ કરોડ ડાલર દર સાલ ભરવું પડયું હતું, તેથી કરો ઘણા નાખ્યા હતા, અને આવકના ઊપરનો કર

૫ ટકાનો પણ નાખ્યો હતો. એ વખ્તે ઉપલા કરોથી કરીને નજદીક ૫૬ કરોડ ડાલરની સરકારને આમદાની આવતી થઇ. (સને ૧૮૬૦ માં તે ફક્ત સાડા પાંચ કરોડ ડાલરની હતી) અને તેમાંથી કરજ ઘણું જલદી અપાવા લાગ્યું, તે હમણા આસરે સવા અબજ ડાલરનું રહ્યું છે અને બધા કરો (આવકનો કર એટલે (Income Tax) સુધા) કહાડી નાખ્યા છે, ફક્ત રૈયતને પોતાનો કર (Internal) દારૂ અને તમાખુ ઉપરજ આપવો પડે છે, બાકીનો જગાતમાં ઉપજાવે છે.

સને ૧૮૮૩ના હિસાબ મુજબ યુનાઇટેડ સ્ટેટસની સરકારને બધી આવક તે સાલની ૪૦ કરોડ ડાલરની છે, તેમાં દારૂ અને તમાખુની આવક સાત કરોડ ડાલરની છે, ઉપલી આવકમાંથી મોટા ખરચની રકમો નિચે મુજબ થાય છેઃ—કરજનું વ્યાજ ૫ કરોડ ડાલર, લડાઈની વખ્તે જખમી થયલાઓ તથા મરી ગયલાઓનાં કુટુંબોને પેનશન દાખલ ૬॥ કરોડ ડાલર, જાથુકનાં લશ્કર તથા દરિયાઈ કાફલા ઉપરબી ૬॥ કરોડ ડાલર, અસલી રહેવાસી ઇન્ડીયનો હમણા આસરે ૩૧૦૦૦૦ સલામત છે તેઓને લવાજમ, ખોરાકી પોશાકી દાખલ ૬૨ લાખ ડાલર અને પ્રેસીડંટ તથા કાનગ્રેસના લવાજમના ૨૧ લાખ ડાલર આપે છે, બાકીનો બીજો પરચુટણ ખરચ થાય છે. અમેરિકામાં નવાં શેહેરો શી રીતે જલદી વધી જાય છે અને તેઓની વસ્તી તથા જમીનની કિમત શી રીતે થોડા વર્ષમાં વધી જાય છે તેના દાખલાઓ થોડા ટ્રાયમફન્ટ ડીમોક્રેસી નામની આગળ જણાવેલી ચોપડીમાંથી ઉતારીયા છે. ચીકાગો શેહેરમાં સને ૧૮૪૦માં ૪૫૦૦ માણસોની વસ્તી હતી તે ૧૮૫૦માં ૩૦૦૦૦ ની અને ૧૮૬૦માં ૧૧૨૦૦૦ની અને હમણા ૭૦૦૦૦૦ની થઇ છે. એનો વેપાર પણ એ મુજબ ઉપલાં ૫૦ વરસમાં ઘણો વધી ગયો છે. તેમાં જાનવરોનો વેપાર આગળ એ ગામ અમોએ જોયું ત્યારે તેની વિગતમાં લખેલો છે. બાંધકામમાં લાકડું દર સાલ નજદીક બે અબજ ફીટ તથા છાપડાંપર નલીયાંને બદલે પાટિયાં જેવા (Shingles) લાકડાંના કકડા વેહેરીને ત્યાં કારખાંનાઓમાં બનાવે છે, તેવાં પાટિયાં નેવું કરોડ બનાવે છે. અનાજ ૨૦ કરોડ બુશલનો દર

સાલ ત્યાં આવે છે, જે પાછો બીજા દેશાવરોમાં ત્યાંથી જાય છે. ત્યાં અનાજ ભરવાની ૨૮ એલીવેટરોની વખારો છે, જેમાં એકી વખ્તે ૨૬૦ લાખ બુશલ અનાજ રહી શકે છે. જાનવરોમાં દર સાલ મુખ્ય કરી ગાય ઢોર ૧૦ લાખ અને ૫૦ લાખ ડુક્કરો આવે છે, જેની દર-રોજની રાસ ૨૫૦૦૦ ની આવે છે. લોખંડની રેલ (Steel) વરસ દહાડે પાંચ લાખ ટન ત્યાંનાં કારખાનાઓમાં બને છે. સેનફ્રાનસીસ્કોબી ઘણુંજ વધી ગયલાં શેહેરમાંનું એક શેહેર ગણાય છે. એમાં સને ૧૮૪૪ માં ૫૦ માણુસો પેહલાં વસવા ગયાં હતાં, અને હાલ ત્યાંથી ૩ લાખ માણસની વસ્તી થઇ ગઇ છે. ૧૮૪૭ માં ત્યાંની જગ્યાના ભાગો કરીને વેચ્યા હતા ત્યારે તેના દર ભાગના ૧૦ થી ૨૦ પાઊંડ ઊપજ્યા હતા. ૬ વરસ પછી ૧૮૫૦ માં તેની કિમત વધીને દર ભાગના ૧૬૦ પાઊંડથી ૨૦૦ પાઊંડ થયા, સને ૧૮૫૮ માં તેના ૨૦૦૦ પાઊંડ અને સને ૧૮૮૧ માં તેવા એક ભાગના ૫૦૦૦૦ પાઊંડની કિમત થઇ ગઇ હતી અને હવે તો કોણ જાણે તેથીબી ઘણી વધી ગયલી હોવી જોઇયે. એ મુંજબ ૩૭ વરસમાં જમીનની કિમત ૨૦ પાઊંડ ઉપરથી વધીને ૫૦૦૦૦ પાઊંડ ઊપર ગઈ છે. જરસી જે ન્યુયોર્કની સામે છે, તેની વસ્તી ૧૮૪૦ માં ૩૦૭૨ જણુની હતી, તે ૧૮૮૦ માં ૧૨૦૭૨૨ ની થઈ ગઇ છે, પણ ન્યુયોર્કની બીજી ગમના બ્રુકલીલ શેહેરમાં સને ૧૮૩૦ માં ૧૨૦૦૦ ની વસ્તી હતી તે સને ૧૮૮૦ માં ૫૬૬૦૦૦ ની થઇ ગઇ છે. Cleveland (કલીવલેંડ) કરીને Ohio (ઓહીઓ) પ્રગણામાં શેહેર છે તેની વસ્તી સને ૧૮૩૦ માં ૧૦૦૦ હતી તે સને ૧૮૮૦ માં ૧૬૦૦૦૦ ની થઇ ગઇ છે. મીલીવાંનકી (Milewanky) શેહેરમાં સને ૧૮૩૪ માં, ફકત બે લાકડાંનાં ઘરો હતાં તે હમણાં ૧૨૫૦૦૦ ની વસ્તીવાલું થયું છે. એમાં અનાજનો વેપાર ઘણો ખીલી ગયો છે. સને ૧૮૪૧ માં ત્યાંથી પેહેલવેહેલો ઘઊં ૪૦૦૦ બુશલ દેશાવર ખાતે ગયો હતો. એ એક વરસનો વેપાર ૧૫ વરસમાં વધીને દરરોજના જેટલો થયો (યાને રોજ ૪૦૦૦ બુશલ અનાજ ત્યાંથી દેશાવરો ખાતે જવા લાગ્યો) અને હમણા દર

કલાકે તેટલો ઘઊં ત્યાંથી ચહડે છે. હમણું ત્યાં દર કલાકે ૭૦૦૦ બુશલ ઘઊં વાહાંણો તથા રેલ્વેનાં ગાડાંઓમાંથી ઉતારી વખારમાં લઇ જઇ તેને તોલી પાછો કોથળીઓમાં ભરીને તૈયાર કોઈબી માણસના હાથ લગાડ્યા વિના સઘળું સંચાથી થાય છે. "મીનીઆપોલીસ" અને સેંટપોલ નામનાં મીનીસોટા પ્રગણાનાં ગામો સને ૧૮૪૨ માં ૩૦૦૦ ની વસ્તીવાલાં હતાં અને સને ૧૮૬૪ સુધી તેઓ ઇન્ડીયનસોથી ઘણા હેરાન થતા હતા, પણ તેઓ વધીને પેહેલું શેહેર સને ૧૮૮૦ માં ૪૭૦૦૦ ની અને સને ૧૮૮૫ માં ૧૩૦૦૦૦ ની વસ્તીનું તથા છેલ્લું શેહેર સને ૧૮૮૦ માં ૪૧૦૦૦ અને ૧૮૮૫ માં ૧૧૧૦૦૦ ની વસ્તીનું થઇ ગયું છે. એઓનો લાકડાં તથા અનાજનો વેપાર ઘણો મોટો છે, તેમાં મીનીઆપોલીસમાં ઘઊંનો આટો ઘણા મોટા જથ્થામાં બનાવી દેશાવરો ખાતે મોકલે છે. ત્યાંની આટાની મીલો દરરોજ ૩૦૦૦૦ બારલો યાને પીપો આટો કાહડે છે, તેમાંની એક મીલ દરરોજ ૭૦૦૦ કાહડે છે. વરસ દહાડે ત્યાં પર લાખ આટાનાં પીપો ભરી આટો બનાવ્યો હતો. વળી આટા ઉપરાંત ત્યાંની બીજી બનાવટોનાં પણ કારખાનાં ઘણાં છે, જેઓમાંથી વરસ દહાડે ૧૨ કરોડ રૂપિયાનો માલ બને છે. કાનસાસ નામનાં શેહેરની વસ્તી સને ૧૮૫૫ માં ૩૦૦ માણસોની હતી તે ૧૮૭૦ માં ૩૦૦૦૦ ની અને ૧૮૮૦ માં ૬૩૦૦૦ અને ૧૮૮૫ માં ૧૨૫૦૦૦ ની થઇ છે અને ત્યાંની મીલકતોની ગણત્રી કીધેલી કિમત સને ૧૮૮૪ માં ૩૬૮ કરોડની ગણાઇ છે, અને ત્યાંનો વેપાર ૩૩૬ કરોડનો દર સાલનો થયો છે. ઇહિં પણ જાનવરોને કાપીને ગોશ દેશાવરો મોકલવાનાં કારખાનાઓ છે. દર સાલ ત્યાં ૧૨॥ લાખ ડુક્કરોનું પોર્ક બનાવે છે, અને ૧૫૦૦ ગાય ઢોરનું ગોશ દર અઠવાડિયે બને છે. તે ઉપરાંત જીવતાં જાનવરોનો વેપાર પણ ત્યાં ઘણો દર સાલ ૨૫ લાખ ગાયઢોર, ડુક્કર, ઘોડા, ખચર અને મેંઢાં વેચાય છે. સને ૧૮૩૦ થી સને ૧૮૮૦ સુંધીના ૫૦ વરસમાં આલીઘેની શેહેરની વસ્તી ૨૮૦૦થી ૭૯૦૦૦ની, પીટસબર્ગની ૧૨૦૦૦ થી ૧૫૬૦૦૦ ની, ફીલાડેલફિયાની ૮૦૦૦૦ થી ૮૫૦૦૦૦ ની, સીનસીનેટીની

૨૪૦૦૦ થી ૨૫૫૦૦૦ની, ડીટરોઈટની ૨૦૦૦થી ૧૧૬૦૦૦ની એ પ્રમાણે બીજાં ઘણો શેહેરોની વસ્તી વધી ગઇ છે.

તા૦ ૧૦ મી સંપટેમ્બર સને ૧૮૮૭—આજે સેનફ્રાનસીસ્કોથી ઓકક્ષીડેંટલ એંડ ઓરીએંટલ સ્ટીમશીપ કંપનીની સ્ટીમર "બેલજીક" (Belgio) માં સવાર થઇ અમેરિકાને છેલ્લી સલામ કીધી હતી. આજે ૪ા વાગેને અમારી સ્ટીમરે બંદર છોડયું હતું, પણ અમો ભાયગે અરધો કલાક આગળ બારામાંજ વધ્યા નહીં તેટલાં ધુમસ ઘણો જોરાવર થઈ આવ્યો અને ૧૦૦ વાર દુરતું કાંઇ દીસવા લાગ્યું નહીં. ત્યાં બારાંમાં ખડકો તથા ટેકડીઓ અને ટાપુઓ ઘણા હોવાથી તેપર અથડી નહીં પડીયે કરી સ્ટીમરને પાછી લંગર કરવાની ફરજ પડી હતી અને આખી રાત ત્યાંજ ગુજારવી પડી હતી. આખો વખ્ત સ્ટીમર પરથી ઘાંટ વજાડવામાં આવ્યો હતો કે કોઇ બીજી સ્ટીમર આવીને ધુમસમાં તેને અથડી પડે નહીં, અને તેજ મુજબ દીવાદાંડીની ટેકડી ઉપરથી સીસોડીઓ પણ વારાફરતી વજાડતા હતા, કે તેની ઉપર પણ કોઇ વાહાણ અથડી પડે નહીં. સેનફ્રાનસીસ્કોનું બારૂં ત્રણ ગમથી જમીનથી ઘેરાયલું છે, તેમાં જવાના રસ્તાને સોનેરી દરવાજો (Golden Gate) કરીને નામ બરાબર આપેલું છે. કારણકે ઇહિાંથી કેલીફોરનિયાના સ્ટેટપર ઉતરવાનું બારૂં છે અને જેટલું સોનું ઇહિાંથી મળ્યું છે અને મળશે તેટલું બીજી જગ્યાઓ ઉપરથી કદાચજ મળે છે. બારૂ ઘણું કુસાદે છે, અને તેમાં હજારો વાહાંણો સેહેલાઇથી લંગર કરી શકે, તેટલી જગ્યા છે. અમારી સ્ટીમર બેલજીક વાહીટ સ્ટાર લાઈનની કંપનીની છે, પણ અમેરિકામાં ઓક્ષીડેંટલ અને ઓરીએંટલ સ્ટીમશીપ કંપની ઉભી થઈ તેને એ ઉપલી કંપની તથા બીજી સ્ટીમરોની કંપની જેઓ વચ્ચે હરીફાઈ ચાલતી હતી તેઓની ચાર વરસની બોલીએ સ્ટીમરો ચારટર કીધી છે. અને તે કંપનીને હિસાબે સેનફ્રાનસીસ્કો અને યોકોહામા તથા હાંગકાંગ વચ્ચે આવજાવ કરે છે. ઇહાં અમેરિકન તથા યુરોપીયન ઉતારૂઓની આવજાવ એટલેન્ટીક

મહાસાગર જેવી નથી તેથી કંપનીઓ સ્ટીમરોમાં થોડીજ રાખે છે અને વધતામાં વધતા ૫૦ ઊતારૂઓની ઉપર લઇ શકે નહીં. તુટક પરના (Steerage) ઉતારૂઓ જેઓનો બધો ભાગ ચીનાઓનોજ છે. તેઓને આસરે ૧૦૦૦ સુધી એકી વખ્તે લઇ શકે છે.

એ ચીનાઓથી કમાઇ સારી હોવાને લીધે તેઓને બધી રીતની સારી જોગવાઈ તથા સગવડ કરી આપેલી છે. તેઓને સારૂ અફીમ પીવાના ઓરડાઓ કીધા છે, ખોરાકી આપે છે અને વળી એવી કબુલાત છે કે જ્યારે કોઇ ચીનો ઉતારૂ મરણ પામે તો તેને દરિયામાં નહીં નાખે, પણ તેનું પેટ ચીરી તેને એમબાંમ (Embalm) કરીને તેણે જે મહકની પાસેજ લીધી હોય ત્યાં તેનાં રવાનને કિનારે ઉતારે. એ મુજબ અમોએ બીજે કંડે સાંભળ્યું નથી કે ઉતારૂ મરી જાય તો તેનાં રવાનને કિનારે લઇ જવા સ્ટીમરોપર રાખે. પેટ ચીરી તે કોહી ન જાય તેવી વસ્તુઓ તેમાં ભરી કરવાના ૩૦ ડાલર લેવામાં આવે છે અને જો મરનાર ધણી પાસ તેટલા પૈસા નહી હોય તો બીજા ચીના ઊતારૂઓ ઉઘરાણું કરી તેને પુરા કરી આપે છે. સેનફ્રાનસીસ્કોથી યોકોહામા જવાના પેહેલા વર્ગના ડાલર ૨૦૦ લેખે અને વહાણના આગલા ભાગ ઉપરની ઓરડીના ૫૦ ડાલર લેખે ઉતારૂઓના લીયે છે. માલની આવજાવમાં સેનફ્રાનસીસ્કોથી ઘઉંનો આટો જાપાન, ચીન તરફ ઘણો જાય છે. અમારી સ્ટીમર આસરે ૩૦૦૦ ટનની છે, તે સઘળી એનેથીજ ભરેલી છે, અને ચીન તથા જાપાનથી ચાહ તથા રેશમનો મોટો ભાગ તથા ચીનાઓ અમેરિકામાં રહે છે તેઓ સારૂ ચોખા તથા સુકી ખોરાકી અને પોશાક લાવે છે.. ચીનાઓ અમેરિકાના ચોખા ખાતા નથી, પણ ચીનથી આવેલા ચોખા ખાય છે, તેની મોટી રકમની ત્યાં આવક છે. અમારી સાથ આસરે ૨૬ પેહેલા વર્ગના ઉતારૂઓ છે, જેઓનો મોટો ભાગ પાદરીઓનો છે જેઓ જાપાન તથા ચીન તરફના રહેવાસીઓને ખ્રીસ્તી ધર્મમાં વટલાવવા સારૂ જાય છે. એ ઉપરાંત આસરે ૪૫૦ ચીના ત્રીજા વર્ગના ઉતારૂઓ છે, જેઓ આખો દિવસ ઘણાખરા પાસા તથા પાનાથી છડેચોક જુગાર રમે છે, પણ બીજી રીતે ઘણા ગરીબ સ્વભાવના છે.

તા૦ ૧૧ મી સપટેમ્બર સને ૧૮૮૭—આજે સહવારના ધુમસ નરમ પડવાથી અમારી સ્ટીમરે કલાક ૬ાા વાગે લંગર ઉચકયું હતું અને સેનફ્રાનસીસ્કોનું બારૂ તથા અમેરિકા ખંડ છોડયો હતો. આસરે કલાક નવ વાગેને દરિયો જરા જોર કરી રહ્યો હતો અને તે આખો દિવસ તેમજ રહ્યો હતો.

તા૦ ૧૨ મીથી તા૦ ૧૭ મી સપટેમ્બર સને ૧૮૮૭—દરિઓ પાછો તા૦ ૧૨મીથી નરમ પડયો તે ઉપળા સઘળા દિવસો ઊપર ઘણો નરમ હતો. કોઇ વખ્ત દરિયો જોકે ઉપરથી તલાવ જેવો થંબ દેખાતો હતો, તોપણ અંદરથી મોજાનો ઉઠાવ કાંઇ કારણસર મોટો હોવાથી સ્ટીમર ડોલ ખાતી હતી. આટલું છતાંબી બધા દિવસો મજેના પસાર થયા હતા.

તા૦ ૧૮ મી સપટેમ્બર સને ૧૮૮૭—આજે આપણા સેહેનશાહી જરથોસ્તી પારસીઓના નવાં વરસનો દિવસ અમારી ગણત્રી મુજબ હતો. પણ આજે મુંબઇમાં બહમન રોજ તેમજ તા૦ ૧૯ મી સપટેમ્બરનો દિવસ હોવો જોઇયે. અમો મુંબઈ છોડયા પછી અત્યાર સુધી આથમણુ તરફજ (ઉત્તર દખણુ ગયા છીયે પણ ઉગમણુ તરફ ગયા નથી) અમારી મુસાફરી ચાલું છે તે અમો મુંબઇથી આગળ વધતા ગયા તેમ અમો રોજ ૨૦ યા ૨૫ મીનીટ ખોહતા ગયા હતા. એ મુજબ દર લોનજીટીયુડની એક ડીગ્રી યાને ૬૦ માઇલે ચાર મીનીટનો ફરક પડે છે. મુંબઇની લોનજીટીયુડ લંડનથી ૭૨ દીગરી ઉગમણે હોવાથી મુંબઇથી લંડન જતાં અમોએ કલાક ૪ ને ૫૧ મીનીટ ખોઇ હતી. યાને મુંબઇમાં જ્યારે સાંજના કલાક ૪ ને ૫૧ નો વખ્ત હશે, ત્યારે લંડનમાં બપોરના ૧૨ વાગતા હતા, અમે લંડનથી નિકળેલા ન્યુયોર્ક પુગ્યા હતા, જ્યાંની લોનજીટીયુડ આસરે લંડનથી ૭૫ દીગરી આઠમણે હોવાથી કલાક ૪ ને ૪૫ મીનીટ અને ન્યુયોર્કથી વળી આઠમણે સેનફ્રાનસીસ્કો ગયા જેની લોનજીટીયુડ ૧૨૦ લંડનથી આઠમણે હોવાથી યાને ન્યુયોર્કથી ૪૫ ડીગ્રીનો ફરક હોવાથી બીજા આસરે

કલાક ૩ ને ૧૫ મીનીટ ખોઇ હતી. આજે અમો પેસીફીક મહાસાગરની માંહે લોનજીટીયુડ ૧૬૫ માં હોવાથી બીજા કલાક ત્રણ સેનફ્રાનસીસ્કોથી ખોયા હતા, જે મુજબ મુંબઇથી આજ દિન સુધી આસરે ૧૬ કલાક ખોયા છે, યાને આજે અમો ઇંહાં સ્ટીમર ઉપર સહવારના ૯ વાગે છીયે તો મુંબઇમાં તે વેળાએ રાતના એક વાગો હશે યાને પપેતી પુરી થઈ હશે. તે ધ્યાનમાં રાખીને ગઇ કાલે મુંબઇની ગણત્રી અને આજે ઈંહાંની ગણત્રીના મળી બે પપેતીના દિવસો ગુજર્યા હતા. ઉપલી ગણત્રી પ્રમાણે અમો આવતી પરમ દિને યાને તા૦ ૨૦ મીની રાતના ૧૮૦ મી ડીગ્રીની લોનજીટીયુડ પસાર કરીશું ત્યારે લંડનથી ૧૨ કલાકનો બરાબર ફરક પડશે તેથી દરિયાઇ નેવીગેશન (Navigation) ના ધારા મુજબ ત્યાંથી ઉગમણુ ભાગ આપની પૃથ્વીનો શરૂ થશે અને તેની પછીનો બીજો દિવસ મુકી દેવો પડશે એટલે તા૦ ૨૧ મી અને બુધવારનો દિવસ ચુકાવીને તા૦ ૨૦ મી પછી એકદમ બીજે દિને તા૦ ૨૨ મી ગણાશે, કે જેથી કરી પાછા ત્યાંથી આડમણે જ્યારે પુગે ત્યારે ત્યાં તે વખ્ત બરાબર મળી રહે અને તેજ મુજબ બધા દેશનો પણ વખ્ત બરાબર મળતો આવે છે. અગરજો કોઇ ધણી લંડનથી ઉગમણેજ મુસાફરી કરી પેહેલાં હિંદુસ્તાન તથા ચીન અને જાપાનને રસ્તે આએ ઉપલી ૧૮૦ ડીગ્રીની લોનજીટીયુડમાં આવતે તો દરરોજ વખ્ત ઓસરવાને બદલે વધાર્યો આવતે, અને લંડનથી ૧ કલાક વધારે ઈંહાં તે ગણી રહેતે. વાસ્તે ઇહાં જે વાહાંણો સફર કરે છે તેઓ બે દિવસનો એક દિવસ ગણે છે, કે તેને અમેરિકાને રસ્તે ઉગમણથી લંડન જતાં પોતાની મેળે વખ્ત તથા દિવસ મળી રહે.

તા૦ ૧૯ મી અને તા૦ ૨૦ સપટેમ્બર સને ૧૮૮૭— ઉપલા દિવસોમાં કાંઈ નોંધ લેવા જોગ બન્યું નથી. છેલ્લા દિવસે રાતના બાર વાગેને "મેરીડીયન" ૧૮૦ ની ડીગ્રી પસાર કીધી હતી અને દુનિયાનો આડમણનો ભાગ છોડી ઉગમણના ભાગમાં હવે અમારી સ્ટીમર ચાલવા લાગી હતી.

તા૦ ૨૧ મી અને બુધવારનો દિવસ આવતી કાલે મુકી દઈને તા૦ ૨૨ મી અને બ્રેસપતવાર ગણાશે અને તેમજ રોજ સરેવર પણ છોડી દેવો પડશે.

તા૦ ૨૨ મી સપટેમ્બર સને ૧૮૮૭—અમોએ તા૦ ૧૮ મીની નોંધમાં ખુલાસો કીધો છે તેમ ગઈ કાલે તા૦ ૨૦ મી હતી તો તા૦ ૨૧ મી ચુકાવીને આજે તા૦ ૨૨ મી ગણવા માંડી છે. અમારી-વાલી સ્ટીમર જ્યારે ચીનથી પાછી અમેરિકા જશે ત્યારે ૧૮૦ મી ડીગ્રીની "લોનજીટીયુડપર" પાછી એક તારીખ બે દિવસ ગણશે કે જેથી અમેરિકાનો વખ્ત મળી રહેશે.

તા૦ ૨૩ મીથી તા૦ ૨૮ મી સપટેમ્બર સને ૧૮૮૭—ઊપલા દિવસો પાસીફીક મહાસાગરમાં ગુજાર્યા હતા અને કાંઇપણ લખવા જોગ એ દિવસોમાં બન્યું નથી. અમો સેનફ્રાનસીસ્કોથી નિકળ્યા ત્યારથી આજ સુધી એક પણ વાહાંણ જોવામાં આવ્યું નથી. છેલ્લા બે ચાર દિવસો ઉપર વારાફરતી વરસાદ મળ્યા કીધો હતો, અને માફ-કસરની ગરમી ચાલ્યા કીધી હતી. સ્ટીમર દરરોજ કેટલા નોટ યાને દરિયાઇ માઇલ ચાલી તેની વિગતનું પાટિયું મારે છે, તે પ્રમાણે આ-વતી કાલે અમારી એ સફર પુરી થશે ત્યાં સુધી જુમલે સેનફ્રાનસી-સ્કોથી યોકોહામા સુધી ૫૬૦૪ નોટસ તે ૬૦ નોટસના ૫૯ માઈલને હિસાબે ૪૮૫૬ માઇલ પુરા થશે. દુનિયાનાં મહાસાગરોમાં એ પાસીફીક મહાસાગર સૌથી મોટો કહેવાય છે, જે ૮ કરોડ માઇલના વિસ્તાર જેટલો છે. લંડનથી અમેરિકા જતાં આટલાન્ટીક મહાસાગર ૪ કરોડ અને ઇન્ડીયન મહાસાગર બે કરોડ માઇલના વિસ્તારનો ગણાય છે.

તા૦ ૨૯ મી સપટેમ્બર સને ૧૮૮૭—આજે સહવારના ૬ વાગેથી જમીન દેખાવા લાગી હતી. તે એક અલાયદો ડુંગર જેવો હતો, આસરે આઠ વાગેને દુરથી યોકોહામા જે જાપાન દેશનું વેપારી બંદર છે તે દેખાવા લાગ્યું હતું અને અમો "તોકીઓ બે" માં દાખલ

થયા હતા. એ વખ્તે આસપાસનાં નાલાં નાલાં અને લાંબી ટોંચ દરિયામાં નિકળી આવેલા પાહાડોથી બેઉ બાજુ દરિયાથી ઘેરાયલી હતી, પણ આગળ ચાલતાં જમીન જમણી બાજુથી દુર ગઇ અને જાણે તે બાજુ ઉપર મોટો દરિયોજ હોય તેમ જણાવા લાગ્યું હતું. આજ સહવારથી વાદળ ઘેરાઇ આવેલું તથા દવ જેવું હોવાથી દુરનો દેખાવ અમો બરાબર જોઇ શકયા ન હતા. "બે" માં પેહ્ન કે ગણત્રી વગરની માછીમારની બોટો જેને ઈહાં "સામપાન" કરીને કહે છે, તે દિસ્વા લાગી હતી. સાંભળવા મુજબ એ તોકીઓ "બે" માંથી માછલી ઘણી મળે છે, જેનો શેકાર કરવા સારૂ ઊપલી બોટો ઉપરાંત કેથાં મગરમચ્છોબી આવે છે. એ મગરમચ્છો હમેશાં મોટા સમુદ્રોમાંજ વસે છે, પણ અમોએ આજે છુટાં છવાયાં એઓને આએ તોકીઓના અખાતમાં જોયાં હતાં, જેઓ ગમત કરતાં તથા પાણી હવામાં ફુવારા માફક ઉડારતાં હતાં. માછીમારોની બોટોના ડોલો તથા સડ કાંઇ જુદીજ તરાહનાં અમોએ પેહેલવેહેલાં અત્રે જોયાં છે. તેઓ ઊભા ડોલ ઉપર સીધાજ સડ છેક મથાળેથી નિચે સુધી જાણે પરદાઓ હોય તેમ રાખે છે તેથી દરિયામાં બધે પરદાઓની હેવાંલો તરતી હોય તેવો દેખાવ લાગે છે. એ લોકોના એવા સડોથી અમારા સાંભળવા મુજબ જો પીઠનો પવન હોય તોજ બોટ ચલાવી શકાય છે. જો સામેનો યા આરો બાજુનો પવન હોય છે તો તે આવા સીધા સડોમાં પકડી શકાતો નથી અને તેથી બોટવાલાઓ હેરીયાં પણ મારી શકતા નથી, અને તેવે વખ્તે સડ ઊતારી પાડીને ત્યાં પડી રહે છે અથવા તો હલેસાંથી બોટ ચલાવે છે. હલેસાં મારવાનું પણ સુધરેલા દેશો માફક નથી. પણ બે જણા મોટાં લાંબાં હલેસાં લઇ ઉભા રહીને તેનેથી આંચકા આપી બોટો ચલાવે છે. બોટોનો દેખાવ મુંબઈની નાની ફતેહમારીઓને મળતો આવે છે. એ તોકીઓનો "બે" ઘણો મોટો છે અને એમાંના પાણી ઘણાં થંભ જાણે તલાવ હોય તેમ જમીનના ઘેરાનથી લાગે છે. અમારી સ્ટીમરે આસરે ૧૦ વાગેને બારાંમાં લંગર કીધું હતું. એ વખ્તે ભાડે ફેરવવાંની જાપાનીસ બોટોથી સ્ટીમરની બાજુ બધી ઘેરાઈ હતી અને

બોટવાલાઓ સ્ટીમર ઉપર ચહડી આવવા લાગ્યા પણ ત્યાંના દાદર ઉપર એક અમલદારને ઉભો રાખ્યો હતો જે થોડાઓને આવવા દેતો હતો અને થોડાઓને અટકાવતો હતો અને ના કેહેવા છતાં જો બોટવાલાઓ ઉપર આવતા તો તેઓને લાત મુકીના ધકેલા મારી હેઠે પાછા ઉતારતો હતો, જે તે બિચારાઓ મુગા મુગા ખમતા હતા. એ ઉપરાંત ઘણા જણાઓ બાજુનાં દોરડાંપરથી તથા બીજી આડકતરી રીતે સ્ટીમરપર ચહડી આવી ચીના ઉતારૂઓને પોતાના ઘરાક કરી લેતા હતા. યુરોપિયન ઉતારૂઓ સારૂ તો યોકોહામાનાં ગ્રાન્ડ હોટલની સ્ટીમટગ આવેલી હતી, તે પેલા બોટવાલાઓ જાણતા હોવાથી તેઓને હેરાન કરતા હતા નહીં, પણ ચીનાઓને તો જાણે પોતાનો માલ હોય તેમ પકડી બેસતા હતા. અમોને લેવા સારૂં અત્રેની જાણીતી પેહેડીવાલા મેસર્સ એડમસન બેલેની કંપનીએ પોતાની આફીસનું માણસ મોકલ્યું હતું, તથા મુંબઈવાલા હોરા શેઠ ઈભરાહીમ આદમઅલી ખંબાતી જેવણની ઈંહાં પેહેડી છે તેવણના સગા આબેદીન શેખઅલી લેવા આવ્યા હતા, અને પોતાને ત્યાં ઉતારો આપવાની અમોને ઓંહોસ કીધી હતી, પણ અમો ગ્રાન્ડ હોટલમાં ઉતરવાના હોવાથી આભાર સાથ તે ના પાડી હતી. એવણ શેઠે અમારી બધી મેનીજ સામાન કિનારે ઉતારવાની પોતાને હસ્તક લીધાથી અમોએ પેલી યુરોપિયન પેહેડીવાલાઓને તસ્દી આપી હતી નહી, પણ આભાર માની તેના માણસને વિદાય કીધો હતો. અમો કલાક ૧૦—૩૦ મીનીટે કિનારે હોટલની સ્ટીમ ટગમાં ઉતર્યા હતા. કિનારે કસટમ હાઉસવાલાઓને જગાત સારૂ અમારો સામાન દેખાડવા કોથલાઓ હોટેલવાલાઓને સોંપીને હોટલમાં ગયા હતા. બંદર પર ઊતરવાનો ડંકો લાકડાંનો માફકસર સારો બાંધેલો છે, અને ત્યાંથી છેક હોટલ સુધી જવાનો રસ્તો દરિયે કિનારેજ હતો. અમો બંદરપર ઉતર્યા કે જીનરીક્ષા નામની ઈંહાં ભાડુતી ગાડીઓ ફરે છે તેના માણસોએ અમોને ઘેરી લીધા હતા. એ જીનરીક્ષા બચ્ચાંઓને ફેરવવાની ગાડીઓ આવે છે તેને મળતી પણ એક માણસ મજેની સગવડે બેસે તેવી મોટી આવે છે અને તે બે પૈડાંની ધમન તથા પુલ સાથની

છે જેને એક માણસ આગળથી પુલને છેડે આડું લાકડું પતી રેકું હોય છે. તેપર આંગ હથેલીને ધસડે છે અને તેઓ આખો વખ્ત ગાડી લઈને આસરે કલાકના છ માઇલને હિસાબે દોડે છે, એઓનો પોશાક તદન કાળાં કપડાંનો અંગપર બેસતો બનાવેલો છે પણ ટોપી કાંઈ અજબ રીતની પેહેરે છે. એ ટોપી સફેદ રંગની જાણે ચુનો મુકવાની ગમેલ આવે છે તેવા ઘાટમની, તેના પોકલ ભાગમાં, કામથીની બનાવેલી માંથાપર રહે તેવા ખાંચાની આવે છે, બાહારથી તેનું કદ ગમેલનાં જેટલુંજ મોટું છે, પણ પેલા કામથીનો ખાંચો કામથીના ટેકાઓ આપી તેની સાથે મેળવી લીધેલો છે. એ ટોપી સઘળી એજ જણસની હલકી બનાવેલી છે ને તે કામથી ઉપર ચામડું સફેદ ચોંટાડી દીધેલું છે જેથી તડકું તથા વરસાદથી તેઓનાં માથાંનો બચાવ થાય છે પણ દેખાવ જાણે ઊંધી ગમેલ માથાંપર મુકી હોય તેવો લાગે છે. એ જીનરીક્ષાવાલાઓ સઘળા મજબુત બાંધાના છે અને આખો દિવસ તમોને ગાડીમાં લઈ જ્યાં ગમે ત્યાં દોડતા ફેરવે છે. સાંભળવા મુજબ એ લોકો દિવસનાં ૪૦ માઇલ સુધી જઇ શકે છે અને ઠાકતા નથી અને બીજે દિને પણ પાછી તેટલીજ મંજલ કરવાને તૈયાર થાય છે. અમો કિનારાને રસ્તે હોટલમાં ગયા હતા. એ હોટલ ફ્રેન્ચ ઢપપર રાખેલું છે ને બધી રીતે યુરોપનાં જેવી તેમાં માવજત થાય છે. હોટલની મજેનું દરિયે કિનારે કુશાદે એક માલનું બાંધેલું છે ને ઓરડાઓ સઘળું સગવડથી બનાવેલું છે ને બધી રીતે યુરોપિયન ઢપપર રાખેલું છે ફક્ત મેનેજર તથા ઉપરીઓ સિવાય સઘલા કામદારો જાપાનીસો છે જેઓ ઝડપથી સઘલું કામકાજ કરે છે.

હોટલના હજુરીયાઓ સઘળાં કાળાં કપડાં પેહેરે છે અને પગમાં મોજાં પણ તેજ રંગનાં બુટ વગર હોવાથી તથા સઘળાં બંધ બેસતાં કપડાં હોવાથી અને મોજાંનો અંગોઠાવાલો ભાગ તદન તેનાજ ઘાટમનો છુટો હોવાથી તેઓનો દેખાવ કાંઈ ઘણો સારો લાગતો નથી. અત્રેનું બધું લોક એજ પ્રમાણે મોજાં પેહેરે છે અને તેનો અંગોઠો છુટો રાખવાથી તેઓ જે ચંપળરોકા જોડા

પેહેરે છે તેની ઉપરના અંગોઠાના ખાંચામાં ખોસી શકે છે અને ચંપ- લોને છેડેથી એ દોરી જેવું હોય છે તે અંગોઠાની આસપાસથી યાને અંગોઠો તેની વચમાં લઇને તે દોરી પાછળા ભાગ સાથે ચંપલને મળી જાય છે જ્યાં ચંપલના જેવીજ આડી દોરીઓ હોય છે જેમાં પગ ખો- સીને તેઓ ચાલે છે. એ ચંપલો અહીં જાતજાતની છે, કોઈતો ઘા- સનાંજ ગુંથેલાં તળિયાં સાથે છે, જે એટલી તો સસ્તી મળે છે કે ઘડી ઘડી બદલવાને લોકોને ભારી પડતું નથી. અહીંનું ચલણ (Yen) ઈ- અન કરીને છે જે મેક્ષીકન ડાલરની કિમતની યાને મુંબઈના સવાએ રૂપિયાની કિમતની બરાબર ગણાય છે. તે ઈઅનના ૧૦૦ દોકડા કીધા છે જેને (Sen) સેન કરી કહે છે તેવા એક દોકડાએ ઊપલાં ઘાસનાં ચંપલ મળી શકે છે અને તે મુજબ બનાવેલાં હોવાથી જીન- રીક્ષાવાલાઓને પણ તે બે દિવસ સુધી જવાબ દીયે છે ત્યારે સાધારણ ચાલનારાઓને તે વધારે દિવસ ચાલતાં હશે. બીજા ચંપલનાં તળિયાં ચામડાંનાં વગર એડીનાં આવે છે, કોઇના કાથાની દોરીનાં ગુંથેલાં આવે છે. વળી એ ચંપલો ઊપરાંત લોકો લાકડાંની આપણા મોબેદો પેહેરે છે તેવી પાવડીઓ પેહેરે છે પણ અંગોઠાવાળી જગ્યા પર લાકડાંની ખુંટીને બદલે ઉપર લખ્યા મુજબ દોરીથીજ કામ લીયે છે. એ પાવડીનાં ત- ળિયાંની હેઠલ વચમાંથી આસરે ત્રણ ઇંચને છેટે બે ઊભાં લાકડાંની પટીઓ બેથી ત્રણ ઇંચ ઊંચી હોય છે જેથી તે પેહેરનારાઓને ચાલ- વાની અમારા જોવા મુજબ અગવડ ઘણી પડે છે. અમો નથી ધારતા કે તે લોકો ઝડપથી દોડી શકે ઉઠલાઇ જ્યાં વગર રહે નહીં અને ચાલે છે તેબી જાણે દોલતા ચાલતા હોય તેમ લાગે છે. અમોએ ના- સ્તો કીધા પછી ગામમાં ફરી આવ્યા હતા. એ યેકોહામા શેહેર જા- પાનની છેક ઉગમણે આવેલું છે અને જાપાનના ત્રણ ચાર બંદરો જે બાહરના દેશીઓને વેપાર કરવા ખુલ્લાં મુકેલાં છે તેમાંનું એક છે અને સને ૧૮૫૯માં પેહેલવેહેલું તે ખુલ્લું કીધું. તેની આગમજ અહીં માછીમારોનું નાનું ગામડું હતું પણ હમણા તે મજેનું આસરે ૮૪૦૦૦ માણસોની વસ્તીવાલું શેહેર થઇ ગયું છે. તેમાં સને ૧૮૮૫ ની સે-

નસસ મુજબ ૩૭૩૭ યુરોપિયનો તથા ચીનાંઓ વસે છે. એમાં ૫૮૭ ઈંગ્રેજો; ૨૨૮ અમેરિકનો, ૧૬૦ જરમનો, ૧૦૫ ફ્રેંચો, ૨૫ ડેનસો, ૧૯ ઇટાલીઅનો, ૪ બેલજ્યનસો, ૧૧ ઓસ્ત્રીયનસો, ૧૬ સ્વીડસ અને નોરવીજ્યન અને ૫ સ્પેનીયર્ડસો મળી આસરે ૧૨૫૦ યુરોપિન દેશના રેહેવાસીઓ છે, અને ચીનાઓ ૨૪૮૭ અને બાકીના ૮૦૦૦૦ જાપાનીસો છે. યોકોહામાનો અર્થ જાપાનીસમાં આડો પહાડ કરીને છે, અને તે બે ભાગમાં વેંહેંચાઈ ગયું છે. દરિયાના કિનારા તરફથી સઘળા પરદેશીઓને રેહેવાનું ગામ છે તેની પાછળ દરિયામાંથી ખણી લાવેલી ખારી આવેલી છે, તે પછી જાપાનીસ ટાઉન વસેલું છે. યુરોપિયન ટાઉનની ઇમારતો ઘણી ખરી યુરોપના ફ્રેંચ ટાઉનને મળતી આવે છે, પણ કોઈબી હવેલી એક માલની ઉપરંની નથી. રસ્તાઓ મુંબઈના જેવા ખડીના બનાવેલા હોવાથી ઘણા સારા છે અને અમેરિકામાં ગયા પછી અમોએ આએજ પેહેલા સારા રસ્તા જોયા છે. ઘરોનો ઘણો મોટો ભાગ લાકડાંનોજ બાંધેલો છે, કોઇ કોઇજ પથ્થર યા ઇટનાં બાંધેલાં હશે પણ જાપાનીસ ટાઉનમાં તો સોએક ઘરબી ઈંટ યા પથ્થરનાં નથી. ઇહાં જાપાન દેશમાં ધર્તીકંપના આંચકાઓ ઘણા થાય છે. કોઇબી સાલ એ વગર પસાર થતું નથી તેથી લાકડાંના ઘરો અને તેબી વળી બેઠાં યા એક માલનાજ બાંધે છે. એ ઘરો સારૂ પાયા ખોદતા નથી પણ ઘરોને છેડે પથ્થરનાં દોબરાંઓ ભરે છે, અને તે ઊપર આડાં લાકડા મુકી તેની ઊપર ખાંચા પાડી ઊભા લાકડાંની થાંભળાઓ વચ્ચે ઇમારત બાંધે છે. એથી કરી જ્યારે ધર્તીકંપના આંચકા થાય છે ત્યારે લાકડું હીલે છે પણ પડી જતું નથી, અને ઘરો બચી જાય છે. જો ઈંટ પથ્થરનાં મુંબઈ માફક બાંધેલાં હોય તો તેઓ પાયા સાથે મજબુત વલગેલાં હોવાથી તેઓની ઈંટ પથ્થર આંચકાઓથી છુટાં પડી જાય છે યા સીમેંટ છુટી જઈ ફાટ પડે છે. ઈહાંના ઈંટ પથ્થરનાં ઘરોબી નાના પાયાપર ઉપર લખવા મુજબ લાકડાંના (stakes) થાંભલાઓપરજ બાંધે છે કે કાંઈ અડચણ થાય તો દેવાલ તુટી પડે છે, પણ થાંભલાઓપર ઘર હોવાથી આખું ઘર છાપડાં સુધાં

પડી જતું નથી. ઈંહાંના અસલી ફાશીનનાં ઘરોની દેવાલ જાણે ફુટ ફુટનાં ખાંચાની કામથીની બનાવેલી હોય તેવી લાગે છે. એ દેવાલો થાંભલાઓની વચમાં લાકડાંઓ આડાં ઠોકીને તે ઉપર નળીયાં જેવી પાતળી મટોડીની લાદીઓ જડી લે છે. તેઓની સાથની ઉપર દીસ્તી પટી માફક સીમેંટ ઉપસેલું ચોંટાડવાથી તે પટી જેવું બાહારથી દીસે છે. અને લાદી કાળી હોવાથી દુરથી જાણે સફેદ કામથીનું ઘર બાંધ્યું હોય તેવું દીસે છે અંદરથી થાંભલાઓની વચ્ચેના ખાંચાઓ દેવદારી પાટિયાઓ જડીને બંધ કરી લે છે તેથી જ્યારે ધર્તીકંપ ઘણો જોરમાં હોય છે તો પેલી બાહારની સીમેંટવાલી લાદીઓ પડી જાય છે પણ અંદરની પાટિયાંની દેવાલ સલામત રહે છે, અને લોકો આવી વખ્તે ઘરમાંજ રહેવાનું સલામત ધારે છે કારણકે ઘર લાકડાંનું હોવાથી હીલે છે, પણ પડી જતું નથી ને રસ્તામાં દેવાળો પડે તેથી ધાસ્તીભરેલું હોય છે. જાપાનીસોનો પોશાક ઓરત, મરદ અને બચાંઓનો એકજ જાતનો છે, ફકત ઓરતો માથાંપર બાલ ગુંદી રાખે છે તેથી ઓળખાય છે. પોશાક બધાં જણાંઓ કાળા રંગનોજ પેહેરે છે પણ પૈસાવાલા મરદ ઓરતો, કારણસર ભરતકામનાં કપડાં પેહેરે છે. એ કપડાંમાં ધોતિયાં માફક કપડું કમરેથી પગની આસપાસ ફરતું વિટાલે છે અને આંગપર એક લાંબો જભો પેહેરે છે, જેના બે છેડાને બટન યા કસ હોતા નથી પણ તેઓને આગળથી સાથે મેળવીને તે ઉપર કમરબંધ બાંધે છે જેથી તે પેટનો ભાગ ઢાંકે છે પણ છેક ઊપરનો ભાગ પાછો ત્યાં કાંઇ અટકાવ નહીં હોવાથી જરા ખુલ્લો રેહેવાથી છાતીનો વચલો ભાગ હમેશાં ઊઘાડો રેહે છે. એ જભાની હેઠળ જો ઠંડીનો વખ્ત હોય છે તો ગરમ બદીયાન યા ગંજીફરાક જેવું પેહેરે છે જેથી છાતી ઢંકાય છે, બાકી ગરમીના દિવસોપર તો ખુલ્લી મરદો તથા ઓરતો સુધાંની રહે છે. દરેક જણના પગમાં ચંપલ તો હોવાંજ જોઇયે. રસ્તામાં ઊઘાડે પગે ચાલવું એ લોકોમાં ઘણુંજ હલકું ગણાય છે અને ફકીરોજ તેમ ચાલે છે. ઓરત લોકો માથાપર બાલનો પાછળથી ઊપસાવેલો એક ચોટલો કરી બાકીના છેડાના બાલોનો બીજો ચોટલો પેલા ચોટલાની ઉપરથી

જરા ખાંચો રાખીને કરે છે, આગળથી બાલ પાછળ લઇ જતાં જરા કાન આગળથી તે નિચા લઇને તથા ઉપસાવીને લઈ જાય છે તેથી માથા થાને બાલ ઘણા બધી ગમથી બહાર ઉપસેલા જાંણે ફરતા ચોટલાઓ હોય તેમ લાગે છે. પાછળથી ગરદન આગળથી બાલ ઉપર લઇને ચોટલો બાંધે છે તેથી ઓરતોની ગરદન મોટી હોય તેમ લાગે છે અને તેઓને શોભાવે છે. જાપાનીસોના મોઢાનો ઘટમ ચીનાઓને મળતો છે પણ વધારે ખુબસુરત છે. રંગ પણ ઘઊંના જેવો યા સફેદીપર છે તેથી ઘણો-ખરો યુરોપના દખણ ભાગના રેહેવાસીઓને મળતો આવે છે. આંખો વાંકી બદામરેકી છે અને ગાલનાં હાડકાં ઘણાં બહાર નિકળેલાં નથી. પણ ઇહાંના લોકને અજીર્ણ ખાવાની મનાઈ હોવાથી આંગે ભરેલા અને તંદરેસ્ત હોવાથી જરા નિકળેલાં હોય છે તે માલમ પડતાં નથી. એઓ તો દેખાવે મજેના છે અને તંદરેસ્તીની નિશાની દાખલ ગાલ ઉપર રતાશ પણ ઘણી ઓરતો તથા બચ્ચાંઓને દીસે છે. તેઓના મરદો મેહેનતુ હોવાથી તેઓનો બાંધો મજબુત અને ખીલેલો લાગે છે, જો કે મોટો ભાગ કદે ઠીંગણો છે અને કોઈજ જવલે પાંચ ફીટની ઉપરના મળે છે. જાપાનીસોની વસ્તી જોવા પ્રમાણે ઘણી વધારે હશે કારણ કે જ્યાંબી અમો ફરતા હતા ત્યાં છોકરાંઓના ઢગલે ઢગલા દીસતા હતા અને વળી આઠ, દશ વરસની ઉમરની છોકરી હોય તેઓની પીઠની પાછળ બીજું બચ્ચું એકુ વરસની ઊમરનું બાંધેલું હોવુંજ જોઇયે. ઇહાંની ઓરતો તથા મરદો સઘળાં કામ કરે છે તેથી તેઓ પોતાની છોકરીઓને નાનાં બચાંઓ સોંપી જાય છે પણ તે છોકરીઓને બહાર ફરવાનો શોખ હોવાથી બચાંઓ પીઠ પાછળ બાંધીને જાણે કપડાંની ગાંસડી લઇ ચાલતાં હોય તેમ લાગે છે. ફકત તેનું ડોકું બહાર દીસે છે. ઓરતો પણ કામે જાય છે ત્યારે એજ માફક પોતાનાં બચાંને પીઠપર લઇને જાય છે અને કામ પણ તેમજ કરે છે. પીઠને બદલે બગલમાં લેવું એ સારૂં લાગતું નથી એમ ઇહાં સમજે છે. બચાંઓને એ મુજબની ટેવ હોવાથી જ્યાં સુધી ચાર વરસનાં થાય છે ત્યાં સુધી એજ માફક પોતાની મા અથવા બેનની પીઠ પાછળ

વળગીને ચહડી બેસે છે. તેઓને બાંધવાની યા પકડવાની જરૂર રહેતી નથી: એ દેખાવ રસ્તામાં ઘણો નવાઇ જેવો લાગે છે.

મરદોનાં માથાંપરના બાલ અસલી ફાશીનનાં રાખે છે. તેઓ મુંબઇના મારવાડીઓ માફક આગળથી વચલો ભાગ બોડાવે છે અને પાછળથી કાપેલા બાલ ટુકા રાખી ચોટલી જેવું ગરદન ઉપરથી ઉલટાવી માથાંની વચમાં ચીટકાવી મુકે છે. પણ હમણા જાપાનમાં જેવો યુરોપિયન ઢપ પ્રમાણે સુધારો એકદમ કરવા નિકળ્યા છે. તેઓ યુરોપિયન માફક ટુકા કાપેલા બાલ બધા માથા ઉપર રાખે છે પણ તેઓ તેની તે પ્રમાણે તપાસ રાખતા નથી અને બાલ વધારે મોટા થવા દીયે છે તથા તેને હોરતા નહી હોવાથી જાણે ખભરાયલા જેવા લાગે છે. જાપાનીસોનો મોટો ભાગ ઉઘાડે માથેજ ઓરત બચાં સુધાં ફરે છે પણ યુરોપિયન ઢપવાલા તેઓના જેવીજ નાની ટોપીઓ પેહેરે છે તથા પોશાક વ્રીક તેવો પેહેરે છે. કોઇ તો જાપાનીસ પોશાક ઉપર યુરોપિયન ટોપી પેહેરે છે તેથી ઘણા કઢંગા લાગે છે. જે જાપાનીસો ચાકરી હોય છે તેઓને કોણ ધણીનો માણસ છે તે પરખાવા સારૂ મુંબઈમાં પતા આપે છે તેને બદલે તેના કપડાં ઉપર પાછળથી છાપેલા અક્ષરો તેના નામના રાખે છે, અને તે જાણે તરાંહ પાડી હોય તેવી રીતથી:કાળાં કપડાં ઉપર સફેદ રંગના પાડેલા હોય છે. અમો તો પેહેલાં તેને કાંઇ તરાંહ પાડેલી હશે કરી સમજ્યા પણ ખબર કાહાડતાં તેતો તેઓના ધણીઓની નિશાન નિકળી આવી હતી. એજ મુજબ મ્યુનીસીપાલીટીના કચરાપતીઓ, આગવાલાઓ, ઇત્યાદીને પણ દર માણસની પીઠ ઉપર નિશાનીઓ ગોળ ચકરડાં પાડીને તેમાં કીધેલી હતી. અમો યુરોપિયન ટાઉનમાંજ આજે ફર્યા હતા ને આખો દિવસ વરસાદ હોવાથી બીજી ગમ ફરી શક્યાં હતા નહીં. અમારો વિચાર જાપાનનાં અંદરનાં ગામોમાં જવાનો હોવાથી ઇહાંના ધારા મુજબ પાસપોર્ટ કહડાવા બ્રીટીશ કોનશયુલેટમાં ગયા હતા જ્યાંથી અમોને આવતી કાલે તે મોકલી આપવાની કબુલાત આપી છે. અમો મુંબઈની પાસપોર્ટ સાથે લાવેલા છીયે પણ ઇહાં તે ચાલતી નથી. જાપાનીસ ધારા મુજબ પરદેશી-

ઓને મોટાં શેહેરો તથા વેપાર સારૂં ખુલ્લાં મુકેલાં બંદરોમાંજ ફરવાનો હુકમ છે પણ જેઓને અંદરનાં ગામોમાં જવું હોય તેઓએ પોતાના દેશના કોનસલ હસ્તક જુદી પાસપોર્ટ જાપાનીસ અમલદાર પાસથી મેળવવી જોઇએ જે અહીંયાંવાલા, તોકીયો કરી જાપાન દેશનું મુખ્ય શેહેર છે ત્યાં મોકલીને ત્યાંનાં કોનસલ હસ્તક મંગાવી આપે છે. ઈહાંનો ડેપ્યુટી કોનસલ બાહાર ગયલો હોવાથી તેના હાથ નિચેનાએ અમોને તે પાસપોરર્ટ મંગાવી આપવાની તથા તે સારૂં ખામખા એક માણુસ ટોકીયો મોકલવાની કબુલાત આપી હતી અને અમોને અહીં જોઇને હિંદુસ્તાનના રહેવાસી દાખલ તેને ઘણી ખુશી બતાવી હતી ને કાંઇબી મદદ જોઈતી હોય તે આપવાની મરજી બતાવી હતી.

તા૦ ૩૦ મી સપટેમ્બર સને ૧૮૮૭—આજે સવારથી વાદળ ખેહ્લું હતું અને સુરજ પ્રકાશતો હતો તેથી આખો દિવસ જાપાનીસ ટાઉન જોવામાં કાહડયો હતો. ઈહાં કાંઇ ઈમારતો મોટી અને જોવા લાયક નથી કે જોઇયે. અમોએ ગઈ કાલની નોંધમાં લખ્યું છે તેમ સઘળાં બેઠાં ઘરો છે, ફક્ત સરકારી ઇમારતોમાં કસ્ટમ હાઊસ, ગવરનરની આપીસવાલું મકાન, તાર અને પોસ્ટ આપીસ જરા મોટી ઇમારતો છે, અને એક બે ઇમારતોપર ઘડિયાળ સાથનાં જાપાનીસ ઘપના મિનારાઓ છે. જાપાનીસ ટાઊનના ધોરી રસ્તાઓ સારા છે, અને ત્યાંની દુકાનોમાંની જાપાનીસ બનાવતો ઘણી જાત જાતની મનપસંદ અને માફકસરની સસતી વેચાય છે. દુકાનદારો ઘણાજ નમનતાઇવાલા હોય છે, તમો અંદર જાવો તો ગુઠણ આગળ બેઊ હાયની હથેલી એકએકપર મુકી વાંકા વળી તમોને નમે છે અને તમો માંગો તે ચીજો બાહાર કાહાડીને બતાવે છે અને તમો કાંઈબી લીધા વગર ગમે એટલી મેહેનત તેઓ પાસે કરાવી પાછા ફરો તોબી તેઓ આગળની માફકજ પાછા નમીને તમોને વિદાયા કરે છે અને જરા પણ કચવાયલું મોઢું દેખાડતા નથી, પણ આખો વખ્ત હસતે મોઢેજ અને નમતા રહે છે. જાપાનીસ જેવા નમનતાઈવાલા લોકો ઘણાજ થોડા હશે.

રસ્તામાંથી તેઓ એક એકને મળે છે ત્યારે ઊપર લખવા મુજબ નમે છે અને સુધરેલા સાહેબો જો કે યુરોપિયન માફક તોપીઓ ઉતારે છે, તોબી આગળી ચાલ મુજબ તેઓ વાંકા વળી જાય છે. એ લોકોની દુકાનો તથા ઘરોમાં બેસવાની યુરોપિયન સારૂં ખુરસી થોડી રાખે છે, બાકીના જાપાનીસો તો જેમ મુસલમાન લોકો નિમાજ કરતી વખ્તે ગુઠણુમડીયે પાછળ પગ કરીને તેને એકગમ ફેરવીને બેસે છે તેમ બેસે છે. સારી પદવીવાલાં માણસો (ઈહાં તો દુકાનદારો પદવીવાલા છે) આગળ પેગામ લાવનારાઓ તથા એવી હલકી પદવીવાલાઓ આવે છે ત્યારે આખો વખ્ત પેલો હલકી પદવીવાલો નમ્યા કરે છે ને વાંકોને વાંકો ઉભો રહે છે તે વખ્તે હાથની હડેલીઓ જોડી આગળ ધરી રાખે છે ને જો વખત વધતો લેવો હોય તો ભોંયપર ગુંઠણુ મડીને ઊપર મુજબ બેસી જાય છે પણ સીધો ઉભો રહી શકે નહીં. એ મુજબ અમો દુકાનોપર ફરતા હતા ત્યારે ત્યાં જોતા હતા જે મજેતું નવાઇ જેવું લાગતું હતું. એ જાપાનીસ ટાઊનમાં દુકાનો ઘણી કાંઇ વગર ગણત્રીની ઈહાંની બનાવતોની છે જ્યાં (Laquor Ware) લાખની બનાવતનું વારનીશનું ફરનીચર તથા લાકડાં, હાથીદાંત, શીપ, અબનુસ ઈત્યાદી ગોઠવીને તરાંહો ઘણી સરસ પાડેલી હોય છે. બ્રાન્ઝ ધાતુની બનાવતો પણ ઘણી સરસ અને તારીફ લાયક છે. પંખેરાંઓ તેનાં બનાવે છે તેનાં પીછો જાણે છુટાં હોય તેમ દીસે છે ને ઘટમ સઘળું મજેતું કરે છે. રેશમી કાપડની બનાવત ઈહાં ચીન કરતાં પણ સરસ કહે છે, તે ઊપરતું ભરતકામબી ઘણું સારૂં રેશમ તથા કસબનું બનાવે છે તેમાં ઝાડો, પંખેરાંઓ, જાનવરો તથા ફુલોની તરાંહ ઘણી અચ્છી રીતે પાડે છે વળી ઈહાંના ચિતારાઓ પણ કોઇ કોઇ ઘણા હુશિયાર છે. રેશમી રોમાલ યા પરદાઓપર આપણી સબીઓ હાથે ઘણી સારી અને આબાદ આકારની પાડી આપે છે. અમોએ ઘણા નમુનાઓ ઇંગ્રેજોની પડાવેલી એવી રોમાલપરની સબીઓના જોયા હતા જે સારી રીતે લાઈટ શેડ આપીને પાડેલા હતા અને વળી તેની કાંઇ ઘણી કિમત લેતા નથી આસરે પાંચ ડાલરમાં એક સબી

તેવી પાડી આપે છે. યુરેપિયન ધપનું જેબી તમે પસંદ કરો તે ઈહાંના કારીગરો તેની નકલ ઘણી સરસ કરી આપે છે અને કિમત કાંઇ ઘણી લેતા નથી. ઈહાંનું કોરીકામ ઘણુંજ ઊંચું છે અને ગામડાંઓમાંથી તે બની આવે છે તે ઉપર હાથના કીધેલાં ચીતારો તથા ગીલીટો અને રંગ મજેના ટેસ્ટથી કીધેલા હોય છે અને તેની કિમત જોતાં ઘણો સસતો વેલાતના ભાવો સાથે સરખાવતાં લાગે છે. રેશમના ટાંગવાના પરદાઓપર રેશમી ભરતકામ ઊપરાંત ખોટા કસબનું કસબી ભરતકામબી ઘણું સરસ અને ઊપસાવેલી તરાંહનું બનાવે છે. એ ઉપસાવેલાં ભરતકામપર માણસો પાડે છે તેઓનો પોશાક કપડાંથીજ તે ઊપર સીવીને પેહેરાવે છે તેથી જાણે ખરેખરાં પુતળાં ગોઠવ્યાં હોય તેમ તેઓ દીસે છે. કસબી ભરતકામ રેશમી ભરતકામ કરતાં સસતું બનાવે છે તેનું કારણ એ કે કસબ સઘળો ખોટો અને કાગજપર વરખની માફક વળગાવેલો દોરા માફક કરી વાપરે છે તેથી તે ઘણો સસતો થાય છે. એ ઊપરાંત રમકડાંઓ તથા બીજી પરચુટણ બનાવતો ઘણી જાતની હમારા જોવામાં આવી હતી જે બધાંઓની કિમત માફકસરની લાગે છે. દુકાનદારો ઘણો વધારીને ભાવ માગતા નથી પણ થોડોજ ફરક રાખી માગણી કરે છે તેથી આપણને ઘણા ઠગાવાની ધાસ્તી રહેતી નથી અને જોવા મેલે લોક દયાનતદાર લાગે છે.

ઈહાંની દુકાનો મુંબઈની ગામઠી મોટી દુકાનોને મળતી આવે છે. કોઇજ દુકાન વેલાતી ઢબ ઉપર હશે. જાપાનીસ ટાઉનની ઇમારતો જાપાનીસ ઢપ ઉપર બાંધી છે. તેઓ ઘણીખરી નીચે દુકાને, જરા ઊંચી ઉભરણીની બાંધો તે ઉપર બેઠા પુણા અને મહાબલેશ્વરને મળતા મજલા બાંધે છે, પણ એના છાપડાં જરા વધારે ઢળાવવાલાં કરી તે ઉપર પાટિયાં જડીને ચીકટ જાતની મટોડી પાંથરી મામલોરી નલીયાં જેવા બેઠાં નલીયાંઓ તે ઉપર ચોંટાડી દીયે છે. કે ફરીથી ચારવાં પડે નહીં. પણ તે વધારે જાડાં હોવાથી તથા મટોડી તેની બિચે હોવાથી તે ઘણા ભારી જેવા લાગે છે અને વળી તેમાં વધારો કરવા છાપડાંના મોભ તથા ગોનીયા ઉપર ચુનાના તથા નલીયાંના



જાપાનનો એક મોહોલો.

મોટા એથી ત્રણ ફીટ ઊંચા વાંટા કરી લીએ છે, જે નકશીના આંકાર૨માં વારાફરતી એક એક ઉપર ગોઠવે છે, જેથી છાપડાંનો દેખાવ કાંઈ ઓર તરેહનો લાગે છે. ગોનીયા છાપડાંને છેડે આવ્યા કે તેને જરા અંદરની બાજુથી વાંક આપે છે તેથી છાપડાં શોભે છે. ઘરો બધાં લાકડાંના બાંધેલા હોવાથી આગની ધાસ્તી અત્રે ઘણી છે અને જ્યારેબી આ લાગે છે ત્યારે આખો મોહોલો થોડા વખ્તમાં બળી જાય છે. તે સારૂ દુકાનવાલાઓ જોકે અમલો લાકડાંનો બાંધે છે તોબી તેની આસપાસ ફરતી ઇંટ ચુનાની દેવાલ બાંધી લે છે અને બારી બારણાં જે લાકડાંના હોય છે તેની બાહાર જાડી દેવાલ રાખે છે, જેમાં લોખંડનાં બારણાં સેરવવાના રાખી રાતના તેનેથીજ દુકાનો બંધ કરે છે, અને આગની વખ્તે સઘળા બારી બારણાં જે એવીજ રીતના બનાવેલા હોય છે તે બંધ કરી નાખવાથી આગમાંથી તે ઘર બંચી જાય છે. ઇહાંની ઇમારતોનો વિમો તો કોઇ ઉતારેજ નહીં એટલી ધાસ્તી આગની વખ્તે રહે છે, પણ આવી રીતની ઇમારતોનો તથા તેના સામાનનો વિમો ઉતારે છે. જાપાનીસ દુકાનો જોઈને પછી શેહેરમાં ફરતાં ફરતાં જાનવરો તથા પંખેરાંઓની દુકાનો ઉપર અમો ગયા હતા, જ્યાં વખણાયલાં જાપાનીસ કુત્રાઓ જેઓ ઘણા નાના કદના તથા બેઠાં મોઢાના આવે છે, તથા મરઘાઓ કોઇ ઘણાંજ નાના કદનાં અને કોઈ મોટા હતા, જે છેલ્લાઓની પુછડીનાં પીછો પાંચથી છ ફીટ સુધીના લાંબા હતાં, જે ઘણા જોવાલાયક છે. તેઓની પુછડી ખરાબ નહીં થાય તે સારૂં ઊંચા ૭ ફીટના પીંજરાંઓમાં તેઓને રાખે છે હેઠલથી ખાંચાઓ રાખે છે જેમાંથી પુછડીના પીછો નિચે સીધાનેસીધા રહે છે. એવા મરઘાઓ દર જોડીના ૧૦ ઇઅન યાને ડાલરે વેચાય છે. જાપાનીસોની બોલી ઘણીખરી હિંદુસ્તાનની ટેલંગી બોલીને મળતી આવે છે અને સાંભળવા મુજબ તે જલદી શીખાઇ શકાય છે. અમે અત્રેના બજારમાં ગયા હતા, જ્યાં સારી ફરૂટ તથા તરકારી વેચાતી હતી, ફરૂટમાં પીચીસ, સેફ, દરાખ, અંજીર, ઉપરાંત ખાકી કરીને એક નવી જાતની ફરૂટ જોઇ હતી, એ ફરૂટ તામોટાના જેવા આંકાર તથા રંગની આવે છે,

પણ તેની અંદરનો માવો પ્લુમ્સ ફરૂટને મળતો છે તથા તેના બીજ અંદુસના જેવા છે. એ બે જાતના આવે છે. એક જાત કહણુ આવે છે, તેનો સ્વાદ ગલેલીની છાલના જેવો પણ જરા મીઠાશ ઉપર છે. બીજો પોચા ટામેટાં જેવા છે તેનો પ્લમ્સ જેવો સ્વાદ છે. એ ઉપ-રાંત તાજાં ઉનાફ પણ ઈહીં વેચાતાં હતાં જે સુકાં જેવા સ્વાદમાં સારાં લાગતાં નથી. ઈહીંની ગામડી દુકાનો ઉપર નિશાની દાખલ કાગજનાં ફાનસોપર અક્ષરોથી વિગત લખે છે. એક હકીમની દુકાન ઉપર બાહાર મોટી કાગજની સીસી બનાવી ટાંગેલી હતી. હોટલો પરંબી મોટાં નામનાં ફાણુસો ટાંગે છે. નાટકશાળાઓપર લાંબાં અને પાતળાં કાગજના વાવટાઓ વિગતો લખીને બેશુમાર બાહર ટાંગે છે. જાપાનીસોને જોયા મેલે નાટકોનો તથા બીજી ગમતોનો ઘણો શોખ હોવો જોઇયે કારણકે એ બાજુપર દર બીજે અને ત્રીજે ઘેરે એવી ગમતોનાં મકાનો હતાં. એકગમ પાણીમાં તરવાની કસરત, બીજીગમ અંગબલની કસ-રત; કોઇ ગમ છાંનપુતળાંના નાચની માફક તથા એ લોકોની ઓરતો નાચ તથા કસરત કરી બતાવે છે, અને કોઇ ગમ નાટકની માફક ખેલો થાય છે. અમોએ એક બે ખેલ અમથા જોયા હતા. નાટકરોકો ખેલ કરે છે તે આપણને જો કે સમજણ પડતી નથી, તોબી એ લોકોનું આકટીંગ જોવા પ્રમાણે સારૂ લાગતું હતું અને ચીનાઓનો નાટક અમે સેંન ફ્રાનસીસ્કોમાં જોયો હતો તે કરતાં આ ખેલ ઘણો સારો હતો. નાચ કરનારાઓ નાટકના તખ્તાની પાછળથી ધારા પ્રમાણે આવતા નથી, પણ તમાશગીરોની વચ્ચેથી એક બાજુપર નાનો રસ્તો રાખે છે તે રસ્તે તખ્તાપર જાય છે. નાટક સહવારથી રાત સુધી ચાલે છે, તે જોવા આવનારાઓ સારૂ જમીનપર બેઠકો કીધી છે, જેઓ ભોંયપર સાદડીપર બેસીને જોય છે. કેટલાકો અમો ગયા ત્યારે ત્યાં પડ્યા પડ્યા ઊંઘાતા હતા, કેટલાકો પોતા સાથ ખોરાકી તથા ચાહે લાવેલા તે ખા-તાપીતા હતા અને જાણે પોતાનાં ઘરમાં બેઠા હોય તેવી રીતે ઈહીં વર્તતા હતા, એક બીજાઓ સાથ બેસીને વાતો કરતા હતા, બીડી પીતા હતા અને પોતાનાં નાનાં છોકરાંઓ વટીકને ત્યાં લાવીને ઘરબાર માંડી

બેઠા હતા. એ લોકોનાં નાટકશાળાના પરદાઓ બદલવાનું ઈંહાં નથી, પણ તેને બદલે નાટક કરવાનો આખો તખ્તો જે પૈડાં ઉપર હોય છે તે ફેરવે છે, અને પાછળો ભાગ આંગળ લાવે છે અને તેમાં નાચ કરનારાઓબી સાથ તૈયાર ઉભા રહેલા ફરે છે. આખો વખ્ત એક ઢોલ તથાં નાની સારંગી ઉપર ગાયન વજાડ્યા તથાં ગાયા કરતા હતા. અમોએ થોડો વખ્ત એ નાટક જોઇને પછી બાહાર ગયા હતા. નાચમાં સમજણ પંડવા પ્રમાણેતો કોઇ સારાં માણસને પોતાની મોહોરદાર ઉપર કોઇ બીજા શખ્સ સાથં દોસ્તી પડવાનો શક ગયો હશે અને તે મોહોરદાર પોતાનાં નાનાં બાલક (એ બાલક એક નાનું પુતળું પેટ દાબે ત્યારે અવાજ કરે તેવી જાતનું હતું) સાથે તેના ઓરડમાં હસતી હસતી ધણીને ખુશીથી મળવા આવતી હતી, પણ ધણીએ તેણીને એ બાબદ ધમકાવીને ઘરની બાહેર જવા કહ્યું તેથી તેણી એકદમ ફગલાઇને રડી પડી હતી તેટલાં એક પડોશી મળવા આવ્યો, જે બારણાંની બાહેર ઉભો રહીને અંદરનું સઘળું તોફાન જોતો હતો અને જેવો પેલો ઘરધણી પેલી ઓરતને ધકો મારી બાહર કાહાડી મુકવા જાય છે તેવોજ સામો આવીને તેને અટકાવીને કાંઇ તરેહતરેહની રીતે ઠઠ્ઠા મશ્કરી સાથ સમજાવતો હતો. એ સઘળું જાણે બરાબર બનતું હોય તેમ તેઓ ભજી બતાવતા હતા તેથી સમજણ થોડી થોડી પડતી હતી. ત્યાંથી નિકળેલા ઇંહાંનું પાણીને લગતું બાંધકામ જોવા ગયા હતા. અત્યાર સુધી ઇંહાં કુવાઓ ખોદીને તેનું પાણી વાપરે છે અને થોડા ફીટ ઊંડો ખોદે છે તો મઝેનું પાણી મળે છે. પણ વારા ફરતી રોગો ફાટી નિકળવાથી ઉપલું બાંધકામ હાલ બંધાઇને તૈયાર થયું છે અને દુરથી પાહાડનું પાણી લાવી ઇંહાં તલાવ બાંધ્યો છે તેમાં પાણી ગાલીને પછી શેહેરને પુરૂં પાડશે. એ તલાવ ડુંગર ઊપર બાંધેલો છે અને તે શેહેરથી આસરે ૨૦૦ ફુટ ઊંચો હશે. ત્યાંથી શેહેરનો દેખાવ પણ સારો દીસે છે અને તે જાણે બે ડુંગરોની વચ્ચે લાંબુને લાંબુ બંધાયલું હોય તેમ લાગે છે. જાપાનીસો હમણા બધી રીતે સુધારો કરે છે તેમાં એ પાણીના પણ સુધારાથી રૈયતને સુખ ઘણું થશે. અમો

શેહેરમાં ફરતા હતા ત્યારે જાપાનીશો ઘરમાં બધુ કામકાજ કરતા તથા રાંધતા હતા, તે અમો સઘળું રસ્તા ઉપરથી જોઇ શકતા હતા. એ લોકો પોતાના ઘરોની બાહેર સેરંવવાનાં બારણા રાખે છે, તથા દરેક અંદરના ઓરડાઓબી સેરવવાના પાનલનો હોય છે તેથી દિવસે તે સઘળા ખીસાડી નાખીને જાણે એકજ ઓરડાનું ઘેર હોય તેમ બનાવી દીયે છે, તેથી રસ્તાપરથી છેક ઘરના પાછળા ભાગ સુધીનું બધું દીસે છે. રાતના પાછા તે પાનલો બંધ કરીને તેના છુટા ઓરડાંઓ બનાવી લીયે છે. એ લોકોમાં ઓરત મરદનો કશો મલાહજો નથી, અને શેહેરના મોહોલામાં બએ ત્રણ ત્રણ હમામખાનાંઓ હોય છે ત્યાં મરદો તથા ઓરતો સઘળાં ખોલ્લે દિલે એકએકને જોઈ શકે તેમ અંગોલ કરે છે. તેઓને અસલ એકજ તાંકીમાં સાથે અંગોલ કરવાની ટેવ હતી, પણ હમણા સુધારો ચાલે છે તે માટેનો અટકાવ કરીને જુદી જુદી પણ પાસે પાસેની તાંકીઓમાં મરદો તથા ઓરતો છુટાં અંગોલ કરે છે, પણ અંદર જતાં આવતાં તેઓ એકએકને જોઇ શકે છે અને રસ્તાપરથી તથા બારીઓના રંગીન કાચોમાંથી રાહદારીઓ તેઓને અંગોલ કરતાં જોય છે તેની આ લોકો કશી દરકાર કરતાં નથી.

તા૦ ૧ લી અકટોબર સને ૧૮૮૭—આજે સહુવારના કલાક ૧૧ વાગેને યોકોહામાથી આગની ગાડીમાં બેસીને ટોકીઓ કરી શેહેર છે ત્યાં જવા સારૂ નિકળ્યા હતા, ઇંહાંની આગની ગાડી નાના માપની છે પણ ગાડીઓ મઝેની બનાવેલી છે અને વેલાતની માફક તેના ત્રણ વર્ગો કીધા છે. ત્રીજા વર્ગની ગાડી લાકડાંની બેઠકોની આડી એક એકની પીઠ કરતી કીધી છે પણ બીજા અને પેહેલા વર્ગની બેઠકો ઉભીને ઉભી ગાડીની બાજુએ કીધી છે અને તેના દરેકના ત્રણ ભાગ કીધા છે. બીજા વર્ગની બેઠકો નેતરની અને પેહેલા વર્ગની લાલ ચામડાની ગાદીની કીધેલી છે. એ રેલ્વે ઇંગ્રેજોની એક કંપનીએ બાંધી છે, પણ સઘળો કારોબાર જાપાનીસોજ ચલાવે છે. ગાડીઓ કલાકના આસરે ૧૬ મૈલને હિસાબે ચાલે છે. આગનીગાડી સીનાગાવા કરીને સ્ટેશન છે

ત્યાં સુધી દરિએ કિનારેજ દોડતી હતી અને બધે ખેતીવાડી કીધેલી તથા જાણે ચાલુ ગામડાંઓ હોય તેમ વસ્તી દેખાતી હતી. ખેતી-વાડીમાં મોટો ભાગ ચોખાના પાકનો હતો, બાકીની તરકારીઓનાં બાગો કીધેલા દિસ્તા હતા. અમોએ ૬૬ મૈઇલની મુસાફરી આજે સાંજ સુધીમાં આગગાડીમાં કીધી અને ઉતસોનોમીયાં સુધી ગયા તેનો મોટો ભાગ-એ મળ્યો હતો. જમીન પણ કાળી ભમર જેવી અને ફ્રુટી મટોડીની જાણે ખાતરજ હોય તેવી દીસ્તી હતી અને તે ઉપર ભરપુર રોપણી તરકારીની દીસ્તી હતી. ઇહિાં ખાતર દાખલ માણસનું નરખ વાપરે છે તેથી તરકારી ઘણા મોટા કદની થાય છે. અમોએ મુલા ત્રણ ફીટ જેટલા લાંબા જોયા હતા અને તેજ મુજબ બીજી તરકારી જમીનમાં થતી હતી. ઇહિાં બધા શેહેરો તથા ગામડાઓમાં હલાલ-ખોરો હોતા નથી પણ ખેતીવાડી કરનારાઓ પોતાના માણસો રાખે છે જેઓ ઘરોમાં ખાડાની અંદર પીપો મુકી આવે છે અને તે દર વખ્તે ખાલી કરી જાય છે, અને બધેબધ નેહેરો હોવાથી તેનાં પીપો ભરીને બોટોમાં લાધી તેનાં ખેતરો તરફ લઇ જાય છે. એ મુજબ ચોકોહા-મામાં અમોએ બોટો નેહેરોથી પસાર થતી જોઇ હતી પણ તેના પી-પોના મોહોડાં બંધ કીધેલાં હોવાથી અમોને જણાવ્યા વગર તે બોટો એ કારણસરની છે એમ સમજ્યા હતા નહીં. આજે વાદળ જોકે આખો દિવસ ઘેરાયલું હતું અને છુટો છવાયો વરસાદબી પડતો હતો તોબી હવા ખુલ્લી હોવાથી દુરથી ફુજીયામાંનો પાહાડ દીસતો હતો. એ પાહાડ જાપાન દેશમાં સૌથી ઊંચો છે અને તેની ઉપર હમેશ બરફ પડી રહે છે. એ પ્રમાણેનો દેખાવ જોતા રસ્તામાં બે ગમ ગાડીઓ જંક્ષન સ્ટે-શનોપર બદલીને સાંજનાં પોણાપાંચ વાગે ઉતસોનોમીયાના સ્ટેશનપર પુગ્યા હતા. ઇહાં આગગાડી આગળ નીકો તરફ ચાલતી નથી તેથી રાતના રેહેવાનો ઠરાવ કીધો હતો કે કાલે સહવારનાં ઇહાંથી નીકો ગામ ૧૮ મૈલ દુર છે ત્યાં જઈશું. અમો જાપાનીસ હોટલ જેને ચાહનાં ઘેર કરી પિછાણે છે ત્યાં ઉતર્યા હતા. એ હોટલ જાપાનીસો ચલાવે છે. સરકારના હુકમ પ્રમાણે બાહારના દેશીઓને ભીતરના

ભાગમાં હોટલો ચલાવવાનો યા કોઇ ધંધો કરવાનો હુકમ નથી અને તેને લીધેજ જેઓ અંદરના ભાગમાં જાય છે તેઓને પાસપોર્ટ લેવી પડે છે. તેઓ શું કારણસર અંદરના ગામોમાં જાય છે તે જણાવવું પડે છે. અમો ઊતર્યા તે હોટલ એક માલનું માફકસરનું મોટું છે, અને તેમાં ઓરડાઓ મઝેનાં કુસાદે કાગળના પરદાઓ કરીને કીધેલા છે, પણ અંદર ગલીચા સિવાય બીજું કશું ફરનીચર રાખતા નથી પણ ઇંગ્રેજો જ્યારે આવે છે ત્યારે એક ટેબલ અને એક ખુરસી તે ઓરડામાં ગોઠવી આપે છે. અમો હોટલમાં અંદર ગયા ત્યારે અમારી સામે સપાટો લાવીને મુકી હતી કે તેમાં પગ બુટ સુધાં રાખીને અંદર જઇયે. જાપાનીસોનાં ઘેરમાં સાદડીઓ જડેલી તથા જમીનનાં પાટિયાં પાલીશ કીધેલાં હોય છે તેથી તે ઉપર રસ્તામાં ચાલવાના બુટ સાથે કોઇને ચાલવા દેતા નથી અને એ લોકો બધા પોતાનાં ઘરોબી ઘણા સફાઇથી રાખે છે, અમો તે સપાટ પેહેરીને મકાનમાં ગયા હતા. ઈંહાં અમોને દરેક ઓરડાના ૭૫ દોકડા ભાડું આપવું પડયું હતું અને જાપાનીસ ખાવાનું આપણને ખાવા ગમે નહીં કારણકે તેલમાં સઘળું રાંધે છે તેથી હોટલવાલાએ બીજીગમથી યુરોપિયન.ફાશીનનું ખાણું કોઇ બનાવતો હશે ત્યાંથી અમોને વેચાતું મંગાવીને આપ્યું હતું. અમારી સાથે એ હોટલમાં બીજા ત્રણ અમેરીકનો ઉતરેલા છે અને બધાઓને પોતાના ઓરડાઓમાં ખાવાનું લાવી આપ્યું હતું. ખાણું માફકસરનું વગર મીઠાં તથા વગર સ્વાદનું રાંધેલું હતું, પણ તેની ઊપરજ શુક્રાના કરવા પડ્યા હતા. અમારા ઓરડાઓ માલપર છે અને તેની અગાસીપરનું બારણું કાચનું અને સેરવવાનું છે. અમારી સાથે મી૦ ઈભરામજીબી આવેલા છે અને અમો ત્રણે જણના ઓરડાઓ હારબંધ પાસે પાસે છે તેની વચમાંબી સેરવવાના કાગળના પરદાઓ છે, જે ખુલ્લા હોય છે ત્યારે આખો એક હોલ હોય તેમ થાય છે. રાતના અમોને જમીનપર મઝેના બિછાના કરી આપ્યા હતાં અને તકિયાને બદલે ઓઢવાની સુજની રૂની ભરેલી આવે છે તેવીને ગોળ વીટો કરીને લેવો પડયો હતો, કારણકે જાપાનીસો લાકડાના નાના ચોરસ

તકિઆઓ વાપરે છે, તેપર સુઇએ તો બીજે દીને ગરદન રહી જાય. ઓઢવા સારૂ પણ એવીજ સુજની આપી હતી અને કાચની પરદારોકી બારીમાંથી પવનની ફુક આવતી હતી તેથી આવી જાડી સુજની બહુ કામ લાગી હતી, અને ઠંડી માલમ પડી હતી નહીં.

તા૦ ૨ જી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૮ વાગેને ઉતસોનોમીયાં (Utsonomia) થી નીકો (Nikko) જવા સારૂ જીનરીક્ષાની ગાડીમાં નિકળ્યા હતા તે ત્યાં બપોરના કલાક ૧—૩૦ મીનીટે પુગ્યા હતા. એ નીકો ગામ ઉતસોનોમીયાંથી ૧૮ મૈલ આસરે દુર છે. આખે રસ્તે વારા ફરતી વસ્તી મળતી હતી અને ગામડાંઓ પણ આસરે એક યા બે મૈલને તફાવતે મળ્યા કરતાં હતાં. અરધા અરધ રસ્તે મઝેનાં ઘણા મોટા ઝાડો રસ્તાની બેઉ બાજુપર હારબંધ છેક નીકો શેહર સુધી રોપેલાં છે, જેથી જાણે કોઇ બાગમાં આપણે ફરવા નિળ્યા હોય તેવું લાગે છે. એ ઝાડો ઘણાં ઉંચાં આસરે ૧૦૦ ફીટ જેટલાં અને જાડાઇમાં પણ ઘણાં, કોઇ કોઇ તો નિચેથી ૨૫ ફીટ ઉપર ઘેરાવાનાં અને તદન સરવ જેવાં સીધાં છે, જેઓની છેક મથાળેથી ડાલીઓ રસ્તાની વચમાં એકએકની સાથે મળી ગઇ છે તેથી સુરજના તાપથી રાહાદારીઓનો બંચાવ સારો થતો હશે. અમોને તો આજે આખો દિવસ ઘેરાયલું વાદળ મળ્યું હતું તેથી સુરજ તદન જોયો નથી. ઇંહિંના રસ્તાપરના ગામડાંઓનાં ઘરો ઘણાખરાં લાકડાંના છે પણ તેઓના છાપરાં ઘાસના મહાબલેશ્વરના બંગલાઓનાં છાપરાં જેવાં જાડાં બનાવે છે અને કોઇ કોઈના તો લાકડાંની પટી બે દોરા જેટલી પાતળી આસરે બે ઇંચ પોહોળી અને એક ફુટ લાંબી નળીઆં માફક એકએકની ઊપર ગોઠવીને ઉપરથી વનજીની પતીઓ જડી લીયે છે. એ પતીઓ દેવદારી લાકડાંની બનાવે છે. એ દેવદારી પાટિયાંની ચીર જેપાનીસો એટલી તો કોઇ વખ્તે પાતળી બનાવે છે કે તે કાગજ લખવામાં વપરાઇ શકે છે. એવી જાતનાં કાગજો તથા પરબીડાંઓ યોકોહોમાની દુકાનોપર વેચાતાં જોયાં હતાં. અમો

નીક્કોમાં સુઝુકીયા (Suzukia) નામના જાપાનીસ ટી હાઊસમાં ઊતારો લીધો હતો. ઈહાં રોજનાં માણસ દીઠ બે ઇઅન યાને ડાલર લીયે છે અને ખાવાનું યુરોપિયન ફાશનનું માફકસરનું સારૂ આપે છે, ઓરડાઓમાં ફરનીચર ઉતસોનોમીયાનાં હોટલ માફકજ છે, પણ લાકડાંની પતીના કોચો સુવા સારૂ આપે છે (અમો ઉતસોનોમીયાં ટી હાઉસમાં ઉતર્યા હતા તેનું નામ થચંગાઆ કરીને હતું). અમો સાંજના ૪ વાગેને હોટલથી આસરે ત્રણ મૈલ દુર ડુંગર ઉપર નીક્કોનો વાટરફોલ (જેને થાકી કરી કહે છે) તે જોવા ગયા હતા. ઈહાં જવાનો રસ્તો ડુંગરો પર બીકટ હોવાથી ત્યાં જીનરીક્ષા ગાડી જતી નથી પણ એક જાતની પાલખીમાં જવાય છે. એ પાલખી ડોલીના જેવી છે. તેની બેઠક બેઓરોકી આપણે પલાઠી મારીને બેસી શકીયે તેટલી છે જેને એક લાંબા બાંબુ ઉપર લટકાવીને બે માણસો ખાંધપર ઉચકીને ચાલે છે તેની બેઠક કાથાની દોરડીની જાલી જેવી બણુતની છે તથા પાછળ અઠીંગવાની પીઠ પણ તેજ જાતની બનાવેલી છે, પણ એને ઉંચકનારા જાપાનીસો, ધારા માફક ઠીંગણા હોવાથી બાંબુ ઘણો નિચો બાંધે છે જેથી આપણુને ડોકી એક બાજુએ રાખીને બેસવું પડે છે અને વળી ઉપર છત્રી જેવું હોવાથી માથે પાઘડી પેહેરાઇ શકાતી નથી.

અમોએ એક નદી જેનો મોટો ભાગ સુકાઇ ગયલો છે તે એક લાકડાનાં પુલ ઉપરથી પસાર કીધી હતી. એ પુલની પડોશમાં એક બીજો પુલ (Laquerware) જાપાંનીસ લેકરવેરનો લાલ રંગનો બનાવેલો છે જે ઉપર થોડીએક ગીલીટ કીધેલી છે. એ પુલ હમેશાં બંધ રાખે છે પણ જાપાનનો રાજા યા વડો પાદરી આવે છે ત્યારે તેનેજ પસાર થવા ઉઘાડે છે, જે ઉપરથી ઈહાંનાં એ લોકોનાં વખણાયલાં દેહેરાંઓમાં જવાય છે. એ પુલ પસાર કીધા પછી ડુંગરો પસાર થઈને નદીને બીજી જગ્યે એક તેમાંથી કીધેલી પગથીપરથી પસાર કીધી હતી જે ઉપરથી નદી જ્યારે પુર જોરમાં હોય ત્યારે જવાઇ શકાય તેવું લાગતું નથી. એ મુજબ આસરે એક મૈલ ગયા કે થાક લેવાનું ઝુપડું આવે છે જ્યાં

ચાહ રાહદારીઓને પુછે છે. ત્યાંથી ડુંગરો ઉપર થઇને ધોધ જોવાની જગ્યા ઉપર દોઢ કલાકે જઈ પુગ્યા હતા. આજે આખો દિવસ વાદળ ઘેરાયલું હતું ને અમો અરધે રસ્તે ગયા પછી વરસાદ પડવા લાગ્યો હતો, પણ તે પુનામાં જેમ ઝરમર પડે છે તેમ પડવાથી અમોને કશી અડચણ પડી હતી નહી પણ મતોડીની જગ્યા હોવાથી રસ્તો જે ઘણો સાંકડો હતો તે સડકનો થઇ ગયો હતો. અમોને ધોધ બરાબર સામેથી પડતાં દીસ્તો હતો જે જોવા સારૂ એક મઝેનું છાપડું નાખેલું છે ત્યાંબી ચાહ પીવાની દુકાન હતી. અમો જ્યાંબી જઇયે છીયે અને કેઠેબી ઠોબયે છે તો ત્યાંવાલા નાનાં પ્યાલાંઓમાં ચાહ લાવીને અમોને તો શું પણ કોલીઓનેબી આપે છે. એ ચાહ પાણી જેવી વગર ખાંડ તથા દુધની હોવાથી અમોને પીવા ગમતી નથી પણ નામને ખાતર હોઠને લગાડવી પડે છે, નહી તો ઈહિંના ધારા મુજબ આપનાર ધણીને અપમાન કીધેલું કહેવાય છે. ધોધ આસરે ૧૦૦ ફીટ જેટલો લાંબો બે તપ્પે પડતો હતો અને કાંઇ ઘણો જોવાલાયક નથી. આસપાસનો દેખાવ ઘણો જોવાલાયક હોવો જોઇયે. અમો તો તેબી બરાબર ધુમસ અને વરસાદને લીધે જોઇ શકયા હતા નહી પણ જે દીસ્યું તે ઉપરથી કાંઇ સંખ્યાબંધ નાના મોટા ડુંગરો હોવાથી દેખાવ સારો લાગતો હતો. અમો તે જોઇને પાછા હોટલમાં આવતાં સાંજના ૬ વાગા હતા. આજે ઠંડીનો પારો ૬૦ ડીગ્રી સુધી ઘણોખરો આખો દિવસ હતો, ઠંડી પવન નહી હોવાને લીધે મનપસંદ લાગતી હતી, પણ વરસાદજી ઘણા હેરાન કરે છે અને જો એ પ્રમાણે રેહેશે તો અમો જે ચુસેનજીનો લેક જોવા જવાના ઈરાદાથી ઈંહાં આવ્યા છીયે તે વિચાર છોડી દેવો પડશે, કારણકે ત્યાંથી આજે સાંજના એક ઈંગ્રેજી લેડી આવી છે તેના કેહેવા મુજબ ત્યાં ધુમસ તથા વરસાદ એટલો છે કે, કશું જોઈ શકતા નથી અને બે દિવસ તે ત્યાં લેકપર રહી, પણ ઉઘાડ મલ્યો નહી અને કાંઇ જોઇ શકી નહી તેથી પાછી ફરી હતી.

તા૦ ૩જી અકટોબર સને ૧૮૮૭—આજે નીકોનાં વખણાયલાં

દેહેરાંઓ જોવા ગયા હતા. એ દેહેરાંઓને ઇહાં દાબુચ તથા ઊતેશ કરી કેહે છે. એ ઊપર જવા આગમચ ગઇ કાલવાલો લેકરવેરનો બનાવેલો પુલ જોયો હતો. એ પુલ સને ૧૬૩૫ માં બાંધ્યો હતો અને તે ૮૪ ફીટ લાંબો અને ૧૮ ફીટ પોહોળો છે. એને ઇંહાં એનેમી આસી કરી કહે છે અને નદી દાયાગાવા (Daiyagawa) ઊપર તે બાંધેલો છે. તે લાલ રંગનો, લેકરવેરનો બાંધેલો છે અને ઘણો મજબુત છે. ત્યાંથી આગળ ચાલતાં શાન બુટસુ દો (Shan Butsu Do) નામનું દેહેરૂં છે તે જોયું હતું. એ દેહેરાંમાં જવા આગમચ એક જાપાનીસ તથા ઇંગ્રેજી બોલીમાં નોટીસ મારેલી છે કે, જે કોઇ ધણી એ દેહેરાંનાં ફંડમાં કાંઇ નાણું આપશે તેનાં નામો યાદગારી દાખલ રાખવામાં આવશે અને એ મુજબ દેહેરાંના દરવાજાની બાહાર એક મોટો ઊભો તખ્તો લાકડાંનો ઊભો કીધો છે તેમાં કાંઇ વગર ગણત્રીની નાની નાની દેવદારી લાકડાંની પટીઓપર એવાં નાણાં ભરનારાઓનાં નામો લખી મુકેલાં છે. એનો દરવાજો નકશી કરીને તે ઊપર છાપડું કીધેલું છે તેમાં થઇને દેહેરાંપર જવાય છે જે ઊપર જવા મજેની પોહોળી સીડીઓ કીધી છે, ઇંહાં અમારી પાસે બુટો કહડાવીને અમો સાથે આગમચથી સપાત લઇ ગયા હતા તે પેહેરાવી હતી. જો એમ સપાત લઇજીએ નહી તો ઇસતાકીન ઊપર ચાલવું પડે છે અને તેમબી ચાલ્યે તો અંદર બધે મજેની સાદરી જડેલી છે તેથી તે ખરાબબી થતાં નથી. એ દેહેરૂં બહારથી બેવડાં છાપડાં એકની ઊપર એક વચમાં આસરે ૧૦ ફીટનો ખાંચો રાખી બાંધેલાં છે. તેનાં છજીઆં ઘણાજ બહાર કહાડેલા છે તેમાં ઊપરનાં છાપડાંના છજીઆં નીચલાં થાંને જરા નાંધેલા છે. એ દરવાજા સારૂ ત્રણ મોટાં બારણાંઓ છે તેમાંથી એક મોટાં દીવાંનખાંનામાં જવા પછે એ હોલની દેવાલ તથા સીલીંગ સઘળું રંગીન લેકરવેરની ગીલીટ તથા નકશીનું બાંધેલું છે તેમાંથી એક બીજા અંદરના હાલમાં જવાય છે જ્યાં ત્રણ ઘણી મોટી બુધની મુર્તીઓ મુકેલી છે તેઓને એક મોટી બેઠક ઉપર લોતસ

જાતનાં મોટાં ત્રણ ફુલોની અંદર પલાંથી મારી બેસાડેલાં છે. એ પુતળાંઓ લોતસ ફલાવર સુધાં આસરે ૨૩ ફીટ ઊંચાં હશે તેઓની પાછળ સવ્રળી ગીલીટની બેઠકો કીધી છે. એમાંનું વચમાંનું પુતળું માણસનાં આકારનું છે. બીજું પુતળું ત્રણ માથાંનું અને ચાર હાથનું છે. ત્રીજું પુતળું એક માથાનું અને ઘણા હાથોનું છે. ઈહિાં અંધારૂં જેવું હોવાથી અમો બરાબર એ પુતળાં જોઈ શકયા હતા નહી. ઇહાં જાપાનીસો ભણવા આવે છે ત્યારે પેહેલાં સીડી ઊપર એક લોખંડનો મોટો બાકસ મુકેલો હોય છે તેની સાંમે ગુઠણુ મંડયે પડીને બેઊ હાથે એ વખ્ત તાબડા ફોડે છે કે જેથી એ લોકના ધારવા મુજબ દેવીનું ધાન તેઓ ઊપર ખેંચાય. તે પછી હાથ જોડીને થોડો વખ્ત ભાયગે એક બે મીનીટ કાંઇ ભણે છે અને પેલા લોખંડના બાકસમાં જેમ ગુજાસ હોય તેમ પૈસા નાખે છે પણ ઘણાખરા એક, બે "રીંગ" કરીને ઇહાંનો સૌથી હલકો પૈસો છે તે નાખે છે એવા એક હજાર રીંગનો એક ઇયન યાને ડાલર થાય છે. એ પૈસા ભણુતા ભણુતા ઊડારીને નાખવાથી ઘણાઓ બાહાર જમીન ઊપર પણ પડે છે જે જ્યારે કચરો વાલવા આવે ત્યારે ઊચકીને પેલા બાકસમાં નાખે છે ત્યાં સુધી ઊઘાડા પડી રહે છે પણ કોઇ તેને ઊચકી યા ચોરી જતું નથી. એ મુજબ બધી દેવીઓ તથા દેહેરાંઓ આગળ અમોએ ઘણા પૈસા પડેલા જોયા હતા. એ ઊપર મુજબ ભણીને પછી અંદર દેહેરાંમાં જાય છે અને ત્યાંબી એજ માફક દેવીની સામે ભણે છે. કોઇ કોઈ કાગજો ઊપર લખી લાવેલા ભણવાની દુવાઓ દેવીની સાંમે ટાંગી જાય છે. કોઇ કાગજની કાપલીઓની તથા બાલોની પીછીઓ પણ એ મુજબ માનતા કીવેલી હોય છે તો ટાંગી જાય છે. એ લોકો ભણુવા આવે છે ત્યારે કોઈ કોઇ બારણાં આગળ ઘાંટો તથા ગોંગસો યાને થાલીઓ હોય છે તે મોટે મોટે વજાડે છે. એ પુતળાંવાલા ઓરડાની બાહાર દીવાનખાનામાં એ લોકોના ગુરૂઓ જેને બોઝા કરીને કહે છે તેની બેસવાની જગ્યા છે જેને મથાળે પીતળનું છત્ર કીધું છે,

જ્યાં બારણુંની ઊપર કસબી કીનખાબના પરદાઓ નાખેલા છે. એ દેહેરાંની પાછળ બીજા ઓરડામાં હારબંધ ઘણાં પુતળાંઓ ગોઠવેલાં છે જે આગળના વખણાયલા લોકોને ખોદાઇ ઓધો આપીને તેઓનાં બનાવી પુંજા કરે છે. જાપાનમાં બે જાતનો ધરમ છે, તેમાં બુધનો અને શીનટો (Shinto) નો છે. પેહેલા ધરમમાં જોકે બુધનાંજ પુતળાંને માને છે તોબી ઇહાં અસલના શીનટો ધરમ સાથ તે મળી જઇને બીજાં પુતળાંઓ તેમાં મુકવા લાગ્યા છે. સીનટોનો ધરમ અસલી જાપાનીસ ધરમ છે અને તેમાં વખણાયલા તથા ધરમાતુ લોકોનાં પુતળાંઓ તથા બીજા કાંઇ હજારો દેવતાઓની મુર્તીઓને પુંજે છે, પણ પાછળથી ચીનમાં થઇને બુધનો ધરમ ઇહિં લાગુ પડયાથી જો કે હમણાનો શેહેનશાહ સીનટો ધરમની તરફેણ છે તોબી બુધ ધરમ પાળનારાઓ ઘણા વધી ગયા છે અને જાપાનીસ રૈયતનો ઘણો મોટો ભાગ બુધનો ધરમ પાલે છે. બુધ ધરમના ગુરૂઓ માંથું બોરાવે છે, અને તેઓને બોદઝુ કરી કહે છે. સીનતો ધરમના ગુરૂઓને "કાનનુસી" (Kannushi) કરી કહે છે. બુધ ધરમની દેવીઓને હાતોકી (Hatoke) કરી કહે છે અને સીનતો ધરમની દેવીઓ જે ૧૪૦૦૦ ને આસરે છે તેઓને કામી (Kami) ને નામે ઓળખે છે. જાપાનીસો ખેતીવાડી કરનારા તથા ગામડાંઓમાં રેહેનારાઓનો મોટો ભાગ સીનતોના અને શેહેરમાં રેહેનારાઓ બુધનો ધરમ પાળે છે, બાકીના હમણાના સુધરેલા અને શીખેલા લોકો એેઉની દરકાર કરતા નથી. ઇહિં ખ્રીસ્ટી ધરમનોબી ફેલાવો ઘણો થાય છે અને ધુમ લોક દર સાલ વટલતા જાય છે. અમો ઊપળું ત્રણ બુધાનું દેહેરૂં જોઇને પછી તેની પડોશમાંના ચોકમાં એક બ્રોન્ઝ ધાતુનો એક અખન થાંભલો છે તે જોયો હતો. તે ૪૨ ફીટ ઊંચો છે અને સને ૧૬૪૩ માં ઉભો કીધો હતો. એને સો—રીન—ટુ (So rin To) કરીને કહે છે. એ થાંભલો ગોળ છે અને તે ઊપર છુટી છુટી ઊપસેલી જાનવરોની તસવીરો પાડેલી છે, અને તેને મથાળે એક લાંબા સળીયા ઊપર છમછમીયાં જેવું ઘાંટ લકટતા

સાથનું ઊભું કીધેલું છે. એ બાજુનાં દરવાજાની આસપાસ અંદરથી બે બીજા બેઠા થંભો નકશીથી કોતરેલા એજ ધાતુના મુકેલા છે તે જોઈને તેની પડોશમાં "ઇઆસુ" (Iyeasu) નામનું ઇહાંનું સૌથી સરસ દેહેરું છે તે જોવા ગયા હતા.

એ દેહેરાંની બહાર બીજા લોકો તેનાં સમારકામ કરવાનાં ફંડમાં નાણું ભરે તેઓના નામોની તખ્તીઓ મારેલી હતી જેમાં ઘણાં ઈંગ્રેજો વટીકના નામો હતાં જેઓમાં કોઇએ ૨૫ તો કોઇએ એક ઇઅન ભરેલો હતો. એની પડોશમાં ઘણી મોટી રકમ ભરનારાઓનાં નામો જરા મોટા અક્ષરની પતીઓપર છુટાં લખેલાં હતાં જેમાં ઇહાંના શેહેનશાહ જેને મીકાડો (Mikado) ના નામથી ઓળખે છે તેણે બે હજાર ઇઅન ભરેલા જણાવે છે. એ દેહેરામાં જવાની આગમચ એક પાંચ મજલાનો પેગોડા (મિનારા રોકું દેહેરૂં) આવેલો છે જેને "તો" (To) કરીને કેહે છે તે ૧૦૪ ફીટ ઊંચાઇમાં છે અને દેખાવે ઘણો સારો લાગે છે. તે લાલ રંગનાં લેકરવેરનો લાકડાંના માચડાપર બાંધેલો છે અને જાણે પાંચ મજલા હોય તેમ તેનાં પાંચ છાપરાંએ તથા ગેલરીઓથી દીસે છે. એનાં છાપરાંઓ પણ બાજુએ ૧૮ ફીટ લાંબા છે અને દરેક છાપરૂં જેમ ઉપરના માલેપર આવે છે તેમ તે જરા નાનાં થતાં જાય છે અને તે સરખી રીતે એ મુજબ થવાથી દેખાવ ઘણો સારો લાગે છે. એની અંદર ત્રણ પુતળાંઓ નિચેના ભાગમાં બેસાડેલાં છે. એ મિનારાનું નામ ગો–જો–ન–થો કહે છે. તે સને ૧૬૫૦માં એક ઉમરાવે (જેને દાયેમીયો કરી કહે છે) બંધાવ્યો હતો. એ મિનારો મુકીને ઇઆસુનાં દેહેરાંમાં જવાનો દરવાજો પેહેલો આવે છે. એ ઉપર બે મોટાં સીંહ જાનવરનાં ગીલીટ કીધેલાં પુતળાં બેસાડેલાં છે. ઇહાંના કમપાઉંડમાં ઘણાં મોટાં પાઇન જાતનાં ઝાડો બેઉ બાજુપર રોપેલાં છે જે ઘણાંજ ઊંચાં અને મોટાં છે. એવાં ઝાડો જાપાનમાં ઘણા રસ્તાઓપર રોપેલાં છે. આએ ઝાડો આસરે દોઢસો ફીટ ઊંચાઇમાં સીધા સરોવર જેવાં

ઊગેલાં છે. એમાંના ઝાડોનાં જાણે જંગલો એ દેહેરાંઓવાલી જગ્યાઓપર આવેલાં છે, તેમાંના કોઇ તો અમો ધારીયે છીયે કે ૨૦૦ ફીટની ઊંચાઈનાં હશે. એટલાં ઊંચાં ઝાડો અમે કેડે જોયાં નથી. એ ઝાડોને ઈંહિં કોઇ આમાકી અને લેટીનમાં (Podocarpus Macrophylla) પોદોકારપસ મેક્રોફાઈલા કરી કહે છે. એ જાત જાતનાં ઝાડો બધે મોટા ધોરી રસ્તાઓપર પણ રોપેલાં મળે છે. એનું લાકડું પોચું છે અને પરચુટણ સામાન બનાવવાનાં કામમાં જેમકે પેટીઓ, દાબડાઓ ઇત્યાદી જે ઉપર એ લોકો લેકરવેરનો જાપાન મારે છે તે બનાવે છે. એ ઝાડોની બાજુપર એક મોટી તાંકી છે જે એક આખા પથ્થરમાંથી કોતરી કહાડેલી છે, તેની ઉપર ૧૨ થાંભળાઓ કરી છાપરું કરી લીધું છે. જાપાનીસો ભણવા આવે છે ત્યારે હમેશાં પેહેલાં હાથ ધોય છે તે સારૂ એ ઈંહિં મુકેલી છે. અંદર દરવાજામાં ગયા કે ત્યાં મોટી મોટી વખારો લાલ રંગના લેકરવેરની બનાવેલી આવે છે તે ઉપર જાતજાતની નકશીઓ તથા ગીલીટ અને રંગ કીધેલો છે. એ વખારોમાં દેહેરાંને લગતો સામાન રાખે છે. બીજીગમ એક દેવીને ફેરવવાનો રથ મુકવાનો તબેલો છે જેબી લેકરવેરના કાળા રંગનો (ચીનાઇ ખુરસીઓ આવે છે તે માફકનો) બનાવેલો છે. એ ઉપર પણ બાહરથી નકશીની કિનારીઓ તેમાં વાંદરાઓ તરેહવાર રીતે બેસાડેલા ફુલો તથા ફલોનાં ઝાડોની વચમાં કોતરેલા છે ને તે સઘળા ઉપર જાત જાતનો રંગ તથા ગીલીટ કીધેલી છે. એ મુકીને વળી બીજે દરવાજે લાલ રંગનો પસાર કીધો કે અંદરની દેવાલપર (દેવાલ સઘળું દેરાં સુધાં લાકડાનુંજ સમજવું) મોરની તસ્વીરો કોતરેલી છે, જેઓને ફુલોનાં ઝાડો ઉપર કોતરીને બેસાડેલા છે. એ દેવાલ જાણે કિલ્લો હોય તેમ મોટી અને ઊંચી બાંધેલી છે. આ કમપાઉંડમાં બ્રોન્ઝ ધાતુનાં ઘણા મોટા કેનડલબ્રાસો આસરે ૧૫ થી ૨૦ ફીટ ઊંચાં મુકેલાં છે તથા લોખંડનાં નકશીના મોટાં ગંજાવર ફાનસો મુકેલાં છે. એ જંગાપર બેઊ બાજુપર કમપાઊંડની વચમાં બે તકોરખાના હેઠલથી નાનાં અને ઊપરથી પોહોળાં થતાં જાય તેવી રીતનાં બાંધેલાં છે અને જાણે દેહેરાં

હોય તેમ તેઓ લાગે છે. એ પછી ત્રીજો દરવાજો પસાર કરવો પડે છે, જે પણ ઘણો નકશીનો છે તેમાં થઇને દેહેરાંપર આવીએ છીયે જેની બધી સીડીઓપર પીતલના પતરાં જડી લીધાં છે. એ દેહેરૂંબી આગળ જણાંવેલાં દેહેરાં માફક ચોરસ છે. તેમાં જવાનાં ૩ ઘણાજ ઝીણી નકશીના દરવાજા છે, તે જાણે પીતલ યા સોનાના બનાવ્યા હોય તેમ તેની ગીલીટથી લાગે છે. તેમાંથી એક મોટાં દીવાનખાનામાં જવાય છે. એ દીવાનખાનું ઘણું સરસ નકશી તથા ગીલીટનું બનાવેલું છે, તેની દેવાલોપર ફુલો તથા પંખેરાંઓની ઊપસાવેલી તરાંહો પાડી છે તથા મથાલે બે કિનારીઓ થોડે થોડે ફરકે બાંધી છે તે ઊપરની નકશીનો તો કાંઇ પારજ નથી અને તેમાં પણ ફુલ તથા પંખેરાંઓ મજેનાં કોતરી તે ઊપર આબાદ તે પંખેરાંના રંગો તથા ગીલીટ કીધી છે. એ દીવાનખાનાની સીલીંગ ચોરસ વગર થાભલાની દેવાલપર ટેકાવેલી બાંધેલી છે તેમાં ૧૦૦ ચોરસ સરખા ખાંચાઓ કરી તેમાં નકશી વચ્ચે ગોલ કુંડાલાં કીધાં છે, જે દરેક કુંડાલાંની અંદર એક જાતનો જાપાનીસો માને છે તેવો બે પગનો સાંપ જેને ઇંગ્રેજીમાં "ડ્રેગન" કરી કહે છે તે પાડેલો છે, પણ દરેક તેવો સાંપ તથા ખાંચામાં નકશી જુદી જુદી તરાંહની પાડેલી છે. એ ચોરસ ખાંચાઓને છુટા પાડવા સારૂં વચમાં સોનેરી ગીલીટની નકશીની જાલીઓ કીધી છે તેથી તે ઘણો સારો લાગે છે. એ દીવાનખાનામાં થઇને દેવીઓવાલા ઓરડાની સામેના હોલમાં જવાય છે જ્યાં પણ ઊપર મુજબની જુદી જુદી તરાંહની નકશીઓ કીધી છે. એ જગ્યાપરના દરવાજા બધા લેકરવેરપર નકશી અને ગીલીટના છે જેની અંદરના ઓરડામાં દેવી રાખે છે જે કોઇને દેખાડતા નથી. ફકત જાપાનનો વડો પાદરી જેને સોહોગન કરી કહે છે તે આવે છે ત્યારેજ તેના હુકમથીજ ઊઘાડે છે. એ અંદરના દીવાનખાનાંમાંની બારીઓ પીતલની જાલીની કીધી છે તેમાંથી ઉજરદું અંદર પડે છે જેથી બરાબર જોવાઇ શકાતું નથી. દેવીવાલા ઓરડાનાં બારણાં આગળ લાંબોને લાંબો એક બાજટ મુકેલો છે જે ઉપર દેવી સારૂ ભોજન મુકે છે જેનાં વાસણ દીવાનખાનામાં વચમાં

એક ચોરસ બેઠક ઊપર રાખી મુકે છે તે ઘાંટ રોકાં છે. ઈહાં એ લોક આખો વખ્ત એક દીવો રાતદીસ બળતો રાખે છે અને કદી બુજવતા નથી તથા એક જાતનું અફરગાન્યું રાખે છે, તેમાં સુખડ તથા એવી બીજી સુગંધી લાકડાંની સલીઓ ક્રિયાને વખ્તે બાળે છે. એ લોકો ભકતી કરે છે ત્યારે બ્રાહમણો હારબંધ ગોળ કુંડાલાંમાં બેસે છે, અને હાથમાં દાનાની હારદી લઇને જેમ બને છે તેમ જલદીથી એઓની બોલીમાં ખોદાયના યા જે દેવીને પુજતા હોય તેનાં નામો વગર થોભવે બોલ્યાજ કરે છે. એક જન ઘોલ લઇને બેસે છે જે રેતીનાં ઘડિયાલનાં ગલાસ આવે છે તેવા ઘટમનાં હોય છે તે ઉપર જેમ બોલે છે તેમ દર બોલે ઠોકયો જાય છે. અમોએ એ મુજબ ભકતી કરતાં ઊપલાં દેહેરાંઓની પાછળ બીજાં નાનાં દેહેરાંઓ છે ત્યાં જોયા હતા. એ લોકોના તેહેવારના દિવસોપર ભણવા સારૂ હાથનાં લખેલાં લાંબીપતી જેવાં પાર્ચમેંટ કાગજો છે જેમાંથી વાંચીને ગાયનની રીતે ભણે છે. એવા પાર્ચમેંટોને ગોળ વીતા કરીને પેટીઓમાં મુકી તેઓને દીવાનખાનાઓની વચમાં રાખે છે. એ ઉપલી દેવીવાલી જગ્યાની પડોશમાં બેઊ બાજુએ બે ઓરડા છે તેમાં એકમાં એને લગતા બ્રાહમણોને અને બીજી ગમ ઈહાંના શેહેનશાહ યા તેનાં ખાનદાનનાને ભણવા સારૂ બનાવેલા છે જ્યાં અસલના વખાણાયલાં લોકોનાં પુતળાંઓ ગોઠવેલાં છે જેની માનતા કરે છે. એ મુજબ ઈહાંનાં દેહેરાંઓમાં બુધની તથા સીનતોની બેઊ ધર્મની ક્રિયાઓ ભેળસેળ થઇ ગયલી છે. એ ઓરડાઓમાં ઇનલેડ કીધેલાં લાકડાંઓથી દેવાલપર ઊપસેલાં ઝાડો તથા પંખેરાંઓની તરાહ બનાવેલી છે જે જોવાલાયક છે. એ મુજબ આએ આખું દેહેરૂં આખાં જાપાંન દેશમાં સરસ અને જોવાલાયક કેહેવાય છે. પણ અમો દલગીર છીયે કે તેની પુરતી વિગતો આપી શકતા નથી. ઈહાંનાં પંખેરાંઓની તસ્વીરો તથા ફુલ, ઝાડપાન જે સઘળું કોતરેલું તથા રંગેલું છે, તે ઘણું આબેહુબ મળતું આવે તેવું છે. ઘાટઘટમ વગરનાં એવાં કોતરકામ હોય તેવું બેડોલ નથી. એ સઘળું કોતરકામ તથા રંગ આજે ૨૫૦ વરસપર કીધેલો છે અને તે જાપાનનો કોઇ વખાણાયલો કારીગર

નામે "હીદારીજીન ગોરો" કરીને ડાબે હાથે કામ કરનાર હતો તેનું બનાવેલું છે તે ઘણો હુશિયાર હોવો જોઈએ તેથી તેને સારૂં એક ઈહાંનાં લોકો માને છે તેમ (નુકતો) વાતો સંભળાય છે કે એ ધણી વખણાયો તે આગમજ જાપાનનાં પાયતખ્ત શેહેર તોકીઓમાં એક ઓરત ઉપર આશક પડયો હતો. પણ તે ઓરત મોટાં ખાનદાનની પૈસાદર હતી અને પોતે ઘણો ગરીબ હોવાથી તેની સાથે લગન કરી શકયો નહી તેથી નાસીપાસ થઈને પાછો પોતાને વતન ગયો, પણ પેલી ઓરત એટલી તો તેનાં ધ્યાનમાં હસી ગઈ હતી કે તેની એક મુર્તી તેણે બનાવી જે એવી તો આબેહુબ હતી કે તેમાં પોતાની મેળે જીવ આવ્યો અને પેલા કારીગર સાથે તે પાછળથી સુખમાં રહી હતી.

અલબતતાં એ કાંઈ બને તેવું નથી, પણ એ કાંહની ઊપરથી તે કારીગર કોઈ ઘણો હુશિયાર હોવો જોઈએ એવું માલમ પડે છે. તેના એક નમુના દાખલ એક બિલાડીનું પુતળું ઉપલું દેહેરૂં છે, તેની પડોશમાંથી જેને વાસ્તે એ દેહેરૂં બાંધ્યું છે તેની ઘોર ઉપર જવાનો રસ્તો છે તેના દરવાજાને મથાળે મુકેલું છે. તેની ઘણી તારીફ યુરોપિયનો વટીક કરે છે અને ખરેખર ઘણીજ આબેહુબ જાણે હમણા ચાલશે એવી બનાવેલી છે. અમો ઉપલું દેહેરૂં જોઇને "ઇઆસની" ઘોર જોવા સારૂ એ રસ્તે આસરે ૨૦૦ સીડીઓ ચઢીને ડુંગરને મથાળે ગયા હતા. એ સીડીઓની આસપાસની ખીણોમાં ઉપર લખેલાં ઊંચાં ઝાડોનું જંગલ ઊગેલું છે. જેમાંના કોઇ કોઇ તો છેક નિચાણમાં ઊગેલાં એ ડુંગર કરતાં પણ ઊંચાં હતાં. એ ઘોર એક નાનો કમપાઊંડ ઘેરીને તેની વચમાં ૬ ખુણાની બેઠક ઉપર ધાંટ રોકું એક મોટું વાસણ મુકેલું છે, જેની અંદરથી ઓરડો હોય તેમ છે, અને તેની બાહાર બારણું મુકેલું સઘળું જે છે બ્રોન્ઝ ધાતુનું બનાવેલું છે. તેની સામે એક ટેબલ ઊપર સારસની જાતનું પંખેરૂં (Stork) બ્રોન્ઝનું બનાવી તેના મોઢાંમાં મીનબતી મુકવાનો ખાંચો કીધો છે, તથા પડોશમાં એજ ધાતુનું અફ્રરગાન્યું તથા બીજું એક વાસણ લોટસ જાતના ફુલ (કમર કાકરીના

ફુલ જેવું આવે છે) ના આકારનું ઊંચી બનાવતનું મુકેલું છે અને તેની બાજુ ઉપર બે કુતરાંના પુતળાં જેને ઇંહાં "આમેનું" યાને આસમાનના કુતરા કરી કહે છે તે તપાસ રાખવા બેસાડેલા છે. એ ઈઆસ કરીને જાપાનનો ઘણો મોટો ધર્મગુરૂ ઘણો ભણનાર ગણનાર થઈ ગયો છે. તે પાદશાહી ખાનદાનનો હતો, તે મરી ગયા પછી તેને "ગુ," અથવા "માઇયા", (Gu or Miya) નો ખેતાબ શેહેનશાહે આપ્યો હતો જેવો ખેતાબ આજ દીન સુધી ફકત ૨૧ જણાનેજ મુવા પછી મળ્યો છે અને તેને ખોદા દાખલ ગણીને તેની પુંજા થાય છે. તે સારૂ પડોશમાં જાપાનનું સૌથી સરસ દેહેરૂં બનાવેલું છે. એ જોઇને પાછા નિચે આવતાં જમણા હાથ ઉપર તેના દેહેરાંની પડોશમાં એને લગતું મ્યુઝિયમ છે તે જોયું હતું જેની ફી પાંચ દોકડા લે છે. (દેહેરાં-ઓ જોવાની ફી કોઈની ૧૮ અને કોઇની ૧૫ દોકડા લેખે લે છે) એ મ્યુઝિયમમાં અસલનાં વખતનાં ઘાંટો, હથિયારો, પેટીઓ, જાત જાતનાં ખોટાં મોઢાંઓ (Masks), વાજીંત્રો, નકશી તથા કોતરકામ, બખતરો તથા કોહેલાઓ, પોશાકો એવું એવું મુકેલું છે તે જોઇને પછી એને લગતાં દેહેરાની નજદીક થોડે ઊંચાણમાં બીઝાનું દેહેરૂં છે તે જોવા ગયા હતા. એમાં જવા સારૂં ત્રણ મોટા દરવાજાઓ પસાર કરવા પડે છે જે દરેકની અંદર બેઊ બાજુપર આગળ તથા પાછળ ગોખલાઓ કરીને ચાર મોટા દેવોના કદરબીહામના બલુ, લાલ, લીલા અને સફેદ મોહના-ના પુતળાંઓ મુકેલાં છે અને તેઓને દુનિયાની ચારો દશા તપાસનારૂં દેવતા કહે છે. એ દેહેરૂં ઘણું ખરૂં આગળ લખેલાં દેહેરાંઓને મળતું આવે છે અને તેમાં પણ નકશી તથા ગીલીટકામ ઘણું કીધેલું છે પણ ઈઆસનાં દેહેરાંને પુગે નહી. ઇંહાં કાગજની ચીપલીઓના બનાવેલા વાવટાઓ ઘણા લોકો માનતા દાખલ ચહડાવે છે. એનાં દીવાનખા-નામાં ચીનાઇ ઘોલીઆની છત્રીને ચાર ખુને જેમ નકશીની ઝાલર લટકતી આવે છે તેની જાતની ઘણી સરસ નકશીની ઝાલરો હારબંધ દેવાલોપર લટકાવેલી હોવાથી તે ઘણો શોભે છે. એ બધાં દેહેરાંઓ જોતાં અમોને નજદીક ચાર કલાક થયા હતા અને બધી રીતે તે જાપાનીસ હુનર

દાખલ જોવા લાયક છે. એ બધાં દેહેરાંઓ લાકડાંના આસરે પાંચથી ૭ ફીટ ઉંચા માચડાઓપર બાંધેલાં છે, અને તેઓને જાણે બે મજલા હોય તેમ છુટા બબે છાપડાં મિનારા રોકાં કીધેલાં છે. અમો આજે બપોરનાં નીકોના ગામમાં ફર્યા હતા, એ એકજ મોહોલાનું બનેલું છે, અને આસરે એક મૈલ જેટલું લાંબુ હશે, ત્યાં કાંઈ જોવા લાયક નથી. ફક્ત દુકાનોમાં જાપાનીસ બનાવતની જાત જાતની ચીજો વેચાય છે, તેનો ભાવ ઘણો મોઘો માગે છે. એ ગામ જાણે ત્રણ પાહાડોની હારની વચ્ચે આવેલું છે અને આસપાસનો દેખાવ સારો છે. ઇહાંના પાહાડોનું નામ નીકોઝટાન કરીને છે, તે ઉપરથી ગામનું નામ પણ નીકો કરીને પાડેલું છે. અમો આજ સુધાં બે દિવસ ઈહાં રહ્યા હતા, પણ આખો વખ્ત વાદળ ઘેરાયલું તથા બપોર પછી વરસાદ મળ્યા કીધો હતો અને ધુમસ પણ ઘણી રેહેતી હતી, તેથી આવતી કાલે ચુસેનજીનો સરોવર જોવાનું માડીવાલીને તોકિયો જવાનું ઠેરવ્યું છે. આખો દિવસ ઠંડી પણ સારી ૫૫ અને ૬૦ ડીગ્રીની વચમાં રેહેતી હતી, પણ પવન નહીં હોવાથી તે માલમ પડતી નથી. ગામડાંનાં ઘરો વટીક જાપાનીસો ઘણાં સફા-ઇદાર રાખે છે, ગમે તેવું નાનું અને ગરીબનું ઝુંપડું જુવો તો તેમાંબી લાકડાની બેઠકો મજેની ચળકતી પાલીશ કીધેલી હતી અને તે ઉપર ચટાઇ વચમાંના ભાગપર જડેલી હોય છે. એ જગ્યા ઉપર દિવસનાં તેઓ બેસીને કામકાજ કરે છે અને રાતનાં બિછાણાં પાંઠરીને સુએ છે. રાંધવાનો ચુલો ઘરની બરાબર વચમાં એક ત્રણ ચોરસ ફીટ જેટલો ખાડો બાંધી લઈ તેમાં રાખ મુકીને કરે છે, અને તે ઉપર રાંધે છે, અને આખો દિવસ તેના અંગાર ઉપર ચાહેની કીટલી ટાંગી રાખે છે, જે આખો દિવસ તે લોકો પાણીને બદલે પીએ છે અને જેઓબી મળવા આવે છે તેને નાની પ્યાલીમાં પાય છે. એ ચુલો આખો દિવસ રેહેવાસીઓને ગરમી પણ આપે છે, અને તેની આસપાસ ઉંચી બેઠકો રાખેલી હોય છે. અમોએ આગળ લખ્યું છે તેમ રાતના ફેરે-ફારોમાં પરદા સેરવીને જુદા જુદા ઓરડાઓ બનાવી દે છે, પણ દિસના તો પરદાઓ કહાડી નાખ્યાથી આખું ઘેર એકજ દીવાનખાનાનું હોય

તેમ બહારથી છેક અંદર સુધીતું ખુલ્લું દીસે છે. જાપાનીસો એક-એકને મળવા અથવા કામેકાજે આવે છે તારે છેક ભોંય સુધી નમીને બેઉ આમનસામન નમસ્કાર કરે છે, પછી પરોણા આગળ ચાહની પ્યાલી તથા અંગાર મુકે છે કે પરોણો તે ચાહ થોડી થોડી પીયે છે અને પોતાની પાસે બીડી પીવાની નાની આસરે નવ આંગળની પીતળની નલી જેને છેડે એક આસરા ઇંચ જેટલી પ્યાલી રોકું મોહોડું હોય છે તેમાં પોતાની પાસેથી એક પાકીટમાંથી ઝીણો કીધેલો તમાકું મુકી પેલા અંગારપર સલગાવીને તે પીયે છે પણ તેમાં એટલો તો થોડો તમાકુ રહે છે કે એક બે વખ્ત ધુમાડો મોહોડાંમાં લીધો કે પુરો થઈ જાય છે પછી કામકાજ હોય તે કરે છે. જાપાનીસોની ઓરતો પરણ્યા પછી આંખના ભવાં ટુપી નાખે છે તેથી બોડકાં જેવાં લાગે છે અને દાંતને કાળા રંગે છે તેથી શોહામનાં મોહોડાંને બગાડી નાખે છે પણ તે લોકો તેને ખુબસુરતીમાં ગણે છે. ઓરતો ઘણી ખરી પીઠ આગળથી જરા વાંકી વળેલી હોય છે કારણ કે બચપણથીજ નાનાં છોકરાંઓને પીઠપર બાંધીને વાંકાં ચાલે છે તેથી પાછળથી તે ઢપ રહી જાય છે. એ લોકો પગમાં ઉંચી એડીની પાવડી પેહેરે છે તેથી ચાલતાં જાણે ડોલતાં હોય તેમ ચાલે છે તથા પગ ભોંયપર ઘસડીને ચાલવું પડે છે. અમોએ આગળ એઓના પોશાક વિષે લખતાં એકજ જભો પેહેરે છે કરી લખ્યું છે. પણ તેની ઉપર નાનું વાસકુટ હોય તેમ બીજો પણ તદન છુટો વગર કસ યા બટનનો કોટ પેહેરે છે તેની બોંય ઘણીજ મોટી પોહોળી હોય છે. તે બોંયની અંદર કોથલી માફક નિચેથી સીવી લીધાથી તેઓના ગજવાં દાખલ કામ લાગે છે અને કાંઈબી લઇ જવું હોય તો ગજવાંને બદલે તેમાં મુકે છે અને હાથ નિચા રાખી ચાલે છે તોબી તે પડી જતું નથી પણ કોથલી માફક તેમાં લટકી રહે છે. જ્યારે ઠંડી લાગે છે ત્યારે એ લોકો પોતાના હાથ એ બોંયની અંદર ખેંચી લે છે તેથી પેલી બોંય ઉભી હાથના ઠુંઠા હોય તેમ અને માણસો વગર હાથનાં હોય તેમ લાગે છે એ પ્રમાણે હમણા ઈહાં ઠંડી હોવાથી જાણે બધા માણસો ઠુંઠા હોય તેમ ફરતા હરતા દીસે છે. જાપાનીસો ઘણા હસમુખા સ્વ-

ભાવના છે, કોઇબી રીતે કુંજરા દિસ્તા નથી. જ્યાંબી ફરોહરો ત્યાં લોક હસતું અને ખુશ મીજાજી દીસે છે. તમો તેઓની મશકરી કરો તોબી હસવામાં લે છે અને મીજાજ ખોતા નથી. બચાંઓ વટીક હસતે મુખડેનાં છે તેઓને રડતાંબી આપણે જોતા નથી. આગળ લખ્યું છે તેમ છોકરીઓ નાનાં બચાંને પીઠ ઉપર બાંધીને ફરે છે અને તે ઢગળાબંધ મળે છે. પણ અમે એકબી છોકરૂં ઘણું રડતું જોયું નથી, જો કાંઇ કારણસર રડે છે તો જરાકમાં પાછું મુગું રહી જાય છે. તેઓ છોકરીઓની પાછળ પીઠ ઉપર ડોકું ઝુલતું બાજુ ઉપર નાખીને મજેથી ઊંઘાય છે અને કશી રીતે પોતાને ઊચકનારને અડચણ કરતાં નથી. જો કોઇ જરા હસવાની વાત કરે તો એક પછી એક જાણે વા ઉડયો હોય તેમ બધાઓ એક નાકેથી બીજે નાકે હસે છે અને ગમે તેવી મશ્કરી કરો તોબી ખુશ મીજાજમાંજ લે છે. જાપાનીસોના ગરીબોના વટીક ઘરોની પાછળ નાનો જેવો બાગ રાખે છે તેમાં નાની પાણીની હોજ તથા જાત જાતની ઢપના ફુલનાં ઝાડો થોડાં ઘણાં રાખે છે અને જરા પૈસાવાલો હોય છે તો હોજોમાં સોનેરી માછલીઓ પણ જીવતી રાખે છે અને જેમ એ લોકો ઘરબાર સાફ રાખે છે તેમ પોતાના બદનનેબી રાખે છે અને બધા જણા દરરોજ અને કોઇ દિવસમાં બે વખત નાહે છે જે સારૂ સંખ્યાબંધ હમામખાનાઓ રાખેલાં હોય છે. ઓરતો જોકે પોતે ખુબસુરત સફેદ મોઢાંની તથા ઠંડીને લીધે રતાશવાલા ગાલની હોય છે તોબી મોઢાં ઉપર પૌદર નાખે છે અને રંગ પણ કોસમેટીક જેવો કોઇ કોઇ લગાડે છે તથા હોઠને કાંઇ દવા લગાડી લાલ કરે છે. તેથી લોકો વીસ, પચીસ વરસની ઊમરના થાય છે તેટલાં અઘોર જેવાં બની જાય છે, અને બધી ખુબસુરતી ખોહી દે છે.

તા૦ ૪ થી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના કલાક સાડા છ વાગેને અમો જીનરીક્ષામાં બેસીને નીકોગામ છોડયું હતું અને જીનરીક્ષાવાલાને અમોએ જરા ઇનામ આપવા કહી ઉતસોનોમીયાના સ્ટેશનપર આગનીગાડી જે સવાદશ વાગે ઊપડવાની હતી ત્યાં વખ્તસર લઇ

જવા કહ્યાથી એ લોકોએ ત્યાં જવાના ૧૮ માઈલ ૩॥ કલાકમાં દોડતા પસાર કરી અમોને ત્યાં ૯—૪૫ એ ઉતાર્યાં હતા. ફકત રસ્તામાં પાંચ મીનીટ હાક તેઓએ લીધી હતી, બાકીનો બધો વખ્ત એ લોકે દોડતા ૧૮ માઈલ પુરા કીધા હતા એવા સરસ એ જીનરીક્ષાનાં કોલીઓ દોડે છે. એઓ દર ગાડીએ બે જણા હતા જેઓને દરેકને ૯૬ દોકડા (આસરે દોઢ રૂપિયો) મેહેનતના આપ્યા હતા. અમો ઊતસોનોમીયાથી આગગાડીમાં સવાદશ વાગે નિકળેલા તોકિયો જે જાપાન દેશનું પાયતખ્ત શેહેર છે ત્યાં બપોરના કલાક બે વાગે પુગ્યા હતા અને ત્યાંના તોકિયો હોટલમાં ઊતારો લીધો હતો. એ હોટલ યુરોપિયન ઢપ ઉપર જાપાનીસોએ રાખેલું છે પણ ઘણું મોટું ન હોવાથી અમો ગયા ત્યારે ઓરડીઓ ભરાઈ ગયા હતા તેથી અમોને ઉપરના હોલમાં પરદાઓ મુકીને ઓરડા કરી આપ્યા હતા. અમો વીનો નામનાં સ્ટેશનપર ઈહીં આવવા સારૂં ઉતર્યા હતા જ્યાંથી ત્રણ માઈલ દુર એ હોટલ કિલ્લામાં આવેલું છે તે બધો ટપ્પો ઘરોથી ભરેલો હતો પણ ઈહીં ઘરો બધાં બેઠાં યા એક મજલાનાં હોવાથી અને વસ્તી અગિયાર લાખ માણસોની ઉપર હોવાથી જગ્યા ઘણી મોટી રોકે છે. એ તોકિયો શેહેર નવ માઈલ લાંબું અને આઠ માઇલ પોહોળું ઈઆને ૭૨ ચોરસ માઇલ જગ્યા રોકે છે. તેની વસ્તી સને ૧૮૮૫ ની સેનસસ મુજબ ૧૧૦૩૫૩૦ અને ૨૫૨૩૫૪ ઘરોની છે. વસ્તીમાં ૧૯૭ પરદેશીઓ અને બાકીના જાપાનીસો છે. શેહેરની વચોવચમાં મટોડાંના ટેકડા કરી તેની બાહારની બાજુથી પથરા ગોઠવીને કિલ્લો કીધો છે જેની આસપાસની ફરતી ચર પાણીની કીધેલી છે, જેમાં પાણી એ શેહેર દરિયે કિનારે હોવાથી તેમાંથી આવે છે. કિલ્લામાં યુરોપિયનોનાં રેહેઠાંણ તથા સરકારી આફીસો અને સોલજરોની બરાખો આવેલી છે. કિલ્લો ઘણા મોટા ઘેરાવાનો છે પણ કોટનો મોટો ભાગ હમણા પાડી નાખ્યો છે. એ કિલ્લાની વચમાં બીજી ચર કરીને કિલ્લા જેવી દેવાલમાં ઈહીંનો શેહેનશાહ જેને મીકાડો કહે છે તેનો મેહેલ તથા બાગ આવેલો છે જેથી ઘણી મોટી જગ્યા રોકે છે. અમો બપોરનાં શેહેરના થોડાક ભાગમાં ફરી આવ્યા હતા. પણ

શેહેર અમારા હોટલથી ઘણું દુર હોવાથી થોડોજ ભાગ જોયો હતો. એ શેહેર અસલ સને ૧૬૦૪ ની આગમજ માછીમારનું ગામ હતું પણ તેને ઈહિંનો વડો પાદરી જેને શોહગન (Shogun) કરી કહે છે તેણે પોતાનું રાજધાની શેહેર દાખલ વસાવ્યું હતું. એ વખ્તેથી સને ૧૮૬૮ સુધી થોડુંઘણું વધી ગયું હતું પણ એ છેલ્લાં વરસે જ્યારે જાપાન જે અસલ બે પાદશાહો હસ્તક (તાઇકુન કરી ધરમનો પાદશાહ જેનો દોર ઘણો ચાલતો હતો અને મીકાડો અસલનો ખરો પાદશાહ કરી બે જણા રાજ ચલાવતા હતા) હતું તે એકલા મીકાડો હસ્તક થયું ત્યારે એને આખા દેશનું પાયતખ્ત બનાવી મીકાડો પોતે ઈહિં રેહેવા આવ્યા પછી તે ઘણી ઝડપથી વધી ગયું છે અને ઈહિં ઘણો સુધારો થયો છે. આગનીગાડીઓ, ટ્રામકારસો તથા મજેના સફાઈદાર રસ્તાઓ બનાવ્યા છે અને રફ્તે રફ્તે યુરોપિયન ઢપપર લાવવા માંડયું છે. અમો જે શેહેરના ભાગમાં ફરીયા તે ગરીબ લોકોને તથા વેપારીઓને વસવાનો છે તેથી ત્યાંના ઘરો કાંઈબી જોવાલાયક નથી. બધાં ઘરો નાનાં આસરે ૨૫ ફીટ જેટલાં પોહોળા એક માલના છે અને તેબી બેઠા માલો છે અને તે બધાં ઘરોની હેઠે પરચુટણ દુકાનો માડેલી છે. અમો ઈહિં ઘણા દુર જવાથી શેહેરનો સારો ભાગ છે તે જોઈ શકયા ન હતા તે આવતી કાલપર રાખ્યું છે. આજેબી ઈહિં સાંજ પછી ઝીણોઝીણો વરસાદ પડયા કીધો હતો પણ રાતના તો ઘણો જોરમાં વરસાદ વધી ગયો હતો અને આખી રાત તે ચાલુ રહ્યો હતો. ઠંડી "નીકો" કરતાં થોડી છે અને ૬૫ ડીગ્રીની નીચે જતી નથી.

તા૦ ૫ મી અકટોબર સને ૧૮૮૭—આજે આખો દિવસ ઘણો વરસાદ પડયા કીધો હતો તેથી બાહાર કેંહે ફરવા જવાયું નહીં હતું.

તા૦ ૬ થી અકટોબર સને ૧૮૮૭—આજે દિવસ ખુલ્લો હોવાથી તોકિયો શેહેરની જોવા લાયક જગ્યાઓ જોઈ આવ્યા હતા. પેહેલાં શીબા (Sheba) કરીને ઈહિંનાં વખણાયલા દેહેરાંઓની ઘેરી લીધેલી જગ્યા છે તે જોવા ગયા હતા. એ દેહેરાંઓમાં જવા સારું ત્રણ

દરવાજા પસાર કરવા પડે છે તે ઉપર મજેની નકશી તથા ગીલીટ કીધેલી છે અને તેનાં બારણા ખુલ્લી આરપાર નકશીનાં બનાવી તે ઉપર રંગ તથા ગીલીટ કીધેલી હોવાથી તે શોભે છે. અમોને એ દેહેરાં દેખડાવા સારૂં ત્યાંનો એક ગોરજી સાથે આવ્યો હતો. દરવાજામાં પેહેલાં પેઠા કે અંદરના ચોકમાં કાંઈ વગર ગણત્રીના આખા કાળા પથ્થરની બેઠકો બાંધેલી છે જે ઉપર દીવા મુકવાની જગ્યા રાખે છે. એ ચોકમાંથી બીજે દરવાજે પસાર કરી બીજા ચોકમાં ગયા ત્યાં આગળનાં જેવા પણ બ્રાન્ઝ ધાતુની દીવા મુકવાની મોટી બેઠકો કીધી છે જેબી કાંઈ સેંકડો હારબંધ અને જથ્થામાં મુકેલી છે. એવી દીવાની બેઠકો આસરે છથી સાત ફીટ જેટલી ઊંચી છ ખુણાની હોય છે, તેમાંનાં બે ખુણામાં ખાંચા રાખી અંદર પોકલ ફાનસ માફક હોય છે, તેમાં મોટા દિવસોપર બતીઓ સલગાવે છે. એ દીવાની બેઠકો લોકોએ માનતા દાખલ તથા ઈહાંના આગળ મરણ પામેલા શોહગનસોનાં માન દાખલ તેને માનનારાઓ ચઢાવે છે અને જેબી દેહેરાંઓ જાપાનમાં છે ત્યાં એવી દીવાની બેઠકો લોકની મુકેલી હોય છે.

બીજા દરવાજાપર પણ આગળા માફક નકશી છે તેની ઉપર ચાર ગોળ દોરડાંના વલ આપેલા જેવા થાભલાઓને મથાળે છાપરું કીધું છે. એ થાભલાઓપરબી ડ્રેગન જાતના સાંપની મુર્તિઓ ઉપસેલી તરાંહની કોતરેલી છે. એ મુજબ ત્રણ દરવાજા પસાર કીધા કે, દેહેરૂં આવે છે જેના બારણાપર પતરાં જડીને નકશી કીધેલી છે તથા અંદરથી ડ્રેગન જાતના સાંપો તરેહતરેહની નકશીમાં સીલીંગ તથા દેવાલો, બારણાબારી ઉપર પાડેલા છે અને તેપર ગીલીટ તથા રંગ કીધેલો છે. ઈહાં મુર્તિઓ મુકેલી દેખાતી નથી પણ એક બંધ કબટરોકુ દેહેરૂં અંદરથી છે તેમાં રાખે છે. એની વિગતો "નીકો" ના દેહેરાંઓ અમે જોયાં તેને મળતી આવે છે પણ નકશીઓ જુદી તરાંહ અને તેનેથી ઉતરતી છે. એ દેહેરાંની પાછળ એક મોટો હાલ હોય તેમજ છુટું દેહેરૂં છે જ્યાં કાંઇબી પુતળાંઓ નથી પણ તેની સામેથી ૧૫૦

વરસપર મરી ગયલા એક મોટા શોહગનની ઘોર છે તેની સામે ભણવા સારૂ એ દેહેરૂં બાંધેલું છે, જેની જમીન મજેની ચળકતા લેકરવેરનાં લાકડાંની કાળા રંગની બનાવેલી છે અને દેવાલપર તથા સીલીંગપર નકશીઓ માફકસરની ફીવેલી તે જોઇને પછી શોહગનવાલી ઘોરપર ગયા હતા. જે ચુના તથા પથ્થરની "નીક્કોમાં" ઘોરો છે તેને મળતી બાંધેલી છે તે કાંઈ જોવા લાયક નથી. એ જગ્યાપર ત્રણ ચાર એવાં દેહેરાંઓ છે તેમાં ઊપલું લખેલું "શીબાજેન્જોજી" નામનું દેહેરૂં સૌથી સરસ છે. એ જોઈને પછી તોકિયોનો વખણાયલો પાર્ક (Veno) વીનો કરીને છે તે જોવા ગયા હતા. એ પાર્ક મોટી જગ્યા રોકે છે અને વીનો કરીને નાનો ડુંગર છે તેપર આવેલો છે. એના બાગમાં મજેના ક્યારાઓ ઝાડપાનના કીધા છે અને વચમાં એક મ્યુઝિયમની એક મજલાની ઇહાંના હિસાબ પ્રમાણે મોટી ઈમારત આવેલી છે જે બે ત્રણ વરસ થયાં જોકે ઊઘાડયું છે તોબી તેમાંનો સંગ્રહ ઘણો સારો અને જોવા લાયક છે. જાપાન દેશની હુનરની બનાવટોનાં નમુના ઈહિં ઘણા ગોઠવેલા છે તેમાં કોરીકામ જે ઘણું ઊંચું અને મોટાં કદનું બનાવે છે તે જોવા લાયક છે. એ ઉપરાંત લેકરવેર ઘરોના તથા પુલો અને વાહાંણોના જાપાનીસ નમુનાઓ, અસલના પેહેરવાસના કપડાં, બખતરો તથા હથિયારો, પેટીઓ તથા બીજી બનાવટો, વાજીંત્રો, તેમ સારંગી પુલ હોય તેવી રીતની તથા બીજા આકારોની બનાવેલી, સીસોડીઓ જાણે આરગનમાં નલીઓ ગોઠવી હોય તેવી રીતે ગોઠવી એક ગમથી ફુક મારીને વજાડવાની, દેહેરાંમાં મુકવાની મોટી લોઢીઓ તથા પરઘમો આસરે ૧૫ ફીટ જેટલા ઊંચા એવી સઘળી જાપાનીસ બનાવટો ગોઠવેલી છે. એ ઊપરાંત યુરોપને લગતી થોડી બનાવટોબી ઈહિં રાખેલી છે. જાનવરોના હાડપીંજરોનોબી સારો સંગ્રહ છે તેમાં જોવા લાયકમાં મરઘાઓ જેની પુછડીઓના પીછો ૧૨ ફીટ જેટલાં મોટાં નિચે ગુચડું વાળીને મુકેલાં છે. ઈહિં એક જાતના કરચલાંની માછલી આવે છે જેઓનું આંગ આસરે દોઢ ફીટ ઘેરાવાનું અને પગો દરેક ૫ ફીટ જેટલા

લાંબા અને માણુસનાં પગનાં હાડકાં જેટલા જાડા છે. એઓનો પગ લાંબા કરીને ભરે છે ત્યારે ૧૨ ફીટ જેટલા મોટા ભરાય છે. એવાં મોટાં કરચલાં અમે બીજી ગમ કેડે જોયાં નથી. કોરાઓનો સંગ્રહબી ઘણો સારો છે તેમાં બાગનાં મુકવાના અણીદાર અને અર્ધ ગોળ કોરાઓ આવે છે તેવા કોરા ૪ ફીટ જેટલા પોહોળા અને એક ફુટ ઉપર જાડા હતા. દરિયામાંથી પરવાલાં મળે છે તેનાં જાણેકે ઝાડો હોય તેવાં મોટાં ૪ થી ૫ ફીટ જેટલા ઉંચા અને તેટલાંબી પોહોળા હશે અને જાણે વગર પાદડાંનું ઝાડ હોય તેવા લાગે છે. અસલ જાપાનમાં વપરાતી પાલખીઓ ચોરસ બેઠકની માણુસ મજેથી બેસી શકે તેવી મોટી અને આઠ હમાલો ઉચકે તેવા દાંડાની છે. હમણા એમાની પાલખીઓમાં ઓરતો બેસતી નથી પણુ આગળ તેમાંજ ફરતી હતી. તેની ચારો બાજુપર મજેનાં પરદાઓ છે અને જાપાનીસ લેકરવેરની ફુલ ગીલીટની તરાંહની બનાવેલી છે. શેહેનશાહ સારૂ ગાડી સુરતની દમની જાતની ગાડીના જેવી પણુ માણુસ અંદર ઉભું રહી શકે તેટલી મોટી છે તેબી ઉપરના જેવી જાપાનીસ લેકરવેરની બનાવેલી છે અને તેમાં ઘોડાઓ જોડવાનો પુલ છે. એ સિવાય થોડાંએક ચિત્રો તથા ધાતુઓનાં નમુનાઓ ઇત્યાદીથી સંગ્રહસ્થાન ભરેલું છે, તે જોઇને એની પડોશમાં જુઓલોજીકલ ગારડન જોવા ગયો હતા જ્યાં થોડાંએક જીવતાં જાનવરોનો સંગ્રહ સારો કીધેલો છે પણ નવાઇનાં જાનવરો તેમાં કાંઇ જોવામાં આવતાં નથી. આપણી મુંબઇ તરફની ભેંસને ઇંહાં નવાઇ દાખલ રાખેલી છે કારણકે તે મળતી નથી. તે જોઇને પછી "આસાકીઆ" નામનાં શેહેરની અંદર દેહેરાંઓ સારૂ ઘેરી લીધેલી જગ્યા જોવા ગયા હતા. ઇંહાં જવા સારૂ એક ઘણો લાંબો મોહોલો એકજ ઢપના ઘરોનો પસાર કરવો પડે છે જેની હેઠલ કાંઇ વગર ગણત્રીની દુકાનો મેલો ભરાયો હોય તેમ રમકડાં તથા મીઠાઇની માડેલીઓ છે અને હજારો લોક એ રસ્તે ઉપલાં દેહેરાંમાં બંદગી કરવા જાય છે અને અમો ગયા ત્યારેબી જાણે એક મેલો હોય તેમ લોક તે દેહેરાંમાં આવજાવ કરતું હતું અને બધો રસ્તો તેઓથી ઉભાઇ જતો હતો. એ દેહેરાંમાં જવાના કમપાઉંડના દર-

વાજા ઉપર એ ગંજાવર કાગજનાં ફાણુસો ટાંગેલાં છે જેઓ ૧૦ ફીટ લાંબા અને ૭ ફીટ ઘેરાવામાં હશે. કમપાઊંડમાંથી કાંઈ વગર ગણત્રીનાં નાના દેહેરાંઓ છુટાં છુટાં તરેહતરેહની બાંધનીનાં આવેલાં છે, પણ આસાકિયાનું દેહેરૂં સૌથી તેઓમાં મોટું છે. એ દેહેરાંમાં બધા લોકો જોડા બુટ સુધાં જઇ શકે છે. એ દેહેરૂં બીજાં દેહેરાંઓને મળતું નકશી તથા ગીલીટથી ભરપુર છે પણ ઇહિં હજારો લોક રોજ ભણુવા આવે છે તેઓ સારૂ એક ઘણી મોટી લોખંડની પેટી પૈસા નાખવાની ભક્તિ કરવાની જગ્યા સામે મુકેલી છે જેમાં આખો વખત લોકો પૈસા નાખ્યા કરતા હતા અને ધારા મુજબ તાંબરા કોડી હાથ જોડી નમસ્કાર ગુડણુપર પડી કરતા હતા. ઇહાં સામો એક ઓરડો છે જે હમેશાં બંધ રાખે છે જેની અંદર તદન સોનાની બનાવતની આસરે હટ્ઠી ઇંચ જેટલી મોટી પુતળી છે પણ તે કોઈને બતાવતા નથી ફકત મોટા ધર્મગુરૂજ અંદર જઈ શકે છે. એ સિવાય વચમાં કાંઈ પુતળી નથી પણ હારબંધ એક ઊંચી જગ્યા ઊપર ફાણુસો તથા બીજાં વાસણો ગોઠવેલાં છે. જેની સામે લોકો ભક્તિ કરે છે પણ એ દેહેરાંમાં બીજી છુટી છુટી મુર્તિઓ ઘણી નાના નાના દેહેરાંરોફી બેઠકોમાં મુકેલી છે, તેમાં જમણા હાથ ઉપર એક જોર આપનારી દેવી છે જેને બધા ભણવા આવનારાઓ તેના મોહાં, પીઠ, પેટ, પગ તથા હાથોપર પોતાના હાથ ફેરવી તેવાજ પોતાના બદનના ભાગ ઉપર તે હાથ પાછો ફેરવે છે કે તે દેવીનું જોર તેઓને બધા ભાગમાં ઉતરે. એને લીધે એ દેવી એટલી તો ઘસાઈ ગઈ છે કે તેના મોહોડાં તથા બદનનો ઘટમ તદન માલમ પડતો નથી પણ જાણે ખાલી લાકડાંમાં જરા આકાર પડેલો હોય તેમ દીસે છે. એ દેહેરાંના ઓટલાપર એક ફાણુસ પેલા દરવાજાનાં ફાણુસો કરતાં પણ દોઢું મોટું કાગજનું બનાવેલું ટાંગેલું છે, અને દેહેરાંની અંદરથી કાંઈ વગર ગણત્રીનાં એવાં નાનાં મોટાં ફાણુસો લોકોએ ચહડાવેલાં દીસે છે જેથી અધી સીલીંગની ખુબી ઢંકાઈ ગઈ છે. એ જોઈને પછી એક જેપાનીસ નાટકશાળા જોવા ગયા હતા. એ નાટકશાળા યોકોહામાની નાટકશાળા અમે જોઈ તે કરતાં સારી છે, અને અમો ત્યાં અરધો કલાક

થોભ્યા હતા. એ દેખાવો બદલ્યા તેબી સારા હતા. એકમાં શીઆ-લાની રૂતુનો દેખાવ ઘણો સારો હતો પણ અમો નાટક થોડો ભાગજ જોયો પછી ખેલ (Ballet) ને મળતો નાચ તથા સોવાંગ આવ્યો હતો જેમાં ઉપલો દેખાવ હતો અને તેમાં લોકો ઠંડીમાં ઠઠરતા આવતા હોય તેમ છત્રીઓથી બરફના વરસાદથી બંચાવ કરતા નાચતા આવજાવ કરતા હતા અને તેમાં નાના છોકરાઓ પણ સામેલ થઇ વાજીંત્રના અવા-જની બરાબર પગલાંઓ નાખીને નાચ ઘણો સારો કરતા હતા. નાટ-કીઓ યોકોહામાની માફક તમાશગીરોની વચમાંથીજ આવજાવ કરતા હતા અને તેઓ ભુલ કરે તે તપાસવા સારૂં બીજાં અલાએધાં માણસો તદન સુધ કાળા પોશાગમાં ઊઘાડે છોક નાટકશાળના તખ્તાપર દેડકા કુદતા હોય તેવી રીતની ચાલથી નાટકીઓને પ્રોમપ્ટ (Prompt) કરવા તેઓની પાછળ દોડતા હતા જેથી ગમત સારી પડતી હતી પણ જાપા-નીસોને કશી તેની દરકાર નથી. એજ મુજબ તખ્તા ઊપરથી સામાન પણ નાટક ચાલે ત્યારે તેઓ આવી ઊચકી જતા હતા. અમો થોડો વાર તે જોઇને પછી ટોકીઓની મોટી દુકાનોવાલા મોહોલામાં ફરીને હોટલમાં ગયા હતા. ઈહાંની દુકાનો માફકસરની મોટી મુંબઈમાં જુમા-મસીદ આગળ ફરનીચર તથા બાલોરકામવાલાઓની દુકાનોને મળતી આવે છે, અને જાપાનની બનાવતની સઘળી ચીજો ત્યાં મળે છે. તોકિયોમાં થોડીએક સરકારી આફીસો, બીજા દેશના એલચીઓના બંગલાઓ તથા દાયેમીયાંના બંગલા તથા ઈમારતો સિવાય મોટી ઇમારતો કશી દીસતી નથી. દાયેમીયો યાને ઈહિંના અસલના ફીયુદલ ઊમરાવોના મેહે-લોને ફરતી દેવાલને બદલે માણસોને રહેવાની કોથડીઓ તથા તબેલાઓ બાંધે-લા છે તેથી તેઓની ઈમારતો બહારથી દીસતી નથી. એ સિવાય બીજું ઈહિં કાંઈ જોવા લાયક નથી. ઈહિંથી યોકોહામાની માફક બધે નેહેરો કીધેલી છે જેમાંથી શેહેરના અંદરના ભાગોમાં સામાન લાવજાવ થઈ શકે છે અને વળી તેમાં સઘળું ગતરનું પાણી પણ પડે છે તેથી કોઈ ગમ તે નેહેરો નાની હોવાથી એવીતો ગદલી અને વાસ મારતી છે કે અમો અજબ થઈએ છીયે કે ત્યાં આસપાસ ઘરોમાં લોક કેમ વસી શકતુ

હશે. અંદરના મોહોલાઓમાં રોશણી વટીક કરતા નથી. ફકત મોટા ધોરી થોડાએક રસ્તાઓપર ગેસલાઇટ અને થોડાએકપર કેરોસીન તેલની બતી કરે છે પણ અંધારા રસ્તાઓપર બધા મોહોલાઓમાં દુકાનો ઘરની હેઠળ હોવાથી તેઓની બતીનું અજવાળું સારૂં પડે છે, અને જીનરીક્ષાની ગાડીઓ સાથે તેને ખેંચનાર કોલીઓના હાથમાં કાગજનાં લાંબાં ફાણુસો સલગાવેલાં હોય છે અને જયાં જાઓ ત્યાં સંખ્યાબંધ એ જીનરીક્ષાઓ દોડતી મળવાથી તેઓની બતીઓનો દેખાવ અંધારા મોહોલામાં ઘણો સારો લાગે છે. ઈહાં પાણી સીપવાની જુદી રીત જોઈ હતી. રસ્તામાં પાણી સીપવા સારૂ એક માણસ કાવરમાં બે પીપ પાણીથી ભરેલાં ટાંગે છે, અને તે પીપમાં નિચે આંધરાં પાડેલાં હોય છે તેમાંથી જેમ તે માણસ ચાલતો જાય છે તેમ પાણી તેની બેઉ ગમથી સીપાતું જાય છે. એ પાણી સીપવાનું ત્યાંના મોહોલાવાલાઓને માથે રાખે છે, જેઓ પોતપોતામાં ઉઘરાણું કરીને સીપનારને થોડોએક પગાર આપે છે કે તે પાણી સહવારના પોહોરમાં સીપીને પછી પોતાનો બીજો ધંધો કરે છે.

મોહોલાઓમાં નાનાં મોટાં ગાડાંઓમાં દુકાનો પરચુટણ સામાનની માડીને ઘરે ઘર વેચે છે. મીઠાઈની એવી દુકાનોવાલા ઘાંટ યા ઢોલ વજાડી બચાંઓનાં ધ્યાન પોતાના માલ તરફ ખેંચે છે. બધા રસ્તાઓ જીનરીક્ષા ગાડીથી ઊભાઇ જાય છે, અને જયાં નજર કરીયે ત્યાં એના ઢગલાને ઢગલા દીસે છે. સાંભળવા મુજબ એવી ૫૦૦૦૦ ઊપર જીનરીક્ષા તોકિયો શેહેરમાં હશે એટલો એનો ખપ છે. ઘોડાની ગાડી તો મોટા ઓધેદારોજ વાપરે છે, જેઓ તથા બીજાં ઘણાં સુધરેલાં લોકો યુરોપિયન પોશાક ઈહાં પેહેરે છે, તેઓનો પોશાક ઘણો ધીલો અને ઊંચો નિચો બનાવેલો હોય છે, તેથી એઓ તદન શોભતાં નથી. નિશાળે જતાં છોકરાંઓ એવા પોશાક ઉપરાંત જરમન લશ્કરનાં જેવી ટોપીઓ પેહેરે છે તેથી પોતાનાં ઠીંગણાં આંગપર મોટા ઘેરાવાની ટોપીથી ઘણાં કઢંગાં લાગે છે. એઓ જોકે યુરોપિયન ઢપપર પોશાક પેહેરે છે તથા સલામ કરતી વખ્તે ટોપીઓ ઉતારે છે તોબી પોતાની અસલી ઢપ મુકતાં નથી. ઘણા વાંકા વળીને એકએકને ઊપર મુજબ

નમે છે. ઈહાંનો શેહેનશાહબી યુરોપિયન પોશાક પેહેરે છે. એની શેહેનશાહબાનુએ હમણાજ ઈંગ્રેજી પોશાક પેહેરવા માડયો છે અને ઘોડાપર બેસવાનું પણ શીખવા માડયું છે જે બાબે આજનાંજ ઈહાંનાં છાપામાં છપાયલું હતું.

તોકિયો શેહેર જાપાન દેશનું પાયતખ્ત શેહેર હોવાથી વસ્તી ઘણી મોટી છે. તેઓની રીતભાત જોવા સિવાય બીજું કાંઈ અમો જોવાલાયક ઈહાં જોતા નથી. નાના નાના ઘરોના વગર ગણત્રીના મોહોલાઓ સિવાય બીજું કશું નથી.

તા૦ ૭ મી અક્ટોબર સને ૧૮૮૯—આજે સહવારના કલાક ૯—૨૦ મીનીટે તોકિયોથી ઈકાવો (Ikao) કરીને ગરમ પાણીના ઝરાઓવાલી જગ્યા છે તે જોવા સારૂ આગની ગાડીમાં નિકળ્યા હતા. આજે ગાડીપર જતાં રસ્તામાં જાપાનીસનું મુડદું દાટવા લઈ જતા હતા તેની મઈએત મળી હતી.

એ લોકોમાં માણસ જયારે મરણ પામે છે ત્યારે તરત એક ચોખંડા દેવદારી દાબડામાં મુડદાંના પગ ગુઠણ મંદી વાળીને બેઠેલું મુકે છે, અને તે દાબડામાં હલકી જાતની સુકી ચાહેનાં પાંદડાં તથા બીજાં સુગંધી પાંદડાંથી ખીચોખીચ ભરે છે કે મુડદું અંદર હીલે નહીં. મુડદાંને દાબડામાં મુકવા આગમજ ધોઈને સફેદ કપડાં પેહેરાવે છે, તેને દાટવા લઇ જવા સારૂ તે દાબડાને બે લાંબાં લાકડાં ઉપર મુકી તેને ચાર કુલીઓ પાસે ખાંધ મરાવીને દાટવાની જગ્યાપર લઈ જાય છે. તેની આસપાસ ચાર જણા કાગજનાં ફાણસો લઈને રસ્તામાં ચાલે છે તથા સાથે બાંબુના ફ્લાવરવાસો લઈ જાય છે તેની પાછળ અમોએ જે મઇયત જોઇ તેમાં જનારાં લોકો જીનરીક્ષામાં બેસીને જાય છે. દાટતી વેળા કુલીઓજ દાટે છે, સગાંવાહાલાં કોઇ અડકતાં નથી અને ઘોરની આસપાસ પેલાં ફાણસો તથા ફ્લાવરવાસો ગારે છે અને ઘોરની ઉપર તીર કામઠાં તથા ખોરાકી અને દારૂ મુકે છે, તથા થોડો દારૂ ઘોરની ઉપર મટોડીમાં રેડે છે. એ મુજબ દરરોજ ૪૯ દિવસો સુધી કરે છે. દાટી આવ્યા પછી બધાંઓને દારૂ પાય છે. અમો સ્ટેશનપરથી ઉપર લખવા

મુજબ કલાક ૯—૨૦ મીનીટે નિકળેલા "માહીબાસ" કરીને રેલ્વેનું સ્ટેશન ૬૮ માઇલ દુર છે ત્યાં બપોરના કલાક ૧—૩૦ મીનીટે પુગ્યા હતા. ઈહાંથી ઈકાઓ આસરે ૧૫ માઈલ દુર .છે ત્યાં જીનરીક્ષામાં જવાય છે, પણ અમો સ્ટેશનપર પુગ્યા ત્યારે વરસાદ ઘણો પડવા લાગ્યો હતો તેથી જીનરીક્ષાવાલાઓએ "ઈકાઓ" જવાની આનાકાની કરી બીજા ઉતારૂઓને ગામમાં લઈ ગયા અને અમો ગાડી વગર સ્ટેશનપર ઊભા રહ્યા. અમારી સાથે ભાઈ ઈબરાહીમજી ખંબાતી આવેલા હતા તેવણે ઘણીબી શોધ કીધી પણ જીનરીક્ષા મળી શકી નહીં અને મળી તેનાં પુરતાં માણસો હતાં નહીં તેથી પાંચ વાગા સુધી સ્ટેશનપરજ થોભીને પછી "માહીબાસ" નું ગામ જે આસરે એક માઇલ દુર છે, ત્યાંનાં જાપાનીસ હાઉસમાં આજે રાત સારૂં ઊતારો લીધો હતો જ્યાં યુરોપિયનો ઉતરતા નહીં હોવાથી તેઓની રીતનું ખાણું ત્યાં પકાવી શકતા હતા નહીં. જાપાનીસ ખાણું એવું તો બેસ્વાદ હોય છે કે તે ખાવા કદી ગમે નહીં તેથી અમારી સાથે ભાઈ ઈબરાહીમજી ખંબાતી આવેલા હતા તેવણે બબરચી આગળ ઊભા રહીને આપણું ખાવાનું કેમ બનાવવું તેની થોડી ઘણી સમજ તે બબરચીને આપી હતી. એ વખ્તે જાપાનીસોનું ખાણુંબી પકાવતા હતા તે અમોએ જોયું હતું. જાપાનમાં એક જાતના પાણીના સાંપો આસરે એકથી બે ફીટ લાંબા મળે છે. તેને જીવતા પકડીને તેના માથાંમાં એક ઝીણો પાતળો ખીલો ખોસી પાટિયાં સાથે ઠોકી દે પછી તેનું પેટ ચીરી તેમાંથી કચરો જેવું કાંઈ હોય તે છરીથીજ કાહાડી નાખે છે તથા અંદરનો લાંબો કાંતો પણ કાહાડી લે છે પછી તેનું ડોકું છુટું પાડીને તેને મીઠાં તેલ તથા સરકામાં રાંધે છે. એ સાંપને પકડે છે તથા માથામાં ખીલો ખોસે છે ત્યારે તે નાનાં પીલાં અવાજ કરે તેમ અવાજ કરે છે. એ સાંપ તથા તેનાં બચ્ચાં કાંઈ જથ્થાબંધ મળે છે તેને પાણીનાં પીપમાં જીવતા રાખી મુકી ગરજ વખ્તે તેમાંથી કાહાડીને ખાય છે. એ સાંપ માણસને કરડતા નથી અને ઝેરી પણ નથી, દેખાવે લાંબા લેવતા હોય તેવા લાગે છે. એ ઉપરાંત તરકારીને કોઈ વખ્તે તેલમાં અને કોઈ વખ્તે સર-

કામાંજ ફકત રાંધે છે. બીજી સુકી તરકારી તેઓ પેહેલાં એક પીપની અંદર ચોખાનાં ભુસાનું થર એક અને તેની ઊપર તરકારી જેવાં કે ગાજર, વેંગના, દોઢી, મુરા ઇત્યાદીને સૂકવીને તેના કકડા કરી યા આખાનાં પડ કરે છે. એ મુજબ ઘણા થરો કરીને પછી તેમાં પાણી તથા નિમક નાખી તે પીપની ઉપર તરકારી દબાય તેમ પાટિયું મુકી તે ઉપર દબાણ કરવા ભારી પથ્થરો રાખે છે. એ મુજબ એક મહિનો સુધી રાખીને પછી તેમાંથી જોઇયે તેટલી તરકારી દરરોજ કાહડીને તેને ધોઇને કાચી અને કાચી સરકામાં બોલીને અચારની માફક ખાય છે. એ પીપ જ્યારે ખોલે છે ત્યારે એમાંથી એવો તો વાસ નિકળે છે કે આપણુથી આગળ ઉભું રહી શકાતું નથી. ઊપર મુજબની સાંપની માછલી તથા રાંધેલી તરકારી તથા એક જાતની રાંધેલી દાલનું પાણી અને પાણીમાં ઊકાળેલી બાંબુની જર તથા મુલા તથા ભાજી સઘળું એક પ્યાલામાં ભેળીને તેની ઉપર કાચા દોવેલાં ઈંડાં નાખીને દરેક જણને એક એક નાની ટેબલ ઉપર મુકી આપ્યું, અને સાથે છુટાં પ્યાલાંમાં બાફેલા ચાવલ આપ્યા હતા, જે એ ટી હાઉસમાં ઊતરેલા જાપાનીસોએ ખાધું હતું. એ લોકો ખાય છે તે બે સલીઓથી ચીનાઓની માફક ખાય છે. પેહેલાં ચાવલના બુકે મોહું ભરાય ત્યાં સુધી લે છે અને તે જરા ચાવીને ઉપર પેલાં પ્યાલાંમાંની ભેળસેળ તરકારીનો રસ જરા પીયે, તથા તેમાંથી કાંઈ ઊંચકી ખાય છે. એ મુજબ ખાવાનું પુરૂં કીધું કે પેલાં પ્યાલાંમાં ચાહે યા ગરમ પાણી નામીને છેલ્લે તેને ધોઇને પીએ છે. જાપાનીસોને ચંપી કરવાનો ઘણો શોખ હોય છે, તે સારૂં આંધળા મરદ યા ઓરતો સાંજ પછી સીસીડીઓ વજાડીને મોહોલાઓમાં ફરે છે, અને જેઓને જોઇયે તેઓ તેને તેડે છે. એ લોકો ચંપી કરે છે તે કાંઈ હિંદુસ્તાનની માફક બદનને ચાંપતા નથી, પણ જોરથી પસવારતા યા માસને ઘોરતા હોય તેમ કરે છે, જેથી આંગમાં ગીલી માફક લાગવા ઉપરાંત કરાર વળે છે. અમો જે ટી હાઉસમાં ઉતર્યા હતા તેની બારી તથા પરદા સઘળા કાગજોનાં બનાવેલાં હતાં, ઇંહાં બારીઓમાં કાચને બદલે

કાગજો જડે છે, કાચતો જવલેજ દીસે છે. સુવા સારૂં એક જાતનું જાદું સુજની જેવું કપડું જભા રોકું સીવેલું હોય છે, તેની અંદર ભરાઇને સુવે છે, જેથી તેનું એક પર ગોદરાં દાખલ અને બીજું પર ઓધવાનાં દાખલ કામ લાગે છે, અને તેથી ગરમી પણ સારી રહે છે, જો ગરમી હોય તો તેને ફક્ત પાંથરીને ગોદરાં દાખલજ કામે લે છે. તકિયા દાખલ એક નાનું લાકડું હોય છે, તેની ઉપર ભાત ભરેલી કોથલી લઈ તેની ઊપર રૂનું પડ કરે છે. અમોને એ તકિયા ચાલયા નહીં, પણ સાથે અમારા તકિયા લાવેલા હતા તેજ કામે લગાડ્યા હતા. નાહવા સારૂ એક નાની ટાંકીમાં ગરમ પાણી ભરે છે જેમાં જેટલા ઉતર્યા હોય તેટલા જણા વારાફરતી તેજ પાણીમાં નાહે છે પણ યુરોપિયનો ઉતરેલા હોય છે તેઓને પેહેલાં તેમાં નાહવા કેહે છે પછી જાપાનીસોને નાહવા દે છે. એ નાહવાની ઓરડીઓ, માલપર જવાના દાદરોની સામેજ હોય છે અને તેમાં જાપાનીસ મરદો તથા ઓરતો, કોઈ વખ્તે ખુલ્લે બારણે સાથે નાહે છે તે સઘળું દીસે છે. અમે ઈંહાં ઉતર્યા પછી અમારી પાસથી પાસપોર્ટ હોટલવાલો લઈને તેની નકલ ઉતારીને પોલીસના સતાવાલાઓને ખરી પાસપોર્ટ દેખાડી પેલી નકલ તેને આપી આવે છે. એ નકલ ઊતારતાં અમોએ જોઇ હતી, જે લખવા સારૂ, એ લોકો કલમને બદલે રંગ કરવાની ઝીણી પીછી આવે છે તેથી લખે છે, અને તે સારૂ છેલ્લાં આંગળાંપર હાથ ટેકવીને ઘણેજ અલગે હાથે લખે છે. લખવાનું જમણા હાથ ઉપરથી છેક મથાળેથી સીધાને સીધા એક હારમાં નિચે સુધી લખ્યા આવે છે પછી તેની પડોશમાં પાછી બીજી ઊભી હાર લખે છે. એ લોકોની લખવાની સાહી કકડા જેવી બંધાયલી રાખે છે તેમાં પાણીથી પાછી ભીણવીને તેથી લખે છે. એ સાહી એવી આવે છે કે કાગજ પર લખી કે તરત સુકાઈ જાય છે અને બ્લાટીંગ પેપર યા રેતીનું કામ પડતું નથી.

તા૦ ૮ મા અકટોબર સને ૧૮૮૭—આજે સહવારનાં કલાક ૭ વાગેને માહીબાસીથી જીનરીક્ષામાં બેસીને નિકળેલા કલાક ૧૧ વા-

ગેને (Ikao) નાં ગામમાં જઈ પુગ્યા હતા. અમોને આખો વખ્ત રસ્તામાં વરસાદ ઘણો મલ્યો હતો અને ગઇ કાલેબી બપોર પછીનો તે લાગુ પડેલો હોવાથી નદી નાલાં સઘળાં પુર થઈને જોસમાં આવ્યાં હતાં. રસ્તામાં બે ત્રણ પુલો પસાર કરવા પડે છે, તેમાંનો એક બોટો ઉપર બાંધેલો છે, તે પસાર કીધા પછી ડુંગરપર ચઢવાનું મળે છે તે છેક "ઈકાઓ" પુગીયે છીયે ત્યાં સુધી મળે છે. એ ગામ દરિયાની સપાટીથી ૨૭૦૦ ફીટ ઊંચાંણમાં છે, અને આસપાસ પાહાડો ઊંચા આવ્યાથી ઈહિંના દેખાવની ઘણી સારી તારીફ થાય છે. અમો કોંગરી–ખુડાઓ નામનાં જાપાનીસ હોટલમાં ઉતર્યા હતા. અમો ત્યાં પુગ્યા પછી એક કલાકે વરસાદ તદન નરમ પડી ગયો હતો, અને સુરજ પ્રકાશવા માડયો હતો. ઇકાઓ પોતાના ગરમ પાણીના ઝરાઓથી વખણાયલું છે, અને તેમાં નાહવા સારૂં જાપાનનાં બીજાં દેશોમાંથી ઘણું લોક જાય છે, તે મુજબ ગરમીના દિવસોપર યુરોપિયનોબી ઘણા જાય છે. ઈહિંનાં બધાં હોટલોમાં ગરમ પાણીના ઝરાઓ નલ મુકીને લાવેલા છે, અને હમામખાનાંઓ તેઓ બધાંમાં રાખેલાં છે. એ પાણી ગંધકથી ભેલાયલું હોવાથી બદનપરની ખુજલી તથા બીજાં ચામડીનાં દરદોપર ઘણું અસરકારક છે. અમો અમારાં હોટલનાં એવાં ગરમ પાણીનાં હમામખાનાંમાં નાહયા હતા, અને બપોરનાં ૪ વાગેને સુરજ હોવાથી ફરવા નિકળ્યા હતા, તે આસરે અરધો માઇલ દુર જ્યાંથી એ ગરમ પાણીના ઝરા આવે છે ત્યાં ગયા હતા. ઊંચાણમાં હોવાથી ત્યાં જવા સારૂં ડુંગર ઉપર ઘણી સીડીઓ ચઢવી પડે છે અને તે સીડીઓની આસપાસ હારબંધ ઈહિંની બનાવટોની દુકાનો આવેલી છે, ત્યાં વસ્તી પણ ગામના લોકોની ડુંગરપરજ ચડઉતર ઘરોમાં આવેલી છે. દુકાનોપર અમે આજે એક જાતનું નવું ફળ જોયું હતું, તે દેખાવમાં મીઠા કંદના જેવું પણ સુધ બલુ રંગનું છે, જેને ફોડીયાથી તેમાં લાંબુને લાંબુ એક આંગળાં જેટલું સફેદ માવા જેવું નિકળે છે જેમાં બીઆં ઘણાંજ હોય છે, તે ખાધામાં કાંઇ જુદીજ તરાંહનો સ્વાદ લાગે છે પણ બીઆં ખાવામાં આવતાં નથી ફકત તેની આસ-

પાસનો માવો ચુસીને છુટો પાડી ખવાય છે. એ ફળ ત્રણ ચારના ઝુમખામાં ઊગે છે. બીજું એક સુકા મેવાનું ફળ હતું જે દેખાવમાં પસતાં તથા બદામની વચમાંના ઘાટનું છે જેને ઇંહાં "ખાઓ" કરી કહે છે, તેમાંનું મગજ ખાધામાં આવે છે જેનો સ્વાદ ભુંજેલી બદામ યા પસતાં જેવો લાગે છે, તેનું કોટલું પાતળું પણ કઠણ આવે છે. અમો એ જોતા જોતા ગરમ પાણીનાં ઝરાવાલા ડુંગર ઊપર ગયા હતા, જ્યારે ઘણા નલોમાં છુટા છુટા ઝરાઓમાંથી ગરમ પાણી એકઠું કરીને એક મોટી ગતર જેવું બાંધેલું છે તે રસ્તે નિચે ગામમાં લઇ જાય છે અને એક મોટો ધોત પડતો હોય તેમ નિચે સુધી તે જઇને લોકોના ઘરોમાં તથા હોટલોમાં વેંહેંચાઈ જાય છે જ્યાંથી પાછું બાહાર નિકળતાં એજ પાણીથી કોઈ ગમતો ચોખા છરવાની ચકીઓ ચાલે છે એટલું જથ્થાબંધ એ પાણી ઇંહાં મળે છે, અને જ્યાંબી પસાર થાય છે ત્યાં રસ્તાઓમાં તેનો ગટરનાં ખાંચાઓમાંથી ધુમાડો નિકળતો માલમ પડે છે. અમે છેક એ ડુંગરનાં મથાળાંપર ગયા જ્યાં એક નાની ટાંકી છે જેમાં પાણી પીવા સારૂં એક લાકડાંનું નાનું વાસણ બાંધી મુકયુ છે જેથી અમોએ તે પાણી ચાખ્યું હતું, તે સ્વાદમાં લોખંડનો કાટ અને ગંધકનું ભેળસેળ જેવું લાગતું હતું. એ પાણીમાં ગુણ ઘણો કહે છે તેથી તેને બાટલીઓમાં ભરીને ચોકોહામાનો ગ્રાન્ડ હોટલવાલો પોતાના હોટલમાં લાવી છુટક વેચે છે. ઇંહાંથી પાછા ફરતાં ડુંગર છેડે આવ્યા કે આસપાસનો દેખાવ ઘણોજ સારો દીસે છે. બધે નજર કરીએ ત્યાં એકની પાછળ એક એકથી ઊંચા પાહાડોની જાણે અલગાર લાગી છે અને બધાઓપર લીલોતરી હોવાથી તે ઘણા રળીયામણા લાગે છે, અને વળી તેઓના આકારો પણ જુદા જુદા હોવાથી તેની અસર ઘણી સારી થાય છે, અને બધી રીતે દેખાવ જોવા લાયક છે. હવા પણ મજેની ઠંડી પસંદ પડતી હતી અને ઠરમામીટરનો પારો ૫૫) ડીગ્રી ઉપર હતો તોબી ઠંડી માલમ પડતી હતી નહીં.

તા૦ ૯ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારનાં કલાક ૭ વાગેને ઇકાઓથી પાછા જીનરીક્ષામાં બેસીને નિકળ્યા હતા. ગઇ રાતના ઠંડી જરા વિશેષ હતી, અને આજે સહવારના અમો નિકળ્યા ત્યારેબી ૫૨) ડીગ્રીરી પારો હતો પણ રાતની ઠંડી વધારે હોવાથી જે પાહાડો દુરના અમોએ ગઈ કાલે સુરજ નિકળ્યયા પછી જોયા હતા તેમાંના થોડાએક ઊપર આજે સહવારના બરફ પડેલો દીસતો હતો અને જેનું નામ "ઈચીગઈઆમાં" કરી છે તેનું મથાલું તો તદન બરફથી સફેદ બની ગયું હતું અને તેબી જાડા થરનો અને નવો પડયો હોય તેવો લાગતો હતો. અમો આજે વાદળ તદન ખુલ્લું હોવાથી દેખાવ જોતા જોતા પાછા નિચે ઉતર્યા હતા અને "માહીબાસી"નાં સ્ટેશનને બદલે "તાકાસાકી" ગામનાં સ્ટેશનપર ગયા હતા. એ બે સ્ટેશનો ઇકાઓથી ૧૭ાા માઇલ દુર છે. રસ્તામાં આખો વખ્ત નજદીક રસ્તાનો પોણો ભાગ સેંતુરનાં ઝાડોથી રોપેલો હતો અને જેબાં ગામ ગામડાંઓ મળતાં ત્યાં રેશમ પાકવવાનો ધંધો ચાલતો હતો અને દુકાનોમાં એ રેશમના કીડાનાં "કકુનસો" (જેની અંદર કીડાઓ ઘર બાંધીને રહે છે અને જેની ઉપરનાં પડમાંથી રેશમ બને છે) ના ઠેલાના ઠેલાઓ ભરેલા પડેલા દીસતા હતા, અને રસ્તામાં ઘોડાઓ પણ તેનેથીજ લાધેલા આવજાવ કરતા હતા, એટલો મોટો પાક એ બાજુપર થાય છે. હમણાં એ કીડાનાં પતંગીયાનાં ઈંડાંઓ મુકેલાં છે જેમાંથી કીડા ઈંડાં મુક્યા પછી એક મહિને નિકળે છે. એ ઇડાં ટાંચણીનાં માથાં કરતા પણ અરધાં કદનાં છે અને કાગજેપર તે મુકેલાં છે તેથી કાગજે જાણે છાંતનાં બનાવેલાં હોય તેમ એ પરનાં મુકેલાં વગર ગણત્રીનાં ઇડાંઓથી દીસે છે. ઈંડાંમાંથી કીડા નિકળ્યા પછી તેની ખુબ તપાસ રાખવી પડે છે, અને તેઓને હર રોજ સેંતુરનાં ઝાડનાં કુમળાં પાંદડાંઓ ખાવા સારૂં આપે છે તથા જોઈતી ગરમી પણ આપે છે. એ કીડાઓ મોટા થાય છે ત્યારે તેઓ સારૂં ઝાડની સુકી ડાંખલીઓ લાવીને તેઓને જે ઝાપમાં રાખે છે તેમાં મુકે છે કે વખ્ત આવવે તેઓ તેની ઉપર "કકુનસો" પોતાનાં આં-

ગની આસપાસ બાંધી ટીંગાઈ રહે છે. એ કકુનસોમાંથી થોડાંએક પાછી એની વધ સારૂ રાખીને બાકીનાંને રેશમ કાહાડવા સારૂ તેમાંના કીડા સુધાં ગરમ પાણીમાં નાખી કીડા મારી નાખે છે, અને પછી તેને સુકવીને રેશમ કાંતનારાઓને ઠેલા ભરી વેચે છે. પેલા રાખેલા કકુનસોમાંથી થોડા દિવસ રહીને સફેદ રંગનાં પતંગીયાં નિકળે છે, જેઓ ઉડી શકતાં નથી પણ તેઓને કાગજોનાં કકડાપર રાખે છે જ્યાં તેઓનાં જોડાં મળે છે અને જે દિને નિકળ્યા તેજ દિને રાતનાં તેઓ ઇંડાં મુકવાનું શરૂ કરે છે અને બીજે દિને મરી જાય છે. એ મુજબ એક પતંગીયું સેંકડો ઈંડાં મુકી પેલા કાગજપર તેને ચોટાડી દીયે છે કે પાછા તેમાંથી કીડા થાય છે.

કકુનસોમાંથી રેશમ કાહાડવા સારૂ પેહેલાં તેઓને ઊકળતાં ગરમ પાણીમાં નાખે છે અને પછી સલીએ કરીને તેઓને ખુબ પાણીમાં હિલવે છે જેથી તેઓની ઉપરથી રેશમનો જાડો ખરબચડો તાર પેહેલાં નિકળે છે જેને એક નાના રેંહેંટીયા ઊપર વિંટાલે છે. એવો તાર આસરે બે બાર જેટલો નિકળ્યો કે પછી ઝીણો મજેનો સુવાલો તાર નિકળવા માડે છે જેને જુદા રેંહેંટીયા ઊપર વિંટાલે છે. એ ઊંચુ રેશમ કહેવાય છે. જે તાર નિકળે છે તે બાલ કરતાં પણ પાતળો હોય છે, પણ તે તાર પાંચ છ કકુનસોનો બનેલો હોય છે એટલો પાતળો તાર એક કકુનમાંથી નિકળે છે. એવા બે ત્રણ રેંહેંટીયાના તાર પાછા એકઠા કરીને મોટા રેંહેંટીયા ઊપર જાડો તાર ચહડાવે છે, અને વળી એ મોટા રેંહેંટીયાના તારો પાછા એકઠા કરી રેશમની આંટી બનાવે છે. અમો ગામોમાંથી પસાર થતા હતા ત્યારે ઠેરેઠેર એ મુજબ રેશમ કાહાડતા હતા. અમોને આખે રસ્તે આસપાસના પાહાડોના દેખાવો પણ સારા મળ્યા હતા અને નજદીકના પાહાડો જાણે કાપેલા ઘાસના લોનસો (Lawns) હોય તેવા લીલોતરીથી ભરેલા દિસ્તા હતા જેઓની પાછળ એક પછી એક એમ ઊંચા પાહાડો અને સૌથી છેલ્લા ઘણા ઊંચા પાહાડોપર તાજો પડેલો બરફ દેખાતો હતો. અમો એ મુજબ જેના "તાકાસાકીના" સ્ટેશનપર કલાક ૧૧

વાગે જઇ પુગ્યા હતા, અને આગગાડી આવવાને ઘણો વખ્ત હોવાથી ગામડાંમાં ફરી આવ્યા હતા. ઇહાં પણ રેશમના રેંહેંટીયાઓ ઘણા ઘરોમાં ચાલતા હતા અને તેના કકુનસોના ઠેલાઓ ઘોડાઓપર બંધાઇને રસ્તાપર જતા હતા. ઇહાંના જાપાનના ભાગોમાં ભારબરદારી જાનવર દાખલ ઘોડાઓનેજ કામે લગાડે છે, અને જેમ બલદને તેની પીઠની બેઊ બાજુપર હિંદુસ્તાનના વણજારીઓ સામાન બાંધે છે તેમ તેઓપર સામાન લાવે છે. એ ઘોડાઓને ઇહિં નાલ મારતા નથી, પણ પગે દોરડાંનાં ગુંઠેલાં મોજાં જેવી કોથલીઓ બાંધે છે. ગામમાં રેશમને રંગવાની ઘણી દુકાનો ઉપરાંત એક નાનું જેવું રંગવાનું કારખાનું પણ હતું જ્યાં બધે લાલ કિરમજી રંગ રેશમી કાપડ ઉપર ચહડાવતા હતા. એ ગામ એકજ મોહોલાનું બે હારનાં ઘરોનું બાંધેલું છે, અને બધે નિચલા ભાગોમાં દુકાનો ઉપર લોક તે પોતાને ધંધો ચલાવતું હતું. જોયા મેલે એ ગામડાંમાં બાહાર દેશાવરનું લોક ઘણુંજ થોડું આવતું હશે, કારણ કે જ્યાંબી અમો ફરતા હતા ત્યાં અમારી પાછળ લોકની ભીડ અમોને જોવા સારૂં મળતી હતી. ગામમાં ઊપર લખેલાં સિવાય બીજું કશું જોવાનું નથી. અમો ત્યાંથી કલાક ૧૨—૨૦ મીનીટે આગગાડીમાં નિકળ્યા હતા તે યોકોહામાં રાતના ૭ વાગેને આવી પુગ્યા હતા અને પાછા ગ્રાન્ડ હોટલમાં ઉતારો લીધો હતો.

તા૰ ૧૦ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના યોકોહામાથી આગની ગાડીમાં બેસીને ફુજીઆમા નામનાં સ્ટેશનપર આસરે ૧૫ માઇલ દુર છે ત્યાં ૭—૫૦ મીનીટના નિકળેલા ૮—૩૦ મીનીટે પુગ્યા હતા, અને ત્યાંથી જીનરીક્ષા કરીને નિકળ્યા તે આસરે પાંચ માઇલ દુર દાયબુતસ કરીને બુધનું એક ગંજાવર બ્રાન્ઝ ધાતુનું પુતળું છે તે જોયું હતું. એ પુતળું પલાંઠી મારીને બેસાડેલું છે, તેની નિચે પથ્થરની બેઠક કીધેલી છે. જાપાનમાં એવાં બેજ મોટાં પુતળાં છે, અને એવા મોટાં બ્રાન્ઝ ધાતુનાં પુતળાં દુનિયામાં પણ ઘણાંજ થોડાં

હશે. તે ઘણું મઝેનું કારીગીરીથી જાણે ખોદા ઉપર ધ્યાન આપીને બેઠું હોય તેવું બનાવેલું છે. એ કામાકુરા કરીને દેહેરાંઓની જગ્યાની નજદીકમાં આવેલું છે. એ પુતળું સને ૧૨૫૨ ના સાલમાં ઓટીને બનાવ્યું છે, જેનો બનાવનાર કોઇ "ગોરીમેન" કરીને હતો અને તે "યોરીતોમો" નામના શોહોગનનાં હુકમથી બનાવ્યું હતું. એની ઉપર એક દેહેરૂં બાંધેલું હતું જે સને ૧૪૯૪ ના સાલમાં દરિયાના એક ગંજાવર મોજાથી ધોવાઇ ગયું હતું ત્યારનું એ પુતળું ખુલ્લામાં રહેલું છે, અને એને પણ થોડી ઘણી નુકશાણી થઇ હતી, તે પાછળથી સમારી હતી. એ પુતળાંનું કદ નિચે મુજબ છેઃ—ઊંચાઈ ૫૦ ફીટ ૬ ઈંચિ, દોકું ઊંચું ૮ ફીટ ૬ ઈંચ, કાન ૬ ફીટ ૬ ઈંચ, આંખ ૪ ફીટ, નાક ૩ ફીટ ૮॥ ઈંચ, મોઢાંની પોહોળાઇ ૩ ફીટ ૨॥ ઈંચ, તેના અંગોઠાની ગોળાઇ ૩ ઇંચ, તેનો ખોલો ૩૬ ફીટ, વ્યાસમાં અને કમર ૯૮ ફીટ ગોળાઇમાં છે, એને હાથનાં આંગલાંમાં આંગળાં ભેરવીને હઠેલી ઉપર રાખી પાડેલું છે, જે હઠેલીની અંદર ઈંગ્રેજો અને બીજા જોવા આવનારાંઓ ઊભા રહીને એ પુતળાંની સાથે સખી પડાવે છે એટલું મોટું છે. એ જોઇને પછી એનેથી આસરે સવા માઇલ દુર કામાકુરાનું દેહેરૂં છે તે જોવા ગયા હતા. એ દેહેરાંમાં કાંઇ જોવા લાયક નથી, એની પડોશમાં એક જુનું દેહેરૂં હતું, તેને હમણાં સમારીને નવા જેવું ઈહાંના શેહેનશાહે બનાવ્યું છે, તેની વળી પડોશમાં એક બીજું નવું દેહેરૂં શેહેનશાહખાનુ હમણાં બંધાવે છે, તે નજદીક તૈયાર થવા આવ્યું છે. શેહેનશાહવાલાં દેહેરાંપર થોડીએક નકશી છે, બાકીનાં ચિત્રો ઝાડો અને પંખેરાંનાં ચીતારેલાં છે, અને તે બધું લાલ તથા કાળા ચળકતા લેકરવેરનું બાંધેલું છે. પેહેલું કામાકુરાનું દેહેરૂં આગળ ઈહાં જે ઉમરાવો (ડાયમીયોસો) હતા તેનું બંધાવેલું છે અને તે ઉપર ઘણી સીડીઓ ચહડીને જવું પડે છે તેની નિચે સામેથી એક ઘણું મોટું ઝાડ છે જેની ગોળાઈ ઓછામાં ઓછી ૨૫ ફીટની હશે અને ઊંચાઈ પણ ઘણી છે. એ ૧૦૦૦ વરસની ઉપરનું કહેવાય છે. તેની નિચે આગળના વખ્તમાં ગુનેહગારોને ગરદન મારતા હતા. એ

દેહેરાંમાં અસલનો સામાન તથા હથિયાર અને બખતરો તથા વાજીંત્ર ઇત્યાદીનું નાનું જેવું એક મ્યુઝિયમ છે. એમાંની તલવારોપર મીનાકામ કીધેલું છે અને તેની મ્યાનો સોનાં તથા રૂપાંથી શણગારેલી છે. તીર, કામઠાં રાખવાનું એક સ્ટેન્ડ છે તેની ઊપરબી સોનાં રૂપાં અને મોતીની જડતરથી શણગાર કીધેલો છે. તલવારની બનાવતનીબી તારીફ ઘણી છે. ઈહાં તીર મુકવા સારૂં એક વાંસ નલી જેવો છે જેનો અરધો ભાગ મથાળેથી વેહેંચાઈ જઈને તેનાબી બે સીધા ગોળ બાંસુ બની ગયા છે તે જોવાલાયક છે. એ સઘળું મ્યુઝિયમ અસલનાં શોહોગનોને લગતું છે. એ જોઇને ત્યાંથી નિકળેલા આસરે બે ત્રણ માઇલ દુર ઇનોસીમાં કરીને દરિયે કિનારે એક અલાહેદું ટાપુ છે ત્યાં ગયા હતા. એ બાજુપર આસપાસનો દેખાવ દરિયાના છુટા છુટા અને નાના નાના અખાતોથી અને નજદીકની ફરતી લીલોતરી તથા દુરના પાહાડોથી સારી લાગે છે. આજે વાદળ ઘણું ખુલ્લું હોવાથી ઈહાંનો સૌથી ઊંચો પાહાડ "ફુજયાંમા" (Fugiama) કરીને છે તે ઘણો સરસ બધા આસપાસના પાહાડોથી ઊંચો અને જાણે હવામાં હોય તેમ દીસતો હતો. એ પાહાડ આસરે ૧૨૩૦૦ ફીટ ઊંચો છે, અને હમેશાં તે ઉપર બરફ પડેલું રેહે છે. એ "ઇનોસીમાના ટાપુ" પર કોઈ વખ્ત ઓટ થાય છે ત્યારે ચાલીને જવાય છે પણ ભરતીની વખ્તે બોટોમાં જવું પડે છે. ઇહાં દરિયાઇ કોરાની અને બીજી પરચુટણ બનાવતો ઘણી વેચાય છે. માછલી પુષ્કળ મળે છે અને તેઓને મોટા તલાવમાં જીવતી રાખી મુકે છે કે જ્યારે ગમે ત્યારે તેને કાહાડી શકે. અમે આગળ તોકિયોના મ્યુઝિયમમાં જે મોટા કરચલાં જોયાં તેની વિગત લખી છે તેવા મોટા કરચલાં આ ટાપુ આગળના દરિયામાંથી મળે છે, અને કોઇ કોઈ તો જો તેના પગ લાંબા કરી ભર્યા હોય તો ૧૬ ફીટ સુધીના લંબાઇમાં તેઓ થાય છે. ઈહાંના દરિયામાંથી એક જાતના પાણીનાં વાદળાંબી મળે છે. એ સઘળું જોઇને પાછા ઇઆકોહામા સાંજનાં ૩—૩૦ એ આવી પુગ્યા હતા.



ફુજીઆમા જાપાનનો પવીત્ર પાહાડ.

તા૦ ૧૧ મી અકટોબર સને ૧૮૮૭—આજે આગની ગાડીમાં સહવારના કલાક ૧૧ વાગે બેસીને તોકિયોની પડોશમાં "ઉજી" કરીને ગામ છે ત્યાં જવા નિકળ્યા હતા. અમો "સીનબાસીના" સ્ટેશન ઉપર ઉતર્યા અને ત્યાંથી જીનરીક્ષાની ગાડીમાં બેસીને આસરે પાંચ માઇલ સુધી "વીનો" કરીને તોકિયોનું સ્ટેશન છે ત્યાં ગયા હતા, અને ત્યાંથી પાછા આગગાડીમાં બેસીને ઊપલા "ઊજી" ગામનાં સ્ટેશન ઉપર ઉતર્યા હતા, અને ત્યાંની એક સુતર કાંતવાની મીલ છે તે જોઇ હતી. એ મીલ આસરે ૭૫૦ સ્પીનડલની નાની રમકડાં જેવી એક બંગલામાં બાંધી હોય તેવી છે. એ સને. ૧૮૬૮ માં બાંધી હતી. તેમાં હમણાના સુધારાના રીંગ ટ્રોસ્ટલો નાખેલા છે, પણ ૩ જાપાનનોજ વાપરવાથી ૧૬ નંબર સુધીનું સુતર કાહાડે છે. પણ હુશિયાર મેનેજર યા સ્પીનીંગ માસ્તર કોઇ ન હોવાથી અને સઘળું કારખાનું જાપાનીસોથીજ ચલાવાથી રાસ સાડા પાંચ આંઊસનીબી આવતી નથી. કામ સઘળું કરકસરથી ચલાવે છે અને પાણીના પાવરથી એનજીન ચાલે છે. તે ઉપરાંત એઓના માલનો ભાવ મુંબઈના સુતર કરતાં દર ગાંસડીએ નજદીક ૨૦ ડાલર વધતા આવવાથી તેઓ નફો સારો કરતા હશે. કારખાનામાં બધા મળીને ૩૦ મજુરો કામ કરે છે. તેમાં ૨૩ છોકરીઓ અને ૭ મરદો છે. એ મુજબ નફો કરતા હોવાથી જાપાન દેશમાં નજદીક ૨૫ રના કારખાનાઓ ઉભાં થયલાં છે તેમાં સૌથી નાનું ઊપલું કારખાનું છે.

મોટાં કારખાનાઓ કોબીની તરફ ઓસાકા કરી શેહેર છે ત્યાં છે. જાપાનીસો અમે આગળ લખ્યું છે તેમ પોતાનાં દેશની બનાવતના માલોને ઘણું ઊતેજન આપે છે તેમજ આ સુતરનેબી ઉતેજન આપવા મોટો ભાવ આપી પેહેલાં તેને ખરીદે છે. હાલ એ લોકોનાં કારખાનાના નંબર ૧૨ નો ભાવ ડાલર ૯૮ અને નંબર ૧૬ નો ડાલર ૧૦૫ સુધીનો છે. જ્યારે મુંબઇનાં નંબર ૨૦ ના ૮૫ ડાલર ભાવ છે. એટલો મોટો ફરક એઓ રાખે છે અને મુંબઇનાં સુતરને ત્યાંથી ઈહિાં લાવવાનો ખરચ તથા જાપાનની જગાત લઈ તે ઉપલી કિમતમાંથી

બાદ થવો જોઈયે જે ઇહાંની બનાવતનાં સુતરપર થતો નથી. જાપાનમાં વેલાતી ઊંચા નંબરના સુતરનો ખપ ઘણો મોટો છે અને આસરે એક લાખ ગાંસડી ત્યાંથી ઇહાં દરસાલ આવે છે જ્યારે મુંબઈનાં ઉતરતા નંબરની આસરે ૨૦૦૦૦ ગાંસડીઓ આવતી હશે. ઈહાંનાં કારખાનાઓમાં મુંબઈ તરફનો રૂબી વાપરી નંબર ૨૦ સુધી સુતર કાહાડે છે તે સારૂ રૂ શેંહેંગાઈથી ચીનાઇ રૂને નામે આવે છે (ચીનાઇ રૂ આવે છે તે જુદો છે.) જાપાનનો રૂ સફેદાઈપર સારો છે પણ તાર નાનો હોય છે. એ કારખાના સારૂં ઇનજીન ચલાવા પાણી આસરે ૩૦ માઈલ દુરથી સરકાર એ શેહેરમાં લાવેલી છે તેમાંથી અરધો માઇલ પરથી કારખાનામાં લાવે છે, અને કોલસાનો બંચાવ તેથી થાય છે. એ શેહેરમાં કાગજો તથા કાચ અને બીજી બનાવતોના કારખાનાઓબી આવેલાં છે, પણ વખ્ત નહીં હોવાથી તે જોઇ શકયા નહીં. અમો ત્યાંથી જીનરીક્ષામાંજ બેસીને તોકિયોનાં શેહેરમાં ચાર માઈલ અરધા કલાકે આવી પુગ્યા હતા, અને ત્યાંના બજારોમાં ફરીને સીનબાસીનાં સ્ટેશન ઉપર જીનરીક્ષામાંજ ગયા હતા. એ બધો લતો આસરે આઠ માઈલનો તોકિયો શેહેરનોજ બનેલો છે, અને બધે ગીચ વસ્તી હતી, અમો "યોકોહામા" સાંજના ૫—૪૫ મીનીટે આવી પુગ્યા હતા અને આજે રાતના ઈહાંથી કોબી શેહેર જવા સારૂ પી. અને ઓ કંપનીની સ્ટીમર ટીબેટમાં રાતના ૧૧ વાગેને ચહડયા હતા, કારણકે પાછળી રાતના બે વાગેને સ્ટીમર હંકારવાની છાપેલી હતી તેથી આગમજથી જવું પડયું હતું.

તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના સાડા પાંચ વાગેને અમારી સ્ટીમરે યોકોહામાનું બારૂ છોડયું હતું. સ્ટીમર "ટીબેટ" આસરે ૩૦૦૦ ટનની છે, અને જોકે જુનામાંની એક આગબોટ ગણાય છે તોબી ઘણી સારી ફરાગતવાલી છે. અમારી સાથે આસરે ૨૦ ઉતારૂઓ છે. આખો દિવસ દરિયો ઘણોજ થંબ હતો, અને સ્ટીમર જાણે ઊભેલી હોય તેમ કશા પણ ડોલા ખાતી હતી નહીં. બેઊ બાજુ ઊપર પાહાડો દુરથી દેખાતા હતા.

તા૦ ૧૩ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારથી જાણે એક ખારીમાં સ્ટીમર ચાલતી હોય તેમ લાગતું હતું, અને બેઉ બાજુ ઉપર જરા દુરથી પાહાડોની અલગાર લાગેલી હતી. આસરે નવ વાગેને પાહાડની એક અણી દરિયામાં નિકળેલી પસાર કીધા પછી એક ગમના પાહાડો પાછા દુર થવા લાગ્યો અને કોબીની નજદીકમાં અમો આવી લાગ્યા. આસરે ૧૧ વાગેને સ્ટીમરે પોતાના ડંકા આગળ લંગર કીધું હતું. કોબીનો દેખાવ દરિયામાંથી સારો લાગે છે, અને ત્રણ ગમના અરધા ચાંદ રોકા ડુંગરોની હેઠાણમાં એ શેહેર દરિયે કિનારે આવેલું છે. અમે સ્ટીમર ઉપરથી ઉતરીને જીનરીક્ષામાં બેસીને "હીઓગો" નામના હોટલમાં ઉતારો લીધો હતો. ઈહાંના હોટલો "યોકોહામા" નાં હોટલો જેટલાં મોટાં નથી પણ સઘળું યુરોપિયન ઢપપર રાખેલુ છે અમો બપોરનુ જમીને શેહેરમાં ફરવા નિકળ્યા હતા. ઈહાં કાંઇ જોવા લાયક નથી ફકત આસરે એક માઇલપર એક પાણીનો ધોધ છે તે ઈહાં આવનારાઓ જોવા જાય છે, ત્યાં અમોબી ગયા હતા. એ ધોધ ડુંગરોની વચમાંથી આસરે ૬૦ ફીટ જેટલો ઊંચો પડે છે, પણ પોહોળાઇમાં ભાયગે ૫) ફીટબી હશે. એની આસપાસ ઝાડ અને ફર્નસોની લીલોતરી તથા છાયો ઘણો સારો લાગે છે, તે જોઈ બજારમાંની જાપાનીસ નવાઇની બનાવતોની દુકાનો જોઈને પાછા હોટલમાં આવ્યા હતા. એ કોબી શેહેર જાપાનીસોએ જે વેપાર સારૂં ચાર પાંચ બંદરો દેશીઓને માટે ખુલ્લાં મુકયાં છે તેમાંનું એક છે, અને ઈહાં આપણા મુંબઇથી સુતર વેચાવા સારૂ સારી રકમનું આવે છે. શેહેર નાનું આસરે ૮૦૦૦૦ ની વસ્તીવાલું લાગે છે તેમાં ૪૦૦ પરદેશીઓ કહેવાય છે, અને વેપારની બાબદમાં જાપાનમાં બીજું બંદર (યોકોહામાથી ઉતરતું) ગણાય છે. દરિયે કિનારે થોડીએક ઈમારતો યુરોપિયન ઢપપર માફકસરની બાંધેલી છે, બાકીનું અંદરનું દેશી ગામ જેને ઈયોગો કરી કહે છે ત્યાં એઠાં અને નજીવાં ઘરો આવેલાં છે

તા૦ ૧૪ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૧૦ વાગેને આગની ગાડીમાં બેસીને "કોબીથી" ઓસાકા શેહેર

જે આસરે ૨૦ માઇલ દુર છે. ત્યાં કલાક ૧૧ વાગેને પુગ્યા હતા. એ "ઓસાકા" શેહેર ઘણું મોટું છે અને ઇહાં ઘણો મોટો વેપાર ચાલવા ઉપરાંત જાતે જાતના કારખાનાઓ આવેલાં છે જેઓની સંખ્યાબંધ ચીમનીઓ દુરથી દીસે છે. ઈહિંનાં કારખાંનાઓમાં મોટાં બે કારખાંના રૂ તથા સુતર કાંતવાના છે, પણ આજે કાંઇ કારણસર તેઓ બંધ હોવાથી જોઇ શકયા ન હતા પણ ફીઓતો શેહેરથી પાછા ફરતી વખ્તે જોવાનો વિચાર રાખ્યો છે. અમો ઈહિંનો કિલ્લો જોવા ગયા હતા જે જાપાનના મજબુત કિલ્લાઓમાંનો એક ગણાય છે અને મજબુત મોટા મોટા પથ્થરોનો બાંધી તેને ફરતી ઊંડી પાણીની ચર રાખેલી છે. એમાં જવા સારૂ ત્રણ જુદા જુદા એક પછી એક કિલ્લા તથા દરવાજા પસાર કરવા પડે છે. એ કિલ્લો સને ૧૫૮૩ ના સાલમાં "શોહગન-કોઇ-તાય-કો-સામાં" કરી હતો તેણે બાંધ્યો હતો, અને જોકે ઘણો મજબુત છતાં થોડોજ વર્ષ સને ૧૮૬૯ ના બળવા વખ્તે તે તકી શકયો પણ આખરે મોટી તોપોથી તેમાં ગબારૂં પાડી તે લીધો હતો. હમણા ત્યાં સોલજરોની બરાખો કીધેલી છે, પણ એ ઊંચાણમાં આવવાથી ત્યાંથી "ઓસાકા" શેહેરનો દેખાવ સારો દેખાય છે તેથી લોકો એ કિલ્લો જોવા જાય છે જે સારૂ અમોને ઈહિંની સરકારી આફીસમાંથી રજા પેહેલાં લેવી પડી હતી. એ કિલ્લાની નિચે એ બાજુપરથી શેહેર નિચાણમાં આવેલું છે બાકીની બાજુઓપર જ્યાં નજર કરીયે ત્યાં રોપણીથી ભરપુર ખેતરો દીસ્તાં હતાં તથા દુરથી એકગમ દરિયો અને બીજીગમ મોટા ડુંગરો દેખાતા હતા. એ કિલ્લાની નિચેથીજ જરા દુર તોપ બનાવવાનું કારખાનું આવેલું છે જ્યાં ઘણી સારી તોપો બનાવે છે એમ કહે છે. એ કિલ્લા સિવાય એક બે દેહેરાંઓ નજીવાં છે તે વિગરે બીજુ કાંઇ ઈહિં જોવા લાયક નથી પણ ઈહિંની ટંકસાલ ઘણા જણા જોવા જાય છે. અમોએ બીજી ટંકસાલો આગળ જોયલી હોવાથી ત્યાં ગયા હતા નહીં. ઉપલાં કારખાનાઓ ઉપરાંત ઈહિં કાચ, કાગજ, બીલોરકામ ઈત્યાદી બનાવવાનાં ઘણાં કારખાનાઓ છે જેથી એ ઓસાકા શેહેરને જાપાનનું મેનચેસ્ટર દાખલ ગણે છે.

વળી ઇહિં બે નદીઓ શેહેરની વચ્ચેથી થોડે થોડે છેટે પસાર થાય છે, જેમાંથી નાની સ્ટીમરો તથા વાહાણો ઘણે ઊપર સુધી જઇ શકે છે, અને દરિયા સાથે તેનો સંબંધ થાય છે. એ નદીઓમાંથી જગે જગ દર બે ત્રણ મોહોલાને આંતરે ઊભી તથા આડી કનાલો બેસુમાર આવેલી છે, જેમાંથી શેહેરના ઘણાખરા ભાગોમાં માલ લાવ લઈજાવ કરવાનું ઘણું સેહેલું પડે છે તથા જ્યાં નદી આવેલી છે તેને કાંઠે તો બે ડોલી મોટાં વાહાણોને ગોદી માફક લઇને સમારકામ પણ કરે છે. એ કેનાલો તથા નદીઓને લીધે "ઓસાકા"ને ઉગમણુ તરફનું વેનીસ કરીનેબી કહે છે. અમો શેહેરમાં નજદીક ત્રણ કલાક જીનરીક્ષામાં ફર્યા હતા તેટલાં કાંઇ બેશુમાર પુલો એ કેનાલો તથા નદીઓ પરથી પસાર કીધા હતા. શેહેર પોતેબી ઘણું મોટું ઘેરાવાનું બેઠાં ઘરોને લીધે છે. એની વસ્તી આસરે ૮૦૦૦૦૦ માણસોની કહેવાય છે. ઇહિં હમણા એક નવું હોટલ બંધાયું છે, પણ ત્યાં સુવાના ઓરડાઓની સગવડ હજી બરાબર કીધેલી ન હોવાથી અમો જે ઇહિં રહેવાના હતા તે વિચાર છોડી દઇને સાંજના કલાક ૫ ની ટ્રેનમાં બેસીને "કીઓતો" જે અસલ પાયતખ્ત શેહેર હતું ત્યાં ગયા હતા, જ્યાંનાં સ્ટેશનપર કલાક ૬—૩૦ મીનીટે પુગ્યા હતા. અમોને છેક કોબીથી તે "કીઓતો" સુધીના આસરે ૬૩ માઇલ સુધી બધી રોપણીનાં ખેતરો મળ્યાં હતાં જેમાં મોટો ભાગ ચોખાનો હતો, પણ કોઇ કોઇ ગમરના ખેતરો તેમાં ઘણાં ખરાં ઓસાકો શેહેરની નજદીકમાં મળ્યાં હતાં. જે ઉપર રૂ હમણા વિણવા લાયક તૈયાર થયલો દેખાતો હતો.

જાપાન દેશની જમીનને ખાતર આપીને વરસાદ બારો માસનો હોવાથી તથા કેટેબી દશ બાર ફીટ જમીન ખની કે પાણી મળી આવવાથી વરસના ત્રણથી ચાર પાક તેપરથી લીયે છે, તેમાં કોઈ તરફ વસંત રૂતુમાં બરફ થોડો ઘણો પડે છે ત્યારેબી રોપણી ચાલે છે અને તે વખ્તે ગાજર તથા બીજી એવી તરકારી રોપે છે, જે સાંભળવા મુજબ જમીનપરે પડેલા બરફની ઊપરથી ઊગી બાહાર નિકળે છે. પણ આએ

પ્રમાણે વરસના ઘણા પાક કરવાથી જમીનને જરા પણ વિસામો મળતો નથી, તેથી આગળ ચાલતાં એ ખરાબ થશે એવો સંભવ બીજાઓ રાખે છે અને હમણાબી માણસનું જોરાવર ખાતર આપવાથીજ આવો પાક મળે છે, નહીં તો કે ઊતરી જયા વગર રહે નહીં. આએ વરસનો ચોખાનો પાક એટલો તો મોટો થવાની આશા છે કે આગળ કોઇ સાલબી થયો નહીં હશે એમ કહે છે, પણ રૂનો પાક તેથી ઊલટો ઘણો થોડો નિકળવાની બીહીક હોવાથી ચીન તરફ તેની ખરીદી હમણાથી થવા લાગી છે. અમે યાઆમી (Yaami) નામના હોટલમાં કીઓતોમાં ઊતારો લીધો છે જે જો કે જાપાનીસોએ 'રાખેલું' છે તોબી મજેતું યુરોપિયન ઢપ ઉપર સજાળું છે. હમણાં થોડુંક થયુંજ એ બંધાયું છે, અને ડુંગર ઊપર આવ્યાથી શેહેરનો દેખાવ ઘણો સારો દીસે છે, અને યુરોપિયનો ઘણાખરા ઈહાંજ ઊતારો લે છે.

તા૦ ૧૫ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૮—૩૦ મીનીટે કીયોતોથી જીનરીક્ષામાં બેસીને નિકળેલા કલાક ૯—૪૫ મીનીટે બીવા (Bewa) નામનો સરોવર છે તે જોવા ગયા હતા. રસ્તામાં આખો વખ્ત જાણે એકજ ગામમાંથી પસાર થતા હોઇયે તેમ વસ્તી અને ઘરો ૭ા માઈલ સુધી મળ્યાં હતાં અને માલની આવજાવ પણ ઘણા મોટા પાયા ઊપર બધે ચાલતી હતી. જોકે કીયોતોથી છેક લેક બીવા સુધી આગની ગાડી દોડે છે તોબી ગાડાંઓમાં માલ લાધીને લાવ લઇજાવ કરે છે. ગાડાંમાં મોટો ભાગ માણસો બલદની માફક જોડાઇને ઘસડતા હતા, તેઓ બલદની ઝુસરીના જેવુંજ પોતાની છાતી આગળ બાંધીને છાતીના જોરથીજ ગાડાંઓ ખેંચતા હતા, અને રસ્તાનો મોટો ભાગ ઢળાવવાલા ડુંગરો ઊપર જવાનો હોવાથી બેથી ચાર જણા એ મુજબ ગાડાંમાં જોતરાઇને ઘસડતા હતા. તેમાં ઓરતો અને દશ બાર વરસનાં બચાંઓ વટીક ભાગ લેતાં હતાં. કોઈ કોઇ ગાડાંઓમાં બલદ જોડેલા હતા. એ બલદો ઘણાજ મજબુત આંગે કદાવર અને દેખાવે વેલાતી ગાયને

મળતા આવે છે, અને રંગે મોટો ભાગ સુધ કાળા છે, અને ઘણો માલ સેહેલથી ઘસડી શકે છે. રસ્તાની આસપાસ નાના મોટા ડુંગરોથી દેખાવ સારો લાગે છે. ખામખા જીનરીકક્ષામાંજ પગ રસ્તે ગયા અને આગની ગાડીમાં ગયા હતા નહીં, અને આગની ગાડી પાહાડોને લીધે લંબાણુ રસ્તે જવાથી બેઊ એકજ વખ્તે થોડે તફાવતે ત્યાં પુગે છે. અમો સરોવરના મથાળા ઊપર એશીબા (Eshiba) કરીને ગામ છે ત્યાં જઇને ત્યાંથી એક નાની સ્ટીમ લાંચમાં સવાર થઇ એ સરોવર ઊપર ફ્રરી આવ્યા હતા. એ સ્ટીમ લાંચમાં ફરવાની ઉતારૂ દીઠ ૨૦ સેન (યાને દોકડા) તુર લે છે, અને તેમાં ૩૦ ઉતારૂઓ બેસી શકે છે. જેઓ સઘળાને તુટક ઊપર સાદરી પાંથરીને જમીન ઊપર બેસાડે છે, પણ જો આપણે આખી સ્ટીમર લેક ઊપરની "બે" જોવા લાયક જગ્યાપર ફરી આવવા સારૂ માથે રાખીયે છીયે તો ચાર ઈયન (યાને ડાલર) લે છે. અમો આખી સ્ટીમર માથે રાખીને સરોવર પરની એ જગ્યાઓ જોઈ આવ્યા હતા. એ સરોવર સાંભળવા મુજબ ૮૦ માઇલ લાંબો અને આસરે ૭ માઇલ પોહોળો છે, તેથી બેઊ બાજુના કિનારા સ્ટીમર પરથી મજેના દીસે છે, અને આસપાસ ફરતા મોટા નાના પાહાડો આવેલા અને તેઓ ઉપરની લીલોતરી તથા નિચાણમાંની ખેતીવાડીથી તથા સરોવરની અંદર માછીમારોની તથા બીજી બોટો અને મઝા કરવાની બે ત્રણ સ્ટીમરો ફરતી હોવાથી દેખાવ ઘણો રળિયામણો લાગતો હતો. અમો પેહેલાં કારટસાકીનાં કરીને ડાબા હાથના કિનારા પરની એક જગ્યાપર ઉતર્યા હતા. એ જગ્યા પર નાનું ગાંમડું છે, કાંઇ જોવા લાયક નથી પણ ત્યાંનુ પાઇન (Pine) જાતનું એક ગંજાવર ઝાડ ઘણું જોવા લાયક છે. એ ઝાડ ઊંચાઇમાં ભાયગે વીસ ફીટ હશે, પણ તેની ડાંખલીઓ મોટાં દરખ્ત જેવી જાડી થઈને અમો ધારયે છીયે કે તેઓ નજદીક ૭૫ ફીટ સુધીની આજુબાજુએ ફેલાઈ ગઇ છે. એ ડાંખલીઓને નિચે ઝુલાઇ પડતી અટકાવવા સારૂ ઘણા મજબુત લાકડાંના ટેકા જગેજગે આપેલા છે. એ મુજબ એની ડાંખલીઓ ફરતી ચારે

બાજુએ ફેલાઈને ઘણો મોટો ઘેરાવો ઘેરી લીધો છે. એટલુ ડાંખ લીઓથી ફેલાઇ ગયલું મોટું ઝાડ અમે કેહે દીઠું નથી. તેનું થડ આસરે ૨૭ ફીટ ઘેરાવામાં હશે. એ ઝાડ ૨૦૦૦ વરસનું જુનું કહેવાય છે. અમારા ધારવા મુજબ એ ઝાડ જે ધારા મુજબ ઊંચું જાય છે તેને ઉપરથી કાપીયા કીધાથી તેની ડાલોને જોર મળ્યું છે, અને એ ડાલોને નિચે જોઈતી ઊંચાઇએ લાવી નિચેના ટેકાઓ સાથે બાંધ્યાથી તેઓ તે હાલતમાં લાંબી ફેલાઇ ગઇ હશે. એજ મુજબ બીજાં એજ જાતનાં ઝાડો જે હમણા નાનાં છે તેને કીધેલાં અમે બીજી એ સરોવરની આસપાસની દેહેરાંઓવાલી જગ્યામાં જોયાં હતાં. તે ઉપરથી એનેબી એમ કીધું હશે એવું ધારીયે છીયે. એના છાપડા હેઠળ જો ૧૦૦૦ માણસો બેસે તો તે બધાને છાયદો અમો ધારીયે છીયે કે મળી શકે એટલો મોટો ઘેરાવો છે. અમો એ ઝાડ જોઈને પાછા સ્ટીમરમાં બેસીને નિકળેલા એ બીવા સરોવરનું પાણી જ્યાંથી નદીના આકારમાં બાહાર પડે છે તે જગ્યા ઉપર ગયા હતા. એ નદીનું મુખ આસરે ૧૦૦૦ વાર જેટલું પોહોળું છે, પણ આગળ જતાં તે સાંકડી થતી જાય છે. અમો તેમાં થઇને એશિયામાં નામનું ગામ એને કિનારે છે, ત્યાં ઉતર્યા હતા. તે બાજુ ઉપર જમીન આસપાસ નજદીક આવ્યાથી અને તે બધી લીલોતરીથી ભરપુર હોવાથી તથા તેની પાછળના ડુંગરો તથા પાહાડો ઉપર કોઈ ગમ ઝાડ પાન અને કોઈ ગમ ખાલી હોવાથી તથા સુરજ જરા ઘેરાણમાં હોવાથી વાદળનો છાંયો તેઓ ઉપર પડવાથી લાઇત તથા શેડની અસર ઘણી સારી લાગતી હતી. સરોવરમાં એ બાજુ ઉપર કાંઇ વગર ગણત્રીની બોટો પાણી છાલકાં હોવાથી તેમાંથી કોરા કાહાડતી હતી. એ કાહાડવા સારૂ એક લાંબા બાંબુને છેડે જાલ રોકી એક નાની કોથલી બાંધી તે બાંબુને પાણીમાં જમીનની અંદર દાબે છે, અને પછી તેને પાછો બાહાર કાહાડે છે ત્યારે ઉપલા કોરા જીવતા જાનવરો સાથે કોથલીમાં ભેગા થાઈ આવે છે. ખબર કાહડતાં એ કોરા તથા તેમાંની ઝીણી માછલીઓને ખાતરનાં કામમાં વાપરે છે.

વળી બીજી કેટલીક બોટો લેવતાની જાતની ઈલ નામની માછલી પણ ઠીક નાલથી પકડે છે. એ સારૂ પોકલ બાંબુઓને પાણીની અંદર પોચી જમીનમાં ઊપરથી બીજા બાંબુએ ઠોકી ઘાલે છે, અને એ મુજબ હારબંધ છુટે છુટે તફાવતે તેવા બાંબુઓને ઘાલી તેઓને એક રસીથી બીજા એક લાંબા બાંબુ સાથે બાંધી રાખે છે. હવે એ દટાયલા પોકલ બાંબુને ઊપલી "ઈલ" માછલી પોતાનાં દર સમજી તેમાં ભેરાય છે. તેઓને બીજે દીને પેલા માછીમારો બાંબુ બાહાર ખેંચી કાહાડી પકડે છે. એ સરોવરમાં ઘણી જાત જાતની માછલીઓ મળે છે, તેમાં સામન માછલી જે આપણી રામસ માછલીને મળતી આવે છે તથા સામન ટ્રાઊટ (Salmon Trout) જાતની માગન જેવી માછલી ઘણી મળે છે. એ છેલ્લી માછલી સોનેરી માછલીના જેવી લાલ રંગની પણ આવે છે, જે ઘણી સારી દેખાવે લાગે છે. એ માછલીઓને ભર સરોવરમાંથી પકડી પાણીની ટાંકીઓમાંજ જીવતી કિનારે લાવે છે, અને પછી તેને સારૂં લાકડાંના નજદીક નજદીક ગોઠવેલા સળિયાનાં પીંજરાંમાં નાખે છે. એ પીંજરૂં આસરે પાંચથી છ ફીટ લાંબું અને બેથી ત્રણ ફીટ પોહોળું હોય છે, જેઓને ગામડાંઓની નજદીક સરોવરને કિનારે ગુઠણ સુધીનાં પાણીમાં દાટી રાખે છે, જેથી માછલી તેમાં જીવતી માંગો ત્યાં સુધી રહી શકે છે અને ગરજ વખ્તે નાની જાલ લાકડીને છેડે બાંધીને તેની અંદર તેઓને પકડી બાહાર કાહાડે છે. એવાં માછલીનાં પીંજરાંઓ કાંઇ જથ્થાબંધ ગામડાંઓની સામે દેખાતાં હતાં. અમો કિનારે ઉતરીને પડોશના એક નાના ડુંગર ઉપર દેહેરૂં છે ત્યાં ગયા હતા. દેહેરૂં કાંઇ જોવા લાયક નથી, પણ ખુદરતી રોક વર્કે મોટા પાયાપર તેના બાગમાં બનેલો છે તે ઘણો જોવા લાયક છે. પથ્થરો આડા અટાડા અને એક એકની ઉપર શોભઇતી રીતે જાણે માણસે હાથે ગોઠવ્યા હોય તેમ પડેલા છે, અને વચમાં ફરવા હરવાના રસ્તા જેવા ખાંચાઓ રહેલા હોવાથી જાણે બાગમાં ગોઠવેલા હોય તેમ લાગે છે.

એ જોઈને પાછા સ્ટીમરપર સવાર થઇને ઈસીબાના કિનારાપર પાછા આસરે સાડાબાર વાગે આવી પુગ્યા હતા, અને ત્યાંનાં ટી હાઊસમાં તેની સામેનાં માછલીનાં પીન્જરાંમાંથા તાજી જીવતી સામન માછલી કહડાવીને તે તથા સાથે બીજુ બાંધી લાવેલા હતા તેનું ટીફીન કીધું હતું અને પાછા બે વાગે નિકળેલા કીયોતોમાં સવાત્રણ વાગે આવી ઈહિંનાં બજારમાં બધે ફરી આવ્યા હતા. એ બજાર ઘણું લાંબું છે, અને આસપાસની દુકાનોની વચમાંના રસ્તાપર આખે મોહોલે મથાળેથી બાંબુઓપર; પરદા નાખેલાં છે, જેથી રસ્તા ઊપર મુદલ તડકું પડતું નથી અને જ્યારે સુરજ નહીં હોય છે ત્યારે બાજુએ દોરડીઓ રાખેલી તેથી પરદાઓ ખેંચે છે કે ગોળ લાકડાં ઉપર વીટલાઈ જઈને ઊપરથી ખુલ્લું થઇ જાય છે, જેથી ખરીદનારાઓને ત્યાં ફરવાનું ઘણું સેહેલું થઇ પડે છે, અને અમો આજે સાંજના ચારથી છેક ૭ વાગા સુધી એ મોહોલામાંની જુદી જુદી દુકાનોપર ઈહિંની બનાવતો જોવા સારૂં ફર્યા હતા ત્યાં સુધી એ મોહોલામાં એક મેલા જેટલી ગીરદી ચાલુ હતી અને તેને લીધે ઈહાં જીનરીક્ષા ગાડી વટીક ફેરવવાનો હુકમ નથી, પણ સૌને પગે ફરવુંજ પડે છે. દુકાનો સઘળી હમાં ચીજોથી ભરપુર હતી અને સાંજના ૭ વાગે રોશણી બંધે થવાથી જાણે દીવાલીની રોશણી થઇ હોય તેમ બધી દુકાનોપરનાં કાગજનાં સલગાવેલાં ફાણુસોથી લાગતું હતું. વળી એ મોહોલામાં પુષ્કળ નાટકશાળાઓ તથા બીજી ગમતનાં ઘરો હોવાથી તેઓની બાહાર ગમતને લગતાં કાંઇ વગર ગણત્રીનાં બારણાઓ તથા આખાં ઘરોપર ચીતારો રંગીન હોવાથી ઘણો ભપકો અને જાણે કાંઇ મોટો મહીમાહ હોય તેવું રળિયામણું લાગતું હતું. એ મુજબ દરરોજ એ મોહોલામાં ગીરદી તથા તમાશો થાય છે. આવતી કાલે ઈહાં છેલ્લા બળવાના વખ્તે માર્યા ગયલા સોલજરોને લગતો વારસીક તેહેવાર છે, તેથી આજ રાતથી ગામમાં છુટી છવાઇ ફાણુસોની રોશણી થઇ હતી, અને તેમાં નેહેરોને કાંઠે તેઓ હારબંધ હોવાથી દુરથી ભપકો તેનો સારો લાગતો હતો.

તા૦ ૧૬ મી અકટોબર સને ૧૮૮૯—આજે ઊપર લખ્યા મુજબ ઈહિં મોટો તેહેવાર હતો. એ તેહેવાર સને ૧૮૬૮ માં હમણાના મીકાડોએ તોકિયોનો શોહોગનને હાથથી જાપાન લઇ તે તરફનો ભાગ છીનવી લીધો તે વખ્તે થયલી લડાઇમાં માર્યા ગયલા સોલજરોની યાદગારીમાં દર સાલ ઈહાં થાયે છે અને તે સારૂ દેશે દેશથી લોકો ઉપરાંત શેહેનશાહી ખાનદાનના રાજવંશીઓ તથા બીજા પ્રાંતોના હાકમો વટીક આવે છે. એ માર્યા ગયલા સોલજરોની યાદગારીનો એક મોટો પથ્થર તે ઉપર તેને લગતી વિગતો કોતરીને અમારાં હોટલથી થોડે દુર એક ડુંગર ઉપર મુકેલો છે ત્યાં એ સઘળો મેલાવડો થયો હતો. અમો હોટલમાંથી તે તમાસો જોવા સારૂ આસરે નવ વાગેને નિકળ્યા હતા પણ તેની આગમચથી રસ્તાઓ સઘળા લોકોની ભીડથી ખીચોખીચ ભરાઇ ગયા હતા, અને ગાડી કશું ત્યાંથી જવાનો હુકમ ન હતો. એ ડુંગરપર જવાની જગ્યા બજારમાં થઇને છે, અને ઉપર જવાનો રસ્તો મજેનો પોહોળો અને માફકસરના ઢળાવનો તથા સીડીનો બાંધેલો છે. ક્રીયા ૧૦ વાગેને શરૂ થવાની આગમચ રૈયતને ત્યાં જઈ આવવાની છુટ હતી તેથી ડુંગરપરનો આખો રસ્તો લોકો ઊપરાંત નિશાળોના છોકરા તથા છોકરીઓની આવજાવથી ભરાઈ ગયો હતો. જુદી જુદી નિશાળોનાં છોકરાંઓ જુદાં જુદાં ટોળામાં અને તરેહવાર રંગબેરંગી પોશાકોમાં ગમત કરતાં આવજાવ કરતાં હતાં, અને બબેની હારમાં રીજમીટની માફક ચાલતા હતા. એ મુજબ જોતા જોતા અમો છેક પેલા યાદગારીના પથ્થરવાલી જગ્યાપર જઈ લાગ્યા. જ્યાં જતાં રસ્તામાં હારબંધ કાગજના રંગીન ફાણુસોની તોરણો ફાધી હતી, અને વચમાં એક ઘણું મોહું ખરાં તથા ખોટા ફુલ અને પાંદડાંનું ઘણા સારા ટેસ્ટથી બનાવેલું આરકું હતું, જેમાં પાંદડાં કરતાં એટલાંતો ફુલ વધારે હતા કે પાંદડાં તદન દીસતાં હતા નહી, અને ફુલોબી જાતજાતનાં રગનાં ક્રીસેનઠીઅમસો (જે ઈહાંની શેહેનશાહતનો ક્રેસ્ટ છે) તથા ગોલાબ અને બીજી ઘણી જાતનાં ગોઠવેલાં હોવાથી અસર ઘણીજ સારી લાગતી હતી; અને વળી

તેની આસપાસ ફાણુસોની લટકતી તોરણો કીધેલી તેથી પુરૂં શોભતું હતું. દશ વાગ્યાની નજદીકમાં સઘળાં લોકોને ડુંગરપરથી હેઠલ જવાનો હુકમ થયો, અને પેલા યાદગારીવાલો થંભ જે એક માફકસરના ચોગાણુમાં ડુંગરની અધવચમાં મુકેલો છે, તે જગ્યા સઘળી ખાલી થઈ હતી. અમો લોકો બાહાર દેશાવરના હોવાથી (અમારી સાથે બીજાં ઘણાં યુરોપિયનોબી આવેલાં હતાં) અમોને ત્યાં ઊભા રેહેવા દીધા હતા, પણ અમારી સાથનાં જાપાનીસ ભોમિયાઓનેબી હેઠે મોકલાવી દીધા હતા. લોક બધું ઊતરી ગયા પછી તરત માણુસોએ રસ્તાને ઝારઝુર કરી ચોગાણુમાં બધે જાડી કાંકરીની રેતી પાંઠરી દીધી હતી. પેલા યાદગારીના પથ્થરની બાજુપર એક કામચલાઉ આલટર દેહેરાં જેવું ઊભું કીધેલું હતું તેની સામે લોકોને બેસવા સારૂં એ બાજુપર હારબંધ ખુરસીઓ ગોઠવી હતી, અને વચમાં રસ્તો આલટરપર જવા સારૂ રાખેલો હતો. અમો લોકોને એ આલટરની સામેજ મજેની જગ્યા મળી હતી, અને પાછળથી જાહેર ક્રીયા શરૂ થઈ ત્યારે ખુરસીઓ વટીક લાવીને અમોને આપી હતી, અને અમારી સામેની જગ્યા આગળ કોઈને ઊભા રેહેવા દેતા હતા નહીં. બરાબર ૧૦ ને સુમારે પાદરીઓનું સરઘસ સીડી ઉપર ચહડતું દેખાયું, અને પાદરીઓ સઘળા સીનટો ધર્મના હતા અને શેહેનશાહ સીંટોનો ધર્મ પાલે છે, તેથી સઘળી ક્રીયા એજ ધર્મમાં કીધી હતી. સીંટો લોકના ધર્મમાં વખણાયલાં આદમીઓનાં રૂ ને માને છે, તેથી આજે પેલા માર્યા ગયલા સોલજરોના રૂહની પ્રાર્થના કરવાની ક્રીયા હતી. એ સીંટો ધર્મના પાદરીઓ માથુ બોડાવતા નથી (બુધ ધર્મવાલા પાદરી બોડાવે છે) તેઓએ સફેદ અને ઘણો મોટો પોશાક પેહેરેલો હતો, પણ માથાપર કાંઇ અજબ તરેહની તોપીઓ પેહેરેલી હતી. જેવા મેલે એ ધર્મગુરૂઓમાં બે પદવી છે. મોટા ધર્મગુરૂઓ આસરે પાંચેક જણા હતા જેઓના માથાપર બેઠી તોપી અને તેની પાછળથી મથાળે એક ચકરડાં જેવો આકાર કરી તેની ઉપરથી પીછની માફક એક લાંબી પતી પીઠ તરફ ઉપરથી ઉચકાઈને પછી નિચે લટકતી રાખેલી હતી, પણ તેનો

રંગ બધો કાળો હતો. બીજા ધર્મગુરૂઓ જે આસરે વીસેક જણ હતા તેઓને માથે મુંબઈમાં ફકીરો લાકડાંનું ભીખ માગવાનું ચાવલનું વાસણ વાહાણના આરકાનું લઈને ફરે છે તેને મળતા આકારની તોપી હતી. અને જે માથાપર અલગી ગોઠવેલી હોવાથી તેને પતીથી ગલાં આગળ બાંધી લીધી હતી.

એ પાદરીઓ ઉપર આવીને એક અલાએધા તંબુમાં ગયા જ્યાં તેઓએ પગમાંનાં ચંમપલ રોકાં ખાસડાં બદલીને લાકડાંનાં તલીયાં સાથનાં બોત રોકાં ખાસડાં પેહેરયાં હતાં, જે ઘણી મોટી સાઇઝનાં હોવાથી તેઓથી ઝડપમાં ચાલી શકાતું હતું નહી. તેઓની પાછળ કોઈ સંખ્યાબંધ રીજમીટના આપીસરો છુટા છુટા આવેલા હતા. એ સઘળાઓ પેલા કામચલાઊ ઓલટરની સાંમે બેઠકોપર હારબંધ આવીને બેસતા ગયા પછી કીયેતોનો ગવરનર આવ્યો, જે ઘણા ભપકાદાર કસબી ભરતના પોશાકમાં હતો કે જે ઘણોખરો ઈંગલંડના સીવીલીયનોના પોશાકને મળતો હતો. ઈંહાં હાજર થયલા સઘળા મોટા મોટા લોકો ઈંગ્રેજી પોશાકમાંજ હતા, પણ જેને ગમે તેવો પોશાક પેહેરી આવ્યા હતા. કોઇ મોરનીંગ ડ્રેસમાં તો કોઈ ઈવીનીંગ ડ્રેસમાં (તેલ કોટમાં), કોઈ નાની બેઠી તોપી તો કોઈ લાંબી તોપી, કોઈના પોશાકો તેનાં આંગનાં પરમાણથાંને લાંબા, કોઇનાં પાટલુનો તે કારણથી બુત આગળથી ઊલતાવેલાં, અને ઘણાખરાઓના હાથમાં ઘીલાં સફેદ સુતરાઊ મોજાં પેહેરેલાં હતાં. પણ આપીસરો અને સીવીલીયનોનો ડ્રેસ મજેનો ભપકાદાર કસબી અને બંધબેસતો સીવેલો હતો. ઓપીસરોના પોશાકની ઘપ ફ્રેંચ લશ્કરને આબાદ મળતી છે, (જો કે સોલજરોની તોપી જરમન ઘપપર બનાવેલી છે) પણ તેઓ કદે ઠીંગણા હોવાથી તથા ચાલ ઝુલતી હોવાથી દેખાવ લડાયક દીસતો હતો નહી. જેમ જેમ લોક આવતું ગયું તેમ તેઓને હાજર રહેલા ઠેડવેલા આપીસરો રીસીવ કરીને બેઠકપર લઈ જઈ બેસાડતા હતા. એ વખ્તે જો કે યુરોપિયન પોશાકમાં સર્વે જણા હતા તોબી તેઓની જાપાનીસ ઢપની સલાંમ કરતા હતા. જ્યારેબી કોઈ આવે કે તેઓ પાસે જઇ

આમનસામન બબ્બે વખ્ત ઘણાજ વાંકા વલીને નમતા હતા જે ઘણું મજેતું લાગતું હતું. એ પ્રમાણે સઘળાઓ બેઠા પછી છેક છેલ્લે શેહેનશાહના રેપરીઝેનટેટીવ દાખલ તેનાં ખાંનદાંનનો એક પ્રીન્સ આવ્યો જેને સર્વ જણાઓએ ઉઠી તોપીઓ કાહાડી માન આપ્યું હતું, અને ત્યાર પછી બધાઓ ઉઘાડે માથેજ તે પાછો ગયો ત્યાં સુધી રહ્યા હતા, પણ તેવણે સલામ કરતી વખ્તે તોપી ઉતારી અને તરત પાછી પેહેરીને તેમજ આખો વખ્ત બેઠા હતા, ક્રિયા ફક્ત ઘણી ગંભીર આવતી ત્યારેજ તોપી કાહડતો હતો. (ઈંહા મારે જણાવવું જોઇયે કે જાપાનીસો જે અસલી ઢપના છે તેઓ માથાંપર કોઈ પણ જાતની તોપી યા કપડું રાખતા નથી પણ ઊઘાડે માથેજ રસ્તાઓમાં વતીક ફરે છે. માથાં ઉપર બાલ અંગ્રેજો માફક કાપેલા રાખે છે, જેને હોરતા નથી પણ છુટા ખભરાયલા રાખવાથી તેઓ તદન શોભતા નથી.) એ પ્રીન્સ સારૂ સૌથી આગળ તદન હેલાયધી ખુરસી મુકી હતી તે ઊપર એકલો બેઠો હતો. તે દેખાવે તથા પોશાકમાં ઘણોજ સાદો છે, અને ફ્રોક કોટ (Frock coat) લાંબી તોપી (Beaver hat) તથા કાલા પાતલુનના પોશાકમાં હતો, દેખાવે આસરે ૫૦ વરસની ઊમરનો હશે, પણ જ્યારથી આવ્યા અને પાછા ગયા ત્યાં સુધી કોઇનીબી સાથે તેવણે વાતચીત કીધી હતી નહી, અને જેબી કોઇ તેની આગળ જતો તે વાંકો વલીને જમીન તરફ નજર રાખી કાંઇ પુછવું હોય તો પુછતો હતો, એટલું માન તેને મળતું હતું. તેવણ આવ્યા પછી ક્રીયા શરૂ થઇ. પેહેલાં વડો પાદરી જે ઘણો બુજરગ ઉમરનો હતો તે પેલા ઓલટર તરફ ગયો અને ત્યાં થોડો વાર પોતે કાંઈ ભણીને પછી એક વાસણમાં પાણી તે ઓલટરપરથી લાવીને પેહેલાં પાદરીઓ બેઠા હતા તેઓ ઉપર જરા જરા છાંટયું. જે વખ્તે તેઓ સઘળા ઉભા થયા હતા, અને ડોકું નિચે નમાવયું હતું, ત્યાર પછી તેણે પેલા પ્રીન્સની ઊપર છાંટયું પણ તેવણ કાંઈ ઉઠયા નહીં. ફક્ત તોપી ઊતારી હતી, ત્યાર પછી બીજા અમલદારોપર છાંટયું જેઓમાં કોઈ ઊભું થતું અને કોઇ બેસી રેહેતું. એ મુજબ ચાહેરો બાજુપર પાણી

છાંટીને પાછો ઓલટર તરફ ગયો, અને વળી થોડો વાર ભણીને એક ઝાડની લીલી પાંદડાંની ડાંખલી લાવી ઉપર મુજબ સઘળાઓ તરફ ચારે બાજુ હીલવી હતી, અને પછી બીજા મોટા પાદરીઓ સાથે પાછો ભણવા ગયો, જે વખ્તે એક લાંબી જેવી સારંગી ત્યાં લાવ્યા જે ઉપર કાંઈ ગાયન રોકું વજાડીને તેઓ ભણ્યા તે વખ્તે આખી મીજલસ ઊભી થઈ હતી, તેટલાં ડુંગરની હેઠાણુમાંથી એક રીજમીટ વાજા સાથે ઉપર આવી ઓલટરની સાંમે બાહારથી ઊભી રહીને માન દાખલ હથિયાર ઊભાં કીધાં (Presented Arms) ને અમારા ધારવા મુજબ મીકાદો (શેહેનશાહ) ની સલાંમતીનું વાજું વજાડ્યું હતું. જે વખ્તે પેલા પ્રીન્સ સુધાં તોપી ઊતારી ઉભા રહ્યા હતા, પછી સોલજરોએ માર્ચ પાસ્ત કીધી અને પાછા નિચે જતા રહ્યા. એ મુજબ આખો વખ્ત એક રીજમીટ જાય અને બીજી રીજમીટ આવે તેમ થયાજ કીધું હતું. પેલા મોટા પાદરીએ ભણવાનું પુરૂ કીધું કે સઘળા પાદરીઓ બે હારમાં આમનસામન ઊભા રહ્યા, અને તંબુની એક બાજુપરથી ભપકાદાર દીશોમાં પેહેલાં માછલી રામસની જાતની તાજી તથા સાંહન માછલીઓ એક એકના હાથમાંથી પસાર કરતા છેક મોટો પાદરી જે ઓલટરની સાંમે નજદીકમાં ઉભો હતો તેના હાથમાં આપતા હતા. એ પસાર કરતી વખ્તે જેના હાથમાં તે હોય તેને સામો પાદરી વાંકો વળી નમતો અને પછી પેલી દીશ જે નાના ઇસતાંનોપર મુકીને લાવતા હતા તે લેતો હતો ત્યારે તે દીશને વાંકો વળી નમતો પછી તે લેનાર ધણી ફરીને બીજા પાદરીને તે પસાર કરતો. એમ ઉપલી માછલી પછી ગોશ, મરઘી, મીઠાઇ, ફ્લ અને સૌથી છેલા ફુલોના ઢગળાઓ પસાર કીધા હતા, જે સઘળા પેલાં ઓલટર ઊપર ગોઠવીને મુકયા પછી ફરીથી બંદગી કીધી હતી અને પછી વડો પાદરી પોતાની જગ્યાપર જઈને બેઠો કે તેનેથી ઉતરતો પાદરી અને તેની પછી બીજા પાદરીઓ વારાફરતી છુટા છુટા જઈને ઓલટર આગળ બંદગી કરી આવ્યા હતા જેઓ દરેક જણ ત્યાંથી એકએકી ફુલથી બાંધેલી ડાંખલી ઊંચકી લાવતા હતા. પાદરીઓ ભણી રહ્યા

પછી પેલો પ્રીન્સ પોતે ઊઠીને ત્યાં ફુલની દાંખલી લઇ ગયો, અને ઊભો રહીને ભણ્યો હતો; પછી તેવણ સઘળાઓને નમીને જતા રહ્યા હતા. તેને મુકવા દરવાજા સુધી એક ગવરનર તથા બીજા બે ત્રણ ચોપદારો ગયા હતા. તે ગયા પછી કીઓતોના ગવરનરે ઉઠીને તેની પછી બંદગી કીધી હતી. એ મુજબ તેની પછી કોબીનો ગવરનર અને વારા ફરતી બીજા ઘણા ઓધેદારોએ બંદગી કરી ફુલની દાંખલીઓ પેલા પાદરીઓ પાસથી લઇને ચહડાવતા હતા. એ સઘળું જોતાં અમોને બે કલાક ઊપર લાગ્યા હતા. અમો ઊપર લખતાં ભુલી ગયા કે જ્યારે બધા પાદરીઓ ભણી રહ્યા ત્યારે સઘળાઓ મીજલસ માડીને બેઠા હતા અને એક જણ અસલના એ જાપાનીસોના લડાયક પેહેલવાની પોશાકમાં આવીને તેઓની વચમાં ઓલટરની સામે નાચ કીધો હતો તેનો પોશાક ઘણો રંગબેરંગી અને ભરતકામ રેશમી તથા સોનેરીથી મઢી લીધેલો હતો. તેની પાછળ એક લાંબો કડકો રેશમી મડમોના ઘાઘરાની (Trail) માફક ભોંયપર લબરતો હતો, અને મોંઢાપર કાંઈ કદરબીયાંમનો માસક (Mask) પેહેરેલો હતો જેમાં આંખો બાહર નિકળી આવેલી અને નાક ઘણું મોટું અને મોંઢાંનો રંગ લાલ કીરમજી કીધેલો હતો. એના હાથમાં બે ચળકતી ખંજર જેવી કાંઈ લાકડીઓ હતી, જે લઇને વજંતર વાગતું હતું તે પ્રમાણે કાંઇ અજબ ચેનચાળા કરીને નાચતો તથા કુદતો હતો. એ નાચવાનો દેખાવ કુસ્તી રમનારાઓ રમવાની આગમચ જે ચેનચાળા કરે છે તેને મળતો અને રામજણી માફક હાથના ચેનચાળા કરતો હતો. વજંતર વાગતું તે એકજ જાતનો તીયુન જાણે શુર લેતા હોય તેને મળતું વાગતું હતું. એ પ્રમાણે આસરે વીશ મીનીટ તેણે નાચ કીધા પછી તે પાછો ગયો જેની જગ્યાપર તેના જેવાજ ભપકાદાર પણ જુદીજ જાતના પોશાક અને લીલા રંગના મોંઢાં પેહેરેલા શખ્સે આવી નાચ, ઊપર મુજબજ કીધો હતો, જે પુરો થવા પછી પેલો પ્રીન્સ ભણવા ઉઠયો હતો અને પછી બાહાર ગયો હતો. એ સઘળી ક્રીયા ઘણી ગંભીર રીતે થઇ હતી, અને

ઘણીખરી ખ્રીસ્ટીઓના રોમન કેથલીકસોની ક્રીયાને મળતી આવતી હતી. અમો જ્યાંથી ઊભા રહીને સઘળું જોતા હતા તેની પાછળ ડુંગરની હેઠાણમાંનો દેખાવ અમોને ઘણો સારો દીસતો હતો, જ્યાં લોકોને રીજવવા સારૂ ચાર પાંચ જણા ઊપર લખવા મુજબનો નાચ તીર કાંમઠાં લઈને કરતા હતા.

અમો એ સઘળું જોઈને પાછા નિચે ઉતર્યા હતા તે વખ્તે લશ્કરી રીજમીટો ખુબ ઊપર જતી હતી. એમાં ઘોડેસવાર રીજમીટના માણસો ઘોડાઓ નિચે બાંધીને ઊપર જતા હતા. તેમાં બોડીગાર્ડસોબી હતા જેઓનો પોશાક અસલી જાપાનીસ ફાશીનનો ઘણો ભપકાદાર હતો, તેઓની ટોપીઓ અસલ મીકાડો ટોપી પેહેરતો હતો તેને મળતી હતી અને તલવારની મ્યાન ઊપર ઊન ગુઠી લીધેલું હતું, તેઓનાં મોહોડાંપર કાનની આગળ બેઉ બાજુપર પંખારોડા બાલની બનાવટો રાખેલી હતી, જેથી કાંઇ અજબ રીતના દેખાતા હતા. અમો ત્યાંથી પાછા હોટલમાં ગયા ત્યાં સુધી આખે રસ્તે અતી ઘણી ગરદી લોકોની મલી હતી. બપોરના જમીને પાછા નિકળીને તમાસો જોતા જોતા એક નાટકશાળામાં આસરે ૫૦ ઊપર ઓરતોનો નાચ લોકોને મફ્ત દેખાડતા હતા તે જોવા ગયા હતા. આજના તેહેવારપર ક્રીયોતો શેહેરની સૌથી સરસ નાચનારીઓ જલસો કરે છે અને વરસમાં એકજ વખ્ત એ મુજબ થાય છે. અમો ગયા ત્યારે ભીડ એટલી તો મોટી હતી કે બારણાની નજદીક જઇ શકયા નહી. ઈહિં દર અરધા કલાકે નાચ પુરો કરી બીજા જોવા આવનારાઓને અંદર લીયે છે અને તે મુજબ એ નાચ સવારના ૧૦ વાગાથી સાંજનાં ૬ વાગા સુધી ચાલુ લોકોને દેખાડવા સારૂ રહે છે. અમો પાછા ફરતા હતા પણ તેટલાં અમારી ઓળખના બીજા યુરોપિયનો ત્યાં આવેલા હતા તેઓની સાથનો ભોમિયો હુશિયાર હોવાથી તે અમોને પાછળે રસ્તે લઇ ગયો અને ત્યાંના રખેવાલને સમજાવ્યાથી તરત બારણું ઊઘાડી અમોને અંદર લઇ જઇ સારી જગ્યા આપી હતી. એ વખ્તે નવો નાચ શરૂ થવાનો હતો તેથી છેક પેહેલેથી છેલ્લે સુધીનો એ નાચ જોયો હતો. પરદો પેહેલાં એ બાજુપરનો ઊઘાડયો જ્યાં

હારબંધ આસરે ૨૦ છોકરીઓ વાજીંત્ર લઇને બેઠેલી હતી, જેઓએ ગાવાનું તથા વજાડવાનું શરૂ કીધું હતું. ગાતી વખ્તે જાણે ચીચારીઓ પાડે તેમ તેઓ વારાફરતી એકદમ બુમ પાડતી હતી, તેટલાં ધારા મુજબ તમાશગીરોની વચ્ચેથી બીજી છોકરીઓ બેઉ બાજુથી નાચતી નાચતી અંદર આવી હતી જેઓ આસરે ૩૨ જણીઓ હતી. જેઓના હાથમાં પંખા હતા તે સાથે જાતજાતના નાચ અને અદા કરતી હતી, અને નાચ અરધો કલાકજ ચાલવાનો હોવાથી કંટાલો આવે તેમ એ લોકોના ધારા મુજબ તેનો તેજ જાતનો નાચ નહીં પણ ઝડપમાં જાત જાતની ઢપછપ લેતી હતી. કોઈ વખ્તે બબે જણીઓ છુટી પડી જાણે એક જણી બીજીને ગુઠણુ મંડીયે પડીને અથવા આગળ પાછળ નાચતી જઈને સમજાવે તેને બીજી તેજ માફક નાચતી જઈ કોહું ન આપે યા કોઇ વખ્ત તેને પકડીને ઉઠાડે એમ ઘણી જાતના ઢોંગો મજેની રીતથી કરતી હતી. ત્યાર પછી પરદો પડયો અને થોડા વખ્તમાં પાછો ઊઘડયો કે તેમાંથી જાણે એક ઘણોજ સરસ ફુલપાન તથા રોક વર્કનો બાગ બની ગયો, તેમાં કાંઇ વગર ગણત્રીની ઝીણી ઝીણી બતીઓ બળતી તથા લટકતી હતી, અને તે બાગમાં પેલી ઓરતોએ પાછી આવી નાચ કીધો હતો, જે દેખાવ યુરોપના બેલેટને થોડો ઘણો મળતો આવતો હતો. અમો નહીં ધારતા હતા કે આવો સરસ નાચ જાપાનીસો કરી શકે છે. અમારી સાથવાલા યુરોપિયનો તથા અમેરિકનો તેનેથી એટલા તો ખુશી થઇ ગયા હતા કે અમારી સાથે તેઓ તે જોઇને બાહાર આવેલા બીજી વખ્ત તેજ નાચ થતો જોવા પાછા અંદર ગયા હતા. અમો ત્યાંથી નિકળીને અમારાંવાલાં હોટલની પડોશનાં દેહેરાં આગળ ઘોડાની શરત હતી તે જોવા ગયા. એ શરત રમવા અસલી લશ્કરી પોશાક પેહેરેલા સવારો ટટુ-ઓપર બેસીને કોઈ તલવાર કાહાડી જાણે લડાઇમાં હુમલો કરતા હોય તેમ, એકદમ દોડાવતા હતા, અને એકદમ શરતનો થામળો પસાર કીધો કે ટટુ ઊભું રાખતા હતા. એવી એવી કાંઈ બેશુમાર શરતો ત્રણ વાગેથી પાંચ વાગા સુધી ચાલુ હતી, જે જોવા એટલી તો ગીરદી

હતી કે અમોને આગળની જગ્યા મળી શકી નહીં, તોબી જરા ઊંચાણમાં ટેકડાપરથી તે જોઈ હતી, પણ તેમાં કાંઈ ઘણા દમ જેવું લાગ્યું નહીં તેથી ત્યાંથી પાછા ફરીને શેહેરમાં ગયા, જ્યાંની એક નાટકશાળા જોવા જવાની તજવીજ ઘણીબી કીધી પણ ગીરદીને લીધે ત્યાંબી જવાઈ શકાયું નહીં; તેથી પાછા ફરતાં એક ગમ કસરતનો ખેલ થતો હતો તે જોવા ગયા હતા. એ વખ્તે છેક સાંજ પડવાથી ખેલનો છેડો આવેલો હતો તોબી કસરત દાખલ મોટી ચોખાની ભરેલી ઠેલીઓ (આસરે ૩૦૦ રતલ વજનની દરેક ઠેલી હશે) ઊંચકી તેને ઊછાલીને તરેહવાર રીતે તેને ઝીલતા હતા, તથા એક ઓરત અને એક મરદ હાથ તથા પગ પાછળથી ટેકવી તેઓની છાતીઓ ઉપર ઉપલી ત્રણ ત્રણ ઠેલીઓ મુકાવી તે ઊપર આડું પાટિયું મુકી તેની ઉપર એક માણસ ઉભો રેહ્યો, અને તેના હાથમાં એક બીજી ઠેલી ચોખાની આપી તેને તે ઉછાલી રમત કરવા લાગ્યો જે પેલી ઓરત તરફ જોતાં ઘણું અજાયબ જેવું લાગતું હતું કે, તેણે અલગ છાતી ઊપર શી રીતે એ ૧૨૦૦ રતલની ઊપરનો ભાર ખમ્યો હશે. એટલું જોયું કે, નાચ વખ્ત થઈ જવાથી ખલાસ થયો હતો. અમો ત્યાંથી નિકળેલા મોહોલાઓની દુકાનો તથા ઘરોપર રોશણી કીધેલી જોતા જોતા પાછા હોટલમાં આવ્યા હતા. રોશણી જો કે દરેક ઘર તથા દુકાને એક એક કાગજનાં ફાનુસની હતી, તોબી તે અંધારી રાત તથા મોહોલા સીધા હોવાથી ઘણી શોભતી હતી. રાતના સાત વાગેથી નદીને કિનારે સાધારણ જાતની આતશબાજી થઇ હતી, તે બે કલાક સુધી ચાલુ રહી હતી, પણ તેમાં બાનો સિવાય કાંઈ જોવા જેવું ન હોવાથી અમો ત્યાં ગયા હતા નહીં. જાપાનમાં જ્યારે એવા મોટા તેહેવારો થાય છે ત્યારે આતશબાજી દીસનાબી થાય છે. તે મુજબ આજેબી બપોરના ૧૨ થી ૫ વાગા સુધી આતશબાજી થઈ હતી. એ દીસની આતશબાજીમાં બાનો હવામાં ઊડારે છે, જે ઉપર જઇને ફાટે છે ત્યારે તેમાંથી જાત જાતના કાગજના આકારો થઇ આસમાનમાં ઊંચે ઉડે છે

તે જોવા લાયક છે. રાતના તો સાધારણ બાનો જાત જાતના ઊરાડે છે. એ મુજબ આજનો આખો દિવસ બધાઓએ ગમતમાં ગુજાર્યો હતો.

તા૦ ૧૭ મી અકટોબર સને ૧૮૮૭—આજે સવારના કીચોટોથી કલાક ૮—૧૫ મીનીટે જીનરીક્ષામાં બેશીને ઈહાંથી આસરે ૧૫ માઈલ દુર કામયાંમા કરીને જગ્યા છે ત્યાં કલાક ૧૧ વાગેને પુગ્યા હતા. રસ્તામાં પેહેલાં ખુલ્લાં મેદાંનો ખેતીવાડીથી ભરપુર મળ્યાં હતાં પણ પાછળથી મોટા ડુંગરોપર થઇને જવું પડ્યું હતું. એ તરફનો રસ્તો બે પાહાડોની વચ્ચેથી પસાર થાય છે અને થોડો ભાગ આગળ વધ્યા કે જાણે બધી ગમથી પાહાડોથી ઘેરાઈ ગયો હોય તેમ લાગે છે. કોઈ કોઇ પાહાડો તો ૧૦૦૦ ફીટથીબી ઊપરના ઊંચા સામા મલતા હતા જ્યાં એનો દેખાવ ઝાડ પાનોથી ભરેલાને લીધે ઘણો સારો લાગતો હતો. અમો કામયાંમા પુગ્યા પછી ત્યાંથી ત્યાંની નદીનો વણાખયલો પાણીનો રોહો પસાર કરવા સારૂ એક બોટમાં બેઠા હતા. અને સાથે જીનરીક્ષા ગાડીઓ પણ તેમાં લીધી હતી. એ બોટ આસરે ૪૦ ફીટ લાંબી અને ૭ ફીટ પોહોળી હશે. તેનું તળિયું તદન બેઠું (Flat) પાટિયાં એક એક સાથે ગોઠવીને એવી રીતનું કીધેલું હતું કે તે ઉપર હેઠે ઊંચકાઇને સેહેલાઇથી હીલી શકે તથા બોટની બાજુઓબી જરા ઊંચી રાખી હતી. એ બોટો તદન બેઠાં તળિયાંની હોવાથી એક ફુટ જેટલાં પાણીમાં તરી શકે છે અને રોહોમાં જતાં નદીને તળિયે એટલા તો પથ્થરો તથા ખડકો આવે છે, કે બોટ જરાબી ઊંડી હોય તો ગાબરૂં નિકળ્યા વિના રહે નહી. બોટમાં ૪ માણસો ખલાસી દાખલ હતા તેમાં એક જણ બોટના મથાલા આગલ બાંબુ લઈને ખડકો આવે તેને તપાસી લે અને એક પાછલથી સુકાન ફેરવે તથા બીજા બે જણા ગરજ વખતે હલેસાં મારતા હતા. અમો બોટમાં બેઠા ને ભાયગે ૧૦૦ ફીટ આગળ પાહાડોની વચમાં ચાલયા નહીં કે ઘણી સંકડાસની જગ્યા આવી ને તેમાંથી નદીનું પાણી ઘણા જોસથી ઢળાવ

ઉપર દોડવા લાગ્યું જેમાંથી અમારી બોટ ઘણી ઝડપથી પાણીના રોહની સાથે દોડી ગઈ હતી. તે વખતે બોટને ખુબ તપાસવી પડે છે કારણકે જ્યાં પાણીના એવા રોહ આવે છે ત્યાં પાહાડોની વચમાં નદી વલાણુ એકદમ લે છે અને તે રોહવાલી જગ્યા ભાયગે કોઇ વખ્તે તો બોટથી ત્રણ ચાર ફીટબી પોહોળી હોય અને તેની બેઊ ગમ આડા અટાડા ખડકો નિકળી આવેલા હોવાથી તેની સાથે અથડી નહીં પડે તેની તપાસ ઘણી સંભાળથી લે છે. એ રોહમાં પસાર થતી વખતે નિચેથી પાણી બોટપર એટલું તો જોર કરે છે કે તેનું તળિયું ઉપસી આવે છે અને જાણે હમણા ફોડી નાખે તેમ લાગે છે પણ ઉપર લખ્યા મુજબ તળિયું હિલતું બાંધેલું હોવાથી કોઈબી વખ્તે તેને અડચણ થતી નથી. કોઈ વખ્તે કોઈ રોહ આડાં પાણીનો એકદમ આવે છે તે વખ્તે તળિયાંપર ઘણુંજ જોર આવે છે. પેહેલો રોહ પસાર કીધા પછી આસરે ૧૦૦ વાર ગયા નહીં કે બીજો રોહ મળ્યો હતો અને એ મુજબ વારા ફરતી આસરે ૧૫ થી ૨૦ રોહ અમો કિનારે ઉતર્યા ત્યાં સુધી મળ્યા કીધા હતા. ચોથો અને સાતમો રોહ ઘણો લાંબો હતો અને પાણી પણ ઘણુંજ જોરમાં પવન માફક દોડતું હતું તે રોહનો ઢળાવ કોઈ ગમ ઘણો હોવાથી બોટ જાણે ઊંચી થતી હોય તેમ લાગતું હતું.

એવા મોટા રોહનું જોર કોઈ વખ્તે એટલું તો હતું કે બોટનું તળિયું ઘણું ઊપસવાથી અંદર થોડું થોડું પાણીબી આવતું હતું. જેમ બોટ આગળ વધતી જાય તેમ જાણે કે પસાર થવાનો માર્ગ નહી હોય તેમ સામા ગંજાવર ડુંગરો દીસતા હતા, પણ તેની નજદીક ગયાને એકદમ વલાણુ લીધી કે તેમાંથી રોહની અંદર પાસ થતા હતા, અને ખડકો એટલા તો નજદીક આવ્તા હતા કે આપણો હાથ તેને લગાડી શકીયે. નદીનાં પાણી ઘણાંજ સાફ અને છાલકાં હતાં તેથી જમીન પાણીની અંદરની સઘળી દેખાતી હતી. કોઈ ગમ પાણી ભાયગે બે ફીટબી ઊંડાં હશે અને કોઇ ગમ તલાવ માફક ઊંડાં હતાં, પણ આખે રસ્તે બેઊ બાજુપર પાહડો ઘણાજ નજદીક મળતા હતા, અને નદી

કોઇ પણ વખ્તે ૫૦ ફીટની ઊપરની પોહોળી થતી હતી નહી. એ પ્રમાણે રોહ પસાર કરવા ઘણું લોક રોજ જાય છે જેઓને ઊતારીને પાછી આવતી આસરે ૧૦ બોટો અમોને મળી હતી, જેઓને રોહની સામે ઉપર લાવવાની હોવાથી નદીને કાંઠે માણસો તેને દોરી બાંધી તે વખ્તે રોહની ઊપર ખેંચીને પસાર કરતા હતા. એ મુજબ ઘણી મેહેનતે બોટો આઠ કલાકે એ નદીનો ભાગ પસાર કરે છે, પણ અમારી બોટ પાણી સાથે નિચે જતી હોવાથી દોઢ કલાકમાં તેણે આસરે ૧૦ માઇલ પસાર કીધા હતા. આજ સુધી ઘણાં વરસો થયાં એ રોહમાંથી લોકો બોટોમાં પસાર થાય છે, પણ હજી સુધી એકબી અકસમાત બન્યો નથી, એવી સરસ રીતે બોટવાલાઓ તપાસી લીયે છે. એ તરફનો ખુદરતી દેખાવ પણ ખરેખર તારીફ લાયક છે, અને તે સારૂં જેબી જાપાન દેશના એ ભાગ તરફ આવે છે તે જોવા સારૂ જાય છે. એ રોહ અમેરિકાના સેન્ટ લોરન્સ નદીના રોહને ઘણાખરા મળતા આવે છે, પણ ત્યાંના રોહની આસપાસ પાહાડો આટલા નજદીક આવતા નથી, તથા ખડકો પણ એટલા બધા જથ્થાબંધ મળતા નથી તોબી સેન્ટ લોરન્સના રોહ ઘણા મોટા અને પોહોળા હોવાથી તેમાંથી સ્ટીમરો પસાર થાય છે, પણ ઈંહાં આ બોટથી બીજું મોટું બારકસ પસાર થઇ શકતું નથી. અમો નદીને બીજે કિનારે જ્યાં પાહાડોની ખીન ખલાસ થાય છે ત્યાં "આફ્રાસીઆમાં" કરી કિનારો છે ત્યાં ઉતર્યા હતા, અને લંચ લઈને પાછા જીનરીક્ષામાં બેસી તદન પોહોળાં મેદાનોમાં થઈને ૧॥ કલાકમાં કીયોતો પાછા આવી પુગ્યા હતા. બધી રીતે એ રોહો તથા તેને લગતા ખુદરતી દેખાવો જોવા લાયક છે, અને ધાસ્તી જેવું ત્યાં કશું નથી.

તા૦ ૧૮ મી અકટોબર સને ૧૮૮૭—અમો આજે કીયોટોમાંનું "સાનજુ સાનજેનદો" નામનું દેહેરૂં જોવા ગયા હતા. એ દેહેરૂં સીવોન્જો કેનાન નામના દેવતા સારૂં સને ૧૧૬૨ માં બાંધ્યું હતું. તે ૨૦૦ ફીટ લાંબું છે, અને તેની અંદર વચમાં એક મોટી

પુતળી ઉપલા દેવતાની આસરે આઠ ફીટ ઊંચી ઘણા હાથોવાલી મુકી તેની બેઊ બાજુ ઊપર ૧૦ હાર ભરીને બીજી માણસના કદ જેટલી પુતળીઓ મુકેલી છે. જેઓ આસરે પાંચસો પાંચસો બેઊ બાજુ ઊપર મળીને ૧૦૦૦ છે, પણ તેઓ દરેકના હાથમાં બીજી નાની નાની પુતળીઓ આપેલી છે. તે બધી મળીને આસરે ૩૩૩૩ પુતળીઓનું એ દેહેરૂં ગણાય છે. તે બધીઓને ગીલીટ કીધેલી છે, અને દરેકને ૨૪ હાથ છે. તેઓને હારબંધ એક એકની પાછળ ઊભી રાખ્યાથી જાણે રીજમીટ ઊભી હોય તેમ લાગે છે. દેહેરાંમાં એ સિવાય બીજું કશું જોવાનું નથી. ત્યાંથી નિકળેલા એની પડોશમાં જરા સામેથી એક નાનો જેવો સ્થંભ છે, તે જોવા ગયા હતા. એને "મીમીદ જુકા" યાને કાનની ઘોર કરી કહે છે. આગળ જાપાનના એ મોટા સરદારો એ કોરિયાના ટાપુ ઊપર ૬૦૦૦૦ માણસો લઈને હુમલો કીધો હતો. જેઓએ કાંઈ સંખ્યાબંધ બંધવાઓ પકડી તેઓના કાનો કાપી લાવી ઈહાં તે કાનો દાટેલા છે. તેથી ઉપલું નામ એને આપેલું છે. એ ઘણીખરી નીકોમાંની સોગંનની ઘોરના આકારને મળતી આવે છે, પણ ખાલી જગ્યા ઉપર તે ઘોર ખુલ્લી બાંધેલી છે, બીજું કશું શીણગાર જેવું આસપાસ નથી. એ જોઈને પછી ઈહાંનું કોરીકામ બનાવે છે તે જોવા "કીન કોસેનસોબી" નામના શખ્સની દુકાને ગયા હતા. પેહેલાં એની બનાવટોનો ધટમ હિંદુસ્તાનના કુંભારોની માફક મટોડીને ચક્કર ઊપર મુકીને હાથે માણુસો બનાવે છે, પછી તેને ભુજે છે. એનેમલ સારૂં કાંઇ બનાવટ છે તેમાં બોળીને સુકવી પાછુ ભુજીને હાથે ચિતાર તે ઊપર પાડે છે. સોનેરી રંગ સારૂં સોનાના પાતળાં પાનાને કાંઇ એસીડમાં પીગલાવીને પીછીથી તેની તરાહ પાડે છે. ઘણુંખરૂં આગળ અમે ઈંગલંડ તરફ એ બનાવટનું કારખાનું જોયું છે તેને મળતું આવે છે. અમો ઈહાંથી નિકળેલા "સીપપોઇયાકી" નામની બ્રાન્ઝ ધાતુ ઉપરનું ઘણું સરસ એનમલ કામ ઈહાં બને છે તે જોવા ગયા હતા. એને ઇંગ્રેજીમાં (Clozoni work) ક્લોઝોની વર્ક કરીને કહે છે, અને સાંભળવા પ્રમાણે આખા જાપાન દેશમાં એજ એ કામની બનાવટની

દુકાન છે. એ બનાવટ સારૂં પેહેલાં ત્રાંબાનું જોઈતા ધાટમનું વાસણ લીયે છે, અને તેની ઉપર કાંઈ દવા લગાડીને પછી જોઈતી તરાંહ ચીતારે છે, અને તે ચિતારની ઉપર ઝીણો બાલ જેવો જોઈતી ધાતુનો પણ ઘણાંખરાં રૂપાંનો કકડો ઝીણો ઝીણો કાપી જાલી માફક પેલાં વાસણપર ચોંટાડે છે, જે મોઝાક વર્ક માફક અંદર બેસાડીને પછી ધાતુની બનાવટનો રંગ અંદર પુરે છે, અને જોઇતી તરાંહો રંગ સાથની પાડે છે દરેક રંગ અંદર પુરેઆ પછી કે તેને ભઠ્ઠીમાં તાપ આપી પેલો રંગ વાસણનાં આંગમાં પેવસ કરે છે. એ મુજબ દર રંગે તાપ આપવો પડે છે, અને છેલ્લે તેને ઓપે છે કે કોરીકામ જેવું એનેમલનું તે વાસણ બને છે. એ મુજબ એક ફુટ જેટલાં મોટાં વાસ (Vase) ની જોડી બનાવતાં બે વરસ એક માણસને થાય છે, એમ તેનો બનાવનાર કેહેતો હતો, અને તેમાં નવાઇબી નથી કારણકે પેલો ઝીણો તાર અતિઘણા ઝીણા કકડાઓ કાપીને વાસણ ઉપર જોઈતી તરાંહ દાખલ બેસાડવાને ઘણી મેહેનત પડે છે, અને તે તારની નકશી જાણે કપડાંની નેટ હોય તેવી બનાવે છે, જેનો દરેક ખાંચો છુટા છુટા જોઈતાં કદના તાર કાપી તે ચોંટાડીને બનાવે છે, તથા દર વખ્તે રંગ જુદો જુદો તેમાં પુરતાં અને તેને જોઈતી ગરમી આપતાં પણ વખ્ત ઘણો લાગે છે, તથા પાલીશ ઓપીને કરે છે, તેની ઉપરજ બે ત્રણ મહિના થાય છે, કારણ કે તારની બનાવતને ઓપીનેજ કોરી જેવી સફાઇ અને ચલકતી બનાવે છે. એવાં એક ફુટ જેટલાં વાસણની કિમત ૩૦૦ ડાલરની કહે છે, અને તેને ત્યાં ચાર પાંચ માણસો કામ કરતાં હતાં તોબી પાંચ કે છ જીણસોજ તૈયાર વેચવાની હતી, એટલું આસ્તે કામ થાય છે. એવાં એનેમલ વર્ક લંડનનાં સાઉઠ કેનસીંગટન મ્યુઝિયમમાં અમે જોયલાં લખેલાં છે, તેઓની ઘણી મોટી કિમત મ્યુઝિયમે આપેલી અમે જણાવી છે, પણ તે અસલી બનાવત હતી. હમણાંની નવી બનાવતોની તેટલી કિમત કોઈ આપતું નથી. ત્યાંથી નિકળેલા અમો ઈયાં કુસતી રમનારાઓ ખેલ કરવા આવેલા છે તે જોવા ગયા હતા, જ્યાં આસરે વીસેક આદમી બે ભાગમાં વેંહેંચાઇને એક એક સાથે વારા

ફરતી કુસતી રમતા હતા. કુસતી જે મુંબઇ તરફ અખાડા થાય છે તેને મળતી આવે છે, પણ એક ધણી તેમાંથી જમીનપર પટકાયો પછી તે ચતો યા ઊંધો પડે તોબી હારી ચુકો. કુસતી રમવા આગમજ એ લોકો ધીંગધતુરા અને ચેનચાળા ઘણા કરે છે, અને તેના પગ જાણે ઘણો વાર બેઠાથી બંધાઇ ગયા હોય તેમ તેને આડા અતાડા ફેરવે તથા પોહોળા કરે છે. બાજુપર પાણી મુકેલું તેમાંથી પાણી મોઢાંમાં લઈને ઊંચે ફુવારા માફક ફુકથી ઉરાડી મોઢાં પર છાંટે છે, અને ઘડી ઘડી જમીનપરથી મરોડી લઇને બેઉ હાથમાં તથા પોતાની બગલમાં ચોલે છે. એ પ્રમાણે ઘણી વાર લગી ચેનચાલા કરીને વખ્ત કહાડે છે. કુસતીની શરૂઆતમાં જો એકુ ધણી જરા આગળથી હુમલો કરે તો ત્યાં ઉભો રહેલો લવાદ તેઓને અટકાવે છે, અને ફરીથી બાઠ ભીડયા આગમજ વળી ધુળ તથા પાણી લેવાના ચેનચાલા ચાલુ થાય છે. અમો બે કુસતીની રમત જોઈ કંટાલીને ઉઠી ગયા હતા, એ રમત સવારના ૧૦ થી સાંજના ૬ વાગા સુધી ચાલુ રહે છે.

અમો ત્યાંથી નિકળીને એક વખણાયલી નાટકશાળા જોવા ગયા હતા. તેના ખેલનો "પ્લોટ" ઘણો સેહેલો હતો. એક ઉમરાવને પોતાની ઓરતની દયાનતપર શક ગયાથી તે બાહર દેશાવર જુઠા ઢોંગ કરીને ગયો પણ શેહેરમાંજ રહીને પોતાની ઓરતને પડોશી સાથે મળતી જોઇ તે બેઉને દારૂમાં ઝેર માણુસને કહીને અપાવ્યું જે પીધાથી તેઓને તાણ થઈ આવી તેટલાં ધણી પોતે આવી ઉભો અને તેઓને તાણા મારી પેલા યારને મારવા પોતાના નોકરને ફરમાવ્યું જે નોકર સાથે યારને ખંજર તથા તલવારથી લડાઇ થઈ તેમાં કાંઈ ઘણા વગર વિચારના હુમલાઓ એક બીજાપર કરતા અને દરેક જણને ઓછામાં ઓછા ૨૫ ઘા કલેજાં, છાતીમાં અને બીજા ભાગોમાં કરતા હોય તેમ કરતા અને તેથી વારાફરતી જમીનોપર મુવેલા માફક પડી વળી પાછા ઉઠી એવા ઢોંગ કરતા હતા. જાણે કેટલાએક જીવ એક માણુસમાં હોય તેમ મરણ પામતા હતા નહીં, એ પ્રમાણે કાંઈ જાત જાતના

નહી મનાય તેવા ઢોંગ કરતા હતા અને ત્યાર પછી દેખાવ બદલાયો ત્યારે સઘળાઓને નાટકના તખ્તા સાથે ફેરવીને બીજો દેખાવ લાવતા હતા. ત્યાર પછી એક ઇનસાફ કરવાનો ખેલ આવ્યો જ્યાં આગળના મોટા ઉમરાવો પોશાક પેહેરતા હતા તે જોવાલાયક હતા. ઉમરાવો જેને દાએમીઓસ કરી કેહે છે તેઓ હમણાના જાપાનીસો માફક ઊંચાં કપડાંનો જભો પેહેરીને તેની ઊપર બીજો જાણે ખભાં ઉપર ઈપાલેતસ (Epauletts) રીજમીટના આપીસરો પેહેરેછે તેવી ધપનાં મોટાં બનાવેલાં કપડાં પેહેરે છે જે આગળથી કમર સુધીના અને પાછળથી પગ સુધી લાંબા હોય છે પણ તેઓના લેંગા પગ કરતાં પણ ત્રણ ફીટ લાંબા હશે. તેઓ ચાલે ત્યારે પગ તેમાં ઢંકાઇને પાછળથી તે લેંગાના પાયજા ત્રણ ફીટ લાંબા ભોંયપર લટકે છે જેને લીધે ચાલવાની ઘણી અડચણ પડે છે અને આંટી પણ ઘડી ઘડી આવે છે. પાયજામાં આખું બદન માય તેટલા પોહોળા બનાવે છે. એક જણે ઇનસાફમાં ખોટો વાંક કોઇ બીજા સારાં માણુસપર મુક્યો હતો જે પુરવાર નહી થવાથી તેને ખોટો વાંક ઉમરાવોપર મુકવા સારૂં મોહોતની સજા ફરમાવી, અને અસલ જાપાનમાં એવો ધારો હતો કે કોઈ ઉમરાવને મોહોતની સજા ફરમાવે તે ઘણી પોતાના હાથે પોતાના પેટપર તલવાર ફેરવીને આંતરડાં બાહાર કાહડે તો તેનાં ખાનદાનની આબરૂ રહે છે અને તેની દોલત તથા મીલકત સરકાર જપત કરતી નથી અને જાણે કે એમ કીધાથી સંતોષ આપ્યા બરાબર ગણાય છે તે મુજબ ઉપલા ગુનેહગારે ત્યાં કીધું હતું પણ ખાલી તલવાર પેટપર દાબીને બેસી રહ્યો અને તેની આડે લાલ પરદા લાવી જાણે તે મરી ગયો હોય તેમ તેને પરદાની અંદર લઇ ગયા હતા. એ પ્રમાણે જે પોતાના હાથે પેટ ફોડે છે તેને "હરીકીરી" જાપાનીસમાં કહે છે. આગળ એ પ્રમાણે જે કરવાનો હોય તે શેહેનશાહને જણાવતો હતો અને વખ્ત ઠેરવી પોતે ત્યાં દરબારમાં સગાંવાહલાં સાથ હાજર થઇને એક સાદરી બિછાવી તેપર બેસતો અને પછી તેની આગળ તેને થયલી સજા વાંચી તેને એક ખંજર આપતા હતા જે પોતાના ખોલાપર મુકીને પછી પોતાનો

પોશાક ઉચકીને પેટ ઉપર તે ખંજર ફેરવી પેટ ચીરી નાખતો હતો. જે વખ્તે તેનો એક સાક્ષી જે ઘણોખરો પોતાનો સગોજ હોય છે તે તલવાર તૈયાર પકડી રાખી પાછળ ઊભો હોય છે તે એકજ ફટકે તેનું ડોકું ઉડારી નાખતો હતો પણ હમણા સુધારો થવાથી એ "હરી-કીરી"ની ક્રિયા કરતા નથી. પણ એ પ્રમાણે પોતાના હાથથી મરવાનું આગળ ઘણું માનભરેલું સમજતા હતા. એ નાટકશાળા જોઇને પાછા હોટલમાં આવ્યા હતા.

તા૦ ૧૯ મી અકટોબર સને ૧૮૮૭—કીયોટોમાં બીજું કાંઈ જોવા લાયક ન હોવાથી આજે સવારના ૬-૪૫ ની ટ્રેનમાં બેસીને ઓ-સાકા ગયા હતા જ્યાં કલાક ૮ વાગે પુગ્યા હતા અને ત્યાંની એક નાની રૂ કાંટવાની મીલ જોવા ગયા હતા. એ મીલ આસરે ૧૦ વરસની જુની છે પણ તેનું સાચાંકામ જાપાનીસોએ પોતેજ ચલાવવાથી રદ જેવું કરી નાખ્યું હતું. પણ બે વરસપર તેમાં ઘણો ફેરફાર પાછો કરીને નવા રીંગ સ્પીન્ડલો પ્લાટસ બ્રધર મેકરના મુક્યા છે તથા બીજા નવા ૨૦૦૦ સ્પીન્ડલો વધારી હમણા એ મીલ ૮૦૦૦ સ્પીન્ડલોની કીધી છે અને નવા સ્પીન્ડલો ગોઠવવા એક ઈંગ્રેજ ત્યાં કામે રાખેલો છે. જુના સ્પીન્ડલોમાં બીજી જાતનાં મ્યુલસો તથા લાર્ડ બ્રધર્સના ક્યારડની મશીનરી હતી. જાપાનમાં એ મીલથી બીજી એકજ મીલ મોટી છે અને તેબી ઓસાકામાં છે પણ તે કોઇને જોવા દેતા નથી. તે મીલમાં હમણા વધારીને ૩૨૦૦૦ સ્પીન્ડલો કીધાં છે, અને થોડા વખ્તમાં તેનેથી બમનાં વધારીને ૬૪૦૦૦ ની મીલ કરવાની છે એમ સાંભળ્યું છે. બાકીની જાપાનમાં બીજી આસરે ૨૦ મીલો છે તેમાં ૨૦૦૦ સ્પીન્ડલવાળીઓ મોટી ગણાય છે, બાકીની ૧૦૦૦ સ્પીન્ડલોની અંદ-રની છે. સાંભળવા મુજબ પેલી મોટી મીલનાં ૬૪૦૦૦ સ્પીન્ડલો ગણતાં બધાં મળીને એક લાખ સ્પીન્ડલો જાપાનમાં છે એમ ગણી શકાય. પેહેલવેહેલાં ઈહાંની સરકારે મીલોના સંચાઓ મંગાવી બીજા-ઓને તે આપી નાણું ધીર્યું હતું, પણ તેઓએ બરાબર નહીં ચલાવ-

વાથી ઘણુખરા જણાઓને ખોટ ગઈ અને કારખાનાં પાછાં વેચવાં પડયાં હતાં, અને હમણાબી તેઓ નાનાં હોવાને લીધે તથા સાંચાકામ બિગડી જવાથી ઘણું કમાતા નથી એમ કહે છે, પણ મોટા કારખાનાવાળાઓને ઘણી કમાઈ થાય છે તેથી આગળ ચાલતાં બીજાં મોટાં કારખાનાંઓ નિકળવાનો સંભવ લાગે છે. અમો ઊપલું સુતરનું કારખાનું જોઇને પછી બિલોરકામ બનાવવાનું કારખાનું જોવા ગયા હતા, જ્યાં જાત જાતની બિલોરી બરણીઓ, ગલાસ, ટમ્બલરો, સીસી, ફલાવર વેસો, કેરોસીન લેંપસો, બારીના કાચો ઈત્યાદી બનાવતાં જોયું હતું, જે સઘળું સારી રીતે બનાવેલું દીસે છે. પેહેલાં એક જાતની ચળકતી રેતી, સુરોખાર, ફટકી તથા ભાગેલા કાચનો ભુકો મેળવીને ભઠ્ઠીમાં ગરમ આતશ જેવો પ્રવાહી બનાવે છે અને તેમાં કાચની નલીઓ ખોસી તે પ્રવાહી તે ઉપર ચોટી આવે છે તેને ફુક મારી ફુલવીને પછી મોલ્ડોમાં મુકી તેને જોઇતો આકાર આપે છે, તથા જે ચીજ બની હોય છે તેનાં મોઢાં બનાવવા સારૂં માણસો પાછું તે ગરમ કરી તે ઉપર ચીમટો ફેરવી તે ઘટમ હાથથી આપે છે. જો ફક્ત ગલાસ બનાવવાં હોય છે તો સાદુ બીલોરનું બનાવી તેને એક જાતની ચકરી ઉપર ફેરવી તે ચકરીની અણીથી ઘટમ હાથે બનાવે છે. એ કારખાનું જોઈને પછી ઈહાંનો એક ઝાડપાન વેચનારનો બાગ જોવા ગયા હતા. ચીન તથા જાપાનમાં વખણાયલાં એઠાં ઝાડો કુંડાંઓમાં ઉગાડેલાં જાત જાતનાં જોયાં હતાં. તેમાં બીવા લેક ઊપર જે સૌથી મોટું પાઈન ઝાડ જોયું હતું, તે જાતનાં ઝાડોનાં લાકડાંમાં જાડાં થડ તથા જાડી ડાંખલીઓનાં ઊગાડેલાં ઘણાં હતાં, તથા તેજ મુજબ બીજી બે ત્રણ જાતનાં ઝાડો તથા થુવર પણ ઘણી જાતનો એજ મુજબનો ઊગાડેલો હતો. લીંબુ તથા મોસંબીનાં ઝાડો ફલ સાથે કુંડાંમાં ઊગાડેલાં મજેનાં લાગતાં હતાં. એ જોઈને પછી જાદુઇ ખેલ જોવા સારૂં એક નાટકશાળામાં ગયા હતા. અમોને "કોબી" જવા સારૂં વખ્ત થોડો હોવાથી ત્યાં આસરે ૧॥ કલાકજ થોભ્યા હતા, પણ તેટલાંમાં થોડાએક હાથચાલાકીના ખેલો સારા જોયા હતા, અને જો વખ્ત હાથમાં

હતે તો સાંજનાં ૬ વાગા સુધી બેસીને જોયા કરતે એવા સરસ ખેલો હતા. ખેલમાં એક ટેબલ ઉપર અફ્રગાનીયામાં રાખ હતી, તેપર ચેહે સીચીને તેમાં જોવા આવનારાએ પાસેથી તંબાકુની કોથલીઓ તથા રોમાલ લઈને બધાંઓના દેખતાં પેલાં બળતાં અફ્રગાનિયાંમાં મુકયા હતા, અને ત્યાં જરા દુર ઊભેલા બીજા ખેલાડીઓની કમરમાં પાછળથી ખોસેલાં તે મળ્યાં હતાં. જેઓ પેલી ટેબલની નજદીક તદન ગયા હતા નહી, પણ દુરથીજ ઊભા રહેલા હતા, અને રોમાલ જોવા આવનારાઓમાં એક જણની બગલમાંથી કાહાડયો હતો બીજો ખેલ એક બંદુકમાં જોવા આવનારાઓમાંના એક જણ પાસે સીસાંની ગોળી ભરાવી એક સોલજર પાસે ખેલાડીના હાથપર તે તીકીને ફોડાવી અને પેલી ગોલી તે ખેલાડીએ જાણે ઝીલી હોય તેમ તરત દેખાડી હતી. એક ગલાસને પાણીથી ભરી તે ઉપર હાથમાં લઈને રોમાલ ઢાંકી તરતજ તે રોમાલ ખાલી ખુલ્લો કરી દેખાડયો અને તે આગમજ એક ટોપી બીજા માણસના હાથમાં આપી દુરથી ઉભો રાખ્યો હતો તેને કહેવાથી તે ટોપીમાંથી પેલું ભરેલું પાણીનું ગલાસ નિકળ્યું હતું. એક ઓરતને લાવી બધાંઓના દેખતાં ખુલ્લી ફાંસી દીધી, અને તેને નજદીક પા કલાક તેમ લટકાવી રાખી પછી તેને ઊતારીને એક પીપમાં મુકી તેનું મોહોડું ઢાંકયું અને એક તલવાર તેમા ખોસીને પછી દુર જઈ બંદુક તે .પીપની ઉપર ફોડી કે પીપના એકદમ કકડા થઈ ગયા, અને પેલી ઓરત જે સફેદ પોશાક સાથે પેહેલાં હતી તે અંદરથી ભરતના કસબી પોશાક સાથે બાહાર નિકળી. એક જણ એક છરો ચાલતી ધારનો લાવ્યો, અને બીજાઓને બતાવીને પોતાના હાથની બાજુમાં હાથ ખુલ્લો કરીને ભોકી દીધો, જેથી તેમાંથી પુષ્કળ લોહીની ધાર વેહેવા લાગી અને પોતે તરફડવા લાગ્યો તેટલાં બીજાઓ જાણે તેને મદદ કરવા આવ્યા. તેઓમાંના એક જણને પકડીને તેના ગાલમાં છરો ભોકી દીધો હતો જેને પણ લોહી લુઆન કરી નાખ્યો હતો, અને પાછા પછી જેવી ને તેવી હાલતમાં તેઓને પરદા પાછળ લઈ ગયા હતા. એ વખ્તે અમોને વખ્ત થઇ જવાથી ઊઠી જવું

પડયું અને ખેલ અધુરો મુકયો હતો. એ ખેલબી ઈહિાંના ધારા મુજબ સહવારના ૧૦ થી સાંજના ૬ વાગા સુધી ચાલે છે, અને તેમાં જાત જાતનાં નવાઈના ખેલો કરી બતાવે છે એમ અમે સાંભળ્યું હતું. અમો આગની ગાડીમાં બેસીને ઓસાકાથી સાંજનાં ૪—૨૫ ની ટ્રેનમાં નિકળેલા કલાક ૫—૪૫ મીનીટે કોબી પુગ્યા હતા, અને પાછો યેગો હોટલમાં ઊતારો લીધો હતો.

તા૦ ૨૦ મી અકટોબર સને ૧૮૮૭—આજે સાંજનાં કલાક ૫—૩૦ મીનીટે કોબીથી સ્ટીમર યાકોહામાંમા શેહેનગાઈ જવા સારૂ ચહડયા હતા, અને આઠ કલાકે બંદર છોડયું હતું. આજે જાપાન દેશને છોડીયે છીયે તેથી થોડીએક એને લગતી વિગતો નિચે લખીયે છીયે. જાપાન દેશ દુનિયાના છેક ઊગમણ ભાગપર આવેલું છે અને તે ઘણા ટાપુઓનું બનેલું છે, તેનો વિસ્તાર ૧૪૯૦૦૦ ચોરસ માઇલનો અને વસ્તી આસરે ત્રણ કરોડ અને હેંસી લાખ માણસોની છે. એમાં બધા મળીને ૩૦૦૦ ની ઊપર ટાપુઓ છે, અને મોટા ભાગ બલતા પાહાડોનો તથા ધર્તીકંપથી બાહાર નિકળી આવેલા પાહાડોને બનેલો છે, એનો સૌથી ઊંચો પાહાડ ફુજીયામાં ૧૨૩૦૦ ફીટનો છે. મોટામાં મોટી નદી ત્યાંની ગાવા કરીને છે તે ફકત ૧૭૦ માઇલ લાંબી છે. સરોવરો પણ ઘણા છે. રૂતુમાં હવા ઠંડીની વખ્તે છેક ૩ ડીગ્રી ઝીરોની ઉપર રહેછે, અને ગરમીમાં છેક ૯૪ ડીગ્રી સુધી થાય છે. વરસાદ બાહરેમાસ પડે છે, અને આસરે ૯ ઇંચિની રાસ પડે છે. થંડીના વખ્તમાં યોકોહામાની બાજુપર બરફ ઘણો પડે છે પણ કોબી તરફ (જે દખણે આવેલું છે) કોઈજ વખ્ત તે પડે છે. ઈહાં જેટલા ધર્તીકંપના આંચકા થાય છે તેટલા દુનિયાના ઘણા થોડા ભાગોમાં થતા હશે, અને તેને લીધેજ ઘરો બેઠાં તથા લાકડાંનાં બાંધે છે. એની હવા પણ ઘણીજ સાફ છે, અને ઘણા દુરના ભાગો જાણે નજદીક હોય તેમ તેને લીધે દીસે છે. દેશમાંથી સોનું, રૂપું, લોખંડ, ત્રાંબુ, કેરબો, ગંધક, કોલસો, ખાર, ચુનો, સંગેમરમર ઇત્યાદી મળે છે. પોરસીલેન (કોરી-

કામ ઊંચું) બનાવવાની મટોડીના પાહાડો અને પાહાડો છે, અને ખુદરતી દવાઈના ઝરાઓ પણ જગે જગે મળે છે. એનો વેપાર પણ સારો છે, વરસ દાહડે આસરે ૩ા કરોડ યનનો માલ દેશાવરથી આવે છે અને ૩ કરોડ યનનો માલ બાહેર જાય છે. મળી જુમલે ૬ા કરોડ યનનો (યાને આસરે ૧૫ કરોડ રૂપિયાનો છે) એની શેહેનશાહતની પેદાશ સને ૧૮૮૪ માં ૭૬૦ લાખ યનની હતી. એનું કરજ પોતાના દેશનું ૨૨૪૭૦૦૦૦૦ અને બાહાર દેશાવરના રાજ્નેનું ૨૩૩૧૦૦૦૦૦ મલીને જુમલે ૪૫૭૮૦૦૦૦૦ યન યાને આસરે એક અબજ રૂપિયાનું છે. એના સેહેનશાહને મીકાડો કરી કહે છે અને એનું ખાનદાન ૨૫૦૦ વરસ થયાં રાજ કરતું આવ્યું છે, પણ આસરે ૬૦૦ વરસ ઊપર એનો સેનાધીપતી ઘણો જોરાવર થઇ જવાથી તે જાણે એક જુદો રાજા હોય તેમ ટોકિયો ખાતે રાજ કરતો હતો અને મીકાડોને નામનુંજ વડા દાખલ માન આપતો હતો, અને એ છેલ્લા ધણીને નામે પેલો સેનાધીપતી આખા જાપાનમાં રાજ પોતેજ ચલાવતો અને ધર્મના વડા દાખલ મીકાડોને ગણતા હતા. એ સેનાધીપતીઓનાં ખાનદાનો વારા ફરતી પોત પોતામાં લડીને પાંચ છ વખ્ત તેઓનાં રાજ બદલાઈ જુદા જુદા ખાનદાનનાઓ ત્યાં રાજ કરતા હતા પણ સને ૧૮૬૮ માં હમણાનો (શેહેનશાહ) મીકાડો તખ્તપર આવ્યા પછી ઈંગ્રેજ, ફ્રેન્ચ તથા અમેરિકનોની મદદથી તે ટોકિયો જેને આગલ યેડો કરી કહેતા હતા તે જીતી લીધું, અને ત્યાંનો રાજ કરતો સેનાધીપતી જે શોહગન તથા તાઇકુનને નામે ઓળખાતો હતો તેને બહાર દેશનિકાલ કીધો હતો તથા એ વખ્ત સુધી ઈહાંના ઉમરાવો જેઓ પણ ઘણા જોરાવર થઈ ગયલા અને જાણે જુદાં જુદાં રાજ ચલાવતા હોય તેમ બની ગયલા હતા (ઈહાં ફીયુડલ સીસ્ટમ Feudal System ચાલતી હતી) તેઓને પણ તે રીતે, કેટલાકો જેઓએ પોતાનાં ગામ ખુશીથી આપી દીધાં તેઓને ગામની કિમતના દશમાં ભાગ જેટલી નોટો આપીને જવા દીધા, અને જેઓ સામા થયા તેઓને લડાઈથી જેર કરી નાબુદ કરી નાખ્યા અને ત્યારથી એકલો એ મીકાડોજ શેહેનશાહત ભોગવે છે.

એને પરદેશીઓએ મદદ કરવાથી તેઓને વેપાર સારૂ પાંચ છ બંદરો ખુલ્લાં મુકયાં હતાં (અને રૈયતને કબુલાત આપી છે કે સને ૧૮૯૦ પછી ઈહાં પાર્લામેંટથી રાજ ચલાવશે) અને તે દિવસથી યુરોપિયનોને પોતાને ત્યાં ચાકરી રાખીને દેશમાં ઘણો સુધારો વીશ વરસમાં કરી નાખ્યો છે. રેલ્વે, ટેલીગ્રાફ ગેસલાઈટ ઇત્યાં લાગુ કીધા ઉપરાંત જાપાનીસોને યુરોપ તરફ કેળવણી આપવા મોકલી તેઓ હસ્તક મનવારો તથા હથિયારો બનાવવાનાં કારખાનાઓ ચલાવે છે. યુરોપિયન ઢપના પોશાકો પેહેરવા માડયા છે, અને જાપાનીસ તારીખ વારને બદલે ઈંગ્રેજી તારીખ વાર ચાલુ સને ૧૮૭૩ ના સાલથી કીધો છે. જરમન તથા ફ્રેન્ચ અમલદારો હસ્તક લશ્કરને કવાયદ અપાવે છે, અને પોશાક પણ લશ્કરનો તેઓની ઢપનો કીધો છે. વર્તમાન પત્રો સને ૧૮૭૦ થી છપાવા માડયાં છે. રેલ્વે પેહેલી સને ૧૮૭૨ માં શરૂ કીધી તે હમણા આસરે ૩૦૦ માઇલની રેલ્વે ચાલુ છે અને બીજીઓની ગોઠવણ થઈ ચુકી છે, જે ૧૨૦૦ માઇલ સુધીની થશે, પણ બધો મુલક પાહાડી હોવાથી તે બાંધવાને વિલંબ ઘણો લાગે છે. રેલ્વેનું કામ તદન જાપાનીસોથીજ ચાલે છે, તેમજ તારખાતુંબી છે. ઈહાંનો અસલ ધર્મ સીન્તો કરીને હતો, પણ પાછળથી બુધનો ધર્મ ફોરમોસાથી ઈહિ સને ૫૫૦ ના સાલમાં લાગુ પડયો હતો, અને હમણા તે બધો ભેળસેળ થઇ ગયો છે. બુધીસ્ત દેહેરાંઓનાં નામની પાછળ હંમેશા "જી"નો બોલ લગાડે છે, જેમકે તોકિયોનું દેહેરૂં ઓજીજી અને સીનતોનાં દેહેરાંઓનાં નામ પાછળ ગુ બોલ લગાડે છે, જેમકે નીકોના દેહેરાંનું નામાં તુ—સો—ગુ કરીને છે. એ પરથી એ દેહેરાંઓ ઓળખાઈ શકે છે. બુધીસ્ત બ્રાહમણને બોયઝુ અને સીનતો બ્રાહમણને કાનુશી કરી કહે છે. સીનતોનાં દેહેરાંમાં મુર્તિઓ રાખતા નથી પણ તેને બદલે મોહોડું જોવાની આરસી ધાતુપર બનાવેલી તથા ફાણુસો કાગળનાં બનાવેલાં અને કાગળની લાંબી પતીઓ દેહેરાંમાં ભણવાની જગ્યાપર રાખે છે, અને દરેક દેહેરાંની બાહાર બે થાંભલા ઉપર આડાં બે લાકડાં છેક મથાળેથી મુકેલાંનાં દરવાજા અલગા બનાવેલા હોય છે.

સુધીસ્તો પુતળાંઓને પૂંજે છે, અને તેઓના ધર્મગુરૂઓ માથું બોરાવે છે. સીનતોવાલા બોરાવતા નથી. ઈહિંના લોકોમાં એક રેવાજ નવાઇ જેવો છે, તે એ છે કે જ્યારે કોઇને ત્યાં છોકરાની વૃધી થઇ હોય છે ત્યારે તે વરસની તારીખ ૫ મી મેને દિને તેઓ બધાં પોતાનાં ઘરની બાહાર એક માછલી ટાંગે છે અને જો છોકરી આવી હોય તો એક પુતળી બાહાર ટાંગે છે, અને એ દિને તેઓનાં સગાં વાહાલાંઓ તે બચ્ચાંઓને વાસ્તે તેઓને લાયકનું કાંઈ ભેટ મોકલે છે, અને તે દિને તે વરસમાં જનમેલાં બધાં છોકરાંઓનું પેહેલું વરસ ઉગેલું ગણાય છે. છોકરીઓનું વરસ તારીખ ૩ જી માર્ચને દિને ઉપલી ધામધુમ સાથે ઉગાડે છે. જો એકબી દિવસ આગમજ તેઓ જનમ્યા હોય તોબી તારીખ ૫ મી મેને દિને છોકરાઓ, અને તારીખ ૩ જી માર્ચને દિને છોકરીઓને પેહેલું વરસ ઊગાડે છે, અને એ બે દિવસોની થોડા દિવસ આગમજ બચ્ચાંઓને લાયકનાં રમકડાં જથ્થાબંધ દુકાનોપર વેચાય છે, અને બધાઓને તે દિને ખાણું પીનાં આપવાં પડે છે. ઇહાંનું કામદાર લોક ઘણું ગરીબ નથી પણ માફકસરનાં સુખી છે. ભીખારીઓ જવલેજ કેથે મળે છે, અને બધાંઓ મેહેનતું ઘણા છે. જ્યાંબી જોઈયે છે ત્યાં દુકાનો પોતાના ઘરની આગળના ભાગમાં અથવા ભોંયતળિએ રાખી ત્યાં કામ કરતા માલમ પડે છે. ભઠિયારખાનાંઓનો તો કાંઈ સુમારજ નથી, તેથી માલમ પડે છે કે મેહેનતું લોક બધું બાહારજ ખાય છે. મુખ્ય ખોરાક ચાવલનો છે. તેની સાથે જરા તરકારી ઊકાલેલાં પાણીમાં નાખી તેના રસ સાથ ચાવલ ભેળીને તથા સુકી માછલી ભુંજીને યા તો તાજી માછલી કાચી ખાય છે. ખાતી વખ્તે ઊતાવલ પણ ઘણી કરે છે. ચાવલના દુચા મોઢાંમાં મારીને ચાવ્યું, નહીં ચાવ્યું કરી ગલી જાય છે, અને પાછળથી તેખરડેલાં પિયાલામાં ચાહેનું પાણી નાખી તે ધોઈને પીયે છે. ખાવાની બાબદમાં એઓ ઘણા સુઘડ નથી, બધું ભેળસેળ કરીનેજ ખાય છે. પછી ગમે એટલી વાંણી કાંય નહીં હોય, અને રાંધવાનું પણ ભોંયસીંગના યા મીઠાં તેલમાં તથા સરકામાં રાંધે છે, બાકીનું ફકત બાફેલું ખાય છે. મીઠાઇ

જાત જાતની બનાવે છે. તેને તરેહવાર આકારો તથા રંગ આપે છે, પણ ખાધામાં આટા જેવી વગર સ્વાદની હોય છે. એઓનું આવું ખાવાનું છતાં બાવરચીખાનામાં તથા ઘરમાં બધે સુગડાઇ ઘણી સારી રાખે છે, અને વાસણો સઘળાં ચળકતાં સાફ રાખે છે. કશાનેબી હાથ લગાડી રાંધતા નથી. સળિયાથી સઘળું કામ લે છે, ચોલીને ધોવું હોય છે તેબી પાણીમાં સળિયાથીજ ચોલીને ધોય છે. એ લોકોને ખોરાક સસતો તથા સુતરો હોવાથી એક માણસ મહિને દહાડે ત્રણ યન યાને ડાલરમાં રહી શકે છે. ઘરનો સામાન પણ સસતો અને સુતરો વાપડે છે. જેનો બધો ખરચ જુમલે પાંચથી છ યન જેટલો લાગે છે; ભાડું અરધો યન મહિને દિને નાના ઘરોનો આપે છે, પણ મોટો ભાગ પોતાનાજ ઘરોમાં રહે છે.

મજુરીનો લવાજમ નિચે મુજબનો એઓને દરરોજનો મળે છે:—સુથારને ૪૦ થી ૬૦ દોકડા, ખારવાને ૬૫ થી ૭૫ દોકડા, ગાડાંવાળાને ૩૫ થી ૪૫ દોકડા, લાકડાં કાપનારને ૫૦ થી ૭૦ દોકડા, કાગજ ચોટાડનારને ૩૦ થી ૬૦ દોકડા, ઢોંડફેરાને ૬૦ થી ૭૦ દોકડા, લુહારને ૩૦ થી ૫૦ દોકડા, સાદરીવાળાને ૫૦ દોકડા, રંગારીને ૨૫ થી ૩૫ દોકડા, કોલીને ૨૦ થી ૩૦ દોકડા, અને માલીને ૨૫ થી ૫૦ દોકડા, રોજ મળે છે. જાપાનીસો જાતે ઘણા ઠંડા મીજાજના છે. અમો નજદીક ત્રણ અઠવાડિયાં થયાં અત્રેનાં ઘણાં ગામો તથા ગામડાંઓમાં ફરિયા છીયે, પણ કોઇબી દિને એ લોકોને ગુસ્સે થયલા અમે જોયા નથી. બધાઓ હસ્તે મોઢે એકએકને મળે છે. એક વખ્ત અમો જે જીનરીક્ષામાં બેઠેલા હતા તેનાં ખેંચનાર કોલી સાથ એક સામાનનાં ગાડાંવાલો કોલી સામે આવી અઠડી પડયો, તે વખ્તે અમોએ ધાર્યું કે હવે બોલાચાલી ખચીત થશે, પણ નહીં, ઊલટાં બેઉજણા આમણસામણ હસીને કાંઈ બોલીને ચાલી ગયા હતા. જોકે વાંક સામેના ગાડાંવાળાનો હતો તોબી અમારાવાળા કોલીએ દરગુજર કરી હતી. નાનાં છોકરાંઓ પણ રમતમાં ગરીબ લાગે છે, અને અમોએ આગળ જણાવ્યું છે તેમ બચાંઓ પોતાની માય યા બેનની પાછળ પીઠપર

બાંધી રાખેલાં તેઓને પણ રડતાં જોયાં નથી, એટલાં એ ગરીબ લોક છે. અમોને જીનરીકક્ષા જોઈએ ત્યારે પાંચ છ જણા તે લઇને દોડી આવે અને અમો ગમે તેમાં બેસીએ ત્યારે રહી ગયલાઓ કદી ચીરડાતા નથી, પણ હસીને ચાલી જાય છે. એ વખ્તે મુંબઇની ભાડુતી ગાડીવાળાઓની માફક ભાવ ઓસારવા છતાં કશીબી આમનસામન બોલાચાલી થતી નથી. વળી ઈહીં એ જીનરીક્ષાવાળાઓને એક બીજા સાથ સારો સંપ હોય છે. જ્યાં એઓનું મઠક હોય છે ત્યાં આગળથી સહવારના તેઓ પોતપોતાનાં નસીબ અજમાવી જાય છે, જે મુજબ નંબર આવે છે તે મુજબ તેઓ પેહેલાં અને છેલ્લાં જાય છે અને જેબી કમાઈ થાય તે બધાઓ સરખે ભાગે વેંહેંચી લીયે છે. અમોએ જાપાન દેશની સરકારની ઉપજ ૭ા કરોડ યનની આગળ જણાવી છે, તેમાં જમીનની મેહેસુલના આસરે ૪ા કરોડ છે. દારૂપરની જગાત ૧૬૮ લાખ યન આવે છે. ખરચ પણ આવક જેટલો છે, તેમાં મોટી રકમ વ્યાજની ૨૩૪ લાખ યન છે. શેહેનશાહના પોતાના ખરચના ૧૭ા લાખ યન છે. લસ્કર એક લાખ આદમીનું છે અને તેપર એક કરોડ યન અને દરિયાઇ ખાતાપર ૩૧ લાખ યન થાય છે. શેહેનશાહના નોકરોનો લવાજમ ૪ લાખ યન છે. લસ્કર સારૂં દરેક ખાનદાનમાંથી એક છોકરો ધણોખરો વડાને લીયે છે. જાપાનીસો એક ઓરતને પરણે છે, પણ બીજી ઓરતો વધુ રાખી શકે છે. પેહેલી ઓરત પરણેલીનાંજ છોકરાં ખરાં વારસ ગણાય છે. જો તેને પેટે છોકરાં નહીં હોય તો ભાઈ યા બેહેનનાં છોકરાં વારસ થાય છે. પણ બીજી રાખેલી ઓરતનાં છોકરાં વારસ થઈ શકતાં નથી. શેહેનશાહત ઉપર ઓરતો (છોકરીઓ) નોબી હક છે, અને આગળ ઓરતો પણ વારાફરતી એ હક ભોગવી ગઈ છે.

તા૦ ૨૧ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના ઉઠયા ત્યારથી સ્ટીમર પરથી બેઉ બાજુપર જમીન ઘણીજ નજદીક દેખાતી હતી અને જાણે એક નાના જેવા સરોવરમાં સ્ટીમર ચાલતી

હોય તેમ બધી ગમ ફરતા મોટા પાહડો લીલોતરી તથા ખેતીવાડીથી ભરેલા દેખાતા હતા અને બએ પાહડોની કઢણોમાં નાનાં નાનાં ગામડાંઓ દરિયાને કિનારે આવેલાં હતાં. વગર ગણત્રીની સામપાન્સો (બોટો) ત્યાં ફરતી હતી. સ્ટીમર જેમ આગળ વધતી જાય તેમ જાણે રસ્તો નહી હોય તેવી રીતે દેખાતું, પણ વલાણ લીધી કે જાણે એક સરોવરમાંથી બીજા સરોવરમાં ગયા હોઇયે તેમ દરિયો મળ્યા કરતો હતો. એ દરિયામાં વળી બીજાં બેશુમાર ટાપુઓ વચમાં બાહેર નિકળી આવેલાં હતાં. કોઇ ૨૦ માઇલ જેટલાં મોટાં તો કોઈ ૧૦૦ વાર જેટલાં હતાં અને બધાપર લીલોતરી તથા ખેતીવાડી દેખાતી હતી, એ વખ્તનો દેખાવ કાંઇ ઘણોજ સરસ હતો અને સ્ટીમરના સઘળા ઉતારૂઓ તે જોવા સારૂ એટલા તો ખંટી દેખાતા હતા કે સવારનું પોહોર હોવાથી રાતનાજ પોશાકમાં ઓવરકોત નાખીને કેટલા જણાતો ત્યાં આવી ઉભા હતા અને વખ્ત થઇ જવા આવ્યો તોબી બાનુઓબી ત્યાંથી ખીસ્તી હતી નહી અને જેબી નવો ઉતારૂ તુતક ઉપર પેહેલાં આવતો તેઓનાં મોહોડાંમાંથી એકજ અવાજ તે દેખાવ જોઈને નિકળતો કે "અરે શું સરસ દેખાવ છે!" એમ સઘળાઓ જોઈને ખુશી થતા હતા. અમો કાંઈબી વીગત એ દેખાવની આપવાની શક્તિ ધરાવતા નથી, એવો સરસ દેખાવ દરિયાની અંદરની દુનિયાના બીજા કોઇબી ભાગમાં હશે નહી એમ બધાઓ ધારે છે. એ જમીનની અંદરનો દરિયો (Inland Sea) ને નામે ઓળખાય છે અને તેની એક ગમ જાપાનની ખુદ જમીન અને બીજી ગમ વગર ગણત્રીના ટાપુઓ આવ્યાથી બનેલો છે તેથી દરિયાના કરતાં સરોવર જેવો લાગે છે. સહવારનાં ૧૦ વાગા પછી એ દેખાવ ગેપ થયો હતો અને ડુંગરો દુર જતા ગયા હતા, જોકે કોઈ નદીમાં જતા હોઈયે તેવું બેઉ ગમની જમીનોથી દેખાતું હતું તોબી પેહેલાં જેવો દેખાવ આજે આખો દિવસ મળીઓ હતો નહીં. દરિયો થાળી જેવો આખો વખ્ત હતો. ઈંહાંના દરિયામાંથી એક જાતનું નાનું કરચલુ મળે છે જે વેચવા સારૂ એકગમ રાતના અમારી સ્ટીમર બંદર આગળ ઉભી હતી ત્યાં લાવ્યા હતા. એ કરચલું નાનું

બે ઈંચ જેટલું છે પણ બદન ઉપર આબાદ માણસનાં મોહોડાંજેવો આકાર છે અને જોતાંવાર કોઈબી ધણી જે જાપાનનાં દેહેરાંઓ જોઈ આવ્યો હશે તે કહેશે કે તે દેહેરાંના દરવાજા આગળ જે ચારે દશાના દેવોની મુર્તિ લડાયક આકારમાં હોય છે તેનાં મોહોડાંને આબાદ મળતી એ કરચલાંની ઉપરની મુર્તિ આવે છે. આંખ જાણે મોટી ખુની, નાક મોટું, મોહડું ઉપર ચહડી ગયલું ઇત્યાદિ ઘણું મળતું આવે છે અને સઘળાં કરચલાં એ દરિયામાંથી એવીજ જાતનાં મળે છે જેમાંનાં બીજે કેયેથી મળતાં નથી. એને સારૂં જાપાનીસોમાં કેહેવત છે કે આગળ એક મોટી લડાઇ થઇ હતી તે વખ્તે એ લોકોનો કોઈ પેહેલવાન હેગી કરીને હતો તે ઘણી લડાઈઓ જીત્યા પછી આખરે હારી ગયાથી એ દરિયામાં પડીને જીવ આપ્યો. ત્યારથી એ કરચલાં ઉપર તેનો આકાર લાગુ પડયો છે. એને લીધે એ કરચલાંઓને નાંમ આપી હેગી–ગની, એટલે હેગીનું કરચલું કરી તેઓ ઓળખે છે. એના બેજ સુકવેલા નમુના વેચાવા આવેલા હોવાથી બીજા ઉતારૂઓએ આગળથી લઈ લીધા હતા.

તા૦ ૨૨ મી અકટોબર સને ૧૮૮૭—આજે સવારના ૧૦ વાગેને નાગાસાકીનાં બારાંમાં જવાના ચેનલમાં પેઠા હતા. એ વખ્તનો દેખાવ એટલો તો સરસ છે કે અમો ગઇ કાલ વાળો કે આજનો સરસ તે કહી શકતા નથી. આજનો દેખાવ ત્રણ ગમ પાહાડોથી ઘેરાયલો હતો અને એક ગમથી સાંકડી જગા ઉપરથી દરિયો નજરે પડતો હતો. એ ઇહિંના પાહાડો જાણે માણસોએ હાથથી, ખુબસુરત દેખાવા સારૂં ગોઠવ્યા હોય તેવા લાગતા હતા. પાહાડો અરધા ચાંદના આકારના એકએકને છેડા આગળથી મળેલા આવ્યા જતા હતા અને જ્યાં તેન-ખાંચા ચાંદના અરધા આકારની વચમાં આવે ત્યાં છુટા છુટા એક એક નાના ટાપુઓ નિકળી આવેલા, જેઓપર ઘાસની લીલોતરી ઉપર ત્રણ ચાર છુટાં છુટાં ઝાડો હોવાથી જાણે ખરેખર માણસોએજ રોક વડે ગંજાવર કદના એક મોટા બાગમાં બનાવ્યો હોય તેમ લાગતું

હતું. એ પાહડોની પાછળના ખાંચાઓમાં બીજા આડકટરા પાહાડોની દેવાલ બની રહી હતી અને તે સઘળાઓ ઉપર કાંઈ ઘણીજ ગીચ લીલોતરી હોવાથી ખરેખર એક ખુદરતી બાગજ બની રહ્યો હતો.

એવા સરસ દેખાવો કદાચજ જોવામાં આવે છે અને અમો ધારીયે છીયે કે અમેરિકાના સૌથી સરસ દેખાવો લેક જયોર્જના તથા હડસન અને સેંટ લોરેન્સ નદીઓના ગણાય છે તેનેબી એ ટક્કર મારે એવા લાગતા હતા. અને તે અમેરિકનો વટીકકબુલ કરતા હતા. (જેમ થવું ઘણુંજ મુશ્કેલ છે, કારણકે અમેરિકનોને મનસે અમેરિકાથી સઘળું ઉતરતુંજ હોવું જોઇયે). એનાં બારાંમાં દાખલ થવાનો માર્ગ ઘણોખરો કોનસ્ટેન્ટીનોપલના બોસફોરસના ચેનલને મળતો આવે છે, પણ ત્યાં બેઉ બાજુપર મજબુત કિલ્લાઓ બાંધેલા છે. બારાંમાં ઘણી મનવારો તથા સ્ટીમરો લાંગરેલી હતી, ત્યાં અમારી સ્ટીમરે આસરે ૧૧ વાગે લંગર કીધું હતું. ઈહાં નજદીકમાં આવતાં એક છુટી ટેકડી જેમ અમોએ આગળ જણાવી છે તેમ પાહાડોની બાહેર રોકવર્ક માફકની નિકળી આવેલી છે, જે ઉપરથી આગળ ઈહાંના ખ્રીસ્તી ધર્મમાં વટલી ગયલા આસરે ૪૦૦૦ જાપાનીસોને લાવીને ડુંગર ઉપરથી નિચે દરિયામાં ગગડાવી દઇ મારી નાખ્યા હતા એમ ઈહાંની તવારીખ ઉપરથી માલમ પડે છે, પણ તે ઊપર ઘણા ઉતારૂઓ શક નાખે છે, કે માત્ર કોઇનું જોડી કાહાડેલું હશે, પછી ખરી કે ખોટી વાતતો સાહેબ જાણે, પણ જાપાનની તવારીખમાં એવી વિગત આપેલી છે. અમારાવાલી સ્ટીમર માલ ઘણો લેવાની હોવાથી આજે આખો દિવસ નાગાસાકીનાં બારાંમાં થોભી હતી, પણ અમો બારાંમાં ગયા ત્યારથી આખો દિવસ એટલો તો જોરથી વરસાદ પડયા કીધો કે કિનારે ઉતરી શકાયું નહીં, તેથી સઘળા ઊતારૂઓ નાસીપાસ થયા હતા. નાગાસાકીમાં આખાં વરસનો મોટો ભાગ વરસાદ પડે છે, તેથી એને વાસ્તે રમુજી કહેવત છે કે મહિનાના ૩૧ દિવસ અત્રે વરસાદ પડે છે, અને આજે અમારી તે બાબે ખાતરી પણ થઈ હતી. છેક રાત સુધી વરસાદ ચાલુજ હતો.

તા૰ ૨૩ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના ઈંહાં વરસાદે ઉગાર આપ્યાથી અને સ્ટીમર નવ વાગે ઊપડવાની હોવાથી બીજા ઉતારૂઓ સાથ અમે પણ કિનારે ઉતરીને નાગાસાકી શેહેર જોવાની તક હાથ લીધી હતી, અને નવ વાગે સ્ટીમરપર પાછા આવ્યા ત્યારે ૧૧ વાગે તે ઊપડવાની છે એમ માલમ પડયાથી અમો ફરીથી કિનારે ૧૦—૩૦ મીનીટ સુધી ફરી આવ્યા હતા, અને તેટલા વખ્તમા નાગાસાકીનો મોટો ભાગ જોઈ શકયા હતા. અમો પેહેલાં ઈંહાંનાં વખણાયલા બ્રાન્ઝના ઘોડાવાલું દેહેરૂં જોઇ આવ્યા હતા. એ દેહેરૂં ડુંગર ઊપર હોવાથી આસરે ૨૦૦ ઉપર સીડી ચહડવી પડે છે, અને ત્યાંથી બારાંનો તથા બીજો આસપાસનો દેખાવ ઘણો સારો દીસે છે. દેહરાંમાં કાંઇ પણ જોવા લાયક નથી, અને તેની અંદરના ભાગમાં ધર્મગુરૂઓ સિવાય કોઈને જવા દેતા નથી. તેના કંપાઊંડમાં એક માફકસરના કદનો બ્રાન્ઝ ધાતુનો ઘોડો મુકેલો છે તે ઊપરથી એ દેહેરૂં ઇંગ્રેજોમાં ઓળખાય છે. ઘોડો કાંઈ મજેનો બનાવેલો નથી, તેનું મોડું ઘણું લાંબુ અને આંગ ટુંકુ કરી નાખ્યું છે. ફક્ત ઈંહાંથી દેખાવ દહેરાંની થોડે ઉપર ડુંગરપર ગયા પછી બે બેઠક આવે છે ત્યાંથી જોવાની છે. એ જોઈને પછી શેહેરમાં અમો ફર્યા હતા. એ નાગાસાકી જાપાન દેશના તાબામાં છે, અને ત્યાં બધે જાપાનીસો વસે છે. ફક્ત થોડાક ખ્રીસ્તી ધર્મના પાદરીઓ લોકોને વતલાવવા સારૂ અત્રે સ્કુલ તથા આસપીટલ કાહાડી બેઠા છે. શહેરનો દેખાવ બંદર-માંથી ઘણો સારો પાહાડોની નિચે દરિએ કિનારે આવવાથી લાગે છે. મોહોલાઓ બીજાં જાપાનીસ શેહેરો માફક સરખા કીધેલા છે, પણ રસ્તાઓપર ઈંહાં વચમાં મોટી લાદીઓ જડી લીધાથી સફાઇ વધારે દીસે છે. અત્રે કાચબાના કોતલાંની બનાવતો ઘણી સરસ અને જાત-જાતની બનાવે છે, અને તે સારૂ તથા ઈંહાંના ઊંચી જાતના કોરીકામની બનાવત સારૂ એ શેહેર વખણાયલું છે. એ સઘળું જોઈને પાછા સ્ટીમર ઉપર કલાક ૧૦—૩૦ મીનીટે ગયા હતા. એ વખ્તે ગઇ રાતના રશિયન સરકારની એક મનવાર આવેલી હોવાથી જાપાનીસ

વાવટા પોતાની મનવારપર ચહડાવી તેને તોપોનું માન આપતી હતી, જેના પડઘા બધે ફરતા ડુંગરો હોવાથી જાણે ગોળને ગોળ દોડતો હોય અને બધેથી તોપો ફુટતી હોય તેમ લાગતો હતો. એ મનવારને કિનારેના કિલ્લાપરથી પાછી સલામતીની ટોપો આપ્યા પછી ઈંહાં ફ્રેન્ચ સરકારની મનવાર તેના એડમીરલ સાથ પડેલી હોવાથી તે સરકારનો વાવટો ચહડાવી તેને તથા ત્યાર પછી અમેરિકન મનવારપર પણ એડમીરલ હોવાથી તેનો વાવટો ચહડાવી તેનેબી ટોપોનું માન રશિયન મનવારે વારા ફરતી આપ્યું હતું, જેઓએ તેના ઉતરમાં રશિયન મનવારને વાવટાઓ ચહડાવી તોપોનું માન આપ્યું હતું. વળી એ વખ્તે ઈંગ્રેજી બે મનવારો પણ ઈંહાં લાંગરેલી છે, જેઓપર એડમીરલ ન હોવાથી તેઓ સાથ ટોપોના માનની અદલાબદલી રશિયન મનવારે કીધી હતી નહીં. એ મનવારોપર વારાફરતી બેંડો વાગતાં હતાં, તેથી ઘણું રળિયામણું ટોપોના અવાજો સાથ લાગતું હતું. અમારી સ્ટીમરપર ફ્રેન્ચ એડમીરલ ઊતારૂ દાખલ શેહેંગાઇ જવા આવ્યો હતો તે અમારી સ્ટીમર ઊપડી ત્યારે તેની ફ્રેન્ચ મનવારની પડોશમાંથી પસાર થતી વખ્તે તે મનવારનાં સઘળા માણસો એડમીરલને માન આપવા તુતકપર ટોપી ઊતારી ઊભા હતા, અને આખો વખ્ત બેંડના શરોદો તે ઊપરથી વજાડયા કીધા હતા. એ મુજબ અમે એ ટોપોના ધડાકા તથા બેંડના સુંદર શરોદો સાથે નાગાસાકીનું બારૂં છોડયું હતું.

તા૦ ૨૪ મી અકટોબર સને ૧૮૮૭—આજે આખો દિવસ નાગાસાકીથી શેહેંગાઇ જતાં મોટા દરિયામાં ગુજાર્યો હતો કાંઇ જાણુવાજોગ બન્યું નથી. આજે સાંજના મગરમચ્છો દરિયામાં ગેલ કરતાં ઘણાં મળ્યા હતાં અને રૂતુ તદન ખુલ્લી હતી, સાંજ પછી થંડી સારી નિકળી હતી.

તા૦ ૨૫ મી અકટોબર સને ૧૮૮૭—ગઇ રાતના આસરે કલાક ૩ વાગેને અમારી સ્ટીમર શેહેંગાઇની નજદીકમાં યાંગતીસીકીયાંગ નદીમાં લંગર કરીને પડી હતી તે સહવારના કલાક ૬—૪૫

મીનીટે ઉપડીને ત્યાંથી વોહોગપુ નદીમાં દાખલ થઇ હતી, એ જગ્યા પર એક ગામડું વુસંગ કરી છે ત્યાં નદી ઘણી છાલકી રહેછે, જેનો (Bar) બાર પસાર કરવા સારૂં હમેશાં દીસનાજ ભરતી હોય છે, ત્યારે સ્ટીમરો અંદર જાય છે. એ યાંગતીસીકીયાંગ નદી ઘણી મોટી છે અને ચીનમાં તો શું પણ આખા એશિયા અને યુરોપમાં પણ તે મોટી કેહેવાય છે. એ નદી ૩૩૨૦ માઇલ લાંબી છે, અને તેનાં પાણીથી સાડાનવ લાખ ચોરસ માઇલ જગ્યા રોકાઇ છે. "વોહોગપુ" નદી અને એ "યાંગતીસીકીયાંગ" નદીઓ છેક કિનારાપર મલી જાય છે, તેથી છેલ્લી નદી પસાર કરીને પેહેલી નદીમાં જવાય છે. ઈહાંનાં ઊપલાં ગામડાં આગળથી પસાર થતાં એક મોટો કિલ્લો છે અને તેને થોડે દુરથી પેલો છાલકાં પાણીવાલો બાર આવે છે, નદીની બેઉ બાજુ-પર બેઠી જમીન આવેલી છે. અમે કલાક ૮ વાગેને શેહેંગાહીનાં બારાંમાં જાપાનીસ સ્ટીમર કંપનીના ડંકા ઉપર લંગર કીધું હતું, એ વખ્તે અમોને અત્રેની જરતોસ્તી સાહેબોની પેહેડીવાલાઓ લેવા આવ્યા હતા, અને કિનારે તેઓ સાથે ઊતરીને હોટલ ડી કોલોનીઝ જે ફ્રેન્ચ સેટલમેંટવાલી જગ્યાપર છે ત્યાં ઊતારો લીધો હતો. શેહેંગાહીમાં આપણા જરતોસ્તીઓની બે પેહેડી છે, તેમાં શેઠ કાવસજી પાલણજીની તથા તાતાની કંપનીઓ છે, જેઓ સાહેબોએ અમોને કોબી તરફ આગળથી તાર પોતાને ત્યાં મેહેમાન દાખલ ઊતરવાને સારૂં જુદો જુદો કીધો હતો, પણ તે ઘણા ઊપકાર સાથ નાપાડી અમોએ હોટ-લમાં ઉતરવાનો ઠરાવ આગમજથી કીધેલો જણાવ્યો હતો, તોબી એ સાહેબોની પેહેડીના ઈહાંના આડતિયાઓ અમોને લેવા સ્ટીમરપર આવ્યા હતા, અને આજે આખો દિવસ અમારી મેહેમાનદારી ઘણી સારી કીધી હતી. ઊપલી બે પેહેડીમાં ત્રણ જરતોસ્તી સાહેબો ઊપરાંત બીજા પાંચ સાહેબો છે, જેઓમાં ત્રણ સાહેબો દલાલી, એક સાહેબ ડાકટરપણું કરે છે, અને એક બુઝોર્ગ શેઠ રીટાયર થઈ ઈહાં રહેલા છે, જેવણ સને ૧૮૩૩ માં ચીન તરફ પેહેલા આવ્યા હતા તેમાં એકજ વખ્ત સને ૧૮૪૩ માં મુંબઇ જઈ

આવ્યા છે. અમો જે હોટલમાં ઉતરિયા છીયે તે ફ્રેન્ચ હોટલ છે, અને ફ્રેન્ચ હદમાં આવેલું છે, જે હદમાં સઘળા જરતોસ્તી સાહેબો વસે છે. ઈહાં ઉપલા ૮ મરદો ઉપરાંત બે પારસી બાનુઓ પણ રહેલી છે. શેહેંગાહીમાં પરદેશીઓને રહેવાના લતા ત્રણ ભાગમાં વેહેંચાઇને જાણે જુદાં જુદાં નાનાં ગામો હોય તેમ છે. તેમાં ફ્રેન્ચનું, અમેરિકનોનું, ઈંગ્રેજનું એમ છે. પેહેલી સરકારનાં સંસ્થાનવાલી જગ્યા તેઓએ ચીનાઇ સરકારને છેલ્લે "તેપીંગના" બળવા વખ્તે મદદ આપ્યાથી તેઓને આપી દીધી છે. હવેથી તે ફ્રેન્ચ સરકારનીજ મીલકત ગણાય છે. તે ઉપર ચીનાઇ સરકારનો કશો દાવો નથી. પણ ઈંગ્રેજી અને અમેરિકન સરકારોવાલી જગ્યા જોકે તેઓને વસવા આપી છે, અને તેઓની જુદી મ્યુનીસીપાલીટી, કોર્ટ વગેરે છે તોબી જમીન ઉપર હક ચીનાઈ સરકારનો છે. એ બે સરકારોનાં સંસ્થાનથી ફ્રેન્ચ સંસ્થાન એક પાણીની નેહેરથી છુટું પડેલું છે, અને ત્યાં યુરોપિયનો ઉપરાંત ચીનાઓનીબી વસ્તી સારી છે. પણ તેનો વહીવટ એ ત્રણુડો સરકારો જુદી જુદી મ્યુનીસીપાલીટીથી ચલાવે છે.

ચીનાઇ ગામ એ સંસ્થાન જે નદીને કાંઠેથી આવેલું છે તેની પાછળ એક બીજી નેહેર મુકયા પછી ઘેરી લીધેલી કોટ જેવી દેવાલની અંદર આવેલું છે. આજે અમો યુરોપિયન સંસ્થાનોવાળા ભાગોમાં ફર્યા હતા. તે પેહેલાં આપણા ઈહાંના જરતોસ્તી સાહેબોના ધર્મના મકાન ઉપર ગયા હતા. એ જગ્યા મોટી છે, અને આગલ ત્યાં વસ્તી નહીં હોવાથી સસતી લીધેલી છે, પણ હમણા મોટી વસ્તી આસપાસ થઇ જવાથી તેની કિંમતમાં ઘણો સારો વધારો થયલો છે, અને તેમાંના અરધા ભાગની જમીન ચીનાઓને નાટકશાળા બાંધવા સારૂં સારી રકમે ભાડે આપેલી છે. જે ઉપરનો અમલો સુધાં બીજાં ૧૦ વરસમાં તે પાછી જરતોસ્તીઓને હસ્તક આવશે. બાકીની જગ્યા ઉપર મજેનો બાગ બનાવી તેની અંદર સારો જેવો બંગલો બાંધેલો છે, જ્યાં સારા દિવસો ઉપર ઈહાંના જરતોસ્તીઓ એકઠા મળે છે. એ

બંગલામાં અમોએ ઊપર લખેલા સૌથી જુના ઈહાંના પારસી રહેવાસી રહે છે જેવણ ઘણી બુઝોર્ગ હાલતમાં હાલ આવેલા છે તોબી આગળની આપણી જરતોસ્તીઓની ઈહાંની પેહેડીઓની જાહોજલાલીની યાદી સારી આપે છે. એ બંગલાની પડોશમાં એક અલાહેદી ઘેરી લીધેલી જગ્યા છે જ્યાં આઠ જરતોસ્તીઓ જેઓ શેહેંગાહીમાં બેહેસ્તનશીન થયલા તેઓને દાટેલા છે. જેઓની સાત ઘોરો ઉપર નામ નિશાણીના સ્થંભો સારા મુકેલા છે. જેમાંનો એક શેઠ દોરાબજી નસરવાનજી કામાજીની ઘોર ઉપર તો આપણા પેગમબર સાહેબ અશો જરતોસ્તની પથ્થરમાં કોતરેલી તસ્વીર મુકેલી છે. જેની પડોશમાંજ તેવણના બેટા જેવણ થોડું એકપર ઈહાં ગુજર્યા હતા તેવણને દાટેલા છે. તે ઉપર ઘોરનો પથ્થર મુકવાનો રહેલો છે. એ ઘોરોમાં સૌથી જુની ઘોર સને ૧૮૫૯ ના સાલની છે અને એ જગ્યા ઘણી સફાઈથી ઘાસના લોન્સની માફે રાખેલી છે, અને ઈંગલંડમાંની આપણી જરતોસ્તીઓની દાટવાની જગ્યા કરતાં ઘણી સારી હાલતમાં રાખેલી છે. બાગ પણ ઘણો સારો છે, અને ત્યાં ત્રણ ચાર માલીઓ રાખેલા છે અને ઈહાં આગળ કોઇ બાગો ન હોવાથી યુરોપિયનોના છોકરાઓ ત્યાં ફરવા આવતા હતા અને હમણાબી કોઇ કોઇ વખ્તે આવે છે. એ જગ્યા ફ્રેન્ચ સંસ્થાનની હદમાં આવેલી છે, અને આપણા બધા જરતોસ્તીઓબી એજ હદમાં રહે છે. અમોએ ખબર કાહાડતાં માલમ પડયું કે ઈંગ્રેજી હદમાં એઓ નહીં રહેતા તેનું કારણ એ છે કે ત્યાં માલ ઉપર નજદીક આઠ ટકા જગાત લે છે, પણ ફ્રેન્ચ હદમાં રેહેનારાઓને તેમ જગાત આપવી પડતી નથી. ઇહાંનો વેપાર હિંદુસ્તાન સાથનો અફીમનો છે. તે સારૂં જુદી જુદી પેહેડીઓએ પોતાનાં વાહણો નદીમાં વખાર દાખલ જાહુક રાખી મુક્યાં છે. તેમાં એ અફીમ આવે છે ત્યારે ભરે છે અને વેચે છે ત્યારે ત્યાંથીજ પરભારી ડીલીવરી ચીનાઓને આપે છે. જો કિનારે વખાર રાખી ત્યાં ઉતારે તો પરદેશીઓ પાસેથી ચીનાઈ સરકાર તેની જગાત માગે છે તેથી પરભારી ત્યાંથીજ ચીનાઓ ઊપાડી જ્યાં મોકલવી હોય છે ત્યાં મોકલાવે છે તો ચીનાં વેપારી-

ઓનેજ એ જગાત આપવી પડે છે. અમો ઉપલી ધર્મની જગ્યા જોઇને પછી (Bubbling Well) પરપોટાવાલો કુઓ કરી ઇહાંનાં લોકોને ફરવા જવાની જગ્યા છે ત્યાં ફરવા ગયા હતા. જ્યાં એક નાની જેવી ટાંકી પાણીની બાંધેલી છે. તેના પાણીમાં આખો વખ્ત પરપોટા ફુટયા કરે છે જે ઊપરથી એ જગ્યાનું નામ તેને આપ્યું છે. એ સિવાય બીજું કાંઇબી ત્યાં જોવા લાયક નથી. કુવો તે નદી કિનારેથી આસરે ત્રણ માઇલ દુર છે અને તે બધા લત્તા ઊપરનો મોટો ભાગ ઇહાંનાં યુરોપિયનોના રેહેવાના છુટા છુટા નાના મોટા બંગલાઓ બાગોમાં આવેલા છે તેથી લોકો ઘોડાની ગાડીમાં ત્યાં સાંજના ફરવા જાય છે. ઇહાં શેહેંગાહીમાં ગાડી ઘોડાઓ ઘણા જણા રાખે છે, અને તેટલા ગાડી ઘોડા આખાં ચીન તથા જાપાનમાં નથી. શેહેરની ઇમારતો યુરોપિયન ભાગ તરફની ઘણી સારી અને રોણકદાર એકથી બબે માલની બાંધેલીઓ છે તેમાં નદી કિનારેના બંદ નામના રસ્તાપરની ઈમારતો સરસ છે, અને ત્યાં બધી વેપારી પેહેડીઓ તથા બેંકો અને કોનશુલેટસ તથા કોર્ટો ઇત્યાદી આવેલું છે. વળી બે કલબોની પણ ઈમારતો ઈહાં છે. ત્યાં જીમખાનું અને ઘોડાની સરત રમવાની જગ્યા પણ ઈહાં રાખેલી છે. એ કુવા પસાર કીધા પછી બીજા આસરે ત્રણ માઇલ દુર ફ્રેન્ચ મીશનરીઓએ સ્કુલ તથા ઓબઝરવેટરી કાહાડેલી છે તે જોવા ગયા હતા. રસ્તામાં રૂનાં ખેતરો બધે મળતાં હતાં. ઈહાંનો રૂ ઘણો સફેદ આવે છે પણ તાર મોટો નથી. હમણા એની જાપાન દેશ તરફ નિકાશ સારી થાય છે. એ ખેતરોમાં વારા ફરતી નાના નાના પીરેમીડસના જેવા ચોરસ ટેકડાઓ ઘણા મળતા હતા. જે ઈહાંનાં મરણ પામેલા ચીનાઓની ઘોરો ખબર કાહાડવાથી માલમ પડી હતી. ચીનાઓ જ્યારે મરણ પામે છે ત્યારે તેનું મુડદું પેહેલાં એક જગ્યા ઉપર થોડો વખ્ત દાટે છે. પછી તેના અતલગનાઓને સ્વપ્નામાં જ્યારે મરનાર આવીને જે જગ્યા ઊપર તેને દટાવાની ખુશી હોય છે તે જગ્યાઓ કહે છે, ત્યારે તેનું મુડદું પાછું ખણી કાહાડી તે જગ્યામાં દાટે છે. હવે ઘણીખરી એ જગ્યા તેની પોતાની ખેતરનીજ

હોય છે અને એ લોકોમાં વેહેમ એ રીતનો હોવાથી મરનારના અતલગના સગાઓએ તે બાબે વિચાર કર્યા કીધાથી અલબતાં સ્વપ્નામાં પણ તેવીજ બાબદ આવે છે તેનો વિચાર મરનારને કઇ જગ્યા ઉપર હેત હતું તે માલમ હોવાથી તેવીજ જગ્યાના એસારા થાય છે. એને લીધે દરેક ખેતરોમાં ઘણી ઘોરો ખેતીવાડીની વચમાં દીસે છે.

શેહેંગાઇ વોટર વર્કસ એક કંપનીની મીલકત છે જયાં નદીમાંથી બુંબાઓએ કરી પાણી ટાંકીઓમાં ભરીને તેને ફીલટર કરે છે, જે ઘણુંખરૂં મુંબઇના ભંડારવાડાના રેઝરવોયરને મળતું આવે છે, અને પછી તે પાણીને શેહેરમાં એક મિનારો કીધો છે તેની ટાંકીમાં ચઢાવી રાખે છે અને જ્યાંથી શેહેરના બધા ભાગોમાં પુગે છે. એ સઘળાં કામ સારૂં ઈહિાં મજાની ઈમારત તથા સાંચાકામ અને ઇનજીન રાખેલું છે. એ જગ્યાની પડોશમાં એક કાગજ બનાવવાનું કારખાનું ચાલુ હતું પણ તેનેથી થોડેક દુર કાચ બનાવવાના કારખાનાની ઈમારત તૈયાર હાલતમાં ખાલી પડેલી જોઇ હતી. એ કારણસર ઈહિાંના ચીનાઓએ કંપની ઊભી કીધી હતી પણ તે ચલાવી જાણનારા નહીં હોવાથી અને કાંઈ અંધેર કારભારથી સઘળી ઠાપણ ખપી ગઈ હતી. તેથી હિમત છોડી દઈને તેને પડતું નાખ્યું છે. એ ઈમારત જોયા મેલે સને ૧૮૮૪ માં તેની તખ્તીપરથી બંધાયલી લાગે છે પણ હજી તે ખાલી પડી રહેલી છે. ઈહિાંના બીજા સાહેબોથી સાંભળ્યું કે ચીનાઓ કંપની કેમ ચલાવવી તેની સમજ હજી બરાબર રાખતા નથી. એજ મુજબ શેહેંગાઈમાં સ્ટીમ નેવીગેશનની એક કંપની ચીનાઓની છે, જેમાં ઈહિાંનો જાણીતો મારકવીલ ટીસેંગ ડીરેકટર છે અને ઠાપણ પણ ઘણી મોટી હોવી જોઈએ કારણકે એ કંપનીની ઘણી સ્ટીમરો ચીનના કોસ્તાઓ તરફ પરદેશીઓની હરીફાઈ કરવા દોડે છે, તથા એઓની માલ ભરવાની વખારો ફ્રેન્ચ સંસ્થાનમાં નજદીક ૧૭૫૦ ફીટ જેટલી લાંબી છે પણ એનો કારોબાર સાંભળ્યા મુજબ ઘણો અંધેર ચાલે છે અને દર સાલ કંપનીને ઘણી ખોટ જાય છે તેથી આગળ ચાલતાં ટકે

એવું દીસ્તું નથી. ઊપલી કાચના કારખાનાની ઈમારત પસાર કરીને તે રસ્તે છેક પાંચ માઇલ સુધીનો શકાવી નામનો ગાડીમાં જઈ આવવાનો રસ્તો છે ત્યાં જઇ આવ્યા હતા. એ જગ્યાપર નદીનું એક નાલું આવેલું છે, તેની આગળ રસ્તો જતો નથી. આજ સાંજનાં ફ્રેન્ચ સંસ્થાનના કંપાઊંડમાં અત્રેનું ટાઉન બેંડ વાગતું હતું તે સાંભળવા ગયા હતા, જ્યાં થોડાક ફ્રેન્ચો સિવાય બીજા સાંભળવા આવ્યા હતા નહીં. અઠવાડિયામાં એક વાર એ બેંડ અત્રે વાગે છે.

તા૦ ૨૭ મી અકટોબર સને ૧૮૮૭—આજે શેહેંગાઈના ત્રણ ચાર મોટા ગાડી હાંકવા લાયક રસ્તાઓ નદી કાંઠે છે તેમાંના એકમાં અમો ફરવા ગયા હતા, જ્યાં બધે રૂનાં ખેતરો સિવાય કશું જોવાતું નથી. રસ્તામાં અત્રે એક રૂની સુતર કાંતવાની મીલ આગળ ઉભી થતી હતી તેની પડી ભાગેલી ઇમારત પસાર કીધી હતી. સાંભળવા મુજબ એવું કામ પેહેલે ચીનાઇ સરકારે ચાલવા દીધું અને પછી કોણ જાણે શું ફાંટો આવ્યો કે તે બંધાતી બંધ કરવાનો ઓચિંતો હુકમ કાહડયો હતો. હમણા ઈહિંના "ડેલી ટાઇમ્સ" માં છપાવા મુજબ સરકારે હુકમ કાહડયો છે કે ચીનના કોઇ પણ મુલકમાં રૂનું સુતર યા કાપડ બનાવવાનાં કારખાનાં કાહાડવાં નહીં, અને એ ધારો પરદેશીઓને પણ લાગુ પાડેલો છે. એ કરવાનું કારણ એવું માલમ પડે છે કે સરકારને ધાસ્તી લાગે છે કે કારખાનાંઓ ઊભાં થયાં તો પછી ગરીબ સુતર કાંતનારા તથા વણકરો ભુખે મરશે અને કમાશે નહીં. એ પ્રમાણે ઈહિંની સરકાર હજી રૈયતને અસલી બનાવતોને વળગી રહેયાનું સામુ ઊતેજન આપી પોતાનાજ હકમાં ગેરફાયદો કરે છે. છતો ઈહિં રૂ ઊગે છે, અને તે રૂ જોતાં કાંઇ ઘણા નાના તારનો લાગતો નથી, પણ તેને ઈહિંજ બધો ખપાવવાને બદલે બધા દેશાવરો ખાતે નિકાશ થાય છે. કોઇબી રીતે પોતાના દેશમાં સુધારો કરવા સરકાર ખુશી દીસ્તી નથી. હમણા લંડન તરફ જતી ચીનાઇ ચહા દિનપરદિન હલકી માલમ પડી છે, તે સારૂં યુરો

પિયનોએ તપાસ ચલાવવા સરકારને ઘણુંબી સમજાવ્યું, પણ સઘળું ફોકટમાં ગયું હતું. પણ હમણા ઈંગ્લંડ તરફ એનો ખપ તથા ભાવ ઘણોજ પડી જવાથી સરકારી મેહેસુલ ઘણી ઓછી થઇ ગઈ ત્યારે આસ્તે રહીને મેહેસુલને ખાતરજ યુરોપિયનોની એ બાબે સલાહ પુછે છે કે અમોએ શી રીતે એમાં સુધારો કરવો તે બતાવી આપવું. એમ કહેવાનું એ લોકને અલબતે ઘણું ભારી પડયું હશે, કારણ કે પોતાનામાં મગરૂબી પોતે ઘણી રાખે છે, અને સઘળું ચીનને પુગે નહીં એવો ખોટો વિચાર એઓનો છે. જો કોઈ અમલદાર યુરોપ તરફ ફરી આવે અને ત્યાંનો સઘળો સુધારો જુએ અને તેની પોતાની ખાતરીબી થાય કે યુરોપિયનો સુધારામાં ઘણા આગળ વધ્યા છે તોબી જ્યારે પાછો ચીન આવે અને સરકારી ઓધેદારો ઈહાંના શેહેનશાહ પાસે જ્યારે જાય ત્યારે યુરોપિયનોને જંગલી છે કરી કહે છે અને ત્યાં કોઇ પણ ચીનને પુગે એવું નથી કરી કહેવાની ફરજ પડે છે; નહીં- તો પછી જો કાંઇબી તારીફ કીધી તો તેવણનું કાટલું નિકળી જાય છે. આજે અમારાં હોટલની સામે એક મોટો વેપારી મરણ પામ્યો હશે તેને ઘણી ધામધુમથી દાટવાની જગ્યાપર લઈ જતાં જોવાની તક અમોને મળી હતી. એ પાયદસ્તને બદલે એક સરઘસ કહીયે તો ચાલે. પેહેલાં ચીનાઈ વાજાં વાગતાં આગળ ચાલ્યાં પછી માચીન રોકી ખુરસી યા પાલખીઓમાં કાંઇ જાતજાતની એઓની ક્રિયાને લગતા વાસણો અને પાછળ એઓના ધર્મગુરૂઓ ચચારની હારમાં કાંઈ નિશાણો જેમ કેટલાક પાદરીઓ ક્રોસ લઇને આવે છે તેમ લઇને ચાલતા હતા.

તેઓનો પોશાક પણ એજ પાદરીઓને મળતો ચીકનના તથા કસબના ભરતનો રેશમી હતો. તેઓની પાછળ વળી બીજી પાલખી- ઓમાં મરનારની તસ્વીર તથા તેની આગળ ખાવાનું મુકેલું તથા અગરબતીઓ બલતી લઈને થોડા જણા ચાલતા હતા, તેની પાછળ એક જણ ટટ્ટુની ઊપર સફેદ પોશાકમાં બેસીને જતો હતો, જે મર- નારનો કાંઇ અતલગનો સગો હોવો જોઇએ. ત્યાર પછી એક ભપકા- દાર પાલખીમાં કોઇ ઘણાજ ભપકાદાર પોશાકમાં આવ્યું, જેને વાસ્તે

કહે છે કે અત્રેના કોઈ મોટા માદરીન (ઓધેદાર) ની તરફથી તે માન આપવા આવ્યો હશે. એ મુજબ સરઘસ ગયા પછી આસરે પા કલાકનો ખાંચો પડયો અને વળી પાછું આગળની માફકનુંજ બીજું સરઘસ નિકળ્યું. તેની પાછળ મુડદાંની પેટી ૧૨ કોલીઓ ઊંચકીને ચાલતા હતા. એ પેટી ઘણીજ જાડાં લાકડાંની મજબુત બનાવવાથી ભારી ઘણી હોય છે. તેની પાછળ શોગ કરનારા તેના મરદ ખેશીઓ સફેદ પોશાકમાં કોઈ ચાલતા તો કોઇ જીનરીક્ષામાં અને કોઇ ઘોડાપર એમ જાતા હતા. તેઓની પાછળ પાલખીઓમાં બાહેરની દિલાસો આપવા આવેલી ઓરતો ખુલ્લે પરદે ભપકાદાર પોશાક તથા જરિયાન સાથે ચાલતી હતી, અને સૌથી છેલ્લે ઘરની ઓરતો સફેદ શોગના પોશાકમાં પાલખીઓમાં તથા જીનરીક્ષામાં ખુલી બેઠેલી આવી, જેઓના માથાપર પણ શોગની નિશાણી દાખલ સફેદ કપડાંના પાતા બાંધેલા હતા. તેઓની પાછળ બે બંધ પાલખીઓમાં ધારવા મુજબ મરનારની બે વિધવાઓ હતી, જે પાલખીને વટીક સફેદ કપડાંથી ઢાંકેલી હતી. તેઓ જેવાં બાહેર આવ્યાં તેવાં કાંઈ કારણસર પાયદસ્તની દરકાર કીધા વીના પાલખી ઊંચકનારાઓ સાથ પરદો જરા ઊંચકીને મરાવા પડયાં હતાં અને પછી પાલખી પાછી જ્યારે ચાલી ત્યારે પરદો નાખીને મોટે સાહદે અંદરથી રૂદન કરવા લાગ્યાં હતાં, જે જાણે દેખાડવા કરતાં હોય તેમ દીસ્તું હતું. ફકત એ બે જણીઓજ રડતી હતી. બાકીનું આખું સરઘસ સગાંઓ સુધાં કાંઇ જાણે દરકાર નહી કરતાં હોય તેમ આસપાસ થંડે પેટે જોઈને ચાલતાં હતાં. સાંભળવા મુજબ એ મરનાર ધણી દોઢ મહિનો થયો મરણ પામ્યો છે, પણ તેવણે આગમજથી જગ્યા દાટવાની નક્કી કીધી નહીં હશે તેથી સ્વપ્નામાં આવીને તે બતાવે ત્યાં સુધી તેને પેટીમાં હવા ન જાય તેમ બંધ કરીને રાખી મુકયો હતો, તે હમણાં કોઇને સ્વપ્નો આવ્યો હશે તેથી દાટવા લઇ ગયા હતા. એ વખ્તે બંદુકોના તથા ફટાકડાના અવાજો તેના બારણા આગળ ચારે દશા તરફ કરતા હતા કે તેનો જીવ ભુતના આકારમાં ઘર આગળ રહી નહીં જાય, પણ


ઊપલા અવાજોથી તેને નાહસવાની ફરજ પડે. ચીનાઓ મરનારનાં બદનને માન ઘણું આપે છે, પણ જોવા મેલે તેના જીવની દરકાર કરતા નથી. આજ રાતના અમો ઘણે મહિને અત્રેના બધા જર-થોસ્તી સાહેબો સાથે ખાનું લીધાથી ઘણા ખુશી થયા હતા.

તા૦ ૨૮ મી અકટોબર સને ૧૮૮૭—આજે અમો શેહેંગાઈના ચીનાઇ શેહેરવાલા ભાગમાં ફરી આવ્યા હતા. એ શેહેર એક ઈંટનો કોટ આસરે બે ફીટ જાડાઇનો બાંધેલો છે તેની અંદર આવેલું છે, જેનો દરવાજો દરરોજ રાતના નવ વાગતે બંધ થાય છે. એ શેહેરની અંદરના રસ્તાઓ ઘણાજ સાંકડાં છે. કોઇતો ભાયગે ચાર ફીટના હશે, જ્યાં અમો ઈહાંની પાલખીરોકી માચીનમાં ફરતા હતા ત્યાં તે માચીન જતી વખ્તે લોકોને ઘરોની દેવાલો આગળ દબાઇને ઊભું રેહેવું પડતું એટલી થોડી જગ્યા બાકી માચીનની આસપાસ તેવા મોહોલાઓના રસ્તાઓપર રહેતી હતી, અને મોટામાં મોટા રસ્તા ભાયગે ૧૦ ફીટની ઊપરના હશે. જ્યાં ફરીયે ત્યાં મોહોલાઓ સઘળા ગલીચીથી ભરેલા, અને તેના તથા મોહોલાઓની વચમાં કોઈ કોઇ ગમની પાણીની નેહેરો જેમાંનું પાણી થોડું હોવાથી લાબસી જેવા ગદલા કીચલ તથા બીજી નજીસાતથી ભરપુર હોવાથી ઘણોખરો વખ્ત નાકે રૂમાલ દાબી રાખવો પડતો હતો. અમો અજબ થઈયે છીયે કે આવી જગ્યાપર આટલી ગીચ વસ્તી કેમ રહી શકતી હશે, અને જ્યાં કાંઈ ખરાબ ઊડતો રોગ ફેલાતો હશે ત્યાં સંખ્યાબંધ લોકો મરણ પામવાં જોઇયે. વળી મોહોલામાં ઘરોની બાહેર જરા ઉપરથી બાંબુઓ બાહેર કાહડી તે ઉપર ધોયલાં યા મેલાં કપડાંઓ સુકવવા નાખ્યાં હતાં તથા નામનાં પાટિયાંઓ દુકાનોની બાહેર લટકાવેલાં તેથી મોહોલામાં અડચણ પુરી પડતી હતી, અને અમારી પાલખીને વારાફરતી તેઓ અથડતાં હતાં. જો સામી બીજી માચીન આવે તો એકને બાજુપર છેક દબાઈને ઊભું રેહેવું પડતું હતું ત્યારે સામી માચીન પેસાર થતી હતી. અમોને એક ગમ મોહોલામાં હાલ ચીન

તરફથી જરમની જતો ચીનો એલચી મળ્યો હતો, જે કોઈ પદવીવાલો માદરીન હોવાથી તેની આગળ આસરે ૧૦ પાયદલ ચોબદારો ઊભી અણીદાર અને લાંબી ટોપીઓ પેહેરી દોડતા હતા, જેઓએ અમારી માચીન બાજુપર ઊભી રખાવી હતી. તેઓની પાછળ એક જણ ઘોડેસ્વાર થઇ ચાલતો હતો, અને તેની પાછળ બીજા પાયદળ ચોબદારોની વચમાં ઊપલો માદરીન એક માચીનમાં બેશીને આવ્યો, જેની પાછળ પણ થોડાક ઘોડેસ્વારો દોડતા હતા. એ માદરીનનાં માથાપર ટોપીને મથાળે એક પીછી જેવું પાછળથી લટકતું હતું, જે તેના ઓધાની નિશાણી કહેવાય છે. મોહોલાઓ સાંકડા ઉપરાંત ઘણા આડા અટાડા બાંધેલા છે, અને જો કોઇ અજાણ્યો શખ્સ ભોમિયા વગર જાય તો ખચીત તે ભુલો પડયા વગર રહે નહીં. ઘેરો સઘળાં બેઠી બાંધણીનાં એક માલનાં હતાં, જેથી હવા ત્યાં થોડી ઘણી આવતી હશે. મોહોલાઓમાં મોટો ભાગ દુકાનો ઘરોની નિચે આવેલી છે, જ્યાં કોઇ કોઇ ગમ તો માલ ઘણો સારો વેચાતો હતો. કોઈ દુકાનો ખોરાકીની હતી, જેમાં દેખઇતાં કોહેલાં ઈંડાંઓ પણ વેચવા મુકેલાં હતાં, જેનાં તદન કાળાં રંગનાં કોટલાં થઇ રહ્યાં હતાં. આવાં વાસ મારતાં ઈંડાં ચીનાઓ ઘણી ખુશીથી ખાય છે, અને કોઇ પુછે છે કે આવું ખરાબ ઈંડું તમો લોક કાંય ખાવો છો? ત્યારે ઠંડે પેટે જવાબ આપવામાં આવે છે કે, એ તો બરાબર પાકું થયલું છે. તાજાં ઈંડાં તો તેઓને મનશે કાચાં હોય છે. પકાવેલી ખોરાકી પણ જગેજગ વેચાતી હતી, તથા રસ્તાઓ નાના હોવાથી તેવી દુકાનો આગળ ભીડ ઘણી લાગતી હતી. ચીના મરદોનો પોશાક મુંબઈમાં ચીનાઓ પેહેરે છે તેવોજ છે, પણ હમણાં થંડીની મોહોસમ નજદીક આવ્યાથી ઘણી મોટી બોંયના ટુંકા ડગલાઓ પેહેરે છે, જે બોંય આસરે એક ફુટ હાથ કરતાં બાહાર રહે છે જેમાં બીજો હાથ આમનસામન ખોશીને ચાલે છે, તથા થંડીને લીધેજ માથાપર ટોપીઓ પણ પેહેરે છે જે નાની, બેઠી કાળા રંગની હોય છે. એને મથાળે વચમાંથી એક લાલ મોટાં બટન જેવું રાખે છે. ઓરતોનો પોશાકબી સાદો આંગ ઢંકાય તેવો છે. ચીનાઓ

પોતાની ઓરતોના પગ ઘણા નાના રાખવા સારૂં પંકાયલા છે, અને આપણે સાંભળતા હતા કે તેમ પૈસાદાર ખાનદાનની ઓરતોનાજ હોય છે, પણ અમે તો અત્ર રસ્તામાં ઘણી ઓરતો નાના પગની એકમેકને પકડીને ચાલતાં જોઇ હતી જેઓ કાંઈ પૈસાદાર હોય તેવું તેઓના પોશાકપરથી દેખાતું હતું નહીં. એઓના પગ આપણી ઓરતોના પગ કરતાં અરધા કદના હતા, અને ડોળતી ડોળતી તેઓ ચાલે છે, પણ સાંભળવા મુજબ પૈસાદાર ઓરતોના પગો તો તેનેથીબી અરધા કદના યા બે ઇંચિ જેટલા હોય છે. જે ઓરતો રસ્તામાં ચાલતી નથી અને ઘણી ખરી પરદેપોશ રહે છે. અમોને રસ્તામાં મળતી ઓરતોના આંગ મોટાં અને પગ નાના હતા, તેથી ઘણી કઢંગી તેઓ દેખાતી હતી. છોકરીઓનાં માથાપરના બાલોના ચોટલા બે બાજુપર કાનની પાછળ બાંધે છે, તથા બાલમાં ફુલો તથા નકશીની બનાવટો ખોસે છે. મોટી ઓરતો ઘણી ખરી ચોટલો પાછળથી આપણી ઓરતો માફક બાંધે છે, અને માથાપર ફરતી કાળાં કપડાંની પતી માથાબાના સહી બાંધે છે પણ તેથી માથાનો વચલો ભાગ તથા ચોટલા ખુલ્લા રાખે છે. ઓરતોને જણુસ પેહેરવાનો પણ શોખ દીસે છે. ઘણી ખરી બધી ઓરતોના કાનમાં એક સુનાની કડીની અંદર એક જાતના લીલા રંગના કિમતી પથ્થર (Jade Stone) ની કડી લટકતી રહે છે તે પેહેરે છે, અને કોઈતો લાંબા એરીંગને ધાટના પણ એજ જાતના પેહેરે છે. નાના બાલકોનાં માથાપર રંગીન તથા જાતજાતની ટોપીઓ પેહેરાવે છે, જેમાં ઘણી જાતના ઝવેહરાતો નાનાં નાનાં ખોસેલાં હોય છે. એક ઘેર જોવા અમારી સાથનો ચીનો ભોમિયો અમોને લઈ ગયો હતો. એ ઘર એ લોકોનાં દેહેડાંઓને લગતું હતું. દેહેડાંઓને ચીનાઓ ચાસ હાઊસને નાખે ઓળખે છે. ઘર જાણે ગલીશુંચીઓનું બાંધ્યું હોય તેવી રીતનું છે. એક પછી એક ગોળ અને ગોળ ગલીઓ તથા બારણાંઓ પસાર કરીને અંદરનો બાગ અમોને દેખડાવ્યો હતો. બાગમાં તો ઝાડનું નામ મળે નહીં, પણ હાયેના બનાવેલા રોક વર્કસો કાંઈ વગર ગણત્રીના હતા.

જેમાંના કોઇ કોઇ તો જાણે ડુંગરો ખણીને બનાવ્યા હોય તેવા મોટા પથરાના અને દશથી પંદર ફીટ ઊંચા તથા આખાં ઘરની લંબાઇઓના હતા જેની અંદર (Grottos) નાના ખોહ તથા ગલીગુંચીઓ બનાવેલી હતી. તે રોક વર્કસોની નજદીક વારાફરતી નાની નાની પાણીઓની ટાંકી-ઓ તેમાં કમરકાકરીના વેલા ઊગેલા સાથની દેખાતી હતી. એ બધી ગોઠવણ સારી કીધેલી છે અને આગળ કોઇ શોખીન ધણીએ બનાવેલું હોવું જોઇયે. પણ હમણા સઘળું બેદરકારીથી પડેલું છે. ત્યાંથી નિકળી અહીંયાંના ગવરનરનું મકાન જોવા ગયા હતા. પણ ત્યાં અમોને રજા મળેલી નહીં હોવાથી અંદર જવા દીધા હતા નહીં. અહીંયાં દરવાજા ઊપર ચીનાઇ સોલજરોને અમે પેહેલ વેહેલા જોયા હતા. જેઓનો પોશાક બલુ કપડાંનો હતો તે ઊપર ફરતી પોહોળી લાલ પતી સીવેલી હતી તથા માથા ઉપર પાઘડી માફક થોડુંએક કપડું વિંટાલેલું હતું. પોશાક સઘળો ચીઠરે હાલ જેવો હતો અને જો અમોને તેઓ સોલ-જરો છે કરી ઓળખાવે નહીં તો બેગારી છે કરી સમજતે. ગવરન-રના ઘરની બાહરના કમપાઊંડના દરવાજા ઉપર બે પથરના બનાવેલા કદરૂપા સીંહો હતા અને તેજ માફક કદરૂપા વાઘો દીવાલ ઉપર ચિતા-રેલા હતા. તે ઘર જોઈ શક્યા નહીં તેથી અમારો ચીનો ભોમિયો જે મેસર્સ તાતાની કંપનીનો કોમપરાદોર હતો (અમારી સાથે ધારા મુજબ ઈંહાં બે ત્રણ જરતોસ્તી સાહેબો હતા.) તે એક મોટા વેપારીનું ઘર દેખાડવા લઈ જાઊં કરી કહીને તેને બદલે તો કોઇ ટી હાઉસ હતું ત્યાં લઇ ગયો. એ ઘરબી ગલીગુંચીથી આપણે એકલા ફરીયે તો ભુલા પડીયે તેવું હતું તેની બાહરની બાજુ ઉપર તો એક નાની દુકાન હતી પણ અંદરથી એક મોટો કમપાઊંડ તથા ઘર હતું. ત્યાંબી આગળ ચાસ હાઉસની વિગત લખી છે તેમ રોક વર્ક તથા પાણીની ટાંકીઓ હતી. જોવા મેલે આગળ કોઈ પૈસાદાર શખસનું ઘર હશે. પણ હમણા તો ત્યાં ચીનાઓનાં જાહેર ખાણાંઓ વારાફરતી થાય છે અને જાથુકનું ટી હાઉસ દાખલ વપરાય છે. ઈંહાં કાંઇ પણ જોવા લાયક હતું નહીં. અમો શેહેરમાં ફરીને પછી એના કોટ ઉપર ગયા જ્યાં રસ્તા કોટની



ચીનાઈ ઘરનો સીંગાર.

ઉપરજ તેની દેવાલની બાજુથી બાંધેલા છે ત્યાંથી શેહેરનો થોડો ઘણો દેખાવ સારો દીસે છે. તે જોઈને તેજ રસ્તે એક દેહેરૂં (ચાસ હાઉસ) જોવા ગયા હતા. એ દેહેરૂં નાનું જેવું છે અને કાંઇ દમ જેવું તેમાં હતું નહીં, ફક્ત એક દાઢી સાથનું પુતળું હતું. જેની સામે ઝીણી સલી જેવી અગરબતીઓ ભણવા આવનારાઓ સલગાવીને એક વાસણમાં રાખ હતી તેમાં ખોસતા હતા અને, સેનફ્રાનસીસ્કોમાં અમોએ જે ચીનાઓનાં દેહેરાં જોયાં હતાં, તેના કરતાં ઘણું ઉતરતું હતું. એ દેહેરાંના માળ ઉપર પછવાડેથી બીજાં નાનાં નાનાં પુતળાંઓ મુકેલાં હતાં. જેમાંના એકના માથા ઉપર જાણે મુંબઈના ભાઠિયાઓની પાઘડી હોય તેવો પોશાક પેહેરાવેલો હતો. બારીઓને કાચને બદલે નાના ચોરસ માઇકાના કકડાઓ જડેલા હતા. એ જગ્યા ઉપર અમોને ચાહે પુછી હતી તે પીને પાછા નિકળી યુરોપિયન શેહેરમાં આવ્યા હતા.

તા૦ ૨૯ મી અક્ટોબર સને ૧૮૮૭—આજે સવારથી આખા દિવસની મેજબાનીની અત્રેના જરતોસ્તી સાહેબોએ નદી ઉપર બોટમાં આપી હતી તેમાં સેહેલ કરવામાં ગુજાર્યો હતો. ઇહાં એવી સેહેલ કરવાની બોટો ઘણી મલે છે જેમાં ઇંગ્રેજો વારાફરતી શેકારગાહ જવા નદીને રસ્તે અંદર જાય છે અને તેમાંજ કેટલાક દિવસ સૂધી સુવું તથા ખાવું પડે છે તેથી તે સારી સગવડની બાંધેલી છે. તેમાં ત્રણ જણ સારૂં "બર્થો" છે તથા ટેબલ, ખુરશી સઘળું રાખે છે. અમો નદીમાં થઈને પછી એક માફકસરની ક્રીક (Creek) માં ગયા હતા અને ત્યાં એક પેગોડા તથા દેહેરૂં છે તે જોવા કિનારે ઉતર્યા હતા. એ પેગોડા છ માળનો છે અને જો કે ઘણી સદીઓ થયાં બંધાવેલો છે તોબી તેના ચુના તથા ઇંટ કામનો એક પોપરો પણ ખરેલો દેખાતો નથી. એ સઘળો પેગોડા ઇંટ અને ચુનાનોજ છે પણ અંદરથી ઉપર મથાળે જવા સારૂં સીડી, રોકા દાદર રાખેલા છે, દર માળે ફરતી અગાશીઓ રાખેલી છે જ્યાંથી શેહેનગાહીનાં સંસ્થાનવાળી જગ્યા તથા નદી સુધાં દીસે છે. આસા

પાસની જગ્યા નજર ર્ક્યે ત્યાં સુધીની બેડી છે, ફક્ત ઘણે દુરથી એક ઘણીજ નાની ડુંગરી છે તે ત્યાંનો પેગોડાનો રખેવાલ ઘણી મગરૂરી સાથે બતાવતો હતો. એ પેગોડા આસરે ૭૫ ફીટ ઉંચો હશે અને દર માલે અગાશીને મથાલેથી નાના છાપરાંઓ તેને ફરતાં ધારા મુજબ કીધાં છે. એ જોઈને એનીજ પડોસમાં શેહેનગાઈનું સૌથી મોટું દેહેરૂં છે તે જોવા ગયા હતા. એ દેહેરૂં પાંચ દેહેરાંનું એક બાંધ્યું હોય તેમ છે ને એકની પછી એક તેઓની ઈમારતો છુટી છુટી આવેલી છે. એ દેહેરૂં બુધીસ્તોનું છે તેમાં પેહેલામાં બુધનું પુતળું આસરે ૧૦ ફીટ જેટલું મોટું તેને એક પગે પલાંઠી તથા બીજો પગ વાલીને ઉભો રાખી બેસાડેલું છે, પણ તેનું મોહડું હમેશની માફક ખોદાપર ધ્યાન રાખતું પાડે છે તેને બદલે હસતું પાડેલું છે તથા પેટ મોટું બહાર નિકળી આવેલું છે. તે જોઈને તેની પાછળના બીજા દેહેરાંમાં ગયા, જેમાં પણ ઉપર મુજબનું મોટું બુધનું પુતળું બેસાડયું હતું ને તેજ ઓરડામાં તેની બે બાજુની દેવાલ આગળ ચાર મોટાં આસરે ૧૫ ફીટ જેટલાં ઊભાં રાખેલાં પુતળાંઓ ગોઠવયાં છે જેઓ આગળ કોઈ લડાયક શખ્સો થઈ ગયા હશે તેઓનાં છે, તેમાં એકના હાથમાં સાંપ આપેલો છે જેના મોહડામાંથી તે શખ્સે જાણે સાંપનો મોહરો જે કાંદાના જેવા આબાદ આકારનો છે તે કહાડી લીધો છે તે પાછો લેવા સાંપ તેની આસપાસ વિંટલાઇને કોશેશ કરતો પાડેલો છે. બીજા ધણીના હાથમાં સારંગી આપેલી છે તેનું મોહડું ઓરત પેહેલવાન હોય તેવું પાડેલું છે. તે જોઇને ત્રીજા દેહેરાં આગળ ગયા જેમાં એક નાનો ડુંગર હોય તેમ બનાવત લાકડાં તથા ગીલીટની દેવાલ જેવી કરીને તેના ઊપર ઘણાં પુતળાંઓ નાનાં નાનાં ગોઠવેલાં છે તેઓ બધાંની આગળથી બુધનું પુતળું મોટા કદનું એક વચમાં બેસાડી તેની આજુબાજુ બે બીજાં એનાંજ પુતળાં ઉભાં રાખેલાં છે જે સઘળાંઓની બેઠક કમલના ફુલ ઉપર કીધેલી છે. એ ઓરડાની બે બાજુની દેવાલો આગળ માણસના કદના ૩૬ પુતળાંઓ ગોઠવેલાં છે જેમાં કોઇ એ લોકોના આગળા પાદશાહો તથા ગોરજીઓના હતાં.

એ જોઇને ચોથાં દેહેરાંમાં ગયા હતા જેમાં એક ઓરતનું પુતળું છે જેનાં મોહડાં ઉપર ઝીણા સલી જેવા બાંયુનો બનાવેલો બુરખો નાખેલો છે. એ દેવીની પુંજા જેઓને ફરજંદની વૃધી થતી નથી તેઓ કરે છે. ઈહાં પણ એની આસપાસ નાનાં નાનાં પુતળાંઓ ઘણાં ગોઠવેલાં છે. પાંચમાં દેહેરાંમાં બુધનું એક મોટું પુતળું ઉભેલું મુકેલું છે જેની આસપાસ બીજાં ૩૬ પુતળાંઓ બુધનાજ માણુસના કદના બનાવેલાં રાખ્યાં છે. એની સામે ૩ મોટાં સારી નકશીનાં બ્રોન્ઝ ધાતુનાં બનાવેલાં ફાણુસો ટાંગેલાં છે. દેહેરાંના થાભલાઓ પર સોનેરી ગીલીટ ચહડાવેલાં નકશીના પાતરાંઓ જડેલાં છે અને એ બધાં પાંચ દેહેરાંઓમાં એ છેલ્લું દેહેરૂં સારૂં છે. બધાઓની ઇમારતોમાં કાંઈ દમ નથી અને છાપરાંઓ એકની ઉપર એક જરા ખાંચો રાખીને બાંધેલાં છે જેના છેડાઓ બોટના આકારના ચીનાઇ બાંધણીના કીધેલા છે. એ સિવાય બીજું કાંઇ ત્યાં જોવાનું હતું નહીં તેથી પાછા બોટમાં બેસીને ક્રીકમાંથી નદીમાં આવીને રાતના ૮ વાગા સુધી ત્યાંજ રહ્યા હતા અને ખાણું લેઇને પછી ઈહાં સૌથી સરસ નાટકશાળા છે તે જોવા ગયા હતા. જેમાંનું એકટીંગ ઘણું બાફકસરનું હતું, પણ પોશાક ઘણા ભપકાદાર કસબી તથા રેશમી ભરતોના હતા. એ નાટક નાના નાના નાટકો અથવા રમુજી ફારસોના હતા તેમાં એક લડાઇને લગતો હતો. જે વખ્તે ઢોલ તથા બીજાં વાજીંત્રોનો એટલો તો મોટો અવાજ કરતા હતા કે જાણે કાનના બેહેર ફાડી નાખે ને પેહેલવાનોના મોઢાં પરના મોઢાંઓ ઘણા કદરબીહાંમના દેવોના પેહેડેલાં હતાં અને ખરી લડાઇની વિગતો જણાવાને બદલે બુમ બરાડા ખુબ મારતા હતા અને ઘોડેસ્વાર લશ્કર બતાવવા માણુસો હાથમાં લાકડીઓ લઈ જાણે ઘોડા દોડાવતા હોય તેમ ચાલતા હતા. કોઇ વખ્તે તેમાં ઘાતું પડે તેવા સાહદે ગીતો ગાતા હતા જેથી તેઓનું ગલું સુકું થાય તે સારૂં ત્યાં તખ્તા ઊપરજ બીજું માણુસ આવી તેઓને નાના પ્યાલાંમાં તે માણુસ પોતાના હાથેજ તેવોને ચાહ પાતો હતો. એ સઘળું જોઈને રાતના બાર વાગે હોટલમાં આવી સુતા નહીં તેટલાં કલાક ૧૨-૪૫ મીનીટે અમારા હોટલથી ત્રીજા મોહોલામાં એક મોટી આગ

લાગવાથી તેના ગડબડાટને લીધે પાછું ઉઠવું પડયું હતું. આગના ભડકાથી બધે ઉજરડું થઈ ગયું હતું ને ચીંગારીઓ તથા બલેલાં કાગજોના કકડા ઘણા દુર સુધી ઊંચે ઉડતા હતા અને ચીનાઓનાં ઘરો લાકડાં તથા વનજીનાં બાંધેલાં હોવાથી તેમાં આગ લાગેલી હોવાથી તેની ચીંગારીઓ જાણે આતશબાજી થતી હોય તેમ ઉડતી હતી. આગ લાગી તેવોજ અમારી પડોશમાં આવેલાં એક ફ્રેન્ચ દેવલનો ઘાંટ જોરથી વજાડવા માંડયો હતો અને તુરત યુરોપિયનો જેઓમાં કેટલાએક વોલનટિયરો.બંબાવાળા દાખલ છે તેઓ બુંબાઓ લેઈ આવ્યા હતા અને જોકે આગ લાગી તે ગલી ઘણી સાંકડી હોવાથી બુંબા, નજદીકમાં લઇ જઈ શકયા નહી તોબી ઘણી મેહેનત કરી તે આગ આસરે બે વાગે બુજાવી હતી પણ તેટલા વખ્તમાં તે તરફની ઇમારતોનો એક ભાગ બળીને ભસ્મ થઈ ગયો હતો, અને તે ઘરોની આસપાસની ગલીઓ વચમાં આવ્યાથીજ આગ આગળ વધતી અટકી હતી. અમો ધારીયે છીયે કે તેથી આસરે ૫૦ ઘરો ઓછામાં ઓછાં બલી ગયાં હતાં. એવી આગની વખ્તે ચીનાઓ જેઓ અરોશપડોશમાં હોય છે તેઓ ગભરાઈ જઇને કશી તે બુજાવા સારૂં મદદ કરતા નથી, અને કેટલાકોતો પોતાના ઘરમાં આગ લાગવા છતાં પોતાના સામાનને પકડીને ઘરમાં બેસી રહે છે, અને ઘણું સમજાવ્યા છતાંબી બાહાર નિકળતા નથી, ત્યારે યુરોપિયનો તેઓને જોરથી બહાર ખેંચી કાહાડે છે, નહીં તો કે અંદર બળી જયા વગર રેહે નહીં. એટલી ઝડપથી ઈહાં આગ વધી જાય છે. વળી દુર રેહેનારા ચીનાઓ એવી મોટી આગના ભભુકા દુરથી જોઇ જાણે આતશબાજીથી ગમત મેળવતા હોય તેમ ખુશીના પોકારો મોટું ભડકું થાય ત્યારે કરે છે, એટલા બીનકદર ને લોકો છે. જો યુરોપિયનો આજે મદદ નહી કરતે તો આગથી અતિઘણી નુકશાની થયા વિના રેહેતે નહીં. એવી વખ્તે ચીનાઓને આગ લાગેલા લતા તરફ જતા અટકાવાનો હુકમ છે કારણ કે મદદ કીધાને,બદલે સામી અડચણ કરે છે, અને લોકોના ગભરાટની વચે તેઓનો માલ પણ ચોરી જાય છે. સાંભળવા પ્રમાણે જ્યારે ચીનાઓ

શેહેરોમાં આગ લાગે છે ત્યારે ચીનાઓની ઓરતો જેઓ ઘણા નાન પગોની હોય છે તેઓ નાહાસી શકતી નથી તેઓને તથા કોઈ વખ્તે પૈસાવાલા ચીનાઓને પણ લુચ્છા લોકો ઊઠાવી લેઇ જાય છે, અને પછી તેઓ સારૂં મોટું દામ પાછું છોડવવાનું માગે છે. અથવા ચીની જો ખુબસુરત હોય છે તો તેઓને બીજે ગામ લેઈ જઈને વેચે છે. એ મુજબ ઈહાંના લોકો ખરાબ છે, અને તેવી લુટ કરવા સારૂ કોઈ વખ્તે તો ખામખા આગ પણ લગાડે છે. તેવાં માણસો જ્યારે પકડાય ત્યારે તેઓને ગરદન મારવાની શીક્ષા સરકાર કરે છે.

તા૦ ૩૦ મી અકટોબર સને ૧૮૮૭—આજે સહવારના કલાક ૧૦ વાગે જરમન લોઈડ કંપનીની સ્ટીમર શેશન (Sachsen) ઉપર સ્વાર થઈને શેહેંગાહી છોડયું હતું, અને હાંગકાંગ જવા સારૂ ઊપડયા હતા. અમારાવાલી એ સ્ટીમર તા૦ ૨૭ મીએ ઉપડવાની હતી, પણ ચીનાઈ સરકાર તરફનો એક એલચી જરમની જવાનો હતો તેનો તે દિવસ સારા સગનો નહી લાગવાથી તેને જો સ્ટીમર આજ દીન સુધી થોભાવે તો તેમાં જવાની મરજી બતાવી હતી અને હમણા ઈહાં સ્ટીમર કંપનીઓની હરીફાઇ ઘણી ચાલે છે, તથા જરમન ચીના-ઓ સાથે વેપાર ચલાવવા ખંતી હોવાથી તેઓને બને તેમ ખુશી રાખવા માગે છે. તેથી એ સ્ટીમર જે જરમન મેલ લેઈ જાય છે તેને થોભાવવા સારૂં ઈહાંના જરમન કાનસલે તાર કરી રજા મંગાવી હતી. અમારી સ્ટીમર ઉપરના સ્ટુઅરટોનું વાજું પણ રાખેલું છે, તેઓ અમો સ્ટીમરપર ચહડ્યા ત્યારથી વજાડતા હતા, અને સ્ટીમર ઉપડી ત્યારે પેલો જરમની જતો ચીનાઇ એલચી પણ ઉપર હતો. જે કોઇ ઊંચી પદવીનો માદરીન હોવાથી તેના માનમાં અમો જેબી ચીનાઈ મનવારો તથા કીલ્લાઓ પસાર કરતા હતા ત્યાંથી તોપોનું માન મળતું હતું, અને નાગાશાકીની માફક અમોએ શેહેંગાહી શેહેર પણ વાજાનાં સરોદ તથા તોપોના ધડાકાના અવાજો સમેત છોડયું હતું. આ વખ્તે ઉપલા માદરીન સા૦ તેની બાયડી તથા ઊમરે પુગેલી છોકરી ઘણા

બીજા માણસો સાથે જરમની જતી હોવાથી, સારા ખાનદાનની ઓરતો જોવાની અમોને ટક સારી મલી હતી. એઓની ઓરતોનો પોશાક રંગીન અને ભપકાદાર રેશમનો હતો, પણ તેઓના મોહડાંપર સફેદ તથા લાલ રંગ હોવાથી તેઓ ઘણાં કઢંગા દીસ્તાં હતાં, અને છતે સારે ઘટમે તેઓ ખરાબ દીસ્તાં હતાં. તેઓના પગોબી એટલા તો નાના હતા, કે જાણે પગની પાટલી હોયજ નહીં, પણ ખાલી થુંથુ હોય તેમ લાગતું હતું. જેની ઉપર રંગીન તથા કસબી બુટ પેહેરેલાં હતાં, પણ તે જાણે લાકડી ઉપર પેહેરેલાં હોય તેમ લાગતાં હતા. તે બુટ ભાયગે બે ઇંચ લંબાઈમાં હશે. એ ઓરતો ચાલતી વખ્તે, બીજી ઓરતોનો ટેકો લેઈને ચાલતી હતી. સ્ટીમર ઉપડી ત્યાં સુધી તુતક ઉપર તેઓ રહીને પછી પોતાની કેબીનમાં આખો વખ્ત તેઓ રહ્યાં હતાં. અમે આસરે ૧૨ વાગેને યાંગસીકયાંગ નદીનું મુખ પસાર કીધું હતું, જે આશરે નવ માઈલ પોહોળાઈમાં હતું. એવી મોટી એ નદી છે, અને તે મુકયા પછી યલો સી અથવા પીલા દરિયામાં દાખલ થયા હતા, જે જગ્યાનું પાણી નદીના પાણી જેવું મટોડીથી પીલાં રંગનું હોય તેવું દીસ્તું હતું, અને તે ઉપરથી એનું નામ પીલો દરિયો આપેલું લાગે છે. એવા રંગનું પાણી દરિયામાં અમે બીજે કેઠે જોયું નથી, અને અમો ધારીયે છીયે કે એમાં યાંગસીકીયાંગ જેવી મોટી નદીના પાણી પડે છે તેથી તેનો રંગ નદીના ગડલા પાણી જેવો થાય છે. આખો દિવસ આજનો ઘેરાયલો હતો, અને રાતના જરાક વરસાદબી પડયો હતો; પણ દરિયો મજેનો થંભ હતો, અને અમારી સ્ટીમર કિનારેથી આસરે પચાસ માઈલ દુર કિનારો દીસે તેમ ચાલતી હતી. શેહેંગાહીનું શેહેર સને ૧૮૪૨ માં પરદેશીઓને વેપાર સારૂં ખુલ્લું મુકયું હતું તે વખ્તે હમણા જયાં પરદેશીઓ રહે છે તે જગ્યા તદ્દન વેરાન અને (Marshy) પાણીથી પોચી બનેલી હતી પણ તેને પરદેશીઓએ સુધારીને હમણા એક મજેના શેહેર જેવું બનાવ્યું છે, અને ઇહાંથી ચીનની ઉત્તર તરફનો વેપાર ખુબ ખીલ્યો છે. વસ્તી પરદેશીઓની આસરે ચાર હજારની છે, અને એ લોકોના સંસ્થા-

નોમાં આસરે દોઢ લાખ ચીનાઓ વસે છે તે ઉપરાંત શેહેંગાહીનાં અસલ ચીનાઇ શેહેરમાં બીજી ચારથી પાંચ લાખની વસ્તી છે.

તા૦ ૩૧ મી અકટોબર સને ૧૮૮૭—આજે આખો દિવસ ચાઇનીસ સી અથવા ચીનાઇ દરિયામાં ગુજાર્યો હતો. અમારીવાલી-સ્ટીમર શેશન આસરે ૩૫૦૦ ટનની છે, એનાં સલુનો તથા ડાઇનીંગ હોલ ઘણો સરસ રીતે ગીલીટ તથા ઓઇલ પેનટીંગ અને નકશીથી શણગારેલો છે, અને બધે ઊંચી રેશમની તથા ગીલીટ કીધેલાં ચામડાંઓની ખુરશી તથા કોચો મુકયા છે તથા ઇલેકટરીક લાઇટ સઘળી જગ્યાપર લીધેલી છે, જે રાતનાં સળગાવે છે ત્યારે જાણે લાઇટ (ઇલ-યુમીનેશન) કોઈ મેહેલમાં કીધી હોય તેમ દુરથી લાગે છે. અમોએ શેહેંગાહીમાં પન એ ઇશતીમર પર એ મુજબ ત્રણ ચાર દિવસ લાગત લાઇટ કીધેલી જોઈ હતી. સ્ટીમર ઊપર અમે આગળ લખ્યું છે તેમ છ માણસોનું એક વાજુ છે, જેઓ સહવારના તથા રાતના મળી બે વખ્ત દરરોજ વાજુ વગાડે છે. તેઓએ સહવારના બરાસના વાજીંત્રો અને રાતના સ્ત્રીંગના (વાયલીન) વાજીંત્રો ઘણાં સારી રીતે વજાડ્યાં હતાં, અને જાણે દરિયામાં હોવાને બદલે જમીનપર કેડે મોજ કરતા હોઈયે તેવું લાગતું હતું, જેમાં હમણાં પુનમનો વખ્ત હોવાથી ચાંદરણું પણ ઘણું સરસ પડતું હતું. સ્ટીમરનો કપટાન તથા ઑફીસરો અને માણસો ઘણાં નમન-તાઇવાલાં છે, અને આસરે ૧૦ પેહેલા કલાસના ઉતારૂઓ હોવાથી વખ્ત મજેનો નિકળી જતો હતો.

તા૦ ૧ લી નવેમબર સને ૧૮૮૭—આજે સહવારથી જમીનની નજદીકમાંથી કિનારો જોતાં જોતાં અમારી સ્ટીમર ચાલતી હતી, અને ગઈ રાતના ફોરમોસાના ચેનલમાં પેઠા હતા. બધેબધ ચીનાઓના જણુકસો માછલી પકડવા સારૂં નિકળેલા દીસ્તા હતા, જેઓ સ્ટીમરની ઘણી નજદીકમાંથી પસાર થતા હતા. એ બોટોના સડો કપડાંને બદલે સાદરાના બનાવેલા હતા, અને તે સડો વચમાં એક નાનો અને આસપાસ બે મોટા હોવાથી જાણે પતંગયાં દરિયામાં તરતાં

હોય તેમ દીસે છે. સડોનો આકાર પણ પતંગયાંની પાંખને મળતો આવે છે. અમોને આસરે પાંચ વાગે સાંજથી હાંગકાંગનો ડુંગર દીસવા લાગ્યો હતો. એ જગ્યાપરનો કિનારો સઘળો નાના મોટા ડુંગરો તથા ટાપુઓથી ભરેલો છે. અમો નજદીક આવ્યે તેટલાં તો સુરજ અસ્ત પામ્યો હતો, અને અંધારૂં પણ જલદી પડવાથી આસપાસનો દેખાવ બરાબર જોઇ શકયા નહીં. જ્યારે છેક પાહાડની નજદીકમાં આવીને વલાંણ લીધી ત્યારે એકદમ હાંગકાંગનું બારૂં સાંમુ મળ્યું જ્યાંથી શેહેરનો દેખાવ રાતના બતીઓ હોવાથી તથા ચાંદરણું તરતજ નિકળવાથી ઘણો સારો દીસવા લાગ્યો. એ હાંગકાંગનું શેહેર ડુંગર ઉપર ચહડ ઉતર મોહોલાઓનું બંધાયલું છે, તેથી સઘળાં આગળના તથા પાછળના મોહોલાઓના ઘરોની લાઈટની અસર ઘણી સારી મારતી હતી. અમારી સ્ટીમર શેહેરની સામે પોતાનો ડંકો છે ત્યાં જઇને કલાક સાત વાગે ઊભી હતી, અને અમોને હાંગકાંગથી સ્ટીમરપર થોડાક ઈહિંના જરતોસ્તી સાહેબો લેવા આવ્યા હતા તેઓ સાથે એ સ્ટીમરનો ડંકો જેને કઊલુન વોરફ કહે છે તે ઊપરથી સ્ટીમ ટગમાં બેસીને કિનારે ગયા હતા, અને અમારે વાસ્તે શેઠ કેખશરૂ અરદેશર ચીનાઈએ (Caine Street) કેયન સ્ત્રીટમાં એક બંગલો તૈયાર રાખેલો હતો ત્યાં ઊતારો લીધો હતો. એ બંગલો ડુંગર ઊપર સાતમાં થરપર (દર ચહડતા મોહોલાએ એક થર) તે મુજબ સાતમાં મોહોલામાં ડુંગરપર આવેલો છે, અને ચાંદરણું હોવાથી ત્યાંથી રાતના બારાંની આસપાસના ડુંગરોનો દેખાવ સારો દીસતો હતો.

તા૦ ૨ જી નવેમબર સને ૧૮૮૭—આજે સહવારના ઈહિંના થોડાએક જરતોસ્તી સાહેબો મળવા આવ્યા હતા, તેઓને તથા બીજી પેહેડીવાલા સાહેબોની મુલાકાતે જઇ આવ્યા હતા, જે વખ્તે ઈહિંના ઘણાખરા મોહોલાઓ પણ જોયા હતા. બારાંની સામેનો મોહોલો જ્યાં ઘણીખરી યુરોપિયનોની આફીસો આવેલી છે તેને (Pria) પરાયા કરી નામ આપેલું છે, તેની પાછળનો મોહોલો ઈહિં સૌથી સરસ

ગણાય છે તેને ક્વીન્સ રોડ નામ આપેલું છે. ત્યાર પછીના મોહોલાઓ ડુંગર ઉપર આવેલા છે, જેની ઉપર જવાના રસ્તા ઘણા ઢળાવવાળા અને કોઈ તો ઘણી બેઠી સીડીઓના કીધેલા છે. ઈહાં આપણી મહારાણીની જુબીલી કરવા સારૂ બધેબધ ધામધુમ થઈ રહી હતી, અને રસ્તે મોહોલે આરકાંઓ ઊભાં કીધેલાં દીસે છે. દરિયામાંથી કિનારે ઉતરિયે છીયે તે બાજુ ઉપર પરદેશીઓને રહેવાના મકાનો બાંધેલાં છે, અને તેની પછી આદમણે ચીનાઓને રહેવાના મોહોલ્લાઓ આવેલા છે, જેઓના રસ્તા પણ સારા પોહોળા અને ઘરો એક હારમાં સરખાં બંધાવેલાં છે ત્યાં સફાઇ પણ સારી રાખેલી છે. આપણી જરતોસ્તીઓની ૮૦ માણુસોની વસ્તી છે તેમાં બે બાનુઓ છે. એઓમાં પાંચ પેહેડીઓ છે બાકીના સાહેબો દલાલી તથા પરચુટણ સામાનનો વેપાર તથા દુકાણો માડે છે. પાંચ પેહેડીઓમાં નસરવાનજી બમનજી મોદીની કંપની, ફ્રામજી હોરમસજી મેહેતાની કંપની, કાવસજી પાલણજીની કંપની, તાતાની કંપની અને ઈ. એન. મેહેતાની કંપની કરીને છે. જરતોસ્તીઓ સાથે ઈહાંના યુરોપિયનો ઘણા એખલાસથી ચાલે છે, અને તેઓને માન પણ ઘણું સારૂં છે.

અમો ચીનાઓના મોહોલાઓમાં ફરતા ફરતા એક મોટા ચીના વેપારીનું ઘર જોવા ગયા હતા જેની નિચે તેની વખાર તથા આફીસ હતી. માળ ઉપર એક નાનો જેવો હાલ છે જેની દેવાલ પાનેલરોકી તસ્વીરો કાચ તથા કાગજપર ચિતારેલી બનાવેલી છે, અને પરદાઓ સારા નકશી તથા ગીલીટના બનાવેલા છે. થોડીક મોટી ચીનાઇ સીસમી પાટિયાંની ખુરસીઓ અને વચમાં એક ગોળ ટેબલ રાખેલી છે, તે સિવાય બીજું કશું ફરનીચર હતું નહીં. દીવાનખાનાની સામે એઓના એક દેવતા (ચાશ) ની સબી મુકેલી છે જેની સામે બતી બળતી હતી અને માલુંગા જાતની ફ્રૂટ મુકેલી હતી. એ ચીનો ઘણા દેશાવરોનો વેપાર કરે છે તેમાં સીંગાપોરથી એને ત્યાં આવેલી અનીનાસ તથા કેરાંમાંથી બનાવેલા બ્રાંન્ડીની બાટલીઓબી હતી. અમોએ આગળ એવું સાંભળ્યું હતું નહી કે કેરાં તથા અનીનાસમાંથી બ્રાંન્ડી બને

છે. અમો ત્યાંથી બીજા એક ચીના વેપારીનું ઘર જોઇ આવ્યા હતા જેમાં કશો દમ હતો નહી અને સઘળું વિખરાઇને પડેલું હોય તેવી રીતનું ભાગેલા બાક્ષો, તખો, બતીના મુનો સાફ કરવાના એવું દાદરપર ચઢતાં મળતું હતું અને વળી પેહેલાં તો ચોકમાં દાદર આગળ ખરડેલાં વાસણો ધોવા સારૂં પાણીનાં પીપો પડેલાં હતાં અને સઘળું બેદરકારી હાલતમાં હતું. એ વેપારી પાસે અમે એક મોતી જોયું હતું, જે આસરે ખબુતરનાં ઇડાં જેટલું મોટું હતું પણ ખરબચડું અને વગર ઘટમનું હતું. તેનો નિચલો ભાગ તો જાણે સીપ હોય તેવો બેડો હતો, અને સફાઈ પણ તેવીજ હતી. ઉપલો ભાગ ખરબચડો હતો. એ મોતી તે ધણી વેચતો નથી પણ તેમાંથી થોડું થોડું ભાંજીને ગરીબ ચીનાઓને દવાઈ દાખલ આપે છે. એની કિમત પુછતાં તે આસરે પાંચ હજાર ડાલર બોલ્યો હતો. ત્યાંથી પાછા ફરતાં અમારાં ઊતારાના મકાનની નજદીકમાં અત્રેના જરતોસ્તીઓનું ધર્મનું મકાન છે તે જોયું હતું, જે મજાનું પાક્કી બાંધણીનું માફકસરનું મોટું છે. તેમાં એક આગળો હાલ લાઈબ્રેરી દાખલ વાપરે છે, જ્યાં મુંબઇ તરફનાં વર્તમાનપત્રો મુકેલાં હતાં તથા થોડીક કેતાબો પણ કબટોમાં હતી. ઇહાં જરતોસ્તી સાહેબો જેને ગમે તે વાંચવા આવે છે તથા જ્યારે કાંઈ કારણ હોય છે ત્યારે મેલાવડો પણ ઈહિં થાય છે. રવાન થાય છે ત્યારે તેની ક્રીયા કરવા તેને પણ ઈહિં લાવી એક હલાયદો પાવી સાથનો ઓરડો છે જ્યાં એક મોટી લાદી ચાર પથર ઉપર મુકેલી છે તે પર લાવી રૂવાનને મુકી ક્રીયા કરી અવલમંજલ પોંહોંચાડે છે. હ્યાં જાથુકનો એક મોબેદ પણ રાખેલો છે. એ મકાન બાંધવાપર આસરે ૩૯૦૦ ડાલરનો ખરચ બેઠો હતો ને એની પડોશમાંજ ઈહિંનાં ધર્મખાતાંને લગતી ઇમારતો હતી તેનો સારો ભાવ આવ્યાથી વેચી નાખી છે, દીવાનખાનામાં આપણા થોડાએક જાણીતા જરતોસ્તી અકાબરોની સબીઓ ઓઈલપેનટીંગની ટાંગેલીઓ છે. ઈહિંનાં જરતોસ્તીઓનું ધર્મ ફંડ આસરે ડાલર ૪૯૦૦૦ નું છે તથા ઉપલી ધર્મની જગ્યા છે તે જુદી છે. એ રકમમાંથી ડાલર ૯૦૦૦ ની રકમ આંધલાપાંગલા ચીનાઓને વાસ્તે હલાએધી કહાડેલી છે. એ ધર્મ-

ખાતાંઓમાંથી વારાફરતી સારી રકમો મુંબઈમાં ઉભાં થતાં જરતોસ્તીઓને લગતાં ફંડોમાં મોકલાવે છે. અમો બપોર પછી ઈહાંના ડુંગર ઉપર જવાનો નવો રસ્તો જેને ગવરનર બોવન ઉપરથી બોવન રોડ કરીને નામ આપેલું છે, ત્યાં ફરી આવ્યા હતા. એ રસ્તો મજેનો ડુંગરની બાજુપરથી ખણીને મકમ પુલો તથા પુરણીઓ કરીને બાંધેલો છે, અને ઈહાંના લોકોને તેપર ફરવા જવાને ઉલટ થાય તેવો સરસ દેખાવ ત્યાંથી બારાંનો તથા શેહેરનો દીસે છે. એ રસ્તા ઊપરાંત બીજો વધારે ઢેળાવવાલો રસ્તો છેક ડુંગરના મથાલાં સુધી જાય છે, જેને હોંગકોંગનો (Peak) કરીને કહે છે. તે દરિયાથી આસરે ૧૮૦૦ ફીટ ઊંચાઈમાં આવેલો છે, અને તેની ઊપર વાવટાકાડી તથા વાહાંણો અંદર આવતાં સીગનલ કરવાની ઈમારત બાંધેલી છે. એ પીકની પડોશમાં થોડાએક યુરોપિયનોને રેહેવાનાં મકાંનો પણ બાંધેલાં દીસેછે. અમોને વખ્ત નહી હોવાથી એ પીક ઉપર જવાનું માંડી વાળી બીજી વખ્તે જવાનો વિચાર રાખ્યોછે પણ અમો બોવન રોડ (Bowen Road) જે ડુંગરની અધવચ સુધી ઊંચાઇમાં ગયલોછે ત્યાં ઊભા રહીને બારાંનો તથા શેહેરનો દેખાવ સારી રીતે જોઇ શકયા હતા. એ બારૂં જાણે એક સરોવર હોય તેમ પાહાડોથી બધી ગમથી ઘેરાઇ ગયલુંછે અને તેમાં આવવાના બે રસ્તાઓ શેહેર જયાં વસ્યું છે, તેની બે બાજુપરથી આવેલા છે. જેમાંનો શેહેરની જમણી બાજુપરનો શેંહેંગાહી તરફથી આવવાનો અને ડાબી બાજુનો મુંબઇ તરફથી આવવાનો છે. એ બારૂં દુનિયાનાં સૌથી સરસ બારાંઓમાંનું એક ગણાય છે, અને તેનો વિસ્તાર દશ ચોરસ માઇલનો છે. એમાં જમીનની ટોંચો વારાફરતી નિકળી આવેલી છે, તેથી ત્યાં ઊંડાં પાણી હોવાથી ડંકાઓ બાંધી વાહાંણો ત્યાં આવી સામાન ખાલી કરી શકે છે. સામેની બાજુપર એ મુજબ કોઊલુન કરીને જગ્યા નિકળી આવેલી છે જયાં અમારીવાલી સ્ટીમર ગઇ કાલે ડંકા ઉપર ઉભી રહી હતી. બારાંનો દેખાવ અમો ડુંગરપર ઉભા હતા ત્યાંથી ઘણો સારો દીસેછે અને જાણે રમકડાં ગોઠવ્યાં હોય તેમ પાહડોની વચમેના એ પાણીના સરોવરરોકાં બારાંમાં વાહાંણો તથા

સ્ટીમરો છુટી છુટી લંગર નાખીને પડેલી ઉપરાંત બીજી નાની સ્ટીમલાંચો તથા ચીનાઇ શામપાનસો (નાધલી બોટો) અને જુનક્ષો (મોટી બટેલા જેવી બોટો) ની આવજાવથી દેખાવ સારો લાગતો હતો, અને જાણે ત્યાંથી ખીસવા ગમતું હતું નહી. ઈહાં વાહાંણો તથા સ્ટીમરોની આવજાવબી ઘણી છે અને બારાંમાં આસરે ૫૦ ઉપર મોટાં બારકસો પડેલાં હતાં. અમારી નિચે હાંગકાંગનું શેહેર જેને વિકટોરિયા સીટી કરીને કહે છે, તેબી મજેનું દીસતું હતું, જે તેના પાહાડપર બાંધેલા થર ઉપર થરનાં ઘરો તથા ઝાડપાનથી ઘણું શોભીતું લાગતું હતું. એ હોંગકોંગની જગ્યા ચીન દેશમાં આવેલી છે, પણ ઇગ્રેજ સરકારને તાબે છે. એનું નામ હોંગકોંગ એટલે સારૂં બારૂં કરીને આપેલું છે અને સને ૧૮૪૧ માં ચીનાઇ સરકારે તે ઈંગ્રેજોને આપી દીધું હતું, ત્યારે ઈહાં થોડાંએક ઝુપડાં સિવાય કશું હતું નહી. તેને બદલે હમણા આસરે ૧૮૦૦૦૦ માણસોવાલું મોટું શેહેર બની ગયું છે જેઓમાં આસરે ૮૦૦૦ પરદેશીઓ છે બાકીના ચીનાઓ વસે છે. એ છેલ્લાં માણુસો કનતાન તથા આસપાસનાં બીજાં ચીનાઈ શેહરોમાંથી હમણાં જથ્થાબંધ આવીને વસવા લાગ્યાં છે, અને તેથી જમીનની કિમત ઘણી વધી ગઇ છે. ચીનાઈ રાજમાં હાડમાર થવાને બદલે તેઓ ઇગ્રેજી અદલ રાજ વધારે પસંદ કરે છે. ઇહાં ચોરીને બદલે તેઓને કેદખાનાની સજા થાયછે ત્યારે પોતાનાં શેહેરોમાં તેઓને ગરદન મારે છે. કેદખાનાની સજાની ચીનાઓ કશી દરકાર કરતા નથી, અને સાફ કહેછે કે અમોને તો મજેનું ખાવાપીવાનું મળેછે તેથી બંદીખાનું પસંદ કરીયે છીયે. વચમે બાંધી મારવાની સજા કાહડી નાખવાથી ચોરીનો તથા બીજો ગુનાહ વધી ગયો હતો, તેથી વેલાતની સરકારની રજા મંગાવી એ શીક્ષા પાછી ચાલુ કરવાની ફરજ પડી છે. આ તરફના ચીનાઓ ઘણાજ લુચ્છા અને ચોર માણસો છે. રસ્તે ચાલતાં લોકોને લુટવાને વિલંબ લગાડતા નથી. જો કોઇ પરદેશી નર ઘડિયાળનો છેડો દેખઇતો બાહાર રાખીને એકલો ફરતો મળે, તો તેને તરત ઝડફમાં ઝુંટાવી લઈને પછી નહાસી જાય છે. તે ચીનાઇ ભાગમાં ગયો કે પકડાવો મુશ્કેલ પડે છે.

કોઈ વખ્તે તો જેને લુટવો હોય છે, તેની આંખમાં મરચાં અથવા ધુળ છાંટીને પછી તેના ગભરાટની વખ્તે લુટી લે છે અને એ કારણને લીધે ઈહિં કોઈબી ચીનાને રાતના નવ વાગા પછી પરવાના વગર રસ્તા પર ફરવાનો હુકમ નથી, પછી ગમે તેવો આબરૂદાર કાંય નહીં હોય. તેમજ કિનારે તેઓની બોટ પણ રાખવાનો હુકમ નથી. ઈહિં પોલીસ દાખલ હિંદુસ્તાનથી મંગાવેલા શીખ લોકો તથા ભઇઆ તથા પરદેશી-ઓને રાખેલા છે, જેઓનો ત્રાસ સારો પેઠો છે. હાંગકાંગ આસરે ૧૧ માઇલ લાંબી અને એથી પાંચ માઈલની પોહોળાઇની જગ્યા રોકે છે. તેનો બધો ઘેરાવો આસરે ૨૭ માઇલનો છે. તેમાંનો મોટો ભાગ છુટા છુટા ડુંગરોનો બારાંને ફરતો આવેલો છે ને તે ઉપર ખેતીવાડી કશી થતી નથી. સઘળી ખાધાની જણસો સારૂં મકાઊ અને કનતાન શેહેરો ઉપર આધાર રાખવો પડે છે. ત્યાંથી રોજ સ્ટીમરો ભરાઈને સઘળું આવે છે. પાણી સારૂં ડુંગર ઊપર બાંધકામો કીધેલાં છે જે સારૂં પાણી આપે છે. ઈહિં શાકર અથવા ખાંડ બનાવવાના ૩ કાર-ખાના ઉપરાંત એક કાચ બનાવવાનું તથા એક દોરડાં બનાવવાનું અને એક બે રમ તથા શાકી નામનો ચીનાઈ દારૂ બનાવવાનાં કારખાનાઓ છે પણ એ ચીનના દખ્ખણ તરફના મુલકોપર આવેલું હોવાથી ઈહિં ઘણો વેપાર તેઓ સાથે ચલાવે છે તથા કોલસો ભરવાના મઠક દાખલ ઘણી સ્ટીમરો ઈહિંથી આવજાવ કરે છે તેને લીધે વસી ગયું છે. સને ૧૮૮૪ માં ઈહિં ૧૮૦૦૦ વહાણો તથા સ્ટીમરો અને નાનાં બારકસો એના બા-રામાં આવ્યાં હતાં તથા ૨૦૦૦૦ બહાર ગયાં હતાં જેઓનો ૯૦ લાખ ટનનો જુમલો આવે છે. એ સંસ્થાનનો વહીવટ એ લોકો જુદોજ ચલાવે છે. તેની આવક સને ૧૮૮૬માં ૧૨૭૪૯૭૩ અને ખરચ ૧૧૫૨૩૮૨ ડાલરનો થયો હતો.

તા૦ ૩ જી નવેમબર સને ૧૮૮૭—હાંગકાંગમાં તા૦ ૯ મી અને તા૦ ૧૦ મીએ આપણી મહારાણીજીની જુબીલીની ધામધુમ થવાની હોવાથી તે વખ્તે જોઇ શકીયે તે આગમજ અમે બીજાં આ-

સપાસનાં શેહેરો જોવાના ઈરાદાથી આજે સવારના હેનકાઊ નામની નદીમાં ફરતી બોટમાં બેસીને કનતાન શેહેર તરફ જવા નિકળ્યા હતા. એ સ્ટીમ બોટ આસરે બેથી હઢી હજાર ટનની છે, અને અમેરિકાની નદીઓમાં ફરતી બોટોની ઢપપર ૩ તુતકની બાંધેલી છે પણ તેના જેવી ઘણી ભપકાદાર શીંગારેલી નથી, અને તેમજ એની મોટી સલુનો પણ નથી, તે સિવાય બીજી બધી રીતે તેઓને મળતી આવે છે. એ કનતાન જવા સારૂ ઇહાંથી સહવાર સાંજ મળી બે વખ્ત બોટો જાય છે. અમારી બોટ હેનકાઉ આઠ વાગે ડંકાપરથી નિકળી અને સામેની બાજુથી પાહાડોની વચમાંના ખાંચામાં થઈને એક દરિયાના અખાતમાં પેઠી હતી. એ અખાતને એક બાજુપર મોટી જમીન અને બીજી બાજુએ ટાપુઓ દુરથી આવેલા છે. એ પસાર કીધા પછી કલાક ૧૨ વાગેને ચોકીઆંગ યાને મોતીની નદીમાં પેઠા હતા. ઈહાં એ નદી કનતાન શેહેર સુધી જાય છે. ઈહાં એમાં દાખલ થતાં બે બાજુએ નજદીક ડુંગરો આવ્યા છે જે ઉપર છેલ્લી ફ્રેન્ચ સાથની લડાઇ વખતે કિલ્લાઓ મજબુત બાંધેલા દીસે છે જે ઉપર ઘણી તોપો ગોઠવેલી છે. એ જગ્યાને બોગ કરીને કહે છે. ત્યાંથી નદી શરૂ થાય છે જે પેહેલાં ઘણી પોહોળી મળવા પછી સાંકડી થતી જાય છે. તેની આસપાસ બેઠાં ખેતરો છે જેની દુરથી નાની નાની ટેકડીઓ આવેલી છે. આગળ ચાલતાં વાંમપુનું નાનું ગામડું આવે છે જયાં સુધી કનટાન વેપારીનો માલ લેવા જતી મોટી સ્ટીમરો હમણાં જઇને ઊભી રહે છે અને કનટાનથી ઈહાં ૧૦ માઇલ દુર બોટોમાં માલ ભરી લાવી સ્ટીમરોમાં ભરે છે. આગળ બધી સ્ટીમરો કનટાન સુધી જતી હતી, પણ ફ્રેન્ચ લડાઇ પછી વાંમપુની કનટાનની બાજુપરની નદીમાં લાકડાંઓ ઘાલી તેમાં પથરાઓ પુરી નદીના મોટા ભાગનો મારગ પોહોળાઈએ બંધ કરી નાખી એકજ સ્ટીમર જાય તેટલી જગ્યા છેક કિનારાની બાજુથી રાખી છે. જ્યાં પાણી છાલકાં હોવાથી ૧૫ ફીટની ઉપરની ડુબતી સ્ટીમરો તેમાંથી પસાર થઈ શક્તી નથી. એ વાંમપુના ગામ આગળ તેને લીધે થોડી એક મોટી સ્ટીમરો માલ લેવા પડેલી હતી, અને જે મોટાં વહાંણો આવે છે તેને પણ એ પછી

અંદર જવાનો હુકમ નથી. ઇહાં કનટાન શેહેરના જરતોસ્તી રેહે-વાસીઓનાં રૂવાંનોને દાટવાની જગ્યા પણ છે. તેઓને કનટાનમાં દા-ટવાનો હોકમ નહીં હોવાથી બોટોમાં ઈહાં લાવી દાટે છે. તેને સારૂ-એક જગ્યા ઘેરી લઇ તેમાં નાનો જેવો બંગલો પણ ક્રિયા સારૂં રા-ખેલો છે, જ્યાં કોઇ કોઇ ઘંબારો કનટાનના જરતોસ્તીઓ કરવા સારૂં પણ જાય છે. વાંમપુથી જરા આગળ એક મોટો આંઠ માળનો પે-ગોડા (દેહેડાને લગતો મિનારો શંહેંગાઇની વિગતમાં લખ્યો છે તેવો) બાંધેલો છે, જે આસરે ૧૦૦ ફીટ જેટલો ઊંચો એક ટેકડી ઉપર તદન એલાહેદો બાંધેલો છે જેથી ફરતો તે દીસે છે. એની જોવા મેલે કોઇ હમણા દરકાર કરતું નથી, કારણકે તેના નજદીક બધા માળોપર દેવાલોમાંથી મોટાં ઝાડો ઉગી નિકળ્યાં છે. એ મિનારો આસરે ત્રણસો વરસનો જુનો છે, પણ એવો મજબુત બાંધેલો છે કે આવી બેદરકારી છતાં હજી ટકી રહ્યો છે. એવા પેગોડાઓ વારા-ફરતી કનટાન સુધી ૪ અમોને મળ્યા હતા, જેઓ બધાની એ-વીજ હાલત દીસે છે. એ પેગોડાઓના મજલાઓપર છાપરાં ન હોવાથી તથા ગેલરીઓ પણ ન હોવાથી ઈટાલીના પીસા શેહેરના ઝુલતા મિનારાની ઢપને મળતો આવે છે. થોડુંક આગળ ચાલવા પછી વળી બીજો એક નદીના રસ્તાનો અટકાવ ઉપર આગળ લખવા મુજબનો પસાર કીધો હતો, અને કનટાન શેહેરની જેમ નજદીકમાં આવતા ગયા તેમ હવે નદીમાં સંખ્યા-બંધ બોટો મલવા લાગી હતી. ઈહાં કોઈ કોઇ મોટી બોટો-ને પવન નહી હોય છે ત્યારે નવી રીતે હંકારતા જોઇ હતી. એ બોટોને પાછળથી સુકાનની જગ્યા આગળ એક મોટી રેં-હેત જેવું બનાવેલું છે જેને બોટમાંથી માણસો પગે ચલાવીને તેના આં-ચકાથી જેમ સ્ટીમરો ઇસકોરૂથી ચલાવે છે તેમ ચલાવતા હતા. એવી મોટી બોટોને હલેસાં મારવા તેઓ પાણીથી ઘણી બહાર રહેવાથી જોવા મેલે મુશકેલ પડે છે તેથી એ મુજબ રેંહેતથી ચલાવતા હશે. કન-તાન શેહેરની નજદીકમાં આવ્યા ત્યારે હારબંધ બેઉ કિનારાઓપર

બોટોના જાણે મોહોલ્લા બનાવ્યા હોય તેમ લાંબી લાંબી હારોમાં વચ્ચે રસ્તો રાખીને ઊભી રાખી હતી, જેમાં ચીનાઓના કુટુંબો પોતાનો જનમારો રહીને કહાડે છે. તેઓનું ખાવું, પીવું, સુવું, રહેવું સઘળું એવી બોટોમાંજ છે. બચ્ચાંઓ જાણે ઘેરમાં રમતાં હોય તેમ બોટોમાં દોડાદોડી કરતાં હતાં. એવો ઘણા ખરા તરી જાણે છે, પણ જો કોઈ નહી જાણતું હોય અને નદીમાં અકસ્માતથી પડે, તો તેને કોઇ આગળ પાછળનું મદદ કરતું નથી, પણ ડુબવા દે છે અને તેવામાં કોઇ મુસાફર પુછે છે ત્યારે કેહે છે કે ખોદાનો હુકમ હશે ત્યારેજ એ પાણીમાં પડયો છે તેનો હુકમ એને ડુબાડવાનો હશે તે અમોથી તેની સામે થવાય નહીં કરી જોયા કરે છે. વળી ડુબી જવા પછી તે બીજી ગમ બે ત્રણ દિવસે જ્યારે ઊપર તરી આવે છે ત્યારેબી કોઇ તેને બહાર કહાડતું નથી તેથી એવાં મુડદાંઓ વારાફરતી નદીમાં ફુગી ગયલી હાલતમાં પછાડા ખાતાં મળે છે, અને જ્યારે પાણીની ભરતી થાય છે ત્યારેજ દરિયા તરફ ઘસડાઇ જાય છે. સરકાર વટીક તેની દરકાર કરતી નથી. ઉપલી બોટોમાંની વસ્તી કનટાનની નદીમાં ઘણી મોટી આસરે એક લાખ માણસ ઊપરની કેહેવાય છે. ઈહિાં નજદીકમાં જમીનની ઘર બાંધવા સારૂં એટલી તંગી છે, કે નદીને કિનારે પાણીની અંદર થામલાઓ ગારીનેબી તે ઉપર ઝુપડાં જેવાં ઘરો બાંધી લોકો વસે છે, અને નદીમાં બોટોની એટલી તો ગીચ થાય છે કે જાણે નદી હોય નહીં તેમ માલમ પડે છે. ઈહિાંનાં દરિયાના કાંઠાઓપર ફરનારા ચીનાઈ જુનકો પણ ઘણાં આવ જાવ કરતા હતા જેઓ બધા ઉપર ચાંચિયા ચોરોની ધાસ્તીને લીધે નાની નાની બબે ટોપો રાખે છે તે જ્યારે ચાંચિયા લુટવા આવે ત્યારે કામ લાગે, પણ તેઓની હાલત કાટ ખાઈ ગયલી હતી, અને અમો ધાસ્તી રાખીયે છીયે કે જો કોઇ વખ્તે તેને ફોડે તો ચાંચીયાઓને બદલે તેના ફાટવાથી પોતાના જુનકના માણસો માર્યા જાય. વળી એ ઉપરાંત સરકારી લડાઇના અસલી તરેહના જુનકો પણ ઈહિાં મળતા હતા, જેઓ ઉપર પાંચ છ તોપો નાની નાની તુતકપર જેમ ગમે તેમ ગોઠવેલી દીસતી હતી. એ જુનકો ચાંચી-

યાઓના બારકસો પકડવા સારૂ રાખ્યા છે, પણ સાંભળવા પ્રમાણે ઈંહાં બેદાદી એટલી છે કે સામા તેઓ ચાંચિયાઓ સાથે મળી જઈને લુટમાં ભાગ લે છે. આ લતાના ચીનાઓ જબરા લુટારૂ છે અને કોઇ કોઈ વખ્તે તો જે સ્ટીમર ઉપર તેઓ ઉતારૂઓ હોય છે તેજ સ્ટીમરના માણસોને મારી નાખી તેને લુટે છે. એ પ્રમાણે આગળ ઘણી વખ્ત બનવાથી હમણાં એ ચીનાઇ ઉતારૂઓ લઇ જનારી સ્ટીમરોમાં એવો ધારો કહાડયો છે કે, ચીના ઉતારૂઓને માલ ભરવાનાં ભંડારમાં બેસાડી સ્ટીમર બારૂં છોડે છે ત્યારે તેઓને તે ભંડારનું ઉપરનું ઢાંકણુ જે જાલીનું હોય છે તે બંધ કરીને અંદર કેદીની માફક રાખે છે તથા સ્ટીમર ઉપર બંદુક, રીવાલવરો તથા તલવારો ઇત્યાદિ હંમેશાં તૈયાર અને ભરેલી રાખે છે. એ મુજબ અમારીવાળી આજની સ્ટીમરમાંબી ચીનાઓને બકરાંની માફક ભંડારમાં બંધ કીધા હતા. એ બોટોમાં કોઇ વખ્તે બે હજાર સુધી ચીનાઓને એકી વખ્તે લાવ લઈજાવ કરે છે. અમારી સ્ટીમર લંગર કરે તેની ઘણી આગમજથી બીજી બોટોમાં ચીનાઓ આવી તેની આસપાસ ફરી વળ્યા હતા, અને કોઈ કોઇ તો બને તેવી રીતે ચાલતી સ્ટીમરે ચઢી આવતા હતા. ચીનાઈ કસ્ટમ હાઉસની બોટ આવી તેનેબી નજદીક આવવા દે નહીં, પણ તેમાંના ઈંગ્રેજ ઓધેદારના હાથમાં કોડાલી હતી તેને કરીને ચીનાઓની બોટો ઉપર ફટકાઓ લગાવા લાગ્યા ત્યારેજ તેની બોટને રસ્તો મળ્યો હતો. અમારાવાળી સ્ટીમરે પોતાના ડંકા પર લંગર કીધાં પછી અમોને લેવા કનટાનવાલા શેઠ બમનજી પાલણજી કરંજીયા બોટ લેઇ આવ્યા હતા, તેવણ સાથે બેસીને કનટાન શેહેરની પેલી બાજુ નદીને કાંઠે તેવણના હોનામનાં મકાનમાં ઊતારો લીધો હતો. અમારી સ્ટીમરે બે વાગે લંગર કીધું હતું. અમો જરા ચોભીને પછી કનટાનના શેહેરમાં ફરવા ગયા હતા. એના મોહોલાઓ કોઇ કોઈ શેહેંગાહી શેહેરના મોહોલાઓ કરતાં મોટા હતા અને કોઈ કોઈ ગમ નજીસાત હતી તોબી શેહેંગાહી જેટલા ઘણા નજીસબી નહી હતા. બધા રસ્તાઓ પર નિચે ગટરો રાખીને ઉપર લાંબી લાડીઓ જડેલી છે, પણ રસ્તા-પરથી કાવરોમાં

પાણી બધાઓ લઈ જાય છે તેથી તેના ટીપાવાને લીધે જરા સરકન અને ભીણાયલા હોય છે.

ઘેરે ઘણાં ખરાં બેઠી બાંધણીનાં છે, અને નિચે બધે દુકાનો આ-વેલી છે. અમો કસ્ટમહાઉસમાંથી પેહેલાં કિનારે ઉતર્યા હતા. ઈહીં જે અફીમ ઉપર તથા બીજી વસ્તુઓ પર જગાત લીયે છે તે સારૂ રોકડ લેતા નથી, પણ જેટલી જગાતની રકમ થઈ હોય તેની ચિઠ્ઠી આપે છે, જે મુજબના રોકડા ડાલરો બાકસોમાં ભરીને શેહેરમાં તીજોરીખાતું છે ત્યાં ભરી આવે છે અને રસીટ પાછી લાવવામાં આવે છે ત્યારે માલ પસાર થવા દીયે છે. ચીન દેશનું પોતાનું રૂપાનું કશું ચલણ નથી, પણ અમેરિકાથી મેક્ષીકન ડાલરો પડાઈને આવે છે તે ચાલે છે. એ ડાલરો શરાફોને ત્યાં ભરાય છે ત્યારે તેઓ પોતાના ના-મના છાપ તે ઉપર મારે છે જેમ ઘણા છાપો પડવાથી ડાલરો મંડાઈને કોદીયાં જેવા થઇને પછી આખરે તેના કકડા બુકલા અને ભુકો થઈ જાય છે. પણ દર વખ્તે ભરનારો ડાલરો તથા ભુકો સઘલો તોલીને આપ લે કરે છે, અને સવાબે તોલા રૂપાંને એક ડાલરની કિમત ગણે છે. એ ડાલરો ગણવા સારૂં મોટા શરાફો પોતાને ત્યાં જુદાં માણસો રાખે છે, જેઓ ખોટા ખરા ડાલરો યા તેનો ભુકો પણ પારખી શકે છે. એ મુજબ અમોએ આજે એક ગમ ઝીણો ભુકો ડાલરોનો હતો તેને ખરો ખોટો છુટો પાડતાં જોયો હતો. રસ્તામાંની ઘણી દુકાનો ઉપર ખાધ ખોરાકી વેચાતી હતી તેમાં કાંઇ સંખ્યાબંધ દુકાનોમાં સુકવેલા ઊંદરોને તેમનાં બે ફાડચાં કરી ડોકાં સુધાં વેચવા ટાંગેલા દીસતા હતા. એ ઉપરાંત ઘુવડ, બગલાં તથા બીજાં જીવતાં મરઘાં બતકાં ઉપરાંત મારેલાં મરઘાં બતકાંનાં છુટા છુટા કકડાઓ પણ કરીને વેચવા માટે ટાંગ્યા હતા, જે સઘળા વજન ઉપર જે માગે તેને વેચે છે. ચીનાઓ સાંભળવા મુજબ કાંઇપણ ચીજ ખાવામાં ચુકતા નથી, એવા તેઓ નજીસ છે. અમો ફરતા ફરતા આપણા મુંબઇમા વખણાયલા રેશમી કાપડીઆ થાઇકુવાની દુકાન ઉપર ગયા હતા. એ ધણી ઘણો મોટો રેશમનો વેપારી છે, પણ માલ અમે જોવા

માંગ્યો ત્યારે ઘણો થોડો તેની પાસેથી નિકળ્યો હતો. તે ધણીને જો હુકમ મળે તો થોડા વખ્તમાં કહો તેવું રેશમી કાપડ બનાવી આપે છે. ઊંચી દોરીની ગાજના એક ટાકાના ૧૬ ડાલર તે માગતો હતો. આ ધણીનું ઘેર ઘણું કંગાલ જેવું દીસે છે અને સઘળું ખાલી હોય તેમ રાખ્યું છે. અત્રે દરેક ચીનાનાં ઘેરમાં દેવીની સબીઓ રાખે છે. તેની સામે અગરબતી તથા દીવો સલગાવેલો રાખે છે, અને તે દેવી જે કાગજની બનાવેલી હોય છે, તેની આસપાસ કાગજનાં રંગીન ફુલો તથા બીજી જણસો ગોઠવી તેને ભપકાદાર પૈસાવાલા લોકો કરે છે, અને એક વરસ તેને જરાપણ સાફસુફ કીધા વગર જાલાં ભરાઇ જાય તોબી રાખે છે. ત્યાર પછી તેને કહાડી નાખી નવાં ફુલો લાવી મુકે છે. વળી દુકાનોની બાહેર દર દુકાને નાનું ચાસતું ઘર રાખે છે. ત્યાં સાંજનાં બતીની વખ્તે દુકાનનું બારણું બંધ કીધા આગમજ એક નાની બતી પંદર મીનીટ બળે તેટલું તેલ ભરેલી તથા અગરબતી જે ઘણીજ ઝીણી અને સસતી આવે છે તે સલગાવીને પછી દુકાન બંધ કરે છે. શરાફોની તથા બીજી મોટી દુકાનોવાળા મોહોલાઓને નાકે મજબુત દરવાજાઓ હોય છે. તે રાતના ૯ વાગેને ચોરોની બીકથી બંધ કરે છે અને દુકાન દીઠ ઉઘરાણું કરીને ચોકી સારૂં દર દરવાજે બબે માણસો રાખે છે. જેઓ ઓળખીતાને દરવાજા ઉંઘાડી મોહોલાંઓમાં આવવા દે છે. સરકારની બેદરકારીને લીધે એ મુજબ રૈયતનેજ પોતાનો બચાવ કરવાની તજવીજ કરવી પડે છે. એક મોહોલામાં ફરતાં ત્યાં મથાળે સફેદ કાગલનું એક મોટું ફાણુસ ટાંગેલું જોયું હતું. તે ખબર પડવા મુજબ જે ઘરમાં કોઈ મરણ પામ્યું હોય તેનાં બારણાં આગળ નિશાની દાખલ ટાંગે છે. જયાં સુધી તે મુડદાંને દાટે નહીં ત્યાં સુધી તેને ટાંગી રાખે છે. એ મુડદાંઓને બંધ પેટીમાં રાખે છે જેમાંની કોઇ કોઈ પેટીઓ ઘણાંજ ઊંચાં લાકડાંની મોટા ઊમરાવો સારૂં બનાવે છે. તેઓની કિમત સાંભળવા મુજબ પાંચ હજાર ડાલરનીબી ઉપર થાય છે. મુડદાંને દાટયા પછી તેનાં ઘર આગળ વારા ફરતી કાગલો

સલગાવીને બાળે છે, જે મુજબ અમોએ આજે એક મોહાલામાં તથા એક બોટમાં પણ બાળતાં જોયાં હતાં. તે સારૂં એક જાદુ કાગજનું વાસણ બનાવી તેમાં નાનાં પાતળાં કાગજની પટીઓ સલગાવે છે, અને તેને બારણાનાં ઉંબર આગળ બળતું મુકે છે, અને છેક સઘળું ભશમ થાય છે ત્યારે તેની રાખ ઊરાડી નાખે છે. એ પાતળાં કાગજો સલગેલી હાલતમાં હવામાં ઊડતાં પણ અમોએ મોહોલામાં જોયાં હતાં, જેથી આગ લાગવાનો સભંવ ઘણો રહે છે. એ પ્રમાણે કાગજો બાળવાથી તથા સહવાર સાંજ અગરબટીઓ ઘરના ચાસ આગળ બાળવાથી ચીનાઓમા મરકી એઓની નજીસાતને લીધે ફેલાતી ધારવા મુજબ અટકતી હશે. અમોને શેહેરમાં ફરતાં છેક સાંજ પડી અંધારૂ થવા આવ્યું હતું. એ વખ્તે સઘળા ચીનાઓનો ખાવાનો વખ્ત હોવાથી ઘરે ઘર તેઓ ઢગલા થઇ ગોળ ચકરાવામાં ખાણાની આસપાસ બેસીને સઘળા સાથે ખાતા દીસ્તા હતા. એઓમાં એવો ધારો છે કે ઘેરના શેઠ અને ચાકર નફર અને કચરાપતી વટીકબી સાથેજ બેસીને એક ભાણામાંથી ખાય છે, કશો અંતર રાખતા નથી, અને શેઠને પોતાને જો વધતા ચાવલ જોઇયે તો પોતે ઉઠીને દુર વાસણ હોય છે તો તેમાંથી ચાવલ લાવીને પાછો સાથે બેસીને જમે છે. પણ એ સઘળું ખાતી વખ્તેજ હોય છે, ત્યાર પછી શેઠ અને ચાકર વચ્ચેનો અંતર પાછો શરૂ થાય છે, અને શેઠની આગળ તે બેસી શકતો નથી. અમે શેહેરમાંની એક પરચુટણ સામાન વેચવાની દુકાન ઊપર ગયા હતા, જ્યાં ચીનીઓ નાના પગ રાખે છે તે કેવી રીતના ઊઘાડા હોય છે ત્યારે દીસે છે તેના નમુનાઓ આબેહુબ બનાવી વેચવા મુકેલા જોયા હતા. તે ઉપ-રથી માલમ પડે છે કે, બચાંના પગના અંગોઠા સિવાય બીજાં ચાર આંગળાં તેની પાતલીના ભાગ સુધી મરડી નાખીને પાતલી તરફ દાબીને પછી તેને પાતાથી બાંધી લીયે છે, જેથી પગનો ઊપરનો ભાગ નિચે વળી જાય છે. ફકત અંગોઠો તેની જગ્યાપર રેહે છે. એ મુજબ પગ કુમલા હોવાથી તેના હાડકાં મરડાઇને તળિયાં સાથે આંગળાં મળીને વળી જાય છે, અને નાનુ બુટ પેહેરાવી રાખવાથી તે વધતા

નથી. એને લીધે જ્યાંથી પગ વળે છે ત્યાંથી એક ચીરા જેવું પડીને તેમાંથી હમેશાં રસી વેહે છે. ચાલતી વખ્તે ફક્ત એડી ઉપરજ તેઓને ચાલવું પડે છે. અમે શેહેરમાં ફરીને પછી શામીન કરીને, મુસાફરો સારૂં અલાએદી જગ્યા જે કીધી છે ત્યાં ગયા હતા. એ જગ્યા અને શેહેરને એક નાની ખાદી (Creek) થી છુટી પાડી છે, પણ બે પુલોથી તેપર આવજાવ થઇ શકે છે. એ પુલ પસાર કરતાં અમોને ચીનાઇ સરકારના સોલજરો જેઓ પોલીસનું કામ કરે છે, તેઓ હાથમાં ફાણુસો લઈને હારબંધ આસરે એક દજન જણાં શેહે-,રમાં ફરવા નિકળેલા મળ્યા હતા, જેઓમાં કોઇ પાસે ભાલા તો કોઈ પાસે તલવાર અને કોઇ પાસે બંદુક એમ હથીયાર હતાં. એ લોકો રાતના વારાફરતી રોણુ ફરવા નિકળે છે, ત્યારે પોંકાર મારતા જાય છે, અને તેને લીધે ચોરોને પકડવાને બદલે સામા નસાડી મુકતા હશે. એવા ૫૦૦ સોલજરોની ચોકી યુરોપિયનો રેહે છે તે જગ્યામાં રાખી છે, જેઓ જ્યારે ચીનાઓ હુલડ કરે ત્યારે અટકાવવા કામ લાગે છે. એવાં હુલડો ઈહિાં વારાફરતી થાય છે ત્યારે પરદેશીઓના ઘરો બાળી નાખે છે. એ ચોકી સને ૧૮૮૩ પછી રાખવા માંડી છે, જે સાલમાં એક સ્ટીમર ઉપરના કોઈ માણુસે ચીનાઓ સ્ટીમર ઉપર ઘણા એકદમ જાય છે તેઓમાંના એકને આંચકો મારતાં તે નદીમાં પડી મરણુ પામ્યો હશે જે સારૂં ચીનાઓ ઉશ્કેરાઇને તે ચીનાને આંચકો મારનાર ધણીને માગ્યો, પણ કપટાને જોયું કે આપું તો તેને તરત મારી નાખશે, તેથી આપ્યો નહીં, અને ચીનાઓએ આપે નહી ત્યાં સુધી સ્ટીમર હંકારવા દીધી નહીં, અને કનતાનના વાઇસરાયને કેહેવાડયું. જેણે હુકમ કીધો કે હું આવું ત્યાં સુધી સ્ટીમર થોભાવવી જેથી કપતાનને સ્ટીમરમાં ઊતારૂઓ છતાં થોભાવવાની ફરજ પડી હતી. પણ ચીનાઓ તેટલાં તો ઘણા ઉશ્કેરાઇ જઇને સ્ટીમર ઉપર પથરાઓ ફેંકવા લાગ્યા, તેથી સ્ટીમરને નદીની અધવચમાં લઈ જઇ ઉભી રાખી. હવે ચીનાઓનું ટોળું ઘણું વધી ગયું અને તેઓ વેર લેવા ઈંગ્રેજોની રેહેવાની જગ્યા જે શામીનમાં છે, ત્યાં ઊતરી પડયા, અને પુલ ભાંજી

નાખ્યો તથા કેરોસીન તેલ લાવી એક પછી એક ઈંગ્રેજોના બંગલાઓ લુટીને સલગાવવા લાગ્યા. એ બાબે પરદેશીઓ તરફથી કનતાનના વાઈસરાયને કહેવાડયું કે ચીનાઓ ખરાબી કરે છે તે અટકાવો. તેથી તેણે થોડાક સોલજરો મોકલ્યા પણ પુલ ઉપર એટલો તો ચીનો હતો કે ત્યાંથી તેઓ પસાર થઈ શકયા નહી અને તેટલાં તો આઠવીશ બંગલાઓ સલગાવી મુકયા હતા. આખરે ઈંગ્રેજો હથિયાર બંદુકો લઈને ચીનાઓ સામે જવા નિકળ્યા પણ તેની આગમચ માદ્દરીનને કહેવાડયું કે અમારો બંચાવ કર, તેનો જવાબ મળ્યો કે ચીનાઓને પુલ ઉપરથી ખીસાડો તો અમો સોલજરોને મદદ કરવા શામીનમાં મોકલીયે. પણ જો પરદેશીઓ ચીનાઓને ખીસાડી શકે તો પછી મદદ શું કામ મંગાવતે. જ્યારે બંદુકોથી કેટલાક ચીનાઓને જખમી કીધા અને સામો ધસારો થોડાક ઈંગ્રેજોએ કીધો ત્યારે ચીનાઓ નાહાશી ગયા હતા. એ મુજબના બાલી નાખેલા બંગલાઓમાંનો એક હજી તે હાલતમાં પડેલો દીસે છે. બાકીનાઓ પાછા બંધાઈ ગયા છે તેના બદલામાં મોટી રકમનો ચીનાઈ સરકારપર દાવો કીધો ત્યારે કમીશન ઠરાવીને બે લાખ ડાલરે પતાવ્યું હતું અને ત્યાર પછી સોલજરોની ચોકી ચીનાઓએ બેઉ પુલપર રાખી છે જે પરથી કોઈબી ચીનાને બાહારના પરદેશીઓના લતા તરફ જવાને હુકમ નથી. અમો ઇગ્રેજો રહે છે જેને (Shameen) શામીન કરીને કહે છે ત્યાં ફર્યા હતા. એ જગ્યાને આસપાસથી જાણે ટાપુ હોય તેમ પાણી રાખેલું છે અને તેમાં આસરે ૪૦ બંગલાઓ છે જેમાં પરદેશીઓ સિવાય કોઈ રહેતું નથી. સને ૧૮૫૭ ની ચીન સાથની લડાઇ પછી અસલી જગ્યા જ્યાં ફેકટરી હતી તે બદલીને ઈહાં સને ૧૮૫૯ માં ઉપલું ટાપુ જે ખાલી મટોડીની જગ્યા હતી તેને બાંધીને મજેનું બનાવ્યું છે અને ફરતો પુશતો સવાત્રણ લાખ ડાલર ખરચીને બાંધ્યો છે જેમાંનો પાંચમો ભાગ ખરચ ફ્રેન્ચ અને બાકીનો ભાગ ઇંગ્રેજ સરકારે આપ્યો હતો. એ શામીનનો ટાપુ આસરે ૦॥ માઈલ લાંબો અને પોહોળાઇમાં ૦। માઈલ જેટલો હશે. અમો તે જોઈને પછી ત્યાંથી પાછા બોટમાં

બેશીને અમારા ઉતારાવાલી જગ્યાપર ગયા હતા. એ વખતે નજદીક સાત વાગવા આવ્યા હતા તોબી નદીમાં બોટોની આવજાવ ઘણી હતી. કોઇ કોઈ બોટોમાં ખાવાનો સામાન વેચવા સારૂ તેમાં બતી કરીને બધે ફેરવતા હતા. કોઈપર ચાસનાં કાગજો સલગાવી થોડાં બળે એટલે નદીમાં તરતા મુકી દેતા હતા. ત્યાં કોઇ બોટોમાં એક બીજાને નદી છોડવા આગમજ સલામતી આપવા સારૂ થાલીઓ મોટે સાદે વજાડતા હતા એ પ્રમાણે જેમ કિનારે લોકો વસે છે ને ચાલે છે તેમ એ નદીપરની વસ્તીમાં બનતું હતું.

તા૦ ૪થી નવેમબર સને ૧૮૮૭—આજે કનતાંનનાં શેહેરમાં તથા તેમાંની જોવા લાએક જગ્યાઓપર ફર્યા હતા. રસ્તામાં એક ગમ એક આખો લાંબાને લાંબા મોહોલામાં દર ઘરને મથાલેથી રસ્તાની ઉપર એ ઘરોની વચમાં આરકાંઓ કરીને તે ઉપર જાતજાતના એ ચીનાઓનાં ધર્મને લગતા ખેલો તથા કસરતના ખેલો, બાગો ઈત્યાદિનાં કાગજકામનાં નમુનાઓ બનાવી તેને રંગ તથા ગીલીટથી શીંગારીને ટાંગેલાં હતાં. જે ઉપર ઘણાં પુતળાંઓ નાના કદનાં ગોઠવેલાં હતાં, ને કોઈ કોઈતો ચાવીના હોવાથી હિલચાલ કરતાં હતાં. એમાંના દર બે આરકાંઓની વચમાંના ગાલાઓમાં બતીનાં ઝુમરો ટાંગીને તેઓને પણ ઘણાં સરસ ફુલો તથા ફુમટાંઓથી સણગારેલા હતા અને એ મુજબ આખા મોહોલાનો રસ્તો મજેનો રળિયામણો લાગતો હતો. ખબર કાહાડતાં માલમ પડયું કે ચીનાઓનો નવમો મહિનો ઘણો મોટો ગણાય છે, તે વખતે એક મોહોલામાં ત્રણ દિવસ એ મુજબ ધામધુમ કરીને પછી બીજા મોહોલામાં લઈ જાય છે અને એ પ્રમાણે તે બાજુના સઘળા મોહોલાઓમાં એક મહિનામાં પુરાં કરે છે. એ વખતે સઘળાઓ ઈહાં ભક્તિ કરવા આવે છે તેથી મોહોલામાંનું સૌથી સારૂ ઘેર હોય છે ત્યાં તેની જગ્યા કરે છે. અમો પેહેલા શુવાતોઉનાં વેપારીઓનો ગીલડ છે (એ ગીલડની સમજણ સેન ફ્રાનસીસ્કોની ચીનાઓની વિગતમાં આપેલી છે) તેને લગતું દેહેરૂં હાલ જોવા ગયા હતા.

એ દેહેરૂં ઈહાંના દેહેરાંઓમાં ઘણું સરસ ગણાય છે અને તે બાંધવાપર એક લાખ ડાલર ઊપર ખરચ બેઠો છે તેના દરવાજા ઘણી સરસ નકશીના પુતળાંઓ સુધાંનાં બનાવેલા છે. એ દરવાજાઓ આસરે બાર ફીટ જેટલા ઊંચા છે. દેહેરાંમાં ટીનહાઊ યાને બેહસ્તના રાણીનું ગીલીટનું મોટું પુતળું છે જેની આસપાસની ગુંબજ તથા તખત ઘણું સરસ નકશીનું એક છાપરાની ઊંચાઈ સુધીનું કીધું છે જે નકશી લાકડાંની અંદર ત્રણ થર એકની પાછળ એક એમ છેક અંદર સુધીની કોતરેલી છે. એ પુતળીઓની સામે એક મોટા અફ્રગાનિયામાં અગરનાં લાકડાંનો આસરે બે ફીટ ઊંચો અને ૪ ઈંચિ જાડો કકડો પજરતો સલગાવી રાખે છે તથા એક અગરબતીનું ગુચરકું સલગાવી ટાંગેલું જે ચાર દિવસ લાગત બળે એટલું મોટું હતું એની પડોશમાં ગાયણનો જલસો કરવાની જગ્યા ઓટલારોકી કીધી છે પણ ફરનીચર કશું હતું નહી. એને લગતો બાગ છે ત્યાં રોકવકે તથા તલાવો કીધેલા છે તથા બાગમાં જવા સારૂં ગોળ આકારના રસ્તાઓ કીધેલા હોવાથી તેમાંથી દેખાવ જાણે આરસીની ફ્રેમમાં જોતા હોઇએ તેવો લાગે છે.

એ દેહેરાંનાં કમપાઊંડના દરવાજાપરના છાપરાંપરની ઊલવેલ પાંચ ગેહેની છે જે દરેકપર આરપાર નકશી કીધેલી છે, અને બધી ગમ ગીલીટ તથા રંગ પણ દીધેલો હતો. એ દરવાજાની બાહાર બીજા એક કમપાઊંડમાં જુદી ઇમારત છે તેમાં એ દેહેરાંને બાંધનારાઓ જેઓએ ૧૦૦ ડાલરની ઉપર આપ્યા હોય તેઓનાં નામો બે બાજુ પર અને જેઓએ ૧૦૦૦ ડાલરની ઊપર આપ્યા હોય તેઓનાં વચમે લાકડાંની પતીઓપર પાડીને ગોઠવેલાં છે. જેઓની સામે પણ બંદગી કરવાનાં અફ્રગાનિયાં ઇત્યાદી મુકેલાં છે. એ નામોવાલા ધણીઓ મરણ પામવા પછી તે નામો મુકવામાં આવેં છે. એ પેહેલાં દેહેરાંના કમપાઉંડમાં બે પથ્થરનાં બનાવેલાં સીંહનાં પુતળાં મુકેલાં છે, જેઓનાં મોહડાંની અંદરથી એક એક ગોળ પથ્થરનો દડો કોતરેલો છે જે છુટો મોહડાંની બાહેર નિકળવા વગર અંદર ફર્યા

કરે છે. ત્યાંથી નિકલેલા કનતાન શેહેરના ગુનેહગારોને ગરદન મારવાની જગ્યા છે ત્યાં અમારો ભોમિયો અમને લઇ ગયો હતો. એ જગ્યા એક મોહોલો છે જેની ગલીમાં હમણા મટોડીનાં વાસણો બનાવેલાં સુકાવા મુકેલાં છે પણ જ્યારે કોઈને ગરદન મારવાની હોય છે ત્યારે તે સઘળું ખિસાડી નાખે છે, અને જ્યારે તે ખાલી થાય છે ત્યારે આસરે ૭૫ ફીટ લાંબી અને ૨૫ ફીટ જેટલી પોહોળી એ જગા થાય છે. ઈહાં દર સાલ આસરે ૩૦૦ જણાને ગરદન મારે છે પણ જ્યારે હુલડ થાય છે ત્યારે હજારો માણસોને ઈહાં ગરદન મારે છે જે વખ્તે તેઓને હારબંધ ગુંઠણ મંડીએ બેસાડી તેઓના હાથ પીઠ પાછળ બાંધીને તેઓની ચોટલી માથાપરથી મોઢાં તરફ ઉલટાવીને પછી જલાદ એકજ ફટકે ડોકુ તલવારથી ઉડારી નાખે છે. એ મુજબ સને ૧૮૫૫ ના બળવામાં ૫૦૦૦૦ માણસોને ઈહાં એક વરસમાં ગરદન માર્યા હતા. ગરદન મારેલાંનાં ડોકાં એક વેહેરની તોપલીમાં પડે છે તે કહાડીને ત્યાં મોટા પથ્થરના જીહલાવો મુકેલા છે તેમાં ભરે છે. અમો ત્યાં ગયા ત્યારે ત્યાંનો જલાદ અમોને મળ્યો હતો જેણે પોતાની તલવાર લાવીને અમોને દેખાડી હતી જે ઘણી ભારી પણ તેજ ધારની હતી અને પુછતાં બોલ્યો કે ૧૦ વરસ થયાં તે જલાદનું કામ કરે છે. હજારો માણસોને એણે ગરદન માર્યા છે તથા પેલા પથ્થરના જીલ્લામાં ડોકાંઓ પડેલાં હતાં તે બતાવ્યાં તેથી તે જીલ્લાઓ તદન ભરપુર હતા. વળી એક જણનું ડોકું ત્યાં રાખેલા લાકડાંના માચડા ઉપર ટાંગેલું હતું, તેબી બતાવીને બોલ્યો કે પાંચ મહિનાપર એને ગરદન માર્યો હતો. જલાદ આંગે કદાવર છે, અને કાંઈ પણ રીતે ખુની જેવો માલમ પડતો નથી. એની સાથે બીજા ત્રણ જણા જલાદનું કામ કરે છે. જે માચડાપર ડોકું ટાંગેલું હતું તે ઉપર કોઈ વખ્તે પોતાના મા, અથવા બાપના ખુન કરનારને રીબાવી રીબાવી મારે છે. તેને તે માચડા સાથે બાંધીને પછી એક દહાડે તેનો એક કાન, બીજે દહાડે બીજો કાન, પછી નાક, આંગલાં, હાથ તથા પગ કાપી છુટા કરે છે અને છેક છેલ્લે તેને ફાંસીથી મારે છે. મા, યા બાપને મારવા જેવો ખરાબ બીજો કોઇ ગુનાહ ચીનાઓમાં

ગણાતો નથી. તેથી આવી ખરાબ શીક્ષા કરે છે. એ જગ્યાપરથી ઈહાંનું પાણીથી વખ્ત દેખાંડવાનું ઘડિયાળ છે તે જોવા ગયા હતા. એને સારૂં શેહેરના કિલ્લાના એક દરવાજાપર દેહેરૂં બાંધેલું છે જ્યાંના એક ઓરડામાં એક દેવીની આગળથી સીડીની માફક ચહડ ઉતર ચાર ચરૂઓ મુકેલા છે, જેની દરએકની હેઠલ એક છેડ છે જેમાંથી પાણી ટીપે ટીપે પડે છે એ મુજબ છેક ઉપરનાં ચરૂમાંનું પાણી ટીપાઈ બીજામાં, અને તેમાંથી ત્રીજામાં તથા તેમાંથી ચોથો ચરૂ જે છેક નિચે છે તેમાં પડે છે. એ છેલ્લા ચરૂમાં એક જાતનું નાનું ધાતુનું બોહિયું મુકેલું છે. તેની ઉપરની એક પતીપર કલાકના અક્ષરો માડેલા છે. હવે એ ચરૂમાં પાણી પડે અને ભરાતું જાય તેમ પેલું બોહિયું ઉપર તરવાથી ઉચકાતું જાય છે અને તેની સાથેની કલાક માડેલી પતી ચરૂની ઉપર ઢાંકણું છે તેમાંના એક ખાંચામાંથી ઉપર આવતી જાય છે તેથી કલાક કેટલા તે બરાબર માલમ પડે છે. દર બાર કલાકે સાંજના તથા સવારના ૬ વાગેને નિચેના ચરૂમાંનું પાણી પાછું કાહાડીનાખીને ઊપરના પેહેલા ચરૂમાં ભરે છે. એ મુજબ એ ઘડિયાળ સને ૧૩૨૪ના સાલથી હજી સુધી ચાલુ રાખેલું છે. તે જોઇને પછી એક બીજું દેહેરૂં જોવા ગયા હતા. એ દેહેરાંમાં બુધીસ્ત ધર્મ મુજબ દોજખમાં શી રીતે સજા થાય છે તેના લાકડાના મોટા આંકારો બતાવવા સારૂ મુકેલા છે તેની સામે ઇનસાફ કરનારને બેસાડયો છે. એવીજ સજા આગળ ચીનાઓમાં ગુનેહગારોને કરતા હતા. એ બતાવવા સારૂં દેહેરાંમાં દશ ઓરડા છુટા કીધા છે તેમાં એક હારના પેહેલા ઓરડામાં માણુસ મુવા પછી જાનવરના આકારમાં થાય છે (Trans migration), બીજામાં ગુનેહગારને એક ઘાણીમાં પીલે છે જેનું લોહી તેલને બદલે બાહાર પડે છે તે કુતરાઓ ચાટે છે, ત્રીજામાં કકરતાં તેલમાં ગુનેહગારને ઊકાલે છે અને તેને લોખંડના ચીમતાઓથી તેલની અંદર દાબી રાખે છે, ચોથામાં એક ગરમ આતશ જેવો લાલ કીધેલા મોટા ઘાંટ હેઠલ ગુનેહગારને રાખી તેની ઊપર તે ઘાંટ ઢાંકે છે અને પાંચમામાં ગરદન મારવાની શીક્ષા બતાવી છે. એ પાંચ

ઓરડાઓની સામેની બીજી હારમાંનો પેહેલો ઓરડો ખાલી છે, બીજામાં માણસને બે પાટિયાં વચ્ચે મુકીને માથાં આગળથી તેને કરવતે વેહેરીને બે ભાગ કરે છે, ત્રીજામાં પાછો માણસ મુવા પછી જાનવરનાં આકારમાં થાય છે તે બતાવે છે, ચોથામાં ગુનેહગારને ઉંધો ભોંય ઉપર નાખી તેની જાંગ ઉપર પોહોળી પણ પાતળી પતીએ માર મારે છે અને પાંચમામાં ગુનેહગારની તપાસ થતી કોર્ટ કીધી છે. એ પ્રમાણે જાનવરના આકારમાં જવા સિવાયની બધી જાતની ઉપર જણાવેલી સજા ચીનાઓને ઈહાં આગળ કરતા હતા પણ તેમાંની કમકમાટ ભરેલી સજા હમણા કરતા નથી. ફકત ગરદન મારવાની તથા જાંગ ઉપર મારવાની શીક્ષા રાખી છે. એ દેહેરાંમાં લોકો પુંજા કરવા ઘણુંજ આવે છે તેથી તેના પુંજારીઓ ઇજારો લે છે. જેના દર સાલ ૩૮૦૦ ડાલર સરકારને ભરે છે અને ઈહાં હાથપરથી નસીબ પારખનારા, જુગારીઓ, દાંતના ડાક્ટરો તથા બીજા હકીમો, સામન વેચનારાઓ ઈત્યાદી પોતાના ધંધા ચલાવે છે. ભીખારીઓ પણ ઘણાજ છે, જેઓ પોતાના હાથમાં નાની બાંબુની ટોપલીઓ લઇને આપણા દિલ સાથે અથડાવીને ભીખ માગે છે.

અમો ઈહાંનાં આંધળા ભીખારીઓને નવી રીતે ભીખ માગતા દુકાનો ઉપર જોયા હતા. જેઓ ઘણીખરી ઓરતો હોય છે, તેઓ મોટા વેપારીની દુકાનપર જઇને પથારી માંડી બેસે છે, અને જ્યાં સુધી તેઓ કાંઇ આપે નહીં ત્યાં સુધી એક થાળી વજાડયા કરે છે, જેથી તે આખરે કંટાલી જાય છે, ત્યારે તેને કાંઈ આપીને પતાવે છે. એ મુજબ એક બે જણાં કરતાં નથી, પણ તેવા મોહોલ્લામાં દર પાંચ સાત દુકાનને અંતરે ભીખ માગતી આંધળી ઓરતોને અમોએ જોઇ હતી. અમો ઉપર લખેલાં દેહેરાંમાંથી નિકળીને કનતાનનો અસલ તારતાર જનરલ યા ગવરનર રેહેતો હતો તે મેહેલ જોવા ગયા. એ જગા સને ૧૮૪૧ ની ચીનની લડાઇમાં ઈંગ્રેજોએ વાહાંણોપરથી તોપના ગોળા મારી તારાજ કીધેલી હજી દીસે છે. ° પણ ત્યાં એક બીજો બંગલો બાંધેલો છે જેમાં ઈંગ્રેજ કા-

નસલ કોઇ વખ્તે રહે છે. અત્રે કાંઇ જોવા લાયક નથી. ત્યાંથી નિકળીને અમો ફુલનો પેગોડા જોવા ગયા હતા. એ પેગોડા ૧૭૦ ફીટ ઊંચો નવ થરનો બાંધેલો છે, અને જોકે તે સને ૫૦૦ ના સાલમાં બંધાયલો કહેવાય છે તોબી હમણા જેવીને તેવી સારી હાલતમાં રહેલો છે. પણ થોડાં વરસ ઉપર એને ૧૦૦૦૦ ડાલર ખરચીને સમાર્યો છે. એના મથાલા ઉપરથી ત્યાંના રખેવાલના કહેવા મુજબ આગળ એક છોકરૂં પડીને મરણ પામ્યું ત્યારથી જવાનું બંધ કીધું છે. એ આઠ ખુણાનો બાંધેલો છે, અને તેના દરેક થરના છાપરાંના આઠે ખુણા ઉપર ઘાંટો લટકાવેલા છે. એની અંદર બધા મજલાઓ ઉપર પુતળાં ગોઠ- વેલાં છે, જેની સંખ્યા ૮૮ ની કહે છે. એ પેગોડાની પડોશમાં એક ઓટલા જેવું દેહેરૂં છે તેની દેવાલપર એનો નકશો પથ્થર ઉપર કોતરીને ચિતારેલો છે, જેમાં સઘળાં પુતળાંઓ પણ બતાવ્યાં છે. અમોને એ પેગોડા બરાબર જોવાને બન્યું નહીં, કારણ કે અમો જ્યાં- બી જતા ત્યાં અમોને જોવા સારૂં ચીનાઓની અતિ ભીડ થતી હતી. એ કારણસર એ જગાનો રખેવાલ બારણાં બંધ કરીને ભીડને બાહાર રાખવાની કોશેશ કરતો હતો, પણ એ જગા જાહેર હોવાથી ચીનાઓ અંદર જવાનું તોફાન કરતા હતા, તેથી તે રખેવાલે અમોને જલદીથી બાહેર જવા કહ્યું હતું. એજ મુજબ અમો એક જુગારખાનું રસ્તા- માં મળ્યું તે જોવા ગયા હતા, પણ ત્યાંબી અમોને જોવા અમારી પછવાડે ચીનાઓ ઉભાઇ ગયા કે એ જુગારખાનાંના રખેવાલે અમોને કાલાવાલા કરીને બહાર જવા કહ્યું હતું. નહીં તો તે વખ્તે રમતના પૈસા ઉપર ચીનાઓ લુટ ચલાવશે એવી તેને ધાસ્તી હતી અને રમત પણ બંધ પડી જવાથી અમોને બાહાર પાછું જવાની ફરજ પડી હતી. એ જુગાર શી રીતે રમાય છે તેની સમજ અમોને બીજી ગ- મથી મેળવવી પડી હતી. જુગારખાનું રાખનાર ધણી પોતાની સામે ટેબલ ઊપર ૧, ૨, ૩, ૪ એવા આંકડા છુટા છુટા મુકે છે. હવે જેઓ જુગાર રમવા આવે છે તેઓ પોતાની ગુન્જાસ મુજબ ગમે તે નંબર ઊપર પૈસા મુકે છે. એ પ્રમાણે ચારો નંબરો ઉપર પૈસા મુકાયા

કે ઘરધણી એક મુઠો ભરીને શપાકા એક પ્યાલામાં ભરે છે, અને તેને બીજો ધણી બધાઓનાં દેખતાં પોતાની ઓંય ઊંચી ચહડાવી સલીએ કરીને છુટા પાડી ચચારને હિસાબે જુદા પાડયો જાય છે. છેલ્લે જો એક શપાકો બાકી રહે તો એકવાલા આંક ઉપર જેણે પૈસા મુકયા હોય તે કરતાં તેને ત્રણગણા પૈસા જુગારખાનાવાલો આપે છે. જો બે રહ્યા તો બીજા નંબર વાલાને અને ત્રણ શપાકા રહયા, તો ત્રીજા નંબરવાલાને અને ચારો પુરા થઈ કાંઇ શપાકા બાકી નહી રહે તો ચોથા નંબર ઊપર મુકનાર ધણીને જેટલી રકમ તેઓએ મુકી હોય તે થાને ત્રણગણી આપે છે. એમ કીધાથી જુગારખાનાવાલાને ફાયદો ત્રણ જણા જે હારે તેના પૈસા મળવાનો થાય છે. જેમકે ધારો કે દરેક જણે જુદા જુદા નંબર ઉપર એકેક રૂપિયો મુકયો છે, અને શપાકાનો ઢગલો છુટો પાડતાં બાકી બે શપાકા રહ્યા, તો બીજા નંબરવાલાને રૂ૩ યાને તેનો મુકેલો રૂપીયો એકનાં ત્રણગણા ઘરધણી આપી બાકીના પોતે ઊચકી લેવાથી રૂપિયો એક તે કમાવા બરોબર થાય છે. એ મુજબ જુગારખાનાવાલાઓ ઘણું કમાય છે, તેથી તેઓને જુગારખાનાં રાખવાનાં લાઇસંસ સરકાર પાસેથી લેવાં પડે છે. અત્રે જોકે જુગારખાનું અટકાવતા નથી, પણ સોરતી કાહાડનાર જો કોઈ પકડાય છે, તો તેને કેદ નાખવા ઊપરાંત તેનું ઘરબાર સઘળું વેચી નાખે છે. તોપણ અમોએ ચીનાઓને સોરટીની ટીકીટો વેચતા જોયા હતા, જેઓ સીપાઈઓને લાંચ આપીને પોતાનો ધંધો બીનદેહેસ્તે ચલાવે છે, અને જો કોઇ પડોશી એથી કંટાલીને સરકારમાં જાહેર કરે છે, તો તેઓ તેનું ઘરબાર લુટી આગ લગાડે છે. અમો ફુલાવર પેગોડા (જેનું નામ તેના મોહોલાને ફુલનો મોહોલો કરી છે તેપરથી આપેલું છે) જોઈ પાંચ જીનનું દેહેરૂં જોવા ગયા હતા, જ્યાં પાંચ પથ્થરનાં બનાવેલાં મેંઢાં મુકેલાં છે, જેને સારૂં કહે છે કે પાંચ દેવતા પાંચ મેંઢાં ઉપર સવાર થઇ હવામાંથી કનતાન શેહેરવાલી એ જગ્યાપર ઉતર્યા હતા, અને પછી એ મેંઢાં પથ્થર થઈ ગયાં હતાં, તેને આ દેહેરાંમાં સાચવી રાખ્યાં છે, અને તેની પુંજા કરે છે. એ ઉપરથી કનતાન શેહેરને મેંઢાંઓનું શેહેર

કરીનેબી ચીનાઓ ઓળખે છે. એ દેહેરૂં કાંઈ જોવા લાયક નથી, પણ તેની સામેનો દરવાજો જે મોટાં બે આરકાંનો ઘણો મજબુત બનાવેલો છે તેની વચમાં એક ગંજાવર ઘાંટ ટાંગેલો છે, જે ૧૦૦૦૦ રતલ વજનનો છે. એ ઘાંટની હથોડી કાહાડી નાખી છે, અને કોઈ પણ દિવસે તેને વજાડતા નથી. તેને સારૂ એવો વેહેમ છે કે જો તે વાગે તો કનતાન શેહેરની ખરાબી થાય. સને ૧૮૫૭ ની ઈંગ્રેજ સાથની ચીનાઓની લડાઇમાં ઈંગ્રેજોની મનવારપરથી એક ટોપનો ગોળો એ ઘાંટ ઉપર પડી તેનો એક કકડો ભાંજી નાખીને અવાજ આખરે થયો હતો, અને કનતાન ઊપર ખરેખર આફત તે વખ્તે આવી પડી હતી, કારણ કે એ શેહેરને ઈંગ્રેજ અને ફ્રેન્ચોએ જીતીને પાંચ વરસ તેનો કબજો રાખ્યો હતો. એ ગોળાથી ભાગેલો ભાગ હજી જેમનો તેમ દીસે છે. એ દેહેરાંપર માલ હોવાથી કનતાન શેહેર જે બેથું છે તેનો દેખાવ દુરવેરનો ઘણો સારો દીસે છે. એ પછી જેલ જોવા ગયા હતા, જે ગીચ વસ્તીવાલા ભાગમાં એક મજબુત ઘર હોય તેમ બાંધેલી છે. અમોને બારણાંમાંથી કેદીઓને બતાવ્યા હતા, જેઓના હાથે પગમાં બેડી નાખેલી હતી, અને તેઓ છુટા ફરતા હતા. કશી રીતે આ કમનસીબ શખ્સો ઊપર ધાક હોય તેવું દીસતું હતું નહી, કારણ કે અમો ગયા ત્યારે તેઓ પોત પોતામાં ઠઠા મશ્કેરી કરતા હતા તથા બીડીઓ પીતા હતા. અમોને જોઈને તેઓ બારણાં આગળ આવી ભીખારીઓ માફક પૈસા માગવા લાગ્યા હતા. એની પડોશના મોહોલામાં બીજું ઘેર છે ત્યાં કેદીઓને ગલામાં લાકડાનાં ચોરસ મોટા કકડા નાખીને રાખેલા છે. એને "કાનગુ" કરી કેહે છે. એ પ્રમાણે આખો વખ્ત ગલામાં તે કાનગુ રાખવાથી તેઓને ઘણી અડચણ ભારથી ખમવી પડે છે, અને ખાવાનું દિવસમાં એકજ વખ્ત તેઓને આપે છે ત્યારેજ તથા સુતી વખ્તે તે કાનગુ તેઓનાં ગલામાંથી કાહાડે છે. એ સજા સૌથી હલકી ગણાય છે. કનતાનમાં જો કે આસરે ૧૨ પારસીઓ છે તેઓને વારાફરતી કામે શેહેરમાં જવું પડે છે, પણ તેઓ વેપારી વારમાંજ ફરી આવવાથી અંદરના ભાગોમાં જવલેજ જાય છે

તેથી પારસીઓને જોવાને ચીનાઓ રસ્તામાં એકઠા મળે છે. ચીનાઓ બધા પરદેશીઓને ફાનકોઇ એટલે પારકા શેહેરના કરીને કહે છે, અને તેઓને હમેશાં ધિક્કારની નજરથી જોયછે. તે એટલાં સુધી કે જેમ આપણે બચાંને "બાઊ" આયો કરી બીહીવાડીયે છીયે તેમ ચીનાઓ પોતાનાં બચાંઓને પારકા લોકોથી ફાનકોઈ કહીને બીહીવડાવે છે. ત્યાર પછી અમો ૫૦૦ દેવીવાલું દેહેરૂં જોવા ગયા હતા. એ દેહેરૂં સને ૫૦૩ માં સ્થાપ્યું હતું, પણ સને ૧૮૫૫ માં તે ફરીથી બાંધેલું છે. એનાં માનનારાઓએ માનતાની મોટી રકમો આપવાથી એ ઘણું પૈસાવાલું દેહેરૂં ગણાય છે. એ દેહેરાંમાં એક મોટું ચોરસ દીવાનખાનું છે, જેમાં બુધનું એક મોટું પુતળું મુકીને તેની આસપાસ બધી દેવાલોની બાજુએ તથા વચમાં હારબંધ ૫૦૦ મોટાં પુતળાંઓ જુદી જુદી ઢપનાં બેસાડેલાં છે, જેઓ બુધના ચેલાઓ હતા. તે બધા ઉપર રંગ તથા ગીલીટ ચંહઢાવેલી છે, અને દરેકના ચેહેરા પણ મજાહની રીતના જુદા જુદા પાડેલા છે. તેઓ ચુનાના પ્લાસ્ટરના બનાવેલા છે. બુધના પુતળાંનાં ડાબા હાથ ઉપર મારકોપોલો જે સૌથી પેહેલો યુરોપિયન ચીન દેશ ફરી આવ્યો હતો તેનું પુતળું મુકેલું છે, જેને માથે ઈંગ્રેજી ટોપી તથા તોગા જાતનો રોમન લોકો જે લાંબો જબ્બો ખાંધ ઊપર નાખતા હતા તેવો પોશાક પેહેરાવેલો છે. એ દેહરાંની બાજુએ એક અલાયદી હવેલીમાં સંગેમરમરનો આસરે ૨૦ ફીટ ઊંચો પેગોડા બનાવીને મુકેલો છે, જે નવ થરનો છે તે ઊપર ફુલની તથા બીજી નકશી સારી કીધી છે. એ ઊપર દશ હજાર ડાલરનો ખરચ બેઠો છે એમ તેનો રખેવાલ કેહેતો હતો. અમો શેહેરમાં જે જુદા જુદા મોહોલામાં ફર્યા હતા, ત્યાં જાત જાતની કારીગીરીઓની દુકાનો હારબંધ મળતી હતી. કોઇ મોહોલામાં ઘણીખરી દુકાનો કાપડિયાની, કોઈમાં-બુટવાલાની, કોઇમાં જેદ જાતનો ઘણો કિમતી પથ્થર જે ચીનાઓ પસંદ કરે છે, અને જે બરમાહ દેશથી આવે છે તેનીજ બનાવતની દુકાનો, કોઈ મોહોલામાં ભઠિયારખાનાજ, કોઇ સુતરના વેપારી, કોઈ અફીમના વેપારી એમ જુદા જુદા મોહોલાઓમાં

અકેક જાતની બનાવતોની દુકાનો હતી. ખોરાકી વેચનારાઓની દુકાનમાં એકમાં હમારો ભોમિયો હમોને લઈ ગયો હતો, જ્યાં બીલાડી કુતરાંઓના આતરડાં કાહાડી નાખીને તેઓની એ ફાર કરી તેઓનુ ગોશ વેચતા હતા, જે જણાવવા સારૂ બીલાડી તથા કુતરાંના ડોકાં તથા પુછરાં તેની સાથેજ રહેવા દીધેલાં હતાં, અને તેઓને દેખઇતાં દુકાનો ઉપર ટાંગેલાં હતાં. એક દુકાન ઉપર ગયા ત્યાં સોરી જાતનું ખલીર જેવું પંનખેરૂ, ગુવર તથા ગલોરી વતીક જીવતી ખાવા સારૂં વેચતા હતા. એ ગલોરી મુંબઈમાં આવેચ તેવી સફેદ તથા સુમારાં ચામરાંની નહી, પણ સુધ કાળી અને ખરબચડા મસા ઊગ્યા હોય તેવાં ચામરાંની આસરે ત્રણથી ચાર ઇંચિ જેટલી લાંબીઓ હતી, જેવોને ઝીના સળીઆઓનાં પીંજરાંઓમાં વેચવા સારૂ રાખેલી હતી. ચીનાઓ જોવા મેળે કાંઇ પણ ચીજ ખાવાની બાકી રાખતા નથી. કસારી વટીક સુકવીને કોલમીની માફક ભુજી ખાય છે. ચીનાઓનો મોટો ખોરાક ચાવલ તથા માછલીનો છે. તેમાં કનતાન શેહેરમાં જેટલી જીવતી માછલી વેચાતી અમોએ જોઈ તેટલી બીજે કેથે નથી એટલી એની આવક તથા ખપ પણ છે. દર મોહોલામાં પાંચ યા પચીસ દુકાનો માછલીવાલાની હશે. એ માછલી બારણા આગળ નાની પાણીની ટાંકીમાં જીવતી રાખે છે. તેઓ રામસ તથા મોટી બોઇ જેવી છે તે જીવતીજ કાપી તેના લોહીથી ગગરતી વેચે છે, તોજ ચીનાઓ લે છે. તેથી જો મુવેલી હોયચ તો હરૂસે બીજી માછલીનું લોહી તેની ઉપર રેડી લોકોને વેચે છે. કેટલીએક ગોશ વેચવાની દુકાનોપર થારીઓમાં પ્યાલા ભરીને લોહી પણ વેચતા હતા. જે ઘણુંખરૂં ડુક્કરનું હોવું જોઇએ, કારણકે ઈહીં ડુક્કરનું ગોશ ઘણું સસતું હોવાથી ચીનાઓમાં તેનો મોટો ખપ છે. ઈહીં મેંઢાં બકરાં તથા ગાયનું ગોશ ઘણાખરા પરદેશીઓજ ખાય છે, કોઈજ ચીનો ભાયગે ખાતો હશે, અને તે ઘણું મોઘું પણ વેચાય છે. બતક ઘણાં સસતાં મળે છે અને તે એટલાં જથ્થાબંધ આવે છે કે તેને સુકવીને માછલીની માફક વેચે છે. નાના લઊવાની જાતના જીના પંખેરાંનો શેકાર પણ જથ્થાબંધ ઝુરઙ બાંધી

વેચે છે. એ પંખેરાં ચોખાના ખેતરોમાં ટોળાંને ટોળાં આવી રાતનાં ત્યાંજ રહે છે, તે વખ્તે તેઓ ઉપર જાલ પાંથરીને તેમાં પકડે છે, તે એટલાં એકી વખ્તે પકડાય છે કે તેવોને છુતા છુતા જીવતાં પકડવાં મુશ્કેલ પડવાથી તે જાલનાં છેડા પકડી જાલ સૂધાં તેઓને જમીન ઉપર પતકી મારી નાખીને લાવે છે. એના સીનામાંથી ઘણું થોડું માસ નિકળે છે. રસ્તામાં મોહોલાઓમાં હજામોનીબી દુકાણુ ઘણી હતી, જેઓ હજામત કરાવનારનાં હાથમાં એક રકાબી આપે છે, અને તેમાં તેનાં બોરેલા બાલ અસતોરાપરથી સાફ કરે છે. તેઓ આખા દિલની માથા સુધાં ચંપી વટીક કરે છે. દુકાનોની બાહેર સર્વે જણા એક પથ્થરની અંદર ઊભું લાકડું ખોસીને પોતાનું નામ તથા વેચવા મુકેલી ચીજો સોનેરી અક્ષરે લખે છે જેથી રસ્તા સઘળા એવાં પાટિયાંઓથી ભરચકર લાગે છે, અને જો રસ્તા સાંકડા હોય છે તો પુરી અડચણ પડે છે. મોહોલાઓ સાંકડા હોવાથી આગ ઘણી જલદી વધી જાય છે, તે બુજાવવા સારૂં ઊંચી બનાવતો વેચનારની દુકાનો તથા વેપારીઓના ઘરોનાં છાપરાં ઉપર હારબંધ પાણીનાં ગારકાંઓ ગોઠવી રાખે છે, જેનો દેખાવ દેહેરાનાં ઊંચા માળોપરથી ઘણો નવાઇ જેવો લાગે છે. ચીનાઓને પંખા રાખવાનો શોખ ઘણો છે. કોઈ કોઈ તો પંખા ખાતા ખાતા રસ્તામાં લટકમટકની ચાલે ચાલતા હતા, અને કોઈ પંખાને ગદીવાલી પોતાની ગરદન પાછળ પીઠપર કપડાંમાં ખોસીને બાહાર ઘણા દેખઈતા રાખતા હતા.

એ પ્રમાણે સઘળું જોઇને પછી બોટોમાં બેસીને પાછા ફરીને ચીનાઓનો બાગ જોવા ગયા હતા. ચીનાઓ ઝાડપાનની વીદયામાં ઘણા હુશીયાર અને સારા બાગબાન છે. તે મુજબ એ બાગમાં સઘળી જાતની ફ્રૂટ કુંડાંઓનાં ઝાડો ઉપર ઊગાડેલી હતી. નાના બે રીટના મોસમબી તથા ખાતાં લીંબુ ઈત્યાદીનાં ઝાડો ફલોથી ભરાઈ ગયલાં હતાં. વળી એ લોકો મોટી ઉમરનાં ઝાડો તેનાં જાડાં થડ છતાં કુંડાંમાં ઉગાડે છે, જે જાણે મોટાં ઝાડોનાં રમકડાં મુકયાં હોય

તેવાં લાગે છે. કોઈ કોઈ કુંડાઓમાંનાં ઝાડોની ડાંખલીઓ એવી રીતે કાપેલી કે તેથી કરીને તેની ઉપર જ્યારે પાંદડાંનો બાહાર આવેલો હોય છે, ત્યારે તરેહવાર આકારો બની રહે છે. તેમાં માણસોનાં પુતળાં પણ એજ માફકનાં બનાવેલાં હતાં, જે ઉપર તારનું અંગ બનાવી મોહોડું તથા હાથ પગ કોરીના રાખે છે, અને પછી તે તાર-પર જીનાં પાદડાંનાં વેલા બરાબર કાપીને ચહડાવેલા હોવાથી જાણે આબાદ ઝાડ માણસના આકારનું ઉગેલું હોય તેમ લાગે છે. એજ પ્રમાણે હરણ, મોર, સીંહ તથા બીજાં જાનવરો ઉપરાંત દેહેરાં તેનાં ઘાંટ સુધાં બનાવેલાં દીસ્તાં હતાં. એ જોઇને ઈહાંની નદીપરની ફુલની બોટો (Flower boats) જોવા ગયા હતા. એ બોટો મોટી ત્રણ ત્રણ ઓરડાની બનાવેલી હોય છે, તથા તેઓની આગલી બાજુપર મજાની ગેલેરી રાખે છે. બોટો ઘણી સરસ દીવાનખાનાંની માફક શીણગારેલી હોય છે, તેમાં કોઇમાં તો અંદરથી ઊંચી ભરતકામની સાટીન તથા કસબી કપડાંઓથી મઢી લીધેલી હોય છે, તથા કોચ, ખુરસી, ટેબલ સઘળું એવીજ ઢપનું શીણગારેલું રાખે છે. ઝુંમરોમાં દરરોજ ઘણી રોશણી કરે છે, અને ચીતારાઓની આરશીઓ તથા મોહોડાં જોવાના આયનાઓ ટાંગેલા છે. એ બોટોમાં પૈસાદાર લોક મોજ કરવા જાય છે, અને જેઓ પોતાની ગુંજાસ પ્રમાણે એક બોટ આખી રાત સારૂં ભાડે રાખે છે, જેનું ભાડું પાંચથી પચીશ ડાલર સુધીનું જેવી તે શીણગારેલી હોય છે તેમ આપે છે. પછી પોતાને ગમે એટલી ગાનારી છોકરીઓ મંગાવી તેઓ પાસ આખી રાત ગાતું ગવડાવે છે, અને પોતે પોતાના દોસ્તોને તેડીને આખી રાત ખાઈપીને મોજમજાહ ભોગવે છે. એ ગાનારીઓ માથાં ઉપર ખુશબોદાર ફુલો ગુંદી આવે છે, અને જ્યારે મોહોસમ હોય ત્યારે એ બોટો મોગરાં, ચંબેલી તથા એવાં બીજાં ખુશબોદાર ફુલોથી ગુંદી લે છે, તેથી એ બોટોને ફુલની બોટો (Flower boats) નામ આપેલુ છે. એવી કાંઇ સંખ્યાબંધ બોટો એકેક સાથે સાંકળે બાંધીને હારબંધ મોહોલાઓનાં ઘેરોની માફક ઉભી રાખે છે, જે બધીઓ ઉપર તેઓની

આગળની ગેલેરીઓપરથી જવાય છે. એ બોટોની સામે બીજી તેવીજ બોટોની હાર હોય છે, જેની વચમાં પાણીનો રસ્તો એક નાની બોટ જાય તેટલો રાખે છે, તે ભાગપર બોટો આડી મુંકીને પુલરોકા રસ્તા બનાવેલા છે, જે ઊપરથી એક બોટોના મોહોલામાંથી બીજી બોટોના મોહોલામાં જવાય છે. વળી એ બોટોમાં ખાણું પુરૂં પાડવા દુકાંનો તથા ભઠીયારખાણું રાખેલાં છે. બોટોની હાર આસરે ત્રીશની એક હશે, અને તેવી આઠ હારવાલા ઈહિંના ચાર મોહોલાઓમાં અમે ફર્યા હતા. જ્યાં બધે ગાયન તથા ખાણુંપીનાં ચાલતાં હતાં, અને હવા પણ આજે ગરમ હોવાથી ઘણા જણા ગેલેરીપર બેસીને ગીતો સાંભળતા હતા. એ પછી આજે સહવારના જે મોહોલામાં ધામધુમ થઇ હતી તે મોહોલામાં રોશણી જોવા ગયા હતા, પણ અમો થોડે રસ્તે ગયા નહી તેટલામાં ચીનાઓની ભીડ વધી ગઇ, તેથી બાહારથી થોડી ઘણી ધામધુમ જોઇને પાછા ફરીયા હતા. કનતાન શેહેર ઘણી મોટી વસ્તીવાલું છે. એની વસ્તી કોઇ દશ અને કોઇ વીશથી બાવીશ લાખ માણસની કહે છે, પણ અમો ધારીએ છીયેં જે એ કનતાન શેહેર તેનાં પ્રગણાં સાથે તથા નદીને પેલે પારનું ગામ હોનામ સઘળું સાથે લેતાં ઓછામાં ઓછી પંદરથી સતર લાખ માણસની વસ્તી હશે. આવી વસ્તી મોટી છતાં શેહેરનો વીસ્તાર તેનાં ઘરો બેઠી બાધણીનાં જોતાં ઘણો મોટો નથી. કિલ્લાની અંદરનું શેહેર આસરે છ માઈલનાં ઘેરાવાનું છે, પણ તેનાં પ્રગણાં સુધાં દશ માઇલ ઘેરાવામાં છે. એને લીધે ઘણી રૈયતને બોટોમાં રહીને પોતાનો વખ્ત કાહાડવો પડે છે. એ બોટો તેઓ ભાડે પણ ફેરવે છે, અને જ્યારે તેઓ એક દિવસના ૪૦ દોકડા કમાય ત્યારે પોતાની બોટ ફરતી બંધ કરીને બીજી બોટવાલાઓને કમાવાની ટક આપવાનો એ લોકોનો ધારો છે. અમોએ એક બોટ બે દિવસ સુધી ફરવા રાખી હતી, જેમાં બે બેનો, એક માય અને બે નાનાં છોકરાં કરી પાંચ જણાં રેહેતાં હતાં. ઓરતો પોતેજ હલેસાં મારે છે, ઘરાકોને બેસવાની જગ્યા છ જણાં બેસે તેટલી છે, અને તેને પીકચરો, નાનાં ઘડીયાલ, મોહોડું જોવાની આર

સી તથા એ લોકોની દેવી સઘળું શણગારીને એક ખુણામાં મુકે છે. ગમે તેવોબી ગરીબ ચીનો હોય તે પોતાનો ચાશ (દેવ) ઘેરમાં એક ખુણામાં એ મુજબ રાખે છે, અને સહવાર સાંજ તેની સાંમે અગરબતી તથા દીવો બાલે છે, અને જો તે દીને વધતી કમાઈ થઈ હોય તો ફટાકડાનું એક નાનું બંદલબી તેની બોટ યા ઘેરની આગળ ફોડે છે. એ મુજબ સાંજનાં ઘણી ગમથી ફટાકડાના અવાજ આવતા હતા. શેહેરોમાં મ્યુનિસિપાલિટી શું ચીજ છે તે ચીનને લગતાં કોઇબી ગામમાં સરકાર યા રૈયત જાણતી નથી. ઉપર મુજબનાં ફોડેલા ફટાકડાનાં કાગલો તથા બીજી એવી જણસો કાગલ બનાવનારાઓનાં રાખેલાં માણુસો પાછાં કાગલ બનાવવાના કામસર ઊંચકી જાય છે. રસ્તા ઊપર ગલીચી ઘણી થાય છે, તે દર ઘરવાલા પોતાને ગમે ત્યારે સાફ કરી ઊંચકીને દર બે ચાર મોહોલે પાણીની ખાડી હોય છે તેમાં નાખે છે, જે બધું કોહીને નીચે એકઠું થાય છે. જો પાણીનો જોસ હોય છે તો નદીમાં બધું ઘસડાઈ જાય છે, નહી તો તે કોહેલો કચરો અનાજનાં ખેતરોમાં આવી ભરાઇ જાય છે, તે ખાતર દાખલ કામ લાગે છે. રસ્તે રસ્તે ખાધાની રદ થયલી ચીજો તો કદી જોવોજ નહીં, કારણ કે હાડકાંબી કામમાં લાવવા વેચાય છે. એ મુજબ પોતાની મેલે મ્યુનિસિપાલિટીનાં કામો થયાં જાય છે, નહી તો નજીસાત ઘણી એકઠી થાય. ઇહાં કુતરાં યા કોઈબી રખડતાં જાનવરો દીસ્તાં નથી, તેઓનેબી શું કામ રહેવા દે. જો બીનધણીયાંતાં હોય તો તેબી ખાઈ જાય એવા ચીનાઓ છે. કનતાન શેહેર હાંગકાંગથી ૯૦ અને મકાઉથી ૮૮ માઇલ દુર છે, અને પરદેશી વેપાર સારૂં ચીનનું સૌથી પેહેલું બંદર એ ઊઘડયું હતું. આઠમી અને નવમી સદીથી આરબ લોકો ઇહાં વેપાર કરવા આવતા હતા. યુરોપિયનોમાં પોરચુગલનો એક નાવીક (Navigator) ઇ. પી. ડી. આનડરેડ (E. P. D. Andrade) કનતાનમાં પેહેલ વેહેલો સને ૧૫૧૭ માં આવ્યો હતો, અને ઈંગ્રેજોનો એક કાફલો સને ૧૬૩૭ માં પેહેલો ઈહાં આવ્યો હતો, અને સને ૧૬૮૪ થી ઈસ્ટ ઈંડીયા કંપનીએ ચીન સાથે વેપાર ચલા-

વવા માંડયો, તે સને ૧૮૩૪ સુધી તેઓજ એ મુજબ કરતા હતા. પણ ત્યાર પછી બીજાં યુરોપિયન રાજ્યો સારૂં વેપાર ખુલ્લો મુકયો હતો. સને ૧૮૪૧ ની લડાઈ વખ્તે ઇંગ્રેજો એ શેહેરને તારાજ કરવા માંગતા હતા, પણ તેઓને ૬૦ લાખ ડાલર ઊંચકો (Indemnity) આપવાથી તે બચ્યું હતું. છેલ્લી લડાઇ સને ૧૮૫૭ માં થઇ ત્યારે ઈંગ્રેજ અને ફ્રેન્ચો ભેગા મળી એ શેહેરનો કબજો લીધો હતો, અને ચાર વરસ સુધી તેઓને હસ્તક તે રહ્યું હતું. આગળ દેશાવરના વેપારીઓની હોંગ વાલી જગ્યા હમણાં (તેને સને ૧૮૫૬ માં સળગાવી દીધા પછી) ચીનાઓને હસ્તક છે, અને તેની આગળની નદીનો ભાગ કેટલોએક પુરીને ત્યાં હાલ ચીનાઓની વસ્તી થઇ છે. એ છેલ્લી લડાઈ આગમજ કોઈબી પરદેશીને શેહેરની અંદર જવાનો હુકમ હતો નહી. પણ જ્યારે ઈંગ્રેજ અને ફ્રેન્ચોએ લીધેલું શેહેર પાછું ચીનાઈ સરકારને આપ્યું ત્યારથી પરદેશીઓને શેહેરમાં જવાની છુટની બોલી કીધી હતી. કનતાનનો વેપાર આગળ એકલું ચીનાઈ બંદર હોવાથી ઘણો મોટો હતો, પણ પાછળથી ઉત્તર તરફનાં બીજાં બંદરો ઊંઘડયાથી તે પડી ભાગો છે તોબી વેપાર રેશમ, ચાહ અને બીજી ચીજોનો સારો થાય છે. તથા અફીમ અને મુંબઈનું સુતર પણ ઈહાંથી અંદરના ભાગમાં જાય છે. ઇહાં આપણા આસરે દશ બાર જરતોસ્તીઓ હોનામમાં રહે છે, તેઓ ઘણાખરા મુંબઈની દુકાંનો જે ચીનાઈ કાપડ તથા સામાન વેચે છે તેના આડતીયાઓ તથા પગારદાર માણસો છે. એકુ બે જણ મુંબઈ તથા હાંગકાંગ સાથે આડતયાનું કામ કરે છે.

તા૦ ૫ મી નવેમબર સને ૧૮૮૭—આજે સહવારનાં આઠ વાગે સ્ટીમર કીંગચીઉમાં કનતાન શેહેર છોડયું હતું, અને મકાઊ સાંજનાં ૪—૩૦ એ ઉતર્યા હતા. એ સ્ટીમર ઈહાંની મકાઊ તથા હાંગકાંગ વચ્ચે ફરતી સ્ટીમરોમાં સૌથી નાની આસરે ૩૦૦ ટનની છે, પણ મોટો ભાગ ન[illegible]માંથી અને થોડો ભાગ દરિયાના કિનારાની નજદીકથી રસ્તો કાપ[illegible]ી [illegible]ભ ચાલતી હતી. ઈહાંની સ્ટીમરોમાં

જીવતી માછલીઓ કનતાનથી લઇ જવા મોટી ટાંકીઓ રાખે છે, જેમાં પાણી ભરીને જીવતી માછલીઓ મુકે છે, પણ તે એટલી બધી તેમાં ભરે છે કે જગ્યાની કોતાઇને લીધે પવન વગર તે ગુંગલાઇ જાય. તે અટકાવવા આખો વખ્ત તેમાંથી પાણી બાહાર કાહાડીને તેજ પાણી તે ટાંકી ઉપર એક તબ હોય છે તેમાં બાલડીએ રેડીયા કરે છે, જેમાંથી ફુંવારાની માફક નલીમાંથી પાછું ઉડીને તે ટાંકીમાં પડે છે. એ મુજબ આખો વખ્ત તે માછલીના ધણીઓ મકાઊ પુગ્યા ત્યાં સુધી કરીયા કરતા હતા, અને ઠાકવું એ શું ચીજ છે તે કશું જાણતા નહી ાય તેમ આખો વખ્ત બાલડીએ પાણી નાખીયા કરતા હતા. એથી પાણી સાબુના ફીન જેવું થતું હતું. આ વખ્તેબી વેમપુ ખાતે અમારી સ્ટીમર ભાયગે પાંચ મીનીટ ઉભી હશે, પણ અમારી સ્ટીમર ઉપરના પરસરે આપણા પારસીઓનું ધરમનું મકાન તથા દાતવાની જગ્યા જે નદી કિનારે એક નાની ટેકડી ઉપર છે તે દેખાડયું હતું. તે એક નાનો બંગલો દેવાલથી ઘેરી લીધેલો છે, તેની પડોશમાં ઝાડોથી ભરેલી ટેકડી ઉપર થોડીએક ઘોરો દીસ્તી હતી, તથા રસ્તોબી સીડી માફક ટેકડી ઉપર કોતરેલો દીસ્તો હતો. અમોએ બોગના કિલ્લાઓ પસાર કીધા પછી રસ્તામાં તે વખ્તે અમારી અરધો કલાક અગાઉથી ઊપડેલી સ્ટીમર હાંગકાંગ જતી મળી હતી, જે જો કે મોટી હતી તે છતાં તેમાં ચીના ઉતારૂઓ બે હજાર માણસો હોવાથી ધીમી ચલાવવી પડી હતી. હાલ જુબીલીની ધામધુમ જોવા સારૂ દરરોજ હાંગકાંગ તરફ ચીનાઓ જાય છે. ગઈ કાલે રાતના ૩૦૦૦ ચીના લઇને એક સ્ટીમર ઊપડી હતી, અને બીજી ફાલતુ સ્ટીમરો પણ માંડવી પડે છે, એટલું લોક અત્યારથી હાંગકાંગ જવા લાગ્યું છે. અમો સાંજના ચાર વાગે મકાઊની દીવાદાંડી આગળ આવ્યા, જ્યાંથી શેહેરના પરાયાગરાડી નામના રસ્તાપરની હવેલીઓ દીસ્વા લાગી. ઈહાંનાં બારાંમાં ઘણાંજ થોડાં વાહાંણો દીસ્તાં હતાં, અને વેપાર જેવું કશું દીસ્તું નથી. ફક્ત ચીના બેગારીઓ માલ ઊંચકી લઇ જવાની દોડાદોડી સ્ટીમર ઉપર જ્યાંથીબી ચહડાય ત્યાંથી અંદર આવીને કરતા

હતા. અમો કિનારે ઊતરીને ડુંગરની પરાયાગરાંડીની બાજુએ જરતોસ્તીઓ માટે ધરમશાલા છે ત્યાં ઉતારો લીધો હતો. એ મકાઊ શેહેર ટેકડી ઉપર હોવાથી ઢળાવવાલા રસ્તા પસાર કરવા પડે છે, અને રસ્તા પણ ઘણા સાંકડાં છે. એ ધરમશાલામાં બધી રીતની સગવડ કીધેલી છે અને સરસામન પણ સારો રાખેલો છે. હાંગકાંગના જરતોસ્તીએ ઘણાખરા ઈહાં મોજ કરવા સનીવાર અને રવીવારે આવે છે, તેથી સાફસુફ પણ સારૂં રાખેલું છે. રજાની ફી ૦॥ ડાલર એક અઠવાડી યાંની રાખી છે અને એક પારસી રખેવાળ થોડું સુધી હતો, પણ હાલ તે મુંબઈ જવાથી તેને બદલે એક ચીનાને રાખ્યો છે. એ મકાનમાં ચાર ઓરડા હેઠે, અને ચાર ઓરડા માળપર મળી આઠ મજાના ઓરડા છે. એ પરાયાગરાંડી (Pria Grande) નો રસ્તો દરિયે કિનારે લાંબોને લાંબો છે, ત્યાં બે મજલાનાં ઘરો આવેલાં છે, તેને એક છેડે સરકારી બાગ આવેલો છે, ત્યાં વચમાં બેંડ સ્ટેંડ પણ બાંધેલું છે અને કોઈ વખ્તે વાજું વાગે છે. એ જોઈને રૂ ડાશેન ફ્રાંસીસ્કો નામનાં રસ્તા ઊપર ગયા, જ્યાં પોરટુગીઝની કલબ તથા સોલજરોની બરાખ તથા ગવરનરનો મેહેલ આવેલો છે. તેની સાંમેના કિનારે એક બેટેરી હાલ બંધાય છે, જે ઉપર આસરે દશ ટનની ટોપો ગોઠવાતી હતી. ઈહાં હમણાં એવી ધાસ્તી છે કે ચીનાઈ સરકાર મકાઉ પાછું લઈ લેશે, તેથી સઘળે બચાવની તૈયારી થાય છે. અફીમની જગાત ચીનની સરકારે વધારીને ૬૦ ના ૧૮૦ તેલ સુધી કીધી છે, તેમાં પોરટુગીઝો સામેલ થતા નથી, તેથી સલાહમાં ભંગ થવાનો સંભવ હતો, અને કનતાનનો વાઇસરાય એક વખ્તે દમ ભરાવી બોલ્યો હશે કે હું ચાહું ત્યારે મકાઉને એક સપાટામાં ઝીતી લેવું, તેથી ગભરાઈને સઘળે લડાઇની તથા બચાવની તૈયારી ચાલે છે.

તા૦ ૬ ઠી નવેમ્બર સને ૧૮૮૭—આજે આપણા જરતોસ્તીઓની અવલમંજલ પોહોંચાડવાની જગ્યા જે દીવાદાંડી આગળ ટેકડી ઉપર ઊંચાંણમાં આવેલી છે તે જોવા ગયા હતા. એ જગ્યા જાણે બાગમાં ત્રેસીસ બનાવ્યા હોય તેમ પાંચ ટપાની ફરતી દેવાલ

બાંધી લઇને બનાવી છે. ઈહીં ૧૪ જરતોસ્તીઓને દાતેલા છે, જેમાં સૌથી જુની ઘોર શેઠ ખરશેદજી ફરામજી વાડયાની છે, જેવણ સને ૧૮૨૯ માં બેહેસ્તનશીન થયા છે, અને સૌથી છેલ્લું રવાંન ઈસવી સને ૧૮૭૦ માં થયું હતું, ત્યાર પછી જોવામેજે એકબી પારસી મકાઉમાં રહેતો નથી. સને ૧૮૩૯ થી ૧૮૪૯ સુધીમાં ૧૧ રવાનો અને એક સને ૧૮૫૭ માં થયલું છે. એ ઉપરથી લાગે છે કે સને ૧૮૪૯ પછી ઇહાં જુજ જરતોસ્તીઓ હશે, અને હાંગકાંગ વસ્યાથી ઈહિંના વેપાર સાથે પારસીઓબી ત્યાં ગયેલા હોવા જોઇયે. એ બધી ઘોરો એકજ ઘપની બાંધેલી છે. એ જગ્યા ઉપર ખુદરતી રોશણી પડોશની દીવાદાંડી ઉપરથી રાતનાં હમેશાં પડે છે એટલી નજદીકમાં તે આવેલી છે. એ જગ્યાની જરા દુરથી ડુંગરની નિચે મકાઊ શેહે-રને મીઠું ઝરાનું પાણી મલવા સારૂં એ દેવાલના ફુંવારા બનાવેલા છે. ઈહિં ડુંગરપરના ઝરાને લાવીને એક ડુંગરને અઠડતો ફુંવારો બાંધી તેમાં માછલીનો આકાર પાડી તેનાં મોહોડાંમાંથી પાણી પડતું કીધું છે, જે ઝરાનું હોવાથી ઘણાજણા પીવા સારૂં મંગાવે છે. એની પડોશમાં ગવરનરને મોજ કરવાનો બાગ છે, જેમાં એક ગમ નાંધલો તલાવ બનાવી તે ઉપર પુલ બાંધ્યો છે, અને થોડાં ઝાડપાન પણ છે તથા એક નાંધલો બંગલો પણ છે અને તેમાં ખુરસી, કોચ અને ટેબલ સિવાય બીજું કશું દીસ્યું નહી. એ પછી ચીનાઓનાં દેહેરાંમાં ગયા. એ દેહેરૂં નવ દેહેરાંનું એક હોય તેમ હારબંધ ત્રણ ત્રણની લાઇનમાં એકેક લાઈનની પછવાડે બાંધેલાં છે. ઇહાં એક ઓરત (જેના નાંધલા પગ હતા તેથી કોઈ સારાં માણસની હશે.) પોતાનું ધારેલું કામ પાર પડશે કે નહી તેની તપાસ કરવા આવી હતી. ચીના-ઓનાં દેહેરાંમાં બે લાકડાંના કટકા એક ગોળ લાકડાંના બે ભાગ ઉભા કીધા હોય તેવી જાતના અરધગોળ રાખે છે, જેને કાંઈ ભણીને મનમાં વીચારી જમીન ઉપર નાખે છે, જો બેઉ ચટા પડયા તો કામ પાર પડે, જો એક ચટો અને એક ઊંધો પડે તો આધાધુધુ યાને વખ્તે કામ પાર પડે યા નહી પડે, અને જો બેઊ ઊંધા પડે તો કામ

પારેજ નહી પડે એમ તેઓ માને છે. તે મુજબ ઉપલી ઓરતે ગુઠણુમંડયે પડી ઘણી વખ્તે લાકડાંના કટકા ભાંય ઉપર નાખ્યા હતા, અને પછી પોતે ઊંધે મસતકે નાગસની કરતી હોય તેમ પડીને ત્રણ વખ્ત પોતાનું કપાલ જમીન સાથે જરા જોરથી અફાડયું હતું, પછી ઉઠીને પોતા સાથે લાવેલાં લખેલાં કાગજોમાંનું એક સળગાવી લોખંડનાં એક વાસણમાં મુકયું હતું, અને બીજું કાગજ લઈ તે જાણે દેવીની સાંમે પંખો નાખતી હોય તેમ ઘણો વાર કરી તેબી સળગાવી મુકયું. પછી ત્યાં અગરબતી તથા મીનબતી બળતી હતી તેની રાખ એક કાગજમાં વીટાલી સાથે લેઇ ગઇ હતી. જતી વેળા દેવીને બે હાથના આંગળાં વાળી સાથે કરીને અંગોથાના આંગળાં તે ઉપર વાળીને સલામ કરતી પાછી ગઇ હતી. એ પછી એક રેશમ બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. ઇહાં કીડાઓ ઉપરથી રેશમ ઓરતો હાથે કાહાડે છે, પણ સંચાથી ચાલતા રેહેંતીયા ઉપર તે પોતાની મેળે વીટલાય છે, એથી કરીને ઓરતો બેઉ હાથે રેશમ ખેંચવાનું કામ કરી શકે છે. જો સંચાથી રેહેંતીયો નહી ચાલે તો એક હાથે રેહેંતીયો ચલાવવો પડવાથી રેશમ ઘણું કાહાડી શકાય નહી. વળી બંધ નલી મારફતે વરાલ પોંહોંચાડેલી તેથી તેનેજ પાણી ગરમ પોતાની મેળે કરે છે, અને તેમાં કીડાના કકુનસો નાખી રેશમ ખેંચે છે. એ રેશમ ઘણું ઊંચું અને તદ્દન સફેદ રંગનું નિકળે છે, જેનો મોટો ભાગ આંતીઓ થઈને ફ્રાન્સ દેશ તરફ જાય છે એમ ત્યાંનો મેનેજર કેહેતો હતો. ઓરતોનો સહવારના છથી સાંજના છ સુધીનો રોજ ત્રણ આના જેટલો છે. ત્યાંથી નિકળેલા કેમેએનસ (Camoens) નો બાગ જોવા ગયા હતા, જે ડુંગર ઉપર હોવાથી ત્યાંના પથરો કાંઇ તરેહવાર આકારના જગેજગ પડેલા છે, જે ઘણાખરા ઉપર એક વડનું ઝાડ પોતાની જર વીટાલી ઊગે છે, તેથી દેખાવ ઘણો સારો લાગે છે. એકગમ બે મોટા પથરો છુટા પડેલા તેની ઉપર એક બીજો પથરો આડો પડી એક જાતનું આરકું (Grotto) બની રહ્યું છે, જ્યાં પોરટુગીસોનો એક વખણાયલો કેમોએનસ કરી કવી થઈ ગયો છે તેનું પુતળું તે આરકાંના અંદર મુકેલું છે, અને તેની પડોસમાં થોડીએક મોટી

તખ્તીઓ ઉપર તેની જોડેલી કવીતા કોતરેલી છે. એ બાગમાં બીજું કશું જોવાલાયક નથી. ફકત બાગના રસ્તા સંખ્યાબંધ કીધેલા છે ત્યાં લોકો ફરી આવે છે. એ પછી શેહેરમાં ફરતા ફરતા ઈહાંનું એક જુગારખાનું જોવા ગયા હતા. એ જુગારખાનાં કાહાડવાનાં કંટરાકટનું લીલાંઉ સરકાર દર સાલ કરે છે. આએ સાલ જેના ૧૩૦૦૦૦ ડાલર ઉપજ્યા હતા એને ફાનટાન (Fantan) કરી ઈહાં કહે છે. જુગાર રમવાની વિગત જેમ કનતાનની વિગત અમે લખી છે તેજ પ્રમાણે ચાલે છે, પણ ઝીતનાર ધણીને એકને બદલે પોણાત્રણ ગણા મળે છે, કારણ કે ૨૫ ટકા પેહેલી રકમ તે મુકે તેની ઉપર કમીશન દાખલ જુગારખાનું રાખનાર ધણી કાપી લે છે. અમો ગયા ત્યારે થોડાએક ચીનાઓ રમતા હતા, જેઓ મોટામાં મોટી રકમ એકી વખ્તે ૧૫ ડાલરની મુકતા હતા. ઈહાં સરકારના ધારાનું પાટિયું મારેલું છે તે ઉપરથી એકી વખ્તે ૧૫૦૦ ડાલરની ઊપર રમવાનો હોકમ નથી, પણ જો કોઈને તેમ વધતા રમવાની ખુશી હોય તો આગમચથી જુગારખાનાવાલા સાથે તેનો લખીને બંદોબસ્ત કરીને રમે એમ લખેલું છે. એવાં ૧૬ જુગારખાનાં મકાઊમાં ઉઘાડેલાં છે ને સાંભલવા મુજબ તેમાં રમવા સારૂં અંગ્રેજી રૈયત પણ છેક હાંગકાંગ વેરથી ઈહાં આવે છે ને ઘણા જણા ખુવાર થઈ પાછા જાય છે. મકાઊની નદી જ્યાં બારૂં છે તેની આસપાસ મોટા ડુંગરો આવેલા હોવાથી તથા દરીયો જરા દુર હોવાથી પરાયાગરાનડેના દરીયા કરતાં ઈહાં વાહાંણો તથા સટીમરોને લંગર કરવાનું ઠીક પડે છે, તેથી સઘલી વેપારી તથા ઉતારૂની સટીમરો ઈહાંજ આવે છે. એ બાજુનાં ઘરો તથા રસ્તો સીધો અને સરખો છે અને બધાં ઘરો જાણે એકજ ધપનાં બાંધ્યાં હોય તેમ પણ જરા બીસમાર હાલતમાં લાગે છે. એ પછી ઈહાંની ટુરંગ જોવા ગયા હતા, જે જગ્યા ઘણી સફાઈદાર રાખેલી છે તેમાંના બધા કેદીઓ ચીનાઓ હતા, જેઓને મોટા મોટા ઓરડાઓમાં બંધ કીધેલા દીસતા હતા અને તેઓને સુવા સારૂં બાજતો હતા. તે લોકો કશું કામ કરતા ન હતા, પણ સવારના થોડા

વખ્ત તેઓ પાસે કામ લે છે. વલી કોઇ પૈસાવાલો કેદી હોય છે તો તે માલ ઉપર છુટા ઓરડાઓ પણ ભાડે રાખીને રહે છે, એટલી છુટ તેઓને છે. ચીનાઓની રીત પ્રમાણે આવાં સેહેલાં કેદખાનાંમાં તેઓ ખુશીથી જતા હશે. નીચે વલી ખુની કેદી સારૂં જરા અંધારા ઓરડા રાખેલા છે, જ્યાં જમીનની અંદર ડાટેલાં કડાંમાં સાંકલ સાથ તેઓના પગ બાંધી રાખે છે. ખુનીઓને ફાંસીની સજા પોરટુગીઝ સરકાર કરતી નથી, પણ જન્મ દેશનીકાલ મોઝેમબીક તરફ કહાડે છે. ઈહિાંનાં પોરટુગીઝો ચીનાંઓ સાથે ભેલાવાથી તેઓ મુંબઈમાં જે ગોવેના પૈસાદાર ફરંગીઓ આવે છે તેને મલતા રંગમાં તથા ઘટમમાં આવે છે બાકીના યુરોપથી પોરટુગાલના આવેલા શખ્સો ગોરા છે જે ઘણાંજ થોડા ઈહિાં રહે છે. મકાઊમાં પોરટુગીઝો પેહેલાં સને ૧૫૫૭ માં આવી રહ્યા હતા, તે આગમજ દરીયાઇ ચાંચીયાનું જોર ઘણું હતું તેને ચીનાઈ સરકાર અટકાવી શક્તી હતી નહી અને આગલ ચાલતાં ચાંચીયાઓનું જોર એટલું તો વધી ગયું કે છેક કનતાનનાં શેહેર ઉપર ઘેરો પણ નાખ્યો હતો. એ વખ્તે પોરટુગીઝોએ મનવારો લાવીને તેઓનો ઘાણ કહાડયો અને દરીયાની સફરો ત્યાર પછી સલામતીથી થવા લાગી હતી, અને વેપારમાં એ મકાઉ શેહેર આગલ વધવા લાગ્યું તે ૧૮ મી સદીમાં એ ઘણું મોટું વેપારી બંદર કંતાનમાં પરદેશીઓને રેહેવાની અડચણને લીધે થયું હતું. મકાઉ પોરટુગીઝોના હાથમાં કેમ આવ્યું તે બાબે મતફેર છે. કોઈ કહે છે કે તેઓએ લડાઇથી જીતી લીધું અને કોઈ કહે છે કે ભાડે લીધું હતું. પણ એ છેલ્લી વીગત ખરી લાગે છે, કારણ કે સને ૧૮૪૮ સુધી પોરટુગીઝો ચીનાઈ સરકારને દેહેણા દાખલ દર સાલ ૫૦૦ તેલ ભરતા હતા, અને ચીનાઈ કસ્ટમ હાઉસ પણ તે સાલ સુધી ઇહાં હતું તેને ઈહાંનો તે વખ્તના પોરટુગીઝ ગવરનર ફરીરાડી આમરાએ બંધ કરાવી કહાડી નખાવ્યું હતું, અને ચીનાઓનું લશ્કર જ્યારે સામે લડવા ઉતર્યું ત્યારે તેઓની સાંમે થઈ તેઓને હઠાવી નાખ્યું હતું પણ એને લીધે તે બીચારા ગવરનરને કોઈ ચીનાઓએ ઘેરીને વેર લેવા તેની ગર્દન કાપી તેનું ડોકું કનતાન મોકલાવ્યું હતું, પણ તે વરસ પછી પોરટુગીઝો મકાઉના ખરા ધણી

થઇ બેઠા છે અને કશું દેહેણું આપતા નથી. જે વરશે હાંગકાંગ અંગ્રેજ સરકારે વસાવ્યું ત્યારથી મકાઉનો વેપાર પડી ભાગો છે, અને સને ૧૮૭૪ માં એક મોટું તોફાન થયું તે વખ્તે મકાઉના જે સારા મકાનો હતાં તે ભાગી ગયાં તથા આગથી બલી જવાથી શેહેરનો છોક પણ તે વખ્તથી જતો રહ્યો છે. ફક્ત આગલની એની જાહોજલાલી તવારીખમાં રહી છે, પણે ઈહાંની આબોહવા ઘણી સારી છે, તેથી હાંગકાંગથી ઘણું લોક તંદરોસતી ખાતર આવજાવ કરે છે, તેથી દરરોજ એક સ્ટીમર હાંગકાંગ વચ્ચે તથા બીજી કનતાન વચ્ચે આવજાવ કરે છે. હાલના વેપારમાં ચાહ, રેશમ તથા થોડાં અફીમનો છે. મકાઉ હાંગકાંગથી ૪૦ાા માઇલ અને કંતાનથી ૮૮ માઈલ છે, એની વસ્તી સને ૧૮૭૯ ની ગણત્રી મુજબ ૬૮૦૮૬ ની છે, તેમાં ૬૩૫૩૨ ચીના, ૪૪૭૬ પોરટુગીઝ અને ૭૮ પરદેશીઓ છે. હમણાંની ઇમારતોમાં પરાયાગરાનડે તરફની દરીયા કીનારાપરની થોડા ભાગની શારી છે જે બધાને લીલા રંગની બારીઓ હુક ઉપર ઉઘડે તેવી અસલ ફાશીણની છે, અને અંદરના મોહોલાઓ પણ સારા છે.

તા૦ ૭ મી નવેમબર સને ૧૮૮૭—આજે સહવારે સ્ટીમર હોનામ મધે આંઠ વાગે મકાઊ શેહેર છોડયું હતું. તેમાં ઉતારૂઓ જુબીલી જોવા ઘણા ઉતરી પડયા હતા, તેમાં મોટો ભાગ ચીનાઓ અને પોરટુગીઝોનો હતો. મકાઉમાં દર સનીવારે ઘણાં અંગ્રેજો પણ મોજ કરવા આવે છે. અમો હાંગકાંગ કલાક ૧૧—૩૦ મીનીટે પુગા હતા, અને સાંજનાં કોઉલુન નામના બંદર ઉપર ફરવા ગયા હતા. એ જગ્યા ઉપર દંકો બાંધવાથી માલ લાવનારી સ્ટીમરો ત્યાંજ ઉભી રહે છે અને મોટા ગોડાઉનો તથા દંકાઓ એક કંપનીએ બાંધેલા છે અને હજુર બીજાં ગોડાઉનો બાંધે છે. જગ્યા મજાની દરીયે કીનારે હોવાથી ત્યાં થોડાક અંગ્રેજોના બંગલાઓ તથા જર્મન લોકોની કલબ પણ આવેલી છે. પોસટ આફીસ, પોલીસ અને વેધશાલા (Observatory) એ સઘલું એક મોટી ઇમારતમાં રાખેલું છે. અગાઉ જારડીન મેઠીસનની કંપનીવાલાનો એક દંકો હાંગકાંગ વીકટોરીયા સીટીમાં હો-

વાથી તેઓ અને ઉપલી કોઉલુન કંપની વચ્ચે હરીફાઈ ચાલતી હતી, પણ હમણાં તેઓ મલી ગયા છે અને એકજ ભાવ રાખી ફાલા પડતો નફો વેંહેંચી લે છે. વીકટોરયા અને કોઉલુન વચ્ચે આખો દીવસ ન્હાની સ્ટીમલાંચો દોડે છે, જે દશ દોકડા દર માણસ દીઠ લે છે, જેથી લોકોને વખારોમાં કામકાજ સારૂં કોઉલુન આવવા જવાની સગવડ સારી છે. તે ઉપરાંત કોઉલુન દોક કંપનીની એક સ્ટીમર લોકોને મફત લાવ લઈ જાવ પણ કરે છે. હાલ ગામે ગામથી ચીનાઓ ઉતરી પડવાથી ભીડ ઘણી થાય છે, પણ રસ્તામાં ચાલવાની અડચણ ઘણી પડે છે. બધે ખાલી જગ્યા ઉપર ચીનાઓ તંબુઓ મારી પડેલા છે અને જુબીલીની ધામધુમ સારૂં સઘલે આરકાંઓ તથા ફાણસોની હાર લાગી હતી તેથી માલમ પડે છે કે ચીનાઓમાં ઘણી સારી ઉલટ જુબીલીને લીધે પેદા થઇ છે.

તા૦ ૮ મી નવેમબર સને ૧૮૮૭—આજે સવારના આપણા જરતોસ્તીઓની છેલ્લી આરામગાહની જગા જોવા ગયા હતા. એ જગા હાંગકાંગનો સરતનો રસ્તો મુકી હેપી વેલી (Happy Valley) નામની જગાપર એક નાંધલા ડુંગર ઉપર આવેલી છે. એ બાજુ ઉપર અંગ્રેજો, મુસલમાન તથા ચીનાઓને દાટવાની જગા પણ હારબંધ આવેલી છે. આપણી જગાપર અંદર જવાની ઘણી સરસ સીડીઓ બાંધીને તેની બેઉ બાજુની નાધલી દેવાલ તથા તપાઓ ઉપર ફુલ તથા ફલનાં ઝાડોનાં કુંડાઓ ગોઠવેલાં છે જેમાં કેટલાંક ઝાડ ઉપર મોસંબી તથા લીંબુ ઉગેલાં દીસતાં હતાં. એ જગા ઘણી મોટી ઘેરાવાની છે અને બધે ઝાડ પાનના છાયડાથી ખરેખર ઘણી સારી બનાવેલી છે. એ જગાએ એક સારી સઘડી કુસાદે ઇમારતની બાંધેલી છે જ્યાં ફરતી બેસવાની બેઠકો છે તથા વચમાં ચાર પથર ઉપર એક મોટી લાદી કોઈ રવાનને પરભારૂં ઈહાં લાવે તો તેની ક્રીયા કરવા રાખેલી છે. એ સઘડીની પડોસમાં જરા હેઠાણમાં આસરે ૪૫ જરતોસતીઓની ઘોર એકજ ઢપની બાંધેલી છે. એ જોઈને હાંગકાંગનો સીટી હોલ જોવા ગયા હતા. એ ઈમારતમાં મોટા મોટા હાલો તથા ઓરડાઓ છે જ્યાં

જાહેર મીટીંગ ભરાય છે. ચેમબર આવ કામરસની આફીસ પણ ત્યાં છે. તેની એક પાંખમાં નાટકશાલા બાંધી છે જે સારી શણગારેલી છે. તેની બીજી પાંખમાં મ્યુજીયમ રાખેલું છે. હાંગકાંગની વસ્તી બે લાખ માણસોની હશે, પણ હાલ બાહારગામથી આસરે એક લાખ માણસો વધવાથી ભીડ ઘણી માલમ પડે છે. એ સીટી હોલની સામે ઇહાંની જાણીતી દેનટ કંપનીના ભાગીયા મી૦ દેનટે એક સારો ફુંવારો બંધાવી આપ્યો છે જે ઉપર પુતળું મુકેલું છે, એની પડોસમાં હાંગકાંગ અને શેંહેંગાહી બેંકની ઈમારત આવેલી છે, જે ઈહાંની બધી ઇમારતોમાં ઘણી સરસ ગણાય છે, તેની ઉપર ગોળ ગુંબજ પણ કીધેલો છે. એ પછી બપોરનાં ઈહાંનો સૌથી ઊંચો પાહાડ જેને વીકટોરિયા પીક કરીને કહે છે, અને તે દરિયાની સપાટીથી ૧૮૦૦ ફીટ ઊંચો છે ત્યાં ગયા હતા. ઊપર જવાનો રસ્તો મઝાનો ઢલાવનો બાંધેલો છે, જે પસાર કરતાં એક કલાક લાગો હતો. એ પીકની જરા હેઠણમાંથી આસપાસ અંગ્રેજો તથા યાહુદીઓના ઉનાલામાં રહેવાના બંગલા જુદા જુદા પાહાડોની ટોંચ ઉપર આવેલા છે, જે આસરે પચીસ ઊપર હશે, ગવરનરનો બંગલો પણ ત્યાં છે. એ ડુંગર ઉપર સેહેલાઈથી જવા સારૂ લોખંડના તારથી ચાલતી ટરામવે બંધાયલી છે અને તેને થોડું એકપર તપાસ સારૂં ચલાવી હતી, પણ બીજાઓએ તેને હજુર સલામતી ભરેલી નહી ગણવાથી તેનું બીજું સાંચાકામ વેલાતથી મંગાવ્યું છે. એ એક કંપની થઇને બાંધે છે ને ઘણીજ ઢલાવવાલી જેવી અમોએ લીસબનમાં જોઇ હતી તેવી છે. પણ ત્યાં પાણીની તાંણને લીધે ઇનજીન અને સ્ટીમના જોરથી ચલાવશે. એ ટરામની લાઇનને મથાલે પુગ્યા કે પાહાડની બેઉ બાજુનો દરીયો દીસવા લાગે છે ત્યાંથી વીકટોરિયા પીક થોડે દુર ઊંચાણમાં છે જ્યાં વાવટાકાઠી રાખેલી છે. ત્યાંથી ચારે બાજુનો દેખાવ ઘણો સરસ લાગે છે. એકગમ હાંગકાંગનું બારૂં તથા શેહેર અને બીજી ત્રણ ગમ પાહાડો અને દરીયો તથા છુટા છુટા ટાપુઓ દીસતા હતા. બારાંમાંના વાહાંણો રમકડાં માફક દીસતાં હતાં અને ઊંચાણમાં હોવાને લીધે પવનની લેહેકી મઝાની ઠંડી આવતી હતી.

એ પછી પાછા ઉતરતી વખ્તે સરકારી બાગ જોયો હતો. એ બાગ ટેકડી ઉપર આવેલો છે તેમાં ઝાડપાન ખીચોખીચ ઊગેલાં હોવાથી તથા રસ્તાઓ સીડીના અને ઢલાવના હોવાથી બાગનાં ટેરેસીસ, ફુવારા, કેઆરા ઇત્યાદી સારા શોભે છે. ત્યાંનું બેંડ સ્ટાંડ કોઈ જરતોસ્તીએ બંધાવેલું હોવાથી તેને પારસી બેંડ સ્ટાંડનાં નામથી ઓલખે છે. ત્યાં ચાર પાંચ ફુવારાઓ કોઇ અત્રેના જરતોસ્તીએ રાણીજીની જુબીલીની ખુશાલીમાં શેહેરના ગીચ ભાગોમાં હમણાં મુકાવ્યા છે, જેથી પારસીઓની તારીફ ચીન તરફના ન્યુસપેપરોમાં થાય છે. એ બંધાવનાર પારસીએ પોતાનું નામ હજુર સુધી બાહેર પાડયું નથી. ઈહિાંના જરતોસ્તીઓનો દીલગુરદો તેઓની સખાવતથી બધે વખણાયલો છે. ચીનનાં અંદરનાં શેહેરોમાં કાંઇબી આફ્‌ત આવી પડે છે કે ઈહિાંના જરતોસ્તીઓ સૌથી પેહેલાં લીસ્ટ પોતામાં ઉભું કરીને મદદ મોકલાવે છે. હમણાં જુબીલીના હીંગામમાં પારસીઓએ જાહેર લીસ્ટમાં કોઇએ ૧૦૦૦ ડાલર સુધીબી ભરવા ઊપરાંત પોત પોતમાં યાદગારીનું ધરમખાતું ઈહિાંનાં પારસીઓનાં ધરમખાતાનાં ટરસ્ટીઓ હસ્તક પાડવા એક લીસ્ટ કરી તેમાં ૨૬૦૦ ડાલર ભર્યા છે.

તા૦ ૯ મી નવેમબર સને ૧૮૮૭—આજે માહારાણી વીકટોરયાની જુબીલીની ધામધુમનો દિવસ છે તેથી સહવારથી ચીનાઇ વાજાંઓનો શરોદ આવવા માડયો છે. વાહાંણોને પણ વાવટાઓથી શણગારેલાં છે. આજે બપોરનાં અગિયાર વાગે ગવરનરને ત્યાં પબલીક રીસેપશન હતું ત્યાં અમો ગયા હતા જ્યાં ઘણાં ઇંગ્રેજ, મડમો તથા પારસીઓ હાજર હતાં. સહવારનાં નવ વાગે ચીનાઓનું રાણી જોગતું માનપત્ર તેઓ આપી ગયાં હતાં તે ગવરનમેંટ હાઉસમાં જોવા સારૂં ખુલ્લું મુકેલું હતું. એ માનપત્ર મજાનાં રેશમી પીલાં કપડાં ઉપર ભરતકામ ઘણું ઊંચી જાતનું કિનારીપર બનાવીને ચીનાઇ બોલીમાં અક્ષરો તેની વચમાં પણ ભરતકામના બનાવેલા હતા, તેની હેઠળ એક બીજા રંગનાં કપડાં ઉપર ઈંગ્રેજીમાં તેનો તરજુમો છાપેલો હતો. એ માનપત્ર એક મોટો પરદો હોય તેમ ખુલ્લો મુકયો હતો, જે આસરે ૧૮ ફીટ લાંબો અને ૫ ફીટ પોહોળો

હશે. નિચે તે વિટાલવાનો દાંડો હાથીદાંતનો બનાવેલો હતો. એ માનપત્ર ઉપર ચીનાઈ ધરો તથા ઝાડપાનનું રેશમથી ભરત કીધું હતું, અને કિનારી ઊપર તરેહવાર જાનવરો તથા પંખેરાંઓ ફુલ પાન સાથે ભરેલાં હતાં. એ ઉપરાંત એક મોટું પાટિયું એટલાંજ કદનું તદન ગીલીટ તથા નકશીથી બનાવેલું હતું, જેની ઉપર પણ ચીનાઇ બોલીમાં કાંઇ લખેલું હતું. ગવરનર પોતે દીવાનખાનાંમાં ઉભો રહીને દરેક આવનાર ધણીને શેકહેંડ કરીને આવકાર આપતો હતો. એનું નામ ડીવી રયુકશ કરીને છે. બાર વાગે સઘળું ખલાસ થયું હતું. બપોરનાં ચીનાઓનું મોટું સરઘસ નિકળ્યું હતું. એ સરઘસ સહવારનાં આઠ વાગેનું નિકળેલું બધા મોહોલાઓમાં છેક સાંજનાં ચાર વાગ્યા સુધી ફર્યું હતું, અને તેઓ ચાલતાં ઠાકી જાય તે સારૂં દર બે યા ચાર માણસની પાછળ ઇસતાનો તથા બાસતીઓ લઇને કોલીઓ ચાલતા હતા. વળી ખાવાની ચીજો મીઠાઇ મેવો પણ જાત જાતની પાલખીઓમાં લઇને ચાલતા હતા. એ સરઘસ એટલું લાંબું હતું કે તેને એક જગ્યા પસાર કરતાં ત્રણ કલાક લાગ્યા હતા. સરઘસની શરૂઆતમાં એક મોટો અજદા કદર બીહામનો બલુ રંગ ઉપર ગીલીટ કીધેલો હતો. તેની પાછળ તેનું દિલ આસરે ૨૦૦ ફીટ લાંબું કામઠી ઉપર કાગલ ચોંટાડી તે ઉપર રંગીન કપડું કીધેલું બનાવેલું હતુ. એ બદન છુટા છુટા કાનકસુરાના બદનના ભાગ જેવું બનાવેલું હતું. જેની નિચે રાખેલાં માણસો તેને ઉપર હેઠળ ઊચકતા ચાલવાથી જાણે સાંપ ચાલતો હોય તેમ લાગતું હતું. એ અજદાને (Dragon) ચીનાઓ ઘણું માન આપે છે, અને પોતાના ચાસોમાં એને સૌથી સરસ ગણે છે. જેનાબી ઘર આગળથી સરઘસ પસાર થાય ત્યાંથી ચીનાઓ ફટાકડા તેની સામે નાખે છે, જે મોટા અવાજથી ફુટવા માંડે ત્યારે તેની નજદીક પેલો સાંપ તેની હેઠળના માણસો લઈ જઇને કુદે તથા નાચે છે. એ મુજબ આખો રસ્તો ફટાકડાના કાગજોથી ઉભાઇ જતો હતો. એ ઉપલો અજદા તો મોટો હતો પણ બીજા નાના અજદા આસરે દશ ફીટના કાંઈ સંખ્યાબંધ સરઘસની વચમાં વારા ફરતી

આવતા હતા, જેઓની આગળ એક માણસ દડો લઇને તેઓને જયારે દેખાડતો ત્યારે જાણે અજદહા બીહીતો હોય તેમ આગળ પાછળ કુદતો નાચતો હતો. સરઘસો ચીનાઓની જુદી જુદી ગીલ્ડસ (guilds) ના જુદા જુદા ભાગોમાં વેહેંચાઈને ચાલતાં હતાં જેઓમાં હરીફાઇને લોધે એક એકથી સરસ ભપકાદાર વાવટાઓ, પોશાકો તથા પાલખી જેવા તાબુતના આકારની બનાવતો, વાજીંત્રરો તથા ભાડે રાખેલાં માણસોને કસબી તથા ભરતના પોશાકો આપીને ચલાવતા હતા. પેહેલાં જે ગીલ્ડનું સરઘસ હોય તે સાથે તેનો મોટો વાવટો કોઇ તો ૧૫ ફીટ જેટલાં લાંબાં કપડાં તે ઊપર કસબી તીલી તથા ભરતકામ ઘણું સરસ કીધેલું તે ચાલતો હતો, જેની પાછળ તાબુત જેવી બનાવતો ચાલતી હતી. એ બનાવત બાબુ તથા કામઠીના તથા લાકડાંની બનાવી તે ઉપર કાંઇ બેસુમાર નાનાં નાનાં પુતળાંઓ, ઘરોના તથા બાગોના આકારો, મિનારાઓ તથા મોતીનાં ઝુમખા તથા ઝાલરો કાચના રંગીન દડાઓ, તથા ઘાંટો ગોથવી રંગીને ગીલીટ કીધેલું હતું. એ બનાવતો ખરેખર જોવા અને તારીફ કરવા લાયક છે. એ ઉપરાંત લાંબાં પાટિયાંપર પણ એવીજ રીતની પુતળાં તથા ઘરોની નકશી કોતરેલી બનાવતો હતી. ઊપલી તાબુતરોકી બનાવટોની અંદર જે ધંધાને લગતી ગીલ્ડની તે હોય તેની બનાવત મુકતા હતા. જેમકે જેદ પથરની બનાવત કરનારા તે પથરના વાસીસો, રકાબી ઇત્યાદી મુકતા હતા, એની આગળ તથા પાછળ ભાડેના માણસોને કસબી તથા ભરતના પોશાકો પેહેરાવી ચલાવતા હતા, અને કોઇ કોઇ સરઘસમાંતો ટટુ ઊપર તથા તાબુતરોકી પાલખીઓમાં નાનાં છોકરાંઓને અસલના પાદશાહ, રાણી તથા પેહેલવાંનોના પોશાકો પેહેરાવી બેસાડેલાં હતાં, જે બધાંઓનાં મોઢાં ઉપર સફેદ તથા લાલ રંગ પુષ્કળ લગાડેલો હતો. કોઇ કોઇ છોકરાંઓને તો બાંબુ ઉપર એક નાની બેઠક કરી તે ઉપર કમરેથી તારે કરી બાંધીને બેસાડે છે, પછી તેને લાંબા કસબી જભ્ભા પેહરાવી છેક નિચે ખોટા ચીનીના નાના અંગો લટકતા રાખે અને એક જરા મોટી છોકરીને એક બેઠક

ઉપર બેસાડી જાણે તે બાંબુ તેનાં હાથમાં આપી તે ઉપર પેલું નાનું છોકરૂં અલગ ઉભું હોય તેમ બતાવે છે. એ નાના છોકરાંઓ ભાગ્યે પાંચ છ વરસનાં હશે, અને તેઓને આટલા બધા કલાક એ મુજબ સરઘસમાં ચલાવ્યાથી કોઇ કોઈ તો એટલાં થાકી ગયલાં કે આંચકા તથા વાજીંત્રના કાનના બેહેર ફાડી નાખે તેવા અવાજો છતાંબી તેઓ સુસ્ત બનીને ઊંઘાઇ જતાં હતાં. તથા કોઇના મોહોડાંમાંથી લર્બ વતીક ગળતી હતી. એ છોકરાંઓ દુરથી જાણે બાંબુ ઉપર પુતળાં બેસાડયાં હોય તેમ તેઓ હીલી નહીં શકવાથી લાગતાં હતાં. બધા દેખાવમાં એ અમોને તદન પસંદ પડેયો નહી. બચારાં કુમળા બાળકો ઊપર એ કાંઇ થોડી જફા હતી નહી. એ સરઘસવાળાઓ એવાં છોકરાંઓનાં માબાપોને એક બે ડાલર તેઓનાં છોકરાંઓને ફેરવવા સારૂ આપે છે. એ પ્રમાણે એક પછી એક જુદી જુદી ગીલ્ડમાં જુદા જુદા તેના મોટા વેપારીઓ સરઘસમાં ગંભીરપણાથી પંખા ખાતા ચાલતા હતા તથા સરઘસ થોભે ત્યારે બાજતો મુકાવીને બેસતા હતા. અમોને એ સરઘસ અધુરૂં મળ્યું હતું તોબી નજદીક બે કલાક તેને હમારી આગળથી પસાર થતા લાગ્યા હતા. અને તેટલો વખ્ત હમો-થી આગળ વધી શકાયું ન હતું. અમો તો પુરૂં થયા પછી થોડા-એક મોહોલાઓમાં ફરી બંગલે ગયા હતા, અને રાતના ફરીથી સર-ઘસ નીકળવાનું હતું તે જોવા કુવીન્સ રોડ ઉપર શેઠ ફરામજી હોર-મસજી મેહેતાની હાશીસવાલા મુકામ ઉપર ગયા જ્યાં એ પેહેડીવાલા શે હોરમસજી મેરવાનજી મેહેતાએ અમારી સારી માવજત કરીને પાછ-ળથી સ્ટીમ લાંચમાં બારામાં પણ ફેરવી લાવ્યા હતા. અમોને તેવ-નની હાશીસપર જતાં અવારૂં થયું હતું, અને એ વખ્તે રસ્તામ પાલેખી તથા જીનરીકક્ષા ફરવાનો હોકમ નહી હોવાથી અમોને પગે ચાલીને જેવું પડયું હતું. જે વખ્તે સરઘસ માહેલા સાથે ભીડ ઘણી હોવાથી સરઘસને ઘણા ભાગોમાં વેંહેંચી નાખેલું અમોને વારાફર્ત મળતું હતું. રાતના સરઘસ દીસના સરઘસ કરતાં તદન જુદીજ બનાવતોનાં અંદરથી રોશણી મુકેલી દીસે તેવા હતાં. એ

સરપસ માછલીવાળાનું હતું જેમાં મોટી મોટી બોઇ તથા રામસ માછલી કામઠી તથા કાંજીની બનાવતનાં કાગળોની હતી, જેમાં રેશણી મુકવાથી માછલી બરોબર દીસ્તી હતી. તાબુતરેકી બનાવતોબી તદન સફેદ તથા રંગીન ફુલની આરપાર દીસે તેવી બનાવેલી હતી. કોઇ ઊપર નેતનાં જેવું કપડું જડેલું, અને ફુલ પાન તેનાજ કાપી બનાવેલા તેથી તેની અંદરની તથા મોહોલાની રેશણીથી ઘણાં શોભતાં હતાં. એ જોયા પછી સ્ટીમ ટગમાં બેસી બારાંમાંથી શેહેરની રેશણીનો બાહાર જોવા ગયા હતા. એ રેશણી કાંઇ જુદીજ તરાંહની અને નવાઇ જેવી લાગતી હતી. હાંગકાંગ શેહેર જેમ અગાઉ જણાવ્યું છે તેમ ડુંગર ઊપર છે, અને મોહોલાનાં ઘણાંખરાં ઘેરો, બંગલાઓ, બાગો, દેવલના મિનારાઓ, કરાસો તથા ડુંગર ઉપરનાં બોવન રેડ તથા ટ્રામવેના રસ્તા તથા પાહાડને મથાળેના ભાગને લાઇનની માફક મુકેલી બતીઓ તથા છેક વાવતાકાડી સુધી કીધેલી રેશણી ચીનાઇ તથા જાપાનીસ ફાંણુસોથી મોટો ભાગ અને કોઈ કોઈ ગેસ તથા તેલની બતીઓનો કીધેલો અને કિનારાપરનો પરાંઓના રસ્તા ઉપરની આરીસો તથા બેંકની પાદશાહી ઈમારતો છેક નિચેથી ઉપર સુધી બતીઓનાં ફાણુસોથી ભરી નાખેલી તેનો દેખાવ એવો તો વિચિત્ર લાગતો હતો કે તેની તારીફ અમો કશીબી કરી શકતા નથી. તેમાં ડુંગર ઊપરની રેશણીથી જાણે અંધારામાં હવામાં મેહેલો અને દેવળો બાંધ્યા હોય તેમ દીસ્તું હતું. અત્રેની જાણીતી અમેરિકન પેહેડી રસલ કંપનીને નામે છે તેઓએ પોતાની ચાર મજલાની હવેલીને ફાંણુસોથી જાણે એક ગંજાવર અમેરિકન વાવટો તારા અને પતાનો બનાવેલો હોય, તેમ શણગારી હતી, જે દેખાવ ઘણોજ સારો લાગતો હતો. સ્ટીમર કંપનીવાળાઓએ સ્ટીમરના આકારો ગેસથી બનાવેલા હતા. કોઇ ગમ રાણીની તસ્વીર રેશણીની તથા ફુલોની બનાવી મુકી હતી. કલાક ટાવર તો જાણે ઝવેરાતનો રંગીન બનાવેલો હતો, વળી જગે જગ આતશબાજી તથા બાંનો જથ્થાબંધ ઊડતા હતા. પાહાડોને મથાળે મોટાં બલતાંની રેશિણી સલગાવેલી તથા બંધ તરફથી રંગીન બપોરિયા સલગાવેલા

હતા. બારાંમાંનાં વાહાંણો તથા સ્ટીમરોની આઊટલાઇનસ ફાંનુસોથી કાહાડેલી તથા ઘણી નાની સ્ટીમ લાંચો તથા બોટો એજ માફક શીણગારીને દરિયામાં જોવા નિકળેલા ઊતારૂઓ સાથે ફરે અને તે વેળા ઇગ્રેજ ઊતારૂઓ રાણીની સલામતીનાં ગીતો ગાય તથા સ્ટીમરો અને મનવારો ઉપર આતશબાજી થાય એ સઘળો દેખાવ જાણે ખરેખર અરેબીયન નાઇટસની વાર્તા જેવો બની રહ્યો હતો. એ મુજબ જમીનથી આસમાન સુધી અને બધી બાજુ ફરતી ત્રણ ચાર માઇલ સુધીની રોશણી થાઇ રહી હતી. અમોએ વેલાત તરફ તથા મુંબઇની જુબીલીની રોશણી તથા એવા બીજાં ઇલ્યુંમીશનો જોયાં છે, પણ તે કરતાં આએ ટાપુ નાનું હોવાથી તથા બધાંઓ ઉલટમાં આવ્યાથી એ રોશણી ઘણીજ સરસ લાગતી હતી. તેમાં ડુંગરપરના ઘરોએ મોટી મદદ કીધી હતી. હમો સ્તીમ લાંચમાં બારામાં ફરીને પછી ઓસ્ત્રો હંગેરીયન લાઇનની સ્તીમર તીતેનીયા બારામાં હતી તે ઊપર એ કપનીના એજંટના નોતરાંથી ગયા હતા. સ્તીમ લાંચ જેમાં અમો હતા તેપણ તેનીજ હતી, અને તે એજંટ અમારી સાથે પોતાના થોડાએક દોસ્તોને પણ લાવેલો હતો. સ્તીમરપર હમારી પરોનાગટ ઘણી સારી રીતે કીધી હતી. જયાં હમો આસરે પોણો કલાક થોભી ઇલીયુમીનેશન જોયું હતું, અને પછી કિનારે જાઈ શેહેરના અંદરના ભાગનું ઈલીયુમીનેશન જોયું હતું. બધે ચીનાઇ તથા જાપાનીસ ફાનસોથી રોશણી કીધેલી હતી. મોહોલાઓમાં થોડે થોડે ટપ્પે મોટાં આરકાંઓ જાણે દુરથી ગીલીટ તથા રંગનાં ઘરો હોય તેમ મિનારા સુધાં ગોઠવેલાં હતાં. કુવીનસ રોડના મોહોલાની બેઉ બાજુએ ફાણુસોની હાર ટાંગી હતી. ઘરો ઉપર રોશણી કીધાથી અને તેમાં કોઇ કોઇ ઊપર તો જુદી જુદી યુકિતની રોશણી જેવી કે તાજની—તારાની—સખીઓની—રાણીને દુવાના અક્ષરોની એમ આવ્યાથી ઘણું રળિયામણું લાગતું હતું. આપણા અત્રેના જરતોસ્તીઓએ પણ ઘણી સારી રોશણી કરી હતી. ચીનાઓના શેહેરના ભાગમાં પણ રોશણી સારી હતી. તેઓએ મોહોલાઓમાં જેમ કનતાન શેહેરના એક મોહોલામાં અમોએ જોયું તેમ તેઓના

ધર્મને લગતી મુર્તિઓની બનાવતો ટાંગેલી હતી, તથા વચમાં માડવ નાંખીને ઝુંમરો તથા બતીથી રોશણી કીધી હતી, જેથી જાણે 'દીવાનખાનામાં ફરતા હોય તેવું લાગતું હતું. સાંભળવા મુજબ ચીનાઓએ પોત પોતામાં પચાસથી સાઠ હજાર ડાલરનું ફંડ જુબીલી સારૂં ઊભું કીધું છે, જેમાંથી દસ હજાર ડાલર જેનરલ ફંડમાં આપ્યા છે. બાકીનામાંથી પોતાની ચેમબર ઓવ કોમર્સની ઈમારત બનાવવા તથા લાઇબ્રેરી ઉભી કરવાના છે. એ ઉપરાંત તેઓ જે સરઘસો કહાડે છે તેનો ખરચ પણ હજારો ડાલર થયો છે. એ સરઘસો સારૂ કનતાનથી વાજાં વજાડનારા તથા બીજાઓને લાવેલા છે. સઘળી બનાવતો તથા પોશાકો ભાડે મળે છે તેથી ત્યાંથી લાવ્યા છે, તથા કેટલાક ગીલ્ડસો તો પોતાને ત્યાં દર સાલ તેઓના તેહેવારો ઉપર સરઘસો કહાડવા રાખી મુકે છે. આજની ધામધુમમાં મોટો ભાગ ચીનાઓનો હતો, અને આખું શેહેર તેઓને માટે મોજ કરવા ખુલ્લું મુકયું હોય તેમ ઉભાઈ જતા હતા. સરકારી બાગમાં વટિક માંચરા બાંધી ત્યાં નાટકો તથા ગાયણો ચાલુ રાખ્યાં હતાં.

તા૦ ૧૦ મી નવેમબર સને ૧૮૮૭—આજે કેથે કાંઈ જોવા લાયક જગ્યા પર ગયા હતા નહીં. આખો દીવસ ચીનાઓ ગઇ કાલની માફક સરઘસો કહાડીને ફરતા હતા, અને જેઓના ઘોલ છમછમ્યાનાં અવાજથી કંટાલો આવતો હતો. સાંજના ફરવા નીકળ્યા ત્યારેબી એઓનાં સરઘસો રસ્તે રસ્તે મલતાં હતાં. આજે રાતના જુબીલી કમીટી તરફથી ઈહાંના સીટી હાલમાં બાલ થયો હતો ત્યાં ગયા હતા, જેમાં આસરે ૮૦૦ જણા આવ્યા હતા.

તા૦ ૧૧ મી નવેમબર સને ૧૮૮૭—આજે બપોર સુધી ઇહાંની ચીનાઇ બનાવતોને લગતી દુકાણોમાં ફર્યા હતા. સાંજના કેનડી રોડ કરીને ડુંગર ઊપર બોવન રોડની હેઠાણમાં રસ્તો છે ત્યાંથી ફરીને કુવીન્સ રોડને રસ્તે પાછા ફર્યા હતા અને રાતના ૧૦ વાગેને ઇહાંના સરકારી બાગમાં એલીસ મેમોરીયલ હાસપીટાલને મદદ આપવા સારૂં આલફ્રેસ્કો (Alfresco) હતો ત્યાં ગયા હતા, જ્યાં ચીનાઓને

લગતી ગમત ઉપરાંત ફેનસી બજાર ઈહાંના જાણીતા યુરોપિયનોએ ઉભું કીધું હતું, ત્યાં નાટક અને આતશબાજી પણ કીધી હતી. તે ઉપરાંત ચીનાઓ જે સરઘસમાં માછલીના તથા બીજા આકારો લઈને ફરે છે, તેઓને પણ હારબંધ ત્યાં લાવીને ગોઠવી તેમાં રોશણી કીધી હતી, જેનો દેખાવ સારો લાગતો હતો, તથા બાગમાં સંખ્યાબંધ રોશણી કીધી હતી. એ જોવા જવાની ડાલર ૧ ની ફી હતી.

તા૦ ૧૨ મી નવેમબર સને ૧૮૮૭—આજે અત્રેની વેસ્ટ એંડ તરફ આવેલી રોપ (દોરડાંની) મેન્યુફેકટરી જોવા ગયા હતા. એ એક કંપનીની મીલકત છે, જેની ઠાપણ ડાલર ૧૬૦૦૦૦ ની છે. મનીલાથી ઈહાં ગાંસડીઓમાં બંધાઈને સન આવે છે. એ સન (Hemp) નું ઝાડ સાંભલવા મુજબ કેલનાં ઝાડનાં જેવું આવે છે તેની છાલમાંથી માવો કોહાડીને કાહાડી નાંખી તેના શાખા લાંબી દોરી જેવા હોય છે, તેનું દોરડું વણવામાં આવે છે. એ શાખાને ઈહાં લાવીને પેહેલાં એક જાતના સાંચામાં ઝીના નીખ્યાની માફક સલયા હોય છે તેથી છુટા પાડવા ઉપરાંત કચરો પણ કાહાડી નાખે છે, અને પછી તેમાંજ એક રોલરમાં ડબાઈ તે લાંબા અને સરખા થાય છે. એ મુજબ ચાર એવી જાતના સાંચાઓમાં પસાર કરીને પછી બીજા એક સાંચામાં તેને મુકે છે જેમાં તે પાછા ઝીના સલીયાઓની વચમાંથી થઈને એક નાનાં હોલમાં તે શાખાના દોરા એકઠા થઇને તેની સામેથી એક ચકર ફરતું રહે છે તેથી વલ અપાઈને રૂનું સુતર વણાય છે તેમ એની સુતલી થાય છે. એવી સુતલીના પછી જેવી જાડાઇનાં દોરડાં જોઇયે તેટલી સુતલીઓને વલ આપી જાડી બનાવતા જાય છે. ઇહાં આપણા હાથની કાંડી જેટલું જાડું દોરડું બનાવે છે. તે જોઈને પછી સાંજના શુઇકીવાન કરીને છેક ઊગમણુ ભાગ છે ત્યાં ફર્યા હતા. એ જગ્યા પર જવાનો રસ્તો દરીયેકીનારેથી પરાયાના મારગે છે, પણ બીજું ત્યાં કાંઈ જોવા લાયક નથી.

તા૦ ૧૩ મી નવેમબર સને ૧૮૮૭ આજે અત્રેના વીકટોરીયા હોટેળના માલેક શેઠ દોરાબજી નવરોજજીએ તેમના કાઉલુંનના બંગલામાં

બોલાવેઆ હતા ત્યાં ગયા હતા ત્યાંબધી જગાઓપર અમોને ફેરવ્યા હતા. એ જગ્યાપર આસતે આસતે બંગલાઓ બંધાતા જાય છે, અને દંકાઓ, ગોડાઉનો તથા સરકારી વાહાણો બાંધવાની ગોદીઓ આવવાથી આગલ ચાલતાં એ જમીનની કીમત વધી જશે એવું લાગે છે.

તા૦ ૧૪ મી નવેમબર સને ૧૮૮૭—આજે કલાક ૧૧ વાગેને ઈહિંની ચાઇનીસ શુગર રીફાઇનીંગ ફેકટરી જે જારડીન મેઠીસનની કંપની હસતક છે તે જોવા ગયા હતા. જાવા તથા બતેવયા તરફથી હલકી જાતની લાલ તથા કાલા રંગની ખાંડ ઈહિં મંગાવીને તેને રીફાઇન કરી શાકરીયા ખાંડ સફેદ બનાવે છે. પેહેલાં જાવાની ખાંડને એક મોટાં બધાંનામાં પાણી સાથે નાંખી ઊકાલી તેનો શીરો બનાવે છે. એ વખ્તે બધાંનામાં એક સળયાનો સંચો છે તેથી તે ખાંડ ઉકળે છે, તેને આખો વખ્ત હીલવ્યા કરે છે, અને તેમાંનો કચરો જે ખાંડ થાને હળકો હોય છે તે ઊપર તરી આવે છે તેને કાહાડી નાખે છે. પછી એ શીરો જે તદન કાળા રંગનો થાય છે, તેને નલીઓમાંથી લઈ જઇને એક બીજા મોટાં વાસણુમાં કોઠળીઓ કપડાંની બનાવેલી રાખે છે તેમાંથી ગાલી કાહાડે છે, જેથી મતોડાં જેવો કાંઈબી કચરો હોય છે તે સાફ થઇને નીતરો શીરો બાહાર પડે છે તે જરા સ્વચ્છ લાલ જેવો થાય છે. એ શીરાને પછી બીજી મોટી તાંકીઓમાં નાખે છે, જેમાં કોએલા રાખે છે તેનાં પડોમાંથી શીરો ગળાઇને નીતરો સફેદ પાણી જેવો થઈને બાહાર પડે છે. એ પાણીમાં ૫૦ ભાગ ખાંડના અને ૫૦ ભાગ પાણીના હોય છે. તેને એક મોટા જનતરમાં નાખે છે, અને તે જનતરની અંદર સંખ્યાબંધ બાફની નળીઓ હોય છે તેથી તે પાણી જેવા શીરામાંથી પાણી વરાલ રૂપે ઉડી જાય છે ત્યાં સુધી કરે છે, અને તેમાંથી ધાડો જેવો બાકી રહેલો શીરો એક જુદા સંચામાં મોકલે છે. એ સંચો એક મોટું ગોળ વાસણ છે, તે સંચાથી ગોળ ચક્કર એટલું તો જોરથી ફરે છે કે તેમાંનો શીરો તેની બાજુએ દબાઈને ચકરાવાના જોરથી (Revolution) તેમાંનું પાણી તદન નીચવાઇ જાય છે, અને સુકી ક્રીસટલ જેવી ખાંડ આસપાસ બંધાઇ જાય

છે. જેમ કપડાં ધોઇને સુકવવાના સંચામાં કપડાં સુકવે છે તેજ માફક એ ખાંડ પણ સુકી થોડા વખ્તમાં થઇ જાય છે, જેને ઓખવીને બાહાર કાહાડી કોઠલીઓમા પેક કરે છે. જો પેહેલાં ખાંડ સારી અને થોડા કચરાના ભેલની વાપરે છે તો તેમાંથી ૨૫ ટકા કચરો નિકળીને તદન પાસાદાર ખાંડ સફેદ બરફ જેવી બને છે, પણ જેમ હલકી ખાંડ જાવાની યા ચીનાઈ વાપરે છે તેની જરા શામલા રંગની અને ઝીણી નિકળે છે. જો ઘણીજ હલકી ખાંડ સાફ કરી સફેદ બરફ જેવી બનાવે તો તેમાંથી ૪૦ ટકા જેટલો કચરો નિકળવાથી તે પરવડે નહી તેથી તેને ભુરા રંગની તથા મેદા જેવીજ રાખે છે. જો શાકર એમાંથી બનાવવી હોય તો પેહેલાં નંબરની ખાંડનો શીરો બનાવી તેનાં વાસણમાં ઊભી દોરીઓ બાંધે છે, અને શીરાને પોતાની મેળે ઠંડો પડવા દે છે તેથી તે ખાંડ સુતરીની આસપાસ ક્રીસટલની માફક જહામાં બંધાઈ જાય છે તેની ખરી શાકર બને છે. ખાંડના શીરામાંથી કચરા જેવો જે શીરો રહે છે તેમાંથી રમ જાતનો દારૂ પણ બનાવે છે, જે સારૂં જુદું કારખાનું છે તે અમારા જોવામાં આવ્યું હતું નહી. આજે સાંજના પરાયાના કિનારા ઉપર ફર્યા હતા.

તા૦ ૧૫ મી નવેમબર સને ૧૮૮૭—આજે બપોરના કલાક ૧૨—૩૦ મીનીટે મીશાજીરીસ મેરીતીમસ કંપનીની (ફ્રેંન્ચ મેલ) સ્ટીમર ઇરાવાદીમાં સવાર થઇને હાંગકાંગ શેહેર છોડયું હતું. હાંગકાંગના જરતોસ્તીઓ ઘણા ખરા સારી હાલતમાં અને પોતાનો ટેક જાલવી રાખે છે. આગલ ઇહાં એઓનાં ઘણાં એસટેટો હતાં, પણ વચમાં જમીનનો ભાવ ઘણો વધયાથી મોટા ભાગે તે વેચી નાખયાં છે. ત્યાર પછીબી એસટેટનો ભાવ વધીને સવાયો દોઢો થયો છે. અમે હાંગકાંગની વીગત આગલ કનતાન જવા આગમજ લખી છે તેથી વધુ કશું નથી. ચીનાઓની રીતભાતબી જેમ અમોને ખબર પડતી ગઇ અને જોતા ગયા તેમ લખતા આવેલા છીયે. તે ઊપરાંત એક બીજી ખબર ગઈ પરમ દીને એક અકસમાત થયો તે પરથી માલમ પડી છે. ચીનાઓનાં મુડદાં ઘેરમાંથી જો માલપર મરણ પાવેલો હોય

છે તો હેઠલનાં બારણાંને રસ્તે કાહાડતા નથી, પણ માલપરની એક બારીએથી કાહાડે છે તે સારૂ રસ્તામાંથીજ માંચડો બાંધીને એક નાની સીડીને રસ્તે નીચે લાવે છે. એ મુજબ ગઈ પરમ દીને એક ચીનો મરણ પામ્યો હશે, તેની મુડદાંની પેટી બારીને રસ્તે માચડા પર લાવીને ત્યાં તેનો છોકરો તે બંધ કરવા સારૂં ઇસ્કોરૂં તેની ઉપર ફેરવતો હતો. હવે પૈસાદાર ચીનાઓ મુડદાંઓની પેટી ઘણીજ મકમ અને ભારી લાકડાંની બનાવે છે, તેનો. વજન ઊપલો માચડો ખમી શક્યો નહીં અને વચમાંથી તેના ટેકાના થાંભલાઓ ભાંગી જવાથી સઘલાઓ માચડાની સાથે નીચે જમીન ઉપર ૧૫ ફીટ ઊંચાઈએથી પડયા હતા તેમાં પેલા છોકરા ઊપરજ પોતાના મુવેલા બાપવાલી પેટી પડવાથી તે કચડાઈને મરણ પામ્યો હતો તે ઉપરાંત તેનાં ઘેરની બે ચાર ઓરતોબી જખમી થઈ હતી. એ વીગત ઉપરથી માલમ પડે છે કે ચીનાઓ વેહેમને લીધે મુડદાંની પેટી બારણાને રસ્તે બહાર કહાડતા નથી, પણ બારીએથી માચડો નવો બાંધીને કહાડે છે. ચીનાઓ મુવેલાને માન ઘણું આપે છે પણ તેઓ તેનેથી દરે છે કે તે પાછો ભુત થઈને ઘેરમાં આવશે તેથી તેને સીધો રસ્તો દેખાડતા નથી અને રસ્તામાં ચાલતાં કાગજો બાલીને તથા કટકાઓ ઊડારીને જાણે તેથી તે મરનારનો જીવ દુર રહે તેમ કરે છે.

મુવેલાંને દાટયા પછી તેનું નામબી ચીનાઓ દેતા નથી. જો કોઈ અંજાણો તેને વીશે પુછે છે તો પોતાનું મોઢું ફેરવી તેને ઇસારતમાં તે વાત ના કર કરી કહે છે, કે રખેને તેનું નામ દીધાથી તે પાછો આવી હેરાન કરે. ચીન દેશ ઘણો મોટો છે. તેનો વિસ્તાર ૪૪૧૯૧૫૯ ચોરસ માઇલનો, અને વસ્તી આસરે ૩૭ કરોડ માણસોની કહેવાય છે. એ વસ્તી ઘણાં વરસો થયાં એમની એમ અમો સાંભળતા આવ્યા છીએ, અને વધતી નથી તેનું કારણ એ લાગે છે કે ચીનાઇ સરકાર પોતાની રૈયતની કશી દરકાર કરતી હોય તેવું લાગતું નથી. દર સાલ મોટો દુકાલ, રેલ અને આગની આફતો એ દેશમાં પડે છે, અને કરોડો જીવની હાણી થાય છે. તે જાણે કુતરાં, બિલાડાં મરતાં હોય તેમ તેની કશી દરકાર કોઇ કરતું નથી. રૈયતને જેમ ગમે તેમ

જીવવા દે છે. રસ્તા તથા વેપારની સગવડ કશી કરતા નથી. જે મોટા રસ્તાઓ તથા નેહેરો છે તેને લીધેજ આટલો પણ એ દેશ ટકી રહ્યો છે. તે ઘણા આગળા વખ્તના બનાવેલા છે હમણા તો દેશે દેશની આવકનાં જાણે લીલાંઉ થાય છે, અને જે ઘણી વધતી મેહેસુલ આપે તેની પાસથી રોકડ લઈને પછી તેની દયા ઉપર તે શેહેરોને રાખે છે. તે ઘણી અલબતાં પોતે કમાવાને ખાતર એ કંટરાકટ લે છે, અને રૈયતને નિચવે છે તેથી લોક બધું ઈહાંનું ઘણુંજ કંગાલ હાલતમાં રહે છે. હમણાં બે મહિના થયા તીનસીન પ્રગણામાંની યલો રીવર નદીનો બંદ ફાટો હતો. જેથી રેલ આવીને સાંભળવા મુજબ ૧૦ લાખ માણસો તેથી મરણ પામવા ઉપરાંત કરોડો લોક ઘેરબાર વગરનાં થઈ ગયાં છે. હવે તેઓને મદદ થોડીઘણી કીધી, નહીં કીધી તેવું કરીને હમણાં ચીનાઇ વર્તમાનપત્રોમાં છાપ્યું છે કે એ નદીનો પુશતો પાછો બાંધવા સારૂં પૈસા જોઈયે છે. તેથી દેશેદેશના ગવરનરોના તથા બીજા મોટા ઓધાઓને સારૂં માગણીઓ લેવી અને જે વધતા પૈસા આપે તેને તે આપવી તથા માદરીનના તથા બીજા ખેતાબો પણ વેચીને પૈસા એકઠા કરવા. એ પ્રમાણે ઈહાં કામ ચાલે છે ત્યારે રૈયત કેમ સુખી રહે? રૈયત ઊપર કર કશો નાંખતા નથી. પણ જગાતથી આવક કરે છે જે ઘણું દમ જેવું ન હોવાથી ઊપર મુજબ ઓધાઓનાં લીલાંઊ થાય છે. જો ચીનાઓ જીત પકડે નહીં અને રેલ્વેઓ બાંધવા દીયે તથા બીજાં એમનાં બંદરોમાં આગબોટ જવા દીએ તો દેશને વેપારથી ઘણો ફાયદો થાય. પણ તેમ કીધાથી લોક ભુખે મરે કરી કશું કરતા નથી. અને કરવા બીજાઓને દેતા પણ નથી. થોડુંએક પર શેંહેંઘાઈથી વુસંગ સુધી વીશ માઇલની રેલ્વે સડક પરદેશીઓએ બાંધી હતી. તે બીજે વરસે ચીનની સરકારે વેચાતી લેઇને પાછી ભાંજી નાંખી હતી અને હમણાંબી રૈલ્વે બાબે ચારવણી ઘણી થાય છે, પણ તેમાં ફતેહ મળે તેવું દીસતું નથી.

તા૦ ૧૬ મી નવેમબર સને ૧૮૮૭—આજે આખો દિવસ દરિયો જોરમાં હતો, અને સ્ટીમર ઘણા ડોલા ખાતી હતી, વીદળ ગણુ

ઘણું ઘેરાયલું હતું. બપોરના બાર વાગા સુધી સ્ટીમરે ૨૪ કલાકમાં ૩૦૬ માઈલની મંજલ કાપી હતી. અમારી સાથે ઊતારૂઓનો મોટો ભાગ ફ્રેન્ચ રીજમીટના અમલદારો તોનકવીનથી પોતાને દેશ જવા સારૂં ચહડેલા છે. સ્ટીમરમાં સઘળું ફ્રેન્ચ બોલીમાં કામકાજ થાય છે, પણ થોડાક સ્ટુઅર્ડો ઇંગ્રેજી બોલી શકવાથી અમોને ઝાઝી અડચણ પડતી નથી. ઉતારૂઓ આસરે ૩૦ જણા હશે તેમાં ત્રણ ચીનાઓ મારસેલસ જવા આવેલા છે, બાકીના તુતક ઊપરના ઊતારૂ ચીનાઓ આસરે એકસો ઊપર હશે જેઓનો મોટો ભાગ સીંગાપોર જવાનો છે. એ લોકોને તુતક ઊપર રેહેવાથી દરિયો જોરમાં છે તેથી અલબતે ઘણી અડચણ ખમવી પડતી હશે.

તા૦ ૧૭ મી નવેમબર સને ૧૮૮૭—ગઈ રાતથી દરિયો ઘણો જોરમાં હોવાથી આખી રાત સ્ટીમર એટલી તો ડોલતી હતી, કે રાતનાં ઊંઘ પણ બરાબર આવી ન હતી. સહવારનાં પણ એજ માફક આજે હતું અને દરિયાના મોજા જાણે ડુંગર જેવા મોટા લાગતા હતા. તેથી સ્ટીમરનો પાછલો ભાગ જ્યારે ઊંચકાતો ત્યારે ઈસ્કોરૂં એકદમ પાણીની બહાર આવવાથી તેનો ઘણો મોટો અવાજ થતો હતો. પવન પણ થોડો ઘણો હતો ધારવા મેલે આ બાજુ પર ચોમાસું બેસવાના દિવસો નજદીકમાં હોવાથી એ મુજબ દરિયો જોરમાં હતો. આખરે કપતાને સ્ટીમરને જમીનની નજદીકથી ચલાવવા માંડી, ત્યારે તેનું ડોલા ખાવાનું જરા નરમ પડયું હતું. સહવારના આઠ વાગેથી એનામ (Annam) દેશનો કિનારો દીસવા લાગ્યો હતો, અને આખો દિવસ છેક સાંજ સુધી એજ માફક સ્ટીમરને કિનારેથી ભાયગે એક માઇલ દુરથી ચલાવી હતી જેથી સઘલા પહાડો તથા જમીન બરોબર દીસતી હતી. બપોર પછી કોચીન ચાએનાનો કિનારો મલવા લાગ્યો હતો, પણ અંધારૂં થવા પછી સ્ટીમર પાછી ભરદરિયે ચલાવી હતી અને તેટલાં દરિયાનું જોર પણ થોડો ઘણો વરસાદ પડવાથી નરમ પડી ગયુ હતું. આજે બપોરના ૧૨ વાગા સુધીના ૨૪ કલાકમાં દરિયો સઘળી રીતે જોરમાં હોવાથી ૪૨૯ માઈલની મંજલ સ્ટીમરે કાપી હતી, જે

કલાકના ૧૮ નોટને આસરે હતી. એટલી ઝડપથી દરિયામાં ચાલેલી સ્ટીમર બીજી અમોએ જોઇ નથી.

તા૦ ૧૮ મી નવેમબર સને ૧૮૮૭—આજે પાછલી રાતના ૪—૩૦ મીનીટે અમારી સ્ટીમર ઉપરથી ટોપ પડી ત્યારે જાણ્યું કે અમો ફ્રેન્ચ લોકોના કોચીન ચાએનાના સંસ્થાન સેગોન (Saigon) શેહેરમાં આવી પુગ્યા હતા, અને આસરે છ વાગે નદીને કાંઠેના ડકા ઉપર સ્ટીમર આવી ઉભી હતી. હાંગકાંગથી શેગોન ૯૫૨ માઇલ દુર છે. આજે આખો દિવસ વાદલ ઘેરાયલું તથા વરસાદ આવતો હતો. અમારી સ્ટીમરની સામેથી અમોને બે જરતોસ્તી સાહેબો એજ કંપનીની આફીસમાં જતા દેખાયા હતા. અમોને સ્વપ્નામાંબી નહી હતું કે શેગોનમાં જરતોસ્તીઓ હશે તેથી અમો તે આફીસમાં ગયા, અને તેઓ સાથે ઓળખ કીધી જે ઉપરથી માલમ પડયું કે શેઠ પેસતનજી હોરમસજી આજે ૧૫ વરસ થયા ઈહાં અને કેમબોડજ વચે પોતાનો વેપાર ચલાવે છે અને બે વરસ થયા તેવણની સાથે તેવણના ભાણેજ શેઠ દીનશાહજી તલાટી પણ ઈહાં આવેલા છે. તેવણ સેગોનમાં પરચુટણ સામાનની દુકાન રાખે છે, પણ સાંભલીને દલગીર થયા હતા કે ફ્રેન્ચ સરકારે ગઈ તા૦ ૧લી જુલાઇથી વેપારની જણસો ઉપર જગાત ઘણી મોટી નાખવાથી પેહેલા શેઠને પોતાનો ઇહાંનો વહીવટ નહી પરવડતો હોવાથી તે બંધ કરીને તેવણ અમારી વાલીજ સ્ટીમરમાં સીંગાપોર જવા નિકળ્યા છે, અને એવણના ભાણેજ બીજા પંદર દિવસમાં દુકાનનો સામાન વેચીને સીંગાપોર જશે. એ સાહેબોની અતરે એક સ્ટીમર સેગોન અને કેમબોડજ વચે દોડતી હતી, તથા પદરખાનું તથા સોડવાટરનું કારખાનું હતું, તે સઘળું એવણે હમણા વેચી નાખ્યું છે. એવણ કેમબોડજની મ્યુનિસિપલ કાઉનસીલના એક મેમબર છે, તથા એજ દેશની ખેતીવાડી, વેપાર અને હુનરની કમીટીનાબી સભાસદ છે. આગલ એવણે પોતે એક સ્ટીમર સીયામ દેશના બેનકોક શેહેરમાં બાંધી હતી, અને પાંચ વરસ સુધી તેવણ પોતે તેના કપતાન દા-

ખલ સીયામ અને કેમબોડજ વચે તેને ફેરવતા હતા. પણ પાછળથી તે પરવડયું નહી તેથી કેમબોડજમાં જઇ રહી પોતે વેપાર કરવા માંડયો હતો, અને આજે એક મહિનો અગાઊ ત્યાંથી સેગોન સુધી પોતાની ધણિયાતી સ્ટીમર ઘણા વરસો થયા ફેરવતા હતા. એવણના કહેવા મુજબ આગળ ઈહાંના વેપારમાં એકના બમણા થતા હતા એટલો નફો હતો, પણ હમણા ગઈ તા૰ ૧લી જુલાઈથી ફ્રેન્ચ સરકારે પચાશથી સો ટકા સુધી બહાર દેશાવરના માલો ઉપર જગાત નાખવાથી વેપારનો કશ જતો રહ્યો છે, અને તેને લીધે ઘણું વેપારી લોક સેગોન છોડી ગયું છે અને હજીબી જતું રહે છે. એ બાબે ઘણી અરજીઓ ઈહાંના તથા સીંગાપોર અને બીજા દેશોના લોકોએ કીધી પણ તેને કશો વજન મલ્યો નહી. આગળ જે રોજ એક બે સ્ટીમર તથા વાહાંણુ આવજાવ કરતાં હતાં તે બધાં બંધ થઈ ગયાં છે અને ભાયગે આઠ દહાડે એક બે વાહાંણો માલ લાવ લઈજાવ કરે છે. એ જગાત જે નાખી છે તે ફ્રેન્ચ દેશ તથા તેના સંસ્થાનના માલ ઉપર નથી નાખી પણ બીજાં દેશાવરોના માલ ઉપર નાખી છે. પણ વેપાર ફ્રેન્ચ સંસ્થાનો સાથે કશો ન હોવાથી સઘળું ઈહાં પડી ભાગ્યું છે. ઈહાં વેલાતી ઉપરાંત મુંબઇના સુતર તથા કાપડનો પણ વેપાર સિયામ રસ્તે સારો હતો પણ હવે તે બંધ થઈ ગયો છે.

ફ્રેન્ચ ખુદ સિવાય બીજા બધા રેહેવાસીઓને માણસ દીઠ કર (Poll Tax) આપવો પડે છે તથા વેપાર સારૂં લાઈસન્સ પણ લેવું પડે છે. ઈહાં કાંઈ જોવા લાયક નથી પણ શેહેર ફ્રેન્ચને લગતું હોવાથી તથા નવું વસાવેલું હોવાથી મોહોલા સીધા અને સરખા તથા બધે છાયડાનાં ઝાડો રોપી ફ્રેન્ચ દેશનાંબીજાં શેહેરો માફક રળિયામણું બનાવેલું છે. વેપારી ભાગ પરની ઈમારતોબી માફકસરની સારી છે તે તરફ ફરીને ઈહાંથી ત્રણ માઇલ દુર જુતું સેગોન શેહેર જેને ચુલોં (Chulon) કરી કહે છે ત્યાં ગયા હતા જ્યાંની વસ્તી સારી છે પણ કાંઇ જોવા લાયક નથી. અત્રે વનસપતીથી જગ્યા લીલોત્રીરી ભરેલી

લાગતી હતી અને નાલીએરીનાં ઝાડો તથા ગીચ ઝાડપાન ઘણાં દીસતાં હતાં જેઓની હેઠલ નાનાં ઝાવલીનાં ઘરો છુટાં છવાયાં હોવાથી રળિયામણાં લાગતાં હતાં. એ પછી ઈહાંનો બોટાનીકલ ગારડન જોવા ગયા હતા. જ્યાં એક પાર્ક હોય તેમ મોટાં ઝાડો રોપીને નિચે ઘાસનાં મેદાન કીધેલાં છે ત્યાંથી ઈહાંનું દેવળ જોવા ગયા જ્યાં ફ્રેન્ચ કોચીન ચાયનાનો ગવરનર જે ૧૫ દિવસ પર ઈહાં મરણ પામ્યો છે તેની કોફીન એક ચેપલમાં ભપકાથી રાખેલી જોઇ હતી. એને ફ્રાન્સ દાટવા લઈ જવાનો છે તેથી બીજા પંદર દિવસ પછી ફ્રેન્ચ ટ્રાન્સપોર્ટ બોટ આવી તેને લઇ જશે. એની પેટી ઉપર ઢગલાબંધ ફુલોના હારો પડેલા હતા અને આસપાસ રાત દિવસ મીનબતી બાળે છે. એ દેવળ મોટું છે પણ તેમાં કંઈ જોવા લાયક નથી. સાત વરસ થયાં તે બંધાયું છે. ઈહાં બે અઠવાડિયાં ઉપર સિયામનો એક રાજવંશી વેલાત થઈને આવ્યો હતો તેને ઘણી ધામધુમ સાથે એ મરનાર ગવરનરે આવકાર દીધો હતો પણ તે પાછો ગયા પછી બીજેજ દીને માથે લોહી ચહડવાથી ગવરનર એકાએક મરણ પામ્યો હતો. તેને બદલે પીકીંગની કોર્ટનો ફ્રેન્ચ એલચી આવીને કામ ચલાવે છે. એ ધણી ફ્રાન્સ જવા સારૂં કોલંબો સુધી ગયલો હતો, તેને તાર કરીને ઈહાં પાછો બોલાવ્યો હતો. એ પછી ઝીયોલોજીકલ ગારડન જોવા ગયા હતા, જ્યાં થોડાંએક પંખેરાં અને જાનવરો રાખેલાં છે, પણ જોવા લાયક કાંઈ નથી. એ પછી વરસાદ ઘણો પડવાથી તથા બીજું કાંઇ જોવા લાયક ન હોવાથી પાછા સ્ટીમર ઉપર બપોરના ત્રણ કલાકે ગયા હતા. સેગોન (Saigon) શેહેર કોચીન ચાયનામાં સેગોન નદી ઉપર આવેલું છે. એને ફ્રેન્ચ સરકારે સને ૧૮૫૯માં એનેમીસ ગવરનમેંટ પાસથી જીતી લીધું હતું. તે આગમચ કોચીન ચાયનાનો થોડો ભાગ એઓને અસ્તક હતો. પણ એનેમના રાજા સાથે લડાઇ થવા પછી સેગોન તથા થોડાંએક ગામો ફ્રેન્ચ સરકારે લઇ લીધાં અને એનેમનો રાજા એઓને તાબે છે. જેમ હિંદુસ્તાનના રાજાઓ ઇંગ્રેજ સરકારના આસરા હેઠલ છે તેમ એનેમનો રાજા ફ્રેન્ચને અસ્તક છે. કોચીન ચાયનાની ઉપર મુજબની ફ્રેન્ચ સર-

કારને અસ્તક નજદીક ૧૫૮૦૦૦ ચોરસ માઇલ જગા અને ૧૬૩ લાખ માણસની વસ્તી છે. જેમાંનો મોટો ભાગ એનેમીસ અને ચીનાઓછે. સેગોનની ખુદ વસ્તી ૧૫૦૦૦ ને આસરે છે એનો વેપાર સને ૧૮૮૪ માં ૨૮૨ લાખ ડાલરનો હતો, જેમાં ૧૭ાા લાખનું કાપડ આવતું હતું. વેપારનો સૌથી મોટો ભાગ ચોખાનો હતો. તે ઉપરાંત મરી, સોપારી તમાખુ, કાલી ગુલી, કેસર ઇત્યાદિનો હતો, ઈહાંના રેહેવાસીને એનેમીસ કરી કહે છે. તેઓ ઘણાખરા બરમાહ દેશના લોકોને દેખાવમાં તથા પેહેરવાસમાં મલતા આવે છે. તેઓના મરદો માથાં ઉપર ઓરતોની માફક મોટા લાંબા બાલના ચોટલા બાંધીને રાખે છે રંગે ચીનાઓ કરતાં જરા શામલા અને કદે ઠીંગણા છે. એ લોકો ઘણા આળસુ કેહેવાય છે તેથી બધો વેહેવાર ચીનાઓ અસતક ચાલે છે. ખેતીવાડી વદીક ચીનાઓ કરે છે અને જાણે એનેમીસનો વા ફ્રેન્ચ લોકોને ઉડયો હોય તેમ તેઓબી બેદરકાર છે અને કશી રીતે વેપાર વનજ કરતા નથી, પણ જરમનો અને ઇંગ્રેજો વેપાર ચલાવે છે. જેઓ ઉપર હમણા જગાત નાખવાથી તેઓબી પેહેડીઓ બંધ કરવા લાગ્યા છે અને જો એ જગાત થોડા વખ્તમાં કહાડી નહી નાખશે તો સઘળું ખરાબી જેવું થઇ જશે. ઈહાંની સઘળી પેહેડીઓ તથા દુકાનો સવારનાં સાતથી દસ અને સાંજના ત્રણથી સાત વાગા સુધી ઉઘાડે છે અને વહીવટ તે વખ્તેજ ચલાવે છે. બાકીનો વખ્ત ઊંઘવામાં કહાડે છે, પણ તેને બદલે રાતના રેસટરાંઓ ગાજી રહે છે અને પેરીસ શેહેરની નકલ કરનાર સર્વે ફ્રેન્ચ સાહેબો ઈહાંનાં નામની ખુલી વાડીસોમાં ફરવા નિકળે છે તે રાતના એક વાગા સુધી પોતાને મકાને જતા નથી. ઈહાંનાં ભારબરદારી જાનવરોમાં કેમબોડજથી આવતા બલદો છે જેઓ મુંબઇના ભારબરદારી બલદોને મળતા આવે છે. ફરવાની તથા ભાડેની ગાડીઓ સીગરામ તથા ફાઈટીનો છે પણ તેમાં જે ટટુઓ જોડે છે તે ઘણાજ નાના કદના પેગુ ટટુથીબી નાના છે પણ તેઓ ઘણા ખડતલ છે અને મોટી ગાડીઓને સેહેલાઈથી સુધી સપાટામાં ઘસડી લઈ જાય છે, સેગોનની સઘળી જગા સપાત છે. એક નાનો ડુંગરબી દીસતો નથી

અને બધે નદી તથા નાલાંઓ ફરી વલેલાં છે અને વરસાદ ઘણો આખું સાલ પડવાથી જમીન પાણીથી હમેશાં તર રેહે છે અને તેથી સરદી ઘણી હોવાથી તાપના મરજનો ઉપદ્રવ ઘણો છે.

તા૦ ૧૯ મી નવેમબર સને ૧૮૮૭—આજે પાછળી રાતના ત્રણ વાગે અમારી સ્ટીમરે સેગોન છોડયું હતું. અને તા૦ ૨૦ મીનો દિવસ દરિયામાં પસાર થયો હતો જે વખ્તે કાંઈ જાણવાજોગ બન્યું ન હતું.

તા૦ ૨૧ મી નવેમબર સને ૧૮૮૭—પાછળી રાતના સીંગાપોરનાં બારામાં પેઠા હતા અને કલાક સાતે ડંકા ઉપર સ્ટીમર આવી ઉભી હતી. ઈહાં શેઠ પોચાજી પેસતનજી દોલી મેહેરજીના રહે છે તેવન હમોને સ્ટીમરપર લેવા આવ્યા હતા. અને આખો દીવશ તેવને હમારી પરોનાગાત કીધી હતી. એવન શેઠ પોચાજી પેસતનજી દોલી મેહેરજીનાં પાત્રીસ વરસ થયાં પોતાનાં કુટુંબ સાથે રહે છે તથા ખોદાદાદ ઈરાણીની કંપનીના બે જરતોસ્તીઓ તથા શેઠ ધનજીભાઇ કુવરજી તારકર કે જેવણ ડાકટરનો ધંધો ચલાવે છે તેઓ રહે છે. આગલ બીજા જરતોસતીઓની વસ્તી ઘણી હતી પણ વેપારમાં કશ ઘણો નહીં રેહેવાથી તે દીનપરદીન કમી થતી જાય છે. અમો પેહેલાં ઈહિનો બોટાનીકલ ગારડન જોવા ગયા હતા. એ બાગ સરકારને ખરચે રાખેલો છે.અને તે આસરે દશ એકર જગ્યા રોકે છે જ્યાં ઘણાં સારાં જાતજાતના ઝાડોનો સંગ્રહ કીધો છે. તેમાં મોટો ભાગ મેલે પેનીનશુલા (Malay) ને લગતી વનસપતી તથા તાડો (Palms) છે એટલી તાડની જાતનાં ઝાડોનો સંગ્રહ ઘણી થોડી ગમ હશે. ઈહાં ફરૂટનાં ઝાડો પણ નવી નવી જાતનાં ઘણા જોવામાં આવે છે. આએ વખ્તે ઘણીખરી ફરૂટની મોસમ નથી તોપણ અમોએ જે નવી ફરૂટો જોઇ તેમાં સીંગાપોરનું વખણાયલું દુરયાન પણ હતું. એ ફરૂટ એક મોટાં નાળિયેર જેટલા કદનું છે તેનો બાહારનો દેખાવ ફણસના ફલના રંગ તથા કાંટાને મલતો છે, પણ કાંટા ઘણા જાડા અને જરા મોટા છે તેથી તેને હાથમાં પકડી શકાતાં નથી પણ દાંખલીથીજ પકડાય છે. તેની અંદર ચારથી પાંચ ચીર નિકળે છે જેનાં પોકલ ખાંચાઓમાં એ દુરિયાનનો ખાવાનો

ભાગ સફેદ અને લાંબો નાના પાતળાં કેલાંનાં આકારનો નિકળે છે. એ દરેક લાંબા ભાગ બીજા બે યા ત્રણ ભાગમાં છુટા વેંહેંચાયલા છે જે દરેક ભાગ એક પેસી હોય તેમ ઠલયા સુધાનો હોય છે. એ ફ્રુટનો વાસ ઘણો જોરાવર છે અને તે ઘણોખરો ફ્ણસનું ચાંપું અને લસનના વાસને મળતો પણ તેથી ઘણો જોરાવર હોય છે. અમોએ આગળ સાંભળ્યું હતું કે દુરિયાનનાં ફ્લનો વાસ એવો તો ખરાબ છે કે આપણું નાક પકડયા વગર તે ખવાતું નથી પણ તેવું કશું અમોએ જોયું નહીં. ઉપર લખવા મુજબનોજ વાસ હતો ને સુગ લાગે તેવું કાંઈ હતું નહીં પણ એને મોહોડામાં મુકવા પછી તેનો સવાદ એવો સારો છે કે પેલો વાસ તેની આગળ વિસરાઈ જવાય છે. જાણે આપણે દુધની મલાઇ અને શાકર ખાતા હોઇયે તેવું મોહોડામાં તે પીગલી જાય છે ને જુદીજ તરાંહનો પસંદ પડતો સવાદ આપે છે. એ પેસીઓની અંદરથી ચાંપાના ઠલયા જેવોજ ઠલયો નિકળે છે. એ ફ્લ ખાધામાં જોકે સવાદદાર છે પણ જેમ કેહેવત છે કે તે ખાધા પછી આપણને તે ફ્રીથી ખાવાની અતિઘણી ઉલટ થાય છે તેમ કશું અમોને તો લાગ્યું નહી પણ ઈહિંના રેહેવાસીના કેહેવા મુજબ ઈહિંના ચીનાઓને તે એટલું તો પસંદ છે કે પોતાના પેહેરવાના કપડાં વટીક વેચીનેબી વરસમાં એક વખ્ત એ ફ્લ ખાય છે.

એ ખાધા પછી એના અડકાર ઘણો લાંબો વખત સુધી આવે છે તેમા પેલો ચંપા અને લસનનો વાસ પાછો આવ્યા કરે છે અને તે એટલો તો મજબુત છે કે એની ઉપર બીજી ઘણી ફ્રુતો તથા ખાનુંબી લીધું હોય તોબી એનાજ અડકારનો વાસ આવ્યા કરે છે. એ દુરીયાન ઉપરાંત ઇહાંનાં તાજાં માગુસ્તાન, (જે સુકાં મુંબઇમાં આવે છે તેનેજ મલતાં સ્વાદનાં હતાં) બુવનસાલા, બુવનસનતોલ, ફ્ણસ, ચંપાદાન, નામનામ, રામપુતાન, પલાસમ, બુઆકલોઇ, બુવાંલાનગસાત. એ ઉપરાંત મુંબઇમાં મલતી બંધી જાતની ફ્રુત પણ ઈહિં મલે છે. તેમાં કેલાં કાંઈ ઘણીજ જાતનાં અને કદનાં આવે છે તેમાંનું અમે એક ફુટ જેટલું લાંમું કેલું જોયું હતું જે હાલ મોસમ નથી તેથી નાનું કહેવાય

છે. નહીં તો એથી દોઢું યા કોઈ વખ્તે બેવડું પણ આવે છે કરી કહે છે. બાગમાં ઉપલી ફરતના ઝાડો ઉપરાંત બીજા દેશાવરોનાં પણ ઘણી જાતનાં ઝાડો ઘરો બનાવી તેમાં રાખેલાં છે તેમાં લેસ પ્લાનત (Lace Plant) કરીને પાણીમાં ઉગતું ઝાડ છે જે જાણે દોરાની જાલીનું લેસ માફક ગુંઠેલું હોય તેવાં પાતરાંનું છે. ઓરકીડસો (orchids) પણ બેસુમાર છે. એક જાતનો બરડસ નેસ્ટ ફરનને મલતાં મોટાં ઝાડ ઊપર ઊગે છે જે જાણે એક મોટા બાગમાં મુકવાનો કોરો આવે છે તેનેજ આબાદ મલતો છે. એ ઉપરાંત બીજાં ઘણાં ઝાડો જોવા લાયક છે. એ બાગમાં જીવતાં પંખેરાંઓનો પણ સંગ્રહ છે. ત્યાંથી નીકલેલા મ્યુજીયમ જોવા ગયા હતા. એ મ્યુજીયમને સીંગાપોરને પેહેલો સ્થાપનાર સર સ્ટેમફોરડ રેફલસનું નામ આપેલું છે ને હમણાં સરકારી સ્કુલ જે દરીયે કીનારે છે ત્યાં રાખેલું છે પણ એને સારૂં એક મોટી રોણકદાર ઇમારત બંધાઈ તૈયાર થયલી હમોએ જોઈ છે ત્યાં લઇ જવાના છે. એ મ્યુજીયમમાં હમોએ નહીં જોયલી જેવી ચીજ જેવું કાંઈ છે નહી, તોબી આપણાં મુંબઇનાં નામનાં મ્યુજીયમ ઠાણે ઘણું સરસ છે. સીંગાપોરમાં કાચબાઓ ઘણા મોટા આવે છે, તેમાંનો એક નમુનો એ મ્યુજીયમમાં હતો, જે આસરે સાડાપાંચ ફીટ લંબાઇમાં મોટો છે. કોઈ કાચબા ત્રણસોથીબી ઊપર રતલ વજનના ઈહાં મલે છે એમ કહે છે. એ પછી ઇહાંનો વોટર વરકસ જે આસરે ત્રણ માઇલ દુર છે તે જોવા ગયા હતા. સીંગાપોરમાં પાણી પોંહોંચાડવા એ જગાના નાના ડુંગરોની એકગમ પુશતો બાંધીને સરોવર બનાવેલો છે. જેની આસપાસની ટેકડીઓ લીલોતરીથી ભરેલી હોવાથી દેખાવ રલીયામણો લાગે છે. વલી પુશતા વાલી જગ્યા પર એક મજાનો બાગ બનાવેલો છે, અને ત્યાંથીજ સરોવરમાંનું ઉભાતું પાણી જવાનો માર્ગ સીડીના આકારમાં કીધો છે, જે આસરે ૧૦૦ ફીટ પોહોલો અને આઠ ટપાનો હોવાથી પાણીનો ધોધ પડતો હોય તેમ લાગે છે. ઇહાંથી નલમાં પાણી એક દુરનાં ઊંચા ડુંગર તરફ લઈ જઇ તેને મથાલેની ટાંકી (રેઝરવોયર)માં બુંબાથી ઉપર ચહડાવી ત્યાંથી શેહેરને પોંહોંચાડે છે. એ સીવાય સીંગાપોરમાં કાંઈ બીજું જોવા લાયક નથી.

એ શેહેરમાં ઘરોની બાંધણી કાંઇ રોણકદાર નથી ફક્ત જાહેર ઈમારતો જેવાં કે ટાઉનહાલ, મ્યુઝીયમ, કોર્ટ હાઉસ, ઈત્યાદી જરા બાહારથી દેખાવનાં છે. ઘરો તથા ચાલીઓ, એક યા બે મજલાની હોય તેમ છે તેઓની નીચેથી ઇહાં જાથુક વરસાદ પડે છે તેથી લોકોના બંચાવને સારૂં નાના ફુટપાઠ રાખેલા છે. શેહેરનો મોટો ભાગ દરીયે કીનારે બારાંની સાંમે રાખેલો છે તેથી એ લતાની જમીનની કીમત ઘણી સારી ઉપજે છે. વેપારી લતાને કમરશીયલ સ્કુવેર કહે છે. વચમાં ખાલી જગા ખુલ્લી રાખી ફરતી ઈમારતો કીધી છે. ત્યાં બેંકો તથા મોટી દુકાનો અને આફીસો આવેલી છે પણ કાંઇ દમ જેવું નથી. ઇહાંનાં જરતોસ્તીઓને અવલમંજલ પોંહોંચાડવાની જગા પર સાંજના ગયા હતા. એ જગા અસલ એક ડુંગર ઉપર દરીયે કિનારે બારાંની સાંમે આવેલી છે પણ આસપાસનો ડુંગર સઘલો ખણી કહાડયો છે. એ જગા ઉપર આસરે વીસ જરતોસ્તીઓની ઘોર છે તથા અંજુમનનો બંગલો છે જે હમણાં ભાડે આપેલો છે. એ સીંગાપોર શેહેર સને ૧૮૧૯ ના સાલમાં અંગ્રેજ સરકાર સારૂં સર સ્ટેમફોરડ રેફલે લીધું હતું તે સને ૧૮૨૩ સુધી સુમાતરાને હસ્તક રહીને ઇસ્ટ ઇંડિયા કંપની પાસે ગયું જે હીંદુસ્તાનના દેશનીકાલ કહાડેલા કેદીઓને રાખવા સારૂં સને ૧૮૬૭ સુધી વાપર્યું હતું ત્યાર પછી એનડેમન ટાપુ એ કારણસર વાપરવા લાગ્યાથી સીંગાપોરને છુટું સંસ્થાન બનાવ્યું હતું. એ ચીન, તથા હીંદુસ્તાન અને ઇગ્લંડની વચમાં આવવાથી વાહાંણોને ખોરાકી તથા સ્ટીમરોને કોલસો, પાણી લેવા ઘણું કામમાં આવે છે ને મેલે પેંનીન-શુલાનો વેપાર ઇહાંથી ચાલવાથી હમણાં શેહેર દીનપરદીન ઘણું વધતું જાએ છે. એની વસ્તી સને ૧૮૮૧ ની ગણત્રી મુજબ ૧૩૯૨૦૮ ની છે તેમાં ૮૬૦૦૦ ચીનાઓ, ૨૨૦૦૦ મલાઈ અને બાકીના યુરોપયનો, ઇંડ્યનો અને પરદેશી છે. એનું બારૂં આસપાસ ડુંગરો આવવાથી ઘણું સરસ અને મોટું કહેવાય છે ને તેનો મોટો ભાગ સ્ટીમરો અને બોટોથી ભરપુર હતો ને જેમ મુંબઇનાં બારામાં સંખ્યાબંધ વાહાંણો રહે છે તેમ ઇહિં દીસ્તાં હતાં. ઇહાંનો વેપાર આસરે ૧૬ કરોડ ડા-લરનો કહેવાય છે. હમોએ સીંગાપોર અને હાંગકાંગ જોયાં તે સાથે

ફ્રેંચનું શેગોન જોયું તે ઉપરથી અંગ્રેજ શી રીતે વેપારની બાબદમાં ઉત્તમ છે તે માલમ પડી આવે છે અને નવાં દેશો તથા બંદરોને કેમ ખીલવવાં તેનો દાખલો બીજા યુરોપિયનો અંગ્રેજ ઉપરથી લે તો સારૂં. શેગોન અમે આગળ લખ્યું છે તેમ પડી ભાગવાની હાલતમાં આવ્યું છે તેમજ મનીલા જે સ્પેનને હસ્તક છે તેનાબી તેવાજ હાલ સંભળાય છે. સીંગાપોરમાં પણ શેગોનની માફક નાના ટટુઓ ગાડીમાં જોડે છે જેઓ પીનાંગની બાજુપરથી દીલ્લી કરી પ્રગણું છે ત્યાંથી આવે છે. એ ટટુઓ ઘણા મજબુત અને આખા દીવસ રખડ કરે તોબી ઠાકે નહીં તેવા છે. કોઇ કોઇ તો ઘણાં સારા દેખાવના આવે છે જે ૪૦૦ ડાલરે જોડી વેંહેંચાય છે. આગળ ભાડુતી ગાડીને કોચબાક્ષ ઉપર બેસીને હાંકતા નહીં હતા પણ હાથમાં ટટુને પકડીનેં દોડતા હતા પણ હાલમાં કોચબાક્ષ જે છેક પૈડાંની બરોબર નીચે રાખે છે તે ઉપર બેસીને હાંકવા લાગા છે. શેગોનથી સીંગાપોર ૫૬૩ માઈલ છે.

તા૦ ૨૨ મી નવેમબર સને ૧૮૮૭—આજે સવારનાં ૭ વાગે અમારી સ્ટીમરે સીંગાપોરનું બારૂં છોડીયું હતું તે **તા૦ ૨૬ મી નવેમબર સને ૧૮૮૭** ને દીને રાતના કોલંબો બાર વાગે સ્ટીમરે લાંગર નાખ્યું હતું. બધા દિવસે દરિયો થંભ હતો અને જાણવાજોગ કાંઈ બન્યું નહીં સીલોનનો કિનારો છેલ્લે દિવસે બપોરના બાર વાગેથી દીસવા માંડયો હતો ને ગાલનું બંદર સાંજનાં પાંચ વાગે પસાર કીધું હતું.

તા૦ ૨૭ મી નવેમબર સને ૧૮૮૭—આજે સવારનાં પેહેલાં અમારી સ્ટીમર ધારાવેડી પરભારી એડન જવાની હોવાથી અમો આસટરો હંગેરીયન લાઇડ કંપનીની સ્ટીમર તીતાન્યા જે મુંબઇ જવાની છે તેની પાસેજ લઇ આવ્યા. પછી આખો દિવસ હાથમાં હોવાથી કોલંબો શેહેરમાં ફરી આવ્યા હતા. અમો આગલ સીલોન આવી ગયલા હોવાથી ઘણું જોવાની ઉલટબી હતી નહીં, પણ ઇહાં મ્યુઝિયમ ઊઘાડેલું છે તે જોવા ગયા હતા. એમાં જનાવરો, પંખેરાં અને સીલોનને લગતી ઊતપંતી તથા બનાવટોનો સંગ્રહ કીધો છે. એની ઈ-

મારત માફકસરની છે. સને ૧૮૭૭ માં એ ઊઘાડેલું હતું. કોલંબોમાં તેનાં બારાંની અંદર બારકસોને સલામતીથી ઉભાં રહેવાં બરેકવોટર બાંધેલો છે જેની ફરતી દીવાલ સારૂં જે બનાવટનાં બ્લોકસો છે તેમાં-નો એક થાંભલારોકો બનાવી તેને પાલીશ કીધો છે તે એવો તો સરસ છે કે જાણે એક આખા ગ્રેનાઇટ પથરને પાલીશ કીધો હોય તેવો લાગે છે. એ બ્લોકસો મોટાં લાકડાંના મોલ્ડોમાં સીમેંટ, નાના પથર તથા બીજી કાંઇ તેવી મેળવણીઓ નાખી તેને વરાલથી દાબી એકરસ કરે છે જે પથરનાં જેવું આબાદ મોલ્ડનાં ઘાટ મુજબ બને છે. એ-વો અકેકો બ્લોક એક ટનના વજનનો બનાવે છે અને તે ઘણા મ-જબુત હોવાથી ગમે તેવા જોરાવર દરિયાના મોજા ખમી શકે છે. મ્યુઝિયમ અસલની સીનેમન ગારડનમાં બાંધેલું છે અને તેની આસ-પાસ ઘાસનાં મેદાનો કીધાથી જગા સારી શોભે છે. એ જોયા પછી પી. એંડ ઓ. કંપનીની નવી સ્ટીમર બ્રીટેનિયા આજે.બારાંમાં આવી છે તે જોવા ગયા હતા. એ સ્ટીમર હમણા જુબીલીની સ્ટીમરો ૪ એ કંપનીએ બંધાવી છે તેમાંની એક છે અને પેહેલી સફર કરવા નિકળી છે. તે પંદર દિવસે વેલાતનો મેલ લેઈ આવી છે. એ સ્ટી-મર આસરે ૨૫૦ ઉતારૂઓને આસ્ટ્રેલ્યા લઇ જાય છે ને નવી ઢપ ઉપર બધી રીતે બાંધી છે, પણ અમો એજ કંપનીની સ્ટીમર મેસીલી-યામાં પોર્ટ સઇયદથી જીબ્રાલટર ગયા હતા તેના જેવી સરસ ગોઠવણ-ની અમોને લાગતી નથી. ત્યાંથી બ્રેકવોટર જોતા જોતા પાછા કિ-નારે આવ્યા હતા. એ બ્રેકવોટર આસરે એક માઈલ જેટલી લાંબી કિલ્લા જેવી દરિયાની અંદર દેવાલ બાંધી પાણીનો જોર તોડે છે અને તેમાં ઘણી સ્ટીમરો ઉભી રહી શકે તેટલી જગા છે. એની અંદરનું પાણી જાણે તલાવના પાણી હોય તેમ ઉપલી દેવાલને લીધે રહે છે અને તેથી સામાન ઉતાર ચહડાવ કરવાનું વાહાણોને ઘણું સવલ પડે છે. આગળ એ નહી હતો ત્યારે ખુલ્લા દરિયાને લીધે બારાંમાં જોર રહેતું હતું. આગળ ગાલનું બંદર ચીન તથા આસ્ટ્રેલ્યા જાવઆવ કરતાં બારકશોને કોલસો, પાણી, ખોરાકી લેવા કામ આવતું હતું, પણ આ-

સરે આંઠ વરસ થયાં કોલંબોમાં એ બ્રેકવાટર બનાવીને હવેથી એનેજ બધાં બારકસો વાપરે છે, જેથી ઈહિંની વસ્તી આગળ કરતાં સારી વધી છે. અમો ત્યાંથી ગોલફેસ કરીને દરિયા કિનારે ફરવાનો રસ્તો જે આસરે ૦॥। માઇલ લાંબો છે ત્યાં ગયા હતા, તેની એક બાજુ દરિયો અને બીજી ગમ મેદાન આવ્યાથી ઘણું લોક સાંજના ફરવા આવે છે. કોલંબોનું શેહેર સપાટ જમીનપર આવેલું છે, અને બંદરની આગળનો ભાગ આરીસો તથા સરકારી ઇમારતોથી રોકાયલો છે, જ્યાં ગવરનમેંટ હાઉસ પણ આવેલું છે. આગળ એ જગ્યા ઊપર કોટ હતો, પણ હમણાં ભાંગી નાખ્યો છે. સોલજરોની બરાખો તથા આસપીટલ મેદાનમાં આવેલી છે. મેદાનના એક ભાગ ઉપર એક નાનો સરોવર બનાવલો છે અને તેની પછી શેહેર, બજાર અને દુકાણો આવેલી છે. કોલંબોની વસ્તી આસરે બે લાખ માંણુસોની કહે છે. ઈહિં કાંઇ ઘણું જોવાલાયક નથી, પણ સીલોનની અંદરના ભાગની જગ્યાઓ કેનડી, નુરેલીયા ઇત્યાદિ પાહાડી આવ્યાથી તે જોવાલાયક છે. સીલોનમાં આગળ કાફીની પેદાશ ઘણી મોટી હતી પણ તેનાં ઝાડોમાં કીડ પડવાથી ઘણી મીલકતોનો નાશ થયો તેથી સીલોન પડી ભાગે તેવી હાલતમાં ૧૦ વરસ ઊપર આવી ગયું હતું, પણ ત્યાર પછી ચાહ રોપી અને તે ઘણી ફાવી નિકળ્યાથી અગાઊ માફક પાછું ધીકવા લાગ્યું છે. દશ વરસ પર ભાયગે ૧૦૦૦ રતલબી ચાહ પાકતી હતી તેને બદલે આએ સાલ એક કરોડ રતલ નિકળશે એમ કહેવાય છે. ચાહ ઉપરાંત કોકો નાલીએર તથા તેનું તેલ અને દોરડા એલચી, તજ અને એવાં વસણુનો મોટો વેપાર સીલોનમાં છે. જગ્યા ઘણીજ ફળવંત છે, અને બારો માસ વરસાદ પડે છે તેથી કાંઇબી ચીજ ઉગાડી શકાય તેવું છે. ઈહિંથી અબનુસ–સેટીન ઊડ તથા સીસમના લાકડાં ઈત્યાદિનો મોટો વેપાર ચાલે છે. અસલના રેહેવાસીઓને સીનગાલીસ કહે છે તેઓ ઓરતોની માફક માથે ચોતલા રાખી તેમાં કાંસકીઓ ખોસે છે. તેઓ ખોટા હીરા માણેક તથા સનિશ્ચરની વીટીઓ બનાવવામાં તથા કચકડાં (Tortoise Shell)

અને અબનુસ તથા હાથીદાંતની ભેળસેળ કારીગરી બનાવવાના કામમાં ઘણા હુશિયાર છે, પણ વેચતી વખ્તે ભાવ એટલો તો માગે છે કે આપણે અજબ થઈયે છીયે. જે માલની કિમત રૂપિયો એક હોય તેના દશગણા માગે છે, અને કોઇ વખ્તે તો રૂપિયા પચાશ પણ માગે છે, પછી લેનાર ધણી જેટલીબી ઓછી માગણી કરે તોબી તે ઠગાય છે, પણ એ બાબે હવે લોકો ગાઈડ બુક ઉપરથી જાણીતાં થયા છે, તેથી જો રૂપિયા સો માગે છે તો રૂપિયા પાંચની માગણી કરે છે, અને તેવી તકરારમાં ભાવતાલ કરતાં ઘણો વખ્ત ખાલી નિકળી જાય છે. સીલોનમાં જે મીલકતો છે તે ઉપર ઈહાંના ઘણા રેહેવાસીઓ કામ કરતા નથી તેથી મધરાસ તરફના કોસતાઓ ઊપરથી દર સાલ લખો કુલીઓ ત્યાં કામ કરવા આવજાવ કરે છે. અમો પાછા રાતના સ્ટીમર "તીતેનીયા" ઊપર સવાર થયા હતા. એ સ્ટીમર ઓસટરો હંગેરિયન લાઇનની આસરે ૩૦૦૦ ટનની છે, તેમાં નજદીક પચાશ ઉતારૂઓ રહે તેટલી સારી સગવડની કેબીનો છે. અમારી સાથે બીજા ફકત બેજ ઉતારૂઓ હતા.

તા૦ ૨૮ મી નવેમબર સને ૧૮૮૭—આજે સવારના કલાક નવે અમારી સ્ટીમરે કોલંબોનું બારૂં છોડયું હતું.

તા૦ ૨૯ મી અને તા૦ ૩૦ મી નવેમબર સને ૧૮૮૭—એ બેઉ દિવસો હિંદી મહાસાગરમાં ગુજર્યા હતાઃ દરિયો થંભ હતો, અને કાંઈ જાણવાજોગ બનાવ બન્યો હતો નહીં.

તા૦ ૧ લી ડીસેમબર સને ૧૮૮૭—આજે બપોરના કલાક ૧—૩૦ મીનીટે મુંબઇનાં બારાંમાં દાખલ થયા હતા, અને કલાક બેએ પાલવા બંદર સામે અમારી સ્ટીમરે લંગર નાખ્યું હતું, અને આસરે ત્રીશ હજાર માઇલની મુસાફરી જેમાં વીશ હજાર માઇલ દરિયાની અને દશ હજાર માઇલ રેલ્વેની પુરી કરીને અમારા કુટુંબને પાછા મળવાથી અમોને બેહદ આનંદ ઉપજ્યો હતો.

સમાપ્ત.